નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસમાઈ- મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પરમ પૂજ્ય જૈન શાસન કોહીનૂર
તપાગચ્છાધિપતિ
આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

શ્રદ્ધાંજલિ વિશેષાંક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ - દિગ્વિજય પ્લોટ,
જામનગર.
(સૌરાષ્ટ્ર) India,Pin - 361 005.

વર્ષ - ૫

અંક
૧-૨-૩

Heartly Salutions to Most Holiness

Pujya Acharayadev Shri Vijay Ramchandrasurishvarji Maharaja

આજ્ઞા જ જેમનું સર્વસ્વ છે, આજ્ઞા જ જેમનો આધાર છે, આજ્ઞા જ જેમનો પ્રાણ છે, ગમે તેવા ય પ્રલોભનોમાં ય આજ્ઞાથી એક તસુ પણ આઘા પાછા જેઓ થતા નથી, તેવા શ્રી આચાર્ય ભગવંતના ચરણોમાં કોટાનુકોટિ નમસ્કાર થાઓ.

પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા.

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ

લંડન

Bounds Green Satsang Mandal
LONDON

ભારતદ્ધારક પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મેઘજી ગુઢકા (અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ ભાટ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
પ્રાણચંદ પદમશી ગુઢકા (થાણા)

વર્ષ ૫૧] ૨૦૪૮ શ્રાવણ સુદ ૧૩ મંગળવાર તા. ૧૧-૮-૯૨ [અંક ૧-૨-૩

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

પ્રભુપ્રણીત માર્ગની વફાદારી કેળવો :

—સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

આજનું વાતાવરણ ઘણું ખરાબ છે. સાધુથી શું થાય અને શું ન થાય તે સમજે. આજે ઘણા અમારો પ્રમાદ છે તેમ કહે છે. પણ **પ્રમાદ કહો. બચાવ કરવો તેના જેવી અધમતા બાલીશતા એક નથી.** ખોટી દલીલો કરે છે. તેના પરિણામે આજે સાધુઓ ઉપાશ્રય-મંદિર બંધાવતાં થઈ ગયા એટલું જ નહિ પૈસા રાખતા થઈ ગયા. પરિણામે એટલું બગડ્યું છે જેનું વર્ણન થાય નહિ. આજે સારા અને સમજુ આત્માઓ કહેવા જાય તો તેમને તો (આવું કરનારા સાધુઓ) સાંભળે ? ઉપરથી તેને ધમકાવે કે- 'નાસ્તિક...અજ્ઞાન....છ કાયના કૂટામાં પડેલો...અમારી ટીકા કરે છે ! જો શ્રાવક ડાહ્યો હોય તો કહે કે-'ભગવન ! હું તો પાપી છું, પાપમાં પડેલો છું પણ **આપને પાપ કરવાની છૂટ નથી.**'

પ્ર.- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નહિ જોવાના.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

ઉ.– દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ધર્મ કરવા જોવાના છે,

મરજી મુજબ કરવા નથી જોવાના. આજે ધર્મ થઇ શકે તેમ નથી ? આ દ્રવ્યાદિમાં ધર્મ થઇ શકે તેમ નથી તે પૂરવાર કરો.

જે લોકો ખોટું કરે છે અને ઉપરથી ખોટો બચાવ કરે છે તેમને તો કહો કે– આપને વંદન કરીએ છીએ, ખમાસમણ અમથું નથી આપતા. શ્રાવકમાં આવું કહેવાનું પાણી હોવું જોઇએ. માટે તમે લોકો સાચું સમજો સમજવા મહેનત કરો. સમજશો તો કરવા જેવું અને નહિ કરવા જેવું શું તે સમજાશે. કદાચ પ્રમાદથી નહિ કરવાનું થઇ જશે, કરવાનું નહિ થાય તેનું દુઃખ રહ્યા કરશે તો બારી ઉઘાડી છે નહિ તો મોક્ષના દરવાજા બંધ છે, દુર્ગતિના દ્વાર ઉઘાડા છે. સાધુવેષથી કે શ્રાવક નામ માત્રથી દુર્ગતિ બંધ એવું નથી. ઘણાં જીવો નવકાર ગણતાં ગણતા દુર્ગતિમાં ગયા શાસ્ત્રે બધી વાતો સાફ સાફ કહી છે, તે સમજો.

પ્ર.– અશુભભાવને ખતમ કરવાની તાકાત નવકારમાં નહિ

ઉ.– જે અશુભભાવ લઇને જ આવતા હોય તેનું શું ? શત્રુના નાશ માટે જ નવકાર ગણે તો ? ઘોર પાપ હશે તો ખુદ શ્રી તીર્થંકર પરમાત્મા મળે તો પણ ન ફળે. મન ફરે તો કામ થાય. મન ફેરવવા પુરૂષાર્થ આપણે જ કરવો પડે પુરૂષાર્થ ન કરે તો સારી ચીજ પણ લાભ ન કરે

જે લોકો એમ કહે કે, 'અમે તો ભગવાનની કૃપાથી તરી જઇશું' પણ ભગવાન કહે તે માનવું નથી, કરવું નથી તો ભગવાનની કૃપાથી તરી જઇશું તેમ કઇ રીતે કહી શકાય ? ભગવાનની આજ્ઞા મુજબ જીવે અને જે આનંદ થાય તે ૮ ભગવાનની કૃપા છે. ભગવાન તો મોક્ષમાર્ગ બતાવનાર છે પણ કાંડું પકડી મોક્ષેમોકલત નથી. મોક્ષે જવા મહેનત તો પોતે જ કરવાની છે. અનંતજ્ઞાનીઓ, વિશિષ્ટજ્ઞાનીઓ અભવી–દુર્ભવી ભારે કર્મીભવી અને દુર્લભબોધિ જીવોને ઉપદેશ પણ નથી આપતા. અમે અજ્ઞાન માટે તમને સમજાવીએ, સમજાવવા મહેનત કરીએ. **તેની લાયકને જ અસર થાય, બીજાને નહિ. અમે ભગવાનની આજ્ઞા મુજબ સમજાવીએ છતાં ખોટી અસર થાય તે તેની કુપાત્રતા. અમે આજ્ઞાથી ઊંધું બોલીએ છતાં સાચું સમજે તે તેની લાયકાત** અભવીથી મોક્ષે જાય તે અભવીનો ઉપકાર છે ? અભવીને તારક કહેશો ? કે જીવની પોતાની લાયકાત ?

જેને ભગવાનની આજ્ઞા ગમે અને આજ્ઞા પ્રમાણે કરવાનો ઉલ્લાસ જાગે તે જ ભગવાનની કૃપા. શેઠ કામ કર્યા વિના પગાર નથી આપતો તેમ છતાં પ્રામાણિક નોકર શેઠને

અન્નદાતા કહે છે તેમ ભગવાનની આજ્ઞા મુજબ જીવનારને ધર્મક્રિયામાં આનંદ આવે તે જ ભગવાનની કૃપા આજના લોકો ભાષાનું પણ જ્ઞાન નથી સમજતા તેમ લાગે છે. શબ્દોના પણ અર્થ ન સમજે તો ગપ્પા મારવાના નહિ. અમારો ધર્મ જુદો છે તમારો ધર્મ જુદો છે.

જે મહાપુરુષે આરંભસિદ્ધિ નામનો ગ્રંથ બનાવ્યો, તે પછી તેમને જ લાગ્યું કે– 'આ ગ્રન્થ વાંચી લોકો ખોટાં કામ કરશે, ખોટાં મુહૂર્તો આપશે અને સંસારમાં ડૂબશે, તો શું થાય? આવો વિચાર કરી તે ગ્રન્થને પાણીમાં ડૂબાડવા તૈયાર થયા. ત્યારે બધાએ તેમને વિનંતિ કરી કે, આટલી મહેનત કરી આ ગ્રન્થ બનાવ્યો તેનો વિનાશ કેમ કરો છો? આ વાંચી લાયકને લાભ થશે અને નાલાયકને નુકશાન થશે બધાની વિનંતિ સ્વીકારી ગ્રન્થના અંતે તેમણે લખ્યું કે–"આનો કરવા જેવો ઉપયોગ કરશે તે તરશે અને બીજો ખોટો ઉપયોગ કરશે તે સંસાર વધારે તેમાં અમારે કાંઇ લાગેવળગે નહિ."

અમે મંદિરનું ખાતમુહૂર્ત કે શીલા સ્થાપનનું મુહૂર્ત પણ ન કાઢીએ તે શાથી? સાવદ્યકામમાં અમારી સહી હોય જ નહિ. તમે બીજા પાસે કઢાવી લાવો તે જોઇ આપીએ પણ કાઢીએ નહિ. તમને રોજ ભગવાનની પૂજાનો ઉપદેશ આપીએ તો અમે શું મુંડા ના કરીએ? શાસ્ત્રે કહ્યું કે–જે સાધુને દ્રવ્યપૂજાનું મન થાય તેણે ઓઘો મૂકી દેવો ઓઘો હાથમાં રાખી દ્રવ્ય પૂજા ન થાય. **તમારે માટે જે કરણીય હોય તે અમારે માટે અકરણીય પણ હોય.** અમે મંદિર બાંધીએ? ભગવાનની દ્રવ્યપૂજા કરીએ? અમારું 'સારું દેખાય' તે માટે અમે ઉત્સવાદિ કરાવીએ તો ય પાપ લાગે. આજે તમે કહો જ છો કે, સાધુઓ પત્તર ખાંડે છે માટે અમારે ઉત્સવાદિ કરવા પડે છે. પછી કેવી રીતે કરો છો? જેમ બને તેમ ઓછામાં પતે તેમ. અમારા કહેવા ખાતર કરો તો શું ફાયદો થયો? માટે સમજો કે અમે માત્ર ઉપદેશક જ છીએ. 'તું મંદિર બાંધ, ઉત્સવાદિ કર' તેમ કદિ ન કહીએ. 'મંદિર બંધાવવા જેવું છે, ઉત્સવાદિ કરવા જેવા છે, કલ્યાણના માર્ગ છે' તેટલું જ કહીએ.

પ્ર. આજે કરોડોના પ્રોજેકટ સાધુઓથી જ થાય છે.

ઉ. તમારા જેવા મૂરખાઓ પાકયા માટે તમને ગમે તેવા સાધુથી ઉત્પન્ન થયા. તમે ડાહ્યા અને સમજુ, શ્રદ્ધાસંપન્ન હોત તો તે સાધુઓને ઉભા રહેવાની જગ્યા ન મલત પણ તમે તો માખણીયા છો કે મરશે તો તે મરશે તમારે શું?

પ્ર.– તે મંદિર જવાય?

ઉ.– અવસરે ના પણ પાડવી પડે. ચૈત્યવાસીઓના કાળની તમને ખબર નથી?

એવા સાધુઓ પાકયા જે મંદિરના માલીક થઇ બેઠા, મંદિરની આવક પોતાની ગણતા, મંદિરમાં વેશ્યાઓ નચાવતા. તેવે વખતે પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજને લખવું પડયું કે–'એવા પેટભરા પંડાઓ પાકયા છે જેમના મંદિરમાં જવું તે ય પાપ છે' એમ કહી લોકો પાસે દર્શન બંધ કરાવ્યા.

પ્ર.– તે માલીક થાય તો ને ?

ઉ.– તે તો માલીકના ય બાપ છે. તેને માથે કાંઇ શિંગડા ઉગતા હશે ?

આજે તો તમને પૂછે છ જ કોણ ? તમારે મજા જ છે. સાધુ કરે તો તમે બધા રાજી જ છો. આવા મફતના નોકર કયાંથી મલવાના છે ? સાધુ ટીપ, કરવા નીકળે તો રાજી જ છો. તમને શરમ પણ નથી આવતી. તમે શ્રાવક હોત તો સારું થાત પણ વાણીયા છો વાણીયો કેવો હોય તેના પણ લક્ષણ લખ્યા છે. અમે દુર્ગતિમાં જઇએ તો તમને નુકશાન છે ? તમને તમારા અને તમારા કુટુંબની દુર્ગતિ થાય તેનો ય ભય છે ? તમે તો હાથે કરીને દુર્ગતિમાં ધકેલો તેવા છો. માટે તમે સમજી લો. આડી અવળી વાત ન કરો.

તમે એમ જ માનો છો કે અમે સારા કામનો વિરોધ જ કરીએ છીએ. પણ સમજી લો કે અમને સારાં કામનો વિરોધ નથી. કરવા લાયક સારું કામ વિધિપૂર્વક કરે તો અમે સાથે છીએ પણ જે સારું કામ કરવા લાયક ન હોય તેનો વિરોધ કરીએ છીએ, અવિધિથી કરતા હોય તેનો વિરોધ કરીએ છીએ. અવિધિનો વિરોધ અને વિધિનું પ્રતિપાદન ન કરે તે ઉત્સૂત્રભાષી છે. જાણવા છતાં અટકાવે નહિ તો પાપનો ભાગી છે. તમે માનતા નથી માટે મૂંગા રહેવું પડે છે.

પ્ર.– આપ જ આમ બોલો છો. બીજા બોલતા નથી માટે ફાવતું લઈએ છીએ.

ઉ.– સરસ...! લીલા લહેર કરો...! અમે મરીએ તેમાં તમારે શું ? તમને ફાવતું શું નથી...!

આ શહેર–અમદાવાદ શહેર સુખી છે. દરેક પોળમાં મંદિર છે. દરેક પોળમાં સુખી પણ છે. છતાંય પુજારીને પગાર દેવદ્રવ્યમાંથી જ અપાય છે. શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ વર્તનારાઓએ પૂજારીઓને લખપતિ કર્યા તે છતાં તે પૂજારી ટ્રસ્ટીનું પણ સાંભળતા નથી ટ્રસ્ટીના ય બાપ બની બેઠા છે. મરજી આવે તેમ ભગવાનને ફેરવે છે, પૂજાદિ કરે છે.

પ્ર.– પૂજારીને ગરીબ રખાય ?

ઉ.– ગરીબ ન રખાય. પણ આવા 'નફફટ' ન જ બનાવાય ફળ, નૈવેદ્ય, આંગીના

ઉતારાદિ કોને પૂછીને પૂજારીને આપો છો ? મરજી મુજબ વહીવટ કરી સત્યાનાશ વાળ્યું. શ્રાદ્ધવિધિ ગ્રંથ વાંચો તો ય આંખો ખૂલે. શાસ્ત્રે કહ્યું છે કે, આજ્ઞા મુજબ વહીવટ કરે તે શ્રી. તીર્થંકર નામકર્મ બાંધે અને મરજી મુજબ વહીવટ કરે તે નરકે જાય. પણ તમે બાંધ્યાવટેલા આ વાત જ ગાંઠતા નથી. અમે કહીએ કે 'ચાલે' તો તમે રાજી છો. આ એક (સાધુ) ના પાડે છે, પુસ્તક બતાવે છે, તમે ચાલે તેમ કહો છો તો પુસ્તક બતાવો–તેમ પૂછવાની ય હામ છે ? તમે ફાવતું માનનારા છો કે સાચું ? આ બધાનું મૂળ એક જ છે કે હજી સુખ બરાબ લાગ્યું નથી અને ધર્મ માટે દુઃખ વેઠવું જ નથી. ધર્મ પણ 'મજેથી' કરવો છે અને સુખ પણ મજેથી ભોગવવું છે. તેથી દુર્ગતિમાં જ જશો તેમ લાગે છે. તેથી બચાવવા તમને સમજાવીએ છીએ.

જો ઉપદેશ આપવામાં અમે ઢીલા કરીએ, પોલા ચલાવીએ તો પાપ અમને. તમને સમજાવવા છતાં ય તમે ન સમજો તો પાપ તમને. સાચું–ખોટું સમજાવું છું તે પસંદ છે કે સાચું–ખોટું સમજાવતો મને બંધ કરવો છે ? જો મને બંધ કરવો હોય રોકવો હોય તો વ્યાખ્યાન બંધ કરી દઉં. મારે સાચી–ખોટી વાત સમજો. અમારો તમારો ધર્મ સમજો. અમે ચૂકીએ તો અમને રોકો. તમે ચૂકો તો તમને રોકીએ. તો આપણો મેળ જામે.

તમે સમજતા થાવ. અમલ ન થાય તેનું દુઃખ પણ રહ્યા કરે તો કામ થાય. તમારે મરજી મુજબ જ કરવું છે કે શાસ્ત્ર મુજબ ? તમને સમજાવવા મહેનત ન કરીએ, સાચું–ખોટું ન સમજાવીએ તો અમે ગુનેગાર. સમજાવવા છતાં તમે ન સમજો તો તમે ગુનેગાર. **સાચું–ખોટું કહેવાની જેની તૈયારી ન હોય તેને સુધર્માસ્વામીની પાટ પર ન બેસવું, પાટને ન અભડાવવી. શાસ્ત્ર મુજબ સાચું–ખોટું કહેવાની તૈયારી હોય તેને જ બેસવું.**

પ્ર.– પરોપકાર બુદ્ધિથી થોડું ગૌણ કરે તો વાંધો શું ?

ઉ. ગૌણ શું કરે ? **પૈસા–ટકાદિની બાબતમાં ગૌણ કરાય. ધર્મની બાબતમાં ન કરાય. સિદ્ધાંત ત્રિકાલાબાધિત જ હોય.** શાસ્ત્રવિરુદ્ધ ઉપદેશ આપવાનું મન થાય તો લપસ્યા કહેવાઈએ.

તમે લોકો કાંઈ ઈતિહાસ જાણતા નથી. જતિઓના કાળમાં શાસનને ઘણું નુકશાન થયું છે. જતિઓએ ઘણાંને પતિત કર્યા. જાજમ ઉપર જ ચાલે, તે કહે તેવા જ સામૈયા થવા જોઈએ, મરજી આવે તેમ વર્તતા. તેવા ટાઇમે જો પં. શ્રી સત્યવિજયજી મહારાજ

ન થયા હોત તો સંવેગી સાધુ ન મળત.

પૂ. આ. શ્રી કમલસૂરીશ્વરજી મહારાજની જ્યારે આચાર્યપદવી થવાની હતી ત્યારે તે વખતના શ્રી પૂજ્યે નોટીસ આપી કે–'તમને આચાર્ય થવાનો અધિકાર નથી ત્યારે કહેલ કે–'તમે શ્રી પૂજ્યો સાચે માર્ગે આવો તો અમારે આચાર્ય થવું નથી. તમે ખોટે માર્ગે છો માટે કરવી પડે છે.

પ્ર.– તે આચાર્ય મ. ના હૈયામાં કરૂણા ખરી ને ?

ઉ.– જે નથી કરતા તે કરૂણાહીન છે ને ?

પ્ર.– દેશ–કાળ જોઈને ન કરાય ?

ઉ.– કાલથી અમે મોટરમાં ફરીએ ને ? આજે જરૂર છે. પ્લેનમાં પરદેશ પણ જઈએ ને ? અહીં સાંભળનાર નથી અને ત્યાં સાંભળશે ? કોઇ દા'ડો ખોટું પગલું ન ભરાય. **દેશ–કાળ આવો જોવાનો નથી. દેશ–કાળ મુજબ ધર્મ અપાય પણ કરવાનું આ જ. શાસ્ત્રે કહ્યું હોય તે જ, આજે પણ સાધુપણું ચોથા આરા જેવું કે બીજું ? મહાવ્રત પાંચ જ.** તમારે વ્રત એક હોય, બે હોય યાવત્ બાર પણ હોય, તે પણ મનથી ય હોય, વચનથી ય હોય, કાયાથી ય હોય. **તમારે વ્રતમાં કરોડો ભાંગા. અમારે એક જ ભાંગો.**

પ્ર.– દેરાસર પર આપત્તિ આવી તો મુર્તિઓ લઇ સાધુઓ પણ ભાગે લાને ?

ઉ.– **તત્કાલ ક્રિયાની છુટ. કાયમી સંસ્થાની છુટ નહિ. અવસરે તલવાર પણ હાથમાં લેવી પડે. શાસનની રક્ષાનો પ્રસંગ આવે બધું જ કરવું પડે.**

શ્રી વિષ્ણુકુમાર મહામુનિ ચોમાસામાં મેરૂપર્વત ઉપર ધ્યાનમાં રહ્યા છે. તેમના નાનાભાઇ ચક્રવર્તી છે. તેમણે નમુચિ નામના મંત્રીને સાતદિવસ માટે પોતાનું રાજ્ય સોંપ્યું છે. તે નમુચિ જૈનધર્મનો દ્વેષી હતો. બધા લોકો તેને આશીર્વાદ આપવા ગયા છે માત્ર જૈનાચાર્ય જ નથી ગયા. આ નિમિત્ત પામી જૈન સાધુઓને પોતાની રાજ-સભામાં બોલાવ્યા છે અને કહ્યું છે કે–'તમે લોકો વ્યવહારથી પણ અજ્ઞાન છો માટે મારું રાજ છોડી ચાલ્યા જાવ ! જૈનાચાર્યે ઘણું સમજાવ્યો છે પણ તે જરા ય માન્યો નથી. બધા પોતાના સ્થાને આવે છે. આચાર્ય મહારાજ પૂછે છે કે, કોઇની પાસે કાંઇ શક્તિ છે ? ત્યારે એક સાધુ કહે છે કે, મારી પાસે જવાની આકાશગામિની લબ્ધિ છે. ત્યારે આચાર્યશ્રી કહે છે કે–મેરૂપર્વત પર શ્રી વિષ્ણુકુમાર મહામુનિ ધ્યાનમાં રહેલા છે તેમને બોલાવી લાવ. તે સાધુ જાય છે. શ્રી વિષ્ણુકુમાર મહામુનિએ તેમને આવતા જોયા. ચોમાસામાં શાસનના મહત્ત્વના કામ વિના સાધુ આવે નહિ એમ વિચારી ધ્યાન

પડ્યું. તે સાધુ આવી કહે છે–આવી વાત છે. ઝટ તે બંન્ને આવે છે. તે પછી શ્રી વિષ્ણુકુમાર મહામુનિ તે ચક્રવર્તીની સભામાં જાય છે ત્યારે આખી સભા ઉભી થાય છે માત્ર તે નમુચિ અક્કડ થાંભલાની જેમ બેસી રહે છે. શ્રી વિષ્ણુકુમાર મહામુનિ ઘણો સમજાવે છે કે–'તારા હાથમાં રાજ છે. રાજા પાંચમો લોકપાલ છે. ચોમાસામાં સાધુઓ વાસ કયાં? છ ચે ખંડની ભૂમિ તારી છે.' છતાં તે નમુચિ કાંઇ જ સાંભળતો નથી, કહે છે કે–'મારે કાંઇ સાંભળવું જ નથી. મારા રાજમાં સાધુ જોઇએ જ નહિ.' ત્યારે તે મહામુનિ કહે કે-'મને જગ્યા આપીશ? નમુચિ કહે 'ત્રણ ડગલા આપી.' ત્યારે મહામુનિ વિચારે કે, આ પાપીને શિક્ષા કર્યા વિના ચાલે નહિ અને જોત જોતામાં લાખ યોજનની કાયા બનાવી. ત્રણે લોકમાં હાહાકાર મચી ગયો. ચક્રવર્તી આવી પગમાં પડી માફી માંગે છે પણ સાંભળે કોણ? દેવીઓ કાન પાસે ગીત કરી તેમને શાંત પાડે છે. આ રીતે તેને શિક્ષા કરી ઠેકાણે પાડે છે. **તત્કાલ પૂરતું બધું જ કરાય.**

પ્ર.– ભગવાનનું શાસન એકવીશ હજાર (૨૧૦૦૦) વર્ષ ચાલવાનું છે. શાસન જોખમમાં છે તો પાંચ પચાશ વર્ષની યોજના તત્કાલ પૂરતી ન કહેવાય?

ઉ.– **સાધુપણાંને શોભે નહિ તેવો ઉપદેશ ત્રણકાળમાં ન અપાય. ઘર વેચીને વરો ન કરાય.** કાલે જ મુસાભાઇની વાત કરેલી તો તેના જેટલી પણ અક્કલ નથી?

તમે અહીં આવો છો તે ધર્મ સમજવા આવો છો કે મશ્કરી કરવા આવો છો? ધર્મ કરવો છે કે ચાલે તેમ ચાલવાદેવું છે. સાચા શ્રાવક બનવું છે ને? અમને પણ સાધુ રહેવા દેવા છે ને? અમે શાસ્ત્ર મુજબ જ વાત કરીએ અને તમે તેથી ઉલ્ટી વાત કરાવવા આવો તો ન આવો તો સારું. ટોળાં તે ટોળાં જ રહેવાના છે. અમારે ટોળાં વધારવા નથી. આ કાળમાં બધી વસ્તુનો ઘટાડો છે તેમ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા પણ ઘટવાના છે. **સાચાં તો થોડા જ રહેવાના છે** સમજીને કાળજી રાખીને રહેવાનું છે. **એકલાં પડીએ તેનો વાંધો નથી પણ ખોટાંમાં ભળવું નથી.**

વર્ષો રહેલાં સાધુ હતા જ નહિ. દશ–બાર સાધુ હતા તે પણ અમદાવાદ–ભાવનગર અને ખંભાતમાં. તેવે સમયે એવા મજબૂત-શ્રદ્ધાસંપન્ન શ્રાવકો હતા જેમને પોતાના ગામમાં કુતિઓને પેસવા દીધા નથી. તે લોકો જ પર્યુષણા કરાવતા. આજે તમારે ઉપાશ્રય ઉઘાડા રાખવા જ સાધુઓનો ખપ છે ને? સાધુઓ નહિ આવે તો ઉપાશ્રય ભાડે અપાઇ જશે. ઘણે ઠેકાણે અપાઇ પણ ગયા. આવો સમય આવી રહ્યો છે કે સાધુએ

સાધુપણું પાળવું હશે તો શહેરો છોડવા પડશે. આ લોકો રક્ષણ નહિ આપે. આજની સરકાર પણ ગાંડી-વિલક્ષણ છે. પ્રજા પણ ગાંડી છે. ધર્મ રહેશે જ નહિ. આ લોકો જ કહેશે કે અહીં રહેવું હોય તો સંડાસ-બાથરૂમનો ઉપયોગ કરો. મુંબઈમાં ઘણા ઉપાશ્રયોમાં તે થઈ ગયા. મને કેટલાંકે કહ્યું કે-અમે જે ઓઢું કરીએ તે તમારે કરવું પડશે, મેં કહ્યું કે-**અમે જીવતાં તો નહિ જ કરીએ પણ અમને માનનાર પણ નહિ જ કરે.** ઘણા સાધુ ય એવા પાકયા કે જેમણે ઉપાશ્રયમાં સંડાસ અને નળ બનાવરાવ્યા. ઘણા ઉપાશ્રયમાં ટ્રસ્ટીઓ કહે કે-'આમ જ બોલાશે, બીજું કહેવાશે નહિ' તેવો સમય આવી ગયો છે.

એકવાર એક ગામમાં અમે વિહાર કરીને આવ્યા તે ગામનો આગેવાન કહે કે-'નાના સાધુઓને પકડાવી દઈશ, તમે નાના છોકરાંઓને ભગાડી દીક્ષા આપો છો માટે અહીં દીક્ષાની વાત નહિ કરવાની, દેવદ્રવ્યની વાત નહિ કરવાની.' અમે એક જ દિવસ રહેવાના હતા તો મેં કહ્યું કે-'હવે ચાર દા'ડા રહીશ. તમે જે ના કહી તે જ બોલીશ નાના છોકરાં છે તાકાત હોય તો લઇ જા.' તે ગભરાયો. ત્યાં આઠ દા'ડા રહ્યો. બધી વાતો કરી. તેણેય માફી માંગી અને વિહાર કર્યો તો આખું ગામ વળાવવા આવ્યું તે જુની વાત. **આ દેશકાળમાં જે મકકમ રહેશે, શાસ્ત્રાનુસારી બોલશે-જીવશે તે જ ધર્મ કરશે અને કરાવશે. જે મરજી મુજબ કરશે તે ય ડૂબશે અને બીજાનું ય સત્યનાશ કાઢશે.** ભગવાનનું એક વચન ન કરે તેને શાસ્ત્રે મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. 'ભગવાને જે કહ્યું તે જ સાચું છે અને શંકા વિનાનું છે' મને ન સમજાય કે સમજાવનાર ન મળે તે મારો પાપોદય છે. મારી બુદ્ધિ ઓછી તો ન સમજું, કદાચ સમજાવનાર પણ ન મળે તો ય વાંધો નહિ પણ શ્રી જિને કહ્યું તે જ સાચું છે આટલું તો માનવું પડે ને ? ધર્મ કરવો હશે તો તમારે બધાએ ડાહ્યા થવું પડશે. ભગવાનનો **ચતુર્વિધ શ્રી સંઘ વિચારમાં એક, આચારમાં ભેદ.** સાધુ થઇ કહ્યા મુજબ ન જીવે અને મરજી મુજબ જીવે તો તેની સજા ભયંકર લખી છે. કોઇનું ચાલવાનું નથી.

પ્ર. સત્ત્વ ન હોય તો ?

ઉ. સત્ત્વ ન હોય તે બાયલા ધર્મ શું કરવાના છે ?

માટે તમે સમજો, ડાહ્યા થાવ. સાધુથી શું થાય અને શું ન થાય તે બરાબર સમજો, અમારી પાસે ય ભૂલ ન કરાવો, તમે ય ન કરો. ચોકખાં થઇ જાવ. જેવા હો તેવા દેખાવ. માયા-પ્રપંચ લુચ્ચાઇ છોડી દો તો કલ્યાણ થશે નહિ તો સંસાર લાંબો છે.

આ કાળ ખરાબ છે. આજે બધાને પારકી નિંદાનો રસ વધ્યો છે. જેને નિંદા કરવાની ટેવ પડી તે કોઇને ય છોડતાં નથી.

પ્ર નિંદા કોને કહેવાય ?

ઉ. કોઈને પણ હલકા પાડવાની ઇચ્છા તેનું નામ નિંદા છે.

પ્ર.–ધર્મના નામે ધર્મ વિઘાતક પ્રવૃત્તિ કરે તેને ઉઘાડા પાડવા તે નિંદા કહેવાય ?

ઉ.–ધર્મના વિઘાતક પ્રત્યનીકો જુદા છે. તેને ખુલ્લાં પાડવા તે જુદી વાત છે. ધર્મનો સંઘનો–મંદિરાદિનો નાશ કરતા હોય, ધર્મની ફજેતી કરતા હોય તેને ઉઘાડા પડાય પાડવા જ જોઈએ. પણ તે વખતે ય હૈયામાં તો તેના પ્રત્યે દયા જ જીવતી હોય કે બિચારો ભારે દુર્ગતિ ખરીદી રહ્યો છે. હજી સમજીને અટકી જાય તો સારું.

(૨૦૩૯ વૈશાખ વદિ–૧૪ ને શુક્રવાર તા. ૧૦–૬–૮૩ ના રોજ આપેલ પ્રવચનમાંથી સ્થળ : આચાર્ય વિજય દાનસૂરિજી જ્ઞાનમંદિર અમદાવાદ.)

૨૦૩૯ જેઠ સુદિ–૧૧ મંગળવાર
તા. ૨૧–૬–૮૩, જ્ઞાનમંદિર
અમદાવાદ.

પ્ર.–કર્મક્ષય માટે જે કાંઈ પ્રવૃત્તિ કરે તે સારી કહેવાય ?

ઉ. આજ્ઞા મુજબ અને મર્યાદા મુજબ કરે તો સારી કહેવાય. આજ્ઞારહિત કરે તો તે વખાણવા લાયક પણ નહિ અને કરવા લાયક પણ નહિ.

પ્ર–પ્રતિધાન સારું હોય તો પણ—

ઉ–શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સાધુ માટે જુદી છે અને શ્રાવક માટે ય જુદી છે. સાધુને ભગવાનની દ્રવ્ય પૂજા કરવાનું મન થાય તો કરાય ? ભગવાનની પૂજા ખોટી છે ? પાત્રભેદે આજ્ઞાનો ભેદ પડે ને ?

પ્ર.– અલ્પ નુકશાન અને ઘણો લાભ થાય તો ?

ઉ.– ઘણો લાભ છે તો પૂજા થાય ને ? જે સાધુ કહે કે મારે દ્રવ્યપૂજા કરવી છે તો ઓઘો ખેંચી લેવો પડે. નહિ તો કાલથી નાહીને પૂજા કરવા જાય અને હું જોતો રહું. દ્રવ્યપૂજાની સાધુને કેમ મના કરી ? સાવદ્ય પ્રવૃત્તિ છે માટે ને ? સાધુએ સાવદ્યપ્રવૃત્તિ પચ્ચકખાણ કર્યું છે ને ? તે પણ ત્રિવિધે ત્રિવિધે ? માટે ભગવાનની આજ્ઞા વિરુધ્ધની પ્રવૃત્તિમાં લાભ થાય તેમ બોલાય જ નહિ.

પાંચમા વર્ષના મંગલ પ્રારંભે

આજ સુધી વીતી ગયેલા કાળચક્રના આરામાં એક વર્ષની શી કિંમત ? શી ગણત્રી ! છતાં પણ કોઇ એક પુણ્યાત્મા, અનોખી ભાત પાડી, પોતાના આવાગમનની અસર ચિરકાલ માટે મૂકીને જાય છે. જેની નોંધ જગત પણ ગંભીરપણે લે છે. જે કે, અનંતોપકારી, પરમશ્રદ્ધેય, પરમાદરણીય, પરમારાધ્યપાદ, પરમતારક પૂજ્યપાદ આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !**

અમારા આ સાપ્તાહિકનો જન્મ શાસનમાં થયેલ–થતાં બાહ્ય–અભ્યંતર આક્રમણોની સામે લાલબત્તી ધરવા અને સત્ય–સિદ્ધાંતોની રક્ષા–પ્રચાર માટે થયો હતો. નાના બાલકની જેમ પા...પા...પગલી ભરતું આ સાપ્તાહિક ચાર વર્ષ પૂર્ણ કરી પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે તેનો અમને અનહદ આનંદ છે.

સકલ શ્રી સંઘ, આરાધક વર્ગ પણ ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પરમ તારક આજ્ઞા મુજબ જીવે, પોતાની સાચી આરાધના કરે અને કલ્યાણ પામે, તે હરેક ધર્મપ્રેમીઓની મનોદશા હોય છે. તેમજ શ્રી સંઘમાં ઐક્ય સધાય તો તો સોનાનો સૂરજ ઉગે પણ 'વો દિન કહાં' ! શાસનના રક્ષક પુરુષો અને ધર્મ ઉપર થતા આક્ષેપોનો પ્રતિકાર કરતાં અમોને પણ ઘણાં ટીકા બાણોને સહન કરવા પડયાં છે, આ સાપ્તાહિક બંધ થાય તેવા પણ પ્રયત્નો કરાયા છે છતાં પણ તેનું અમને લેશ પણ દુઃખ નથી કે મોટો ભય પણ નથી કેમકે હંમેશાં 'સત્યનો જ જય થાય છે.' પણ તેજોદ્વેષ–ઇર્ષ્યાદિથી પીડાતા તેઓ, સજ્જનતાથી પણ પરવારી 'હાર્યો જુગારી બમણું રમે' તે ન્યાયે, શાસનના સત્ય સિદ્ધાંતનું રક્ષણ કરનારા, પ્રચાર–પ્રરૂપણા કરનારા ઉપર ટેકો તો ન આપે પણ હલકી ભાષાને ભૂલાવે તેવા અશિષ્ટ–અશ્લીલ પ્રયોગો કરે છે ત્યારે અનહદ દુઃખ થાય છે, હૈયામાં કરૂણા જન્મે છે કે–બિચારાઓનું થશે શું ? શાસનની સેવા કરવાની તકનો આવો દુરુપયોગ !

જે પુણ્ય પુરૂષે આજીવન ક્ષાત્રવટનું અખંડ પાલન કર્યું, ધર્મવિદ્રોહીઓના પ્રચંડ ઝંઝાવાતો અને ભિષણ આક્રમણો વચ્ચે પણ પ્રભુ આજ્ઞાની મશાલ લઇ ભવ્ય જીવોને મોક્ષના માર્ગે ચઢાવવાની જે અપૂર્વ વીરતા–ધીરતા દાખવી હતી–તે પુણ્ય–પુરુષનું ધાવણ પીને ઉછરેલા અને તેઓ પૂજ્યશ્રીજીના દિવ્ય આશિષની હેલીનું અભય કવચ વરેલા અમને અમારા માર્ગથી ચ્યુત કરવાના કોઇના પણ પ્રયત્નો કારગત નીવડવાના નથી પછી તે ચાહે પોતાના હોય કે પારકા પણ હોય.

સુકૃત અને બોધિબીજને બાળનારા સુદેવ–સુધર્મની નિંદાના મહાપાતકથી સૌ કોઇ બચે, શાસનના સત્યોને યથાર્થ સમજી જીવનમાં શકય અમલ કરી, આત્મકલ્યાણના માર્ગે આગળ વધી, પરમપદને સૌ પામે તે જ અમારૂં ચરમ લક્ષ્ય છે. બાકી તો જેનું જેવું ભાવિ ! 'તળાવે જઇને પણ તરસ્યા રહે' તેમાં વાંક કોનો ?

'અમુક પક્ષાંધો કે દ્વેષાંધોને બાદ કરતાં, પ્રભુની પ્રાણધારક આજ્ઞાના પ્રેમી સમગ્ર શ્રી સંઘે અમારો જે સત્કાર કર્યો છે, પોતાનું આત્મીય માની અપનાવ્યું છે, અમારા પ્રત્યે શુભેચ્છા અને શુભકામનાઓ, મંગલ ભાવનાઓની જે શુભવર્ષા વરસાવી છે તેથી ગદગદ બની ને સર્વેનો સાચા અંતઃકરણથી આભાર માનવા સાથે સદૈવ તેવો સહયોગ આપે તેવી ભાવના સાથે પાંચમા વર્ષમાં પ્રવેશીએ છીએ તેનો આનંદ છે.

જેઓશ્રીજીનો અમારી ઉપર અનહદ ઉપકાર છે તેઓશ્રીજીનો ચોથા વર્ષની વિદાય વેળાએ, યોગાનુયોગ આ સાપ્તાહિકના પ્રગટ કરવાના દિવસે આવતી પ્રથમ વાર્ષિક તિથિને અનુલક્ષીને 'સ્મૃતિ અંક' અને પાંચમા વર્ષના પદાર્પણ પ્રસંગે 'વિશેષાંક' પ્રગટ કરતાં, હૈયાની ઉર્મિઓને વાચા આપી શકતા નથી તેવો અનહદ આનંદ અનુભવીએ છીએ.

છાશવારે વધતી જતી મોંઘવારી, મુદ્રણમાં તીવ્ર રસાકશી, પેપર્સ–પ્રીન્ટીંગમાં વધતા જતા ભાવો છતાં પણ નજીવી કિંમતમાં આત્મગુણ પ્રાપક, સંસ્કાર પોષક જે વાંચન સાહિત્ય પીરસીએ છીએ. તો દરેક ગ્રાહકોને આત્મીયભાવે આછા ખચકાટ સાથે ધડકતે હૈયે નમ્ર સૂચન પણ કરીએ છીએ કે–આપના કોઇપણ પ્રસંગમાં અમોને ભૂલતા નહિ. આ સાપ્તાહિકમાં આપેલો મૂલ્ય–સહકાર, અનેકને બોધિબીજની અને ધર્મની પ્રાપ્તિ–સ્થિરતા–નિર્મલતામાં અમૂલ્ય બની રહેશે.

પ્રાન્તે, અનન્તોપકારી, વિશ્ર્વવત્સલ મોક્ષમાર્ગ દાતા, સવિજીવ ત્રાતા, **'સવિ જીવ કરું શાસન રસી'**ની પરમોચ્ચ ભાવનાથી નિકાચિત્ત કર્યું છે શ્રી તીર્થંકર નામકર્મ એવા દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માઓની પરમ તારક આજ્ઞાની વફાદારી–રક્ષા એજ અમારો મુદ્રાલેખ છે. આપ સૌનો સાથ–સહકાર તે મુદ્રાલેખની સિદ્ધિ માટે જ ઇચ્છીએ છીએ.

શાસ્ત્રજ્ઞાનની અનભિજ્ઞતાથી કે મતિ અલ્પતા અને છદ્મસ્થપણાથી જાણતાં કે અજાણતા વિપરીત રીતે જે કંઇ લખાયું હોય, ફરજ રૂપે નગ્ન, કડવું પણ સત્ય કહેતા કોઇનો પણ આત્મા દુભાયો હોય તો ક્ષમા પણ યાચીએ છીએ અને અમારા ટીકાકારોની શુભેચ્છા સાથે 'શિવમસ્તુ૦'ની ભાવના ભાવીએ છીએ. સકળ જીવોનું કલ્યાણ થાઓ તે ઇચ્છવા સાથે આજેકુચ કરીએ.

સૌ પુણ્યાત્માઓ શાસનના સત્યોને સમજી, પોતાની પ્રાપ્ત પ્રજ્ઞાની નિર્મલતાના પ્રકાશમાં તેને અમલી બનાવી, આત્માની અનંત–અક્ષય ગુણલક્ષ્મીના ભાજન બની, આત્મ સ્વરૂપમાં રમણતા કરનારા બનો તે જ આજના મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભ કામના...

—સંપાદકો

વિશેષાંક પ્રારંભે

પ. પૂ. પરમોપકારી, પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજની પુણ્ય અમીદૃષ્ટિ પામવાનું પરમ સૌભાગ્ય અમારાં આ સાપ્તાહિકને પ્રારંભકાળથી જ થયેલું છે. જેઓશ્રીજીના મંગલ આશીર્વાદ અને હાર્દિક અભિનંદનો તો અમારા પરમ શ્રેષ્ઠ સાથી સમાન છે તો તેઓશ્રીજીના પીઠબળથી અમો શાસનની, સત્ય સિદ્ધાન્તોની રક્ષા–પ્રચાર–જાળવણીનો પૂર્ણ પ્રયાસ કર્યો– કરી રહયા છે. તેમાં પ્રાપ્ત સફળતા તો સૌને વિદિત છે. 'કર્મણ્યે વા ધિકારસ્તે મા ફલેષુ કદાચન' આ યુક્તિને યાદ રાખીએ છીએ.

'મોસાળમાં જમણ અને મા પીરસનારી' પછી કાંઇ બાકી રહે ખરૂં !

આ યુગકલ્પ સમાન પુણ્ય પુરુષનો જે પુણ્ય પ્રભાવ હતો તે સૌએ અનુભવેલ છે. આવા વિષમકાળમાં પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવો અને શાસન શિરતાજ શ્રી ગણધર દેવોના જેવી આમની દેશના શક્તિ માટે તો વિરોધીઓ પણ મસ્તક ધૂણાવે છે કે **'વ્યાખ્યાન શક્તિ તો રામવિજયજીની જ !'** આરાધના ભલે પોતાની માન્યતાની કરતા હોય પણ વ્યાખ્યાન સાંભળવા તો આ શ્રી જિનવાણીના જગમશહુર ગારૂડિક પાસે જ આવતા ! આ જ તેઓશ્રીજીના જીવનનું અદભૂત વૈશિષ્ય ઉજાગર પાસુ છે. જેમનું 'જૈન પ્રવચન' એ અમૃત પાન તેમને લાગતું.

આજે નદીના પ્રવાહને માટે પણ સીમાઓના વિવાદ–વંટોળ જગાવનારા સંકુચિત માનસો ધરનારા વાયુની જેમ અસ્ખલિત અપ્રતિહત અને અનેક આરોહ–અવરોહને મજેથી પાર કરનારા આમના જીવન પ્રવાહને 'સંકુચિતતા' 'જૂનવાણી' 'જીદ્દી' 'કજીયાખોર' 'ઝઘડાળુ' 'વિવાદગ્રસ્ત' ના લેબલ લગાવી રહયા છે અને સાથેના–નજીકના–પોતાના ગણાતા પણ તેમાં જયારે સંમતિનો સૂર રેલાવી રહયા છે ત્યારે તેમની તેજસ્વિતા અને બુદ્ધિ માટે શંકા પેદા થાય છે. સંવાદિત અને સમતુલિત જીવનના સ્વામીને 'વિવાદ'નું લેબલ લગાવનારાઓ તો ખરેખર આત્મનિરીક્ષણ કરવાની તાતી જરૂર છે. સુણી–સુણાઇ વાતોથી અભિપ્રાય આપનારા ખરેખર 'દયાપાત્ર' છે. તેમાં ય પોતાનો જ કક્કો સાચો ઠરાવનારને શી ઉપમા આપવી, તે અંગે મહાપુરુષોને કહેવું પડે છે કે– 'વયં ન જાનામ હે'.

આ મહાપુરુષે જીવનભર સત્ય માર્ગની આરાધના કરી અને સાચો માર્ગ બતાવી, અદ્‌ભુત સમાધિને સાધી પોતાનું મૃત્યુ પણ મંગલ રૂપ, મહોત્સવ રૂપ બનાવીને ગયા. વિક્રમ સર્જક સુવર્ણ ઇતિહાસ સર્જીને ગયા! જેઓશ્રીજીનું આખું જીવન શાસનની રક્ષા–આરાધના અને પ્રભાવનામાં વ્યતીત થયું. જે ઉપકારની હેલી વરસાવી છે તેનું તો વર્ણન થાય તેમ નથી, તેમ તેમાંથી કોણ બાકાત રહ્યું હશે તે પ્રશ્ન છે! હવેના તેમના ઉપકારને કેવો ઝીલે છે તે જોવાનું છે. કેમકે, એકનું એક પણ વરસાદનું પાણી પાત્ર ભેદે રૂપાંતરને ભજે છે.

તેઓ પૂજ્યશ્રીજીના સંપૂર્ણ જીવનનું ન્યાયપૂર્ણ સાંગોપાંગ જીવન આલેખન કરવું તે અશક્ય કામ છે. વિરાટ વ્યક્તિત્વને આલેખવાનું વામન શક્તિનું ગજુ પણ શું છે! તો પણ ઉપકારની સ્મૃતિ નિમિત્તે ગુરુ ભક્તિથી પ્રેરાઇને, યત્કિંચિત્ ઋણમુક્તિ માટે તેઓ પૂજ્યશ્રીજીનો આ વિશેષાંક પ્રગટ કરતાં અમો અત્યંત આનંદ અનુભવીએ છીએ.

એક હાથે તાલી ન પડે. તેમ આને આકર્ષક, સુશોભિત અને દળદાર બનાવવા માટે જે કોઇ નામી–અનામી ભાગ્યશાલીઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કાંઇ સાથ–સહકાર આપ્યો છે તેઓને પણ ભૂલી શકતા નથી. અને અંતઃકરણથી તે સર્વેનો અભાર માનવા સહ ભવિષ્યમાં પણ તેવી જ આશા રાખીએ છીએ.

આ પુણ્યપુરુષના પગલે પગલે ચાલીએ અને તેમાંથી જરા પણ આઘા–પાછા ન થઇએ તે જ આ પૂજ્યપુરુષને સાચી શ્રદ્ધાંજલિ છે. સૌ તે જ માર્ગને વફાદાર રહી આત્માની અનંત–અક્ષયગુણ–લક્ષ્મીને ભજનારા બનો તે જ કામના સહ વીરમીએ છીએ.

—સંપાદકો.

તે આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ!

અત્થમિએ જિણસૂરે, કેવલિચંદેઽવિ જે પઇવુવ્વ।
પયઠંતિ ઇહ પયત્થે, તે આયરિએ નમંસામિ ॥

શ્રી જિનેશ્વરદેવ રૂપી સૂર્ય અને શ્રી કેવળજ્ઞાની રૂપી ચન્દ્ર પણ અસ્ત પામ્યે છતે; પ્રદીપની જેમ જેઓ ત્રણે ભુવનના પદાર્થોને ભવ્ય જીવોની આગળ તેઓની જેમ પ્રકાશિત કરે છે, તે શ્રી આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.

આભાર-દર્શન

જૈન શાસનના સિદ્ધાંતોની સ્થિરતા અને રક્ષાના મુખ્ય હેતુને વરેલા 'જૈન શાસન' અઠવાડિકનો આ પ. પૂ **શાસન જવાહીર આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજા-શ્રદ્ધાંજલિ વિશેષાંક** પ્રગટ કરતાં ઘણો જ આનંદ અને સંતોષ વ્યક્ત કરીએ છીએ.

જૈન શાસનના નૂતન વર્ષ પ્રથમ અંક વિશેષાંક તરીકે પ્રગટ કરવાનો રિવાજ રાખ્યો છે. ગયા વખતનો વિશેષાંક પૂ શ્રીજીના કરકમલોમાં પહોંચે તે પૂર્વે તેઓશ્રીજી વિદાય થઈ ગયા હતા. તેને એક વર્ષ પૂર્ણ થયું ત્યારે આ વિશેષ અંક પ્રગટ કરવાની અનુકુળતા ન હતી તેથી તેઓશ્રીજીની વાર્ષિક પ્રથમ સ્વર્ગતિથિ પ્રસંગે ખાસ અંક પ્રગટ કરી તેઓશ્રી પ્રત્યે વંદના અર્પણ કરી હતી.

નૂતન વર્ષના વિશેષાંકના અભ્યાસ ઘણા ગ્રાહકો, વાચકો વિગેરે પ્રતિક્ષા કરતા હોય છે અને પૂ પાદશ્રી ગચ્છાધિપતિશ્રીજીને શ્રદ્ધાંજલિ અર્પતો અંક પ્રગટ કરવા ઘણા ભાવિકો માગણી કરતા હતા. અને તે અંગે વચ્ચેનો સમય અનુકુળ ન હોવાથી અને નુતન વર્ષારંભ પછી બીજા વિશેષાંક માટે પણ અનુકુળ ન રહે તેથી નૂતન વર્ષના પ્રારંભના અંકનું શ્રધ્ધાંજલિ વિશેષાંક તરીકે પ્રગટ કરવાનું આયોજન થયું.

સમયની સંકીર્ણતાને કારણે લેખ સામગ્રી સુલભ ન બને તેમ માન્યું હતું પરંતુ પૂ શ્રીના પ્રેરક મહા આદર્શ જીવન છાયાને કારણે વિપુલ સામગ્રી પ્રાપ્ત થઈ તે ખરેખર અમારું અહોભાગ્ય છે.

અમે સેંકડો પૂ. સાધુ-સાધ્વીજી મ. તથા સેંકડો સુશ્રાવક બંધુઓને તેમના અનુભવ આદિ મોકલવા વિનંતિ પત્રો પણ મોકલ્યા હતા. તેના પ્રતિસાદ રૂપે જ આ વિશેષાંક સમૃદ્ધ બન્યો છે.

સાથે સાથે આર્થિક સંકીર્ણતાને કારણે સંચાલન ખર્ચમાં પણ જરૂરી ખાત રહે છે તે ઉપરાંત વિશેષાંકનો વ્યય, વાંચકો અને ભાવિકો ઉપાડી લે તો જ સફળતા પ્રાપ્ત થાય. અને તે અંગે પણ અમારી ધારણાથી અધિક ઉત્તેજન મળ્યું છે તે પ.પાદશ્રીજીની પરમ કૃપા અને જૈન શાસનની સફળ કાર્યવાહીની પ્રતિછાયા કારણ રૂપ છે.

આ વિશેષાંકમાં પૂ પાદ આચાર્યદેવો આદિ સાધુ-સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકાઓએ

જે લેખ મેકલ્યા છે તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

સહકાર માટે પ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ., પૂ પં. શ્રી ભદ્રશીલવિજયજી મ., પૂ. મુ. શ્રી અક્ષયવિજયજી મ., પૂ. મુ. શ્રી નયવર્ધનવિજયજી મ., પૂ મુ. શ્રી જિનહંસવિજયજી મ., પૂ. મુ. શ્રી નંદીપ્રવરવિજયજી મ., પૂ. મુ. શ્રી મુકિતધનવિજયજી મ., પૂ. મુ. શ્રી પુન્યધનવિજયજી મ., પૂ. મુ. શ્રી કમલરત્નવિજયજી મ., પૂ મુ. શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ. આદિ મુનિભગવંતે તથા પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ., પૂ વયોવૃધ્ધ સા. શ્રી ચંદ્રોદયાશ્રીજી મ., પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. આદિ સાધ્વીજી ભગવંતોનું સદુપદેશ આ વિશેષાંકમાં ઉપયોગી બન્યો છે.

સહકાર માટે સદા ઉત્સાહી પ્રયત્નશીલ ભાઇશ્રી રતિલાલ દેવચંદ ગુઢકા રાસંગપરવાળા લંડન છે તેમણે સુંદર સહકાર આપ્યો છે. તેઓ શ્રી મહાવીર શાસનને સદા સુદઢ બનાવવા તેમજ બીજા પણ શાસનના કાર્યો માટે કર્તવ્યશીલ છે અને લંડનમાં પણ જૈન શાસ્ત્ર સિધ્ધાંતની ધુન મચાવી પ્રવચનો પૂજાઓ સત્સંગ મંડળના પ્રસંગો વિગેરેમાં નિ:સ્વાર્થભાવે અને કાળજીથી ઉદ્યમશીલ છે.

તે જ રીતે જૈન શાસન સિધ્ધાંત માટે જાગૃત આરાધક એવું બાઉન્સા ગ્રીન સત્સંગ મંડળ પણ ઉદ્યમશીલ છે અને ઉદારતાને વરેલું છે.

શ્રી રતિલાલભાઇ તથા શ્રી મોતીચંદભાઈ એસ. શાહએ આ બાઉન્સા ગ્રીન સત્સંગ મંડળ ઉપરાંત ક્રીચલી સત્સંગ મંડળના ઉપક્રમે સુંદર સહકાર અપાવ્યો છે. જૈન શાસનના તંત્રીઓ શ્રી પ્રેમચંદ મેઘજી ગુઢકા (પરેલ) શ્રી સુરેશ કે. શેઠનો (વઢવાણ) સહકાર નોંધ પાત્ર છે. ભાઇશ્રી છગનલાલ નેમચંદ શાહ (મુલુંડ).

શાહ મગનલાલ લક્ષ્મણ મારૂ (થાણા), શાહ મનસુખલાલ વીઠલજી [મુંબઇ], શ્રી ભરતભાઇ ગેદ્રકસી પ્રિન્ટર્સવાળા [રાજકોટ], શ્રી મુકુંદભાઇ રમણલાલ શાહ [અમદાવાદ] શ્રી ડાયાલાલ મુલચંદ ભોડોત્રાવાળા [મુંબઇ], શ્રી પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ રાધનપુરી [મલાડ], શ્રી દિલિપભાઇ તથા અભયકુમાર હરગોવીંદદાસ ઘીવાલા [મુંબઇ], મહાવીર સ્ટોર્સવાળા જયંતિલાલ ત્રિભોવનદાસ સંઘવી [અમદાવાદ], શ્રી રમણિકલાલ હઠીચંદ વોરા [બોટાદ], શ્રી રવજીભાઇ કલ્યાણજીભાઇ [વાલકેશ્વર–મુંબઇ], શ્રી પ્રકાશભાઇ અમૃતલાલ દોશી [રાજકોટ], શ્રી ચીમનલાલ પોપટલાલ ઘડીયાળી [અમદાવાદ], શ્રી પ્રેમચંદ ભારમલ દોઢીયા [માટુંગા–મુંબઇ], શ્રી કપુરચંદ લાધાભાઇ ગુઢકા [પાંડુરના

એમ. પી.], શ્રી અંબાલાલ અમૃતલાલ [બોરસદ] આદિએ વિશેષાંક માટે પ્રેરણા કરી તેથી તે સહકાર નોંધ પાત્ર બનેલ છે. આ માટે ઉપદેશક પૂ. ગુરુદેવો તથા પ્રેરક પૂ. સાધર્મિક બંધુઓનો આ તકે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

વિશેષાંકના સંપાદનમાં અને સંકલનમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. એ ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે. સાહિત્ય સંકલનમાં પૂ. મુનિરાજ શ્રી પ્રશાંતદર્શનવિજયજી મ. નો પૂર્ણ સહકાર મલ્યો છે. તેમના આભારી છીએ.

વિશેષાંક સંચાલનમાં ભાઇશ્રી મગનલાલ ચત્રભુજ મહેતાનો પરિશ્રમ અવર્ણનીય છે. તથા મુદ્રણમાં સુરેશ પ્રિન્ટરીના માલિક ભાઈશ્રી સુરેશ કે. શેઠે ખૂબ પરિશ્રમ લીધો છે તથા આર્ટ પ્રિન્ટીંગમાં શ્રી ભરતભાઇ (ગેલેકસી પ્રિન્ટર્સ-રાજકોટ)એ સારી કાળજી રાખી છે તે બંનેનો આભાર માનીએ છીએ.

પૂ.શ્રીજી વિશાળ અગાધ પ્રભાવક જીવનના માત્ર બિંદુઓ અત્રે સંગૃહીત થયા છે. લેખકોએ પોતાના અનુભવ અને ક્ષયોપશમ મુજબ આલેખન કર્યું છે છતાં અમૃત તો આહલાદક હોય છે તેમ પૂજ્યપાદશ્રીજીના ગુણવૈભવના અમૃતના અંશો પણ આહલાદક રહેશે. છતાં તેમાં ક્ષતિ થઇ હોય તો ક્ષમા કરશોજી. અંતે પૂ.શ્રીના ગુણાનુવાદ રૂપ આ શ્રદ્ધાંજલિ દ્વારા અમને સમ્યકત્વાદિની શુદ્ધિ થાય અને સૌ વાંચકો પણ તેવી શુદ્ધિ પામે એજ અભિલાષા... --પ્રકાશકો

- કેવો ગુરૂ પ્રેમ -

પૂ. ગુરૂદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ ખંભાત મુકામે બીરાજતા હતા. પૂ આ. મ. શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ. પણ અમદાવાદમાં શિબિરના માટે વિહાર કરી ગયા. પૂ. આ. મ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. પણ વિહાર કરી ગયા. તેઓશ્રી નાર પહોંચ્યા ત્યાં ખબર પડી કે ગુરૂદેવની તબિયત સારી નથી. તુરત ખંભાત તરફ વિહાર કરી ગુરૂદેવની નિશ્રામાં હાજર થયા. પછી તબીયત ઠીક લાગી તો પણ વિહાર ન જ કર્યો. પૂ. આ. મ. શ્રી રામચંદ્ર સૂ. મ. ગુરૂ પહેલા માની ખંભાત પાછા ફર્યા અને છેલ્લી નિર્યામણા જાતે કરાવી. --મગનલાલ ચત્રભુજ મેતા

એ મહાપુરૂષ માટે ભારોભાર બહુમાન પૂજ્ય ભાવો છે.
વિશેષ શું લખાય ?

-સા. શ્રી નરેન્દ્રશ્રીજી-વિદ્યુતપ્રભાશ્રી-સુથરી

સૂચના : લેખ અને જા. ખ. ની અનુક્રમણિકા છેલ્લે જુઓ.

[ચિત્ત થડકાવે તેવા સવાલનો પણ પોતાની હાજર-જવાબીતાથી તર્ક-શાસ્ત્ર યુક્ત જે જવાબ મળતો તેથી સૌને સંતોષ-પ્રસન્નતાનો અનુભવ થતો. જેઓશ્રીજીના વ્યાખ્યાનનું આ પણ એક ઉજ્જ્વળ પાસુ હતું. તેની ઝાંખી કરાવવાનો અત્ર સ્તુત્ય પ્રયત્ન કરાયો છે. પૂ. શ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ક્ષમાપના. આ વાંચતા જરૂર તેવી વ્યાખ્યાન સભા નજર સમક્ષ તરવરશે જ તે જ અભિલાષા સાથે —સંપા૦]

સનસનતા સવાલો જડબાતોડ જવાબો :

—પ પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

પ્ર.— શ્રીમંતો આપને આટલા કેમ ખૂંચે છે ?

ઉ.— તમે બધા એમ માનો છો કે શ્રીમંતો અમને આંખના કણાની જેમ ખૂંચે છે ? જૈનશાસનને સમજેલા શ્રીમંતો તો શ્રી જૈન શાસનની જાહોજલાલી કરનારા હોય, તેવી શક્તિ શ્રીમંતોમાં જ હોય. આવા શ્રીમંતો અમને આંખમાં કણાની જેમ ખૂંચે ? તે શ્રીમંતો તો અમારી આંખની કીકી જેવા છે. પણ તે લોકો જ અમારી કીકી ફોડી નાખે તેવા હોય તો ?

બાકી શ્રીમંતો પ્રત્યે અમને દ્વેષ નથી, આંખ લાલ નથી. તે અમને ખૂંચતા નથી. પણ તે તો સારા લાગે છે જો શાસનના હોય તો, તેની મૂડી શાસનની હોય તો.

પ્ર.— અનીતિની વ્યાખ્યા શું ?

ઉ.— અમારા માટે શાસ્ત્રવિરુધ્ધ વર્ત્તન કરવું તે અનીતિ. તમારા માટે માલિક, મિત્ર, સ્વજન કે જે કોઇ વિશ્વાસ મુકે તેનો દ્રોહ કરવો તેનું નામ અનીતિ

પ્ર.— આજે તો કહે છે કે—શાસ્ત્ર મુજબ ઉપદેશ આપે તે 'રૂઢિચુસ્ત' અને લોકોને ગમે તેવો ઉપદેશ આપે તેને 'સમયને ઓળખ્યો કહેવાય'.

ઉ.— અમે મરીએ તો પણ શાસ્ત્રથી વિરુદ્ધ નહિ બોલીએ. ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ નહિ જ બોલીએ. 'તેને 'રૂઢિચુસ્ત' કહે તો તે અમારા માટે 'અલંકાર' છે, 'ભૂષણ' છે. તેને જે 'કલંક' માને કે 'ગાળ' માને તે મૂંડા છે.

મોક્ષ માટે ધર્મના ઉપદેશ વિના બીજો ઉપદેશ ન આપે તે ગુરુ, બીજા ગોર !

૦ તમને બધાને અહીં ન સમજાય તો પૂછવાનો અધિકાર છે. તમે અમને પણ પૂછી શકો છો કે—શાના આધારે બોલો છો ? તો મારે પણ તમને શાસ્ત્ર બતાવવું પડે. 'શાસ્ત્રની વાતમાં તું શું સમજે ?' એમ મારાથી ન કહેવાય. અમે જાહેરમાં બોલીએ

છીએ અને શ્રાવકો જાહેરાતો કરીને તમને બોલાવે છે. તો 'તમારે વચમાં પૂછવાનું નહિ' આવું અમારાથી કહેવાય નહિ. આવું જે કહે–કરે તે તમારાથી ચલાવાય પણ નહિ. તમારા દરેક પ્રશ્નોના અમારે ઉત્તર આપવા જ પડે. તમે શંકામાં ને શંકામાં મરો તો તેનું પાપ અમને પણ લાગે.

સભા :— લીંક તૂટી જાય ને ?

ઉ.– શાસ્ત્ર મુજબ બોલે તેની લીંક શી રીતે તુટી જાય ? આડું અવળું બોલવું હોય એટલે લીંક તુટે તે બને.

૦ આચાર્યો, શ્રી સંઘમાં પ્રધાન ગણાય છે તો તે શ્રી આચાર્ય ભગવંતો પણ શાસનને સમર્પિત જોઈએ. તેવા માર્ગસ્થ શ્રી આચાર્ય ભગવંતોના અભિપ્રાય ઉપર શ્રી સંઘ ચાલે. પણ શ્રી આચાર્યોને પોતાનો અભિપ્રાય હોય નહિ. શ્રી આચાર્ય ભગવંતો પણ એમ જ કહે કે "શ્રી અરિહંત પરમાત્માએ, શ્રી ગણધર ભગવંતાદિ મહાપુરુષો આમ આમ કહી ગયા છે, તે પરમ તારકોની આજ્ઞા આ છે. આ અંગે શાસ્ત્રમાં આમ આમ લખ્યું છે પણ મારો 'વ્યક્તિગત' અભિપ્રાય આવો છે તેમ કહે નહિ. પણ મારો અભિપ્રાય તો શાસ્ત્ર મુજબ જે હોય તે છે.

પ્ર.– એકના અનેક અર્થ થાય છે ને ?

ઉ.– અર્થ અનેક થાય પણ માર્ગને અનુકૂળ હોય તે થાય. માર્ગને પ્રતિકૂળ–બાધક વિચાર તે શાસ્ત્રનો વિચાર નહિ. પણ તમે લોકો અભણ છો કાં અભણ રહેવા માગો છો માટે આડી અવળી વાત કરનારા ફાવે છે. નહિ તો ફાવી શકત નહિ.

આચાર્યો પણ ભગવાનના વચન મુજબ ચાલે માટે તે શાસનના આધાર કહેવાય પોતાની મરજી મુજબ ચાલે તે કેવા કહેવાય ? મુનીમ પણ કાંઇ ફેરફાર કરે તો તે પેઢીનું રક્ષણ થાય તેવા કરે કે પેઢીનો નાશ થાય તેવો કરે ? તમે કયા મુનીમને પેઢી સોંપો ? તમને વિશ્વાસ હોય કે–આ મુનીમ મારી પેઢીને પોતાની માને છે, મને અને પેઢીને પૂરો સમર્પિત છે–તેને જ પેઢી સોંપો ને ?

પ્ર.– વાત વાતમાં શાસ્ત્ર જ જોવાના.

ઉ.– હા. શાસ્ત્ર નથી જોવા તેમ કહે તે તો ભગવાનનો સાધુ જ નહિ એકાન્તે શાસ્ત્ર જ જોવાના.

તમારો જ સગો છોકરો, ઘરની મિલકતને નુકશાન કરે તો તે બાપ જાહેરાત કરે છે ને કે– 'આ દીકરો મારો કહેવાય પણ મારો નથી. માટે મારે નામે ધીરતા નહિ.

પ્ર–આપ ગચ્છાધિપતિ તરીકે જાહેર કરી શકો છો ને !

ઉ–બધું જ કરીશું અવસર આવે જાહેર ન કરીએ તો અમે ય ગુનેગાર ઠરીએ.

શ્રી જૈન શાસનમાં આજ્ઞાની પ્રધાનતા છે પણ મરજી મુજબ જીવવાની વાત જ નથી.

શ્રી જૈન શાસનમાં આચાર્યની જોખમદારી ઘણી છે. આચાર્યપદને પામીને ભગવાનના શાસનની દરકાર ન કરે, જાતની પ્રભાવના માટે મથે, મરજી આવે તેમ બોલે-વર્તે, શાસ્ત્ર સિદ્ધાન્તને બાજુએ રાખી, લોકની વાહ વાહ ખાતર ખોટી એકતાની મહેનત કરે તે બધા શાસનનો નાશ કરનારા છે પણ ભક્તિ કરનારા નથી. એકતા તો તેની સાથે હોય જેનાથી ભગવાનનું શાસન વધુ દીપે !

પ્ર.–આપ જ એકતાનો વિરોધ કરો છો ને ?

ઉ.–તમે એમ માનો છો કે, અમે એકતાના વિરોધી છીએ ! હું તો આખું જગત એક થાવ તેમ ઇચ્છું છું. એકેન્દ્રિય જીવોનું પણ ભલું જ થાય તેમ ઇચ્છું છું. તો પરસ્પરનું ભલું થાય તેમ ન ઇચ્છું ? એકતા કોને ન ગમે ? સાધુ સંઘ પણ જો એક હોત તો એક અધર્મ ચાલત નહિ. એકતા નથી તેનું દુઃખ છે પણ તે દુઃખ શમાવવા ખોટી એકતા નથી કરવી. જે એકતાથી ધર્મીઓ રીબાય સીદાય, પાપીઓ ફાવે, ઉન્માર્ગીઓ ફાવે તેવી એકતા અમારે જોઇતી નથી. હાલમાં 'હું નથી બોલતો તેનું એક જ કારણ છે કે–કચરા ભેગું સાચું પણ કચરામાં સળગી જાય, સુકા ભેગું લીલું પણ બળી જાય." તેવું મારે નથી કરવું. એકતા કરનારામાં જ કેટલી અનેકતા થઇ તે જોતા નથી !

પ્ર.–આપ વર્ષણ કરાવવા મુંબઇ આવ્યા છો તેમ કહે છે.

ઉ.–ઘર્ષણ કરી રહ્યા છે તેને ઓળખાવવા આવ્યો છું. શાંત થાય તો શાંત કરવા અને ન થાય તો ઉઘાડા પાડવા આ ધંધો જન્મ્યો ત્યારથી કરતો આવ્યો છું અને જીવીશ ત્યાં સુધી કરીશ. એકલા રહેવું પડે તો એકલા રહીને પણ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ કરતા હોય તેને સાથ નહિ જ આપું. ખોટી લાલચ આપતા નહિ. આજ સુધી મજેથી જીવ્યો છું.

(૨૦૪૨ લાલબાગ મુંબઇ)

ગુરૂ કુલ વાસની સફળતા કયારે ?

—પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

[૨૦૩૨માં પૂજ્યપાદશ્રીજીએ ગુરુતત્વ વિનિશ્ચય' ગ્રન્થ ઉપર પૂ. સાધુ સાધ્વીજી મ.ને વાચના આપી હતી તેમાં ગુરુ તારક કયારે બને ? ગુરૂને યોગ પણ કયારે સફળ બને ? વગેરે ઉપર જે પ્રેરક-મનનીય-માર્મિક વાતો સમજાવી હતી તે આ લેખમાં પ્રતિપાદિત કરવામાં આવી છે. સૌ તેને વાંચી હૃદયસ્પર્શી બનાવી 'સુહગુરૂન્નેગો' સફળ કરો તે જ ભાવના સહ પૂ શ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું તો ક્ષમાપના. સ પા૦]

યોગાવંચક દશા પ્રાપ્ત કરવાનો ઉપાય એ જ છે કે જેને પોતપોતાના કર્માનુસાર જે જે ગુરૂ મળ્યા છે તેને ઉત્તમોત્તમ સર્વશ્રેષ્ઠ માનીને વર્તે આ એક યોગને સફળ કરાય તો મળેલ અન્ય અનુકુળ સામગ્રી લાખો ગણી ફળદાયી બની જાય. જૈન શાસન સર્વોત્કૃષ્ટ શાસન છે શાસનની મર્યાદાઓ વિગેરે તથા તેમાં ચાલતા સુંદર અનુષ્ઠાનોના પાલન દ્વારા આત્મ વિકાસ થઇ શકે છે. પણ આ સર્વ આરાધનાઓના મૂળમાં એક સુંદર જબ્બર તત્વ છે ગુરૂતત્વ જૈન શાસનમાં ગુરૂ વિના ચાલી શકતું નથી. ભગવાન ગૌતમ સ્વામિ જેવા પણ ગુરૂનિશ્રામાં જ પોતાનું સૌભાગ્ય સમજતા હતા. અને પરમગુરૂ પરમાત્મા પાસે નાના બાળકની જેમ રહેતા. નાના પ્રશ્નો પુછતા કે ભગવન શું આ શું ? તત્વ શું ? જીવ શું ? અજીવ શું ? અને પરમાત્મા પણ "હે ગૌતમ" કહીને જવાબ આપતા.

આજે મોટામાં મોટા આચાર્ય ભગવંત નાનામાં નાની કોઇપણ ક્રિયા કરે તો તે ગુરૂ સ્થાપિત સ્થાપનાચાર્યજી સમક્ષ કરે છે. એ જ બતાવે છે કે આપણા શાસનમાં ગુરૂનું કેટલું મહત્વ છે. "ગુરૂ નિશ્રા વિના આપણો ઉદ્ધાર નથી." મન ચંચળ છે તેને રીઝતાં વાર નથી લાગતી તેમ નારાજ થતાં પણ સમય લાગતો નથી. સતત વિકલ્પો આવ્યા કરે છે તે વિકલ્પોને શાંત કરવાનો ઉપાય એ જ છે કે, તેને સન્માર્ગે જોડીને મનને શાંત અને વિકલ્પોને શાંત કરવા માટે ગુરૂતત્વને સમર્પિત થવું.

જો ગુરૂ નિશ્રા ન હોય તો ગમે તેટલું ભણે કે ગમે તેટલી ચુસ્ત ઉપક્રિયા કરે પણ વિકલ્પો શાંત નથી થતા પણ ઉલ્ટા વધે છે. જ્યારે ગુરૂ નિશ્રામાં સમર્પિત રહેવા માત્રથી જ વિકલ્પો શાંત થઇ જતા હોય છે. અને એ જ ગુરૂઓનો મોટો ઉપકાર છે.

મારે ગુરૂની જ નિશ્રામા રહેવું છે એ સંકલ્પ બુદ્ધિ અને ગુરૂની આજ્ઞા પાલનમાં જ સાચો આનંદ એ જ જ્ઞાન અને ક્રિયાની પરિપકવતા છે માત્ર અક્ષર જ્ઞાનની બહુ કિંમત નથી પણ જે જ્ઞાનથી આપણા વિકલ્પો શાંત થાય તે જ મહત્વનું છે અને મનના વિકલ્પોને શાંત કરવા માટે ગુરૂ નિશ્રા જ અત્યંત મહત્વની છે.

પૂજ્ય મહાપુરુષોએ સમુદાયને સાગરની ઉપમા આપી છે. ગુરૂ નિશ્રિત સમુદાયમાં રહેવાથી એ મુનિ યોગી આત્મા ગુણથી ભરપૂર બની જાય છે પણ જે પોતાની મતિ કલ્પનાથી સમુદાયમાં નાના દોષો જોઇને છુટો પડે છે. ગુરૂ નિશ્રા તોડે છે તેના આત્માને સંયમમાં ટકી શકવું ખૂબ જ કઠીન છે એટલે મનના વિચારોને શાંત પાડવા માટે

આપણી જાતને ભુલીને ગુરૂને સોંપી દેવી જોઈએ. આપણી જવાબદારી સંપૂર્ણ એટલે સવારથી સાંજ સુધી મારે શું કરવું ? કેવી રીતે કરવું ? શું વાપરવું કેટલું વાપરવું ? વિગેરે ગુરૂભગવંતને સોંપી દેવી.

આપણું જાણતાં કે અજાણતા સ્વચ્છંદ સ્વતંત્રતા વિષય કષાય-રાગ-દ્વેષ-મોહ-ઇર્ષ્યા અશૂચિ આદિ જે ભાવ રોગો લાગુ પડેલા છે તેને તોડવા માટેનું ગુરૂનું આલંબન એ રામબાણ ઔષધ છે. અન્ય બીજા ઔષધો પણ ત્યાર પછી જ ગુણકારી બની શકે છે.

એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે વર્તમાનકાળમાં મોક્ષમાર્ગમાં ગુરૂ ઉપરના સદ્ભાવ સિવાય તરવાનું બીજુ કોઇ સાધન જ નથી. માત્ર ગુરૂ પ્રત્યેના સદ્ભાવથી જ તરવાનું છે એટલે કદી પણ ભૂલે ચૂકે પણ ગુરૂના અવગુણ જોવા માટે પ્રયત્ન ન કરવો. ગુણ જોઈને તેમના પ્રત્યે આદરભાવ સદ્ભાવ વધારતા જવું "જો ભૂલથી પણ ગુરૂ પ્રત્યે અરૂચિનો અનુબંધ ચાલુ રહ્યો તો અન્યભવોમાં ગૌતમ જેવા ગુરૂ મળશે તો પણ બહુમાન નહિ જાગે. એટલે ગુરૂ પ્રત્યેની અરૂચિનો અનુબંધ પડે તે પહેલાં જ અત્યંત સજાગ થઈને સમર્પિત થઇ જવા જેવું છે. છેવટ ગુરૂ પ્રત્યે આદરભાવ ટકી રહે તે માટે મનમાં પરમાત્મા સમક્ષ પ્રાર્થના કરવી કે- "હે પરમાત્મા બસ મને એટલું આપો કે મને મારા વડીલો પ્રત્યે ગુરૂ મહારાજ પ્રત્યે સદ્ભાવ ટકો રહે !"

ગુરૂ પ્રત્યે સદ્ભાવનો અનુબંધ નહિ પડયો હોય અને કદાચ ભવિષ્યમાં ગુરૂ મળશે તો પણ નિશ્ચા નકામી જશે કારણ કે આજની વિરાધનાથી બંધાયેલ દુષ્કર્મના યોગે તેને ગુરૂ ઉપર સદ્ભાવ પ્રગટી શકવાનો નથી તેથી કદાચ ભવિષ્યમાં સંયમ મળશે પણ આરાધકભાવ નહિ આવે. ઉલ્ટુ વિરાધક ભાવની પરંપરા ચાલુ રહેશે તે વખતે કરૂણાબુદ્ધિથી ગુરૂ મહારાજ આપણા હિત માટે જે જે ઉપાયો અજમાવશે તે આપણને અવળા લાગશે. તે વખતે પોતાના ગુરૂ કરતા બીજા સારા લાગવાના એટલે એ ગુરૂનો વધારે દ્રોહ બનવાનો.

આજે ઘણી વખત આવું જોવા મળે છે ત્યારે મહાપુરુષોના આ વચનો યાદ આવે છે કે ભવાંતરમાં થઇ ગયેલી નાનકડી વિરાધના આપણા આત્માને કેવી ભયંકર પરિસ્થિતિમાં નાંખી દે છે. બીજા સારા લાગે. પોતાના અરૂચિકર લાગે. પણ એ આત્માનું કમભાગ્ય માનવાનું છે. ગુરૂની આજ્ઞામાં રહીએ અને તેનાથી બીજાને અધિક માનીએ તો તેમાં પણ ગુરૂદ્રોહ છે અને એ ગુરુદ્રોહ ભયંકર છે. કોઇ એવો કટોકટીનો પ્રસંગ આપી પડે કે આપણું સંયમ જોખમમાં આવી પડે તેમ હોય અને તેવખતે બીજા બધા ઉપાયો કરવા છતાં બીજો કોઇ માર્ગ નીકળી શકે તેમ ન હોય તો અન્ય ઉપસંપદા સ્વીકારવી પણ ત્યાં રહેવું અને દ્રોહ કરવો તે તેના આત્મા માટે યોગ્ય નથી.

જો ગુરૂપ્રત્યે સદ્ભાવ ન કેળવાયો તો અનંતભવ સુધી સાચા ગુરૂ નહિ મળે. ત્યારે ગુરૂ તે જ ભવમાં મોક્ષગામી હશે તો પણ આપણો ઉદ્ધાર નહિ થાય. એટલે સુગુરૂ

હશે તો પણ આપણને વિશ્વાસ નહિ થાય, જે વ્યકિત પોતે પોતાનો વિચાર કરે છે તેનો વિચાર કરવાનું ગુરૂને છોડી દેવું પડે છે. કેમ કે બંને જણ એક જ કાર્ય કરવા જાય તો કાર્ય વધુ બગડે.

આથી ગુરૂઓ ઉપેક્ષા ભાવ સેવે છે. ગુરૂને સન્માન પુર્વક નહિ સાંભળવાથી, અનાદેય અને દુર્ભાગ્ય કર્મ સજ્જડ રીતે બંધાય છે તેથી પ્રત્યેક ભવમાં તેનું વચન કોઇને પસન્દ નથી પડતું. એટલે ખૂબ જ સમજપૂર્વક આત્માની ઉન્નતિને ઇચ્છનાર આત્માએ સાવધ થઇને ગુરૂ સમર્પણભાવ કેળવવા જેવો છે.

લાખો માણસોને અપ્રસન્ન કરવાથી જે કર્મ નથી બંધાતું તેથી વધુ નિકાચીત અશુભ કર્મ ગુરૂને એક ક્ષણ અપ્રસન્ન કરવાથી બંધાય છે. તેવી જ રીતે લાખો માણસોને પ્રસન્ન કરવાથી જે લાભ થાય છે તેનાથી વધુ લાભ એક ગુરૂને એક ક્ષણ પ્રસન્ન કરવાથી થાય છે.

ગુરૂ પ્રત્યે પૂજ્યભાવ ગયો એટલે ગુરૂ પાસે હોવા છતાં તેનાથી વિખુટા જ થઇ ગયા ગુરૂના દિલમાંથી સ્થાન ગયા પછી આ ભવમાં અનેકની લાતો ખાવી પડે છે. કઠોર વચનો સાંભળવા પડે અને પરિણામે ફકત કલેશ જ થાય છે.

ગુરૂ પ્રત્યેનો સંબંધદ્રઢ થાય તો આખુ જગત એને અનુસરે છે. એ ગુરૂને માન આપવાથી આખું જગત માન આપે છે. ગુરૂ પ્રત્યે હૃદયમાં મહાન ભાવ ધારણ કરવાથી આખા જગતમાં મહાન બની શકાય છે. યાવત્ તીર્થંકર પદની સંપદાઓ પામી મળે છે. ગુરૂની આજ્ઞામુજબ જે જે સમયે જે વડીલની નિશ્રામાં હોઇયે તેને ગુરૂતુલ્ય માનીને રહેવાથી ઉપરોકત સર્વ લાભ મળે છે.

આપણા આત્માને અનાદિકાળથી અહંકાર રખડાવે છે આપણને કોઇના અંડર (નિશ્રા)માં રહેવાનું ફાવતું નથી પણ જ્યાં સુધી સારી રીતે સમર્પણભાવ નહિ આવે ત્યાં સુધી આપણું કલ્યાણ થવું મુશ્કેલ છે. અહંભાવ, અભિમાન 'મારામાં કંઇક છે.' 'હું કંઇક છું.' એ અભિમાનના ભાવને તોડવા માટે ગુરૂનિશ્રા જરૂરી છે.

સંયમ જીવનમાં સવારથી સાંજ સુધી જે કાંઇ કાર્ય કરીએ છીએ અને તેમાં જે સફળતા મળે છે તે બધે ગુરુકૃપાથી થાય છે તેમ માનીએ તો અનુબંધ સારો પડે અને તેથી હંમેશાં ગુરૂ આજ્ઞા પાલન ગમશે પણ 'હું કરું છું' 'મારાથી થયું' માનશું તો અહંકાર પોષાશે જે નુકસાન કરનાર બનશે **"જેને ગુરૂ આજ્ઞા પાલન ગમે તેને જ ભવિષ્યમાં ઉત્તમોત્તમ ગુરૂની પ્રાપ્તિ થાય."**

સાધુપણામાં દરેક કાર્યો ગુરૂમહારાજને વડીલને પૂછીને જ કરવાના હોય છે સવારના આપણે આદેશ માંગીને 'બહુવેલસંદિસાહુ' 'બહુવેલ કરશું' એ બે આદેશ માંગીને નક્કી કરીએ છીએ કે ગુરૂદેવ આંખનું મટકું અને શ્વાસોશ્વાસ જે લેવા પડે છે તે વારંવાર પૂછાય તેમ ન હોવાથી એટલુ છુટ બાકીની સર્વ વાતો મારે જે કંઇપણ કરવાનું હશે તે આપની આજ્ઞા વિના પૂછયા વિના નહીં કરું.

આજ્ઞાપાલનથી હંમેશાં આજ્ઞા જ ગમશે અને જેમ જેમ આજ્ઞા ગમશે તેમ તેમ ગુરૂઓ અધિક આનંદથી અને સંકોચ વગર આજ્ઞા કરશે અને જેટલા આનંદથી અને સંકોચ વગર આજ્ઞાપાલન કરશે તેટલું આપણું વધુ કલ્યાણ કરશે. આજે ગુરૂઓને આજ્ઞા કરવામાં સંકોચ અનુભવવો પડે છે પણ તે આપણા કમભાગ્યની નિશાની છે.

ગુરૂથી શિષ્ય ડરે તે શિષ્યનો સદ્‌ગુણ ગણાય પણ શિષ્યથી ગુરૂ ડરે ગભરાય તે આપણા માટે શોભારૂપદ ન ગણાય. ગુરૂ આજ્ઞાની રૂચી કેળવવાથી ગુરૂના હૃદયમાં શિષ્યનું સ્થાન બની રહે છે. અને તે જ શિષ્યનો મહાન ઉદય ગણાય.

શિષ્યના હૃદયમાં ગુરૂનું સ્થાન હોય તે શિષ્ય પણ ભાગ્યશાળી ગણાય પણ ગુરૂના હૃદયમાં શિષ્યનું સ્થાન સ્થિર થાય ત્યારે શિષ્યમાં રહેલ આજ્ઞાપાલનનો ગુણ પરિપાક દશાને પામ્યો લેખાય. પણ આ દશા ત્યારે જ આવે છે કે એકવાર શિષ્ય પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં ગુરૂને જ આગળ રાખે છે. ગુરૂને જે ગમે તે જ પોતાને ગમે જે ગુરૂની ઇચ્છા તે પોતાની ઇચ્છા. આવો સમર્પણભાવ આવ્યા વિના ગુરૂના હૃદયમાં સ્થાન આવી શકતુ નથી અને જ્યાં સુધી આવો સમર્પણભાવ નથી આવતો ત્યાં સુધી માનવું કે મારામાં હજુ વીતરાગ પરમાત્માએ કહેલ અને વર્તમાન સંયોગ પ્રમાણે પાલન કરી શકાય તેવું સાધુપણું હજુ આવ્યું નથી.

ગુરૂ મહારાજને આપણે એવી રીતે સમર્પિત થવાનું છે કે આપણે ગુરૂમહારાજ પાસે તો આપણી જાતને બીલકુલ ભુલી જઈએ એ જ આપણો આદર્શ છે.

દીક્ષા લેતો વખતે આપણે સકલસંઘ સમક્ષ બધું જ ગુરૂને સોંપી દીધું છે હવે આપણું કંઇ જ રહેતું નથી. એટલે આપણે આપણા મન, વચન અને કાયા એ ગુરૂને જ સોંપી દીધા છે. ગુરૂની ગેરહાજરીમાં જે વડીલની નિશ્રા હોય તે વડીલને પણ પોતાના હિતસ્વી ગુરૂતુલ્ય જ માનવાથી તે દ્વારા આપણને એટલો જ લાભ થાય છે. ગુરૂની આજ્ઞાને જો સફળ બનાવીએ તો આપણા આત્મામાં છૂપાયેલી મહાન શક્તિઓ પ્રગટ થાય છે આપણી શક્તિઓની ચાવી ગુરૂ મહારાજ પાસે છે તે ગુરૂકૃપા રૂપ ચાવી સિવાય શક્તિઓ ઉઘડતી નથી. ગુરૂની આંતરિક પ્રસન્નતાથી શક્તિઓ પ્રગટે છે. મહાત્મા સ્થુલભદ્ર મુનિનો વિજય અને સિંહગુફાવાસી મહાત્માનો પરાજયનું મુખ્ય કારણ ગુરૂની સાહજિક પ્રસન્નતા અને અપ્રસન્નતા જ છે.

પોતાના પ્રભાવથી ક્રુરમાં ક્રુર એવા સિંહને પણ સૌમ્ય બનાવી દે તેવું બળ કંઇ સામાન્ય વાત નથી છતાં પોતાનું મિથ્યાબળ અજમાવવા ગયાં તો જોખમમાં મુકાય ગયા.

ગુરૂનિશ્રાનું બળ ત્યારે જ પ્રગટે જ્યારે આપણે આનંદ–પૂર્વક નિશ્રામાં રહીએ અને આનંદ પૂર્વક નિશ્રામાં રહેવાથી માંડલીની પૂર્ણરૂપે ભક્તિ કરવાથી જે કાર્યની જ્યારે જરૂરત હોય ત્યારે તરત કરવાથી આપણું એવું પૂણ્ય વધી જાય છે કે આપણું વચન આદેય બની જાય છે.

જેમ વેપારીઓ પોતાની ઘરાકી કેમ વધે તે માટે જ પ્રયત્ન કરે છે. બાજુવાળો

ઓછો વેપાર કરે તો ઉલ્ટો રાજી થાય પણ તેના ઉપર ગુસ્સો કરતો નથી તેવી જ રીતે સાધુપણામાં આપણે વધુ કમાણી કરવા માટે સ્વાધ્યાય આદિ સાતે માંડલીની જેમ બને તેમ વધુ ભક્તિ કરવી જોઈએ. વૃદ્ધ ગ્લાનની ભક્તિમાં જરાપણ પ્રમાદ ન કરવો જોઈએ. બીજા મહાત્મા નથી કરતા એ તરફ ધ્યાન ન આપતા મને લાભ મળે છે. મારે કમાણી કરી લેવા જેવી છે.

હમણાં અવસર છે. મારું શરીર પણ સેવા ભક્તિ કરવા માટે અનુકૂળ છે તો લેવાય તેટલો લાભ લઈ લઉં બસ એ જ ભાવનાપૂર્વક ચડતા પરિણામે કરવાથી આપણું પૂન્ય વધે અને તેથી વચન તો આદેય બને. એટલું જ નહિ પણ સંપર્કમાં આવનાર નાસ્તિક પણ આસ્તિક બની જાય. આવી સુંદર યોગ્યતા મેળવવાનો એક જ ઉપાય છે. બસ ગુરૂના આશિર્વાદ. ગુરૂકૃપા મેળવો.

દરેક પ્રકારની આપણી સંયમની શરીરની આત્માની ચિંતા કરનારા ગુરૂ તો મહાન પુણ્યાનુબંધી પુણ્યથી જ મળે છે. આપણી પરિસ્થિતિ કેમ સુધરે જેમ જેમ પર્યાય વધે તેમ સરળતા. નમ્રતા. નિખાલસતા, સંયમભક્તિ, સ્વાધ્યાય પ્રેમ. પ્રભુભક્તિ જીવમૈત્રી વિગેરૂ ગુણો અસ્થિ મજ્જાવત બનતા જાય એની ચિંતા કરનારા મળતાં આપણો પરમ ભાગ્યોદય ગણાય.

ગુરૂને શાંતિ કેમ થાય આવો ભાવ રાખવાથી આવું વર્તન કરવાથી આપણી બધી અશાંતિ ટળી જશે ઘણાનાં પ્રશ્નો હોય છે. ગુરૂ મહારાજ પોતાને કંઈ આવડતું નથી તો અમને શું તારવાના ? એમનું જીવન કેવું છે ? વિગેરે...

આ પ્રશ્નોના જવાબો આપણા પરમોપકારી પૂજ્યોએ દશવૈકાલિક ઉત્તરાધ્યયન જેવા ઉપકારક ગ્રંથોમાં ખૂબ જ સચોટ જણાવ્યું છે કે ગુરૂને ઓછું આવડતું હોય, ઓછું જ્ઞાન હોય. તો પણ તેમના પ્રત્યે શુભ અનુબંધ રાખવાથી આપણો વિકાસ નક્કી છે અને જો એમની ઉપેક્ષા કે અનાદર કરવામાં આવે અને તેનાથી અશુભનો અનુબંધ પડે તો ભવોભવની રખડપટ્ટી નક્કામી છે.

આપણા મનને ખૂબ જ સ્થિર કરીને વિચારવાનું છે કે જ્યારે મેં સંયમ લેવાની ઇચ્છા કરી ત્યારે આ ગુરૂ મહારાજે જ મને તાર્યો તે વખતે મારા ભાવો કેવા હતા મારું જીવન કેવું હતું. આજે કેવું છે. હવે મારે શું કરવા જેવું છે બસ આત્મ વિચારણ કરશું તો કદાચ ભૂલ થઇ હશે તો પાછા ફરવાનું બનશે. અને જો નડિ થઇ હોય તો વિકાસમાં વેગ મળશે.

આ કાળમાં પણ પૂજ્ય મહાત્માઓ છે કે જેઓએ પોતાનો વિચાર કર્યો જ નથી. બસ મારા ગુરૂ મ.ને જે પસંદ તે મને પસંદ. મારા ગુરૂ મ. ની જે ઇચ્છા તે મારી ઇચ્છા છે મારું બધું જ તેમનું છે આપણું આવું જીવન હશે તો સંપર્કમાં આવનાર વગર ઉપદેશે ઘણું મેળવી જશે. સૌ આવી દશા કેળવીને વહેલામાં વહેલું કલ્યાણ સાધો એ જ સદાની શુભાભિલાષા.

શાસન કોહીનુર

પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી
મહારાજાને હાર્દિક શ્રદ્ધાંજલી

જેઓ નિત્ય અપ્રમત્ત હોય છે, વિકથાથી વિરક્ત હોય છે, કષાયોથી ત્યક્ત છે અને ધર્મોપદેશમાં જ આસકત હોય છે - તે શ્રી આચાર્યશ્રી ભગવંત ને નમસ્કાર થાઓ.

પરમ પૂજય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
જીવન દર્શન નં. ૧

શાહ પ્રકાશભાઈ વાડીલાલ પોપટલાલ વસા	- ઘોરાજી
શાહ મનુભાઈ નગીનદાસ	- અમદાવાદ
શાહ માણેકલાલ અમથાલાલ	- કલોલ

૬૦, નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

Heartly Salutions to Most Holiness

Pujya Acharayadev Shri Vijay Ramchandrasurishvarji Maharaja

જેઓ ઘણી ઘણી લબ્ધિઓથી સમૃદ્ધ હોય છે, અતિશયવાળા હોય છે, શાસનને શોભાવનારા હોય છે, રાજાની જેમ નિશ્ચિંત હોય છે - તે શ્રી આચાર્ય ભગવંત નમસ્કાર થાઓ.

પરમ પૂજય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
જીવન દર્શન નં. ૨

શાહ મેઘજી વીરજી દોઢીયા
સ્વ. શાહ વેલજી વીરજી દોઢીયા
સ્વ. શ્રીમતી પાનીબેન મેઘજી વીરજી
શ્રીમતી ડાહીબેન વેલજી વીરજી
સપરિવાર, કનસુમરાવાળા
પો. બો. નં. ૪૯૬૦૬, નાઇરોબી.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.

શ્રદ્ધાંજલી વિશેષાંક

આ સંસારમાં જેઓ, માતા-પિતા, ભાઈ-ભાંડુ આદિથી પણ વધારે હિતકાર કાર્યો સાધી આપે છે, તે શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

પરમ પૂજય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
જીવન દર્શન નં. ૩

જિનેન્દ્ર જવેલર્સ (ભાડલાવાળા)
૩, શ્રી ચેમ્બર્સ, જાુઠા દોશીની શેરી,
દરબારગઢ માંડવી ચોક,
રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૨૮૪૫૭

શાહ નંદલાલ જીવરાજ ભાડલાવાળા
સપરિવારના કોટિ કોટિ વંદના

શાસન કોહીનુર
પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને હાર્દિક શ્રદ્ધાંજલી

પાપના ભારથી ભારે બનીને, સંસારરૂપી મોટા ઝોઝારા કૂવામાં પડતાં જીવોને જે ઉગારી લે છે - તે શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

પરમ પૂજય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
જીવન દર્શન નં. ૪

શાહ જસવંતલાલ ફોજાલાલ
શેઠીયા શેરી, ભાભર (બનાસકાંઠા)

****** Heartly Congratulations to ******

H-H Vijay Ramchandrasurishvarji Maharaja

SRADHANJALI VISHESHANKA

શ્રી જિનેશ્વરદેવરૂપી સૂર્ય અને કેવળજ્ઞાની ભગવંતરૂપી ચન્દ્ર પણ અસ્ત થયે છતે, જેઓ શ્રુત જ્ઞાનરૂપી દીપકથી જગતના સઘળા ય પદાર્થોને પ્રકાશિત કરે છે તેવા શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

પરમ પૂજય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
જીવન દર્શન નં. ૫

KUMAR AGENCIES (INDIA)
EXPORTERS & IMPORTERS

42/44, Khadilkar Road,
(Kandewadi), Bombay-400 004 (India)
Gram : KUMARCARDS
Phone : 356947/357782/369732

Manufacturers :
Visiting Cards, Invitation Cards
Greeting Cards, Wedding Cards

શાસન કોહીનુર

પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી
મહારાજાને હાર્દિક શ્રદ્ધાંજલી

દેશ, કુળ, જાતિ, રૂપ આદિ
અનેક ગુણોના સમૂહથી યુક્ત
જેઓ યુગમાં પ્રધાન પ્રમુખ
હોય છે - તે શ્રી આચાર્ય
ભગવંતને નમસ્કાર થાઓ.

પૂજયશ્રીજીની વિવિધ મુદ્રા

પૂજ્ય શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.

પ્રાણલાલ છગનલાલ શેઠ પરિવાર
અવન્તી બિલ્ડીંગ, દાદી શેઠ રોડ,
મલાડ વેસ્ટ, મુંબઇ-૬૪.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

શ્રી જિનેશ્વરદેવોનાં શાસનમાં 'વ્યક્તિ પૂજા'ની કૂટી કોડીની કિંમત નથી પણ 'ગુણવાન'ની જ કિંમત છે. યોગ્યતાને પ્રાપ્ત કરી તૃતીય પરમેષ્ઠીપદ ઉપર બિરાજમાન શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.



(૧) વરસીદાન - વેલજી દેવાર હરણિયા સપરિવાર
(૨) વિશાળ જરીયન પાલખીમાં પૂજયશ્રી

Bhara Industrial Corporation, P. B. No. 2104, Shrirampuram, Banglore 21

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. - શ્રદ્ધાંજલી વિશેષાંક

સિદ્ધાંતના સારને જાણનારા અને પરોપકારમાં જ એક માત્ર તત્પર અને તત્ત્વના ઉપદેશનું દાન દેનારા શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

અંતિમ સંસ્કાર - દેહ વિલીન થયો

પૂજયશ્રીનો અગ્નિ સંસ્કાર કરીને ધન્ય બન્યા

કલ્યાણભાઇ મણિભાઇ રાવ પરિવાર

સૌજન્ય : **અરવિંદભાઇ કલ્યાણભાઇ એન્ડ બ્રધર્સ**

૭, અશ્વિન સોસાયટી, ફતેપુરા,પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

પાંચમાં વર્ષના પ્રથમ અંકે

પાંચ પરમેષ્ઠિને નવકાર દ્વારા આપણે સૌ નમસ્કાર કરીએ છીએ. તેનાથી આપણા પાપ દૂર થાય છે. તેનું સ્મરણ હંમેશાં કરવું જોઇએ.

ચમરબંધીનાં શેહશરમમાં સુસાધુઓ આવતા નથી. સુસાધુઓ હંમેશાં પોતાની આત્મ-રમણમાં જ રમતા હોય છે. જો સત્સંગ કરવો હોય તો સુસાધુઓનો જ કરજો.

માનવભવની પ્રાપ્તિ દુર્લભ વર્ણવી છે, કારણ કે સર્વવિરતિના શરણે જવાનો લાભ મળે છે.

વર્ષમાં થએલા અપરાધોની ક્ષમા સંવત્સરી મહાપર્વે અપાય છે.

રસલાની લાલુપતા ભયંકર છે. તેને તોડવા માટે દર પંદર દિવસે એક ઉપવાસ કરવો જોઇએ.

સર્વ તીર્થંકરો તીર્થંકર નામકર્મ વીસસ્થાનક તપની આરાધના કરીને બાંધે છે. આપણે પણ આ તપ કરી તીર્થંકર નામકર્મ બાંધીશું ને ?

નારકીના જીવોના દુઃખનું વર્ણન વાંચતા અને સાંભળતા કંપારી છૂટી જાય છે તે સાંભળ્યા પછી આત્મામાં સુખ પ્રત્યે અણગમો પેદા થાય છે. ને આરાધક ભાવ જાગૃત થાય છે.

પ્રભાવક પુરુષોની પુણ્ય કૃપાથી આ જૈનશાસન ૧૮૦૦૦૦ હજાર વર્ષ ચાલવાનું છે. તેથી ભાગ્યવાનો શ્રદ્ધાથી ધર્મનું શ્રવણ, મનન અને આચરણ કરી મુકિત નજીક બનાવો.

થનગનાટ તો સંયમનો જ રાખો. સંસારના સુખોને કાદવની જેમ ઉલેચી બહાર નાખતા શીખો. સંયમ જ મોક્ષમાર્ગે લઇ જશે.

મરીચિના ભવમાં બાંધેલું કુલમદનું કર્મ વર્ધમાનકુમારના ભવમાં ભોગવવું પડયું જ્યારે આજના અભિમાની મનુષ્યનું શું થશે. "હું" પણું છોડવા તૈયાર થશે ખરો ?

અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાનની સુંદર આરાધના કરી શાસન રક્ષા કરવાનું પૂણ્ય બળ પ્રાપ્ત કરો.

કેવળ પૈસા પાછળ પાગલ ન બનો. પૈસા પાછળ જીવન વ્યર્થ પુરુ થઇ જશે. માનવ જીવનની કિંમત સમજીને જિનની આજ્ઞા પ્રમાણે આરાધના કરતા થઇ જાવ:

—શ્રી વિરાગરુચિ

વાત્સલ્યમૂર્તિ * યુગપુરૂષ

- મગનલાલ ચત્રભુજ મહેતા

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના માટે કંઇક લખવું એના એક રૂપીઆના એક પૈસા ભાગ જેટલું લખી શકાય તેમ નથી.

એમનો વાત્સલ્ય ભાવ મનની ઉદારતા, મિત્ર–શત્રુ બન્ને ઉપર સમદૃષ્ટિ, શાસ્ત્ર ઉપર અડગ શ્રદ્ધા જેટલા ગુણો વર્ણવાય તેટલા ઓછા પડે છે.

સને ૧૯૩૦ થી ૧૯૩૪ સરકારી નોકરીમાં હતો. મારો ભાઇ વેપાર. પેઢીમાં કામ કરે. તેનું અવસાન થતાં પેઢીવાળાએ મારા ઉપર દબાણ કરી મને તેમની પેઢીમાં રાખ્યો. ઘણી વખત મનમાં વિચાર આવે કે 'મારા સાથેના બીજા માણસો આજે ૭૦૦–૮૦૦ પેન્શન મેળવે છે, જ્યારે એના સામે બીજો વિચાર પણ આવે કે 'સરકારી નોકરીમાં રહ્યો હોત તો જે પૂજ્યોના પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિ. અમૃત સૂ. મ. વિ. ઘણા મહાત્માઓનો પરીચય થયો એ ન થાત, માટે જે થયું તે સારૂં થયું છે. એમ માનું છું.

શરૂઆતમાં છાપાઓમાં કેટલાંક લખાણો આવતા. તેથી શરૂઆતમાં ઝઘડાખોર છે એવી વાત મનમાં ઘૂસી ગયેલ.

૨૦૬૧ની સાલમાં શાંતિભૂવન જામનગરમાં ચાતુર્માસ દરમ્યાન, વ્યાખ્યાનો સાંભળવા જતો. બાદ ૨૦૦૩માં પાંઠશાળા ચાતુર્માસ થયું. તે વખતમાં વધારે પરીચય થયો. ખરેખર આ મૂર્તિને પારખવામાં શરૂઆતમાં ભૂલ થઇ હતી તે સુધારી એક આપ્તજન બની ગયો. ત્યારેથી ૪૫ વરસ સુધી એમની છાયા રહી.

૨૦૦૧ના ચાતુર્માસ બાદ દિગ્વિજય પ્લોટમાં પૂજ્યશ્રી પધાર્યા. શેઠ પ્રેમચંદ વૃજપાલ તેમના વ્યાખ્યાનો સાંભળી ઘણા પ્રભાવીત થયા અને તેઓએ પૂજ્યશ્રીને નાઇરોબી પધારવા વિનંતિ કરી. 'રસ્ટીમર રસ્તે જવાય અને પછી આફ્રોચના લેવાય એમ વાત કરી. પૂજ્યશ્રીએ નાઇરોબી આવવા હા પાડી. ૫૦–૧૦૦ માણસોનો સંઘ તૈયાર કરો અને ૨ વરસે નાઇરોબી પહોંચાય. પણ કાઢવવાળા પગ કરી બાદ ધોવા એ તો નજ બને. આ વાત ૪૫ વરસ પહેલાંની થઇ. બાદ પરદેશમાં જે સાધુઓ ગયા તેની કંઇ દશા થઇ એ તો સહુ કોઇ જાણે છે.

તેઓશ્રીના ટંકશાળી વચનો અગાઉ હતા એમ છેલ્લી ઘડી સુધી હતા. પણ વારંવાર

એ શબ્દો સાંભળવા ગમતા. છેવટે તો 'સંસાર ભૂંડો', 'લેવા જેવું સંયમ', 'મેળવવા જેવો મોક્ષ' આજ ત્રણ વાક્યો ત્રિપદી જેવા હોય. પણ છતાં વારંવાર સાંભળવાનું મન થયા રાખે.

૧૯૮૫ની સાલમાં લાલબાગ-મુંબઈ ખાતે બીરાજતા હતા. તે વખતે પૂ. સાગરજી મ.ને એમને કેટલાંક મતભેદો હતા. છતાં સિદ્ધાંત પ્રત્યે આદરભાવ હોવાથી પૂ. સાગરજી મ. જામનગર હતા ત્યારે તેમનો પક્ષ લઈ, જિનઆજ્ઞા ન માનનાર સંઘને હાડકાનો માળો કહેલ.

આ મહાપુરૂષે ૨૦૦૩ના ચાતુર્માસ દરમ્યાન એજ શબ્દો ઉચાર્યા. અને કયો સંઘ હાડકાનો માળો કહેવાય એ વિગત સમજાવી. જામનગરના સંઘને તથા શેઠ શ્રી કુલચંદ ભાઈ તંબોલીને. તેઓશ્રી પ્રત્યે પૂબ આદરભાવ હતો.

૨૦૨૫માં શેઠ શ્રી કુલચંદભાઈની ઇચ્છા જામનગરમાં ચાતુર્માસ કરાવવા ભાવના થતા વિનંતિ પણ કરેલ. પણ પૂજ્યશ્રી તે વખતે પધારી ન શકતા અને કુલચંદભાઇનું તે વરસમાં સ્વર્ગગમન થતા જામનગરના સંઘે કુલચંદભાઇની ઇચ્છાને માન આપી ચાતુર્માસ કરવા વિનંતિ કરી જેનો ૨૦૨૬ના ચાતુર્માસનો સ્વીકાર થયેલ.

પૂજ્ય શ્રી પૂ. મંગળ વિજય મ.ને સાથે લઈ પધારતા ધ્રુવાંવમાં બે દહાડા વરસાદને કારણે રોકાણ થયું. મારે પણ રસ્તામાં ત્રણ ચાર ઠેકાણે પહોંચવાનું હતું. ધ્રુવાંવમાં પૂ. મંગળ વિજય મ. કહે છે કે 'શું બાપ-દિકરો દરરોજ આવ્યા કરો છો. શું ફાટી પડયું છે.' 'સાહેબજી આપ ચિંતા ન કરો શાસન દેવની કૃપાથી બધું સારૂં છે.' પણ આ જવાબથી તેઓશ્રીને સંતોષ ન થતાં મંડલીમાં વાત કરી. 'તમે આ બાપ-દિકરો રોજ આવે છે તેને કેમ કંઇ કહેતા નથી.' પૂજ્યશ્રીએ જવાબ આપ્યો 'એને મારાથી કંઇ નહીં કહેવાય.'

કેટલો વાત્સલ્ય ભાવ.

પછી તો મારી પણ ઉંમર વધતા બહુ વખત વંદન કરવા ન જઈ શકાતું. પણ ૩-૪ વરસે જવાનું થાય અને આજના નવા દિક્ષીતોનો પરીચય નહિં. જેથી તબીયતને કારણે મળવા પણ જવા ન દે. રંગ સાગરની પ્રતિષ્ઠા બાદ ઘેર આવી એક પત્ર પૂજ્યશ્રીને લખ્યો. જેનો જવાબ ઉશ્કેરાટ વિના સૌમ્ય ભાષામાં મળ્યો. ત્યાર બાદ બંગાલના ચાતુર્માસ દરમ્યાન પત્ર લખવો પડયો. જેનો જવાબ પણ બહુ સૌમ્ય ભાષામાં મળ્યો. આ પત્રોના પડઘા ત્યારબાદ જ્યારે જ્યારે મળ્યો ત્યારે બીલકુલ પડયા નહીં. ઉલ્ટુ ૯૧'ના ચૈત્ર વદ ૧૪ના પાછીયાની પોળના ઉપાશ્રયે વંદન કરવા ગયો ત્યારે બે હાથ

ઉંચા કરી આશીર્વાદ આપ્યા. 'તું માંદો છો' એમ પૂછ્યું. મે કહ્યું 'સાહેબજી માંદો તો નથી પણ અવસ્થા થઈ, ૮૧મું ચાલે છે.' તો તુરંત કહે છે, તને તો ૮૧ મું ચાલે છે પણ મનો તો ૯૬મું ચાલે છે.' 'સાહેબજી તે તો આપનું પૂન્યબળ જબરું છે.' મારું પૂન્યબળ નબળું છે.' ત્યારબાદ દસ-બાર દિક્ષાના પ્રસંગે નવરંગપુરામાં મળ્યો ત્યારે પણ એજ વાત ઉચ્ચારી. કેટલો વાત્સલ્ય ભાવ. કેટલી દયા-ભાવ પૂર્વકની ચિંતા સાથે મારા પત્રનો કોઇ ઉલ્લેખ નહીં. મિત્રો-દુશ્મનો વચ્ચે પણ સમદૃષ્ટિ. કેવાનું કોય ત્યારે કહી દીધું બાદ એનો કોઈ અણસાર પણ નહીં. તેઓશ્રીના પ્રવચનો વારંવાર વાંચવાનું મન થાય. વાત એક જ હોય પણ શબ્દિક ફેરફારમાં ભાવના ફેરફારથી નુતન જ લાગે. ભગવાન શ્રી મહાવીર દેવની ત્રિપદી જેવી એમની ત્રિપદી. ભગવાન મહાવીરના આનંદ આદિ દસ શ્રાવકો હતાં તેમ એમના પણ ગુજરાત-સૌરાષ્ટ્ર, મુંબઇ વગેરેમાં પણ ચુસ્ત સમર્પિત આજ્ઞાપ્રેમી શ્રાવકો હતાં કે જેઓ એમના વ્યાખ્યાનો સાંભળ્યા બાદ મંત્ર મુગ્ધ બની રહેતા. તેમાંય શેઠ શ્રી બકુભાઇએ ત્યાં સુધી પોતાના વિલમાં લખ્યું કે-પૂજ્યશ્રી જે આજ્ઞા કરે તે ઉઠાવવાની.' આજ લાગણીથી કુદરતી રીતે જ તેઓશ્રીએ છેલ્લા પ્રવાસ 'દર્શન' બંગલામાં લીધા. ભકતને ભવોભવની સ્મૃતિ આપી.

તેઓશ્રીના વાત્સલ્ય ભાવ મનની ઉદારતા શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ વિગેરે ગુણો યાદ આવ્યા કરે છે. આપતો ચાલ્યા ગયા. જ્યાં હો ત્યાંથી આશીર્વાદ મોકલતાં રહેશો. અને જેમ બન્યે તેમ વહેલાં મુકિત સુખ પામું એજ અભિલાષા. આ તો મે અલ્પમતિથી બે શબ્દો આડા-અવળા લખેલ છે. તેમાં કોઇ ભૂલ હોય તો વાચકબંધુ માફ કરે.

❁

* આવાં ઘોર પાપથી છૂટવા માટે શ્રી જિનેશ્વરદેવની દીક્ષા, એ એક ઉંચામાં ઉંચું અને સારામાં સારું સાધન છે. પાપોના બંધનથી છૂટવા માટે, એ એક સીધામાં સીધો અને મહા કઠીન છતાં પણ સરલમાં સરલ અને જેની જોડી ન મળી શકે તેવો ધોરી રાજમાર્ગ છે. ભયંકરમાં પણ ભયંકર પાપી આત્માનો ઉદ્ધાર કરવાની તેનામાં શકિત છે અને એ શકિતનો સાક્ષાત્કાર કરાવનારાં ઢગલાબંધ દૃષ્ટાંતો, શ્રી જિનેશ્વરદેવના શાસનમાંથી સ્થળે સ્થળે મળી આવે છે. એ દૃષ્ટાંતો જોયા પછી, એ તારક દીક્ષાનો વિરોધ કરવાની વૃત્તિ, કોઇપણ વિવેકી આત્માના હૃદયમાં તો નહિ જ ટકી શકે, એ એક નિર્વિવાદ વાત છે.

—શ્રી નવપદ માહાત્મ્ય વર્ણન

સકલ સંઘના જવાહીર

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ : લંડન

મોકલનાર : રતિલાલ દેવચંદ ગુઢકા

પૂરમ શાસન પ્રભાવક પરમ શાસન શિરછત્ર પરમ શાસન શિરોમણિ શાસન સમ્રાટ ગચ્છાધિપતિ પરમ પૂજનીય, પરમ વંદનીય, પરમ આદરણીય સ્વ. પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ એ આ વર્તમાન કાળમાં જૈન શાસનના સમસ્ત જૈનોના સકળસંઘ અને સાધુ સમુદાયના પરમ જવાહીર હતા પરમ નેતા હતા, પરમ પુરૂષ હતા, સાધુ સાધ્વીઓમાં એ પ્રધાન પદે હતા. આપણા પિતામહ હતા. જગત પૂજનીય હતા અને આજે પણ પૂજનીય છે. તેઓ ખૂબજ નીડર હતા. ખૂબજ સાહેાશ હતા. તેઓ ખૂબજ દયાળુ હતા. દયાના ભંડાર હતા. જ્ઞાનમાં ગાંભીર્યવાળા હતા. અને વળી ધ્યાનમાં ધૈર્ય હતા. વિજ્ઞાનમાં વડવીર હતા. જૈન શાસનના એક સિતારા હતા.

તેઓ આપણાથી દૂર ચાલ્યા ગયા. શાસન સૂર્ય ચાલ્યા ગયા પણ શાસનને ચમકતો ઉજવળ કરીને ગયા છે. શાસનની શોભા વધારતા ગયા છે. આપણા વચ્ચેથી ગયા એને આજે બાર બાર મહિનાના વાણા વીતી ગયા પણ જેમની વાણી અને સુવાસ આજે પણ આપણે ખૂબ જ મહેકે છે. તેમની વાણી આપણા આત્માના કેાડીયામાં અજવાળા પાથરતી જાય છે, આપણને ચમકાવી જાય છે. આપણને સમજાવી જાય છે કે, છોડવા જેવો સંસાર, મેળવવા જેવો મેાક્ષ અને લેવા જેવો સંયમ.

તેઓનો જન્મ સંવત ૧૯૫૨ માં દહેવણ ગામે થયેા હતેા, અને જન્મથી એમના પગમાં અને હાથની રેખાઓમાં કેાઇ અલૌકીક ચિન્હ હતું, અને તે વખતે સંતે કહ્યું હતું કે આ આત્મા જગત પૂજનીય બનશે જગતમા વંદનીય બનશે. માતાનેા ઉત્તમ દોહદ થયા હતા પેટમાં હતા. ત્યારે અને નાની વયમાં જ ખૂબ જ ધર્મી જીવન હતું. તેઓ એમના દાદીમાના ખૂબ જ લાડકવાયા હતા. ભણતાં ત્યારે જ આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનેા એમને ભેટેા થયેા હતેા. અને તેમના વંદન કરવાથી ચાર ઉપદેશના શબ્દો સાંભળ્યાને આત્મામાં વૈરાગ્ય જાગ્યેા અને માતા પિતાના લાડલા હતા. પણ ભાગી છૂટીને સંવત ૧૯૬૯માં પેાષ વદ ૧૩ ના શુભ દિવસે ગંધાર શહેરમાં દીક્ષા લીધી. વિ. પ્રેમસૂરીશ્વરજી મ. ના શિષ્ય થયા. પછી તેા ઘણા ઝંઝાવાતેા એમના જીવનમાં આવ્યા હતા. એમની ખૂબ જ કસેાટીઓ થઇ છે.

સંવત ૧૯૮૭ માં ગણી પંન્યાસ પદ કારતક વદ ૩ મુંબઇ શહેરના આંગણે અને આચાર્ય પદ પ્રદાન સંવત ૧૯૯૨ ના વૈશાખ સુદ ૬ અલબેલી મુંબઇ નગરીમાં જ

ત્યારબાદ પણ એમના ઉપર ઘણા આક્રમણો અને વિરૂદ્ધના તોફાનો આવ્યા છે. મુંબઇ જ્યારે ચોમાસું હતું ત્યારે કાળા વાવટા ધરી અને ત્યાં લગી કે જે કોઇ એમની પર્ષદામાં જાય તો રોકતા. પણ મહાન આત્માઓ તો એની દરકાર કર્યા વિના નાવ ચલાવ્યે જતા હોય છે. અને પૂજ્યશ્રી તે સમયે એમ કહેતા કે કદાચ મારા અને શ્રોતાઓના કર્મ ભાગ્યે આવું બનતું હશે. છતાં પણ આ દિવાલ સાંભળશે અને એની આંતરે કોઇ માનવી શ્રોતાને ચાર શબ્દો કાને પડશે તો એનું કલ્યાણ થઇ જાશે. અને જરૂર કોઇના કાને પડશે જ. એમનો આપણા ઉપર અગણિત ઉપકાર છે. તેઓએ જૈન શાસનની અનુપમ પ્રભાવના અને રક્ષા કરી પરમપદના વાંછુઓ માટે સદા વંદનીય આદરણીય અને શિરોધાર્ય બન્યા છે. તેમના અગણીત ધર્મ પ્રભાવના આદિના કાર્યોને કોણ ગણી શકે તેમ છે ? તેમના અગણિત ઉપકારની નોંધ કોણ લઇ શકે તેમ છે ? તેમના અગણિત ગુણોનું વર્ણન લાખો જીભેથી થઇ શકે તેમ નથી. પોતાનું અને જગતના જીવોનું કલ્યાણ કરવા તેઓ દેશ વિદેશ કચ્છ, ગુજરાત, માળવા, મહારાષ્ટ્ર, કર્ણાટક, કાઠીઆવાડ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બંગાળ બિહારમાં પગે ચાલીને વિચર્યા. તેઓ રાજા-રંક ઉંચ-નીચ ભેદ વગર સૌને સમાન ભાવથી સંબોધતા. માન અપમાન નહિં જોનારા સમતાના રસ સાગરમાં ઝીલતા, જીવનમાં જ્ઞાન-અભ્યાસ-ધર્મક્રિયા જિન-ભક્તિમાં લીન બની આત્માની ઉન્નતી કરી આરાધના કરતાં જીંદગીને સાધના અને આરાધના પસાર કરી છેલે બે જ દિવસની માંદગી ભોગવી કરોડો આત્માઓને રડતા મૂકી સદા માટે લાંબી વાટ પકડી ઉંચી ગતિને મેળવવા આપણા વચ્ચેથી શુક્રવાર સવારના ભારત દેશમાં અમદાવાદ શહેરમાં અષાડ વદ ૧૪ ને ઇ. સં. તા. ૬-૮-૧૯૯૧ના સવારના ૧૦ વાગે સમાધિ પૂર્વક ચિર વિદાય કાળધર્મને પામ્યા.

તેમનો આત્મા તો અવશ્ય દેવગતિને પામ્યો જ હશે. વહેલો-વહેલો મુકિતને કેતા મોક્ષગતિને પામે. અને આપણને ધર્મ ક્રિયામાં સહાયક બને અને આશીર્વાદ મળતા રહો એજ શુભ ભાવના (અભ્યર્થના).

ગચ્છાધિપતિ આચાર્યદેવ ગુરૂદેવને પ્રથમ વર્ષ ગાંઠ શ્રદ્ધાંજલિ આપવા આપણે સૌ કોઇ કટીબદ્ધ થઇએ અને એમના ગુણોને યાદ કરીએ ખરેખર તેઓ બહુ જ માયાળુ હતા અને છેક પરદેશ આફ્રીકા લંડનથી અમેરીકાથી જે કોઇ ભાવુકો એમના દર્શન વંદનાર્થે આવતા એને વાત્સલ્ય આપતા. એટલે કે વ્હાલથી બોલાવતા બહારથી જરા અવાજ સાંભળી જાતા તરત જ શિષ્યોને કેતા પૂછતા કોણ છે. આ સત્ય બનેલી હકીકત છે. અને પૂજ્યશ્રી દાદા ગુરૂની જેમ યાદ આવે છે. એમના ગુણોનું વર્ણન આપણે હજાર જીભેથી કરીએ તો યે પણ થઇ શકે તેમ નથી. જેમની વાણી જે કોઇ સાંભળે એ આત્મા અવશ્ય પવિત્ર બની જાય અને જીવનમાં વૈરાગ્ય ભાવો ઉત્પન્ન થયા વિના ના રહે અને એક વખત પણ એમના દર્શન પામ્યા પછી જીવનમાં ધર્મની ભાવના અખૂટ બની જાય આવા હતા પૂજ્ય ગુરૂદેવશ્રી એજ.

[અલબત્ત ! આ લેખમાં પ્રાસંગિક અપૂર્ણતા છે જ. છતાં લેખકશ્રીની કલમનો અદ્‌ભૂત પ્રવાહ આપણને તાણી જાય છે. આ વિશેષાંક બહાર પડશે તે દિવસથી એક વર્ષ પૂર્વેના દિવસની એ સમાધિપૂર્ણ ઘટનાના યાદગાર અંશો આમાં જોવા મળે છે. લેખક શ્રી માહિતી વધારશે, પ્રસંગોની સાંકળો મેળવશે તો ચોકકસ વધુ સફળતા પામશે. વિશેષાંકને પોતાની અનુભવી કલમની ભેટ ધરનાર લેખકને અભિનન્દન. સં૦]

પરિનિર્વાણ

- શ્રી અશ્વિન ભટ્ટ

રાતનો ઠંડો પહોર શરૂ થવા પર હતો. હવા ઠંડી બનીને આવતી હતી. આકાશમાં વાદળા હતા. કયાંક તારા દેખાઈ જતાં હતાં. મકાનમાં શાન્તિ હતી છતાં ઘણા બધા જાગતા હતા. બધાની નજર પાટ પર સૂતેલાં મહારાજજી પર હતી મહારાજજી એ ગઈ કાલે સાંજે ચાર વાગ્યાં પછી વાપરવાની સ્પષ્ટ ના સૂચવી હતી જલપાન પણ કર્યું નહીં.

લગભગ બે વાગ્યા હતા. રાતની શાન્તિમાં ભાર વર્તાતો હતો. એક વિવશતા સોના હૈયે પથરાઇ હતી અત્યાર સુધીમા દશ નાના મોટા એટેક મહારાજજીના હૃદય પર આવી ચૂકયા હતા. કોઇ માનવોત્તર તાકાતના બળે મહારાજજી સ્વસ્થ હતા. ડોકટરો અને વૈદ્યો ફાફ મારતા હતા. પરિસ્થિત હાથ રહી ન હતી.

સૂર્યોદય થાય એટલે ચૌદશ શરૂ થઇ જવાની હતી. ચૌદશ અને અમાસ ભારે દિવસો હોય છે. કહેનારાઓએ તો ટાઇમ પૂર્વકની ચોકકસ આગાહીઓ કરી જ નાંખી હતી. પણ એ આગાહી નિર્બળ જ લાગતી હતી. આજ સુધીની તમામ આગાહી ખોટી જ પડી હતી. અને આજ પછીની બધી જ આગાહી પણ ખોટી જ પડવી જોઇએ. મહારાજજીના પરિચયમાં આવનાર ! મહારાજજીને સમીપથી જાણનાર કયારેય હતાશા અનુભવતો નથી. કમ સે કમ મહારાજજી વિશે તો આ વાત આજ સુધી સાચી છે. અષાઢ વદ ચૌદશનો સૂર્યોદય પણ મહારાજજીના અસ્તિત્વથી અંકિત જ હશે. અમાસનો પણ એકમનો પણ ! મહારાજજીના મુખે જ સાંભળ્યું છે કે '૨૦૫૨ નું ચોમાસું મારે મુંબઇમાં કરવું છે...' હજી તો આ ૨૦૪૭ ચાલે છે. ઘણી વાર છે હજી તો !

૦ ૦ ૦

રે. પતરાવાલાએ ઠચકચાવીને ચોપ લગાવ્યા હતાં. મહારાજજીની છાતી સૂકકા લાકડા જેવી કઠણ થઇ ગઇ હતી. ધબકાર બંધ હતા. પલ્સ પકડાઇ જ ન હતી. લોહીનો લય જ થંભી ગયો હતો. નાકના નસકોરા નિષ્ક્રિય બની ગયા હતા. પ્રવાસ

બંધ હતો. અને મહારાજજીની આંખો પણ બંધ હતી. આ કેસ માટે કાર્ડિયોગ્રામ પણ વ્યર્થ હતો. મતલબ કે...!

રીતસર થડકી જવાય તેવું દૃશ્ય હતું. મહારાજજી કદાચ! શરીરમાં હતા પણ કયાંક છૂપાઈ ગયા હતા... અને ત્યાંથી જ બારોબાર ચાલી નીકળવાના હતા. ડો. પતરાવાલા હૃદયની નીચેના ભાગમાં, પછી ઉપર પોતાની અનુભવના નિચોડ રૂપે મુક્કા લગાવતા હતા. પાંચળીઓના ટુકડા થઈ જાય તેવી તાકાતથી પતરાવાલા મંડી પડયાં હતાં જાણે આછા ધડાકા હવામાં ઘુમરાતા હતા. જીવતું કે ધબકતું હૃદય બંધ પડી જાય તેવા જોશથી પ્રહારો ચાલુ હતો જોતજોતામાં બહાર હોલમાં અને નીચે સૂતેલા મહાત્માઓ ઉપર આવી પહોંચ્યાં હતાં.

પગ નીચેની ધરતી ધીરે ધીરે સરકી રહી હતી. આંખો સામે ભયાનક તોફાન નિતાન્ત શાન્તિ રાખીને આવી પહોંચ્યું હતું! આગાહી સાચી હતી. હવે, થોડી જ મિનિટોમાં... થોડા જ સમયમાં વિધિઓ શરૂ થશે... પછી... પછી... શ્રાવકો જોરજોરથી નારા લગાવશે.

- જય જય નંદા! જય જય ભદ્રા!

આંખો આ સુધી ભરાઈ ગઈ હતી. ડુસકા આવી રહ્યા. સૌ સ્તબ્ધ થઈ ગયા હતા.

o o o

આ દુનિયાની તમામ સંપત્તિ ડો. પતરાવાલાના ચરણો ચૂમશે! ડો. પતરાવાલા કમાલ ભાગ્યવાન છે! એના હાથમાં જાદુ છે. એના જિગરમાં દેવ છે. નહીં તો બધી જ હતાશાનો અન્ત અચાનક જ કેમ આવી જાય? મહારાજજીના દેહમાં સંચાર જણાતો હતો. ડો. પતરાવાલા હાથની નાડી માપી રહ્યાં છે. એ ઘડિયાળ તરફ જોઈ રહ્યાં છે એનો અર્થ સ્પષ્ટ જ છે કે પલ્સ ચાલુ થઈ ગઈ છે નાકમાં શ્વાસ અને ઉચ્છવાસની તકલીફ ન પડે એ માટે ઓકિસજનની વ્યવસ્થા ગઈ કાલથી જ ચાલુ છે. નાક ઉપર ગોઠવાઈ જાય તેવો પાતળા પ્લાસ્ટિકનો 'માસ્ક' મહારાજજીના નાક અને મુખ પર મૂકી. દેવાયો છે. આડા પડખે મહારાજજી સૂતા છે. છાતીમાં શ્વાસની તકલીફ હશે... અંદર કશુંક ભારેખમ ઘૂંટાતુ હશે. હૃદયનું તંત્ર હજી ઢીલું જ હશે. ડો. પતરાવાલાના કહેવા મુજબ 'અત્યારે કોઈ મોટું જોખમ રહ્યું નથી.' એટલે કે જોખમ તો છે જ! ડો. પતરાવાલાના પુણ્યની પ્રશંસા કરવી પડે! એ હાજર ન હોત તો અત્યારે શું નું શું થઈ ગયું હોત! અત્યારે બીજા ડોકટર સાહેબો તો ઘરે પોઢી ગયા હોય. ત્યાં જઈને બોલાવી લાવો એટલી વારમાં તો કેસ પુરો જ થઈ જાય ને! મકાનમાં જેટલા હાજર હતાં તે

તમામની આંખમાં આભારની લાગણી વાંચવા મળતી હતી. પતરાવાલા ! યુ આર એ ગ્રેટ !

પછી તો રાબેતા મુજબ વૈદ્યરાજ આવી પહોંચ્યા. નાડી તપાસી. વૈદ્ય શાસ્ત્રના આ અનુભવી મહારાજજી માટે ગજબ લાગણીથી વર્તે છે. બ્રાહ્મણ કુળના આ પુણ્ય માનવ સાથે મહારાજજીએ પોતાના રોગ અંગે ચર્ચા કરી છે. આ વૈદ્યરાજ પાસેથી સાધુઓ મહારાજજી મટેની આશાઓ અભંગ રખાવી હતી. આરોગ્યના અર્થમા વૈદ્યરાજે પ્રામાણિક રહીને આજ સુધી મહારાજજીને સાચવ્યા છે.

નાડી પરીક્ષા વિ. પૂર્ણ થયું. વૈદ્યરાજના મુખ પર શોક છે. ઉદાસીનતા છે અફસોસ છે. એક આંગળી દ્વારા એમણે એ મહાત્માને કશુંક કહ્યું એ મહાત્માની આંખોમાં ઘુંટાતો શોક અત્યારના અંધારામાં ય જોઈ શકાતો હતો. આવો શોક તો છેક ક્યારે ઘૂંટાય ?

મિનિટો પર મિનિટોના થરો ચડતાં ગયા. સૂર્યોદયની પળ આવી. સૂર્યોદય થઇ ગયો. ચૌદશ... અષાઢ વદ ચૌદશ ચાલુ થઇ ગઈ હતી. મહારાજજી સૂતા જ હતાં. જમણું પડખે સૂતા હતાં. ડાબો કાન ખુલ્લો હતો. ડાબો પગ વાળીને મહારાજજીએ ઢીંચણથી વીંટીયા પર ટેકવ્યો હતો. ડાબો હાથ વાળીને મસ્તક પાસે રાખ્યો હતો. જમણો હાથ ડાબ હાથની બાજુમાં સહેજ વાળીને ઠેરવ્યો હતો. પ્રતિક્રમણ, પડિલેહણ પૂર્ણ થયું. પ્રત્યાખ્યાન પારવાની વાતે મહારાજજી જવાબ આપતા ન હતા. અને સેવાવર્તી મહાત્માઓ આગ્રહ કરતાં ન હતા. શા માટે ? દવા આપી દેવી જોઇએ ને ! દવાથી તરત ફરક પડી જાય છે પણ, અહીં તો કશી વાત જ રહી ન હતી.

ગઈ કાલ સાંજથી અરિહંત શબ્દની ધૂન સતત ચાલુ હતી. એટેકો જેટલી વખત આવ્યા તેટલી વખત મહારાજજીના મુખે આ જ શબ્દ ઉઠયો હતો. અરિહંત... અરિહંત. હા ! આ જંગ હતો. અરિને ખલાસ કરવાનો ! અને એ માટે આદર્શ હતા એક માત્ર અરિહંત ! સાધુ મહાત્માઓએ અરિહન્ત શબ્દને સતત ગુંજતો રાખ્યો હતો. કયારેક નમસ્કાર મહામંત્ર પણ સંભળાવાતો હતો. પણ ધીમે ધીમે અરિહંત શબ્દનું રહસ્ય અદ્‌ભૂત અસર કરતું હતું. મહારાજજીના મનોભાવમાં અરિહંત શબ્દનો વ્યાપક અર્થ ઘૂમરાતો હશે. અને એ ઘૂમરાહટ આ સતત રણકી રહેલા અરિહંત શબ્દથી ઊંડાણ સાધી રહી હશે. મહારાજજી હલનચલન કરતા ન હતા. દેહ લગભગ નિશ્ચેષ્ટ લાગતો હતો. કાલના એટેક પછી શ્વાસની ઘણી તકલીફ હતી. પડખાભેર સૂતેલા મહા-

રાજજીની પીઠ રીતસર શ્વાસના લય મુજબ ઊંચી નીચી થતી હતી. અત્યારે એ ઓછું થઇ ગયું હતું.

(નાની નાની વાતો તો ઘણી બની હતી... પણ એ બધી અત્રે ઉલ્લેખી નથી)

લગભગ સાડા આઠ વાગ્યા હતા. પબ્લિકનો ધસારો કમાલ રીતે વધ્યો હતો. મહારાજજી હતાં એ હોલની સામે જ દેરાસરનો વિશેષ ઓરડો છે. એનો દરવાજો એક બાજુમાં છે. દેરાસર અને આ હોલની વચ્ચે ગલિયારી જેવો નાનો પેસેજ છે. એ પેસેજ બહાર અગાસી તરફ જાય છે અને અંદર બંગલાની ભીતરમાં જાય છે. બંદર તરફ પેસેજના દરવાજાની ડાબી તરફ જ ઉપર આવતો દાદરો છે. એ દાદરો નીચેના ડ્રોઇંગ રૂમમાં પડે છે. ત્યાંથી બંગલાની બહાર જવાનો દરવાજો છે ત્યાં જવાય છે આ દરવાજેથી બધા ભાવિકો ઉપર ચડતા હતા. અને લગભગ દશકૂટ પહોળા દરવાજામાં ઉભા રહીને નિષ્પ્રાણ મહારાજજીના દર્શન કરીને અગાસીમાં નીકળી જતા હતા. અગાસી સાધ્વીજીઓથી ચિકકાર ભરાઇ ગઇ હતી. પાછળ નીચે જવાનો દાદરો હતો. ત્યાંથી બધા ઉતરતા હતાં. અગાસી પહોળી હતી. મહારાજજીવાળા હોલનો એક મોટો દરવાજો એ અગાસી તરફ પણ હતો. ત્યાંથી પણ મહારાજજીના 'દર્શન' થતાં હતાં. ત્યાંથી જોનારને ભીડ લાગે એટલા બધા મહાત્માઓ આ હોલમાં હતા. પાટની ચારે તરફ બધા ગોઠવાઇને બેસી ગયા હતા. એક સ્થાવર મહાત્મા સંભળાવી રહ્યા હતા. એમનો અવાજ તરડાયો હતો. થાકથી, અનિદ્રાથી અથવા તો વિષાદથી ! છતાં એ અવિરત બોલતા હતા. અરિહંત... અરિહંત... અરિહંત...

આ ચાર અક્ષરી શબ્દે જે લય સાધ્યો હતો તે સાંભળનારને જીંદગીભર યાદ રહે તેવો હતો. કોઇ વિશિષ્ટ સંગીતના સ્પર્શ વિના... સાવ સાદી રીતે આ શબ્દના સતત ઉચ્ચારો ચાલુ હતા. છતાં એમાં અરિહન્તનાં અર્ધ-ન્ પાસેનો અલ્પકાલીન વિરામ અદ્ભુત લય સર્જતો હતો. ચાર વખત એકી શ્વાસે બોલીને એકપળનો વિરામ... પછી ફરી ચાર વખત.... આ શૈલી પણ આછું સંગીત પેદા કરતી હતી. કોઇ ગેબી પડઘા ઉઠતાં હોય તેમ તમામ દર્શકો આ અવાજ સાંભળીને આંખ મીચી દેતાં. પાછળથી ધક્કો આવતો અને દર્શકો બદલાઇ જતા. પણ દૃશ્ય એ જ હતું.

'પાટ પર મહારાજજી સૂતા છે. ડાબો પગ વાળીને ટેકવ્યો છે. મુખ દર્શકોની દિશામાં છે. પગ અગાસી તરફ છે. એકાદ કામળી ઓઢી છે. શ્વાસ ધીમાધીમા ચાલુ છે. આંખ બંધ છે. ડાબા હાથનો પંજો જમણા હાથના પંજા સાથે જોડાયેલો છે... હલન ચલન પર વિરામ છે...'

'આપને માથે અનન્ત સિદ્ધોનો નિવાસ છે... આપે...' એ મહાત્માના અવાજમાં આંતરિક સંવેગ વહેતો હતો... અરિહન્તની ધૂન પળભર અટકી હતી. એ મહાત્માએ બે મિનિટમાં જે વાત કહી તે વાત સાંભળીને મહારાજજી તો કશું બોલ્યા નહીં. પણ આપસના લોકોએ ધ્રાસકો અનુભવ્યો. આ વાત શા માટે કહેવી પડે છે? શા માટે? શું બધા જ હાથ ધોઈને બેસી ગયા છે? શું સાચેસાચ હવે બધી શક્યતાઓ પૂરી થઈ ગઈ છે? શું ખરેખર ડૉ. પતરાવાલા પણ કશું કરી શકે એમ નથી? શું અષાઢ વદ ચૌદશ ભારે પડવાની છે? નવ કયારનાં વાગી ગયા હતા. ગઈ કાલની પાછલી રાતે જે મુદ્રામાં મહારાજજી સૂતા હતા! એ જ મુદ્રામાં મહારાજજી અત્યારે પણ સૂતા હતા. પોણા દશ...! એ મહાત્માએ નાડી તપાસી. અને બાજુનાં બેસેલા સાધુને ઇંગિત રીતે કશુંક કહ્યું. અને, એ સાંભળીને એ સાધુ રોઈ પડયાં.

જીવનમાં ન ભૂલાય, ન સમજાય અને છતાં ય સાચી હોય તેવી આ ઘટના હતી. મહારાજજીએ આંખો ખોલી હતી... માત્ર પાંચેક પળ માટે આંખો ખુલ્લી રહી હતી... એ આંખોમાં ઝરી નીલી તેજ ધારા હતી... હજારો સાગરને ક્ષુદ્ર સાબિત કરે તેવું અગાધ ઊંડાણ હતું... ગંગા–યમુના–સરસ્વતીના સંગમમાં પણ ન જોવા મળે તેવો પ્રચંડ વેગ હતો. એ વેગમાં ઘસારો નહીં પણ સ્પંદનો હતાં. જીવનભરની સાધના ત્યાં સ્પંદી રહી હતી. ભર વરસાદે, વાદળોની ગીચમાં જેમ કોઈ લાંબી વીજળી પળવાર ચમકી જાય છે અને જોનારની આંખને આંજી દે છે તેમ આ આંખોએ જોનારને આંજી દીધાં. આ ખુલ્લી આંખો જોનારા દશેક જણા જ હશે. દર્શકો તો ઝડપભેર દર્શન કરીને આગળ ચાલી જતાં હતા. આપસમા મહાત્માઓ ઘણા હતા. પણ મહારાજજીના મુખ સમક્ષ ઓછા હતાં.

એ આંખો મીંચાઈ. તીવ્ર વેગે ધસી જતી ટ્રેન જેમ અંધારી ગુફામાં પ્રવેશે અને અંધારું અંધારું થઈ જાય તેમ મહારાજજીની આંખો બંધ થતાં જ અંધારું અંધારું થઈ ગયું. અલબત્ત? જેણે એ ધીમેથી બીડાતા પોપચા જોયા હોય તેમને માટે જ! આ દૃશ્ય હતું

o o o

અરિહન્તનો નાદ જાણે ગુંબજમાં ઘુમરાતો હતો કાશ્મીરની ખીણોમાં પડઘાતા સપ્તનાદની જેમ એક સરખો અરિહન્ત... અરિહન્તનો નાદ મન... મગજ... સંવેદન પર સવાર થઈ ગયો હતો. અત્યાર સુધી એક જ વ્યકિત અરિહન્ત...નો નાદ ઉચ્ચારતી હતી... હવે બધાં જ એકી સાથે બોલતા હતાં. જિગર નિચોવીને બોલતો અવાજ હવામાનને બદલી નાંખતો હતો. મંત્રની તાકાત શબ્દોમાં હોઈ શકે છે એવો અનુભવ આ

તમામ બોલનારને થતો હતો. એક જ સૂરમાં... એક જ લયમાં... એક જ ગતિથી... અરિહન્તના નાદનો સળંગ પ્રવાહ વહી રહ્યો હતો.

દર્શન કરીને પસાર થઇ રહેલાં તમામ ભાવિકો આ પ્રવાહની અસર હેઠળ હતાં. આપોઆપ હાથ જોડાઇ જતા હતાં. ભાવાવેગથી ઊભા રહી જનારા પણ પાછા સમજીને બીજાને દર્શનનો લાભ આપવા માટે તરત ખસી જતાં હતાં. હજારો માણસો અત્યાર સુધી આવી ચુકયા હતા. અને હજારો આવી રહ્યાં હતાં એમ જ લાગતું હતું કે હજારોનો ઘસારો ચાલ્યા જ કરશે, અરિહન્તનો નાદ ગુંજયા જ કરશે. અને હવામાનમાં પવિત્રતા ઉમેરાયા જ કરશે.

અચાનક, એ મહાત્માના ઇશારે બધાનો અવાજ થંભી ગયો. દશમાં પાંચ મિનિટની વાર હતી. અને અવાજનો મીઠો પ્રવાહ ફરી શરૂ થયો... રીધમે પલટો લીધો હતો. નમો અરિહંતાણું આ શબ્દોનું સામૂહિક ગાન શરૂ થયું. અવાજ ઊંચો થતો ગયો. બધાના શ્વાસ પણ ઊંચા થતા ગયા. ડો. પતરાવાલા મહારાજજીની પલ્સ માપી રહ્યાં હતાં. મહારાજજીના શ્વાસો ધીમા... સાવ ધીમા થઇ ગયા હતાં. એક પ્રશ્વાસ પછીના બીજા શ્વાસ વચ્ચેનું અંતર વધતું ગયું હતું.

પબ્લિકનો ઘસારો સખત હતો. છતાં શિસ્તનો ભંગ થતો ન હતો. દશમાં સેકન્ડોની જ વાર હતી.

મહારાજજીના નાભિપ્રદેશની સમીપમાં કંપન જેવું સ્પંદન દેખાયું. એ સ્પંદન ધીમે ધીમે ઉપર આવી રહ્યું હતું. ગોળાકાર નાનો વ્યાપ ધરાવતું આ સ્પંદન જીવતી જાગતી વાસ્તવિકતા હતી. ગાય જેમ ચામડી થથરાવે છે તેમ એ ગોળાકાર ચર્મપ્રદેશ થરકતો હતો. આ સ્પંદન છાતી પરથી પસાર થઇને ખભા તરફ વળ્યું. આ ચમત્કાર ન હતો. ખરેખર સ્પંદનનો ગોળાકાર પ્રદેશ બદલાતો જતો હતો. ખભા પરથી એ બે વિભાગમાં વહેંચાઇ ગયું. એ સ્પંદન બાહુ પરથી કોણી તરફ સરી જતું હતું. જયાંથી સ્પંદન પસાર થતું તે સ્થળની ચામડી રીતસર ધરાતી હતી. એક પળ પણ થંભ્યા વિના એ સ્પંદન ગોકળ ગાયની જેમ ધીમી ગતિએ આગળ સરતું હતું. હાથ પરનું સ્પંદન કોણી વટાવીને પંજા પરથી આગળ થઇને જોતજોતામાં અલોપ થઇ ગયું... માથું બહેર મારી જાય તેવી આ વાત હતી. બીજું સ્પંદન ગળા પરથી ઉપર જઇ રહ્યું હતું.

નમો અરિહંતાણું'ની સામૂહીક ગીતિકા તાર સ્વરે હતી. નાદ સામૂહીક રીતે ફાટી રહયો હતો. બધા જ ઊભા થઇ ગયા હતાં. આંખ વાટે, કાન વાટે પ્રવાહમય ઉચ્ચાર સાંભળતા બધા જ ઉચક અનુભવતા હતા. નમો અરિહંતાણું'ના શબ્દનાત્યે દર્શન બંગલાની ભીંતો પર અદૃશ્ય રેખાવો દોરવા માંડી હતી.

ડો. પતરાવાલાએ મહારાજજીની નાડી પર આંગળીઓ ઠેરવી દીધી હતી. એ એકાગ્ર થઈને ઘડિયાળ જોઈ રહ્યા હતા. નાકના નસકોરા જાણે ફરીવાર આરામ લેવા બંધ થઈ રહ્યા હતા. ચામડીનું સ્પંદન હોઠ પાસે આવ્યું હતું. જે હોઠોએ આજ સુધી અમૃત વરસાવ્યું, એ હોઠ પળ ભર એક ખૂણે સ્પંદિત થયા... અરિહંત શબ્દનો ધ્વનિ પ્રતિબિંબિત થયું. સ્પંદન કપોલપરથી આંખ તરફ વહી રહ્યું હતું. ગાલની નાજુક ચામ સહેજ કંપી હતી. વર્તુળાકાર સ્પંદન આકાર છોડીને આંખ પર પહોંચ્યું. ભમ્મરો સ્પંદતી લાગી, કોમળ પોપચા પર સ્પંદન ચમકતું હતું... હમણાં આંખ ખૂલશે એમ લાગતું હતું... ડો. પતરાવલાએ હાથ છોડી દીધો... એ ઊંચું જોયા વિના જતા રહ્યા ત્યારે જ સમજાયું કે સ્પંદન વિલીન થઈ ગયું છે.

નમો અરિહંતાણંનો શાશ્વતનાદ ચાલુ હતો... દશ વાગે એ શમ્યો... કરૂણ રીતે શમ્યો ત્યારે પરિમલ ક્રોસિંગ પરથી એક ગાડી ફર ફર ચાલી ગઇ હતી... એનો આછો અવાજ માત્ર અનુભવાતો હતો.

---

૦ આજનો વાવંટોળ વિચિત્ર છે આજના વાવંટોળથી વિવેકશીલ આત્માઓ જ બચી શકે તેમ છે, કારણ કે– આજે ખૂબ જ સીફતથી અનાચારનો પ્રચાર થઈ રહ્યો છે. આજે પરોપકારની વાતો કરીને પણ અનાચારના માર્ગે દોરવાના પ્રયાસો થઈ રહયા છે. અહિંસા અને સત્યના નામે પણ હિંસા અને મૃષાવાદ વધે એવી પ્રવૃત્તિઓ થઈ રહી છે. એક તરફ દ્વેષ કરવો નહિ ક્રોધ કરવો નહિ. એ વગેરે કહેવાય છે. અને બીજી તરફ દ્રવ્યની સત્તા આદિનો લોભ વધે એ જાતિના પ્રયત્નો થાય છે ! એ લોભ ક્રોધને વધારે કે ઘટાડે ? અહિંસા કયારે પળાય ? પહેલાં તો હિંસાની જડ તરફ તિરસ્કાર આવવો જોઇએ. અર્થ અને કામની લાલસા, પૌદ્ગલિક સુખોની અભિલાષા, એ હિંસાની જડ છે. જ્યાં સુધી પૌદ્ગલિક સુખોની અભિલાષાથી હૈયું ઓતપ્રોત છે, ત્યાં સુધી સાચી અહિંસા આવે, એ શકય જ નથી. આજે તો પૌદ્ગલિક સુખના હેતુથી અહિંસાની વાતો કરાય છે અને એવી વાતો કરનાર–"અહિંસાના માર્ગને હું જ સમજયો છું–એવો ભાવ વ્યકત કરે છે. આમ છતાં, ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનને અનુસરવાની વાતો કરનારાઓ પૈકીના આત્માઓ પણ, આજે એ કહેવાતી અહિંસાની પૂંઠે પાગલ બન્યા છે. આવા સંયોગોમાં તો મિથ્યા લોકવાદથી ખૂબ જ સાવધ બન્યા રહેવું જોઇએ.

—શ્રી જૈન રામાયણ–સાતમો ભાગ

ગુરૂદેવને વંદના

(સિદ્ધાચલના વાસી જિનને કોડો પ્રણામ)

ગુર્જર દેશના રત્ન ગુરૂજી, જનમ્યા પાદરા મોજાર,
ગુરૂને વંદન કોટીવાર. ગુરૂ–૧

કલિયુગમાં કલ્પતરૂ ફળીયો, પૂર્વ પૂન્યોદયે યોગજ મળીયા,
કરવા પર ઉપકાર. ગુરૂ–૨

માતા સમરથબેનના જાયા, પિતા છોટાલાલના કુળમાં આયા,
નામે ત્રિભુવનપાળ. ગુરૂ–૩

શ્રી પ્રેમસૂરિજીના શિષ્ય, નામ શ્રી રામચંદ્રસૂરીશ્વર,
ચારિત્ર ચુડામણી સાર. ગુરૂ–૪

વ્યાખ્યાન વાચસ્પતિ પદ ધરાવે, વીર વાણીનો ધોધ વહાવે,
વૈરાગ ભાવ અપાર. ગુરૂ–૫

પ્રતિષ્ઠા આદિ મહોત્સવો કીધા, ભવીજીવને ઉપદેશ દીધા,
વિચર્યા ગામોગામ. ગુરૂ–૬

વિચરી દેશો દેશ ગુરૂજી આપ્યો ધર્મ પ્રસાદ સૌને,
કર્યો શાસન જયકાર. ગુરૂ–૭

સત્તરમે વરસે દીક્ષા લેતા, ઓગણએંશી ચારિત્ર પાળી,
આયુ છન્નુ ધરનાર ગુરૂ–૮

સૌ સંઘ દુઃખી થાયે, સ્વર્ગ ગમન અશ્રુ ધરાવે,
દુર્લભ એ ગુરૂરાજ. ગુરૂ–૯

એવા ગુરૂને પ્રહ ઉઠી વંદીયે, જયથી કર્મબંધન તોડીયે,
શરણુ એ સુખકાર. ગુરૂ–૧૦

વીશ ચાર સાતની સાલે અષાડ વદી ચૌદશ ને શુક્રવારે,
સીધાવે સ્વર્ગ મોજાર. ગુરૂ–૧૧

ગુરૂ રામ અમૃત જિનન્દ્રસૂરિ કેરો, ગાવે ભાવથી ગુણ મંદિરો,
ધનસુખ વંદન કોટીવાર. ગુરૂ–૧૨

બારભાયા ધનજી સુખલાલ
(કારીયાણીવાળા હાલ–મુંબઇ)

સમાધિ સર્જકનું જીવનદર્શન

- શ્રી ગુણદર્શી

કસે ટીની એરણ પરથી ઝળકી ઊઠેલું સો ટચનું સુવર્ણ

શાસ્ત્રીય સત્ય-સિદ્ધાન્તોનું પ્રતિપાદન-સંરક્ષણ કરતી, દંભીઓના દંભના ચીરે ચીરા ઉડાડતી, ઉન્માર્ગગામીઓને ખુલ્લા પાડતી, સન્માર્ગગામીઓને સન્માર્ગમાં મજબૂત બનાવતી, આરાધના માર્ગની જયપતાકા લહેરાવતી, સંસારના રાગીઓના હૈયામાં વિરાગના અંકુશ પ્રગટાવતી, વૈરાગ્યની જ્યોતિને વધુ દીપ્તિમંત કરતી, સંયમાભિમુખ બનાવતી, વિરોધીઓના વૈમાનિનું ઉપશમન કરતી, એવી તેઓશ્રીજીના શ્રીમુખેથી પ્રગટ થતી શ્રી જિનવાણીનું શ્રવણ કરી શાસન પ્રેમી આત્માઓ આહ્લાદ અનુભવવા લાગ્યા અને સુધારકોના પક્ષે ચઢી શાસનના વિરોધી બનેલાઓ બળવા લાગ્યા. તો પણ તેઓશ્રીજીની પાસે તેઓશ્રીજીના ચરણોમાં જીવન ન્યોછાવર કરનારા આત્માઓ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા.

તેઓશ્રીજીનો અનુપમ-પ્રભાવક વ્યાખ્યાન શકિત જોઇને, શાસનના મહારથી એવા સંઘસ્થવિર પૂ શ્રી બાપજી મહારાજના નામથી પ્રસિદ્ધ પૂ. આ. શ્રી. વિ સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાએ પણ વિદ્યાશાળાની વ્યાખ્યાન પાટ ઉપર તેઓશ્રીજીને આરૂઢ કર્યા. તે વખતના નિત્ય શ્રોતાઓના મન પણ શંકિત બનેલા કે-'આ શું વ્યાખ્યાન વાંચશે ?' પણ શ્રી જિનવાણીન જગમશહૂર જાદુગરના શ્રીમુખેથી જિનવાણીનું અમીપાન કર્યા પછી પૂ. શ્રી બાપજી મ. પાસે તેઓશ્રી માટે જ માગણી કરવા લાગ્યા તેવી ચાહના એક જ વ્યાખ્યાનમાં પુન્યશ્રીએ પ્રાપ્ત કરી. પૂજયશ્રીજી સ્વયં કહેતા કે-તે વખતનો શ્રોતાવર્ગ સાચા અર્થમાં શ્રોતા હતો. જે સભાઓ થતી, પાવડી-દુપટ્ટાવાળા મોટા મોટા માથાઓ-આગેવાન ગણુત. શ્રાવકો સામે બેઠા હોય તે વખતે વ્યાખ્યાનમાં ગમે તેમ બોલાય જ નહિ એવા બહુશ્રુત શ્રોતાઓ હતા. તેવા બહુશ્રુત શ્રોતાઓના દિલને જેઓએ જીતી લીધા તે જ વાસ્તવિક રીતે સરસ્વતીના કૃપાપાત્ર કહેવાય તેમાં લેશ પણ અતિશયોકિત નથી.

પૂ. શ્રી બાપજી મ. ના પટ્ટધર ગાંભીર્યાદિ ગુણગણનિધિ પૂ. આ શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મ. એ આગમોના અર્કનું રહસ્યનું અમીપાન પૂજ્યશ્રીજીએ કરાવ્યું. પૂજ્યશ્રીજી પોતે કહેતા કે- "વ્યાખ્યાન બોલતો થયો તે તેઓશ્રીજીને આભારી છે !' પ્રકાંડ પાંડિત્ય છતાં ય કેટલી લઘુતા, ગુણગ્રાહિત, અને કૃતજ્ઞતા ! વિનીત એવો જ્ઞાની આ કલિકાળમાં કલ્પતરુ ગણાય છે તેનો

સાક્ષાત્કાર કરાવ્યો. આજે મોટાભાગના હૈયા છીછરા જ્ઞાનથી અધૂરા ઘડાની જેમ છલકી ઊઠે છે. ગુરુગમ અને ગુરુકૃપા વિના આગમ રહસ્યોને પામવાની ચાવી હાથ આવે જ નહિ. પૂજ્યશ્રીજી ઉપર તો વડિલોનું પૂર્ણ વાત્સલ્ય હતું તો ગુરુઓની સંપૂર્ણ કૃપા હતી. તેમાં આરાધકતા, રક્ષકતા અને પ્રભાવકતા ખીલી ઊઠે તો શી નવાઇ !

તે વખતે અમદાવાદના ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા, શાહ સોદાગર શ્રી જેશીંગભાઇની જે દીક્ષા થઇ. લોક કહેતું કે-સાચા અર્થમાં શાલીભદ્રજીની દીક્ષા થઇ છે. તેમની સાથે બાલ્યવયના શ્રી ચીનુભાઇની (ઉં. વ. ૧૩) દીક્ષા થઇ. ઉભય પૂજ્યશ્રીજીના શિષ્યો તરીકે પૂ. મુ. શ્રી જશવિજયજી મ. અને પૂ. મુ શ્રી ચારિત્ર વિજયજી મ. ના નામથી પ્રખ્યાત થયા.

બાલદીક્ષાઓ થવાથી શાસનનો સૂર્ય સોળે કલાએ ખીલી ઊઠયો. આરાધક વર્ગ આનંદમાં આવી ગયો. જ્યારે દ્વેષીવર્ગ તેજોદ્વેષથી બળવા લાગ્યો. ઘુવડ સૂર્યના દર્શન ન કરી શકે તેમાં સૂર્યનો ઓછો દોષ છે ?

વડીલોની છત્રછાયામાં રહેલા પૂજ્યશ્રીજીની પુણ્ય પ્રભાવકતાને નહિ ખમી શકનારા વિરોધી વર્ગે પોતાની ચાલ બદલી. સૂરજ સામે ધૂળ ઊડાડવાથી પોતાની આંખમાં જ પડે છે તેમ આમની સામે કોઇ પણ રીતની ફાવટ આવવાની જ નથી માટે બાલદીક્ષાને રાજ્યાવશ્રનું રક્ષણ લઇ રોકવા પ્રયત્ન કરવો. વટલાયેલી બ્રાહ્મણી તરકડી કરતાં પણ ભૂંડી તે ન્યાયે, પોતાના મનની મેલી મુરાદોને પાર પમાડવા કેટલી હદ સુધી આત્માનું અધ:પતન થાય છે તેનો આ ઉત્કૃષ્ટ નાદર નમૂનો છે. શાસનના મૂળમાં જ કુઠારાઘાત સમાન આવી પ્રવૃત્તિ કોણ કરે ? કે તેમાં સાથ પણ કોણ આપે ! સામાન્ય ધર્મી પણ આવો વિચાર ન કરે ત્યારે માન પાનાદિ લોકષણાઓમાં પડી ગયેલા ભગવાનના વેષધારીઓ તેમાં જોડાયા તે આ કાળનું દુર્ભાગ્ય જ કહેવાયને ?

(ક્રમશ:)

જીવનની સાર્થકતા માટે જેમ અનેક વસ્તુઓ જ્ઞાનિજનોએ બતાવી છે. તેમ નીતિ આદિ ત્રણ વસ્તુઓને પણ આવશ્યક જણાવી છે. એ વસ્તુઓ તે-નીતિ, પાપભીરૂતા અને ઇન્દ્રિય નિગ્રહ છે. નીતિ ઉપર મનુષ્ય જીવનની સાર્થકતાનો પાયો રહેલો છે. નીતિમાં દૃઢ રહેવા માટે પાપભીરૂતાની જરૂર છે અને પાપની ક્રિયામાંથી બચવા માટે ઇન્દ્રિયો ઉપર કાબૂ હોવો એ જરૂરી છે. જો આ ત્રણ વસ્તુઓ જીવનમાં એકતાર બની જાય, તો જીવન ઉચ્ચ કોટિનું બને અને સર્વને નમસ્કરણીય થાય. ઇન્દ્રિયનિગ્રહ માટે મનઃશુદ્ધિની પણ જરૂર છે. —દિશાસૂચન-પહેલો ભાગ

આ ત્રિપદીને કેન્દ્ર બનાવી સૌને સંસારની ભયાનકતા સમજાવી પરંતુ આ ત્રિપદી કયાંથી ઉદ્ભવિ ?

અનેક શાસ્ત્રોના ગહન વિષયોનું મનોમંથન કર્યા બાદ આ ત્રિપદીનો ઉદ્ભવ થયો તે તો સૌ કોઇ જાણે છે પરંતુ,

શ્રી જૈન શાસનને કોહીનુર હીરાની ભેટ ધરનાર એક પૂણ્યવંતી સ્ત્રીએ આ ત્રિપદીની મધ્ય કડી અનેક વખત આ સમર્થ મહાપુરુષ પાસે ઉચ્ચારાવી હતી. આ પંક્તિ સૂણવાથી અને શાસ્ત્રના પાને પાને તે જ વાત વાંચવાથી દાદીમાનો ઉપકાર સતત યાદ આવતો હતો તેમની યાદમાં આ મહાપુરુષે આ ત્રિપદીની રચના કરી અને તે ત્રિપદીની નાવડી આપણા સૌની આગળ વહેતી મૂકી આવી સુંદર ત્રિપદીની રચના કરનાર મહાપુરુષની જન્મભૂમિ દહેવાણ અને પિતૃ-ભૂમિ પાદરા હતી.

જે સાલે પૂ. આત્મારામજી મહારાજા કાળધર્મ પામ્યા, એજ સાલે દહેવાણની ધરતી ઉપર એક જ્યોતિ પ્રગટી ઉઠી તે દહેવાણ ગામે વિ. સં. ૧૯૫૨ ના ફાગણ વદ ૪ના શુભ દિવસે-શુભ ચોઘડીયે અને શુભ પળે શ્રી ત્રિભૂવનનો જન્મ થયો. જન્મ થયા પછી ગણ્યા-ગાંઠયા દિવસો પસાર થયા ન થયા ત્યાં તો પિતાજી સ્વર્ગે સિધાયા. પિતાજીનું મુખડું જોવાનું સૌભાગ્ય

સંસાર છોડવા જેવો
સંયમ લેવા જેવું અને
મોક્ષ મેળવવા જેવો

શ્રી વિરાગ

પણ તેઓ ન પામી શકયા. અને "સૌ શિક્ષકની ગરજ સારનારી માતાની" છત્રછાયા પણ લાંબા કાળ સુધી રહી નહી. ફકત દાદીમા રત્નબાની છત્રછાયામાં આ મહાપુરુષ મોટા થવા લાગ્યા તે વખતે દાદીમા રત્નબા ૬૦ વર્ષના હતા. તેઓ ઝાઝું ભણ્યા ન હતા છતાં ગણ્યા ઘણું હતા. તેમના ગણતરનો નીચોડ એ જ હતો કે

"સંયમ ધર્મની આરાધના સાધના આ માનવભવમાં જ કરી શકાય છે."

હું તો ઘરડી થઈ. હવે હું સંયમ જીવન સ્વીકારી શકું તેમ નથી પરંતુ આ લાડીલા સંતાનને સંયમ માર્ગે વાળવાના સંસ્કાર તો આપું. આ પુણ્યપુરુષને ખોળે બેસાડી ધર્મનું ધાવણ પીવડાવતાં રત્નબા કહેતા હતા કે-

"બેટા ! આ જન્મમાં લેવા જેવું તો સંયમ જ છે."

ઘૂટી-ઘૂટીને પાયેલી આ બાળગોળીની અસર પૂણ્ય પુરુષના રોમેરોમે વ્યાપી ગઇ. સંયમની કઠણી દવા પાવા છતાં મુખ ઉપર હર્ષોલ્લાસ જોતાં રત્નાબાને ય વિશ્વાસ થઇ ગયો કે હવે,

"આ દિકરો મારો નહી. વહેલો મોડો શ્રી જૈન શાસનનો જ થઇને રહેશે."

સાચી સમજણ આપનારા દાદીમાને પણ મોહદશાએ ઘેરી લીધાં હત ધર્મનું ધાવણ પાયા પછી આ મોહરાજા રત્નાબા પાસે બોલાવતાં હતા કે–

"દિકરા ! સંયમ તો લેવાનું પણ મારા જીવતા નહિં. મારી વિદાય પછી તારે સંયમ લેવાનું !"

કાકા–મામાદિ અનેક સગાઓએ ત્રિભુવનને સંસારમાં જકડી રાખવા અનેક દાવ નાખ્યાં તેઓના સર્વ દાવ–પેચ નિષ્ફળ ગયા તેથી તેઓ સમજી ગયા કે

"આ ત્રિભૂવન સાધુ થવા જ સરજાયો છે. મુકત–ગગનમાં મોજ માણતા ત્રિભૂવનને આપણે પાંજરે નહિ પૂરી શકીએ."

જેમ અનેક સગાઓની બોબડી બંધ કરી દીધી હતી તેમ અનેક નાના–મોટા આચાર્યોને પણ બોલતાં આ ત્રિભુવને બંધ કરી દીધાં હતા.

તેમનું ઝગારા મારતું લલાટ જોઇને અનેક આચાર્યદેવોને પોતાનો શિષ્ય બનાવવાના કોડ થતા આ બાળ ત્રિભુવનને અનેક આચાર્યોને મોઢામોઢ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું હતું કે–

"હું દીક્ષા જરૂર લેવાનો છું પણ મારું આત્મ કલ્યાણ કરી શકે એવા ગુરુને જોતીને એમની પાસે જ સંયમી બનીશ."

સારી ભાવના ફળ્યા વગર રહેતી નથી ! એકવાર ત્રિભૂવનકુમારને શ્રી પ્રેમવિજયજી મહારાજનો ભેટો થઇ ગયો. ગુરુનું તેજ જોતાં જ દિલ પોકારી ઉઠયું ભાઇ તારું આત્મ કલ્યાણ આ જ ગુરુ કરી શકશે. કરી દે જીવન સમર્પણ ગુરુ ચરણે. દિલ ઓવારી ગયું. ગુરુ ને ભાવિશિષ્ય વચ્ચે અનેક જાતની મંત્રણા–મસલતો થવા લાગી ઘણી–ઘણી વાતો કર્યા બાદ ગુરુએ સો ટચના સાચા વૈરાગ્યની પરીક્ષા કરી લીધી. વિરાગના દીવેલ–દીવેટથી આત્મદીપ તો સજ્જ હતો પણ એક માત્ર ચિનગારીની સ્પર્શના જ કરાવવાની બાકી હતી, જો સ્પર્શના થઇ જાય તો આ દીપ પ્રજવલ્લિત બની ઝબકી ઉઠે. સ્પર્શનામાં આવતા અવરોધને કારણે આ દીપ જલી શકતો ન હતો.

અટકાવ એટલો જ હતો કે "મારી દાદીમાનું શું ?" તેમનું વચન કેમ ઉલ્લંઘાય ? આ અવરોધ ટાળવા માટે શ્રી પ્રેમવિજયજી મહારાજે એટલું જ કહ્યું "ત્રિભુવન કોને ખબર છે કે તું પહેલો જઇશ કે તારા દાદીમાં પહેલાં જશે ?" બસ,

કોયડાનો ઉકેલ મળી ગયો. દીપને ચિનગારી સ્પર્શી ગઇ. દીપ પ્રજવલિત બન્યો હવે એક ઘડી પણ સંસારમાં કેમ રહેવાય ? સઘળી માનસિક તૈયારી સાથે એકદા

પહોંચી ગયો ગુરુદેવ પાસે. હર્ષથી ઝરતા શ્રાવણ–ભાદરવા સાથે બોલી ઉઠયા, "સંસારમાં રહેવું હવે વસમું લાગે છે, માટે મારો ઉદ્ધાર કયારે કરશો ? વહેલામાં વહેલું જે મુહૂર્ત આવતું હોય તે મુહૂર્તે મને મુંડી નાખો.

થોડી મસલતોના અંતે પૂ. ગુરુદેવો બોલ્યા, ભાઈ ત્રિભુવનનાં નજીકમાં પોષ સુદ ૧૩ નો દિવસ આવે છે તે અત્યુત્તમ છે તે સાંભળી બાળ ત્રિભુવન નાચવા લાગ્યા, નયનમાંથી હર્ષના બિંદુએ સરી પડયા. મકકમ મનની મકકમતા બતાવવાનો અવસર આવી લાગ્યો. ગુરુકૃપા ઝીલીને ત્રિભુવન પહોંચી ગયા દાદાગુરુ પાસે. રાત્રે ૧૧॥ વાગે દાદાગુરુ મહારાજને ઉઠાડી સઘળી વાતથી વાકેફ કર્યા. મુહુર્ત સાચવવા માટે ૨૭–૨૮ માઇલનો વિહાર કરી પૂ. મંગળ વિજયજી મહારાજાદિ સાથે બાળ ત્રિભુવન પહોંચી ગયા શ્રી ગંધાર તીર્થભૂમિમાં.

શ્રી ગંધાર તીર્થમાં તો શૂન્યમાંથી સૃષ્ટિ ઉભી કરવાની હતી. પૂર્વે સંકેત કર્યા મુજબ એક ભાઇ દીક્ષાના ઉપકરણો લઇને શ્રી ગંધાર તીર્થે આવી પહોંચ્યા. આંગળીના વેઢા પણ પૂરા ન ગણાય તેટલા જન સમુદાયની વચ્ચે મંદિરના રંગમંડપમાં લાડિલા ત્રિભૂવનની દીક્ષા વિધિ શરૂ થઇ. દરિયાઇ પવને ઉપાડો લીધો. સૂસવાટા પૂર્વક મંદિરના રંગમંડપમાં ઘૂમવા લાગ્યો. નાણુની ચોમેર મુકાયેલા દીવડાઓને આ પવન કયારે ભરખી જશે તે કહી શકાતું ન હતું ? દીક્ષા દાતાના નયનો અને મન તે દિવડાની જયોત ઉપર સ્થિર બેઠા હતા. ઝપાડાથી દિક્ષા વિધિ ચાલવા લાગી. મુંડનની પળો નજીક આવતાં અવસરને ઉચીત જાણીને શ્રી મંગળવિજયજીએ જાતે મુંડન ક્રિયા શરુ કરી. હજામ હાજર થતા બાકીની વિધિ હજામે પૂર્ણ કરી. મુહુર્તની પળ સચવાઇ ગઇ. ઉછળતા ઉલ્લાસે રત્નબાના લાડિલા ત્રિભૂવને આત્માના ચારિત્રરૂપ પ્રાણનું રક્ષણ કરનારું બખ્તર ઓઢી લીધું એટલે સંયમ સ્વીકારી લીધું. ઠેઠ સુધી દીપ–જયોતનું રક્ષણ હવાએ જ હાંડી બનીને કર્યું. આમ ત્રણ ભૂવનમાં શ્રી જૈનશાસનની ખ્યાતિ કરનારા બાળ ત્રિભુવનને **મુનિ શ્રી રામવિજયજી** તરીકે જાહેર કર્યા.

પ્રવજયા વિધિ હેમખેમ પૂર્ણ થઈ. પૂ. શ્રી મંગળવિજયજી મ. ના ચરણોમાં મસ્તક ઢળ્યું, મંગલ આશીર્વાદ વર્ષાવતા દીક્ષાદાતા પૂ. મુ. શ્રી મંગળવિજયજી મહારાજાના હૈયામાંથી એકાએક શબ્દો નીકળ્યા,

"આની સામે અનેક ઝંઝાવાતો જાગશે. ઝંઝાવાતોની સામે ટક્કર લેતો એમ લાગશે કે હમણાં જ એમનું તેજ બુઝાઇ જશે પરંતુ નાણુની આસપાસ રહેલા દીવડાઓ જેમ અણનમ–અખંડ રહ્યા તેમ આવેલા અનેક તોફાનો એમના ધર્મતેજને બુઝાવી શકશે નહિ. એમનું ધર્મતેજ વધુને વધુ પ્રજજવલિત બની ઉઠતાં, તોફાનીઓના તોફાનો

જગજાહેર ખુલ્લાં પડશે.”

આ શબ્દો એટલાં બધાં સાચા ઠર્યાં કે દીક્ષા લીધા પછી થોડાક કાળમાં ઝંઝાવાતી પવનનો વાયરો શરૂ થઇ ગયો.

દીક્ષાના સમાચાર વાયુવેગે પાદરા પહોંચી ગયા. સગાવહાલા ઝનુને ચઢયા. ગમે તે ભોગે દીક્ષા ભંગાવીને લાડીલા ત્રિભુવનને પાછો લાવ્યા વિના નહી જ જંપીએ ! ઘરે લઇ જવાની જોરદાર તૈયારી સાથે સૌ પહોંચી ગયા નુતન મુનિરાજ પાસે. પૂ ગુરુદેવોની સાથે શ્રી નુતન મુનિરાજે બધાની વાતો શાંતિથી સાંભળી. ભોગનું ખંડન કરતાં અને ત્યાગના મંડણની છણાવટ કરતાં એટલી મક્કમતા દર્શાવી કે બધાના ગોઠા ફીક્કાં પડી ગયાં ઝંઝાવાતો જબરો પવન ફૂંકવા આવેલા સૌ વિલે મોઢે પાછાં ફર્યાં.

ગામાનુંગામ વિચરતા એકવાર પૂ. ગુરુદેવોની સાથે શ્રી નુતન મુનિરાજ પાદરા પધાર્યાં. મારો લાડીલો મારો ત્રિભુવન પધાર્યો છે તે જાણી દાદીમા ના શરીરમાં મોહરાજાએ પ્રવેશ કર્યો. ઝંઝાવાતી પવન ચક્રાવા લેવા લાગ્યો. દાદીમા સામહપૂર્વક તેઓને પોતાના ઘરે લઇ આવ્યા. બારણા બંધ કરી દાદીમા બોલવા લાગ્યા, “તમારે દીક્ષા પાળવાની છૂટ પણ હું જીવું ત્યાં સુધી રહેવાનુ આ ઘરમા, બને તે ન બની શકે તો ગામના ઉપાશ્રયે રહેવાનું વચન આપો પછી જ તમને જવા દઉં” ઝંઝાવાતી પવનની મોહદશા દૂર કરતા શ્રી નુતન મુનિરાજ એટલું જ બોલ્યા. “વગર કારણે સ્થિર વાસ રહેવાની ભગવાનની આજ્ઞા નથી એ શું તમે નથી જાણતાં ”

બસ, લાડીલા દીકરાના માર્મિક વચનો સૂણીને મોહારાજા ઉભી પૂછડીએ ભાગી ગયો. દાદીમાએ પ્રતિબંધ ઉઠાવી લીધો. જવલંત વિજય સાથે શ્રી નુતન મુનિરાજ સ્વસ્થાને પધાર્યાં.

પહેલાં જ ચાતુર્માસમાં આંતરીક ઝંઝાવાતી પવને શ્રી રામવિજયજીને ઘેરી લીધા. આખુંય શરીર ભયંકર દાહની વેદનાથી ઘેરાઇ ગયું. સમાધિ ભાવમાં રમણુતા કરતા શ્રી રામવિજયજીએ પોણો કલાક ચાલે એવું એક ઈંજેકશન શાંતિથી લીધું. અને તે રાગે આંતરીક ઝંઝાવાતી પવનથી આવેલો આ દાહ ગયો તે ગયો. અશાતાના ઉદયે આવા આંતરીક ઝંઝાવાતી જીવલેણ પવનો અવરનવર ઘણાં આવ્યા. પરંતુ દરેક ઝંઝાવાતી તોફાનો એટલા જ સમતા અને અદ્ભુત સમાધિ સાથે સહન કર્યાં. શ્રી રામવિજયજીના માદંગીના માધ્યમે તો અનેકને ધર્મ પમાડયો છે. અશાતાનો ઉદય દૂર થયા પછી જ્યારે પહેલું પ્રવચન શ્રી રામવિજયજી આપતા ત્યારે આપણને ચોકકસ લાગતું કે માદંગીના કાળમાં તેઓશ્રીએ કેવું અદ્ભુત ચિંતવન કર્યું છે.

સંયમ સ્વીકારી હજી વર્ષ–દોઢ વર્ષ થયુ હશે ત્યાં તો એક સુધારાવાદી આચાર્યે વિધવા–વિવાહ નામક ઝંઝાવાતી ઝેર ઓકવાનું શરૂ કર્યું. તે અંગેના ઠરાવ કરવા એક સભા પણ તેમને યેાજી. પૂ. ગુરુદેવોની આજ્ઞાથી પહોંચી ગયા પડકાર ફેંકવા તે સભામાં. શ્રી રામવિજયજીની હાજરી જોઈ તે સુધારાવાદી આચાર્યના ઝંઝાવાતી હવાઈ કિલ્લાઓ કડડભૂસ થઈ ગયા. ઓંકારા ઝંઝાવાતી ઝેરનો પ્રતિકાર કરવાનો અવશર ઉપસ્થિત થયો જ નહિ.

અંધાધૂંધીના એ પવનમાં લાલન–શિવજીનું પ્રકરણ ઉભું થયુ. લાલન–શિવજી પોતાને ૨૫ મો તીર્થંકર કહેવડાવી, આરતી ઉતરાવતો હતો. અંધાધૂંધી પવનનો સામનો કરવા શ્રી જૈન સંઘ કોર્ટ ચઢયેા. જુબાની આપવા પૂ. સાગરજી મહારાજને આવવું અનિવાર્ય બનતાં શ્રી સંઘે શ્રી રાજવિજયજી ઉપર કશળ ઢોળ્યેા. ૨૫ મેા તીર્થંકર કોણ અને કોને કહેવાય તેની સ્પષ્ટ રજુઆત કોર્ટમાં કરી તેઓની પ્રતિજ્ઞા અને સત્ય પાતર ફના થઈ જવાની ધગશ જોઈ કોર્ટે ફેસલેા શ્રી સંઘની તરફેણમાં આપ્યેા. અંધાધૂંધી શમી ગઇ.

હજી આ પ્રસંગ પૂર્ણ થયેા ન થયેા ત્યાં તેા કાશીવાળા ધર્મસૂરિજીએ દેવદ્રવ્યનો નવેા વંટેાળ ચાલુ કર્યેા. આ વંટેાળ ભયંકર કટેાકટી ભરેતેા હતેા. પૂ. સાગરજી મ. અને શ્રી રામવિજયજી બન્ને અરસપરસ પૂરક બન્યા. અસત્યના વંટેાળને ખંખેરી નાખ્યેા. સત્યનેા ઝંડેા તેઓએ ફરકાવ્યેા.

આ રીતે સુધારકવાદીઓની, રાજકીય નેતાઓની, બેાકડા–બલીદાનાદિની ઝંઝાવાતી આંધીનેા નીડરતા પૂર્વક યેાગ્ય પ્રતિકાર કરી શ્રી રામવિજયજીએ સર્વેની મેલી મુરાદને ઉઘાડી પાડી દીધી.

તે અવસરે શ્રી રામવિજયજી મધ્યાહ્નના સૂર્ય જેવેા પ્રકાશ પાથરી રહ્યા હતા. તેમની જગપ્રસિદ્ધ જાદુઈ–વાણીથી જાણે દીક્ષાનેા રાફડેા ફાડયેા હેાય તેમ અનેક શ્રેષ્ઠિવર્યોએ તેમની પાસે સંયમ સ્વીકાર્યું હતું. આ જોઈ દીક્ષા–વિરેાધી વર્ગ પ્રબળ બનવા લાગ્યેા. વિરેાધીઓ દીક્ષાને વગેાવવા આકાશ–પાતાળ એક કરી રહ્યા હતા. એવામાં વિરેાધી વર્ગે શ્રી તિલકવિજયજી મહારાજના પત્ની રત્નબેહનને છમકલું કરવા ચઢાવ્યા. અમદાવાદ શેખનાપાડાની સભામાં જઈ રત્નબહેને શ્રી રામવિજયજીના કપડાં ખેંચવાની ધિઠ્ઠાઈ કરવા સાથે મારેા પતિ પાછેા આપેાનેા પેાકાર કર્યેા. મને રામવિજયજીએ મારી છે તેમ ખેાટી આળ ચઢાવી વિરેાધી વર્ગે રત્નબહેન પાસે ફેાજદારી કેસ કરાવ્યેા. હડહડતાં જુઠ્ઠાણા સામે સૌ સમસમી ઉઠયાં પરંતુ શ્રી રામવિજયજીની પ્રતિભા ઉપર અંશ માત્ર

પણ ફેર ન પડયો. કેસ ચાલ્યો. જુબાની લેવાઇ. ચુકાદાને દિવસે ઝગારા મારતી પ્રતિભા અને સત્ય-સમર્થનની ખુમારી જોઈને મેજીસ્ટ્રેટ મોમાં આંગળા નાખી ગયો. ચુકાદો શ્રી રામવિજયજીની તરફેણમાં આવ્યો. દીક્ષાને વગોવનારા વિરોધીઓનો પવન ત્યાં ને ત્યાં સ્થગીત થઈ ગયો. દીક્ષાના જયજયકારથી સમગ્ર ગગન ગાજી ઉઠયું.

૧૯૮૫ ની સાલનું ચાતુર્માસ મુંબઇ કરવાનો નિર્ણય જાહેર થતાં યુવક સંઘ આદિ સુધારક વર્ગના પેટમાં તેલ રેડાયું. શ્રી રામવિજયજી મુંબઈ આવશે તો આપણો ઝંઝાવાતી પવન ઠરી જશે માટે આપણે કાવાદાવા કરવા લાગીએ, આગમનને અટકાવવા કમ્મર કસીને મહેનત કરવા લાગ્યા પરંતુ શાસન રક્ષા ખાતર પ્રાણ આપનારા પૂ. ગુરુદેવો એમ કાંઇ ડરી જાય તેવા ન હતા. અનેક અવરોધો, અનેક વિઘ્નો અને અનેક ભયોને સાથે અનેકનો દબાણોની સફળ-સામનો કરી ચાતુર્માસ માટે પ્રવેશ્યા. પ્રવેશના દિવસથી જ જંગી મેદની સામે બાળદિક્ષા, દ્રવદ્રવ્ય, ઓચ્છવ-મહોચ્છવ, અને કેળવણી અંગે સચોટ માર્ગદર્શન પ્રસ્તુત કરવા માંડયું. વિરોધીઓ ઉશ્કેરાતા તેઓનું વાવાઝોડું વધવા લાગ્યું. ખૂનની ધમકીઓ મળવા લાગી. કાવતરા થવા લાગ્યા, શાસન રક્ષા કાજે પોતાના શરીરની પણ પરવા કર્યા વગર સત્યનું સમર્થન કરવા લાગ્યા. વિરોધીઓને નિષ્ફળતા મળવા લાગી. ભયંકર ઝંઝાવાતી પવનની સામે પણ શ્રી રામવિજયજીની અડોલતા ગજબ પ્રકારની પુરવાર થઈ ગઇ. બે ચોમાસા મુંબઈમાં કર્યા અને આ બન્ને ચોમાસામાં ઝંઝાવાતી વિરોધ નાબૂદ કરવાના પ્રયત્નો સાથે ઘણી શાસન પ્રભાવના પણ કરી.

મુંબઇના ઝંઝાવાતી બે ચોમાસા પૂર્ણ કરી પૂ. ગુરુદેવો સાથે શ્રી રામવિજયજી અમદાવાદ પધાર્યા. ૧૯૮૭ માં ભગુભાઈના વંડામાં દેશવિરતિ આરાધક સંઘનું પાંચમું અધિવેશન ચોજાયું. તેમાં ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કદમ ભરવાની વાત આવતા શ્રી રામવિજયજી ગંભીરતે રણહાક વગાડતા જણાવ્યું કે-

"આકાશ-પાતાળ એક થાય, ગમે તેટલા કલંકો માથે ચઢે, ગમે તેટલી કનડગત થાય, તો પણ પ્રભુની આજ્ઞા વિરુદ્ધ એક કદમ પણ અમે નહિ ભરીએ, અને પ્રભુ માર્ગના વિરોધીઓના પગમાં માથું ઝુકીને અમે નહિ જ જીવીએ પ્રભુ આજ્ઞા ખાતર અમે એકલા પડી જઇએ તો ય અમને શો વાંધો છે ? એકલા રહીને પ્રભુની આજ્ઞા માનવાનું-પાળવાનું ગૌરવ અનુભવીશું."

બસ, અધિવેશન પૂર્ણ થયું. જયાં જયાં પડે રામના પગલાં ત્યાં ત્યાં અયોધ્યા તો સર્જાતી હતી જ પરંતુ ઝંઝાવાતી પવનનો વંટોળ તો તેઓશ્રી પહેલાં જ પહોંચી

જતો. યુવક સંઘ આડુ પાઇને પાછળ પડયો હતો તેઓની ચઢવણીથી વિરોધી વર્ગ ધાંધલ–ધમાલ કરવા તૈયાર થઇ જતો હતો. ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય જ. અધિવેશન પૂર્ણ કરી પૂ. ગુરુદેવો સાથે પાટણ તરફ ચોમાસા માટે વિહાર કર્યો. પાટણનું વાતાવરણ અજબ ગજબ પ્રકારનું સર્જાયું હતું. એક બાજુ બાદશાહી આવકાર બીજી બાજુ વિરોધીઓનો ઉગ્ર વિરોધ કે "હે રામવિજયજી પાછા જાવ." ઘરડી–ઘરડી ડોશીઓએ પણ શ્રી રામવિજયજી કોણ છે એમ પૂછીને કાળા વાવટાઓ દેખાડયા હતાં. આવા અનેક પ્રકારના અવરોધો–અંતરાયોને શ્રી રામવિજયજીએ અડગતાથી ઓળંગ્યા હતા. ચાતુર્માસ ડહોળી નાખવા માટે વિરોધીઓએ પ્રબળ પુરુષાર્થ કર્યો પણ સફળતા ન મળી. શ્રી રામવિજયજીની પ્રતિભા અને સિંહનાદ સમી દેશનાએ વિરોધીઓને વધુ ઉગ્ર બનાવ્યા હતા. ઝંઝાવાતી વાયરો વાયે જતો અને શ્રી રામવિજયજી અડોલતાથી ઝંઝાવાતી વાયરાને નિષ્ફળ બનાવે જતા હતા.

તે અવસરે વડોદરા રાજ્યમાંથી ઝંઝાવાતી વંટોળીયો ફૂંકાવા લાગ્યો. ઝંઝાવાતી વંટોળ હતો સંન્યાસ દીક્ષા પ્રતિબંધના કાયદાનો. ઝંઝાવાતી વંટોળીયાની જાહેરાત થતાં જ ચોમેરથી ઉગ્ર વિરોધ ઉઠયો. શ્રી રામવિજયજીએ સિંહનાદ સમી જાદુઇ–વાણીના સૂર છોડવા માંડયા. તેઓશ્રીએ બાલ–દીક્ષા પ્રતિબંધ બીલની સામે સખત વિરોધ જાહેર કર્યો. અગ્રભાગ ભજવી બાલ–દીક્ષા પ્રતિબંધના બીલને રદ કરાવ્યું આ રીતે શાસન સામે આવેલો ઝંઝાવાતી વંટોળીયાનો દારુગોળો ફૂટયા વગર જ હવાઇ ગયો,

શાસન સામે આવતાં અનેક તિથિ આદિ ઝંઝાવાતી પવનોને સિદ્ધાંતિક રીતે દૂર હઠાવતાં હઠાવતાં અને ૩૦ થી વધુ વખત કોર્ટમાં સત્યની જયપતાકા ફરકાવી આવેલા શ્રી રામવિજયજી (તે વખત આચાર્ય) મુંબઇ–લાલબાગ પધાર્યા.

એક શહેરના પરામાં એક આચાર્યના ઉપદેશથી જિનમંદિરનું નિર્વાહ થઇ રહ્યું હતું. શ્રી સકલ સંઘ તે નામાંકિત આચાર્યના કહ્યા પ્રમાણે આરાધના કરતો હતો આ ચોમાસામાં પર્વતિથિનો ભેદ આવતો હતો તેથી એક ટ્રસ્ટીએ શ્રી સકલ સંઘને ભેગો કર્યો. અને વાત કરી કે–

"આ વખતે પર્યુષણ પર્વમાં સંવત્સરીનો ભેદ આવે છે. માટે સાચી આરાધના કયાં દિવસે કરવી તે આપણે સૌ આપણા ઉપકારી આચાર્યને પૂછાવીએ. જે જવાબ આવે તે પ્રમાણે આપણે આરાધના કરીશું. "શ્રી સકલ સંઘ સમ્મત થયો. તે ઉપકારી આચાર્ય ભગવંતને પત્ર લખી પૂછાવ્યું કે–

"કઇ તિથિએ સંવત્સરીની સાચી આરાધના કરવી તે અંગેનું યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી શ્રી સકલ સંઘ સાચી આરાધના કરવા ઇચ્છે છે માટે જલ્દીથી જવાબ આપશોજી"

પત્ર પહોંચ્યો તે આચાર્ય ભગવંતની પાસે અમદાવાદમાં. તેઓશ્રીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. બીજો પત્ર મોકલ્યો. તેનો પણ જવાબ આવ્યો નહી તેથી ટ્રસ્ટીએ ફરીથી શ્રી સકલ સંઘ ભેગો કર્યો. શ્રી સકલ સંઘને વાત કરી કે આપણાં પત્રનો જવાબ નથી આવ્યો તો હવે શું કરવું ? સૌએ જાહેર કર્યું.

સાચું શું છે તે તો આપણે જાણવું જ જોઇએ ? સાચું જાણવા માટે આપણે પૂ. વિ. રામચન્દ્ર સૂરિશ્વરજી મહારાજને કાગળ લખીએ તો કેમ ? તેઓ આપણે પ્રાયઃ સાચી સમજણ આપશે. પત્ર લાલબાગના સરનામે લખાયો. પૂ. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ વિગતવાર ખુલાશા સાથે પત્રનો જવાબ વાળ્યો. શ્રી સકલ સંઘ સમક્ષ તે કાગળ વંચાયો, સૌ આનંદીત બન્યા. અને જણાવેલ તિથિએ સૌ એ સાચી આરાધના કરી.

પર્યુષણ પર્વ પછી ટ્રસ્ટીઓ કોઇ કારણસર અમદાવાદ ગયા હતા. ત્યાં જઇને તેઓ ઉપકારી આચાર્ય ભગવંતની પાસે ગયા વંદન કરી તે પત્ર અંગેની વાત કાઢી. ધીરે રહીને આચાર્ય ભગવંતે કહ્યું,

"ખોટી વાતમાં હાથ અક્ષર અપાય ખરા !"

આ વાકય સાંભળતાં જ ટ્રસ્ટીઓ મત્થએણ-વંદામિ કહીને ઉભાં થઈ ગયા. પોતાના શહેર આવી શ્રી સકલ સંઘને ભેગો કર્યો. તે આચાર્ય ભગવંતના શબ્દો સૌને કહી સંભળાવ્યા. તે સાંભળી શ્રી સંઘ બોલી ઉઠયો "આચાર્ય ભગવંત આવી ખોટી આરાધના શા માટે સૌને કાવતા હશે ?"

બસ, તે દિવસથી સૌએ નિર્ણય કર્યો કે આપણે સૌ સત્યમાર્ગ પ્રરૂપક શ્રી રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજા જે પ્રમાણે શ્રી સંઘને આરાધના કરાવે તે પ્રમાણે આપણે કરવી.

ખરેખર ! આ ઝંઝાવાતી પવન વખતે સચોટ પ્રતિકાર રૂપ જવાબ વળ્યો ન હોય તો શાસનનું શું થાત !" શ્રી સંઘમાં આચાર્ય ભગવંત રાજા તરીકે છે. પ્રભુના શાસનને જીવતા રાખવાની ફરજ શ્રી આચાર્ય ભગવંતના શિર પર છે. પોતાની નિશ્રામાં રહેલા આત્માઓને જેટલી ખોટી આરાધના કરાવે તે પાપના ભાગીદાર તે આચાર્ય ભગવંત બને છે" તેવી ભગવાનની આજ્ઞાને જણાવનારા શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ હંમેશાં સત્ય-સન્માર્ગ-દર્શનનું પ્રતિપાદન કર્યું છે.

અન્ય ઝંઝાવાતી પવનોને હઠાવતાં હઠાવતાં પૂ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ અમદાવાદ નગરે ચાતુર્માસાર્થે પધાર્યા. આ ચાતુર્માસ સત્ય-નિષ્ઠાની અરેખરી કસોટી સમો સાબિત થયું તિથિ અંગે ભયંકર ઝંઝાવાતી વાતાવરણ ઉભું થયું. તિથિ પટ્ટકની

રૂપરેખાઓ તૈયાર થવા લાગી. શ્રી સકલ સંઘની એકતા કરવા માટે અગ્રણી શ્રાવકો તથા અનેક આચાર્યોએ તે અંગેના ચક્રો ગતિમાન કર્યા. ભલભલા આચાર્યો આ પટ્ટકની રૂપરેખામાં લપેટાઇ ગયા. તિથિ રક્ષાના અણનમ સેનાની અણનમ જ ઉભા હતા. શ્રી સકલ સંઘથી વિખૂટા પાડી દેવાની તૈયારીઓ થવા લાગી. ભયંકર કટોકટી સર્જાઇ. ભલભલા હચમચી જાવ તેવી પરિસ્થિતિ ઉભી થઇ. તે જોઇ ૧૯૮૭ માં ઉચ્ચારેલા શબ્દો, ફરીથી વિજય રામચ દ્રસૂરીશ્વરજી મહારાજાએ તિથિ રક્ષા કાજે ઉચ્ચાર્યા.

"જો એકતા કરવાની તમારી બધાની ભાવના હોય તો તમે (પૂ. આ. શ્રી મહોદય સૂરિશ્વરજી આદિ) બધા જાવ હું એકલો રહીને તિથિ અંગેનો સત્યમાર્ગ અખંડ રીતે જાળવી રાખીશ"

આ જાદુઇ-વાણીનો નાદ ગગનમાં ગુંજવા લાગ્યો. ધીરે ધીરે પટ્ટક પક્ષના ઉમેદવારોમાં અંદર-અંદર ભંગાણ પડવા લાગ્યું. કટોકટીભર્યું વાદળ વરસ્યા વગર જ વિખેરાઇ ગયું.

ઝંઝાવાતી વાદળોને વિખેરવા માટે પૂ. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સત્ય-નિષ્ઠ સૂર્ય સમાન બની ઝળહળી ઉઠયા. વિચરતા વિચરતા તેઓશ્રી ફરી પાછાં મુંબઇના આંગણે પધાર્યા.

ત્યાં તો ફરી પાછો શાસન સામે ઝંઝાવાતી પવન ફુંકાવા લાગ્યો. ઇષ્ટફળ-સિદ્ધિ-ચર્ચા, અને તિથિ આરાધક પટ્ટકની અશાસ્ત્રીયતા અંગેના પ્રશ્નો ઉપસ્થિત થવા લાગ્યા. પ્રતિકાર કરતાં વયોવૃદ્ધ ઉંમરે પહોંચેલા પૂ. વિ. રામચન્દ્રસૂરિશ્વરજી મહારાજા પણ કહેવા લાગ્યાં કે-

"શાસ્ત્ર સિદ્ધાંત રક્ષા ખાતર સિદ્ધાંત પક્ષે રહેવા જતાં કોઇથી અળગા થવાનો કે કોઇને અળગા કરવાનો અવસર આવે તો ય શું થઇ ગયું." આ જાતની શાસન સિદ્ધાંત રક્ષા કરવાની ખુમારી વધુ તેજસ્વી બનીને બહાર આવી. ઝંઝાવાતી પવન ફુંકનારાઓનું શું થયું તે તમે સૌ જાણો છો ?

હજી, શાસન સિદ્ધાંત રક્ષા કરવાનું કાર્ય પૂર્ણ થયું ન થયું ત્યાં તો અમદાવાદથી ભયંકર ઝંઝાવાતી વંટોળ ઉઠયો થયો આ વંટોળે પૂ. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને જણાવ્યા વગર જ યોજના વગર જ શ્રી શ્રમણ સમુદાયનું એક સંમેલન થઇ ગયું. આ શ્રમણ સંમેલનમાં શાસન વિઘાતક અને દેવદ્રવ્યના દુરુપયોગ આદિ. ને પ્રોત્સાહન આપતાં અનેક નિર્ણયો લેવાઇ રહ્યા હતા. તેની ગંધ આવતા પૂ. વિ. રામચન્દ્રસૂરિશ્વરજી મહા-રાજાએ સંમેલનના અગ્રણીઓનું તથા અગ્રણી બની લઇ રહેલા શ્રાવકોનું પણ તે અંગે ધ્યાન ખેરવું. યોગ્ય પરિણામ ન આવતાં દેવદ્રવ્ય, જિનપૂજા, તિથિ, ગુરુદ્રવ્ય આદિ

અનેક ઝંઝાવાતી નિર્ણયો સામે જોરદાર વિરોધ શરૂ કર્યો. તે અંગે વૃદ્ધવયે શરીરની દરકાર કર્યા વગર શાસન હૃદયી એક ધર્માચાર્યની અનોખી અદાથી શ્રી જિનશાસન રક્ષા સમિતિથી યોજેલ અનેક સભામાં પૂ વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ નિશ્રા પ્રદાન કરી. જેના પ્રભાવે સમગ્ર શ્રી જૈન સંઘમાં સુંદર જાગૃતિ આવી. મુનિ સંમેલનના અગ્રણીઓ વિચાર કરતા થઈ ગયા. અંદર-અંદર ભંગાણ પડવા લાગ્યું. નિર્ણયો કાગળ ઉપર રહી ગયા. સર્વાંગ સ્વીકાર ન થવાથી એ મુનિ સંમેલન નિષ્ફળ ગયું. આ રીતે ઝંઝાવાતી વંટોળ વાયા વગર જ ત્યાંને ત્યાં જ સ્થંભીત થઈ ગયો.

યુવક સંઘ આદિ અનેકોની મેલી મુરાદ આ રીતે ખુલ્લી પડી હતી.

ખરેખર ! ઝંઝાવાતી પવન દીક્ષા લીધી તે દિવથી શરૂ થયો હતો અને જીવનના અંત સુધી તે પવનનો અણનમ સેનાની બનીને તેઓએ સામનો કર્યો હતો.

"જેનો જન્મ પણ ઝંઝાવાત પવનની વચ્ચે થયો હતો.

જેનું સમગ્ર જીવન પણ ઝંઝાવાતી પવનની લડતમાં ગયું. અને જેનું મૃત્યુ પણ ઝંઝાવાની ઈતિહાસ સર્જનારું હતું."

એવા ઝંઝાવાતી પવનોની સામે ઢાલીમા એ પાયેલી ત્રિપદીની વચલી પંક્તિથી અનેકોને સંયમ માર્ગે જોડનારા તથા અનેકોને શાસન પ્રેમી બનાવનારા યુગપ્રધાન સદૃશ પૂજવા લાયક ખરા કે નહિ ?

ગુરુદેવ ! આવો હવે !

(તર્જ : દિલ એક મંદિર હૈ .....)

ગુરુદેવ ! આવો હવે, ગુરુદેવ ! આવો હવે;
પોકાર પાડે અંતર પળેપળ, ગુરુદેવ ! આવો હવે...
રઝળુ છું હું દ્વારે દ્વારે, પણ અણસાર ન પામું લગારે;
આતુર આ આંખો ઝંખે છે, દરિશણ આપો હવે..... ગુરુદેવ ! ૦
વાજિંત્રો સૌ સૂનાં પડયાં છે, પંખીડાં પણ મૌન બન્યા છે;
રાજા વિનાના મહેલસમું આ, દિલ શોભાવો હવે..... ગુરુદેવ ! ૦
જીવતરની ધરતી ધગધગતી, અટકાવો એને રણ બનતી;
મિટ માંડી બેઠો છું કરુણા,—જળ વરસાવો હવે... ગુરુદેવ ! ૦
આતમભવનમાં તિમિરો છવાયા, પગલે પગલે પટકાય કાયા;
જ્યોતિ બનીને આવો ગુરુવર ! તિમિર હઠાવો હવે... ગુરુદેવ ! ૦
'મોક્ષમંઝિલમાં' પહોંચવું મારે, રસ્તે ઊભી છે આંધી ભારે;
આપ વિના અહીં અટવાયો છું, ગુરુદેવ ! આવો હવે... ગુરુદેવ ! ૦

—પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિજયજી

ધ્રુવનો સિતારો જોઉં છું ને યાદ આવો છો તમે

—પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિજયજી મ.

(હરિગીત છંદ) (રાગ : મંદિર છો મુક્તિતણાં....)

જ્યારે નિહાળું ચાંદ સૂરજ સૃષ્ટિને અજવાળતાં,
જ્યારે નિહાળું વાદળાઓ જલકણો વરસાવતાં,
વહેતી સરિતની ધારને જ્યારે નિહાળું કો' ક્ષણે,
પરમોપકારી ! યાદ આવો છો તમે ત્યારે મને... ૧

નજરે પડે છે આભ ઊંચો કો' અડોલ પહાડ જ્યાં,
હે સત્યરક્ષક ! યાદ આવો છો તમે તત્કાળ ત્યાં,
પીડા સહી લઇ કંટકોની વિશ્વને સુરભિત કરે,
એવું ગુલાબ નિહાળતાં તમને જ આ દિલ સંસ્મરે... ૨

નિજદેહ પર કોઇ કુહાડાનો પ્રહાર કરે ભલે,
ચન્દનતરુ તો તેમને પણ દાન સૌરભનું કરે,
આ સાંભળ્યું ત્યારેય પણ ગુરુરાજ ! આપ જ સાંભર્યાં,
શું શિષ્ય કે શું શત્રુ સૌ તુજપાસ તો કરુણા વર્યાં... ૩

ઘડિયાળના ટક્ ટક્ અવાજે યાદ આવો છો તમે,
મુજને "પ્રમાદ કરો નહિ" એવું સુણાવો છો તમે,
કુક રે કુક તણા મધુર સાદે યાદ આવો છો તમે,
મને મોહનીંદરમાં સૂતેલાને જગાડો છો તમે... ૪

હું જોઉં છું કે તેજપુંજ સૂરજ ડુબે છે સાગરે,
ફરતો રહે છે ચાંદ ને ઝગમગ સિતારાઓ ખરે,
નક્ષત્રગણ પણ અસ્ત પામે છે ગ્રહો પણ આથમે,
ધ્રુવનો સિતારો જોઉં છું ને યાદ આવો છો તમે... ૫

આંધી અને અંધારમાં પણ એક સરખા વેગથી,
વહેતી અતત નૈયાતણી તસવીર દેખી જ્યારથી,
બસ ત્યારથી ઓ ! જૈન શાસનના સુકાની ! આપની !
મુજ હૃદયમંદિરમાં વસી દેહાકૃતિ રળિયામણી... ૬

સાબરમતીને તીર તે આરાધના ભવને અને,
'દર્શન' નિવાસગૃહે અરે ! આ સૃષ્ટિમાં સઘળે સ્થળે,

હર આંખમાં હર આશમાં છે આપની પધરામણિ,
જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી છે આપની... ૭

હું પૂછું છું લાખ્ખો જનોને એ ગુરુવર કયાં ગયા ?,
તે સૌ કહે છે દિલ બતાવી : 'આ-જુઓ ! એ આ રહ્યા !',
સાક્ષી શું આ દેવત્વની ? શું રૂપ વૈક્રિય આ ધર્યા ?,
આશ્ચર્ય મુજ મન ઊભરે છે : શા તમે જાદુ કર્યા ? !... ૮

સામાન્ય જનના હૃદયમાં મહાપુરુષ દેવાંશી તમે,
ને આર્યજનના હૃદયમાં શિવરમણીના પ્યાસી તમે,
જિન ભકતજનના હૃદયમાં તો યુગ પ્રધાન સમાન છો,
ગુરુરાજ ! મારા હૃદયમાં સાક્ષાત્ શ્રી ભગવાન છો... ૯

ચરણામ્બુજે લક્ષ્મી વસે હૃદયામ્બુજે પરમાતમાં,
કરકમળમાં શાસ્ત્રો વસે મુખકમળમાં મા શારદા,
કરુણતણાં વહેતાં અમીઝરણાં તમારા નયનમાં,
હે રામચન્દ્ર સૂરીન્દ્ર ! તમને મેં વસાવ્યા હૃદયમાં... ૧૦

નયણે વસેલા છો તમે વયણે વસેલા છો તમે,
શ્રવણે વસેલા છો તમે સ્મરણે વસેલા છો તમે,
આ રોમેરોમે અણુઅણુએ ને રગેરગમાં પ્રભો !,
હે રામચન્દ્રસૂરીન્દ્ર ! એક જ વાસ છે બસ આપનો... ૧૧

મુજ આંખના શણગાર છો મુજ આત્મના આધાર છો,
વાત્સલ્યના ભંડાર છો કરુણાતણા અવતાર છો,
'સવિ જીવ કરુ શાસનરસી' એ ભાવના ધરનાર છો,
તો ઢીલ છે શા કારણે ? કયારે મને પણ તારશો ?... ૧૨

રઝળી રહયો છું નિઃસહાય બની અહીં ચિરકાળથી,
દોષો અને દુરિતો ભર્યાં છે દિલમહીં ચિરકાળથી,
દુઃખોમહીં અતિદીન છું સુખલીન છું મતિહીન છું,
પણ એક આશ્વાસન મને : તુજ સ્મરણજલમાં મીન છું... ૧૩

આ આંખ સામે તરવરે છે એ મધુર ચહેરો હજુ,
દિલમાં સતત ગુંજી રહ્યો ઉપદેશ અલબેલો હજુ,
માટી સમા લાગે મને મૂડી અને મહેલો હવે,
લાગે ખરેખર 'મોક્ષ' મેળવવો મને સહેલો હવે... ૧૪

પરમપૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. નું નામ જૈન શાસનમાં યુગો સુધી ચમકતું રહેશે. સાત દાયકા સુધી તેમની વાણી ધર્મ-દેશના સાંભળી લાખો ભાવીકોના હૃદય પવિત્ર થયા. હજારોએ શુદ્ધ શ્રાવક ધર્મનું આચરણ કર્યું અને સેંકડોએ સંયમ સ્વીકાર્યું. તેઓશ્રીની વાણીમાં એવી અગાધ ચમત્કારીક દૈવી શક્તિ હતી કે એક જ વ્યાખ્યાન સાંભળી કુટુંબના કુટુંબે દીક્ષા લઈ લીધી ને તેઓ આજે તેમના ધર્મ સંદેશ ફેલાવી રહ્યા છે, તેઓશ્રી જે ઉપદેશ આપતા તે તેમના જીવનમાં ઉતરેલ હતો, જેથી તેમના હૃદયના ઉદગારોની શ્રોતાઓ ઉપર ચમત્કારી અસર થતી.

તેઓશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં "જૈન શાસનમાં સદા દિવાળી" જેવું વાતાવરણ કુદરતી નિર્માણ થઇ જતું. ધર્મ કરવા દાન આપવા કે કોઈ ધર્મ કાર્ય કરવા તેઓશ્રીના સુચન થતા લાખો રૂપીઆનો પ્રવાહ વહેતો એવી તેમના અનુયાયીઓમાં ગુરૂ ભક્તિ હતી અને છે. ફંડ ફાળા કરવાની જરૂરજ ન રહેતી. જ્યાં જ્યાં તેઓશ્રીના ચાતુર્માસ થતા ત્યાં લોકો ધર્મમય બની જતા જે તેમનો પ્રભાવ હતો.

આ સદીના મહાન જૈનાચાર્ય

- અમૃતલાલ વેલજી દોશી

દીક્ષાથી તે કાળધર્મ પામ્યા ત્યાં સુધી સત્યને માટે જાગૃતમતા રહ્યા ને તેમના હરીફ સુધારકોમાંના જે સમજવા માગતા તેઓ તેમના પરમ ભક્ત બની ગયા. આજે પણ અમને રાજકોટમાં વર્ધમાન નગર દેરાસરજીના સં. ૧૯૩૫ માં પ્રતિષ્ઠા વખતે તેઓશ્રી બહોળા સમુદાય સાથે પધારેલ. ને અંજન વિધિ વિધાન સહિત પ્રતિષ્ઠા થઇ તેનો આજ પ્રભાવ પ્રત્યક્ષ દેખાય છે. બાદમાં સં. ૧૯૩૬માં તેઓશ્રીના ચાતુર્માસ માટે વિચાર કર્યો. સંઘે તો જેમ પગલે પગલે નિધાન તેમ બધું વ્યવસ્થિત ગોઠવાઇ ગયું. ૧૯૩૬નું વર્ધમાન નગરના ચાતુર્માસમાં હજારો ભાવિકો વ્યાખ્યાનના સમય પહેલા પધારતા જેમાં ઇતર પણ ઘણાં ધર્મ પામી ગયા. બહોળા સમયમાં તપશ્ચર્યા અને જે ધર્મનો અવિચ્છેડ રંગ જોવા મળ્યો તે આજ પણ સ્મરણ પટમાં છે.

રોજ સવારે ચૈત્યવંદન સામુહિકમાં તેઓશ્રીની એકાકારતા જોઇ આજ પણ ભુલાતી નથી. તેઓશ્રી રોજ સૌને વાસક્ષેપ–પચ્ચકખાણ બાદ નાખતા તે જે માંસમાં અમારા મનમાં ખરાબ વિચારો નથી આવ્યા. એ તેમના પવિત્ર પુદગલોની પ્રત્યક્ષ અસર જોઇ અનુભવી, ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીનો ભક્તગણ ભારતભરમાંથી આવતો તે મહાનુભાવોના દર્શન કરતા એમ થાય કે કરોડોપતિ–મધ્યમ ને રોડપતિ સૌ પ્રતિ તેઓશ્રીનો સમભાવ તેઓના સાનિધ્યમાં ખંભાતનો, અમલનેરનો, સુરેન્દ્રનગરનો ને છેલ્લે રાજનગરનો ઐતિહાસીક દીક્ષા મહોત્સવો જૈન જગતમાં ભુલાશે નહિ. તેમ મુંબઇથી

સિદ્ધગિરી સુરતથી સિદ્ધગિરિ ખંભાતથી તથા રાજનગરથી છેલ્લે સિદ્ધગિરિ સંઘે હજારોને ધર્મારાધનામાં જોડી દીધા. આજે આપણે સૌએ તેમને બતાવેલ શુદ્ધ સત્ય રાહ ઉપર આગળ રહી સૌ એક અને અડીખમ રહી તેમના બતાવેલા રાહ ઉપર આગળ વધીએ એજ પ્રાર્થના. કોટી કોટી વંદન પૂજ્યશ્રીને અમારા.

ક્ષમાપ્રાર્થી વિરોધીઓ પ્રત્યે પણ સાચો વાત્સલ્યભાવ અને શાસન પમાડવાની-આરાધવાની તીવ્ર તમન્નાના સાહજિક ઉદ્‌ગારો.

૦ 'સૌ કોઇ ધર્મની અગત્યતા સમજો ને, સૌ કોઇ સદ્‌ધર્મ પામો, સૌ કોઇ મોક્ષાર્થી બનીને સદ્‌ધર્મને સેવો અને સૌ કોઈના આત્માનું કલ્યાણ થાઓ.''

'વર્ત્તમાનકાળમાં ધર્મ વિરુદ્ધનું જે કારમું પ્રચારકાર્ય ચાલી રહ્યું છે, તે જોતાં તમે ઉંધે રસ્તે હોરાઈ જાઓ, એમાં નવાઇ પામવા જેવું કાંઈ છે જ નહિ. મોડે મોડે પણ હિતકર વસ્તુનો વાસ્તવિક ખ્યાલ આવવા પામે, તોય એ પ્રશંસનીય ભાગ્યશાલિતા છે. 'જાગ્યા ત્યારથી સવાર'- એમ ગણીને, હવે તો શેષ જીવનને એવું બનાવી દો કે-*તમને મહાપુરુષે મેલેલી આ સામગ્રી નિષ્ફલ ન જાય, દુષ્કૃતકારક ન નિવડે*, પણ તમારા આત્માને મોક્ષની ખૂબ જ નિકટમાં પહોંચાડી દે!'

ગુણપૂજક બનજો, આત્માના ગુણો પ્રગટાવવાને માટે જ દેવ-ગુરુની સેવા અને ધર્મની ઉપાસના કરજો. ગુણવાનના ક્ષમથી પણ ગુણાભાસના પલ્લે ન પડી જવાય તેની કાળજી રાખજો. ગુણરાગને ખૂબ ખીલવજો, પણ વ્યકિત રાગથી સવધ રહેજો.'

—પૂનાથી કરાડ સુધીના પ્રવચનો!

સ્વપ્નામાં હે રામ! જોઉં છું...

[ગઝલ : તર્જ : હિલકે અરમાં આંસુઓ મેં....]

પ્રેમના નિર્જન નગરને જોઉં છું શૂન્યતાથી પૂર્ણ ઘરને જોઉં છું,
કેટલી છે વાર? આવી જા! હવે, કાગને ડોળે ડગરને જોઉ છું.
આગમન-અણસાર છે શું? રાતદિન- આસપાસ ચહલપહલને જોઉં છું.
કેટલું ચાલી ગયો મળવા તને, આજ એ લાંબી સફરને જોઉં છું.
અંત કયારે આવશે આ રાહનો?, શુભ-અશુભ ગ્રહની અસરને જોઉં છું.
સ્વપ્નામાં હે રામ! તુજને જોઇને, હું હવે મારી નજરને જોઉં છું.
રે! હતાશા સાંપડી મુજને બધે, 'મોક્ષની' સૂની ડગરને જોઉં છું.

—પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ.

એ અપૂર્વ જ્યોતિ

- મંજુલાબેન રમણલાલ
(અમદાવાદ)

શ્રી જૈન શાસનની જ્યોતને જગતભરમાં ઝળહળતી રાખનાર એ અપૂર્વ જ્યોતિની યાદી દિલમાં ઝણઝણાટી પેદા કરે છે. નયનો વરસી પડે છે અને હૈયું ઘ્રાસકો અનુભવે છે કે હવે અમારૂં શું થશે ? અંધકારના ઓવારણામાં સાચો માર્ગ કોણ બતાવશે ? સ્વાર્થથી ખદબદતા સંસારની જેમ તેની અસરમાં આવી સુધારકનું લેબલ લગાવી આધુનિકતાને અપનાવવા મથતા સંતોમાં પણ સિદ્ધાન્ત રક્ષાની જ્યોતિ કોણ જગાવશે ? એ અપૂર્વ જ્યોતિમાં આગિયાઓની આભા જણાતી ન હતી. આજે એ જ્યોતિના પેંગડામાં પગ ભરાવવાની લાયકાત પણ નહિ ધરાવનારા પોતાને મહાન જ્યોતિ માની રહયા છે ત્યારે દિલને બેહદ દુઃખ થાય છે જે જ્યોતિએ સત્યધર્મનું અને મુક્તિપાજનું દર્શન કરાવી સૌને મુક્તિપંથે ચઢવાનો સાચો માર્ગ બતાવ્યો. તે જ્યોતિ ગત આષાઢવદિ ચતુર્દશીએ અવનીતળ પરથી અદૃશ્ય થઇ ગઇ. તેથી વિબુધજનોમાં ગ્લાનિ પ્રગટી, સાધુજનોમાં હાહા કાર થયો પણ કુમત રૂપી ઘુવડો અને તેજોદ્વેષ ઇર્ષ્યાદિથી પીડાતા આનંદને પામ્યા. ઉત્સાહિત થયા

જે જ્યોતિનું નામ પણ આત્માને પાવન કરનારૂં છે, જે નામનું મંજુલ ઉચ્ચારણ રોમાંચને ખડા કરનારૂં છે, ભકિતથી નમ્ર બનાવનારૂં છે. જેમનું આલંબન આરોહ–અવરોહોને મજેથી પાર પમાડનારૂં છે. તે જ્યોતિ એટલે આજથી ૯૬ વર્ષ પૂર્વે ખંભાતના કહેવાણ નામના પરગણામાં પાદરા નિવાસી શ્રેષ્ઠી શ્રી છોટાલાલભાઇના કુળને અજવાળનાર અને માતા શ્રી સમરથબેનની કુખને ત્રિભુવનમાં વિખ્યાત કરનાર રત્ન-પારખુ ઝવેરી સમાન રતનબાની અનુભવી આંખોએ પારખેલ. ભાવિનું શ્રી જિન શાસનનું અણમોલ રતન ત્રિભુવનપાળનું જીવની જેમ કરેલ જે જતન અને જૈન જૈનેતર જગતમાં 'મુનિ શ્રી રામ વિજયજી' લાડીલા નામથી વિખ્યાતિને વરી', થયેલ પ. પૂ. પરોપકારી આચાર્ય દેવેશ **શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.**

કાળની ગતિ ન્યારી છે. ત્રિભુવનપતિ શ્રી મહાવીર પરમાત્મા પણ સૌધર્મેન્દ્રની વિનંતી ક્ષણવાર આયુષ્ય વધારવાની માન્ય કરી શકયા નહિ, જન્મે તે અવશ્ય મરે જ.

આજે દુર્જનો સજ્જનોના નામે પૂજાય છે. દંભીઓ શાહુકારના નામે લીલાલહેર કરે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીના નામે મનાય છે. હિંસકો અહિંસાના પયંગબર ગણાય છે. આવી આજની વિષમ સ્થિતિમાં પણ એ જ્યોતિને જેઓ પોતાના હૃદય મંદિરમાં સ્થાપન કરશે, તે જ્યોતિનું જ અવલંબન લે છે. તેઓ સાચી દિશામાં પગલું ભરી–શકશે.

જય હો તે અપૂર્વ જ્યોતિનો !

અગણિત ઉપકારો વરસાવનારી તે જ્યોતિને

વંદન હો.....વંદન હો.....વંદન હો...!

શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મ-કથા એ પાંચે પ્રકારે 'સ્વાધ્યાય, નામના અભ્યંતર તપધર્મના ફરમાવવામાં આવ્યા છે. તે જ રીતના પ્રાર્થના, સ્તવના, અને તત્વ ચિંતન એ ત્રણને પણ સ્વાધ્યાયના ભેદ તરીકે વર્ણવામાં આવેલ છે.

પરમોપકારી ગુણવંત એવા મહાપુરૂષોની સેવામાં નમ્ર બનીને વિનીતભાવે હૈયાની આજીજી સ્વરૂપ પ્રાર્થના નામનો સ્વાધ્યાય છે. નિરાશંસભાવે શ્રી વીતરાગ પરમાત્માદિ મહાપુરૂષોની સેવામાં કરાતી આ પ્રાર્થના પણ આત્મ કલ્યાણના બીજભૂત છે.

મહા ગુણવંત પુરૂષોની સ્તવના એ બીજો પ્રકાર છે. જેમાં પરમારાધ્યપાદ પુરૂષોની ગુણ સ્તુતિ અને પોતાના દુષ્કૃતોની નિંદા-ગર્હાનો આમાં સમાવેશ થઇ જાય છે. આ સ્તવના દ્વારા આત્માને પોતાની અધમતાનું ભાન થાય છે અને પૂજ્ય પુરૂષોની ઉત્તમતાને જાણી, તે મેળવવા પ્રયત્નશીલ બને છે. 'પૂજક પણ પૂજક મટી પૂજ્ય બની જાય છે' તેમ જે કહેવાય છે તે આ સ્વાધ્યાયનું જ ફળ છે. તેમ કહેવું જરાપણ ખોટું નથી.

પ્રભુ ભક્તિમાં તન્મયતા

- પૂ. સા. શ્રી ગુણશ્રીજી મ.

તત્વ ચિંતન સ્વરૂપ સ્વાધ્યાય એ ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલા તત્વોના પરિશીલન રૂપ છે. મનન-ચિંતન દ્વારા પરિશીલનતાના યોગે હેય અને ઉપાદેય તત્વોનું વાસ્તવિક જ્ઞાન થાય છે.

ભગવાનના માર્ગની શ્રદ્ધા અખંડ બને છે અને ચારિત્ર ધર્મની નિર્મળતા પણ થાય છે અને પ્રાપ્તિ પણ થાય છે.

સ્વભાવદશામા જ રમણતાનો પૂરો અનુભવ થાય છે. સ્વાધ્યાયના આ ત્રણે ગુણો પરમારાધ્યપાદ પરમતારક પરમ ગુરૂદેવશ્રીજીના જીવનમાં યથાર્થ જોવા મળતા હતા. પૂજ્યશ્રીજીની સાથે જેઓએ ચૈત્યવંદન કર્યા હશે તે બધાને આનો પૂરો અનુભવ છે કે પૂજ્યશ્રીજી જે ભાવોઉલ્લાસથી ચૈત્યવંદનો બોલતા, તેનો અર્થ ન સમજનારા તો પણ સાંભળનારને અપૂર્વ આનંદ આવતો હતો.

પ્રભુભક્તિમાં તન્મયતાનો અનુભવ થતો હતો જાણે પૂજ્યશ્રીજી ભગવાન સાથે એકાકાર ન બની જતા હોય તેવો ભાસ થતો! પૂજ્યશ્રીજીના તત્વચિંતનો તો સૌ કોઇ શ્રોતાઓને અનુભવ છે કે, ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનના ગહન-અતિગહન-માર્મિક પદાર્થોને એકદમ સરળ-સુબોધ-સ્પષ્ટ ભાષામાં સમજાવવાની શૈલી જે પૂજ્ય શ્રીજીને હસ્તગત કળાની જેમ સિદ્ધ થઇ હતી માટે તો વડીલોએ 'વ્યાખ્યાન વાચસ્પતિ' ઉપાધિથી અલંકૃત કર્યો હતો.

પૂજ્યશ્રીજી જેવી પ્રભુભક્તિમાં તન્મયતા કેળવી, રાગાદિ દોષોનું દહન અને આત્મ ગુણોનું પોષણ-પ્રાપ્ત કરી આત્માને અનંત-અક્ષય જ્ઞાનાદિ ગુણ-લક્ષ્મીથી વિભૂષિત કરીએ તેજ હાર્દિક મંગલ કામના.

આ!. મહાપુરૂષનો પુણ્ય પરિચય તો પહેલેથી જ હતો. ભલે તેઓશ્રીના નિકટના પરિચયમાં બહુ આવવાનું બન્યુ નથી. મારી માતા અને પિતાના સંસ્કારો તથા ઘરના ધાર્મિક વાતાવરણને લીધે **પૂ. શ્રી બાપજી મ.**ની અને આ પૂજ્ય શ્રી આચાર્ય મહારાજની પાસે વંદનાદિ માટે અવારનવાર જવાનું બનતું.

મારા ભાઇ મહારાજ પૂ. શ્રી પ્રશાન્ત દર્શન મ.ના કારણે પૂ. આચાર્ય મહારાજના શ્રી મુખેથી મંત્રાક્ષર સમાન હિતશિક્ષાની કવચિત પ્રાપ્તિ પણ મને થતી.

ભૂતકાળના અશુભોદયે મને પગના ઢીંચણના વાનો, ને કમરનો દુઃખાવો સતત થતો. પગમાં પાણી ભરાઇ જતા ત્યારે અસહ્ય પીડા થતી આચાર્ય મહારાજની સેવા ભક્તિ કરનારા ધર્મપ્રેમી ડૉ. શ્રી ધર્મેશ ભાઈની હું પણ દવા કરતી. તેમની દવાથી થોડીઘણી રાહત થતી. એકવાર તેઓએ મને કહ્યું કે– "બેન ! તમારો આ રોગ લાખો દર્દીમાં માત્ર એકાદ વ્યક્તિને થાય તેવો છે લાકડા ભેગા ન થાય ત્યાં સુધી તેનો કોઇ ઉપાય નથી." "ત્યારે મેં પણ હસતાં હસતાં કહ્યું કે– "મને ય ખબર છે."

સમાધિદાતા જનકસમા
પૂ. ગુરૂદેવશ્રી
– બ. સૌ જયાબેન કલ્યાણજીભાઇ
– અમદાવાદ

મારા ભાઇ મહારાજે એકવાર પૂ. શ્રી આચાર્ય મહારાજને કહ્યું હતું કે– આને આવો રોગ છે તો સમાધિ જનક બે શબ્દો કહો.

ત્યારે પૂજ્ય આચાર્ય મહારાજે મને કહ્યું હતું કે "આપણા પાપનો ઉદય આવે ત્યારે આપણને દુઃખ આવે. જેમ સુખ મજેથી ભોગવીએ છીએ. થોડા સુખમાં આનંદ આવી જાય છે. તેમ દુઃખ પીડાને મજેથી વેઠવી જોઇએ. વેઠવાનો અભ્યાસ પાડવા જોઇએ. તીવ્ર કર્મનો ઉદય હોય તો કોઇપણ ઉપાય પણ કામ ન આવે. ઉપાય કરીએ તેમ પીડા પણ વધે. તે વખતે ભગવાનનું નામ–સ્મરણ લેવું. શરણ સ્વીકારવું તે જ દુઃખ મુક્તિનો સાચો ઉપાય છે. શ્રી નવકારમંત્ર ગણવો. તે ય ન ગણાય તેવું હોય તો સામાયિક કરવું સારૂં વાંચન કરવું. પિતાની જેમ વાત્સલ્યભાવે આપેલી આટલી હિત-શિક્ષા મારા હૈયામાં બરાબર કોતરાઇ ગઇ. કાનમાં હજીય ગુંજ્યા કરે છે. આવા સમાધિદાતા જનક પૂ. ગુરુદેવેશના ચરણમાં કોટાનુંકોટિ પ્રણામ કરી વિરમું છું.

અનાદિની કદાગ્રહોની વાસનાને દૂર કરી સદાગ્રહના સંસ્કારોનું સીંચન કરનાર સૂર્યની પ્રભાની જેમ તેજસ્વી શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ !

સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય ગચ્છાધિપતિ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની અણધારી વિદાય ! એક દિવ્ય અને મધુર સ્વપ્ન જાણે અધૂરું જ રોળાઇ ગયું કે પ્રકાશના કિરણો પાથરીને પશ્ચિમ આકાશે અસ્ત પામતો સૂર્ય અને ફોરમ ફેલાવી વિદાય થઇ ગયું તેમના જીવનમાં ગુણિયલ વ્યક્તિત્વ હતું.

પૂજ્યશ્રી ભૂતકાળના હૃદયના ક્રોડિયામાં સમાધિના દીવડાને સુસ્થિર બનાવી અરિહંત અરિહંત પદની રટણામાં જ દિવ્યલોકે સિધાવ્યા સમગ્ર જૈન શાસન જેમની ચિરવિદાયથી નાથ અને નાયક વિહોણો બની ગયો. જેના વિયોગથી ગામોગામના સકલ જૈન સંઘે એક ચમકતો રત્ન ચિંતામણી એવો કોહિનુર હીરો ગુમાવ્યો જાણે ગગનમાંથી તારલો ખરી પડયો ન હોય.

પૂજ્ય શ્રી શાસ્ત્ર રક્ષા માટે અચલ હતા પ્રવચનોમાં આત્માના ઉદ્ધારની વાતો સિવાય લૌકિક વાતોને તિલાંજલી હતી. વિરોધીઓ માટે પણ ભાવ દયાના સાગર હતા, સંસાર ભૂંડો મોક્ષ જ રૂડો ને સંયમ લેવા જેવું આ એમના જીવનનો અનુપમ મુદ્રાલેખ હતો. સત્ય ખાતર અનેક સંઘર્ષોને વેઠી જગત સમક્ષ સત્યનું નજરાણું સમર્પ્યું, ભર

પૂર્વ-પૂણ્ય થી પૂરા

—પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી, જામનગર

યુવાનવયમાં સંસારની મોહ માયાનો ત્યાગ કરી. સંયમ સ્વીકાર્યો પછી. એમણે જે આરાધના અને શાસન પ્રભાવના કરેલ છે. એનો જોટો જડવો મૂશ્કેલ છે. એમના જીવનમાં નાનપણથી જ વણાયેલી ધીરજ અને ખંતભરી ચીવટે બહુ જ ઝડપથી એમને શાસનના કાર્યોની જવાબદારી સંભાળવામાં યશસ્વી બનાવી દીધા.

પૂજ્ય શ્રી. ને માથા પર અસીમ ઉપકાર હતો અને તેમના ઉપકારોની વર્ષોની રેલીથી સંયમ જીવનમાં આરાધના તપ ત્યાગમાં આગળ વધી શકી તેમની નિશ્રામાં સાબરમતી અમદાવાદ પૂજ્યશ્રીના શ્રી. મુખે મે ૬૯ મી ઓળીનું પચ્ચખાણ લીધું હતું અને ૧૦૦ મી ઓળી પણ દિવ્યકૃપાથી નિર્વિઘ્ને પૂર્ણ થઇ ગઈ એવા પૂજ્ય શ્રી સાધક અને સિદ્ધ તરીકે જીવન જીવી જનારા તે મહાત્મા સમાધિની સિદ્ધિભર્યું મૃત્યુ વર્યા તે આનંદનો વિષય હોવા છતા એક આરાધક પ્રભાવક મહાપુરૂષની શાસન સમુદાયને ખોટ પડી, તેઓશ્રીના વિરહની વ્યથામાં વ્યથિત આશ્રિતવર્ગને સ્વર્ગીય પૂજ્યશ્રીની આરાધનાનો આદર્શ અને પ્રભાવના રક્ષાનો પાઠ ભાવિજીવનના ઘડતરમાં નિમિત્ત બની રહેશે. મૃત્યુને મહોત્સવ બનાવી જનારા ઓ શાસન સંરક્ષક યુગ પુરૂષ ! અમને દિવ્ય લોકમાંથી દર્શન દેશોને ? અમારા આત્માને હર્ષની ઉર્મિઓથી ઉછેરજો.

પૂજ્ય શ્રી આચાર્યદેવને ત્રિવિધે ત્રિવિધે વંદનાવલી

ગુણીયલ ગુરૂના ગુણ હું શું ગાવું

- પૂ. સા શ્રી અનંતદર્શિતાશ્રીજી

મહાપુરુષો ફરમાવે છે કે "જન્મ એ વિકૃત્તિ છે. અને મરણ એ પ્રકૃતિ છે." જે જન્મે તે અવશ્ય મરે છે. જન્મેલાએ મરણ કેવું બનાવવું તે તેના હાથની વાત છે. પરન્તુ મહાપુરુષોનું મૃત્યુ પણ મંગલરૂપ હોય છે, મહોત્સવ રૂપ બને છે. ઉપકારી મહાપુરુષના વિરહનું દુઃખ થાય તે સહજ છે. તેમની યાદ આપણને ક્ષણે ક્ષણે સતાવે તેમ પણ બને. મૃત્યુને શાસ્ત્રકારોએ વૈરાગ્યનું કારણ કહ્યું છે પણ હવે તે સ્મશાનીયો વૈરાગ્ય પણ લોકોને થતો નથી.

કોઈનું પણ મૃત્યુ નિહાળી જીવનની અનિત્યતા અને ક્ષણભંગુરતા નિહાળી જીવનને વધુને વધુ ધર્મમય બનાવવું જોઈએ, આત્મલક્ષી બનાવવું જોઈએ. વહેલામાં વહેલું આત્મદર્શન આત્મસ્વરૂપ પ્રગટ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ.

પુષ્પોની સુવાસ ભ્રમરોને દૂર-સુદૂરથી આકર્ષિત કરે છે તેમ તેની મહેક મનુષ્યોને પણ અપૂર્વ ખુશ્બુ આપે છે. તેવી જ રીતે મહાપુરુષોનું જીવન એક ઉપવન જેવું છે. ઉપવન પાસેથી પસાર થતાં અંદર જવાનું મન રોકી શકાતું નથી તેમ મહાપુરુષ પાસે ગયેલો માણસ કાંઈને કાંઈ સુવાસ મેળવીને જ આવે છે. પછી તેની અસર કેવી રહે કયાં સુધી રહે ! તેની યોગ્યતા ઉપર અવલંબે છે. પણ 'પરોપકારાય સતાં વિભૂતયઃ' ઉક્તિને મહાપુરુષો યથાર્થપણે ચરિતાર્થ કરે છે.

જે ઉપકારી ગુરૂ ભગવંતના ગુણગાન ગાવા છે તો તેઓશ્રીજીના જીવન ઉપવનમાંથી શું શું મેળવવાનું બાકી નથી રહ્યું તે જ સવાલ છે. સિંહ જેવી સાત્વિકતા, સાગર જેવી ગંભીરતા, ચંદ્ર જેવી સૌમ્યતા સૂરજ સમાન પ્રતાપતા, બાલક જેવી નિર્દોષતા-સરળતા-નિર્દંભતા ! એક ગુણને યાદ કરૂં ત્યાં તો માનસપટ ઉપર બીજો ગુણ આવીને ઊભો જ હોયને ! નિસ્પૃહતા તો ગજબની, આત્મ જાગૃતિ અપૂર્વ, સંયમમાં અપ્રમત્તા તો ચાર ચાર ચાંદ ચઢાવે તેવી, વાત્સલ્યતા તો સંપૂર્ણ દેહમાં વાસ કરીને રહેલી ! સહનશીલતા તો સાહેબજીની જ ! સુકુમળ દેહ અને શૂળ જોંકાય તેવી પીડામાં પણ મુખ ઉપરની પ્રસન્નતા અને નિર્વાણપદની જ તાલાવેલી પણ ભલભલાના મસ્તક ઝુકાવે તેવી ! સિદ્ધાન્તપક્ષે અણનમતા મેરૂ સમાન. માટે જ કવિએ ગાયું પણ છે કે "ડગે મેરુ ન ડગે ટેકીલો રે લોલ એવા ગુરુ શ્રી રામચન્દ્રસૂરિજીને વંદીયે રે લોલ."

ગુરૂભક્તિ અને વિનય પણ સાહેબજી પાસેથી જ શીખવો પડે. પ્રભુ ભક્તિમાં તન્મયતા, સ્વાધ્યાય રસિકતા અને સંયમપ્રિયતા તો સાહેબજીના પડછાયા જેવી અભિન્ન-પર્યાય રૂપે બનેલો. હાજર જવાબીતા તો ભલભલા દિગ્ગજ વિદ્વાનોના મસ્તક ડોલાવી જતી અને વ્યાખ્યાન શક્તિના તો વિરોધીઓ પણ બે મોઢે વખાણ કરતાં થાકતા નહિ.

શાસ્ત્રાનુસારિતા તો રગેરગમાં વ્યાપીને રહેલી. શાસ્ત્ર ચુસ્તતા, સિદ્ધાંતનિષ્ઠા, સત્યપ્રિયતા અને સ્પષ્ટભાષિતાનો સાહેબજીનો આશ્રય પામી જૈન શાસનના નીલગગનમાં મજેથી વિહરતી હતી તે કદાચ આજે નિરાધાર બનેલી, નિરાશ્રયી થયેલી, બોર બોર જેવડા આંસુ સારતી કોઈક ખૂણામાં બેઠી હશે !

શાસન પ્રભાવના તો સાહેબજીએ કરી ! શાસન રક્ષામાં તો સાહેબજી જ અગ્રેસર હતા. લોકમુખે સાહેબજીનું નામ જ ચઢી આવે. આરાધના પણ અનુપમ કરી સમાધિ પણ સાહેબજી જ સાધી ગયા.

આવા સમાધિ સર્જકનું સાંગોપાંગ સંપૂર્ણ જીવન દર્શન મારી જેવી અબુધ બાલા કયાંથી કરાવે ! તેવી મારી તો શકિત પણ નથી. પણ ઉપકારીની ભકિતથી પ્રેરાઇને આ એક આલેખનનો અલ્પ પ્રયત્ન કર્યો છે. આમાંનો એકાદ ગુણ પણ જો આપણે આત્મસાત્ કરીએ લઇએ, તે ગુણના કમમા કમ ગુણના રાગી-પૂજારી પણ બની જઇએ તો પણ ઘણું છે.

તે માટે આ પુણ્ય પુરૂષે ખેડેલા માર્ગે સૌએ પા પા પગલી ભરવી જરૂરી છે તે વાત સમજાવવી જરૂર નથી ને ?

-- 卐 --

'સંસાર સારો, એમાં રહેવામાં હરકત શી ?' આ વાતમાં જો સાધુ 'હા' ભણે તો શ્રાવક સંસારમાં રહીને પાપ બાંધે અને એ નામદાર એમાં ટેકો આપીને પાપ બાંધે. શાસ્ત્રમાં કહ્યું છે કે-'**ધર્મોપદેશક શ્રોતામાં સર્વવિરતિની લાલસા જગાડયાં વિના જ સીધો દેશવિરતિનો નિયમ આપે તો એ નિયમ લેનારની બાકીની અવિરતિના પાપનો હિસ્સેદાર એ બને.**' કારણ કે રૂપિયાને બદલે પૈસો કોણ આપે ? કાં તો કૃપણ અને કાં તો અશકત, જેની પાસે માલ ન હોય તે પુણ્યશાલી તો સોનૈયા જ ઉછાળે, એવી શકિત ન હોય તો રૂપિયા ઉછાળે; તે ન હોય તો પૈસા ઉછાળે, પૈસા પણ ન હોય તો પાઇઓ ઉછાળે. સાધુ શકિતહીન નથી. એની પાસે તો પાંચ મહાવ્રતો રૂપી રત્નો ભોજુદ છે. પાંચ મહાવ્રતો રૂપી અઢળક ધન ધરાવનાર સાધુ કૃપણતા કયા પાપે બતાવે ? જો સાધુ કૃપણતા કરે તો એ એની કમનશીબી.

—સંઘ સ્વરૂપ દર્શન-૪

ઘોર અંધારી રાત્રિએ પોતાના ગામ (ઇષ્ટ સ્થાને) જવા નીકળેલા મુસાફિર રસ્તો ભુલવાથી, જ્યાં ત્યાં અથડાયા કરે છે પણ સાચો રસ્તો મળતો નથી. તેમ જ અથડામણમાં અનેક દુઃખો ભોગવે છે. થાક લાગે છે પગે ઉઝરડા વાગવાથી તેમજ કાંટા અને કાંકરા વાગવાથી લોહિલોહાણ થાય છે. ત્યારે તે જીવ વિચાર કરે છે કે હવે તો પ્રભાત થાય. તે સાચો રસ્તો મેળવીને મારા ઇષ્ટ સ્થાને પહોંચી શકું. પણ જ્યારે રસ્તો બહું દૂર રહી જવાથી–પ્રભાત થયે છતે પણ પોતાનો રસ્તો મેળવવા સહાયકની જરૂર પડે જ છે. તે વખતે કોઇ સહાયક મળી જાય. અને સાચે રસ્તે ચડાવી દે તો તે મુસાફીર તેનો કેટલો ઉપકાર માને છે. વારંવાર કહે છે કે ભાઇ ઉપકાર કદી પણ ભુલીશ નહિ.

આવી જ રીતે મિથ્યાત્વ રૂપિ અંધકારમાં અનંતા કાળથી ભુલો પડેલો આત્મા-અનંતા–કાળથી અથડાતાં–અનેક દુઃખોનો અનુભવ કરતો આત્મા જ્યારે સમ્યકત્વ રૂપી પ્રભાતને પ્રાપ્ત કરે છે–ત્યારે કંઇક શ્વાસલે છે. કે હવે હું મારો ઇષ્ટ (મોક્ષનો) રસ્તો મેળવી શકીશ. પણ તે સમયે પણ કોઇ સહાયક (કલ્યાણ મિત્ર) ગુરૂભગવંતની જરૂરત

મોક્ષ માર્ગના દાતા

—પૂ. મુનિરાજદેવચંદ્ર વિજયજી મ. અમદાવાદ

પડે છે. જ્યારે કલ્યાણ મિત્ર એવા સુગુરૂનો મેળાપ થાય છે જ્યારે તેઓશ્રી ઉપદેશ આપવા દ્વારા સાચો રસ્તો બતાવે છે ત્યારે તે જીવ કેટલો ઉપકાર માને છે કે–હે ગુરૂદેવ ! આપ શ્રી.નો મારા ઉપર મોટો ઉપકાર થયો કે મને સાચો રસ્તો પ્રાપ્ત થયો તમારા ઉપકારનો બદલો કંઇ રીતે વાળી શકીશ– કહ્યું છે કે સમકિત દાતા ગુરૂતણો પ્રત્યુવહાર ન થાય ભવ કોટા કોટી લગે, કરતાં કોટી ઉપાય," હે ગુરૂદેવ ! આપ ન મળ્યા હોત તો મારૂ શું થાત ! એવા અનેકોના કલ્યાણ મિત્ર, અનેકોના સમકિત દાતા અનેકોના સંયમ દાતા એવા જિન શાસનના રત્ન સમાન પૂજય ગચ્છ અધિપતિ શ્રી **મદ્વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા,** કે જેઓ શ્રી એ પોતાની ૬૬ વર્ષની દીર્ઘ વય સુધી અથવા ૭૯ વર્ષના સંયમ પર્યાય સુધી પોતાનાં જીવનનો પરોપકાર માટે ઉપયોગ કરી. જૈન શાસન ઉપર આવેલાં અનેક આક્રમણોનો નિડરપણે સામનો શુદ્ધ સંયમની આરાધનાનું જીવન જીવી ગયા. એવા ઉપકારી. ગુરૂદેવ શ્રીને આપણે કેમજ ભુલી શકીએ, મારા જીવન માટે પણ આ પૂજયશ્રીનો મારા ઉપર મહાન ઉપકાર છે સં. ૨૦૨૩ ની સાલમાં મુંબઇ શ્રી લાલબાગ ઉપાશ્રયે બીરાજમાન પૂજયશ્રીના પ્રવચન સાંભળીને ધર્મ પામ્યો અને તેથી ઉત્તરોત્તર વૃધિના પરિણામે–આ સંયમ જીવન સુધી પહોંચી શકયો છું તે આ મહાપુરૂષનો જ ઉપકાર છે–ને પુજય શ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં અમારી વિનંતી સાંભળે આશીર્વાદ આપતા રહે કે, જેથી. શુદ્ધ ચરિત્ર પાળી તુરતના ભવોમાં મોક્ષની પ્રાપ્તી કરી શકું એજ અભિલાષા સાથે વિરમું છે.

કોટિશ વંદનાવલી આવા મહાપુરૂષના ચરણ કમળમાં

તે રામચંદ્રસૂરીન્દ્ર ચરણે મુજ નમ્ર શીશ નિશદિન રહો - *શ્રી ગુણદર્શી*

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓનો આ જગત ઉપર અનુપમ ઉપકાર છે. જેઓએ આ દુઃખરૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી આ સંસારથી છોડાવનાર અને ઐકાન્તિક, આત્યન્તિક આત્મિક સુખના સ્થાનભૂત મોક્ષપદને પમાડનાર પરમતારક શ્રી જૈનશાસનની સ્થાપના કરી છે. તે શાસન હંમેશાં જગતમાં જયવંતુ છે અને રહેવાનું છે તે શાસનને જગતમાં અવિરત વહેતું રાખવાનું ભગીરથ પુણ્યકામ શાસન સમર્પિત, માર્ગસ્થ શાસનના ધોરી એવા પૂ. શ્રી આચાર્ય ભગવંતો કરે છે. જેઓ અવસર આવે શાસનની રક્ષા ખાતર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરતાં જરાપણ અચકાત નથી, શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવનામાં જ જીવનનું શ્રેય માને છે, તે જ કામ જીવનભર કરે છે. એટલું જ નહિ પણ શાસનનો 'ભોગ' આપી પોતાની જાતની 'મહત્તા' વધે એવું સ્વપ્નેને પણ ઇચ્છતા નથી. 'શાસન છે માટે અમે છીએ' તેમ માને છે પણ 'અમે છીએ માટે શાસન છે'—એવો ભાવ તેઓના હૈયામાં કયારે ય આવતો નથી. માટે જ તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં 'તિત્થયર સમો સૂરિ'ની ઉક્તિને ચરિતાર્થ કરે છે. પોતાના પરિચયમાં આવનાર સર્વે પુણ્યશ ક્તિઓ વહેલામાં વહેલા શાસનને પામે. શાસનની સાચી આરાધના કરે, તાકાત આવે તો રક્ષા કરે અને તેમ કરતાં શાસનની અનુપમ પ્રભાવના કરી સ્વ-પર અનેકનું કલ્યાણ કરે—તેવો જીવનભર પ્રયત્ન કરે છે.

આવા જ એક પુણ્યપુરુષ આપણી વચ્ચેથી અણધારી વિદાય લઇ ગયા. સમયની સરિતા વણથંભી વહે છે. તેઓશ્રીજીની વસમી વિદાયને એક વર્ષનો પ્રવાહ વહી ગયો.

પણ તે મહાપુરુષના પુણ્ય સંસ્મરણો એવા છે કે જે નામશેષ બનવાના જ નથી, સ્મૃતિ પરથી ભૂંસાવાના નથી, અવશેષ બનવાના નથી. તેની સ્મૃતિ તો ચિરંજીવી અને તાજી ને તાજી રહે છે. અને પ્રાતઃ કાળના વિકસિત પુષ્પની જેમ ચોમેર સુગંધ સદૈવ લહેરાવી આત્માને અનેરી તાજગી આપે છે. અને જેની યાદી પણ આત્મામાં અપૂર્વ રોમાંચ પેદા કરે છે. છતાં ય મુખમાંથી શબ્દો સરી પડે છે કે— "તે દિવસો ગયા"

સાચી વાત એ પણ છે કે, જે જન્મે છે તે અવશ્ય મરે છે. કહ્યું પણ છે કે, "જન્મ એ વિકૃતિ છે અને મરણ એ પ્રકૃતિ છે." મહાપુરુષો ભલે ઔદારિક દેહે મૃત્યુ પામે છે પરન્તુ ભાવિકોના હૈયામાં તો સદૈવ અમરતાને વરી ચૂકયા હોય છે. ગુણદેહે તો યુગોના યુગો સુધી જનમુખે ગવાયા કરે છે અને ભાવિકો તેમાં જ પોતાની વાણીની સાર્થકતા માને છે.

સિદ્ધાન્ત ત્રગીશ, સ્યાદ્વાદ વાચસ્પતિ, સિદ્ધિપદના સંદેશવાહક અનંતોપકારી પૂજ્યપાદ પરમ ગુરુદેવેશશ્રીજી શ્રી વિ. **રામચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજમાં સાત્વિકતા, ઉદારતા, નિસ્પૃહતા, નિર્ભયતા, ગંભીરતા, ધીરતા, વીરતા, મહાવીરતા, અપ્રમત્તતા આદિ સઘળા ય ગુણો આશ્રય પામીને જાણે કે પોતાની જાતને કૃતકૃત્ય માનતા હતા. તેમાં ય સિદ્ધાંતનિષ્ઠા શાસ્ત્ર ચુસ્તતા અને સત્યપ્રિયતા તો તેઓ પૂ શ્રીજીના જીવનમાં એવા વણાઈ ગયેલા ગુણ હતા કે જે આંખે ઊડીને સૌને આકર્ષિત કરતા. ઉપાસકોની સાથે વિરોધીઓ પણ મુખે આ ગુણોના વખાણ કરે છે.

માની ગોદમાં હુંફ પામી કિલ્લોલતા બાળકની જેમ શાસ્ત્રાનુસારિતા જેઓનો આધાર આશ્રય પામી, આનંદ–પ્રમોદથી જગતમાં વિચરી રહી હતી તે પણ આજે નિરાધાર–નિરાશ્રયી બનેલી ખૂણે બેસીને આંસુ વહાવી રહી છે. જેના આંસુ લુંછનાર હશે તો ગણ્યા–ગાંઠયા જ હશે. પૂજ્યશ્રીજીના શહેનશાહી સામ્રાજ્યમાં શાસ્ત્રાનુસારિના ચોતરફ ગાજી ઉઠેલી જોવા મળી હતી. આજે શાસ્ત્રાનુસારિતાનો છેહ–દ્રોહ થાય તેવી પ્રવૃત્તિ, *તેવા નિર્ણયો પંચ પરમેષ્ઠીના તૃતીયપદ ઉપર આરૂઢ થયેલા, જવાબદારીભર્યા સ્થાનેથી* લેતા જોવાય છે ત્યારે શાસનપ્રેમી વર્ગને પૂજ્યશ્રીજીની મહત્તા ખરેખર પુરી સમજાય છે. પૂજ્યશ્રીજીએ આચાર્યપદ પર્યાયના ૫૬–૫૬ વર્ષમાં એકપણ અશાસ્ત્રીય વાતને અનુમોદન આપ્યું નથી એટલું જ નહિ પણ પોતાના ગણાતા પણ જમાનાના ચાળે ચઢી અશાસ્ત્રીયતાને અંકુશમાં કરવા લાગ્યા. તો તેમને સમજાવતાં ન સમજ્યા ત્યારે શરીરના સડેલા અંગને કાપવાનો જેમ તેઓનો સંબંધ કાપતા જરા પણ અચકાયા નથી પણ શાસ્ત્રાનુસારિતાને જરાપણ દ્રોહ કર્યો નથી. સિદ્ધાંત વફાદારીનો મંત્ર સમજાવીને જાળવીને ગયા.

શ્રી જૈન શાસનમાં સુવિહિત શ્રમણ પ્રધાન શ્રી સંઘની આણને અનુસરવાનું છે પણ શ્રમણોપાસક પ્રધાન શ્રી સંઘની વાત નથી. શ્રમણોપાસકોએ, શ્રમણોને અનુસરવાનું છે, શ્રમણોએ સુવિહિત પરંપરાના સમર્થક, માર્ગસ્થ એવા પૂ. શ્રી આચાર્ય ભગવંતોને અનુસરવાનું છે તે પૂ. શ્રી આચાર્ય ભગવંતોને માથે પરમતારક શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞા હોય છે. માટે જ કહ્યું છે કે– "ગણિપિટક તે શ્રી આચાર્યોની મૂડી છે."

આ ગણિપિટકને, તેના રહસ્યોને સમજી શકનારા પૂજ્યશ્રીજી માટે 'પરપ્રેર્યસ્ય કા મતિઃ' જેવાં સૂત્રો ન હતા. કેમ કે, પૂજ્યશ્રીજી પોતાનું ધાર્યું કરવાની વૃત્તિવાળા ન હતા, પોતાના વર્ગને પણ ગમતું જ કરે તેવા પણ ન હતા. પૂજ્યશ્રીજી તો એક માત્ર શાસ્ત્રીયતને અનુસરતા હતા. કરોડોની સંપત્તિથી અંજાઈને વિચારોનું દેવાળું ફુંકનારા વિચારકો સામે પૂજ્યશ્રીજીનો સખત વિરોધ હતો. બહુજન સંમતિવાળી પણ

અશાસ્ત્રીય વાતોને પણ પૂજ્યશ્રી એકલે હાથે પાછી ધકેલી દેતા. હા, પૂજ્યશ્રીજી શ્રમણોપાસકોની પણ ઉચિત સલાહ જરૂર સાંભળતા. પણ આ સલાહમાં જો કોઇ નિજી સ્વાર્થ જોવા મળતો તો પૂજ્યશ્રીજીની આંખો તરત લાલ થઇ જતી. આથી જ પૂજ્યશ્રીજીની ઉપસ્થિતિમાં કોઇ અશાસ્ત્રીય વિચારધારા પ્રચાર પામતી જોવા મળી નથી. આથી જ ભાવિમાં અનર્થ સર્જે જનારી કે શાસનના મૂળમાં કુઠારાઘાત કરી જનારી પ્રવૃત્તિ કે વૃત્તિ પણ પૂજ્યશ્રીજી તરફથી છેવટ સુધી જાણવા મળી નથી. આજે...!

પૂજ્યશ્રીજીના એકાન્તે આત્મલક્ષી વિચારો સમજવામાં કોઇ જ તકલીફ પડે તેમ નથી. પૂજ્યશ્રીજીએ જે વિચારો રજૂ કર્યા છે તેનું મૂળ શાસ્ત્રો છે, શાસ્ત્રીય પરંપરાનો પૂરો અનુભવ છે, જિનાજ્ઞાની વફાદારી છે, શાસન પ્રત્યેનો અવિહડ રાગ છે. આથી એમની વિચારધારાનો એકાન્તિક આસેવક પણ અશાસ્ત્રીય બની જાય તેવી કોઇ જ શકયતા નથી. આ સામે આજે નીકળી પડેલી એવી અનેક વિચારધારાઓ છે જેમાં નિતાન્ત વિવેકી બુધ્ધિની ખાસ્સી જરૂર પડે છે અને તેમ છતાં શુધ્ધ શાસ્ત્રીયતાનો સંતોષ પણ માંડ મળે છે. આવી વિચારધારાઓમાં જે ઐહિક એષણા વગેરેની નાગળાઇઓ જોવા

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ મોક્ષમાર્ગને અવિચ્છિન્નપણે જગતમાં વહેતો રાખવાનું ભગીરથ કાર્ય કરનારા શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ !

મળે છે તે પૂજ્યશ્રીજીની વિચારધારામાં કદાપિ જોવા નહિ મળે. કેમ કે, પૂજ્યશ્રીજીની વિચારધારાનું લક્ષ્ય આત્મા હતો, મોક્ષ હતો પણ સંસાર તો હતો જ નહિ. જ્યારે આજની વિચારધારાઓમાં આત્મા અને મોક્ષને ખેંચી લાવવો પડે છે અને સંસાર સ્વાભાવિક રીતે જ ગોઠવાયેલો જોવા મળે છે. 'વિવેક' નામનો કપરો ગુણ પૂજ્યશ્રીજીના પ્રવચનો સાંભળનાર કે વાંચનાર સહજ રીતે પામી જતો. જ્યારે આજની વિચારધારાઓના વાચકો માનવના દુઃખોની નિવારણાથી આગળ નીકળવાની વાત પણ કરે તેમ નથી.

પૂજ્યશ્રીજીનું સબળ જમાપાસું એ હતું કે, તેઓશ્રીજી કોઇપણ નવી વિચારધારા આવી પડેલી જોવા મળે તે 'એટ એ ટાઇમ' તે અંગે સ્પષ્ટ અભિપ્રાય આપી દેતા. જે વિચારોમાં શાસ્ત્રીયતા જોવા ન મળે ત્યાં તેઓશ્રીજી અચૂક વિરોધ નોંધાવી દેતા અને શ્રી સંઘને સાવધ રહેવા કહેતા. તેથી જ સુધારકો પૂજ્યશ્રીજી પાસે આવતા પણ થરથર ગભરાતા એટલું જ નહિ પૂ.શ્રીજીના અજીવન અન્તેવાસી સ્વ. પૂ. ઉપા. **શ્રી ચારિત્ર વિજયજી** ગણિવર્ય પણ કહેતા કે– "સુધારકોને જે બોલવું હોય તે બોલવા દો–

લખવા દો. પૂજ્યશ્રીજીને લાગશે તો જાહેર પાટ ઉપરથી તે બધાનો પ્રતિકાર કરશે.” આજે તેવા બધાને મળવામાં, ન આવે તો મળવા બોલાવવામાં આનંદ પામનારા, ગૌરવ અનુભવનારાઓએ આ બધું યાદ કરવાની તાતી જરૂર છે. તેથી જ જ્યારે પૂ. ઉપાધ્યાયજી મ. સમાધિથી કાળધર્મ પામ્યા ત્યારે ખુદ પૂજ્યશ્રીજીએ કહેલું કે– “શાસનના કામોમાં સંપૂર્ણ સહાય કરનાર એવા એક આત્માની ખોટ પડી છે. શાસનના કામોમાં જે સહાય કરી છે તે ભૂલાય તેવી નથી અને ભૂલવી પણ ન જોઇએ !’ અસ્તુ !

ભૂતકાળમાં જ્યારે મુ. શ્રી ન્યાય વિજયજીએ સાધુ માટે ખાદીનો પ્રચાર શરૂ કર્યો હતો ત્યારે તેને વિરોધ કરીને સાધુ જીવનની નિર્દોષ ગોચરચર્યાની મુખ્યતા તરફ ધ્યાન દોરનાર આ જ મહાપુરુષ એકલા હતા.

અને આવી પરિસ્થિતિ જે પોતાના પરિવારમાં પણ સર્જાય તો તેઓ પોતાની વ્યક્તિએની શેહ કે શરમ પણ રાખતા ન હતા અને સંપત્તિમાન વ્યકિત આવી વાતો લઈને આવે તો એને પણ ઊભો કરી દેતા. બાકી આજે સંપત્તિથી અંજાઇને પૂજ્યશ્રીજીના વિચારોથી ભિન્ન વિચારણા ધરાવનારાઓના વિચાર સાથે લેશ પણ સંમતિ

દુનિયામાં માતા-પિતાદિ જે નથી આપતા તેવો એકાન્તે કલ્યાણકારી શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો મોક્ષમાર્ગ જગતના જીવોને બતાવે છે તેવા શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ !

નથી તેવું જવાબદારીભર્યા સ્થાનેથી જણાવવામાં નથી આવતું તો તેનું શું પરિણામ આવે છે. આવ્યું છે તે નજરે અનુભવાય છે. ભૂતકાળમાં પૂજ્યશ્રીજીના નામે, સામાને માઠું ન લાગે’ માટે પૂજ્યશ્રીજીના સ્પષ્ટ પ્રશ્નોત્તરોને પણ ખોટા ઠરાવનારાઓ હજુ પણ બોધપાઠ લેતા શીખ્યા નથી ત્યારે કહેવું જ પડે કે– માત્ર પૂજ્યશ્રીજીનું ખોટું લખને જ પોતાનું ધાર્યું કરાવતા હતા.

રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પચ્ચીશમોની જયંતિની અશાસ્ત્રીયતાનો પણ પ્રચંડ વિરોધ કરનારા આ જ મહાપુરૂષ હતા ત્યારે પણ મોટા આગેવાનની શેહ શરમમાં અંજાયા વિના જે પુણ્યપ્રકોપ બતાવેલો તે જેને જોયો હોય તેને જ ખ્યાલ હોય. આજે તેવાના બધા પગ ચાટે છે ત્યારે.....

આવી મહત્તાનું મૂળ પૂજ્યશ્રીજીની અદ્ભૂત વિવેક શકિત હતો. આવી અદ્ભૂત શકિતના અભાવમાં જે બેહાલ આજે જોવા મળે છે તે જોઇને આ શબ્દો યાદ આવે છે કે–

"यस्य नास्ति स्वयं प्रज्ञा, शास्त्रं तस्य करोति किम् ? ।
लोचनाभ्यां विहीनस्य, दर्पणः किं करिष्यति ? ।।"

એટલું જ નહિ

"यस्य नास्ति विवेकस्तु, केवलं यो बहुश्रुतः ।
न स जानाति शास्त्रार्थान्दर्वी पाकरसानिव ।।"

અર્થાત્ "જેમ કડછી (ચમચા વિગેરે) સર્વ પાક–રસોઈમાં રહે છે પણ તેના રસોને જાણતી નથી. તેમ જે ફક્ત ઘણાં શાસ્ત્રોને ભણ્યો છે પણ જો સાચી વિવેક બુદ્ધિ તેનામાં જાગી ન હોય તો તે જીવ, શાસ્ત્રનાં રહસ્યોને ઉકેલી શકયો નથી. પામી શકતો નથી."

જે શાસ્ત્ર, આત્માના દોષોનું દહન કરનારું અને ગુણોને પમાડી–પુષ્ટ કરનારું છે તે જ શાસ્ત્ર વિવેક શકિત વિનાની વ્યકિત માટે મદ કરાવનારું બને છે. તે અંગે પણ કહ્યું છે કે–

"मदोपशमनं शास्त्रं खलानां कुरुते मदम् ।
चक्षुः प्रकाशकं तेज उलूकानामिवान्धताम् ।।

સૂર્ય, નેત્રોને પ્રકાશ કરનાર છે પણ ઘુવડને તો આંધળાપણું જ આપે છે. તેમ શાસ્ત્ર ગર્વ અને મદને દૂર કરનાર છે પણ ખલ માણસોને (પોતાની જ વાતની પુષ્ટિ માટે શાસ્ત્રોનો, વડીલોના નામનો, શાસ્ત્ર વાકયોનો ઉપયોગ કરનારાઓને, પોતાના જ આગ્રહને પકડી રાખનારાને) તે મદ–ગર્વ કરાવનાર બને છે.

અમારા જેવું કોઇ જ નથી. અમે જ સારુ–સાચું કરીએ છીએ, બીજાઓ તો બરાબર નથી આવું આવું માનીને 'ગેલેનદ્વિન'ની જેમ પોતાની બુદ્ધિમાં જ રાચે છે. તેવાઓ દેખાવ સરળ અને નમ્રતાનો કરે છે. પણ 'મારું તે જ સાચું' તેમ માને–મનાવે છે. ત્યારે "પંચ તે મારા માથે–મારા મા બાપ, પણ મારો કક્કો ખરો' જેવી લોકોકિતઓનું રહસ્ય સમજાઇ જાય છે.

ત્યારે યાદ આવી જાય છે કે–

"अज्ञः सुखमराध्यः, सुखतरमाराध्यते विशेषज्ञः ।।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रञ्जयति ।।"

અજ્ઞાન–અભણને સુખપૂર્વક સમજાવી શકાય છે, વિશેષ જ્ઞાનીને તો વધારે સારી રીતે સુખ પૂર્વક સમજાવી શકાય છે પણ જ્ઞાનના લવ–અંશથી જ જે પોતાને વિદગ્ધ ઢોઢ ડાહ્યો માને છે તેવા માણસને ખુદ બ્રહ્મા પણ સમજાવી શકતા નથી.

આ પરમગુરુદેવેશે તો જીવનભર શાસ્ત્રાનુસારિતાનું જે પાલન કર્યું અને સમજી શકે તેવા બધાંને તે જ કરવા જેવું છે તેમ સમજાવ્યું, જેનો જોટો જડે તેમ નથી. તે જ વાત તેમના શબ્દોમાં જોઇએ.

"પરમાત્માનું શાસન મારા હૈયામાં છે. ભગવાનના શાસ્ત્રો મારા માથે છે અને જો જ્ઞાની સાક્ષી પૂરે તો કહી શકું કે– આ શાસન રોમ રોમ પામ્યાની મને પ્રતીતિ છે. પછી એકલા રહેવું પડે તો ય ચિંતા નથી, એકલા રહેવું પડે તો એકલા રહીને પણ ભગવાનના શાસનની વફાદારી જળવાઇ રહે એ જ અંતરની ઝંખના છે. શાસન જો હૈયામાં હશે તો એજ આપણું રક્ષણ કરશે. બીજું કોઇ આપણું રક્ષણ કરવા આવવાનું નથી. અમારે-સાધુએ તો પાટે બેસીને ભગવાનના શુદ્ધ મોક્ષમાર્ગને કહેવાનો છે, કોઇના પણ દબાણમાં આવી એક વખત પણ જો અમે શાસ્ત્રને બાજુ પર મૂકી કોઈ કામમાં સાથ આપીએ તો પછી શાસ્ત્રના નામે બોલવાનો અમારો અધિકાર ખતમ થઇ જાય છે. પછી ભગવાનની પાટે બેસવાની લાયકાત ચાલી જાય છે. એ લાયકાત જાળવી રાખવા પણ મારે શાસ્ત્રનિષ્ઠા અને શાસ્ત્રસાપેક્ષતા જાળવવી જ જોઇએ. આ શરીર કામ આપે ત્યાં સુધી પાટે બેસવાની મારી ભાવના છે અને પાટે બેસીને શાસ્ત્રની વાતો જ બોલવાનો છું. એ બોલતાં બોલતાં અને શાસ્ત્રનિષ્ઠા તથા શાસ્ત્ર સાપેક્ષતા જાળવતાં જાળવતાં ખપી જવું પડે તો પણ તેની ચિંતા નથી. તમે પણ આ શાસ્ત્રની વફાદારી કેળવી નિર્ભય બની જાઓ ! શાસન જેના હૈયે હોય તેને બીજી ચિંતા શી ?"

આવું જાણે છાતી ગજગજ ફુલે છે અને થાય છે કે,

सिंहा इव परा क्षेपं न सहन्ते महौजसः'

વનરાજ સિંહ જેમ બીજાના આક્ષેપને સહી શકતો નથી તેમ સિંહ સમી સાત્ત્વિકતાના સ્વામી મહાપુરુષો, શાસ્ત્ર–વિરુદ્ધ વાતને જરાપણ પુષ્ટ આપતા નથી, પુષ્ટિ ન અપાઇ જાય તેની પૂરી કાળજી રાખે છે એટલું જ નહિ શક્તિ અનુસારે તેનો મક્કમતાથી પ્રતિકાર કરી અનેકને સન્માર્ગગામી બનાવે છે.

'સમતા' 'એકતા' જેવા શબ્દોની સુંવાળપ હેઠળ શાસ્ત્રો કે શાસ્ત્રાધારોને બાજુએ રાખવાની વાતમ આ પુણ્ય પુરુષનો જે પુણ્ય પ્રકોપ જાગતો ત્યારે લાગણી આદિમાં તણાયેલા ઢીલા પોચા બનેલા પણ મક્કમ બની જતા. મહાપુરુષોને ગુસ્સો વાતવાતમાં

આવતો નથી. પોતાની પરના અંગત આક્ષેપાદિની બાબતમાં તો સામા જીવની દયા જ ચિંતવે છે. માત્ર શાસનની શાસ્ત્ર સિધ્ધ વાતોના સંરક્ષણ સમયે ગુસ્સાને બોલાવીને લાવે છે જે ગુસ્સો પણ ધર્મનું કારણ બને છે. ત્યારે રાજાની જેમ, તેઓના ભીમ-કાન્ત-ગુણનું યથાર્થ દર્શન થાય છે.

परो रुष्यतु वा मा वा विषवत्प्रतिभातु वा ।
भाषितव्या हिताभाषा स्वपक्ष गुणकारिणी ।"

આ વાતનો તો આમના જીવનમાં ડગલે-પગલે બધાને સાક્ષાત્કાર થતો હતો.

શાસ્ત્રમાં કહ્યું છે કે,

'स पुमान् यो हि कालवित्'

અર્થાત્ "તે જ પુરુષ છે જે સમયને ઓળખે છે." જમાનાની હવામાં આવી પોતાના સ્વાર્થની સિધ્ધિને માટે કેટલાકો આનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે પૂજ્યશ્રી પડકારતા કે- "દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ ધર્મનો નાશ કરવા જેવાના નથી પણ વધુને વધુ સારી રીતે ધર્મ કરવા જેવાના છે." પોતાની જાત ખુલ્લી પડી જવાથી ભેળસેળિયા બધા ઓળખાઇ જતા શ્યામમુખવાળા બની વિલક્ષા થઇ જતા. અને નવા નવા દાવપેચ ખેલવા કટીબધ્ધ બનતા તો પણ તેમની એકેય કારી ફાવતી નહિ. શાસ્ત્રના અભય કવચને વરેલા આગળ સ્વાર્થના શરોનું સંધાણ થાય ખરું ?

પણ **'दम्भोऽपि सुप्रयुक्तो न निष्फलः'**

તે ન્યાયે આમની સરળતાનો પણ લાભ લેવાનું ઘણા ચૂકયા નથી. પારકાઓ તો લે પણ પોતાના ગણાતા ઘણાએ પણ આમના નામે પોતાની ખીચડી પકાવી લીધી છે. મહાપુરુષોની છાયા પણ યોગ્યને લાભદાયી અને હિતકારી બને, અયોગ્યને નહિ. કેમ કે

'कीदृगन्वयो योग्यतां विना'

શાસ્ત્ર સાપેક્ષતા, શાસ્ત્રાનુસારિતા, શાસ્ત્ર ચુસ્તતાના વહેણને અસ્ખલિત વહેતો રાખવાનું ભગીરથ કાર્ય જીવનભર કરી, અપૂર્વ સમાધિને સાધી અનુપમ આરાધના કરી પોતાનું શ્રેય સાધી ગયા. અને પ્રવચનમાં આચાર્યપદની અસ્મિતાનું જે ગાન ગાવામાં આવ્યું છે તેની આ કાળમાં પણ ઝાંખી કરાવીને ગયા.

શ્રી આચાર્ય પદની મહત્તા વર્ણવતાં કહ્યું છે કે-

"पवयणरयणनिहाणा, सूरिणो जत्थ नायगा भणिया ।
संपइ सव्वं धम्मं, तयहिट्ठाणं जओ भणियं ।।१।।
कइयावि जिणवरिंदा, पत्ता अयरामरं पहं वाउं ।
आयरिएहिं पवयणं, धारिज्जइ सपयं सयलं ।।२।।"

"શ્રી જિનાગમમાં પ્રવચન રૂપી રત્નોના નિધાનસમા સૂરીશ્વરો નાયક તરીકે કહેવાયેલા છે. કારણ કે– વર્ત્તમાન કાલમાં સર્વ ધર્મ તેમના જ આધારે કહેલ છે.

વળી શ્રી જિનેશ્વર દેવો તો મોક્ષમાર્ગનું પ્રદાન કરીને કયારના યે અજરામરપદ–મોક્ષપદે પહોંચી ગયા છે. અને વર્ત્તમાન કાળમાં જે સકલ પ્રવચન છે તે સઘળું ય શ્રી આચાર્ય ભગવંતોએ જ ધરી રાખ્યું છે. માટે જ.

"जह तित्थगरस्साणा, अलंघणिज्जा तहा च सूरीणं ।

सव्वेसिं पूयणिज्जो, तित्थयरो जह तहा य आयरिओ ।

तस्साणाए वट्टण–मुब्भावणमित्थ धम्मस्स ।"

"જેમ શ્રી તીર્થંકર દેવની આજ્ઞા અલંઘનીય છે, તેમ શ્રી સૂરિમહારાજાઓની આજ્ઞા પણ અલંઘનીય છે. સઘળાઓને જેમ શ્રી તીર્થંકર દેવ પૂજનીક છે, તેમ શ્રી આચાર્ય ભગવંત પણ પૂજનીક છે, અને શ્રી આચાર્ય ભગવાનની આજ્ઞામાં વર્ત્તવું એ જ આ શાસનમાં ધર્મની પ્રભાવના છે."

આ પુણ્યપુરુષે જીવનભર જે રીતના અભ્યંતર અદ્‌ભુત તપ કર્યો, અનુપમ શાસન સેવા કરી, શાસ્ત્રીય સત્ય સિદ્ધાન્તોના રક્ષણમાં મેરૂ સમ જે અડગતા હતી, સંયમ દૃઢિકતા હતી, આચાર–વિચાર શુદ્ધિમાં જે અપ્રમત્તતા–જાગરૂકતા હતી આવા અનેક અદ્‌ભુત સદ્‌ગુણોથી ઓતપ્રોત હતા. તેનું ય જો અનુકરણ કરીએ તો તો કલ્યાણ જ થાય તેમાં બે મત નથી પણ અનુમોદન કરીએ તો ય કલ્યાણ થાય તેવું છે. પ્રાન્તે તેમના જ પગલે પગલે ચાલવાનો પ્રયત્ન કરવો તેમાં જ આપણા સૌનું સાચું શ્રેય છે. આવી દશાને પામવા પ્રાપ્ત પ્રજ્ઞાના પ્રકાશમાં પા પા પગલી પાડી આત્માની અનંત–અક્ષય ગુણ લક્ષ્મીને વરનારા બનો તે જ હાર્દિક મહેચ્છા સહ હે પરમ કૃપાલો ! આમ હૈયામાં શાસ્ત્રાનુસારિતા, શાસ્ત્ર ચુસ્તતા, સિદ્ધાંતનિષ્ઠા, સત્યપ્રિયતા, આજ્ઞાપાલકતાનો પ્રેમ: અસ્થિમજ્જા બને તેવી દિવ્ય આશિષ સદૈવ વરસાવો !

આ શાસનને પામેલાઓ સમાધાનવૃત્તિવાળા નથી હોતા એમ નહિ, સમાધાનવૃત્તિવાળા જરૂર હોય છે, પણ સિદ્ધાન્તને મૂકીને સમાધાન કરવાની વૃત્તિવાળા નથી હોતા, ગમે તેની ભૂલ થઈ જાય એ બને, પણ ભૂલને ભૂલ રૂપે સમજીને સુધારવાને બદલે, એક ખોટી વાત કહેવાઇ ગઇ એટલે તેને સાચી પૂરવાર કરવાને માટે અનેક ખોટી વાતો કહેવાય, ત્યારે એની સામે ઊભા વિના ન ચાલે.

—પ્રકીર્ણ કથા સંગ્રહ પૃ. ૯૧

પ. પૂ. પરમારાધ્યપાદ પરમગુરુદેવેશ શ્રીમદ્ વિજય
રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું

—: ગુરુગુણ ગીત :—

રામ મુને ક્યારે મળે, 'રામ' નામ જાપ જપું.
તાહરી સમાધિ મુજને મળે, રામ નામ જપું રામ૦ ૧
તુજ મુખ દેખી સહુ હરખાતાં,
તસવીર દેખી હવે નયન ભીંજાતાં,
અંતર વરસે અનરાધાર રામ૦ ૨
વિયોગ તારો નવિ રે ખમાયે,
અમ નયનો અશ્રુથી ઉભરાયે,
તારો સથવારો હૃદય મોઝાર. રામ૦ ૩
ગૌરવવંતા ગુજરાત માંહી,
પુણ્યભૂમિ ઢહેવાણ માંહી,
પ્રગટયો તું અભિનવ ભાણ. રામ૦ ૪
ઉપશમ રસ ભરીયા તુજ નયણાં,
શાસન રસ ભરીયા તુજ વયણાં
ઉરે ઉમટે કરૂણાના ઝરણાં રામ૦ ૫
જિન શાસનની રક્ષા કરતો,
પ્રાણની પરવા કદી નહિ કરતો,
પરાક્રમી હતો તું એક ભડવીર. રામ૦ ૬
તિથિ–સુધારકવાદ–સંમેલન,
જડમૂળથી તેં કર્યાં ઉન્મૂલન,
તુજ નામ સુણી સહુ ડરતાં. રામ૦ ૭
તેજ સૂરજનું ખમી શકે ના,
ઘુવડ ન દેખે તો દોષ છે કોના.
તું મિથ્યાતિમિર હરનાર. રામ૦ ૮
આપની મીંટ હતી મોક્ષ ભણેરી,
અમ સહુની દૃષ્ટિ આપ ભણેરી,
પણ લુંટાયા અમ તકદીર. રામ૦ ૯
કર જોડીને પાય પડું હું,
ભવોભવ તુમ શરણું ગ્રહું હું,
તુમ ચરણે મુજ હોજો નિવાસ રામ૦ ૧૦

—પૂ. સા. શ્રી અનંત ગુણાશ્રીજી મ.

'હે ગાંધી ! તું ખુરશી સુધી જવાનો સીધો રસ્તો બની ગયો !'' આજના રાજકારણની આ તાસીરનાં શબ્દો કોઈક રાષ્ટ્રપ્રેમીના હૈયાના વલોપાતમાંથી દર્દભર્યા સરી પડયા છે. પણ કોઈના દિલ-દિમાગના દર્દને નહિ સમજી શકનારા આજના રીઢા રાજકારણીઓ માત્ર પોતાના સ્વાર્થને જ જૂએ છે તેથી આવા ચાનક-ચાબૂક ભર્યા શબ્દોની લેશપણ અસર થતી નથી. તેને પોળીતે પી જાય છે.

આની જ પૂર્ણ અસરમાં આવી ગયેલા ધર્મિજનોની પણ જ્યારે આવી હાલત જોવાય છે ત્યારે હૈયામાં જે અસહ્ય પીડા થાય છે ત્યારે ''હે ભગવન્ ! તારા વિના મારો પોકાર બીજે માત્ર બહેરા કાને જ અથડાઇને પાછો પડે છે અને તેના પડઘાના ચીરે ચીરા ઉડેલા જોઇને આંખના આંસુ લુંછનાર પણ નથી. આશ્વાસનના બે શબ્દો

આજની અવળવાણી

—અવગુણદ્વેષી

કહેનાર નથી. આ વ્યથા સમજનાર પણ નથી, જે છે તેને ય ખૂણે બેસી જોયા કરવું પડે છે.''

પોતાની ખુરશી ટકાવવા આજના નેતાઓ કોઇ નામાંકિત મોટા દેશ-નેતાની મૃત્યુ તિથિએ મગરના બે આંસુ સારી આવે છે. સભાઓ ગજવી રાજી થાય છે. તેની જ જેમ આજે પોતાના પરમતારક ગુરુદેવેશશ્રીજીની સ્વર્ગતિથિએ સ્થપિત હિતો સમાન લોકો ગુણાનુવાદના નામે (અલબત્ત પોતાના તો ગુણાનુવાદ જ સમાવવાનો આ અણમોલ અવસર કયાં આવવાનો છે અને હું જ તેમનો સલાહકાર ન હોઉ) પોતાની ખીચડી પચાવી લેતા નજરે પડે છે ત્યારે થાય છે કે-હે ભગવન્ ! કયાં જઇને અટકશે આ બધું ! તેમાં પણ 'ગુરુભકિત'ની જાણે હોડ ન જામતી હોય તેમ જોવા મળે છે ત્યારે કહેવાનું મન થાય છે કે-હે પૂજય ગુરુદેવ ! આપ તો અમને તો બરાબર નખશિખ ઓળખતા જ હતા પણ અમે તો 'હાથી જીવતો લાખનો અને મરેલો સવા લાખનો' જેવી આપની હાલત કરી નાખી છે. આપને ઓળખવા તો વામણા પુરવાર થયા છીએ પણ આપના નામનો 'વટાવ' કરવા પૂરા સક્ષમ અને સમર્થ છીએ. તેની એક પણ તક સરી જવા દેતા નથી. અને ગુરુભકિતનું લેબલ લગાવી જાતે જ હરખાઇએ છીએ અને કોઇ અમારા-અમારી પ્રવૃત્તિના વિરોધનો સૂર ઉઠાવે તેને 'ગુરુ દ્રોહી'ના ઇલ્કાબ પહેરાવી દઇએ છીએ આપનો વટાવ કરવામાં તો અમે જે સીમા ઓળંગી ગયા છીએ તેનું તો જરા પણ વર્ણન થાય તેમ નથી આપે જે સિદ્ધાંત પ્રરૂપ્યો તેના ઉપર તો મજેથી પગ મૂકી આપના 'ભકત'નો ઇલ્કાબ પહેરી સમાજમાં મજેથી ફરીએ છીએ. 'સંસારમાં ઉડાઉ અને ધર્મમાં કૃપણ એવું આપે જે નિદાન

કરેલું તેનું યથાર્થ પાલન કરીએ છીએ અને આપના નામે તો અમારી નામના વધે માટે અમારા ઘરના નહિ પણ જાહેરના તે પણ અમારી જ માલિકીના દાવા સાથે થોડું દાન વેરીએ છીએ અને પદાધિકારિઓને સાધી લઈ સંમતિ મેળવી લઈ વિરોધીઓને આંસુ સારતા કરીએ છીએ. આપનું કદાચ 'અવમૂલ્યન' થતું હશે પણ આપ કૃપાલુ તો ઉદાર છો માની અમારી 'વાહવાહ' થતી હોય તો તેવું કરવામાં અચકાતા નથી. પણ ગૌરવભેર ઉન્નત મસ્તકે છાતી કાઢી ફરીએ છીએ.

વધુમાં અમારી નફટાઈનો (!) નમૂનો તો જૂઓ કે રાજકારણીઓને તો ચેન કેન પ્રકારેણ દિલ્હીનો દરબાર જોઇએ છીએ, દિલ્હીનો તાજ પહેરવો છે. માટે બધું જ છડેચોક કરે છે. જ્યારે અમે તો નિસ્પૃહતાના-નિર્લોભતાના મોંઢા પહેરી છીએ અને ઇષ્ટ પદમાટે બધું જ કરી છૂટીએ છીએ અમારા હૈયાની સરળતાને સો ગજના નમસ્કાર કરી દૂર રાખીએ છીએ અને દાંભિકતાને વહાલી-દવલી રાખીએ છીએ ! છતાં પણ અમે છીએ આપના ! આજે અમને ખૂબ લીલા લહેર છે. કોઇ જ રોકટોક નથી અને 'ગુરુભક્તિ'ના નામે બધી નામનાની કમાણી કરીએ છીએ. કેમકે અમે મૂળ ગુજ્જુ વેપારીઓ છીએને ! બસ આજના દિવસે આપ અમારા પર એવા આશીર્વાદ વરસાવો કે આંધળાને પાટાની જેમ દેખતાને પણ પાટા બાંધી મજેથી ઇચ્છિત કરી-કરાવી 'ગુરુભક્તિ'ના નામે તરી જઇએ !

રાગને સાત્ત્વિક બનાવવાને માટે, 'રાગથી જ હું અત્યાર સુધીમાં પાયમાલ થઇ જવા પામ્યો છું અને રાગથી જ હું પાયમાલ થઇ રહ્યો છું'-એ વાતનો ખ્યાલ આવવો જોઇએ. જેને રાગથી છૂટવાનું મન થાય. તેને એમ થાય કે—'મારે વીતરાગ બનેલા અને વીતરાગ બનીને રાગને નાશ પમાડવાના ઉપાયને સ્વતન્ત્રપણે બતાવનારા દેવને પણ સેવવા જોઇએ; મારે ગુરુપણ એવા જોઇએ, કે જે વિરાગી પણ હોય સર્વ-ત્યાગી પણ હોય અને રાગને નાશ પમાડવાના ઉપાયને સેવવામાં રક્ત બનીને, એને જ સેવવાનો ઉપદેશ આપતા હોય; અને ધર્મપણ એવો જોઇએ, કે જેના સેવનના યોગે હું મારા રાગનો નાશ સાધી શકું ! આ રીતિએ રાગને સાત્ત્વિક બનાવી શકાય અને એમ વિરાગી બનીને પરિણામે વીતરાગ બની શકાય. આ રીતિએ રાગથી સર્વથા મુક્ત બનવાની ઇચ્છા જ્યાં સુધી નહિ જાગે, ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપની જેટલી વાતો થવાની; તે પ્રાયઃ હવામાં ઉડયા કરવાની.

—રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ત્રીજો ભાગ

લેખશ્રેણી

લેખાંક

૧ લેા.

યુનેામાં જૈન ધર્મને સ્થાન ?

બેાલીની પ્રથા અંગે બળાપેા—એ અજ્ઞાન છે.

સ્થાનકવાસી સંપ્રદાયના જાહેરાત અને ફેાટા ?

તાજેતરમાં છાપાઓ દ્વારા એવું પ્રગટ થયું કે, યુનેામાં જૈનધર્મને સ્થાન આપવામાં આવ્યું. તે સૌથી પહેલું આ માટે આ. શ્રી સુશીલકુમારજીએ પ્રયત્ન કર્યો.

આ વાત કેટલીક સારી લાગે પરંતુ ઊંડાણથી વિચારીએ તેા યુનેા અને વિશ્વના દેશેાની એક સયુકત સંસ્થા છે તેમાં દરેક દેશને સભ્ય થવાનું હેાય છે અને કેટલીક રાજકીય બાંહેધારી હેાય છે. ભારતને સંબંધ છે ત્યાં સુધી કાશ્મીરનેા કેશ પણ યુનેામાં વર્ષેાથી છે અને ટળતેા રહ્યો છે. તાકાતવાળા દેશેા વિટેા વાપરીને પણ યુનેાના નિર્ણયને ફેંકી શકે છે. આવી સંસ્થામાં જૈન ધર્મને સ્થાન એ વિચિત્ર લાગે છે છતાં મલ્યું હેાય અને વિશ્વમાં જૈન ધર્મનું નામ લેવાશે તેમ મનાતું હેાય તેા તે જાણી...

વળી યુનેામાં સ્થાન મલ્યું તે સારી ચીજ હેાય તેા પણ તે અપનાવવા જેવું નથી કેમકે શ્રી સુશીલકુમારજીના સંઘની સાધ્વીજી પજુસણ પહેલાં જાપાન જાય અને પજુસણ કરાવીને બીજે પૂજન હેાય ઉત્સવ હેાય તે પણ ભારત પાછા આવી જાય. આ રીતે શાસ્ત્રીય ચાતુર્માસ મર્યાદા જે જીવદયાના પાલન ઉપર રચાએલી છે તેને ફેંકી દેવામાં આવે તેા ભાવિમાં તે શું ન કરે.

તેમની સંસ્થાના અહંદ્ ટાઇમ્સમાં એક લેખકે લખ્યું કે ચેામાસું રહેવાની વાત નિરર્થક છે. પહેલાં રેાડ ન હતા જેથી ચેામાસા થતા હવે રેાડ થઈ ગયા. માણસ રેાડ રસ્તે ગમે ત્યાં જઇ શકે છે માટે આવી ચેામાસું કરવાની બેાટી રુઢિ નિરર્થક છે.

આમ શ્રી સુશીલકુમારજી દ્વારા જે થાય છે તેમાં શાસ્ત્રીય જૈન આચાર અને પ્રણાલીઓને દૂર કરવાની વાત આવે છે તેા તેમનું બળ વધે તેા હજી શું ન કરે? યતિઓ આચાર ન પાળતા પણ સંયમ માર્ગ કે વિધિને જુદી કહેતા નહિ. પરદેશમાં પ્રચારક રૂપે કેાઇ જાય તેા ધર્મ માર્ગ અને વિધિનું સ્થાપન કરે. જ્યારે શ્રી સુશીલ-

કુમારના આણી મંડળી તો ધર્મના પ્રચાર કે પ્રભાવને બહાને મૂળ માર્ગનો નાશ અને નિરર્થકતા કરવાનો પ્રયત્ન કરે છે.

વળી એક શેઠ હતા. તેને સારો મહેતાજી હતો. એકવાર બજારના ભાવ તેને સારા લાગ્યા અને શેઠના નામનો વેપાર કર્યો લાખ રૂપીઆ મલ્યા, તે શેઠ આવ્યા ત્યારે આપ્યા. શેઠે કહ્યું: આ રૂપીઆ નફો થયો તે તમારો અને બીજા દશ હજાર રૂ. આપું છું. આજથી તમે છુટા છો.

મહેતાજી આશ્ચર્ય પામી ગયા. બીજાઓને પણ નવાઇ લાગી. શેઠને પૂછયું નફો થયો છતાં મહેતાજીને કેમ છુટા કર્યા? શેઠ કહે–મને પૂછયા વિના કરું" આજે નફો થયો કાલે પાંચ લાખની ખોટ કરે તો મારે જ ભરવા પડેને? સૌ સમજી ગયા

તો શ્રી સુરેશકુમારજીની સંસ્થા આવું કેઇ નફા જેવું કરે છે. શેઠને મહેતાજી તો નુકશાન કરશે ત્યારે કરશે પરંતુ આ મંડળી તો ચાતુર્માસ, શ્રમણ વિધિ અને જીવ-દયાના પાયાનો પણ ઉચ્ચેદ કહે છે તે માન્ય થઇ શકે જ નહિ.

બોલી સામે બળાપો!

માર્ચ ૧૯૬૨ ના મું. સ. માં જયજિનેન્દ્ર વિભાગમાં ધર્મ વધારે કે ધન? એ હેડીંગ નીચે જિન પૂજન અર્ચન આદિ બોલીઓ સાધુના કાલધર્મ વખતે બોલીઓ થાય તથા પ્રતિક્રમણમાં સૂત્રની બોલીઓ થાય છે તે માટે બીજાને લાભ નથી મળતો તેનો બળાપો કાઢીને બોલીઓ ન થવી જોઇએ વિ. લખેલ છે. લેખક બિંધુ એમ. મહેતા છે.

આવા લખાણો તો આ જય જિનેન્દ્રમાં–અને વખત આવી ગયા છે. પ્રભુજીની આંગી, જન્મ વાંચન વખતે શ્રીફળ વધેરવું, વરસીતપના પારણે પ્રભુજીનો ઇક્ષુરસથી પક્ષાલ કરવો વિગેરે. બાવો નાચે ત્યારે બાવી નાચે એમ આ જયજિનેંદ્રજી વિભાગમાં દર વરસે જ્યારે પ્રસંગ આવશે ત્યારે આવશે. આ બિન્દુ મહેતાનું લખાણ નવું નથી.

દેવ દ્રવ્યની વૃદ્ધિ માટે બોલી બોલાય છે. અને અનેક જ્યારે હોય ત્યારે ૧ લી પૂજા આદિ કોણ કરે કે સૂત્ર કોણ બોલે? તે કલેશનું કારણ બને. વળી આજના સુધારકો કે દેવ દ્રવ્ય આદિ ધર્મ દ્રવ્યથી ઉભગેલા સામાયિક કે નવકારવાળી પણ બોલી દેવાને કહે છે તે પણ વિધિ માર્ગનો લોપ કરવા જેવું છે. તથા આ દેવદ્રવ્ય *આદિથી મંદિરોના જીર્ણોદ્ધાર, તીર્થોદ્ધાર નિર્માણ આદિ થાય છે. જ્ઞાનદ્રવ્યથી શાસ્ત્રોદ્ધાર* થાય છે; આજે શ્રાવકો પોતાનું દ્રવ્ય જીર્ણોદ્ધાર કે મંદિર આદિમાં કે શાસ્ત્રોદ્ધારમાં કેટલું આપે છે તે તો વિદિત છે, આજે જૈનોના ભવ્ય મંદિર પ્રાચીન અર્વાચીન છે

તે દેવદ્રવ્યના પ્રભાવે છે. અને શાસ્ત્રો પણ જે લખાય છે કે મુદ્રિત ઉપલબ્ધ છે તે જ્ઞાનદ્રવ્યના પ્રતાપે છે.

હિતુબોનની વાત તો પેઢીએ જતા બાપનો છેડો પકડીને ન જવા માટે રુદન કરતા બાળક જેવી છે પરંતુ જયજિનેંદ્રના સંપાદક વિગેરે તો આવી વાતમાં પૂર્વગ્રહ દ્વેષ અને અનાદરવાળા છે તે વધુ લેખમી છે. તેમને તો દરેક વખતે શાસ્ત્ર અને તેની પ્રણાલિકાનું ખંડન કરવાનું જ છે. પરંતુ ધર્મ શાસન અને વિધિને માનનારો સકલ સંઘ આવી તુચ્છ વાતોમાં ફસાય નહિ. જો કે આવું વાંચીને ખેદ થાય અને લેવા દેવા ન હોય તેવા માણસો ફોગટ પાપ બાંધે તેની દયા પણ આવે.

સ્થાનકવાસી સાધુ સાધ્વીજીની જાહેરાત અને ફોટા.

તા. ૨૪-૮-૯૧ ના પ્રસંગે આશ્રીને ગતસાલ મરુધર કેશરી સ્વ. શ્રી મિશ્રીમલજી મ. ની ૧૦૧ મી જ-મ જયંતિ અને મહાસતી શ્રી આનંદશિલાજીના ૫૧ મૌન ઉપવાસના પારણા નિમિત્તે બંનેના ફોટા સહિત મું. સ. માં જાહેરાત પ્રગટ થઇ હતી. આ પ્રસંગે એટલું જ જણાવવાનું ફોટા ફોટા-પ્રતિકૃતિનો મહિમા તેઓ પણ માને છે તો પછી ધર્મ પ્રણેતા શ્રી જિનેશ્વરદેવોના પ્રતિમાજી સામે દ્વેષ ઉભો શા માટે રાખવો ? વર્ધમાન સ્થા. શ્રા. સંઘ જ આ વિષયમાં વિચારીને દેવાધિદેવના પ્રતિમાજી આદિની અવજ્ઞાની પ્રણાલિકાને દૂર કરે તે ઉચિત છે. કોઇ કહેશે કે ઘણા સ્થાનકવાસી ભાવિકો દર્શન કરવા આવે છે જ. તે બરાબર પરંતુ તેમના સંઘ આદિ દ્વારા તો તેનો પ્રગટ નિષેધ છે. આવે છે તે તો વ્યક્તિની ભાવના થઇ. દેવાધિદેવના દર્શન વંદન આદિનો પ્રતિબંધ એ આત્મા માટે હિતકારી નથી.

હલેવણનગર ખ ભાત
૨૦૪૮ અષાડ સુદ ૮

—જિનેન્દ્રસૂરિ

---

૦ આત્માને માને, આત્માને નિત્ય માને, આત્માને પુણ્ય-પાપનો કર્તા માને અને આત્મા પોતાના કરેલા પુણ્ય-પાપના ફળનો પોતે જ ભોક્તા છે એમ પણ માને; પણ આત્માના મોક્ષને ન માને; અને મોક્ષને જે ન માને એ મોક્ષના ઉપાયને તો માને જ શેનો ?-એવા મોક્ષને અને મોક્ષના ઉપાયને નહિ માનનારા આત્માઓ, તત્ત્વ સ્વરૂપના જ્ઞાનમાં અને તત્ત્વ સ્વરૂપના વર્ણનમાં અધૂરા જ રહેવાના છે. જેઓ આત્માને જ માનતા નથી, તેઓ નાસ્તિક નામના માત્ર નામથી દર્શન ગણાતા દર્શનના અનુયાયિઓ ગણાય છે.

—આત્મોન્નતિનાં સોપાન-પહેલો ભાગ

વિરલ વ્યક્તિ

સંઘવી પોપટલાલ વીરપાળ દોઢીયા
મુંબઇ

સ્વર્ગસ્થ વિસાળ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદન હો.

આજે વરસો પહેલાં તેઓ મુનિ રામવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા અને શ્રીમંત અને યુવાનોમાં તો જાણે બહારવટીયા જેવો ભય પ્રાપ્ત થયો. એ સંવત ૧૯૮૩ ની છે. તેઓશ્રીના વ્યાખ્યાનો અમદાવાદનાં બજાર રોડ ઉપર ગોઠવાતા હતા અને ઘણા હવુ કર્મી જીવોને વ્યાખ્યાન સાંભળતા જ વૈરાગ્યની જાગ્રતી થતી હતી તેવા સમયે હું સંવત ૧૯૮૩ માં કદમગીરી તિર્થનું રચનાત્મક કાર્યમાં મહાન પૂ. આ. દેવ શ્રીમદ્ નેમીસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં કદમગીરી તિર્થમાં વંદન થયાને મેં વાત કરી કે હમણા મુનિ રામવિજયજી નાના નાના બાલુડાઓને દીક્ષા આપે છે એ ખોટું ન ગણાય સાહેબ આ સાંભળતાં જ બોલ્યા કે હવે પછી આવું બોલીસ તો જીભ કપાઈ જાય એ તો અમારામાં કોઇ વીરલ વ્યકિત પ્રગટ થઇ છે.

સાંભળતાં હું નરમ પડયો અને છતાં સવંત ૧૯૮૫ માં મુંબઇ લાલબાગ મોતીશાહ શેઠનાં ઉપાશ્રયે ચાતુર્માસ વખતે ઘણાં યુવાનોની માથે કાળા વાવટાથી સ્વાગત કરવામાં હું હતો પણ મારા મહા પૂન્યોદયે હું તેઓશ્રીના મુખમાંથી નવકારનો રણકાર સાંભળીને તેઓશ્રીના ચરણમાં નમતાં મારી ભુલ થઇ ગઈ છે.

એ વાત સાંભળતાં મને તેમના મોઢામાંથી જે વચનો સાંભળવા મળ્યા એ સાંભળીને આજદિન સુધી તેઓશ્રીના મોઢામાંથી બોલેલા શબ્દો બધા જ ગુરવાર બનતા જાય છે. તેમણે છેલ્લા શાસન સ્થાપક મહાવીર પ્રભુને પૂન્યપાળ રાજાના પ્રશ્નોના જવાબ અને પ્રભુ આજ્ઞા છોડનારા જીવો જ આ સંસારમાં રખડનારા બને છે. તેવું જ તેમના દરેક પ્રવચનો અને આચારની જિનવાણીમાં બાજ લખાણનો આદર્શ હોય છે.

ચૌદ પૂર્વનાં જ્ઞાની ભગવન્તો પડી ગયા એ આજે વર્તમાનકાળમાં વાત્સલ્ય મૂર્તિ પૂજ્ય આ. દેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના આજ્ઞામાં રહેલા સંઘ સમુદાયના બહુમતિના પડખામાં બેસી ગયા છે તેવા મહાજ્ઞાનીઓને પણ કર્મસત્તા કેવા નાચ કરાવે છે તો મને મારા પોતાની જાતને સમજાવવા કહેવાનું મન થાય છે કે તું તારા આત્માનું કલ્યાણ કરનારો ત્યારે જ બનીશ કે પ્રભુ આજ્ઞા પ્રમાણેનું જીવન બનાવીસ ત્યારે આ જાતને પુછવામાં મહાન ઉપકારી આ. દેવ શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને કોટિ કોટિ વંદન.

જિન શાસનનો શિરતાજ, કલિકાલ કલ્પતરૂ, જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર, તપાગચ્છાગ્રણિ, અવિકલ શાસ્ત્રજ્ઞાન, અવિચલ શાસ્ત્ર નિષ્ઠા, વિરલ વિમલ શાસ્ત્ર પ્રરૂપણાના સ્વામી, તપાગચ્છના તાજ, કલિયુગના-કોહિનુર, ગુજરાતના ગૌરવ, ભારતના ભુષણ, જગતના જવાહિર, દીક્ષા દુંદુભિના દિવ્ય વાદક, સાગરશા ગંભીર, મેરૂશાધીર, દીક્ષાના દાનવીર, વ્યાખ્યાન વાચસ્પતિ વિશાલ ગચ્છાધિપતિ-આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !

જિન શાસનનું ઝલકતું જવાહિર

પૂ. સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ.

આપના જાજવલ્યમાન જીવનના અનેક સુવર્ણ પાસાઓ પૈકીનું એક સુવર્ણપાસુ હતું સ્વાધ્યાય રસિકતા ! ૯-૯ વટાવી છેલ્લી ૯૬ વર્ષની અતિભુર્જંગ વયે પણ ગાથા ગોખવી, સ્વાધ્યાય કરવો, શાસ્ત્રવાંચનમાં તત્પર રહેવું, ડોળીમાં-વિહારનો ટાઇમ પણ ન વેડફાય તે રીતે વિહાર દરમ્યાન આગમાદિ શાસ્ત્રોનું ચિંતવન કરવું, આ બધું જોતાં આપશ્રીનો વિદ્યાવ્યાસંગ અને સ્વાધ્યાયરંગ સ્પષ્ટ રીતે નજરે ચઢતો.....

દેવદ્રવ્યની રક્ષા, બાલદીક્ષા, સત્યનું રક્ષણ, તિથિચર્ચા વિગેરે શાસન કાર્યોના-વિષયમાં પૂજ્યશ્રી પોતાના વિચારો મોક્ષના લક્ષ્યની દૃષ્ટિથી તત્ત્વદર્શન અને શાસ્ત્રના-આધારે સચોટ રીતે રજુ કરતા. એના કારણે આવતા અનેક ઝંઝાવાતોનો સામનો કરી, છેવટે અણનમ જ રહી જયને પ્રાપ્ત કરતા હતા, છેલ્લે સં. ૨૦૪૪ ના કહેવાતા મુનિ સંમેલનમાં લેવાયેલા શાસ્ત્રવિરૂદ્ધ ઠરાવોનો પણ યુકિતયુકિત શાસ્ત્ર વચનોથી જોરદાર વિરોધ કર્યો તેમાં પણ પૂજ્યશ્રી જયશ્રીને વર્યા, આમ એકલા પણ અનેકોની સહ-સત્યપક્ષની રક્ષા કરતા પૂજ્યશ્રીએ અમારા ઉપર પણ કરૂણા નજર કરી, પ. પૂ. ગુરૂદેવશ્રી ખાંતિશ્રીજી મ સા. પ. પૂ. ગુરૂદેવશ્રી સ્વ. કિરણપ્રજ્ઞાશ્રીજી મ. સા. નો આખો સાધ્વી સમુદાય પૂજ્યશ્રીની આજ્ઞામાં આવી કૃતકૃત્ય બન્યો. ધન્યાતિધન્ય બન્યો છે,

ખરેખર આ એક મહાન ઉપકાર મારે કયાં શબ્દોમાં વર્ણવવો, ભવોભવ સુધી પૂજ્યશ્રીના અમે ઋણી છીએ, આપ જ અમારા પ્રાણ-પ્રાણ અને જીવનના આધાર છો, બીજા પણ અમારા ઉપર પૂજ્યશ્રીના ઘણા-ઘણા ઉપકારો થયેલા, દીક્ષા, વડીદીક્ષા, દીક્ષાના મુહૂર્તો આદિ ઘણા કાર્યો પૂજ્યશ્રીની આજ્ઞાથી નિર્વિઘ્નપણે સંપૂર્ણ થયેલ.

છેલ્લે જ્યારે પૂજ્યશ્રી સં. ૨૦૪૫ માં પાલીતાણા ચૌમાસુ હતા, ત્યારે અમને નિશ્રા પ્રદાન કરી અમારા ઉપર અમીવૃષ્ટિ કરી હતી, ચૌમાસા દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં ઓચ્છવ-મહોત્સવો ચોથા આરાની ઝાંખી કરાવતા હતા, પૂજ્યશ્રીની મુખમુદ્રા તો સદા સુપ્રસન્ન જ રહેતી, વંદનાર્થે દર્શનાર્થે પણ ભક્તોની ભીડ રહ્યા કરતી, દેરાસરમાં ચૈત્યવંદનના ટાઇમે અને વ્યાખ્યાનના ટાઈમે તો વિશાલ જગ્યા પણ નાની પડતી, આ બધુ જ હસ્તગિરી, ડોલીયા. પાટણ ચૌમાસુ વિગેરે આંખ સામે તરી આવે છે, આવો શું ચમત્કાર હતો કે પૂજ્યશ્રી જ્યાં પધારે ત્યાં જય અને મંગલના જ વાજિંત્રો વાગતા હોય, જબાબમાં કહેવું જ પડે કે "પનોતિ પુણ્યાઈના સ્વામી" એવા આપણા પૂજ્યશ્રી હતા !

છેલ્લે અમે દાંતરાઇ ચૌમાસુ હતા ત્યારે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય ગંભીર અવસ્થામાં સાંભલી, આખા સાધ્વી સમુદાય સંઘમાં વિશાદ ફેલાયો, બધા જ ચિંતિત બની ગયા, અઠ્ઠમતપ-શુદ્ધઆયંબિલ જાપ વિગેરે આરાધના ચાલું કરેલ, બે દિવસ પછી દાંતરાઇથી બહેનો પૂજ્યશ્રીને વંદનાર્થે. સાબરમતી ગયેલા, તેઓની સાથે મેં દાંતરાઈથી પૂજ્યશ્રીને આરાધના સંભલાવવા મોકલાવેલ, ૧૦૮ અઠ્ઠમ, ૧૦૮ શુદ્ધ આયંબિલ. ૧ કરોડ સ્વાધ્યાય ૧ કરોડ જાપ, પૂજ્યશ્રીએ બધી જ આરાધના સાભાન અવસ્થામાં સાંભલીને અનુમોદના કરેલ, એજ ખાસ મહત્વની વાત છે. કે પૂજ્યશ્રી બીજાના નાના સુકૃતની પણ અનુમોદના કર્યા વગર ન હોતા રહેતા, મહાપુરુષોને આવા મહાન ગુણો પણ સ્વભાવિક આત્મ સાત્ થયેલા જ હોય છે.

સાબરમતી ગયેલા બહેનો પૂજ્યશ્રીને આરાધનામાં મસ્ત બનેલા નિહાલી ખુબ રાજી થયા, અમને પણ આવીને શાંતિના સમાચાર આપ્યા કે હવે ચિંતા જેવું નથી. છતા પણ અમે તો આરાધના ચાલુ જ રાખેલ, એમાં એકાએક ફરી અ. વ. ૧૩ ના દિવસે ફરી અત્યંત ચિંતાજનક સમાચાર મલતા, બધા ફરી હતાશ થઇ ગયા, આરાધના જોરદાર ચાલુ જ રાખી, સંઘમાં પણ સામુદાયિક આયંબિલ વિગેરે આરાધના કરાવી, ખરેખર પુણ્યહીન માણસની પાસે જેમ લક્ષ્મી રહેતી નથી. તેમ આપણા સહુનું પુણ્ય ખલાસ થતાં અ. વ. ૧૪ ના દિવસે કાલરાત્રીએ આપણું ઘણી રીતિએ જતન કરી સાચવી રાખેલ એકનું એક ઝલકતુ અમૂલ્ય જવાહિર એકાએક છિનવી લીધું, આપણને બધાને નિર્ધની બનાવી દીધા, ઘણો કારમો આઘાત અનુભવ્યો,

ઓ પરમોપકારી ગુરૂદેવ ! અપકારી ઉપર પણ ઉપકાર કરવામાં તત્પર તે દિવ્ય છબી અમારી આંખ આગલથી તો છીનવાય ગઇ, પરંતુ અમારા અંતર આગલથી ન છીનવાય અને એ ઉચ્ચ આદર્શ પામી અમારામાં પણ એ રીતે ગુણોમાં વૃધ્ધિ પામો.

એ. મંગલ કામના સહ-

પૂજ્યશ્રીના પાવન ચરણોમાં કોટિ-કોટિ વંદના ! વંદના !! વંદના !!

!!...સૂરિરામની અમર કહાની...!!

—પૂ. પં. શ્રી કીર્તિસેન વિજયજી મ. ઠીસા.

કોણે કહ્યું 'સૂરિરામ' કાળધર્મ પામ્યા...! ના...! રે... ના...!

- નામ સૂરિરામ
- સ્થાપનાં...'સૂરિરામ'
- દ્રવ્ય સૂરિરામ
- આગમ સ્વરૂપે ભાવ 'સૂરિરામ"

સદા... સર્વત્ર...વિદ્યમાન છે માત્ર નો આગમ સ્વરૂપે
"ભાવસૂરિરામ"...આપણી પાસે વિદ્યમાન નથી...!

૯૦% અનુગ્રહ કૃપા...તો ૧૦% નિગ્રહ કૃપા દ્વારા સૂરિરામ...ઘર...ઘરમાં...ઘટ ઘટમાં વ્યાપક છે. માત્ર એ વિરાટ વ્યક્તિને...સમજવા...જાણવા...માણવા...આપણી દૃષ્ટિમાં નિર્મળતા...સાથે...સાથે સદ્‌બુધ્ધિ જોઇએ...!

—: અજબ લોકોત્તરતા :—

- હાથી જેવી ધીર-ગંભીર ચાલ...
- સિંહ જેવી પ્રવચન સમયે વાણી ગર્જના...
- માખણથી પણ કોમળ શરીર...
- મોતીના દાણા જેવા હસ્તાક્ષરો...
- આંખોમાંથી સદાય નીતરતું ભાવ વાત્સલ્ય નીર...
- દરેકને માથાના વાળથી પગના નખસુધી પારખવાની વેધક દૃષ્ટિ
- પૂર્ણિમાના ચંદ્રથી પણ અધિક દેદીપ્યમાન મુખારવિંદ...
- હાથ-પગની ઉત્તમ-લોકોત્તર કોટિની રેખાઓ...
- ભાવવાહી ચેષ્ટા પૂર્વક ગૌત્યવંદન...
- ડોળીમાં બેઠા...બેઠા... પણ સ્વાધ્યાય મગ્નતા...
- બાલક સાથે બાલક જેવી વૃત્તિ-પ્રવૃત્તિ...
- સવિજીવ કરૂં શાસન રસી,ની ભાવનાથી ભાવિત અંતઃકરણ...
- સંઘો પ્રત્યે અપાર વાત્સલ્યતા...! હાજરજવાબીપણું....
- સદાય સુપ્રસન્ન મન... બાહ્યશક્તિની તીવ્રતા...!
- દરેક જીવોને મુક્તિમાં પહોંચાડવાની તીવ્ર તમન્ના...!
- અંતિમ સમય-શ્વાસોશ્વાસ પર્યંત- પરમાત્માનું નામસ્મરણ..!
- રત્નત્રયીની સુવિશુદ્ધ આરાધના કરી..."સૌ મુક્તિ પામો"

એવો: છેલ્લો દિવ્ય સંદેશ...!

'સૂરિરામ'ની મહત્તા...શું આટલા માટે હતી...!

- શું એમને ૧૧૭/ શિષ્યોનો પરિવાર અને સંખ્યાતીત અનુયાયીઓ હતા માટે..?
- સેંકડો ગમે અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, વડીદીક્ષાઓ કરી હતી માટે...?
- "રામત્યાં અયોધ્યા..."! પગલે...પગલે મહાપ્રભાવક જિનભક્તિ મહોત્સવો ઉજવાંતા હતા માટે...?
- સૂરિરામના વચન માત્રથી કરોડોના ફંડફાળા. જરાવારમાં થતા માટે...?
- પ્રભાવક પ્રવચનોથી વકીલો, સત્તાધીશો. વિદ્વાનો ન્યાયધીશો આકર્ષાતા હતા માટે..?
- સર્વત્ર-સદા અભેડ માન, પાન, સન્માન પામતા હતા માટે...?
- ૭૯ વર્ષનો દીક્ષા પર્યાય, ૫૬ વર્ષનો આચાર્ય પર્યાય ૯૬ વર્ષની ઉંમર હતી માટે...?
- અંતિમ યાત્રામાં લાખો ભાવિકોએ હાજરી આપી હતી માટે...? અગ્નિ સંસ્કારના કરોડો રૂા બોલાયા માટે ?

ના...રે...ના....! આતો અભ્યંતર ગુણ વૈભવ (વિશુદ્ધિ)નો માત્ર પડછાયો જ હતો...જ્યારે આંતર શુદ્ધિની પરાકાષ્ટતા કેવી હતી...?

- જેમના રોમે....રોમ....માં પરમાત્માની આજ્ઞા તાણા-વાણાની મા.ફક વણાયેલી હતી માટે...!
- જેમના અસંખ્ય આત્મ પ્રદેશો....શાસ્ત્રાભિમુખ હતા માટે...!
- જેમની સાતે ધાતુઓ... પરમાત્મભક્તિ રસ લીન હતી માટે...!
- "સવિજીવ કરૂં શાસન રસી'થી જેમનું અંતઃકરણ પરિપ્લાવિત કતું માટે...!
- જેમનો ઉપયોગ... 'આગમ તીર્થંકર" સ્વરૂપ હતો માટે...!
- જેમની પાંચે ઇન્દ્રિયો વિષય વિમુખ અને પંચ પરમેષ્ટિ સન્મુખ હતી માટે...!
- જેમના મન-વચન-કાયાના યોગો શુભાનુષ્ઠાનમાં સદાય પ્રવૃત્ત હતા માટે....!
- જે વીરશાસનને વરેલા અને જાતના બદલે જિનાજ્ઞાને સમર્પિત હતા માટે...!
- તત્ત્વત્રયી. દેવ-ગુરૂ-ધર્મ અને રત્નત્રયી... જ્ઞાન-દર્શન-ચારિત્રની સિદ્ધિ મેળવ્યા બાદ સુયોગ્ય પાત્રોમાં વિનિયોગ કરનારા હતા માટે...!
- સંયમ...શાસ્ત્ર ..મોક્ષ...ની જ વાતો કરનારા હતા માટે....!
- નિંદક-પૂજક...બધાને એક સરખી ભાવકરૂણાથી જોનારા હતા માટે...!
- પ્રવચનનું માધ્યમ :-
  - સુખમય સંસાર પણ છોડવા જેવો,
  - મૈક્ષ જ એક મેળવવા જેવો,
  - મોક્ષ માટે સંયમ જ લેવા જેવું

આ ત્રિપદીનો પ્રચાર-પ્રસાર કરનારા હતા માટે...!

આવા લોકોત્તર ગુણવૈભવના સ્વામી "સુરિરામ"ના

શુદ્ધાત્માને અનંતશ વંદનાવલી...!

तस्मैश्री गुरवे नमः

- प्रज्ञांग

अत्थमिए जिणसूरे, केवलिचंदेऽवि जे पईकव्व ।
पयडंति इह पयत्थे, ते आयरिए नमंसामि ।।

'श्री જિનેશ્વરદેવ રૂપી સૂર્ય અને શ્રી કેવલજ્ઞાની ભગવંત રૂપી ચન્દ્ર પણ અસ્ત થયે છતે, અંધકારમાં દીપકની જેમ શ્રુતજ્ઞાનના બળે જગતના સઘળા ય પદાર્થોને જેઓ પ્રકાશિત કરે છે, તે શ્રી આચાર્યભગવંતોને હું ભાવથી નમસ્કાર કરું છું.'

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ ભવ્ય જીવોના કલ્યાણને માટે મોક્ષમાર્ગ સ્વરૂપ ધર્મશાસનની સ્થાપના કરે છે. અને જીવનભર એ શાસનને જ પ્રચારી, પ્રકાશિત કરીને અનેક ભવ્યાત્માઓને મોક્ષમાર્ગે ચઢાવે છે. તે શાસનની પૂરેપૂરી આરાધના કરીને અનેકાનેક આત્માઓ મોક્ષને પામે છે.

રાગાદિ શત્રુઓને જીતે તે શ્રી જિન! આવા શ્રી જિનેશ્વરદેવનો જે ઉપાસક તે જૈન. સાચો જૈન હંમેશાં રાગાદિ શત્રુઓને જીતવા અને જિન બનવા મથતો હોય માટે તે મોક્ષનો જ અર્થી અને સંસારનો–સંસારની સુખ સાહ્યબીનો અનર્થી હોય. સંસાર છોડવાની આકંઠ ઇચ્છા હોવા છતાં કર્મવશાત્ સંસારમાં રહેવું પડે તો ય કમને રહ્યો હોય. એટલે સંસારની પ્રવૃત્તિ કરવા છતાં ય સંસારને કાપતો હોય કર્મની વિચિત્રતાના કારણે વિશેષ કાંઇ ન કરી શકે તો ય શ્રી નમસ્કાર મહામંત્રનો સ્મારક તો હોય જ.

શ્રી નમસ્કાર મહામંત્રમાં જે શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે તેમાં શ્રી અરિહંતપરમાત્માઓ મોક્ષમાર્ગના જ સ્થાપક, પ્રરૂપક અને પ્રચારક છે. શ્રી સિદ્ધ પરમાત્માઓ સકલ કર્મથી રહિત થયા હોવાથી, આત્માની અવિનાશી પણ સ્વરૂપ મોક્ષદશાને જ યાદ કરાવે છે. શ્રી આચાર્યભગવંતો મોક્ષમાર્ગના ઉપાયભૂત જ્ઞાનાદિ પાંચે આચારોનું સ્વયં પાલન કરે છે અને જે કોઇ આવે તેની પાસે પાલન કરાવે છે. શ્રી ઉપાધ્યાય ભગવંતો મોક્ષનું જ નિરૂપણ કરનારા સકલ શાસ્ત્રોનું 'વિનય' પૂર્વક અધ્યયન કરાવે છે અને શ્રી સાધુભગવંતો યોગ્ય ભવ્યાત્માઓને મોક્ષમાર્ગે ચઢવામાં સહાય કરે છે. મોક્ષના જ લક્ષ્યને સતત યાદ કરાવનાર શ્રી નમસ્કાર મહામંત્રનો સંસારની સુખ–સાહ્યબી–સંપત્તિ માટે ય ઉપયોગ કરાય એવું પ્રતિપાદન આત્માની ભવાભિનંદિતાને સૂચિત કરે છે !!

શ્રી અરિહંત પરમાત્માઓના મોક્ષગમન બાદ, મોક્ષ માર્ગ સ્વરૂપ એ શાસનની ધુરાને શ્રી આચાર્ય ભગવંતો વહન કરે છે. તેઓ જ્ઞાનાચાર–દર્શનાચાર–ચારિત્રાચાર–તપાચાર અને વીર્યાચાર સ્વરૂપ પાંચે આચારોનું સ્વયં પાલન કરે છે અને જે કોઇ ભવ્યાત્મા આવે તેને તે પાંચે આચારો સમજાવીને તેની પાસે પાલન કરાવે છે. અને મોક્ષમાર્ગને જગ-

તમાં વહેતો રાખવાનું ભગીરથ કાર્ય કરે છે. તેથી જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ તેઓને શ્રી જૈનશાસનના 'રાજા' કહીને નવાજ્યા છે. રાજા જેમ પોતાના રાજ્ય ખાતર, તેમ તેઓ શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવના ખાતર પોતાનું સંપૂર્ણ જીવન ન્યોછાવર કરી દે છે. આવા ગીતાર્થ, રક્ષક, સમર્થ પ્રભાવક, સુગૃહીત પુણ્યનામધેય આચાર્ય ભગવંતો, ચરમતીર્થપતિ, શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માના શાસનમાં અનેકાનેક થઇ ગયા કે જેઓનું નામ સ્મરણ પણ આત્મામાં શાસનરક્ષાનો વીર્યોલ્લાસ જગાવે છે. આવા મહાપુરુષોમાં વીસમી સદીમાં ન્યાયાંભોનિધિ, સમર્થ પ્રભાવક રક્ષક પ. પૂ. આ. શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજા કે જેઓ પૂ. શ્રી આત્મારામજી મહારાજના ડાડીલા નામે સુપ્રસિદ્ધ હતા તે થયા. અને તેઓશ્રીની ચોથી પાટે થયેલા એકવીશમી સદીના મહાન શાસન પ્રભાવક, શાસન રક્ષક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ, તપાગચ્છનીયાવિચ્છિન્ન સામાચારી સંરક્ષક, દીક્ષાના દાનવીર, પ્રાતઃ સ્મરણીય, પરમારાધ્યપાદ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા જૈન જૈનેતર જગતમાં સુપ્રસિદ્ધ હતા ને થયા.

સંસારની અસારતા, ધર્મની સુંદરતા, મોક્ષની મનોહરતા, મનુષ્યજન્મની દુર્લભતાને સમજાવતી, જમાનાવાદની ઝેરી અસરો અને વર્તમાન શિક્ષણની ભયાનકતાઓનો સાદશ ચિતાર બતાવતી, સરળ અને સુબોધ, પ્રેરક અને રોચક, આબાલ વૃદ્ધ સહજપણે સમજી શકે તેવી, નાભિના નાદથી નીકળેલી અને સૌને હૃદયંગમ થનારી, શ્રી જિનવાણીનું તેઓ શ્રીમદ્ના શ્રીમુખે અમીપાન કરવું તે જીવનનો અમૂલ્ય લ્હાવો હતો. ગમે તેવા પ્રશ્નોનો તુરત જ શાસ્ત્રીય સુવિશુદ્ધ યુક્તિઓ અને સુતર્કોથી જવાબ આપી, શ્રોતાજનોના ચિત્તને આશ્ચર્ય પૂર્વક ડોલાવી નાંખવા તે તેઓશ્રીની અપ્રતિમ પ્રતિભા હતી. અવસરે 'કડવી' પણ 'હિતકર' વાણી, સૌના આત્મામાં સંતોષની 'મીઠાશ'નો અનુભવ કરાવતી હતી. સઘળાંય શ્રુતમહોદધિનું મંથન કરીને કાઢેલ અમૃતબિંદુ 'સંસારનાં સુખનો રાગ ભૂંડો છે અને પોતાના જ પાપથી આવતાં દુઃખ ઉપરનો દ્વેષ ભૂંડો છે'નું પાન સઘળાંયના ચિત્તને અમૃતનો આસ્વાદ કરાવે છે અને 'तित्थयर समो सूरि'નો સાક્ષાત્કાર કરાવી ગયા છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ શ્રી આચાર્ય ભગવંતના છત્રીશ-છત્રીશ ગુણોનું છત્રીશ પ્રકારે વર્ણન કરેલું છે. તેમાંનો એક ગુણ છે 'શુદ્ધ પ્રરૂપકતા.' શ્રી પદ્મવિજયજી મહારાજાએ પણ 'શ્રી આચાર્યપદ'ની પૂજામાં આ ગુણની મહત્તા ગાતા ગાયું છે કે–

"શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે;
છત્રીશ છત્રીશી ગુણે શોભિત સમયમાં દાખ્યા રે."

શાસ્ત્ર મુજબ શુદ્ધ પ્રરૂપણા કરવી તે સહેલી ચીજ નથી. શાસ્ત્ર ચુસ્તતા, સિદ્ધાંત નિષ્ઠતા, શાસનનો અવિહડ રાગ આત્મસાત્ થયો હોય જે પોતાની જાતને ભૂલે, 'જાતની પ્રભાવના' કરતા ય શાસનની પ્રભાવના, રક્ષા અને આરાધના જ જેમનો જીવનમંત્ર હોય, પાસેના રૂ. ખસી જશે તેની ચિંતા ન હોય, લોકોને 'રાજી' કરવાનું મન ન હોય, લોકોને ગમે કે ન ગમે પણ શાસ્ત્રે જેમ કહ્યું તેમ જ યથાર્થ બોલતા હોય, લોકોને આવતા રાખવા શાસ્ત્રથી આઘાપાછા ખસવાનું મન ન હોય. તેવો જ આત્મા શુદ્ધ પ્રરૂપક બની શકે ? આ ગુણ પૂજ્યશ્રીના જીવનમાં યથાર્થપણે જોવા મળતો હતો.

આખું જગત જે સુખની પાછળ પાછળ પાગલ બન્યું છે, તે સુખને મેળવવા, ભોગવવા અને સાચવવા જે કરવું પડે તે કરે છે–બીજાને પણ કરવા પ્રેરે છે. અને પોતાના જ પાપથી, પોતાની ભૂલોના પરિણામે આવતું જે દુઃખ, તે દુઃખને કાઢવા જે ધમપછાડા કરે છે, દીનતા દાખવે છે. તેવા જગતમાં રહી, જગતને જરા ય ન ગમતી એવી વાત– "આ દુનિયાનું પુણ્યથી મળતું એવું સુખ બરાબરમાં બરાબ છે, મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી, સાચવવા જેવું નથી; મળે તો રાજી થવા જેવું નથી. કેમ કે, અગ્નિ બાવળનો હોય કે ચંદનનો હોય પણ બાળે, બાળે ને બાળે જ. તેના જેવું આ દુનિયાનું સુખ છે માટે છોડી દેવા જેવું છે, છોડયા પછી સામે ય જોવા જેવું નથી. કદાચ છોડવાની તાકાત ન હોય અને તે સુખની સાથે રહેવું પડે તો, બાઈઓ અગ્નિનો ઉપયોગ કરવો પડે તો જેવી રીતે કરે તેવી રીતે સાચવી–સંભાળીને રહેવા જેવું છે. અને મારાં જ પાપથી આવતું દુઃખ–મેં કરેલી ભૂલોના પરિણામ રૂપ લેણદાર જેવું છે માટે મજેથી વેઠવા જેવું છે. મારાથી ન વેઠાય તો ય વેઠવાનો અભ્યાસ કરવો જ જોઈએ" આ વાત રોજ કરવા છતાં ય શ્રોતાજનોને નવીને નવી જ લાગતી હતી અને સાંભળવી–આચરવી ગમતી હતી. તે પૂજ્યશ્રીની અપ્રતિમ દેશનાલબ્ધિની સિદ્ધિ હતી.

ગમે તે કારણ હોય પણ આજના ધર્મી ગણાતા વર્ગને ધર્મની બાબતમાં અજ્ઞાન રહેવું ગમે છે. તેથી તે 'સારો દેખાવા' મથે છે અને બધે 'હાજી હાજી' કહેતો ફરે છે. તે જ કારણે જેને જેમ ફાવે તેમ મનકલ્પિત સિધ્ધાન્તો રચી મૂકે છે. શેખચલ્લીના તરંગો પ્રચારી શકે છે. શાસ્ત્રીય સત્યોનો અપલાપ કરી શકે છે. 'સફેદ જૂઠાણા'ઓના ગોબલ્સ પ્રચારમાં આવી જઈને, જે ધર્મને અનંતજ્ઞાનીઓએ મોક્ષને માટે જ ઉપદેશ્યો છે તે ધર્મ 'સંસાર માટે ન કરાય'ની વાતને સાહજિકતાથી સ્વીકારી લે છે. મોક્ષની મશ્કરી થઇ રહી હોય તોય 'આપણે શું ?' 'મોટાની વાતો મોટા જાણે 'એમ વિચારી સત્યને સમજવા અને ગ્રહણ કરવાને બદલે સાવ નિષ્ક્રિય રહે છે. અને જે કોઇ સાચું

સમજાવતા હોય, તેમને 'કદાગ્રહી' 'જિદ્દી' 'સંઘર્ષને જ કરનારા' ઝઘડાળુ' જેવા વિશેષણોથી નવાજે છે. આવી પરિસ્થિતિમાં પણ માન-અપમાનની જરાય પરવા કર્યા વિના, પ્રાણોને હોડમાં મૂકીને, કોઈની ય શેહ-શરમમાં તણાયા વિના, શાસ્ત્રીય સત્યોની-ત્રિકાલાબાધિત સિદ્ધાન્તોની રક્ષાને માટે શાસ્ત્રીય વાતોને સ્પષ્ટ, સચોટ, સુતર્કબદ્ધ સુયુક્તિ-પ્રયુક્તિઓ અને શાસ્ત્રીય પ્રમાણો દ્વારા જગતના ચોગાનમાં પડકારો' દ્વારા શુદ્ધ પ્રરૂપણા કરનાર, ગમે તેવા ઝંઝાવાતી સંઘર્ષોમાં મેરૂની જેમ અડગ અને નિશ્ચલ રહી જગતના ચોગાનમાં 'સત્ય'નો ઝંડો અણનમ રાખનાર અને 'વિજય'ની વરમાળા વરનાર, 'કોઈ ન આવે તો એકલો જાને રે'ની લોકોક્તિની પ્રતીતિ કરાવનાર, સન્માર્ગ-દર્શક, ઉન્માર્ગનું ઉન્મૂલન કરનાર, અજ્ઞાનના અંધકારમાં આમથી તેમ આથડતા અને મિથ્યાત્વ મોહથી મુંઝાયેલા જીવોને સદ્જ્ઞાનની સર્ચલાઈટથી સન્માર્ગમાં સ્થિર કરનાર સ્વર્ગીય પૂજ્ય આચાર્યદેવેશશ્રીની 'ખમીરવંતી ખુમારી'ની યશોગાથા ગાતા લોકોની જીભ થાકતી નથી.

આજે જગતમાં માન-મોટાઈ મેળવવાની, 'મોટાભા' બનવાની ગમે તે રીતે પ્રતિષ્ઠા પામવાની મહત્ત્વકાંક્ષા વ્યાપક બની છે. સત્તાની સાઠમારી, ટાંટિયાખેંચ અને પદપ્રાપ્તિની લાલસા પૂર્ણ કરવા કાવાદાવા ભરેલી મેલી રાજરમતો 'મુત્સદ્દીગિરી' ગણાઈ રહી છે. પરસ્પરને લઢતા રાખી, સંઘર્ષો કરાવી, સુલેહ કરાવનારા 'શાંતિદૂતો' બિલાડીના ટોપની જેમ એકદમ ફૂટી નીકળે છે. 'શાંતિ' અને 'એકતા'ની વાતો કરનારા પોતાની જ 'ખીચડી' પચાવી રહ્યા છે. સ્વાર્થની સિદ્ધિ માટે અંતરના અવાજને અનુસારે 'ગુલાંઠ' મારનારા 'સિદ્ધાંત પ્રિય' નિખાલસતાથી ભુલને સ્વીકારી જુના ઘરે પાછા ફરનારા ગણાઈ રહ્યા છે. આવી પરિસ્થિતિમાં જગતના જીવોની જે હાલત છે તે સૌના અનુભવમાં અને નજર સમક્ષ છે. વર્ત્તમાનનો આવો વાયરો જો લોકોત્તર શાસનને ય ઘેરી વળે તો તેના પરિણામે સકલસંઘની શાંતિ, એકતા અને પ્રતિષ્ઠા જોખમમાંમુકાય તેમાં નવાઈ નથી. આવા અવસરે ય પૂજ્ય આચાર્યદેવ શ્રી જે સ્વસ્થતા, સ્થિરતા, ધીરતા અને વીરતાથી 'સત્ય'નો ઝંડો અણનમ રાખ્યો હતો અને શાસ્ત્ર મુજબ શુધ્ધપ્રરૂપણા કરી શાસ્ત્રીય સત્યો અને સિદ્ધાન્તોનું રક્ષણ કરી કરાવી શ્રી સંઘની સાચી સેવા કરી હતી. પૂજ્યશ્રીના શબ્દોમાં વીરતા ભરેલી વાણીનું પાન કરીએ.

"ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને જાહેર ચોગાનમાં સમજાવવા તૈયાર છું. અને ય તેઓ સમજાવે. હું ખોટો પૂરવાર થાઉં તો ડંકો વગાડીને માફી માંગીશ. જા! મારા વતી વચન આપું છું કે જેને શાસ્ત્રને સામે રાખી વાત કરવી હોય તો શાસ્ત્રની વાત સમજવા અને સમજાવવા હું આજે

પણ તૈયાર છું. જાહેરમાં કહે તો જાહેરમાં, ખાનગીમાં કહે તો ખાનગીમાં વાત કરવા તૈયાર છું. પરસ્પર નહિ સમજી શકીએ તો પ્રેમથી ઊઠીશું પણ કજીયો કરીશું નહિ.”

“શાસ્ત્રની વાત, શાસ્ત્રને સામે રાખી, ગમે ત્યારે, ગમે તે જગ્યાએ કરવા તૈયાર છું. મેં ભૂલ કરી તેમ પૂરવાર કરે તો જાહેર ચોગાનમાં માફી માંગવા તૈયાર છું. પણ જો કહે કે, શાસ્ત્રની વાત તો વિચારવી જ નથી તો તેની સાથે વાત કરવા તૈયાર નથી. શાસ્ત્રની વાત કરવા તૈયાર ન હોય. શાસ્ત્રદૃષ્ટિથી ઉત્તર આપવા તૈયાર ન હોય તેની તો વાત પણ મનાય નહિ.”

“ભગવાનની આજ્ઞા આધી મુકી સંઘની શાંતિ થતી હોય તો તે મડદાની શાંતિ કહેવાય! એકતા સોના જેવી છે પણ તે કોની સાથે કરાય? જો કહે કે, શાસ્ત્રને સિદ્ધાંતને બાજુ પર રાખો તો તેની સાથે વાત પણ કઇ રીતે કરાય? આટે સમજો કે ભગવાનની આજ્ઞા હોય ત્યાં જ અમે હોઇએ. ભગવાનના વચનને સમર્પિત હોઇએ તો જ અમને માનવા જોઇએ, નહિ તો મુકીને ચાલ્યા જવું જોઇએ. અમે ભગવાનના વચનને સમર્પિત નથી તેમ જાણ્યા પછી પણ જો અમને ન મુકો તો તે અધર્મ! અને તેમ જાણીને મુકી દો તે ધર્મ! ભગવાનના વચનને માનવાની તૈયારી ન હોય તો અમે સાધુ નથી, તમે શ્રાવક નથી.”

આવા ટંકશાલી વચનોથી શાસન પ્રત્યેની પૂરી વફાદારી, નિષ્ઠા અને સમર્પિતતાને બતાવનાર તથા શાસનના અવિહડ રાગની જ્યોતને ઝળહળતી રાખનારા પૂજ્ય શ્રી ગત આષાઢ વદી ચૌદશે અવનીતલથી સમાધિ મૃત્યુને વરી ગયા.

આવી ખુમારી, આવું ખમીરવંતુ શૌર્ય, આવી શાસનદાઝ, શાસનનો અવિહડ રાગ અને શાસનના સત્યો-સિદ્ધાંતોના રક્ષણ ખાતર ફના થઇ જવાની વૃત્તિ, અમારા અંતરમાં પણ પ્રગટે એવી મંગલ દિવ્ય આશીષ અમારા પર વરસાવો તે આજના અવસરે માંગી આપના ચરણોમાં અનંતાનંત વંદનાવલી કરીએ છીએ.

“સૂરિજી અમારો સુણજો સાદ,
હૈયામાં જગાવો મોક્ષનો નાદ.”

---

૦ શાસનના મૂળમાં કુઠારાઘાત સમાન ઝંઝાવાતી આક્રમણો સામે, ફના થઇ જઇને પણ શાસ્ત્રીય સત્યોની જ્યોતને ઝળહળતા રાખનારા, શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

પ. પૂ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના

ફ્ર જન્મ, દીક્ષા, સ્વર્ગવાસ સમયની કુંડલીઓ ફ્ર

(૧) જન્મ કુંડલી

વિ. સં : ૧૯૫૨, શક ૧૮૨૭. ફાગણ વદ ૪ [૫૨' ૫]

મંગળવાર તારીખ : ૩-૩-૧૮૯૬ સ્ટા. ટા. : રાત્રે ૧૦-૩૫ વાગે

સ્થાનિક સમય : ૨૧- ૫૫- ૩૬ ઇષ્ટ સાંપાતિક કાલ : ૦૮-૪૩-૨૮

સ્થલ : હલેવાણુ (ખંભાત) અક્ષાંશ : **21° N 19'** રેખાંશ : **72° E 39'**

રેખાંતર : **39m 24s (-)**

નક્ષત્ર : સ્વાતિ તૃતીય ચરણ : ઇષ્ટ ઘટી : ૩૯-૦૫

વિંશોત્તરી : રાહુ મહાદશા ભોગ્ય : ૦૬ વર્ષ : ૦૦ માસ ૦૬ દિવસ

લગ્ન	૧૫°	૧૨'	૨૬"	સપ્તમ	૧૫°	૧૨'	૨૬"
દ્વિતીય	૧૪	૨૪	૪૭	અષ્ટમ	૧૪	૨૪	૪૭
તૃતીય	૧૪	૩૬	૩૯	નવમ	૧૪	૩૬	૩૯
ચતુર્થ	૧૬	૦૧	૪૪	દશમ	૧૬	૦૫	૪૪
પંચમ	૧૭	૫૬	૫૭	એકાદશ	૧૭	૫૬	૫૭
ષષ્ઠ	૧૮	૧૩	૦૬	દ્વાદશ	૧૮	૧૩	૦૬

સૂર્ય	૨૧°૧૪	૫૫"	
ચંદ્ર	૧૫	૩૨	૩૪
મંગળ	૦૭	૪૬	૩૯
બુધ	૨૪	૦૦	૫૪
ગુરુR	૦૭	૨૪	૧૫
શુક્ર	૧૮°	૪૧	૧૫"
શનિ	૨૬	૩૯	૦૬
રાહુ	૧૦	૪૭	૩૪
કેતુ	૨૦	૪૭	૩૪

હર્ષલR ૦૨° ૦૪' ૫૧" નપ. ૨૨° ૫૧' ૩૮" પ્લુ. ૧૮° ૨૩'

જન્મલગ્ન



નવમાંશ



૭-૧-૧૯૬૩ થી ૧૦-૫-૧૯૬૩ સુધી આણંદજી કલ્યાણજી પેઢી

(૨) દીક્ષા કુંડલી

વિ. સં. : ૧૯૬૯ શક : ૧૮૩૪ પોષ સુદ ૧૩ [૫૨']
સોમવાર, તારીખ ૨૦–૧–૧૯૧૩ સ્ટાં. ટા. સવારે આશરે ૧૧–૩૦ વાગે
સ્થલ : ગંધાર (ખંભાત) નક્ષત્ર : મૃગશિર ચતુર્થ લગ્ન ૨૨° ૩૦'

સૂર્ય	૦૬° ૫૭'	શુક્ર	૨૨° ૧૫'
ચંદ્ર	૦૩° ૩૫'	શનિR	૦૪ ૩૫
મંગળ	૧૪ ૩૪	રાહુ	૧૪ ૦૪
બુધ	૨૨	કેતુ	૧૪ ૦૪
ગુરુ	૧૧ ૧૫	હર્ષલ ૧૧°	નેપ.R ૦૧° ૩૦ પ્લુ.R ૦૬°



(૩) સ્વર્ગારોહણ કુંડલી

વિ. સં. : ૨૦૪૭ શક : ૧૯૧૩ અષાડ વદ ૧૪ (૫૨')
શુક્રવાર, તારીખ ૯–૮–૧૯૯૧ સ્ટાં. ટા. સવારે ૧૦–૦૦ વાગે
સ્થાનિક સમય : ૦૯ ૨૦ ૨૮ ઇષ્ટ સાંપાતિક કાલ: ૦૯–૨૯–૧૦
સ્થલ : અમદાવાદ અક્ષાંશ 23°N02' રેખાંશ 72° E 3'
રેખાંતર 39°m 32s (–)

નક્ષત્ર પુષ્ય દ્વિતીય વિંશોત્તરી શનિ મહાદશા ભોગ્ય

લગ્ન ૧૨° ૫૮' ૨૮"	સપ્તમ ૧૨° ૫૮' ૨૮"
દ્વિતીય ૧૩	અષ્ટમ ૧૩
તૃતીય ૧૨	નવમ ૧૨
ચતુર્થ ૧૨ ૫૭ ૦૯	દશમ ૧૨ ૫૭ ૦૯
પંચમ ૧૩	એકાદશ ૧૩
ષષ્ઠ ૧૪	દ્વાદશ ૧૪

સૂર્ય	૨૨°	૨૨'	૦૭"	શુક્ર R	૧૨° ૨૪' ૨૬"
ચંદ્ર	૦૯	૩૪	૩૬	શનિ R	૦૮ ૪૮ ૦૪
મંગળ	૨૧	૩૪	૫૬	રાહુ	૨૩ ૪૩ ૨૬
બુધ R	૧૨	૦૫	૩૦	કેતુ	૨૩ ૪૩ ૨૬
ગુરુ	૨૮	૫૧	૨૬	હર્શલR ૧૬-૪૬	નેપ.R ૨૦-૫૦ પ્લુ. ૨૩-૫૨

લગ્ન



નવમાંશ



D ° h : ૦૯-૪૫ વાગે.

પરમ શાસન પ્રભાવકને ૨૦૦૮ની સાલથી ઓળખતા થયા તેમના દર્શન ૨૦૧૪માં થયા. અમદાવાદ સંમેલનની ફલશ્રુતી જન્મભુમિ પંચાગ માન્ય થયું સંવત્સરી એક થઇ રાધનપુર નો ભકતવર્ગ આ ચર્ચા કરતો હતો. તેમાં ત્યાં બિરાજમાન મહાત્મા સિધ્ધાંત રક્ષક પૂજ્ય માટે જેમ તેમ બોલવા લાગ્યા. પૂજ્યશ્રીને કહ્યું ત્યારે કહે મારાજ છે તપસ્વી છે જ્ઞાની છે પણ અમારી પૂન્યાઇ ઓછી કરુણા જ નીતરતી હતી. અમારા બાપુલાલ કાકા કહેતા અમે પૂ. શ્રીને પથ્થર મારવા ગયા હતા પરંતુ વ્યાખ્યાન સાંભળતા ભકત બની ગયા. પૂજ્યશ્રીના ઉપદેશથી મુંબઇ પણ છોડી દીધું. અમારા કલ્યાણ મિત્ર લક્ષ્મીચંદ મને અને છોટાભાઇને એક જ કહે દીક્ષા લેવી હોય તો પૂજ્ય પાસે જ. અને ૨૦૧૫માં છોટાભાઇ પૂજ્યશ્રીના શિષ્ય ધર્મકીર્તી વિજય બન્યા !

પૂજ્ય શ્રી મને ત્યારે કહ્યું તારા મિત્રે સંયમ લીધું તું રહી ગયો. પણ ધર્મમાં સ્થિર થજે. આ સંસાર છોડવા જેવો છે. સંયમ લેવા જેવું અને મોક્ષ મેળવવા જેવો તેજ રટણ ચાલુ રાખજે. આ પૂજ્યશ્રીની કરુણા હતી. પૂજ્યશ્રીનો દીક્ષા દીન અને પ્રવેશ બે વખત પૂજ્યશ્રીને અચૂક મલાતું આ કરુણા નિધિની કરણા કેટલી કે મને એક્સીડન્ટ

કરુણા નિધીની કરુણા

—શ્રીપ્રવિણચંદ ગંભીરદાસ શેઠ-રાધનપુરી મલાડ

થયેલ. ત્યાર બાદ પૂજ્યશ્રીને લાલ બાગ વંદન કરવા ગયેલ. પૂજ્યશ્રીની તબીયત બરાબર ન હતી. નીચેથી વંદન થતું. પૂજ્યશ્રી એ મારું મોઢું જોઇ મને ઉપર બોલાવ્યો અને કહે આમ કેમ ? મેં પૂજ્યશ્રીને કહ્યું મોતનાં મુખમાંથી પાછો આવેલ છું બધી હકીકત કહી વાસક્ષેપ નાખવાની મનાઇ હોવા છતાં મને વાસક્ષેપ નાખેલ હું ગદ્‌ગદીત થઇ ગયો. મને પૂજ્યશ્રી કહે એક મોક્ષની જ ભાવના ભાવ્યા કર ? તારો મિત્ર ? ધર્મકીર્તી વિજયજી કેટલું ઊંચુ સંયમ જીવન પામી ઉચ્ચગતિ ગામી થયેલ ત્યારે મેં કહ્યું આપની દિવ્ય કૃપા !

સિદ્ધાંત રક્ષક પૂજ્યશ્રીનું જીવન ઘણા આશ્ચર્યથી ભરેલું છે. ખુમારી ! પોતા ઉપરના ખંડનાત્મક વલણને મનમાં પણ નહિ લાવતા, સિદ્ધાંત માટે ખુમારી પૂર્વક રક્ષા માટે બને તે કરી છુટવું. ૨૦૪૪ના સંમેલન વિરોધમાં બે પત્રિકા મેં લખી સાહેબજી કહે ? ગાંઠા આવું લખવાની શું જરૂર હતી. મેં કહ્યું સાહેબ આપની કૃપાથી આ લખાયું છે. છેલ્લે પૂજ્યશ્રીના સ્વર્ગારોહણ બાદ એક પત્રકારે પોતાના પત્રમાં સિધ્ધાંત ઉપર ઘા કરતું લખાણ કર્યું. પકેલા અમે ઢીલા હતા હું કહેતો આવું લખવા વાળા કેટલાને અટકાવીશું

ત્યારે મને ભાસ થયો આ શું તું બોલે છે? ત્યારે હું મક્કમ થઇ ગયો ગમે તેમ આના માટે જે થાય તે કરી છુટવું બીજા ભાઇઓ અગ્રેસર બન્યા. બોરીવલી કોર્ટમાં કેસ કર્યો જેનું પરિણામ સુંદર આવ્યું આ પણ પૂજ્યશ્રીની દિવ્ય કૃપા!

પૂજ્ય શ્રી મને રાધનપુરી તરીકે સંબોધતા જ્યારે પૂ. શ્રીને મળું ત્યારે કહે શું નવીન. પૂજ્યશ્રીની મારા ઉપરની કરૂણા? દિવ્યકૃપા પરંતુ આજે પૂજ્યશ્રીનાં ગુણાનુવાદ કરતાં એમ થાય છે હું આવા પૂજ્ય ગુરૂને પામ્યો છતાં સંયમ વગર રહી ગયો. હવે તે પૂજ્ય એવી દિવ્ય કૃપા વર્ષાવે કે સંસાર છોડું સંયમ લવ અને મોક્ષે જવ એજ એકની એક ભાવના?

○ પાપ થઇ જવું, એ એક વાત છે અને પાપની રસિકતા, એ બીજી વાત છે. પાપને આચરનારા સૌ કોઇ 'પાપથી દુ:ખ'–એ વાતને માનનારા નથી એમ ન કહેવાય. 'પાપથી દુ:ખ'–એમ હૃદય પૂર્વક માનનારાઓ પણ, પાપથી નિવૃત્ત થયેલ ન હોય એ શકય છે. કારણ કે ચારિત્ર મોહનીયનો ઉદય સુવિવેકી અને સમ્યગ્જ્ઞાની એવા પણ આત્માને, સંયમી બનતાં અટકાવે છે. એવા આત્માઓ ભલે એ કારણે સંયમ–સાધક ન પણ બની શકે, પરન્તુ તેઓ સંયમ સાધનાની અભિલાષાથી પર હોતા નથી અને એ કારણે સંયમશીલ બનવાને માટેના શકય ઉપાયો આચરવામાં પણ કાળજીવાળા હોય છે. વાત એટલી જ છે કે– 'પાપથી દુ:ખ'–એમ હૃદયપૂર્વક માનનારમાં, **પાપરસિકતા ન હોવી જોઇએ પણ પાપભીરુતા હોવી જોઇએ. પાપથી બચવાની ભાવના હોવી જોઇએ અને થઈ જતા પાપ માટે પણ પશ્ચાત્તાપ આદિ હોવો જોઇએ.**

દુ:ખ તો સૌને નથી ગમતું, પણ દુ:ખનું કારણ તો ઘણાને ખૂબ જ ગમે છે. ઉપકારીઓ ફરમાવે છે કે– **દુ:ખના કારણ પ્રત્યે અરૂચિવાળા બનો દુ:ખથી ડરવાને બદલે, દુ:ખના કારણથી ડરો. પાપનાં અને પાપ નિવારણનાં વાસ્તવિક કારણોના અભ્યાસી બનો અને ઉપકારી મહાપુરુષોની આજ્ઞા મુજબ પાપથી મુકત બનવાને માટે સુપ્રયત્નશીલ બનો.**

—શ્રાદ્ધગુણ દર્શન–૨

○ શાસ્ત્રમુજબ શુદ્ધ પ્રરૂપણા દ્વારા, શાસ્ત્રીય સત્યો અને સિધ્ધાન્તોનો ઝંડો, પ્રાણના ભોગે પણ અણનમ રાખનારા શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

○ અનેકના ઉજ્જડ અને વેરાન જીવન બાગને, શ્રી જિનવાણીના શીતલપણાથી નવપલ્લવિત કરનાર શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ!

○ સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા દ્વારા ગચ્છની રક્ષા અને વૃધ્ધિને કરનારા, શ્રી જિન શાસનના 'રાજા' સમાન શ્રી આચાર્ય ભગવંતને નમસ્કાર થાઓ.

જૈનશાસનની દૃષ્ટિએ કોઇપણ દ્રવ્ય ગુણ–પર્યાય સહિત હોય છે. એક સમયે દ્રવ્યના એક ગુણ અને એક પર્યાયનું વર્ણન થઇ શકે. એક સાથે અનેક ગુણો અને અનેક પર્યાયોનું વર્ણન શકય નથી તેથી પ્રસ્તુતમાં પૂજ્યપાદશ્રીજીના આત્મદ્રવ્યના "આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા." પર્યાયાંશના "દીર્ઘદર્શિત્વ" ગુણાંશ વિષે વિવેચન કરીશ. એ ગુણ પણ એટલા માટે કે એક પ્રસંગ દ્વારા એ ગુણની ઝાંખી થયેલ તે પ્રસંગ દ્વારા સમજી શકાશે.

સંવત ૨૦૪૨ ની સાલ, વાસદ નામનું ગામ, મકરસંક્રાન્તિ નો દિવસ પૂજ્યપાદશ્રીજી સંવત ૨૦૪૧ નું ચાતુર્માસ "શ્રી લક્ષ્મીવર્ધક સોસાયટી" કરી પોતાના વિશાળ સમુદાય સાથે મુંબઇ તરફ પધારી રહ્યા હતા તે વંખતે હું પણ સાથે હતો. વાસદ ગામમાં જૈનોની વસ્તી ઓછી હોવાથી મારે બપોરે ઇતરના ઘરોમાં ગોચરી જવાનું થયું. મકર-સંક્રાન્તિનો દિવસ હોવાથી એક ઘરે સ્વાભાવિક તલના લાડુ મળ્યા ગોચરી વહોરી

દીર્ઘદર્શિત્વ

—પૂ. મુનિરાજ શ્રી પુણ્ય કીર્તિવિજયજી મ. રાજકોટ

બધા મહાત્માઓ સાથે વાપરવા બેસેલ તે સમયે તલના લાડુમાંથી પૈસા નીકળ્યા. આ પૈસાનું શું કરવું ? એ પ્રશ્ન ઉપસ્થિત થયો. અમુક મહાત્માઓએ પૈસા દેરાસરમાં નખાવી દેવા કહ્યું. મને વિચાર આવ્યો કે આવો પ્રસંગ ભાગ્યે જ કવચિત્ બને તો તેવા પ્રસંગમાં શું કરવું એ પૂજ્યપાદશ્રીજીને પૂછીને નિર્ણય કરીશ. વાપર્યા પછી પૂજ્યપાદશ્રીજી પાસે ગયો. હકીકત કહી સંભળાવી પૂજ્યપાદશ્રીજીએ પ્રશ્ન કર્યો– "એ તલના લાડુ કોના ઘરેથી વહોર્યા તે ખ્યાલ છે ? જો તે ઉપયોગ હોય તો આ રકમ તેને પાછી પહોંચાડવી જોઇએ અને જણાવવું જોઇએ કે "અમારાથી પૈસા ન રખાય" મને પણ ભાગ્યયોગે ઉપયોગ હોવાથી તે ઘરની યાદી હતી તે ઘરે જઇ પૈસા પાછા અપાવી જણાવ્યું 'તલના લાડુ જે તમે આપેલ તેમાંથી પૈસા નીકળેલ તે પાછા અપા-વવા આવ્યો છું ઇતરભાઇએ ભકિતપૂર્વક જણાવ્યું કે "મહારાજ સાહેબ, અમે દાન માટે જ ઉત્તરાયણના દિવસે આ રીતે લાડુમાં પૈસા નાખીએ છીએ તેથી આપ તે રાખો"

મેં જણાવ્યું–ભાગ્યશાળી અમારાથી પૈસા રખાય નહિ સ્પર્શ પણ ન થાય આ તો આધપદાર્થની અંદર આવી ગયા એટલે ખ્યાલ ન રહ્યો માટે વહોર્યું. વાપરતાં ખ્યાલ આવ્યો અને રખાય નહિ અને પાછા આપવા જોઇએ તેથી પાછા

અપાવવા આવવાનું થયું.

ઇતરભાઇએ પણ કહ્યું "ધન્ય છે તમારા સાધુપણાને"

વિચારીએ તો પ્રસંગ ઘણો નાનો અને સહજ છે પણ આવા નાના પ્રશ્નનો જવાબ પણ પૂજ્યપાદશ્રીજીએ દીર્ઘદૃષ્ટિથી સહજ ભાવે આપ્યો કે જેના કારણે સામેથી વ્યક્તિમાં સાધુપણાના નિયમ અંગેની ઘેરી છાપ પડી

આધુનિક જમાનામાં પૂજ્યપાદશ્રીજીની સાધુ માટેની અપરિગ્રહી' તરીકેની શીખ ઉત્તમ આદર્શ પૂરું પાડે છે. આ પ્રસંગે જૈન સાધુ તદ્દન અપરિગ્રહી પાંચ પૈસા પણ પરિગ્રહ ન રાખે એ હાર્દને મારા જીવનમાં જીવંત બનાવ્યું. આવી જ રીતે શાસનના ઘણાં પ્રશ્નોમાં તેઓશ્રીની ઊંડી સૂઝ હતી અને તે કારણે જ શાસનની સાચામાં સાચી આરાધના-પ્રભાવના રક્ષા કરી શકયા.

અંતે પૂજ્યપાદશ્રીજીની આવી "શીખડી" ઓને વફાદાર રહી શકે એ તેવી શકિત અર્પે તેવી પૂજ્યપાદશ્રીને પ્રાર્થના અસ્તુ

બાળકમાંથી મહાન

પૂ.મુ. શ્રી નયભદ્રવિજયજી મ.

આ સંસારમાં દરેક વ્યકિત જયારે જન્મે છે. ત્યારે બાળક જ હોય છે. પરંતુ પૂર્વ જન્મોમાં આરાધના દ્વારા ઉભી કરેલી યોગ્યતાના આધારે તથા વર્તમાન જન્મની પ્રચંડ સાધના ના પ્રભાવે મહાન બને છે. કાળે કાળે અને ક્ષેત્રે ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા સંપન વ્યકિતઓના જન્મ થતાં રહે છે જેના પ્રભાવે મહાવીર મહારાજાને ૨૫૧૮ વર્ષ થયા હોવા છતાં આજે ધર્મની આરાધના પ્રભાવના જોઇ શકીએ છીએ નજીકના કાળમાં જૈન સંઘ ઉપર જેનો ન કલ્પી શકાય તેવો ઉપકાર છે. તેવા કલિકાલ કલ્પતરૂ પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના જીવન દરમ્યાન થયેલી શાસન પ્રભાવનાથી ઘણા આત્માઓ પરિચિત છે. પોતે સંયમની સુંદર સાધના કરવા દ્વારા ગમે તેવા વિરોધના વાતાવરણમાં પણ સત્ય અને સિદ્ધાંતના પક્ષમાં એક મેરૂની જેમ અટલ રહેનારા તે મહાપુરુષ આટલી શકિત અને ભકતવર્ગ હોવા છતાં સાધુતાને વફાદાર જીવન જીવી મારા જેવા અનેક આત્માઓ ઉપર અનંતો ઉપકાર કરી ગયા છે મને સંયમમાં તથા સત્યના પક્ષમાં મજબુત બનાવનાર તે મહાપુરૂષ છે. તેમના જવાથી સકળ સંઘમાં ન પુરી શકાય તેવી. મહાન ખોટ પડી છે. પરંતુ કાળની આગળ કોઇનું ચાલતું નથી તે પુન્ય પુરૂષની કૃપાદૃષ્ટિથી આપણા સહુમાં શાસન અને સિદ્ધાંતને વફાદાર બની રહેવાનું બળ મળો તેમના જીવનમાં સાધુ જીવનના પ્રાણ સમાન સ્વાધ્યાય નામનો અભ્યંતર તપ ગજબ કોટીનો હતો. તે પણ આપણા સહુમાં આવે તે જ ભાવના

हि महान्तः वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।

ગુણાનુમોદના એ એક એવો ગુણ છે કે જેમાં એકાન્તે લાભ જ સમાયેલ છે. ચાહે એ અનુમોદના લઘુની હોય યા વડીલજનની...!

આ એક એવાં આપ્ત પુરૂષની ! આત્મીય મહાત્માની ગુણગીતિ ગાવાની છે કે જેઓશ્રીની શીતલ છાયા શ્રી સંઘને સાત—સાત દાયકા સુધી અવિરત મળતી રહી...

એઓશ્રીનું નામ "રામ" નામથી અન્વિત હતું...

હૈયામાં ય સતત "રામ" (પરમાત્મા) જ હતા...

અને જીવનમાં સતત "હામ" પૂર્વકનું "કામ" હતું...

એઓનાં જીવનમાં નિરાશા કે હાશ આ બે શબ્દોએ આગમન કર્યું જ ન હતું.

સતત્ પ્રવૃત્તિ શીલતા... અનુશીલનતા... દીર્ઘદ્રષ્ટિતા... નિર્ભીકતા.... સત્યવફાદારત્વ આદિ ગુણો નીરક્ષીર પેઠે આત્મસાત્ થયેલા...

તેઓ શ્રીમદ્ની સમીપ આવેલ કોઇપણ ભાવુકજન ભાવુકતાથી ભીંજાયા વિના રહેતો જ નહી... 'વાત્સલ્યપૂર્ણ નયન, સ્નેહસભર હૃદય, સ્મિતયુકતવદન' સામી વ્યકિતને ભાવાવેશમા તરબોળ કરી દેતુ...

નામથી ન્યારા બાળને પ્યારા

પં-રાજુભાઇ એસ. સંઘવી ખંભાત

સાથે સાથે નિશ્રાવર્તી સહવર્તી મુનિવરોનાં આત્મિક વિકાસ અર્થે તેઓ સતત લક્ષ આપતાં જ હતા... સ્વ આશ્રિત આત્મા દુર્ગતિપંકમાં પતન ન પામે, સારા આલંબનોથી સદા અવિષ્ટ રહે એનું ખૂબ જ ધ્યાન રાખતા...!

તેઓશ્રી પોતાની જાત પરત્વે પણ બહુ નિરપેક્ષ હતા... ૯૦/૯૫ વર્ષની જૈફ વયે પણ 'શાસનનું કામ... પ્રવચનનું કામ... શિષ્યગણની સારસંભારણા' ઇત્યાદિ બહુવિધ કાર્યો તેઓ સ્વયં અપ્રમત્ત ભાવે કરતાં હતાં...

ત્રણ વર્ષ પૂર્વે તેઓશ્રી પાલિતાણામાં પન્ના-રૂપામાં બિરાજમાન હતાં...હું કુટુંબ સહ યાત્રાર્થે ત્યાં ગયેલ...! વંદનાર્થે પૂજ્યશ્રી પાસે ગયેલાં !

વન્દનાદિ પૂર્ણ કરી... વાસક્ષેપ અર્થે તેઓશ્રીની નજીક ગયાં...

અન્ય એક મહાત્માએ ઓળખાણ કરાવી... સાહેબ ! ડીસામાં સાધુ-સાધ્વીજી મ. સા. ને અધ્યયન કરાવે છે...! આ સાંભળીને તેઓ પ્રફુલ્લિત નયન-વયણવાળા થયા

છતાં સહસા બોલી ઉઠયા...સરસ...

અને પછી મારા નાના બાળકને ઉદ્દેશીને વાસ...ક્ષેપ કરતાં તેઓશ્રીએ કહ્યું....આ બાળકને પણ 'શાસનનું રત્ન...' 'વિદ્વાન્'...બનાવજે ઇત્યાદિ. મેં કહ્યું, 'તહત્તિ સાહેબ...!

આ એક નાના પ્રસંગ પરથી સમજી શકાય છે કે તેઓશ્રી નાની વસ્તુને (ચાહે નાનું બાળક કેમ ન હોય) પણ મહત્ત્વ આપતા...એ પણ દીર્ઘદૃષ્ટિ જ ગણાયને...

'આવા, નામે ન્યારા...

પ્રાણથી પ્યારા....!'

સુરીશ્વરની વિદાય ભલે પાર્થિવદેહે થયેલ હોય,

પણ તેઓ ગુણદેહે સદૈવ અમર જ રહેશે...! એ નિઃસંદેહ છે...જ...

એઓશ્રીનું ખમીર...ખુમારી ભર્યું જીવન અમારા માટે આદર્શભૂત બની રહે શાસન પ્રત્યે.....પ્રભુ આજ્ઞાપાલન પ્રતિ અમારૂં જીવન સદાય જાજવલ્યમાન બની રહે એજ...

---

o આરાધનાની વિશિષ્ટ ક્રિયાઓ કરવાને અસમર્થ એવા પણ આત્માઓ, આરાધક ભાવના યોગે તરી જાય છે. અને આરાધનાની વિશિષ્ટ ક્રિયાઓ કરવા છતાં પણ વિરાધક ભાવના ઉપાસક બનેલા આત્માઓ વિરાધક ભાવના કારણે ડૂબી જાય છે. વિરાધનાની ક્રિયા થઇ જવા છતાં પણ જે આત્માઓ આરાધક ભાવથી ભ્રષ્ટ થતાં નથી, તે આત્માઓનો ઉદ્ધાર સુસંભવિત છે. જ્યારે વિરાધક ભાવને પામેલાઓ, આરાધનાની દેખીતી ક્રિયાઓમાં રત હોય તો ય, તેમનો ઉદ્ધાર ઘણો જ મુશ્કેલ બની જાય છે. આથી, અનંતાજ્ઞાનિઓએ ફરમાવેલાં વિધાનોનું સુંદર પ્રકારનું પાલન આપણાથી ન થઇ શકતું હોય, તો ય આપણો આરાધકભવ તો સુનિર્મલ જ બન્યો રહે—તેની ખાસ કાળજી રાખવી જોઇએ. આજ્ઞાપાલન, એ પરમ આવશ્યક વસ્તુ છે. પણ સમજવાની વાત એ છે કે—આજ્ઞા પ્રત્યેના સાચા આદરભાવ વિના વાસ્તવિક કોટિનું આજ્ઞા પાલન થઇ શકતું જ નથી.

—શ્રાદ્ધગુણ દર્શન—૧

જૈન શાસનના ઝળહળ સિતારા

—રમેશ લાલજી ગાલા–લાયજા–મોટા

વિક્રમ સંવત ૧૯૫૨ પસાર થઇ રહ્યો હતો. તેમાં પણ ફાગણ વદ ૪ આવી તે દિવસે દહેવાણ નામના ગામમાં જૈન ધર્મના અનુયાયી છોટાલાલભાઈના ઘરે સૂર્ય સમાન તેજસ્વી પુત્રને સમરથબેનને જન્મ આપ્યો. "પુત્રના લક્ષણ પારણામાં" એ ન્યાયથી સૌ કોઇ આ બાળકને જોઇ એમ જ કહેતા કે આ બાળક મોટો થઇ આખા કુળને તારશે અને બન્યું પણ એવું જ ખરેખર એ પુત્ર મોટો થઇ અનેકોના જીવનને ઉદ્ધારનાર મહા પુણ્યશાળી નીવડયો પણ કેટલાક પુણ્યની ખામીને લીધે એણે નાનપણમાં જ માતપિતાની છાયા ગુમાવી. પરંતુ એ બાળકની દાદી એવી મનોબળ ધરાવતી હતી કે એણે ત્રિભુવનને જરા પણ આંચ આવવા ન દીધી એટલું જ નહિં પરંતુ રોજેરોજ પ્રભાતે ઉઠી ત્રિભુવનને જગાડતી અને કહેતી કે ત્રિભુવન ! ઉઠ, બેટા. તારા માતપિતા આ દુનિયામાં ભલે અસ્તિત્વ ધરાવતા નથી પરંતુ આપણે આપણા જીવનનું કલ્યાણ કરવું જોઇએ. આ માનવ અવતાર ઘડી ઘડી મળે એવો નથી. ચાલ, નાસ્તો પાણી કરી લે અને આપણે દેવ–ગુરુના દર્શને જઇએ. આવી રીતે રોજેરોજ દાદી રોજેરોજ નવા નવા પા. ભણાવતી ત્રિભુવન પણ તરત જ સમજી જતો અને દાદીમાની આજ્ઞાને શિરોમાન્ય ગણી જે કાંઇ કહે તે કરવા તૈયાર થઇ જતો.

દિવસો જતા વાર લાગતી નથી. ત્રિભુવન જોતજોતામાં સાતેક વર્ષનો થયો ત્યારે દાદીએ કહ્યું: હે ત્રિલોવન ! આપણા ભાગ્યથી આપણને ઉત્તમ કુળ, જૈન ધર્મ અને બધી ઇન્દ્રિયો અત્યારે મળી છે પણ ધર્મ નહીં કરીએ તો આ બધી સામગ્રી ફરીવાર આપણને મળવાની નથી. જો, જે બિચારા પશુ–પક્ષીઓ કેટલા દુઃખી છે. ખાવાને અન્ન નથી મળતું મને રહેવાને જગ્યા પણ નથી મળળી માટે વધુમાં વધુ ધર્મ થાય અને કર્મો ઓછા થાય તે પ્રમાણે જીવન જીવવું જોઇએ. એ જીવનની સફળતા જો ઇચ્છવી હોય તો અણગાર–સાધુ બનવું જ જોઇએ. કારણ દીક્ષા વગર કોઇનું કલ્યાણ થયું નથી અને થશે પણ નહીં માટે જેમ બને તેમ જલ્દીથી ઘર છોડી સાધુ બની જા, અને તારા જીવનનું ઉદ્ધાર કર. અને સાથે એમ પણ કહેતા કે તારા ઉપર જે મોહ છે તે છોડાતો નથી. જ્યાં સુધી મારી હયાતી છે ત્યાં સુધી તને દીક્ષા લેવા નહીં દઉં. બાળક પણ કેવા ચતુર એક પણ શબ્દનો પ્રત્યુત્તર આપ્યા વગર દાદીમાના વચનને માન્ય રાખી લેતો. એને મનમાં એમ પણ ન થયું કે– મારા માતાપિતા નથી. પણ દાદીમા પાસેથી આવા સુવચનો આજે મને સાંભળવા મળે છે. એ તો એવું સમજતો કે મારા દાદી ભલે વ્યવહારથી છે પણ ધર્મથી મારા ગુરુ છે. એમને કોટી પ્રણામ.

પોતાની સાત વર્ષની કુમળી વયમાં ત્રિભુવને ભલે ઓછું ભણ્યા પણ ઘણું જાણી લીધું દાદીમાના ઉપદેશથી સંસાર ઉપર વૈરાગ્ય આવવા લાગ્યો એટલે વ્યવહારિક અભ્યાસ છોડી ઉપાશ્રયને જ પોતાનું ઘર બનાવ્યું. અને દૃઢ પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી દીક્ષા ન મળે ત્યાં સુધી ઘેબરનો ત્યાગ એટલું જ તદુપરાંત નવ વર્ષની ઉંમરથી ઉકાળેલું પાણી પીવાનું શરૂ કર્યું અને બાર વર્ષ પછી તો એમણે ઉપાશ્રયમાં રહી સાધુઓની ભક્તિમાં તેમજ ધર્મગ્રંથોના વાચનમાં સમય પસાર કરવા લાગ્યો એક લોકવાર્તા એમ પણ કહેવાય છે કે સાધુઓના સંગથી સંયમ લેવા નવ વર્ષની ઉંમરે કોઈને કહ્યા વગર ઘરમાંથી ભાગી ઉપાશ્રયમાં જઈ ગુરુદેવને કહ્યું કે હે તારક ગુરુદેવ ! આજે જ મને દીક્ષા આપો પરંતુ સગાસંબંધીઓને એ વાત ન ગમવાથી ઉપાશ્રયમાંથી તેમને પાછા ઘરે લઈ આવ્યા. પરંતુ જેમને સંસાર ત્યાગ જ કરવો હોય તેવા પુરુષોને કોઈનો ભય સતાવતો નથી. આમ ત્રિભુવન પણ પોતાની વાત ઉપર અડગ રહ્યા.

છેવટે ત્રિભુવનની અભિલાષા પૂર્ણ કરે તેવા ગુરુનો ભેટો થયો આથી દીક્ષા લેવા દૃઢ નિશ્ચય કરી મુમુક્ષુ ત્રિભુવન ગુરુદેવ પાસે મળવા તૈયાર થયા. તે વખતે ગુરુદેવ જંબુસર હતા. પણ આવા સમયમાં દુઃખની વાત એ હતી કે મુસાફરી કરવા માટે ત્રિભુવન પાસે પુરતા પૈસા પણ ન હતા તેથી છુપાઇને ટ્રેનમાં મુસાફરી કરી પોતાના ઇષ્ટ ગુરુદેવને રૂબરૂ મળ્યા. તે વખતે તેની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી. ગુરુદેવ પણ ત્રિભુવનમાં યોગ્યતા જાણી. ગંધારમાં મહા મંગલકારી દીક્ષા આપી ત્રિભુવનમાંથી મુનિશ્રી રામવિજયજી બન્યા અને મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજાના શિષ્ય તરીકે સ્થાપિત કર્યા.

મુનિ બન્યા પછી શાસ્ત્રના અધ્યયનમાં અને ગુરુભગવંતોની સેવામાં એવા મશગુલ રહ્યા કે ક્રમશઃ આચાર્યપદે બિરાજમાન થયા કહેવાય છે કે અનેક વિશેષતાઓ ધરાવતા પૂ. આચાર્યદેવશ્રીનું સમગ્ર દીક્ષા જીવન દીવાદાંડીથી પણ વધુ તેજસ્વી હતું. તેઓ સંકટો રૂપ પવનના સુસવાટા વચ્ચે પણ મેરૂની જેમ સ્થિર રહી અનેકને માર્ગદર્શન આપી સ્વ. પરનું કલ્યાણ કરવામાં જ ઇચ્છિત માનવા લાગ્યા. આમ પૂજ્ય ગુરુદેવ આ. ભ. શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજીનું જીવન સૌને માટે વધુ ભીષ્મ, વધુ ઉપયોગી તથા ઉપકારી રહ્યું.

તદુપરાંત શાસ્ત્ર નિષ્ઠા વીર શાસનની વફાદારી, અદ્ભુત પ્રભાવકતા વગેરે ગુણોથી વિભૂષિત પૂજ્યશ્રી વડીલો દ્વારા વ્યાખ્યાન વાચસ્પતિ વગેરે પદોથી અલંકૃત બન્યા,

તેઓશ્રી સાડાત્રણ દાયકાથી વધારે સંયમ જીવનને ઉજ્જવળ બનાવી અનેકોના જીવનને ઉજ્જવળ બનાવ્યા સાધુપદ કે સૂરિપદ પામીને અસ્મિતા ધરાવતી વ્યક્તિમાંથી સમર્થ વિભૂતિ બની હોય તો એક માત્ર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ હતા કારણ કે એમની પાસે અખૂટ આધ્યાત્મિક રૂપ સંપત્તિ હોવા છતાં લેશમાત્ર અભિમાન ન હતું અને જે કોઇ એમની પાસે આવે તો ખુશ થઇ પાછો જતો. અરે, મારા અનુભવની વાત કરું તો એક વખત જ્યારે મુંબઇ કાંદીવલી પધાર્યા ત્યારે હું એમના દર્શન માટે આરોગ્ય ભુવનમાં ૧ લા માળે ગયો તો એમની પાસે અનેક ભકતો બેઠા હતા. તેમાં એમના શિષ્ય-પ્રશિષ્ય વગેરે પણ પાટ ઉપર બિરાજમાન હતા. હું સ્વાભાવિક રીતે થોડીવાર બેઠો તો એમના મુખમાંથી એવી વીર વાણી સરવા લાગી કે મને મોડું થતા હોવા છતાં ઉઠવાનું મન થતું ન હતું શું એમની વાણી ? શું એમનો પ્રભાવ અને શું એમને શાસન પ્રત્યે અખૂટ શ્રદ્ધા. વંદન હો એમને પ્રથમ પુણ્ય તિથિએ....

卐 અગમચેતીના શબ્દો 卐

અગાઉ ગુજરાતીના પાઠય પુસ્તકોમાં એક કવિતા આવતી.

'ઝેર ગયા ને વેર ગયા, વળી ગયા કાળા કેર કરનાર,
દેખ બિચારી બકરીનો પણ, કોઇ ન પકડે કાન.
હરખ હવે તું હિન્દુસ્તાન !

આ તો બ્રિટીશ અમલ દરમ્યાન કવિએ ભૂલથી કદાચ લખી નાંખેલ હશે, અને તેને પણ પાઠય પુસ્તકોમાં પણ ગોઠવાઇ ગયું.

પણ આજે આપણું રાજ આવતાં પરિસ્થિતિ બ્રિટીશ અમલ કરતાં પણ વધારે વણસી ગઇ છે. કે જેમાં મંદિર, ઉપાશ્રય કે સંસાર ત્યાગી સાધુ-સાધ્વીજીઓને પણ આ ગુંડારાજનાં ગુંડાઓએ છોડયા નથી. તાજો જ દાખલો શાહપુર ચુનારાનો ખાંચો સાધ્વીજીનો ઉપાશ્રય, ત્યાં પણ ગુંડાઓએ તોફાન મચાવ્યું.

પૂજ્યપાદશ્રીએ ગાંધીજીને વર્ષો પહેલાં પત્રો લખેલ જેમાં જણાવેલ હતું કે- 'તમે લોકશાહી નહિં પણ ટોળાશાહી ઉભા કરો છો.' પૂજ્યશ્રીના આ શબ્દો, કેટલાં આગમચેતી દર્શાવનારા હતા, એ તો નજરે જ દેખાય છે. પણ આજ રાજકારણીઓ ફકત પોતાની ખુરશી સલામત માટે શું કરે છે ? પ્રજાને માટે શું કરે છે ? એ તો બધાં નજરે જુવે છે. એટલે તો કવિએ લખ્યું છે ? 'હરખ હવે તું હિન્દુસ્તાન' તેના સામે કોઇ કવિ લખે કે 'શોક ન કરીયો તું હિન્દુસ્તાન' આ તો પ્રજાનો સામુદાયિક પાપોદય છે. વળી કોઇ વલ્લભભાઇ પટેલ જાગશે. જે આ ખુરશીવાદ સામે બળવો પોકારશે પણ વો દિન કબ ?

—ભગનલાલ ચત્રભુજ મહેતા

આ જથી છેલ્લા આઠ દાયકા દરમિયાન જૈન-શાસનની અદ્‌ભુત પ્રભાવના કરનારા, હજારો ભવ્યાત્માઓ ઉપર અનુપમ ઉપકાર કરનારા અને જૈન-અજૈનોમાં અતિ પ્રસિદ્ધ બનેલાં આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં ભવ્ય જીવોને બોધપ્રદ બનેલા સેંકડો પ્રસંગોમાંથી અહીં ત્રણ પ્રસંગો રજુ કરૂં છું.

પ્રસંગ-(૧) પરમાત્મા મારી સાથે છે.

એકવાર એવું વાતાવરણ સર્જાતા એક શ્રાવકે તેઓશ્રીને કહ્યું : સાહેબ ! હવે આપ એકલા પડી જવાનાં. પૂજ્યશ્રીએ તુરત નિર્ભયપણે જવાબ આપ્યો : જો મારી પાસે ભગવાનની આજ્ઞા રહેતી હોય તો હું એકલો બની જાઉં તો પણ મારે મંજુર છે. આમ છતાં પરમાર્થથી વિચારવામાં આવે તો હું એકલો છું જ કયાં ? કારણ કે મારી સાથે પરમાત્મા છે. જેની સાથે વિરાટ પરમાત્મા હોય તેને કોઈ ભય રહેતો નથી. પરમાત્મા કોની સાથે રહે છે ? જેના હૃદયમાં પરમાત્માની આજ્ઞા છે તેની સાથે પરમાત્મા રહે છે. મારા હૃદયમાં પરમાત્માની આજ્ઞા રહેલી હોવાથી મારી સાથે પરમાત્મા છે. આથી મને કોઇનો ય ભય નથી.

પ્રસંગ ત્રિવેણી

પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

પૂજયશ્રીનો આ નાનકડો પણ પ્રસંગ આપણને ઘણું ઘણું સમજાવે છે. આ પ્રસંગ આપણને રાજપુરોહિત પદનો ત્યાગ કરીને જૈનશાસનનાં શણગાર એવા અણગાર બનેલા પૂ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાનાં નીચેના વચનોનું સ્મરણ કરાવે છે.

अस्मिन् हृध्यस्थे सति हृध्यस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृध्यस्थिते य तस्मिन् नियमात् सर्वार्थ संसिद्धिः ।।

" પરમાત્માની આજ્ઞા હૃદયમાં રહે છે. ત્યારે પરમાર્થથી પરમાત્મા હૃદયમાં રહે છે. પરમાત્મા હૃદયમાં રહે છે ત્યારે નિયમા સર્વ કાર્યોની સમ્યક્‌સિદ્ધિ થાય છે. અર્થાત્ જેના હૃદયમાં પરમાત્માની આજ્ઞા દ્વારા પરમાત્મા વસે છે તેને કશુ અસાધ્ય નથી."

આનું શું કારણ ? આનું કારણ એ છે કે જેનાં હૃદયમાં પરમાત્મા વસે છે તેનાં કિલષ્ટ કર્મોનો નાશ થાય છે. કારણ કે પરમાત્મા અને કિલષ્ટ કર્મો એ બંને અગ્નિ-પાણીની જેમ એક સાથે રહી શકતા નથી. જેના કિલષ્ટ કર્મોનો નાશ થાય તેના સર્વ કાર્યોની સિદ્ધિ અવશ્ય થાય છે.

ધર્મ પરમાત્માની આજ્ઞામાં છે. જયાં પરમાત્માની આજ્ઞા ત્યાં ધર્મ ને જયાં પરમા-

રમાની આજ્ઞા નહિ ત્યાં ધર્મ નહિ. ધર્મક્રિયાઓ પણ પરમાત્માની આજ્ઞા મુજબ કરવામાં આવે તો જ આત્મકલ્યાણ કરનારી બને આપણે એક-બે ભવોમાં નહિ સંખ્યાતા ભવોમાં નહિ, અસંખ્યતા ભવોમાં નહિ, કિંતુ અનંતભવોમાં ધર્મક્રિયા કરી છે, પણ તે ધર્મક્રિયાઓ પરમાત્માની આજ્ઞા મુજબ ન કરી એથી આત્મકલ્યાણ ન થયું સ્વર્ગસ્થ પૂજયશ્રી માટે પરમાત્માની આજ્ઞા જીવનમંત્ર હતી, ને તેઓશ્રીનો આ પ્રસંગ પણ આપણને આ વાત સમજાવે છે.

પ્રસંગ...(૨) સ્વાધ્યાય રસ

નજરે જોયેલો બીજો પ્રસંગ આ પ્રમાણે છેઃ- પૂજયશ્રીનાં શિષ્ય મુનિશ્રી ધર્મકીર્તિ વિજયજી પૂજયશ્રી પાસે ઉપમિતિ ભવપ્રપંચા સંસ્કૃત ગ્રંથ વાંચી રહયા હતા. એક દિવસ બપોરના ૨ વાગે મુનિશ્રીએ પૂજયશ્રી પાસે ઉ. ભ. પ્ર. ગ્રંથ વાંચવાનું શરૂ કર્યું લગભગ અધો કલાક બાદ બહારગામથી કેટલાક શ્રાવકો પૂજયશ્રી પાસે આવ્યાં વંદન કરીને પૂજયશ્રી પાસે બેસી ગયાં. પૂજયશ્રીએ તેમને ધર્મલાભ આપ્યો. મને મનમાં થયું કે હવે વાંચના બંધ થઇ જશે. પણ મારી આ ધારણા ખોટી પડી. પૂજયશ્રીએ ત્યારબાદ પણ બરોબર અધો કલાક સુધી વાંચના ચાલુ રાખી ત્યાં સુધી શ્રાવકો એમને એમ બેસી રહયા.

આ પ્રસંગ જોઇ મારૂં મન વિચારના ચગડોળે ચડયું. પૂજયપાદ શ્રી એટલા મહાન શાસન પ્રભાવક હોવા છતાં તેમની પાસે અનેક લોકોની અવરજવર થતી હોવા છતાં, ને તેમના શિરે શાસનની અનેક જવાબદારી હોવા છતાં બે ત્રણ વર્ષના દીક્ષાપર્યાયવાળા સામાન્ય સાધુને પણ વાંચના આપે છે. વિહારમાં પણ દરરોજ નિયમિત વાંચના આપે છે. શ્રાવકો સાથે વાત કરવા વાંચના બંધ ન કરી. આજે જયારે પૂજય સાધુ-સાધ્વીઓમાં વાંચના ઘટતી જાય છે અને મૌલિક સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનું વાંચન ઘટતું જાય છે. ત્યારે આ પ્રસંગ અતિમહત્વનો બની રહે છે.

આ પ્રસંગ આપણને એ બોધ આપે છે કે- ગુરુ એ માત્ર દીક્ષા આપીને ઇતિ-કર્તવ્યતા ન માની લેવી જોઇએ. કિંતુ શિષ્યને સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન આપી વાંચના દ્વારા શાસ્ત્રજ્ઞાન આપવાનો પ્રયત્ન કરવો જોઇએ. ગુરુ-શિષ્ય બંનેને જો સ્વાધ્યાયમાં રસ હોય તો જ આ બની શકે. સાધુમાં સ્વાધ્યાય રસ અતિ જરૂરી છે. આથી ગુરુએ કોઇને પણ દીક્ષા આપતાં પહેલાં તેનામાં સ્વાધ્યાયરસ છે કે નહિ તેની પૂરી ચકાસણી કરવી જોઇએ. જેનામાં સ્વાધ્યાયરસ ન હોય તેને દીક્ષા ન આપવી જોઇએ.

જેનામાં સ્વાધ્યાયરસ નથી તે દીક્ષા લઇને શું કરશે ? તેને અહીં શૂન્યતા લાગશે, બેચેની જણાશે, એકલવાયું લાગશે. પરિણામે માનસિક કંટાળો આવશે. આવો

સાધુ કાં તો ઘરભેગો થાય, કાં તો શુષ્ક રીતે જેમતેમ જીવન પુરૂં કરે.

પૂજ્યશ્રીના આ પ્રસંગનું આલંબન લઈને આપણે સ્વાધ્યાયપ્રસિક બનવા સાથે સંયમરત બનવું જોઇએ.

પ્રસંગ (૩) ધર્મસ્થાનોમાં સંસારના કામો ન થાય.

કેટલાક શિક્ષિત ગણાતાં જૈનેતરો પૂજ્યશ્રીની પાસે આવ્યાં. વંદન કરીને પૂજ્યપાદશ્રીજીની પાસે બેસી ગયા. પૂજ્યપાદશ્રીજીએ ધર્મલાભ આપ્યો. પ્રાસંગિક વાતો કર્યા પછી ધર્મપ્રશ્નોત્તરી શરૂ થઇ. જૈનેતરોએ પ્રશ્ન કર્યો : ધર્મના સ્થાનોનો જ્યારે ઉપયોગ ન હોય ત્યારે તેમાં સામાજિક કામો કરવામાં શો વાંધો ? પૂજ્યપાદશ્રીએ સામો પ્રશ્ન કર્યો : વિધાનસભા કે રાજ્યસભા બંધ હોય ત્યારે તે હોલનો ઉપયોગ થતો નથી. એ દરમિયાન તેનો ઉપયોગ બીજા કામો માટે કેમ થતો નથી ? જૈનેતરોએ જવાબ આપ્યો : આવાં મોટાં સ્થાનોનો ગમે તે રીતે ઉપયોગ કેવી રીતે કરી શકાય ? પૂજ્યપાદશ્રીએ સ્મિત કરતા કહ્યું : તમોએ તમારાં પ્રશ્નોનો ઉત્તર તમારા મોઢે જ આપી દીધો. જેમ તમારા માટે વિધાનસભા કે લોકસભાનાં સ્થાનો મહાન હોવાના કારણે તેનો ગમે તે રીતે ઉપયોગ ન થાય.તેમ ધર્મસ્થાનો પણ ધર્મીજનો માટે મહાન હોવાના કારણે તે સ્થાનોનો ગમે તે રીતે ઉપયોગ ન થાય. ધર્મસ્થાનો ધર્મ માટે જ બનાવામાં આવે છે. તેમાં દાન કરનારાઓ આમાં ધર્મકાર્યો જ થશે એવી શ્રદ્ધાથી દાન કરે છે. માટે તેમાં સામાજિક કામો ન જ થાય. તેમાં સામાજિક કામો કરનાર-કરાવનારાઓ સંસ્થા તથા દાતાઓનો દ્રોહ કરનારાં બને છે.

સંડાસ કે બાથરૂમમાં પડેલો ખાડવો ખાવા માટે લાયક રહેતો નથી. ખરાબ વસ્તુ સારી પણ વસ્તુને ખરાબ બનાવી દે છે. તેમ ધર્મસ્થાનોમાં સામાજિક કે સંસારિક કામો થાય તો એ કામો ધર્મસ્થાનોને અપવિત્ર બનાવી દે છે. માટે ધર્મ સ્થાનોમાં સામાજિક કે સંસારિક કામો ન થાય.

પૂજ્યપાદશ્રીનો આ પ્રસંગ આપણને ઘણું કહી જાય છે. આજે અનેક સ્થળે ધર્મસ્થાનોમાં સાંસારિક કામો થતા રહે છે. ઉપાશ્રયમાં તો સંસારિક કામો ન થાય, કિંતુ ધર્મશાળામાં પણ સંસારિક કામો ન થાય. ધર્મશાળા એટલે ધર્મ કરવાની શાળા, સ્થાન, ધર્મ કરવાના સ્થાનરૂપ ધર્મશાળામાં સંસારિક કામો કેવી રીતે થાય ?

ધર્મસ્થાનોમાં સંસારિક કામ કરવાથી ધર્મસ્થાનની આશાતના થાય. ધર્મસ્થાનની આશાતના એટલે ધર્મની આશાતના. ધર્મની આશાતના એટલે ધર્મનાયક શ્રી અરિહંત પરમાત્માની આશાતના.

આથી ધર્મસ્થાનમાં સંસારિક કામ થતાં હોય તો સમર્થ સાધુઓએ યોગ્યરીતે વિરોધ કરવો જોઇએ. ધર્મ વિરૂદ્ધ થતી બીજી પ્રવૃતિમાં વિરોધ કરનારાને આ વિષયમાં મૌન રહેનારા સમર્થ સાધુઓએ આ વિશે ખૂબ વિચારવાની જરૂર છે. પૂજ્યશ્રીના આ પ્રસંગ પરથી બોધપાઠ લઇ સમર્થ સાધુઓ ધર્મસ્થાનોમાં થતા સંસારિક કામોનો યોગ્યરીતે વિરોધ દર્શાવનારા બને એ પરમ શુભેચ્છા.

લોકોત્તર શાસનના લોકોત્તર મહા પુરૂષની લોકોત્તર વાત ગુણગરિમાની અદ્વિતીય ભાત

- પૂ.આ.શ્રી વિજયપ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વર્તમાન સદીમાં એવા મહાન જ્યોતિર્ધર થઇ ગયા કે જે મહાપુરુષે શાસનની રક્ષા માટે માન-અપમાન, શત્રુ કે મિત્ર, જીવન કે મરણ, મારો કે તારો આવી કોઇ વાતોની પરવા કર્યા વિના અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માએ સ્થાપેલ અને ત્યારબાદ થઇ ગયેલા સન્માર્ગ રક્ષક-પ્રભાવક આચાર્ય ભગવંતોએ અખિ-શુદ્ધ માર્ગ આપણા સુધી પહોંચાડયો તેની રક્ષા કરવામાં પાછી પાની કરી નથી. આ મહાપુરુષને જેમ સર્વજ્ઞ શાસનના શાસ્ત્રો-સિદ્ધાંતો પર જે અડિખમ પ્રેમ હતો-ગુણ હતો, તેવો જ ગુણ આત્માનું લક્ષ્ય અધ્યાત્મ, એવું જોરદાર હતું કે તેમના લોહીના બુંદે બુંદમાં, નસે-નસમાં, આત્માના પ્રદેશે પ્રદેશે, એવું વણાઇ ગયું હતું કે ગોચરી વાપ-રતાં જુઓ ? સુતા જુવો ? બેઠા જુવો ? જાગતા જુવો ? માંદગીમાં જુવો ? મોક્ષનું લક્ષ આંખ સામે તરવરતું દેખાય. આટલા મહાન બન્યા, પ્રભાવક બન્યા, કઇક ભવ્યાત્મા-ઓના હૈયામ વસી ગયા. અરે અજોડ પુણ્ય પ્રભાવ જોઇ ભલભલો માણસ માથું ખંજ-વાળતો થઇ જાય. છતાંય આ મહાપુરુષ કાદવમાં જેમ કમળ નિર્લેપ રહે તેમ નિર્મળ રહેતા. અરે ! વિદાય યાત્રા નિહાળનારા કહે છે હવે તેવું દૃશ્ય કયારેય નિહાળવામાં નહિ મળે ?

દિલ્હીમાં તે સમયના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ આથે મુલાકાત ગોઠવાઇ ત્યારે આ મહાપુરુષે અગાઉથી કહેવડાવી દીધું કોઇ ફોટો ગ્રાફર-પ્રેસ રિપોર્ટરની હાજરી ન જોઇએ. જેમ તારક તીર્થંકર દેવો ચક્રવર્તીને કહી દે ભલા આ પુણ્યનો ચમકારો છે ત્યાં ચોંટી રહ. તો દુર્ગતિ નકકી. તેમ આ મહાપુરુષે પણ જગતની દૃષ્ટિએ કહેવાતાં મહાન પુરુષને લોકોત્તર શાસનની લોકોત્તર વાતો કરી લૌકિક દુનિયાનો રાહ ત્યજી અલૌકિક માર્ગ સદાય આંખ સામે રાખવા અને આત્માનું વિસરી ન જવાય તે જ વાત કરી હતી. જે સાંભળી પંડિત નહેરુ પણ ઊંડા વિચારમાં ડુબી ગયા હતા. જેના હૈયામાં કંઇ પણ સ્વાર્થવૃત્તિ હોય તે સાચા હિતની વાત કરી શકે નહિ. તે વખતે બીજા સાધુભગવંતો સાથે હતા હવે પંડિત જવાહરલાલ નહેરુ આવે ત્યારે તેમને ઉભા થવું ? તે તે શ્રમણ ધર્મની આંખપ લાગે ત્યારે મહાત્માઓ ત્યાંની લોબીમાં બહાર ઉભા રહ્યા જેથી પંડિત નહેરુને માન-સન્માન આપવાનો પ્રસંગ ઉભો ન થાય. પંડિત નહેરુ કરતાં પૂજ્યશ્રીનું આસન ત્યાં પણ ઉંચે રાખવામાં આવ્યુ હતું. નાનકડી મુલા-કાતમાં પૂજ્યશ્રીએ માર્મિક વાત કહી દીધી હતી.

બિહારમાં વિહાર કરતાં કરતાં પાવાપુરી આવ્યા ત્યારે મનમાં ભાવના થઇ કે અહીં ચાતુર્માસ કરીએ તો કેમ ? સહવર્તી મુનિભગવંતોને પૂછ્યું કે તમારી શું ભાવના છે ? સાધુ ભગવંતોએ કહ્યું અહીં શ્રાવકોના ઘર નથી. તો પૂજ્યશ્રીએ કીધેલું કે આપણું પુણ્ય હશે તેમ થશે. પરંતુ અહીં રહેવાથી પરમાત્માના અણુ પરમાણુ દ્વારા આત્માનો કેવો મહાન લાભ થશે. પછી ચોમાસું ત્યાંજ થયું અને પ્રભાવક ચાતુર્માસ થયું. આરાધના પ્રભાવનાનાં ડંકા વાગ્યા હતા.

'આ મહાપુરુષ વારંવાર કહેતાં લોકસંજ્ઞા અને લોક હેરીનો તમે ભોગ બનશો નહિ ધ્યાન રાખજો, નહિ તો ભારે નુકશાની થશે. ચારિત્રના પ્રભાવે માન-સન્માન મળે પ્રભાવનાઓ થયા કરે પણ તેમાં મુંઝાઇ જવું નહિ. આપણું લક્ષ તો પરમાત્માપદની પ્રાપ્તિનું છે જો થોડા ગુણના પ્રકાશમાં ફસાઇ જઇશું તો વિકાસ રુંધાઇ જશે. લોક સંજ્ઞાને વળગેલા વિદ્વાન આચાર્યો પણ ન કરવાનું કરી નાખે છે. ભાન ભૂલી જાય છે. કહેવાતા ગીતાર્થો લોકના ચકકરમાં અટવાઇ જાય છે. જો તમે તમારુ સ્ટેટસ સાચવવામાં પડી જશો તો આત્માને રાજી રાખી શકશો નહિ. કયારે તમે પણ જિનાજ્ઞાની વિરૂદ્ધ ચાલ્યા જશો. કંઇકને ખોટા રવાડે ચઢાવી દેશો.

આ મહાપુરુષની પ્રવચન શૈલી લોકલોગ્ય જરૂર હતી પરંતુ લોક રંજન માટે કયારે ય ન હતી. તેમને પોતાના મુખે કદી, કોઇને પૂછ્યું નથી કે મારું પ્રવચન કેવું ? આત્મ જાગૃતિનો શંખનાદ સદાય થતો જ રહેતો.

પરમાત્માના શાસનના ગ્રંથો-તેમને એવી રીતે પરામર્શ કર્યા હતા. તેના ઇદમ્ પર્યાય ને એવી રીતે હૈયામાં સ્થિર કર્યા હતા કે-તેમની આવી ઊંડી સૂઝ ઉપર હૃદયમાંથી ઉદ્ગાર કાઢતાં એક સાક્ષરે કીધું હતું કે પૂ. આ. દે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. ને પણ ખ્યાલ નહી હોય કે ભવિષ્યમાં એક આચાર્ય આવા સુંદર ભાવો કાઢશે. ગ્રંથોના ભાવો તેમના મુખમાંથી ફુલ ઝરે તેમ ઝરતા શ્રોતાઓના શંસયો છેદાઇ છતાં હૈયામાં સત્ય સદ્ધા માટે પ્રતિષ્ઠિત થઇ જતું. અરે તે સમયમાં બહાર પડતા વીરશાસન, જૈન પ્રવચન સાપ્તાહિક તેમજ તેમના પ્રવચનોના તૈયાર પુસ્તકો વાંચનાર જૈન-જૈનેતર પણ બોલી ઉઠતો કે ભાઇ મુનિ રામવિજયનું પ્રવચન સાંભળીએ-વાંચીએ પછી કોઇનું કાંઇ વાંચવાની જરૂર પડે નહિ. ધર્મ કેવી રીતે કરવો જોઇએ ? શા માટે કરવો જોઇએ ? સાચું શું અને ખોટું શું ? વિગેરે સુંદર વિવેચનથી ભરપુર તેમની વાણી જેને સાંભળી તે ગૌરવભેર બોલી શકતા કે ભાઇ જૈન ધર્મ તેનો આરાધનાનો માર્ગ આ મહાપુરુષ અજબ-ગજબ રીતે સમજાવે છે. અર્થીઓએ એ પ્રવચનો પુસ્તકો અવશ્ય વાંચવા જોઇએ.

તેમના પ્રવચનો સાંભળી મીલ માલિકો–એન્જીનીયરો–ડોકટરો–વકિલો–શિક્ષકો–પ્રોફેસરો ડીગ્રીધારીઓએ ખોટા માર્ગને ફગાવી કયાં તો સંયમ પંથે ચાલી ગયા. કયાં તો સુંદર પ્રકારે શ્રાવકજીવન બનાવ્યા. ભગવાનના સત્યમાર્ગના અર્થી જીવનભર બની ગયા. અનેકોને બનાવ્યા.

ભારતનો સર્વશ્રેષ્ઠ ઓંકારનાથ ગવૈયા પ્રાયઃ સુરતમાં તેમના પ્રવચન સાંભળવા દર રવિવારે આવી જતા અને જયારે પ્રવચનોની સમાપ્તિ જે દિવસે થવાની હતી ત્યારે ઓંનાથ ગવૈયાએ કહ્યું કે આ મહાપુરુષના શબ્દે શબ્દે અમૃતના ઘુંટડા વહે છે. જેનું પાન કરવાનું વારંવાર મન થાય છે. અધ્યાત્મ કળા વગરની બધી કળાઓ ભવમાં ભટકાવનારી છે. આવું તે વારંવાર સમજાવતા જેના બળે મને પણ સંસાર ઉપર અરુચિ અને સંયમ ઉપર રુચિ થઈ છે અને મોક્ષમાં પહોંચવાનું મન થયું છે. આ મહાપુરુષનો યોગ ન થયો હોત તો મારી કળા કદાચ મને વાહવાહમાં પાડી નાખત અને પછી મારી હવા હવા થઈ જાત. આ મહાપુરુષનો ઉપકાર કોઈ ભવમાં નહિ ભુલું.

તારક તીર્થંકરદેવોની વાણીનો અતિશય એવો હોય છે કે જાત વૈરી જીવો પણ ત્યાં શાંત બની જાય અને સૌને પોત પોતાની ભાષામાં પ્રભુની વાણી સમજાય. આ મહાપુરુષની પ્રવચન શૈલીમાં તેનો આંશિક અંશ હતો કે શ્રોતાઓ જે સાંભળતા હોય તે દરેકને એમ જ લાગે કે આ મહાપુરુષ મારા આત્માને અનુલક્ષીને પ્રવચન ફરમાવી રહ્યા છે.

આ મહાપુરુષની બાહ્ય પ્રભાવકતા જેમ જોરદાર હતી. તેમ આંતરિક જાગૃતિ તેમજ આંતરીક ગુણ વૈભવ પણ જોરદાર હતો. વડિલોને વિનય, ઔચિત્ય પરાકાષ્ટાએ હતું. પ. પૂ. આ. દે. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. કહેતા કે મુનિ રામવિજય મારી સામે કદી ઉંચા સ્વરે બોલ્યો નથી, ગુરુના હૈયામાં વસી ગયા હતા.

આ મહાપુરુષે આગમોના અધ્યયન કરી નવનીત તે કાઢયું કે તમે સુખનો રાગ કાઢો. અને જો સુખનો રાગ નહિ કાઢો તો એ સુખ તમારુ તો બગાડશે પણ અનેકોનું બગાડશે. અને પરમાત્માના શાસનની હિલનામાં નિમિત્ત બની જશો. અનુભવના અંતે આ વાત ૧૦૦ ટકા ટચના સોના જેવી લાગે છે. આ વિશ્વમાં તેઓ વિદ્યમાન નથી પરંતુ તેમના પ્રવચનો અને પુસ્તકોના આધારે પણ ભવ્યાત્માઓ મોક્ષનો સાચો રાહ પકડી શકે તેમ છે. પ. પૂ આ. દે. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. વારંવાર કહેતા હતા કે આ મુનિ રામવિજયના બધા પ્રવચનો સંસ્કૃત કરાવવા જેવા છે. જેથી હજારો વર્ષો સુધી ભાવિ પ્રજાને લાભ થાય...રાગનો અંધાપો ભયંકર છે એવું આપણે દુનિયાને

સમજાવીએ છીએ પરંતુ તે રાગનો આંધાપો જો આપણને હૈયાથી ખરાબ નહિ લાગે તો આપણું હિત નહિ થાય.

કોઇ પણ દીક્ષા લેવા આવે તો કયારેય ઉતાવળ કરી નથી. શકય તે મધું ચેક કરી પછી દીક્ષા આપતા અજાણ્યું ફળ ખાવું નહિ તેમ અજાણ્યા માણસમાં ગમે તેવા ગુણો દેખાતા હોવા છતાં તેમાં લેવાવા જેવું નથી. આજના વાકૂચતુર્ય બટકબોલાને તો બ્રહ્મા પણ પહોંચી શકે તેમ નથી. તેમની વેધક દૃષ્ટિ આવનારને નખથી માથા સુધી ઓળખવામાં પારંગત હતી.

આ મહાપુરુષે કોઇની પણ ચકાસણી કર્યા વગર દીક્ષા આપી નથી. આ મહાપુરુષ માટે વિરોધીઓ પણ હૈયાથી ચાહતા હતા. વિદ્યમાન મોટા ભાગના પ્રવચનકારો કયાંથી આ મહા પુરુષને સાંભળીને અગર તેમના પ્રવચનો વાંચી તૈયાર થયા છે.

આ મહાપુરુષના બાળપણમાં પણ તેમના ગુણોની સુવાસ ખીલી ઉઠી હતી. કોઇપણ પ્રશ્ન ગામમાં ઊભો થાય એટલે તેમજ કહેવાય કે ભાઇ ત્રિભુવન શું કહે છે ? તે કહે તેમાં પચી વિચારવાનું નહિ. તેઓશ્રીનું સંસારી નામ ત્રિભુવન હતું. જેના જીવનની પ્રત્યેક ક્ષણો શાસનની પ્રભાવના–આરાધના–રક્ષા માં પસાર થઇ છે. અગણિત આત્માઓ તથા કુટુંબોની અંદર મોક્ષ માર્ગનું વાવેતર કર્યું છે. તેમના ગુણો ગાવા માટે હું ખુબ નાનો છું. તેમના ગુણ વૈભવને વંદના કરી તેમના ચિંધ્યા માર્ગે આપણે વધી મોક્ષને પામીએ. વિશ્વના સૌ જીવો ઉપર આવા મહાપુરૂષોની સદા કૃપા વરસતી રહો. અને શ્રી જિન શાસન ઝગમગતું રહો.

---

૦ તમને એમ તો નથી થતું ને કે–મહારાજ એકની એક વાત વારંવાર કેમ કહ્યા કરે છે ! ફેરવી ફેરવીને એકની એક વાત કહેવાનાં વાંધો નથી, કેમ કે–જે વાત કહેવા જેવી હોય તે જ વાત કહેવાય અને સાંભળનારના હૈયામાં એ પેસે એમ કહેવાય. જેમ રૂ બરાબર પીંજાયા વિના એનાં ગદ્દેલાં વગેરે ભરાતું નથી. પીંજણની પણ કળા છે. પીંજારણ પીંજે તેમાં અવાજ ઘણો થાય, પીંજતાં પીંજતાં રૂ ઉડે ઘણું, ઢગલો પણ મોટો થાય, પણ રૂ ખરેખર પીંજાયું હોય થોડું. એક વાર પીંજેલા રૂ ને બીજી વાર પીંજવું પડે, અને જરૂર પડે ત્રીજી વારે ય પીંજવું પડે. એમ, અહીં પણ આ વાતને પીંજ્યા વગર છૂટકો નથી.

—આત્મોન્નતિનાં સોપાન–ભાગ ત્રીજો

શાસન પ્રભાવક–સિદ્ધાંત નિષ્ઠ–શાસન સંરક્ષક વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદાચાર્ય-દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા કરૂણાના ભંડાર હતા. વાત્સલ્ય વારિધિ હતા. અને રાગદ્વેષથી નિર્લેપ હતા.

પૂજ્ય શ્રી પાસે કોઇ પણ નાનો–મોટો શ્રીમંત કે સાધારણ–મિત્ર કે દુશ્મન અગર વિરોધી કોઇ પણ જાય તો તેઓશ્રીનો દરેક પ્રત્યે સમભાવ હતો.

તેઓશ્રીના અણુ અણુમાં પરમાત્માનું શાસન વસેલું હતું ને જીવનમાં ભગવાનની આજ્ઞા પ્રધાન હતી. જ્યારે ત્યારે પણ શાસન ઉપર કોઇપણ જાતનું આક્રમણ કે આફત આવે અગર તો કંઇ પણ સિધ્ધાંતથી વિરૂધ્ધ થતું હોય ત્યારે તેની સામે પૂજ્ય શ્રી પ્રતિકાર કરવા કટિબધ્ધ બની સામનો કરીને વિજયને જ વર્યા છે ને શાસનને જળ-હળતું રાખ્યું છે.

પૂજ્યશ્રીએ સંસારના રાગીને રસીયા એવા અનેકાનેક જીવોનો ઉધ્ધાર કર્યો છે. એવા જીવોને પણ સંયમના રાગી બનાવ્યા છે ને એવા જીવો સંયમના પંથે વિચરીને ધર્મને મોક્ષના પુરૂષાર્થ દ્વારા પોતાના આત્માનું કલ્યાણ કરી જીવનને ધન્ય બનાવી ગયા છે ને

ઉપકારી કલ્યાણની દીવાદાંડી

પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ.

(ભાભર સમુદાય) ઉસ્માનપુરા અમદાવાદ

વર્તમાનકાલે બની રહ્યા છે. એ આ મહાપુરૂષનો જ પ્રભાવ છે. મારા જીવન માટે પણ પૂજ્ય શ્રી મહા ઉપકારી છે. સં. ૨૦૧૯ની સાલમાં રાજનગરમાં હઠીભાઇની વાડીએ કલકત્તાવાળા ધનજીભાઇના આખા કુટુંબે (માતા–પિતા બે છોકરા, એક છોકરી) એમ પાંચ જણની એકી સાથે દીક્ષા થઇ તે વખતે હું ત્યાં જોવા ગએલો ને ત્યાં પૂજ્યશ્રીના મુખે અમૃત ઝરતી વાણીમાં (છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ) આત્રિપદીજ આ મહાન પુણ્યોદયે મળેલા ઉત્તમ કોટિના મનુષ્યભવમાં પ્રાપ્ત કરવા જેવી છે આ સાંભળીને મારા હૈયામાં જેમ વીજળીનો કરંટ લાગે તેમ ઘા વાગ્યો. કે હવે તો આ ભવમાં મારે સંયમ જ લેવું એવી દૃઢ ભાવના ત્યારે પ્રગટ થઇને ઘરમાં જઇને એજ પુરૂષાર્થ કરવા દ્વારા સમય પાકવાથી માલ મિલકત વિગેરે બધું છોડીને બને જણે સાથે દીક્ષા લીધી. આ પૂજ્યશ્રીનો મારા ઉપરનો ઉપકાર કંઇ ઓછો નથી પૂજ્યશ્રીના પ્રતાપે જ હું સંસાર છોડી શકયો ને સંયમી જીવન જીવવા માટે ઉત્સુક બની સંયમ સ્વીકારી આજે સંયમની સાધના સારી રીતે સાધી રહયો છું તે પૂજ્યશ્રીનો ઉપકાર હું મારાજીવનમાં કોઇ રીતે ભૂલી શકું તેમ નથી પૂજ્ય શ્રી ન મળ્યા હોત તો

મારા જીવનમાં આવી જાગૃતિ ક્યાંથી આવત ને આવું સુંદર કોટીનું સાધુ જીવન મને ક્યાંથી પ્રાપ્ત થઈ શકત ?

પૂજ્ય શ્રી એ પોતાનું આખું જીવન કહો તો શાસનની પાછળ શાસનની સુરક્ષા કરવામાં જ વિતાવ્યું છે છેલ્લે છેલ્લે સં. ૨૦૪૪ની સાલમાં રાજનગરમાં એક તરફી થયેલ સાધુ સંમેલનમાં જે બંધારણ ઘણા બધા આચાર્યોની સહી સાથે ઘડવામાં આવેલ તે સંમેલનને પૂજ્ય શ્રી મુંબઇમાં બેઠા બેઠા ત્યાં વ્યાખ્યાનની હારમાળા ગોઠવી–ગોઠવીને લોકોને સત્ય શું છે પરમાત્માનું શાસન શું છે ભગવાનની આજ્ઞા શું છે. ઉંડે ઉંડે સમજાવીને સંમેલનને ફગાવી દીધું ને તે સંમેલનમાં થએલા બંધારણનો એક પણ ઠેરાવનો અમલ થવા પામ્યો નહિ. એ આ મહાપુરૂષનો જ પ્રભાવ છે.

શાસનના સત્ય માર્ગને ઓળખાવી દુનિયાના ખુંણે ખુંણે શાસનને દીપતું ને જાગતું રાખીને પૂજ્ય શ્રી આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે સીધાવ્યા છે. તેથી આપણે સૌ કોઇ જૈન શાસનને ઓળખનારા પૂજ્યશ્રીના રૂણી છીએ પૂજ્યશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાંથી આપણા ઉપર અમીવૃષ્ટિ વરસાવે ને શાસનદેવ આપણને પણ એવી શક્તિ ને શાસન બળ આપે જેથી શાસનને વફાદાર રહી શાસનની સુરક્ષા કરી પૂજ્યશ્રીના રૂણને કંઇક અદા કરી પાવન થઈએ એજ શાસન દેવ પ્રત્યે અભ્યર્થના સાથે પૂજ્યશ્રીના ચરણ કમળમાં કોટી કોટી વંદના.

મુનિ, મુનિ માર્ગ ચૂકે, માર્ગ આઘો મુકે અને પછી પારકાના ઉપકારની ભાવના જણાવે તેવાને આ શાસ્ત્રકારો ઠંભી અને પ્રપંચી કહે છે. એવા ઠંભીઓથી જૈન સમાજનો કદી ઉધ્ધાર થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. એવાર્થ પણ ઉપકાર થવાનું જેઓ કહી રહયા છે એમનું જ્ઞાન આવરાયું છે અને વસ્તુ સમજવાનો વિવેક રહયો નથી. જો માર્ગભ્રષ્ટોમાં ઉપકાર કરવાની શક્તિ હોત તો માર્ગની કિંમત શી ? માર્ગહીન આત્મા પણ સામા પર છાપ પાડી શકતા હોત તો માર્ગમાં મક્કમ રહેવાનું શ્રી જિનેશ્વર દેવોને કહેવાની જરૂર શી હતી ? **માર્ગની રક્ષા વિના નથી સ્વનો ઉપકાર થતો કે નથી પરનો ઉપકાર થતો. જેને પરોપકાર કરવાની ભાવના હોય તેણે પોતાનો ઉપકાર ભૂલવો જોઇએ નહિ. જે આત્મા પોતાના ઉપકારને ભૂલે છે તે પારકાના ઉપકારને ભૂલે જ છે.**

સંઘ સ્વરૂપ દર્શન–ભાગ ત્રીજો

પરમ ગુરૂદેવશ્રી સં. ૨૦૨૫ માં પાલીતાણા ચોમાસુ રહેલા હતા. જે વખતે, ૬૩ વર્ષની ઉમ્મર છે. તે સમયની આ હકીકત છે. તેઓશ્રી ચાતુર્માસ બાદ એક વખત સિદ્ધગિરિની યાત્રાએ પધાર્યા. પરંતુ યાત્રા ચાલીને કરી.

આટલી ઉમ્મરે પણ શકય હોય ત્યાં સુધી યાત્રા ચાલીને જ કરવાની ભાવના ધરાવતા હતા. વિકાર ડોળીમાં કરવો પડતો–તેમ છતાં ડોળીનો ઉપયોગ પવિત્ર એવી તીર્થયાત્રા માટે નહિ કરવાનો અટલ નિર્ધાર હતો.

આ ઉંમરે ચાલીને ચઢી સાધુઓનો ટેકો લઇ યાત્રા કરી રહેલ આ પરમ ગુરૂદેવને એક ભાઇએ જોયા.

જે ભાઇએ જોયા તે ભાઇ ખુશાલ ભુવનમાં આવીને ઉતરેલા હતા. અને તેમને હૃયના હુમલાનો રોગ થએલ તેથી ડોળીમાં બેસીને યાત્રા કરવા જતાં હતા.

તે ભાઇએ પરમ ગુરૂદેવને આ રીતે, આટલી ઉંમરે ડોળી વિના, સુંદર રીતે ઉલ્લાસ પૂર્વક ચઢતા જોઇને વિચાર આવ્યો.

તીર્થની આશાતનાથી દૂર

—પૂ. મુનિરાજશ્રી તપોધન વિજયજી મ. સુરત

ખરેખર ! આ પરમ ગુરૂદેવ, અનેક શિષ્યોના ગુરૂ, ગચ્છના નાયક હોવા છતાં પ્રસન્ન પણે આટલી ઉંમરે, વૃદ્ધાવસ્થામાં સિદ્ધગિરિનું ધ્યાન ધરતાં ચઢે છે. તો હું કેમ ચઢી શકુ નહિ.

આ વિચારે એ ભાઇના હૈયાને ડોલાવી મૂકયું. હૈયુ નાચી ઊઠયુ. નિર્ધાર કર્યો, નિશ્ચલપણે નકકી કરી પોતે પણ હાર્ટનો દર્દી તે દર્દને ભૂલીને પગે ચાલીને યાત્રા કરવા કટીબદ્ધ થયા.

પરમ ગુરૂદેવના આલંબનને પામીને ચઢીને એક યાત્રા કરી તેમ નહિ, પરંતુ નવાણુ કેમ થાય નહિ તે નિર્ધાર કરીને તે ભાઇએ નવાણુ યાત્રા કરી.

આ રીતે પરમ ગુરૂદેવને જોઇને, યાત્રા ચાલીને કરવાનું બળ ફોરવ્યુ. એમની કૃપાદૃષ્ટિ અનેકને તારનારી બનેલી છે. તો તેમની ચાલીને યાત્રા જોઇને, પોતાને ચાલીને યાત્રા કરવા ઉપાંત નવાણું ચાલીને કર્યું. આ રીતે આલંબન પામનાર બને તે સ્વાભાવિક છે.

સં. ૨૦૨૬ માં ચલાલાથી જુનાગઢનો સંઘ તેઓશ્રીની નિશ્રામાં માટુંગા રહેતા.

ચલાલાના વતની સુશ્રાવક નાનચંદ–જૂઠાભાઇએ કાઢેલો.

સંઘ જુનાગઢ પહોંચ્યો તીર્થમાળના દિવસે પરમ ગુરૂદેવે ચાલીને–ચઢીને સાધુઓના ટેકાથી યાત્રા કરી તીર્થમાળનો સમય બપોરના ૧૨ પછીના હતો. તીર્થમાળ પહેરાવવાનું કાર્ય પૂરૂ થયુ. પરંતુ તીર્થ ઉપર પાણી પણ ઘણી ઘણી વિનંતિ સાધ્વીઓએ કરવા છતાં વાપર્યું નહિ.

શકય હોય તો તીર્થ ઉપર ખાવુ જોઇએ તેમ નહિ પણ પાણી પણ પીવુ જોઇએ નહિ. તેમ કહેતા એટલું જ નહિ પરંતુ પોતે અવસર આવે પાલન કરતા–શારીરિક પરિસ્થિતિ નાજુક હોવા છતાં માનસિક બળ ઘણુ મજબુત હતુ. જેથી તેઓશ્રીને નકકી કરેલા સુંદર વિચારમાં કોઈ ડગાવી શકે નહિ. સિદ્ધગિરિ–ગિરનાર વિગેરે તીર્થો ઉપર ખાવા–પીવાથી આશાતના થાય.

નીચે બપોરે ૩ા વાગે આવીને મોમાં પાણી નાખ્યુ. આ તેમની તીર્થ ભકિત અને તીર્થ ઉપર આશાતના ના થાય તેની કાળજી હતી.

પરનિન્દા, એ ખરેખર એક ભયંકર જાતિનો ચેપી રોગ છે. આ રોગ તે જ આત્માઓમાં મોટે ભાગે જન્મે છે, કે જેઓમાં ઉત્તમ કશું જ હોતું નથી તથા અધમતા લગભગ સઘળી જ જાતિની હોય છે અને તે છતાં પણ–હું ઉત્તમ છુ આવું બતાવવાનો ઉગ્ર અભિલાષ પ્રગટયો હોય છે. આવા આત્માઓ 'પરનિંદા' કરવાના સ્વભાવથી ખૂબ જ ટેવાઈ જાય છે. આવા આત્માઓનો ખાસ સંસર્ગ જેને જેને થાય છે, તે તે આત્માઓ પણ પ્રાયઃ નિંદક બન્યા વિના રહેતા જ નથી. એવાઓના સંસર્ગને પામવા છતાં પણ એ ભયંકર રોગથી કોઇ ભાગ્યશાલી આત્મા જ બચી શકે છે. ધર્મના અર્થી આત્માઓએ તો એવાઓની છાયાથી પણ અલગ રહેવું જોઇએ. આવાઓની છાયા પણ પરનિંદાનો ચેપ લગાડવાનું કારમું કામ કરે છે. એક વાર એ ચેપ લાગ્યા પછી દૂર થવો એ ઘણું જ મુશ્કેલ થઇ જાય છે.

છાપાના આ યુગમાં પરનિંદા એ ખાન પાન કરતાં પણ વધુ જરૂરી થઇ પડી હોય એવી ચીજ બની ગઇ છે. પરનિંદાના વ્યસનીઓ માટે સાચાનું ખોટું અને ખોટાનું સાચું બોલવું અગર લખવું, એ તો એક સામાન્યમાં સામાન્ય વાત થઇ પડી છે, 'પરનિંદા' એ એવો એક અધમમાં અધમ શોખ છે કે–એ શોખમાં પડેલાઓ પોતાની જીભને અને કલમને તલવાર કરતાં પણ કારમાંમાં કારમું શસ્ત્ર બનાવી દે છે. એવાઓની જીભને અને હાથને એવી કારમી ચળ હોય છે કે–જ્યાં સુધી તેઓ અનેકની નિંદા ન કરે, ત્યાં સુધી તેઓની તે ચળ શમતી જ નથી, એવાઓની એ ચળના પ્રતાપે કંઈક પાપોદયના સ્વજનિઓ પાયમાલ થાય છે. આવાઓ માટે ધર્મને પામવું એટલું દુષ્કર છે કે– તેઓને ગમે તેટલી સુંદર સામગ્રી મળે તે છતાં પણ પ્રાયઃ તે બીચારા ધર્મને પામી શકતા નથી.

—શ્રાદ્ધગુણ દર્શન–૩

વિરાટ વ્યક્તિત્વનું આંતર-દર્શન

- પૂ. મુનિરાજશ્રી રત્નસેન વિજયજી મહારાજ

ખલખલ કરતી વહેતી નદીના જલપ્રવાહની જેમ કાળનો પ્રવાહ વણથંભી ગતિએ આગળ વધી રહ્યો છે. કાળનો આ પ્રવાહ અનાદિકાળથી ચાલ્યો આવે છે અને અનંત-કાળ સુધી ચાલુ રહેવાનો છે. આ અનાદિ-અનંત સંસારમાં આત્માનું અસ્તિત્વ પણ અનાદિ કાળથી છે અનંતાનંત જીવોથી ખીચોખીચ ભરેલા આ વિરાટ વિશ્વમાં અનેક આત્માઓ મનુષ્યરૂપે, અસંખ્ય આત્માઓ નારક-દેવ રૂપે અને અનંત આત્માઓ તિર્યંચરૂપે દરરોજ જન્મે છે અને મરે છે. પણ એ જન્મ, જીવન અને મૃત્યુની પણ કાંઇ કીંમત નથી.

ખરેખર તો તે જ જન્મ, જીવન અને મૃત્યુ પ્રશંસનીય છે કે જેના વડે આત્મા પોતાના સંસાર ભ્રમણને પરિમિત બનાવે અને વહેલામાં વહેલી તકે પોતાના આત્માને શાશ્વત જીવન સ્વરૂપ મોક્ષપદમાં સ્થાપિત કરે.

આપણને દુર્લભતાથી પ્રાપ્ત થયેલ માનવ જીવન અને અને એ જીવનની મૂલભૂત વિશેષતાઓ પણ ત્યારે જ વખાણવા લાયક ગણાય છે, જ્યારે એ જીવન અને એ જીવનની વિશેષતાઓ મોક્ષસાધક હોય. અન્યથા નહિ.

ભગવાન મહાવીર પરમાત્માએ સ્થાપેલ આ શાસનમાં વિક્રમની ૨૦-૨૧મી સતાબ્દીમાં જૈન શાસનની અનેક પ્રભાવના કરનારા પરમારાધ્યપાદ પરમકૃપાલુ પરમ ગુરૂદેવ સુવિશાલ-ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા. પણ આવા જ એક મહાન પુરૂષ થઇ ગયા કે જેમને પોતાનું મન સિદ્ધપદની પ્રાપ્તિમાં પૂર્ણતયા સ્થા-પિત કરી દીધેલ હતું.

વ્યાખ્યાન હોય કે વાચના હોય, વાર્તાલાપ હોય કે વિચાર ગોષ્ઠી હોય, ચિંતનમાં હોય કે પત્ર-લેખનમાં હોય- એ બધામાં એમનો એક જ સ્વર (સુર) હતો- મોક્ષ સિવાય બીજી કોઇ વાત નહિ. ખરેખર. એ મહાપુરૂષે પોતાના જીવનમાં નિર્વાણ-પદ [મોક્ષ પદ]ને ખુબ ખુબ ઘુંટયું હતું અને એના કારણે જ જીવનની અંતિમ પળોમાં પણ એક અદ્ભુત, આશ્ચર્યકારી અને આદર્શ સમાધિ ભાવને પામી શકયા હતા.

આજે આ મહાપુરૂષ સદેહે વિદ્યમાન નથી. જોતા જોતા એ મહાપુરૂષની વિદાયને બાર મહિનાના વાકાણા વીતી ગયા. પરંતુ આજે પણ શબ્દદેહે [પ્રવચન, વાચના કે પત્ર સ્વરૂપમાં] વિદ્યમાન એ શબ્દો એ મહાપુરૂષના વિરાટ વ્યકિતત્વની ઝાંકી કરાવે છે.

જેવું છે કે– પ્રવચનના શબ્દ દેહે એમનો અસ્તિત્વ ! આ છે એ મહાપુરૂષના જ શબ્દો જે વરસો પૂર્વે ઉચ્ચારાયેલા કોઇક સાપ્તાહિકમાં સંકલિત થયેલા છે–

"મોક્ષમાં જવાનો નિર્ણય કરવો, એનું જ નામ એકડો ! આ લક્ષ્ય વિનાની બધી ધર્મક્રિયાઓ એકડા વિનાના મીંડા જેવી છે.

ધર્મની વાત કરતા પહેલા અમારે પહેલો પ્રશ્ન એ જ પૂછવાનો કે, ભોલા ભાઇ ! સંસાર ખરાબ લાગ્યો છે ? મોક્ષની ઇચ્છા જાગી છે ?

સંસારની સારામાં સારી ગણાતી ચીજ પણ ભૂંડી છે– આ અમે અમારા ભગવાનના બળે બોલીએ છીએ. અમારા ભગવાને સંસારની દરેક ચીજ પીંખી પીંખીને અસાર પૂરવાર કરી છે.

સંસારને ભૂંડો અને મોક્ષને રૂડો માનનારો કદાચ ઘરમાં મરે તોય સદ્ગતિમાં જવાનો. જ્યારે સંસારને સાર માનતો, મોક્ષની ઇચ્છા વિનાનો સાધુપણામાં મરે તોય દુર્ગતિમાં જવાનો.'

જૈન કુલમાં નહિ જન્મેલા એવા અજૈન પંડિતને પણ પૂજ્યપાદશ્રી પોતાની પત્ર–પ્રસાદી દ્વારા કેવી રીતે સાચા મોક્ષ માર્ગના જ ઉપાસક બનાવવા ઇચ્છતા હતા. જેવી છે એ પ્રસાદી ?

આ રહ્યા પૂજ્યપાદશ્રીના જ સ્વ હસ્તાક્ષરે લખાએલ પત્રનો આંશિક ઉતારો–

'...ધર્મલાભ સાથે જણાવવાનું કે તમારો પત્ર મળ્યો.

મુમુક્ષુભાવ ધરનાર આત્માને શુષ્ક ભણાવવામાં રસ આવે જ નહિ. તર્ક જ્ઞાન ષડ્-દર્શનના વાસ્તવિક સ્વરૂપને સમજાવનાર હોવાથી જરૂરી મનાયું છે. એ દર્શન–કુદર્શ-નનો વિવેક કરાવવાનું સામર્થ્ય ધરાવે છે, એટલા જ માટે તર્કજ્ઞાન જરૂરી છે. એ હેતુ ન હોય તો એ જ્ઞાન તદ્દન બીનજરૂરી છે.

સ્વાધ્યાય તો મમતા તજાવનાર અને સમતાને પમાડનાર જ હોય મમતા તજવા અને સમતા પામવા માટે જ સ્વાધ્યાય છે.

'સંસારના સુખની લાલસા અને અજ્ઞાનાદિના યોગે કરેલાં પાપોથી આવતાં દુઃખો પ્રત્યે દ્વેષ એ જ આ સંસારનું મૂળ છે. આ વાત જેને સમજાય તે સંસારના સુખના સંયોગોમાં વિરકત જ રહે છે અને પોતાના પાપોના પ્રતાપે આવેલા દુઃખમાં સમાધિ-મગ્ન રહે છે. એવા આત્માને સંસાર રહેવા જેવો લાગતો જ નથી. એક મોક્ષ જ મેળવવા જેવો લાગે છે. એ સમજે છે. કે સંસાર એ કર્મજનિત હોવાથી મારૂં વિરૂપ

છે અને સકલ કર્મનાં ક્ષયથી મારા આત્માનું સંપૂર્ણ સ્વરૂપ એ જ છે સ્વરૂપ જેનું એવો જે મોક્ષ છે. તે જ મારૂં સ્વરૂપ છે. વિરૂપ તજી સ્વરૂપ પામવા માટે જ મોક્ષ માર્ગ સ્વરૂપ જે ધર્મ તે જ એક જીવનમાં આચરવા જેવો છે'- આ બધું તમારા હૈયામાં બેસી ગયું છે એમ લાગે છે. માટે શુષ્ક સ્વાધ્યાય અને વિવાદ માટે જ ઉપયોગમાં લેવાતું તર્કજ્ઞાન તમારા જેવાને નિરૂપયોગી લાગે એ સહજ છે. આવી તમારી ઉત્તમદશા સદા માટે સુસ્થિર બનો અને વહેલામાં વહેલા મુક્તિ પદના સ્વામી બનો એ જ એકની એક સદાની શુભાભિલાષા.

મોક્ષને માટે જ સ્થપાએલ લોકોત્તર જૈન શાસનના ગૂઢ અને રહસ્યપૂર્ણ પદાર્થોને ખુબ જ સાદા અને સરળ શબ્દોમાં આમ જનતા પાસે મૂકવા અને તેના મૂળ મર્મને ખુલ્લો કરી હૈયાને હચમચાવી દે તે જ રીતે શુદ્ધ ધર્મને સમજાવી હજારોને એ પવિત્ર માર્ગના પથિકો બનાવવામાં પૂજ્યપાદશ્રી ખરેખર અજબના જાદુગર હતા.

ભયંકર દુર્ઘટનાથી ગ્રસ્ત બનેલા કે વૃદ્ધાવસ્થાદિને કારણે રોગાદિથી ઘેરાએલા પોતાના શિષ્ય કે અન્ય કોઇ મુનિઓને એ મહાપુરૂષે પ્રત્યક્ષ હિતશિક્ષા અને પરોક્ષ પત્ર-પ્રેરણા દ્વારા પણ જે અમૃતપાન કરાવ્યું છે, એનો પણ જોટો મળી શકે એમ નથી.

ખરેખર આશ્ચર્ય થાય કે એક બાજુ અઢળી મોટી ઉમર સાથે સાથે શાસનની અનેક વિધ પ્રાવૃત્તિઓ.... અને એ પ્રવૃત્તિઓની વચ્ચે પણ મુનિઓને એમણે જે હિત શિક્ષા દ્વારા જે પીયુષપાન કરાવ્યું છે. તે ખુબ જ અદ્‌ભુત છે. એથી સ્પષ્ટ સમજાય છે કે બાદશાહી સન્માન અને હજારો માણસોની અવર-જવર વચ્ચે પણ તેઓ એ બધાથી અલિપ્ત રહી શકતા હતા, એની ઝાંખી એ જ વાતાવરણની વચ્ચે રહીને પણ એમના લખેલા પત્રોથી થઇ જાય છે.

વિક્રમ સંવત ૨૦૩૫માં પૂજ્યપાદ પરમારાધ્યપાદ સ્વ. ગચ્છાધિપતિશ્રીજીનું ચાતુર્માસ પાટણમાં હતું. એ વખતે પૂજ્યપાદ સ્વ ગુરૂદેવ અધ્યાત્મયોગી પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી મ.સા. આદિની સાથે મારૂં પણ ચોમાસુ પાટણમાં હતું.

એ વખતે દરરોજ પરમારાધ્યપાદ સ્વ. ગચ્છાધિપતિશ્રીજીએ પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને બપોરે ૩-૦૦ વાગે અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથના 'યતિશિક્ષા અધિકાર' ઉપર વાચના આપતા હતાં એ વખતે મેં અવતરણ કરેલી તે વાચનાઓ આજે પણ મારે માટે પ્રેરણાની પરમ સંજ્ઞાન છે. વાચના વખતે હૃદયથી અત્યંત કોમલ એવા પૂજ્યપાદશ્રી બાહ્ય દૃષ્ટિએ કઠોર બનીને પણ સાધુઓને હિત-શિક્ષા અને માર્ગદર્શન આપતા હતા.

વરસો પૂર્વે આપેલી એ હિત શિક્ષાના શબ્દો આજે પણ કાનમાં ગુંજી રહ્યા છે.

આ રહ્યા એ વાચનાના કેટલાક શબ્દો–

'તારક પરમાત્માએ મોક્ષ મેળવવા માટે જ શાસનની સ્થાપના કરી છે. ભગવાનનો મુનિમાર્ગ અદ્‌ભુત છે. એ માર્ગે ચાલવામાં શરીર સહાયક છે, પરન્તુ એ શરીરને વશ થવાનું નથી. ઘરબાર–સ્વજન આદિ છોડયા પછી પણ આરાધનામાં આડે આવનાર શરીર જ છે. એની મમતા છોડવા ઈન્દ્રિયોની આધીનતા છોડવી પડશે.. ઇન્દ્રિયોની પરાધીનતા એ કષાયોનો હેતુ બને છે.

સંયમ તપ આદિ ગુણો મેળવવા કેટલા ઉદ્યમ કરો છો ? સંસારથી છૂટવા માટે સ્વજનોનો ત્યાગ કર્યો છે. માતા–પિતા સહુ પ્રથમ ઉપકારી છે. માટે અહીં આવ્યા પછી માતા–પિતાની સેવાથી જે લાભ થાય એના કરતાં વિશેષ લાભ થાય તો જ સાધુપણાની સફળતા છે. ગૃહસ્થપણામાં થતાં પરમાત્મ પૂજા, માતા–પિતાની ભક્તિ આદિ ધર્મો છોડીને અહીં આવ્યા છીએ તો અહીં આવ્યા પછી આપણી જવાબદારી કેટલી બધી વધી જાય છે. સાધુ પણ સાધુપણામાં આવ્યા પછી સાધુપણાનું પાલન બરાબર ન કરે તો તે પાપ શ્રમણ કહેવાય છે એવાને માટે સાધુનો વેષ પણ દુર્ગતિનું કારણ બને છે.

શરીર–ઇન્દ્રિય આદિ મૂકીને સાધુ થવાય નહિ, પણ સાધુ થયા પછી એની સેવામાં જ લાગી જાય તો આશ્રવનો પાર નહિ રહે અને પરભવમાં ડૂબવાનું જ થાય.

–જ્ઞાન–દર્શન અને ચારિત્રના પ્રયોજન વગર સાધુથી આસન ઉપરથી ઉઠાય નહિ, બોલાય નહિ કે ચલાય નહિ.

–'તપ ચિંતવણી' કાયોત્સર્ગમાં આત્મા સાથે તપ સંબંધી વાતો કરવાની છે. તપની શક્તિ હોય છતાં તપ કરવો જ ન હોય એને સાધુ કહેવાય ?

–સાધુપણામાં વસ્ત્રપાત્રાદિની શોભા, સંસાર વધારશે અને સંયમની શોભા વહેલામાં વહેલી 'મુક્તિ અપાવશે.'

પૂજ્યપાદશ્રીના શુભ સાનિધ્યમાં તો પ્રવચન અને વાચના અને વ્યક્તિગત સંપર્કથી રત્નત્રયીની આરાધના અને સાધના માટે પ્રેરણા મળતી જ, પરંતુ પૂજ્યપાદશ્રીની આજ્ઞા આશીર્વાદથી દૂર સુદૂર ક્ષેત્રોમાં વિચરવાનું બનતું– ત્યારે પણ પત્રોના માધ્યમથી કયારેક કયારેક પૂ. પાદશ્રીની કૃપાપ્રસાદી મળતી હતી. શાસનની અનેકવિધ પ્રવૃત્તિઓની વચ્ચે પણ પૂજ્યપાદશ્રી જાતે પોતાના અક્ષરોમાં હિત–શિક્ષા આદિ લખતા ત્યારે હૈયું ગદ્‌ગદ્‌ બની જતું– અહો ! પૂજ્યશ્રી આપણી કેટલી બધી કાળજી રાખતા હોય છે.

અનેકાનેક પુણ્યવંત આત્માઓને અન્યાયરૂપે રત્નત્રયીની આરાધના–સાધનામાં પ્રેરક–સહાયક બનતા પરમારાધ્યપાદ પૂજ્યપાદશ્રીના પાદારવિંદમાં કોટિકોટિ વંદના કરી... પૂજ્યપાદશ્રી જ્યાં હોય ત્યાંથી કૃપા વરસાવતા રહે એજ એક અભ્યર્થના છે.

રામ નામ રટો, - ભવોભવ પાપ કટો

- પૂ. આ. શ્રી વિજયવારિષેણસૂરીશ્વરજી મહારાજ

ગૌરવવંતી ગુજરાતની ધર્મપુરી ત્રંબાવતી નગરીની સમીપે સુંદર સોહામણું નગર એટલે ત્રિભુવન નામને શોભાવતા એ લાડિલા બાલની જન્મભૂમિ.

લાડિલા લાલના ખજાનામાં સુંદર શ્લોક બેલેન્સ થઈને જામી ગયો હતો કે,

"વૈભવ મળે લક્ષ્મી મળે કીર્તિ ઘણીએ સાંપડે,
સૌ મળે જગતમાં પણ સંયમ મળે ના સંસારમાં"

સંયમ માટે હું સંસારમાં આવ્યો છું. હવે તો હાથમાં રજોહરણ લઈને જ રહીશ. સુંદર સંસ્કાર છે મા બાપ ના, વાતાવરણ ધર્મમય છે નગરનું તેથી ત્રિભુવનમાં સંયમના મનોરથો ને ઉડવા ઉત્તમ ગગન મળી ગયું. ગુરૂવર ગુણવાન ને ચારિત્ર સંપન્ન સોધ્યા કે જેના ગુણોની છાયા સંયમની માયાથી મારી કાયા પરમ પવિત્રતાના પંથે પહોંચે પ્રેમ વિજયજીના પનોતા પ્રસાદે ગંધાર તીર્થમાં હવાના ઝપાટામાં દિવા પણ અખંડિત જ્યોત પ્રકાશતા જ્યારે કહી રહ્યા હતા યુવાન તારા સંયમ જીવનમાં પણ વિરોધના વા' વંટોળ સામે તારે અમસરીખા અડોલ રહેવું પડશે ને મંગલમય મુનિ શ્રી મંગલ વિજયજી મહારાજના મધુર મુખે મુનિ જીવનના મંગલ મંડાણ થયા. નામ ધરાયા રામ વિજયજીને પ્રારંભ કરાયા અજ્ઞાનવૃત્તિના માનવોની પાપને વિદાય કરવાને પ્રવચન પ્રભાવકતા સુકૃતોને વિના વા' વંટોળે, વિના નિંદકોએ કોઇ મહાપુરૂષ પંકાયા નથી. મહાપુરૂષ તેજ છે જે સત્ય સિદ્ધાંત કાજે સામી છાતીયે ઝઝુમે. રામ વિજયજી મહારાજના પૂનિત નામે સારા ગુજરાતને ઘેલી બનાવી દીધી હતી જ્યાં રામ નામ રટે ત્યાં અયોધ્યા સર્જન. ઓટોમેટિક થઇ જતી રામની રામાયણ વિષેની પ્રવચન માળાએ તો અનેકોને રાવણની લંકામાંથી બળતા બચાવ્યા છે. યુવાનોને બાલકોને સંયમના નાદે ચઢાવવામાં રામવિજયમાંથી રામચંદ્રસૂરિજી મહારાજના પુણ્યનામને શોભાવતા ને ગુરૂવરનો ઉપકાર અનેરો, અનેક ગણો છે. માટે જ યાદ આવે છે.

"અહો ઉપકાર તુ મારડો, સંભારૂં દિનરાત,
આવે નયને નીર બહુ, સાંભળતા અવદાત.

આજે વર્ષના ૩૬૦ દિવસની વિદાયને જ્યારે આંખ સામે લાવીએ છીએ ત્યારે એટલું જરૂર યાદ આવે છે કે ચરમ તીર્થપતિની વિદાયને ભસ્મગ્રહ માટે સંઘ સ્થિરતા માટે ઇંદ્રની પ્રાર્થનાની જેમ આજના મોર્ડન જમાનાના પ્રવાહમાં સુસાધુઓનું સુગંધિત

જીવનને સુરક્ષિત રાખવા માટે સૂરિ સમ્રાટશ્રીની વિદાયને રોકવાની જરૂર હતી. નહિ તો સૂર્યના અસ્ત થયે ઉલ્લુરાજા ફુદાફુદ કરવા લાગે તેમ મોડર્ન વાદીઓનો યુગ પ્રારંભ થઇ જશે પણ ભાવિ આગળ સૌને ઝુકવું પડે છે

ખુશ જમાલો કિ યાદ આતી હૈ, બે મિસાલો કિ યાદ આતી હૈ
જનારા કોઇ નથી આવતા, જાનેવાલે કિ યાદ આતી હૈ.

સિદ્ધાંત નિષ્ઠ સૂરિવરને શાસન નિષ્ઠાને આજના દિને કોટિ કોટિ વંદના હો પામર જીવોને સન્માર્ગ દર્શક નયનોની પ્રાપ્તિ થાય તેવા કૃપાશિષ વરસાવતા રહો.

---

૦ પૂર્વે જીવનમાં આજના કરતાં વધારે શાન્તિ હતી. વધારે સંપ હતો અને આજના જેવી ભયંકર ધમાચકડી નહિ હતી, એનું કારણ શું ? એ જ કે– મનની તૃષ્ણા ઉપર તેટલા પૂરતો કાબૂ હતો. મનની ભૂખ જો સામાન્ય રીતિએ પણ કાબૂમાં આવી જાય, તો પણ ઘણા ખરા ઝઘડા મટી જાય. આજે મનની ભૂખ ખૂબ વધી છે, માટે જ ઝઘડા વધ્યા છે, અન્યાય વધ્યા છે અને કારમી ધમાલો મચી રહી છે. આજે તો મનની ભૂખને જગાડવાના અને વધારવાના કારમા પ્રયત્નો થઇ રહ્યા છે. કોઇને સુખી સાંભળ્યો, એટલે-ઝટ એમ થાય કે, 'એની પાસે ખરું અને મારી પાસે કેમ નહિ ?' પણ એ વિચાર ન થાય કે– 'પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ મુખ્યત્વે ભાગ્યાધીન છે. જો ભાગ્યમાં ન જ હોય તો કારમા ઉહાપાતો મચાવાય તે છતાં પણ તે મળે નહિ. આજે આ દશાના પરિણામે મજૂર અને માલીક વચ્ચે મજૂર મહાજન ઉભું થયું. આપવાનું માલીકને, લેવાનું મજૂરને છતાં બે વચ્ચે અમી રહે નહિ. બેને મળવા જ દે નહિ ને ? બોર્ડીંગોમાં શું થાય છે ? પૈસા કોઇના અને બચ્ચાં ઉપર સંસ્કારો કોઇના પડે ! મા–બાપના સંસ્કારોથી બચ્ચુ વંચિત રહે. વહિવટ કરનારને ફાવતી દિશાએ બચ્ચાંને દોરે. એ બધાની પાછળ મુખ્યત્વે મનની ભૂખ જ મોટોભાગ ભજવી રહી છે. જો આર્યસંસ્કૃતિના સંસ્કારો બરાબર કાયમ રહ્યા હોત, તો આજે રાજા અને પ્રજા વચ્ચે, માલીક અને મજૂર વચ્ચે તેમજ શ્રીમંતને ગરીબ આદિની વચ્ચે જે જાતિનાં ઘર્ષણો ઉત્પન્ન થવા પામ્યાં છે, તેવાં ઘર્ષણો પ્રાયઃ ઉત્પન્ન થવા પામત નહિ !

—દિશા સૂચન–ત્રીજો ભાગ.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

શાસન પ્રભાવક જ્યોતિર્ધર

- પૂ. આ. શ્રી વિજય જયંત શેખરસૂરીશ્વરજી મહારાજા

પૂ. પા. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રસંગો.

વિ. સં. ૧૯૮૫ માં પૂ. પાદ આ. શ્રી વિ. જ્ઞાનસૂરીશ્વરજી મ., પૂ. પાદ આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. પાદ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ મુનિરાજો મુંબઈ લાલબાગ પધાર્યા હતા. ત્યાં પૂ. પાદ આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના વ્યાખ્યાનો જોરદાર ચાલતા હતા. ભાવિકોની સંખ્યા વધતી જતી હતી.

પૂજ્યશ્રી શાસ્ત્ર સિદ્ધ પૂર્વક દીક્ષા વગેરે શુભ અનુષ્ઠાનોનું પ્રતિપાદન કરતા હતા. તેમની સામે વિરોધ પક્ષના 'મુંબઇ સમાચાર' આદિ પેપરમાં વિરોધી લખાણ આવતા હતા. તેનો ખુલાસો પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં કરતા હતા. પ્રશ્નોના સચોટ ઉત્તરો આપતા હતા. તેથી વાતાવરણ ઉશ્કેરણી વાળું થયું હતું છેવટે લાલબાગમાં વ્યાખ્યાન વખતે તોફાન પણ થયું. વ્યાખ્યાન બંધ કરાવવા માટે પણ કોશીશ કરી. પરંતુ પૂ.શ્રીએ જરા પણ મચક આપી નહિં. અને કહ્યું કે—વ્યાખ્યાન બંધ થશે નહિં. અને વ્યાખ્યાન ચાલું રહ્યા. તોફાન ન થાય તે અંગે આગેવાનોએ વ્યવસ્થા કરી.

પૂ.શ્રીનું મહાવીર વિદ્યાલયમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તેના સમાચાર મુંબઇમાં બધે ફેલાઈ ગયા. અને વ્યાખ્યાન પણ સારી રીતે થઇ ગયું તેથી વિરોધીઓમાં ઉશ્કેરણીનું વાતાવરણ ફેલાયું બીજીવાર પૂ.શ્રીનું જાહેર વ્યાખ્યાન કોટ ટાઉન હોલમાં રાખવામાં આવ્યું હતું. તે ન થાય તે માટે વિરોધીઓએ ઘણી ધમાલ કરી હતી. પરંતુ પૂ.શ્રીનું ત્યાં પણ વ્યાખ્યાન નિર્વિઘ્ને પાર પાડયું. અને આવી રીતે મક્કમ બનીને વ્યાખ્યાન થતાં શાસનમાં જયજયકાર વર્તાવા લાગ્યો.

વિ. સં. ૧૯૮૫ માં ચોમાસામાં પૂ.શ્રીના વ્યાખ્યાનનો લાભ ઘર બેઠા પણ લઇ શકે તે માટે 'શ્રી જૈન પ્રવચન' નામનું (પાક્ષીક) પેપર શરૂ કરાયું. તેના ઘણા તંત્રીઓ એ ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરી હતી. અને પૂ.શ્રીના એ શ્રી જૈન પ્રવચનના વાંચન દ્વારા અનેક આત્માઓ પ્રભુ શાસનમાં સ્થિર થયા.

વિ. સં. ૧૯૮૫–૮૬ ના ચોમાસા એવા તો જોરદાર થયા કે જે પહેલા વિરોધ કરનારા વિરોધીઓ પણ વિરોધ છોડી પ્રભુ શાસનનાં સાચા રાહમાં જોડાયા. વિ. સં.

૧૯૮૬ ના ચોમાસા બાદ ૮૭ માં પૂજ્યોની નિશ્રામાં અંધેરીમાં ઉપધાન થતાં તેમાં ઘણી સારી સંખ્યામાં આરાધકો જોડાયા. ઉપધાન પૂર્ણ થયા પછી પૂ. આ શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ., પૂ. પાદ આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ મુનિ ભગવંતોએ શ્રી સિદ્ધગિરિ તરફ વિહાર કર્યો. ખંભાતમાં દીક્ષાઓ આપી, પાલીતાણા પધાર્યા. ત્યાંથી શ્રી નવપદ આરાધક સમાજની શૈત્રી ઓળી વદવાણ નકકી થઇ હતી. તે શુભ પ્રસંગ ઉપર પધાર્યા. ત્યાંથી અમદાવાદ વગેરે ક્ષેત્રોને લાભ આપતા ચોમાસા માટે પાટણ નગીનભાઇ મંડપમાં પધાર્યા સાથે પ. પૂ આ. શ્રી મેઘસૂરિ. મ. પણ હતા.

પાટણના કેટલાક વિરોધીઓની મુરાદ હતી કે ગમે તે ભોગે પૂ.શ્રીનું ચોમાસું ન થાય એ ભાવનાથી વિરોધનું વાતાવરણ ખૂબ ઉશ્કેરણી પૂર્વકનું ઉભું કર્યું હતું પરંતુ તે વિરોધીઓની સામે શાસન પ્રેમીઓ પણ એટલા જ ઉત્સાહી હતા કે ગમે તે ભોગે (વિરોધીઓની શાન ઠેકાણે લાવીને) પણ શાસન પ્રભાવના પૂર્વક ચોમાસું કરાવવું. તેથી સારામાં સારી રીતે ચોમાસાનો પ્રવેશ પણ થયો હતો. અને વિરોધીઓના હાથ હેઠા પડયા. પાટણમાં શાનદાર શ્રી શાસનની પ્રભાવના પૂર્વક ચોમાસું પૂર્ણ થયા પછી વિ. સં. ૧૯૮૮ માં રાધનપુરમાં ૪ મુમુક્ષો આત્માની દીક્ષા આપવા માટેની આગ્રહભરી વિનંતીથી દીક્ષાના પ્રસંગ ઉપર ત્રણે પૂજ્ય મહાપુરૂષો પધાર્યા હતા. ત્યારે ત્યાં પૂ શ્રી પ્રત્યેના વિરોધને કારણે વિરોધીઓએ કોઇ પણ ભોગે દીક્ષા ન થવા દેવા માટે તે વખતના રાધનપુરના નવાબ સાહેબ ઉપર (શ્રીજીખુશીની દીક્ષાઓ હોવા છતાં) પણ વિપરીત પત્રો લખ્યા હતા. અને ગમે તે ભોગે દીક્ષા અટકાવવી હતી પરંતુ નવાબ સાહેબે સાચી પરિસ્થિતિ જાણતા વિરોધીઓની વાત માની નહિ. તેથી વિરોધીઓએ દીક્ષામાં લોકો ભાગ ન લઇ શકે તે માટે તે દિવસે ગામ બહાર ઉજાણી કરવા ગયા પણ તેમાં તેને જેવો જોઇએ તેવો પ્રતિસાદ મળ્યો નહિ. અને ૪ ચાર દીક્ષાઓ મહા સુદ ૬ ના દિવસે પૂજ્યોની નિશ્રામાં ઘણા ઉત્સાહ અને આનંદ પૂર્વક થઇ હતી તે વખતે દીક્ષામાં મુંબઇ અદિથી ઘણા ગુરૂ ભકતો આવ્યા હતા અને દીક્ષાનો શુભ પ્રસંગ સારી રીતે ઉલ્લાસ પૂર્વક ઉજવાયો હતો. પૂ શ્રી શ્રી શાસન પ્રભાવકતા કાર્યોમાં વિરોધીઓના વિરોધ વચ્ચે પણ મકકમતા પૂર્વક કરતાં હતા.

પૂ શ્રી પ્રત્યે વિરોધને લઇને વિરોધીઓ તેમને માટે એવો પણ પ્રચાર કરતા હતા કે આ. રામવિજયજી દીક્ષાર્થીના મા-બાપની રજા વગર ભગાડીને તેમજ નાના બાળકોને દીક્ષાઓ આપે છે. આવો પ્રચાર કરી અજ્ઞાન અને ભોળા લોકોને ઉશ્કેરવામાં આવતા પરંતુ જેમ જેમ લોકોને સમજણ થવા લાગી તેમ તેમ દીક્ષાઓ વગેરે શાસનના શુભ-

વિનંતિનો વિરોધ નહિ

—શ્રી ધનજી સુખલાલ બારભાયા કારીયાણી
હાલ–મલાડ

પ. પૂ. આ. ભ. શ્રી રામચંદ્ર સૂ. મ. સા. ના ચરિત્રની નોંધમાં લખ્યું કે પૂ. દાન સૂ. મ. સા. આદિએ ૧૯૮૮ માં સુરેન્દ્રનગરમાં ચોમાસું કર્યું તે પછી તેઓશ્રી સિદ્ધિગિરિ પધાર્યા ત્યારે બોટાદ પધારતાં અમારા કારિયાણીના આગેવાનો વિનંતિ કરવા ગયા.

પૂ. દાન સૂ. મ. એ કહ્યું ત્યાં દેરાસર નથી જેથી હું લાખીયાણી જઇશ અને મુનિરામવિજયજી ત્યાં રોકાશે અને ઉપદેશ આપશે.

પૂ. આચાર્ય મહારાજ પધાર્યા પણ રોકાયા નહિ અને પૂ. રામવિજયજી મ. આદિ પધાર્યા અને અમારા મુળ મકાનમાં ઉતારો કર્યો. વ્યાખ્યાન આપ્યું. જૈન–જૈનેત્તરો સાંભળી ખુમ રાજી થયા. આવી આત્માને તારનારી વાણી કયાં સાંભળવા મળે.

હું તે વખતે ૧૦–૧૧ વર્ષનો હતો અને તે હજી બરાબર સાંભરે છે. ત્યાર પછી અમારે ત્યાં શેઠ મણેકલાલ ચુનીલાલભાઈએ દેરાસર બંધાવ્યું. પૂ. કર્પૂર સૂ. મ., પૂ. અમૃત સૂ. મ. ની નિશ્રામાં જાતે પ્રતિષ્ઠા કરી અને ગામને ઘણો લાભ આપી ઉદ્ધાર કર્યો.

કાર્યોમાં વિરોધ સમતો ગયો. અને ઘણા મા–બાપો તો પોતાના પુત્ર–પુત્રીઓને હોંશ પૂર્વક દીક્ષા આપવા તૈયાર થયા. પછી તો પૂ.શ્રીની નિશ્રામાં ૨૦–૨૫ આદિ સમુહમાં ભાગવતી દીક્ષાઓ થવા લાગી. અને દીક્ષા એજ માનવ જીવનનું કર્તવ્ય છે એવી ભાવનાથી કુટુંબોના કુટુંબો પારમેશ્વરી પ્રવજ્યાના પંથે વિચરવા લાગ્યા. આવો જે ઇતિહાસ સરજાયો તેનો મોટો ફાળો પૂ.શ્રીના પ્રવચનમાં જાય છે એમ કહી શકાય

પૂ.શ્રીના જેવી શ્રી પરમાત્માના શાસનની રક્ષા, પ્રભાવના કરવાની શકિત મળો એવી ભાવના પૂર્વક તે પૂ.શ્રીના ચરણારવિંદમાં કોટી: કોટી: વંદનાવળી.

આ બધા પ્રસંગોનું વર્ણન લેખકના જાત અનુભવનું છે.

મને પહેલા વહેલા સં. ૨૦૧૭ માં પૂ. પાદશ્રીનો જામનગરમાં પરિચય થયેલ. ત્યાર પછી સં. ૨૦૨૪ માં અમો બધા ખંભાતમાં પૂ. પાદશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સા. ની નિશ્રામાં ભેગા થયેલ ત્યાં મને માસક્ષમણ કરવાનું હોવાથી મારા ગુ.મ. એ પૂ. પાદશ્રી પ્રેમસૂરીશ્વરજી. મ. ને વાત કરેલ તે વખતે બન્ને પૂ. પાદશ્રીનું ચોમાસું ખંભાત નક્કી થયેલ એટલે મારા ગુ.મા. મને ખંભાત મુકીને પોતે આગળ વિહાર કરેલ તેમાં વે. વ. પૂ. પાદશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામતાં પૂ. આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં માસક્ષમણ કરવાનો અવસર મળેલ તેમની નિશ્રામાં મારે સારી રીતે માસક્ષમણ થવા પામેલ ત્યાર પછી ૧૦૦ મી ઓળીનું પારણું વરશીતપનું પારણું ૧૦૧ મી ઓળીનું પારણું આદિ મોટી તપસ્યાનું પારણું તેમની જ નિશ્રામાં થવા પામેલ એટલે હું મારી જાતને ખૂબ ભાગ્યશાળી માનું છું કે આવા મહા પ્રભાવક પુરુષની મને નિશ્રા પ્રાપ્ત થઇ. તથા તેમનો તપ પ્રત્યેનો પ્રેમ કોઇ અજબ કોટીનો હતો જ્યારે જ્યારે ભેગા થઈએ શુ તપ ચાલે છે તેમ પુછતા અને તપસ્વીને ખૂબ આનંદથી ભેટતા અને પોતે આવા મહાન પુરૂષ હોવા છતા નાના સાધુને ખૂબ પ્રેમથી સાચવતા.

અમીભર્યું વાત્સલ્ય

—પૂ. મુ શ્રી દિવ્યાનંદ વિજયજી મ. વઢવાણ

બીજો એક પ્રસંગ છે. પ્રાયઃ ૨૦૩૮ માં અમો તારંગા પૂ. પાદશ્રીને ભેગા થયેલ ત્યાંથી વાવ સાતદાસણા ગયેલ તેમાં વાવમાં અમને આગળથી મોકલેલ પોતે બીજે દિવસે આવેલ તે વખતે ગામમાં સામૈયું ફરીને આવ્યા પછી ગામના ઇતર લોકોનાં છોકરાને પ્રેમથી વાસક્ષેપ નાખતા કે જેના નાકમાંથી લીંટ નીકળતી હોય તો પણ જરા સરખી દુર્ગંચ્છા નહિ કરતા. ત્યારે એમ થાય કે કેટલી ઉદારતા !

વિશેષાંક–આ વિશેષાંક આજીવન સભ્યો શુભેચ્છકો તેમજ ગ્રાહકોને આપવાનો થશે માટે શકય હોય તો એ રીતે નામ લખાવી અંક સ્વાધીન કરશો. **સંપાદક**

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ શાસ્ત્રે તો કહ્યું છે કે, સાધુની આંખ–ચક્ષુ જ શાસ્ત્ર છે. શાસ્ત્રની જ વાત કરે તો બધ ને ગમે ? અમારી પાસે આવનારા બધા મોક્ષ માટે આવે છે ? બધા મોક્ષ માટે જ આવતા હોય તો કોઇ સાધુની દેન છે કે, સંસારની વાત કરી શકે ? શ્રાવક-શ્રાવિકા વર્ગ જો મોક્ષનો જ અર્થી થઇ જાય તો ઉપાશ્રયમાં મોક્ષની મોક્ષમાર્ગની ધર્મની વાત વિના બીજી વાત થાય શેની ?

૦ આજે હું મોક્ષની, સાધુપણાની વાત કરું છું તે ઘણાને ગમતી નથી. પણ મારે ભગવાનને રાજી રાખવાનું મન છે, તમને બધાને નહિ.

૦ તમે લોકો થોડા સમજદાર થઇ જાવ તો આ કાળના થોડા આયુષ્યમાં ઘણું કરી શકો તેમ છો. સંસાર આંખ સામેથી ખસવો જોઇએ, મોક્ષ આંખ સામે આવવો જોઇએ અને ધર્મ મોક્ષ માટે જ કરાય–આ નિર્ણય કરો તો બેડો પાર.

૦ બીજાના દોષ જોવાની આવડત છે. પોતાના દોષ જોવાની તાકાત નથી. બીજાના ગુણ જોવાની દૃષ્ટિ નથી, પોતામાં ગુણ કલ્પી લેવા છે તેવા જીવો કદી ગુણ પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ.

૦ દુનિયાએ જેને સારું માન્યું તેના પર જેને રાગ નથી અને દુનિયાએ જેને ખરાબ માન્યું તેના પર જેને અભાવ નથી તે વિષય સુખથી નિવૃત્ત કહેવાય સાધુ જ તેનું નામ દુનિયા જેની પાછળ મરે તેની સામે ય ન જૂએ, દુનિયા જેનાથી ભાગાભાગ કરે તે તરફ અભાવ પણ નહિ. પાંચે ઇન્દ્રિયોના વિષયની સારી ચીજ પર આકર્ષણ નથી, ખરાબ વિષયની ચીજ પર દુર્ભાવ નથી–તેના જેવો જગતમાં સુખી કોણ ? સાધુ સૌથી સુખી કહ્યા તે આ કારણે.

૦ સાધુ તો મૂર્તિમંત ત્યાગ છે, મૂર્તિમંત ધર્મ છે.

૦ દુનિયાના માણસો દોડા દોડ કરે તે જોઇને જે સાધુ એમ કહે–"આ ઉદ્યમી છે, ભણેલો છે, કોંશિયાર છે, એટલા ઝઘડી કામ કરે છે કે વર્ણન નહિ" તો તે સાધુ માત્ર વેષમાં છે. તમારા સંસારનાં કામનું, સંસારની પ્રગતિનું સાધુથી અનુમોદન થાય ? વખાણ થાય ? કરે તો સાધુપણું રહે કે ભાગી જાય ? તમે જે કામમાં જાવ તે કામમાં સફળ થાવ તે માટે જો અમે વાસક્ષેપ નાખીએ તો અમારો ય સંસાર વધી જાય. અમે તો તમે પાગલ ન થાવ તે માટે વાસક્ષેપ નાખીએ છીએ તે પણ 'સંસારથી વહેલા પાર પામો' તેમ કહીને સાધુથી, સંસારી જીવ સંસારમાં દોડા દોડ કરે તેના માનપત્ર ન થાય, વખાણ

ન થાય, ફુલના હાર ન પહેરાવાય.

૦ તમારી દુનિયાની મહેનતને, દોડાદોડને જે વખાણે તેની પણ દુર્ગતિ થાય. આજનું બધું ભણતર પૈસા મેળવવા છે, મોજમજા કરવા માટે છે તમે કઈ જાતના ભિખારી છો તે જ સમજાતું નથી. પગાર માટે જે ધર્મનું ભણ્યા તે પણ લાયક ન નીવડયા. પૈસા કમાવવા માટે ધર્મનું ભણાવવા આવે તો તેને ભણાવાય નહિ. જે ભણાવે તેને પ્રાયશ્ચિત્ત આવે.

આજે તો મારી ઉપર આરોપ-આક્ષેપ છે કે, હું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમજતો નથી. તમે જે રીતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમજાવવા માંગો છો તે જે સમજી જાય તેનું સાધુપણું પણ ન રહે ઓઘો પણ તેના હાથમાં લાજે. મારે તેવું કરવું નથી.

૦ સાધુ સહાયક ખરા પણ શેમાં ? સંયમમાં તમારી અસંયમની કારવઇમાં સહાયક નહિ જ. સંસારની બધી પ્રવૃત્તિ અસંયમની જ છે. તેમાં સહાય સાધુની ન જ મળે. કદાચ કોઇ આપે તો શ્રાવક જ કહે કે 'અમારે જોઇએ જ નહિ'

૦ શ્રાવક-શ્રાવિકા પહેલા સાધુ-સાધ્વીના ઉપાસક બને. ઉપાસક બનેલા તે માની જેમ ચિંતા કરનારા અવસરે બાપ જેવા ય બને. જો આવી રીતના સાધુ-સાધ્વીની ખબર રાખે તો સાધુ કોઇ દિ ગબડી શકે ખરા ! જેટલા સુખી માણસો છે તે બધા જો ઝાડામાં એક વાર પણ ઉપાશ્રયે જવા માંડે તો બારઆની. સુધારો આજથી થઇ જાય,

૦ સાધુ તો માત્ર આત્મકલ્યાણનાજ સંરક્ષક હોય, એમ સમજી સાચી સાધુતાનું પૃથક્કરણ કરતાં શીખો ! આ પારે બેસીને ઉદ્‌ઘોષણા પૂર્વક કહું કે તમે **રામ વિજયના જ શિષ્ય બનવાનો કે રામ વિજયનું જ કહ્યું માનવાનો રખે નિશ્ચય કરતા ! તમે રામવિજયના ય નહિ અને બીજાના ય નહિ ! જે કોઇ સાધુ પ્રભુ શાસનમાં રહે ને પ્રભુશાસનને જ પ્રચારે તેના તમે ! ઠેર દિ' તમે આ રામવિજયને પ્રભુશાસનથી વિરુધ્ધગામી અને વિરુધ્ધ પ્રચારક શાસ્ત્ર-દૃષ્ટિએ સિધ્ધ કરી શકો, તે દિ' હું સાફ સાફ કહું છું કે-તમે રામવિજયને છોડી ચાલી જતાં શીખજો ! અને તે જ મુજબ બધે સમજવાનું.**

તમે જો આ કરી શકતા હો, ખોટા દાક્ષિણ્યને તિલાંજલિ દઇ શકતા હો, તો કોઇ સાધુ તમને ધર્મથી વિરુધ્ધ ઉપદેશ દેવાની હામ નહિ ભીડે, શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરતાં કંપારી છૂટશે. સાધુમાં સાધુપણું અને શ્રાવકમાં શ્રાવકપણું જોઇએ. જો એમ હોય તો કોઇ વાર પડતા સાધુને શ્રાવક બચાવી લે અને ડૂબતા શ્રાવકને સાધુ બચાવી લે ! પણ એને બદલે તમે તો અર્થ અને કામની ઉપાસનામાં લાગેલા જ છો અને સાધુઓ પણ એ અર્થ અને કામની ઉપાસનાને ઉત્તેજતા ઉપદેશ દે અથવા એનાં સાધન ઉભાં કરી આપે, તો એને એ ઘડીએ ભલે ઉપકારી દેખાય, પરન્તુ એ મહાઘાતક જ છે ! એથી તો ખૂન કરનારો સારો કે એક જ ભવનો નાશ કરે; પણ આ તો ભવોભવના સંહારક ! માટે સાધુ જે કાંઇ કહે તેનો વિવેક કરતાં શીખો ! સાધુ જે કાંઇ ઉપદેશે એનું પરિણામ સંવર અને નિર્જરા જ હોય, જો આશ્રવપોષક હોય તો તે સાધુ નહિ. — **નવપદ દર્શન**

સિધ્ધાંત એટલેજ સૂરિ રામ !

- પૂ.આ.શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

સૂરિરામ એટલે જ સિદ્ધાંત !

આ ધરતી તો નિરાધારા અને નિરાલંબા છે. છતાં વિશ્વ સમસ્તની આધારશિલા આ ધરતી છે. કારણ એ સતની બંધાયેલી છે એ સતને વળી સંતનો સહારો છે. આમ, સત–સંતને અરસ–પરસનો આધાર છે. આવા સંતોમાં શિરોમણિ તરીકે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજનું સ્થાનમાન જૈન જગતમાં અડોડ રહ્યું હતું. સત સાથે બંધાયેલા આ સૂરિવરના જીવનમાં સિદ્ધાંતો એવા વણાઈ ગયા હતા કે, સિદ્ધાંત અને સૂરિવર જાણે એક બીજાના પર્યાયવાચી જ બની ચૂકયા હતા.

પૂ. આચાર્યદેવશ્રીનું સમગ્ર જીવન એટલે જ જાણે એક રોમાંચક અને સુવર્ણ પૃષ્ઠાંકિત ઇતિહાસ ! એ ઇતિહાસના પ્રત્યેક પાને, પ્રત્યેક પંક્તિએ, પ્રત્યેક પદે અને પ્રત્યેક અક્ષરે વીરશાસન પ્રત્યેની વફાદારી અને એ વફાદારીમાંથી જન્મેલી વીરતાના એવા દર્શન થાય છે કે, જેના દર્શને હૈયું ઝુકી જાય.

જૈન જગત ઉપરાંત અજૈનોને પણ પૂ. આચાર્યદેવશ્રીએ એવું પ્રદાન કર્યું કે, જેના લેખાં લગાવી ન શકાય. ૯–૯ દાયકા સાથે સંબંધ ધરાવતા પૂ આચાર્યદેવશ્રીનો હજી નજીકનો જ ભૂતકાળ એટલો બધો રોમાંચક અને રસિક છે કે, જેનું સ્મરણ થતાં જ અંતરમાં અહોભાવની એક મોસમ છલકાઇ જાય. આ સ્મરણ–સૃષ્ટિ સાથે ગુજરાત અને તેમાંય અમદાવાદ વધુ પ્રમાણમાં સંકળાયેલું છે. ભદ્રકાળી માતાના મંદિરે પ્રતિવર્ષ થતી બોકડાની બલિ હિંસા એ અહિંસાપ્રિય ગુજરાતનું એક કલંક હતું. આ કલંકને ભૂંસવા પૂ આચાર્યદેવશ્રી જ્યારે 'મુનિ રામવિજયજી' તરીકે પ્રખ્યાતિ પામતા જતા હતા, ત્યારે એમણે પોતાના જાનની બાજી લગાવીને સમગ્ર ગુજરાતની જનતાને જાગૃત કરવા જે પુરુષાર્થ કરેલ, એની જ એ ફલશ્રુતિ છે કે, ૧૯૭૬ ની સાલથી બંધ થયેલી બોકડા બલિ આજેય બંધ જ છે. ચન્દ્રવિલાસ અને લક્ષ્મીવિલાસ એ વખતની પ્રખ્યાત હોટલો હતી કહેવાય છે કે, એ હોટલોમાં રોજનું ત્યારે ૧૭ મણ જેટલું દૂધ ચા વગેરેમાં વપરાતું. પણ દીક્ષા પછીના ૭ મા વર્ષે ૨૪ વર્ષની વય ધરાવતા શ્રી રામ વિજયજી મહારાજે જાહેર જનતાને ભારતીય સંસ્કૃતિના સંસ્કારને પુનઃ જાગૃત કરવા એવી જોરશોરથી જબાનમાં હાકલ કરી કે, ૧૭ માંથી ઘટીને ૧ મણ દૂધ પણ એ

હોટલોમાં માંડ માંડ અપવા માંડયું. આ સિવાય અમદાવાદ ઉપરાંત સમગ્ર ગુજરાતને 'જૈનોનું પણ એક રામાયણ છે અને એની પાત્ર સૃષ્ટિ બહુ જ ભવ્ય છે' આનો ખ્યાલ સૌ પ્રથમ અજૈનોને કરાવનારા પૂ. આચાર્યદેવશ્રી હતા અને આ ખ્યાલ તેઓશ્રીએ પ્રેમાભાઇ હોલમાં પ્રતિ રવિવારે યોજાયેલ 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' વિષયક જાહેર પ્રવચનો દ્વારા આપ્યો હતો. આ પ્રવચનોને સાંભળવા જૈન અજૈનો એટલી મોટી સંખ્યામાં ઉમટી પડતા કે, આચાર્યદેવ શ્રી પ્રેમાભાઇ હોલમાં પ્રવેશે, એ પૂર્વે જ હોલ ચિકકાર થઇ જતો. એથી આચાર્યદેવશ્રીના પદાર્પણની સાથે જ પ્રેમાભાઇ હોલના દરવાજા બંધ કરવાની ફરજ પડતી. આ પ્રવચનો એટલા બધા લોકપ્રિય સાબિત થયા કે, ગુજરાત-સમાચાર અને સંદેશ જેવા પ્રસિદ્ધ દૈનિકો દર રવિવારે પોતાના વૃત્તાંત-નિવેદકો દ્વારા પ્રવચનનો સારભૂત રીપોર્ટ તૈયાર કરાવીને સોમવારના અંકમાં એ પ્રવચનો માટે પૂરુ પેજ રોકતા અને સમગ્ર જનતા એને વાચવા તલપાપડ રહેતી.

જૈન શાસનમાં આચાર્યપદનું એક આગવું મહત્વ ગણાય છે. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના આચાર્યપદને આ સંદર્ભમાં મૂલવીએ, તો તેઓશ્રીને આચાર્યપદે શોભાવ્યા, એમ કહેવા કરતા આચાર્યપદને તેઓશ્રીએ શોભાવ્યું, એમ કહેવું વધુ વાજબી ગણાશે. જૈન-ઇતિહાસના પ્રાપ્ત ઉલ્લેખો મુજબ આચાર્યપદની અર્ધશતી પૂરી કરનારા આચાર્યો આંગળીના વેઢે ગણાય, એટલા જ પ્રાપ્ત થાય છે, આમાં આચાર્યદેવશ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ૯ મું સ્થાન-માન પામ્યા હતા, આચાર્યપદ પર્યાયના ૫૬ મા વર્ષમાં પદાર્પણ કરીને આચાર્યપદની અર્ધશતાબ્દી યાત્રાને પૂજયશ્રીએ આગળ લંબાવી હતી, એ જ રીતે સંયમ-જીવનનો પર્યાય અને જીવનપર્યાય પણ આચાર્યદેવશ્રી સૌથી વધુ ધરાવતા હતા, એથી સાચા અર્થમાં 'સંઘ સ્થવિર' તરીકેના સન્માનને તેઓશ્રી પાત્ર બન્યા હતા.

એક અણનમ-અડીખમ આચાર્યદેવ તરીકેની તેઓશ્રીને જે નિષ્ઠા-પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ, એ ખૂબ જ અદ્ભુત હતી. જીવનમાં એવા એવા સંઘર્ષો આવ્યા કે, જયારે સિદ્ધાંત શાસ્ત્ર અને સત્યની સુરક્ષા કાજે એકલા પડી જવું પડે કે સમાજ તરફથી મળતા માનપાનમાં ઓટ આવે અને 'જીહી-અતડા-અભિમાની' તરીકેની અવગણના થાય, તો ય એની ચિંતા કર્યા વિના શાસ્ત્ર સિદ્ધાંત કાજે આવતા ગમે તેવા સંઘર્ષોને તેઓશ્રીએ હસતા હસતા આવકારી લીધા, લગભગ જીવનના ઘણા બધા વર્ષો આવા સંઘર્ષનો સામનો કરવામાં વીતવતી વેળાએ તેઓશ્રી ઘણીવાર કહેતા કે, સુરક્ષાના આવા પ્રયત્નોથી સુરક્ષા થાય જ, એવું નથી ! સત્યની સુરક્ષા થાય, તો તો સારી વાત છે; કદાચ ન થાય, તોય મરતી વખતે એવા આશ્વાસન-સંતોષ પૂર્વક તો પ્રાણ મૂકી શકાશે કે,

સત્યની રક્ષા કરવા ખાતર કરવો જરૂરી પુરુષાર્થ તો થઇ જ શકયો. અને એથી ફરજ બજાવવા પૂર્વક કર્તવ્યની રક્ષા તો થઇ જ છે.

જૈન જગતમાં પૂ. આચાર્યદેવશ્રીનો જ્યારે ઉદયકાળ હતો, ત્યારે ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નેહરુ, આદિ કેટલીય વ્યક્તિઓ દ્વારા સ્વરાજ આદિની ચળવળ પૂરજોશમાં ચાલુ હતી. આ રાજકીય આગેવાનો શ્રી રામ વિજયજી મહારાજની ભલભલાના માથા ફેરવી શકનારી પ્રવચન-શક્તિથી પરિચિત હતા, એથી સ્વરાજની ચળવળમાં જોડાઇ જવા આગ્રહ પણ કરતા હતા. તેઓ જો આવી ચળવળમાં જોડાયા હોત તો કઇ ગણા વધુ માનપાત્ર પણ તેઓશ્રીને મળ્યા હોત; પણ એમની વાતોમાં ન આવતા આચાર્યદેવશ્રી એમને પોતાની સત્ય વાતો સમજાવવામાં જ સંનિષ્ઠ રહેતા, અને સ્વરાજ આદિની ચળવળ ચલાવનારાઓને પણ એઓ જે બોધપાઠ આપતા, તેઓ કાનબુટ્ટી પકડીને એ વાતો કબૂલતા.

પૂ. આચાર્યદેવશ્રીના પ્રવચનોમાં ધર્મ અને મોક્ષનો મુખ્ય સૂર રહેવા છતાં જીવન જીવવા માટે જરૂરી અનેક વાતો એવી સહેલી ભાષામાં રજુ થતી કે, જેના શ્રવણથી ભલભલાના હૈયાં હાલી ઉઠતા, વાત એકની એક હોવા છતાં, જુદા જુદા શબ્દો અને સ્વરૂપમાં રજૂ કરવા છતાં, એ વાતો નિત્ય નવી જ લાગે, એવી અદ્ભુત વકતવ્યકળા માટે પૂ. આચાયદેવશ્રી બિનહરીફ હતા. એથી જ સાચા અર્થમાં વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદને તેઓ શોભાવી શકયા હતા. તેઓના જીવનમાં ડગલે ને પગલે મહાન કાર્યોની હારમાળા રચાતી રહેતી. એવી કહેવત પણ પ્રચલિત હતી કે, રામ ત્યાં અયોધ્યા ! તેઓશ્રી જ્યાં જ્યાં જતા હતા, ત્યાં ખરેખર અયોધ્યા અવતરી જતી. જેના દ્વારા જૈન શાસનમાં જયજયકાર થઇ જવા પામ્યો હોય, એવા પ્રસંગોની ઉજવણીની સામાન્ય નોંધ કરવા જઇએ, તો ય પાનાઓના પાના ભરાઇ જાય ! જેમના જીવનમાં એક એક થી ચડીયાતા ધર્મ પ્રસંગો ઉજવાતા જ રહ્યા હોય, તેવા શાસન પ્રભાવક આચાર્યોમાં અગ્રણી તરીકે તેઓશ્રી વિશ્વમાં વિખ્યાત હતા. જીવનનું ૬૬ મું વરસ જ્યારે ચાલી રહ્યું હતું, ને વર્ષમાં તેઓની નિશ્રામાં જાણીતા હીરાના વેપારી યુવાન મુમુક્ષુ શ્રી અતુલભાઇની દીક્ષા જે રીતે ઉજવાઇ, એનાથી દેશ-પરદેશની જનતા પરિચિત જ છે. આચાર્યદેવશ્રીની નિશ્રામાં આજ સુધી ઉજવાયેલા ધર્મ પ્રસંગોમાં આ દીક્ષા પ્રસંગ અનેક રીતે શિરમોર બની જવા પામ્યો. ઇતિહાસમાં અનેક રીતે અનોખુ અનુપમ સ્થાન માન પામી જનારા પૂ. આચાર્યદેવશ્રીનું જીવન અનકવિધ વિશેષતાઓના સરવાળા સમું હતું. પ્રતિભા અને પુણ્યાઇની દૃષ્ટિએ આચાર્યદેવશ્રી અનેડ હતા. જેમનું માત્ર અસ્તિત્વ પણ જૈન સંઘના સૌભાગ્યનું પ્રતીક હતું. એવા પૂ. આચાર્યદેવ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિનાના

આંસુડા સુકાય ના —અનામી

(તર્જ : દિલદિવાના...)

આંખોના તો રે ! આંસુડા સુકાય ના...
રામચન્દ્ર સૂરિ વિણ પળ પણ રહેવાયના...
કરૂણાના દરીયાઓ એના અંતરમાં છલકાતાં...,
આશીર્વાદોમાં નાહીને શુદ્ધ જનો સૌ થાતાં....,
આજે તો સાગરદિલ ગુરુ દેખાય ના...રામચન્દ્ર સૂરિ...૧
એની મધુરીવાણી સુણવા દોડયાં સઘળાં આવે...,
ને, એ ગુરુવર સાચી વાતો પણ પ્રેમે સમજાવે,...
આજે તો એ અવાજ પણ ! સંભળાતો ના...રામચન્દ્ર સૂરિ...૨
આશા રાખી'તી બધાએ શત જિદ્ધ જીવન કાજે....,
મધ્યાહ્ને સૂરજ ડૂબ્યો ને અંધારા છે આજે...,
આ અંધકાર ઉલેચનાર કોઈ દેખાય ના...રામચન્દ્રસૂરિ...૩
મનમાં એમ હતું કે એના ગુણો સદાયે ગાશું...,
ને ગુણ ગણ ગાતાં અધવચ્ચે સૌ સ્વર્ગનગરમાં જાશું...
આજે તો પૃથ્વી પર ગુરુવર દેખાયના...રામચન્દ્ર સૂરિ...૪
શાસનની રક્ષામાં એણે જીવન પૂર્ણ કર્યું તું....
જીવનના અંતિમ સમયે અરિહન્તનું ધ્યાન ધર્યું તું...
આષાઢી ચૌદસ અને અમાસ વિસરાયના...રામચન્દ્ર સૂરિ...૫
આશિષ વરસાવો એવી કે 'હિતમાં-રતિ' ધરીયે,
'ને આ ભવસાગરથી જલદીથી અમે પાર ઉતરીએ...
તુમ આશિષ વિણ ભવજલ પાર પમાય ના...રામચન્દ્ર સૂરિ...૬
સહસ્ર વર્ષ સુધી તેઓનો યશોદેહ તો જીવશે...
જે એને સ્મરશે એના પણ પાપો સઘળા ખરશે...
'જિનશાસન'ને આ ગુરુવર વિસરાયે ના...રામચન્દ્ર સૂરિ...૭

જૈન સંઘની કલ્પના કરતા ઘડીભર આંખે તમ્મર આવી જાય અને અંતરમાં અકથ્ય વેદના ઉભરાઇ જાય એ સહજ છે. પૂજ્યશ્રીના કાળધર્મ પછી જેમ જેમ સમય સરકતો જાય છે, એમ એમ આ વાતની વધુને વધુ પ્રતીતિ થતી જાય છે. આ પ્રતીતિનો પગથારે ઉભા રહીને આપણે શાસનદેવને પ્રાર્થીએ કે, સિદ્ધાંત શબ્દ જાણે જેમના નામનો જ પર્યાયવાચી શબ્દ બન્યો હતો, એ સિદ્ધાંત રક્ષાનું બળ અમ સૌને મળતું રહે !

પરમારાધ્યપાદ, પ્રાતઃસ્મરણીય, અનન્તોપકારી, પરમગુરુદેવેશ પૂજ્યપાદ
આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજની

જીવન તવારિખ

જન્મ વિ. સંવત ૧૯૫૨ ફા. વ. ૪ દહેવાણ (અંજાર)
દીક્ષા ૧૯૬૯ પો. સુ. ૧૩ ગંધાર
વડીદીક્ષા ૧૯૬૯ ફા. સુ. ૨ વડોદરા
ગણિપદ-પંન્યાસ ૧૯૮૭ કા. વ. ૩ મુંબઇ
ઉપાધ્યાયપદ-૧૯૯૧ પો. સુ. ૧૪ રાધનપુર
આચાર્યપદ-૧૯૯૨ પો. સુ. ૬ મુંબઇ
સ્વર્ગવાસ-૨૦૪૭ આ. વ. ૧૪ અમદાવાદ
અંતિમ સંસ્કાર ૨૦૪૭ આ. વ. ૦))+ શ્રા. સુ. ૧
સાબરમતી—અમદાવાદ

સ્વ શિષ્ય સંપદા—૧૧૭
આજ્ઞાવર્તી સાધુ સંખ્યા-૩૦૦ લગભગ
આજ્ઞાવર્તી સાધ્વી સંખ્ય-૪૫૦ લગભગ
સંસારી નામ-શ્રી ત્રિભુવનકુમાર
પિતાનું નામ-શ્રી છોટાલાલ રાયચંદભાઇ
માતાનું નામ-સમરથબેન
જીવન સંસ્કરણ (ઘડતર)-પિતાના પિતાના માતુશ્રી રતનબા
દીક્ષિત નામ-પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મ. સા.
દીક્ષાદાતા-પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. સા.
ગુરુનું નામ-પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ. સા.
(પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા.)
દીક્ષાનું ઘડતર-પૂ. આ. શ્રી વિ.
(સંયમના ઘડવૈયા) — દાનસૂરીશ્વરજી મહારાજા !
દીક્ષા વય-૧૭ વર્ષ
દીક્ષા પર્યાય-૭૯ વર્ષ
આચાર્યપદ પર્યાય-૫૬ વર્ષ

સંપૂર્ણ આયુષ્ય-૯૬ વર્ષ
વ્યાખ્યાનમાં આશીર્વાદ-વચનસિદ્ધ પૂ. મહોપાધ્યાય શ્રી
વીરવિજયજી મહારાજા
છત્રછાયા-ધર્મસંરક્ષક પૂ. આ. શ્રી વિ.
(સામ્રાજ્યવર્તી) કમલસૂરીશ્વરજી મહારાજા
શાસનરક્ષામાં સહાયક—
પૂ. તપોમૂર્તિ દીક્ષા સંયમી પૂ આ. શ્રી વિ.
સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા અપર નામ શ્રી
પૂ. શ્રી બાપજી મહારાજા
ગાંભીર્યાદિ ગુણનિધિ પૂ. આ. શ્રી વિ.
મેઘસૂરીશ્વરજી મહારાજા
કવિરત્ન પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજા
આરાધ્યપાદ—
પંજાબ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ ઉત્સૂત્ર ઉન્મૂલક પૂ.
આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા
અપર નામ પૂ. શ્રી આત્મારામજી મહારાજા !

---

૦ ભયંકર પાપીઓએ પાપ ઢાંકવાના ઇરાદાથી મંદિરમાં નહિ પેસવું જોઈએ. ખોટું કામ કરી પકડાવાની ધાસ્તીએ મંદિરમાં પેસી જાય, એટલે દેવ બચાવી લે, એમ ? એને પૂછો કે-'ઠઠ્ઠિ મંદિર બહાર ઉભો રહીને પાપ કરવા માટે રોયો છે ?' માટે મોહાન્ધતા ટાળો અને મોહના પાયા ઉપર પહેલો મારો કરો !

સાધુ એનું નામ, કે જે પોતાના મોહને મારવાનો જ પ્રયત્ન કરે અને સાથે સાથે શક્ય હોય તો દુનિયાના જીવોને તેમના મોહના પાયા ઉખેડવાનો જ ઉપદેશ આપે. ગોર પરણાવી આપે અને ગુરુ છોડાવી દે ! સંસારમાં જોડી આપે એ ગોર અને સંસારથી છોડાવી દે એ ગુરુ આથી સમજો કે-ચોગ્ય આત્માઓને સંસારથી છોડાવવા એ કોઇ પણ પ્રકારનો ગુન્હો નથી, પણ ઉત્તમ કોટિની ગુરુતા છે.

—દિશા સૂચન-બીજો ભાગ

❋ શિવમાર્ગના ' સાર્થવાહ ❋

- પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

' સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ' એ સૂત્રને સમજનારા મોક્ષની પ્રાપ્તિ માટે તેની સાધના કરે છે. સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્રની આરાધનામાં પ્રમાદ, ઉપેક્ષા, અવજ્ઞ , અરુચિ એ મોક્ષમાર્ગ પ્રત્યેની પણ અરુચિ કે ઉપેક્ષા સૂચવે છે.

રણશૂરા સૈનિકો યુદ્ધમાં પ્રમાદ કરીને બેશે તો શું થાય ? શૂર સૈનિકોને તો જેમ જેમ શસ્ત્રોના ઘા વાગે તેમ તેમ તેમનું શૌર્ય ખીલી ઉઠે છે. એમ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહીને ગ્રન્થકાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે તેમ તેમ આત્માર્થી મોક્ષૈકલક્ષી સાધક પુણ્યાત્માઓને પરિષહ ઉપસર્ગ કષ્ટ વિઘ્ન આદિ આવે તેમ તેમ તેમની આરાધના સતેજ બને છે અને આરાધનામાં મગ્નતા આવે છે.

આવા ઉત્તમ મોક્ષમાર્ગની ભેટ શ્રી જિનેશ્વર દેવો જગતને આપે છે અને ચૈતન્ય યાને દૃષ્ટિમાર્ગોપદેશી સંજ્ઞાને પામેલા આત્માઓ તે માર્ગની ભેટને ઝીલીને તરી જાય છે.

આ વિષમકાલમાં આ અત્યંત હિતકારી મોક્ષમાર્ગ વર્તે છે તે મોક્ષમાર્ગની આરાધના માટેની પ્રબળ પ્રેરણા આપી એક દળ સંઘ કે સમુદાય એવો તૈયાર થયો કે તે મોક્ષમાર્ગનો સાર્થ બની ગયા આવો મોક્ષમાર્ગનો સાર્થ ઉભો કરનાર આ ૨૦ મી અને ૨૧ મી સદીના જાજવલ્યમાન ધર્મપ્રભાવક આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા છે. તેઓશ્રીએ જાતે સમ્યગ્જ્ઞાનની સ્થાપના કરી. શાસ્ત્ર વચનની ઉપેક્ષા અવજ્ઞા કે વિપરિતતા જ્યાં થાય ત્યાં સત્પક્ષની સ્થાપના કરીને સમ્યગ્જ્ઞાન રૂપ મોક્ષ અંગને જાળવ્યું અને અનેકને તે અંગમાં જોડયા.

તે રીતે સમ્યગ્દર્શનની બાબતમાં જ્યાં જ્યાં મિથ્યા માર્ગની સ્થાપના થતી ત્યાં સત્યમાર્ગને એ રીતે રજુ કર્યો કે તે મિથ્યા માર્ગના ચૂરેચૂરા થઇ ગયા. અને તેના પ્રરુપકો ક્યાં તો સન્માર્ગમાં સ્થાપિત થયા ક્યાં તો કાળાં મોઢા કરીને કયાંય પલાયન થઇ ગયા લુપ્ત ગુપ્ત થઇ ગયા.

સમ્યક્ચારિત્ર માર્ગની સ્થાપના એવી કરી કે ચારિત્રની ઉપેક્ષા અવજ્ઞા કરનારા ભલભલા ભોઠા પડી ગયા. ચારિત્ર માર્ગને પલટાવવાની પ્રવૃત્તિ કરનારા એકલવાયા બની ગયા. ચારિત્ર માર્ગની આસધનાને નામે ઢંભ કરનારા ' મનસિ અન્યદ્ વચસિ અન્યદ્ કાર્યમન્યદ્ ' એવી સ્થિતિમાં રહેલા તેઓના ઢંભ આ પૂજ્યશ્રીની ' મનસિ એકં વચસિ એકં કાર્યમેકં ' એ મક્કમ વાકયના ચરિતાર્થ દ્વારા વિલીન બની ગયા. અને

આ વિષમકાલમાં પણ સમ્યગ્ચારિત્રની સાધનાનો તેમના દ્વારા તૈયાર થયેલો સાર્થ વિશિષ્ટ સ્થાન ધરાવે છે.'

અને તેથી જ મોક્ષમાર્ગના સાર્થવાહ પદને આ મહાપુરુષે ધારણ કર્યો છે અને સાર્થક પણ બનાવ્યો છે.

અગણિત અવદાતના આદર્શ અને અગણિત આરાધના અધ્યાત્મના એક માત્ર પ્રતિક પૂજ્ય આચાર્યદેવેશશ્રી જૈન શાસનની શાન માન અને પ્રાણ અને પ્રતિષ્ઠાન હતા. તેઓશ્રી યશોગાથા એ આ યોગની એક અમર કહાની છે અને કહાનીના શ્રવણની ચાહના તે તેઓશ્રી પ્રત્યેની કુરબાની છે. એ મહાપુરુષ જૈન શાસનના આદર્શોમાં વિલીન બનીને આત્માને શિવ માર્ગમાં વિલીન બનાવ્યો. બીજાને પણ તે માર્ગે દોરીને સાચા સાર્થપતિ બન્યા. ધન્ય તેમના એ આદર્શ અનુભવ જીવનને એ જીવનની ગરિમાનો એકાદ એકાદ અંશ પણ આપણામાં આવી જાય તો આપણે પણ એમના જેવી આદર્શ આધ્યાત્મિક ગરિમાના ભાગી બની શકીએ. એવી શક્તિ સૌને પ્રાપ્ત થાવ એજ અભિલાષા.

---

૦ આપણે કદી પણ પાપ કર્યું હોય નહિ અને આપણને દુઃખ આવે એ સંભવિત જ નથી.' આ વાત તમારે હૈયે જચેલી છે ? તમને જ્યારે જ્યારે કોઇપણ પ્રકારનું નાનું કે મોટું દુઃખ આવે; ઇષ્ટનો વિયોગ થઇ જાય કે, અનિષ્ટનો સંયોગ થઇ જાય; અથવા તો તમે ધાર્યું હોય કાંઇ અને પરિણામ આવે કાંઇ, એવું પણ જ્યારે બને, ત્યારે ત્યારે તમે, એમાં બીજા કોઇને પણ દોષ દેવાને બદલે, તમારા પોતાના જ પાપને યાદ કરી લેશો ખરા ? આ રીતિએ પોતાના પાપને યાદ કરવામાં તો, બહુ મોટો ગુણ રહેલો છે. કોઇના ય ઉપર દુર્ભાવ આવે નહિ, એટલે મન ઘણા પાપ વિચારોથી બચી જાય, કોઇનું ય ખરાબ બોલવાનું કે ખરાબ કરવાનું મન થાય નહિ અને જે ઘણાઓની સાથે વૈર બંધાવાનો સંભવ છે તે પણ ટળી જાય. 'મારા પાપનું જ આ પરિણામ છે.' એમ થાય, એટલે સહેજે પાપથી બચવાનું મન થાય અને આવી પડેલી આપત્તિને ધીરજથી સમભાવે સહી લેવાનો વિચાર આવે. એમે ય થાય કે 'કર્મના ગયા વિના આ આપત્તિ જવાની નથી અને કર્મના ગયા બાદ આ આપત્તિ ટકી શકવાની નથી.' આ ઉપરાંત સૌથી મોટો લાભ તો કદાચ એ પણ થાય કે 'મને હેરાન કરનાર જો કોઇપણ હોય તો તે મારો કર્મસંબંધ જ છે માટે મારે હવે એવું કરવું જોઇએ કે જેથી કર્મનો મારી સાથેનો સંબંધ સર્વથા છુટી જાય.' આવું મનમાં ઉઠે અને એમાં જો ઉલ્લાસ વધી જાય તેમ જ સામર્થ્યાદિનો યોગ મલી ગયો હોય, તો યોગની પહેલી ભૂમિકાએ પહોંચી જવાનું પણ બની જાય.

—રામાયણમાં સંસ્કૃતનો આદર્શ—ચોથો ભાગ.

પ્રતિકૃતિ દ્વારા પ્રગટ થતાં પૂજ્યપાદશ્રીજી.

જિનશાસનના જાજ્વલ્યમાન ઇતિહાસમાં, જ મહાપુરૂષોના જીવન પ્રસંગો અમર બની ગયા છે, તેવા મહાપુરૂષોની પંક્તિમાં સ્થાન પામેલા, અને વિક્રમની વીસમી–એકવીસમી સદીના જૈન શાસનના ઇતિહાસમાં અગ્રભાગે બિરાજમાન પરમ ગુરુદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરલ વ્યક્તિત્વના ધારક હતા. વિ. સં. ૧૯૬૯ ના પોષ સુદ ૧૩ થી વિ. સં. ૨૦૪૭ ના અષાઢ વદ ૧૪ સુધી લંબાયેલી તેઓશ્રીની સુદીર્ઘ સંયમ યાત્રા દરમ્યાન તેઓશ્રીના ચૂંબકીય વિરલ વ્યક્તિત્વે સમગ્ર જૈન સંઘને આકર્ષિત કર્યો હતો. જનજાતિના એ સામસામા છેડે રહેલા વિરોધાભાસી જનસમુહોને આકર્ષિત કરવામાં પણ તેઓશ્રીનું વ્યક્તિત્વ વિજયી બન્યું હતું. બુદ્ધિશાળી બેરીસ્ટરોથી માંડીને ગામડાના અભણ ખેડૂતો સુધીના માણસોને તેઓશ્રી પ્રત્યે અદમ્ય આકર્ષણ પેદા થતું હતું. બન્નેના હૃદયોમાં એક સરખી રીતે તેઓશ્રીની છબી 'ગુરૂદેવ' તરીકે અંકિત બની ગઇ હતી. આઠ વર્ષના બાળકથી માંડીને એંસી વર્ષના વૃદ્ધો તેઓશ્રીની પ્રવચનવાણી રસપૂર્વક સાંભળતા.

તેઓશ્રીના સાનિધ્યમાં વિદ્વાનોની વિદ્વત્તા ખીલી ઉઠતી, તાર્કિકોની તર્કપિપાસા તૃપ્ત બનતી, શ્રદ્ધાળુઓની ધર્મશ્રદ્ધા પુષ્ટ બનતી, તપસ્વીઓને તપશ્ચર્યાનો ઉલ્લાસ જાગતો, જ્ઞાનપ્રેમીઓની જ્ઞાન ભૂખ ઉઘડી જતી, જૈનોને જૈનત્વની ખુમારી પ્રગટતી અને જૈનેતરોને જૈન શાસનની મહાનતાનો ખ્યાલ આવતો. તેઓશ્રીના સમગ્ર સંયમ જીવન દરમ્યાન તેઓશ્રીને ગાંધીવાદથી શરૂ કરીને પર્યાવરણવાદ સુધીના વાદીઓ ભેટયા હતા. પરંતુ તેઓશ્રીએ સર્વજ્ઞ શાસ્ત્રવાદ સિવાય કોઇ વાદને મચક આપી ન હતી. શાસ્ત્રવાદ દ્વારા જ દરેક વાદોને તેઓશ્રીએ મક્કમતાપૂર્વક પરાસ્ત કર્યા હતા. એક સર્વજ્ઞશાસ્ત્રવાદ સિવાયના કોઈ વાદના નાદે ન ચઢવાની સોનેરી સલાહ તેઓશ્રીએ અનેકવાર એકથી વધુ સ્થળોએ લોકોને આપી હતી.

આ મહાપુરૂષની અચાનક વિદાય થયા બાદ અનેક સ્થળોએ તેઓશ્રીના ગુણાનુવાદ કરી જિહ્વા પાવન કરવાનો મોકો મળ્યો હતો. એક જગ્યાએ મેં તેઓશ્રીની અલગ–અલગ અદાઓની પ્રતિકૃતિ અંગે વિચારધારા રજુ કરતા કહ્યું હતું:

અક્ષર કરતાં આકૃતિ–પ્રતિકૃતિની અસર એક હજાર ગણી તીવ્ર હોય છે. શબ્દ કરતા

દૃશ્ય વધુ અસરકારક બને છે એ વાત કાર્ટુનિસ્ટોએ બહુ સારી રીતે લોકોને સમજાવી છે. આ હિસાબે આપણે જો પૂજ્યપાદશ્રીજીનો શબ્દ વિના જ કોઈને પરિચય આપવો હોય તો કઈ આકૃતિ-અદા પૂજ્યશ્રીના વ્યક્તિત્વને તુરત જ ઉપસાવી શકે ? બેશક, તેઓશ્રીની દરેક અદાઓને પોત પોતાની એક અલગ ગરિમા છે જ. પરંતુ તેમની આગવી ઓળખાણ આપનારી અદા કઈ ?

કહે છે કે કેટલીય અદાઓ માણસના અસલ વ્યક્તિત્વને એકદમ ઉપસાવનારી હોય છે. બાજીરાવ અને નિઝામને વારે વારે છમકલા થયા જ કરતા હતા. તેમની તકરારને અમર બનાવવા માટે એક જોડકણું ચાલતું હતું. 'એક નિઝામ સો હજામ, એક બાજી સો પાજી.' નિઝામને એકવાર બાજીરાવને જોવાનું મન થયું. એક ચિત્રકારને તેનું આબેહૂબ ચિત્ર બનાવવાનું કામ સોપ્યું. ચિત્રકાર પણ બાજીરાવના નગરમાં જઈ કામે લાગી ગયો. છ મહિના સુધી એનો પીછો કર્યો. પણ બાજીરાવની અસલ ઓળખાણ આપતી કોઈ અદા તેના જોવામાં ન આવી. અને...એક દિવસ સાંજના સમયે તેને જોઈએ તેવું દૃશ્ય જોવા મળી ગયું. દિવસ-રાતના ઉજાગરા કરીને તેણે કુલ્લ ચિત્ર તૈયાર કર્યું. નિઝામ સરકારની સેવામાં પેશ કર્યું. નિઝામ સરકારે ચિત્ર જોયું: પાકથી લહેરાતા ખેતરની વચ્ચમાંથી જાતવાન ઘોડા ઉપર બેઠેલો સશક્ત માણસ ઘોડાની લગામ છૂટી મૂકીને પસાર થઈ રહ્યો હતો. પગના અંગૂઠાના ટેકે ખભાને અડીને મજબુત ભાલો કોઈપણ જાતના બીજા આધાર વિના સ્થિર રહ્યો હતો; સાંજના સૂર્યના રક્ત કિરણો તેના મુખ ઉપર અનેરી આભા ઉભી કરી રહ્યા હતા. બે હાથ વડે હથેળીમાં તે કંઈક મસળી રહ્યો હતો. નિઝામે પૂછયું: 'બીજુ બધુ તો બરાબર ચિત્રકાર, પણ આ હથેળીમાં શું મસળી રહ્યો છે ?' ચિત્રકારે કહ્યું: 'જનાબ, એ જ તો બાજીરાવની અસલ ઓળખ છે ? છ મહિના ફિલ્ડીંગ ભર્યા પછી આ દૃશ્ય જોવા મળ્યું છે. તેઓ હથેળીમાં ડાંગર મસળી રહ્યા છે. ઘણું ખરૂં સાંજનું ભોજન તેઓ આ રીતે ઘોડા ઉપર ચોખા ફાકી જ પતાવી દે છે. માફ કરજો, પણ આ માણસ દુશ્મન કરતાં દોસ્ત બનાવવા જેવો વધુ છે. આ મરજીવાને ભોજનની કોઈ જ પડી નથી. એ તમારી સામે કેવી ટક્કર ઝીલી શકશે તે આ ચિત્ર જોવાથી સમજાય જશે.'

પૂજ્યપાદશ્રીજીની અસલ ઓળખ આપતી અદા મારી નજરે દાંડાના ટેકે ઉભા રહેલા પૂજ્યપાદશ્રીજીની પ્રતિકૃતિ છે ! જો કે આજકાલ બે હાથે આશીર્વાદ વરસાવતી પૂજ્યશ્રીની મુદ્રા લોકોને વધુ ગમે છે. લોકોને લાગે છે : પૂજ્યશ્રી કેવું વાત્સલ્ય વરસાવી રહયાં છે ? વાત્સલ્યમૂર્તિ પૂજ્યશ્રી દરેકને ગમે છે. પણ મારી વાત્સલ્ય અંગેની માન્યતા જરા આગળ વધે છે અને કદાચ તમને વિચિત્ર પણ લાગશે : પ્રસન્ન નજરે તમારી

સામે જોતા કે બે હાથ તમારા મસ્તકે મૂકીને આશીર્વાદ આપતા કે જમણો હાથ ઊંચો કરીને ધર્મલાભ આપતાં પૂજ્યશ્રી આખી દુનિયાને વાત્સલ્યમૂર્તિ લાગે છે. પણ જ્યારે તમે શાસ્ત્રમાર્ગથી જાણતા કે અજાણતા દૂર જતાં હો, શાસ્ત્રની પકકડ રાખવામાં ડર-પોક બનતા હો, શુદ્ધમાર્ગ મૂકી દેવાની કે ન અપાવવાની વાતો કરતા હો, ત્યારે અંદરથી કરુણાળીના હૃદયે બહારથી કઠોર મુખમુદ્રા દ્વારા કડક શબ્દોમાં તેઓશ્રી હિત-શિક્ષા આપતા હોય એ જ ખરો પૂજ્યશ્રીજીના વાત્સલ્યનો બોધ વહેવાનો સમય છે. બહારનું વાત્સલ્ય તો બધે પાણીના મૂલે મળશે પણ અવસરે આવું વાત્સલ્ય મળવું એ મહાન ભાગ્યોદયની નિશાની છે. આ વાત્સલ્યના વરસાદમાં જો તમારું મન બાગ-બાગ થઈ ઉઠે તો સમજવું કે આજે પારમાર્થિક વાત્સલ્યનો સ્પર્શ પામ્યા છો. પરંતુ આ અવસરને અવકૃપા સમજનારાનો નંબર દુનિયાના પ્રથમ પંક્તિના મૂર્ખોમાં ગણી શકાય.

પૂજ્યશ્રીનો ઉભો પોજ તેઓશ્રીની ઘણી ખરી ઓળખાણ આપી જાય છે. નિશ્ચલ મુખમુદ્રા તેઓશ્રીની મજબુત મકકમતા સત્યસ્થિરતાની છડી પુકારે છે. નયનોમાંથી પ્રગટ થતી વેધકત કુતર્કોની ગમે તેવી ભેદી જાળને છિન્ન ભિન્ન કરી નાંખવાની તાકાતને પ્રગટ કરે છે. શાસન વિરોધીને ડારવા માટે તેઓશ્રીની એક વેધક નજર જ કાફી છે. બે પગ ઉપર ટટ્ટાર ઉભી રહેલી તેઓશ્રીની વૃદ્ધ કાયા, કોઈની પણ પરવા કર્યા વિના પોતાના પગ ઉપર જ ઉભા રહેવાની ખુમારી અને બે ફિકરીને સૂચવતી છટા છે. કોઈની મદદની અપેક્ષા રાખ્યા વિના સત્યરક્ષા માટે ઝઝુમતા રહેવાની દૃઢ મનોવૃત્તિ પણ એમાંથી જ છતી થાય છે. કદાચ ટેકો લેવાની જરૂર ઉભી થાય જ, તો પણ સંયમ કે સંયમના ઉપકરણો સિવાય કોઈની મદદ લેવા લાચાર બનવું નહિ. આવા તેઓશ્રીનાં દૃઢ નિર્ધારનું પ્રતિક આ ઢાંઢાનો ટેકો છે. તાજેતરના છેલ્લા કેટલાક વર્ષોમાં તેઓશ્રીના આ દૃઢ નિર્ધારની ઝાંખી દરેકને જોવા મળી હતી. આ અદા તેઓશ્રીના વ્યકિતત્વના એક મુખ્ય અંગને વગભગ પૂર્ણતયા પ્રગટ કરવા માટે પર્યાપ્ત છે.

તો બીજી તેઓશ્રીની અદા છે : પ્રતના પાના સહિત પ્રવચનપીઠ ઉપર તર્જની આંગળી ઊંચી કરેલી તેઓશ્રીની પ્રવચન મુદ્રા ! શાસ્ત્રના પાના સિવાય કોઈની પણ સાથે વાત ન કરવાની તેઓશ્રીની અડગ શાસ્ત્રનિષ્ઠાને દર્શાવતી આ લાજવાબ પ્રવચન મુદ્રા છે. ઊંચી કરેલી તર્જની આંગળી તેઓશ્રીના મકકમ ધ્યેયની દ્યોતક છટા છે. ૫૦ વર્ષના સમય ગાળામાં ૫૦૦ વખત ધ્યેય બદલવાની ફેસનવાળા આ જમાનામાં તેઓશ્રી તર્જની ઊંચી કરીને એકમાત્ર મોક્ષના ધ્યયને જ અચલ બનાવવાની હાકલ આકર્ષક રીતે કરી રહ્યા હતા. આવી તો કેટકેટલી સુંદર વાતો કરવાની—મમરાવવાની તક મળી હતી. અહીં કેટલી લખું ?

આપણા ઇતિહાસના સુવર્ણ પૃષ્ઠો ઉપર એવા કેટલાય સમર્થ શાસ્ત્રકારોની નોંધ લેવામાં આવી છે કે જેઓના શાસ્ત્રો કયારેય જુના બન્યા નથી. અને બનવાના પણ નથી. સદાકાળ માટે તાજા ખિલેલા પુષ્પ જેવી સુવાસ ફેલાવતા રહેવાની સહજ શકિત તે શાસ્ત્રોને વરી છે. આ મહાપુરૂષની વાણી પણ કોઇ કાળે વાસી બનવાની નથી. એ અમર થવા સર્જાયેલી છે. ખરી વાત એ છે કે ઉરમાંથી આગમોના દોહન પછી નિકળતી વાણી અમરતા લઇને જ જન્મે છે. સંસ્કૃત સાહિત્ય સદા માટે સદાબહાર રહે તે સહજ બાબત છે. પરંતુ ગુર્જરભાષામાં અમરકૃતિઓ પ્રગટ થવી એ એક મોટી સિદ્ધિ છે. તેમાંય પદ્યોમાં કૃતિઓ અમર બની જાય તો એટલું આશ્ચર્ય પેદા થતું નથી. જયાર ગદ્ય સાહિત્ય અમર બનવાની શકિત ધરાવતું જોવા મળે ત્યારે જરૂર મસ્તક ડોલી ઉઠે. આ મહાપુરૂષે ગુર્જરભાષામાં એક એવા ગદ્ય-સાહિત્યની જૈનશાસનને ભેટ આપી છે કે એ જયારે જયારે વંચાશે ત્યારે ત્યારે વાચકનું દિલ-દિમાગ મસ્તીથી ઝુમી ઉઠશે: વાંચતા વાંચતા એક અલૌકિક જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત થયાનો તે આનંદ અનુભવી શકશે.

અંતમાં તેઓશ્રીની ચિરવિદાયથી અનેક શિષ્યોએ પોતાના પ્યાર ગુરુદેવ ગુમાવ્યા છે, અનેક મોક્ષમાર્ગના રાહી લોકોએ પોતાના સમર્થ રાહબરને ગુમાવ્યા છે. અનેક ભકતોના હૃદયસિંહાસનો માલિક વિહોણા બની ગયા છે. કેટલાય આરાધકોએ પોતાના મહાન આલોચનાચાર્ય ગુમાવ્યા છે. આવી અનેક મોટી સંખ્યામાં આત્માઓને લાંબો સમય સાલતી રહેશે....રહેશે...રહેશે...

ચાતુર્માસ યાદી (પદ્યમાં)

સંયમના અગણ્યાએંશી વર્ષમાં, ચોમાસા બત્રીસ સ્થાને;
રાજનગર સોળ, મુંબાઇ પંદર. પાંચ સિદ્ધગિરિને ખંભાતે. ૧
જામનગર, પાટણ, સુરતમાંહી, ત્રણ ત્રણ વાર ગુરૂ રહીયા;
કલકત્તા, રાજકોટ, શિનોર, પુના, બબ્બે ચાતુર્માસ કરીયા. ૨
એકવીસ ચોમાસા વિધવિધ સ્થાને, પાડીવ, ડીસા, ડભોઇ;
વડવા, વઢવાણ, કરાડ, કોઢડાપુર, કાનપુર, સાદડી, દીલ્હી. ૩
માંગરોળ, મહેસાણા, માંડવી, મહીદપુર, પિંડવાડા, પાવાપુરી;
રાધનપુર, ભાવનગર, જુનાગઢ, રાજગ્રહીને હુબલી;
વિચરી વસુધા પાવન કીધી,
ધર્મ પ્રભાવના રૂડી કીધી. ૪

સંકલન : મહેન્દ્રભાઇ રસીકલાલ શાહ અમદાવાદ

—: અનુક્રમણિકા :—

લેખ	લેખક	પેજ નં.
પ્રભુપ્રણિત માર્ગની વફાદારી કેળવો	—પૂ.આ.શ્રીવિ. રામચન્દ્રસૂ મ.	૧
પાંચમા વર્ષના મંગલ પ્રારંભે		૧૦
વિશેષાંક પ્રારંભે		૧૨
આભાર દર્શન		૧૪
સાધુસાધ્વી સવાલો ?	—પૂ.આ.શ્રીવિ. રામચંદ્રસૂ મ.	૧૭
ગુરૂકુલ વાસની સફળતા કયારે	,,	૨૦
પાંચમા વરસના પ્રથમ અંકે	—શ્રી વિરાગરૂચિ	૩૩
વાત્સલ્યમૂર્તિ—યુગપુરૂષ	—શ્રી મગનલાલ ચત્રભુજ મહેતા	૩૪
સકલ સંઘના જવાહીર	—શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા	૩૭
પરિનિર્વાણ	—શ્રી અશ્વિન ભટ્ટ	૩૯
ગુરૂવંદન (કાવ્ય)	—શ્રી ધનજી સુખલાલ બારભાયા	૪૬
સમાધિ સર્જકનું જીવન દર્શન	—શ્રી ગુણદર્શી	૪૭
સંસાર છોડવા જેવો...	—શ્રી વિરાગ	૪૯
ધ્રુવનો સિતારો [કાવ્ય]	—પૂ. મુ. શ્રી મોક્ષારતિ વિ.મ.	૫૯
આ સદીના મહાન જૈનાચાર્ય	—શ્રી અમૃતલાલ દોશી	૬૧
એ અપૂર્વ જ્યોતિ	—મંજુલાબેન રમણલાલ	૬૩
પ્રભુભક્તિમાં તન્મયતા	—પૂ.સા. શ્રી અરૂણશ્રીજી મ.	૬૪
સમાધિદાતા જનકસમા પૂ. ગુરૂદેવ શ્રી	—શ્રી જયાબેન કલ્યાણજીભાઇ	૬૫
પૂર્વપુણ્યથી પૂરા	—પૂ.સા. શ્રી હેમપ્રભાશ્રીજી	૬૬
ગુણીયલ ગુરૂના ગુણ હું શું ગાવું	—પૂ.આ.શ્રી અનંતહર્ષિતાશ્રીજી	૬૭
મોક્ષ માર્ગના દાતા	—પૂ મુ. શ્રી દેવચન્દ્ર વિ.	૬૯
તે રામચન્દ્ર ચરણે....	—શ્રી ગુણદર્શી	૭૦
ગુરૂ ગુણગીત	—પૂ.સા. શ્રી અનંતગુણાશ્રીજી	૭૮
આજની અવળવાણી	—શ્રી અવગુણદ્વેષી	૭૯
લેખશ્રેણી—લેખાંક—૧	—પૂ.આ. શ્રી વિ. જિનેન્દ્રસૂ. મ.	૮૧
વિરલ વ્યકિત	—સંઘવી ચોપટલાલ વિરપાળ	૮૪
જિન શાસનનું ઝલકતું જવાહિર	—પૂ.સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી	૮૫
સૂરિરામની અમર કહાની	—પૂ.પં. કિર્તીસેન વિ. મ.	૮૭
તસ્મૈશ્રી ગુરવે નમઃ	—શ્રી પ્રજ્ઞાંગ	૮૯

જન્મ દિક્ષા કુંડલીઓ	–	૯૪
કરૂણા નિધિની કરૂણા	—શ્રી પ્રવિણચંદ ગંભીરદાસ શેઠ	૯૭
દિર્ઘદર્શિત્વ	—પૂ.મુ. શ્રી પુણ્યકિર્તિ વિ.મ.	૯૯
બાળકમાંથી મહાન	— પૂ.મુ. શ્રી નયભદ્ર વિ. મ.	૧૦૦
નામથી ન્યારા બાળને પ્યારા	—પં. રાજુભાઇ સંઘવી	૧૦૧
જૈન શાસનના અજોડ સિતારા	—શ્રી રમેશ લાલજી ગાલા	૧૦૩
આગમચેતીના શબ્દો	—શ્રી મનગલાલ મહેતા	૧૦૫
પ્રસંગ ત્રિવેણી	—પૂ.આ શ્રી વિ. રાજશેખરસૂ. મ.	૧૦૬
લોકોત્તર શાસનના...	—પૂ.આ. શ્રી વિ. પ્રભાકર સૂ.મ.	૧૦૯
ઉપકારી કલ્યાણુની દીવાદાંડી	—પૂ.આ. શ્રી વિ. જિનચંદ્રસૂ. મ.	૧૧૩
તીર્થની આશાતનાથી દૂર	—પૂ.મુ. શ્રી તપોધન વિ.મ.	૧૧૫
વિરાટ વ્યકિતત્વનું આંતરદર્શન	—પૂ.મુ. શ્રી રત્નસેન વિ.મ.	૧૧૭
રામનામ રટો...	—પૂ.આ. શ્રી વિ. વારિષેણસૂ.મ.	૧૨૧
શાસન પ્રભાવક જ્યોતિર્ધર	—પૂ.આ. શ્રી વિ. જયંતશેખરસૂ.મ.	૧૨૩
વિનંતિનો વિરોધ નહિ	—ધનજી સુખલાલ	૧૨૫
અમીભર્યું વાત્સલ્ય	—પૂ.મુ. શ્રી દિવ્યાનંદ વિ.મ.	૧૨૬
પૂજ્ય શ્રી કહેતા હતા કે–	—શ્રી ગુણદર્શી	૧૨૭
સિદ્ધાંત એટલે જ સૂરિરામ	—પૂ.આ. શ્રી વિ. પૂર્ણચન્દ્રસૂ.મ.	૧૬૧
આસુંડા સુકાય ના (કાવ્ય)	—અનામી	૧૬૪
જીવન તવારિખ	,,	૧૬૬
શિવમાર્ગના સાર્થવાહ	—પૂ.આ. શ્રી વિ. જિનેન્દ્રસૂ.મ.	૧૬૭
વિચાર વસંત	—પૂ.મુ. શ્રી જયદર્શન વિ.મ.	૨૦૬

જાહેર ખબરની અનુક્રમણીકા

ટાઇટલ ૨ જુ બાઉન્સગ્રીન સંત્સગ મંડળ–

૩ જુ ,, લંડન

૪ થું શ્રી દેપાર દેવશી હરણિયા

આર્ટપેપર

નામ	પેજ નં.
શાહ પ્રકાશભાઇ વાડીલાલ–ધોરાજી	૨૫
,, મનુભાઇ નગીનદાસ અમદાવાદ	૨૫
,, માણેકલાલ અમથાલાલ કલોલ	૨૫
મેઘજી વિરજી દોઢીયા નાઇરોબી	૨૬
જિનેન્દ્ર જવેલર્સ રાજકોટ	૨૭
જયંતીલાલ ફોજ્જલાલ ભાભર	૨૮
કુમાર એજન્સીઝ મુંબઇ	૨૯
મણુલાલ છગનલાલ ,,	૩૦
ભાદર ઇન્ડ. કોપો. ,,	૩૧
કલ્યાણુભાઇ મણીભાઇ રાવ અમદાવાદ	૩૨

શાસન કોહીનુર

પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને હાર્દિક શ્રદ્ધાંજલી

શાસ્ત્રીય સત્યોનો છડેચોક અપલાપ થઈ રહ્યો હોય, ત્રિકાલાબાધિત સિદ્ધાંતોનું ખૂન થઈ રહ્યું હોય, તેવા ય અવસરે માન-અપમાનની ચિંતા કર્યા વિના, પાસેના ય ખસી જશે તેની પરવા કર્યા વિના, માર્ગસ્થ સુવિશુદ્ધ દેશનાનો ઘોઘ વહેવરાવી, સઘળાય 'કચરા'ને દૂર કરી, આત્માર્થીઓને સન્માર્ગમાં જ સ્થિર કરનારા શ્રી આચાર્ય ભગવાનને નમસ્કાર થાઓ.

Bounds Green Satsang Mandal
LONDON

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ
લંડન

અનેક ઉપકારોની સ્મૃતિમાં પૂજયશ્રી ને મંડળના સર્વ ભાઈ-બહેનોની
કોટિ કોટિ વંદના

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.

શ્રદ્ધાંજલી વિશેષાંક

નમો નમઃ શ્રી ગુરુરામચંદ્રસૂરયે

"તમને બધાને આ સંસારનું સુખ ભૂંડું લાગ્યું છે ? દુઃખ તમારાથી નથી ભોગવાતું પણ ભોગવવા જેવું છે તેમ મનમાં થાય છે ખરું ? આ સંસાર અસાર લાગ્યો છે ખરો ? આ સંસાર અસાર છે તેમ ન લાગે તો આ મનુષ્યભવ દુર્લભ લાગે ખરો ? તમે બધા મજામાં છો તે ધર્મસામગ્રી સંપન્ન મનુષ્યભવ મળ્યો છે માટે કે સુખની સામગ્રી ઘણી મળી છે માટે ? શાસ્ત્રે કહ્યું છે કે - આ સંસાર અસાર સમજાય નહિ, મનુષ્યપણું દુર્લભ લાગે નહિ ત્યાં સુધી મનુષ્યપણામાં શું દુર્લભ છે તે સમજાય નહિ. આ જન્મ વિના બીજો કોઇ જન્મ મોક્ષનું સાધન બની શકતો નથી માટે આ જન્મ દુર્લભ છે. દેવજન્મ પણ મોક્ષનું સીધું સાધન ન બની શકે, તેને પણ મોક્ષમાં જવા મનુષ્યમાં આવવું પડે. તો તમને બધાને આ મનુષ્ય જન્મ મળ્યો તેનો આનંદ છે ને ?"

જૈન શાસનના જ્યોતિર્ધર, પરમ શાસનપ્રભાવક, સિદ્ધાંતરક્ષક, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલગચ્છાધિપતિ, **સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** આપણને આવું ઘણું ઘણું સમજાવતા હતા. અમારા પરિવાર ઉપર સાહેબજીનો ઘણો ઘણો ઉપકાર છે તે કૃતજ્ઞભાવે યાદ કરીને તેઓશ્રીને **ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ.**

લી. શ્રી દેપાર દેવશી હરણિયા પરિવાર

(કાનાલુંસ - જામનગર)

દઃ ધનજીભાઇ દેપારભાઇ હરણિયા	ધીરજલાલ વેલજીભાઇ હરણિયા
વેલજીભાઇ દેપારભાઇ હરણિયા	શોભનાબેન ધીરજલાલ હરણિયા
કસ્તુરબેન વેલજીભાઇ હરણિયા	કુશલકુમાર જયેન્દ્રભાઇ હરણિયા
જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણિયા	જૈની ધીરજલાલ હરણિયા
રેખાબેન જયેન્દ્રભાઇ હરણિયા	રાજુલા ધીરજલાલ હરણિયા

ની કોટિ કોટિ વંદનાવલિ.

૧૭-બી, દિગ્વિજય પ્લોટ, જામનગર - ૩૬૧ ૦૦૫. ફોન : ૭૯૪૯૫ - ૭૧૧૩૪

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ - જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

5598

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસમાઈ- મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

પરમ પૂજ્ય જૈન શાસન કોહીનૂર
તપાગચ્છાધિપતિ
આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

બીજો

શ્રદ્ધાંજલિ વિશેષાંક

શ્રી જૈન શાસન કાર્યાલય,
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ - દિગ્વિજય પ્લોટ,
જામનગર.
(સૌરાષ્ટ્ર) India, Pin - 361 005.

વર્ષ - ૫

અંક
૪-૫-૬-૭

5677

પ.પૂ.શાસન ધુરંધર પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ને

ભાવભરી શ્રદ્ધાંજલિ

■ પોતાનું બગાડે તેનું પણ બગાડવાની ઇચ્છા જેને ન હોય તેનું નામ ધર્મી !

■ જેનું મન ચોક્ખું તે નિર્મળ માણસ જેનું મન મેલું તે ખરાબ માણસ !

■ જેને દુઃખીને જોઇને દુઃખ ન થાય, તેનું દુઃખ દૂર કરવાનું મન ન થાય તે બધા 'નિર્દય' છે.

પ.પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

★ જેઓશ્રીની પુનીત નિશ્રામાં ★ દહેવણનગર ખંભાતમાં અમારૂં તીર્થ તુલ્ય **શ્રી મહાવીર સ્વામી જિનાલય** નિર્માણ પામ્યું ★ તેઓશ્રીની નિશ્રામાં સૌ પહેલા અલીંગમાં અમારા **શ્રી મુનિસુવ્રત સ્વામી જિનમંદિરે** (સં.૨૦૧૮) શાંતિસ્નાત્ર થયું ★ સં. ૨૦૨૪ ઉપધાન કરાવ્યા ★ **દહેવણનગર ચોવીશી જિન**ની ભવ્ય **અંજન શલાકા** પ્રતિષ્ઠા સં.૨૦૩૫ ★ **શ્રી વિહરમાન વીશ જિન પ્રતિષ્ઠા** સં.૨૦૪૧ ★ ઉપકારી ગુરૂદેવના ચરણમાં કોટિ કોટિ વંદન.

❋ ગભુભાઇ ન્યાલચંદ દહેવણવાળા પરિવાર ❋

શ્રીમતી હરકોરબેન ગભુભાઈ દહેવણવાળા

શ્રી ચીમનલાલ ગભુભાઈ
શ્રી બાબુભાઈ ગભુભાઈ
શ્રી કીર્તિકુમાર ચીમનલાલ
શ્રી ચિરાગ કીર્તિકુમાર

શ્રીમતી ચંદ્રકાંતાબેન ચીમનલાલ
શ્રીમતી સરોજબેન બાબુભાઈ
શ્રીમતી રૂપાબેન સુધીરકુમાર કાપડીયા

દહેવણનગર, સ્ટેશન રોડ - ખંભાત ફોન : ૨૭૦૦

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાભાર્થ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રકટ

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

ટ્રસ્ટીઓ:
પ્રેમચંદ મેઘજી ગુડકા (કંડલા)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
હીરાચંદ કેવળ (પાલડીયા)
સુરેશચંદ્ર (પાલડીયા)
ચાલાચંદ પદમશી ગુડકા (ચાલગઢ)

વર્ષ ૫] ૨૦૪૮ ભાદરવા વદ ૩ મંગળવાર તા. ૧૫-૯-૯૨ [અંક ૪-૫-૬ ૭

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

સદ્‌વિચાર ફેલાવો!

—સ્વ. પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા!

શ્રી વીતરાગદેવનો સાચો સા ધર્મ કયો કહે? જે ધર્મ હોય તે ન હોય તે! પાંચે પ્રકારના અધર્મનો મન-વચન-કાયાથી કરવા-કરાવવા-કરતાને સારા માનવા રૂપે ત્યાગ કરે તેનું નામ ધર્મ! તે પાંચ મહા અધર્મ કયા છે? હિંસા, જૂઠ, ચોરી, વિષય સેવન અને પરિગ્રહ. આ પાંચે ય અધર્મ છે તેમાં મોક્ષનું પ્રતિપાદન કરનારા સઘળા ય દર્શનો એક છે. જો કે મિથ્યાત્વ ઉદયવાળા જીવો આને અધર્મ કહેવા છતાં પૂરેપૂરે અધર્મ સમજી શકતા નથી. અને અહિંસા-સત્ય-અચૌર્ય બ્રહ્મચર્ય અને પરિગ્રહને ધર્મ માનવા છતાં વાસ્તવિક ધર્મ માની શકતા નથી. મોક્ષને માનવા છતાં ય સ્વરૂપનાં તો ફેર છે. મારે હાલ એ જ વાત સમજાવવી છે કે પાંચ મહા અધર્મને, અધર્મ માને છે. તમારા હૈયામાં આ પાંચ મહા અધર્મ છે તે વાત બરાબર બેસી છે ને? જેને આ વાત બેસી જાય તેને જ ધર્મ કરવાનું-સમજવાનું મન થાય. આ પાંચે અધર્મના ત્યાગ વિના ધર્મ આવે?

તમે બધા અહીં ધર્મ જાણવા આવો છો, કેમ કે આ સંસાર તમને ફાવતો નથી. તમને સાંભળતા સાંભળતા સમજાઈ ગયું છે કે, મારું સ્થાન સંસાર નહિ, મોક્ષ જ છે. આ સંસારથી બચવું હોય અને મોક્ષે જવું હોય તો ધર્મ વિના સાધન નથી. તેટલા માટે તમને ધર્મ જાણવાની ઇચ્છા થઈ છે માટે તમે અહીં આવો છો ને? કામીને કામનું સાધન જ સર્વસ્વ લાગે. તેને તેના વિના બીજા વિચાર આવે! તેની ખાતર પૈસા આપી

દેતા લોભ નડે! લોભીને પૈસો જ સર્વસ્વ લાગે. તે માટે જે કરવું પડે તે કરે. તેમ જેને મોક્ષની ઇચ્છા થઇ તેને ધર્મ સમજવાનું મન થાય.

ધર્મ સમજે તો જ જીવનું કલ્યાણ થવાનું છે. તમે બધા જો ધર્મ સમજવા આવતા હોત તો આજે તમારી હાલત ઘણી સારી હોત! જે આત્મા ધર્મ સમજે તે પોતાના વિચારો સારા બનાવવા પ્રયત્ન કરે. જે વિચારો ઉન્માર્ગે જતા હોય તેને સન્માર્ગે કરે. તેવો અભ્યાસ કરે તો તેને ભારે કર્મ નડે નહિ તો ઉત્તમ વિચારો હંમેશા વૃદ્ધિગત થાય અને ખોટા વિચારો આવે નહિ. અને આવે તો તે ધક્કા માર્યા વિના રહે નહિ. દિવાનખાનામાં બેઠા હો અને બારણું ખુલ્લું હોય તો કુતરૂં આવી જાય તેને હડેહડે કરો ને? બહાર કાઢો ને! તેમ ખરાબ વિચાર આવે તેને હડેહડે કરો તો!

તે માટે તમારું ધ્યેય નક્કી કરો કે–મારે આ સંસાર નથી જોઇતો. આ સંસારનું સારામાં સારું સુખ પણ લેવા જેવું નથી. તેમાં જે જીવ ફસ્યો છે તેનાથી છૂટવું છે અને આત્માનું અનંતુ સુખ જે મોક્ષમાં છે ત્યાં જવું છે તેના માટે ધર્મ વિના બીજું કોઇ સાધન નથી તે માટે જાણવા અમે સાધુ પાસે જઇએ છીએ. સાધુ જ્યારે સાધુધર્મ સમજાવે તો તે ખુશખુશાલ દેખાય તો સમજવું કે તે ખરેખર ધર્મનો જિજ્ઞાસુ છે.

હિંસા, જૂઠ અને ચોરી અધર્મ જ છે. વિષય સેવન તો મહા અધર્મ છે. બંગલો –મગીચો, પૈસા–ટકા સોનું–રૂપું, ઘર–બાર આદિ બધું અધર્મ છે' આ વાત સાંભળતા આનંદ આનંદ થાય છે? તે બધું છોડવાનું મન થાય છે કે વધુ મેળવવાનું મન થાય છે?

આજે મોટો ભાગ હિંસા તો મજેથી કરે છે, જૂઠ તો સફાઇ પૂર્વક બોલે છે, ચોરી તો સીફતથી કરે છે તેનાં હોંશિયારી માને છે. વિષય–સેવનને તો પાપ જ માનતો નથી. જે મળ્યું તે ન ભોગવીએ તો શું કરીએ તેમ કહે છે. પૈસાની પાછળ તો મરી રહ્યો છે, તે મેળવવા શું શું કરે છે તે જગતથી અજાણ–છૂપું છે? ભગવાનને હાથ નહિ જોડનારો નાલાયકમાં નાલાયકની પગચંપી કરે છે.

હિંસાદિ અધર્મ જ! અહિંસાદિ ધર્મ જ! આ વાત હૈયામાં બેસે તો કામ થાય. આ વાત હૈયામાં ન બેસે, બેસાડવી જેવી પણ ન લાગે તે સાધુને હાથ જોડે તે રિવાજથી. તમને બધાને સાધુપણું જ ગમે છે તેમ માનું ને? વ્યકિત ગમે અને સાધુપણું ન ગમે, તે સાધુને હાથ જોડે તે શું કામ જોડે? સાધુ પાસે જે છે તે જો અમને મલી જાય માટે સાધુને હાથ જોડો ને?

ભગવાનને હાથ જોડે અને તેને ભગવાન થવાનું મન હોય, વીતરાગતા ગમતી

હોય તો ભગવાનને હાથ જોડયા તે સાચા છે. આપણે ભગવાન શ્રી મહાવીર પરમાત્માને ભગવાન કેમ માનીએ ? અરિહંત હતા માટે. જે અરિહંત ન હોય અને મહાવીરનું નામ લઇ ફરે તો તેને પગે લાગીએ ? મહાવીર નામનો કોઇ ભયંકર બદમાશ, ખૂની, ઉલ્લંઠ આદમી પણ હોય ને ? શ્રી મહાવીર બોલીએ તો સિદ્ધાર્થ મહારાજાના પુત્ર, આ અવસર્પિણીના છેલ્લા અરિહંત થયા તે જ યાદ આવે અને હાથ જોડાઈ જાય.

આજે ભગવાનની પૂજા કરનારને ભગવાન થવું નથી. ધર્મ કરનારને ધર્મ જ જોઇતો નથી.

આપણે ત્યાં ભગવદ્પણું રીઝર્વેશન નથી. દરેક યોગ્ય આત્મા પરમાત્મા થઈ શકે છે. જેને ઇચ્છા થાય. મહેનત કરે અને યોગ્યતા હોય જરૂર પરમાત્મા થાય. અત્યારે હું અધમી છું, હજી મારા આત્મામાં ધર્મ પેદા થયો નથી તે ધર્મ પેદા કરવો છે તે માટે આવ્યો આવું છું. આટલું ય નક્કી થાય તો ય કામ થઇ જાય. 'ધર્મ જ સાધુપણું. આ સંસાર રહેવા જેવો નહિ. મોક્ષ જ મેળવવા જેવો.' આ વાત ગોખતા ગોખતા વેર જાવ તો વિચારો સારા બનશે.

'પાપથી દુઃખ પેદા થાય છે અને ધર્મ વિના સુખ મળવાનું નથી'—તો પાપથી છૂટવાનો અને ધર્મમાં રત બનવાનો પ્રયત્ન કરવામાં પ્રમાદ ન કરો. પાપની મોટામાં મોટી જો મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે જે જેમ હોય તેને તેનાથી વિપરીત માનવું. દુન્યવી પદાર્થોમાં સુખ આપવાની તાકાત નથી, છતાં તેમાં સુખ આપવાની તાકાત છે એમ માનવું તે મિથ્યાત્વના યોગે હિંસા, મૃષા, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ આદિના કારમાં પાપો થઈ રહ્યાં છે. એ જ મિથ્યાત્વના કારણે ધર્મથી દૂર રહેવાય છે. દુઃખને કાઢવું હોય ને સુખમય અવસ્થાને પ્રાપ્ત કરવી હોય, તો પહેલાં એ મિથ્યાત્વને કાઢો. અને દેવ-ગુરુ-ધર્મના સાચા ઉપાસક બનો. જે કોઇ પુણ્યાત્મા આ રીતિએ વર્તશે તેનું કલ્યાણ થવાનું નિશ્ચિત છે. આથી સૌ કોઇ આમ વર્તો અને કલ્યાણને પામો, એ જ એક શુભેચ્છા !

—પૂનાથી કરાડ સુધીનાં પ્રવચનો

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક શાસન શિરોધાર્ય **આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની** અપ્રતિમ પ્રતિભાને પ્રતાપે શ્ર. જૈન શાસન અને ચતુર્વિધ સંઘ ઉપર ભારે ઉપકાર છે તેઓશ્રી પોતાના દીર્ઘ જીવનમ ગંભીર અને રહસ્ય રૂપ શાસ્ત્ર બોધના પ્રભાવે અવિરત ઉપકારનો શ્રોત વહાવ્યો છે.

તેઓશ્રીની વિદાયને વર્ષ થતાં શ્રી જૈન શાસન તરફથી દર નૂતન વર્ષે વિશેષાંક પ્રગટ કરાય છે તેમ આ પાંચમાં વર્ષના પ્રારંભે વિશેષાંક કરવાનો હતો. એ વખતે અ.વા શાસન કોહિનુર શાસન છત્રપતિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીજીના સ્વર્ગા રોહણને એક વર્ષ પણ પુરુ થતું હોઇને આ વિશેષાંક તેઓશ્રીજીની શ્રદ્ધાંજલિ રૂપે પ્રગટ કરવામાં ન આવે તો 'જૈન શાસન' દ્વારા પણ તેઓશ્રીના ગુરુનો આદરને બદલે અનાદર થાય.

ચાતુર્માસ પ્રવેશ પછી ટુકા ગાળામાં પૂજ્ય મહાત્માઓ તરફથી શીઘ્ર લેખ પણ ન આવે તેમ ગણાય તેથી વાર્ષિક તિથિએ **ખાસ અંક** પ્રગટ કરીને બાદમાં **શ્રદ્ધાંજલિ વિશેષાંકનું** આયોજન થયું. અને એ વિશેષાંકને ચારે પ્રકારના શ્રી સં. આવકારો, અમે લેખો આવશે કે નહિ તેની ચિંતામાં હતા પરંતુ કોણ જાણે પૂજ્યપદશ્રીનો એવો અતૂટ પ્રભાવ કે લેખમાળાની સરવાણી ચાલી અને અમારો અંક રૂપ ડેમ પણ છલી ગયો ૪–૬ ગણો ૮–૧૦ ગણો અંક મોટો કરતા ગયા પરંતુ છેવટે એમાં ઘણા લેખોતો

બીજા વિશેષાંક અંગે કંઇક

માંડ સમાયા અને આવા ભાવથી ઉલ્લાસ અને પૂજ્યશ્રીના શાસન ન્યોચ્છાવર જીવનથી વારી જઇને લખી મોકલેલા લેખો રાખી મુકવા તે પણ બરાબર નહિ મને તેથી જ તરત નિર્ણય લઇને બીજો વિશેષાંક એક સાહસ રૂપે જ પ્રગટ કરવાનું રાખ્યું.

દરેક વખતે વિશેષાંકના સહકારથી જ વાર્ષિક તુટો પુરાય છે તેમાં આ ડબલ વિશેષાંક થતાં વાર્ષિક સંચાલન માટે ખર્ચની ચિંતા સંચાલકોને થઇ છત આ વિશેષાંક અનિવાર્ય હતો અને તે આ બીજો વિશેષાંક પ્રગટ થતાં તે કાર્યની સિદ્ધિ થઇ છે. તેમ છતાં ભાવિકો જે રીતે જૈન શાસન પ્રત્યે સદ્ભાવ રાખીને સહકાર આપે છે તેમ આ વર્ષ પ્રસંગે પ્રસંગે પણ યાદી કરી ખુશી ભેટ મોકલશો અને અમારી ચિંતાના સહભાગી થશો એવી અપેક્ષા રાખીએ છીએ.

લેખ મોકલનાર ઘણા પૂજ્યો તથા લેખકોની અમે ક્ષમા માગીએ છીએ કે આપનો

લેખ પ્રથમ વિશેષાંકમાં સમાવી ન શકયા. લેખો આવતા ગયા ને છાપવા જતા ગયા તેમાં કંપોઝ કરવામાં તારવણી કરવાને બદલે જ તે લેવાતા ગયાં અને પ્રથમથી મેટર મેળવીને સમાવેશ કેવી રીતે કરવો તે જાણવામાં ન આવતાં ૦ પ્રથમ અંકમાં લેવા યોગ્ય પણ વિગતોના લેખો વિ. રહી ગયા છતાં સૌ લેખકોએ ધીરજ રાખી તે અમારૂં સદ્‌ભાગ્ય ગણી ફરી તેઓની ક્ષમા માંગીએ છીએ અને પૂર્વવત્ સદ્‌ભાવ રાખવા વિનંતિ કરીએ છીએ.

હજી પણ ઘણા લેખો તથા પૂજ્યશ્રીજીની પ્રથમ વાર્ષિક તિથિની ઉજવણીના શ્રેણિબધ્ધ સમાચારો વિ. છે, તે હવે પછીના અંકોમાં લેવાનું રાખીશું.

—: આભાર દર્શન :—

પહેલા વિશેષાંકમાં અમારા આમંત્રણને માન આપીને લેખો તેમજ સહકાર સારો મળ્યો તેમાં પાછળથી સહકાર આવ્યો તે છાપી શકાયો નહિ અને ઘણા શુભેચ્છકો પ્રતિનિધિઓએ આ મુકતમાં અમારી વિનંતિને માન આપી પ્રચાર કર્યો અને સહકાર મોકલ્યો તેમની લાગણીની અમે ખૂબ ખૂબ અનુમોદના કરી તેમનો આભાર માનીએ છીએ.

આ બીજા વિશેષાંકમાં પ. પૂ. શાસન નિષ્ણ **આ. ભ. શ્રી વિજય પ્રભસૂરીશ્વરજી** મહારાજા તથા પૂ. આ. શ્રી **વિજય જિનેન્દ્રસૂ. મ.** પૂ. તપસ્વી મુ. શ્રી **નયભદ્રવિજયજી** મ. આદિનો ઉપદેશ માટે આભાર માનીએ છીએ ઉપરાંત પૂ. સા. શ્રી **પૂર્ણભદ્રાશ્રીજી** મ. પૂ. સા. શ્રી **અનંતપ્રભાશ્રીજી** મ. પૂ સા. શ્રી **કૈલાસશ્રીજી** મ આદિએ કરેલ પ્રેરણા માટે આભાર માનીએ છીએ.

ખાસ કરીને વર્ષોથી સદા શાસનના કાર્યોમાં જાગૃત પ. પૂ. આ. ભ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના મહાન ઉપકારોથી આત્મા અને શાસન સેવામાં ઉજમાળ **ભાઇશ્રી રતિલાલ દેવચંદ** (રાસંગપરવાળા) ગુઢકાઓ આ કાર્યમાં મહત્વનો સહકાર આપ્યો છે વળી **લંડન શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ** જે શાસ્ત્ર વિધિ અને શાસન સમર્પણમાં ઉદ્યમશીલ છે. જયાં રતિલાલભાઇ દર ગુરુવારે સત્સંગમાં પ્રવચન કરે છે તે મંડળનો સહકાર ભુલાય તેમ નથી તે સાથે આ મંડળના એક સભ્ય અને શાસન પ્રેમી **ભાઇશ્રી મોતીચંદ એસ. શાહે** સારો પ્રયત્ન કર્યો છે.

જૈન શાસનના તંત્રી **શ્રી પ્રેમચંદભાઈ મેઘજી** ગુઢકા લાખાબાવળવાળા (પરેલ મુંબઇ)એ ૨ લા. વિશેષાંક માટે છેવટ સુધી પ્રયત્ન કર્યો હતો. અને બીજો વિશેષાંક પ્રગટ કરવાનું નકી થતાં તેમાં તેઓ ખૂબ સક્રિય બન્યા અને બને તેટલો સરસ

સહકાર આપવાનો પ્રયાસ કર્યો છે ભાઇશ્રી લાલજી પદમશી ગુઢકા ભાઇશ્રી નેમચંદ કાલીદાસ નગરીયા લાખાબાવળ (બેંગલોર) વાળે અગત્યનો સહકાર દર સાલની જેમ મોકલ્યો છે શાસન પ્રેમી ભાઇશ્રી હેમચંદભાઇ (બટુકભાઇ) છગનલદાસભાઇ (માટુંગા) ભાઇશ્રી ડાયાલાલ મુલચંદ ભોડાતરાવાળા [મુંબઇ] ભાઇશ્રી નગીનદાસ ભાયચંદ-ભાઇ [મુલુંડ] ભાઇશ્રી દિલિપભાઇ એચ. શાહ [મુંબઇ] ભાઇશ્રી પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ [મલાડ] ભાઇશ્રી ચંદુલાલ મોતીલાલ શાહ ભાયખલા ભોગીલાલ કેશવજી ચોરા ભાવનગર આદિએ પ્રેરણા કરી સહકાર અપાવ્યે. છે તેમનો આભાર માનીએ છીએ અને સદા આ જૈન શાસનના કાર્યમાં સહભાગી બને તે અભી-લાષા રાખીએ છીએ.

આ વિશેષાંકની અધરી મોટી અને ગંભીર વ્યવસ્થા આ જીવન શાસન સેવાવ્રત ધારી શાસન પ્રેમી શ્રી મહાવીર શાસનના તંત્રી શ્રી **ભગનલાલ ચત્રભુજ મહેતાએ** ખૂબ કાળજીથી સંભારીને પાર ઉતારી છે તેનુ પણ મૂલ્ય થઇ શકે તેમ નથી. શ્રી મહાવીર શાસન અને જૈન શાસનનું તે આંતરિક બળ બની રહે છે. ભાઇશ્રી **સુરેશ** કે **શેઠ** સુરેશ પ્રિન્ટરીના માલિક તથા જૈન શાસનના તંત્રી છે તેમણે આ વિશેષાંક છાપવામા સુંદરતા અને સ્વચ્છતા લાવવામાં જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેનો પણ આભાર માનીએ છીએ.

પ્રાંતે **જૈન શાસન અઠવાડિક** શાસનની સેવા કરતું રહે તેવા સૌના આશીષ માગીએ છીએ અને અમને પણ એવી શક્તિ પ્રાપ્ત થાય કે શાસન સેવાના કાર્યમાં અઠવાડિક ચલાવવાના પ્રયત્નમાં તથા વચ્ચે આવતા અનુકુળના પ્રતિકુળતાન પડઘામાં ગમા અણગમાના વિષમ વમળમાં પણ આ કાર્યને અવિરત ઉત્સાહ પૂર્વક આગળ વધારી શકીએ, એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ. એજ જૈનં જયતિ શાસનમ્.

લિ.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

તથા જૈન શાસનના સંચાલકો

હવે પછીનો અંક

શ્રી જૈન શાસનનો હવે પછીનો અંક ૮ મો આસો સુદ—૩ મંગળવાર તા. ૨૯—૯—૬૨ ના પ્રગટ થશે તેની સૌ વાચકોએ નોંધ લેવા વિનંતિ છે.

—સંપાદક

ચરમતીર્થપતિ-શાસનનાયક શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ એમના શાસનમાં અત્યાર સુધીમાં અનેક મહાપુરુષો થઈ ગયા. જેમના પ્રતાપે અવિચ્છિન્નપણે શાસન આપણા સુધી પહોંચ્યું છે. જેમાંના પરમાત્માના શાસનમાં ૭૭ મી પાટને દીપાવનારા-પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ, મહારાષ્ટ્રાદિ દેશોદ્ધારક શાસન શિરોમણિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ કે જેઓ પાદરાના વતની પુત્ર હતા.

વિ. સં. ૧૯૫૨ માં જેઓનો જન્મ દહેવાણ ગામમાં છોટાલાલભાઈ પિતા અને સમરથબેનની કુક્ષીએ થયેલો. નામ ત્રિભોવનકુમાર નાની વયમાં પાપના ઉદયે ક્રમશઃ પિતા અને માતાનો વિયોગ થયો. પિતાજીના માનીમા-મોટી ઉંમરના જીવતા. એમના પાલક દાદીમાએ ધર્મના સંસ્કારનું સિંચન કર્યું.

પાંચ વર્ષની વયે સાધ્વીજી મહારાજ પાસેથી નિયમ અપાવ્યો કે દીક્ષા ન થાય ત્યાં

સર્વતોમુખી પ્રતિભાસંપન્ન સૂરિદેવ

—પૂ. પં. શ્રી ગુણશીલવિજયજી ગણિ.

સુધી વેપાર ત્યાગ-આવા ઉત્તમ સંસ્કારોનું પાન થવા સાથે પાદરા રહેતા. ત્યાં વિહારમાં સાધુ મહાત્માનું આવાગમન થાય ત્યારે ત્રિભોવનકુમાર ગોચરી-પાણી માટે ઘરો બતાવવા-લેવા જવું-મુકવા જવું વિગેરે કરતાં સંસ્કારોને દૃઢ બનાવતાં પણ વંદન તો પછી જ કરતા કે જ્યારે સુસાધુ તરીકેનો ખ્યાલ આવે! બાલ્યવયથી જ પૂજયશ્રી અજોડ પારખુ હતા!

સકલાગમ રહસ્યવેદી આચાર્ય ભગવન્ત વિજય દાનસૂરીશ્વરજી મહારાજા અને સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પરિચયમાં આવતાં દીક્ષાની ભાવના દૃઢ બની. પરંતુ સંસારી સંબંધીઓને ખબર પડતાં મામાએ જાહેરાત પેપરમાં આપેલી કે દીક્ષા આપતા નહિં. તે કાળમાં દીક્ષા દુર્લભ હતી. ત્યારે ત્રિભોવનકુમારે મામાને કહેલું કે મારી દીક્ષા ગમે ત્યારે થઈ જશે. તમે કોઇ રોકી શકશો નહિં.

૧૯૬૯ પોષ સુદ ૧૩ ના ગંધાર મુકામે પૂ. મુનિરાજ શ્રી મંગળવિજયજી મ. સા.ના વરદહસ્તે દીક્ષા થઇ. અને મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ નામ રાખવામાં આવ્યું. એકાદ વર્ષના દીક્ષા પર્યાયમાં જ પોતાના વડીલ મહાપુરુષોના આશિર્વાદ સંપન્ન કરી તેઓ શ્રીમદ્ની અનુજ્ઞાથી સિનોર મુકામે પ્રથમ વખત સમકિતના ૬૭ બોલની

સજ્ઝાયમાં પાંચ લક્ષણની સજ્ઝાય ઉપર પ્રથમ પ્રવચન આપ્યું.

ત્યારથી ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજ સાહેબ રત્નને પારખી ગયા અને કહ્યું કે બાબા અબ તુમકો હી વ્યાખ્યાન મેં બેઠને કા હૈ. આમ દાદાગુરૂના ગુરૂદેવ-દાદાગુરૂદેવ ગુરૂદેવના આશિર્વાદ સાથે વયોવૃદ્ધ-ગીતાર્થ શિરોમણી આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા તથા શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરીશ્વરજી મહારાજા કે જેઓ "ગુજરાતી ભાષાના સિનીયર" હતા તેઓ સૌના આશિર્વાદ મેળવ્યા. અમદાવાદ રાજનગરમાં દીક્ષા બાદ શરૂઆતમાં જ ભદ્રકાળી બોકડાનો વધ બંધ કરાવી શાસનનો જય જયકાર કરાવ્યો. એ વખતના વ્યાખ્યાનોમાં ભલભલા સંસારરસીક આત્માઓને પણ હૈયા ફેરવી સન્માર્ગે વાળ્યા. સંયમ માર્ગને સુલભ બનાવનાર-સંયમ માર્ગે આવનાર પુણ્યશાળી આત્માઓનું યોગ-ક્ષેમ કરવાની અદ્ભુત કળા એ મહાપુરૂષમાં હતી. સાથે સાથે દીક્ષાના વિરોધોની વચ્ચે પણ અનેકોને દીક્ષા આપી. દીક્ષા પ્રતિબંધક બીલ, હરીજન પ્રવેશ-આદિ શાસન વિરૂદ્ધ કોઇપણ કાર્ય થવા દીધાં નથી. તાકાત નથી કે મહાપુરૂષ બેઠા હોય અને કોઇપણ શાસ્ત્ર વિરૂદ્ધ કાર્ય કરી શકે. ભલભલા પણ શાસન વિરૂદ્ધ કાંઇપણ કરતા એ મહાપુરૂષથી ગભરાતા હતા.

૧૭ વર્ષની વયે દીક્ષા થયા બાદ થોડા જ વર્ષોમાં ક્રમે કરીને, ગણિપંન્યાસ પદ ઉપાધ્યાય પદ અને વિ. સં. ૧૯૯૨ માં આચાર્ય પદ સુધી પૂજ્યોની કૃપાથી પહોંચ્યા. ભારતભરના સર્વ સંઘો ઉપર જે મહાપુરૂષનો અનન્ય ઉપકાર હતો. નાના મોટા સૌ કોઇ હુલામણા "રામવિજય મહારાજ" ના નામે ઓળખે છે! એમની તારક નિશ્રામાં અનેક દીક્ષાઓ, અંજનશલાકા, પ્રતિષ્ઠાઓ, સંઘો નીકળ્યા ૧૧૭ થી અધિક શિષ્યોના ગુરૂદેવ અને હજારોના તારક હોવા છતાં, એમના હૈયાની કોમળતા; શાસ્ત્ર પ્રત્યેની ચુસ્તતા, ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય આદિ અનેક ગુણોના જે સ્વામી હતા-જીવનના અંતિમ ક્ષણ સુધી શાસનની રક્ષાના કાર્યો જેમણે કર્યા છે. અભ્યાસ પણ સતત ક્રમનો ચાલુ જ હતો. ડોળીમાં બેઠા હોય તો પણ કે મકાનમાં આસને બેઠા હોય એમનું વાંચન-ચિંતન સદા ચાલ્યા જ કરતું.

ગમે તેવા પ્રશ્નોના ઉત્તરો એમની પાસે શાસ્ત્રસિદ્ધ તુરત સંતોષજનક મળી રહેતા એજ એમની મોટામાં મોટી સિદ્ધિ હતી. આગમોને જેમણે પચાવ્યા હતા. જેના પરિણામે સમાધિ હસ્તગત જે મહાપુરૂષે બનાવી લીધેલી.

જીવનનાં આવેલી અનેક બિમારીઓમાં પણ મુખ ઉપર અસર દેખાઇ નથી. મોક્ષે જવું છે. અરિહંતના જ ધ્યાનમાં મસ્તિ જોવા મળતી. કોઇપણ પુછે કેમ છો? મજા છે. પરમાત્માનું અનુપમ શાસન મળ્યું છે. પછી શું ચિંતા છે. આવું જ સાંભળવા મળતું

અનેકને સમાધિ આપનાર મહાપુરુષ સમાધિમાં મગ્ન બની રહે એ આશ્ચર્ય નથી.

૬૬ વર્ષની જૈફ વયે પણ સુદીર્ઘ સંયમ પર્યાય–સુદીર્ઘ આચાર્ય પદ પર્યાયના ધારક મહાપુરુષનું અમદાવાદ શહેરમાં અંતિમ ચાતુર્માસ પ્રવેશ સાબરમતિ મુકામે થયો. ત્યારે કોઇને આ કલ્પના પણ નહિં હોય કે આ મહાપુરુષ અચાનક આપણી વચ્ચેથ ચાલ્યા જશે. અચાનક તબીયત બગડવા માંડી. છતાં સ્વસ્થતા છેલ્લે સુધી અપાર હતી. છેલ્લે વદ ૧૩ થી વિશેષ તબીયતમાં બગાડો થતો ચાલ્યો છતાં સ્વસ્થતા પૂર્વક પ્રતિક્રમણ આદિ તેમજ સાંભળવાનું ચાલુ જ હતું. સંભળાવવાનું બંધ થાય કે તુરત યાદ કરાવે કે બંધ કેમ થયું !

વિશાળ ચતુર્વિધ સંઘની હાજરીમાં અરિહંત પદનું ધ્યાન ધરતાં ધરતાં સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થતાં સૌને આંચકાનો અનુભવ થયો. વાયુવેગે સમાચાર મળતાં દૂર સુદૂરથી ભક્તો જે સાધનો મળ્યા તેમાં દોડી દોડીને પહોંચી આવ્યા.

લાખોની મેદની–૨૩ કીલોમીટર લાંબી યાત્રા. અને કરોડોની ઉપજ થઇ. આવું ભુતકાળમાં બન્યું નથી. એવી અભુતપૂર્વ શાસન પ્રભાવના થઇ.

ખરેખર આવા મહાપુરૂષના જતાં આ શાસનને કદી પણ પૂરી ન શકાય તેવી મહાન ખોટ પડી છે. મહાપુરૂષના જતાં એમના ચિંધ્યા રાહે ચાલવાની શક્તિ મળે એ જ અભ્યર્થના.....

---

૦ એક દિવસમાં નવ નવવાર 'કરેમિ ભંતે' બોલનારા મુનિવરો પાપની પુષ્ટિ થાય, આરંભ–સમારંભ વધે અને જગતની અર્થ કામની લાલસા મજબૂત થાય તેવી વાત કરે જ શાના ? ખરેખર, શ્રી જૈન શાસનમાં પ્રભાવક તે જ થઈ શકે છે, કે જેઓ પ્રભુની આજ્ઞા મુજબ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાઓને વળગી રહેવામાં કોઇની પણ શરમથી ન અંજાય. સન્માર્ગની રક્ષા માટે પોતાના માનપાનની દરકાર ન રાખે અને પ્રભુના શાસનની સેવામાં જ પોતાનું સર્વસ્વ સમજે.

૦ "સંસાર ઉપર નિર્વેદ ન આવે ત્યાં સુધી મોક્ષ માટે સાચો પ્રયત્ન જ નથી થતો. સંસારનો રાગ એ ભયંકર રોગ છે અને એ રાગની પ્રશંસા અને પુષ્ટિ કરનારા ત્યાગીઓ, એ વસ્તુતઃ ત્યાગીઓ જ નથી' 'ત્યાગીના વેશમાં રહીને ધર્મના બહાને, એમની પાસે ધર્મ લેવા આવનારને, આરંભ સમારંભના શિક્ષણ દ્વારા આત્મનાશક ઉન્માર્ગે ચઢાવનારા, એ વસ્તુતઃ ત્યાગી નથી'– આ વાત તમને આ પ્રાર્થના સૂત્ર સમજાવે છે.'

—શ્રી આચારાંગ ધુતાધ્યયન ભા.–૧

જીવદયા એજ પ્રભુ સેવા ફોન : પી.પી. ૨૨૮

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ

"અહીંસા પરમોધર્મ"

માત્રા ગેઇટ પાસે, વિંછીયા-૩૬૦૦૫૫ (સૌરાષ્ટ્ર)

॥ અહીંસા પરમોધર્મ ॥

પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વને પામીને દાન આપવા અપાવવા યોગ્ય સંસ્થા પ. પૂ. આચાર્ય ભગવંતો તથા સાધુ સંતોની પ્રેરણાથી ચાલતુ

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ. રજી. નં. ઈ-૨૭૪૫

ઠેઃ માત્રા ગેઇટ, મુંઃ વિંછીયા. જીલ્લો. રાજકોટ. પી નં. ૩૬૦૦૫૫ ફોન નં. ૨૨૮

[સૌ. જીવોને અભય આપવું એજ ખરુ દાન છે. આપની લક્ષ્મીનો સદુપયોગ કરવા સંસ્થાના નીચે મુજબના કાર્યો.

(૧) પારેવાને ચણ. (૨) કુતરાને રોટલા.

(૩) પાણીના પરબ. (૪) ગરીબ દર્દીને મફત દવ.

(૫) ગરીબ વિદ્યાર્થીને પુસ્તકો. (૬) માનવ રાહત વગેરે સેવા

આ સેવા, સેવા ભાવી સજ્જનો જાતે સેવા આપી રહયા છે.તેનો મોટો ફાળો સાધુ-સંતો આચાર્ય ભગવંતોની પ્રેરણા છે. ચણુતરાના ઢાંકણુ બનાવવા માટેનો ખર્ચ રૂ. ૬૦,૦૦૦/- હજાર (સાઈઠ હજાર) જેવો થાય છે.

રૂા. ૫૦૦૧/- આપનારની તકતી કુટ બાઇ કુટની ચણુતરામાં મુકવામાં આવશે. રૂા. ૧૦૦૧/- આપનારના નામ બોર્ડમાં ક્રમવાર લખાવામાં આવશે.

ચોમાસાની ઋતુ હોવાથી ઢાંકણુ બનાવવાની ખૂબજ જરૂર છે તો આજે જ આપનું શુભ નામ લખાવો. "સર્વ જીવોને અમારી ક્ષમાપના"

પ્રતિવર્ષ દરમિયાન જાણુતા અજાણતા મન વચન અને કર્મથી કોઇનું દીલ દુભાવવા નિમિત બન્યા હોઇએ તો નતમસ્તકે મિચ્છામિ દુક્કડં !

સંપર્ક : રાજેશ શાહ
(૬૪૯૦૬૪૬)
(૬૪૯૧૭૭૫), મુંબઇ.

શ્રી વી. સા. સે. ટ્રસ્ટ,
ટ્રસ્ટી મંડળ વતી, પ્રમુખશ્રી,
અનંતરાય મુળચંદભાઇ શાહના
મીચ્છામી દુક્કડં !

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રીમાં સિદ્ધાંતની રક્ષા માટે જગતમાં યશ કે અપયશની જરા એ ચિંતા વગર એના માટે ઝઝુમતું એજ દૃઢ મનોબલ હતું.

એ માટે એક પ્રસંગ મારામાં બનેલો તે પ્રગટ કરવાની ઇચ્છા થવાથી તે રજુ કરું છું.

ભગવાન મહાવીર સ્વામીના ૨૫૦૦નો ઉજવવાનું સરકારી સ્તર પર થયેલું.

તે વખતે શહેર શહેર માર્ગને ભગવાન મહાવીર માર્ગનો નામ આપવાનું કાર્યક્રમ યોજાએલ.

એ પ્રમાણે અમલનેરમાં પણ દેરાસરના માર્ગને ભગવાન મહાવીર માર્ગ નામ આપવાનું જૈન સકળ સંઘ એ નકકી કરેલ એમાં મે મારો વિરોધ નોંધાવેલું.

પણ ગમે જે કમેટી હતી તેમાંથી મને બાકાત કરી મારી ગૈર હાજરીમાં અને બહુજ ગુપ્ત રીતે ડરાવ કરી અને વિના ઉહાંપોહવગર ખાનગી રીતે એ કાર્યક્રમ ઘડવામાં આવેલ.

સિદ્ધાંતની રક્ષામાં યશ કે અપયશની પર્વા વિનાના

—પૂ. મુનિરાજ શ્રી નંદીશ્વર વિજયજી મ., ઔરંગાબાદ

હું પાછા યામાર્થે એજ ટાઇમે બાહાર એકાદ માસ જવાથી એ કમેટી ને સરલ માર્ગ બની ગયેા.

હવે વાની બધી તયારી થયેલ અને રવિવારે કલેકટર મારફત ઉદ્‌ઘાટનની પત્રિકા પણ પ્રેસમાં છપાવવા આપેલ શુકવારે છપાઇ પણ ગઇ. આ વાત અમુક ૮-૧૦ આગેવાન અને પચ્ચીસસેાની ગામની કમેટી શિવાય કેાઈને પણ જાણ થઇ નહીં.

યેાગાયેાગ શુકવારે બપેારે ૨ વાગે મારે એજ પ્રેસમાં ખાસ કામ લીધે જવાનું થયું અને એ પત્રિકાનેા બંડલ પ્રેસવાલા પેક કરતાં સેજે એ પત્રિકા મારી નજરમાં આવી.

એ જોતાં જ મને ખુબ જ આશ્ચર્ય થયું આટલી હદ સુધી પરમદિવસે નામાકરણનું ઉદ્‌ઘાટન ગજબ થયું.

આ નથી થવું જોઇએ એમ મને થયું શું કરવું વિચારના મંથનમાં લાગ્યેા. અને વિચાર આવ્યેા આ માટે 'રટે' લાવવું એ માટે પ્રયત્ન કરવેા અને તરત ત્યાંથી જ સાયકલ લઇ કેાઈને જાણ ન થાય તે રીતે કેાર્ટમાં ગયેા.

યેાગાયેાગ ત્યાં શનિવારની રજા હતી અને રવિવાર આવતેા હેાવાથી બે દીવસ

જજ સાહેબને બહાર ગામ જવાનું હોવાથી કોર્ટનું કામકાજ રા૧ વાગે ૧ પુરૂ કરી જજ ઘેર જવાની તૈયારીમાં હતા અને કોર્ટમાં ફક્ત જજ, એમનો હેડ કારકુન, અને સરકારી વકીલ એ સિવાય ખાસ ત્યાં કોઇ નહીં.

જજ સાહેબને મળ્યો આ કામ છે મારે રટે જોઇએ છે તેમને ઉતાવળ હોવા છતાં શાસન દેવે તેમને સદ્‌બુદ્ધિ આપી અને મારી અરજી લઇ મને રટે ઓર્ડર આપી એ ર્‌યુનિસીપાલીટીને બજાવવા પોલીસને આપેલ પણ જજ સાહેબ મને સમજાવેલ એમા તમે ફાવવાના નહીં કારણ આ કેન્દ્ર શાસનનો કાર્યક્રમ છે એ માટે તમે જવા દો પણ મેં એમને આગ્રહ કરેલ આજે તમે રટે આપો ભવિષ્યમાં જે થશે તે જોઇશું ભલે ફેલ જઇએ.

આ પ્રમાણે રટે લગાવેલ અને એ કાર્યક્રમ બંધ રહેતું તાત્પુરતો પણ બધાની વકીલોની, યા બેરીસ્ટરોની સલાહ એજ આમાં ફાવશો નહીં મોટી ધમાલ કરો નહીં.

પછી પૂ શ્રીને મુંબઇ મળ્યો આ બધી વાત સવિસ્તર કરેલ સાહેબ આમાં મારે હવે શું કરવું ? પૂ. શ્રી કહેલું ફાવે કે ન ફાવે તેની ચિંતા કરતો નહી પણ આપણે એક રેકાર્ડ થશે કે સિદ્ધાંત માટે લડનાર એક વ્યકિત પણ ભારતમાં નીકળી માટે કેસ ચલાવો. એમના એ આશીર્વાદ અને શુભ કામના લઇ હું એમાં રીતસર ડગલ હિંમત સાથે કુદી પડયો. અને કેસ લાંબો ચાલ્યો લગભગ ૮ મહિના અને અંતે એ વર્ષ પુરો થવા આવ્યો કમિટિ પણ હતાશ થઇ અને કોમ્પ્રોમાઇઝ માટે ભેગા થયા. અને તેમાં લવાદને અપેલ અને લવાદે પણ ૪-૫ મહીના કાઢી નાખ્યા. એમાં એ માર્ગને દેરાસર નામ આપવો એ નિકાલ આપેલ. એ રીતે એમા સફલ થયા હોય તો એ પૂ. શ્રીનો આશીર્વાદ અને સિદ્ધાન્તના રંગેરંગ કેળવેલા મહાત્માની શુભ કામનાના પ્રતાપે. માટે મારે એજ બતાવવાની ઇચ્છા કે કેવા ચુસ્ત યશ કે અપયશની પરવા કર્યા વગર સિદ્ધાંત માટે ભોગ આપવો પડે તો પણ એની રક્ષા એજ એમનો દ્રઢ નિશ્ચય.

ગામમાં હું એ મનનો એકજ લોકો આખું ગામનો જૈન સમાજ એક તરફ છતાં આ યશના ખરેખર કોઇ સુત્રધાર હોય તોતે પૂ.શ્રી સુવિશાલ ગચ્છાધિપતિશ્રી જ.

તેમને સેવકની કોટિ કોટિ વંદના.

સ્વર્ગથી મારા જેવા એવું કંઇકને સિદ્ધાંત માટે ખુબ શકિત આપો શાશ્વત સુખનો ભોકતા બનું એવા આશીર્વાદ વરસાવી કૃતાર્થ કરશો.

પરમારાધ્યપાદ વાત્સલ્ય મહોદધિ. જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર મોક્ષમાર્ગ પ્રરૂપક પ્રકાંડ રક્ષક સકલ સંઘ સન્માર્ગ દર્શક વ્યાખ્યાન વાચસ્પતિ તપાગચ્છાધિપતિ પરમ પુરૂદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તો ગુણોના રત્નાકર સમાન હતા.

પૂજ્યપાદશ્રીજીના ગુણોનું વર્ણન કે લેખન કરવું એ તો એક અશકય કાર્ય જ છે. છતાં પણ 'शुभे यथाशकित यतनीयम्" મહાપુરૂષોનાં આ વાકયને નજર સમક્ષ રાખી ગુણરૂપી મહાસાગર એવા પૂજ્યશ્રીનાં એકાદ ગુણબિંદુનું પણ આચમન કરીએ તો જીવન ધન્ય બની જાય.

ધોમધખતા ગ્રીષ્મના તાપમાં ધગધગતી બપોરે–અડવાણે પગે વિહરતા કોઇ માનવીને લીલું છમ હર્યું ભર્યું શાતાદાયક એવું ઉપવન મળી જાય. અને એ એમાં પ્રવેશે તો કેવા આનંદની અનુભુતિ થાય.

વાત્સલ્ય સિંધુ સૂરિદેવ

—પૂ. મુનિરાજ શ્રી કુલશીલ વિજયજી મ.

ખરેખર પૂજ્યશ્રીજી પણ સંસાર રૂપી અગ્નિમાં શેકાતાં આત્માઓ માટે ઉપવન સમાન જ હતા. ગમે તે પૂજ્યશ્રીજી પ.સે આવે ચાહે આતતાયી હો કે અનુયાયી પણ પૂજ્યશ્રીજીએ સૌને પોતાના વાત્સલ્યથી ભીંજાવી દીધા છે.

ખરેખર આવા વિષમ ભયાનક હાલમાં પૂજ્યશ્રીજી ન મલ્યા હોત તો ! એ કલ્પના કરતા પણ ધ્રુજારી ઉત્પન્ન થઇ જાય છે.

પૂજ્યપાદશ્રીજીની દીક્ષા પણ કેવા સંયોગોમાં થઇ એ વખતે દીક્ષાધર્મ કેવો દુર્લભ હતો. "જમને અપાય પણ જતિને નહીં" આવી જડ માન્યતા જન–જનનાં અંતરમાં કોતરાઇ ગઇ હતી. એવા વાતાવરણમાં પણ પૂજ્યશ્રીજીએ કઇ રીતે દીક્ષા ધર્મ સુલભ બનાવ્યો ! ખરેખર જ્યારે એમના મામાએ ત્રિભુવનકુમારને કહેલું કે "બધા કપડા ફાટી જાય પછી જ તું દીક્ષા લેજે" એ વખતે બાળ ત્રિભુવને જે ત્વરાથી જ જવાબ આપેલો કે "લાવો કાતર હમણાં બધા કપડા ફાડી નાંખુ" ખરેખર પૂજ્યશ્રીજી એજ રીતે અનેકોનાં અંતરમાંથી સંસારને કાપી સંયમધર્મ મોક્ષમાર્ગ ના પથિક બનાવ્યા...!

પૂજ્યશ્રીજીનાં અંતરમાં મોક્ષમાર્ગ એવો વસી ગયેલો કે જેના પ્રતાપે વિ. સં.

૧૯૬૯ થી માંડીને જીવનનાં અંતિમ શ્વાસ સુધી મુક્તિનું જ રટણ કરતાં રહ્યા. "છોડવો જેવો સંસાર, લેવા જેવું સંયમ મેળવવા જેવો મોક્ષ" આ ત્રિપદી તો પૂજ્યજીએ ઘર ઘરમાં ઘટ ઘટમાં ગૂંજીત કરી દીધેલી.

એક યુગપ્રધાન જેવું મહાન વ્યકિતત્વ ધરાવતા હતા. છતાં પણ પૂજ્યશ્રીજીની પાસે એક ૪–૫ વર્ષનો નાનકડો બાળ પણ મજેથી જઈ શકતો. અને તરત જ પૂજ્યશ્રીજી એને કહેતા કે શું ભણે છે ?

ગમે તેવો વિરોધી પૂજ્યશ્રીજી માટે ગમે તેમ બોલનાર લખનાર પણ પૂજ્યશ્રીજી પાસે આવે ત્યારે એ પણ પૂજ્યશ્રીજીની વાત્સલ્ય સરિતામાં સ્નાન કરીને ધન્ય બની જાય ! એ એજ વિચારે કે આ મહાપુરૂષ કેવા ! એમનું વ્યકિતત્વ કેવું જ્યારે અમારી એમના પ્રત્યેની માન્યતા કેવી હતી. ! એક વખત આવનારને પછી હવે પૂજ્યશ્રીજીને મળ્યા વગર ચેન ન પડે !

દેશનાલબ્ધિ તો પૂજ્યશ્રીજીની એવી અજોડ–કે પૂજ્યશ્રીનું નામ પડે. અને ગમે તેવી વિશાલ જગ્યામાં પણ જગ્યા ન મલે ! પ્રવચન સભામાં પ્રશ્નો પૂછવાની પણ પૂરી છૂટ ! અને એ પ્રશ્નોનાં એવા સણસણતા ઉત્તરો મલે કે–પ્રશ્નકારની સાથે સાથે આખી સભાને સમાધાન મલી જાય !

૭૯–૭૯ વર્ષોનો સુવિશુદ્ધ સંયમ પર્યાય.

૫૬–૫૬ વર્ષો સુધીનો દીર્ઘ વિક્રમજનક સૂરિપર્યાય !

૧૧૭ શિષ્યો અને એનાથી કઈ ગણા અધિકા પ્રશિષ્યોનાં તારણહારા. પ્રચંડ પ્રકૃષ્ટ પુણ્યના સ્વામી પૂજ્યશ્રીજીનું પુણ્ય એવું અદ્‌ભુત અજોડ હતું કે જ્યાં જ્યા જાય ત્યાં ત્યાં "રામ ત્યાં અયોધ્યા" એવું વાતાવરણ સર્જાઈ જાય. અરે ! એટલું જ નહિં. પૂજ્યશ્રીજીનું સમાધિ મૃત્યુ પણ કેવું સુંદર રીતે થયું. વિશાલ ચતુર્વિધ સંઘની હાજરી. અરિહંત અરિહંતની સતત ધૂન આવા વાતાવરણની વચ્ચે પૂજ્યશ્રીનું સ્વર્ગગમન થયું અને એ પછી પણ જેણે જેણે પૂજ્યશ્રીજીની પનોતી પુણ્યાઇનાં દર્શન કર્યા ! લાખો માણસો પૂજ્યશ્રીની અંતિમયાત્રામાં ઠેઠ કયાંથી અને કયાંથી આવ્યા ! કરોડો રૂ. ની ઉછામણીઓ એટલું જ નહીં પણ પૂજ્યપાદશ્રીજી નિમિત્તક જ્યાં જ્યાં મહોત્સવો ઉજવાયા એ મહોત્સવોની સંખ્યા પણ વિક્રમરૂપ જ હશે ! અને એ મહોત્સવો પણ એ રીતે ઉજવાયા કે તે તે સંઘો માટે એવા ભવ્ય મહોત્સવો તો પ્રાયઃ પહેલી વાર જ થયા હશે !

પૂજ્યશ્રીજી સ્વયં એક વિક્રમરૂપ હતા. પૂજ્યશ્રીજી જીવનમાં જે જે કાર્યો કરી ગયા એ એ પણ વિક્રમભૂત જ ગણાય. એવા અજોડ હજારોના તારણહારા

ગુરૂદેવને અનંતશઃ વંદના વંદના.

મૂ....રિ....રા....મ....ના....સં....ભા...૨...ણા.

—નીલા એચ. શાહ, મુલુંડ

જૈન શાસનનાં શિર છત્ર રૂપ ઓ મારા ગુરૂ દેવ !

"ભલે હૈયાતી નથી તમારી હવે આ જગતમાં,
સિતારાની જેમ ચમકશો તમે સદાય ગગનમાં;
અશ્રુ ખૂટતા નથી મારા અંતર ઉરમા,
તમારા સદગુણોની યાદ સદાય રહેશે અમારા દિલમાં."

અરે! અચાનક આપના અશુભ સમાચાર મળતા જ જાણે કે કોમળ હૈયા પર વજ્રના ઘા પડયા હોય..... જાણે ધ...૨...તી... કં...પ... થયો હોય તેવો આંચકો અનુભવ્યો... કાળ જ્યારે આપ જેવા મહાન આચાર્યશ્રીજી ને ભરખી જતા અચકાયો નહી... ખેર !

જન્મ એનુ મૃત્યુ તો નિશ્ચય જગતમાં થાય છે,
કેટલુ નહી કેવુ જીવ્યા એજ યાદ રહી જાય છે."

પૂ ગુરૂદેવ આપે તો ચોમેર ચંદનની જેમ સુવાસ ફેલાવી છે. જ્યારે – જ્યારે વિચારધારાની હારમાળ સર્જાય ત્યારે થઈ આવે છે કે પૂજ્યશ્રીએ સંઘર્ષોનો સામનો કઈ રીતે કર્યો છે. પહેલાથી જ ઘર્ષણમય જીવન ! લોકો જ્યારે તમને ચૂપ કરવા મથતા ત્યારે... ખરેખર... સત્ય ચૂપ કયારેક રહેતુ નો'તું. સત્ય એ તો સત્ય જ હતું. સત્ય એ સોનુ છે. આજેય આદર્શો આપનાર સુવર્ણની જેમ ચળકે છે ત્યારે જ કીધું જને કે—

"બળે છે દેહ માટીમાં, પણ માનવી નું નામ જીવે છે,
મરે છે માનવી જ્યારે પણ માનવીનાં કામ જીવે છે."

ઓ શાસનનાં શિરતાજ ! અભિવ્યકિતની અસમર્થતા હોય ત્યારે દરેક વ્યથા અશ્રુમાં સરી જતી હોય છે". જો કે આપના ગુણોને લખવા હુ અસમર્થ છું છતા આજે મને જે તક સાંપડી છે ત્યારે મને મનોમન થઈ આવે છે કે ટુંક પરિચયમાં મને જે મળ્યુ છે. તો હુ બે બોલ પ્રસ્તુત કરૂ—

મારા પાપોદયનાં કારણે લગ્ન જીવનમાં પ્રવેશ કરવો પડયો તે પહેલા જ ગુરૂદેવને વંદનાર્થે ગઈ હતી... તેમના વાકયો મારા સ્મરણપટ્ટ પર બરાબર કંડારાઈ ગયા છે. પહેલી જ વાર ગુરૂદેવનાં દર્શન થયા તો બીજા જીવોને મહાવીરનાં રાહે લઈ જવાની કેવી તા...લા...વે...લી...તેમના અંતરમાં શાસન પ્રત્યે અગાધ પ્રેમ એ જ શાસન પ્રત્યે આપણને પણ એવી જ છાપ ઉપસાવવાની તમન્ના... પૂજ્યશ્રીએ કહ્યું કે ને સમ્યગજ્ઞાન તમોને મળ્યું છે તે જીવનભર ટકાવી રાખશો. તેમના હૃદયોદ્ગાર પરથી જ કોમળતા, શીતળતા ઋજુતા. સમર્પણતા નિઃસ્વાર્થ ભાવ તરવરતા હતા. પૂજ્યશ્રીજીની પ્રૌઢ વયે પણ મુખારવિંદની રે...ખા...ઓ... ખરેખર.... જોવા જેવી હતી.

જીવનમાં જ્યારે સારી તકો ઓછી સાંપડતી હોય અને જ્યારે પણ સુ ..વ...ર્ણ ... ત... ક... સાંપડે ત્યારે

"માનવી સમય અને સંજોગોનો ગુલામ હોય છે."

જેના કારણે મારે લગ્ન જીવનમાં પ્રવેશ પડયો ખેર ! મારા એટલા સદ્‌ભાગ્ય કે જ્યારે-જ્યારે પૂજ્યશ્રીના પાસે વંદનાર્થે જવાનું થતું ત્યારે અચૂક તેમનો સત્સંગ થતો જ. તેમનો જીવન મંત્ર એકજ

"સંસાર છોડવા જેવો, સંયમ લેવા જેવું, મોક્ષ મેળવવા જેવો"

અમારા કુટુંબ ઉપર એમનો અનંત ઉપકાર છે. અમે એમના ઋણી છીએ. અમો ઋણ મુકત ત્યારે જ થઇએ કે જ્યારે તેમતા સદ્‌ગુણો અમ ઉરમાં પ્રસ્થાપિત કરી સં.... ય.... મ... પં....થે... પ્રયાણ કરીએ ત્યારે જ. એ શકય ન બને તો અમારા જીવનબાગને આપના સદ્‌ગુણોની સુવાસથી નં... દ... ન... વ... ન... રૂપ બનાવીએ. જે કે આજે અમારા ગૃહ આંગણેથી આપના મુખેથી જિનવાણીનું શ્રવણ કરીને અમારા વડિલ બેન વૈરાગ્ય વાસિત બન્યા અને પ્રભુ મહાવીરનાં પંથે પ્રયાણ કરતા તેમનું સં. ય..મ ય... પ્રા... સુખરૂપે કરી રહ્યા છે. એ પણ યશ પૂ શ્રીનાં ફાળે છે. તેમને જ આભારી છે.

'વર્ષ વિત્યુ એક કિન્તુ, યાદ તમારી ભૂલાયના,
ફૂલ ખર્યું તે પાંદડી સમ, મહેક આપની વિસરાયના;
કોણ કહે છે વિદાય લીધી, અમ સ્વજનો માહેથી,
ધૂપસળી તો ખુદ જલે છે, સુવાસ એની જાયના,
ચિર વિદાય તો થઈ દેહની, આત્મ જ્યોત ઝળહળો,
કંઇક ના જીવનબાગ ઉજાળી, નભ મહીં તમે ઝગમગો.'

રામ નામ લેતા જ આરામ થઇ જાય છે. રા.. મ... બોલતા જ જાણે જીવનનો બધો થાક ક્ષ... ણ... વા... ર... માટે ઉતરી જાય છે. તેવા એ મારા ગુરૂજી... આપ જ્યાં હો ત્યાંથી અમ ઉપર અમીદૃષ્ટિ રાખી અમીવર્ષા વરસાવજો.

'ક્ષણો ગઇ, કલાકો ગયા, મહિનાઓ ગયા દિવસ થકી. યાદ આપની નથી જતી જે રાહ પર ચાલ્યા જતા આપ, તે રાહ હંમેશા દે છે આપને સાદ, તે રાહ પરથી ગુજરીએ છીએ અમે ત્યારે સાંભળતો નથી અમ અંતર્નાદ આ જીવન ઉપવનમાંથી ઇશ્વરે ભલે ચૂંટી કાઢયા આપને ગુલાબ જાણી પ્રભુને પ્રાર્થું છું કે પાછુ આપીદો એ ગુલાબ, હજી પૂરી સુવાસ નથી માણી.....

આશા છે કે અસ જીવન પથ પર.

પ્રેરણા દીપકની પ્રકાશઆપશે.

અમર સ્મૃતિની ધૂપસળી બની.

અમ જીવનપંથનો અં... ધ... કા... ર... કાપશે."

વર્તમાન કાલમાં શ્રી મહાવીરસ્વામી ભગવાન થયા તેમનું શાસન આચાર્ય મહારાજોથી એકવીસ હજાર વર્ષ સુધી ચાલશે તેમાં અનેક આચાર્ય ભગવંતો થઇ ગયા. તેમાં ૭૭ મી પાટે આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ થયા તેમનું જીવન ખૂબ ઐતિહાસિક છે. તેમના શિષ્યો–પ્રશિષ્યો સેંકડો વર્ષોમાં ન થયા હોય તેટલા થયા છે, તેઓશ્રીએ ૧૭ વર્ષની ઉંમરે ગંધાર મુકામે ખાનગી દીક્ષા લીધી હતી. દીક્ષા આપનાર પૂજ્ય મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ હતા. અને પૂ. પ્રેમસૂરીશ્વરજીનાં શિષ્ય થયા. તે વખતે નાનુ માંડલી તેના દીવાઓ પ્રચંડ પવન હોવા છતાં સ્થિર રહ્યા હતા. એટલે ઘણાને લાગતું હતું કે આ બાલમુનિ પ્રચંડ વાવાઝોડામાં અડગ રહી શકશે.

આપણે જાણીએ છીએ કે તેમનાં જીવનમાં અનેક વાવાઝોડા આવી ગયા છતાં તેઓશ્રી મક્કમ અડગ રહ્યા.

પ્રવચન તે તેમનું

—પૂ. આ. શ્રી વિજય નિત્યાનંદ સૂ. મ.

ગંધારથી વિહાર કરી તેઓશ્રી આદિ સીનોર પધાર્યા હતા. ત્યાં એક દિવસે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજી મહારાજે કહ્યું હતું કે આવતી કાલે તારે વ્યાખ્યાન આપવાનું છે, ત્યારે તેઓશ્રીએ કહ્યું કે–હું હજી નવો દીક્ષિત છું. ત્યારે પૂ. વીરવિજયજી મ. સાહેબે કહ્યું કે એ બધું મારે જોવાનું છે. તારે આવતી કાલે વ્યાખ્યાન આપવાનું છે. તૈયાર રહેજે.

બીજે દિવસે વ્યાખ્યાનનો ટાઇમ થયો ત્યારે શ્રાવકો બોલાવવા આવ્યા ત્યારે વીર વિજયજી મહારાજે કહ્યું કે–આ રામવિજયજીને લઇ જાવ. ત્યારે શ્રાવકો તેમની પાસે ગયા અને પાટ ઉપર લઇ ગયા. વ્યાખ્યાન વીરવિજયજી મ. પાછળ રહીને સાંભળતા હતા. રામવિજયજી મહારાજે સનકિત સણસઠ બોલની સજ્ઝાય કરેલી તેનાં ઉપર વ્યાખ્યાન આપ્યું તે સાંભળીને બધા ખુશ થઇ ગયા. વીરવિજયજી મહારાજ પાસે આવ્યા ત્યારે તેમને કહ્યું કે તુમને અચ્છા વ્યાખ્યાન કીયા. તે પછીથી તેમનું વ્યાખ્યાન ઠેઠ સુધી કાલધર્મ પામ્યા ત્યાં સુધી ચાલુ જ રહ્યું હતું.

એક સમયે અમદાવાદ વિદ્યાશાળામાં વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે નિયમ હતો કે દરેક સાંભળનારાએ સામાયિક લઇને બેસવું તે સમયે હું પણ પ્રવચન સાંભળવા માટે

મારા સંસારી ભાઇ સાથે જતો હતો ત્યારે મારી ઉંમર ઘણી નાની હતી તે વખતે આખો વિદ્યાશાળાનો હોલ ભરાઇ જતો હતો તે વખતે રામવિજયજી મહારાજ તેમનાં પોતાનાં નામથી ઓળખાતા હતા.

૧૯૯૦ ના સંમેલનમાં પણ તેમને આગળ રાખતા હતા. તેમના વ્યાખ્યાનમાં સાંભળનારા અગાઉથી આવી જતા હતા. મારી સમજમાં સૌથી મોટી સભા અમદાવાદની અને સૌથી નાની સભા ભાવનગર પાસે વરતેજ ગામની મેં જોએલી છે, ત્યારે મેં પુછેલું કે આટલી નાની સભામાં વ્યાખ્યાન કઇ રીતે આપો છો ? ત્યારે તેમણે કહેલું કે સભા નાની હોય કે મોટી હોય ત્યારે એક સરખું વ્યાખ્યાન આપું છું

તે પછી તેમના વ્યાખ્યાનમાં હોકેને સાંભળવાનો એક સારખો રસ રહેતો હતો. તેમના આવતાં પહેલાં સભા ચિકકાર થઇ જતી હતી. તેમનાં વ્યાખ્યાનમાં કદી પણ વિરોધાભાસ આવતો નહીં. વર્ષો પહેલા જે બોલ્યા હોય તે જ વર્ષો પછી પણ વ્યાખ્યાનમાં આવે આથી પૂ. સાગરજી મહારાજ પૂ. આચાર્યશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ વગેરે તેમની પાસે જ વ્યાખ્યાન કરાવતા. તેમની સ્મરણ શકિત એટલી તીવ્ર હતી વર્ષો પહેલા બોલેલું બધું બરાબર યાદ રહેલું હતું.

તેમની પાસે કોઇ આવ્યું હોય તો ફકત ધર્મની જ વાત કરતા. કોઇને દીક્ષા લેવાની વાત કરતા નહીં તેમ છતાં તેમની પુન્ય પ્રકૃતિથી સેંકડો સાધુઓ અને સેંકડો સાધ્વીઓ થયા હતા.

તેઓશ્રી બીમારીમાં પણ સમાધિ રાખતા કદી પણ હાયવોય કરતા નહીં. છેલ્લે ૯૬ વર્ષની ઉંમરે પણ તેઓ સ્વાધ્યાય અચુક કરતા. તેઓશ્રી કાલધર્મ પામ્યા ત્યારે આખું અમદાવાદ ભાવિકો તેમની સ્મશાન યાત્રામાં જોડાયા હતા. મ્યુનિસિપાલીટી ન્યાય તથા કેન્દ્રનાં આગેવાનો પણ તેમના દર્શનાર્થે આવ્યા હતા. તેમનાં અગ્નિસંસ્કારની ઉપજ લાખો રૂપિયાની થઈ હતી. તેમને આજે પણ ઘણા યાદ કરે છે. તેમના જેવા શક્તિશાળી કોઇ થયા નથી. તેમજ વર્ષો સુધી તેમના જેવા કોઇ થાય તેવું લાગતું નથી. કાળધર્મ સં. ૨૦૪૭ ના અષાડ વદ-૧૪ અમદાવાદ કાળધર્મ પામ્યા અને તેમનો અગ્નિસંસ્કાર વદ ૦)) + ૧ ના સાબરમતી અમદાવાદમાં થયો હતો.

સાગરના સપાટી પરથી મંદપણે પવન વહેતો હતો, ત્યાંની સપાટી પણ સ્થિર હોય એવું લાગતું હતું. અને નાવ મધ્યરિયે સ્થિર ગતિએ ચાલતી હતી. ત્યાં પવન સુસવાટભેર ફૂંકાવા લાગ્યો સાગર તોફાની નિશાળીઆની જેમ તોફાને ચડયો એના પાણી વાંભ-વાંભ ઉછળવા લાગ્યાં. આમ પવન અને પાણીના પ્રચંડ મારાથી પેલી નાવ હાલક ડોલક થવા માંડી. સખ્ત પવનથી સઢ પણ ચીરાવા લાગ્યો સૂકાન કામ બહાર જવા માંડયું પાણીમાં નહિ દેખાતા ખડકો સાથે અથવા દૂર સુદુર દેખાતા ખડકો સાથે અથડાઇને નાવ તુટી જવાની ભીતિ સૌને લાગી બધા જ ખલાસીઓ અને પ્રવાસીઓ પોતાના પ્રાણની ચિંતામાં ડૂબી ગયાં. આ નાવને કયાંક કિનારો સાંપડશે ? કે અમારું જીવન આ સાગર ભરખી જશે. આ નાવનુ સુકાન સંભાળીને અમને કોણ બચાવશે ? પણ સૌ ખલાસીઓ અને પ્રવાસીઓને મુખ્ય સુકાની પ્રત્યે જોરદાર આશાવાદ હતો અને મુખ્ય સુકાનીએ પણ પોતાની નિષ્ઠા કુશળતા અને ખંતથી સુકાન સંભાળી લીધું. પાણીના અંદર-બહારના ખડકો મગરો અને વહેણોથી બચાવી બચાવીને નાવને સ્થિર કરવા માંડી. આ જોઇને નાવમાં રહેલા બધાની અંતરની આશા અને સુકાની પ્રત્યેની શ્રદ્ધા સફળ બનતી ગઇ. અને આવા ભયંકર તોફાનમાંથી પણ હવે ક્ષેમકુશળ પૂર્વક સાગરની

શ્રી જિન શાસનના સફળ સુકાની

પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂ. મ. શાહપુર, અમદાવાદ

પાર પહોંચી જઇશું એવો વિશ્વાસ જાગ્યો અને એ સુકાનીએ પ્રત્યેક ઝંઝાવાતી તોફાનોને પારખવાની અને પારપામવાની શકિતથી આત્મ વિશ્વાસ પૂર્વક નાવને હંકારી અને કિનારે પહોંચાડી.

આ સંસાર અપાર સાગર છે જિનશાસન રૂપી નાવ, સુધારકવાદીઓ સિદ્ધાંત વિરોધિઓ દ્વારા જ્યારે જકડાઇ હતી. અને એની દિશા ફંટાઇ ગઇ હતી, ત્યારે મુખ્ય પ્રવાહ ભણી જ ચાલતી રાખવાનું સફળ સુકાનીથી જ શકય બન્યું હતું. પોતાના ભીષણ જડતામાં સત્ય સિદ્ધાંતને જકડી લેવા જ્યારે સિદ્ધાંત વિદ્રોહિ મગરો ઉછાળા ભરતા હતાં અને સંઘની શકિતના નીરને ડહોળી રહ્યા હતા ત્યારે સદ્‌ભાગ્યે સાંપડેલા આ સુકાનીએ જ સત્યમાર્ગના આરાધક શ્રી સંઘના ચારેય અંગોમાં સિદ્ધાંત વિરોધ સાથે ઝઝુમવાનું શિખવ્યું હતું. અંદરનાજ કેટલાક ખલાસીઓએજ જ્યારે આ નાવને ભ્રામક એકતાના ખડકો સાથે અથડાવી મારવાની પ્રવૃત્તિ આદરી ત્યારે પણ ખૂબ જ સત્વપૂર્વક નિષ્ફળ બનાવી.

અને સત્યમાર્ગે કેમ ટકી રહેવું એનું શ્રદ્ધાબળ સિંચ્યું સત્ય સિદ્ધાંતને શ્વાસોશ્વાસમાં ઘૂંટનારા સિંહસમા એ સફળ સુકાની કોણ હતા ? શું એમનું નામ આપવું પડે ?

સૂર્યનો પરીચય તો ઘુવડને જ આપવો પડે.

પ્રાન્તે પરમારાધ્યપાદ પૂ. ગચ્છાધિપતિશ્રીજી પાસે એટલી જ દિવ્ય કૃપા વર્ષાની અપેક્ષા છે કે, અમે પણ સિદ્ધાંત માર્ગની આરાધના-રક્ષા અને પ્રભાવનામાં યથાશક્ય શક્તિમાન બની સ્વપરના આત્મ કલ્યાણ સાધક બનીએ.

૦ શ્રી જિનની આજ્ઞાનો પ્રેમ આવી જાય, આજ્ઞા પ્રધાન જીવન જીવવાનો નિર્ણય થઇ જાય, પછી 'હું શું છું' અથવા તો 'હું કેવો વિદ્વાન આદિ છું'—એ બીજાને બતાવવાનું મન જ પ્રાયઃ રહેતું નથી. એને મન પોતાને કોઇ સારા કહે એની કુટી કોડિની ય કિંમત હોતી નથી. શ્રી જિનને અને શ્રી જિનની આજ્ઞાને કોઇ પામે, એની જ એને ખરી કિંમત હોય છે. તમે જેને સારા કહો તે સારા જ હોય ને ? તમે જેને સારા કહો તે સારા કે શ્રી જિનની આજ્ઞા જેને સારા કહે તે સારા ? આજે મોટેભાગે તો એવું ચાલી પડયું છે કે- પરસ્પરને સારા કહેવા. સારા તે કે જે અમને સારા કહે, એવું છે ને ? તમને સારા ન કહે એ સારા હોય તો પણ તમને એ સારા લાગે ખરા ? જો આપણે શ્રી જિનની આજ્ઞા જોઇએ નહિ અને તમે અમને સારા કહો અને અમે તમને સારા કહીએ, તો એમાં આપણો નિસ્તાર કે અધઃ- પાત !

આરાધ્યપાદ પૂ. આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા કહેતા હતા કે- "આજે પ્રાયઃ ગદ્ધા ખુરકણી ન્યાય ચાલી રહ્યો છે. ગધેડાં ભેગાં થાય એટલે એક ગધેડું બીજા ગધેડાને કરડે અને બીજું ગધેડું પેલા ગધેડાને કરડે એક-બીજાને કરડે, અને ચળ શમાવ્યાનો સંતોષ માણે.

—કથાઓ અને કથા પ્રસંગો ભાગ ત્રીજો.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

પ્રભાવક પ્રાચીન પરંપરાના સાંપ્રતકાલીન સમુજ્જવલ સંવાહક તરીકે સિદ્ધાંતનિષ્ઠ આચાર્યદેવ શ્રીમદ્ વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા વીર પ્રભુના વારસાને જે રીતે દીપાવી ગયા. એ ઘટનાઓ તો ખૂબ ખૂબ રોમાંચકારી છે. સિદ્ધાંત-સંરક્ષક અને સત્ય-નિષ્ઠ તરીકે પૂ. આ. ભ. શ્રીમદ્ વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.ના પુણ્યનામથી આખા જૈન જગતમાં ભાગ્યે જ કોઇ અજાણ હશે ! પૂ.શ્રીના પ્રચંડ પુણ્યનો પ્રભાવ પ્રત્યક્ષ અનુભવવો હોય તો તેમના દર્શન થતા અને વાણી સાંભળતા જ લાંજ પીગળી જાય. ૬૬ વર્ષનું સમગ્ર જીવન સત્યની પ્રતિષ્ઠા કરવા પાછળ જ ખર્ચાયું છે. જીવનમાં ઉભા થયેલા અનેક વિકટ પ્રસંગોમાં સત્યનો ઝંડો અણનમ રાખીને તેઓશ્રીને સિધ્ધાંતનિષ્ઠાની જે પ્રતિષ્ઠા જાળવી છે. અત્યારે પણ જનજનની જીભે વસેલા પૂ. આ. દેવ શ્રી અનેરી વિરલ વિભુતિ છે. ખડક સમી ખડતલ સિધ્ધાંતનિષ્ઠા અને બાહશાહી બહુમાનમાયે અક્ષિપ્ત રહેવાના સદ્ગુણથી સંપન્ન પૂ. શ્રી જૈન જૈનેતર જગતમાં સુવિખ્યાત છે. ભૌતિકતાના ઝંઝાવાતી ખળો સામે કમર કસીને સૈદ્ધાંતિક વિચાર ધારાનો પ્રસાર કરતાં આ. દેવશ્રીને આતકાર સાંપડે કે વિરોધતા વંટોળ ઉડે. તોય અસિધારા વ્રતનું પાલન

—: સત્ય અને આદર્શની મૂર્તિ :—

—પૂ. મુ. શ્રી પુણ્યધન વિજયજી મ.

કરતા રહીને એક અનોખો આદર્શ ખડો કરી ગયા. જિજ્ઞાસુના જિગરને સત્વરે પારખી લેવું એ પૂ.શ્રીની સર્વતોમુખી પ્રતિમાનું એક પનોતું પાસુ છે.

હૃદય સ્પર્શી સમાધાનની સિદ્ધ કાજે, ધર્મના મર્મને સમજાવતી તેઓશ્રીની વાણી એક વેધક અને અજોડ સાધન છે. પ્રવચન સભામાં પૂ.શ્રીજી જેટલું ઠોઠાર કથન કરી શકે છે. તેટલું જ કે.મળતા પૂ.શ્રીજીના વ્યકિતગત સંપર્કમાં અનુભવી શકાય છે. સંસારના સાર્જનમ મૂળભૂત બે તત્વો સુખ અને દુઃખ ઉપર વર્ષો સુધી શાસ્ત્રલક્ષી ચિંતન કરીને તેઓશ્રી એ તત્વોની એવી અપૂર્વ છણાવટ કરી ગયા કે સુખ-દુઃખ જેવા સામાન્ય લાગતા તત્વો પાછળ સમાયેલા વિરાટ રહસ્યોનો ભેદ કળી જઇને આપણેય બોલી ઉઠયા વિના ન રહીએ કે સુખ ભુંડું ને દુઃખ રૂડું...

"દૃષ્ટિ ખૂલી જાય તો દુઃખો ઘણાં સારાં છે ભૂડાં હોય તો આ સંસારના સુખો છે" તેઓશ્રીની વાણીમાં સદાય ગૂંજતો રહેતો આ રણકાર સાંભળવો, એ જીવનનો અણમોલ લ્હાવો હતો. વાત એકની એક હોવા છતાં રજૂઆતની ભાત નિરાળી ! વાણી પરનું આવું વર્ચસ્વ કોઇકમાં કયારેક જ જોવા મળે !

સુખનો સ્નેહ છોડો, દુઃખનો દ્વેષ તોડો; પછી મિથ્યાત્વ મરશે. અને પછી સમ્યગ્‌દર્શનનો સૂર્ય ઝળહળશે અને સર્વે વિરતિ પામીને સિદ્ધ થવાશે. આ પૂ.શ્રીજીની દેશનાનું કેન્દ્રબિંદુ હતું. આ કેન્દ્રબિંદુની આસપાસ જ તેઓશ્રી વર્ષોથી ઘૂમી રહ્યા હતા. છતાં એ વાણી નિત્ય-નવીન લાગે. આ કાંઇ જેવી તેવી વિશેષતા નથી !

પૂ. શ્રીજીનો જન્મ વિ. સં. ૧૯૫૨ના ફાગણ વદ-૪ને શુભ દિવસે દહેવાણ ગામમાં થયો હતો. ૧૭ વર્ષની વયે ખીલતી યુવાનીમાં સં. ૧૯૬૯ના પોષ સુદ-૧૩ને દિવસે ગંધાર તીર્થે સંયમજીવન સ્વીકાર્યું. નાની ઉંમર અને ઠીંગુ શરીર અને તેજસ્વી મુખમુદ્રા જોતા જ હૈયું ત્યાં ઠરી જાય અને થોડા જ વર્ષોમાં શાસ્ત્રોનાં રહસ્યોનું ઉંડું આવગાહન કરી લીધું.

અમદાવાદમાં ભદ્રકાળી મંદિરે થતો હિંસાને અટકાવીને ત્યાં "અહિંસા પરમો ધર્મ"નો ઝંડો લહેરાતો રાખવામાં સફળ થયા હતાં. 'શ્રી રામ વિજયજી મહારાજ' તરીકે તેઓશ્રીની કીર્તિ વ્યાપક થવા લાગી. પછી તો એ વિરાગી વાણીએ કૈંકને ભોગમાંથી ભગાડયા. એ વાણીનું તો જેને પાન કર્યું એ સૌના જીવનમાં વિરલ પરિવર્તન આવી ગયું. પૂ.શ્રીજીએ ઝંઝાવાતોમાં ય અચળ રહીને શાસન રક્ષા કર્યું છે. અનેકના અપમાન ગળી જઈને પણ સત્યનું સમર્થન કર્યું છે. સત્ય અને શાસન કાજે એકલા રહેવું પડે તો પણ પોતાના શિષ્યની ચિંતા પણ કરી નથી.

'અસાર હોય તો આ સંસાર છે. મેળવવા જેવો હોય તો એક મોક્ષ છે. અને લેવા જેવું હોય તો એક સંયમ છે !' આ ધર્મનાદ ઘર-ઘરમાં ગુંજતો કરવા કાજે પૂ.શ્રીજી વૃદ્ધ વયે પણ દેહની દરકાર કર્યા વગર જિન-વાણીનો અસ્ખલિત ધોધ વહાવી ગયા એ જોઈને આપણું હૈયું નાચી ઉઠે ! કે જમાનાવાદના તોફાની સાગરમાં દીવાદાંડી સમું તેજોમયજવલ જીવન-કથન ધરવતા પૂ.પાદ આચાર્યદેવશ્રીનું અસ્તિત્વ સંઘ અને સમાજના બડભાગ્યનું પ્રતીક છે.

જીવનના આરંભકાળે જ જે વ્યક્તિ-શક્તિ કોઇ મહાસાગર સમી મહાનદીના ઉદ્‌ગમધામ રૂપે વહેતી થઇ હતી; ત્યારે પણ જેની ઉંડાઇને માપવા જેની ઉંચાઈને ઓળંગી જવા અને જેવો પહોળાઈને પાર કરવા અપાર અગાધતા અને અનુલ્લંઘ્ય વિરાટતાના પ્રભાવથી સંપૂર્ણ જૈન જગત ઉપર એક "યુગ પુરૂષ" તરીકે છવાઇ જઈને શાસન પર ઉપકારની અવિરત ધારા વહાવતી પોતાની સંયમ યાત્રા હતી.

આ પ્રભાવક મહાપુરૂષે જૈન જગતમાં દેવગુરુના ભક્તિક્ષેત્રોમાં અનેક નવા વિક્રમો સ્થાપિત કર્યા આટલી સુદીર્ઘ ચારિત્રયાત્રા વીતવા છતાં જેમનો વાણીમાં વર્ષોથી ઘુંટાતા શબ્દો બદલાયા નથી. જેમની શાસ્ત્રાધારિત વિચાર ધારાને કોઇ મીન મેખ ફેરવી શકયું નથી. જમાનાવાદના ઝંઝાવાત વચ્ચે તેઓશ્રી એક અનસ્ત દીવાદાંડી સમો ઝળહળતી ઝિંદાદિલી સાથે નક્કર ટકકર લેતા રહીને એક નીડરનાયક તરીકેનું ઉત્તર દાયિત્વ જીવન જીવી ગયા. અને તેઓ હમારા ઉપર એવા આશીર્વાદ, વરસાવે કે હમો પણ તેમના પગલેપગલે ચાલીએ એજ અંતઃ કરણની અભ્યર્થના મહાસમર્થ યુગપુરૂષને અમારી કોટિ કોટિ વંદના !

મહાપુરૂષનું ગુણવર્ણન શું કરવું તે જ સમજી શકાતું નથી. વર્ત્તમાનના વિલાસી વાયરાઓની અસરમાં આવી મોજશોખમાં પડેલી મારા જેવીનું જીવન વહેણ પલટી મને સંયમ માર્ગે ચઢાવી તે ઉપકાર તો કયારેય ભુલીશ નહિ. સંયમ આપ્યા પછી ભૂતકાળની મોજ મજાની જાણે સજા ન હોય તેમ મારી શારીરિક શકિત ઘણી જ ક્ષીણ થઇ ગઇ. પણ મારા ઉપર પિતાની જેમ જે વાત્સલ્યની હેલી વરસાવી. 'દુઃખ તો આપણી ભુલોની સજા છે. આપણા પાપનું ફળ છે માટે તેને મજેથી વેઠવું જ જોઇએ.' સાધુપણામાં અનુકુળતામાં ઉદાસીનતા અને પ્રતિકુળતામાં પ્રસન્નતા કેળવવી જ જોઇએ.' આવા આશ્વાસન શબ્દોથી મને સહન કરતા કરી દીધી. અને સમાધિની સુલભ માર્ગ સમજાવી દીધી. આવું સમાધિ સ્રોતનું ઝરણું આવા વાત્સલ્યવારિધિ વિના બીજા કોણ વહાવે ?

: સમાધિદાતા પૂ. ગુરૂદેવ કેમ વિસરાય ! :

—પૂ. સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.

તે જ રીતે ૨૦૪૫ ના શ્રી રીખવચંદજી છોગાલાલજીનો સાહેબજીની નિશ્રામાં, અમદાવાદથી પાલીતાણાનો છ'રી પાલક યાત્રા સંઘ નીકળેલ અને છેલ્લા મુકામે ગુરૂકુળ જતાં મોખડકા ગામ પાસે હું અને મારા ગુરૂ મ. ટ્રકની હડફેટમાં આવી ગયા. બેભાન જેવા બની ગયા. તે વખતે પણ વિહાર કરીને પાછળથી આવતા સાહેબજીએ ડોલી ઊભી રખાવી અમને સ્વયં વાસક્ષેપ નાંખ્યો. માંગલિક સંભળાવ્યું અને કર્મસ્થિતિ સમજાવી અમને અપૂર્વ બળ આપી, જીવનમાં નવા પ્રાણનો સંચાર ન કરતા હોય તેમ સમાધિનો સંદેશ સંભળાવ્યો. આ બે પ્રસંગોથી મારામાં નવી ચેતનાનો સંચાર થયો. શરીર પુણ્યબળ ઓછું, નાની-મોટી તકલીફો કાયમી ઘર કરી ગઇ હોવા છતાં મંત્રાક્ષર સમાન સાહેબજીના શબ્દો કાનમાં હજી ય ગુંજ્યા કરે છે અને મન જરાક અસ્વસ્થતા કે અસમાધિ તરફ જતું હોય તો તરત જ લગામ લગાવી સમાધિ રાખવાનું બળ પ્રેરે છે.

આવા સમાધિદાતા સાહેબજીના ચરણોમાં અનંતશઃ વંદનાવલિ કરી એક જ પ્રાર્થના ! કરું છું કે—હે સમાધિ સર્જક સાહેબજી ! આપના જેવી સમાધિ જીવનભર બની રહે અને સંયમયાત્રા સુંદર જીવાય તેવું બળ અને દિવ્યકૃપા આપની આ નોંધારી બાળા ઉપર સદૈવ વરસાવો !...

વાતસલ્યદાતા પૂ. આચાર્ય મહારાજ

- અ. સૌ જ્યોત્સનાબેન ભરતકુમાર
અમદાવાદ

પૂ. આચાર્ય મહારાજના અતિ નિકટના પરિચયમાં તો ન ગણાવું પણ ઘરના ધાર્મિક સંસ્કારોને કારણે પૂ. બાપજી મ. અને પૂ. આચાર્ય મહારાજની પાસે વંદનાદિ માટે તો અવાર-નવાર જવાનું થતું. તેમાંય અમારા કાકી પૂ. શ્રી અરૂણાશ્રીજી મ. ની અમારા કુટુંબ ઉપર પુરી છાયા ! તે પછી મારા ભાઈ મ. પૂ. શ્રી પ્રશાંતદર્શન મ. ના કારણે પૂ. આચાર્ય મહારાજને નજીકમાં આવવાનું બનતું. અવાર-નવાર તેઓશ્રીજીના વરદ હસ્તે વાસક્ષેપ પણ મળતો. ત્યારે તેઓશ્રીજીના હાર્દિક વાત્સલ્યની અનુભૂતિ થતી.

મારા સસરાજી તો પૂ. આચાર્ય મહારાજના જ ભકત છે. ૧૯૭૬ માં ચંદ્ર વિલારા ઉોટલો અને ભદ્રકાળી ઓકડાના વધના પ્રસંગોએ, ત્યારના પૂ. મુનિશ્રી રામવિજયજીના જે પ્રવચનો થતા તેના તેઓશ્રી સાક્ષી પણ છે. એ વાતો તો આજે એક ભવ્યભૂતકાળ બની ગઇ છે. પણ તે વાતો સાંભળીએ તો પૂ આચાર્ય મહારાજ પ્રત્યે અપૂર્વ આદર-ભાવ બહુમાન થયા વિના રહેતું નથી અને મનમાં થાય કે આવા સદ્‌ગુરુની પ્રાપ્તિ મહાપુણ્યોદય વિના થઇ શકે નહીં.

પૂ. ભાઇ મ. પૂ. આચાર્ય મહારાજને અમને બે શબ્દ કહેવાની વિનંતિ કરતા તો પૂ. આચાર્ય મહારાજ વંદનાદિમાં વ્યસ્ત-મગ્ન હોય તો ય કરૂણાભાવથી વાત્સલ્ય વર-સાવતા કહેતા કે-'કયાં સુધી સંસારમાં રહેવું છે ! તાકાત હોય તો સાધુ થઇ જાવ, તે સાધુપણાની તાકાત ન હોય તો શ્રાવક થાવ, સારા ધર્માત્મા થાવ. તમો બધા સાચા ધર્માત્મા બનશો તો તમારા ઘર સુધરી જશે.

આ મનુષ્યભવ વહેલામાં વહેલા મોક્ષે જવા માટે છે. તમારા આ નાના નાના છોકરાઓને ધર્મનું ભણાવજો. તમારામાં ધર્મ નહીં હોય તો આ બધામાં કયાંથી આવશે ? બધા ઉપરથી માયા-મમતા ઘટાડી આત્મ સાધનામાં લાગી જાઓ.

વાત્સલ્યની હેલી વરસાવેલા આ શબ્દો યાદ આવતા આંખ ભીની થઇ જાય છે. કેવું અપૂર્વ વાત્સલ્ય વરસાવતા હતા આંખોમાંથી અમી ઝરાવતા હતા કારૂણ્યમય હૈયાના સ્વામી હતા. આવા વાત્સલ્ય દાતા પૂ. આચાર્ય મહારાજના ચરણકમલમાં ભાવભરી અનંતશઃ વંદનાવલી હોજો !

卐

'सुष्ठु अध्ययनम्' એ સ્વાધ્યાય શબ્દનો વ્યુત્પત્તિ નિમિત્ત અર્થ છે.

'तपसा निर्जरा' કહીને શાસ્ત્રકાર પરમર્ષિઓએ તપના જે બાર પ્રકારના ભેદો છે તેમાં અનશન-ઉણોદરી-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ છ ભેદ બાહ્યતપના કહ્યા છે અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાઉસ્સગ્ગ અને ધ્યાન એ છ ભેદ અભ્યંતર તપના કહ્યા છે. જે બાહ્યતપ, અભ્યંતર તપનો પોષક ન હોય તો તે તપ એ વાસ્તવિક તપ નથી પણ માત્ર શરીરને તપાવનાર તાપ રૂપ તપ છે. ઉપકારી મહર્ષિઓએ તો ભારપૂર્વક કહ્યું છે કે, બાર પ્રકારના તપ વગરનો સાધુ એ માત્ર જીવતુ-જાગતું હાડપિંજર જેવો છે.

આ બારે પ્રકારના તપોમાં 'સ્વાધ્યાય' એ બહુ જ જરૂરી તપ છે. સ્વાધ્યાય એ આત્મજાગૃતિ કરનારો છે, આત્મપ્રબોધક છે અને આત્મવિશુદ્ધક પણ છે. સ્વાધ્યાયના કારણે જે કાંઇ જ્ઞાન પ્રાપ્તિ થઈ હોય તે સમ્યક્ કોટિની પરિણતિ રૂપ બને છે. આત્માની નિર્મલતા માટે અને આત્મા ઉપર અનાદિકાલીન એક છત્રી રાજ્ય ભોગવતી કર્મ-સત્તાને કાપવ માટે સ્વાધ્યાય એ પરમશ્રેષ્ઠ આલંબન છે. કેમકે કહ્યું છે કે– અજ્ઞાની

સ્વાધ્યાય રમણતા

— પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મહારાજ

જીવ કરોડો વર્ષે જે કર્મો ખપાવે છે તેટલાં કર્મો જ્ઞાની જીવ માત્ર શ્વાસોશ્વાસમાં ખપાવે છે.

સ્વાધ્યાયથી જ ક્ષણે ક્ષણે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. વૈરાગ્યથી વાસિત બનેલો જીવ આ સંસાર-વાસને મોટામાં મોટી જેલ માનીને તેમાંથી નીકળવા પ્રયત્ન કરે છે અને તેમાંથી બહાર નીકળેલો જીવ પાંજરામાંથી મુકત થયેલ પક્ષીની જેમ 'મુકિત'નું ગીત ગાય છે. માટે જ ઉપકારી પુરુષો ચેતવણીનો સૂર વહાવતા આત્માને શિખામણ આપી રહ્યા છે કે– **'स्वाध्यायान्मा प्रमदः** – સ્વાધ્યાયમાં કયારે પણ પ્રમાદ સેવતો નહિ, આળસ કરતો નહિ. સ્વાધ્યાય વિના કોઇ પણ ક્રિયા વિશુદ્ધ રીતે બની શકતી નથી. માટે જ સ્વાધ્યાયની મહત્તાને આંકતા મહાપુરુષો ફરમાવે છે કે–

बारसविहम्मि वि तवे सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।
नवि अत्थि नवि अ होही, सज्झायसमं तवोकम्मं ।।"

શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલ, બાહ્ય અને અભ્યંતર સ્વરૂપ બારે પ્રકારના તપ-ધર્મને વિષે, **સ્વાધ્યાય સમાન તપ કર્મ કોઇ છે નહિ અને થશે પણ નહિ.**

કારણ કે

सज्झायेण पसत्थं झाणं, जाणइ अ सव्वपरमत्थं ।
सज्झाये वट्टन्तो, खणे खणे जाइ वेरग्गं ।।"

સ્વાધ્યાયથી જ પ્રશસ્ત–નિર્મલ ધ્યાન આવે છે અને સ્વાધ્યાયના કારણે સઘળા ય પરમરહસ્યોનું પરમાર્થભૂત સાચું જ્ઞાન પેદા થાય છે. અને સ્વાધ્યાયમાં જ મગ્ન એકતાન બનેલો જીવ ક્ષણે ક્ષણે વૈરાગ્ય ભાવને પામે છે.

વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા આ પાંચ પ્રકારનો સ્વાધ્યાય છે. જેના યોગે આત્મા આ કલિકાળમાં પણ પૂર્વધર કાલીન મહાપુરુષોની ઝાંખી કરાવે છે.

આવી જ ઝાંખી આ કાળમાં પણ પ્રાતઃ સ્મરણીય, પરમારાધ્યપાદ, પરમશ્રધ્ધેય પરમગુરુદેવેશશ્રીજી કરાવી ગયા. સ્વાધ્યાય વિના સાધુપણાનો સાચો સ્વાદ આવવો સુદુર્લભ છે' આ વાત જે સમજ્યા તે પોતાના જીવનમાં યથાર્થ અમલી બનાવીને ગયા. જે સૌની નજર સમક્ષ છે કે–શાસ્ત્રવાચન વિના બીજું તેઓને પ્રિય હતું જ નહિ. સ્વાધ્યાય તરફ દુર્લક્ષ સેવનારા માટે દયા જ ચિંતવતા હતા. સ્વાધ્યાયની અપૂર્વપ્રીતિ હતી. સ્વાધ્યાય જ તેઓશ્રીજીનું જાણે અવિભાજ્ય અંગ ન હોય તેની પ્રતીતિ વારંવાર ભાવિકોને થતી ૬–૬ કલાક દરરોજ બેસીને શાસ્ત્ર વાંચન કરતા હતા. કોઈપણ નાનાં બાળકને લઇને તેના માતા–પિતા કે વડિલ આવતા તો પૂજ્યશ્રીજી તેમને ઉદ્દેશીને કહેતા કે–"આને પાંચ પ્રતિક્રમણ જીવવિચાર અને નવતત્ત્વ જરૂર ભણાવજો." કેવું અપૂર્વ વાત્સલ્યનું વહેણ તેઓ પૂજ્યશ્રીજીના હૃદયમાં વહેતું હતું !

જૈનકુળોમાં ધર્મભાવના જીવતી–જાગતી રહે તે માટે વારંવાર ઉપદેશમાં પણ એવા ભાવનું ફરમાવતા હતા કે–"તમારાં ભણેલાં–ગણેલાં સંતાનો પાંચ પ્રતિક્રમણ, જીવ વિચાર અને નવતત્ત્વ અર્થ સાથે ન ભણે તો છોકરો હોય તો તેનું કમાયેલું ખાવું નહિ અને છોકરી હોય તો પારકે ઘેર મોકલવી નહિ. જો આવો નિયમ બધા જ કરી લે તો દશવર્ષમાં તો તમારા ઘરોની સિકલ ફરી જાય અને જૈન શાસનની ઝાકોજલાલી થઇ જાય. આ હતી સ્વાધ્યાયની અપૂર્વ પ્રીતિમાંથી જન્મેલી વાસ્તવિક દયા ! સાચું રચનાત્મક માર્ગદર્શન !

સ્વાધ્યાયની સાચી લગની જગાવી, સ્વાધ્યાયનો સાચો પ્રેમ કેળવીએ તો આત્માની સાચી ગુણલક્ષ્મી પેદા થયા વિના રહે નહિ. સૌ કોઇ તેની દશાને પામો તે જ અભ્યર્થના સહ હે પરમકૃપાલો ! એવી દિવ્ય આશિષ વરસાવો કે અમારું જીવન પણ સ્વાધ્યાયમાં જ ઓતપ્રોત બની જાય અને પ્રાપ્ત પ્રજ્ઞાન પ્રકાશમાં આપના જેવો સ્વાધ્યાય રસ અનુભવી, સાધુપણાનો સાચો સ્વાદ આસ્વાદવાનું બળ પામીએ.

ખીચોખીચ ભરાયેલા વિશાળ પ્રવચનહૉલમાં ઊગતી જુવાની, શ્યામવર્ણ અને એકવડિયો છતાં કંઈક મજબૂત બાંધો ધરાવતો એક મુનિદેહ પ્રવચનપીઠ પર બિરાજમાન છે. એમની ધારદાર જબાનમાંથી આગઝરતા શબ્દો સતત વરસી રહ્યા છે. અને એ શબ્દોને ઝીલતા હજ્જારો શ્રોતાઓ એમની જાજરમાન દેહાકૃતિની જાદુ ભરેલી આંખોને અનિમેષનયને–એકીટસે–નિહાળી રહ્યા છે. સાંભળવાનું બંધ કરીને કાન પણ જાણે એ તેજવરસતી આંખોની મોહિનીને નિહાળવા માટે ઊંચા થઇ ગયા છે. સૌ તલ્લીન છે, સૌ એકાકાર છે, સૌ દત્તચિત્ત છે : પેલી આંખોના તેજમાં.....

તે કાળે અને તે સમયે વિક્રમની ઓગણીસમી સદી અસ્તભણી ઢળી રહી હતી; ત્યારે જમાનાવાદ, ભોગવાદ, સુધારાવાદ જેવા કૈંક વાદો–બિલાડીના ટોપની જેમ ચારેકોર ફૂટી નીકળેલા. અને આ તમામે તમામ વાદો પોતાના એકમાત્ર કટ્ટર દુશ્મન ધર્મવાદ ઉપર પૂરી તાકાત સાથે ત્રાટકેલા. 'ખાઓ, પીઓ અને અમનચમન ઉડાઓ'માં જ જિંદગીની સફળતા સમજનારા જમાનાવાદીઓએ ધર્મને પોતાનું લક્ષ બનાવેલું. અને

તેજ અંગારા કે તેજ ફુવારા

—પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિ વિજયજી મ.

એ ધર્મને વીંધી નાંખવા તેમણે ધર્મગુરુઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કેમ કે પોતાના રંગરાગ ફેશન વ્યસનના હવનમાં હાડકાં નાખનાર આ ધર્મગુરુઓ જ હતા. આંખમાંના કણાની જેમ સતત ખૂંચતા આ ધર્મગુરુઓને તેઓ કોઇપણ રીતે–સામદામદંડભેદમાંથી કોઇપણ ઉપાયથી 'ચૂપ' કરી દેવા માંગતા હતા, અથવા તો પોતાને પ્રતિકુળ પડે તેવા ધાર્મિક આચાર વિચારોમાં દેશકાળને નામે તેઓ મનઘડંત 'સુ' ધારાઓ (!) કાઢવવા માંગતા હતા. 'યયાતિ'–સંસ્કૃતિના આ વારસદારોની અપરંપાર બહુમતી પાસે પેલા ધર્મગુરુઓ તો સાવ જ પાંખી લઘુમતીમાં હતા. આ પરિબળ પણ ભોગ વિલાસીઓને સારું એવું પ્રેરકબળ પૂરું પાળતું હતું. અને પરિસ્થિતિ પણ તેમને અનુકુળ બનતી જતી હતી. ઘણા ખરા ધર્મગુરુઓએ તો ચૂપકીદી કયારની'ય પકડી લીધી હતી.

પણ અહીં, આ એક મુનિરાજ એકલવીર બનીને પહાડની જેમ અડોલ રહીને આ બધા સામે બાથ ભીડતા હતા. વૈભવવિલાસની જન્મભૂમિ જેવા મુંબઇ શહેરના મધ્યવર્તી વિભાગમાં આવેલા ઉપાશ્રયમાં આ મુનિરાજ રોજેરોજ બબ્બે કલાકના પ્રવચનોમાં જમાનાવાદની ઝાટકણી કાઢતા. સુધારાવાદના તેઓ ત્યારે ત્યારે લીરેલીરા ઉડાવતા. એમનો એક એક શબ્દ સહસ્રવેધી તીરની જેમ સુધારાવાદના મર્મોને ભેદી જતો. સુધારાવાદી-

એને ત્યારે પોતાના મનની મહેલાતો પત્તાંના મહેલની જેમ કડડભૂસ થતી દેખાતી અને તેઓ ઝનુની બનીને આ મુનિરાજ ઉપર તૂટી પડતા.

આ મુનિરાજ ઉપર અનેક જાસાચિઠ્ઠીઓ પણ આવા ચૂકી હતી. ગમે તે ક્ષણે પોતાનો જાન જોખમમાં મુકાઇ જાય તેમ છે : તેવું જાણવા છતાંય સુધારાવાદને બરબાદ કરી મૂકવાના મીશનને તેઓ અવનવા જોશ સાથે આગળ ધપાવતા હતા. તેમની રીતસર ચારિત્ર્યહનન સુધીની બદનક્ષી કરતી નનામી પત્રિકાઓ લગભગ રોજને હિસાબે બહાર પડતી જતી હતી. તોય તેઓ પોતાના માર્ગેથી પાછા ફરવાનું તો શું, પાછું વળીને જોવાનું 'યઃ ન તો વિચારી શકતા કે ન તો કલ્પી શકતા. જાસાચિઠ્ઠીઓ અને નનામી પત્રિકાઓનો સિલસિલો જેમ જેમ વેગ પકડતો જતો હતો તેમ તેમ મુનિરાજની આંખોમાં કોઇક અજીબ તેજ ઉભરાતું જતું હતું.....

અને આજે એ તેજનો ઊભરો અપાસરામાંની પ્રત્યેક વ્યક્તિને રપર્શતો હતો : કોઇકને એ દઝાડતો હતો તો કોઇકને એ ઠારતો હતો. અસ્ખલિતધારાએ ચોમેર વેરાતા જતા એ તેજબિન્દુઓએ વાતાવરણના અણુએ અણુમાં ગરમાટો અને સન્નાટો ફેલાવી દીધો હતો... બરાબર એ જ સમયે નખશિખ જલી ઊઠેલો કોઇક શ્રોત સ્થળ પળનું ભાન ભૂલી જઇને સટાક કરતો ઊભો થઇ ગયો અને આસપાસના શ્રોતાઓ કશું વિચારે તે પહેલા તો તેણે પ્રવચનકાર મુનિરાજ પર લાકડીનો છુટો ઘા કરી દીધો. અને વળતી જ પળે ધમધમાટ કરતો એ મુનિશ્રી તરફ ધસી ગયો. મુનિશ્રી સ્વસ્થ હતા શાન્ત હતા.... પણ.

હો હા મચી ગઇ એ સભામંડપમાં ઉશ્કેરાયેલા લોકો ખાસ કરીને જુવાનિયાઓ– 'માર-માર' કરતાં પેલા તરફ ધસમસ્યા કેટલાક શાણા માણસોએ વણસેલી પરિસ્થિતિને થાળે પાડવા અથાગ પ્રયત્નો કર્યા પણ આ લોકજુવાળને તેઓ કોઇ રીતે ખાળી ન શકયા. પળે પળ મહત્ત્વની હતી ગણતરીની પળોમાં શું નું શું થઇ જાય અને બિચકેલો મામલો કેવું વિકરાળ સ્વરૂપ પકડે એ કહી શકાય તેમ નહોતું. સૌથી વધારે તો 'પેલો જો પકડાયો તો, હતો ન હતો થઇ જવાનો' એ દહેશત સૌના મનને ધ્રુજાવતી હતી. જુવાનિયાઓના હોકારાપડકારા આ તરફ પેલાના કાનમાં પડયા ને એણે પાછળ જોયું તો પેલા જુવાનિયાઓમાં એને પોતાનો કાળ સાક્ષાત્ પોતાની તરફ ધસમસતો આવતો દેખાયો બસ, બેચાર મિનિટ પછી..... પછીના વિચારે એ ધ્રુજી ઊઠયો. ભયની એક ઠંડી ફંફારીએ એના રૂંવાડાં ખડાં કરી દીધાં.

ચકળવકળ થતી અને ચોતરફ ઘૂમતી એની નજરોમાં અચાનક પોતાની એકદમ જ નજદીકમાં એજ પ્રવચનખંડના એક ખૂણામાં આવેલા જિનમંદિરનું–ગર્ભદ્વાર આવી ચડયું. બીજી જ ક્ષણે એ ગર્ભદ્વાર પાસે અને ત્રીજી જ ક્ષણે એ ગભારાની અંદર

પેસી ગયો. અંદરથી એણે દરવાજો બંધ કરી દીધો. ભગવાન પાસે ઊભા રહીને, આંખો બંધ કરીને, બે હાથ જોડીને એણે પ્રાર્થના શરૂ કરી.....

વિશાળ હોલમાં પથરાયેલી ભીડને વીંધીને પેલા જુવાનિયાઓ સીધા ગર્ભદ્વાર પાસે પહોંચી ગયા અને અગ્રણીઓની ચિંતા આસમાને પહોંચી ગઇ. જુવાનિયાઓનો આવેશ આ લાકડાના દરવાજાને કે લોખંડની સાંકળને કે આગેવાનોની શાણી સલાહને : કોઇનેંય ગાંઠે તેમ નહોતો. તેમણે દ્વારને હચમચાવવા શરુ કર્યા. ખેલ ખલાસ થઇ જવાની ઘડીઓ ગણાતી હતી. પણ પ્રવચનપીઠ પર બિરાજમાન મુનિશ્રી સમય વર્તીને સર્વમંગલ કરીને અત્યંત ત્વરા સાથે તે જ ગર્ભદ્વાર પાસે આવી પહોંચ્યા. પૂરી જહેમત અને ભારે સમજાવટથી તેઓ પેલા જુવાનિયાઓના જુસ્સા અને ગુસ્સાને શાન્ત પાડવામાં સફળ થયા. પણ ધૂળરાખથી ઢંકાયેલા દાવાનળની જેમ પેલાઓ હજીય ધુંધવાતા તો હત જ. મુનિશ્રી સ્વયં ગર્ભદ્વાર પાસે એકદમ પાસે જઇ પહોંચ્યા. દરવાજાના સળિયામાંથી પેલો પણ બહારનો બધો ખેલ ધ્રુજતાં ધ્રુજતા નિહાળતો હતો. નિકટ પહોંચેલા મુનિશ્રીએ તેની આંખોમાં પોતાની આંખો પરોવી. દશ સેકંડ... વીશ સેકંડ.... અને ત્રીશમી સેકંડે પેલાએ બારણું ખોલી દીધાં. મુનિશ્રીની નજરે કોઇક જાદુઇ અસર ઊભી કરી હતી. પરંતુ તેના અંગેઅંગમાં હજી પણ ભયનાં કંપનો ફરફરતા હતા. તેના દિલોદિમાગમાં છવાઇ ગયેલું પેલા જમડાઓનું રૌદ્રરૂપ કેમેંય ખસતું નહોતું. પણ જ્યાં આ મુનિરાજે તેનો હાથ પકડ્યો ત્યાં એ બધું જ ગાયબ થઇ ગયું. ન જાણે એ મુનિરાજની હથેળીએ એને કેવો કરન્ટ આપી દીધો. એમની હથેળીમાંથી, એમના હૈયામ પ્રગટેલી દયા–કરુણાની વિદ્યુતનો સંચાર જાણે તેનામાં થયો હતો. મુનિરાજની હૃદય ધરા પર સદૈવ ઉભરાતા રહેતા મૈત્રીભાવ અને કરુણાભાવના મહાસાગરના અમીછાંટણા એને ભીંજવી ગયા હતા. હવે તે પોતાની જાતને સંપૂર્ણ સલામત માનતો હતો.

જુવાનિયાઓની કાળઝાળ કોર્ડન તોડીને, ઉપાશ્રયના પ્રલંબ અવગ્રહને ઓળંગીને, અને ચિક્કાર મેદનીની આરપાર પસાર થઇને કરુણામૂર્તિ મુનિરાજ પેલાને હેમખેમ દૂર દૂર સુધી મૂકીને જ્યારે પાછા પધાર્યા..... ત્યારે હજારો આંખો એમની બે આંખોમાં ખોવાઇ ગઇ હતી. એ જ તેજ, અકબર એ જ તેજ અત્યારે પણ ત્યાં ઉભરાતું હતું જે પ્રવચનપીઠ પર દેખાયેલું.

કોઇને હજીય સમજાતું નહોતું કે જાદુભરેલી આ આંખોમાંથી આખરે વરસે છે શું !

તેજ અંગારા કે તેજ કુવારા ?

o o o o

વિક્રમ સંવત ૧૯૮૫ કે' ૮૬ની આસપાસ મુંબઇના માધવબાગ–લાલબાગ વિસ્તારમાંના ઉપાશ્રયમાં બનેલી આ ઘટનાના કેન્દ્રવર્તી મુનિરાજ શ્રી રામ વિજયજી (વર્તમાનમાં સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સ.)નો પરાકાષ્ઠાને પામેલો આ મૈત્રીભાવ અને કરુણાભાવ જ બતાવી આપે છે કે પોતાની ઉપર પ્રાણાન્ત પ્રહાર કરનારાઓ ઉપર પણ એમની આંખોમાંથી તો નહીં તેજ કુવારા જ વરસી રહ્યા હતા..... અને હા, પ્રવચનપીઠ પર બિરાજમાન હોય ત્યારે એમની આંખોમાંથી તેજ અંગારા પણ કયારેક કયારેક વરસતા હતા ખરા, પણ તે સુધારાવાદ ઉપર, સુધારાવાદીઓ ઉપર નહિ !

(કર્ણોપકર્ણ સાંભળેલી આ ઘટનામાં કોઈ રજૂઆત અવાસ્તવિક બની હોય તો મિચ્છા મિ દુક્કડં.....!)

---

૦ સમકિતી સુખમય સંસારને પણ દુઃખમય જ માને છે. સમકિતમાં બધા ગુણ હોય, કદાચ ગુણ ન હોય તો ઇચ્છા પણ હોય, સમકિતમાં જે સમકિતના ગુણ જોઇએ તે ન હોય તો તેનું દુઃખ હોય, તેના પ્રતિપક્ષી દોષ પર દ્વેષ હોય, માટે તે ગુણી પણ ગણાય. સમકિતના સંવેગ લક્ષણમાં કહ્યું કે–

"સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક."

દેવપણાના અને મનુષ્યપણાના સુખને સમકિતી દુઃખ કરીને જ ચિંતવે છે. મોક્ષ સુખને જ ઇચ્છે છે. બીજી તેને ઇચ્છા જ ન હોય. સમકિતીની ટેક છે કે, સંસારના સુખને સુખ માનું જ નહિ તે નિશ્ચિત છે. દુઃખ વગર તે સંસારનું સુખ ભોગવી શકાય જ નહિ. ભૂખ વગર ખવાય તૃષા વગર પીવાય ? સંસારનું સુખ દુઃખથી મિશ્રીત જ હોય. મજેથી ભોગવે તો તે સુખ દુઃખ આપ્યા વિના રહે નહિ.

સંસારના સુખને સારું તો ગાંડા માણસો માને. મિથ્યાદૃષ્ટિ એટલે ગાંડા. સમકિતી એટલે ડાહ્યા, દુનિયાના ડાહ્યા ગણાતા તો પહેલા નંબરના ગાંડા છે, દુઃખી છે, મૂરખ છે, ભણ્યા છે-ગણ્યા નથી. ગમે તેવો વિદ્વાન પણ કામનો નહિ. ડોકટર દવા બતાવે, વકીલ કાયદા ભણાવે તે આપણું ભલું કરે નહિ.

આત્મોન્નતિનાં સોપાન ભાગ–બીજો.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રથમ પટ્ટધર પ્રથમ આચાર્ય પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ ઉપર વર્ષેલી ગુરૂકૃપા અને હૈયાના આશીર્વાદની ફળ પ્રાપ્તિનું પ્રત્યક્ષ દૃષ્ટાંત. જ્ઞાનોપાસના અને હૈયાની નિર્મળતાનો પ્રકાશ. ચિંતન-મનન અને નિદિધ્યાસનનું નિદર્શન તથા શ્રદ્ધામાંથી વફાદારીમાંથી પ્રગટતું સમ્યગ્દર્શન અને તેમાંથી પ્રગટતી સરસ્વતી. એ સરસ્વતીમાંથી વહેતો શાશ્વત સત્યોનો ધોધ. એ ધોધના નિર્મળ જળથી સિંચાતા કેક ભવ્ય હૈયાઓ તેમાંથી પાંગરતી ફેલાતી અને અનેકોને આદર્શ રૂપ બનતી મહાશાસનની ભવ્ય પ્રણાલિકા. આ સઘળું એટલે શાસન રક્ષક સૂરીશ્વર.

શ્રી જિનેશ્વર ભગવંતના પરમ માર્ગને સાદા-સરળ શબ્દોમાં આમ જનતા પાસે મૂકવો. તેના મૂળ મર્મને ખુલ્લો કરવો, હૈયા સોંસરો સુયોગ્યના હૈયામાં ઉતારવો, ભવોદધિ તરવાનો સીધો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવવો અને તે પણ એક સુપદમાં "સંસાર ભૂંડો, મોક્ષ રૂડો" આ કળા જામ થયેલી છે. પ્રવચન પ્રભાવક સૂરિદેવમાં.



ઉપસર્ગોનો સાગર ઉછળે, લોકહેરીનું પૂર વહેતું જ રહે, પણ ડગે એ બીજા ધર્મ તો શ્રી વીતરાગ ભગવંતનો જ. આજ્ઞા તો આગમની જ, દ્રવ્ય : ક્ષેત્ર-કાળ-ભાવ સાચા પણ તે સાધક, બાધક નહિ, શ્રી વીતરાગ જિનેશ્વર ભગવંતની આજ્ઞા વિનાનો ધર્મ જ નહિ, ધર્મ તારે જ. પરમાનંદ તો મુક્તિમાં જ સંસારમાં સુખનું નામ નહિ, કહેવાતું સુખ એ ભ્રમજાળ કલ્પેલી કલ્પના. વ્યવહારથી પુણ્યના ફળને વળગે તે ડુબે વગેરે વાતોનો ધોધ વહાવે જાય. તેઓશ્રીના પ્રવચનો સાંભળવા સૌ દોડાદોડ કરે. અપૂર્વ દેશનાનો ધ્વની જાણે સાંભળ્યા જ કરીએ. સમય કયાં જાય તેની ખબર જ ન પડે.

ઠીંગુ શરીર ને વિશાળ મન. ધર્મ પમાડવાની તાલાવેલી. અપ્રમાદી અને સદા ઉપકારી. ભોલે તે સાહુને ગમે. પ્રેમી પાગલ બને. જ્ઞાન અતિ બહોળું અને નિરભિમાનતા મનને ખેંચે એવી. એવા નિસ્પૃહ શિરોમણિ.

૯૬ વર્ષની જૈફ વયે વિચરે, સર્વને પાવન કરે. હજારો ભકતોને પણ ધર્મલાભ આપતા ન થાકે. અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ એ તો વરદાન. દેવદ્રવ્યના સંપૂર્ણ રક્ષક વિધિ માર્ગના પૂરા હિમાયતી. શાસ્ત્રીય હરફોઇ માન્યતાને આગળ કરીને જ જંપે.

આજના યુગનો અંધ માન્યતાઓનો જડબેસલાક જવાબ આપવાની અદ્ભુત કળા. નાના બાળ સાથે પણ રંગભરી ધર્મની વાત કરે અને આનંદે સૌને પોતાના જ માને.

શાસનના ગમે વગેરે માટે તેઓશ્રીનો ઉપદેશ જ કાફી થઇ પડે. વ્યકિતગત

કહેવાની જરૂર જ ન પડે. એક એક મહોત્સવો–પ્રસંગો એવા ઉજવાય કે જોનારને દિગમૂઢ બનાવી દે. હજારો અને લાખો રૂપીયાનો સદ્વ્યય પાણીની માફક થાય. જે જોઇને હજારો ભાવિકો ભૂરિ ભૂરિ અનુમોદના કરી પુણ્યનો વિપુલ સંચય કરે. આજ સુધી અનેક સ્થળે અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, ઉપધાનો, ૫૦–૫૦ દિવસનાં મહોત્સવો ઉજવાયા.

વર્તમાન કાળમાં આવો પુણ્ય પ્રભાવ બીજે જોવા મળે એમ નથી. તેઓશ્રીની નિશ્રામાં ઉજવાતા પ્રસંગોમાં ભક્તિના પૂર જાગે, શાસનની શોભા વધી જાય.

સિદ્ધાંત રક્ષણ એજ આત્મપ્રાણ તેઓશ્રીનાં પ્રવચનોએ તો અનેક આત્માઓને જગાડયા અને શાસનના સુભટો બનાવ્યા તેઓશ્રીનું પ્રવચન સાંભળત ઉઠવાનું દિલ ન થાય.

શ્રી મહાવીર સ્વામીજીની ૭૭ મી પાટને શોભાવતા અને ૭૬ વર્ષના સુદીર્ઘ સંયમ પર્યાયને પૂર્ણ કરીને જિન શાસનના શણગાર એવા આ મહાપુરુષના તારક ચરણોમાં કોટિ કોટિ વંદના.

૦ ચિત્તની ગંભીરતા એ ગુણરૂપ છે અને ચિત્તની ગુઢતા એ દોષરૂપ છે. મહાપુરુષો ગંભીર ચિત્તવાળા હોય છે, જ્યારે પાપરસિકજનો ગુઢ ચિત્તવાળા હોય છે. ગુઢ ચિત્તવાળો તે કહેવાય, કે જેના ચિત્તને બીજાઓ પ્રાયઃ જાણી શકે નહિ. સામાન્ય રીતિએ, એ જેવા ચિત્તવાળો જણાય, તેનાથી તદ્દન ઉલટા ચિત્તવાળો એ ખરી રીતિએ હોય. પોતાના ચિત્તને જે કળવા જ ન દે, એ ગુઢ ચિત્તવાળો કહેવાય. આને માયા, અસત્ય આદિ કેટકેટલાં પાપોનો આશ્રય લેવો પડે? આનામાં પોતાના દોષોને છુપાવવાની ખૂબ તાકાત હોય, જ્યારે ગંભીરમાં પારકા દોષોને છુપાવવાની સાચી તાકાત હોય. ગુઢ ચિત્તવાળો ક્રુરભાવમાં હોય, જ્યારે ગંભીર ચિત્તવાળો દયાભાવમાં હોય. હૈયું દોષોથી ભરેલું હોય, પણ આના હૈયામાં દોષ છે–એમ જણાઇ આવે, એવો કોઇ ભાવ એના મોંઢા ઉપરે ય આવે નહિ. એ ખરી રીતિએ ભયંકર માનવો હોય, તેમ છતાં પણ બીજાને એ મહા સરળ લાગે. દોષિત પોતે હોવા છતાં પણ, દોષિત તરીકે બતાવી શકે બીજાને અને પોતે નિર્દોષ લાગે. એવા માણસો ગુઢ ચિત્તવાળા કહેવાય.

—પતન અને પુનરુત્થાન ભા.–૧ માંથી

卐

વિશિષ્ટ જ્ઞાની પુરૂષોનું જીવન વિશેષતાઓથી ભરપૂર તો હોય જ, પરંતુ આ તો એક એવા મહાપુરૂષની વાત છે કે જેના જીવનનું કવન પણ જિહ્વાને સાર્થક બનાવે. સરસ્વતી પણ જેનું વર્ણન કરવા બેસે તો પૂર્ણપણે કરી ન શકે એવા આ મહાપુરૂષનું જીવન જ એક વિશેષતા કહી શકાય ! એનું વર્ણન કરવા મારી પાસે તો સામર્થ્ય જ કયાંથી હોય..! મારા જીવનનું એ પરમ સદ્‌ભાગ્ય છે કે એ આવા પુણ્યપુરૂષના ચરણે સમર્પિત બન. શકયું ! આતમના એ અહોભાગ્યને કયા શબ્દોમાં બિરદાવું કે એ આવા મહાઆતમના અંતરમાંથી વહેતી અમીધારામાં ઝીલી શકયું ! ખરેખર તો આ કલિકાળમાં માનવંતુ એ જ મહાસૌભાગ્ય છે કે આ રામના દર્શન પામી શકે, એના સ્મરણથી અંતરને સીંચી શકે, એનું નામ નિરંતર જપી શકે, જેની વાત પણ વાચાને પાવન બનાવે છે એવા આ મહાપુરૂષની કઈ વિશેષતાનું વર્ણન કરવું ? આજે જયારે વિશિષ્ટ ગુણોનો દુકાળ પડયો છે ત્યારે એક નહીં, બે નહિ, દસ કે વીસ નહી, પણ અનેકાનેક વિશેષ ગુણોનો સમુદાય જ જાણે એમનું જીવન ! જગતના તમામ જીવોને તારી લેવાની તાલાવેલી જેમના હ�ૃદયમાં વસી હતી એવું સતત વાત્સલ્યના અમી વરસાવતું તેઓશ્રીનું હૈયું દીવો લઇ શોધવા જઇએ તો ય કયાંય જડે એમ નથી.

વિશેષતાઓનો સરવાળો એટલે પૂજયશ્રી

—પૂ. મુનિરાજશ્રી નયવર્ધન વિજયજી મહારાજ

સમીપ આવનાર દરેકને સમ્યગ્‌દર્શનની દહાણ કરવાની એમની લે કોત્તર ઉદારતાને, પરિચય તો એમનો પરિચય પામનારને જ થઇ શકે. ફકત દર્શન જ નહી જ્ઞાનની પણ કેવી અતુટ ઝંખના ! ૬૬ વર્ષની વયે પણ નવી ગાથા ગોખવાનો નિત્યક્રમ, શાસ્ત્રના વાંચનમાં ગળાડૂબ રહેવાનો સ્વભાવ અને પરમાત્માની આજ્ઞા, પરમાત્માના વચનો ને શાસ્ત્રોને જ જીવન સર્વસ્વ માનવાની એમની દૃઢતાએ એમને ગીતાર્થ મુર્ધન્ય બનાવ્યા હતા એમ કહેવું એ લેશ પણ અતિશયોકિત નથી. કેવી અદ્‌ભુત એમની શાસનનિષ્ઠા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવ કોઇ પણ હોય, શાસ્ત્રને બેવફા બનાય નહિ. કદાચ આખા જગતથી વિખૂટા પડવું પડે તો એ કબૂલ પણ પરમાત્માની આજ્ઞાથી વિખૂટા પડવું એમને હરગીજ કબૂલ નહોતું.

જીવનની ઢળતી સંધ્યાએ પણ જેનું તેજ લેશમાત્ર ઝાંખું થયું નથી બલકે સતત વહેતી પરોપકારની ધારાને ઓર વેગ આપીને લાખોના હૈયામાં તારણહાર તરીકેનું સુપ્રતિષ્ઠાત સ્થાન પામી શકનારા પૂજ્યશ્રી જેવું વ્યકિતત્વ શોધવા જઇએ તો નિરાશ જ થવું પડે ગમે તેવા પણ પ્રસંગોમાં ચિત્તની અદ્‌ભુત સ્વસ્થતા જાળવવાનું ગજું એમની પાસે જ હોઇ શકે. ભકત હોય કે વિરોધી હોય, હૈયામાંથી ભાવ–કરૂણા જ

છલકે-એવું તો ફક્ત પૂજ્યશ્રી માટે સ્વભાવગત હતું. બલકે વિરોધી પણ પોતાનો વિરોધ કરવાના નિમિત્તને પામીને ધર્મથી વિમુખ ન બની બેસે તે માટે સૌ પહેલાં એને ધર્મ પમાડવાની ઇચ્છા રાખવા જેવું કરૂણાભર્યું હૈયું બીજે ગોતવું પણ ક્યાં જડે ?

આ ભાવકરૂણાની પરાકાષ્ઠા જાણે પુણ્યાઇની પરાકાષ્ઠા સાથે સરસાઇ ન કરતી હોય તેમ તેઓ જ્યાં જ્યાં પધારે ત્યાં જાણે જંગલમાં મંગલ છવાઇ જતું હજારોની મેદની એમના ટંકશાળી વચનો ઝીલવા નિઃશબ્દ શાંતિ જાળવતી. એમનાં વચન પણ કેવા ! સાદીને સરળ ભાષામાં પણ શાસ્ત્રના કેટલાય મહાન રહસ્યોની ચાવી જાણે સમજાવી દેતા ન હોય....! એક વાર સાંભળે એ વ્યક્તિને બીજી વાર આપોઆપ આવવાનું મન થાય તેવું જાણે એમાં ચૂંબકત્વ રહેલું હતું. આબાલવૃદ્ધ સૌ કોઇ માણી શકે એવું એમનું પ્રવચન સદાય સમ્યગ્દર્શનની વાંસળીના સૂર વગાડતું-મોક્ષની છડી પોકારતું, એમના જીવનના અંતિમકાળ સુધી એવું જ જીવંત રહ્યું હતું. ને જેના અણુએ અણુમાં પરમાત્માની ભક્તિ વસી ગઇ હોય એ જ્યારે ખુદ પરમાત્મા પાસે જાય ત્યારે તો કહેવું જ શું ? એઓશ્રીનુ ચૈત્યવંદન સાંભળવું એય જીવનનો એક અદ્‌ભુત, અનુપમ લ્હાવો હતો. સ્તવનામાં ઓતપ્રોત બની જતા પરમાત્મા પાસે બાલભાવને પામી જતા પૂજ્યશ્રીને નિહાળવા એ સૌ સદ્‌ભાગ્યોના શિરમોર સમુ કહી શકાય.

પોતાની મહામાનવતા કે મહાનતા જેને લેશમાત્ર પણ સ્પર્શી નહોતી અથવા તો જાણે તેઓને જાણ જ નહોતી એવો અનુભવ એમની નિકટ આવનારને થયા વિના રહેતો નહિ. આંગતુક વ્યકિત પીઢ હોય, યુવાન હોય કે સાવ નાનું બાળ જ કેમ ન હોય, પૂજ્યશ્રીના વાત્સલ્યનું વહેણ સૌની તરફ એવા જ વેગથી વહેતું. કોઇ આત્મીયજન પાસે આવ્યા છીએ એવો અનુભવ આવનારને થયા વિના રહે નહિ. અને કદાચ એ જ પરમ સત્ય છે. સમસ્ત સંસારમાં આત્મીય બનાવવા જેવી એ જ એક વ્યકિત હતી કે જેને સદાય પોતાના આત્મા જેટલી અન્ય સૌના આત્માની પણ હિતચિંતા રહેતી.

પરમોચ્ચ સ્થાને રહેલાં તેઓશ્રી કોઇને ય માટે દુર્લભ નહોતા. કોઇ પણ વ્યકિત એમના દર્શને નિઃસંકોચ જઇ શકે. પોતાની મુશ્કેલી જણાવી ઉકેલ પામી શકે એવી નિખાલસતા એમની આસપાસ જાણે છવાએલી રહેતી સૌના દુઃખ સૌની મુશ્કેલી, સૌના પાપ પણ સમાવી શકે એવું સાગર જેવું ગંભીર હૃદય, એ એમની આગવી વિશેષતાએ એમને સામાન્ય જનના હૃદયમાં "અમારા ગુરૂદેવ" તરીકે સ્થપિત કર્યા હતા અનેક આત્માઓનું જીવન સુકાન સફળ રીતે સંભાળી એમને સદ્‌ગતિના દ્વારે મુકે સમાધિના દાન કરનાર પૂજ્યશ્રીનુ જીવન જ જાણે ઉપકારની ધારા બની ગયું હતું. એમનો શ્વાસ શાસન કાજે હતો, એમનું જીવન શાસનને જીવાડવા માટે હતું તો એમનું મૃત્યુ સમાધિનો અમર સંદેશ આપતું મહામંગલ હતું.

જેના અનંત ગુણોનો ગુણાનુવાદ કરવા પૂરૂ સરસ્વતી પણ સમર્થ નથી, એવા જિનાજ્ઞાને જ જેમણે ધર્મ માન્યો અને સદાય જિનાજ્ઞા અનુસાર જ ઉપદેશ આપ્યો એવા મહાપુરૂષ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા.ના ગુણાનુવાદ કરવાની ખરેખર તો મારી લાયકાત પણ નથી. છતાં એ પૂજ્યપાદશ્રી પ્રત્યેને. પૂજ્યભાવ મને એ મહાપુરૂષના ગુણાનુવાદ કરવાને પ્રેરે છે.

હે જિનાજ્ઞા પ્રેમી.

આપ તો બાળપણથી જ જિનાજ્ઞાના પ્રેમી હતા. ૧૩–૧૪ વર્ષની વયે પણ આપ સ્પષ્ટ વકતા હતા. આપ આટલી નાની ઉંમરે પણ ગામમાં આવતા સાધુએ ની વૈયાવચ્ચ કરતા ત્યારે જો કોઈ સાધુમાં કંઈ ઉણપ જણાય તો આપ તેને સ્પષ્ટ જણાવી દેતા કે આવું અહીં ચાલશે નહીં. આપ જિનાજ્ઞાના પ્રેમી હોવાથી મોટાઓને પણ આપની વાત માનવી પડતી.

હે ઉપકારી એ ઉપકારી તમારો કદીય ન વિસરે

- વિનોદરાય શાંતિલાલ દોશી - જામનગર

'આણાએ ધમ્મો' એ આપનો જીવનમંત્ર હતો. આપના વ્યાખ્યાનમાં કાયમ જિનાજ્ઞાનો ઉલ્લેખ રહેતો. મારા ભગવાને જે કહ્યું છે તે જ સત્ય છે. તે જ પરમસત્ય છે, તે જ આત્માને એકાંતે હિતકારી છે. બાકી બધું જ આત્માને માટે અહિતકારી છે. આવું આપનું વારંવારનું વિધાન લાયક જીવોને સમકિત પ્રાપ્તિનું કારણ બનતું.

આપ જળકમળવત્ હતા.

આપ પૂજ્ય શ્રી આ કાળના એક વિરલ આચાર્ય ભગવંત હતા. આપનું ઠેરઠેર બાદશાહી સન્માન થતું. છતાં તેમાં લેપાયા વગર આપ સ્પષ્ટ કહેતા કે આ 'અમારું' સન્માન નથી પણ ભગવાનના સાધુનું સન્માન છે.' જો આ સન્માનમાં અમો લેવાઇ જઈએ તો અમારું સાધુપણું નષ્ટ થઇ જાય. પૈસો સંસારીને ડુબાડે છે તેમ જો અમે સાવચેત ન રહીએ તો આ માન–સન્માન અમોને પણ ડુબાવનારો બને આવા બાદશાહી સન્માન પ્રત્યે પણ અલિપ્ત રહેનાર આપ જળકમળવત્ હતા.

આપ તો મહાન શાસન પ્રભાવક હતા.

વર્તમાન કાળમાં આપ પૂજ્યપાદ શ્રીજીનો ૭૬ વર્ષનો સુદીર્ઘ દીક્ષા પર્યાય શાસન પ્રભાવનાના કાર્યોમાં અજોડ છે. આપની પોતાની પણ દીક્ષા લેવાની જે તમન્ના હતી તે

પણ અજોડ હતી. આપે અનેક ભવ્યાત્માઓને દીક્ષા આપી અને અનેક લોકોને શ્રી વીતરાગ પરમાત્માના શાસનના શ્રાવકો બનાવ્યા.

કેટલાયે આપની સમક્ષ કાળા વાવટા લઈને વિરોધ કરવા આવનારા આપના વફાદાર શિષ્યો બની આપને કાયમ માટે સમર્પિત થઇ ગયા.

આઝાદીની લડતના પવનમાં આવી ગયેલા જમાનાવાદી લોકોને જોઈને લોકાગચ્છના એક સાધુએ તો આપના માટે ત્યાં સુધી કહ્યું કે **'જો આ કાળમાં રામવિજય જનમ્યા ન હોત તો અત્યારના જૈન સાધુઓ રેંટીયો કાંતતા હોત. અને જૈન સાધ્વીઓ બધી નર્સ બની ગઇ હોત,** અન્ય ગચ્છના સાધુના આ શબ્દો આપ કેવા મહાન શાસન પ્રભાવક હતા તે દર્શાવે છે.

જામનગરના એક ભાઇ કહેતા કે **'જેનામાં કમાવાની ત્રેવડ ન હોય તે સાધુ બને અને જેને કોઇ પસંદ કરે નહીં તે સાધ્વી બને'.** આવું ભયંકર પાપમય વચન બોલનાર પણ આપના પરીચયમાં આવતા ભયંકર પશ્ચાતાપ કરવા લાગ્યા. અને પોતાની જાતને ધિક્કારવા લાગ્યા. તથા આપના ઉપકારને કાયમ યાદ કરનારા બન્યા. આપ તો નાસ્તિકને પણ આસ્તિક બનાવનાર મહાન શાસન પ્રભાવક હતા. પારસમણીના સંસર્ગથી લોઢું પણ સોનું બને છે તેમ આપશ્રીના સંસર્ગથી નાસ્તિક પણ આસ્તિક બન્યા છે.

આપ પૂજ્યપાદશ્રીજીના વરદ હસ્તે થયેલા અનેક શાસન પ્રભાવનાના કાર્યો જેવાં કે અનેક ઉપધાનો, યાદગાર, છ'રી પાલિત સંઘો, નવા મંદિરના નિર્માણ કાર્યો, ઉજમણાઓ, ઉત્સવો વિ. વર્તમાનકાળમાં અજોડ છે. વર્તમાન કાળમાં દીક્ષાને આવી સુલભ બનાવનાર જો કોઇ હોય તો તે આપ જ છો. અજ્ઞાનીઓ કાળા વાવટા લઇને આવે કે રસ્તામાં કાચના કટકાઓ નાંખી દીક્ષાના કાર્યોમાં વિઘ્નો નાંખે તો પણ આપ કદી ઝુકયા નહીં. અને જામનાવાદના નાસ્તિકોને આપે મુંહતોડ જવાબ આપ્યો. આપ તો ખરેખર દીક્ષાના દાનવીર હતા.

હે કરૂણાસાગર,

અપકાર ઉપર પણ ઉપકાર કરનાર આપ શ્રી વીતરાગ પરમાત્માનાં સાચા સાધુ હતા. અજ્ઞાનીઓએ આપનો તેજોવધ કરવા અનેક પ્રયત્નો કર્યા, કેટલાય આક્ષેપો કર્યા, કેટલાય કેસ કોર્ટમાં દાખલ કર્યા, પરંતુ આપ તો આવા કૃત્યો કરનાર પ્રત્યે પણ સદા સર્વદા કરૂણાભાવને ધારણ કરનાર જ હતા. તિથિની ક્ષય–વૃદ્ધિ (બે તિથિ) સાથે આપને કંઇ લાગતું–વળગતું ન હતું પણ તે તો જૈન શાસ્ત્રોનો સિદ્ધાંત છે અને આપે જૈન સાધુના

નાતે જૈન શાસ્ત્રોને સ્વીકાર્યા તે તો સ્વભાવિક છે અને ખરેખર તો જૈન શાસ્ત્રના મતને સ્વીકારનાર વિશેષ પૂજનીય બને છતાં કેટલાક લોકો આપે બેતિથિ ઊભી કરી છે તેવો આક્ષેપ મુકતા તો પણ આપને તેવા લોકો પ્રત્યે પણ દ્વેષ ન હતો.

દોરા ધાગા, મંત્ર, તંત્ર, યંત્ર, ચમત્કારીક વાસક્ષેપ આપનારા, શ્રીફળ, સોપારી તથા મંત્રેલા શંખ આદિની પૂજા કરાવનારા કેટલાક સાધુઓને આપની પ્રત્યે દ્વેષ હતો જેથી તેવા સાધુઓ પોતાની જિનાજ્ઞા વિરોધી આવી હીન પ્રવૃત્તિઓ ઉઘાડી પડી ન જાય તે માટે તેઓ પોતે જાણતા હોય છે કે પૂ. ઉપાધ્યાય વિનયવિજયજી કૃત કલ્પસૂત્રના નવમા વ્યાખ્યાનમાં બે ચૌદશનો ઉલ્લેખ છે, શ્રાદ્ધવિધિ સૂત્રમાં બે આઠમ, હિરપ્રશ્નોત્તરાણિમાં પાંચમ-પૂનમનો ક્ષય, સેન-પ્રશ્નોત્તરાણિમાં બે અગીયાર વિ.નો ઉલ્લેખ છે. સુરતમાં એક પ્રતિમાં ૭૦૦ વર્ષ પહેલાના છે તે બીજી આઠમે ભરાવેલા છે જ્યારે સામે પક્ષે 'આપણામ. પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય નહી' તેવું લખેલ એક પણ જૈન શાસ્ત્ર નથી આ બધુ જાણવા છતાં આપની ઉપર બે તિથિ ઊભી કરવાનો આક્ષેપ મુકનાર ઉપર પણ આપે ખૂબ જ કરૂણા કરી છે.

૨૦૪૪ ના સાધુ સંમેલનમાં આપ સહુથી વયોવૃદ્ધ-જ્ઞાન વૃદ્ધ અને દીક્ષા પર્યાયે પણ સૌના વડીલ હોવા છતાં પણ આપને ઇરાદા પૂર્વક આમંત્રણ આપવામાં આવ્યું નહીં. અને આપશ્રીને એકલા પાડી દેવાની ચાલ ચાલવામાં આવી. તેમાં આપનાં આશ્રિતો સામેલ થયા હતાં પણ આપે તો તેઓના ઉપર પણ ખૂબ જ કરૂણા કરી અને 'મારા ભગવાનના સાધુઓ અશાસ્ત્રીય નિર્ણયો કરી દુર્ગતિમાં ન જાય' તે માટે આપે જે પુરૂષાર્થ કર્યો તેનો તો જગતમાં જોટો ન મળે તે લખાણો પ્રગટ થાય તો દુનિયા ઝુકે આ વિષમ એવા પંચમકાળમાં આવા કરૂણાસાગર હોય તે તો ખરેખર પંચમકાળનું અચ્છેરૂ ગણાય.

હે અનંત ઉપકારી

આપ અમોને મલ્યા ન હોત તો શ્રી વીતરાગ પરમાત્માએ બતાવેલા મોક્ષમાર્ગની સાચી સમજ અમોને કોણ આપત ? ભગવાન મહાવીરે જેનો સખ્ત વિરોધ કર્યો. ભગવાનની ત્રીજી પાટે આવેલા પૂ. પ્રભવસ્વામીએ સય્યંભવ ભટ્ટને યજ્ઞ મંડપમાંથી હોમ-હવન કરતાં ઉઠાડીને સાચું તત્ત્વ સમજાવ્યું અને ભગવાનની પાટ સોંપી આમ હોમ-હવનની પ્રવૃત્તિ એ પાપ પ્રવૃતિ છે છતાં કેટલાક લોકો દેરાસર અને ઉપાશ્રય જેવા સમકિતના સ્થાનોમાં હોમ-હવન જેવી પાપપ્રવૃત્તિઓ કરે છે અને હોમ-હવનની રાખની પ્રભાવના પણ કરે છે. ખરેખર તો અજ્ઞાનીઓ લાખો રૂપીયા ખર્ચીને ધર્મ પ્રવૃત્તિના નામે પાપ પ્રવૃત્તિઓ કરે છે આવા લોકો ખરેખર તો પોતાના પુણ્યની રાખ કરી રહ્યા

છે. પરંતુ હે અનંત ઉપકારી આપ અમોને મલ્યા તેથી આવી પાપ પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાં દર્શન કરવા પણ અમો જતા નથી. તે આપનાં અનંત કૃપાનું ફળ છે. આપ જેવા સુસાધુનો યોગ મહા ભયંકર મિથ્યાત્વના પાપથી બચાવે છે. જ્યારે સંસાર માર્ગને પોષનારનો યોગ લાખો રૂપિયા ખર્ચાવીને પણ પાપમાં પ્રવૃત બનાવે છે. આપે પાછળ પરિવાર પણ એવો મુક્યો છે જે અમને બચાવે છે અને બચાવશે.

હે પૂજ્યશ્રી, આપતો મહાન સિદ્ધાંત સંરક્ષક હતા.

શ્રી વીતરાગ શાસ્ત્રકારોએ બતાવેલા સિદ્ધાંતોનું આપ પૂજ્યશ્રીએ પ્રાણના ભોગે પણ રક્ષણ કર્યું છે. અનેક લોકો આપને સિધ્ધાંતમાંથી ચલીત કરવા માટે પ્રયત્ન કરતા પરંતુ આપની સિધ્ધાંત પ્રત્યેની નિષ્ઠા અજોડ હતી. અતિ વિષમ પરિસ્થિતિમાં પણ આપે કદી સિધ્ધાંતમાં બાંધ છોડ કરી નહીં. અનેક લોકોએ આપને વિનંતી કરી કે **'થોડીક છૂટછાટ મૂકો તો આપ સમગ્ર શાસનના નાયક બનવાની પુરેપુરી લાયકાત ધરાવો છો.'** છતાં આપે કદી સિદ્ધાંત સાથે ઢગો કર્યો નહીં કોઈપણ પ્રકારની લાલચ આપને સિદ્ધાંતમાંથી ચલીત કરી શકી નહીં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના બહાને પણ આપે કદી સિધ્ધાંતનો દ્રોહ કર્યો નથી.

આપ પૂજ્યશ્રી સમર્થ વાદી, નિડર વકતા અને સમર્થ ઉપદેશક હતા અને આપ પૂજ્યશ્રી હાજર જવાબી તો એવા હતા કે જાણે જીવતું–જાગતું જૈન શાસ્ત્ર જ જોઇલો.

હે પૂજ્યપાદ શ્રી,

આપનું નામસ્મરણ પણ અનંત ભવના પાપનું નિવારણ કરવા સમર્થ છે. આજે ભલે આપ સદેહે અત્રે હાજર નથી પણ આપે કરેલ શાસન પ્રભાવનાના અનુપમ કાર્યો દ્વારા આપ પૂજ્યશ્રી આજે પણ ભવિ આત્માને માટે પ્રેરણાબળ છો આપે કરેલ અનુપમ શાસન પ્રભાવના લાખો લોકોને સન્માર્ગે આવવા પ્રેરણા પુરી પાડે છે.

હે પૂજ્યશ્રી, આપની પાસે શું માંગવાનું હોય ? આપની પાસે જે હતું તે જ અમોને જોઇએ. તેથી જ પરમકૃપાળુ શાસન દેવને પાર્થના કરું છું કે જ્યાં સુધી ભવ કરવા પડે ત્યાં સુધી આવા જ જિનાજ્ઞાને સમર્પિત સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત થજો.

અંતમાં આપ પૂજ્યપાદશ્રીને કોટી કોટી વંદના કરી વિરમું છું.

આશરે આજથી ૪૨ વર્ષ પહેલા પૂજ્યશ્રી બોટાદ (સૌરાષ્ટ્ર) પધારેલા. ત્યારે હું બોટાદમાં રહેતો. એ અરસામાં હું સંકટમાં આવી ગયેલો. તેથી પ્રશ્ન પુછવાની ઇચ્છા થઇ. કારણ કે નારા પ્રયત્નોથી સમાધાન થાય તેવુ ન હતું, મારે વેપારમાં લગભગ ૫૦ (પચાસ) હજારનું નુકશાન થયેલું. તેમાં સગાની રકમ પણ ફસાયેલી. તે રકમ મારે ગમે તે ભોગે આપી દેવી જોઇએ પણ તે શકય ન હતુ, તેથી મારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવેલો કે જેની આર્થિક મુકિત ન હોય અને દેહાંત થઇ જાય તો તેની આત્મિક મુકિત થાય ખરી ? આ પ્રશ્ન પૂછવા પૂજ્યશ્રી પાસે ગયો. રાત્રિનો સમય હતો; પૂ.શ્રીની આજુબાજુમાં બેઠેલા સજ્જનો વિખરાય ગયા પછી મે ઉપરનો પ્રશ્ન પૂછયો. પૂજ્યશ્રીએ સામો પ્રશ્ન પૂછયો જો ભાઇ કરજ બે પ્રકારના હોય શકે.

(૧) જેનુ લેણુ હોય તે કહે કે પૈસાની મારે જરૂર છે તો આપો નહીં તો હું દાવો કરીશ.

(૨) જેનું લેણું હોય તે કહે કે પૈસા તમે ગુમાવ્યા તે હું જાણુ છું, પણ હવે તમે વધુ દુઃખી ન થાવ માટે તમોને બીજા પૈસાની જરૂર હોય તો મોકલું

પ. પૂ. આચાર્યભગવંત મહારાજા શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વર સાહેબના

સુખદ સંભારણા

—શ્રી જયંતિલાલ છોટાલાલ બારભાયા–ભાવનગર.

તમારે કયા પ્રકારનું કરજ છે ?

મે કહ્યું બીજા પ્રકારનું,

જવાબમાં પૂજ્યશ્રીએ કહ્યું તેમાં આત્માને મુકિતની બાબતમાં વાંધો નહીં આવે. જો પ્રથમ પ્રકારનું કરજ હોય તો બાધ આવે ખરો.

બીજો પ્રશ્ન જરા અટપટો હતો તેનો જવાબ પૂજ્યશ્રીએ આ પ્રમાણે આપ્યો.

હું કેવળજ્ઞ ની નથી. તમે કર્મગ્રંથનો અભ્યાસ કરી તેમાંથી તમારો જવાબ શોધી લ્યો.

બોટાદ ટાઉન હોલમાં જાહેર પ્રવચન

બોટાદમાં પૂજ્યશ્રી પધારેલ ત્યારે હું મ્યુનિસિપાલિટીમાં કાઉન્સીલર હતો તેથી જાહેર પ્રવચન ગોઠવવાની ઇચ્છા થઇ. પૂજ્યશ્રીને વિનંતિ કરી કે જો આપને યોગ્ય લાગતું હોય તો મને જાહેર પ્રવચન રાખવાની ભાવના થઇ છે. પૂજ્યશ્રીએ સંમતિ આપી. મે પૂછયું વિષય શું રાખીશું. મને સામેથી પૂછયું તમે કયો વિષય પસંદ કરો ? મેં કહ્યું કે "ધર્મ સમજણમાં છે પણ આચરણમાં નથી" પૂ.શ્રીએ કહ્યું એજ વિષય રાખો.

ચોપાનીયા છપાવી જાતે જ વહેંચી આવ્યો. સ્થળ ટાઉન હોલ રાખેલ. પ્રવચનના અંતમાં પૂજ્યશ્રી બોલ્યા. શું પત્થરા સમજણમાં છે. જો સમજણમાં ધર્મ હોય તો આચરણમાં આવ્યા વિના રહે નહીં. આ વાત મને વિચારતા લાગે છે કે "સમજણ-માંથી નિશ્ચયમાં આવે અને નિશ્ચયમાંથી આચરણમાં આવે પણ અફસોસની વાત છે કે ધર્મ જેટલો સમજણમાં છે તે કરતા વધુ વાતોમાં છે" તેથી જીવનમાં વિરોધાભાસ દેખાય છે.

ઘેર પધારવા વિનંતિ કરી.

મારે ઘેર પૂજ્યશ્રી પધારે તો કેવું સારૂં ? આવો ભાવ થયો. બીજા દિવસે સવારે પૂ.શ્રી પાસે પ્રસ્તાવ મૂકયો અને વિનંતિ કરી. સહેજ ઉંચા અવાજે કહ્યું કેમ અમે મહંત છીએ ? ઘરે ઘરે પગલા કરતા ફરીએ ? કોઇ એવું કાર્ય કર્યું હોય તો જરૂર આવીએ. મેં કહ્યું મારે એક માસના એકાસણા ચાલે છે આજે ૨૨ મો દિવસ છે. "ચાલો અત્યારે જ" અને પૂ.શ્રી મારે ઘેર પધાર્યા મારા આનંદનો પાર ન રહ્યો. (સંતો ઓછા જોવા મળે છે. મહંતો વધુ જોવા મળે છે !)

ગામના ચોરે પ્રવચન

લાખેણીમાં (બોટાદ તાલુકાનું ગામડુ છે મારૂ વતન છે) જુના વળતનું દેરાસર હતુ. અને ધાતુના પ્રતિમાજી મુનિસુવ્રતસ્વામી બીરાજમાન હતા. જગ્યા વિશાળ હતી. તેથી ફરી પ્રતિષ્ઠા કરવા સંઘે વિચાર્યું. વળી પ્રભુજીની દૃષ્ટિ ગામ તરફ પડે તે હેતુથી નવું દેરાસર બનાવ્યું. નવું દેરાસર મહેતા રામજીભાઇ ઝવેરભાઇના પરિવારના સહયોગથી તૈયાર થયું હતું તેમાં આરસના પ્રતિમાજીની પ્રતિષ્ઠા પૂ જિનેન્દ્રવિજયજી મ.ને નિશ્રામાં હતી તેમના ખાસ આગ્રહથી પૂ શ્રીને પધારવાનું નક્કી થયું પૂ શ્રી ભવ્ય સામૈયા સાથે પધાર્યા પ્રતિષ્ઠા થઇ તે સમયે પૂ.શ્રીનું વ્યાખ્યાન ગામની મધ્યમાં ચોરે રાખેલ. પૂ શ્રી ચોરા ઉપર યોગ્ય આસને બીરાજેલ હતા. આજુબાજુ અન્ય મુની ભગવંતો હતાં. પબ્લીક નીચે ચોગનમાં બેઠેલી હતી. પૂ.શ્રીના પ્રવચનમાં કહેવાનો મતલબ એ હતો કે તમે આટલા બધા પાપ શા માટે કરો છો ? પૈસા પાછળ આટલા પાપ કરવાની શી જરૂર છે ? વળી મને એ નથી સમજાતું કે તમને મારે કઇ રીતે સમજાવવા ? ભાષા સ્પષ્ટ અને વેધક હતી. છેલ્લે આભારવિધિ કરવાનું કામ મને મળ્યું સાહેબની બાજુમાં ઉભો રહી શરૂઆત કરી.

આચાર્ય ભગવંતશ્રી,

આપે કહ્યું કે મને એ નથી સમજાતું કે મારે તમને કઇ રીતે સમજાવવું ? પૈસા માટે આવુ શું કામ કરો છો ? આપને મારી પ્રાર્થના છે કે આપ અમને સમજાવવાનો

પ્રયત્ન ચાલુ રાખો અને કરૂણા ભાવ દિલમાં રાખો. બાકી આપને કયાંથી સમજાય કે અમે સંસારીઓ પૈસા માટે આવું શા માટે કરીએ છીએ. જો અમારી પાસે ધન હોય તો વાહ વાહ થાય. અમારા બાળકો સારી જગ્યાએ વરે. અમારા દોષ હોય તો પણ અમારી સામે કોઇ આંગળી ચીંધી શકે નહિ; અને અમારા પાપને અમે દાનની ચાદર ઓઢાડી ઢાંકી દઇ શકીએ. હવે કહો અમારે પૈસાની જરૂર ખરી કે નહિ ? પરંતુ આપશ્રીને અહીં સાંભળવા આવેલામાંથી કોઈ એક શ્રોતાજન અંતીમ સમયે આપને યાદ લાવી વિચારે કે લાખેણી ગામના ચોરે પૂ.શ્રીએ કેવી વાત કરી હતી ! મારે આવું નહોતુ કરવું જોઇતુ અને કર્યાનો પસ્તાવો થાય. તો આપશ્રીની મહેનત લેખે લાગશે અને મરનારનું જીવન સાર્થક બની જશે. મેં આગળ ચલાવ્યું—જો આ આભાર માનવા ઉભી થયેલી વ્યકિના કોટ ઉપર પાંચ સાત થીગડા હોત તો મને બોલવા ઉભો કર્યો ન હોત. બલકે સામે હરિજનો ઉભા છે ત્યાં મારૂ સ્થાન હોત. પૈસાનો જ આ બધો પ્રભાવ હોય તેવું નથી લાગતું ? પૂ.શ્રી મારી વાત ઉપર ખુબ હસ્યા. મને પાછળથી કહેવામાં આવ્યું પૂ. મહારાજ સાહેબ આટલું કયારેય અગાઉ હસ્યા અમે જોયા નથી.

અંતમાં પ. પૂ. મહારાજ સાહેબનું એવરેસ્ટ છેટલું ઉંચુ વ્યકિતત્વને મારા જેવો બીણમાં ઉભેલો માણસ કેવી રીતે માપી શકે ? એટલે જ પૂજ્યશ્રીના વ્યકિતત્વ વિષે કાંઇ પણ લખવાની ચેષ્ટા કરી નથી.

સહુની ઉપર પૂજ્યશ્રીના આશીર્વાદ ઉતરો.

આત્મા અનાદિકાલથી જડ કર્મોના યોગમાં ફસાયેલો છે અને એથી જ અનાદિકાલથી વિષય અને કષાયની આધીનતા એને વળગેલી છે. **વિષય અને કષાયની આધીનતા, એ જ આત્માની બરબાદીનું કારણ છે.** કારણ કે—વિષય અને કષાયની આધીનતા આત્માની સાથે અનેક પ્રકારના દુષ્કર્મોનો યોગ કરાવનાર છે. સાધુઓ સંસારના શત્રુ છે. પણ તે કયા સંસારના ? વિષય અને કષાયરૂપ સંસારના સાધુઓ સંસારમાં વસતા જીવોના શત્રુ છે જ નહિ અને હોય પણ નહિ. સાધુઓ તો વિષય—કષાયરૂપ સંસારના ચોરીઓ છે અને તે તો હોવા જ જોઇએ. કારણ કે—વિષય અને કષાયની આધીનતા એ જ દુઃખ માત્રનું મૂળ છે. જેનામાં વિષયો પ્રત્યે વિરાગભાવ પ્રગટે છે અને કષાયોનો ત્યાગ કરવામાં જે કટિબદ્ધ બને છે, તે આત્માની સાથેનો કર્મોનો યોગ લાંબો કાળ ટકી શકતો જ નથી. કર્મોના યોગને ટકાવનાર તથા વધારનાર કોઇ પ્રબલ વસ્તુ હોય, તો તે વિષય અને કષાયની આધીનતા છે. કારણ કે—એ ગયા પછી કર્મોનો યોગ થોડા જ કાળમાં નાશ પામ્યા વિના રહેતો નથી.

—શ્રી કુંભોજ તીર્થની યાત્રાએ

એક ચિંતણી

ક્ષમાપના

આ સંસાર તો રાગ-દ્વેષનું ઘર છે. તેને લઇને જીવ 'હું પણું' અને 'મારાપણું' કરી અનેકની સાથે નાના-મોટા પ્રસંગોમાં સંઘર્ષમાં આવી, રાગ-દ્વેષની ગાંઠને મજબૂત કરે છે. મારા જ તે 'સાચા જ' અને પારકા તે 'ખોટા' જ ની દૃષ્ટિ અપનાવીને વેર-ઝેરને વધારે છે, વાત-વાતમાં વિરોધના સૂર રેલાવી, હૈયામાં જ કષાયાગ્નિથી ધમધમે છે અને તક મળે બદલાની આશામાં વિકલ્પોના તાણાવાણા ગૂંથ્યા કરે છે. તો પર્વાધિરાજ શ્રી પર્યુષણા શ્રી સંવત્સરી મહાપર્વના પુનીત પ્રસંગે, આત્મા ઉપર લાગેલા વેર-ઝેરના કાટને ક્ષમા રૂપી પાણીથી ધોવો જોઇએ, સાફ કરવો જોઇએ, દૂર કરવો જોઇએ. કોઇપણ જીવની ભૂલ થઇ જાય તે સહજ છે. પરંતુ ભૂલને ભૂલ માનવી, નેખાલસ હૈયે સરળતાથી કોઇપણ જાતના ડંખ કે મલીન ભાવ રાખ્યા વિના તેની કબૂલાત કરવી જોઇએ, પણ તેને ઢાંકવા કે તેનો બચાવ કરવા 'ભૂલો'ની પરંપરા ન સર્જવી તે કપરું છતાં ય થઇ શકે તેવું કામ છે. તો ભૂલની હૈયા પૂર્વક સાચા ભાવે બાળકની જેમ નિખાલસ બની માફી માંગવી, ક્ષમા યાચવી તે જ વિવેકીઓનું કર્ત્તવ્ય છે. ગમે તેવા અપરાધો કોઇએ આપણા પ્રત્યે કર્યા હોય કે આપણાથી બીજા પ્રત્યે કરાયા હોય તેની સાચા ભાવે માફી આપવી અને માફી માગવી તે જ આ પર્વાધિરાજની આરાધના છે, તે જ તપ-ત્યાગની સાચી સાધના છે.

માટે જ આ શ્રી સંવત્સરી મહાપર્વના શુભ ગાતા જ્ઞાનીઓ ફરમાવે છે કે- એક બીજાના તુટેલાં હૈયાંને સાંધવાનો સુંદર અવસર છે, જીવનના ચોપડાં ચોકખા કરવાનો મુહૂર્ત દિન છે, હિસાબ ઠેકી-ઠેકી કરવાનો મંગલ પ્રસંગ છે, જીવનનું સાંવૈષ્ય કાઢવાનો શુભ દિવસ છે, વૈરનું વિસર્જન, સમભાવ અને સદ્‌ભાવનું સર્જન કરવાનો સોનેરી અવસર છે.

તેથી જ જ્ઞાનિઓની પટુ પ્રજ્ઞાના નિર્મલ પ્રકાશના પગલે ચાલી, સાચા ભાવે સૌને ખમી-ખમાવી, આરાધના, સાધના અને ક્ષમાપના દ્વારા જીવનને ઉજમાળ બનાવવું જોઇએ. સાથેસાથે આ ક્ષમાપના માત્ર 'વ્યવહાર' જ ન બની રહે તે માટે થયેલા અપરાધોનો એકરાર, થયેલી ભૂલોનો સ્વીકાર અને ફરી ન કરવાના કરાર કરી, ક્ષમાપનાને આંતરની આરસીથી અજવાળી આત્માની અનંત-અક્ષય ગુણ લક્ષ્મીના સ્વામી બનો તે જ હાર્દિક **મંગલ કામના.**

—પ્રજ્ઞાંગ

એક તરફ આપણે ત્યાં મહાપુરૂષોનો અવતાર થતો જ રહ્યો છે. ફેફસા ભરાઇ જાય એટલા નામો આપણી અંગત સ્મૃતિઓમાં છે. બધા સાચા અર્થમા મહાન હોય એવો નિયમ નથી... મહાપુરૂષોની મહત્તાથી અંજાઇને પોતાને પણ મહાનમાં ખપાવવા મથતા 'અહા' પુરૂષોનો આપણે ત્યાં અલબત્ ! સંચાર થતો રહ્યો છે. (અહા–શબ્દનો અર્થ આશ્ચર્ય સૂચક છે) આપણે આદર્શના આદમીઓ છીએ. મોટી મોટી વાતો આપણને ગમાડવી ગમે છે અને મોટી મોટી વાતોની સાથે મોટી ચમકદમક હોય તો જ ઉકત વાતો ગમાડવી ગમી શકે છે.

'विषं भवतु मा वा' અને सत्त्वं भवतु मा

- રાદેવલ પણિહારી

બીજી તરફની સંભાળ આવા અહાપુરૂષો રાખે છે. અમુક વાતો ગોખી જઇને આપણી આગળ ધુમધડાકા કરનારા આવા અહાપુરૂષોની આલમ અજબ છે. એ લોકો 'મોક્ષ' શબ્દને રમાડે છે. દેખાડો કરવાનું એમની નસોમાં ધબકે છે. (આ લેખિકા પણ દેખાડો કરવાનું ચુકી નથી. 'ઋબદ નામના શબ્દનો દેખાડો કરી જ લીધો છે. અલબત્ત ! શબ્દોના ઠઠારાવાળી વ્યકિતઓ વળી અલગ છે. એવા સિદ્ધહસ્ત લેખકોના નામ કામ અને ઠામ કોઇથી અજાણ્યા–અમાણ્યા અને અમાન્યા નથી) ભભકો કરીને પંચતંત્રવાળા રાસભની જેમ એ લોળા લોકો પર દાબ લાવી શકે છે. 'સિદ્ધાન્ત'નું નામ લઇને એ લોકો હોહા મચાવી શકે છે. અને હીરા બજારની ઝાકઝમાળ સર્જીને પોતાનું ફાવતું કામ એ કરાવી શકે છે. પણ 'દેખાડો' બહારનો હોય છે. એની ભીતરી નબળાઇઓ પેલા રાસભની જેમ જ ફકત ત્રાસ પસંદ કરે છે.

ખરી મહત્તા ભીતરમાંથી સર્જાય છે. આત્માની અનંત શકિત પર અખૂટ વિશ્વાસ રાખીને એક માત્ર શાસનને જ મહાન માનનારાઓ આવા દેખાડામાં જરાય માનતા નથી. એ મહાપુરૂષો ખરેખર મહાન હોય છે. એમના પગલે પગલે સચ્ચાઇની પ્રતિષ્ઠા થતી હોય છે. જૂઠી, મતલબી બાબતોને સ્પર્શતી કોઇ પણ અશાસ્ત્રીય આચરણા એ પોતે સ્વીકારતા નથી, સ્વીકારવા દેતા નથી અને કોઇ સ્વીકારતું હોય તો તેને અનુમોદન પણ આપતા નથી. આવા ત્રિવિધે ત્રિવિધે મહાપુરૂષત્વ ધરાવનારા મહાપુરૂષ તરીકે જૈન શાસનને અનેક આચાર્યો મળ્યા છે અને મળશે. આમાંના જ એક મહાપુરૂષનો આ વિશેષાંક પ્રકાશિત થઇ રહ્યો છે.

જો કે, આ વિશેષાંકમાં એ મહાપુરૂષને યાદ કરીને આપણે એમની સર્વ–શ્રેષ્ઠ શાસન ભકિતની જ ઇચ્છા રાખવાની છે. પરંતુ એમની તેજસ્વિતાથી અંજાઇને એમના જેવા

મહાન બનવાના ખ્વાબ આપણને આવતા હોય તો એમની આશાતના કરી ચૂકયા છીએ. એ મહાપુરુષના સમગ્ર જીવનમાં 'આત્મબળ' મુખ્યતયા દેખાઇ આવે છે. એમણે ભભકાનો આશ્રય નથી લીધો, બાહ્યાડંબર એમને આંજતો ન હતો અથવા બાહ્યાડંબરથી એ કોઇને આંજતા ન હતા. નાનપણમાં જ સમકિતને સાચા અર્થમાં સમજી શકનાર આ મહાપુરૂષે જીવનમાં પ્રતિપળ આત્મબળને અમાપ વિસ્તાર આપ્યો છે. એ વિસ્તારમાં તમામ સંઘર્ષો ખલાસ થઇ ગયા. અને તમામ વિરોધો સાફ થઇ ગયા. શકય હતું કે આવો સમર્થ વિજય એમને અભિમાન આપી શકત. એ અભિમાન રાખી શકત પણ ના ! એમનું આત્મબળ માત્ર બાહ્ય શત્રુઓ સામે જ નહીં, બલ્કે આંતરિક શત્રુઓ સામે પણ વિજયી નીવડયું હતું. જીવનની છેલ્લી પળોમાં પણ આવો આંતરિક શત્રુઓ પરનો વિજય ઇચ્છવા જ એમણે 'અરિહન્ત' શબ્દનું મનન અને ધ્યાન આદર્યું હતું. 'અરિહન્ત' શબ્દ એ એમને આંતરિક શત્રુઓ સામે અણનમ રહેવાની તાકાત બક્ષી અને જીંદગીભરની સાધનાના નિચોડ રૂપે તેઓ આષાઢ વદ ચૌદશે અરિઓના હન્ત બન્યા. અસમાધિ, વ્યગ્રતા દુર્ધ્યાન જેવા અરિઓને એમણે આત્મબળ આપનાર અરિહન્ત શબ્દથી હણ્યા... આવા અપૂર્વ મહાપુરૂષ જેવી શ્રેષ્ઠતા મેળવવાની નમ્ર ઇચ્છા-આરાધકતાના ભાવ સાથે-હોઇ શકે. પણ એ શ્રેષ્ઠતા મેળવવાની ઇચ્છામાં જો 'મહત્વાકાંક્ષા' જેવું સ્વગૌરવલક્ષી તત્ત્વ ભળે તો આપણે ભીંત ભુલ્યા છીએ એમાં શંક નથી શાસનની રક્ષા થતી આવી છે અને થતી જ રહેશે. આપણે પણ એમાં જોડાઇને શાસનના નમ્ર સંરક્ષક થઇ શકીએ. પણ આપણે આ મહાપુરૂષના અનુકરણના ખ્વાબ જોશું તો જોતજોતમાં આપણે કયાંય ફેંકાઇ જઇશું...

આ મહાપુરૂષની શ્રેષ્ઠતા એમના આત્મબળમાં હતી. લોખંડી છાતી... અણનમતા-કે એકલા પડવાની બીક ન હોવી વગેરેના મૂળમાં આ આત્મબળ હતું. આપણે આ આત્મબળ આપણામાં પેદા કરવાનું છે. એના જ પ્રભાવે જીવનમાં સમાધિ પણ આવશે અને શાસનની સાચી સેવાનો લાભ મળશે...

જો આ ન હોય તો એમના જેવા થવાની ધૂનમાં આપણે ધડાકા તો કરી શકશું. પણ એ ધડાકાના કયારે કડાકા બોલાઇ જશે એ કશું જ ન કહેવાય. પણ આ વાત ગળે ઉતરવી મુશ્કેલ છે. આજે આવા ધડાકા કરનારા દેખાવા માંડયા છે. પણ એમના જેવું આત્મબળ જવલ્લે જ એકાદ જ આચાર્યદેવમાં જોવા મળે છે. એમના સિવાય બીજે બધે એક જ વાત સાંભળવા મળે છે.

'તમારી પાસે ભલે તાકાત કે સત્ત્વ નથી. પણ દેખાડો તો છો ને ! બસ ! ત્યારે

લગાવ તમ્મારે ! ચિન્તા કરતા જ નહીં. અહીં તો બોલે એના જ બોર વેચાશે...'

સંસ્કૃતમાં એક શ્લોક વાંચવા મળ્યો. એના છેલ્લા શબ્દો આવા હતા.

विषं भवतु वा मा वा, फणाटोपो भयङ्करः ।

'ઝેર હોય કે ના હોય પણ ફણાનો આડંબર એજ ભય પેદા કરી શકે છે.'

આ જ વાત 'અહા પુરૂષો' કરી રહ્યાં છે. **'सत्वं भवतु वा मा वा'** સત્વ હોય કે ના હોય તમારી પાસે દેખાડો કરવાની શકિત છે ને ! તો બસ !

સત્વ અને વિષની આવી તુલના વિશે હજી ઘણું વિવેચન થઇ શકે. આખો વિશેષાંક ટુંકો પડે તેવું લાંબુ ચોડું વિવરણ આ સરખામણીમાં થઇ શકે.

સત્વ વિનાનો દેખાડો અસર તો કરે છે, કામ પણ કરતો લાગે છે. આપણે છાતી ગજગજ ફુલાવીએ. હારતોરાથી એ દેખાડો કરનાર 'સત્વ' શાલીને વધાવીએ. પણ અવસર આવતા જ પેલો રાસભ (રાધર ગધેડો... કે ગદ્ધો) જેમ જોરથી ભુંકયો હતો અને એની વાઘની ચામડી ઉખેડીને લોકોએ એને જેમ પીટયો હતો. અને એ ભુંકવા સિવાય

— સમર્પિતને સમાધિ —

પ. પૂ. ઉ. શ્રી ચારિત્રવિજયજી મ. કે જેઓ પ. પૂ. આચાર્યદેવેશશ્રીજીને સમર્પિત હતા, સમુદાય અને શાસનના કાર્યોમાં પૂજયશ્રીજીની ભુજા રૂપ હતા. તેઓને પણ પૂજયશ્રીએ પોતાના ખોળામાં ઢળી પડતાં સમાધિ આપી. અડીખમ સેવક જતાં પૂ. શ્રીના મોઢા ઉપર કોઇ ગ્લાનિ ઉપસી નહિ કેવું હૈયાનું કરુણા બળ !

બીજું કશું કરી શકયો ન હતો. તેમ આપણા અહાપુરૂષ અવસર આવે પાટલી બદલી શકે છે. મોટી વાતોની ખોટી ભાતો બહાર આવી શકે છે. આત્મબળ વિનાનું યુદ્ધ હારમાં પરિણમી શકે છે. અને શાસનને ત્યારે મોટી નુકશાની થઇ જાય છે. અને એ અહાપુરૂષ પ્રભાવના અને સંરક્ષણના તોરમાં જ હોઇ શકે છે. કેમ કે તેમને માટે સિધ્ધાંત ની વાતો 'પબ્લિસીટી'નું માધ્યમ છે. અને પબ્લિસીટી માટે તેઓ ગમે તે કરવા તૈયાર છે.

સ્વર્ગસ્થ સૂરિદેવ કહી ગયાં છે :-

'પાપાત્માઓ ઘણા જ ભયંકર હોય છે. તેઓ પોતાના પાપની પ્રસિધ્ધિ માટે તારક વસ્તુઓનો દુરૂપયોગ કરવાનું ચૂકતા નથી. મોક્ષ માટે નિર્માયેલી વસ્તુઓનો પણ સ્વાર્થ સાધનામાં ઉપયોગ કરતા તેમને આંચકો આવતો નથી.'

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

દીક્ષા વિના નહિ ઉદ્ધાર

ખંભાત નગર છે.

કાચની કેબિનમાં ઉત્તરાભિમુખ પ. પૂ. ગચ્છાધિપતિ પાટ ઉપર બિરાજમાન છે. સમી સાંજનું ટાણું છે. કેબિનમાં અતુલ પ્રવેશ કરે છે. થોડીવાર પછી એક યુવાન પણ પ્રવેશ કરે છે. યુવાન તરફ જોઇને પૂજ્યશ્રી કહે છે. આ સંસાર ભૂંડો છે' એવું હજી તને લાગતુ નથી. તે આશ્ચર્ય છે. પછી અતુલ તરફ આંગળી ચિંધીને કહ્યું. 'આને સંસાર અસાર છે તેમ જણાઇ ગયુ છે. આની મા સારી છે. પણ એનો બાપ એને દીક્ષા માટે રજા નથી આપતો. કેમ ?' બરાબર ને ? અતુલે સ્મિત વેરતા હા કહી. અને કેબિનની બહાર ગયો. પછી પેલા યુવાનને પૂજ્યશ્રીએ કહ્યું મને તો દાદીમા ગારા મળેલા. એમનો ઉપકાર માનુ એટલો એછો છે તને એવી મા નથી મળી લાગતી. યુવાને કહ્યું ઘરમાંથી કોઇ ના નથી પાડતુ પણ મારૂં જ મન મક્કમ નથી. પછી પૂજ્યશ્રી કહે અહીં આવીને છૂપા પાપ કરવા પડે તો તો ઉતાવળ ન જ કરવી. બાકી. તું લઇલે. હું કોઇને સામેથી નથી કહેતો. તને કહું છું. તું અહીં સારી રીતે સચવાઇ જઇશ. બધી જવાબદારી મારી. પણ મગશેલિયા હૈયાનો યુવાન થોડીવાર રહીને 'મત્થએણ વંદામિ' કહીને ચાલ્યો ગયો.

અમદાવાદમાં ફરી એ જ યુવાનને સહજ રીતે જ દીક્ષા માટેની વાત કરી. પણ યુવાને તે માટે પોતાની અશકિત જણાવી પછી તો દિવસો વીતી ગયા. છેલ્લે છેલ્લે જ્ઞાનમંદિરમાં એક યુવાનને દીક્ષા આપવા પૂજ્યશ્રી પધાર્યા. ત્યારે પેલો યુવાન પૂજ્યશ્રી પાસે ગયો. શાયદ પૂજ્યશ્રી સાથેની યુવાનની આ છેલ્લી મુલાકાત હતી. પૂજ્યશ્રીએ જમણા હાથની મૂઠી વાળીને યુવાનને કહ્યું. તું પાકકો રહેજે હોં. સંસાર ભુલે ચૂકેય છૂટી ન જાય તેની કાળજી રાખજે." અને યુવાનની જીભ મોંમાંથી બહાર આવી ગઇ. આ શબ્દોએ યુવાનનું યુવાન હૈયુ હચમચાવી નાંખ્યુ. પણ આખરે યુવાન તો મગશેલિયો પત્થર હતો. સામે પુષ્કરાવર્તનો મેઘ બનીને અપાર વાત્સલ્યનિધિ કૃપા વરસાવી રહ્યા હતા. પણ મગશેલનો આ પત્થર ભીંજતો પણ ન હતો.

અને દર્શન બંગલાના પૂજ્યશ્રીજીના આખરી અલવિદા ભર્યા વેદના ઢાંકક અંતિમ દર્શન કર્યા ત્યારે યુવાનના હૈયેથી ઉની વેદનાભીના શબ્દો સરી પડયા કે–

તુજ વચનને ઠુકરાવીને સંસાર રસ્તો મેં લીધો સંયમ મહિ રમમાણ રહેવા તે સદાને ચેતવ્યો પણ પાપી છું નિષ્ઠુર છું તુજ માર્ગ હું ચાલ્યો છે નહિં. ઇન્સાફ કુદરતનો ખરે આકુર આવ્યો છે અહિં.

અનાદિ અનન્ત કાળથી ભવ-સાગરમાં ભમતાં ભવ્યાત્માઓ ઉપર નિષ્કારણ કરૂણા બુદ્ધિથી અનન્યોપકારી પરમતારક વીતરાગ ભગવંત સુવિશુદ્ધ ધર્મદેશના-ધર્મતીર્થ પ્રવર્તના કરી અનેક લઘુકર્મી જીવોને મોક્ષમાર્ગના ભોકતા બનાવી અથવા ત્યાં સુધી નહિ પહુંચી શકનાર જીવોને સન્માર્ગ બતાવી પોતાના તીર્થંકર નામ કર્મના ઉદય ને યથાર્થ (નિઃસ્પૃહ બુદ્ધિથી) બનાવ્યું.

તે અનેક તીર્થંકર ભગવંતોમાંથી આપણા આસન્નોપકારી ચરમ તીર્થપતિ જ તે પ્રમાણે તીર્થ સ્થાપના કરી સઘળાં જીવો ઉપર ઉપકાર કર્યો. તે ધર્મ તીર્થની ધુરાને આજે અહીં આપણા સુધી અવિચ્છિન્નપણે પહોંચેલ છે. તો તેમાં મોટામાં મોટો ભાગ

શરણાગત વત્સલ સૂરિદેવ

—પૂ. મુ. શ્રી રમ્યદર્શનવિજયજી મ.

જે કોઈએ ભજ્યો હોય તો તેમનાં શાસનને તન-મનથી વફાદાર રહેનારાં સુવિહિત ગુરુભગવંતો છે.

તેમાં આજ સુધીમાં થઇ ગયેલ અનેક મહાપુરુષોમાં અદ્વિતીય પ્રચંડ પ્રતાપી, નિકટ મોક્ષગામી, સમ્યગ્ રત્નત્રય પ્રદાતા, મોક્ષૌકલક્ષી સુવિશુદ્ધ દેશના દક્ષ, એવા અનેકાનેક ગુણગણોથી અલંકૃત એવા આપણા સહુના પરમ તારક ગુરુદેવ હતા.

પરમ તારક ગુરુદેવના ગુણોનું વર્ણન કરવું એટલે અગાધ એવા સમુદ્રને માપવાની ઇચ્છા કરવા સમાન છે. તેમ છતાં એવા એક વિશિષ્ટ ગુણનું વર્ણન કરવા ઇચ્છું છું. જેના દ્વારા તેઓશ્રીજીનું યત્કિંચિત વ્યક્તિત્વનું જ્ઞાન થઇ શકે. તે અનેક ગુણોને આવરી લેતો ગુણ છે. 'શરણાગત વત્સલ'...

સંસારની અસારતાનું જ્ઞાન થયા બાદ અશરણ થયેલા જીવોને શરણ આવવું તે ઘણું સહેલું છે. પરન્તુ જે વ્યક્તિ જેના શરણે શરણું માંગવા આવેલ હોય, તે જ શક્તિએ પૂર્વે શરણ્ય દાતા પ્રત્યે અત્યન્ત દ્વેષ-ઇર્ષ્યા પૂર્વક (અવિનય-અવિવેક પૂર્વક) વર્તાવ કરેલો હોય અને તે વર્તાવ તેણે આગળ જતાં કોઇક સારા નિમિત્ત મળવાના પ્રભાવે ભૂલ સમજાઇ જવાથી તે શરણું માંગવા આવે ત્યારે તેના પ્રત્યે કોઈ પણ પ્રકારના કરેલ વર્તાવના ખુલાસો કે ઠપકો આપ્યા વગર એકજ નિસ્પૃહતા બુદ્ધિથી ઉદ્ધાર કરવાના હેતુથી શરણ આપવું તે સામાન્ય પુરૂષના લક્ષણ નથી.

જીવનના છેલ્લા વર્ષોમાં-દિવસોમાં ગમે ત્યારે માંદગી આવે ત્યારે કોઇ નિકટવર્તી સાધુભગવંત પૂછે છે કે 'આપની ઇચ્છા શું છે?' તો જવાબમાં એક જ ઉત્તર હર-

હંમેશ મળતો કે 'જો હાલ આ માંદગીથી મને છુટકારો ન મળે અને કદાચ મારા ૧૦૦ વર્ષ પૂરા થઇ જાય અને હું દેવલોકમાં જાઉં તો સહુથી પહેલાં મારા ઉપર જેમને અપકાર કર્યો છે તે સઘળા એ જીવોને શોધી-શોધીને સાચું તત્વ સમજાવી ઉન્માર્ગમાંથી સન્માર્ગે લઇ જવા પ્રયત્ન કરીશ. પછી ઉપકારી ગુરુભગવંતાદિની શુશ્રુષા આદિ કરી મારૂં જીવન સફલ બનાવીશ...' આવા પ્રકારની અપકારી ઉપર ઉપકાર કરવાની તીવ્ર તમન્ના થવી તે ગુણ પણ પૂર્વે વર્ણવેલ ગુણનો જ એક અંશ છે. અને આવી ભાવના આવા દુષમ કાળમાં થવી અતિ દુષ્કર છે.

પહેલેથી છેલ્લા વર્ષો સુધી જેઓ શાસન માટે પોતાના જાતની-અપમાનની-શરીરની-જરીયે પરવા કર્યા વગર જેઓએ એવા અનેક ઇતિહાસ સર્જક પ્રસંગો સર્જ્યા છે જેથી તેમનું જીવન જ એક ઇતિહાસ સ્વરૂપ હતું.

તેમણે ઉપદેશેલ માર્ગને લોકશાહી-લોકાગ્રહ-બહુમતી આદિ નાના વિધ પ્રકારની વિડંબક ચેષ્ટાઓથી દૂર રહીને આજ સુધી તેમણે સંભાળેલ ધર્મધુરાને પોતાના-પરાયાનો ભેદ રાખ્યા વગર સુવિશુદ્ધપણે તેમની અંતઃકરણથી સ્તુતિ-સ્તવનાઓ કરશે તેમનો ઉધ્ધાર થયા વગર રહેશે નહિ !!

અને તે જ સાચા અર્થમાં અનન્ય ગુરુભકત કહેવાશે. કદાચ બાહ્ય દૃષ્ટિથી તેઓ સાચી વાતની પ્રરૂપણા કરવાના કારણે ગુરુદ્રોહી આદિ અનેક બિરૂદાવલિથી બીરૂદાશે પરન્તુ સાચા અર્થમાં તેઓ જ અનન્ય ગુરુભકત છે-હતા-રહેશે. તે સિવાયના સઘળા બાહ્ય દૃષ્ટિથી ગુરુભકત કહેવાતા હોવાં છતા પોતાની જાતને આગળ લાવવા માટે ગુરુનો નામ-સ્મરણ કરનારા ગુરુદ્રોહી છે-હતા-રહેશે.

આ વાત કોઇએ પણ વ્યકિતગત લગાડયા વગર તે વાતને મધ્યસ્થ ભાવે વિચારી ગ્રહણ કરવું જોઇએ !!

અન્તે !! સ્વર્ગલોકના દ્વારે રહેલાં આપણાં સહુના પરમતારક ગુરુદેવને વિનમ્રપણે વિનંતિ કરીએ કે...'કદાચ અમો આપણાં સાચા અર્થમાં ગુરૂભકત ન હોવાના કારણે સ્વર્ગલોકના દ્વારેથી પ્રત્યક્ષ દર્શન આવતાં નથી. પરન્તુ ગમે તેવા દોષોથી ભરેલો પણ હું આપનો દાસ છું. માટે અમોને એવી શકિત આપશો જેના દ્વારા અમો અમારી જાતની પરવા કર્યા વગર આપે આજ સુધી સંભાળેલ ધર્મધુરાને અવિચ્છિન્નપણે આગળ વધારીએ...' અને તે દ્વારા આપણી સાથો સાથ મુકિતપુરીના લોકતા બનીએ...!! બસ! એજ અભ્યર્થના સાથે વિરમું છું.

સૂરિ રામ તારી અમર કહાની

- શ્રી જૈનેન્દ્ર

વિશ્વવંદનીય અચિન્ત્ય મહિમાવંત શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં સદૈવ શાસનને યથાર્થ રૂપે સમજનારા; આત્મસાત બનાવી અનેક ભવ્યાત્માઓને શાસનરસિક બનાવનારા પ્રભાવંત બનાવનારા અને અવસરે પ્રાણના ભોગે પણ રક્ષનારા તીવ્ર મોક્ષભિલાષી મહાપુરૂષો હોય જ છે. જો શાસન પ્રભાવક–ઉપદેશક અને રક્ષક મહાપુરૂષોની હયાતી ન હોય તો આ શાસન શાસનરૂપે ન જ હોય!

અકબર બાદશાહ પ્રતિબોધક શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાએ જે રીતે આ શાસનને ઉદ્યાતવંત કરીને આ ભારત ભરમાં અહિંસા'નો સિંહનાદ જગાવ્યો અને શાસનની અપૂર્વ પ્રભાવના સાથે વિધર્મીઓથી આ જૈન શાસનની અદ્ભૂત રક્ષા કરી એ પ્રસંગો નજર સામે આવતા જ રોમાંચ અનુભવાય છે.

શ્રી તપાગચ્છાધિરાજ બહુશ્રુત તપસ્વી પરમસાત્વિકતાને વરેલા શ્રી હીરસૂરીશ્વરજી આરાધ્યપાદ શ્રીના સ્વર્ગરથ બાદ આ જૈન શાસનને અખિશુદ્ધ સમજાવનાર અને વિરોધી –અજ્ઞાનીઓની ભયંકર કાતિલ કાવત્રાઓમાં, અને સુધારકોના ઝેરી તોફાનોમાં પ્રાણના ભોગે રક્ષનારા મહાપુરૂષ તે વર્ત્તમાન યુગીન પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા! શ્રી જૈન શાસન માટે તો તેઓશ્રીના જીવનની પ્રત્યેક ક્ષણ ભવ્યાત્માઓ માટે અનેરો સાત્વિક આદર્શ આપનારી હતી...

ગતજન્મોમાં કરેલી વિશિષ્ઠ આરાધના સાધના દ્વારા સકામ નિજરા કરેલી હોય તો જ તીવ્ર મોક્ષભિલાષી સમ્યકત્વ પુનહૃદયી સુસંયમી આત્માઓ શ્રી જિન શાસનને સમર્પિત બની સાત્વિકતા દ્વારા એનુ રક્ષણ કરે અને સ્વ–પરનું સાચુ શ્રેયઃ સિદ્ધ કરે સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિ મહારાજ તો ખંભાત નજીકના નાનકડા દેવાણુ ગામે જન્મ્યાં પણ સંયમી બન્યા બાદ રત્નત્રયીની સુવિશુદ્ધ આરાધના શાસન સમર્પિતતા અને પ્રચંડ પુન્યોદયના પ્રભાવે ભારત ભરના ગામ–નગરોમાં શ્રી જિન શાસન અને મોક્ષનો નાદ સર્વવ્યાપી બનાવ્યો...

સોનું જેમ અગ્નિના સંબન્ધે સુવર્ણી બની હોકના નયન–મન અને કાયાને પ્રફુલ્લિત બનાવે છે તેમ આ મહાપુરૂષ વિઘ્ન સંતોષીઓ જમાનાવાદી સુધારકોના તોફાની અગ્નિ જવાળાઓમાં અત્યસુવર્ણની જેમ વધુ તેજસ્વી બની અનેક ભવ્ય જીવોના હૈયાના હાર બન્યા...

પાદરાનાપનેાતા ત્રિભુવન બચપણમાં જ વ્હાલા માતા પિતાનેા વિયેાગ...જે રસેાડે એકી સાથે ૧૫૦ ની જોજન પંગત મંડાતી ત્યાં ૭ પેઢીએ ખેાટનેા બાલક આ ત્રિભુવન.

પિતાજીના પિતાજીના માતુશ્રી રતનબાએ વાત્સલ્ય સાથે ઉત્તમ ગુણેા અને સંસ્કારથી ત્રિભુવન'ને એવેા કેળવ્યેા કે મુક્તિ પ્રાપ્તિ તીવ્ર અભિલાષા અને વહેલી તકે સંયમ પ્રાપ્તીની ઝંખના રેામેરેામમાં વ્યાપ્ત બની ગઇ. બાલ્યવયમાં અબાલ બુદ્ધિના સ્વામી ત્રિભુવનની ભણેવાણુ અને વ્યવહારિક શિક્ષણભુમિ પાદરમાં સહજ રીતે એવી હવા જામી કે શિથીલાચારી–સાધુ ત્યાં જતા સેાવાર વિચાર કરે પેાતે તેા ૪ વર્ષની વયથી ઉકાળેલુ પાણી–પરમાત્મા ભકિત–ઉભયટંક પ્રતિક્રમણ–નવકારશી ચેાવિહાર તેા કરતાં સાથે ધાર્મિક અધ્યયન એવું મજેનું કરતાં કે જેની પરિણતી એમની પ્રત્યેક ક્રિયામાં જણાઇ આવતી–જાણે જિનાજ્ઞા માતા સાથે જ રહેવ નું હેાય ! મેાહરાજાના શા પરાક્રમ ચાલે ? પાદરાના ધાર્મિક શિક્ષક શ્રી ઉજમશીભાઇએ આ રત્નની ચમક સ્વ સ્વરૂપે પ્રગટાવવામાં સિંહ ફાળેા આપ્યેા. એથી ચરિત્ર પ્રાપ્તિની ભાવના અતિ તીવ્ર બની. મનને કાકાએા ડરી ગયાં પ્રલેાભન આપ્યું કે તું દીક્ષા ન લે અમારી પાસે જે છે તે તારા નામે કરી આપીએ પણ ભવભીરૂ ત્રિભુવને કહ્યું' કે 'સંયમ એજ મારૂ સાચુ જીવન છે. મામાએ આવીને કહ્યું કે, તારા કપડા ફાટી જાય પછી દીક્ષાની વાત ત્યાં ત્રિભુવન કાતરથી તેના કપડા કાપવા બેસી ગયેા. જેણે સંસાર કાપવેા છે એને કપડા ફાડવા એ સહજ હેાયને ? કાકા–મામા આદિ સગાઓએ છાપામાં નેાટિસ છપાવી' કે જે ત્રિભુવનને દીક્ષા આપશે એની સામે કાયદેસર પગલા લેવાશે' આ નેાટિસે તેા ત્રિભુવન વજ્ર જેવી કઠેારતા સાથે સંયમ લેવા તે પણ વહેલી તકે લેવા દૃઢનિશ્ચયી બન્યેા. ભલેને સગાઓએ એની ચારે તરફ ચેાકી મૂકી એમાં ભાગ્યેાદયને ખિલવનાર પૂ દાન વિજય મ. અને પૂ. પ્રેમ વિજય મ નું ચેામાસું પાદરા પાસેના દરાપરા ગામમાં થયું. ઉભય મહાત્માએના પરિચય પ્રતાપે પૂ પ્રેમ વિજય મ. નું શિષ્યત્વ અંગીકાર કરવાનેા શુભપળે સુનિશ્ચય કર્યો... પણ ત્યાં દાદીમાના શબ્દો યાદ આવ્યાં. બેટા ! તારે દીક્ષા જ લેવાની છે પણ મારી હયાતી બાદ આ શબ્દો પૂ ગુરૂદેવશ્રીને સંભળાવતાં પૂ ગુરૂવર્ય શ્રી પ્રેમવિજય મ. એ કહ્યું કે, 'ત્રિભુવન ! તને ખબર છે કે તું પહેલા જઇશ કે તારી દાદીમા આ વાકયે અતિ જાગ્રત બની ને ચાતુર્માસ બાદ વ્યવસાયિક કામના અર્થે વડેાદરા જઇને પૂ. પરમ-ગુરૂદેવ શ્રી દાન વિજય મ. પાસેથી દીક્ષાનું મંગલ મુહૂર્ત લઇ આવ્યાં. બારે ગાંલીયે અપનાવી પૂ. ગુરૂદેવશ્રીના કથન મુજબ જંબુસર જવાનું નકકી કર્યું. ચુપકીથી ટ્રેનમાં બેસીને કેાઇ ઓળખીતેા જોઇ ન જાય એ માટે રેલ્વેના પાટીયા નીચે સંતાઇ જઇ સાંજના

માસર રોડ, ત્યાંથી પગે ચાલીને જંબુસર રાત્રે ૧૧॥ વાગે પોંહચ્યાં ત્યાં પૂ. ઉપાધ્યાયજી વીરવિ.મ. હતા દીક્ષા આમોદ આપવા વિચાર્યું ત્યાં પગે ચાલીને ગયાં ત્યાં દૂરના કાકી ત્રિભુવનને જોઈ બોલ્યાં કે તું કેમ અહીં આવ્યો છે ? જબાબમાં કામકાજે. પછી તો પૂ. મુનિવર શ્રી મંગલ વિ. મ. ના શુભ હસ્તે ગંધારતીર્થે દીક્ષા આપવી એમ નકકી થતાં પૂ. મંગળ વિ. મ. આદિ ૩ મહાત્માઓ સાથે ૧૯ માઈલનો દીર્ઘ વિહાર કરી ગંધારતીર્થે પોંહચ્યાં. ત્યાં દીક્ષાની મંગળ વિધિ શરૂ થઈ. દરીયા કિનારો પવન જોરદાર ચાલે દિપકો ઝબુક ઝબુક થાય. એમાં ગામમાં કોઈ હજામ ન મળે પૂ. મંગળ વિજય મ. એ વાળ કાપવાનું ચાલુ કર્યું થોડીવારે હજામ આવ્યો. શુભ મુહૂર્તે નિર્વિઘ્ને દીક્ષા લેવાઈ ગઈ. નામ મુનિ રામવિજય પાડયું મુખ ઉપર તો સંયમ પ્રાપ્તિનો અપૂર્વ આનંદ અને આરાધનાનું તેજ ચમકયા કરે. ત્યાં પૂ. મંગળ વિજય મ. એ ભવિષ્ય ભાખ્યું આના જીવનમાં ઝંઝાવાતો અનેક આવશે પણ સર્વત્ર વિજય મેળવીને શાસનનો મહાપ્રભાવક બની દીપકની જેમ જ્ઞાન તેજનો પ્રકાશ સર્વત્ર ફેલાવશે જે વાણી પૂજ્ય રામવિજય મ. ના જીવનમાં અક્ષરશઃ સાચી પડી છે.

વિ. સં. ૧૯૬૯ પો. સુ. ૧૩ ના શુભદિને ૧૭ પ્રકારના સંયમને આત્મસાત્ કરવાં ૧૭ વર્ષની વયે સુસંયમી બન્યાં ચારિત્ર પર્યાયની દિન પ્રતિદિન વૃદ્ધિ સાથે પૂ. ઉ. શ્રી વીરવિ.મ. પૂ. પ્રગુરૂવર્ય શ્રી દાન વિજય મ. અને પૂ. ગુરૂદેવશ્રી પ્રેમ વિ. મ. ના

ઉપકારનો બદલો

પ. પૂ. સુ. શ્રી મંગલ વિજયજી મ. શ્રીએ પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને દીક્ષા આપી હતી તેઓશ્રી તથા તેમના ગુરુબંધુ મોહનવિજયજી મ.ને છેવટ સુધી સાચવ્યા અને અંતિમ સમાધિ આપી.

કૃપાપાત્ર બન્યાં. કારણ કે જ્ઞાન અધ્યયનની લાગણી સાથે પૂ. રામવિજય મ. એ વિનય વિવેક વૈયાવચ્ચ-સહિષ્ણુતા-ગુણાનુરાગ-ગાંભીર્ય ઔદાર્ય-ક્ષમાદિ ગુણોની સુન્દર ખિલવણી કરીને ઉત્તમ સાધુતાનો આદર્શ મૂર્તિમંત બનાવ્યો.

વિશિષ્ટ યોગ્યતાને પરખીને સિનોર ગામના પ્રથમ ચાતુર્માસમાં પૂ. ઉપાધ્યાયજી વીર વિ મ. ની તારક આજ્ઞાથી પૂ. રામવિજય મ. એ સમકિતના ૬૭ બોલ ઉપર મનનીય પ્રવચન આપ્યું. વચન સિદ્ધ પૂ. ઉપાધ્યાય મ. ના મુખમાંથી શબ્દ સરી પડયાં

કે, તું સમર્થ વ્યાખ્યાતા બનીશ' આગળ જતાં આજ પૂ. રામવિજય મ. વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનકાર તરીકે પ્રસિદ્ધિને પામ્યાં.

વિ. સં. ૧૯૬૦ નું ચાતુર્માસ પૂ ગુરૂવર્યો સાથે ભાવનગર પરામાં પૂ. ઉપાધ્યાયજી મ. ભાવનગર ગામમાં...પૂ. ઉપાધ્યાયજી મ.ને ગામનું પાણી પ્રતિકુળ જાણી પૂ. રામવિજય મ. પરાઓમાં ૧૦-૧૫ ઘરથી નિર્દોષ પાણીનો ઘડો ભરી બન્ને પોરશીના પાણીને લઈ ગામમાં જઈને પૂ. ઉપાધ્યાયજી મ. ની ભક્તિ કરતાં. એ ભક્તિ પ્રભાવે વચનસિદ્ધ પૂ. ઉપાધ્યાયજી મ. ના મૂખમાંથી શબ્દો નિકળયા 'બિભા' તું શાસનનો બડા પ્રભાવક હોગા' આ વચનો પણ અક્ષરશઃ સાચા પડયાં. આ ચાતુર્માસમાં કર્મપયડી'નો તલસ્પર્શી અભ્યાસ પોતાના પૂજય ગુરૂદેવશ્રી પાસે કર્યો...

થોડા સમય બાદ ગુરૂ-શિષ્યની બેલડી ઝીંઝુવાડા ગામના નજીકના ગામે ગએલી ત્યાં શ્રાવકોના તે સમયે ૬-૭ ઘોરડા ગામમાં ગયાને પૂ. ગુરૂદેવ શ્રી પ્રેમવિજય મ. ને ઠંડી ચઢી જોરદાર તાવ આવ્યો. ગામમાં કોઇ વૈદ્ય પણ ન મળે. બીજે દિ' તાવ ઉતરી ગયો પણ પૂ. રામવિજય મ. ને જોરદાર ઠંડી સાથે તાવ આવ્યો...

આમ લાગટ ૩૨ દિવસ સુધી ગુરૂ-શિષ્યને અંકાંતરે તાવ આવે છતાંય અન્યોન્ય જે ઉલટ ભાવથી ભક્તિ થતી એ જોઇને જૈન જૈનેતરો કહેતા કે આવા મહાત્માઓ તો વિરલાજ હોય.

દૃઢસમ્યકત્વની પરિણતીના બળે ૭ વયથી અવિરત પૂ. રામવિજય મ. એ દીક્ષાના ૭ માં વર્ષથી અવિરત શ્રી જિનવાણીનો ધોધ વર્ષાવા માંડયો. તેઓશ્રીની વાણીનો પ્રત્યેક શબ્દ શાસ્ત્ર વચન છે એવી સુન્દર છાપ પ્રત્યેક શ્રોતાજનોના હૈયામાં અંકિત બનીને શ્રોતાઓને ત્યાગ-વિરાગમાં મહાલતા કરી દેતા હતાં એ જિનવાણીના જાદુએ કોટયાધીશ શેઠ શ્રી જેસિંગલાલભાઇએ યુવાવસ્થામાં જ સંસાર લીલા ત્યજીને પૂજયશ્રીને જીવન સમર્પણ કર્યું અને વૈરાગ્યવારિધી શિષ્ય બન્યાં પછી તો જાણે ચારિત્રમાર્ગ અનેકને સુલભ બની ગયો. પૂજયશ્રીનો પુણ્યપ્રતાપ પ્રચંડ બનતો ચાલ્યો...ત્યાં સુધારકોના તોફાને પણ ભારે ઝંઝાવાત મચાવ્યો. વાયુથી મેરૂ ડગે તો પૂજયશ્રી સ્વયથી ડગે. સીધી રીતે સુધારકો ન ફાવ્યા તો એક વૈદ્યને સાધ્યો પૂજયશ્રી પોતાના પૂ. ગુરૂદેવશ્રી સાથે વિહારમાં હતાં ત્યાં પિત્ત પ્રકોપના કારણે પૂ. રામવિજય મ.ને આખા શરીરે ભારે ચળ ઉપડી અને પૂ. ગુરૂદેવશ્રી પ્રેમ વિજય મ. ને મરડો શરૂ થયો. ભકતશ્રાવક તરીકે સુધારકે આબાદ ભાગ ભજવીને પૈસાથી મતિભ્રષ્ટ કરેલા વૈદ્યને લઇ આવ્યાં. વૈદ્યે નાડી જોઇને પૂ. ગુરૂદેવશ્રી પ્રેમ વિજય મ. ને પાપડ ઉપર દવા ચોપડી આપી અને પૂ. રામવિજય મ.ને

સફેત મરીન ભુકકા સાથે દવા ભેળવીને આપી અને વૈદ્ય સુધારક સાથે રકુચકકર થઈ ગયો. દવા લેવ.થી થોડી જ વારમાં પૂ રામવિજય મ. ની નસો ખેંચાવા માંડી શરીર લાકડા જેવુ થઇ ગયું. હાથ પગના નખ શ્યામ પડી ગયાં. મોં થી બોલાય પણ નહી ત્યાં બીજી તરફ પૂ. ગુરૂવર્ય શ્રી પ્રેમવિજય મ. ને ઝાડા ઉપર ઝાડા શરૂ થયાં પથારી ઉપરથી ઉભા પણ ન થવાય એવી ચિંતાજનક સ્થિતિ સરજાઇ. સંઘના ભાવિક શ્રાવકો ચિંતામગ્ન બન્યાં–દવા આપેલ વૈદ્યની ઘણી તપાસ કરી પણ એતો કયારનાય ગામમાંથી ભાગી ગએલ.–ત્યાં એક જૈનેતર વૈદ્યકનુ થોડું ઘણુ ભણેલા પણ અનુભવી વૈદ્યે આવીને દવા ઉપચાર કર્યા. વળતા પાણી થઇ ગયાં. ઘાત ગઈ. પણ આ પરિસ્થિતી જે સમતાથી સહન કરી એ જોઇને ઘણાની આંખો ભીની થઇ ગઇ–"કેવો અત્યાચાર આપે સહન કર્યો" ? પૂ. રામવિજય મ. એ કહ્યું કે વૈદ્ય તો નિમિત્ત માત્ર છે મેં બાન્ધેલા જ અશુભ કર્મો મે મનેથી ભોગવ્યા છે મારે મન તો કર્મ ખપાવાની મને સુન્દર તક મળી કેવું અદ્ભૂત સત્ત્વ !

૭ વર્ષીય આ પર્યાયમાં જ વડોદરામાં જૈનાચાર્યની ઉપસ્થિતિમાં વિધવા વિવાહનો ઠરાવ પસાર કરવા સુધારકો ભેગા થયાં પૂ. વડિલોએ રામવિજય મ. ને મોકલ્યાં એમની ઉપસ્થિતિમાં સભાનો ભારે રકાસ થયો.

રતનબાઇના પતિએ વૈરાગ્યવાસિત બનીને દીક્ષા લીધી. ભરસભામાં રતનબાઇએ ઉભા થઇને કહ્યું કે 'મને મારો પતિ આપો' અરે ! નજીક આવી ભારે ધમાલ મચાવી મામલો કોર્ટે ચઢયો...રામવિજય મ. કોર્ટમાં ગયાં ત્યાં ઓઘાથી જમીન પૂંજીને પૂંજેલા આસન ઉપર બેઠા' જજજે બારકાઇથી આ ક્રિયા જોઇ, વિચાર્યું કે જેઓ આટલી સૂક્ષ્મ જીવદયા પાળે છે તે રજોહરણનો ઉપયોગ સ્ત્રી મારવામાં કરે જ કેમ ? બાઇના આક્ષેપો જુઠ્ઠા છે. ત્યાં પૂ. રામવિજય મ. ને પુંછયું તમોએ આ બાઇને ઓઘાથી મારી છે ? પૂ. રામવિજય મ. એ ધીર ગંભીર સ્વરે સાધુના પાંચ મહાવ્રતનુ વિશદ વિવેચન કરી કહ્યું જ્યાં સ્ત્રીને સ્પર્શ મનથી પણ કરવાની પ્રતિજ્ઞા છે ત્યાં જે રજોહરણથી સૂક્ષ્મ અહિંસાનું પાલન કરવાનું હોય અને આજીવન અંતિમ શ્વાસ સુધીનું હોય ત્યાં આ આરોપ ઘટે જ કેમ ? નામદાર કોર્ટે પૂ. રામવિજય મ. ને નિર્દોષ જાહેર કર્યા. હજારોની મેદનીએ જૈન શાસનનો ભારે જયઘોષ કર્યો.

૧૯૭૬ માં અમદાવાદમાં દુઃખદ બનાવ બન્યો શ્રીમંત ઉદ્યોગપતિ કે જે વિચારોથી અધર્મી હતો તેણે જાણી જોઇને સંવત્સરીના પવિત્ર દિને જ પોતાના બંગલાના કંપાઉન્ડમાં ૬૦ થી વધુ કુતરાઓને યમશરણ કરાવ્યાં. આ વાતની જાણ થતા જબર-

હસ્ત વિરોધ પેદા થયો પૂ. રામવિજય મ. એ પ્રવચન ધારા દ્વારા ભારે આંદોલન ઉપાડયું પરિણામે કુતરાઓને મારવાની અક્ષમ્ય પ્રવૃત્તિ તરત બંધ થઇ જ્યાં ત્યાં પૂ રામવિજય મ. ની યશોગાથા ગવાય.

આજ ૧૯૭૬ નું વર્ષ રાજનગર માટે ચીરસ્મરણીય બન્યું. નવરાત્રીન દિવસોમાં માતાજીનો ઉત્સવ થતો દશેરાના દિને ભદ્રકાળીના મંદિરે બોકડાને શણગારી વધ કરવામાં આવતો. આ રીવાજ ઘણા વર્ષોથી ચાલ્યો આવતો હતો. પૂ રામવિજય મ. એ આ હિંસક પ્રથાનો સદંતર નાશ કરવા પોળે પોળે જઇને પ્રવચનમાં આ ઘાતક પ્રવૃત્તિ સામે ભારે આંદોલન જગાવ્યું. મહાજનોએ બધા જ ઉપાયો આ પ્રવૃત્તિ અટકાવવાં અજમાવ્યા પણ ધારી સફળતા મળતી ન હતી. હામથી પણ કાર્ય સરે એવું ન લાગતાં માણેક ચોકમાં પચાસ હજારની મેદની સામે એવું જોરદાર પ્રવચન આપ્યું કે જેથી જૈનો સાથે હજારો હિંદુઓ આ પ્રથા બંધ કરવા કટિબદ્ધ બન્યાં, અરે દયાળુ મુસ્લિમો પણ જોડાયાં કોર્ટ દ્વારા પણ પ્રયત્નો કર્યા માતાજીના મંદિરના પૂજારીના પગ ધ્રુજવા લાગ્યાં. દશેરાના દિને હજારો માણસો ભદ્રકાળી મંદિર પાસે એકઠા થયાં. પૂજારીઓએ હવેથી બોકડાનો વધ કયારેય નહિ થાય એમ કહેતા લોકો નાચી ઉઠયાં. બોકડાને માળા પહેરાવી અમદાવાદમાં વિજય સરઘસ નીકળ્યું હવે તો રામ વિજય લોકોના હૃદયમાં જીભમાં રમવા લાગ્યાં. કેવું સમ્યગ્દર્શન નિર્મળ હશે ? અને સત્યની કેવી વફાદારી હશે કે અધ્યાત્મ સત્ત્વ દ્વારા જૈન શાસન ભારતભરમાં ગુંજારવ કરતું કરી દીધું...

એજ રીતે લાલન નામનો પંડિત કે જેમને શિવજી નામે પ્રધાન શિષ્ય. આ લાલન પંડિતે જુદો જ એક અનુયાયી વર્ગ ઉભો કર્યો લાલનપંડિત તરફથી ભક્તિના અતિરેકે એમના ભકતોએ પાલિતાણામાં જયતલટીએ લાલન પંડિતની ૨૫ મા તીર્થંકર તરીકે આરતી ઉતારી. જૈન સંઘમાં ભારે ખળભળાટ મચી ગયો. તે વખતે પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિ મ. એ ભારે વિરોધ કર્યો. પૂ. રામવિજય મ. એ પણ જોશીલી વાણીથી આંદોલન તીવ્ર બનાવ્યું. શ્રાવકોએ લાલન સામે કોર્ટમાં કેસ કર્યો. જુબાની આપવા પૂ સાગરાનંદસૂરિ મ. સુરત પધાર્યા કોર્ટે લાલન વિરૂદ્ધ કેસનો ચૂકાદો આપ્યો. પંડિત લાલનને પણ ભારે પશ્ચાત્તાપ થયો. પછી આ પંડિત અમદાવાદમાં પૂ રામવિજય મ. ના વ્યાખ્યાનમાં આવતો પ્રવચન સાંભળી પોતાનો પશ્ચાત્તાપ પ્રગટ કર્યો. પ્રાયશ્ચિત માગ્યું તેના હૃદયનું સુન્દર પરિવર્ત્તન થઇ ગયું.

૧૯૭૬ ની સાલમાં વડોદરામાં શ્રમણ સંમેલન ચોજાતા દેવદ્રવ્ય આદિની શાસ્ત્રીય મર્યાદા-નિયમો-પાઠો માટેના જે નિર્ણય લેવાયા તેમાં પૂ. રામવિજય મ. એ પ્રમુખ

ભૂમિકા અદા કરી. હોટેલથી બરબાદી' આ વિષય ઉપર જાહેર પ્રવચનો થતાં અમદાવાદની હોટેલો લગભગ બંધ જેવી થઈ ગઇ. અરે ! લક્ષ્મી વિલાસ—અને ચન્દ્ર વિલાસ જેવી પ્રખ્યાત હોટેલોમાં ય લોક જતા અટકી પડયાં કેવી માર્મિકતા હશે ? એમની સચોટ વાણીમાં ! પત્થર પણ પીઘળી જાય એવી અમોઘ શકિતને વરેલા હતાં પૂ. રામવિજય મહારાજ. સં. ૧૯૮૨ ના અમદાવાદ ચાતુર્માસ ખાદી રેંટીયા અને અહિંસા અંગે તલસ્પર્શી શાસ્ત્રીય મન્તવ્યો શ્રોતાજનોની હજારોની મેદનીમાં પૂ રામવિજય મ.એ નિર્ભિકપણે રજુ કરવા માંડયા એ વખતે મોહનલાલ કરમચંદ ગાંધી કે જે મહાત્મા ગાંધીના નામે ભારતભરમાં પ્રસિદ્ધિને પામેલા તેઓ સાબરમતીથી ચર્ચાપત્ર દ્વારા સ્વમંતવ્યો રજુ કરે, અને પૂ. રામવિજય મ. બુલુન્દ અવાજે શાસ્ત્રીય પાઠો આપીને એનું ખંડન કરે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ પૂજ્યશ્રીના પ્રવચનોમાં અનેક રાજકીય આગેવાનો સાથે અચૂક આવતાં. તેઓએ પૂજ્યશ્રીને વિનંતી કરી કે, ગાંધીજી અને આપશ્રી શાસ્ત્રીય ચર્ચા કરીને સત્યને શાસ્ત્રાધારે પ્રગટ કરો. પૂજ્યશ્રીએ જણાવ્યું કે, જાહેરમાં ખાનગીમાં અથવા જ્યાં ગાંધીજી ઇચ્છે ત્યાં શાસ્ત્રીય વાદ કરવા હું તૈયાર છું તમો સમય-સ્થળ નક્કી કરી આવો. વલ્લભભાઇ પટેલ ગાંધીજીને મળ્યાં અને વાત કરી' તે વખતે ગાંધીજીએ કહ્યું કે, બ્રિટિશ રાજનેતાને હું સમજાવી શકું પણ આ રામવિજય સાથે મારી વાત કરવાની કોઇ ગુંજાએશ નથી. વલ્લભભાઇ પટેલે આવીને

---

૦ એકલા આગમને જ વળગવા જઇએ તો આપણું દેવાળું નીકળી જાય. પંચાંગીથી જ આપણે સમૃદ્ધ છીએ. આગમોમાં તો માત્ર સૂચનો છે. એને વિસ્તૃત કરીને સમજાવનાર તો નિર્યુકિત ચૂર્ણી, ભાષ્ય અને ટીકા છે. આપણને એ બધા પૂરે-પૂરા માન્ય હોવા જ જોઇએ.

—ધર્મનો મર્મ

પૂજ્યશ્રીને વાત કરી, પૂજ્યશ્રીએ કહ્યું કે હું સામેથી સાબરમતિ વાત કરવા આવતી કાલે જઇશ આ સમાચાર ગાંધીજીને મળતાં તેઓ બીજા ગામે ચાલ્યા ગયાં પૂજ્યશ્રીની સત્યનિષ્ઠતા—સિદ્ધાન્ત સાપેક્ષતા ચાણકય બુદ્ધિ તાર્કિક પ્રતિભા ધીરતા-વીરતા ગાંભીર્યાદિ ગુણોને જોઇને વલ્લભભાઇ પટેલે પૂજ્યશ્રીને નમ્ર વિનંતી કરી કે આપશ્રી રાજકારણમાં આવી જાવ, આપને ઇચ્છિત પદ સ્થાન આપવામાં આવશે. પૂજ્યશ્રીએ જણાવ્યું કે, હું તો મુકિત-રાજ્ય વહેલી તકે પ્રાપ્ત કરવા સાધુ થયો છુ. ભારત શું દુનીયાનું રાજ્ય

મારે મન ત્યાજ્ય છે. સંયમી જીવનમાં મોક્ષ પ્રાપ્તિની સાધના એજ પ્રધાન મારૂ લક્ષ્ય છે તેથી તમારી વાત મારે સ્વપ્નને પણ સ્વીકાર્ય નથી. પૂજ્યશ્રીની અજોડ નિસ્પૃહતા જોઈને સરદાર વલ્લભભાઈ પટેલ ગદ્‌ગદ બની ગયાં અને ચરણોમાં શિર ઝુકાવી પ્રભાવિત બન્યાં...

પૂજ્યશ્રી પોતાના પૂ. ગુરૂવર્યો નાથે ૧૯૮૫ ની સાલમાં મુંબઈ પધાર્યા. તેઓશ્રી મુંબઈ આવી રહ્યાં છે એ જાણીને સુધારકો ખળભળી ઉઠયાં. મુંબઈનું વાતાવરણ અતિઉગ્ર બની ગયું. આગેવાનોની પેનલ અંધેરી જઈને વિનંતિ કરવા લાગ્યાં કે પૂજ્યશ્રી આપ ન પધારો ભારે ધમાલ થશે. પૂજ્યશ્રીએ કહ્યું કે હું તો પરમાત્માનું શાસન સમજાવવાં મુંબઈ આવીશ જ, કદાચ મારા શરીરને નુકસાન પોંહચશે તો એના લોહીના પ્રત્યેક બુંદમાંથી સત્યની રક્ષા કરનારા અનેક મહાપુરૂષો પાકશે. તમો ચિંતા ન કરો. અમો

---

૦ ઘર વેચીને વરો કરનારો ડાહ્યો કહેવાય ! ઘરબાર બધું વેચીને વરો કરે અને વરામાં એવું જમાડે કે જમનારને જમણ યાદ રહી જાય પણ બીજા દિવસથી પોતાનું પેટ ભરવાને એ ભીખ માગવાને નીકળે, તો એ સારો કહેવાય ! લોક, જમી જનાર લોક પણ એને શું કહે ! 'એવકૂફ ! તને કોણે વરો આ રીતિએ કરવાનું કહ્યું હતું ?'-એમ જ લોક એને કહેને ? એમ સાધુપણાને ભૂલી જઈને પ્રભાવના કરવા નીકળનારાને જ્ઞાની શું કહે ? જે ધર્મને પોતે જ ધક્કો દે છે, એ વળી એ ધર્મની પ્રભાવના કરશે ? એ ધર્મની પ્રભાવના કરે કે અધર્મની ?

—સમ્યગ્દર્શનનું સ્પષ્ટીકરણ

કોઈના બળે જીવતા નથી એક જિનાજ્ઞાનું બળ જ અમારે મન પ્રાણકર્તા છે આવેલા પાછા ગયાં ભવ્ય સામૈયું થયું પણ વિરોધી સુધારકોએ સામૈયાના રસ્તે કાચનો ગાલીચો જાણે પાથરી દીધો છતાય મલપતી ચાલે એજ પ્રસન્નતા પૂર્વક લાલબાગ-ભુલેશ્વરના ઉપાશ્રયે મજેથી પ્રવેશ કર્યો.

રોજ જિનવાણીની અમીવર્ષા થાય. કેટલાયના જીવન ધર્મના રંગે રંગાયા આખાય મુંબઈમાં એક જ વાત સત્ય-સિદ્ધાન્ત મોક્ષની માર્મિકવાતો સમજાવનાર આ એક જ રામવિજય છે, અનેકોએ વૈરાગ્ય વાસિત બની સંયમ માર્ગને અપનાવ્યો. એઓશ્રીના પ્રવચનોમાં ભારે ચમત્કાર હતો. જે એકવાર દત્તચિત્તે સાંભળે તે શાસનભક્ત બન્યાં

વિના ન રહે. અમોઘશક્તિના અને પ્રભાવક પુન્યોદયના સ્વામી પૂજ્યશ્રીએ કયારે પણ પોતાના ભકતો બનાવવાનો પ્રયત્ન કર્યો નથી પણ જે ભવ્યાત્માઓ તેઓશ્રીના પુણ્ય પરિચયને પામે, જિનવાણીનું શ્રવણ કરે અને પવિત્ર સંયમ જીવનની કરણીને નિરખે તેઓ શાસનના પરમ ભકત બનીને અચૂક મોક્ષ માર્ગના સુન્દર આરાધક બન્યા વિના તો ન જ રહે.

જેઓ શાસનના પ્રાણ વિના કરોડોના પ્રોજેકટ લઇ બેઠેલા હોય તેઓને ડગલે ને પગલે પૈસાની જરૂર પડતી હોવાથી સિદ્ધાન્ત અને સંયમ જ આજની મર્યાદા બાજુમાં મુકીને સ્વભકત બનાવાનો પ્રયત્ન કરે. પૂજ્ય શ્રી પાસે એક જ ધ્યેય હતું. સૌ પરમાત્માના લોકોત્તર શાસનને સમજે સમ્યગ્દર્શન-દેશવિરતી યા સર્વવિરતિ પામે અને સ્વ-પરનું સાચુ કલ્યાણ કરીને વહેલી તકે સિદ્ધ અવસ્થાને પામે. આ શિવાય બીજુ કોઇ ધ્યેય એમના વિચારમાં પણ ન હતુ તો વાણીમાં કયાંથી આવે. એથી જ તો પૂજ્ય શ્રી ઉપર ઉભા કરવામાં આવેલા વિઘ્નો આરોપો તેઓશ્રીને વિજય અપાવી વધુ પ્રભાવન્ત બનવામાં જાણે સહાયક બન્યાં. ૮૮ ની સાલમાં બાલદીક્ષા પ્રતિબંધક બીલની સામે પૂ. ગુરૂદેવ શ્રી ઉ. પ્રેમવિજય મ. ના પુન્ય આશીર્વાદ અને પ્રેરણાથી જોરદાર પડકાર કર્યો.

તેજ રીતે ૧૯૯૦ ની સાલમાં અમદાવાદમાં ભરાએલ મુનિ-સમ્મેલનમાં દેવદ્રવ્ય-દીક્ષા આદિના પ્રશ્નો ચર્ચાયા ત્યાં પૂ. પં. શ્રી રામવિજય મ. એ ચર્ચામાં પ્રધાનભાગ ભજવી સિદ્ધાન્તની રક્ષા અપૂર્વ ધૈર્યથી કરી શ્રી સંમેલને શાસ્ત્રાનુસારી નિર્ણયો કર્યા જે આજે દીવાદાંડી રૂપ છે.

૧૯૯૧ માં પૂ. પ્રભુરૂવર્ય શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ પૂ. ઉ. શ્રી પ્રેમવિજય ગણિવરને આચાર્યપદે અને પૂ. પં. શ્રી રામવિજય ગણિવરને ઉપાધ્યાયપદે સ્થાપિત કર્યા. એજ સમયે પૂ દાનસૂરિ મ. એ ૧૯૯૨ ના વૈ. સુ. ૬ ના શુભ મુહૂર્ત્તે પૂ. ઉ. શ્રી રામવિજય ગણિવરને તૃતીયપદે આરૂઢ કરવાનુ મુહુર્ત્ત નિશ્ચિત કર્યું. પૂ. દાનસૂરિ મ. એ પૂ. ઉ. શ્રી રામવિજય મ. ને તિથિ અંગે શાસ્ત્રીય તલસ્પર્શી અધ્યયન કરાવ્યું.

મહામાસમાં પાટડીમાં પ્રતિષ્ઠાનો પુન્ય પ્રસંગ હોવાથી સૌ મહાત્માઓએ પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મ. સાથે શંખેશ્વર રાધનપુરથી વિહાર કરી પધાર્યા. ત્યાં ખંભાતના આગેવાનો એ પૂ. આ. શ્રી દાનસૂરિ મ. ને જોરદાર વિનંતી કરી કે, ખંભાતમાં જિનેન્દ્ર ભકિત મહોત્સવ માટે પધારો જ પધારો. અતિ આગ્રહથી પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.

એ પૂ. ઉ. શ્રી રામવિજય મ. આદિને ખંભાત તરફ જવા આજ્ઞા ફરમાવી પૂ. ઉ. શ્રી રામવિજય ગણિવરને જણાવ્યું કે વર્ષોથી આપણે તિથિની આરાધના ખોટી કરી રહ્યાં છીએ. શુદ્ધસિદ્ધાન્તનો ખ્યાલ આવે માટે જ તને રાધનપુરમાં તિથિ અંગે શુદ્ધ શાસ્ત્રીય માર્ગદર્શન ઝીણવટથી આપ્યું છે એ વખતે પણ તને કહેલુ તારે જ તિથિ અંગે શુદ્ધ માર્ગ અપનાવવા યત્ન કરવાનો છે આ વાત ભૂલતો નહિ. ભવભીરૂ આત્માઓ શાસ્ત્રીય શુદ્ધસિદ્ધાન્તને યથાર્થ પણે સમજ્યા બાદ ઉન્માર્ગનુ ઉન્મૂલન અને સન્માર્ગનુ સ્વ પ્ન કર્યા વિના રહે જ નહિ...તો જેમના રગેરગમાં સિધ્ધાન્તની વફાદારી છે સાથે શાસન રક્ષા કરવાનુ સમ્યગ્દર્શનના પ્રતાપે પ્રચંડ સત્વ અને પુન્યબળ છે તેઓ ગુરૂ-વર્યોની આજ્ઞાને ચરિતાર્થ બનાવે એમાં શું આશ્ચર્ય !

ભાવિના પેટાલનો તાગ કોણ પામી શકે ? પાટડી પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસભેર પત્યા બાદ મહા સુદ ૨ ના દિને પૂ. આ. શ્રી દાનસૂરિ મહારાજ પરમ સમાધિપૂર્વક પંડિત મરણે સ્વર્ગસ્થ બન્યાં. સઘળા ય સંઘોએ ભારે આઘાત અનુભવ્યો. પૂ. આ. શ્રી પ્રેમસૂરિ મ. ની શુભ નિશ્રામાં ખંભાતમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો. ઉભય ગુ. શિષ્યની જોડલીએ શીરછત્ર ચાલ્યા જવાનો ખૂબ જ જોરદાર આઘાત અનુભવ્યો. તેઓશ્રીના શિરે શાસનરક્ષા અને તિથિ આરાધના અંગે સત્ય માર્ગનું સ્થાપન આવ્યા.

પૂ. ગુરૂદેવશ્રીએ કહેલા શુભ મુહૂર્તો પૂ ઉ. શ્રી રામવિજય ગણિવરને આચાર્યપદ અપાવવાં અનેક સંઘોની જોરદાર વિનંતીઓ થઈ. વિશેષ લાભ જાણીને મુંબઇ લાલબાગની વિનંતીનો સ્વીકાર થતાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો પૂ ગુરૂદેવ શ્રી પ્રેમ-સૂરીશ્વરજી મ. સાથે પૂ. ઉ. શ્રી રામવિજય ગણિવર આદિ ભવ્યાતિ ભવ્ય પ્રવેશ મહોત્સવ પૂર્વક મુંબઇ લાલબાગ પધાર્યા. પૂજ્યશ્રીની જિનવાણી શ્રવણ કરવા તો જાણે કીડીયારૂં ઉભરાતું. માણસને ઉભા રહેવા પણ જગા ન મળે. સિધ્ધાન્ત મહોદધિ પૂ. ગુરૂદેવ શ્રી પ્રેમસૂરિ મ એ મુહૂર્તે પૂ ઉ. શ્રી રામવિજય મ.ને ઉલ્લાસ પૂર્વક માધવ બાગના વિશાળ મંડપમાં આચાર્યપદ અર્પણ કર્યું. એક માસ સુધીનો ચડતે રંગે આચાર્યપદ નિમિત્તો મહોત્સવ ઉજવાયો. હવેથી પૂજ્ય શ્રી આખાય જૈન શાસનમાં 'વિજય રામચન્દ્રસૂરિજી'ના નામે પ્રસિધ્ધ પામ્યાં આ સાલ હતી ૧૯૯૨ ની આ વર્ષે જ ભા. સુ. ૫ બે આવતી હતી પાચમને બદલે ૬-૪ કે ૩ ની વૃધ્ધિ અશાસ્ત્રીય રીતે તે તે તપાગચ્છીય સમુદાયોમાં થતી. એક માન્યતા ભારે દૃઢતાને પામેલી કે, ૧૨ પર્વતિથિઓની ક્ષયવૃધ્ધિ થાય જ નહિ, આ અશાસ્ત્રીય દૃઢાગ્રહને દૂર કરવા આ પૂ. ગુરૂ-શિષ્ય, 'પ્રેમ-રામ'ની જોડલીએ અન્ય પૂજ્ય વડિલોના સાથ સહકાર અને હાર્દિક પુન્ય આશીર્વાદને પામીને ક્ષયે પુર્વાતિથિ ક્રિયા વૃધ્ધૌ તથોત્તરા' આ શાસ્ત્રસિધ્ધ માર્ગને

આચરવાની બુલન્દ ઘોષણા કરી સન્માર્ગનું સ્થાપન કરીને સ્વ. પૂ. પરમગુરૂદેવ આ. શ્રી હાનસૂરિ મ. ના આજ્ઞા વચનને ચરિતાર્થ કર્યું.

મુંબઇના ચાતુર્માસ બાદ પૂ. ગુરૂશિષ્ય જોડી એ મહારાષ્ટ્રમાં પદાર્પણ કર્યું. ત્યાં પગલે પગલે થએલી અપૂર્વ શાસન પ્રભાવના. કોલ્હાપુરની અંજન શલાકા જે ઐતિહાસિક બની. કુંભોજગિરિનો છ'રિ પાલક સંઘ-મહોત્સવો વિશેષ તો મહારાષ્ટ્રીય જૈન સંઘોમાં જે રીતે શાસન સ્થાપ્યુ પરમાત્મ ભક્તિ સાથે મોક્ષ માર્ગની સુન્દર આરાધના ઘર ઘરમાં ઉલ્લાસ ભેર થવા લાગી એથી મહારાષ્ટ્રીય સંઘોએ પૂજ્યશ્રીને મહારાષ્ટ્રદેશોદ્ધારક'નું બિરૂદ આપ્યું. એનો જ પુન્ય પ્રભાવ આજે પણ વિદ્યમાનતા રૂપે જોવા મળે છે કે, જે અધ્યતનીય બાળકો. યુવાનો એ પૂજ્યશ્રીને સાક્ષાત, જોયા નથી તેઓ પણ પૂજ્યશ્રીના પ્રતિકૃતિને ભૂરિભાવે વંદન કરી પછી જ ઘરની બ્હાર પગ મૂકે છે. આજે પણ મહારાષ્ટ્રના સંઘો પૂજ્યશ્રીના ઉપકારને સતત યાદ કર્યા કરે છે.

પૂજ્યશ્રીના જીવનમાં શાસન પ્રભાવનાની હારમાળાઓ ચડતે રંગે થયા જ કરતી. તેથી રતો કહેવાતું કે, જ્યાં રામના પગલા ત્યાં ધનના ઢગલા' જ્યાં રામ ત્યાં અયોધ્યા, જૈન શાસન ગગનમાં સૂરિ રામનો સૂરજ ૧૬ કળાએ ખિલ્યો છે-જ્યાં રામની વાણી ત્યાં દીક્ષાની શ્રેણિ...આવી આવી ઉક્તિઓ સહજ પ્રકાશમાં ચારે તરફ ગવવાં માંડી. પૂજ્ય ગુરૂદેવશ્રીની તારક નિશ્રામાં ૧૯૯૮ માં મુંબઈ અંધેરીમાં શેઠશ્રી માણેકલાલ ચુનીલાલે કરાવેલ સહસ્ત્રાધિક સંખ્યક આરાધકોને ઉપધાન, કે જે આજે પણ રોમાંચ-હર્ષ પેદા કરે છે.

પછી તો પૂ. ગુરૂદેવશ્રી ઠેર ઠેર શાસન પ્રભાવના કરતાં સત્ય માર્ગને સમજાવતાં ક્રમશઃ પાલીતાણા પધાર્યા...ત્યાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇની સાગ્રહ વિનંતીથી તિથિ-ચર્ચાના ઉકેલ માટે લવાદી ચર્ચા કરવાનું નક્કી થતાં પૂ. સાગરજી મ. અને પૂ. ગુરૂદેવશ્રી વચ્ચે સુન્દર ચર્ચાઓ ચાલી મધ્યસ્થ તરીકે પૂનાના ડૉ. પી. એલ વૈદ્ય... ડૉ. પી. એલ વૈદ્ય જે આપે તે સૌએ સ્વીકારવાનું...આ આયોજન એવું ન્યાય યુક્ત અને સુન્દર હતું કે ડૉ. પી. એલ-વૈદ્યના ચૂકાદાથી કાયમી સમાધાન જૈન સંઘમાં થઇ જાય. અને સકલ શ્રી તપાગચ્છીય સંઘ શાસ્ત્રાનુસાર તિથિની આરાધના કરી 'क्षये पूर्वातिथिः कार्या-वृद्धौ कार्या तथोत्तरा' આ પૂર્વધર આચાર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષનો અમલ કરી સન્માર્ગે ચાલે એ આશા નિરાશામાં પરિણમી. વૈદ્યનો ચૂકાદો આવી પણ ગયો પણ પી. એલ. વૈદ્યે આપેલ શાસ્ત્રાનુસારી ચૂકાદાને દબાણને વશ બનીને પૂ. સાગરજી મ. એ અમાન્ય જાહેર કર્યો. જેવી ભવિતવ્યતા !

૨૦૦૭ નું ચોમાસુ અમદાવાદમાં "પ્રેમાભાઇ હોલમાં" "રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ" ઉપર પૂ. ગુરૂદેવશ્રીના જાહેર પ્રવચનોએ અમદાવાદને ગાંડુ ઘેલુ બનાવ્યું દરેક દૈનિકપત્રો એનો અહેવાલ પેપરમાં આપતાં એની ઘેરી અસર - સમય ગુજરાત સાથે મુંબઇ ઉપર પણ ફરી વળી.

૨૦૦૮ રાજધાની દિલ્હી તરફ ચાતુર્માસ દિલ્હીમાં ત્યાં પરમાત્મા શાસનનો જે જયકાર પ્રવર્ત્યો એની શીવાત થાય ! રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ અને વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂ' આદિ રાજનેતાઓ પુન્યશ્રીના પુણ્ય સંસર્ગના પામી પ્રભાવિત બન્યાં. પછી તો ધર્મચક્રે પૂજ્યશ્રીના પાવન પગલા કલકત્તા તરફ વાળ્યાં. ત્યાં અતિ પ્રભાવક ચાતુર્માસ સાથે વીર વિક્રમ પ્રાસાદે પ્રતિષ્ઠા અંજન શલાકા પૂર્વદેશીય તીર્થોની ભાવભરી યાત્રા—ક્ષેત્રસ્પર્શના શ્રી પાવાપુરીય સમવસરણ તીર્થનું નિર્માણ-પાલિતાણામાં જાગેલ હરિજન મંદિર પ્રવેશ અંગે દૂર રહીનેય કરેલો ગર્જનાનાદ આ અંગે વાત કરવાં આવેલા શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇને આપેલું સ્પષ્ટ શાસ્ત્રીય માર્ગ દર્શન ટ્રસ્ટ એકટ અને પ્રભુદાસ પટવારીએ દાખલ કરેલ બાલદીક્ષા પ્રતિબંધક બીલ અંગે સર્વ ભારતભરનાં સંઘોમાં અરે ! જૈનેતર સમજુભાઇઓમાં લાવેલ અપૂર્વ જાગૃતિ જેના પરિણામે પ્રધાન મહોદય શ્રી મોહારજી દેસાઇએ બાલદીક્ષા તરફી કરેલ વિધાન સભામાં સંબોધન જેના પરિણામે બાલદીક્ષા પ્રતિબંધક બીલનું ના મંજુર થયું. આદી શાસન કાર્યોથી એ પૂર્વદેશીય પ્રદેશ ધર્મક્રાન્તિ કાળ પ્રદેશ બની યાદગાર બની ગયા.

૨૦૧૪ પંજાબ તરફ જવાની એ ક્ષેત્રોમાં દાદા ગુરૂઓએ આપેલ અપૂર્વ યોગદાનની સ્મૃતિને તાદશ કરવાં ઘણી ભાવના હતી પણ રાજનગરમાં તિથિ નિર્ણય માટે મુનિ-સંમેલનનું શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઇ દ્વારા આયોજન થતાં ૮૦૦ મા. નો દીર્ઘ વિહાર કરી ઝાંશીની અંજન શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવે અપૂર્વ શાસન પ્રભાવના કરીને ફા. વ. ૪ ના પૂજ્યશ્રી અમદાવાદ ભવ્ય સામૈયા સહપધાર્યા... સમ્મેલન શરૂ થયું. પણ શાસ્ત્રાધારે વિચાર કરવાની એક વર્ગે સંપૂર્ણના પાડતાં સંમેલન નિષ્ફળ ગયું. એટલુ જ નહિ સૌની સંવત્સરી એક થાય એ માટે શેઠશ્રી કસ્તુરભાઇએ ખાસ આગ્રહ ભરી વિનંતી કરી કે આપ સૌ ચંડાશુચંડુ' પંચાગને બદલે 'જન્મભૂમિ' પંચાગને સ્વીકારી સૌ હવેથી જન્મભૂમિ'ના આરાધ શ્રી તિથિની આરાધના કરશો' આ વિનંતી સ્વીકારી સૌની સંવત્સરી આરાધના એક દિને થઇ. પણ જન્મભુમિ'નો ઉપયોગ પ્રતિષ્ઠાદિ મુહુર્તોમાં કરે પણ પર્વ–તિથિની ક્ષયવૃદ્ધિ આવે ત્યારે અપર્વતિથિ ક્ષય–વૃદ્ધિ કરી આપેલા આ વચનને પણ ફોક બનાવ્યું. શું થાય ? પાંચેય મિથ્યાત્વોમાં 'અભિગૃહિત'

મિથ્યાત્વનું બળ સર્વાધિક હોય છે.

૨૦૨૦ ની સાલમાં અભિયોગાદિ કારણે અપવાદિક તિથિ પટ્ટક થયું. આશય હતો કે સૌ શુદ્ધશાસ્ત્રીય માર્ગ સમજશે. પણ...૨૦૨૪ ની સાલ ખંભાતમાં પૂ. ગુરૂવર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. નું સ્વાસ્થ્ય નરમ જાણીને શાસન પ્રભાવનાના નક્કી થએલા કાર્યો બંધ રાખીને ખંભાત તરફ પ્રયાણ કર્યું. ખંભાતમાં "ગુરૂ-શિષ્ય"નું અદ્ભૂત મિલન થયું. જેનું વર્ણન શું થાય ? તીર્થભૂમિ ખંભાત શાસન અને આરાધનામય બની ગયું. અમદાવાદના શાસન પ્રભાવનાના કાર્યો હોવાથી પૂજયશ્રીએ અમદાવાદ પ્રયાણ કર્યું. ત્યાં નરમાં સમાચાર મળ્યાં કે પૂ. ગુરૂદેવશ્રીનું સ્વાસ્થ્ય નરમ છે. સાંભળતા જ ખંભાત તરફ વિહાર કરી પૂ. ગુરૂદેવશ્રીની પાવન સેવામાં પોંહચી ગયાં. વૈ. વ. ૧૧ ના દિને બપોરે પૂ. ગુરૂદેવશ્રીના શરીરે ગંભીરતા ધારણ કરી ત્યાં પૂજયશ્રીએ અપૂર્વ સ્વસ્થતા જાળવીને પૂ ગુરૂદેવશ્રીને અપૂર્વ સમાધિ આપી. વૈ. વ. ૧૧ ના દિને પરમ સમાધિપૂર્વક પૂ. ગુરૂદેવશ્રી ઉર્ધ્વગતિ પામ્યાં. શિરચ્છત્ર ચાલ્યાં જતાં આઘાત અનુભવ્યો.

પૂ સ્વ. પરમગુરૂદેવશ્રી કેવા ભવભીરૂ ! સ્વર્ગસ્થ થવાના ૨ દિવસ પૂર્વે જ પૂજયશ્રીને વાત કરી કે, રામવિજય ! તું સાચો પડયો. અપવાદિક તિથિ પટ્ટક કર્યો પણ સામાવાળા સમજી શકે એમ નથી. તું સમર્થ છે શુદ્ધમાર્ગનું ફરીથી સ્થાપન કરી આરાધના માટે શાસ્ત્રીય માર્ગ સ્થાપજે. એથી પૂ સ્વ. ગુરૂદેવશ્રીના વચનને ચરિતાર્થ કરવા ૨૦૪૭ ની સાલમાં પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિ' યથાવત રાખવાની મક્કમતાથી જાહેરાત કરીને ભાવિ પેઢીને શાસ્ત્રીય શુદ્ધમાર્ગ અર્પણ કર્યો.

૨૦૪૪ ની સાલમાં દેવદ્રવ્ય-ગુરૂદ્રવ્ય જિનપૂજા-તિથિ અંગે જે અશાસ્ત્રીય નિર્ણયો જાહેર થયાં શુદ્ધશાસ્ત્રીય આજ્ઞાના પાલન માટે વૃધ્ધવયે પણ સિંહનાદ જગાવ્યો. ભવભીરૂ આત્માઓ આ સિંહગર્જનાથી જાગી ગયાં. અશાસ્ત્રીય નિર્ણયોનું પાલન કરાવવું કઠીન બની પડયું ૨૦૪૫ માં ઐતિહાસિક શ્રી હસ્તગિરિતીર્થની અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો જેઓએ નયને નિરખ્યો તેઓ ધન્ય બની ગયાં. પાલિતાણા મહારાષ્ટ્ર ભુવન ચાતુર્માસ દરમ્યાન શ્રી શત્રુંજયાદિતીર્થોમાં પૂજારી આદિને જે દેવદ્રવ્યમાંથી પગાર અપાતો હતો તે સાધારણમાંથી અપાય એ માટે પૂજયશ્રીએ પ્રેરણા કરતાં કરોડ રૂ. નું ફંડ થયું. કેવી ધગસ સકલ જૈન સંઘને દેવદ્રવ્યના ભક્ષણ દોષથી બચાવવાની !

પૂજયશ્રીને સંયમ ધર્મ કેવો અદ્ભુત રૂપે સિધ્ધ થએલો કે જેના પ્રતાપે સેંકડોનો પ્રવ્રજયા દાન કર્યું ! એકી સાથે ૨૬-૨૪-૧૮ આદિ દીક્ષાઓ તો ચોથા આરાની

ઝાંખપ કરાવી ગઇ છેલ્લે અતુલભાઇની રાજનગરીય દીક્ષાદાને તો દેશ વિદેશમાં સંયમ ધર્મની અને પૂજયશ્રીના પ્રચંડ પુણ્યોદયની યશ ગાથા ગવાવા લાગી.

પૂજયશ્રીનાં યોગ ક્ષેમ' કરવાનુ અદ્‌ભુત સામર્થ્ય હતું. સાધુઓને જાતે કલાકો સાથે વાચના આપતા અને સારણા-વારણા-ચોયણા અને પડિચોયણાની શાસ્ત્રીય નીતિને અપનાવી સાધુ સાધ્વીઓને સંયમ ધર્મના સુન્દર આરાધક બનાવ્યાં.

જ્ઞાન અધ્યયનનો પ્રેમ એવો અદ્‌ભુત કે ૯૬ વર્ષની અતિવૃદ્ધ વયે પણ પોતે બહુ-શ્રુત પરમગીતાર્થ હોવા છતાંય બાલમુનિની જેમ રોજ નવી ગાથા કંઠસ્થ કરતાં. ગમે ત્યારે પૂજયશ્રી પાસે જાવ હાથમાં શાસ્ત્રના પાના જ જોવા મળે. અરે ! મધ્યરાત્રિએ જાવ તો પૂજયશ્રી આત્મા અને પરમાત્મા સાથે વાતો કરતાં હોય. સ્વાધ્યાય તો પૂજયશ્રી માટે પ્રધાન ભાવ પ્રાણ હતો.

પૂ.પાદશ્રીની પ્રભુભક્તિ એવી અદ્‌ભુત હતી કે જેનુ વર્ણન પણ ન કરી શકીએ. પૂ.પાદશ્રી મારવાડ-મેવાડ-બિહાર-બંગાળ-મહારાષ્ટ્ર-ગુજરાત-કચ્છ-કર્ણાટક કે સૌરાષ્ટ્ર જયાં જયાં વિચર્યા ત્યાં દરેક મંદિરે ભાવપૂર્વક દર્શન કરીને પાષાણ કે ધાતુની નાની કે મોટી, નીચે કે ઉપરના માળે જયાં જયાં જયાં પ્રતિમાજી હોય એ દરેક પ્રતિમાજીને ત્રણ ત્રણ ખમાસમણા અચૂક આપતાં. પ્રાચિન પ્રતિમાને જોઇને તો ભાવવિભોર બની જતાં, શ્રી શત્રુંજયગિરિરાજ ઉપરની લગભગ ૨૨૦૦૦ હજાર પ્રતિમાઓને ત્રણેય નવાણું યાત્રા વખતે ઉભા ઉભા ત્રણ ત્રણ ખમાસમણ આપ્યા છે એજ રીતે શ્રી ગિર-નારતીર્થની પ્રત્યેક પ્રતિમાઓને અમદાવાદના દરેક દેરાસરના પ્રત્યેક પ્રતિમાઓને ત્રણ ત્રણ ખમાસમણા ઉભા ઉભા આપ્યાં છે. ગિરિરાજ કે ગિરનારતીર્થ ઉપર પાણી પણ વાપર્યું નથી તો સ્થંડિલ-માત્રાની કયાં વાત કરીએ. કેવું વિશુદ્ધ હશે સમ્યગ્દર્શનનું પરિણમન ? પૂશ્રીમાં પ્રયોજનકરણ ગુણના પ્રતાપે ક્ષમા સાથેનો વાત્સલ્ય ભાવ અદ્વિતીય હતો. એમની સામે જેમ તેમ લખનાર, બોલનાર-તોફાન કરનાર-કાળા વાવટા બતાવ-નાર પ્રત્યે પણ સહજભાવી કરૂણા હતી. તેઓશ્રીના મૂખે કદાપી કોઇની નિંદા તો સાંભળવા મળી નથી પણ હોય જરૂર કહેતા કે આ સંયમસાધનાના પ્રતાપે સદ્‌ગતિ પ્રાપ્ત થાય તો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને તે તે વિરોધિઓને સન્માર્ગે લાવી પ્રભુ-શાસન પમાડવાનું કામ પહેલા કરીશ. મારા નિમિત્તને પામીને કોઇ જીવનું અહિત ન થવું જોઇએ. કેવી ઉદાત્ત અદ્‌ભુત ભાવના...

પૂ.પાદશ્રીમાં ગુણાનુરાગ તો એવો અદ્‌ભુત હતો કે નાનો બાળક જો પરમાત્માની સુન્દર ભક્તિ કરતો હોય ધાર્મિક અધ્યયન, તપ આદિ કરતો હોય તો એની પ્રશંસા સાથે અનુમોદના કર્યા વિના ન રહેતા. તો સુન્દર આરાધક બાલ-યુવા-વૃદ્ધિ મુનિની

વિશિષ્ટ આરાધના જોઈને એવું વાત્સલ્ય વરસાવતાં કે એ સાધુઓ સાધનામાં વધુને વધુ અપ્રમત્તભાવને અપનાવતાં.

પ્રતિષ્ઠા–મહોત્સવ–ઉદ્યાપનો છરિ'પાલક સંઘ ઉપધાન આદિમાં સ્વનામના–પ્રતિષ્ઠાનથી અલિપ્ત બની પરમાત્મા શાસનનો એવો અદ્ભુત મહિમા વધુંવતાં કે જે સાંભળીને લઘુકર્મી ભાવ્યાત્માઓ અંચૂક પ્રભુશાસનના આરાધક બની જતાં એનો પ્રભાવ છે કે, જે ગામમાં પૂજ્યશ્રીનો નાનકડો પણ અનુયાયી વર્ગ છે એ બીજા કરતાં પરમાત્મભક્તિ, સામાયિક પૌષધાદિ ક્રિયા–જીવદયા અનુકમ્પા–ગુપ્તદાન દ્વારા સાધર્મિક ભક્તિ શાસન સેવા આદિ કર્તવ્યો દ્વારા કાદવમાં ઉગેલા કમળની જેમ અલગ તરી આવતાં દેખાય છે.

પૂજ્યશ્રીમાં સમાધિ આપવાની અને અન્તિમ નિર્યામણા કરાવવાની અદ્ભુત શક્તિ હતી એથી જ તો માંદા સાધુઓની એવી સારસંભાળ લેતા કે માંદા સાધુઓ એમના વાત્સલ્યથી દુઃખ ભુલી જતાં અને આત્મરમણતાનો અનુભવ કરતાં.

પૂજ્યપાદશ્રીએ પોતાના પરમ ઉપકારી સ્વ. ગુરુવર્ય પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા, દીક્ષા દાતા પર્યાયસ્થવિર મંગલ વિજય મ. પરમ ગુરુદેવશ્રી સ્વ. દાનસૂરિ મ.ના અન્તિમ મૂડી સમાન પૂ. મેરૂસૂરિ મ. આદિ સંખ્યાબંધ મહાત્માઓને નિર્યામણા કરાવીને ચારે તરફ સમાધિ–સમતા મગ્નતાની શિતલ છાંયા ફેલાવી છે.

પૂજ્યશ્રી સાંતાક્રુઝ-ખંભાત અમદાવાદ શાંતિનગર વડોદરાની માંદગી અનેકને ચિંતાજનક બનાવી ગઇ પણ આવી પ્રત્યેક માંદગીમાં પૂજ્યશ્રી તો અતિકષ્ટકારી દેહપીડામાં પણ અપૂર્વ આત્માનંદનો અનુભવ કરી અનેકને સુન્દર આદર્શ રજૂ કરીને ધર્મ પમાડી શક્યાં.

છેલ્લે સાબરમતિ ચતુર્માસ પ્રવેશ અદ્ભુત થયો પણ શરીર અસ્વસ્થ બનવા લાગ્યું. તેઓશ્રી કહેતાં મને હોસ્પીટલ દાખલ ન કરતાં, મને તો ખૂબ મજા છે. શરીરે વ્યાધિ એ તો કર્મવ્યાધિ કાઢવાનો અપૂર્વ અવસર ગણાય...શરીર વધુ નબળું પડતાં જૈનનગર દર્શન બંગલે લઈ જવામાં આવ્યાં. ત્યાં અનેક ડોકટરો ભેગા થયાં પૂજ્યશ્રી કહેતા ડોકટરોને તમો કેમ ભેગા થયા છો. મને સારૂ છે. ભગવાન સાથે વાત કરવામાં ખૂબ મજા આવે છે. પૂજ્યશ્રી અંદરથી સમજી ગયેલા કે જવાનો સમય થયો છે. અષાઢ વદ ૧૩ ના દિને પોતે જ સિદ્ધ પરમાત્માઓની સાક્ષીએ ચારે ય આહારનો ત્યાગ કર્યો. સૌને ખમાવ્યાં સુકૃત અનુમોદના દુષ્કૃત ગર્હા પરમાત્મા હૃદયમંદિરમાં સ્થાપીને કરી. તેઓશ્રીની સમતા સમાધિલીનતા જોઈને હાડોકર વૈદ્યરાજ ડોકટરોની આંખો ભીની થઇ ગઈ. રાત્રે પરિસ્થિતિએ વધુ ગંભીરતા પકડી. જેમ શરીરમાં પીડા વધુ તેમ તેમ પૂજ્યશ્રીના મુખ ઉપર અપૂર્વ તેજ અને હૃદયમાં સમાધિસાગર ઉછળવા માંડયો રાત્રે ઉપરાઉપરી હાર્ટએટેકના ૧૧ થી ૧૨ હુમલા આવ્યાં છતાં ય મુખ ઉપર દુઃખની એક લકીર પણ જોવા ન મળે, ઉર્ધ્વગતિએ જવાનો થોડી ક્ષણો પહેલા પુછ્યું સાહેબજી, ભગવન્ નવકારનાં ધ્યાનમાં

છો ને ? પૂજ્યશ્રીના મુખમાંથી શબ્દો સરી પડયાં અરિહંત-અરિહંત-ધીમે ધીમે શ્વાસ બેસતા અરિહંતના ધ્યાનની લીનતા જ ચક્ષુ દ્વારા ઉર્ધ્વગતિએ સવારે ૧૦–૦૫ મિ. એ ચતુર્વિધ હજારોની ઉપસ્થિતિમાં નીકળી ગયા. ઉપસ્થિત ચતુર્વિધ સંઘ ભારે આઘાતથી અવાચક જેવો સૂનમૂન બની ગયો...શહેર અને આજુબાજુ સમાચાર પહોંચતાં દૃષ્ટિ પહોંચે નહિ એટલા દર્શનાર્થે આવ્યાં. જામનગરના કારિગરોએ દેવ-વિમાન જેવી અદ્‌ભુત પાલખી બનાવી રેડિયા ટી વી. ટેલીફોન ટેલિગ્રામ આદિથી ભારતભરમાં સમાચાર પહોંચત જે સાધન મળ્યું તે સાધન મેળવી અન્તિમ દર્શનાર્થે હજારો–લાખો શ્રાવકવર્ગ આવી પહોંચ્યો. ૨૪ કિલો મીટર લાંબી સ્મશાનયાત્રા સઘળુંય પોલીષતંત્ર વ્યવસ્થામાં કામે લાગી ગયું અમદાવાદ સહ મોટાભાગના નગરો ગામોમાં જૈન જૈનેતરોએ પાખી પાળી ઠેર ઠેર જીવોને અભયદાન આપવામાં આવ્યાં. કત્તલખાનાઓ બંધ રહ્યા. પાલખી અંગે ની અગ્નિ-દાહ આપવાની રેકાર્ડ ઉછામણી થઇ. આલુ સ્મશાનયાત્રામાં પગે ચાલતી ૩ લાખની મેદની જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ. તેઓશ્રીના સંયમજીવનની અનુમોદનાર્થે ૨૭૦ થી વધુ તે તે નગરોમાં ભવ્ય જિને-દ્ર મહોત્સવ ઉજવાયા અને હજુ ઉજવાઇ રહ્યાં છે.એમાં મુંબઇ લાલબાગ ચાતુર્માસ બીરાજમાન પૂ વિદ્વાન મુનિરાજ શ્રી અક્ષય-વિજય મ.ની શુભ પ્રેરણાથી ઉજવાએલ ૨૧ દિવસનો ભવ્યાતિભવ્ય મહોત્સવ તો જૈના-રને જીંદગીનું સંભારણું બની ગયું.

આજે પૂજ્યશ્રી આપની પાસે નથી પણ તેઓશ્રી શાસનરક્ષા. શાસ્ત્ર વફાદાર અનેક બાળ સિંહ કિશોરોને તૈયાર કરીને ગયા છે. પૂ.શ્રી આપના સૌના માટે મોક્ષમાર્ગની સાધના–આરાધના-સમ્યગ્દર્શનની વિશુદ્ધિ; સુસંયમી સિદ્ધાંત વફાદાર સાધુ સાધ્વી સમુ-દાય, ઉત્તમ શ્રાવકવર્ગ અને અધ્યાત્મિક ગુણોનો અમૂલ્ય વારસો મૂકી ગયાં છે આ વારસાને આત્મસાત્ બનાવીશું તો આપના સૌનુ સાચું આત્મશ્રેય બન્યાં વિના નહિ રહે.

પૂ.પાદશ્રીના આજીવન અન્તેવાસી પ્રશાન્તમૂર્તિ પૂ. આચાર્યદેવેશ શ્રી મહોદયસૂરિ મ.નો સમર્પણભાવ અને બાલવયથી ચારિત્ર લઇને અન્તિમ ક્ષણ સુધી દિવસ કે રાત વિના અપ્રમત્ત ભાવે મુકપણે સેવા કરતાં મુ. શ્રી હર્ષવર્ધન વિ. મ.ને કેમ ભુલાય. પૂ. આ. શ્રી કમલસૂરિ મ. પૂ. ઉ. શ્રી વીરવિજય મ પૂ.પાદશ્રી ઉપર તો પૂ.પાદ સ્વ. આ. ભ શ્રી. સિદ્ધિસૂરિ મ. (પૂ. બાપજી મ.), સ્વ. પૂ. આ શ્રી દાનસૂરિ મ. સ્વ. ગુરૂદેવ શ્રી પ્રેમસૂરિ મ., પૂ. આ. શ્રી લબ્ધિસૂરિ મ. સ્વ.આ. શ્રી કનકસૂરિ મ.સ્વ.આ.શ્રી ભદ્રસૂરિ મ. આદિ આ. ભગવન્તો અને વૃદ્ધ મહાપુરૂષોની અદ્‌ભુત કૃપા વરસેલી. આપણે પણ સૌ હૃદયથી ઝંખીયે કે પૂ શ્રી સ્વર્ગમાંથી આપણા ઉપર કૃપાવર્ષા કરી સૌને મુક્તિમાર્ગની આરાધનામાં સહાયક થાય અને સૌ શ્રી પરમા-ત્મશાસનને વફાદાર રહી યથાશકિત સુન્દર ધર્મસાધન દ્વારા થોડા જ ભવમાં શાશ્વત અક્ષય-સુખના સ્વામી બનવાનું લોકોત્તર સૌભાગ્ય આત્મામાં પ્રગટ કરીએ એજ એક શુભાભિલાષા.

तारणहार को श्रद्धांजलि

—पू. मु. श्री दर्शनरत्नविजयजी म.

सुविशाल–गच्छाधिपति, जैनाचार्य श्रीमद्विजय रामचन्द्रसूरीश्वरजी महाराज साहेब का अहमदाबाद में दिनांक ९–८–१९९१ को प्रातः दश बजे सगाधि-पूर्वक कालधर्म हुआ. पूज्य आचार्य भगवन्त ने सत्तरह वर्ष की अल्प आयु में दीक्षा लेकर ५६ वर्ष तक आचार्य पद पर रहते हुए, कुल ८० वर्ष के दीक्षा-पर्याय में सैंकडों आत्माओं ने इनके पास दीक्षा अंगीकार की, हजारों ने इनके उपदेशामृतों से कल्याण मार्ग पाया.

इन महापुरुष का हमारे पर अनन्त उपकार है कि हमारे कुटुम्ब के सभी सदस्य (माता–पिता, २ भाई, २ बहिन) ने एक साथ अपनी जन्मभूमि पिन्डवाडा में २३ वर्ष पहले दीक्षा अंगीकार कर अनन्तज्ञानियों के बताये हुए कल्याण मार्ग पर आये। निरन्तर आज तक गुर्वाज्ञा में रहकर विधिवत् शास्त्रों का अध्ययन किया। विगत ६ वर्षों से तो हमारा इन महापुरुष से अधिक सम्पर्क रहा जिसके फलस्वरूप विक्रम संवत् २०४२ के पट्टक एवं वि. सं. २०४४ के मुनिसम्मेलन की अशास्त्रीयता की हमें सच्ची जानकारी प्राप्त हो जाने से हम (साधु–साध्वी कुल ३५ ठाणा) इनकी आज्ञा में ही रहते हुए उन्मार्ग में जाने से बच गये और सन्मार्ग में स्थिर रहे। इन महापुरुष की आज्ञा को निष्पक्ष होकर जिसने भी शिरोधार्य की उनका कल्याण ही हुआ है क्योंकि इन महापुरुष ने अपने सम्पूर्ण साधु जीवन में जिनाज्ञा एवं गुर्वाज्ञा का अच्छी तरह पालन किया था जिसके पुण्य प्रताप से ये महापुरुष प्रत्येक कार्य में विजयी रहे। इन महापुरुष ने कभी भी सत्य को नहीं छोडा और सुदेव, सुगुरु, सुधर्म को ही जीवन में अपनाया और अन्यों को भी इसी तरह के उपदेश दिये। इन महापुरुष की कुशाग्र–बुद्धि, हाजर जवाबी निडरता जगजाहिर थी। प्रत्येक समस्या को जैनशास्त्रानुसारी हल करने में ये बडे ही दक्ष थे। साथ साथ विचक्षण भी इतने थे कि इनके समक्ष आने वाले के भावों को पहचानने में प्रायः करके कभी इनसे भूल नहीं होती। हाजरजवाबी में तो इनकी दक्षता कमाल की ऐसी थी कि किसी भी प्रश्न कर्ता को इनके उत्तर से सन्तुष्ट अथवा तो परास्त होना ही पडता था।

अतः हम अपने आपको गौरवशाली एवं सौभाग्यशाली समझते है कि ऐसे महापुरुषकी निश्रा एवं आज्ञा में हम रहे। उपकारी के उपकार का वर्णन शब्दों में सम्पूर्ण रीति से कर ही नहीं सकते यह तो अनुभवगम्य है।

इस संसार में आने (जन्म) और यहाँ से चले जाने (मृत्यु) के बीच एक फासला है. मानव सभ्यताने इसे नाम दिया है : 'जीवन' दिखने में यह शब्द सीधा–सरल लगता है पर यथार्थ में यह गहन और अर्थगंभीर है.

गहरी सम्भावनाएँ होती है जीवन में. वे वीरल ही होते हैं जो उन्हें उद्घाटित कर पाते हैं इन सम्भावनाओं को सार्थक बनाने के लिए प्रारब्ध से भी कहीं अधिक महत्ता पुरुषार्थ की होती है. जिस जीवन के पिछे जितनी गहन साधना होती है, वह जीवन उतना ही अधिक विराट और तेजस्वी होता है. सन्मार्ग पर किया गया अथक सत्पुरुषार्थ जीवन को जगत् की उस ऊँचाई तक पहुँचा देता है कि व्यक्ति के चले जाने के बाद भी उसकी पवित्र स्मृति जन–जनके मन में अमर बन जाती है.

अब जिनकी स्मृतियाँ शेष हैं।

—पू. आचार्यदेव श्री पद्मसागरसूरीश्वरजी म.

अनूठे व बहुआयामी व्यक्तित्व के धनी गच्छाधिपति पू. आचार्य प्रवर श्री विजय रामचन्द्रसूरीश्वरजी महाराज ने भी अपने जीवन काल के दौरान् उन ऊँचाईयों का स्पर्श किया था, जो उनके चले जने के बाद संगीत में तब्दिल हो गयीं. आज भी उनके द्वारा विनिर्मित उस संगीत की दिव्य गूंज उनके श्रद्धालु भक्तजनों के हृदय में समग्रता से प्रवाहित है.

कभी अपनी मान्यताओं की वजह से तो कभी जिनशासन की अस्मिता की रक्षा के लिए अपनी कट्टरताओं के कारण कमोबेश जीवन भर किसीके लिये विवादास्पद रहे ये जैनाचार्य जैन इतिहास में इस शताब्दी के शाश्वत हस्ताक्षर बन गए.

सुविशाल गच्छनायक के गरिमामय विशेषण से सम्बोधित होते आचार्य प्रवर अपने समुदाय के कुशल नेतृत्वकार रहे जीवन–पर्यंत आपने जिनशासन गरिमा को धूमिल करते हर प्रयास का विरोध कर धर्म के प्रति रही अपनी अद्भुत निष्ठा का परिचय दिया आपके सन्दर्भ में एक बात हमेशा याद रखी

कानिचिन्मौक्तिकानि

(पूज्यपादाना प्रति प्रेषितेभ्य पत्रेभ्य उद्धृतानि संस्कृतानि च ।।)

—मोक्षरतिविजयः

सुदृष्टि हंसहर्षदं, तव प्रभो ! पदाम्बुजम् ।
नमामि कुर्वदुर्वशं, सुवासित्तां सुशोभिताम् ।।
भवत्कृपादशाऽऽलोक,—मानो मार्गमिहागमम् ।
यथा तथैव यास्यामि, स्वामिन् ! मोक्षमपि ध्रुवम् ।।
विस्तीर्णश्रमणगण—भावारोग्यैकहेतवे ।
स्पृहयामि सदा युष्मद्,—देहारोग्याय तारक ! ।।
युष्मत्स्मृतिसुधापान,—पीनानां नाकिनामिव ।
अस्त्येव नः शरीरस्य, स्वस्थता सर्वदा प्रभो ! ।।
निवेदिताऽईते पृच्छा,—गर्भिता या स्तुतिः प्रभो ! ।
निरुत्तराऽभवत् तुभ्यं, शृणु निवेदयामि ताम् ।।
"तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।
ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे" ।।
महानन्दप्रदं स्वामिन् !, दर्शनं तव कुर्वते ।
अवतारणतां यामि, नयनाय दिवानिशम् ।।
वत्सलौ भवतां हस्तौ, याच्छिरः स्पृशतस्तराम् ।
कथं परमपरम, आनन्दस्तस्य वर्ण्यताम् ।।
अहं पुनः—
"गुर्वाज्ञाकरणं सर्वं,—गुणेभ्योऽप्यतिरिच्यते ।"
इदं हैमं वचः स्मृत्वा, किमप्याश्वासनं लभे ।।
अवश्यं प्रेषणीयाऽऽज्ञा, ममेति प्रार्थना प्रभो !
कवलमुपचारोऽस्मि, 'शिष्यो'ऽस्मि भवतो यतः ।।
निर्विघ्नमागताः पुण्यां, पुण्याः स्मः कृपया तव ।
लोकाग्रं नहि दूरं त्वत्,—कृपा सहचरी यदि ।।

जाएंगी कि आपने कभी—किसी घटना—प्रसंग से स्वयं को विचलित नहीं होने दिया. सचमुच निडरता आपका मूलमन्त्र था.

आपके हाथों हुई जिनशासन की प्रभावना की हार्दिक अनुमोदना कर वीतराग के पथ के प्रति रही आपकी आस्था को नमन करता हूँ.

इस पंचम काल के विश्वगगन मण्डल में सूर्य व चन्द्रमा के समान सर्व धर्म में अपनी अपनी मान्यता के अनुसार कई महापुरुष पैदा हुवें व आयुष्य पूर्ण कर इस असार संसार को छोड कर चले गये । इन में जैन शासन के दीक्षा के दानेश्वरी विशालगच्छाधिपति विजय रामचन्द्रसूरीश्वरजी म. सा. के नाम का भी समवेश होता है ।

इन महापुरुष का जन्म सं. १९५२ का था–आयुष्य की पूर्णाहूति संवत् २०४७ श्रा. कृ. १४ की थी । येगर्भावस्था के तिन महिने से ही तिथि चर्चा से बंधे हुवे थे–(यानि उस समय पू. सागरानन्दजी म. सा. ने श्रमण संघ से जूदी भा. शु. ३ को संवत्सरि की थी) व अन्तिम समय तक बंधे हुवे रह कर आयुष्य पूर्ण किया । सं. २०४७ श्रा. कृ. १४ से लगाकर अब तक कोई भी दैनिक–साप्ताहिक तथा मासिक पत्र ऐसा नहि हैं जिसने इन महापुरुष के जीवन पर प्रकाश न डाला हो । अतः मैं भी कुछ हार्दिक उदगार प्रगट करने का साहस कर रहा हूँ ।

सच्चा समर्पण

–चतरसिंह नहार.–उदयपुर

सब पू. गुरु भगवन्त शास्त्र के ज्ञाता हैं. हम श्रावक श्राविकाओं को राग–द्वेष व इर्षा–माया नहि करने का उपदेश दे उदाहरण के तोर पीठ–महापीठ व मल्लीनाथ भगवान का चरित्र सूनाते हैं जब ये ही गुरुदेव इन तिनो पापो के सेवन करते हैं ओर कोई पुछ लेता है तो स्याद्वाद का दण्डा बताते हैं ।

पू. स्वर्गस्थ आत्मा तो वडिलों के प्रति इतने समर्पण भाव वाले व विनय-वन्त थे कि कहीं स्वप्न मे भी उनका अविनय न हो जावे कालजी रखते थे. उदाहरण के तोर तिथि चर्चा के सम्बन्ध मे राधनपुर से पत्र व्यवहार था. जिनकी नकलो का आदान प्रदान अमनेर से था ।

आज दुःख के साथ स्पष्ट लिखना पड रहा है कि इस इर्षा शाकिन ने–सं. २००० दानसूरि ज्ञान मन्दिर प्रतिष्ठा के समय से ही धतूरे के बीज बोये–गुरु शिष्य मे वैमनश्य बढाया २०२० का अपवादिक पट्टक बनवाया और न जाने अपने तच्छ स्वार्थ (बदलोलूप्ता) के कारण क्या प्रपंच रचे! उस पर भी शान्ति

स्मृति काव्यम् ।

—मुनि श्री प्रशमरतिविजयः ।

य मृत्यु-मोहदलनी परमां गिरं स्म
य जीवितव्यसुषमां सुभगां तनोति ।
माता गुरुर्भगवती शिवधाम्नि सेता
नूनं विदार्य हृदयं विदयं मदीयम् ।।१।।
कारुण्यपुण्य हृदयः भगवन् ! त्वमासीः
पापं हरत्यनुदिनं स्म शुभा तवाशीः ।।
पापानि तावदनिशं वहरन्ति पुण्यं
हा ! मामकीनमथ यास्मि भवान् सुदूरम् ।।२।।
आचार्यवर्य गगनायक ! विश्ववंद्य !
त्वन्नाम संस्मरणमेव ममास्ति पुण्यम् ।
तीव्रे निदाघतपने सति चातकस्य
धाराधरस्मृति रहो ! ननु रहन्ति तर्षम् ।।३।।
आत्मोद्भवा हृदयकान्तं लया सुरम्या
गङ्गेव शैत्यजननी भवती त्वदीया ।
वाणी सदैव मधुरा विधुराऽघवृन्दैः
नालिङ्कृताऽवि सरसा स्मृतिमेति नूनम् ।।४।।
दग्धो दहत्यखिलविश्वमयं दिनेशः
संलीयमाण विभवः राशमान्न रम्यः ।।

न होने से संगठन मे फूट का साम्राज्य फैलाया और पीठ मे छूरा भोंक खूले तौर विरुध हो। सं. २०४२ के पट्टक मे हस्ताक्षर किये व अप्रत्यक्षरूप से सं. २०४४ के श्रमण संघ सम्मेलन के घडवैया बनकर बडिलो की परम्परा पर हडताल फेर दी । इसी का नाम एकता था ।

पू. स्वर्गस्थ आत्मा तो पूण्यानूबंधी पूण्य के धणी थे । बिगडती बाजी सूधार स्वर्ग पधार गयें ।

मेरी अन्तरात्मा तो यही कहती हैं कि इन महापुरुषनै महाविदेह क्षेत्र मे कहीं जन्म लेकर पलना मे झूल रहे होंगे । उन्हे कोटि कोटि वंदना ।

भानुर्न-भासि शशमान् वरबोधिदायिन् !
श्री रामचन्द्र ! तु परं त्वमसि त्वमेव ।।५।।
ज्योत्स्ना प्रमोदित जनाश्नु तावयन्तः
नृत्यन्तु ते खरकराः जगति प्रणुन्नाः ।
इत्थं महानलबलादिव दीप्त ! भानो !
अस्तं गतोऽस्ति तव तोषकृते हि चन्द्रः ।।६।।
पीयूषवर्षण समैर्मधुरै-रतीव्रैः
गोभि-र्विनश्य तमसां परितः प्रचारः ।
तेजांसि येन तव वै निजकैर्महोभि-
र्विस्मारितानि स गतो भव सत्वरस्त्वम् ।।७।।
शैत्यं तदीयमनिशं भवतेच्छितं नो
तीव्रस्वकीयजडतापमयेन लब्धम् ।
एते जनाऽपि भवदीयदशां विलोक्य
क्रोधाग्निवेगकलितां भयभग्नचित्ताः ।।८।।
धन्याः त्वदीयवचनासवमत्ताः
नैव स्मरन्ति भवदायिनीमन्यवार्ताम् ।
मोक्षं स्मरन्त इह संस्थिति शालिनोऽपि
चिन्ताज्वरेण वियुताऽऽत्मदशामवाप्ताः ।।९।।
संसार सागरगता बहुसंख्यलोकाः
तीर्णाः श्रितास्त्वदीयपाववचोनावम् ।
तामेव नावमधुना किमु नाम सस्वं
लात्वा गतो वरगुरो ! अकथां दिशं त्वम् ।।१०।।
एकादश प्रबलहार्दमहाऽऽहतेषु
लोकोत्तरां श्रितवतोऽनुवमां समाधिम् ।
साम्येन देव-'अरिहंत'-यद्वैरन्न-
मभ्यर्चितस्वस्मरणस्य यतीश्वरस्य ।।११।।
आराधना परिवृतात्म शुभ स्थिते स्ते
ब्रह्मैक तानमनसः शिवकामुकस्य ।

।। गुरूणां गुणवैभवः ।।

—धर्मतिलकविजयः

वासुपूज्यं विभुंनत्वा, वीरंगणधरं तथा ।
गुरोः श्री रामचन्द्रस्य कुर्वे गुण स्तुतिं मुदा ।।१।।
कर्म साहित्य वेत्तारं, मौनीन्द्रं ब्रह्मचारिणम् ।
योगीन्द्रं सार्वीयं वन्दे, सूरीन्द्रं प्रेमसूरिणम् ।।२।।
गन्धारे श्री महावीरं, नत्वोपमङ्गलगुरूम् ।
भवपाश विनाशिनीं, जग्राह सर्वविरतिम् ।।३।।
ऋकारेणर्षभः प्रोक्ता, माद्वीरान्तो जिनेश्वराः ।
आकारेणा जितादय स्तस्माद् राम इति कृतः ।।४।।
मोक्ष मार्गोपदेष्टारं, प्रेमगच्छ दिवाकरम् ।
रामचन्द्रं नवं चन्द्रं, भक्त्या वन्दे गणेश्वरं ।।५।।
हायनार्ध शताधिकम् सूरि पर्यायधारकम् ।
गच्छाधीशं गुरूं वन्दे, दमिनं प्रेमसूरिणम् ।।६।।

हा ! विस्मृतस्वकीय देह–जनस्य वार्ता-
मद्य स्मरामि वर–'दर्शन'–हर्म्यगस्य ।।१२।। (युग्मम्)

यावद् भवन्तमुवकारिणमास्मरामि
तावन् मनः प्रलपति विरहेण तप्तम् ।
यावत्तु निःप्रलपनाय च विस्मरेयं
तावत्तु तद्विलपति स्मरणावरूद्धम् ।।१३।।

दृष्टो भवानयि ! भवद्वचनं श्रुतं च
प्राप्तं शुभं च हितशिक्षणमात्ममीनम् ।
सेयं कथा जनयति परितोषमेकं
सोऽयं जनः स्मरणगोचरयिष्यति त्वाम् ।।१४।।

सम्यग्दर्शनशुद्धविचरणकाः श्रीरामचन्द्रा इशाः
यस्योच्चैः गुरवः विनाशिततमोभारा महः शालिनः ।
स्नातं येन च 'रामचन्द्र'–कवयाभागीरथी वारिषु
सोऽयं प्र–प्रथमः व्यधात् शमरतिः शब्दावलि भाविताम् ।।१५।।

स्याद्वाद वेशनादक्षं वीर शासन रक्षकम् ।
रामचन्द्रं गुरूं वन्दे करुणा रस सागरम् ॥७॥

चैत्यरै रक्षणे भीमं, शासन रक्षणे वीरम् ।
जिन भक्तिषु तल्लीनं, रामचन्द्रं नमामि तं ॥८॥

येन शास्त्रस्य बोधेन, प्रणष्टमान्तरन्तमः ।
ततोहं निर्मलीचक्रे, तस्मै श्री गुरवे नमः ॥९॥

सूरिणे रामचन्द्राय. शास्त्र मार्ग प्रदायिने ।
पारिणे श्रुतमन्थस्य, तस्मै श्री गुरवे नमः ॥१०॥

कदाचित्तु प्रचक्षेत् मेरुः कदाचित्तु सरिताम्पति ।
गुरूवरा रामचन्द्रास्तु नहि चलन्ति कदापि ते ॥११॥

नेतारं भव्य जीवानाम्, मुक्ति सुखाभिलाषीणाम् ।
वन्द्यमानाभिमतदं, वन्दे चाहम् मुनीश्वरम् ॥१२॥

अहं पूज्योऽभवं लोके यस्य नामानु कीर्तनात् ।
तस्य श्रीं रामनाम्नस्तु कीर्तनं नित्यमुचितम् ॥१३॥

त्वमेव माता, त्वमेव पिता, त्वमेव भ्राता, त्वमेव त्राता ।
त्वमेव दाता, त्वमेव ज्ञाता, त्वमेव कर्मौघविदारकोऽसि ।१४।

सिद्धान्ताब्धि प्रवाहेण प्लावितं सर्वमानसं ।
संसार वन्हिदग्धानां तस्मै श्री गुरवे नमः ॥१५॥

आषाढस्य सिते पक्षे, धर्मतिलक मुनिना ।
वसुवेदाम्बर नेत्रे, संवतीथं स्तुतिः कुताः ॥१६॥

मयादिमः प्रयासोऽयम्, स्खलनात्र भवेत्तत !
शोधना सज्जनैस्तत्र, महान्तो हि महाशयाः ॥१७॥

[युग्मम्]

१. भक्तवर्गस्य गुरुवर्गस्य सहायकवर्गस्य प्रतिबोधितवर्गस्याऽऽत्मीयतापोषित वर्गस्य वा सर्वतः पराङ्मुखीभवने संभाव्यमानेऽपि धीरीभूय शास्त्रविश्वासस्य सादर भत्रधारकत्वेन.

२. अनुशास्त्यादौ प्रवचने वा प्रतिवाक्यं वैराग्योद्बोधनस्य, हृदयद्रावकत्वस्य नयनिक्षेपादि जटिलविषयसारभ्यस्य च निरर्गलं प्रवाहकत्वेन.

३ अन्तिमचतुर्मासीस्थले निर्णीयमाने श्राद्धवर्ग श्री जयन्तिलालादिभिः साग्रमत्या अस्वीकरणाय संहत्य सविनयं निवेदिते, श्रावकैर्निर्णायिते साध्ववस्थितौ भयस्थानमुपदर्श्य प्रवेशानन्तरमेकशो तस्मै "अत्र साधूनां भिक्षाऽल्पदोषा लभ्यते" इति कथयित्वा स्वाश्रितादि निमित्तेन कैश्चित् संचाल्यमानां महानसानां मनोव्यथकत्वस्य व्यञ्जितवत्त्वेन...

४. अन्तिमचातुर्मासिक दिने मुम्बापुरीतः प्रातरायातानां त्रिचतुराणां चिकित्सकोत्तंसादर्शनपुरःसरं नामवस्थित्यानुकूल्यादिसंभालनेनैवा खिलं दिनं व्यतीतवतः,

इदानीमाधारो जगति

गुणसङ्घस्य गरिमा

—पू. मुनिराज श्री तपोरत्नविजयः

सायं गुरुगृह गमनायोपस्थितस्य, स्वापवरकान्तराहूय "अद्य किं जातम् ?" इति गुरु स्पृष्टस्य, "चातुर्मासिक चतुर्दशी" इत्युत्तरंदत्तवतः, घटिकाभिमुखमेवालोक्य "युष्माभिः प्रतिकान्तव्यं न भविष्यति नु ! इति पुनर्गुरु पर्यनुयुक्तस्य, सतश्चोत्संगे शिरोनामदृते प्रत्युत्तरमनर्पितवतः, "हा...भा...ग्य...व...न्...! युष्मान् पापं कथं स्पृशेत् ?" इति मार्मिकेन वाक्येन गुर्वनुशासितस्य, "अत्रत्यगृहसन्निध्योरुपाश्रययोः प्रतिक्रमणस्यारब्धत्वात् पठित दुहितुरप्युपाश्रयं गतत्वाच्च गृहान्तर्विधिसहित पञ्चप्रतिक्रमणपुस्तकं वाचयित्वाऽपि पूर्वनुशास्तिश्रवयपालनालनानन्द मनुभवेयम्" इति प्रवृत्तवतः, त्रियनीरसस्याऽपि श्री जयन्तिलालस्य सवात्सल्यमाराधनायां विनियोजकत्वेन.

५. जगद्धितैषिणोऽप्यात्मनच्छिद्रान्वेषणेन समर्जितदौर्जन्यसारे मन्दशीलानामवलम्बनदानेन जगन्मातृसमात्मनः सुविख्यातसंयमित्वकीर्त्तीं कदर्थयितरि पूर्ण—समर्पितभक्ततोऽप्यधिकस्य हितस्य चिकीर्षुत्वेन.

६. विरोध–संधि–कालक्षेप–सम्बन्धोच्छेद–तत्थ्यप्रकाशन-निर्भर्त्सन-प्रशंसन-वृद्धादिसमाधापनदोषितदण्ड-निर्दोषरक्षादीनामनवसरकारितायां नियमतो जायमानेनानुशयेन दुरतः परिहृतत्वेन.

७. महीभृतां सश्चरितैश्चरैः क्रियाः स वेद निःशेषमशेषित क्रियः महोदयैस्तस्य हितानुबन्धिभिः प्रतीयते धातुरिवेहितं फलैः (किरात १–२०)

इतिवदपरापर गच्छनायकादीना मन्याऽन्य प्ररूपणादि क्रियाणामवश्यकसाध्वादिद्वारा निःशेषवेदनेनाऽस्खल्यमान स्वप्रवृत्तिकत्वे सति प्रचण्डविस्तारबद्धितानुबन्धि परिणामैरेवाऽनुमीयमान प्रारम्भत्वेन.

८. स्तम्भनपुरेऽन्तिमाब्दारम्भदिन आशीर्याचनायोपस्थिते कुटुम्बे पुत्रद्वयं पतिं चाभ्यङ्गुलिं कुत्वा "एतेषु लोभः कस्य महान्? इति पृष्टया गृहिण्याऽङ्गुलिदर्शिताय स्वोपासकत्व–श्रीमत्त्वाभ्यामग्रगण्यायाऽपि तत्पतये पुत्रद्वयात्मसुधारणाय लोभाल्पीकरणाय च वर्षिताभिः प्रेरणाभिः शासनरक्षामूलबीजस्य नैस्पृह्यस्य सुसिक्तत्वेन.

९. गाभीर्यातृनपि मोक्षंप्रति नेतुमिच्छायाः काषायिकपरिणतेश्च तान् रक्षितुमाकाङ्क्षाया अभ्यन्तरपर्षदि बहुशो व्यक्तो कुर्वाणत्वेन.

१०. ज्योतिर्विदादिभिरस्या वैक्रमशताब्द्या षट्चत्वारिंशे वर्षे माघमास आयुर्भयरूपे निवेदिते परिचारकमुनिभिर्वैद्यादिसुविधाकं राजनगरमभि गन्तुं निर्णायिते सति "लोको मर्तुमिहाऽऽगच्छेज्जीवितुं निरियां कथम्?" इति संदङ्क्ष्य तीर्थाधिराजसान्निध्य एव तन्मासावधि बसनेन मरणापदोऽपि निर्भयतायाः स्वायत्तीकर्तृत्वेन.

११. संस्तारके शयनानन्तरं नवस्मरणण्यामितरेण सरयं श्राव्यमाणायां "किं मन्दराऽद्रिशिखरं चलितं कदाचित्?" इत्यनु "निर्धूमवर्त्ति.." श्लोकान् पूर्वमेव 'नं' इति दत्तोत्तरत्वेन.

१२. क्षीण जङ्घाबलत्वेऽपि प्रासादतलस्थजिनबिम्बदर्शनायारोहणसोपानपङ्क्तेः संकुचिततया शिष्यैः स्वग्रन्थेन नयनाऽशक्यतायौतान कथयित्वा स्वयमेवोत्तिष्ठासुत्वेन.

१३. अनन्तजिनामालम्बनभूते गिरिराज आरोहणस्य प्राक् सायं जलपानस्य भृशं संकोचनेन, आरुह्यच त्रिभिः प्रहरैरवरोहणाऽवधि जलबिन्दोरप्यग्रहणेन, आरोहाऽवरोहयोश्च.

"बाला क्रीडा च मन्दा च बला प्रज्ञा च हायिनी ईषत्प्रपञ्चा प्राग्भारा मृन्मुखी शायिनी दशाः" इत्यन्त्यायां कालाऽवस्थायामपि पादलम्बनद्वाराऽऽशातनाभयात् क्षणमपि शयनस्य दृढं निषेधनेन जिभक्त्यादर्शस्योन्नायकत्वेन.

१४. चर्चादौ विजातीयानां विरहेऽविरहे वा वाचिक कायिक वृत्त्योरविषमत्वेन.

१५. नैस्पृह्यानुविद्धाभिरप्रार्थितोपनत संपद्भिः शासनं प्रभाव्य नैकात्मसु दर्शनस्योत्पादकत्वेन.

१६. बहूयोजनानि विहृत्य निर्धारितान् कार्यक्रमान्, आवासे वा क्रियमाणानि शेषाणि शासनकार्याणि, चतुर्मासीप्रवेशादि मुहूर्त्तं वा समुपेक्ष्य दिवा वा रात्रौ वा प्रवचनाद् वात्यावश्यक मन्त्रणातो वा ग्लानानां समाधये, प्रसन्नतायै निर्यामणाय च स कौशल्य मद्युक्तत्वेन.

१७- "कुपितस्याऽपि मम चरणरजो मस्तकमारोप्य सादरनमस्ययोत्थानादृते न किमपि प्रत्युत्तरं दत्तं मह्यम्" इतीतरशिष्याग्रणीनामग्रे गुरुभिः भूरिवारा नभिज्ञायित्वेन.

१८. प्रत्यनीकैर्भीलुस्वाश्रितैर्वा पदे पदे सोसूच्यभानया भीषणयत्या घनघोरवातावरणे समन्ततोऽवहितीभूय निश्चित साफल्यस्यात्म विश्वास्य सधैर्य धारकत्वेन.

१९. गुरुवर श्री प्रेमसूरीशचित्ते "पुस्तकेषु मुद्रितानां मुखेन वोच्चारितानां एतस्यकेषाञ्चनापि वाक्यानां शास्त्रसमतेरसंमीलनमसंभवितम्" इति दृढ विश्वासोत्पादन द्वारा मर्मघातितोत्सूत्राणां स्वप्रवचनेऽलब्धप्रवेशताया अवितथं ख्यापकत्वेन.

२०. प्रतिसेवक दोषाणामालोचितत्वाऽनालोचितत्वयोरप्रकथनेनाऽपततां पापपरित्रोषकत्वाद्यधिक्षेपणां प्रसन्नताप्रासादतो लेशतोऽप्यच्युत्वा सहिष्णुत्वेन.

२१. पादपाष्णितोऽभिज्ञान शक्तिसंपन्नत्वात् संयमविचारैरप्यपावितेभ्यो भीमतया प्रतिभासमानत्वेन.

२२. प्रव्रज्याप्रथमाब्देऽपि विधवा विवाह निर्णय सभा प्रवेश पत्रिकायामष्टादशब्दतो न्यून वयसां प्रवेशनिषेधनिमित्तीभूतत्वे सति तन्निर्णयभूमिकाया अपि रचयितुमदादिक्त्वेन.

२३. "भस्त्याज्योग्राह्या विरतिरुपलभ्यं शिवपदम्" इति जिनाज्ञामुख्यभक्ष्यमनवधार्य देशनाद्यनधिकार चेष्टा महापापतः सुदूरं सावधनं स्थितत्वेन.

२४. अर्धशताब्दीतोऽग्र उक्तेभ्यः पर सहस्रैः भंशोध्यमानेभ्यो वाक्येभ्योलोशतोऽप्यनापतित सुधारणाकसांप्रतवाक्यत्वेन.

२५. श्री वल्लभयमतखंडनार्थिकायाः गुर्वाज्ञाया अपरशिष्येण स्वीकरणविलम्बे कृते "प्रतिकार्यस्य शिथिलाचारतामस्पृश्य सिद्धान्त मतभेदस्यैव सविस्तरमुपवर्णनेन जनमानसं निश्चितं परावर्तयिष्यति" इत्यवधार्य गुरुभिः संस्मारितनागत्वेन.

२६. प्रव्रज्या पर्याय दशब्द्यां व्यतीतमात्रायां बालदिक्षाद्दढप्रतिबन्धस्य राज्य नियमस्याऽस्ताचलतां प्रति बलान्नयने पूज्यानंदसागरैः सह रणधीरतां विस्फार्य लब्धविजयत्वेन.

२७. पूर्वज-शासन-संघ-सामाचारी-सिद्धान्त-शास्त्रेष्वेव दीयमानां कलंकानां सर्वस्थाम्ना प्रतिकारकत्वेन.

२८. साधिकदशाब्दोनायां विंश्यां वैक्रमशताब्द्यां राजनगरमुनिसम्मेलने सार्द्धशतद्वयानां मुनीनां पक्षकारतयैकेनैव ध्वनिना महत्तरैर्नियुक्तत्वेन.

२९. भद्रकालीमंदिरेलकाहूतिनिरुद्धत्वदौ सात्त्विकतयैव लब्धजयत्वेऽप्यात्मप्रख्यातौ पराक्रमस्याऽयोजकत्वेन.

३०. परशुरामवैद्य मध्यस्थनिर्णायकतया नियोज्य तिथिचर्चा समापनाय श्रद्धगण्या प्रयत्यमाने, उभयपक्षसाहसे, वीरगणिनां गुरूणामत्यर्थं निश्चितीकारकत्वेन.

३१, गुरुभिः श्रीमतां भानुविजयादीनामग्रे संस्कृतीचिकीर्षिततया बहुशः संमानितानां प्रवचनानां प्रवचनीयत्वेन.

३२. जिनाज्ञाप्रतिकूलं ततुमनोधनैः प्रतिचारयिषूणां सर्वस्थाम्ना व्यूहरचना पूर्वक मून्मलकत्वेन.

३३ स्वोक्त व्याख्याग्रन्थस्तकतो बिन्द्वादि क्षतीनामपि संमार्जनायाऽन्तिममासेऽपि सोत्साह प्रवृत्तत्वेन.

३४. "कोवा तहा समत्थो जह तेहिं कयं तु धीरपुरिसेहिं जहसत्ती पुण कीरइ दढप्पइन्ना हवइ एवं" कालोचियजयणाए मच्छररहियाण उज्जमंताण जणजत्तारहियाणं होइ जइत्तं जईण सया" "इत्यागमोक्तीनामशठ दृष्टान्तत्वेन.

३५. दृग्गोचरीभवतां शास्त्रार्थानामसमञ्जसता परिहारपुरःसरमवधारकत्वेन.

३६. वाङ्मयसागरे विलोड्यमाने सकृन्निभालितामप्यर्थानां तादृशाकारं चिरकालेऽपि निरूपयितुं क्षमत्वेन.

૩૭. अल्पोनामाराधिकानामन्तरस्य सम्यक् परावर्त्तनाय सफलप्रयत्नत्वेऽपि वार्धक्यान्तिमदशायामपि तासां निकटवर्तित्वस्य प्रख्यापिताऽस्वारसिकत्वेन.

૩૮. प्रथम व्याख्यानानन्तरमेव श्री कमलसूरिपादैरक्षोभतायै दत्ताऽऽशीर्वादित्वेन.

૩૯. अहिंसया राष्ट्रायत्तीकरणे, बहुमतेन राज्यसंचालने नवजीवन पत्रेण वा बहुजनादेयादिचार विनियोगे वा लीलया खण्ड्यमाने राजनियुक्तैरसंसाधित राजापराधित्वाक्षेपत्वेन.

૪૦. अधृष्यतर्कैः सुधारकैः पञ्च त्रिंशत्कृत्वो न्यायालयं प्रति बलाद् नतत्वे सती सकृदव्यपराभूतत्वेन.

૪૧. प्रभात निकटतमकल्यानां श्री सागरादिबहुश्रुतमतक्षत्तीनामपि ज्ञान ज्योति वा संहारकत्वेन.

૪૨. शास्त्रनिरपेक्षमितस्तत उत्पप्लवमानानां कृत्रिमैक्यवादि संभेलन मुनि मृगाणां सर्वतो हताशाजनकत्वेन.

૪૩. छिद्रान्वेषणायाऽऽगतानामपि बहुषु मनोमन्दिरेषु सकृद् व्यारयानतः सबहुमानं प्रतिष्ठितत्वेन.

૪૪. मनोविह्वलं स्यान्न दृष्टेऽपि रम्ये रहस्यक्षि सौन्दर्यलुब्धं भवेन्नो ।
न सञ्चारदोषोऽपि यद् ध्यानतोऽसौ ममैकः शरण्यो गुरू रामचन्द्रः ।। इति बहुभिः संवेदितत्वेन.

૪૫. स्वनैकट्ये विना यत्नमेव पवित्र मनोवृत्तीनां संजनकत्वेन.

૪૬. आस्यालोकनादेव प्रशमिता निष्कामतयोरर्पकत्वेन.

૪૭. प्रतिपक्षमन्ततोऽनवबुध्य तत्प्रतिकारस्याऽकुर्वत्त्वेन.

૪૮ अलं चसूर्येत्यादिवचनमात्रेण वाक्कलहानां, मनोनुकूलसहायादि योजनेन च मनःसंघर्षणामन्तकृत्त्वेन.

૪૯. कुशाग्रधीगम्यानां न्यायपङ्क्तीनां नाम स्मरणमात्रेण हस्तामलकवत् स्पष्टीकतृत्वेन.

૫૦ तीर्थान्तरीयव्युद्ग्राहित पार्श्वं प्रवचने, राष्ट्रमहामात्याभिः संलापे वा शीघ्रं निष्पृष्ट व्याकरणत्वप्रदानायाऽतिसुभगमतिंधनत्वेन.

१. अचल शास्त्रनिष्ठता–हृदयंगमवाक्प्रवाहता २. सात्मीकृत पापभीरुता ३. आराधक जनवत्सलता ४. अपकारिहितैषिता ५. अवसरज्ञता ६. विशददूरदर्शिता ७. शासन-

संरक्षकता ८. विरोधिमात्सर्यशून्यता ९. आपत्सुसमाहितता १०. क्रियोपयोगसनाथता ११. चैत्यनमस्योत्सुकता १२. जिनभक्त्युत्कटता १३. निर्विकारनेत्रता १४. सम्यग्दर्शनोत्पादशौण्डता १५. ग्लानसमाधिदक्षता १६. गुरुहृदयप्रतिष्ठितता १७. अदीनमनस्कता १८. उत्सुत्रमर्मवेधिता १९. अपरिस्रावितां २०. संयतात्म सौम्यता २१. शास्त्रापलापि सत्रासिता २२. जिनाज्ञारहस्य वेदिता २३ पूर्वापरसंबादिवचनता २४. देशनापद्धति विचक्षणता २५. शासनाक्रमण निरासविक्रान्तता २६ स्वाक्षेपसहनधीरता २७. सिद्धान्तनिरूपण कुशलता २८. उन्मार्गनिरोध पराक्रमिता २९. सन्मार्गतायन वीरता ३०. विनम्रप्रकाण्डविद्वत्ता ३१. कुवादिभङ्गनोद्धतता ३२. स्वकर्तव्याप्रमत्तता ३३. वैषनिक संकुलसंविग्नता ३४. साम्प्रताशास्त्र गीतार्थता ३५. स्मृत्यवधारित बहुश्रुतता ३६. व्यवहारविमलसुविहितता ३७. अक्षोभ्यवक्तृता ३८. अधृष्यवाग्विलासिता ३९. कुतर्कग्रसनमहास्थामता ४०. अज्ञानतमो रविकलता ४१. कुवादिकुरङ्गसिंहनादिता ४२ असङ्ग्रहवामनघन्वन्तरिता ४३. अब्रह्मोडुप तीव्रातापता ४४. सुविचारकैरवशशिता ४५. दर्शनमात्र कुविकल्प संहारिता ४६. प्रतिवादितात्पर्ययथार्थवेदिता–सक्लेश शमन प्रचण्डप्रतापता–दुर्बोध बोधस्मरणविषयता–अस्खलितप्रतिभतानां मूलाधारेषु श्रीमत्सु भगवत्सु विजयरामचन्द्रसूरिषु परमगुरुदेवेष्वतिहासालंकारतां गतेषु संभाव्यमान निराधात्वैरपि गुणसङ्घातैः परमगुरुनाम्ना सहैवोद्भूतं तदवस्थितं यावदजरामरतां गतं तादभिन्नं च गुरुत्वं स्वाधारो व्यधायीति निश्चीयते, परम गुरुभिः स्वकाकार्येष्ववतार्य साकारी क्रियमाणानाम चलशास्त्रनिष्ठतादिनां परमगुरुनाममात्रेणापि साकारी क्रियमाणत्वस्य तद्भक्तिमद्भिरनु भूयमानत्वात् ।

अत एव परमगुरुविरहदुःखाधिक्यं यथा तद्भक्तिमत्सु तथैवाऽविरह आप्यमानस्याध्यात्मानुलोम्यस्य, क्रमशस्तत्प्रथमतायाश्च तादवस्थ्य सुखभूयस्त्वमपि तेष्वेव वरीवर्त्ति । शेषास्तु त्रिशङ्कुवद् दयनीयतयाऽऽत्मानमाश्वासयन्ति, अर्थाद् "न किञ्चित्त्वया प्राप्ति, तथापि प्राप्त गुरुपादानां प्राकृत जानानामपि दयार्हता त्वाप्येव" इति संतोषयन्ति तेषामात्मसंतोषन बालिशतातः सुदूरं जिगमिषवो वयं परमपदप्राप्तिपर्यन्तं प्रतिभवं तानेव परमगुरुदेवान् गुरुतायाऽऽप्तुं प्रार्थयामो देवाधिदेवाग्रे ।

વત ૨૦૦૩ ના જામનગર પાઠશાળાના ચાતુર્માસ દરમ્યાન શેઠજી દહેરાસરમાં ત્રણ પ્રતિમાજી પ્રતિષ્ઠા કર્યા વિના બીરાજમાન હતા. તેને ૭૦–૭૫ વર્ષ થઇ ગયા હતા અને દરરોજ પૂજા સેવા થતી હતી. પ્રતિમા એવી જગ્યાએ બીરાજમાન હતા કે ઉપરના ભાગમાં શ્રાવકોની હાલ ચાલ થતી હતી. જેથી પૂ.શ્રીએ આ બાબત ધ્યાન દોરતાં શેઠ શ્રી કુલચંદભાઇ તંબોલીએ શેઠજી દહેરાસરના પાછળના ફરતીના ભાગમાં એક મંદિર ઊભું કરવાનું નકકી થતા અને પૂ.શ્રીને પ્રતિષ્ઠા સુધી રોકાવાનું બિનંતિ થતાં રોકવાનું નકકી કર્યું. પ્રતિષ્ઠાનું મુહુર્ત ૨૦૦૪ માહ વદમાં હતું. તે દરમ્યાન તા. ૩૦ જાન્યુ-આરીએ ગાંધીજીનું ખુન થયું સાંજે રેડીયો ઉપર સમાચાર આવ્યા. મે પૂ.શ્રીને સમાચાર આપ્યા. "Gandiji shot dead" પૂ.શ્રીએ તરત છાતી ઉપર હાથ રાખી બોલ્યા. 'આ એક જ વ્યકિત હતી જે ધર્મ ક્ષેત્રમાં હાથ ન નાખત પણ હવે પાછળના અનુયાયીઓ ધર્મ ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરશે.'

ધન્ય એમની ચાણકય બુદ્ધિને !

—મહેતા મગનલાલ ચત્રભુજ-જામનગર

આપણે પણ જોઇએ છીયે કે ત્યાર બાદ ચેરીટીના કાયદાઓ વિગેરે આવ્યા. પ્રતિ-ષ્ઠાનો મહોત્સવ શરૂ થયો. તે દરમ્યાન શેઠ અમરતલાલ કાલીદાસ દોશી વિગેરે ૭–૮ ભાઇઓનું ડેપ્યુટેશન પૂ.શ્રીને મળવા આવ્યું. અને જે ત્રણ બિમ્બોની પ્રતિષ્ઠા થવાની હતી તે અંજન વગરના છે. એમ જણાવાયું. પૂ.શ્રીએ જવાબ આપ્યો 'જો અંજન વગરના હશે તો હું અંજન કરી આપીશ. અને કુલચંદભાઇ કહ્યાકુકોનો વરઘોડા કાઢશે, પણ કોઇ પૂર્વાચાર્યે અંજન કરેલા હશે, અને તમે મારા પાસે ફરીથી અંજન કરાવશો તો દોષનો ભાગીદાર હું નહિ પણ તમારો સંઘ રહેશે.'

પછી તો બધા ચાલ્યા ગયા અને પ્રતિષ્ઠા પણ થઇ.

આ ચાણકય બુદ્ધિ.

ત્યાર બાદ તેઓશ્રીની માન્યતાવાળા આંચાર્યો, મુનિવરોના ચાતુર્માસ થયા. ૨૦૨૬માં પૂ.શ્રીનું ચાતુર્માસ થયું, તે દરમ્યાન કોઠારીના દહેરાસરે પૂ.શ્રી પધારતાં હું આરો ઓલો રહ્યો. વિનંતિ કરી 'ઘરે પધારો, પગલાં કરો' 'તું શું અમને હવેલીના મહારાજ સમજી ગયો છું' તે પગલા કરવા વિનંતિ કરે છે.' 'ના જી એમ નથી.' 'મારી દિકરીને રાત દરમ્યાન કોલેરાનો ભારે ઉપદ્રવ થયો છે. માંગલિક સંભળાવવા પધારો.' ગ્લાન માંદા માટે તૈયાર. પૂ.શ્રી પધાર્યા. માંગલિક સંભળાવ્યું.

બાદ ચૈત્યપરીપાટી વખતે પૂ.શ્રી કોઠારીના દહેરાસરે પધારવાના હતા. મેં આગલે દિવસે વિનંતિ કરી 'સાહેબજી આવતી કાલે મારે ત્યાં પણ પધારવાનું રાખશો.

'તારે ત્યાં ભગવાન છે' 'ના જી પણ આવતી કાલે મારે ત્યાં સ્નાત્ર પૂજા રાખી છે.' પૂ.શ્રી આદિ પધાર્યા, માંગલિક સંભળાવ્યું.

ઉપરના દૃષ્ટાંતથી એમ લાગે છે કે આજના જમાનાવાદી સાધુઓ, આચાર્યો 'માન ન માન મેં તેરા મહેમાન થઇ' ઘરે ઘરે પગલા કરવા પધારે છે. આ પણ સમયની બલિહારી છે ને ?

સં. ૨૦૩૧ માં છેલ્લે આ. શ્રી ભુવનભાનુ સૂ. મ. ના ચાતુર્માસ થયું. પુનમ બાબુ તરફથી ઉપધાન કરવાનું નકકી થયું. જેની જાહેરાત ૨–૩ મહીનાથી થતી હતી. પણ કોઇએ વિરોધ કર્યો ન હતો. છેલ્લે સમયે બહારની ચડાવણીથી અમુક ભાઇઓએ તોફાન શરૂ કર્યા, અને આચાર્ય મ. તથા તેમના સાધુઓએ રોતા રોતા પાઠશાળા છોડી. પ્લોટમાં પધાર્યા.

એક આચાર્યની નિશ્રામાં પાઠશાળા ૨૦૦૩ થી ખુલ્લી થઇ જ્યારે એમના સમુદાયના બીજા આચાર્યે પાઠશાળાના કરજાજ બંધ થયા. આ પણ સમયની બલિહારી છે.

શ્રી આવશ્યક સૂત્રની રચના શ્રી ગણધરદેવોએ જ કરી છે.

હવે જે મહર્ષિઓ શ્રી ગણધરદેવોથી રચાયેલ એક એક વચનને કંઠસ્થ રાખવામાં કલ્યાણ સમજે છે અને એજ કારણે સંપૂર્ણ દ્વાદશાંગીને કંઠસ્થ કરવા અને સદાને માટે કંઠસ્થ રાખવાનો ભગીરથ પ્રયત્ન સતત–નિરંતર સેવ્યા કરે છે તે મહર્ષિઓ શરૂઆતમાં જ રચાયેલા અને નિત્યના ઉપયોગી શ્રી આવશ્યક સૂત્રને કંઠસ્થ ન રાખે અથવા કોઇ પણ સ્થવિર મહર્ષિ સાક્ષાત્ ગણધરદેવે રચેલા શ્રી આવશ્યક સૂત્રને ભૂલાવી દઇ–મૂકી દઇ પોતે જુદું આવશ્યક રચે એ કલ્પના જ શ્રી જિનશાસનમાં ન છાજે તેવી છે એટલે આ વિષયમાં અર્થ વિનાનો ઉહાપોહો નહિ કરતાં સુખલાલજી પોતે **'સંપૂર્ણ આવશ્યક સૂત્ર ગણધર કૃત છે.'** એ સનાતન સત્યને સાબીત કરનારા એક નહિ પણ અનેક સ્પષ્ટ ઉલ્લેખો જે ઉપર મુકવામાં આવ્યા છે તેના ઉપર પ્રતિજ્ઞા મુજબ પૂર્વગ્રહનો ત્યાગ કરી, શુદ્ધ બુદ્ધિથી વિચારણા ચલાવી, આ શુદ્ધ અને કોઇપણ જાતના વિરોધ વિનાના સત્યના સેવક બની, પોતે ઉભી કરેલી ભ્રમણાના ભોગ બનેલા અન્યનો પણ ઉદ્ધાર કરવાનો સુવિશુદ્ધ પ્રયત્ન સેવી, સ્વ–પર ઉભયનું કલ્યાણ સાધે એજ એક મંગલ કામના વર્તે છે.

—**સનાતન સત્યનો સાક્ષાત્કાર** પૃ. ૬૭

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ આચાર્ય ભગવંત પરમોપકારી મહાન પુણ્યવંત પિતા છોટાલાલને પામીને માતા સમરથબેનનું સ્નેહભર્યું વાત્સલ્ય ઝીલીને પિતાની દાદીમાં રતનબેન પાસેથી વિનય વિવેક આદિ અનેક ગુણો સાથે ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત કરીને સંવત ૧૯૬૯ના પોષ સુદ ૧૩ના ગંધાર તીર્થે પ. પૂ. મુનિપ્રવર શ્રી મંગળ વિજયજી મહારાજના શુભ હસ્તે દીક્ષિત બન્યા એજ વખતે પૂ. મુનિપ્રવરશ્રીએ જણાવ્યું કે તમારા સંયમ જીવનમાં ઘણા ઘણા વાવાઝોડા આવશે છતાં તમો એ વાવાઝોડામાં અવિચલ અડીખમ રહેશો આ શુભ આશિષ પામી અને પ. પૂ. સકલાગમ રહસ્યવેદી આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મ. દ્વારા જેમનું જીવન ઘડતર થયું છે અને પ.પૂ. પરમ ગુરુદેવ શ્રી કર્મ સાહિત્ય સર્જક આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.નું વાત્સલ્ય અમૃત મેળવી પ. પૂ. આ. શ્રી કમલ સૂરીશ્વરજી મ., પ. પૂ. ઉપાધ્યાય શ્રી વીર વિજયજી મ., પ.પૂ. આ. શ્રી સિદ્ધિ સૂરીશ્વરજી મ., (બાપજી મ.) પ. પૂ. આ. શ્રી કનક સૂરીશ્વરજી મ; પ. પૂ. આ. શ્રી સ.ગરાનંદ સૂરીશ્વરજી મ., પ. પૂ. આ. શ્રી મેઘ સૂરીશ્વરજી મ. આદિ અનેક મહાપુરુષોના આશીર્વાદ મેળવીને મહા શાસનરક્ષક શાસન પ્રભાવક બન્યા છે.

મહાન શાસન પ્રભાવક

- પૂ. ઉ. શ્રી નરચંદ્રવિજયજી ગણિવર

દીક્ષા લીધાં તેજ વર્ષમાં પ. પૂ. ઉપાધ્યાય વીર વિજયજી ગણિ, પ. પૂ. પં. શ્રી દાન વિજયજી ગણિ અને પોતાના પરમોપકારી પરમ ગુરૂદેવ મુનિરાજ શ્રી પ્રેમ વિજયજી મ. આદિની શુભ નિશ્રામાં એક રાત્રે પૂ. ઉપાધ્યાય શ્રી વીર વિ. ગ. શ્રીએ કહ્યું કે **તેરે કલ વ્યાખ્યાન કરનેકા હૈ.** પૂ. મુ. શ્રી રામ વિજયજીએ કહ્યું સાહેબ હજી મને દીક્ષા લીધા એક વર્ષ પણ થયું નથી અને મારાથી બધા વડીલો છે.

બીજે દિવસે વ્યાખ્યાનનો સમય થયો ત્યારે શ્રાવકોએ આવીને પૂજ્ય ઉપાધ્યાયજી મ.ને વ્યાખ્યાનમાં પધારવા માટે વિનંતી કરી ત્યારે પૂ. ઉપાધ્યાયશ્રીએ કહ્યું કે જુઓ એક બાજુ મુ. શ્રી રામ વિજયજી અભ્યાસ કરી રહ્યા છે. તેમને વ્યાખ્યાનમાં લઇ જાવ.

શ્રાવકો મુ. શ્રી રામ વિજયજી મ. પાસે ગયા વિનંતિ કરી કે સાહેબે આપને વ્યાખ્યાનમાં પધારવાનું કહ્યું છે. આપનું આસન આપો અને વ્યાખ્યાન આપવા પધારો.

મુ. શ્રી રામ વિજયજી મ. આશ્ચર્ય પામ્યા પૂ. ઉપાધ્યાય ભગવંત પાસે જઇને વિનંતિ કરી કે સાહેબ મારે જવાનું છે? પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રીએ કહ્યું કે **મેને તુમકો કલ કહા થા ને?** મુ.શ્રીએ સાહેબજીની આજ્ઞા સ્વીકારી વ્યાખ્યાનમાં ગયા.

પોતે સંસારી અવસ્થામાં સમકિત સડસઠ બોલની સજ્ઝાય જોઈ હતી બસ એ સજ્ઝાયની કડી બોલતા ગયા અર્થ કરતાં ગયાં જરા પણ ગભરાયા વિના વ્યાખ્યાન કરી પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી પાસે આવ્યા ત્યારે પૂ. ઉપાધ્યાય ભગવંતશ્રીએ કહ્યું **ભાગતે કયું થે ?**

व्याख्यान बहोत अच्छा किया है ।
बडा शासन प्रभावक होगा ।

આ પ્રમાણે પૂજ્યોના હૃદયના આશીર્વાદ પામીને વ્યાખ્યાન શરૂ થયું તે છેલ્લે સુધી સમ્યકત્વ ઉપર વ્યાખ્યાન કર્યું અને સાંભળનારાઓને શ્રોતાજનોને જરા પણ કંટાળો ઉત્પન્ન થતો નહિ પરંતુ રૂચિકર થતું હતું જેથી સાંભળનારાઓ દૂર દૂરથી વ્યાખ્યાન સાંભળવા માટે આવતા હતા.

જ્યારે પૂજ્યશ્રીની ઉંમર થઇ એટલે અવાજ ધીમો થયો. બધા સાંભળી શકે નહિ તો પણ પૂજ્યપાદશ્રીના દર્શન અને બોલતી વખતે પૂજ્યપાદશ્રીના હાવભાવ જોઇને આનંદ અનુભવતાં હતાં.

વડિલોની અસીમ કૃપાથી બાલદીક્ષા, ભદ્રકાલી બોકડાનો વધ, ૧૯૯૮ના સંમેલન આદિ અનેક પ્રસંગોમાં સફળતા મેળવી છે.

જ્યારે જ્યારે શાસન ડોળવાના પ્રસંગો ઉભા થયા ત્યારે ત્યારે સિદ્ધાંતમાં મક્કમ રહીને શાસનના સિદ્ધાંતનું રક્ષણ કર્યું છે આથી પૂજ્યશ્રીને શાસન સંરક્ષક કહીને બોલાવવા લાગ્યા.

ભાગીને દીક્ષા લેનારાઓના ઉપર સગા સબંધીઓએ તોફાન કર્યા કેસે. કર્યા ત્યારે પણ એ કેસોમાં જવલંત વિજય (પ્રાપ્ત કર્યો છે,) મેળવ્યો છે.

છેલ્લે દેવદ્રવ્યની ચળવળ ઉભી થઇ ત્યારે તેનો સખત વિરોધ કરી દેવદ્રવ્યનું સંરક્ષણ કર્યું. આથી પૂજ્યશ્રી માટે દેવદ્રવ્ય સંરક્ષક વિશેષમા લગાડવામાં આવ્યું છે.

વિરોધીઓ પૂજ્યશ્રી માટે ગમે તેમ બોલે. ગાળો આપે. એનો પૂજ્યશ્રીએ કદિ વિરોધ કર્યો નથી પણ ઉપેક્ષા કરી છે. તેમજ વિરોધીઓ પૂજ્યશ્રી પાસે આવે ત્યારે હસતામુખે આવકારતા હતા બધી વાતો સાંભળતા જવાબ આપવાનો હોય તો જવાબ આપતા એ વખતે તેને યાદ ન કરાવે કે તું મારા માટે આવુ આવુ કેમ બોલતો હતો.

વિરોધીઓને પોતાની ભૂલ સમજાય ત્યારે માફી માંગવા આવે. ત્યારે તેને એક જ કહેતા ભાગ્યશાળી ! શાસન મળ્યું છે તેને બરાબર સમજો. આરાધો અને વહેલામાં વહેલા મોક્ષ સુખને પામો.

છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીની નિશ્રામાં આબુ–દેલવાડા મહાતીર્થમાં ઐતિહાસીક ભવ્ય

પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. હસ્તગિરિ તીર્થમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા અને છેલ્લી જ શાલમાં દીક્ષાના દાનવીર પૂજયશ્રીની નિશ્રામાં પૂજયશ્રીને સમર્પણ થનાર અતુલભાઇની દીક્ષા મહોત્સવે દેશવિદેશોમાં દીક્ષાનો ડંકો બજાવ્યો છે.

પૂજયપાદશ્રીની પ્રભાવિકતાના પ્રસંગો તો અનેકાનેક છે.

શ્રી જૈન શાસનના આધાર સ્થંભ શ્રી શાસનના શિરતાજ, ગમે તેવા વાવાઝોડામાં સ્થિર મકકમ રહેનાર હજારોના તારણહાર પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ એકાએક સંવત ૨૦૪૭ના અ. વદ ૧૪ના સવારે આપણને સૌને રડતા મુકી આ ધરતીને છોડીને સ્વર્ગના પંથે સંચરી ગયા.

કાળધર્મ પામ્યા પછી પણ કેવો આશ્ચર્યકારક પ્રભાવ પડયો.

પાર્થીવ દેહને ત્યજી સ્વર્ગગમનના સમાચાર અમદાવાદ શહેરમાં ફેલાતા માનવ સમુદાય દર્શન બંગલે પવિત્ર દેહના દર્શને ઉમટી પડયો. લગભગ રાત્રિના ૧ વાગ્યા સુધી અને દેશોદેશમાં સમાચાર ફેલાતા જે સાધન મલ્યુ તે સાધન લઇને અમદાવાદ દર્શન બંગલે રાત્રિના ૧ વાગ્યા પછી હાજર થવા લાગ્યા.

પાલખી ઉપાડવાની બોલી પણ સારા પ્રમાણમાં થઈ સ્મશાન યાત્રામાં લાખો માણસો હતાં.

જયારે તીર્થંકર ભગવંતો નિર્વાણ પામે ત્યારે ઈન્દ્રો-દેવો અસુરો માનવોની પડાપડી થાય. પાલખી ઉપાડવા માટે પડાપડી થાય. પછી જયાં અગ્નિ સંસ્કાર કરવાનો હોય ત્યાં ચિત્તા ઉપર તીર્થંકર ભગવંતના શરીરને પધરાવે અને અગ્નિકુમાર દેવ શોક સહિત અગ્નિ પ્રગટાવે. વાયુકુમાર દેવ વાયુ વિકુર્વે છે અને મેઘકુમાર દેવ મેઘ વિકુર્વે છે. એની જ ઘોડી ઝાંખી કરાવતું અહિંયા પણ થયું.

જયારે પૂજયપાદ શ્રી કાળધર્મ પામ્યા ત્યારે ચારે બાજુથી માનવો જે વાહન મલ્યુ તે વાહન લઇને ઉમટી પડયા હતા. પાલખી ઉપાડવામાં પડાપડી થતી હતી. જયારે નશ્વર દેહને ચિત્તામાં પધરાવ્યો ત્યારે ભકતવર્ગે શોક–અશ્રુ સાથે અગ્નિદાહ કર્યો. અને આ સમયે પવન વાવા લાગ્યો અને વરસાદ પણ ઝરમર ઝરમર વરસવા લાગ્યો હતો આ પૂજયપાદ આચાર્ય ભગવંત શ્રી મહાનથી મહાન શાસન પ્રભાવકતા હતા તે આપણે સૌએ જાણ્યું.

હવે પૂજયપાદશ્રીએ સર્વજ્ઞ ભગવંતે બતાવેલા માર્ગને આપણને સૌને સમજાવ્યો છે તે માર્ગને આપણે સૌ અપનાવી શાસનમાં સ્થિર બની. સમાધિ પામી વહેલામાં વહેલા શિવ સુખને પામીએ એજ એક શુભાભિલાષા.

સ્વાતિ નક્ષત્રમાં જે જલબિંદુ આકાશમાંથી ઢાલુ નામની માછલીના મુખમાં પડે છે. તે બિંદુ એના પેટમાં પાણીદાર મોતિ બનીને પાકે છે. એવા પતનને પતન કેમ કહેવાય ? અને સનસેન્ટ પોઇન્ટ પર અસ્ત થતો સૂર્ય પોતાના રંગ આભાથી ધરતી અને અનંત એવા આકાશને અજવાળી દે છે. એને પણ આથમવું શી રીતે કહેવાય ? સૂર્યની જેમ મહાપુરૂષોનાં પણ ઉદય અને અસ્ત એક સરખાં જ હોય છે. એ બન્ને વખતે ય રંગ છટાઓ પ્રગટાવવાનાં જ પણ વચ્ચે જે જિવાયેલું, જીવન એમાં કારણભુત હોય છે. ઉંચા આભમાં તુંટતાં તારલાઓના લિસોટા આખાય વિશ્વને અજવાળી જાય છે. ભલે શાયર ગાય કે : એક તારા ન જાને કહાં તુટ ગયાં ? દુનિયા વોહી, દુનિયા વહે વોહી, કોઇ કયાં જાને કિસકાં જહાં લુટ ગયા.

ખરી પડનારાઓ આવો કોઇ વિચાર કરવા નથી રોકાતાં પણ એમનો સ્વાર્થ આટલો જ કે જતાં જતાં પણ વિશ્વને અજવાળા આપીને જવાં એ અજવાળાં એવા હોય કે દાના દુશ્મનો પણ નમી પડે. ઝુકી જાય.

એક વ્યકિત-શકિત : જેની ભકિત કાજે ભારત નત છે.

મોટા પુરૂષોનાં દાના ઠલેવાતાં દુશ્મનો પણ એમની આંખો સામે તો જોઇ શકતાં જ નથી. એ લોકો જાણતાં હોય છે કે પોતાની ક્ષતિઓ કરતાં એ લોકોનાં ગુણો ઘણાં વધારે હોય છે. આમ પણ વ્યવહારમાં કહેવાય છે કે દોષનાં કૂંફાડાં આણીના સમયે મૌન ગુણો સામે મૌન બની જાય છે. આવા એક વિરલ સંત વિશ્વને મળ્યા હતા જેનાં દુશ્મનો પણ ઘણાં હતાં અને ભાવુક એવા ભકતોની વણઝર પણ ઘણી હતી છતાં પણ એ મહાન સંતની પાછળ બોલનારો વર્ગ એમની હાજરીમાં એમની સામુ પણ જોઇ શકતો ન હતો અને એ મહાન સંતના એક જ દર્શને પ્રવચન શ્રવણે એ દુશ્મનો પણ અનન્ય ચાહક બની જતાં હતાં એ સંતનું નામ પ્રભાવક યુગ પુરૂષ દીક્ષાના દાનવીર હજારોના તારણહાર સુશુવિશાલ ગચ્છાધિપતિ **શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજાવિરાજા.

પૂજ્યશ્રીના પવિત્ર આત્માને વંદનાવલી સહ **બાલ વિનિતસેન.**

---

૦ મોક્ષૌકલક્ષી સુવિશુદ્ધ દેશના દ્વારા, ભવ્ય જીવોના હૈયામાં મોક્ષનું જ ગુંજન સંદેવ ગુંજતું રાખનારા શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ.

ઉન્માર્ગનું ઉન્મુલન–સત્યનું સમર્થન.

સંસાર ભૂંડો–મોક્ષ જ રૂડો.

અનાદિકાલીન વિશ્વમાં સૌ જન્મે છે અને મરે છે. વિરલ વિભુતિઓ શાશ્વત સત્યને પામે છે. પચાવે છે–પ્રચારે છે અને વિશ્વના ભવ્યાત્માઓને તારે છે.

શ્રી જૈન શાસનને પામેલા ઉત્તમ આત્માઓ સુયોગ્ય આત્માઓનું સદા કલ્યાણ ઇચ્છે છે. ભવભ્રમણના ભરડા-ઓથી છુટી, સંસારની શૃંખલા–બેડીમાંથી સદાને માટે છુટી, અનંત અવ્યાબાધ મુક્તિના સુખને પામે, આ નિર્મળ ભાવના એજ કલ્યાણ બુદ્ધિ છે. સર્વોચ્ચ પરોપકાર છે.

આવી ભાવના ૧૭ વર્ષની ઉંમરે, જેના રોમરોમમાં વ્યાપક બની હતી, લોહીના બુંદ બુંદમાં જામી હતી, આત્માના અસંખ્ય પ્રદેશમાં ઘૂમતી હતી, તેવી એક વિરલ મહા વિભુતિના દર્શન ૧૯૮૮ની સાલમ આ લઘુ લેખકને થયા. યુવાનીનો કોલેજી બન ઘમંડ ઠારવાના, વાણીની શીતળતા, મુખારવિંદની પ્રસન્નતા પૂર્વકની હૈકત શૈલી કમાલ કામ કરી ગઇ. પ્રશ્નો વ્યક્તિપરત્વે ઘા કરનારા, ઉગ્ર ગરમી પેદા કરે તેવા, છતાં ઉત્તરમાં પરોપકરની બરફીલી હવાની જમાવટ હતી.

શાસન સ્તંભની દિવ્યવાણી

—પૂ. મુ. શ્રી ભુવનચંદ્ર વિજયજી મ.

પરમપવિત્ર આગમિક શાસ્ત્ર સમ્મત બાળ દીક્ષાના અટકાવવાના બહાના નીચે સમગ્ર ત્યાગના સિદ્ધાંત ઉપર કુઠારઘાત કરવાના કોડ, અજ્ઞાત પાયોદયે, જૈનકુળમાં જન્મેલાને, એજ્યુકેશનના અનિષ્ટમાંથી, જન્મ્યા હતા. ગણવેષ ધારીઓનો સહારો મળી ગયો. ગાયકવાડી કાયદો, ગાયકવાડના આંતરિક દબાણથી, ન્યાયની શુદ્ધિને તિલાંજલી આપી, થવાનો હતો. મહા વિભુતિના શબ્દો હતા, જરૂર પડે લાલ દેખાએ, વગર વિનંતિએ પણ વડોદરામાં ચાતુર્માસ કરતા અચકાશું નહિ **શુદ્ધ શાસ્ત્રીય સિદ્ધાંતમાં બાંધછોડ કે સમાધાન નહિ જ. એક રતિભાર પણ ઓછપ અપે નહિ.**

મુંબઇની ઝલઝેલી આલમમાં, 'વ્યાખ્યાન બંધ'નો પ્રસ્તાવ આવ્યો. **પરમાત્માની પવિત્ર વાણી બંધ રખાય જ નહિ. ૧૯૮૫નું વેરૂં વાતાવરણ હતું બુટ–ચંપલ–પથરા ફેંકાય.–મહાત્માઓની પાટ પર. અને વ્યાખ્યાનો ચાલુ જ રહ્યા.** વિરોધી ૮૦ ટકા યુવાનોમાંથી ૮૦ ટકા શાસનના શાનદાર ઉપાસક બન્યા. ત્યાગની મહત્તા જામી, મોહમહાત થતો જ ગયો.

શ્રીમદ્ એક અદ્ભુત સત્ય નિષ્ઠ એડવોકેટ હતા. બાઈ રતનના કેસમાં, દીક્ષાની મહત્તા અંગેનું સ્ટેટમેન્ટ, આગમોના નિચોટ સાથે, એક અનોખી શૈલીનું છે. (શાસન રક્ષક–સૂરિપુરંદર પેજ ૩૯ થી ૫૪)

શ્રીમદ્ની વાગ્ધારા અંગે, એક ટૂંબહૂ સ્પષ્ટ શબ્દ ચિત્ર :– "વ્યાખ્યાન શૈલી તો અજબ ગજબની જ. એક સૂત્ર, એકાદ ફકરો વાંચે. પીઠિકા બાંધે. એકાદ મુદ્દાનો હાથ લાગતા ખીલી ઉઠે. રોજીંદો મધુર સ્વર રણકી ઉઠે. મુખ ઉપરનો ભાવ અને આંગળી-ઓનો વળાંક, કંઈક કંઈક કહી જાય. પછી તો મુદ્દા પર મુદ્દા અને એન શાસ્ત્રીય યુક્તિબદ્ધ ઉકેલ. સભા એક તાન એક રસ. લહાય ઝરતો તાપ હોય કે, હારા નાખનારી ઠંડક હોય, સભા રસ તરબોળ. રાજ્યદ્વારી બાબતોને પૂરતો ન્યાય મળે. ધર્મ વિરૂદ્ધ લેખો, ભાષણોની ઝાટકણી થાય. **સમાજ અને શ્રી સંઘ ઉંધે રસ્તેથી સત્ય માર્ગે આવે એક જ નેમ.** સમાજના મોટા રિવાજોની પણ છણાવટ થાય જ. માર્ગા-નુસારી ધર્મની સમજણ અપાય જ.

પ્રશ્ન કરવાની છુટ. ઉત્તર હાજર અને યુક્તિ યુકત. વિરોધી પણ આવે, સાંભળે, પૂછે અને તેમના બની જાય. હજારો એમના બન્યા–તર્યા અને કેઇકને તાર્યા

શ્રીમદ્ની મીઠી શાસનિક તાકાત ખરેખર સંજીવીની ગુટિકા છે. પોતે ફરમાવે છે કે જે શાસન ધુરંધર હોય, મોટા વિદ્વાન શાસન સ્તંભ ગણાતા હોય, **તે જો શાસન સંરક્ષણ અને શાસન પ્રભાવના માટે પોતાની શક્તિનો ઉપયોગ ન કરે તો,** વિદ્વત્તાનો ઉપયોગ ન કરે તો, **એ વિરાધક કોટિના છે. આરાધક નહિ.**

શાસન સ્તંભ શ્રીમદ્ના જૈનેતર પ્રોફેસરો, વકીલો, એડવોકેટો અને સાહિત્યના પ્રખર સાક્ષરો જબ્બર પ્રશંસકો વિપુલ પ્રમાણમાં હતા. પણ ન્યાયધીશો અને જજોએ, ચૂકાદા-ઓમાં જે ભુરિ ભુરિ પ્રશંસા કરી છે, તે આશ્ચર્ય પમાડનાર છે. એક યુરોપીઅન ન્યાયાધીશ જજમેન્ટમાં લખે છે : **જૈન સાધુઓનો આશ્રમ ઉંચી પંક્તિનો છે. એ આશ્રમ બ્રહ્મચર્ય, સ્વાધ્યાય અને તપ માટે પ્રસિદ્ધ છે. અરેખર સગીર જેવા બાળ-કોમાંથી જ જૈન ધર્મના આગેવાન અનેક થયેલા છે.**

જે જીવન માટે તે છોકરાને અર્પણ કરવામાં આવ્યો છે અને જ્યાં **આજ્ઞા સુખ અને શાંતિ નિર્ભય છે,** તે જીવનમાંથી પાછું લાવવાનું મને કોઇ કારણ જણાતું નથી.

ચબરખી (એક ચિઠ્ઠી) એના ઉપરથી થએલ. દ્વેષાત્મક ફરીયાદ તે વખતે કોઇ પણ પક્ષના વકીલને સાંભળ્યા વિના જ સીધો પ્રશ્ન શ્રીમદ્ મહા વિભુતિને, અને તેનો શુદ્ધ સત્ય અને ખુમારી ભર્યો શ્રીમદ્નો ઉત્તર, તેથી ટાંકણી પડે તો અવાજ સંભળાય એવી ખીચોખીચ શાંત કોર્ટમાં, ડુસકા અને રૂદન અને તે કેસમાં, શ્રમ સૌમ્ય પણ

જાજરમાન ન્યાયધીશે ત્યાં ને ત્યાં જ આપેલો 'નિર્દોષતા'નો ઠરાવ અને કરેલી પ્રશંસાએ સારી આમ જનતામાં પ્રસરાવેલ શ્રી જૈન શાસનનો જયજયકાર અને શ્રીમદ્નો પુણ્ય પ્રકર્ષ.

એક વખતના શાસનસ્થ વિદ્વાન આચાર્ય શ્રી ભુવનભાનુ સૂ. મ. દિવ્ય દર્શનમાં આલેખે છે :- પૂ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રભાવક કાર્યોની કંઈક વાત નીકળી એ વખતે પૂ મેઘસૂરીશ્વરજી મ. કહે "ભાઇ ! એ તો રામ વિજયજી જ કરી શકે, અમારૂં કામ નહિ" કેમ આટલી બધી પ્રશંસા ? કારણ પોતે જાતે પાટણમાં પૂ. પં. રામ વિજયજી મહારાજે શાસન વિરોધીઓની સામે કરેલી શાસનરક્ષા નજરે જોઇ હતી.

વિ. સં. ૧૯૭૬માં મારી ઉંમર ૮ વર્ષની કાળુશીની પોળ બહાર જાહેર વ્યાખ્યાન. મેદની તો રોડ પર લાંબે સુધી એટલી બધી ચિક્કાર કે જાણે-માનવોનું કીડિયારૂં ઉભરાયું. સેંકડો માણસોએ ચહાની બંધી લઇ લીધેલી. આ સંસ્કૃતિની રક્ષા જેમ ધર્મ-રક્ષા જીવદયાનું એક. ભગીરથી કામ ભદ્રકાળીના મંદિરે નવરાત્રિમાં જીવતા બોકડાનો બલી અપાતો. પૂ. ગુરૂદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે રામ વિજયજી મહારાજને વાત કરી કે "આ ભોગ આપવાનું બંધ થવું જોઇએ શહેરમાં અને માણેક ચોક બજારમાં જીવદયા-અહિંસા પર સણસણતા જાહેર પ્રવચનો વરસવા માંડયા. જનતામાં દયાની આગ સળગાવી દીધી ભોગ આપવાનું બંધ થઇ ગયું.

વિ. સં. ૧૯૮૨-૮૩ અંબાલાલ સારાભાઇએ પોતાની કેલીકો મીલના કંપાઉન્ડમાં યુરોપિઅન પાસે ૬૦ કુતરા મરાવી નાખેલા. અને ગાંધીજી 'નવજીવન' પેપરમાં એ માર્યાનું સમર્થન કરતા, "કુતરા મારવામાં પાપ છે, પણ એને પોષવામાં (નહિ માર-વામાં) મહાપાપ છે. ત્યારે વિદ્યાશાળાની પાટ પરથી પૂ. રામચંદ્ર સૂરીશ્વરજીના એના ખંડનમાં સણસણતા વ્યાખ્યાનો થતા. નવજીવન છાપાની પંક્તિઓ વાંચી કહે :- "જુઓ આ મોહનદાસ ગાંધી કહે છે એના અર્થ આ થાય કે માણસને હેરાન કરે એને મારી નાખવા એટલે હવે દીકરા બાપને હેરાન કરે તો દીકરાને મારી નાખવા.....શ્રોતાઓના લોહી ગરમ થઇ જતા અને આ કુતરાની હિંસા અને ગાંધીજીના સમર્થન પ્રત્યે ભારે તિરસ્કાર વરસતો.

પછીથી ગાંધી આશ્રમમા એક હરકથી રીબાતા વાછરડાને મરાવી નાખી નવજીવનમાં મર્યાદિત અહિંસાનો સિદ્ધાંત સ્થાપી એનું સમર્થન કરેલું. ત્યારે પણ પૂ. રામચંદ્ર સૂરી-શ્વરજી મહારાજે **એ વાછરડાની હિંસાને મહાન અધર્મ અને એ હિંસાના સમર્થનને મડામૂઢતા બતાવતા** જોરદાર વ્યાખ્યાનો આપેલા.

વિ. સં. ૧૯૮૫ મુંબઇમાં જમાનાવાદ અને સુધારાવાદ ચાલેલો. યુવક સંઘ સુધારકોનો ભારે પ્રચાર હતો કે :- "ઉપધાન ઉજમણા કરાવવા એ પૈસાનો ધુમાડો છે. દેવદ્રવ્ય સમાજના કામમાં લગાડવું જોઇએ. નાની વિધવાઓને પુનર્વિવાહ કરવા હોય એને છુટ આપવી જોઇએ. **સાધ્વીઓ નર્સીંગનુ કામ અને સાધુઓને સ્કુલમાં ટીચરનું કામ સોંપવું જોઇએ...**' પૂજ્યશ્રીએ લાલ બાગની પાટ પરથી જડવાદ સામે જેહાદ ઉપાડી. વિરોધીઓ સળગી ઉઠયા તોફાનો ઉપડયા.

આવા તો અનેક પ્રસંગો આલેખ્યા છે. તે વળી કોઇ અવસરે જોશું. પણ એક વખતના શાસનસ્થ તે આચાર્યશ્રીએ છેલ્લે એક પ્રસંગ આલેખ્યો છે. જેમાં આ. પૂ. મહાન વિભુતિની શાસ્ત્ર રમણતાનું લક્ષ્ય અને શાસન-ભકતોના પણ હૈયા સ્વરૂપસ્થ રાખવાની તકેદારીના સ્પષ્ટ દર્શન થાય છે.

એ કાળે એઓશ્રીની (શાસન સ્તંભની) વૈરાગ્ય ધમધમતી લગાતાર વાણી વરસતી પછીથી સૌમ્ય શૈલીએ પ્રવચનો થવા માંડયા. ત્યારે એ પછી એકવાર મેં પૂ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજને પૂછયું કે "સાહેબ, આપની દેશના સંવેગ વૈરાગ્યથી ધમધમતી ધારાબદ્ધ ચાલતી. અમારા જેવા કેઇને વૈરાગ્ય-તરબોળ થઇ જવાતું. પરંતુ હવે કેમ દેશનાની શૈલી ફેરવી છે ?

મને પૂજ્ય શ્રી કહે "તને ખબર નથી. પહેલા હું શાસ્ત્ર-વિરોધીઓ, સુધારકો અને નાસ્તિકોનું ખંડન કરતો, ત્યારે આ શ્રાવકો ખુશ ખુશ થઇ જતા. પણ જાતને જોવા તૈયાર નહિ. ત્યારે મેં જોયું કે એથી એમને પોતાનું આત્મ નિરિક્ષણ નથી થતું. અને તેથી ક્રિયા જડતા અને અભિમાન છે. એટલે આપણાવાળાની ક્રિયા જડતા અને ભાવ શૂન્યતાનું ખંડન કરવાનું રાખ્યું છે. જેથી આત્મ નિરિક્ષણ કરે, અને ભાવ તરફ નિશ્ચય તરફ એમની દષ્ટિ જાય."

પૂ, શાસન સ્તંભ મહાવિરલ વિભુતિના અનેકાનેક અદભુત આશ્ચર્યકારી પ્રસંગો, અવસરે આમ જનતા સમક્ષ મુકવાની ભાવના સાથે, તેઓશ્રીના અનંત અનંત ઉપકારોની મીઠી છાયામાં રહેલ, આ ચરણ કિંકરની કોટિશઃ વન્દના પૂ. મહાવિભુતિના ચરણારવિંદમાં.

અનંતોપકારી, અરિહંત પરમાત્મા ભવ્ય એવા લઘુકર્મી જીવો દુઃખમય સંસારથી મુક્ત બની, શાશ્વત સુખના ભોક્તા બને તે માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનું સ્વરૂપ બતાવે છે. સુસાધુ ભગવંતો તે તારકની વાણી લોકોને સંભળાવે છે. તેના આધારે લોકો રત્નત્રયીનું સ્વરૂપ સમજી, સદ્દહી, યથાશક્તિ આરાધી, પોતાનો સંસાર કાપી નાખે છે અને આત્માના શુધ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે. આપણે પણ આ સંસારથી મુક્ત બનવું હોય તો રત્નત્રયીનું સ્વરૂપ જાણી, સદ્દહી, તેની યથાશક્તિ આરાધના કરવી જોઇએ.

તેમાં પ્રથમ અને વિશેષ મહત્વ સમ્યગ્દર્શનનું છે. 'સમ્યગ્દર્શન એટલે શ્રધ્ધા.' તેને પ્રથમ નંબરે કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રધ્ધાના અભાવમાં જ્ઞાન અને ઉંચી કોટીના ચરિત્ર આત્મકલ્યાણકારી બની શકતા નથી. માટે જેઓ શ્રાવક હોય કે સાધુ, ચાહે તે જ્ઞની હોય કે તપસ્વી, પરંતુ સિધ્ધાંતની બાબતમાં મનસ્વી રીતે ફેરફાર કરનારા શાસ્ત્રર્થ વિરુધ્ધ પ્રરૂપણા કરનારા હોય તો તે પોતાના ભવને નિષ્ફળ બનાવી

સત્યના ખપી—સમકીતી

—શ્રી કિશોર ખંભાતી—વિરાર

રહ્યા છે. સાથે સાથે પોતાની પાસે આવનારા જીવોને સન્માર્ગથી વંચિત કરી રહ્યા છે આ શ્રધ્ધા એટલે 'અરિહંત પરમાત્માના વચનોમાં સંપૂર્ણ વિશ્વાસ.' આ એક વાકય બોલવા માત્રથી સમકિત આવી નથી જતું. પરંતુ જ્યારે જ્યારે સિધ્ધાંતની વાત આવે ત્યારે તે સિધ્ધાંતને સિધ્ધાંત તરીકે જ માનવો અને તેનાથી વિરુધ્ધ કહેનારનો ત્યાગ કરવો. આવી શ્રધ્ધા થશે ત્યારે જ આત્મા સમ્યક્ત્વની સન્મુખ થશે.

સિધ્ધાંતનિષ્ઠ, શુધ્ધ પ્રરૂપક, વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ તેઓશ્રીના હયાતિ કાળ દરમિયાન આવી વાતો સમજાવી, ખોટું કહેનારની વાતનું ખંડન કરી, સત્યવાતનું પ્રરૂપણ કરી, લોકોને ઉન્માર્ગથી બચાવી, હજારો—લાખો લોકોને સન્માર્ગે સ્થીર કર્યા હતા, ત્યારે આપણા જેવા લોકોને સાચા ખોટાને ઓળખવાની બહુ મુશ્કેલી ન હતી. પરંતુ હવે કોઇપણ એક સમુદાયના બધા જ યોગ્ય અને માન્ય, તેવી માન્યતાના દિવસો રહ્યા નથી. પૂજ્યશ્રી પોતે પણ કહેતા હતા કે' ભગવાનના વચન વિરુદ્ધ હું પણ કહું તો મને પણ છોડીને ચાલ્યા જજો.' આ કહેવા પાછળ તેઓશ્રીનો આશય લોકોને પરમાત્માના વચનના રાગી અને સિધ્ધાંતોમાં નિષ્ઠાવાન

બનાવવાનો જ હતો. માટે કોઇપણ સાધુ શાસ્ત્ર વિરુધ્ધ એકપણ શબ્દ બોલે પછી ચાહે તે અન્ય સમુદાયના કે પોતાના સમુદાયના હોય તો પણ તેઓનો ત્યાગ કરવો એ જ પૂજયશ્રી તરફની ભક્તિ છે અને અનંતા અરિહંતોની આજ્ઞાનું પાલન છે.

હમણાં એક મુનિભગવંતે 'તિથિ ભેદ એ સામાચારીક છે' તેમ જણાવ્યું. પૂજયશ્રીજીએ 'क्षये पूर्वा:' ના આગમ વચનનો લોપ ન થાય માટે શાસ્ત્રાધારે લવાદ નિમીને તે સિધ્ધાંત છે તે સિધ્ધ કરી બતાવ્યું હવે માનીલો કે તેઓશ્રીની ગેરહાજરીમાં કોઇ આચાર્ય 'તિથિ ભેદને સિધ્ધાંત તરીકે ન સ્વીકારતાં, સામાચારીક ગણાવે' તો તે સિધ્ધાંતનો લોપ કર્યો કહેવાય ? સુજ્ઞ વાચકો ! વિચાર કરજો, જયાં આપણે વિશ્વાસથી ઝુકીએ છીએ ત્યાં હવે વિચારશીલ બનવાની જરૂર છે. ત્યાં પણ પ્રરૂપણા જાણ્યા પછી જ માનવાના દિવસો આવી ગયા છે.

કોઇ એમ જણાવે કે 'તિથિ ભેદ એ તો સિધ્ધાંતીક ભેદ જ ગણાય' પરંતુ **તમારે આમાં ઉંડા ઉતરવું નહિ'** જે શ્રાવક તત્વ જાણવાની જિજ્ઞાસાવાળા છે તેને સત્ય સમજાવવું એ યોગ્ય છે કે ઉંડા નહિ ઉતારવાની સલાહ આપતા સત્ય જાણવાથી વંચિત રહી જાય અને ઉન્માર્ગે ધકેલાઇ જાય તેવો જવાબ આપવો યોગ્ય કહેવાય ? પૂજયશ્રીજી દરેકને ઉપદેશતા કે તમે બધા શાસ્ત્ર વાંચો, જાણો વારંવાર પૂછો અને તત્વના એવા જ્ઞાતા બનો કે સાધુપણ જેમ ફાવે તેમ બોલી ન શકે. અરે ! તત્વમાં ઉંડા નહિ ઉતરવાની સલાહ કે ઉપદેશ આપવો એ ઉન્માર્ગદેશક દેશના કહેવાય કે નહિ ? માન્યતા અને પ્રરૂપણા એ તો ધર્મનું મૂળ છે અને તેમાં જ અગ્નિ દેવાની શરૂઆત તો કેવું ગણાય ? પૂજયશ્રીજીએ જીવનભર સંઘર્ષ કરીને સન્માર્ગનું રક્ષણ કરેલ છે સદ્ભાગ્યે આપણે તે મેળવી શકયા છીએ ત્યાં હવે આગળ વધવામાં માત્ર વિશ્વાસુ નહિ પરંતુ પરીક્ષક બનવાના દિવસો આવી ગયા છે. સૌ કોઇ વ્યક્તિના રાગી ન બનત, માર્ગના પરીક્ષક, સત્યના પક્ષપાતી બની યથાશક્તિ રત્નત્રયીના આરાધક બની શીઘ્રપણે મોક્ષપદને પામો એજ શુભાભિલાષા.

---

૦ સુકૃતના અને દુષ્કૃતના વાસ્તવિક કોટિના સ્વરૂપનું સાચું જ્ઞાન થાય અને એમાં શ્રદ્ધાભાવ પ્રગટે, એ માટે મોક્ષનો આશય પેદા થવો, એ સૌથી પહેલું આવશ્યક છે. મોક્ષના આશયના પ્રભાવે અમુક અમુક દુષ્કૃતો કરણીય લાગે, એ પણ શકય છે અને અમુક અમુક સુકૃતો અકરણીય લાગે એ પણ શકય છે.

—પતન અને પુનરુત્થાન ભાગ બીજો.

યે નિસ્પૃહા સ્ત્યકત સમસ્ત રાગા, સ્તત્ત્વૈક નિષ્ઠા ગલિતાભિમાનાઃ
સંતોષ પોષૈક વિલીન વાંછા સ્તે રંજયન્તિ સ્વમનો ન લોકમ્ ॥

આશ્ચર્ય..... આશ્ચર્ય..... આશ્ચર્ય.....

હૃદય પ્રદીપ ષટ્ ત્રિંશિકાના અમૃતની પ્યાલી સમા શ્લોકોનો સ્વાધ્યાય કરતા મનમાં પ્રગટેલી આશ્ચર્યની ઉર્મિઓ પ્રસ્તુત છે...

આ શ્લોકમાં 'અજ્ઞાત યોગી પુરુષ' પોતાના અનુભવની સરવાણી લહેરાવતા ફરમાવી રહ્યા છે કે,

જેઓ નિ સ્પૃહ છે, ત્યજી દીધા છે સઘળાએ રાગ જેમણે, તત્ત્વમાં જ એક માત્ર નિષ્ઠાને ધારણ કરનારા, માન રૂપી અજગર પણ જેમની પાસે રાંકડા થઈને બેઠાં છે, સંતોષને જ આત્મધન માની, એવો તો એને પુષ્ટ કર્યો કે, જેને અવલંબે તૃષ્ણા, વાંછા, બિલ્લિન નષ્ટ પ્રાયઃ થઈ ગઇ છે, એવા મહાપુરુષો, મહામાનવો, મહાદેવના અંશને ધરનારા પોતાના આત્માને રંજીત, આનંદિત, સંતુષ્ટ કરે છે, નહિ કે લોકોને.

ઉપરના શ્લોકના ભાવાર્થના ચિંતન,મનનથી મને જે આશ્ચર્ય ઉત્પન્ન થયું તે અજબગજબનુ છે અને તે આશ્ચર્યની ભૂમિકાનું પ્રધાન સ્થાન પૂજ્યપાદ પરમ તારક

આશ્ચર્યની અટારીએથી સુનિશ્ચિતતાને શિખરે....

—પૂ. મુનિરાજશ્રી હિતરત્ન વિજયજી મ., સુરત.

મારા પૂજ્ય ગુરૂદેવશ્રીનું અણગારી આલમનું જીવન-કવન. જે પૂજ્યપાદ ગુરૂદેવશ્રીએ અમારા ઉપર અમાપ કરૂણા કરી છે તેની કિંચિત્ કર, ઋણ 'મુકિત' અર્થે ઉપાડેલી લેખિની થંભી જાય, મનમાં વિચારોનું વમળ વેગ પકડે અને અંતરમાંથી અવાજ ઊઠે આશ્ચર્ય...આશ્ચર્ય...આશ્ચર્ય ! તો એમાં કંઈ આશ્ચર્ય ખરું ! મને વિશ્વાસ છે કે, મારા આશ્ચર્યને તમે સહુએ પણ ધારણ કર્યો હશે.

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિ. મ. પણ સમતા અધિકારમાં માતા મરૂદેવાની બનેલી એ આશ્ચર્ય કારક ઘટનાને પણ 'મારી બુદ્ધિમાં બેસતું નથી' એમ કહી છોડી દેતા તો પૂજ્યપાદ ગુરૂદેવશ્રીના જીવન-કવનની વાતો વામણી એવી આપણી બુદ્ધિ વિરાટના દર્શન ન કરવા દે તો એમાં શું 'આશ્ચર્ય' છે ? આશ્ચર્ય તો એ વાતનું છે કે આપણે તેઓ શ્રીમદ્ને ઓળખી ન શકયા.

બહાવરા લોકની સંજ્ઞા કે નિંદાથી બિલકુલ પર થઈ 'આત્મા સ્વરૂપ રમણતા'માં જેઓ સદૈવ લીન બની રહેતા હતા એવા પુણ્યપુરુષની છાયા 'આત્મસુખ'ને ઝંખનારાઓ

ન ઇચ્છે તો 'આશ્ચર્ય.' શિષ્ટલોક તો 'સજ્જન શિરોમણી' પૂજ્યપાદશ્રીના હર હંમેશ પડખાં જ સેવતો રહ્યો એમાં કંઇ આશ્ચર્ય ખરું ?

આટલી વાત પછી હવે તમો સહુ વાચકો સમજી જ ગયા હશો, આ શ્લોકના અર્થ, ભાવાર્થ અને રહસ્યને, કેમ ખરું ને ?

પૂજ્યપાદશ્રીના જીવનની એ જ એક અતિ અદ્‌ભુત વિશેષતા હતી કે 'એમણે કોઇ દિવસ કોઇને પણ પોતાના બનાવવાની મહેનત કરી જ નથી, મહેનત કરી છે એક માત્ર ભગવાન અને ભગવાનના શાસનના બનાવવાની.' એમના જીવનની એકાંતની પળમાં પણ એમના કાન્ત (પ્રિય) પ્રભુ જ રહ્યા છે માટે જ જે જ્ઞાની બન્યા અને જેમણે તેઓશ્રીને નજીકથી જોયા તેમના બન્યા વગર રહ્યા નહિ અને જે 'અજ્ઞાની' અને 'અજ્ઞાત' રહ્યા તે તેમને પામી શકયા નહીં અને પામીને પણ હારી ગયા, તે શું આપણે નથી જાણતા ?

જીવનનાં અંતિમ શ્વાસ સુધી વીર, મહાવીરપુરુષને છાજે એવી સમતા સમાધિ એના મૂળમાં જીવનભર ઘુંટી ઘુંટીને કરેલું તત્ત્વજ્ઞાનનું અમૃતપાન જ કારણભૂત છે શું આપણને સમજાય તેમ નથી ?

શ્લોકમાં કહ્યું કે આવા–આવા ગુણનાધારક યોગીઓ પોતાના આત્માને રંજીત કરે છે પરંતુ લોક રંજીત કરવાની તેમને મન જરા સરખી પણ એવના હોતી નથી પરંતુ શ્લોકના રહસ્યાર્થમાં જઇએ તો એ વાત પણ સુનિશ્ચિત છે કે, આવા નિસ્પૃહતાદિ ગુણોનાધારકોથી શિષ્ટ લોક રંજીત થયા વગર રહેતો નથી અને તે વાત સમજ્યા વગર એની શ્રદ્ધા કર્યા વગર અને આચરણમાં મૂક્યા વગર આપણને ચાલવાનું જ નથી, એ વાત પણ એટલી જ સુનિશ્ચિત છે. આશ્ચર્યમાંથી સુનિશ્ચિતતા ઉપર જવું છે ને ? હજુ બાજી હાથમાં છે આપણે સહુ નિર્ધાર કરીએ કે તેઓ શ્રીમદે જે ભગીરથ પુરુષાર્થ કરી પરમાત્માનો માર્ગ આપણા સુધી તેની આરાધના, રક્ષા, પ્રભાવના કરવા દ્વારા પહોંચાડયો છે તેને જીવનના અંતિમ શ્વાસ સુધી વળગી રહેવું છે. એવું જો બનશે તો જ આ વિશેષાંકમાં લેખ મોકલ્યો અને વાંચ્યો તે સફળ થશે.

આપણે સહુ એવું સામર્થ્ય પામીએ એ જ ભાવના.

"રત્નત્રયીની રક્ષા કાજે, જીવન સમર્પ્યું હિતને કાજે."

—: પ્રસંગોનો પમરાટ :—

૧. જામનગર, શાન્તીભુવન અમો ચાતુર્માસ હતા તે વખતની વાત છે. સુશ્રાવક જયંતિભાઇ ખંભાત પૂજ્યપાદશ્રી પાસે, સાહેબજી, અમારા જામનગરમાં ૧૫૦ લગભગ વર્ષીતપ ચાલે, છે. મારે એક પ્રશ્ન પૂછવો છે.

સાહેબજી : પૂછાશે. જરૂર કેમ નહિ, બોલો શું પ્રશ્ન છે.

જયંતિભાઇ : સાહેબ ! વર્ષીતપમાં ઉપવાસ–બેસણું તેમાં વચ્ચે છઠ્ઠ પણ આવે પરંતુ કોઇ દિવસ તબિયતાદિના કારણે બે બેસણા લેગા કરી શકાય કે નહિ ?

સાહેબજી : ના, ભાઇ વર્ષીતપમાં બે બાવના દિવસ લેગા ન આવવા જોઇએ.

જયંતિભાઈ : સાહેબ, અમારે ત્યાં જેમની પ્રેરણાથી વર્ષીતપ થઈ રહ્યા છે તેઓશ્રી તો રજા આપે છે અને કહે છે કે, પાછળથી ઉપવાસ વાળી દેજો.

સાહેબજી : જો ભાઇ એમનું કહેલું એ જાણે, પરંતુ હું તો એને તપ કહીશ પણ વર્ષીતપ તો નહિ જ કહું.

આવા હતા પૂજ્યપાદ ગુરુદેવશ્રી, ગીતાર્થતા આનું નામ. તપાદિમાં ધર્માનુષ્ઠાનમાં પોલ ચલાવવી એના ઊંડાણમાં શું છે એ તપાસવા જતા માણસ શું ધર્મથી વિમુખ તો નથી થતો ને ? આ વાત આપણે સૌએ વિચારવા જેવી છે.

૨. પાલીતાણા, પન્ના રૂપા ધર્મશાળામાં ચાતુર્માસ. વ્યાખ્યાન પીઠ પર પૂજ્યપાદશ્રી. સભામાં કોઇપણ આવી શકે, પૂછી શકે એ તો એમની જુગ જુની પરંપરા. સમવસરણનો આછો પાતળો અણસાર ત્યાં જોવા મળે.

વ્યાખ્યાનમાં સાધુ જીવનની વાતો, એની આચાર સંહિતાનું પ્રતિપાદન, નજીકમાં બેઠેલા એક અન્ય સમુદાયના મહાત્માએ પ્રશ્ન.

પ્રશ્ન. સાહેબ, સાધુથી ચૂલા ઉપરથી ઉતરતી રોટલી વહોરાય ?

જ. ના ભાઇ, ન વહોરાય, એમાં પૂછવાનું શું હોય.

(આક્ષેપ) સાહેબજી, આપના સાધુઓ વહોરે છે.

(સભામાં ખળભળાટ, હાથના ઇશારે સર્વને શાન્ત કરી)

પૂજ્યપાદશ્રી : જો ભાઈ મારા તે જ, જે ભગવાનની આજ્ઞા પાળે, જે મારી પાસે રહેલા તે મારા અને દૂર રહેલા મારા નહિ તેવું માનવાની ભૂલ મેં કયારેય કરી નથી.

જે ભગવાનની આજ્ઞા પાળશે તે સદ્ગતિ અને શ્રી સિદ્ધિગતિને પામશે અને જે ભગવાનની આજ્ઞાનો લોપ કરશે તે પછી મારા હોય કે તમારા એ બધા દુર્ગતિગામી જ છે. તેમાં જરા પણ શંકા નથી.

કરવાને આત્મ હિત, રત્નત્રયી આરાધું નિત'
આશિષ આપો ઉરથી ગુરુજી
અનુરૂ આપને અની વિનિત.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર ગચ્છાધિપતિ. સ્વ. પ. પૂજ્ય પરમ
શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ને

શ્રદ્ધાંજલિ

(દોહા...તથા...ગઝલના રાગમાં.)

પ્રેમ તણી કરૂણા ભરી, વાત્સલ્ય મૂર્તિ આપની,
ચન્દ્ર જેવી શીતળ છાયા, આપના સહવાસથી;
જેની મધુરી દેશના, સાંભળવા આવે હોંશથી,
નર નારીના વૃંદ ઉભરાય, એવા હતા રામચંદ્રસૂરિ. ૧.

જન્મભૂમિ પાદરા પાસે, દહેવાણ મોસાળમાં,
પુર્વ પુણ્યથી જૈન કુળમાં, જન્મ્યા ફાગણ વદી ચૌથના;
પિતા છોટાલાલ સમરથ માતના, હતા પુત્ર એ લાડકા,
નામ રાખ્યું ત્રિભુવન, જશ ગવાયો જેનો જગતમાં ૨.

દીક્ષા સત્તર વર્ષની ઉંમરે, ઓગણીસઓગ્નોતેર સાલમાં;
પોષ વદી તેરસ દિને, કાળી પાસે ગંધાર તીર્થમાં;
સંસારનો સહુ મોહ છોડી, થયા સાચા અણગાર આ,
જૈન શાસનમાં એક રત્ન પાકયું ક્રમેક્રમે વધતા હતા. ૩

યુવાન વયમાં દીક્ષા લીધી, ગુરૂ રૂડા છે પ્રેમસૂરિ,
દાનસૂરિ નિશ્રાયે અભ્યાસ કરી, મેળવી પદવી સૂરિ;
મહારાષ્ટ્ર દેશ ઉદ્ધારક, શાસન પ્રભાવના ઘણી કરી,
ઘણુ જીવો ઓ સૂરિવર, ઝંખના એ સહુની મન રહી. ૪

જન્મીને જિન શાસને, ઉપકાર કર્યા છે બહુ તમે,
ગચ્છાધિપતિ પદ શોભાવિયું આચાર્ય રામચંદ્રસૂરિવરે;
જ્ઞાન, ક્રિયાને ધ્યાનમાં, રહી આત્માને તારતા,
કરી પર ઉપકાર સદાએ, વર્ષ છન્નુ ધારતા. ૫

અજોડ એવી દેશનાની, શકિત વરી હતી આપને,
આપશ્રી વ્યાખ્યાનમાં, કહેતા જૈન સિદ્ધાંતને;
પત્થર જેવા માનવીને, પળવારમાં પીગળાવતા,
સંસાર ભુંડો જાણવો, એમ ઘણીવાર સમજાવતા. ૬

કંઈ વર્ષોથી આપ તો, આપી રહ્યા હતા ધર્મદેશના,
આપના વ્યાખ્યાનથી, ઘણા જીવો ધર્મ પામતા;

નિષ્ઠુર હૃદયના માનવીમાં, શ્રદ્ધા દીપ જલાવતાં,
શેહ કે શરમ રાખ્યા વિના, સત્ય વસ્તુ સમજાવતા. ૭
વ્યાખ્યાન વાચસ્પતિ કહેવાયા, જેની જોતા જોડ નહીં,
અટપટા કોઇ પ્રશ્ન પૂછે, ઉત્તર મળતો તુરત સહી;
તર્ક અને સૂક્ષ્મ દલીલથી, હૃદયમાં ઉતારતા,
પ્રશ્ન પૂછનારને વળી, ઠંડો કરી બેસાડતા. ૮
શાસન માટે કષ્ટ વેઠવા, તે મુદ્રા લેખ છે,
કરતા સ્વ પર ઉપકાર, ધર્યો સાચો વેશ છે;
કંઇ જીવોને ઉદ્ધારતા, આપી સમ્યગ્જ્ઞાનને,
લેઇ દીક્ષા સાધતા, દર્શન, જ્ઞાન, ચારિત્રને. ૯
અંજનશલાકા પ્રતિષ્ઠા ઘણી, આપના હાથે થઇ,
ઉપધાન અને ઉજમણામાં, લક્ષ્મી ખર્ચાઇ છે ઘણી;
દીક્ષા તણા પ્રસંગો, જેની જોતા જોડ નહિ,
સંઘો કઢાવ્યા મોટા ઘણા, સ્મૃતિ સદા જાગૃત રહી. ૧૦
જાણ્યું અને જે અનુભવ્યું, તે તો લખ્યું છે સહી,
નથી પરિચય ઘણો છતાં, ગુણ ગાવા ઇચ્છા થઇ;
નથી લખી મેં વાત કાંઇ, અતિશયોક્તિ ભરી,
મા સરસ્વતીને ગુરૂકૃપાએ, રચના કરી છે પ્રેમથી. ૧૧
છેલ્લે છેલ્લે થયુ વિશિષ્ટ, કાર્ય હસ્તગિરિ તીર્થમાં,
નુતન જિનાલય અંજનશલાકા, પ્રતિષ્ઠા થઇ વૈશાખ સુદી છઠ્ઠના;
મતભેદ હોય જરૂરથી, પણ મનભેદ ન રાખતા,
સમાચારી હોય જુદી, કરવી નહિ નિંદા ટીકા. ૧૨
અતુલભાઇની દીક્ષા પતાવી, બે હજાર સુડતાલીસ સાલમાં,
અમદાવાદથી ગયા સાબરમતી, ચાતુર્માસ ઉમંગે કરવા;
તબીયત બગડતાં દર્શન બંગલે, લાવ્યા પાલડી મુકામમાં,
તેઓએ તબીયત ના સુધરી, ઉપચાર વિધવિધ કર્યા. ૧૩
છન્નુ વરસે શાસન તણો, એક દીવો ઓલવાઇ ગયો,
અષાડ વદી ચૌદશ દિને, શોક ભારતમાં ફેલાઇ ગયો;
ચોવીસ કીલોમીટર લાંબી, બે લાખ માનવ મેદની,
સાત કલાક સુધી ફરી, અંતિમ યાત્રા સાબરમતી. ૧૪

અગ્નિ સંસ્કારની ઉછામણી, એક કરોડ ઉપર ચાલી ગઇ,
સુકૃતમાં બીજુ ઘણુ વપરાયુ, તેમના પુણ્ય પસાયથી;
સ્મારક થશે ત્યાં રૂડું, આચાર્ય રામચન્દ્ર સૂરીશ્વરનું,
એકસોસત્તર શિષ્ય આદિ હજારો, હતો પરિવાર જીવનમાં વળી. ૧૫

યોગાનુયોગ પણ કેવો બન્યો, રામનગર રામચન્દ્રસૂરિ,
મનાય મહોત્સવ દેવલોક ગમનનો, જૈન શાસનમાં પ્રેમથી;
તિથિ ચર્ચાનો ફકત પ્રશ્ન, છેવટ સુધી ના ઉકલ્યો,
ભાવિભાવ હશે તેવું, વાત કેવલી ગમ્ય જાણજો. ૧૬

આઠ પ્રભાવક પ્રવચનમાં કહ્યા, તેવા ગુણોને ધીરતા,
શાસન ઉપર થાય પ્રહાર, ત્યારે સામી ઢાલને રાખતા;
નિડર એવા સમર્થ આચાર્ય, કોર્ટ ઘણી વખત ગયા,
શાસન તણો ડંકો વગાડી, કામ કર્યા શાસન તણા. ૧૭

અગન્યાએંશી (૭૯) વર્ષ દીક્ષા પર્યાય, છપ્પન વર્ષ આચાર્ય;
છન્નુ વર્ષ આયુ વળી, સંચર્યા સ્વર્ગ વળી,
એવા હતા એ સૂરિશ્વર, જ્યાં જાય ધર્મ ડંકો વાગતો,
સમુદાય શાસનને ખોટ પડી, નિડર એવા વકતા તણો. ૧૮

ગુણીના ગુણ ગાતા સદા, પાર આવે નહી કંઇ,
ભાવના પુષ્પથી આ, હાર ગુથ્યો છે સહી;
કીર્તિ જગે ચન્દ્ર જેવી સૂરિજીની પ્રશંસા રહી,
તેઓ જરા અભિમાન મનમાં, લેશ તો આવ્યો નહી. ૧૯

ગુણના અનુરાગથી, વીશ કડીઓ પ્રેમે લખી,
જો હોય તેમાં ભૂલ તો, વાંચજો સુધારી લઇ;
બેહજાર સુડતાલીસ સાલે [સુરત] કાતરગામ ચોમાસુ રહી,
આદેશ્વર પ્રભુ પસાયે, રચના કરતા નયકિર્તિ મુનિ. ૨૦

પ્રેરક : પૂ. મુ. શ્રી પુણ્યધન વિજયજી મ.
કર્તા : પૂ. મુ. શ્રી નયકીર્તિ વિજયજી મ.

આર્ય ભુમિમાં અનેક પ્રકારના મનુષ્યના જન્મ મરણ થયા કરે છે ખરેખર આર્ય ભુમિનો પ્રભાવ પણ ગજબનો છે કે આ આર્ય ભુમિ ઉપર અનેક પ્રકારના જીવો જીવન જીવી ને સુવાસ પાથરી ને આર્ય દેશમાંથી વિદાય લે છે થોડા સમય પહેલા જ આ આર્ય ભુમિ ઉપર એક મહાન વિભુતિ જેનું નામ વિશ્વમાં ન જાણતુ હશે એવા ભાગ્યે જ જીવો હશે ખરેખર એ મહાપુરૂષ માટે જેટલી ઉપમાઓ આપીએ એટલી ઓછી છે અને મારા જેવા પામર અને સત્ત્વહીન એવા આત્મા ને પણ આ મહાપુરૂષનો યોગ થયો જેનું વર્ણન કરવુ અશકય છે.

પૂજ્યપાદશ્રીજી બાલ્ય કાળથી જ ગુણ સમ્પન્ત અને વિનયવંત હતા માતા પિતાના વિયોગ હોવા છતા એમની દાદીમા રતનબાના વાત્સલ્ય અને અંતરની લાગણીથી જે ધર્મના સસ્કારોનું સીંચન કરવામાં આવ્યુ હતુ એ પણ ગજબનુ હતું અને દાદીમાની એક જ ભાવના કે બેટા આ સંસારમાં રહેવા જેવું નથી પરંતુ મોહના કારણે દાદીમાની હૈયાતી હોય ત્યા સુધી દીક્ષા લેવા નહિ દઉ એવી ભાવના પરંતુ નામ એવું કામ હતું અને આ ત્રિભુવનકુમારે જીવનમાં એટલું બધું મેળવી લીધેલ કે ગામના ઉપાશ્રયમાં ગમે તેવા સાધુઓ આવી ન શકે એટલી સમજણ હતી અને ધર્મ ગ્રંથોનું વાંચન અને શ્રાવક જીવનના કર્તવ્યો ગુણો જીવનમાં કેળવી લીધા અને સંસારમાં ન રહેવું દીક્ષા વહેલી તકે લેવાની ભાવના જાણીને મામાએ કહ્યું કે જે કપડા છે એ ફાટી જાએ એટલે સંયમ લેજે તરત ઓરડીમાં જઇને કપડા ફાડવા બેઠા અને મામા કે આ શું કરે છે આપે જે કહ્યું એ જ કરવા બેઠો છું અને સત્યતાનો જવાબ સાંભળી મામા પણ સમજી ગયા એ રીતે જીવનમાં અનેક પ્રકારના સંકટોમાંથી પસાર થઇને જ્યારે ગંધાર તીર્થમાં જે રીતે સંયમ ગ્રહણ કર્યું એજ વખતે પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી સાગરમાં હચમચેલા તોફાનો જોઇને ભાવિમાં આ મહાત્માના જીવનમાં અનેક પ્રકારના ઝંઝાવાતોના આક્રમણની અંદર પણ અડીખમ રહેશે અને સંયમ લીધા પછી થોડા જ વર્ષો બાદ જે રીતે શાસનમાં આક્રમણો આવવા માંડયા. એ આક્રમણોનો શાસનની ખાતર શાસ્ત્ર અને સિધ્ધાંતની રક્ષા ખાતે પૂજ્યપાદશ્રીએ આક્રમણોનો સામનો કર્યો કોઇની પરવાહ કર્યા વિના ખરેખર પૂજ્યપાદશ્રીજીના જીવનમાં જે રીતે આક્રમણો આવ્યા છે એ બધાનું વર્ણન કરવુ અતિ મુશ્કેલ છે અને મારા જેવા ભોગ વિલાસના પાપ કાર્યમાં ફસાઇ ગયેલાનો ભવસાગરથી પાર કરવા માટે પૂજ્ય પાદશ્રીજીનો ભેટો થયો અને મુંબઇથી પૂના બાજુ આવવાનુ યોગ બન્યો. અને મારા મનમાં એક કલ્પના કે બધા સાધુ સરખા એમાં ભેદભાવ ન હોય પરંતુ



જ્યારે સંવત ૨૦૩૧માં ભવાની પેઠમાં શ્રી મનમોહન પાર્શ્વનાથ જીનાલયની અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યપાદશ્રીજીની પધરામણી થઈ અને પૂના કેમ્પમાં પૂજ્યશ્રીના જીવનમાં અહોભાગ્યની ક્ષણ કે મારા જીવનમાં નવો પ્રકાશ ખીલ્યો અને એમના દર્શન કરતા અને પ્રવચન સાંભળતા મનમાં નક્કી કર્યું કે મારે સંસારમાં રહેવું નથી અને પૂ.પાદશ્રીજીની અસીમ કૃપાથી સંસારમાંથી છુટકારો થયો પરંતુ આ મહાપુરૂષના જીવનમાં જ્યારે જ્યારે નજરમાં આવુ ત્યારે વિહાર, મકાનમાં સ્વાધ્યાય જોવા મળે અને મને સંયમ માર્ગમાં સ્થિર કરવામાં જે વાત્સલ્યનુ ઝરણુ આવતા અને ભુલોને સુધારવા માટે અનેક પ્રકારનો વાત્સલ્ય વરસાવતા યાદ આવે કે આ મહાપુરૂષ જો જીવનમાં ન મલ્યા હોત તો ભવઅટવીમાં કયારે ભટકતો હોત અને પૂજ્યપાદશ્રીજીના જીવનમાં શાસન અને સિધ્ધાંતની ખાતર જે તન મનનો ભોગ આપીને નિર્ભય તરીકે રહ્યા છે ખરેખર આ મહાપુરૂષના જીવનમાં જે શાસનની અને સિદ્ધાંતોની વફાદારી માટે સર્વસ્વ આપવા તૈયાર હતા અને પૂજ્યશ્રી અનેક પ્રકારના ઝંઝાવાતોમાંથી સિદ્ધાંત અને શાસ્ત્રાજ્ઞાથી જૈન શાસનનો જળ હળતો દીપક અડીખમ પ્રકાશ આપતો રહ્યો છે.

પૂજ્યપાદશ્રીજી જ્યારે અમદાવાદમાં હતા એ અમદાવાદ જૈનપુરી ગણાતી હતી અને ગાંધીજીની સામે અને હિંસાને બંધ કરવા માટે જે ભોગ આપ્યો છે જેનાથી પ્રસિદ્ધ ગણાતી હોટેલો પણ બંધ થવામાં આવી ગઇ હતી અને એ રીતે બાલ દીક્ષા, સુધારાવાદનો પ્રતિકાર શાસ્ત્રીય સત્યની રક્ષા માટે અનેક પ્રશ્નો ઉપસ્થિત હોવા છતા બધાનું શાસ્ત્રજ્ઞાથી ખંડન કરી ને જે ભારત દેશમાં દીક્ષાનો માર્ગ ખુલ્લો કર્યો છે ખરેખર આ મહાપુરૂષના જેટલા ગુણો ગાઈએ એટલા આપણા જેવા પામર આત્મા માટે ઓછા છે.

આ મહાપુરૂષે જીવનમાં જિનાજ્ઞા દ્વારા અનેકના હૈયામાં પરમાત્માનો ધર્મ જે ધર્મ ભવસાગરથી છુટવા માટે અને મોક્ષને પામવા માટેનો નાદ જગાવ્યો છે, પરમાત્માની સ્વદ્રવ્યથી ભક્તિ, ધર્માનુષ્ઠાનો શાસ્ત્રીય વિધિ મુજબનું જે જીવો ઉપર ધર્મદેશનાનુ અમૃતપાન કરાવ્યું છે જેનાથી રામ રામના નામે પત્થર પણ પીગળી જાય તરી જાય ખરેખર આ મહાપુરૂષ જો ન હોત તો શાસનની અંદર જે ઘુસણખોરી અને જિનાજ્ઞા મુજબનું વહીવટી તંત્ર જોવા ન મળત અને જે વડીલોની કૃપા, શુભાશિર્વાદ જે અંતરની લાગણીના અને જે વડીલોની અંતરની લાગણી અને હૈયાંના ઉદ્‌ગારો હતા અને પૂ.પાદશ્રીજી જીવનમાં ઝળહળતી દીપક જ્યોતને સદા માટે પ્રકાશ પ્રગટાવીને ગયા છે અને પૂ.પાદ શ્રીજી જ્યારે મહારાષ્ટ્રમાં પધાર્યા ત્યારે અહમદનગરમાં સ્થાનકવાસી સંપ્રદાયના મોટા

આચાર્ય ભગવંત પણ ત્યાં જ બીરાજમાન હતા અને પૂજયશ્રીની વાણીનો જે પ્રભાવ કે ચમત્કાર કે સ્થાનકવાસી લોકો પણ વિચાર મગ્ન બનીને રાતોરાત નકકી કર્યું કે બન્ને આચાર્યો ભગવંતોનુ જિનવાણી સાથે રાખવાનો કાર્યક્રમ નકકી થયો પરંતુ થોડા જ વખતમાં સંઘના ભાઇઓ જે કાર્યકર્તાઓ આવીને પૂજયશ્રીને માઇક આપવા માટે વિનંતી કરી તો પૂ શ્રીએ ના પાડી કે પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ મારાથી કાર્ય ન થાય પછી પાછા આવીને વાત કરી કે આપશ્રી ન આપો પરંતુ સ્થાનકવાસીના આચાર્ય આવે છતા ના પાડી ખરેખર પૂ.શ્રીની જે શાસ્ત્રાજ્ઞા જોઇ ને ફરી વિનંતિ કરવા પણ ન આવ્યા અને પૂ શ્રી તો નામની પ્રતિષ્ઠા કે કીર્તિ માટે જિન આજ્ઞા વિરુધ્ધનું કાર્ય કરવામાં રાજીપો ન માનતા અને પૂ.શ્રી તો શ્રીમંતો, રાજકારણીઓ વગેરેને જોઇને લોભાયા નહી' પરંતુ સત્યનું સમર્થન સામાના દિલમાં જચી જાય એ રીતે રજુઆત કરતા હતા અને છેલ્લે છેલ્લે જયારે અમદાવાદમાં ટોળા શાહી ભેગી થઇ.

પૂ.શ્રી તો નિર્ભય હતા સંઘમાં ખળભળાટ મચી ગયો પરંતુ પૂ. શ્રી સિદ્ધાંત અને શાસનની ખાતર જે લાલબત્તીનો પ્રકાશ ફેલાવ્યો એનાથી અનેક જીવો ઉન્માર્ગે જતા બચી ગયા સંઘમાં પણ સત્યનો સન્માર્ગ મળી ગયો જેના પ્રતાપે આજે દેવદ્રવ્ય ગુરૂદ્રવ્ય જે સાત ક્ષેત્રો (સિદ્ધાંત મુજબનો વહીવટ જોવા મળે છે ખરેખર પૂ પાદશ્રીજી માટે તો જેટલા ગુણ ગાઇએ એટલા ઓછા છે જેમ સાગરમાં રહેલું પાણી માપી ન શકાય, માથામાં રહેલા વાળ ગણી ન શકાય આકાશમાં રહેલા તારા ગણી ન શકાય એટલા તો પૂ.શ્રીના ગુણો એમના જીવનમાં ચાર પ્રકારની ભાવનાઓ અને ચતુર્વિધ સંઘમાં જે નિર્યામણા કરાવી છે ખરેખર વર્ણન થાય એવું નથી. અને આ મહાપુરૂષે જયારે સહુ પ્રથમ જિનવાણીની શરૂઆત સમકિતના સઠસઠ બોલ ઉપરથી કરેલ જેનાથી પ્રભુભકિત જીવનભર પૂ.શ્રીના જીવનમાં જોવા મળતી અને મહાપુરૂષના જીવનના પ્રસંગો માટે કલમ તથા પાનાઓ ઓછા પડે. આ મહાપુરૂષે ભારતભરમાં અનેક તીર્થ સ્થાનો અને રાજયોની અંદર જે શાસન અને સિદ્ધાંતોની વફાદારીથી સંઘમાં જાગૃતિ લાવી છે એ સુવર્ણાક્ષરોથી ઇતિહાસમાં અંકાઇ રહેવાની અને પાદરાના પનોતા પુત્ર જેમનો અંતિમ સમય અમદાવાદ પાલડીમાં જૈન નગર દર્શન બંગલામાં પૂર્ણ થયાં. ખરેખર એ સમય જીવનમાં ભુલાય નહીં એમજ લાગે કે પૂ.શ્રી પરોક્ષ પરંતુ પ્રત્યક્ષ છે. પૂ.શ્રીના જે વચનો અને જે હિતશિક્ષાઓ એ તો જીવનમાંથી ભુલાશે નહીં. ગત વર્ષે અષઢ વદ ૧૪ના સ્વર્ગે પાંકાંચી ગયા પૂ. ગુરૂદેવનો વિરહ જીવનમાંથી ભુલાતો નથી બસ એક જ પ્રાર્થના કે જીવનમાં મોક્ષમાર્ગની અને જિનાજ્ઞા મુજબ જીવન જીવવાની શકિત જીવનમાં આવે એજ એક અંતરના બળથી ભાવભરી વંદના...વંદના...વંદના...

ગુરુ ગુણ ગીત

(રાગ-દિલ એક મંદિર હૈ.)

કેમ કરી વિસરાય.... કેમ કરી ભૂલાય....
જિનશાસનના એ જ્યોતિર્ધર, કદી નહીં ભૂલાય. કેમ. ૧

પાદરા ગામે જન્મ પામી, માત તાતનું કુલ દીપાવી (૨)
સૂરિ દાન ને પ્રેમના ચરણે, જીવન નાવ સોંપાય. કેમ. ૨

સંયમ ને ગુરુકૃપા પામી, જ્ઞાન ધ્યાનની ધૂણી ધખાવી (૨)
રામ વિજયના નામે જેની, પ્રતિભા જગે પંકાય. કેમ. ૩

સૂરિ પ્રેમના પટ્ટવિભૂષક, જિન શાસનના એ પથદર્શક (૨)
વ્યાખ્યાને વાચસ્પતિ સૂરિ, રામચંદ્ર સોહાય. કેમ. ૪

સંસાર ભૂંડો મોક્ષ જ રૂડો, લેવા જેવું એક જ સંયમ (૨)
કરુણા ભરપૂર દેશનાનું હવે, અમૃત કયાં રેલાય. કેમ. ૫

વૈરાગ્ય ભીની દેશના આપી, સેંકડો આત્માને સંયમ આપી (૨)
સંયમ કેરા દાની સૂરિવર, કેમ કરી ભૂલાય. કેમ. ૬

સંઘ-શાસનના સફલ સુકાની. મોક્ષ મારગના એ હીતકામી (૨)
સંઘના યોગને ક્ષેમની વાતો, કરશે કોણ સૂરિરાય. કેમ. ૭

પ્રસન્નવદને સહુ સાધુને, સંયમ માર્ગની શિક્ષા દેતા (૨)
પ્રચંડ પૂણ્યના સ્વામી આપની, યાદ નહીં ભૂલાય. કેમ. ૮

ભકત હૃદય આજ રડી રહ્યા છે, વિરહ વેદનાથી તડપી રહ્યા છે (૨)
એકાએક આમ સહુંને આપથી, છોટી શું જવ ય. કેમ. ૯

બે હજાર સુડતાલીશ સાલે, અષાઢ વદી ચૌદસની સવારે (૨)
ઝગમગતો જીવનદીપ સૂરિ, રામ તણો બુઝાય. કેમ ૧૦

આપશ્રી દરિશન સાથે સંયમ-ધર્મતણી નવલી હિત શિક્ષા (૨)
ધર્મકીર્તિ ગુણ ગાયે પ્રેમે, અમર રહો સૂરિરાય. કેમ. ૧૧

પૂ. મુનિરાજ શ્રી કલ્પરત્ન વિજયજી
વિજયવાડા

તેઓશ્રીનું શરીરની કાંતિ તથા ચામડી રેશમ જેવી જોતાં આપને જરૂર થાય જ કે આ કોઇ મહાન વ્યકિત તુરત મોક્ષગામી જીવ છે.

જેઓશ્રીની આંખ શાસ્ત્ર હતી એમ કહી શકાય શ્રી કસ્તુરભાઈને પણ કહેવું પડયું હતું કે પ.પૂ. આચાર્યદેવ વિજય રામચન્દ્રસૂરિ બોલે તે શાસ્ત્ર જ કહી શકાય. એટલે કે તેઓશ્રીનું આત્મા શાસ્ત્ર વાસિત હતો જેઓશ્રી વ્યાખ્યાનમાં શાસ્ત્ર સિવાયની વાત કરતા જ નહીં એટલે તો તેઓશ્રી વ્યાખ્યાનની પાટ ઉપર એક જ વાત કરતા કે છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, માંગવા જેવો મોક્ષ. સુખ ભુંડું, દુઃખ રૂડું, એજ વાત દરરોજ તેઓશ્રી તેમના શ્રીમુખે વ્યાખ્યાનની પાટ ઉપર જુદી જુદી શૈલીમાં સમજાવતા છતાં એ વ્યાખ્યાન એવું રૂડું લાગતું કે હજારોની મેદની તેઓશ્રીનું વ્યાખ્યાન સાંભળવા સમયથી ઘણું વહેલુ આવવા માટે તલસતું. વ્યાખ્યાનમાં દરરોજ સંયમનું પ્રતિક ઓઘાનું બે–ચાર વખત સમાને દર્શન કરાવવાનું ચુકતા નહીં.

જેઓશ્રીની કરૂણા–દર્શન વંદન કરવા આવનાર ઉપર પૂત્ર હતી જેથી દરેકને વાસક્ષેપથી આશીષ આપતા દરરોજ અનેકોની સંખ્યાને વાસક્ષેપ નાખવાથી હાથ દુખશે કે કેમ તેની પરવા પણ ન કરતા.

જેઓશ્રીની શાસનમાં ખોટ પુરાય તેમ નથી.

—શાહ છગનલાલ ઉમેદચંદ–રાજકોટ

તેઓશ્રીએ દીક્ષા યોગ્ય આત્માઓને આપી તો પણ તેઓશ્રીના શિષ્યો ૧૧૭, થયા જેથી જેઓ ૧૦૮ શિષ્યો બનાવવાની ખેવના છે. એમ બોલતા તેઓ તો જોઇ જ રહ્યા. આજે શિષ્યો પ્રશિષ્યો મળીને ૨૫૦ જેવી સાધુ ભગવંતોની સંખ્યા છે. અને પ. પૂ. સાધ્વીજી મહારાજની સંખ્યા ૫૦૦ લગભગ આજ્ઞાવર્તીની મુકીને ગયા છે.

પૂ. સાધુ ભગવંતો તથા પૂ. સાધ્વીજી મહારાજ જેઓને શાસન ચલાવવાની જવાબદારી સોંપવાની છે તેઓશ્રીને સારી રીતે ભણાવવાનું તથા દિવસમાં બે–ત્રણ વખત પણ વાંચના આપીને સારા તૈયાર કર્યા છે જેથી દરેકમાં વિવેક વિનય આદિ ગુણો જોઇએ તો આપણને આનંદ આવે અને સંયમી કોઇ પણ તેઓશ્રીની નિશ્રા સ્વીકારવા આવે તે યોગ્ય હોય તો જરૂર નિશ્રા આપી તેમના મોક્ષ માર્ગમાં જરૂર સહાયક થયા વગર રહેતા નહીં.

તેઓશ્રીની દીર્ઘ દ્રષ્ટી એવી સુંદર હતી કે કોઇ પણ ગામના સંઘો આવે તેમને શાન્તિથી સાંભળી સાચો રાહ આપતા.

અમારી ઇચ્છા ઘર દહેરાસર કરવાની થતાં પૂજ્યશ્રીએ બધી પરિસ્થિતી જાણી બાદ ઘર દહેરાસર જેમાં ધાતુના જ પ્રતિમા સ્થાપીત કરાય તે સુંદર રીતે સમજાવીને ઘર દહેરાસર કરવાની સંમતિ આપી અમારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

તેઓશ્રીની મારા ઉપર કૃપાદ્રષ્ટિ ખૂબ જ હતી જેથી ઘણી વખત વંદન કરવા જતો જ્યારે તેઓશ્રી વાસક્ષેપ ઉપરાંત વાંસા ઉપર શાબાશી આપતા અને હાથ લઈને ખૂબ જ આશીષ અર્પતા માથા ઉપર હાથ મૂકીને પણ આશીષ આપતા.

મહાપુરૂષ કયારે ક્રોધને વશ ન થતા એનું કારણ કે તેઓશ્રીએ શાસ્ત્રોનું રટન ચાલુ જ રાખેલું જેઓશ્રી કહેતાં આવાનું ઓછું હોવાથી ઉંઘ નામનો પ્રમાદ ન આવે જેથી ટટ્ટાર બેસીને શાસ્ત્રોનું વાંચન થઈ શકે છે.

તેઓશ્રીનું પુન્ય જબ્બર હતું જેથી દાન દેનારા–વરઘોડા કાઢનારા કે જુદા જુદા ઓત્સવ મહોત્સવ કરનાર ઘણાં પુન્યવાન આત્માઓ લાભ લેતા પણ એ મહાપુરૂષે કયારે પણ તેમની સેહમાં દબાયા વગર એજ સમયે વ્યાખ્યાનમાં ચોખવટ કરી છે કે મોક્ષ સિવાયના આસયથી તમે આ કર્યું હશે તો આનો લાભ કંઈ નહીં થાય એ મહાપુરૂષ દાન આપવાનો ઉપદેશ જરૂર આપતા પણ આદેશ કયારે કોઈને ન કરતા જેથી જ્યારે જ્યારે તેઓશ્રી દાનની વાત મુકતા ત્યારે જેટલી જરૂર હોય તેટલી તુરત શ્રાવકો આપી આનંદીત થતા. આપણે સહુએ જોયું જાણ્યું છે તેમ દુષ્કાળ સમયે લાખોની રકમ તેઓશ્રીના વ્યાખ્યાનની સભામાં થઈ જતી તેમ દહેરાસરમાં દેવદ્રવ્યથી પગારો વગેરે અપાતા જે વિષે પાલીતાણા સંવત ૨૦૪૫ના તેઓશ્રી ચાતુર્માસમાં સભાને એ મહાપુરૂષે વીગતથી વાત સમજાવી જેથી તેથી તે જ સમયે કરોડનો ફાળો એટલે કે સિદ્ધગિરિ દહેરાસરો માટે દહેરાસર સાધારણમાં જેટલી જરૂર હતી તેટલી રકમ થઈ જવા પામી જે આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદારોએ તે રકમ આપનારના નામ સીદ્ધગીરી ઉપર આરસની તખતીમાં લખવાનું કહ્યું છે. સં. ૨૦૪૮માં આબુ તીર્થમાં પણ દહેરાસર સાધારણની રકમ માટે મોટી રકમ એ મહાપુરૂષની ઇચ્છા હતી જેથી એકઠી કરવામાં આવી છે. સારૂં અને સચું સારા કાર્યકરોને સમજ આપતાં જરૂર અપનાવે છે સાથે એ મહાપુરૂષનું પુન્ય કામ કરતું હતું.

એ મહાપુરૂષ હસ્તે મોટી રકમ દાનમાં અપાય છતાં તેઓશ્રીએ કયારે નથી કહ્યું કે મારા ઉપદેશથી તેમણે આ રકમ આપી છે એ તેઓશ્રી કેવી ઉદાર વૃત્તિ હતી.

જેઓશ્રીના છેલ્લા ૧૧૭મા શિષ્યરત્ન ભાઇ શ્રી અતુલભાઇ (પૂ. હિતરૂચિ વિજયજી મ. સા.) થયા. જેઓ સારા બુદ્ધિશાળી અને કરોડપતિના પુત્ર હતા જેમને ઘણા સાધુ ભગવંતો સાથે સારો પરીચય હતો અને છેલ્લે આશીષ લેવા માટે લગભગ સાધુ ભગવંતો સાધ્વીજી મ. સા. પાસે તેઓ વંદન કરવા પણ ગયા હતા પણ તેમને જે

સાધવું છે તે આ મહાત્મા પાસે જ સધાશે એમ જાહેર કરી ૬૬ વર્ષના આ મહા–પુરૂષના શિષ્યરત્ન થયા. જેમણે દીક્ષા ધર્મનો જગતમાં ડંકો વગાડયો. કરોડપતિના એ નબીરા ભાઇ શ્રી અતુલભાઇએ દીક્ષા પહેલાં દેશ પરદેશમાં કેટલાએ ગામો જઈ ધર્મની જાગૃતિ કરવા સભાઓનું વરઘોડા વગેરેથી સુંદર આયોજન કરેલું અને મુંબઈ–સુરત–પાલન-પુર વગેરે વસીકાનના બ જ સુંદર વરઘોડા યંત્ર સામગ્રી વગરના કાઢી છેલ્લે અમદા-વાદમાં ૭–હાથી સાથે અંબાડી ઉપરથી છુટે હાથે લાખોનું દાન આપ્યું. અઠ્ઠાઇ મહોત્સવ વગેરેમાં તો પુછવાનું શું ? છેલ્લે શ્રાવકોને બે દિવસ દરરોજ દોઢ લાખને બેસીને જમાડી બહુ જ સારામાં સારી વાનગીઓથી ભક્તિ કરી. કરોડ જેવી રકમનો સદ્વ્યય કરી, દીક્ષાનો અંગીકાર એ મહાપુરૂષના શિષ્યરત્ન પૂ. હિતરૂચિ વિજયજી નામથી કર્યો. આથી જૈન શાસનની જગતમાં એવી પ્રભાવના કરી કે આ મહાપુરૂષની નિશ્રામાં એક અછેરૂં બની ગયું જે યાદગીરી ચીરંજીવ રહેશે. રાજા–મહારાજાઓની દીક્ષાનું વર્ણન સાંભળવા મળતું પણ આ તો આપણે સહુએ નજરે નીહાળ્યું. આ મહાપુરૂષ માટે લખવા બેસીએ એટલે કેટલું એ લખી શકાય પણ તે શક્તિ મારી તો નથી.

જગતે જોયું કે આ મહાપુરૂષે જીવનમાં પોતાના શરીરની પરવા કર્યા કગર શાસન માટે કેટલો ભોગ આપ્યો છે. જેઓશ્રી હંમેશાં કહેતા કે સહું સાચું સુખ પામો જેઓશ્રી પોતાનું જીવન સફળ કરી ગયા આ મહાપુરૂષે જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું એ મહાપુરૂષની અંતિમ યાત્રાની પાલખી આઠ કલાક સુધી ઉઠાડીને લાખોની માનવ મેદનીએ લાભ લીધો હતો. જે પાલખીની ઉછામણીમાં કરોડોની બોલી બોલાઇ હતી અને જીવદયા તથા સાધારણમાં પણ કરોડ જેવી આવક થવા પામેલ જે જૈન શાસનમાં એક અછેરૂં થયું.

તેઓશ્રી સાચી સમજણ સહુને થાય તે રીતે સુંદર સ્થિતિમાં શાસન આપણને સોંપીને ગયા છે તથા શાસ્ત્ર મુજબ જીવન જીવીને મહાપુરૂષને શોભે તે રીતે કાળધર્મ પામી લોકોના હૃદયમાં સ્થાન પામીને ગયા છે જે શાસનનો ઝળહળતો સૂર્યાસ્ત પામ્યો છે. જેઓથી મોક્ષ નજદિકના વર્તુલમાં બીરાજે છે જ્યાં તેઓશ્રીને અમારી વંદના સાથે ભવોભવ એ મહાપુરૂષનું શરણું ચાહું છું એજ અભ્યર્થના.

ગિરૂઆરે ગુણ તુમ તણા....

—શ્રી જયંતીલાલ એમ. શાહ–પાલીતાણા.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજીમ.નું ૨૦૪૫માં ચાતુર્માસ પાલીતાણા ખાતે યશસ્વી તેજસ્વી પ્રભાવક રહ્યું.

લગભગ હંમેશાં તેમના વંદન કરવાનો નિયમ મેં લગભગ જાળવી રાખેલો કોઇ દિવસ બહારગામ હોઈ ન જવાય તો બેચેની લાગતી પૂજ્યશ્રી પણ બન્ને હાથે અપાર વ્હાલ દર્શાવતાને આશિર્વાદ આપતા. આ જૈફ ઉંમરે પણ ટટ્ટાર બેસી સતત અધ્યયન કરતા અને તે રીતે અધ્યયન મુદ્રામાં પૂજ્યશ્રીને જોવા એ પણ એક મારા માટે લ્હાવો હતો.

ચાતુર્માસમાં પણ ગામમાં પધારવા અમારી સતત વિનંતીનો ચાતુર્માસ પછી અમલ થયો. પૂ. શ્રી ચૈત્ય પરિપાટીમાં સવારે ૭ વાગ્યે ગોડીજી જિનાલય પધાર્યા બાદ અમારા મોટી ટોળી નૂતન ઉપાશ્રયે પધાર્યા. સવારે ૭– વાગ્યે રસ્તા ઉપર ભરચક માનવ મહેરામણ ઉમટયો હતો જાણે વડાપ્રધાનની શાહી સવારી આવતી હોય તેવો અદમ્ય અપૂર્વ ઉત્સાહ શહેરમાં દેખાતો હતો પૂજ્યશ્રી જયનાદ સાથે ઉપાશ્રય પધાર્યા. કાર્યકર શ્રી જયંતીલાલ એમ. શાહે પૂ. બુટેરાયજી મ., પૂ. આત્મારામજી મ, પૂ. દાન સૂરીજી પૂ. પ્રેમસૂરીજી અને પૂ. રામચંદ્રસૂરીજીના આ સંઘ સાથેના અનેક પ્રસંગોનું વર્ણન કરી સ્વાગત કરેલ.

પૂ.શ્રીએ સતત ૦॥ કલાક પ્રવચન મુદ્રા માં લાક્ષણિક શૈલીથી સંસારની વિચિત્રતા અને સંયમની લાક્ષણિકતાનું જે અદ્‌ભુત વર્ણન કર્યું. તે ખરેખર તેમને ૫૦ વરસ પહેલા અને બાદમાં સાંભળેલા તે વાતનું તાદૃશ્ય ચિત્ર ખડું થયું અને મારા મુખમાંથી પંકિત સરી પડી "**ગિરૂ આરે ગુણ તુમ તણા**" "શ્રી રામચંદ્ર સૂરિ રાયા રે"

ઉપાશ્રય ભરચક હતો દરવાજા સુધી માણસો હતા પણ પુરી શાંતિ હતી અને અક્ષરે અક્ષર સૌએ ભાવપૂર્વક સાંભળ્યો.

અમારા સંઘમાં આ દિવસ આ પળ અને આ પ્રસંગ સુવર્ણ અક્ષરે લખાઇ ગયો. કોને ખબર હતી કે પૂ. શ્રીની અમારા સંઘમાં આ છેલ્લી જ મુલાકાત હતી.

અગણિત વંદન હો શાસન શિરતાજ ગચ્છાધિપતિ આચાર્યદેવને.

પૂ. પાદ જૈન શાસનનાં મહાન જ્યોતિર્ધર કલિકાલ કલ્પતરૂ પરમ શાસન પ્રભાવક સુવિહિત શિરોમણી જિન શાસન ભાસન ભાસ્કર વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પુણ્ય નામથી... જૈન કે જૈનેત્તર જગતમાં પ્રાયઃ જ કોઇક અજાણ હશે....! સૂરિ પ્રેમના આ પનોતા પટ્ટ પ્રભાવક યુગમહર્ષિના ગુણાનુવાદ બોલવા કે લખવા એ મારા જેવા અલ્પજ્ઞ માટે અતિ કઠિન કાર્ય છે છતાં પણ 'જિન ઉત્તમ ગુણ ગાવંતા ગુણ આવે નિજ અંગ' ઉત્તમ પુરૂષોના ગુણ... ગાતા ગાતાં આપણા જીવનમાં પણ ગુણો આવે.... એ હેતુથી જ આ મહામહિમ મહાપુરૂષ વિશે બે શબ્દ લખવા પ્રેરાયો છું...

હું પણ અનેક ભાગ્યશાલીઓની જેમ આ મહાપુરૂષની પ્રવચન સુધાનું પાન કરવા માટે અનેક વાંરી સુધી સદ્ભાગી બન્યો છું.

જેમ ગણધર ભગવંતોએ ત્રિપદીની રચના દ્વારા સમસ્ત દ્વાદશાંગીની રચના કરી. એમ આ મહાપુરૂષે પણ ...' છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ મેળવવા જેવો

અનંતોપકારી પૂ. ગુરૂદેવશ્રીજી

—જે. વી. શાહ, અમદાવાદ

મોક્ષ' આ ત્રિપદી દ્વારા.... અનેકાનેક આત્માઓને મુક્તિ માર્ગના વાહક બનાવી દીધા! પૂ.શ્રીની પ્રવચનધારાનું કેન્દ્ર બિંદુ આજ હતું છતાં પણ રોજ આપણે સાંભળીએ ત્યારે કંઇ નવું જાણવા સાંભળવા સમજવા મળે!

૭૯-૭૯ વર્ષનો સંયમ પર્યાય વિક્રમ સર્જક ૫૬ વર્ષનો આચાર્યપદ પર્યાય ૨૩-૨૩ વર્ષો સુધી સુવિશાલ ગચ્છના ગચ્છાધિપતિ પદે ૧૧૭ શિષ્યોનું ગુરૂપદ એથી પણ કંઇ ગણા અધિકા પ્રશિષ્યે, આજ્ઞાવર્તીઓનું પરમગુરૂપદ હજારો આત્માઓના સદ્ગદર્શન દાતા પૂ.પાદશ્રીજીના જીવનમાં એક એકથી અઢેડ વિશેષતાઓ હોવા છતાં પણ આ મહાપુરૂષની પાસે કયારે પણ કોઇ પણ નાનો બાળક કે મોટો અબજો પતિ આવે તો પણ આ મહાપુરૂષની દૃષ્ટિ બંને ઉપર સમાન જ હતી!

ભલભલા ભકતોને પણ પૂ.પાદશ્રીજી સાચી વાત કરતા અચકાયા નથી. કયારે ય પણ કોઇની શેહ શરમ રાખી નથી.

પોતાના ઉપર ગમે તેટલા આક્રમણો આવ્યા એની પરવા કરી નથી. પણ શાસન ઉપર જયારે જયારે આક્રમણો આવ્યા ત્યારે આ મહાપુરૂષની સિંહ ગર્જનાનો નાદ સાંભળીને જ શિયાળીયાઓ પાછા અહીંથી તહીં... ભાગી જતા!

જ્યારે જ્યારે કોઈએ પણ શાસ્ત્ર વિરૂધ્ધ કાર્યો કર્યા હોય ત્યારે દેશના ગમે તે ખૂણે બિરાજતા આ મહાપુરૂષ ચૂપ રહ્યા નથી.

સત્વ શૌર્ય શાસ્ત્ર સિધ્ધાંત સત્ય આ તો મહાપુરૂષનાં રોમેરોમમાં વસી ગયેલા !

જગતના જીવો ઉપર મહાન ઉપકાર કરીને આ મહાપુરૂષ આપણા કમભાગ્યે ગત વર્ષે વિ. સં. ૨૦૪૭ અષાડ વદ ૧૪ના દિને આપણા સહુને છોડી.. 'અરિહંત અરિહંત' ના બુલંદ નાદ સાથે સ્વર્ગે સિધાવી ગયા...!

પૂ પાદશ્રીજીના પવિત્ર આત્માને એટલી જ વિનંતિ કરવાની કે 'હે મહાપુરૂષ ! આ ભવમાં તો આપે અમને સત્ય પંથ બતાડયો ? અમારા રાહબર બન્યા ? હવે હવેના ભવમાં આપ તીર્થંકર થઇ મુકિતએ પધારો ત્યારે અમને પણ સાથે લઇ જજો ! આપ અમને ભુલતા નહી...!

• શાસન સામેના આક્રમણ પ્રસંગે પણ-પોતાની શકિતને ગોપવનારાઓ મૌન રહી માનપાનને સાચવ્યા કરનારાઓ અને પોતાની શિથીલ દશાને છૂપાવવા મથનારાઓ, એમ કહેતા પણ સંભળાય છે કે- 'ભગવાન કહી ગયા છે કે- પાખંડી થવાના છે તે થાય અને શાસન તો એકવીશ હજાર વર્ષ રહેવાનું છે માટે ધાંધલ શી ? નાહકનાં ટીકા-ટીપ્પણ શાં ? આક્ષેપ શા ? બસ, નવકારવાળી ગણવી.' આવું આજે કેટલાક સાધુઓ અને શ્રાવકો પણ કહે છે. એમને પૂછો કે- શ્રી આગમ ગ્રન્થોમાં શું છે ? પરમોપકારી પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથોમાં શું છે ? ઉન્માર્ગનું ઉન્મૂલન કેટલું કરાયું છે ? સાચાને સાચું અને ખોટાને ખોટું જણાવ્યું છે કે નહિ ? ઉન્માર્ગના ખંડનને માટે તો લાખ્ખો શ્લોકો પરમોપકારિઓએ લખ્યા છે. મિથ્યાવાદોનું શ્રી ગણધર દેવોએ ભારોભાર ખંડન કર્યું છે. સાચી સ્થિતિ આ પ્રમાણેની હોવા છતાં પણ, આજે રક્ષણના પ્રયત્ન કરવાને બદલે શાન્તિ રાખી નવકારવાલી ગણવાનું બોલનારા મૂર્ખાઓ શાન્તિના ઉપાસકમાં ખપે, એ દુઃખની બીના છે. આક્રમણ પ્રસંગે ખોટી શાન્તિની વાતો કરનારા શ્રી જૈન શાસનના ઘાતકો છે. ખોટાને ખોટા તરીકે જણાવી, સાચાને સેવવું, સાચાના સેવકોને મકકમ બનાવવા અને સત્ય ઉપરના હલ્લાઓને નિષ્ફળ બનાવવા, એ જ સાચી શાન્તિનો માર્ગ છે અને સાચી શાન્તિના એ માર્ગને કલ્યાણ કામિઓએ સેવવો જરૂરી છે.

—શ્રી જૈન રામાયણ-ચોથો ભાગ

લખ્યા નહીં રે લખાય....

—સ્વપ્નયત્રી

જેના વચનમાં ભવ્ય રણકારો સદા ઉલ્લસી હતી...
અંતરમહીં ઉત્સાહ કોઇ અનન્ત એ ભરતી હતી...
કે 'સત્યશૂન્ય વિચાર પણ ના હોય તો આચાર શું ?
તે... રામચન્દ્ર સૂરીન્દ્ર ચરણે નમન શત શત હું કરું...

(૧)

એક દિવસ સવારે હું ઉઠ્યો...
અને મને લાગ્યું કે મારા ગુરુદેવ મારા મસ્તકે વાત્સલ્યભીનો હાથ
પ્રસારી રહ્યાં છે... હું ઝબકીને ચારે તરફ જોવા માંડ્યો...
ઉપાશ્રયની બારી વાટેથી મેં સામે દેખાતા આકાશ તરફ મીંટ માંડી...
અરે ! આ શું ? ત્યાં પણ મને મારા ગુરૂદેવ દેખાણા...
ઉપાશ્રયના બારણા વાટેથી મેં સામે દેખાતાં એક ફ્લેટ તરફ દ્રષ્ટિપાત
કર્યો તો ત્યાં પણ મને મારા ગુરૂદેવ દેખાણાં...
એક વાર સામે દેખાતી અને સદાની સાથી એવી ભીંત તરફ જોયું તો મને
લાગ્યું કે મારા ગુરૂદેવ મને સાદ પાડી રહ્યાં છે...
રાત્રે હું ઉંઘતો ત્યારે ઉપરની છત ઉપર પણ મને મારા ગુરૂદેવ દેખાતાં...
પછી તરત જ મને થયું... જે ગુરૂદેવ મને મારા મસ્તક ઉપર હાથ
ફરવીને કેટલા વાત્સલ્યથી કહેતાં હતાં કે તારે મહાન શાસન રક્ષક પ્રભાવક
થવાનું છે... ભગવાને કહેલાં શાસ્ત્રો ભણી–ગણી વિદ્વાન થજે એ ગુરૂદેવ મને
દેવલોકમાંથી દર્શન ન આપે એ કેવી રીતે બની શકે...?

દર્શન દેજો રાજ... દર્શન દેજો રાજ...

(૨)

દિલાવર દિલની દેવી ભેટ જેને મળી હોય તે પોતાનાં પેટનું પુરૂં કરવા
કયારેય તત્પર હોતા નથી....
કોઇના દુઃખને જોયા પછી જાણ્યા પછી દિલ દ્રવી ન ઉઠે તો તેને માનવ
કહેવામાં પણ જોખમ હોય છે... કરૂણાભીનું કાળજું હોય તો માત્ર કોઇના
દુઃખની દાસ્તાન માત્ર સરવા કરી સાંભળે નહીં પરંતુ એના દુઃખને
દુર કરવાનો પ્રયત્ન કરે...
આવી સામાન્ય કરૂણા તો સજ્જનને પણ વરેલી હોય છે... પણ...

ભવસાગરમાં અથડાતાં કુટાતાં મારા જેવા પર ઉપકાર કરનારી
કરૂણાનો ખજાનો તો મહાપુરૂષોને જ વરેલો હોય છે...
આવી કરૂણાનાં સ્વામી એવા મારા ગુરૂદેવને અનંતશઃ વંદનાવલિ....
હે કરૂણાના કરનારા... તારી કરૂણાનો કોઇ પાર નથી...

(૩)

....સેવા :- સંતનો ધર્મ...

દિલની દિલાવરીમાંથી જ્યારે સેવાની સરવાણી ફુટે છે...
ત્યારે ન.ના-મોટાનો ભેદ ભુલી જવાય છે...
સેવાની હેવા જેને પડી હોય તેને મેવા મેળવવાની આકાંક્ષા પણ હોતી નથી
'ભતૃહરી'ના શબ્દોમાં કહીએ તો કહી શકાય છે...
'सेवाधर्म परमगहनो, योगिनामप्यगम्यः',...
સેવા ધર્મ અતિ ગહન છે... યોગીઓ પણ સેવાધર્મના મર્મને પામી શકતા નથી...
સેવા તનથી જ થાય એવું નથી....
મનની શુભ ભાવનાથી....
આશ્વાસનમાં મધુરાં બોલથી...
દેહથી-શુશ્રુષા કરવા દ્વારા સેવા કરે છે. તેજ સાચી સેવા કરી શકે છે....
મારા ગુરૂદેવના અંતરમાં એક ભાવના કાયમ માટે કંડારેલી હતી કે...
કોઇ પણ મહાત્મા પોતાના સમુદાયના અથવા પારકા સમુદાયના હોય
પણ ખબર પડી જાય કે એ મહાત્માને ભકિતની જરૂર છે તો કોઇ પણ
મહાત્માને મોકલ્યા વિના રહેતા નહીં....

આવા મારા ગુરુદેવ હતા.

(૪)

ગુણી જનના ગુણ ગાવતાં... ગુણ આવે નિજ અંગ....

મહાપુરૂષો જન્મે છે... જીવે છે.... અને જીવનને કૃતાર્થ કરી પરલોકની
પગદંડીએ ચાલવા માંડે છે....
જે મહાપુરૂષના જીવનમાં પુન્યનો પરમાણુ પુંજ સદા વિલસી
રહ્યો હતો... આરાધનાના અર્ધી કયારેય ખુટતાં ન હતાં...
જેઓ સમતા સાગર હતા, એવા પૂજ્ય ગુરૂદેવ સુવિશાલ તપા-
ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ
જેઓની આભા-પ્રભા અને પ્રતિભા જૈન-અજૈન જગત પર

છવાયેલી હતી... જેઓ મંગલમય જીવન જીવી ગયા....
મંગલ મૃત્યુને ભેટી ગયા....
મૃત્યુનું મહત્વ સમજાવી ગયા...
જવાનું તો સહુના માટે નીયત છે... અચાનક ચાલ્યા ગયા ગુરૂદેવ ?
અમે નોંધારા બની ગયા...
હવે અમે અંતર કોની પાસે ખાલી કરશું....
મને રડતો જોઇને મારી સામે જોઇ રહેલી ભીંતો રડી ઉઠે છે...
અને.... ગુરૂદેવ છેલ્લે છેલ્લે એટલું જ માંગી લઉં કે....
હું આપની કૃપા આપના આશિર્વાદના પ્રભાવે
આપના જેવો બની શકું...

—ઇતિ

શાસન કોહીનુર
પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને હાર્દિક શ્રદ્ધાંજલી

૦ વિષયનો વિરાગ એ ધર્મરૂપ પ્રાસાદનો પાયો છે. વિષય વિરાગ વિના ધર્મરૂપ મહેલ ટકતો નથી. દાન પણ તો જ દેવાય, શીલ પણ તો જ પળે, તપ પણ તો જ થાય, અને ઉત્તમ ભાવના પણ તો જ આવે. વીતરાગના ભક્તથી વૈરાગ્યના વૈરી બનાય ? વીતરાગના ભક્ત રાગી અને કે વિરાગી ? વિરાગીને વીતરાગ ઉપર પ્રેમ થાય કે રાગીને ? જે વિષયનો વિરાગી, તે જ વીતરાગનો રાગી થાય. જે આત્મામાં વિષયના ત્યાગની ભાવના નથી, વિષય પ્રત્યે અરૂચિ નથી તે આત્મામ ધર્મ ટકે કયાંથી ? પહેલાં તો ધર્મ આવે નહિ ને આવે તો ટકે તો નહિ જ. આત્માને પૂછજો કે તું વિષયનો પૂજારી છે કે પરમાત્માનો ? વૈરાગ્ય, જે જીવનનો સાથી જોઇએ, જે જૈન જીવનનો મંત્ર છે, જે જૈન જીવનને ટકાવનાર અને પોષનાર છે તેના પ્રત્યે આટલી બધી અરૂચિ કેમ ! કારણ વિષય વાસના સળગ્યા કરે છે માટે, આથી જ જ્ઞાની પુરૂષોએ કહ્યું કે, જેમાં વિષયને વિરાગ કષાયનો ત્યાગ, ગુણાનુરાગ અને ક્રિયામાં અપ્રમાદ હોય તે જ ધર્મ શિવસુખનો ઉપાય છે.

—શ્રી જૈન પ્રવચન-પુસ્તક

卐 ગુરુ દીપક ગુરુ ચંદ્રમા 卐

ગુરુ દિપક ગુરુ ચંદ્રમા
ગુરુ વિણ ઘોર અંધાર.
રામચંદ્ર સૂરિ ગુરુ નહિ વિસરુ
ગુરુ મુજ પ્રાણ આધાર.

આ જગતમાં અનેક આત્માઓ જન્મે છે. અને મૃત્યુ પામે છે. તેમાં પૂર્વ ભવોમાં કરેલા ધર્મના કારણે આત્માઓ જન્મથી વૈરાગ્યના કારણે મહાપુરુષોનો યોગ થતા અસાર સંસારનો ત્યાગ કરી સર્વ વિરતિનો સ્વીકાર કરતાં જ જ્ઞાન દર્શન વૈરાગ્ય વૈયાવચ્ચ કરી જીવનને અતિશય ધન્ય બનાવે છે. તેમાં નજીકમાં થયેલા કલિકાલ કલ્પતરૂ સ્વ. પૂ. આ. વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજનો નંબર છે. તે મહાપુરુષે વૈરાગ્ય વાહીની દેશના દ્વારા અનેક આત્માઓને સર્વ વિરતિ તથા સમ્યકત્વનુ દાન કરી ઘણો ઉપકાર કરેલ છે તેમાં મને પણ ધર્મમાર્ગમાં શ્રદ્ધાળુ અને સ્થિર બનાવનાર તેમનો ઉપકાર કદિ પણ ન વિસરી શકાય તેવો છે. ભવોભવ તે મહાપુરુષનું સાનિધ્ય પ્રાપ્ત કરી મારા આત્માને મોક્ષ સુધી પહોંચાડુ એજ ભાવના.

—પ્રફુલ બાબુલાલ શાહ, માલેગામ

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

૧૦૦ રૂા. ભરનાર પાંચમા વર્ષના શુભેચ્છકોને બંને વિશેષાંકો

પ. પૂ. પરમ શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શ્રદ્ધાંજલિ વિશેષાંકો બંને પ્રગટ થાય છે.

આ વિશેષાંકો રૂા. ૧૦૦ ભરી શુભેચ્છક બનનાર ગ્રાહકને જ અપાશે ચાલુ લવાજમ ભરનારને અંક ૮ થી અંકો અપાશે.

માત્ર બંને વિશેષાંકો જેમને જોઈતા હશે તેમને રૂા. ૬૦ મોકલવાથી વિશેષાંકો બંને મલી શકશે.

જૈન શાસન કાર્યાલય

C/o, શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

મુંબઇના અતિ સમૃદ્ધ વિસ્તારમાં આવેલા એક ઉપાશ્રયમાં વિશ્વની સર્વોચ્ચ સંસ્થા જિન શાસનના સર્વોચ્ચ સ્થાનને શોભાવી રહેલા ૯૪ વર્ષના વયોવૃદ્ધ જૈનાચાર્ય પૂ.પાદ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાધિરાજ વિશ્વના સમસ્તજીવોનું કલ્યાણ કરવાની ભાવના સાથે પોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત છે અને અચાનક;

વિશ્વભરમાં જેની પ્રખર માંત્રિક તાંત્રિક તરીકેની નામના છે. વિશ્વમાં ટોચના રાજનેતાઓ અને અભિનેતાઓ જેની મુલાકાત લેવા તલપાપડ હોય છે હિન્દુસ્તાનના ઘણા રાજકારણીઓ જેમની આસપાસ સતત આંટાફેરા મારતા હોય છે અરે ! કેટલાક ધર્મગુરુઓ સુદ્ધાં જેમના પડખા સેવવામાં ગૌરવ અનુભવે છે. એવા એક આંતરરાષ્ટ્રીય મન્ત્રતન્ત્રવેત્તા કે જેના નામથી હિન્દુસ્તાનમાં ભાગ્યે જ કોઇ અપરિચિત હશે તે 'ચન્દ્રા સ્વામી' સ્વયં એક ફિલ્મ અભિનેતાને સાથે લઇ પૂજ્યશ્રીને મળવા માટે સામેથી આ જ ઉપાશ્રયે એકાએક આવીને બહાર રહેલા સાધુઓને કહે છે કે, "આચાર્ય મહારાજ કહાં હૈ ? મુઝે ઉનસે મિલના હૈ." "ગુરુ મહારાજકે સાથ એકાંતમેં બૈઠકર અખિલ ભારતીય સંસ્કૃતિ અભિયાન નામકે મુખપત્રકે વિષયમેં ઉનસે કુછ માર્ગદર્શન પાના ચાહતા હું." "

ગુણ સમૃદ્ધ બનો, ધન સમૃદ્ધ નહિ ?

—પૂ. મુનિરાજ શ્રી તત્ત્વદર્શન વિજય મ.

પૂજ્યશ્રી પાસે વાત પહોંચતી કરવામાં આવી અને તત્કાલ મુલાકાત ગોઠવાઇ પણ ગઇ. 'મન્ત્ર ગુરુ' તરીકેની ઇન્ટરનેશનલ પ્રસિદ્ધિ ધરાવનાર આ મહાનુભાવે થોડી ઘણી ઔપચારિક વાતો પછી જ્યારે ભગવાન બુદ્ધની કરુણા—શ્રી કૃષ્ણનો કર્મયોગ અને મહાવીર સ્વામીની વીતરાગતા આ ત્રણ મારા જીવનના આદર્શો છે એમ કહ્યું ત્યારે ગમે તેવા રાજનેતાઓ આદિથી જે કોઇ દિ' અંજાયા નથી એવા આ જૈનાચાર્યશ્રીએ કરુણા અને કર્મયોગ શી વસ્તુ છે ? તેના સ્વરૂપનું નિર્ભીકપણે સવિસ્તાર વર્ણન કર્યું. જે સાંભળીને ખુદ ચન્દ્રાસ્વામીને પણ મારે અચંબો થયો.

મુલાકાતની છેલ્લી ક્ષણોમાં તેણે પ્રભુસેવા રૂપ જનસેવાના પોતાના મિશનમાં આશીર્વાદ માંગ્યા ત્યારે 'સવિ જીવ કરું શાસન રસી'ની ભાવના જીવનભર હૃદયમાં ઘૂંટનારા આ મહાપુરૂષે તેને જનસેવાનું રહસ્ય સમજાવતાં કહ્યું કે—

"પાપના રસ્તે આંખ મીંચીને દોડનારા અજ્ઞાની લોકોને સન્માર્ગે વાળવા—પ્રભુએ બતાવેલા માર્ગે નિષ્પાપ માર્ગે જોડવા એ જ સાચી જનસેવા—પ્રભુસેવાનો ખરો પરમાર્થ છે."

જવાબમાં ચન્દ્રાસ્વામીએ આછું સ્મિત રેલાવી પૂજ્યશ્રીને કહ્યું કે "મારી જીંદગીમાં આજે મને સાચા ધર્મગુરુના દર્શન થયા. વિશ્વના રાજકરણના ટોચના અગ્રણીઓ મારી મુલાકાતના દિવસો ગણતાં હોવા છતાં, આપશ્રી પાસે હું સામેથી આવ્યો છું છતાં આપશ્રીએ તો મારા આત્મહિતની જ વાતો કરી મને સત્ય માર્ગદર્શન આપ્યું છે હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં લોકો જાતજાતની સમસ્યાઓ મારી પાસે રજુ કરી દે છે. સંસારી માણસો તો મારા મન્ત્રતન્ત્રનો ઉપયોગ કરવા આતુર હોય એ સ્વાભાવિક છે પણ કેટલાય ધર્મગુરુઓને પણ હું મળ્યો છું જેમણે મારી એપોઇન્ટમેન્ટ માંગી ને મેળવેલી અને એમણે પણ પોતાના અંગત સ્વાર્થને નડતરને દૂર કરવાના ઉપાયો જ મારી પાસે માંગેલાં, સૌ પોતપોતાની મૂંઝવણોના ઉકેલ માટે મારી પાસે જંતર – મંતરની માંગણી કરતા રહેતા... કયારેય કોઇ ધર્મગુરુએ અરે ! આપના ધર્મના જ ધર્મગુરુઓએ પણ કયારેય મને મારા આત્મકલ્યાણની આવી વાતો કરી નથી કે જે આપશ્રીએ મને કરુણાભાવે બેધડક કહી સંભળાવી.

હવે વિદાય લેતા પૂર્વે મારી આપને એક વિનંતિ છે કે આપશ્રી મને કોઇ પણ કાર્ય અવશ્ય બતાવી કૃતાર્થ કરો. આજે આપશ્રીનો મેં સમય લીધો છે તેમાં આપશ્રીએ મારા આત્મ કલ્યાણની જ વાતો છે એના પ્રતિભાવરૂપે પણ મારે આપશ્રીનું કોઈપણ કામ કરી આપવું છે."

જેમને મોક્ષે પહોંચી જવાની ઉતાવળ હોય એવા નિસ્પૃહ શિરોમણિ પૂ. શ્રીને વળી શું કામ હોય ? જેમણે પોતાના નિકટમાં નિકટ શ્રીમંત ભકતવર્ગને પણ કંઈ કામ કહી પણ નથી બતાવ્યું તેઓ આ મન્ત્રતન્ત્ર વેત્તાને વળી કયું કામ બતાવે વારુ? આ જિનવાણીના પ્રતિભાવરૂપે પણ પૂ. શ્રીએ એ જ વાત કરી કે "સાચું સમજવાની તમારી શકિત છે, જગતને સાચું સમજાવી શકો તેવી શકિતપણ છે સમજી જાઓ તો સારુ" ચન્દ્રાસ્વામીનું મસ્તક અહોભાવથી પૂ. શ્રીના ચરણોમાં ઝુકી પડયું. ભારે અહોભાવ વ્યકત કરી વિદાય લીધી.

આ અને આવા તો અગણિત પ્રસંગો પૂ.શ્રીની વિશાળ જીવનયાત્રામાં આવી ગયા છે કે જ્યારે મસમોટા પ્રલોભનોમાં પણ તેઓ જરાય અંજાયા નથી. આજે જ્યારે લક્ષ્મીની અને લક્ષ્મીદાસોની બોલબાલા વધતી જાય છે, અને 'ધર્મગુરુ' તરીકેનું સ્થાન ધરાવનાર પણ આ માયામાં મુંઝાવા લાગ્યા છે ત્યારે અપાર સમૃદ્ધિમાં આળોટતા અસંખ્યા ભકતજનોની વચ્ચે પણ ઝળકતી રહેતી– પૂ. શ્રીની નિઃસ્પૃહતા અને નિર્લેપતા આપણા હૃદયને આશ્ચર્ય અને આનન્દથી ભરી દે છે. પોતાના આશ્રિતોને પણ તેઓશ્રી અવાર–નવાર હિતશિક્ષા આપતા રહેતા કે "લક્ષ્મી અને લક્ષ્મીવાનોથી

સદાય દૂર જ રહેજો. તમારા સંયમને સળગાવીને ખાખ કરી મૂકનાર ધન લાલસા કે શિષ્ય સંપ્રદાયને વધારવાની લાલસાથી લાખ્ખો જોજન દૂર જ રહેજો. યાદ રાખો કે મુનિ તો સ્વરુપદર્શાને પ્રગટાવવા નિકળેલો એક સંસાર ત્યાગી છે. એને ને લક્ષ્મીને વળી શી લેવા દેવા હોય ? એ તો પોતાના આત્માને અને પોતાના પરિચયમાં આવનાર સૌ કોઈને એક જ શિખામણ આપતો રહેતો હોય કે."

"ગુણ સમૃદ્ધ બનો, ધન સમૃદ્ધ નહિ !"

---

૦ શ્રી જૈન શાસને સુગુરુના સ્વરૂપનું નિરૂપણ કરતાં જેમ એ ફરમાવ્યું છે કે--"તેઓ મહાવ્રતોને ધરનારા હોય છે, પોતે સ્વીકારેલા તે 'મહાવ્રતોના પાલનમાં ધીર હોય છે, ભિક્ષા માત્રથી આજીવિકા કરનારા હોય છે અને સામાયિકમાં એટલે કે સમભાવમાં અગર તો કહો કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અનેસમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધનામાં રહેનારા હોય છે' તેમ એ પણ ફરમાવ્યું છે કે-'તેઓ ધર્મનો જ ઉપદેશ દેનારા હોય છે.' આથી, સ્વ-પરના કલ્યાણના અભિલાષી મહાત્માઓ જેમ પોતે સ્વીકારેલાં મહાવ્રતોની પ્રતિજ્ઞાઓના પરિપાલનને માટે સુસજ્જ બન્યા રહે છે અને સમભાવમાં રહેવાનો પરિશ્રમ સેવ્યા કરે છે, તેમ જ્યારે જ્યારે ઉપદેશ આપવાનો પ્રસંગ આવી લાગે છે, ત્યારે ત્યારે સ્વ-પરના અધિકારનો ખ્યાલ રાખીને, એક માત્ર મુક્તિસાધક ધર્મનો જ ઉપદેશ આપવામાં પ્રવૃત્ત થાય છે. આ કારણે સાચા જૈનો પણ મુક્તિ-સાધક ધર્મની આરાધનાદિ સિવાયનો ઉપદેશ આપનારાઓને સાધુ તરીકે માનતા નથી, પણ તેઓને માત્ર વેષધારી તરીકે જ માને છે, એવા વેષધારિઓ જેમ પોતાના આત્માનું અકલ્યાણ કરનારા બને છે, તેમ તેવાઓના સંસર્ગમાં આવતા બીજા પણ ભદ્રિક અને અજ્ઞાન આત્માઓનું અકલ્યાણ કરનારા બને છેઃ આ કારણે, એવા વેષધારિઓની અકલ્યાણ કારકતાને જાહેર કરવી, એ પણ એક પ્રકારનો કલ્યાણકારી જ પ્રયત્ન છે, એમ શ્રી જૈન શાસનને વફાદાર રહેવાને ઇચ્છતા સાધુઓ અને શ્રાવકો માને છે. આવો કલ્યાણકારી પ્રયત્ન કરનારાઓ પણ જેઓને 'કજીયાખોર' અને કંકાસી' ભાસે છે, તેઓ પણ ભવ્યાત્માઓના કલ્યાણના વિષયમાં ભયંકર કોટિના શત્રુની જ ગરજને સારનારા બને છે. આથી સ્પષ્ટ છે કે-તેવી દાંભિક શાન્તિના નામે જેઓ કલ્યાણ માર્ગથી સ્વયં ભ્રષ્ટ બની. બીજાઓને પણ કલ્યાણ માર્ગથી ભ્રષ્ટ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા હોય તેવા અદૃષ્ટ કલ્યાણકર વેષધારિઓ આદિથી પણ કલ્યાણકામિઓએ સાવ બન્યા રહેવાની જરૂર છે.

—શ્રી ધર્મરત્ન પ્રકરણ ભાગ-પહેલો

ગુરૂ બેઠા ગુણવંત

પૂ. મુનિરાજ શ્રી ધ્રુવસેનવિજયજી મ.

ગુરૂ બેઠા ગુણવંત ત્યાં (ત્યાં એટલે દેવલોકમાં) સુખ કર સંયમ ધાર.
નિત્ય આપે ઉપદેશને કરતાં જગ ઉપકાર,
જયવંતા જિનરાયનો, ધરતાં નિત્યે ધ્યાન,
પંચ મહાવ્રતને પામે, નહિ રાખે અભિમાન.
વંદો અમારા ગુરૂદેવને, સંભારી ઉપકાર,
ગુણગાતાં ગુરૂદેવના પામો ભવનો પાર.

જ્યારે આપણે ગુરૂદેવ સાથે રૂબરૂ વાત કરીએ ત્યારે એક જ વાત, જીવન એવું જીવવું કે જલ્દી સાધુપણું પામીને વહેલામાં વહેલા મોક્ષે જવાય. મોક્ષ સિવાયની બીજી વાત નથી. જન્મ પાપના ઉદયથી થાય છે. પાપનો ઉદય ટળી ગયો તે બધા મોક્ષે ગયા. ભગવાન જિનેશ્વર દેવોએ કહેલો—મોક્ષ માર્ગ ચાર પ્રકારના ધર્મમાં સંપૂર્ણપણે આવી જાય છે. દાન, શીલ, તપ અને ભાવ આ ચાર પ્રકારનો ધર્મ. તપ માટે મને કહેતા તું એકાસણું કરે છે તે અપેક્ષા વગરનું હોવું જોઇએ. ખરો તપ મજાથી આવી પડેલ દુઃખને વેઠવું અને સુખને છોડવું. આ પણ તપ છે. આપણે જેટલા ગુણો તેમના માંહ્યે તેટલા ઓછા છે.

વિજય દાનસૂરિ શિષ્ય વિજય પ્રેમસૂરિ, તાસ શિષ્ય વિજય રામચંદ્રસૂરિ.
અધર્મી મૂઢ અજ્ઞને કુધર્મથી ઉગારી, જીવન દીપક તત્વમયી રત્નના દાતારી.

આ મહાપુરૂષનું દીલ કેટલી કરુણાથી 'ભરેલું હતું' ગુરૂદેવ સાથે એક વખત શાંતિનગર ચાતુર્માસ હતું. મને વાત કરી તારે આ જગતદર્શન વિ ની સાથે મેઘાણીનગર જવાનું છે. મેં કીધું મને કયાં મોકલે', મને કાંઇ આવડે નહી. બા તને આવડશે હું કહું છું તારે જવાનું છે. ત્યારથી પાટ ઉપર બેસવાનું થયું. મને કાંઇ શાસ્ત્રનો અભ્યાસ નહીં હું ગયો. પાટ ઉપર ગુરૂ દેવનું નામ લઇને બેસીએ, ગુરૂ કૃપાથી બધુ ચાલે. આજે ગુરૂદેવ પ્રત્યક્ષ નથી જે કાંઇ પાટ ઉપરથી બોલી શકીએ છીએ તે એમની કૃપા છે. એમના આશીર્વાદ છે ગુરૂદેવની કૃપાથી મહારાષ્ટ્ર ભુવનમાં સાથે ચાતુર્માસ થયું. બધા જોગ તેમની નિશ્રામાં કર્યા મેં રુબરુ વાત કરી આપની નિશ્રામાં બધા જોગ થઇ ગયા હવે મારી એક ઇચ્છા છે સંવત્સરી પ્રતીક્રમણ આપની સાથે થાય છે, મારુ સદ્‌ભાગ્ય છે ભણાવવાનો આદેશ આપશોજી. તુરત જ આપ્યો. તેમનું વચન બોલ્યા પછી ફરે નહી. બીજા સાધુ ભગવંતો જાય સાહેબજી બે હજાર માણસ છે. અવાજ મોટો જોઇએ. સાહેબજી કહે મે તેને આદેશ આપી દીધો છે તે ભણાવશે. વચન આપ્યા પછી ફરે નહી આવા મહાપુરુષ હતા એજ.

અમે નથી કહેતા, તેઓ કહે છે....

(મહોત્સવની પત્રિકાઓમાંથી કૃતજ્ઞતા)

૧. શ્રી મહાવીર દેવના ૨૫૦૦ વર્ષના શાસન દરમ્યાન ૯૬ વર્ષની સુદીર્ઘ જીવન યાત્રામાં ૭૯ વર્ષની સુનિર્મળ સંયમ પર્યાય અને ઓજસ્વી-તેજસ્વી ૫૬ વર્ષના આચાર્યપદ પર્યાયના જેઓશ્રી ધારક હતા. 'રામ ત્યાં અયોધ્યા' એ લોકોક્તિને સાર્થક બનાવતા પુણ્યના દર્શન કરાવતા હતા. તેમજ આરાધના-પ્રભાવના-શાસનરક્ષાની ધગશના સદા દર્શન કરાવતા હતા. —પૂના, શ્રી આદિનાથ સોસાયટી.

૨. 'સૂર્યશા' પુણ્ય પ્રતાપી, ચન્દ્રશા' શીતલ, પૃથ્વીશા' ધીર, મેરૂશા' સ્થિર, સાગર શા' ગંભીર અને વીરોમાં વીર તરીકે 'શુદ્ધ પ્રરૂપક ગુણ થકી જે જિનવર, સમ ભાખ્યા' આ શાસ્ત્રવચનને ચરિતાર્થ કરતા. —અચ્છારી ગામ

૩. આ પાર્થિવ દેહનો ત્યાગ કરી 'અરિહંત'ના ધ્યાન સ્મરણપૂર્વક જવલંત સમાધિથી મૃત્યુને મહામહોત્સવ રૂપ બનાવ્યું છે. —રૈયા રોડ રાજકોટ

૪. ભાગ્યવતી સરસ્વતીની જેમના ઉપર આજીવન અપાર કૃપા દૃષ્ટિ રહી હતી જેમના મુખ કમલમાંથી નીકળતી જિનવાણીને લાખો લોકોએ ઝીલી હતી. જેમનો પુણ્ય સિતારો સમસ્ત જીવનકાલ દરમ્યાન તો સર્વકલાએ ખીલેલો ચમકતો જ રહ્યો હતો પણ જેમના દેહ વિલય બાદ પણ જેમનો પુણ્ય સિતારો સવાયા તેજથી ચમકારા વેરી ગયો.

—લક્ષ્મીપુરી, કોલ્હાપુર

૫. જેઓશ્રીજીના શ્વાસોશ્વાસમાંથી જિનાજ્ઞાની સૌરભ રેલાતી હતી, જેઓશ્રીજીના મુખકમલમાંથ સદાય મોક્ષની જ વાત સાંભળવા મળતી હતી, જેઓશ્રી અગણિત ગુણોના સ્વામી હોવા છતાંય સદા નિરભિમાની હતા. જેઓશ્રીનું બાહ્ય સૌંદર્ય પણ અદ્ભુત કોટિનું હતું, જેઓશ્રીએ અનેક મહાપુરૂષોના આશીર્વાદ મેળવી પ્રભુશાસનની અનુપમ કોટિની સેવા કરી હતી. —શાંતિનગર, અમદાવાદ.

૬. આ મહાપુરૂષના જીવનમાં દેવાંશી તત્વ હતું, એમનાં ચરણોમાં લક્ષ્મીનો, મુખમાં સરસ્વતીનો, હૃદયમાં અરિહંતનો, કરકમળમાં શાસ્ત્રનો અને મસ્તકમાં જિનાજ્ઞાનો વાસ હતો, એમની આંખોમાં કરૂણાનું અમૃત હતું, તો શાસ્ત્ર રક્ષા માટેની અચલતાનું નિષ્કંપ તેજ પણ હતું, એમના પ્રવચનોમાં આત્માના ઉદ્ધારની વાતો સાથે આજના કહેવાતા બૌદ્ધિકો તરફ અનુકંપાની વાતો પણ આવતી. 'સવિ જીવ કરું શાસનરસી'

જેવી ભાવના એમના અંતરમાં અવિરત રમતી.

–શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ ટ્રસ્ટ તથા શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન સંઘ, મુંબઈ.

૭. પૂજ્યશ્રી કેવા હતા ? પૂજ્યશ્રી તો પૂજ્યશ્રી જ હતા. એમને કોઇ ઉપમા આપવી એ તો એમના જીવનને અન્યાય કરવા બરાબર ગણાય. પૂજ્યશ્રીએ પોતાનું મન જિન મતમાં સ્થાપિત કર્યું હતું, વચનને જિનના શાસ્ત્ર સાથે સંકલિત કર્યું હતું. કાયાને જિનના યોગોમાં જોડી હતી, અને જીવનને શાસનને સમર્પિત કર્યું હતું જેના ફળ સ્વરૂપે પૂજ્યશ્રીએ સમાધિના સર્વોચ્ચ શિખર સ્વરૂપ પંડિત મરણને પ્રાપ્ત કર્યું.

—શાહપુર દરવાજાનો ખાંચો, શાહપુર, અમદાવાદ.

૮. ૭૯ વર્ષના સંયમ જીવન દરમ્યાન અજોડ ઇતિહાસ સર્જક કાર્યો વડે વિશ્વ ઉપર મહાન ઉપકાર કર્યો છે. **—વૈશાલીનગર, રાજકોટ.**

૯. પરમાત્માના શાસનની અત્યુજ્જવલ આરાધના સર્વોત્તમ સાધના પુણ્યપનોતી પ્રભાવના, શાસ્ત્રાનુસારી અણિશુદ્ધ પ્રરૂપણા, રગરગમાં તગતગતી શાસન રક્ષાની તમન્ના–ખુમારી શાસનના સનાતન સત્યોના પ્રકાશનમાં સિંહગર્જના વગેરે અગણિત વિરલતાઓ–વિશેષતાઓ દ્વારા એ મહાપુરૂષે ભારતભરના જૈનસંઘો ઉપર ઉપકારનો અનરાધાર મેઘ વરસાવ્યો છે. જે વિચારવંત વ્યક્તિની નજરે તરવર્યા વગર ન રહે.

—જિતેન્દ્ર રોડ, ભલાડ–ઇસ્ટ.

૧૦. અમદાવાદમાં ભદ્રકાલી મંદિરકી બકરેકી હિંસા બંધ કરાઇ. સુધારકવાદી ઔર રાજકારણીઓંકે સામને જવલંત વિજયી બને. બાલદીક્ષા એવં દીક્ષા માર્ગકા રાસ્તા સુલભ બનાયા... **—દાંતરાઈ (રાજસ્થાન)**

૧૧. અસ્ત પામેલો સૂરજ પ્રકાશનું એકે કિરણ કયાંય ફેલાવી શકતો નથી ત્યારે જૈન શાસનના આકાશે ઉગેલા 'વિજય રામચંદ્રસૂરીશ્વરજી' નામના ઝળહળતા સૂર્યે અસ્ત પામ્યા પછી ય પોતાના પુણ્યના પ્રકાશના કિરણોથી જગતને ચારે બાજુથી ભરી દઇ આશ્ચર્ય ચકિત બનાવી દીધું. **—શુક્રવાર પેઠ, પૂના.**

૧૨. જેઓનાં શુભાશીર્વાદથી ભારતભરમાં અનેક સંઘો શુદ્ધ શાસ્ત્રીય સિદ્ધાંત માર્ગની આરાધના કરી રહ્યા છે, તે પુણ્યશાલી સંઘોમાં અમારો યેરવડાનો સંઘપણ પૂ.શ્રીના જ આશીર્વાદથી સ્થાન–માન પામી ચૂકયો છે. **—યેરવડા, પૂના**

૧૩. જેઓશ્રીજીની સંઘર્ષમય છતાંય સ્વ–પર હિત પૂર્ણ જીવનયાત્રા 'રામ ત્યાં

અયોધ્યા' એ જુગ જુની ઉક્તિને ચરિતાર્થ કરતી હતી, સંયમયાત્રા જીવમાત્રને અભયનું અમીપાન કરાવતી હતી, વિહારયાત્રા શાસ્ત્ર સિદ્ધાંતના સંરક્ષણની આલબેલ પોકારતી હતી, અને અંતિમયાત્રાએ બાહ્ય-અભ્યંતર દિવ્ય પ્રભાવનું દર્શન કરાવ્યું.

—અજિતનગર, વાપી

૧૪. (આ મહાપુરૂષના) જીવનને જોઈએ તો સત્ય ખાતરનાં સંઘર્ષોના સરવાળા દેખાય અને એમાં પણ પરમ સમતાના ગુણાકારો ઉમેરાતાં દેખાય. જે શાસ્ત્રીય સત્યોને સમજવામાં ભલભલા વિદ્વાનોના વાળ ધોળા થઈ જાય છે તે શાસ્ત્રીય સત્યને સાચા અર્થમાં સમજીને એ શાસ્ત્રીય સત્યના સંરક્ષણમાં પોતાના પ્રચંડ પુણ્યનો ઉપયોગ કરવા દ્વારા આ મહાપુરૂષે જે મહાપુણ્યનું ઉપાર્જન કર્યું હતું તે તેમના જીવનનાં અંતિમ શ્વાસ સુધી સમાધિ પ્રદાન કરવા દ્વારા અજોડ પુણ્યાનું બંધ કરાવતું જ રહ્યું. 'સુખ ભૂંડું અને દુઃખ રૂડું' કહીને જે સમાધિનો એમણે જીવનના છેલ્લાં સાડા સાત દશકાથી ઉપદેશ આપ્યો હતો એજ સમાધિને જીવનના સાડા નવ દશકાથી પણ વધુ સમય સુધી આત્મા સાથે એકરૂપ રાખીને આ મહાપુરૂષે છેલ્લે મૃત્યુને પણ મૃત્યુંજય મૃત્યુ રૂપે ઉજવ્યું છે. અને જીવનની જેમ આ મહામૃત્યુ દ્વારા પણ સમાધિનો મહાસંદેશ એમણે આપ્યો છે. આ મહાપુરૂષે ભારત પર જે ઉપકારો વરસાવ્યા છે. જૈન શાસનમાં જે ઇતિહાસોની વણઝાર સર્જી છે તેને યાદ કરતાં કોઇ ગાઇ ઉઠે કે 'જ્યાં સુધી સાગરમાં ભરતી ને ઓટ છે.

રામચંદ્ર ગુરુનું નામ ત્યાં સુધી અજોડ છે. —નવરંગપુરા, અમદાવાદ

૧૫. અનેકોના સમકિત દાતા, અનેકોના દીક્ષા દાતા જૈન શાસનના કોહીનૂર સમાન સત્યના એક સૂર્ય સમાન એવા જૈન શાસનના મહાન જ્યોતિર્ધર.

—શાહપુર દરવાજાનો ખાંચો, અમદાવાદ.

૧૬. જાતે 'મોં'માં કોળિયો મૂકવા જેટલી ય સ્વાશ્રયિતા પ્રાપ્ત ન થઇ હોય ત્યાં જ થયેલ માતા પિતાના વિરહવાળા બાળક કરતાં ય કાંઇક ઘણી અનાથતા આપણા સૌ ઉપર સવાર થઇ ચૂકી છે. છતાંય આશ્વાસન લેવાય એટલું એ પડખું છે કે, માતાપિતાની પવિત્ર પ્રતિષ્ઠા બાળકને નિરાબાધ રીતે ઉછેરે છે. તેમ પૂજ્યપાદશ્રીજીની પવિત્ર યશોગાથા પણ આપણો વાળ વાંકો થવા નહિ દે.-**લક્ષ્મીવર્ધક જૈનસંઘ પાલડી, અમદાવાદ.**

૧૭. જે મહાપુરૂષે પોતાના મનને મોક્ષમાં સ્થાપિત કર્યું હતું, વચનને સર્વજ્ઞપ્રણિત શાસ્ત્રોમાં સ્થાપિત કર્યું હતું, તનને શાસનની આરાધનામાં સ્થાપિત કર્યું હતું, જીવનને ભગવાનના શાસનમાં સ્થાપિત કર્યું હતું. —વાપી

૧૮. શાસ્ત્ર ! સિદ્ધાંતના બળે જીવી શાસનને જીવાડવામાં પોતાના સંપૂર્ણ બળને ન્યોચ્છાવર કરનાર પૂજ્યશ્રીની વિદાય...એ આપણા સૌભાગ્યની વિદાય છે ! આપણા આનંદનો અસ્ત છે ! —વિક્રોલી (વેસ્ટ) હજારીબાગ, મુંબઇ.

૧૯. જૈનોને મન જેઓ 'જિન શાસન–નાયક' હતા, આર્યોને મન જેઓ 'સંસ્કૃતિ સંરક્ષક' હતા, સામાન્ય માનવીને મન જેઓ 'દેવાંશી મહામાનવ' હતા, સિદ્ધાન્ત પ્રિય વ્યકિતઓને મન જેઓ 'સત્યશીલ અને સત્યનિષ્ઠ' હતા, વડીલોને મન જેઓ 'વિનય મૂર્તિ' હતા, ગુરુદેવ અને પ્રગુરૂદેવને મન જેઓ 'મહાપ્રભાવક યુગ પ્રધાન સમાન અતિશય શાલી' હતા, શિષ્ય સમુદાયને મન જેઓ 'કરૂણા સાગર' હતા, સર્વપરિસ્થિતોને મન જેઓ 'નીડરતા નિસ્પૃહતા અને નિરભિમાનતાના અવતાર' હતા અને ભકતોને મન જેઓ 'ભગવાન' હતા...

તે બહુમુખી વ્યકિતત્વ અને સર્વતો મુખી પ્રતિભાના સ્વામી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ અમારે મન તો 'પરમ આધાર' હતા, હૃદયનો ધબકાર હતા. સ્વપ્નનો સાર હતા.

—રમણલાલ છગનલાલ શાહ આરાધના ભવન, નવસારી.

૨૦. 'રામવિજયજી પાછા જાઓ' આ એક ભૂતકાળ હતો. રામચન્દ્રસૂરીશ્વરજી પ્રેમે પધારો' આ એક વર્ત્તમાનકાળ હતો. આવી જ બન્ને ઘટના અમારા પાટણ શહેરમાં બની છે. પણ આ મહાપુરુષે નિશ્ચલ મેરૂની જેમ અડગ રહી માન–અપમાનની પરવા કર્યા વગર પ્રભુશાસનના માર્ગને ૮–૮ દાયકાથી જલવંત વિજયવંત બનાવ્યો છે.

આ જ પાટણમાં એક વખતના ચોમાસામાં 'રામવિજય પાછા જાઓ' ના વિરોધમાં કાળા વાવટા ફરકાવાયેલા. એક સ્ત્રી હાથમાં કાળો વાવટો લઇ ઉભી હતી. ચાલુ સામૈયામાં પૂજ્યશ્રીને જ પૂછી રહેલ કે 'રામવિજય કોણ છે?' પૂજ્યશ્રીએ કહ્યું કેમ બહેન! મારે એમને આ (કાળો વાવટો) દેખાડવો છે. પૂજ્યશ્રીએ તરત કહ્યું કે મેં જોઇ લીધો.

—નગીનભાઇ મંડપ, પાટણ

૨૧. જેમના શબ્દે શબ્દે શાસ્ત્રીય સત્યનો ટંકાર હતો, વાકયે વાકયે વિરાગ અને વીરતાની વાતો હતી. સુખનો સ્નેહ છોડો અને દુઃખનો દ્વેષ તોડો આવી સત્યવાણીને વહાવી અનેક ગર્ભ શ્રીમંતોને સુખમય સંસારથી છોડાવી સંયમી બનાવ્યા. બાલદીક્ષાના વિરોધને અટકાવી ઘર ઘરમાં દીક્ષાનો નાદ ગુંજતો કરવાને કારણે દીક્ષા યુગ સર્જક યુગ પુરુષ તરીકે પ્રસિધ્ધ થયા. વિરોધીઓના અપમાન વચ્ચે સમત્વભાવ અને બાદશાહી બહુમાન વચ્ચે પણ અલિપ્ત ભાવ રાખનાર સૂરીશ્વર અલૌકિક પુરુષ હતા.

—તપગચ્છ અમર જૈન શાળા–ખંભાત

૨૨. જેમના નામ અને કામને જૈન સંઘ કદી ય ન ભૂલી શકશે.

—શ્રી સીમંધર સ્વ.મી શ્વે. મૂ. જૈન સંઘ, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ

૨૩. તેઓશ્રીના સુદીર્ઘ ૭૯ વર્ષીય સંયમપર્યાય તથા વિરાટ શાસન પ્રભાવના અને અનેક ગુણોની અનુમોદનાર્થે...

—નિઝામપુરા શ્રી શ્વે. આદિનાથ જૈન તપગચ્છ સંઘ, વડોદરા

૨૫. ...૫૬ વર્ષનો આચાર્યપદ પર્યાય ૭૯ વર્ષનો સંયમ પર્યાય પાળીને ૯૬ વર્ષની ઉંમરે જૈન શાસનની અનુપમ આરાધના–પ્રભાવના અને રક્ષાપૂર્વકના શ્રેષ્ઠતમ જીવન જીવી જૈન શાસનને ઉજાળીને (ગયા) :

—ઓસવાલ કોલોની, જામનગર

૨૬. ...પરમ શાસન પ્રભાવક શાસન સમુદાય ભવ્યાત્માઓના છત્રાધાર, શાસ્ત્ર–સિદ્ધાંત–આરાધના–પ્રભાવના–રક્ષાથી ઝગમગતા જીવનના સ્વામિ વિષમકાળમાં એકલવીર બનીને વીરહાક કરી પ્રભાવક આચાર્યોની પરંપરામાં આગવું સ્થાન–માન–ગૌરવ પામનારા.'

—શ્રમજીવી સોસાયટી, રાજકોટ

૨૭ ...અત્યંત સમાધિ સાથે...કાળધર્મ પામ્યા છે. તેઓનો જૈન શાસન ઉપર અમાપ ઉપકાર છે. અમારી ઉપર પણ અમાપ ઉપકાર છે.

શા. લખમશી લાધાભાઇ ગુઢકા, કામદાર કોલોની, જામનગર

૨૮. જેઓએ ૧૭ વર્ષની કિશોરવયે સંયમ સ્વીકારી પોતાના વડીલ ગુર્વાદિ પૂજ્યોના કૃપાપાત્ર બની તેઓશ્રીના શુભાશિર્વાદથી આગમોના તલસ્પર્શી અનેક જ્ઞાતા બની અનેક આત્માઓના હૈયામાં મિથ્યાત્વ વિષને દૂર કરી સમ્યક્ત્વના દાન કર્યા.

—વીસ નગર

૨૯. ...નિર્મલ સંયમ જીવનનું પાલન કરી, પરમાત્માના ધ્યાનમાં લીન બની. 'જગતના જીવોને રત્નત્રયીની આરાધના કરી વહેલા મુકિત પહોંચો' આવો દિવ્ય–ભવ્ય સંદેશ આપતા...આપતા...'

—સિહોર.

૩૦. આપ શાસનકે જ્યોતિર્ધર સિદ્ધાન્ત રક્ષક થે !

—શ્રી શિવગંજ નગર (રાજસ્થાન)

૩૧ ...જિન શાસન કો અદ્વિતીય મહાપુરુષકી કમી હુઇ, પૂજ્યશ્રીને આપને ૯૬ વર્ષ કે જીવનકાલમેં એવં ૫૬ વર્ષ કે આચાર્ય પર્યાય મેં જો શાસન પ્રભાવના કી અકથનીય હૈ, દિવ્ય પ્રતાપી પુરૂષ કા અસ્ત હુઆ.'

—ચીકપેટ–બેંગ્લોર.

૩૨. જૈન શાસનમાં મહાન જ્યોતિર્ધર, શાસન આધાર સ્તંભ, શાસનના સિંહ-શાસનના સફલ સુકાની-જેઓશ્રીના શબ્દે શબ્દે પ્રભુ આજ્ઞાનો ટંકાર સંભળાતો હતો.

—સંગમનેર

૩૩. 'સમાધિકે સાથ કાલધર્મ એવં ચારિત્ર રત્ન કી અનુમોદનાર્થે...'

—કર્નૂલ (આંધ્ર પ્રદેશ)

૩૪. વડીલોના આદેશે સંયમ જીવનના પ્રથમ વર્ષથી સમકિતની ૬૭ બોલની સજ્ઝાય પર પ્રારંભરાયેલ દેશના અનેક ભવ્યાત્માઓને સમ્યક્ત્વ, દેશ વિરતિ અને સર્વ વિરતિના માર્ગે પ્રયાણ કરાવનારી બની. શાસ્ત્રોના ઊંડા અભ્યાસ અને સંયમની શુદ્ધતાના બળે પ્રગટેલી શાસન-સિદ્ધાંત રક્ષાની વિશિષ્ટ શક્તિના કારણે શાસન સામે ઉભા થયેલા બાહ્ય કે આંતરિક આક્રમણોના સમયે વડિલો પૂજ્યશ્રીજીને આગળ પ્રતિસાર કરાવતા અને તેઓશ્રીજી પણ વડિલોના અંતરના આશીર્વાદથી હરહંમેશ સફળતાને જ પ્રાપ્ત કરતાં પૂજ્યશ્રીજીના નિર્ભિકતા-કરૂણા વિ. અનેકગુણો જીવંત ઉદાહરણ હતા. સત્ય કહેતા કયારે ય ગભરાયા નથી અને તે સત્યોને નહિ સમજનારા પ્રત્યે સદા અનુકંપા જ દર્શાવતા.

—આરાધના ભવન પાછીયાની પોળ, અમદાવાદ

૩૫. તેઓશ્રી એક વિરલ વિભૂતિ હતા. જીવનના અંત સુધી સિધ્ધાંતની રક્ષા કરી.

—છાપરીયા શેરી, સુરત.

૩૬. છેલ્લા આઠ આઠ દાયકાથી જિન શાસન નૈયાના સફળ સુકાની બની શાસનની અજોડ રક્ષા-પ્રભાવના કરતા...

—સગરામપુરા, સુરત.

૩૭. ઇન મહાપુરુષ અપના સંપૂર્ણ જીવન શાસન તથા સિદ્ધાન્તો કી રક્ષાર્થ સંઘર્ષમેં બિતા હૈ. અનેક સમસ્યા કે પ્રસંગ પર ભી જિનાજ્ઞા તથા ગુર્વાજ્ઞા એવં શાસ્ત્રાજ્ઞા કે પાલનમેં કટિબદ્ધ રહને સે હર એક પ્રસંગ પર વિજયી બને હૈ। સત્યનિષ્ઠ હોને કે નાતે ઉનકે કઇ વિરોધી ભી થે। લેકિન જો જો વિરોધી સંપર્કમેં આયે વે ઉનકે ભકત ભી બન ગયે। ધર્મ કે મર્મ કો દિલ તક પહુંચાને કે લિએ વે અત્યંત પટુ થે।

—દાંતરાઇ (રાજસ્થાન)

૩૮ જેઓશ્રીજીના શરીરના સાડા ત્રણ કરોડ રોમરોમમાં કેવળ સુકૃતનું જ પ્રણિધાન હતું. તેઓશ્રીજીનું જીવન જિનાજ્ઞા પ્રતિબધ્ધ, આચાર શુધ્ધ, ભાવવિશુધ્ધ અનેકાનેક ગુણોથી સમૃધ્ધ હતું. જેઓશ્રીજીના જીવનમાં અહિંસા, સંયમ અને તપનો ત્રિરંગી ધ્વજ ફરકી રહ્યો હતો. જેઓશ્રીજીના અંતરમાં પરમાત્મપ્રીત શાસનસેવાનું સુરીલું સંગીત, જિનાજ્ઞાનું મંગલ ગીત સદાય ગુંજયા કરતું હતું. જેઓશ્રીજીના મન રૂપી

નિકુંજમાં ભગવાનની આજ્ઞારૂપી કેસરી સિંહ જાણે ધર્મદેશનારૂપે ગર્જના કરી રહ્યો હતો. જેઓશ્રીજીની ત્રિપદી 'મેળવવા જેઓ મોક્ષ, લેવા જેવું સંયમ, છોડવા જેવો સંસાર' જેના દ્વારા કેટલાયે આત્માઓએ કલ્યાણની કેડીએ કદમ ભર્યા જેઓશ્રીજી જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં આરાધના અને પ્રભાવના–રક્ષા એમની આજુબાજુ પ્રદક્ષિણા દેતી હતી. જેમોશ્રીજીના રગરગમાં–રોમ, રોમમાં શાસન તેમજ સિદ્ધાંત રક્ષાની તીવ્ર તમન્ના અને તાલાવેલી હતી. જીવનમાં જયણાની જાગૃતિ, ક્રિયામાં સ્ફૂર્તિ, સાધનામાં સાવધાની આદિથી ફલશ્રુતિ રૂપે જેઓશ્રી સુંદર સમાધિભાવને વર્યા. —ભાવનગર

૩૯. અહમદાબાદમેં ભદ્રકાળી મંદિરમેં હોનેવાલી હિંસા કે સમક્ષ લાલબત્તી કર પૂરે અહમદાબાદ કો નિહાલ કર દિયા, હિંસા કા તાંડવ નૃત્ય બન્દ કરવાયા. મહા૦ વિધાન સભામેં બાલદીક્ષા વિરોધ કા કાનૂન આયા તબ પૂજ્ય ગુરુદેવ કે સાથ રહકર વિરોધ કિયા ૦ વિરોધિયોં કે સામને ધર્મયુદ્ધ કરકે સુધારકોં કે દિમાગ ભી સુધાર દિયે। દીક્ષા કે બારે મેં તો પ્રવચન આદિ કે માધ્યમ સે આપને એક અલખ જગાઇથી, જિસકા પ્રતિફલ હૈ કિ આજ સભી જૈન સમ્પ્રદાયોં વ સભી ગૃપોમેં સાધુ–સાધ્વીજી મ. સા. કી સંખ્યા બઢી હૈ। આપકો એક–દો બાર અનગી દીક્ષા આદિ કે બારે મેં ન્યાયાલય મેં ભી ઉપસ્થિત હોના પડા વ ડંકેકી ચોટ સે વિજય પ્રાપ્ત કર આયે ।। —પિંડવાડા (રાજસ્થાન)

૪૦. ...ચતુર્વિધ શ્રી સંઘકી ઉપસ્થિતિ મેં અત્યન્ત સમાધિમય અવસ્થામેં કાલધર્મ કો પ્રાપ્ત હુએ. —શ્રી વાંકલી નગર (રાજસ્થાન)

૪૧. સંયમ જીવનના ત્રીજા વરસથી મોટા દાદા ગુરુદેવ પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજ, દાદા ગુરુદેવ પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ, ગુરુદેવ પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદથી પ્રવચનની શરૂઆત કરી તે જીવન પર્યંત સુધી ચાલુ રહી એ આ યુગ માટે એક અચ્છેરારૂપ હતું. જેમનું નામ સાંભળતા જ લાખો લોકો પરમશાંતિ અનુભવતા. બાલદીક્ષા અને દીક્ષાઓનો માર્ગ સુલભ બનાવી રેકોર્ડો દીક્ષાઓ આપી. —નંદુરબાર જૈન સંઘ

૪૨. સૂરિદેવ આઠ આઠ દાયકા સુધી પોતાના પૂજ્ય ગુરુભગવંતોની શાસ્ત્રીય પરંપરાને અનુસરનારા હોવાથી સર્વપૂજ્ય મહાપુરુષ હતા. મોક્ષ, સંયમ, સમ્યક્ત્વનો ઉપદેશ આપવા દ્વારા લાખોના ઉપાસ્ય ગુરુભગવંત હતા. શાસ્ત્રીય સત્યોની રક્ષા કાજે પ્રાણની પણ પરવા કરતા નહોતા માટે જ ધર્મમય ઇતિહાસોના સર્જક હતા.

—પ્રાણલાલ દેવશીભાઇ ત્રીજી માસિક તિથિના મહોત્સવ પ્રસંગેની પત્રિકામાંથી.

૪૩. શ્રમણત્વના શૈશવકાળથી માંડીને અંતિમ કાળ સુધી જેઓશ્રીના પુણ્યભાનુ મધ્યાકાશે જ ચમકતો રહ્યો. **નવરંગપુરા, અમદાવાદ.**

(૪૪) શાસન અને સંઘમાં કોઇપણ પ્રશ્નો ઉઠે ત્યારે સૌની નજર આ મહાપુરૂષ ઉપર મંડાતી. અને આ મહાપુરુષના વચનો શાસ્ત્રસિદ્ધ હોવાથી સૌ સ્વીકારતા, કારણ કે આ પુણ્યપુરૂષના શાસ્ત્રજ્ઞાન–શાસ્ત્રનિષ્ઠા અને શાસ્ત્રપ્રરૂપણા પર ઓવારી ગયેલ. પૂર્વજો આ પાવનીય સંતપુરુષ ઉપર અંતરના ઉમળકાથી આશીઃ અને પ્રશંસાના પુષ્પો મુક્તમને વરસાવતા હતા અને વિવાદાસ્પદ વિષયોના નિર્ણયોને લગતી નાની–મોટી સ્થળીય ચર્ચાઓનું સુકાન પૂજ્યશ્રીને જ તે પૂર્વપુરુષો સોંપતા હતા. **–વડનગર.**

(૪૫) તેઓશ્રીજીના સુદીર્ઘ ચારિત્ર પર્યાય તથા વિરાટ પ્રભાવના અને અનેક ગુણોની... **–વાસણા, અમદાવાદ.**

(૪૬) પ્રતિભાશાળી વ્યક્તિત્વના માલીક હતા, અનેક આત્માઓને દીક્ષાનું દાન દેનારા હતા. જિનાજ્ઞાને પ્રાણથી પણ અધિક માનનારા હતા. **–સુરત**

(૪૭) તેમના થયેલ અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો... **–વલસાડ**

(૪૮) જેઓશ્રીના જીવનનું એક એક કાર્ય તે શાસન ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ હતું, જેઓશ્રીની શાસન પ્રત્યેની વફાદારી અને વીરતા એ શાસન સંરક્ષક ઢાલ હતી, જેઓશ્રીની વાણીનો જાદુ આ સદીનો સંયમનો અભ્યુદય કાળ હતો, જેઓશ્રીની પ્રચંડ પ્રતિભા અને પ્રકૃષ્ટ પુણ્યાઇએ શાસનને સોળે કળાએ ખીલવ્યું હતું.
–શ્રીનગર સોસાયટી, ગોરેગાંવ, મુંબઇ.

(૪૯) પરમાત્માના શાસનના પ્રાણવાયુ સમાન પ્રવ્રજ્યાના પંથ પ્રત્યે જાગેલા ભયંકર અવરોધો–વિરોધોનો નિરોધ કરી તેઓશ્રીએ સંયમને એવું સરળ–સુગમ અને સુલભ બનાવ્યું હતું કે જેના પરિણામે તેઓશ્રીને 'દીક્ષાના દાનવીર' તરીકેની વિશ્વ વ્યાપિની વિશ્વ્યુતિ મળી હતી.

ગજબ મનીષા અને સચોટ–નિર્ભીક–પારદર્શી પ્રજ્ઞા દ્વારા ભલભલા રાજકારણીઓના દિલને ડોલાવનારા પૂજ્યશ્રીએ શાસનમાં જાગતાં કોઇપણ અશાસ્ત્રીય વિપ્લવોની સામે સર્ચલાઇટ ફેંકીને અણનમ વીરતા–ધીરતા–ગંભીરતા દ્વારા તેનું સંરક્ષણ કરીને પરમેષ્ઠિ–તૃતીયપદના ગૌરવને ચાર–ચાર ચાંદ લગાવ્યા હતા. શાસન–સત્ય–સિદ્ધાંત–સન્માર્ગને શુદ્ધ સ્વરૂપે જાળવી રાખવા માટે પ્રાણની પણ પરવા કર્યા વગર પૂજ્યશ્રી સદા ઝઝુમતા રહેતા હતા. શાસ્ત્રનો બીજો પર્યાય એટલે જ 'રામવિજય' આવી છાપ જનમાનસમાં ઉપસી હતી. **–મલાડ (રત્નપુરી) મુંબઇ–**

(૫૦) લગભગ શતાબ્દિ જેવા વિશાળ જીવન ફલક દ્વારા જેઓશ્રીજી સમગ્ર જૈન સમાજ ઉપર છવાઇ ગયા હતા. ગમે તેવી સળગતી સમસ્યાના સૂઝાવમાં જેઓશ્રીજીનું સમાધાન આખરી નિર્ણય સમાન ગણાતું હતું, ગમે તેવા શાસનના અટપટા પ્રશ્નોમાં જેઓશ્રીજીના શાસ્ત્રપૂત વિચારો તરફ સમગ્ર સમાજ મીટ માંડતો હતો. અને સંસારના વિષમ તાપથી સંતપ્ત હૃદયો પણ જેઓશ્રીજીનો ચરણસ્પર્શ કરતાં જ અમૃત છંટકાવ જેવો આહ્લાદ અનુભવતા હતા એવા પરમશ્રધ્ધેય પૂ. આચાર્ય ભગવંતશ્રીજીના જીવનમાં અનુપમ આરાધના એજ તેઓશ્રીજીનો આત્મા હતો, પરમોચ્ચ પ્રભાવના એજ તેઓશ્રીજીનો પર્યાય હતો, શાસનની સુરક્ષા એજ તેઓશ્રીજીનો સ્વભાવ હતો આદર્શ સાધના એજ તેઓશ્રીજીની જીવન સૌરભ હતી, ગજબ શાસ્ત્રનિષ્ઠા એજ તેઓશ્રીજીનો શ્વાસ હતો. ટુંકમાં તેઓશ્રીજીનું સમગ્ર જીવન **જૈન શાસનની ઝળહળતી જ્યોત સમાન હતું !** **—આબુ દેલવાડા મહાતીર્થની પત્રિકામાંથી**

૫૧ પ્રેમાભાઈ હોલમાં ચાલેલી 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' જેવી પ્રવચનમાળાઓ બેશક! રાજનગરનું અણમોલ સંભારણું બની ગઈ છે. આશા હતી કે આવા અનેક ઉપકારો હજી પણ રાજનગર પર વરસતાં રહે. પણ કરૂણ હૈયે સ્વીકારવું પડે છે કે, આ મહાપુરૂષનો પરમોચ્ચ સમાધિમય સ્વર્ગવાસ આજ રાજનગરમાં થયો. અને તેઓશ્રીજીનાં દ્રવ્યનિક્ષેપે પૂજ્યતમ દેહની અંતિમયાત્રા પણ છેલ્લા સૈકડો વરસોમાં ન થઈ હોય તેવી અભૂત રીતે આ જ રાજનગરના મહામાર્ગો પરથી પસાર થઈ અને રાજનગરના પાદરે આવેલાં સાબરમતીમાં તેઓશ્રીજીનાં સંયમપૂત પાર્થિવદેહને બેથી ત્રણ લાખ માનવોની ભીની આંખો સમક્ષ અગ્નિદાહ અપાયો. પૂજ્યપાદશ્રીજીનું જીવન જેમ સંખ્યાબદ્ધ ઇતિહાસો, સમાધિ અને સમતા વિગેરે વિશિષ્ટતાઓ દ્વારા આદર્શરૂપ બન્યું, તેમ તેઓશ્રીજીનો સ્વર્ગવાસ પણ સમાધિનાં પરમોચ્ચ પરિપાક દ્વારા આદર્શરૂપ બન્યો.

—શ્રી રાજનગર રથયાત્રા આયોજન સમિતિ–અમદાવાદ.

૫૨. જે જૈન શાસન જેમના પ્રભાવથી જયવંતુ છે તે મુનિવરોને શાસ્ત્રકારોએ ધન ધન શાસન મંડન મુનિવરા' કહીને બિરદાવ્યા છે. વર્તમાનકાલમાં સકલ શ્રી જૈન શાસનના સર્વશ્રેષ્ઠ ઉપકારી અને વિષમકાલમાં જૈન સિદ્ધાંત પતાકાને ફરકતી રાખનાર વર્તમાનના શ્રેષ્ઠ જ્યોતિર્ધર અને વિશ્વના પરમ કરૂણાલુ. ઉચ્ચતમ જીવન જીવીને ઉચ્ચતમ અંતિમ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીજીના કાળધર્મથી આખાય શાસન ઉપર વજ્ર ઘાત થયો હોય તેવો આંચકો લાગ્યો. તેઓશ્રીના અનંત ઉપકારોથી એ વિયોગ કદી વિસરી શકાશે નહિ. સદીઓ પછી પાકેલા અને સદીઓ સુધી આવા મહાપુરુષના દર્શન

ન થાય એમ પણ બને. તેવા શાસનના સિંહપુરૂષની વિદાયથી 'ચંદ્ર' વિનાની રાત્રિ સમાન શાસન બન્યું છે. —**શાંતિભવન, જામનગર.**

૫૩. પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીનું જીવન વર્ણવવું એટલે સાગરના મોજાં ગણવાં યા સરિતની સીકતા ગણવી. એ જેમ અશકય તેમ પૂજ્યશ્રીના જીવનગતિનું ગાન પણ અશકય જ ! તોય બાળચેષ્ટા કેમ અવરોધાય ?

પૂજ્યશ્રીનું જન્મ સ્થળ કહેવાણુ. તો લાડકું નામ હતું 'ત્રિભુવન.' જાણે કે ત્રિભુવનનું મોહન ન કરતા હોય ! બાલ્ય વયથી જ પરિકર્મિત બુદ્ધિવાન તથા સંસાર પ્રત્યે ઉદાસીન ભાવવાળા...કંઈ કષ્ટો અને આપત્તિઓ વેઠી ગંધાર તીર્થમાં સંસારી મટી સંન્યાસી બન્યા. 'રામવિજય' નામે અંકિત થયા.

અવશ્યંભાવી મરણુને શરણ એકદા સહુને થવું જ પડે છે. કરમને કોઇનીય શરમ નથી જ. આથી આ આઘાતને સહન કરીને ય પૂજ્યશ્રીના ગુણદેહને એમની કાર્યશ્રેણિને સદૈવ દૃષ્ટિપથમાં રાખી જિનાજ્ઞા પૂર્વકનું સત્ત્વશાળી જીવન જીવીશું એ સ્વ–પર કલ્યાણાર્થે ગણાશે. —**નવાડીસા**

૫૪. પરમાત્મા મહાવીર દેવની ૭૭ મી પાટને સુશોભિત કરનાર, જૈન શાસન ગગનાંગણ ભાસ્કર, જૈન શાસનની અમોઘ દેશના પદ્ધતિ દ્વારા આબાલ વૃદ્ધાદિ અનેક પુણ્યાત્માઓને સમ્યગ્દર્શન, દેશવિરતિ–સર્વવિરતિનું પ્રદાન કરનારા પોતાની બુદ્ધિપ્રતિભા, તેમજ પુણ્યપ્રસાદ દ્વારા જૈન શાસનના ઇતિહાસમાં સિદ્ધાંત રક્ષા અને પ્રભાવનાના અનેક સુવર્ણપૃષ્ઠોનો ઉમેરો કરનારા, સુદીર્ઘ સંયમ પર્યાય અને આચાર્યપદ પર્યાયનું અંત સમય સુધી અપ્રમત્તપણે પાલન કરનારા, શાસન રત્ન, પરમ વાત્સલ્યમૂર્તિ, પરમોપકારી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો ભારતભરના અનેક ગામો નગરોના અનેક સંઘો ઉપર અગણિત ઉપકાર રહેલો છે તેમ અમારા શ્રી જ્ઞાનમંદિર ઉપર પણ સૂરિશ્રેષ્ઠ પૂજ્યપાદશ્રીજીનો વિશેષ ઉપકાર રહેલો છે.

મુનિ જીવનમાં 'પૂ. રામવિજયજી'ના હુલામણા નામથી જગમશહુર બનેલા પૂજ્યશ્રીના આજ સુધી અમારા જ્ઞાનમંદિરને આંગણે અનેક ચાતુર્માસો થયેલા છે.

આ રીતે પૂજ્ય તપાગચ્છાધિરાજ સૂરિદેવશ્રીના અનુપમ ઉપકારો અમારા પર રહેલા છે તેની સ્મૃતિ નિમિત્તે તથા પરમાત્મ શાસનની આરાધના, રક્ષા, સુપ્રભાવનામય અને ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત થનાર તેઓશ્રીના સુનિર્મલ સુદીર્ઘતમ ચારિત્ર પર્યાયની અનુમોદનાર્થે તેમજ વિ. સં. ૨૦૪૭ ના અષાઢ વદ–૧૪ શુક્રવારે પાલડી 'દર્શન' બંગલામાં અનેક આચાર્યાદિ મુનિવૃંદ સહિત ઉપસ્થિત શ્રી ચતુર્વિધ સંઘના

શ્રીમુખે અરિહંતપદનું શ્રવણ કરતાં કરતાં, અરિહંતપદનું જ સ્વમુખે રટણ કરતાં કરતાં અરિહંતમય બની જનાર પૂજનીય પરમાધ્યપાદશ્રીજી સાધિક ૭૮ વર્ષના સંયમપર્યાયનું પાલન કરી સાધિક ૯૫ વર્ષનું સર્વાયુ પૂર્ણ કરી પ્રાતઃ ૧૦ ના ટકોરે આદર્શરૂપ સમાધિમય કાળધર્મને પામ્યા.

—શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળા
અમદાવાદ.

૫૫ પરમાત્માના શાસનના પ્રાણવાયુ સમા પ્રવજ્યા પ્રત્યે જાગેલા ભયંકર અવરોધો—વિઘ્નોનો નિરોધ કરી તેઓશ્રીએ સંયમને એવું સરળ સુગમ અને સુલભ બનાવ્યું હતું કે જેના પરિણામે તેઓશ્રીને 'દીક્ષાના દાનવીર' તરીકેની વિશ્વવ્યાપિની વિખ્યાતિ મળી હતી.

—વઢવાણ જૈન શ્વે. મૂ. તપાગચ્છ સંઘ

૫૬. તેઓશ્રીના અગણિત આશીર્વાદથી શ્રી સંઘ રત્નત્રયીની સુંદર આરાધના કરી રહ્યો છે. તેઓશ્રી ઉપર પૂ. બાપજી મ., પૂ. આ. ભ. શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મ., પૂ આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ. આદિ પણ ઘણા મહાપુરુષોની કૃપા વરસતી રહી હતી.

—શ્રી શ્રીપાલનગર જૈન શ્વે. મૂ. દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ

૫૭. વિ સં. ૧૯૫૨ ના ફા. વ. ૪ ના પુણ્ય જન્મથી આરંભીને ૬૫ વર્ષના સુદીર્ઘ પરમપવિત્ર જીવનકાલમાં પૂ. શ્રીએ ૭૮ વર્ષથી અધિક કાલ શ્રી રત્નત્રયીની અનુપમ સાધનામાં વીતાવ્યો હતો. ખૂબ જ પ્રતિકૂળ સંયોગોમાં કપરાકાળમાં વિ. સં. ૧૯૬૯ના પો. સુ ૧૩ ના પરમ કલ્યાણકર દિવસે નિષ્પાપ સંયમ યાત્રાનો મંગલ પ્રારંભ કરી અનેકાનેક લઘુકર્મી આત્માઓને સંયમ યાત્રાના યાત્રિક બનવાનું સદ્ભાગ્ય પૂ. શ્રીએ પ્રાપ્ત કરાવ્યું એ વખતના કાળની અપેક્ષાએ ખૂબ જ ખરાબકાળમાં પણ આજે મુમુક્ષુજનો ખૂબ જ સરલતાથી પારમેશ્વરી પ્રવજ્યા પ્રાપ્ત કરી આરાધી રહ્યા છે—એ પુણ્યપ્રભાવ નિઃસંદેહ પૂ. શ્રીનો જ છે. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનની અવિરત આરાધનાના કારણે પ્રાપ્ત થયેલી વિશદપ્રજ્ઞા અનન્ય સાધારણ પ્રતિભા અને ઉત્તમોત્તમ પુણ્યપ્રકર્ષની પુણ્યાનુબંધિતા વગેરે સામગ્રીએ કેટલાય મુમુક્ષુઓને રત્નત્રયીની સામગ્રી પ્રાપ્ત કરાવી છે. મોક્ષના લક્ષ્યને લગભગ ભૂલાવી દે એવા આ ખરાબ કાળમાં પણ શ્રી અરિહંત પરમાત્માના પરમતારક શાસનની આરાધના—પ્રભાવના કરવાનું આપણને સૌને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પૂજ્ય પરમારાધ્યપાદશ્રીએ આપણી ઉપર કરેલો કલ્પનાતીત અનુગ્રહ જ કારણ છે. જેઓશ્રીના

અંગે અંગમાં દીક્ષા વ્યાપી હતી. શ્વાસે શ્વાસે મોક્ષનું રટણ હતું અને આત્માના પ્રદેશે પ્રદેશે પરમતારક શ્રી જિન શાસનનો અવિહડ રાગ હતો–તે પૂ શ્રીનું સમગ્ર જીવન કોઇપણ રીતે વર્ણવી શકાય એવું નથી. પ્રખર દાર્શનિક વિદ્વાનોની પ્રતિભાને પણ કુંઠીત કરનારી અદ્ભુત પ્રતિભા, સમર્થ ચિન્તકોને પણ વિચાર કરતા કરી દેનારું સૂક્ષ્મ ચિંતન અને પત્થર જેવા કઠોર હૈયાને પણ પલ્લવિત કરનારી સરલ–શીતલ વાણીનો પવિત્ર નિર્મલ પ્રવાહ આજે માત્ર સ્મૃતિનો વિષય બની ગયો છે. ભૂતકાળનો એ અનુભવ આજે પણ લઘુકર્મી ભવ્યાત્માઓને આત્મલક્ષી બનાવવા સમર્થ છે. સામાન્ય પુણ્ય (૧ ના પ્રવાહમાં શ્રદ્ધા, માર્ગ પ્રત્યેની પ્રીતિ અને નિસ્પૃહતા તણાતી જેમાં જોવા મળે છે એવા આ કાળમાં ઉત્તરોત્તર વધતા પ્રચંડ પુણ્યપ્રવાહમાં પણ જેઓશ્રીની શ્રદ્ધા, પ્રીતિ અને નિસ્પૃહતા સ્પષ્ટપણે તરતી રહી.

—શ્વે. મૂ. પૂ શ્રી જૈન સંઘ–માલેગામ (નાસિક)

૫૮. અમરનામ ગુરુ રામચન્દ્રસૂરિ, કલી ન મીટને પાયેગા...

વિક્રમની ૨૦૪૭ની શતાબ્દિની આષાઢ કૃષ્ણા ચતુર્દશીનો સૂર્ય મધ્યાહ્નને આવે એના અઢી કલાક પહેલાં જ, છેલ્લા ૭૮–૭૮ વર્ષથી એક ધારો જિન શાસનના ગગનાંગણે મધ્યાહ્નનનુ. તેજ વેરતો **પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા'** આ નામનો સૂર્ય એકાએક અસ્તાચલની ઓથે સંતાઇ ગયો. મન–મગજ જે ઘટનાનો અસ્વીકાર કરવા મરણીયો પ્રયાસ કરે છે એવી આ ઘટનાની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ પડશે. આ પુણ્યપુરુષ જાણે શાસન રક્ષા કરવા માટે જ અવતર્યા હતા! ગુરુ–પરંપરાના પૂર્ણ આશીર્વાદ સાથે શ્રમણ જીવનના શૈશવકાળથી જ શરૂ થયેલી તેઓશ્રીની શાસન રક્ષાની વિજય યાત્રા છેક અંતિમ પ્રવાસ સુધી વણથંભી ચાલુ રહી હતી. છેલ્લી કેટલીય સદીઓમાં તેઓશ્રી જેવી પ્રકૃષ્ટ પુણ્યાઇ, સર્વતોમુખી પ્રતિભા, ૭૮ વર્ષનો સંયમ પર્યાય, ૫૬ વર્ષ જેટલો આચાર્યપદ પર્યાય, જ્ઞાત સંખ્યા વટાવતો શિષ્ય પરીવાર, શાસન માટે પ્રાણાન્ત કષ્ટ વેઠવાની તૈયારી વગેરેનો સરવાળો ધરાવતી વિભૂતિએ દેખા દીધી નથી. આ પુણ્ય પુરુષની ચિર વિદાય બાદ તેઓશ્રીનો નિકટનો પરિચય ન ધરાવનારાઓ પણ સ્પષ્ટપણે તેઓશ્રીને બિરદાવતા કહે છે કે, **'તેઓશ્રીનું સમગ્ર જીવન સંઘર્ષમય વીત્યું છે, પણ તેઓશ્રીના અંતરમાં ક્યારેય સંઘર્ષ પેદા થયો ન હતો'** આવા સર્વ પરિસ્થિતિમાં નિર્લેપ અંતરે જીવનારા તેઓશ્રી અલૌકિક યોગીપુરુષ હતા. તો બીજી બાજુ ઘરોઘર અને જન–મન સુધી દીક્ષાનો નાદ ગૂંજતો કરવાના કારણે દીક્ષા યુગસર્જક યુગપુરુષ તરીકે પણ પ્રખ્યાત થયા હતા. તેઓશ્રી પોતાની સાથે પુણ્યાઇ, પ્રતિભા, વિદ્વત્તા વગેરે બધું લઇ ગયા છે. પરંતુ

તેઓશ્રી પોતાની પાછળ દુનિયાને **દાયકાઓના સંઘર્ષ બાદ સુરક્ષિત રાખેલ શાસ્ત્રીય-સત્યની ભેટ આપતા ગયા છે.** આ ભેટને ગૌરવભેર ભાળવી શકે તેવા સમર્થ શિષ્ય અને શ્રાવક–વર્ગને પણ તેઓશ્રી પોતાની પાછળ મૂકતા ગયા છે.

—શેઠ શ્રી ભો. ક. કોઠારી રીલીજીયસ ટ્રસ્ટ, ચંદનબાળા

પ્ર. 'પરમોચ્ચ પુણ્યનો પ્રભાવ કેવો હોઈ શકે ? પ્રકૃષ્ટ પુણ્યમાં પણ નિસ્પૃહતા કેવી રીતે રહી શકતી હોય છે ? તીર્થની પવિત્રતા માનવદેહમાં કઈ રીતે રહી શકે છે ? તો દર્શન માત્રથી આત્મશાન્તિ આપી શકે તેવી તેજસ્વિતા, એક જ વ્યક્તિમાં રહીને તમામ અનિષ્ટો કઈ રીતે રોકી શકે છે. આવી પ્રશ્ન પરંપરાનો ઉત્તર આપણને જેમના દર્શન માત્રથી મળી જતો–તે સંઘ સ્થવિર, પૂ પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજનાં જીવન પ્રસંગોને જોઈએ તો એક બળવાન પ્રભાવ આપણા અંતર પર થઈરાઈ જાય આ પ્રભાવ હેઠળ આપણે નિરાંતનો જ અનુભવ કરીએ કે 'આ છે ત્યાં સુધી શાસન માટે ચિંતા કરવાની જરૂર નથી. આ એક જ મહાવ્યક્તિ શાસ્ત્રીય સત્યોનું સમર્થન અને સંરક્ષણ કરવા સમર્થ છે.'

આજથી સાડા નવ દશક પૂર્વે વિ. સં. ૧૯૫૨માં ફાગણવદ ચોથનાં દિવસને પવિત્રતા આપીને પૃથ્વી પર પગ માંડનારા આ મહા પુરુષના માતાનું નામ સમરથબેન હતું. પિતાનું નામ શ્રી છોટાલાલ હતું.

દાદીમા રતનબાની છત્રછાયામાં ધર્મ સંસ્કારો પામીને ત્રિભુવન તરીકે સત્તર વરસ ગૃહસ્થ જીવન ગાળીને વિ. સં. ૧૯૬૯નાં પોષ સુદ તેરસના દિવસે સાગર કાંઠે આવેલા ગંધાર તીર્થે દીક્ષા લઈને આ મહાપુરુષ **'પૂજ્ય મુનિરાજ શ્રી રામ વિજયજી મહારાજ'** બન્યાં.

દીક્ષા પછીના બે ચાર વરસોમાં તો શાસ્ત્રીય પદાર્થોનું એમનું ચિંતન એટલી અદ્ભૂત કક્ષાએ પહોંચ્યું હતું કે જ્યારે એમણે દૈનિક પ્રવચનો આપવાં શરૂ કર્યા ત્યારે તેઓશ્રીના ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમ સૂરીશ્વરજી મહારાજા** (તે વખતે પૂ મુનિરાજ શ્રી પ્રેમવિજયજી) એ કહ્યું હતું કે 'આ મુનિશ્રીના પ્રવચનોનું સંસ્કૃત ભાષાન્તર થઈ જાય તો તો આગળ જતા.... એ ભાષાન્તર પણ શાસ્ત્રોની ગરજ સારશે... આ મહાપુરુષ માટે ત્યારે કહેવાતું કે એમના હોઠપર સરસ્વતી બિરાજે છે. એ પ્રવચનો આપતા ત્યારે શ્રોતાઓ અદ્રશ્ય પ્રવાહમાં તણાઈ જતાં, આપ્રવાહ કેઠળ એનેકોના અન્તરમાં ઘર મૂળથી પરિવર્તનો થઈ જતાં.

એમની પ્રખર પ્રવચન શકિતએ ત્યારે ચાલી રહેલો ભદ્રકાળીમાં થતો બોકડા વધ

બંધ કરાવ્યો તો વાછરડા વધ અને શ્વાન હિંસાને સમર્થન આપતા શ્રીમાન ગાંધીનાં અનેક અપૂર્ણ વિધાનોને જાહેરમાં ખોટા જાહેર કર્યા દેવદ્રવ્ય, બાલદીક્ષા વિ. જૈન સંઘને સ્પર્શતાં પ્રશ્નોમાં એમણે જૈન સમાજને સાચી દિશા બતાવી હતી. 'જન સેવામાં પ્રભુ સેવા' જેવા અશાસ્ત્રીય અને તમામ સમાજોને સ્પર્શતા પ્રશ્ને પણ આ મહાપુરૂષે જે હિંમતથી સાચી વાતનો બચાવ અને રક્ષણ સમર્થન કર્યા છે. તે ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાશે અને હીરા મોતીથી પૂજાશે.

વચન સિદ્ધ, મહાગીતાર્થ પૂ. મહોપાધ્યાયશ્રી **વીર વિજયજી મહારાજ**, સકલાગમ રહસ્ય વેદી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **દાનસૂરીશ્વરજી** મહારાજા, સિદ્ધાન્ત મહોદધિ પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની પૂજ્યતમ પટ્ટ-પરંપરામાં મુખ્ય સ્થાનને શોભાવીને વિ. સં. ૧૯૯૨માં આચાર્યપદ પર આરૂઢ થઇને પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** તરીકે આ મહાપુરુષે મહાન વટવૃક્ષની જેમ છેલ્લા કેટલાય વર્ષોથી જૈન સંઘને છાયા હેઠળ રાખ્યો. અને અશાસ્ત્રીયતા ધરાવતા મોટાભાગના પરિબળોથી જૈન સંઘને સાવચેત રાખ્યો હતો.

એમના જીવનમાં સત્યની સુરક્ષા માટેના સંઘર્ષો આવ્યા છે. આવેલા તમામ સંઘર્ષોને એકલવીર બનીને એમણે એકલે હાથે બાજુ પર ખસેડયા. અને શાસ્ત્રીય સત્યને જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે જાળવી રાખ્યું. આથી જ એમના નામે અનેક ઇતિહાસો સર્જાયા છે. એમની પાછળ હજારો નહિ પણ લાખો લોકો દોડતાં આવતા. છેલ્લે વિ. સં. ૨૦૪૭ અષાઢ વદ ચૌદશે પૂજ્યપાદશ્રીજીએ જ્યારે મહાસમાધિમાં લીન બની આ નશ્વર દેહ છોડયો. એ પૂર્વેના ચોવીશ કલાક જ હજારો લોકો પૂ.પાદશ્રીજીના દર્શન-વંદન માટે દેશ-પરદેશથી આવી પહોંચ્યા અને સ્વર્ગવાસ પછી લાખો લોકો આ શાસન શિરતાજ મહાપુરુષનાં અંતિમ દર્શન માટે અમદાવાદમાં ઉમટી પડયા હતા. પૂ. પાદશ્રીજીને જૈન સંઘ અને ધર્મપ્રેમી જૈનેતર સમાજ રોકાઓ સુધી યાદ કરશે. અને હંમેશ માટે પૂ. પાદશ્રીજીના આદર્શો નજર સમક્ષ રાખશે.

—શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ
પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી.

પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.
શ્રદ્ધાંજલી વિશેષાંક

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા-લાખાબાવળ દ્વારા પ્રગટ થનાર,
શ્રી શ્વેતાંબર જૈનોનાં ભારતભરના ઐતિહાસિક તથા બેનમુન ભવ્ય તીર્થો આદિના દર્શન માટે મંદિરો, તથા જિનબિંબોની પ્રતિકૃતિઓ અને ભવ્ય ઇતિહાસને રજુ કરતો.

શ્વેતાંબર જૈનો માટેનો અદ્વિતીય ગ્રંથ

શ્રી શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

(ભાગ ૧–૨)

મૂલ્ય રૂા. એક હજાર : શુભેચ્છક રૂા. ત્રણ હજાર

આ મહાન ગ્રંથની તપોમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકર્પૂર સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર હાલાર દેશોદ્ધારક પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ તૈયારીઓ થઇ રહી છે. આ ગ્રંથનું સંપાદન અને તીર્થ પરિચય વિગેરે ઐતિહાસિક આલેખન તેઓશ્રી કરી રહ્યા છે.

શ્વેતાંબર તીર્થોના ફોટા માહિતી મેળવવાનું કાર્ય ભાવિકોનું પ્રતિનિધિ મંડળ કરી રહેલ છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, રાજસ્થાન, બંગાળ, મધ્યપ્રદેશ, બિહાર, ઓરીસાનું કામ પૂર્ણ થયું છે તે ઉપરાંત બાકીના ભારતના રાજ્યોનું તેમજ ભારત સિવાયના દેશોમાંથી પણ આ કાર્ય થશે. આ રીતે શ્રી શ્વેતાંબર જૈનોના તીર્થોનું દર્શન પરિચય ઘેર બેઠા પ્રાપ્ત થશે. અને જેમણે આ તારક તીર્થોની યાત્રાર્થે માટે જવું હશે. તેમને આ ગ્રંથ ભોમીયાની જેમ સહાયક બનશે. દરેક રાજ્યના જૈન તીર્થો અને જૈન નગરોના માર્ગ માટેના રસ્તાઓના નકશા પણ તેમને ઉપયોગી બનશે.

અત્યારથી તેનું મૂલ્ય નક્કી કરવું કઠીન છે. પરંતુ બને તેટલું ઓછુ મુલ્ય રહી શકે તે માટે તથા તેની ભૂમિકાના ખર્ચને પહોંચી વળવા માટે એક પેજના શુભેચ્છક તરીકે લાભ લઇ શકાય તેવી યોજના નકી કરી છે.

૧. આ ગ્રંથ આર્ટ પેપરમાં બે ભાગમાં પ્રગટ થશે. મૂલ્ય રૂા. એક હજાર છે.

૨. ગુજરાતીમાં પ્રગટ થશે પછી બીજી ભાષાઓમાં પ્રગટ કરવા ભાવના છે.

૩. હાલ ગુજરાતીમાં પ્રગટ થાય છે તેના એક પેજના શુભેચ્છકના રૂા. ૩૦૦૦ છે. અને શુભેચ્છકનું નામ એક પેજમાં નીચે એક લીટીમાં છપાશે ને તેમને એક નકલ ભેટ અપાશે. આઠ પેપરમાં આ ગ્રંથની ત્રણ હજાર નકલો ગુજરાતીમાં છપાશે.

એક પેજ શુભેચ્છકનો બે ભાવિકો સાથે મળીને પણ લઇ શકશે. સુખી ઉદાર ભાવિકો ૫–૧૦ પેજનાં શુભેચ્છક બની લાભ લે તે ઉત્તમ પ્રેરણા રૂપ ગણાશે. જ્ઞાનખાતાથી ગ્રાહક થઇ શકાશે. પરંતુ શુભેચ્છક બની શકશે નહિ.

૪. અમારી ભાવના ૨૦૪૮ દિવાળી સુધીમાં પ્રથમ ભાગ પ્રગટ કરવાની છે.

૫. આપ તથા આપના વર્તુલમાં શુભેચ્છક નોંધાવી તથા ગ્રાહક બની બનાવી સહકાર આપશો એવી નમ્ર વિનંતિ છે.

શુભેચ્છક તથા ગ્રાહકના નામ નોંધાવવાના તથા રકમ મોકલવાના સરનામાં
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાભાવળ)

C/O. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર (સૌરાષ્ટ્ર) ઇન્ડિયા.
એ નામના ડ્રાફ્ટ એક વિગેરે અગર રોકડા રૂબરૂ નીચેના સરનામે આપી શકાશે.

૧. મહેતા ભગનલાલ ચત્રભૂજ શાક માર્કેટ સામે, જામનગર
૨. શાહ કાનજી હીરજીની કું., ૫ ગ્રેન માર્કેટ, જામનગર ફોન ૭૮૭૯૬
૩. શાહ પ્રેમચંદ ભારમલ દોઢીયા ધર્મેશ્વર બિલ્ડીંગ ૬૫/૬૯ ટી એચ કે માર્ગ માટુંગા બી. બી. મુંબઇ—૧૬ ફોન : ૪૩૦૪૫૮૫
૪. શ્રી ગુલાબચંદ પુનમચંદ શાહ ઘારે સલામ
૫. શાહ મેઘજી વીરજી નાઇરોબી
૬. શાહ રતિલાલ દેવચંદ ગુઢકા લંડન
૭. શ્રી મોતીચંદ એસ. શાહ ,,
૮. ,, જયુભાઇ એમ. વીરજીયા ,,
૯. ,, દિલિપભાઇ એચ. શાહ ૨૫ ૯ ચાંદાવાડી સોનારીકા ત્રીજે માળે, સી. પી. ટેંક મુંબઇ—૪ ફોન : ૩૩૬૮૨૨
૧૦ શ્રી પ્રેમચંદ મેઘજી ગુઢકા ૩–૩૮/૩૯ શેઠે બિલ્ડીંગ ન્યુ પુનાવાલા રાલ જે. બી. રોડ પરેલ મુંબઇ—૧૨ ફોન ૪૧૨૨૮૨૯

૧૧. શ્રી પ્રવિણચંદ્ર ગંભીરદાસ શેઠ ૧૨ મોતીભાઇ ચાલ મામલતદાર વાડી
મલાડ–વેસ્ટ Dio. ભારતી ટ્રેડર્સ ૨૦૯ કાપડ શેઠી અગ્યારી લેન મુંબઇ–૨

૧૨. શાહ મગનલાલ લક્ષ્મણ આર્ટ નવાપાડા મહાત્મા ગાંધી રોડ પારસ મણિ
થાણા (મહારાષ્ટ્ર) ફોન : ૫૦૧૪૨૪ રેસી. ૫૦૧૪૧૩

૧૩. શ્રી ભરતભાઇ ગેલકસી પિન્ટર્સ ઢેબર રોડ, રાજકોટ ફોન : ૨૭૩૩૪

૧૪. ,, મુકુંદભાઇ રમણલાલ શાહ C/o. ધરતી ટેક્ષ ટાઇલ્સ
૨ વૃંદાવન શોપીંગ સેન્ટર પાનકોર નાકા અમદાવાદ–૧
ફોન : ૩૫૭૯૬૯ રેસી. : ૪૧૪૨૪૨

૧૫. મહાવીર સ્ટોર્સ હઃ જયંતિલાલભાઇ ગાંધી રોડ કુવારા બજાર, અમદાવાદ
ફોન : ઓ. ૩૪૦૨૯૧

૧૬. શાહ લાલજી પદમશી ગુઢકા ૬૧૯ K. Second Block Rajaji Nagar
36, Groos બેંગ્લોર–૧૦

૧૭. શાહ મનસુખલાલ વીઠલજી ૫૭–૫૯ વ્યાસ ભવન, ગુલાબ વાડી, મુંબઇ–૪
ફોન : ૩૨૬૫૮૭

૧૮. શ્રી છોટાલાલ દેવચંદ મહેતા વેકુંઠ ૪૩–મદન મોહન માલવી
ભવાનીપુર કલકત્તા–૨૦

૧૯. શ્રી પ્રકાશ કુમાર અમૃતલાલ દોશી ૧૭–૧૩ જયરાજ પ્લોટ રાજકોટ.

૨૦. શાહ ડાયાલાલ મુલચંદ ૧૪/૧૬–૭ મી ખેતવાડી લક્ષ્મી પન્નાલાલ બિલ્ડીંગ
ત્રીજે માળે ફ્લેટ નં. ૮ મુંબઇ–૪ ફોન : ૩૬૩૭૭૧

૨૧. છન્નાલાલ બી. શાહ રીટા મેટલ ઇન્ડસ્ટ્રીઝ ૨૨–૨૪ અનંત વાડી ભાસ્કર લેન
રતનજી જીવરાજ બિલ્ડીંગ ગોદાઉન ૧૯ મુંબઇ–૨
ફોન : F. : ૩૧૩૨૨૮ R. : ૪૫૪૮૧૮૦

તા. ૧૫–૮–૯૨
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)
INDIA

લિ.
મહેતા મગનલાલ ચત્રભુજ
શાહ કાનજી હીરજી
શાહ દેવચંદ પદમશી ગુઢકા

શ્રી શ્વેતાંબર જૈન તીર્થદર્શન

ભાગ ૧ લામાં આવનારા તીર્થો આદિની યાદી.

(૧) ભાવનગર જીલ્લો–૧ શત્રુંજય મહાતીર્થ, ૨ કમળગિરિતીર્થ, ૩ તાલધ્વજગિરિ તીર્થ, ૪ હસ્તગિરિ તીર્થ, ૫ શત્રુંજય ડેમ તીર્થ, ૬ ભાવનગર, ૭ ઘોઘા તીર્થ, ૮ દાહા તીર્થ, ૯ વરતેજ, ૧૦ મહુવા, ૧૧ સાવરકુંડલા, ૧૨ કીર્તિધામ–પીપરલા તીર્થ, ૧૩ શિહોર, ૧૪ ધોળા જંકશન, ૧૫ વલભીપુર, ૧૬ કારીયાણી, ૧૭ બોટાદ.

(૨) જુનાગઢ જીલ્લો–૧૮ શ્રી ગીરનાર તીર્થ. ૧૯ સોરઠ વંથલી, ૨૦ આદ્રી, ૨૧ ચોરવાડ, ૨૨ માંગરોળ, ૨૩ વેરાવળ, ૨૪ પ્રભાસ પાટણ તીર્થ, ૨૫ દીવ, ૨૬ અજાહરા તીર્થ, ૨૭ દેલવાડા તીર્થ, ૨૮ ઉના.

(૩) અમરેલી જીલ્લો–૨૯ અમરેલી, ૩૦ બાબરા, ૩૧ લાઠી,

(૪) રાજકોટ જીલ્લો–૩૨ રાજકોટ, ૩૩ જેતપુર, ૩૪ ધોરાજી, ૩૫ જામ–કંડોરણા, ૩૬ વીંછીયા, ૩૭ પડધરી, ૩૮ વાંકાનેર, ૩૯ મોરબી, ૪૦ બેલા.

(૫) જામનગર જીલ્લો–૪૧ જામનગર, ૪૨ ધ્રુવાંવ, ૪૩ અલીયાબાડા, ૪૪ જામ વંથલી, ૪૫ ધ્રોળ, ૪૬ જોડીયા, ૪૭ આમરણ, ૪૮ મોટા વડાલા, ૪૯ કાલાવડ, ૫૦ મોટી ભલસાણ તીર્થ, ૫૧ ચેલા, ૫૨ ડબાસંગ, ૫૩ શેતાલુંશ, ૫૪ લાલપુર, ૫૫ જામ–ભાણવડ, ૫૬ પોરબંદર, ૫૭ બરેજા તીર્થ, ૫૮ જામ–ખંભાલીયા, ૫૯ નવું હરિપર, ૬૦ ગોઇંજ, ૬૧ નાના માંઢા, ૬૨ મોટા માંઢા, ૬૩ દાંતા, ૬૪ આરાધના ધામ–હાલાર તીર્થ, ૬૫ વડાલીઆ સિંહણ, ૬૬ કાકાભાઈ સિંહણ, ૬૭ રાસંગપુર, ૬૮ મોડપર તીર્થ, ૬૯ પડાણા, ૭૦ ગાગવા, ૭૧ મુંગણી, ૭૨ સીકા, ૭૩ મોટી ખાવડી, ૭૪ નવ ગામ–જૈનપુરી, ૭૫ વસઇ, ૭૬ રાવલસર, ૭૭ લાખાબાવળ–શાંતિપુરી, ૭૮ નાઘેડી.

(૬) સુરેન્દ્રનગર જિલ્લો–૭૯ સુરેન્દ્રનગર, ૮૪ વઢવાણ શહેર, ૮૫ શિયાણી તીર્થ, ૮૬ લીંબડી, ૮૭ ચુડા, ૮૮ ડોળીયા–નેમીશ્વર તીર્થ, ૮૯ થાન, ૯૦ ધ્રાંગધ્રા ૯૧ હળવદ, ૯૨ બજાણા, ૯૩ ઉપરીયાળા તીર્થ, ૯૪ પાટડી, ૯૫ જૈનાબાદ, ૯૬ દશાડા, ૯૭ વડગામ

(૭) કચ્છ જિલ્લો–૯૮ ભદ્રેશ્વર તીર્થ, ૯૯ મુંદ્રા, ૧૦૦ ભુજપુર, ૧૦૧ મોટી ખાખર, ૧૦૨ નાની ખાખર, ૧૦૩ માંડવી, ૧૦૪ સાંધણ, ૧૦૫ સુથરી, ૧૦૬ કોઠારા ૧૦૭ તેરા, ૧૦૮ નલીયા, ૧૦૯ જખૌ, ૧૧૦ ભુજ, ૧૧૧ વડાલા, ૧૧૨ અંજાર, ૧૧૩ ભચાઉ, ૧૧૪ કટારીયા તીર્થ, ૧૧૫ લાકડીયા, ૧૧૬ પલાંસવા.

(૮) બનાસકાંઠા જિલ્લો–૧૧૭ સાંતલપુર, ૧૧૮ રાધનપુર, ૧૧૯ ભીલડીયાજી તીર્થ, ૧૨૦ ડીસા, ૧૨૧ ત્રણી તીર્થ, ૧૨૨ પાલણપુર, ૧૨૩ દાંતા, ૧૨૪ વાવ, ૧૨૫ થરા, ૧૨૬ ખીમત, ૧૨૭ પાંથાવાડા, ૧૨૮ ધાનેરા, ૧૨૯ ડુવા, ૧૩૦ થરાદ, ૧૩૧ ઢીમા, ૧૩૨ ભોરોલ તીર્થ, ૧૩૩ કુંભારીયાજી.

૯. મહેસાણા જિલ્લો : ૧૩૪ કંબોઇ તીર્થ, ૧૩૫ હારીજ, ૧૩૬ વિજાપુર, ૧૩૭ આગરોડ, ૧૩૮ મેઢેરા, ૧૩૯ મહેસાણા સીમંધર તીર્થ, ૧૪૦ ગાંભુ તીર્થ, ૧૪૧ ધીણોજ, ૧૪૨ ચાણસ્મા, ૩૫પુર તીર્થ, ૧૪૩ પાટણ પંચાસરા તીર્થ, ૧૪૪ ચારૂપ તીર્થ, ૧૪૫ મેત્રાણા તીર્થ, ૧૪૬ સિદ્ધપુર, ૧૪૭ તારંગાતીર્થ, ૧૪૮ વડનગર, ૧૪૯ વીસનગર, ૧૫૦ ઉંઝા, ૧૫૧ વાલમ તીર્થ, ૧૫૨ શંખલપુર, ૧૫૩ કડી, ૧૫૪ કલોલ, ૧૫૫ લોલાડા, ૧૫૬ મુંજપુર, ૧૫૭ શંખેશ્વર તીર્થ, ૧૫૮ પંચાસર, ૧૫૯ રાંતેજ તીર્થ, ૧૬૦ લોંથાણી તીર્થ, ૧૬૧ વામજ તીર્થ, ૧૬૨ શેરીશા તીર્થ, ૧૬૩ પાનસર તીર્થ, ૧૬૪ નંદાસણ તીર્થ.

૧૦. સાબરકાંઠા જિલ્લો : ૧૬૫ હિંમતનગર. ૧૬૬ ટીંટોઇ. ૧૬૭ પોશીના તીર્થ. ૧૬૮ ઇડર તીર્થ. ૧૬૯ વડાલી. ૧૭૦ એક બ્રહ્મા

૧૧. ગાંધીનગર જિલ્લો : ૧૭૧ ગાંધીનગર. ૧૭૨ કોબા.

૧૨. અમદાવાદ જિલ્લો : ૧૭૩ અમદાવાદ હઠીસીંગાદિ. ૧૭૪ થલતેજ તીર્થ ૧૭૫ સરખેજ તીર્થ. ૧૭૬ બાવળા. ૧૭૭ બાવળા સાવત્થિ તીર્થ. ૧૭૮ ધોળકા કલિકુંડ તીર્થ. ૧૭૯ બારેજા ૧૮૦ બરવાળા. ૧૮૧ રાણપુર. ૧૮૧ અલાઉ. ૧૮૨ ધંધુકા. ૧૮૩ વીરમગામ. ૧૮૪ માંડલ.

૧૩. ખેડા જિલ્લો : ૧૮૫ ખેડા. ૧૮૬ માતર તીર્થ. ૧૮૭ સોજીત્રા. ૧૮૮ તારાપુર. ૧૮૯ નાર. ૧૯૦ ખંભાત સ્થંભન તીર્થ. ૧૯૧ બોરસદ. ૧૯૨ ઉમેટા. ૧૯૩ આંત્રોલી. ૧૯૪ આણંદ. ૧૯૫ નડીયાદ. ૧૯૫ કપડવંજ.

૧૪. પંચમહાલ જિલ્લો : ૧૯૭ ગોધરા. ૧૯૮ પરોલી તીર્થ. ૧૯૯ પાવાગઢ તીર્થ. ૨૦૦ હાલોલ.

૧૫. વડોદરા જિલ્લો : ૨૦૧ વડોદરા. ૨૦૨ છાણી. ૨૦૩ પાદરા. ૨૦૪ કરજણ ૨૦૫ મિયાં ગામ. ૨૦૬. ડોડેલી. ૨૦૭ ડભોઇ.

૧૬. ભરૂચ જિલ્લો : ૨૦૮ કાવી તીર્થ. ૨૦૯ જંબૂસર તીર્થ. ૨૧૦ ગાંધાર ૨૧૧ વણછરા તીર્થ ૨૧૨ કહેજ તીર્થ. ૨૧૩ વેજલપુર. ૨૧૪ ભરુચ સમળી વિહાર ૨૧૫ અંકલેશ્વર. ૨૧૬ ઝઘડીયાજી તીર્થ. ૨૧૭ નીકોરા તીર્થ. ૨૧૮ રાજપીપળા. ૨૧૮ શુકલ તીર્થ.

૧૭. સુરત જિલ્લો : ૨૧૯ સુરત. ૨૨૦ રાંદેરતીર્થ. ૨૨૧ માંગરોળ. ૨૨૨ માંડવી. ૨૨૩ બારડોલી.

૧૮. વલસાડ જિલ્લો : ૨૨૪ નવસારી. ૨૨૫ તપોવન. ૨૨૬ બીલીમોરા. ૨૨૭ વલસાડ. ૨૨૮ ઉદવાડા. ૨૨૯ બગવાડા. ૨૩૦ વાપી. ૨૩૧ અછારી. ૨૩૨ દમણ.

રાજસ્થાન રાજ્ય

૧ જીરાવાલા તીર્થ, ૨ મુંગથલા તીર્થ, ૩ રેવદર, ૪ વરમાણ તીર્થ, ૫ ગુલાબગંજ, ૬ સિરોડી, ૭ મીરપુર તીર્થ, ૮ સિરેહી, ૯ બામણવાડાજી તીર્થ, ૧૦ વીરવાડા તીર્થ, ૧૧ નાંદીયા તીર્થ, ૧૨ મેજરા તીર્થ, ૧૩ પેસવા તીર્થ, ૧૪ અજારી તીર્થ, ૧૫ નાણા, ૧૬ બેડા, ૧૭ જુના બેડા, ૧૮ બીજાપુર, ૧૯ હથુંડી તીર્થ, ૨૦ સેવાડી, ૨૧ લુણાવા, ૨૨ સેસલી, ૨૩ બોથા, ૨૪ બાલી, ૨૫ મુંડારા તીર્થ,

૨૬ સાદડી, ૨૭ મુચ્છાળા મહાવીર, ૨૮ ઘાણેરાવ, ૨૯ રાજનગર, ૩૦ રાણકપુર, ૩૧ સાપરા, ૩૨ મજાવડી, ૩૩ ગોગુંદા, ૩૪ ઇસરાલ, ૩૫ ઉદયપુર, ૩૬ અયડ, ૩૭ સવિના, ૩૮ ભોપાલસાગર, ૪૧ કરેડા, ૪૨ કેશરીયાજી, ૪૩ ચિતોડ ગઢ, ૪૪ પલાના, ૪૫ દેલવાડા (ઉદયપુર), ૪૬ એકલીંગજી, ૪૭ ખમનોર, ૪૮ કાંકોલી, ૪૯ કેલ્વા, ૫૦ દેસુરી

૫૧ નાડલાઇ, ૫૨ નાડોલ, ૫૩ વરકાણા, ૫૫ વિજોવા, ૫૫ રાણી, ૫૬ બીમેલ, ૫૭ ફાલના, ૫૮ પૂડાલા, ૫૯ સાંડેરાવ, ૬૦ તખતગઢ, ૬૧ ઉમેદપુર, ૬૨ આહોર, ૬૪ જાલોર, ૬૫ શિવાના, ૬૬ બાલોતરા, ૬૭ જસોલ, ૬૮ બાડમેર, ૬૯ જેસલમેર, ૭૦ બ્રહ્મસર, ૭૧ લોદ્રવપુર, ૭૨ અમરસર ૭૩ પોકરણ ૭૪ ફલોધી ૭૫ બીકાનેર

૭૬ ગોગેલાવ, ૭૭ મેડતા સીટી, ૭૮ મેડતા રોડ, ૭૯ ભાવડી, ૮૦ ઓસીયા, ૮૧ ગાગાણી, ૮૨ જોધપુર, ૮૩ મંડોર, ૮૪ કામરડાજી, ૮૫ પાલી, ૮૬ દત્તાણી, ૮૭ ધવલી, ૮૮ દબાણી, ૮૯ મુંગથલા, ૯૦ ઓર, ૯૧ ભારણા, ૯૨ દેલંદર, ૯૩ ભીમાના, ૯૪ રોહિડા, ૯૫ ભાવરિ, ૯૬ નિતોડા, ૯૭ દિયાણા, ૯૮ લોટાણા, ૯૯ લાજ, ૧૦૦ ધનાણી.

૧૦૧ બાલદા, ૧૦૨ ઉથમણ, ૧૦૩, ગોહિલી, ૧૦૪ કોરટાજી, ૧૦૫ મેગનારવી, ૧૦૬ જાકોડા, ૧૦૭ ખીવાન્દી, ૧૦૮ બ્યાવર, ૧૦૯ અજમેર, ૧૧૦ જયપુર, ૧૧૧ અલવટ, ૧૧૨ આમેટ, ૧૧૩ ભાંડવપુર, ૧૧૪ ભીલમાળ, ૧૧૫ સાચોર, ૧૧૬ વડગામ, ૧૧૭ મંડાર,

પરદેશ :— ૧૧૮ નાઈરોબી, (કેન્યા) ૧૧૯ મોંબાસા, (કેન્યા) ૧૨૦ થીકા, ૧૨૧ કોબા (જાપાન) પરદેશના ફોટા હજી આવશે તે મુજબ લેવાશે.

ગુજરાત રાજસ્થાનના તીર્થોનો આ પ્રથમ ભાગ છે.

બીજા ભાગમાં ૧. ઉત્તર પ્રદેશ ૨. બિહાર ૩. પશ્ચિમ બંગાળ ૪. ઓરિસ્સા ૫. પંજાબ ૬. હરિયાણા ૭. કાશ્મીર ૮. દિલ્હી ૯. મધ્યપ્રદેશ ૧૦. મહારાષ્ટ્ર ૧૧. કર્ણાટક ૧૨. આંધ્ર ૧૩. તામીલનાડુ ૧૪. કેરાળાના તીર્થો આવશે તેમાં દક્ષિણના રાજ્યોના તીર્થોની માહિતી માટે ૨૦૪૮ પંજુસણ પછી જશે.

બીજા ભાગ અંગેની જાહેરાત તેની પૂર્વ તૈયારી થયેથી થશે.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

ઠે: શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌ.)

પ. પૂ. ગચ્છાધિપતિશ્રી પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ચરણ કમલનાં કોટાનુકોટિ વંદના !

પૂ. સાહેબજીના પ્રત્યક્ષ અનુભવની વાત જ્યારે લખવાની આવે છે ત્યારે અનેરો આનંદ થાય છે. તેઓ પૂ.શ્રીના અનેકાનેક ગુણોમાં શાસ્ત્ર અને સિદ્ધાંતની વાત તો ખૂબ જાણીતી છે. પણ મારે જે અનુભવ સિદ્ધ વાત કરવી છે તે પૂ. સાહેબજીની ધીરતા, ગંભીરતા અને દીર્ઘદૃષ્ટિપણાની.

સં. ૨૦૪૧ ની સાલમાં પૂજ્ય આચાર્યભગવંતશ્રીજીનું અમદાવાદ લક્ષ્મી વર્ધકના ઉપાશ્રયમાં ચોમાસું થયું.

એ જ સમય ગાળામાં શાસનના જ કહેવાતાઓએ, 'સંઘએકતા'ના નામે પૂ. ગચ્છાધિપતિશ્રીજીને એકલા પાડવા માટેના દાવપેચ ખેલવાના શરૂ કર્યા. માત્ર પોતાની મોટાઈ ખાતર શાસ્ત્ર અને સિદ્ધાંતનો નાશ કરનારા પ્રચંડ વાદળોનો ગડગડાટ થવા લાગ્યો. (દુનિયામાં પણ કહેવાય છે કે 'ગાજ્યા મેઘ વરસે નહિ') સંઘની એકતા અને શાંતિના

દીર્ઘ દર્શિતા

—શા. અનુભાઇ નગીનદાસ અમદાવાદ—૧

નામે, શાસ્ત્રીય સિદ્ધાંતને નેવે મૂકીને જુદા જુદા ઠરાવો લઇને પૂજ્યશ્રીજી પાસે વચ્ચેટિયાઓ આવવા લાગ્યા. સાથે સાથે ગર્ભિત ધમકી પણ આપવા લાગ્યા કે' આપ જો આમાં સહમત નહિ થાવ તો આપ એકલા પડી જશો.' એકલા પડી જવાની વાતો સાંભળીને સાહેબજીની સદા સાથે રહેનારા (માત્ર રહેતારા પણ...) સાધુઓ અને શ્રાવકો પણ ગભરાઇ ગયા અને સાહેબજીને સમજાવવા ગયા કે-'સાહેબજી ! જો આપણે અ બધાની સાથે સહમત નહિ થઇએ તો આપણે એકલા પડી જઇશું. શાસનરસિકોને તો દુઃખ થાય જ પણ સાહેબજીના મનમાં ય શું હશે તે જ્ઞાની જાણે ! અને જ્યારે જ્યારે પૂજ્યશ્રીજીને સમજાવવાની કોશિશ કરવા માંડ્યા ત્યારે પૂજ્યશ્રીજીએ જે ખુમારીથી કહેલું તે દૃશ્ય આજે પણ આંખ સામે આવતા અશ્રુનયને નત મસ્તક બની જવાય છે. કહ્યું કે-"**તમારે બધાને અહોદયને પણ-જવું હોય તો જઇ શકો છો.**" પછી વધુમાં દાંડો અને તરપણી તરફ ૨ ગૂ નિર્દેશ કરતાં કહ્યું કે-'**મારી પાસે આ દાંડો અને તરપીણુ છે. હજી પણ હું મારી રીતે ગોચરી-પાણી લાવી શકું છું.**' આ સાંભળીને અમને જે રોમાંચ થયેલો તેનું વર્ણન થાય તેમ નથી ! સિંહ આખરે સિંહ

હોય છે. તે મરી જાય પણ કદી ઘાસ ન ખાય. આવા સંયોગોમાં તો પૂજ્યશ્રીજીને સાથ આપવાની વાત તો બાજુમાં રહી પણ સાહેબજીને નબળા પાડવાની વાત થતી તેથી હૈયામાં સખત વેદના થતી કે, ખરેખર ! શું થશે ? પણ **શાસ્ત્રીય સત્ય સિદ્ધાંતોને નેવે મૂકે તે રામ બીજા, આ નહિ જ !**

પછી તો સાહેબજીએ પણ સંઘ શાંતિ એકતા માટે જે મુસદ્દો ઘડી આપ્યો તે જોતો જ મફતલાલ પંડિત ધુવાંકુવાં થઇ ગયા અને ગુસ્સેથી નીચે નાખી દીધો. તે પૂજ્યશ્રીનું નહિ પણ અનંતા શ્રી અરિહંત પરમાત્માની તારક આજ્ઞાનું અપમાન હતું પણ 'શાંતિદૂતો'ને આ બધી વાત સમજાય ખરી ! કદાચ સમજતા હોય તો પણ...!

તે ચોમાસા પછી પૂજ્યશ્રીજીએ મુંબઇ તરફ વિહાર કર્યો અને ૨૦૪૨ ની પોષ સુદિ–૧૩ ની પૂજ્યશ્રીજીની દીક્ષા તિથિની ઉજવણી પાદરામાં જ ઉજવવાની નક્કી કરાઇ.

અને સમાધાનવાદીઓએ આ સાત્ત્વિક શિરોમણિની જાણે પરીક્ષા ન કરતા હોય તો તે જ દિવસે પો. સુ. ૧૨ ના ઘડેલો પટ્ટક જે ૨૦૪૨ ના પટ્ટક' તરીકે પ્રખ્યાત થયેલો તેની દૈનિક પેપરમાં જાહેરાત કરી. તે પટ્ટકમાં બીજા બીજા સમુદાયના ઘણા આચાર્ય ભગવંતો ઉપરાંત પૂ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પણ આચાર્ય ભગવંતે તથા આજ સુધી સાચી તિથિની આચરણા આરાધના કરનારા આચાર્ય ભગવંતોએ પણ સહી કરી. ખરેખર વિચારીએ તો સત્યમાર્ગના જે જે આરાધકોએ તે ૨૦૪૨ ના પટ્ટકમાં સહી કરી તેમને પોતાના કાંડા પોતાના હાથે જ કાપી નાખ્યા અર્થાત્ સમુદાય સાથેનો છેડો જાતે જ ફાડી નાખ્યો. આ તો સાહેબજીની ઉદારતા માટે દોઢ વર્ષ રાહ જોઇ.

૨૦૪૨ ના પટ્ટકની દૈનિક પેપરોમાંની જાહેરાત જોતા પાદરામાં દીક્ષા તિથિની ઉજવ નિમિત્તે લેવા થયેલા શ્રાવકો ધુંઆકુંઆ થઇ ગયા. બધા અંદરોઅંદર ચર્ચા વિચારણા કરવા લાગ્યા. પણ જ્યાં પૂજ્યશ્રીજી મંડપમાં પ્રવેશ્યા અને બધાએ જોયું કે–એ જ સ્વસ્થતા–પ્રસન્નતા મુખ ઉપર ઝગમગતી હતી. મંગલાચરણ ફરમાવ્યા બાદ સાહેબજીએ કહ્યું કે–'આ પટ્ટક અંગે કોઇએ કાંઇ બોલવું નહિ કે લખવું નહિ. કોઇએ અકળાવવાની જરૂર નથી, જરૂર પડે બધું જ કરીશું.'

જાણે કે આ પટ્ટકની સાહેબજીના મન ઉપર જ અસર જણાતી ન હતી. સમસ્ત સભા સાહેબજીની આ સ્વસ્થતા અને ધીરતા જોઇને આશ્ચર્ય ચકિત બની ગઇ.

બપોરના સમયે હું મારા બે–ત્રણ સાથીદારો સાથે પૂજ્યશ્રીજીને મળવા ગયો. વંદનાદિ કરી અમોએ પટ્ટક અંગેની વાત–ચીત કરી ત્યારે પણ સાહેબજીએ કહ્યું કે–

'તમો કોઇ અકળામણ કરશો નહિ. આ પટ્ટકમાં સહી કરનારા મૂર્ખ ઠરશે અને કેટલાકને તો તેમાંથી સહી પાછી ખેંચવી પડશે.'

સાહેબજીના આ વચનો કેટલાં સત્ય પૂરવાર થયા તે આપણે સહુએ થોડા જ વખતમાં અનુભવ્યું. આ વાત ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે–સાહેબજી કેટલા બધા **દૂરંદેશ દૃષ્ટા અને વચન સિદ્ધ પુરુષ** હતા.

આ વાતચીત દરમ્યાન અમોએ સાહેબજીને કહ્યું કે–સાહેબજી જ્યારે પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના એટલે કે આપના ગુરુભાઇઓએ પણ આમાં સહી કરીને સ્વયં રીતે સં. ૨૦૨૦ ના પટ્ટકનો ભંગ કરેલ છે. તો હવે આપણે શા માટે ચૌદશની સાચી આરાધનાના માર્ગે ન આવવું ?' ત્યારે સાહેબજીએ કહેલું કે–**'આ વાત પણ મારા ખ્યાલમાં છે અને અવસરે આપણે તેની જાહેરાત પણ કરીશું.'** અને પૂજ્યશ્રીજીએ તેની જાહેરાત ૨૦૪૬ માં કરી અને અમલ ૨૦૪૭ થી શરૂ પણ કર્યો અને આપણને સહુને માટે સાચો તિથિનો માર્ગ ખૂલ્લો મૂકતા ગયા અને સ્વયં પણ સાચી આરાધના કરતા ગયા.

આપણે સહુ શાસન દેવને પ્રાર્થના કરીએ કે–પૂજ્યશ્રીજી જ્યાં હોય ત્યાંથી ચતુર્વિધ શ્રી સંઘ ઉપર એવા આશીર્વાદ વરસાવે કે સહુ શાસન અને સિદ્ધાન્તમાં વફાદાર બની રહે.

---

૦ લોકના હૈયામાં આજે ભોગની અને પરિગ્રહની ભૂખ એટલી બધી વધી જવા પામી છે કે– ચોગરદમ વાતો શાન્તિની ચાલે છે ને નોબતો યુદ્ધની સંભળાય છે, સારામાં સારા ગણાતા દેશની હાલત પણ ભૂંડી થઇ પડી છે. પણ એમાં નવાઇ પામવા જેવું કાંઇ નથી. જેમ જેમ ભોગની ને પરિગ્રહની ભૂખ વધે, તેમ તેમ શાંતિ ભાગે. એના ચોગમાં જ સુખ માનો, એટલે એની ભુખ જાગે અને પછી શાંતિ મળે એ બને નહિ. તમે એમ ધારો છો કે–ઘણી ભોગ સામગ્રીમાં, મોટી મોટી મહેલાતોમાં, ફેશનેબલ ફરનીચરથી લદાયેલા બંગલાઓમાં શાંતિ છે ? નહિ જ. ત્યારે શાન્તિ ક્યાં છે ? સાચી શાન્તિ તો અહીં જ છે. ભોગની અને પરિગ્રહની ભુખ જાય તો કાંઇક શાંતિ મળે અને એની ભુખ જવા સાથે એનો સંગ પણ જાય તો ઘણી શાંતિ મળે.

—રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ—પહેલો ભાગ

શ્રદ્ધાંજલિ

પૂજ્ય આચાર્ય ભગવંત નાં ગુણ ગાતાં એક કવિએ કહ્યું છે કે; ગંગા નદીમાં માણસો પોતાનાં પાપ ધોવા સ્નાન કરે છે. તેમાં માણસોનાં પાપ એમના ધર્મનાં સિધ્ધાંત મુજબ નાશ પામતા હશે ! પણ ગંગા નદી કહે છે કે; આટલા મનુષ્યોએ સ્નાન કરી કરીને ભલે પોતાનાં પાપ ધોયાં પરંતુ હું તો મેલી થઈ ગઇ છું, મને કોણ પવિત્ર બનાવે ?

જવાબમાં આ કવિ કહે છે કે; જો આ મહાન યોગી ગંગાકીનારે ઉભા રહે અને એનાં ચરણકમળને ગંગા નદીની પાણીની છોડ ઉડે તો ગંગા નદી પવિત્ર થઇ જાય.

ત્યારે શુદ્ધ સિધ્ધાંત સમર્પીત સંત શીરોમણી આ કવિને કંઇ કહેતા નથી પરંતુ મનોમન વિચારે છે કે, પરમાત્માનો સિદ્ધાંત મૂકીને એટલે કે અમારો આચાર મુકીને અમો બીજાનું ભલું કરવા જઈએ તો અમે પાપથી દોષિત છીએ. દ્રઢ માન્યતા આ પૂ. સંતમાં રગેરગમાં વ્યાપ્ત હતી.

કવિની આ કલ્પનાથી આ યોગીની કેટલી મહાનતા છે એ કહ્યો, પણ છતાં એ મહાનતા જો સિદ્ધાંત છોડીને મળતી હોય તો ન જોઈએ એ પૂ આચાર્ય ભગવંતની ધર્મમય સિદ્ધાંત–નિષ્ઠા કેટલી જોરદાર છે એ કહ્યો.

'જબ તક સુરજ ચાંદ રહેગા તબતક રામ તેરા નામ રહેગા'

નોંધ :– પૂ. આચાર્ય ભગવંત તેઓનાં મુંબઇમાં છેલ્લા વિહારમાં રાનપૂરી મલાડ મધ્યે પધારતાં સામૈયુ મારા તરફથી થયેલ ત્યારે ઉપરોકત ગુણાનુવાદ આ જ શબ્દોથી શ્રી મનુભાઇ ગઢવીએ કહેલ.

—પ્રાણલાલ છગનલાલ શેઠ મલાડ

જૈન શાસનને અભિનંદન

પાંચમાં વર્ષમાં પ્રવેશ વખતે અભિનંદન. પ. પૂ. આચાર્ય દેવેશશ્રીન મોક્ષ પ્રધાન લેખો પ્રવચનો, નીડર લેખક શ્રી પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના લેખો ખરેખર અદ્ભૂત હોય છે. સમજ આપી માર્ગમાં સ્થિર કરવા આ કાળમાં અમૃતનું કામ કરે છે, જૈન શાસન શાસ્ત્ર સિદ્ધાંતને વરેલું અઠવાડીક છે તેને અભિનંદન આપીએ તેટલા ઓછા છે. 'યાવત્ચંદ્ર દિવા કરો'

આ અઠવાડીક શાસ્ત્ર સિદ્ધાંત માટે જ ઝઝુમે એ અંતરેચ્છા.

એજ લી. પ્રવિણ ગંભીરદાસ શેઠ (રાધનપુરી)

પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિ રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના જીવન વિશે લખ્યે તેટલું ઓછું છે. તથા મારી નાની કલમ વડે લખવા પ્રયત્ન કરૂ છું. સાગરનું પાણી ગાગરમાં ન સમાય, આકાશના તારા ગણ્યા ન ગણાય. તેમ ગુરૂજીના ગુણ લખ્યા ન લખાય.

વિ. સં. ૧૯૫૨ ની ફાગણ વદ ૪ ના દહેવાણની ધરતી પર આ મહાન આત્માનો જન્મ થયો. જેને ત્રિભુવન નામ મળ્યું. પિતા છોટાલાલ અને માતા સમરથની છત્રછાયા ન પામનારા, ત્રિભુવનને પિતાના દાદીમા રતનબાનો સહારો મળવાથી ધર્મનાં સંસ્કાર નાનપણથી જ મળ્યા. દાદીમા રતનબા સંયમ લઈ શકે એમ ન હતા. છતાં પોતાના આ લાડલા સંતાનને સંયમમાર્ગે વાળવાનું સંસ્કાર સિંચન સારી રીતે કરતા.

તેઓ રોજ સમજાવતા 'બેટા, આ જન્મમાં લેવા જેવું તો સંયમ જ છે'. પરંતુ મોહને કારણે એટલું ઉમેરતા કે– 'તારે સંયમ જ સ્વીકારવાનું છે. પણ મારા જીવતા નહિ. ૪થા વર્ષથી જ ઉકાળેલું પાણી પીવાની ટેવ રાખનારા ત્રિભુવનને ૧૫ વર્ષની ઉંમરે તો પાંચ પ્રતિક્રમણ; ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, સમકિતના ૬૭ બોલની સજ્ઝાય વગેરે કંઠસ્થ થઈ ગયું હતું.

ઉપકારોની યાદ

—શ્રી કિરણ કાંતિલાલ શાહ–વસઈ (થાણા)

૧૫ વર્ષની વય ધરાવતો ત્રિભુવન પાદરાના ઉપાશ્રયનું કામકાજ અને વિહારમાં જતા-આવત પૂ. મુનિરાજોની તમામ કાર્ય–સેવા અદા કરતો. એનામાં વિવેક શક્તિ પણ એવી જ અદ્ભુત હતી. જેથી આવતા–જતા પૂ. મુનિવરોની સેવા ભક્તિ કરવા છતાં વંદન તો એ ત્યારે જ કરતો, જ્યારે 'સુ-સાધુ' તરીકેની પ્રતિતિ થતી.

પુત્રના બાવા લક્ષણો પારણામાંથી પરખી ચૂકેલા સગા વહાલાઓ ત્રિભુવનને સંસારમાં જકડી રાખવા અનેક દાવ નાખતા, પણ એનો જવાબ તો એક જ રહેતો કે આ માનવભવ પામ્યા પછી જ જે મળી શકે એમ છે. એને મેળવવા હું માંગતો હોઉ તો ઉપરથી તમારે બધાએ રાજી થવું જોઇએ. એના બદલે આવી વીપરીત વાતો કરો છો.

ત્રિભુવનના કાકા–મામાની વાતોમાં ન ભોળવાતા, વકીલે જજ પાસે ત્રિભુવનને સમજાવવા કહ્યું કે 'આખો દિવસ આ છોકરો દીક્ષાની જ વાતો કરે છે' જજે ત્રિભુવનને પૂછ્યું કે 'તું ઘરમાં રહીને ધર્મ ન થઇ શકે કે– તું દીક્ષા લેવાની વાતોમાં ફસાયો છે ?' હાજર જવાબી ત્રિભુવને તરત જવાબ વાળ્યો કે 'ખોટું ન લગાડતા સાહેબ, હું આપની પાસે એ જાણવા માંગુ છું કે આપ ઘરમાં રહીને અત્યારે કેટલો ધર્મ કરો

છો ! જજે વકીલને કહ્યું કે આ તો સાધુ થવા જ સર્જાયેલો છે. મુક્ત ગગનમાં મોજ માણવાની સ્વતંત્રતા ધરાવતા આ પંખીને તમે પાંજરે નહી પૂરી શકો. સગાવહાલાઓએ દૈનિકમાં એવી જાહેરાત આપી કે કોઇએ ત્રિભુવનને દીક્ષા આપવી નહી. આપનારની સામે પગલાં લેવાશે.

મુક્તિના રંગમાં રંગાયેલ આ પુણ્યાત્માને પૂ. પં. શ્રી દાન વિજય ગણિ તથા પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ.સા. નો ભેટો થઇ ગયો. મ.સા. પાસે પોતાની મનની વાત જણાવી સાથે એ પણ જણાવ્યું કે દાદીમાં પોતાની હયાતીમાં દીક્ષા નહી લેવા દે પૂ મુ શ્રી પ્રેમવિજયજી મ. સા. એ કહ્યું કે 'ત્રિભુવન, કોને ખબર તું પહેલા જઇશ કે દાદીમા : દીવા ને એકમાત્ર ચિંગારીની જરૂરત હતી. તેમને મુહૂર્ત આપવાની વિનંતી કરી.

ઘરેથી ભાગી જઇને, અનેક કષ્ટો વેઠીને સંવત ૧૯૬૬ ના પોષ સુદ ૧૩ ના ગંધાર તીર્થે પહોંચ્યા. પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. સા. ના આશિર્વાદથી ૧૭ વર્ષની વયે અમૂલ્ય એવો એ ઘો પ્રાપ્ત થતા મન નાચી ઉઠયું. એ સમયે ૧૦ માણસો પણ હાજર નહોતા. આજે જે ઠાઠ-માઠ જોવા મળે છે. સહેલાઇથી દીક્ષા પ્રાપ્ત કરી શકાય છે. તે એમના જ પ્રતાપે (દીક્ષાનો માર્ગ ખોલનાર-પ્રાણ-દીક્ષા અપાવનાર દેવ-દ્રવ્યના રક્ષક-સંઘના નાયક-મોક્ષ માર્ગ પ્રરૂપક બલિ રોકનાર-સત્માર્ગના ચિંધનાર-કલિકાલ કલ્પતરૂ-મિથ્યાત્વને કાપનાર-સમકિતને આપનાર-વ્યાખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક-શાસ્ત્ર સિદ્ધાંતી સમભાવ રાખનારા-મોક્ષના ચાહક પૂ. ગચ્છાધિપતિ આ.ગુ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના ચરણોમાં કોટિ કોટિ વંદના. તેઓ જયાં પણ હોય ત્યાંથી આપણને આશીષ આપે કે 'જેથી ભગવાનના બતાવેલ માર્ગે આપણે આગળ વધીએ અને જૈન શાસનનું નામ રોશન કરીએ.

સહેબજીએ મને આશિર્વાદ આપતા કહ્યું કે-'ભાગ્યશાળી છે', અને ખરેખર હું ભાગ્યશાળી છું કે મને આવા ગુરુદેવ મળ્યા. જેથી મારા આત્મામાં જૈન શાસન સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યે પ્રેમ જાગ્યો અને સાચો ધર્મ સમજાણો.

પાલીતાણામાં તેમની નિશ્રામાં કરેલ ઉપધાન દરમિયાન તથા તેમના પ્રવચનો, જિનવાણી-જૈનશાસન દ્વારા ઘણું શીખવા મળ્યુ કે જેથી મારો આત્મા પાપમાર્ગે જતાં પાછો વળ્યો. રાત્રિ ભોજન બંધ-કંદમૂળ ત્યાગ-અભક્ષ્ય-અનંતકાય-અપેય વગેરેનો ત્યાગ, નવકારશી, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, ચૌદ નિયમ ધારવા, સંક્ષેપવા, વગેરે અનેક ધર્મ ક્રિયામાં રસ ધરાવનાર કોઇ હોય તો તે ગુરૂદેવની મધુર વાણી મને એમના આશીર્વાદ. એમના પ્રવચનોનો એક જ સાર રહેતો "છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેળવવા જેવો મોક્ષ."

પૂજ્ય ગુરૂદેવનો ઉપકાર કયારેય વીસરાય નહિ. એમને છેલ્લો કાગળ અને લખ્યો. જાણી ઘણો જ આનંદ થયો. વહેલામાં વહેલા સાધુપણું પ્રાપ્ત કરી મોક્ષની પ્રાપ્તિ થાય. એવી રીતે વધારેમાં વધારે ધર્મ માર્ગે આત્માને જોડવાનું અને પાપથી બચવાની કોશીશ કરવી અને સૌ કોઇ મોક્ષને પ્રાપ્ત કરે એવો શુભાભિલાષા.

[પૂ. ગુરૂદેવના આશયથી વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્]

ગુરુગુણ-ગંગોત્રી

—શ્રી સ્નાતક

કૈલિકાલના કલ્પતરૂ સમા અને કુમાર્ગરૂપી-શિયાળીયાઓને ત્રાસ પમાડવામાં સિંહ સમા શૂરવીર એટલે જ તપગચ્છના તાજ પરમ ગુરુરાજ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

કે જેઓશ્રીનું જીવન, મૃત્યુક્ષણ અને અંતિમયાત્રા એક અનુપમ ઇતિહાસ બની ગયું. તે ગુરુદેવશ્રીની વસમી વિદાયને ૧ વર્ષ પૂર્ણ થશે. છતાંય જાણે હમણાં આપણી વચ્ચે જ હોય એવું લાગ્યા કરે છે. એનું શું કારણ ? વિચારતાં લાગે છે કે, એમાં એ યુગ પુરુષના ગુણો જ કારણભૂત હતા. ખરેખર એ મહાપુરુષના ગુણો ને ગાવા બેસીએ તો તો કયારે પણ પાર આવે એમ નથી.

જેમ મનને આહલાદક, વિકસ્વર, ભ્રમર-ભ્રમરીઓના સમુદાયથી વ્યાપ્ત. અને અતિ મનોહર પુષ્પવાળા ઉદ્યાનમાં અતિ મનોહર પુષ્પોને ચુટવા માટે આવનારો માળી શું મનોહર પુષ્પોને ચુટ્યા વિના રહે ? અર્થાત્ કે ન જ રહે ! તો કરુણાના સાગર સમા ગુરુરાજના ગુણો ગાયા વિના કેમ રહેવાય.

ગુણનિધિ પૂજ્યશ્રીમાં નિસ્પૃહતા નામનો ગુણ અદ્ભુત હતો. કે જેનું વર્ણન ન થાય અરે ! ઉદાર દીલ ભક્તવર્ગ જો લાખ્ખો રૂપીયાનો વ્યય કરે તો પણ માત્ર વખાણ કરવાની વાત નહિ, પણ અમૃત જેવી વાણીથી એમ જ કહેતા કે 'જો ઘરમાં રાખેલો પૈસો પાપ રૂપ ન લાગે તો ખર્ચેલા પૈસાની કુટી કોડી જેટલી પણ કિંમત નથી. અને જો પરિગ્રહ પાપ છે. તેમ સમજાય તો બધુ જ સફળ છે.'

અને એ કૃપામૂર્તિ કયારે પણ કોઇને આદેશ કરીને કહેતા નહી કે, 'તું આ કર.' તેઓશ્રીની નિસ્પૃહતાથી અને મર્મસ્પર્શી ઉપદેશથી લોકો યથાશક્તિ ધર્મધ્યાન કરતા રહી તે નિસ્પૃહમૂર્તીની કૃપા ઇચ્છતા રહેતા હતા.

તે જ રીતે તે ગુણસાગર ગુરુદેવશ્રીમાં ગુણાનુરાગીપણું સહજભાવે સિદ્ધ હતું. તેઓશ્રી તપગચ્છના શિરમોર હોવા છતાં પણ નાનામાં નાના સાધુ-શ્રાવક કે બાળકના નાનામાં નાના ગુણનો ખ્યાલ રાખીને અવસરે તેનામાં રહેલા તે ગુણની પ્રશંસા કરી તેને પ્રોત્સાહીત કર્યા વિના રહેતા નહિ.

વળી તે શાસન પ્રભાવક પુણ્ય પુરુષના પુણ્ય પ્રભાવને જગતમાં કોણ નથી જાણતું ? અર્થાત્ કે બધા જ જાણે છે. લોકમાં કહેવાતું કે 'રામ ત્યાં અયોધ્યા' અને 'પડે જ્યાં રામના પગલા થાયે ત્યાં પુણ્યના ઢગલા.' એ યુક્તિઓ તેઓશ્રીના જીવનમાં ચરિતાર્થ

હતી. એ યુગપુરુષની અંતિમ યાત્રાએ તો પુણ્ય પ્રભાવનો અનેરો પરચો બતાવી એક ઈતિહાસ સર્જયો છે.

અને એ યુગપુરુષના જીવનમાં સિદ્ધાંતની રક્ષા તો તાણા–વાણાની જેમ વણાયેલી હતી. અને તેથી જ શાસનરક્ષાનું કામ આવે ત્યારે આગેવાની તો એમની જ હોય. તે વેળા તેઓશ્રી પોતાના માન–અપમાનની ચિંતા કર્યા વિના અગ્રેસર બની સિદ્ધાંતની રક્ષા કરતા હતા.

આજે એ દીક્ષાના દાનવીર મહાપુરૂષની પ્રત્યક્ષ છત્રછાયા આપણા ઉપર નથી. તેઓશ્રીની ગેરહાજરી સમગ્ર જૈન સંઘને વજ્રઘાતથી પણ અધિક વેદના આપી રહી છે. એ દીક્ષાની દુન્દુભિ બજાવનારની ચિર વિદાય કયારે પણ ભૂલી શકાય તેવી નથી. ભલે કે હવે એ સ્વર્ગવાસી ગુરૂ ફરીથી આપણને મળવાના નથી. તો તે નીકટના મોક્ષગામી ગુરૂના ગુણગંગોત્રીશા ગુણોને નજર સમક્ષ રાખી તેઓશ્રીના ચીંધેલા માર્ગે ચાલવાનું બળ તેઓશ્રીની કૃપાને પામી તેઓશ્રીના સેવક તરીકેનું નામ દીપાવી એ શાસન દેવને પ્રાર્થના.

સરળતાનિધિ

પૂ. મુનિરાજ શ્રી ચરણપ્રભવિજયજી મ.

પરમારાધ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબમાં કેટલાક અલૌકિક ગુણો હતા તેમાં મને એક ગુણ તેમનો ખુબ જ ગમ્યો છે. પોતાની વિરૂદ્ધ લખનાર જો શાસનના રાગથી લખતો હોય તો તેનો જાહેરમાં પ્રતિકાર નહિ. પોતાનો બચાવ નહિ. જે મહાપુરૂષ શાસ્ત્ર વિરૂદ્ધ પ્રતિપાદનનો જડબેસલાક પ્રતિકાર કરે. જાહેરમાં આહ્વાન આપે તે પોતાની સાપેક્ષ દૃષ્ટિથી ભૂલ લાગે તો પ્રતિકાર ન કરે. બચાવ ન કરે. એ જેવો તેવો ગુણ નથી. પ્રવચનમાં કોઇ કથા પ્રસંગમાં ભૂલ થઇ ગયેલી. તે વખતના પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી કાંતિવિજય મહારાજે ધ્યાન દોર્યું તરત જ પ્રવચનમાં ખુલાસો છપાયો. એક શ્રાવકે પ્રવચનમાં સામાયિક ૪૮ મિનિટ પુરી થાય એટલે પારવી જ જોઇએ અથવા બીજી હોવી જોઇએ નહિ તો દોષ લાગે એવી પૂજ્યશ્રીની પ્રરૂપણાથી કોઇએ એકાંતમાં જણાવ્યું કે ધર્મસંગ્રહમાં તો જણાવ્યું છે કે ઉપયોગ સાથે રહે તો દોષ નથી. પૂજ્યશ્રી કહે બરોબર છે. ભક્તો તરફથી વ્હોરાવાતા ઉપકરણો વિગેરે પ્રચૂર પ્રમાણમાં જોઇ કોઈ શ્રાવકે પૂછ્યું આને પરિગ્રહ ન કહેવાય. પૂજ્યશ્રી કહે "કહેવાય" રોજ પગ ઘસાવનારને કહે કે "જ્યાં સુધી આ સુખશીલતા છે ત્યાં સુધી ઉદ્ધાર નહીં થાય." નાના માણસ પાસે પણ પોતાની લઘુતા જણાવતા પૂજ્યશ્રી કેવા સરળ હતા ! એટલે જ નાનો માણસ પણ તેમનું સાન્નિધ્ય પામી ધન્ય બનતો.

[જૈન શાસનમાં પ્રલયંકર ધરતીકંપ સર્જનારા ૨૦૪૨ ના પટ્ટક પ્રસંગે પણ જરાય વિચલિત થયા વિના જે અપૂર્વ મર્દાનગી, ધીરતા-વીરતાથી પૂછાયેલા પ્રશ્નોના જે સાત્ત્વિક ઉત્તર સ્વર્ગસ્થ સૂરિપુરંદરે આપ્યો હતો તે વાચકોની જાણ માટે અત્રે આપેલ છે અપૂર્વ ખુમારી-ખુમારીનું પાન કરાવનાર સ્વામીને કોટિશઃ વંદનાવલી સહ વિરમીએ છીએ.
સં.પા૦]

[સં. ૨૦૪૨, પોષ સુદિ-૧૩ ને ગુરૂવાર તા. ૨૩-૧-૮૬ના રોજ પૂજ્યપાદશ્રીજીના ૭૪મા દીક્ષા દિવસની ઉજવણીના પ્રસંગે; **પાદરા** મુકામે આપેલા પ્રવચનમાંથી]

જૂઓ આજે જે પ્રકારની ધાંધલ ચાલે છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. ધર્મ કરવો હોય તો ભગવાન શ્રી જિનેશ્વરદેવના વચન પર શ્રદ્ધા રાખવી જોઇએ. **ભગવાન શ્રી જિનેશ્વરદેવનું શાસન-આગમ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નથી માનતું એમ કોઇ પૂરવાર કરે તો કાલે હું તેનો ગુલામ થાઉં.** જતિઓના કાળમાં ઘણી પોલ ચાલી તેને આધીન કેમ થવાય ? પર્વતિથિની ક્ષયવૃદ્ધિ થાય છે એમ પૂ. શ્રી આત્મારામજી મ. લખી ગયા છે. તમે લોકો ધ્યાન રાખીને અભ્યાસ પણ

અવિચલતા

નથી કરતા કે કશું યાદ પણ નથી રાખતા.

એકતિથિપક્ષના મોટા આગેવાન પૂ. સાગરજી મહારાજની સાથે અમારે બાપ-દિકરા જેવો સંબંધ હતો. ૧૯૫૨માં તેમણે જે ગરબડ કરી તે જ્યાલ બહાર કરી; ૧૯૬૧માં ભેગા રહ્યા, ૧૯૮૯ માં પાછા અલગ પડયા. ૧૯૯૧ માં મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.નું 'તત્ત્વતરંગિણી' પુસ્તક વાંચ્યા પછી 'સિદ્ધચક્ર' માં લખ્યું કે- **"શ્રી જૈન શાસનને સમજનારો, આગમને જાણનારો પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ આવે તેમ બોલી શકે નહિ."**

ગયા વર્ષે (સં. ૨૦૪૧ માં) તેર (૧૩) મહિના (બે શ્રાવણ) હતા. તો સંવત્સરી ખામણામાં શું બોલ્યા કે-"બાર માસાણું, ચઉવ્વીસ પકખાણું, ત્રણસોને સાઠ રાઇદિયાણું..." મહિના તેર પક્ષા છવ્વીસ, દિવસ ૩૮૪ છતાં ય અધિક મહિનો ગણાય નહિ. જો અધિક મહિનો ન ગણાય તો તિથિમાં શું વાંધો નડે છે તે સમજી શકાતું નથી ! તમે લોકો ય અભણ છો, કાળજી વગરના છો કે સમજી શકતા નથી તેની ય ખબર પડતી નથી.

પડકાર અવસર આવે કરીશું. અવસર ભાસિતાવાણી પડઘા શું પડે છે તે જૂઓ.

સહીઓ વાંચી. એક મોટો પક્ષ નીકળી ગયો. તેને તો બોલવા દો. આ બધું ગાંડપણ છે. ગમે તે માણસો ગમે તેવી જાહેરાત કરે તેથી ગભરાવાનું નહિ. આપણે જે સાચા માર્ગે ઊભા છીએ તે માર્ગે ચાલવું જરાય ઢીલા પડવાનું નહિ. જે કર્યું છે તે બધું શાસ્ત્ર વિરુદ્ધ છે. નવો પક્ષ શું કરે છે તે જૂઓ. આપણે વાત છેડવી નથી.

શ્રી સાગરજી મ. ને મેં કહેલ કે, આપે ૧૯૯૧ માં જે લખેલ છે તે જાહેર કરી તેની નીચે આપણા બંન્નેની સહી કરીએ. તો તેઓ મને કહે કે–તારે મારા હાથ કાપી નાંખવા છે. મેં કહ્યું કે–આપના હાથ તો કપાઈ ગયા છે. આવી બધી ઘણી વાતો છે. તેઓ ઘણા બહાદૂર હતા. જે વાત પકડાઇ જાય તે ન છુટે તે વાત જુદી. પરંતુ તીર્થની અને શાસનની રક્ષા માટે ઘણો પુરુષાર્થ કર્યો છે. તેમને જો ખોટી પકડ ન થઇ હોત તો સારૂં થાત, સંઘ સુધર્યો હોત. પણ ભવિતવ્યતા તેવી. તેમના માટે મને કદિ દુર્ભાવ થયો નથી.

મેં તે વખતે પણ કહેલ કે બે–પાંચ આગેવાનો ભેગા થઇ બધા જ આચાર્યો પાસે જાય અને કહે કે–આપની માન્યતા શું છે તે લખી આપો. આવી રીતે પાંચ આંટા ખાય તો સાચું શું તે નક્કી થઇ જાય. પણ ગરજ કોને છે...! ચિંતા કોને છે...!

આવા નિવેદનો, પટ્ટકો બહાર આવે ગભરાતા નહિ. **અમે ઊંઘતા નથી. જાગતા છીએ. બોલવાની જરૂર ઊભી થશે તો નહિ બોલીએ તેમ માનતા નહિ. મારૂં બોકડું પૂરવાર થાય તો કાલે ફેંકી દેવા તૈયાર છું. જાહેરમાં માફી માગવા તૈયાર છું.** ભગવાનના શાસનને જ વળગી રહેવું છે. તમે સૌ આકળા ન થાવ. જે થાય તે જોયા કરો. વિશેષ અવસરે.

---

૦ નાસ્તિક બની ગયેલા આપાતમાઓને મન આપત્તિ આણનાર તરીકે એક ધર્મ જ ગણાય છે અને એથી તેઓની પ્રવૃત્તિ, ધર્મ પ્રચારક ધર્મગુરુઓ અને ધર્મ પ્રાણ ધર્મ શાસ્ત્રોની અવહીલના કરવામાં જ પર્યાપ્ત થાય છે. એક એક ધર્મપ્રવૃત્તિને નાબુદ કરવામાં જ તેઓ વિશ્વનું કલ્યાણ સમજે છે. ગમે તેવી ધર્મપ્રવૃત્તિ ઉપર, તેઓ કોઇને કોઇ જાતિનું કલ્પિત કલંક કલ્પીને, તેને હલકી પાડવાની કારમી પ્રવૃત્તિ કર્યા વિના જીવી પણ ન શકે, એવી જાતિનો કારમો ઉન્માદ તેઓને થાય છે. એ ઉન્માદના યોગે તેઓ એવા તો લેખકો અને વકતાઓ બની જાય છે કે– 'કુદર્શન વાદીઓની કલ્પનાજાળ પણ તેઓની કલ્પનાજાળ આગળ હારી જાય!

—શ્રી જૈન રામાયણ—બીજો ભાગ.

રક્તિમાવર્ણી ઉષા પ્રગટે અને ચોમેર પ્રભા ફેલાય પૂર્વ ક્ષિતિજને પ્રફુલ્લિત કરતાં સૂર્યનો ઉદ્ગમ થાય અને ચોમેર પ્રકાશ ફેલાય, અંધારામાં ડુબેલું જગત પ્રકાશ પુંજથી પ્રકાશિત બને. દૈનિક કાર્યો ચાલુ થાય. પ્રકાશ આપતો સૂર્ય સર્વમાં સાક્ષી બની રહે.

આવી જ એક વિરલ અને ભવ્ય વિભૂતિ વામન દેહે પણ જે વિરાટ, સુવર્ણ ઇતિહાસનું સર્જન કરનાર, કલિકાલ-કલ્પતરૂ સરખા, દુર્લભ દીક્ષાને સુલભ બનાવનાર દીક્ષાયુગ પ્રવર્તક, મહાસમાધિસાધક, પુણ્યનામધેય, પૂર્વજોના ગુણોના સમુદાયોથી અલંકૃત એવા લોકોત્તર મહાપુરૂષ એટલે જ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,

આજથી ૯૬ વર્ષ પૂર્વે ૧૯૫૨ માં પિતાશ્રી છોટાલાલભાઇ અને માતાશ્રી સમરથબેનની કુક્ષિએ સમર્થ પુત્ર તરીકે ત્રિભુવનકુમારનો જન્મ થયો. બાલ્યવયમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ત્રિભુવનને દાદીમાં રતન બાની હેતાલ હુંફમાં રહેવનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મા રતનબા પાસે ભણતર કરતાં ગણતર કંઇ ગણું ઉચું હતું. જેના કારણે ત્રિભુવનકુમારમાં સંસ્કાર સિંચન દ્વારા ધાર્મિકતા દ્રઢ કરી હતી. જેથી ૯ માં વર્ષથી જ ઉપાશ્રયને ઘર માનનાર ત્રિભુવનનો દિવસનો મોટો ભાગ ઉપાશ્રયમાં જ વીતતો હતો જેના કારણે વિહારમાં જતાં આવતાં પૂ. મુનિરાજોની સેવા કરતા હતા. સેવા ભક્તિ કરવા છતાં વંદન તો ત્યારે જ કરતાં કે જ્યારે સુસાધુની પૂરી પ્રતીતિ

સુવિશાલ ગચ્છાધિપતિ શ્રીજીની જીવનરેખા

—પૂ. આ. શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મ.

થાય. ૧૭ વર્ષની ઉમ્મરે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ્રેમવિજયજી મ. ના શિષ્ય રામવિજય બન્યા. દીક્ષા લીધા પછી ૨૪ ચાતુર્માસ વડિલોની નિશ્રામાં જ કરેલ. વડીલોની કૃપા ખૂબ જ મેળવેલી જેના કારણે પૂ. કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ કહેતાં કે રામવિજય તો ચિંથરે બાંધેલુ રત્ન છે. પૂજ્યશ્રીમાં અપ્રમત્તભાવ તો એટલો બધો હતો કે દિવસમાં ક્યારેય સંથારો કરતાં જ નહીં, નાદુરુસ્ત તબિયત હોય અને સંથારે કરેલ હોય તો પૂ. આ. ભ. દાનસૂરીશ્વરજી મ. સા. દરેક સાધુ મહાત્માને કહેતાં કે અવાજ નહીં કરતાં. રામવિજયને સારૂં નથી માટે સંથારો કરેલ છે.

પૂજ્યશ્રીનાં અપ્રમત્તભાવની સાથે વિનયગુણ એવો જોરદાર હતો કે જેના કારણે દરેક વડિલોની કૃપા એમને વરેલી. દીક્ષાદાતા પૂ. મંગલવિજયજી મહારાજ મુનિ હતાં અને પૂજ્યશ્રી આચાર્યપદે હોવા છતાં પૂ. મંગલવિજયજી મહારાજ સાહેબને જ્યારે પણ બહારથી આવતાં જુએ કે તરત જ ઉભા થઇ જતાં. વિહારમાં હોય કે ઉપાશ્રયમાં પૂ

મંગલવિજયજી મ. સા. કરતાં ઉંચી પાટ પર પણ નહોતાં બેસતાં. આવો અદ્‌ભુત પૂજ્યશ્રીમાં વિનય ગુણ હતો. પૂજ્યશ્રીને ગમે તેટલા ઝંઝાવાત આવ્યાં છતાં પોતે મેરૂની જેમ અડગ રહીને દરેક ઝંઝાવાતનો સામનો કર્યો છે. પૂજ્યશ્રી કહેતાં કે સાધુને શાસ્ત્ર એજ આંખ છે અને સ્વાધ્યાય એ પ્રાણ છે જેના કારણે ૬૬ વર્ષની બુઝર્ગવયે પણ કાયમ નવી ૨ ગાથા કરતા હતા. ડોલીમાં બેઠા હોય તો પણ પૂજ્યશ્રીના હાથમાં પ્રત હોય જ આવા પૂજ્યશ્રી સ્વાધ્યાયના પ્રેમી હતા.

પૂજ્યશ્રી કાયમ કહેતાં કે સુખમાં લીન ન થવું અને દુઃખમાં દીન ન બનવું. જેના કારણે એમના ભવ્યાતિભવ્ય બાદશાહી સામૈયા થાય છતાં કયારેય લીન ન બનતા અને સામૈયાની સાથે કોઇ કાલાવાવટા કાઢે તો દીન ન બનતા.

દીક્ષાના દાનવીર પૂજ્યશ્રીની દેશનામાં આ ત્રિપદી હંમેશા સાંભલવ મલતી કે છોડવા જેવો સંસાર, લેવા જેવું સંયમ, મેલવવા જેવો મોક્ષ આ ત્રિપદી સુણીને મેં પણ નાની ઉમરમાં પૂજ્યશ્રી પાસે પૂજ્યશ્રીના પ્રથમ પટ્ટધર પૂ. ભુવનવિજયજી મહારાજ અને મારા સંસારી વડિલબન્ધુ તેમના શિષ્ય તરીકે સંયમ ગ્રહણ કરેલ.

આ પુણ્યપુરૂષ જાણે શાસન રક્ષા માટે જ જન્મેલા વડિલોની કૃપાના કારણે શ્રમણ જીવનનુ શૈષવ કાલથી જ શરૂ થયેલી. શાસન રક્ષાની વિજયયાત્રા છેક અંતિમશ્વાસ સુધી ચાલુ રહી. તેઓશ્રીનું સમગ્ર જીવન સંઘર્ષમય વીત્યું છે પણ તેઓશ્રીના અંતરમાં કયારેય સંઘર્ષ પેદા થયો ન હતો. દરેક પરિસ્થિતિમાં નિર્લેપપણે જીવનારા તેઓશ્રી અલૌકિક યોગીપુરૂષ હતા, તેઓશ્રી પોતાની સાથે પુણ્યાઇ, પ્રતિભા, વિદ્વત્તા બધું લઇ ગયાં છે. પરન્તુ તેઓશ્રી પોતાની પાછળ દુનિયાને હાયકાઓના સંઘર્ષ બાદ સુરક્ષિત રાખેલ શાસ્ત્રીય સત્યની ભેટ આપતા ગયા છે.

સંવત ૨૦૪૭ માં અષાઢ વદ ૧૪ ના સવારે ૧૦ કલાકે ૭૮-૭૮ વર્ષથી જિનશાસનના આકાશમાં મધ્યાહ્નનો પ્રકાશ ફેલાવતા પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ નામનો સૂર્ય એકાએક આથમી ગયો. નાની ઉંમરમાં પૂજ્યશ્રી પાસે દીક્ષા ગ્રહણ કરી તેઓશ્રીએ પરમવાત્સલ્ય અને કૃપા પ્રદાન કરેલ. તેઓશ્રીના પટટધર પ. પૂ આ. શ્રી વિજય ભુવનસૂરીશ્વરજી મ. સા. નો શિષ્ય હોવા છતાં પણ આપે દિક્ષા કરતાં પણ અધિકાર સંયમસાધનામાં જ્ઞાનાદિની પ્રાપ્તિને માટે સમ્પૂર્ણરીતિએ મારા પર અનહદ ઉપકાર કરેલ છે. તેના પ્રતાપે આજે પણ સ્વર્ગ લોકમાંથી કૃપા વરસાવી રહ્યા છે. આ કૃપા દ્વારા શાસ્ત્ર અને ગુર્વાજ્ઞાને મારૂં જીવન અંતિમ શ્વાસ સુધી વફાદાર રહે અને આપની જેમ મને પણ સમાધિમય મરણ મલો એજ એક શુભ-કામના છે.

વીસમી સદીનું મહાન આશ્ચર્ય !!!

શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

અષાઢી કૃષ્ણ ચતુર્દશીનો એ દિવસ ! ૯૬-૯૬ વર્ષ સુધી યમરાજાની સામે જવાંમર્દની જેમ ઝઝુમનાર ભડવીરે સવારે ૧૦-૦૩ મીનીટે અમૃત (!) ચોઘડિયામાં જ્યારે પોતાની જીવનલીલા સંકેલી કાળનાં ધર્મને સ્વીકાર્યો એ કમનસીબ પળની સ્મૃતિ થતાં હજુ પણ કંપારી છૂટે છે. લાગે છે સદીનો પ્રાયઃ શ્રેષ્ઠ શિકાર જમડાને તે દિવસે મળ્યો. ખેર ! કર્મના સિદ્ધાંતને માનનારા આપણે એ સત્ય સ્વીકારવું જ રહ્યું કે સહુના લાડીલા પૂજ્યશ્રી આપણી વચ્ચે હયાત નથી ! તપાગચ્છના ગગનાંગણમાં પ્રચંડ રીતે ઝળહળતાં સૂર્યનો એકાએક અસ્ત થઇ ગયો છે. તાજું સુંદર મધમધાયમાન પુષ્પ કોઇક ક્રુર આદમીના હાથે રહેંસાઇ ગયું છે ! પૂજ્યશ્રીનું સદેહે અસ્તિત્વ નથી છતાંય તેઓશ્રીજીનો અમાપ ગુણવૈભવ નજર સમક્ષ તરવરે છે.

તે ગુણવૈભવ કેવી રીતે વર્ણવવો એ જ સમજ પડતી નથી. પૂજ્યશ્રી તો પૂજ્યશ્રી જ હતા. અસાધારણ વ્યક્તિત્વના ધારક એ પરમપુરુષના તેજસ્વિતા-ધીરતા-શીતલતા-શુરવીરતા-ગંભીરતાદિ ગુણોને જોતાં કોઇક ઉપમાંથી નવાજવાનું મન થયું.

તેજસ્વિતા ગુણ માટે સૂર્યની તરફ દૃષ્ટિ ગઇ પરંતુ થયું સૂર્યમાં તેજસ્વિતા તો છે પણ તેની સામે આંખ માંડીને કોઇ જોઇ શકતું નથી. જ્યારે પૂજ્યશ્રીમાં સિદ્ધાંત રક્ષાની ખુમારી રૂપ તેજસ્વિતા એવી મુખારવિંદ ઉપર ઝળહળતી હતી કે જેને અનિમેષ નયને જોયાં જ કરવાનું મન થાય !

શીતલતા ગુણ માટે ચંદ્રની સામે જોયું પણ તે કલંકથી યુકત તેમજ રાહુથી ગ્રસ્ત નજરે પડયો. જ્યારે પરમારાધ્યપાદ શ્રીજી કોઇ શાસન દ્રોહી ગુરુસાથી ધમધમતો ગાળ દેવા આવે તો તેની સામે હિમ બરફ જેવા શીતલ હતા અને તેઓશ્રીજીને જમાનાવાદ-સુધારકવાદનો રાહુ કયારેય ગ્રસિત બનાવી શકયો ન હતો.

ધીરતા માટે પર્વતની ઉપમા યાદ આવી પણ તેની કઠણતા યાદ આવતાં મન સાથે સમાધાન કરવું પડયું કે ના,ના પૂજ્યશ્રી જેમ આવતાં સંકટો-ઉપસર્ગોમાં ધીરતા કેળવવાવાળા હતા તેમ જાત માટે વજ્રથી કઠોર હોવા છતાં અન્ય માટે પુષ્પથી કે મળ હતા. માખણથી મુલાયમ હતા.

ગંભીરતા ગુણની ઉપમા માટે લોચનને તરછી આપતાં સમુદ્ર દેખાયો...કેવા અગાધ જળવાળો ! તેનો પાર કોણ પામી શકે ? પરંતુ વળતી પળે તેમાં આવતાં મરતી-ઓટ દેખાતાં મન પાછું પડયું કે ના,ના, પૂજ્યશ્રીએ સદાય અનુકૂળતાને પ્રતિકૂળતાને પચાવી છે. તેઓશ્રી શાહીરાજા-મહારાજાને શરમાવે એવા મળતાં સન્માનમાં જરાં પણ લેપાયા નથી. તેમજ

રસ્તા પર વેરાયેલા કાચના ટુકડા પર ચાલવામાં જરાંક પણ પ્રસન્નતા ગુમાતી નથી. પૂજ્યશ્રીનું મુખારવિંદ કદીય સુખ મળતાં હસતું નહિ તેમજ દુઃખ વેઠતાં પડી જતું નહિ. સદાબહાર જેવા કાયમને માટે પ્રફુલ્લિત-પ્રસન્ન વદનવાળા પરમતારકને કોણે નહિ નિહાળ્યા હોય !

નિઃસ્વાર્થતા ગુણ માટે હેતભાવ વગર પૃથ્વી પર સમાન વરસનારે મેઘ યાદ આવ્યો પરંતુ તેનું તોફાની સ્વરૂપ, ભયંકર તાંડવ, હોનારત વિ. સ્મૃતિમાં આવતાં થયું કે ના-ના પરમતારક શ્રીના હાથે નિઃસ્વાર્થભાવે પરોપકાર કરતાં કરતાં કદાચેય કોઇનું અકલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ થઈ નથી.

આમ પૂજ્યશ્રીમાં રહેલ એક એક ગુણ માટે એક એકની ઉપમા પણ ઘટી નહિ તો સર્વગુણના ધારક પૂજ્યશ્રીને કોની સાથે સરખાવી શકાય ? આવા સર્વગુણોનો સમન્વય એક જ વ્યક્તિમાં હોવો તે વીસમી સદીનું મહાન આશ્ચર્ય નથી લાગતું ?

પૂજ્યશ્રીની ઘટનાથી મુહૂર્ત-ચોઘડિયા વિષે અમારો વિશ્વાસ ઊઠી ગયો. કહે છે કે પૂજ્યશ્રી કાળ પામ્યા ત્યારે અમૃત ચોઘડીયું હતું પરંતુ તે ચોઘડીયું અમારા માટે કાળ ચોઘડીયું બન્યું. ચડતો પહોર અમારાં માટે ચડતીના સમાચાર આપનારો ન નીવડ્યો. અમે કેટલા હતભાગી કે પરમપાવનીય પુરૂષના છેલ્લાં દર્શનથી પણ વંચિત રહ્યા, વીર પરમાત્માએ અંતિમ ક્ષણનો વિરહ કરાવી પોતાના સુવિનીત શિષ્ય ગૌતમ મહારાજાને પોતાની પાસે ૧૨ વર્ષમાં બોલાવી લીધા તેમ આપનો પણ અમને અંતિમ વિરહ પડયો. હવે આપ જ્યાં પણ હોય ત્યાંથી જલ્દીમાં જલ્દી બોલાવી આપના શિષ્ય બનાવો એવી અમારી અંતિમ પ્રાર્થના તો સ્વીકાર્ય બનશેને ?

—વાગડવાળા સા. પુન્યપ્રભાશ્રી

શ્રી જિનેશ્વરદેવના સાધુની ભક્તિ પણ સંસારથી છૂટવાને માટે જ કરવાની છે. શ્રી જિનેશ્વરદેવના સાધુના સ્વાગતમાં પણ શ્રી જૈન શાસનનું સ્વાગત છે. જે સાધુ સંસારથી છોડાવવાને બદલે સંસારમાં જોડાવાનો ઉપદેશ આપે અને શ્રી જિનેશ્વરદેવના શાસનનાં સત્યોને ગોપવી, જમાનાની પાછળ ઘસડાય તથા ઘસડાવાનો ઉપદેશ આપે, તેને આ શાસનને પામેલો આત્મા સાધુ ન માને. તમને જો તમારી ભક્તિ આદિની કિંમત હોય, તો સુસાધુને અને વેષધારીને તમારે પારખતાં શીખવું પડશે. એમને એમ વિના વિવેકે તરી નહિ જવાય.

—શ્રી જૈન રામાયણ-ત્રીજો ભાગ

શ્રી જિનેશ્વરદેવ રૂપી સૂર્ય અને શ્રી કેવલીભગવંત રૂપી ચન્દ્ર અસ્ત થયે છતે, અંધકારમાં દીપકની જેમ જગતના સર્વ પદાર્થોને જેઓ પ્રકાશિત કરે છે તેવા શ્રી આચાર્ય ભગવંતોને હું ભાવથી નમસ્કાર કરું છું.

અનેક ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ એ ભવ્ય જીવોના કલ્યાણને માટે સ્થાપેલ મોક્ષ માર્ગને, એ પરમ તારકોની અવિદ્યમાનતામાં જગતમાં વહેતો રાખવાનું ભીષ્મ કાર્ય શ્રી આચાર્ય ભગવંતો કરે છે. માટે જ શાસનની ધુરાને અખંડિત વહેતી રાખનાર અને વહન કરનાર તેઓને શ્રી જૈન શાસનના 'રાજા' પણ કહેવાય છે.

આવા આજ સુધીમાં થઇ ગયેલા અનેકાનેક પૂ. આચાર્ય ભગવંતોની શ્રેણિમાં બિરાજમાન અને વર્તમાનમાં અગ્રેસરતાનું સ્થાન ભોગવનારા પૂજ્યશ્રીજીનું નામ યાદ આવતા જ મસ્તક નમી પડે છે. આચાર્ય પદની પૂજામાં જે છત્રીશ છત્રીશ ગુણોને છત્રીશ પ્રકારે વર્ણવ્યાનું વર્ણન આવે છે તેમાં એક ગુણ છે 'શુદ્ધપ્રરૂપકતા ! તે જેઓશ્રીજીમાં રોમેરોમમાં પરિણત થયેલો જોવા મળતો હતો.

જગત જે સુખની પાછળ ગાંડું બન્યું છે અને જે દુઃખથી ભાગા ભાગ કરે છે તે જ સંસારના સુખને રોજ ભૂંડું કહેવું', છોડવા જેવું કહેવું અને પોતાના જ

આવા સદ્‌ગુરુનો સુયોગ ભવોભવ હોજો

- શ્રી અમિન એચ. વકીલ - અમદાવાદ-૧

પાપથી આવતાં દુઃખને મજેથી વેઠવા જેવું કહેવું તે કપરું કામ પણ તેઓશ્રીજીએ જે રીતના કર્યું તો શ્રોતાજનોને રોજ નવી જ વાત જેવું લાગતું હતું. જે 'વ્યાખ્યાન વાચસ્પતિ'ની ઉપાધિને યથાર્થમાં ઠેરવે છે.

જે જાતને ભૂલે તે જ શાસનની સાચી રક્ષા–આરાધના અને પ્રભાવના કરી શકે. આ વાત તેમના જીવનમાં જ જોવા મલી છે. શાસ્ત્રીય સિદ્ધાન્તોનું છડે ચોક ખૂન થયું હોય, શાસ્ત્રીય સત્યોનો અપલાપ કરાતો હોય, મોક્ષની મશ્કરી કરાઇ રહી હોય, જે ધર્મ મોક્ષને જ માટે જ કરવાનો તે સંસાર માટે પણ કરાય તેવી વાતોને અગ્રેસરતા અપાતી હોય ત્યારે માનાપમાનની ચિંતા કર્યા વિના, પાસેના પણ ખસી જશે તેની દરકાર રાખ્યા વિના સન્માર્ગની સર્ચલાઇટ ધરનારા આ જ પુણ્ય પુરુષ હતા. આ મહાપુરુષનો ભેટો ન થયો હોત, ભેટો થવાં છતાં પણ ઓળખાયા ન હોત તો અમારા જેવા તો ભ્રામિત થયેલા આજે ઉન્માર્ગમાં ચાલ્યા ગયા હોત. પણ આ મહાપુરુષે અમને જે રીતના પ્રોત્સાહિત કર્યા હતા તે ઉપકાર ભૂલાય તેવો જ નથી.

આત્માને સમ્યગ્જ્ઞાનની જ્યોતિથી પ્રકાશિત કરે અને અંધકાર જે અજ્ઞાનનો છે તેનાથી બચાવે તે સદ્ગુરુ કહેવાય. આવા સદ્ગુરુનો આ કલિકાલમાં ભેટો ન થયો હોત તો શી દશા થઇ હોત તે વિચારતા જ આંખે અંધારા આવે છે. શ્રી જયવીયરાયમાં રોજ 'સુહગુરુ જોગો' માગીએ છીએ. ભલે તેઓ અવિદ્યમાન છે પણ તેમના માર્ગે બરાબર ચાલીયે, વફાદાર થઇએ તો હરહંમેશ સાથે જ છે. તેવું જ બળ અમને મળે અને શાસન સેવાના કાર્યોમાં મળેલી શક્તિનો સદુપયોગ કરી આત્મ કલ્યાણ સાધીએ તેજ કામના.

વાચન–શ્રવણનો હેતુ

(જૈન કથા) ગ્રન્થોના વાચકોએ અને શ્રોતાઓએ એ વાત કદી પણ ભૂલવી જોઇએ નહિ કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં જે જે ધર્મકથાઓ લખાઇ છે, તે તે ધર્મકથાઓને લખવાનો ઇરાદો પણ સંસારના જીવોને સંસારથી વિમુખ અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા એકના એક સાચા મુક્તિમાર્ગની સન્મુખ બનાવવાનો જ હતો. સંસારથી છોડાવવાના ઇરાદા સિવાય, એથી વિપરીત એવા કોઇ પણ પ્રકારના ઇરાદાથી આ શાસનના મર્મને પામેલા પુણ્યાત્માઓએ કોઇ પણ કથા લખી નથી. કથામાં વર્ણન પ્રસંગે પ્રસંગે દરેકે બાબતનું આવે, પણ એને ઇરાદો સંસારથી મુક્ત બનવા–બનાવવા સિવાયનો નહિ જ. સંસારના જીવોની **સંસારની વાસના પુષ્ટ બને, એ માટે શ્રી જૈન શાસનમાં કોઇ પણ કથા છે પણ નહિ. અને હોય પણ નહિ.** તત્ત્વનું નિરૂપણ હોય કે કથાનું નિરૂપણ હોય, પણ તેનો ઉદ્દેશ **એક જ કે–પોતાના અને પરના આત્માનો સંસાર છૂટે.** આમ હોવા છતાં પણ, **શ્રોતાઓના અંતરમાં મોહ પેદા થાય એવા પ્રકારથી ધર્મકથાને વાંચનારો જો ધર્મકથાને વાંચે, તો તે ધર્મદેશક નહિ પણ પાપદેશક જ કહેવાય.** એવી જ રીતિએ જે શ્રોતા ધર્મકથાને સાંભળીને પોતાના અન્તરમાં મોહને જ પુષ્ટ બનાવ્યા કરે, તે શ્રોતા પણ એ ધર્મકથાને પોતાને માટે તો પાપકથા બનાવનારો જ કહેવાય.

સંસારની વિષમતાના સ્વરૂપનો ખ્યાલ આવે, સંસારની વાસના ઉપર ફટકા પડે અને વૈરાગ્યની ભાવના પેદા થાય, એવા ઇરાદાથી અને એવી પદ્ધતિથી ધર્મદેશકે ધર્મકથાને વાંચવી જોઇએ અને શ્રોતાઓએ પણ એવા જ ઇરાદાથી અને એવી જ પદ્ધતિથી ધર્મકથાને સાંભળવી જોઇએ. **દુનિયામાં કેટલાક મુર્ખાઓ એવા પણ હોય છે કે–ઘીને ઝેર રૂપ બનાવીને ખાય.** ધર્મકથાના વાચન અને શ્રવણમાં એવું કાંઇ થવા પામે નહિ, તેની પણ દરેકે કાળજી રાખવી જોઇએ.

(સિરિમઇ સમરાઇચ્ચ કહા પહેલો ભાગ–ભૂમિકામાંથી)

યશોગાથા ગાવી છે પણ એવી જીભ નથી !

ગુણો આલેખવા છે પણ એવી કલમ નથી !

વ્યક્તિત્વને ઓળખવું છે પણ એ બુદ્ધિ નથી !

જીવનની દિવ્યતા નિહાળવી છે પણ દિવ્ય નયન નથી !

છતાં....ઝગી બનેલો હું એક વિરાટ વ્યક્તિના ગુણોનું આલેખન કરવાનો અલ્પ પ્રયત્ન કરીશ ! મને મળેલી ટુંકી જીભને, વામણી કલમને, અલ્પ બુદ્ધિને અને ઝાંખી ઝાંખી દૃષ્ટિને માધ્યમ બનાવી ગુણગરિમાને કહેવાની બાળ ચેષ્ટા કરીશ !

ગુણરત્નાકરના અનેક ગુણોમાંથી કયા અને કેટલા ગુણોનું વર્ણન કરું ? એક ગુણનું સંપૂર્ણ વર્ણન પણ મારા ગજા બહારની વાત છે, આભના તારા ગણવા જેવું દુઃશકય કે અશકય છે !

આ શબ્દચિત્ર દોરવાનો પ્રયાસ માત્ર દૃષ્ટિરાગી બનીને નથી કર્યો ! મારા હૃદયમાં ગુણાનુરાગ જરૂર છે. છતાં...દૂધમાંથી પોરા શોધવાની જેમ મેં આ રત્નાકરને દોષગ્રાહી દૃષ્ટિથી પણ જોયો. અલબત્ત દોષો શોધવા ઘણાં ઘણાં પ્રયત્નો કર્યાં. પરિણામ શું

સાગરસમા સૂરિદેવ

—પૂ. મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજય મ.

આવ્યું ? જેમ જેમ દોષો શોધતો ગયો તેમ તેમ વધુને વધુ સૌંદર્યતાના ઓજસ્વિતાના અને ગુણ સમૃદ્ધિના દર્શન થતા ગયા !

રત્નાકર (સમુદ્ર)માં રહેલાં લાખ્ખો, કરોડો રત્નોને શોધવા માટે તો મારે મરજીવા બનવું પડે પણ...મરજીવા બનવાનું સત્ત્વ કે કૌવત મારામાં નથી તેમ રત્નોનાં દર્શન કરવાની લાલસા, ઉત્કંઠા રોકી શકતો નથી...

આ રત્નાકરનો તાગ પામવા તો મારે સમુદ્રનાં પેટાળમાં ઉતરવું પડે....પણ ...જ્યાં સમુદ્રની સપાટી ઉપર તરવાની બાવડામાં તાકાત નથી ત્યાં અંદર પહોંચવાની હિંમત કયાંથી આવે ? એટલે હતાશ બનેલો હું સમુદ્રના કિનારે ઉભો રહીને સમુદ્રની બાહ્ય શોભા (બહારનું સૌંદર્ય) નિહાળી લેવા મજબૂર બની ગયો, એ રીતે પણ ઘણું ઘણું મળે રહેવાની આશાએ !

એ રત્નાકર એટલે જ આંતરબાહ્ય સમૃધ્ધિના ધારક, સોહામણા અને હુલામણા

'રામવિજયજી'ના નામથી અનેકના હૃદય સિંહાસન ઉપર બિરાજમાન સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીએ દર્શાવેલા સિધ્ધાંતો અને સામાચારીનું પ્રાણના ભોગે વફાદારી પૂર્વક રક્ષણ કરનાર અનેક તોફાની આક્રમણોને પર્વતની જેમ અડોલ બનીને ખાળનાર શ્રી વીરવિભુની ૭૬-૭૬ પાટના વીર વારસદાર ૭૭-મી પાટના ધારક, માત્ર ધારક જ નહીં...ચિંતામણિરત્નની જેમ સર્વતો મુખી પ્રતિભાથી દીપાવનાર મહાપુરુષ એટલે જ તપોગચ્છાધિપતિ વ્યા. વા. પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

આ વિરાટ વ્યક્તિના નામથી તો જૈનમાત્ર પરિચિત છે...પણ...એટલું તો ચોકકસ કહી શકીશ કે-તેઓશ્રીના વ્યકિતત્વ અને કૃતિત્વથી ઘણું ઘણું અજાણ હશે ! વ્યકિતત્વ અને કૃતિત્વ આ બેમાંથી માત્ર વ્યકિતત્વનો પરિચય સમુદ્રને નિહાળતા જઇને કરાવીશ !

સાગરના કિનારે ઉભેલો હું સાગરનો જે બાહ્યવૈભવ જોઇ શકું છું તે વૈભવને આ મહાપુરુષની સાથે સરખાવવાનો અલ્પ પ્રયાસ કરીશ...

બાળક પાસે શબ્દો ભલે ન હોય પણ ભાવ હોય છે...હું મારા ભાવને શબ્દોમાં ઢાળી રહ્યો છું. મારી ભાષા ઉપર નહીં, ભાવ ઉપર ધ્યાન આપશો...

(૧) સૌથી પહેલી નજરે મને સમુદ્રની વિશાળતાની પ્રતીતિ થઈ ! એવી જ દૃષ્ટિથી મેં આ મહામાનવને જોયા...ત્યારે મને એમ લાગ્યું કે-ઓહ ! સમુદ્રની વિશાળતા તો મર્યાદિત છે. સમુદ્ર રત્નોને આશ્રય આપી શકે છે...પણ મડદાંઓને કદી પોતાના પેટાળમાં સમાવી શકતો નથી ત્યાં એની વિશાળતા વામણી બની જાય છે ત્યારે આશ્ચર્યની વાત એ છે કે-આ વાત્સલ્યવારિધિ તો મડદાંને પણ પોતાનામાં સમાવાની વિરાટ વિશાળતા ધરાવતો હતો ! અહીં પ્રશ્ન થશે કે-એ મડદાં કયાં ! સિધ્ધાંતનું નિષ્ઠાવિહોણા ભવચક્રમાં ભૂલા પડેલા જીવો આ કલિકાલમાં ઘણાં છે. એવા ભાવપ્રાણવિહોણા જીવોને પણ પોતાનામાં સમાવી લઇ એમાં પ્રાણ પૂરીને જીવંત બનાવનાર આ સમુદ્ર સરિખા વિરાટ વ્યકિતત્વના ધારક હતા ! અર્થાત્ સિદ્ધાંત વિરોધી, સિધ્ધાંત નિરપેક્ષ આત્માઓને અને સુધારકોને ય વાત્સલ્યના મહાદાન કરીને સિધ્ધાંત નિષ્ઠના પ્રાણપૂરીને સિધ્ધાંતપ્રેમી-જીવંત બનાવવાનું કષ્ટસાધ્ય કાર્યકરનાર પૂજ્યપાદશ્રીમાં સમુદ્રને ય ટપી જાય એવી વિશાળતાના દર્શન મેં કર્યા ! આ વિશાળતા કેવી વિરાટ !

(૨) સમુદ્રમાં ઉછળતાં 'મોટાં મોટાં મોજાંઓ' જોયા....એને વેગ આપનાર પવનના

ઝંઝાવાત અનુભવ્યા અને મને પૂજ્યશ્રી યાદ આવી ગયા ! સમુદ્રમાં ઉછળતાં મોજાંઓ એ સમુદ્રની શોભા છે. ઘણાં માનવો એ મોજાંઓને કિનારે ઉભા રહી એકી ટસે જોતા હોય છે, કેટલાક એ દશ્યોનું કેમેરામાં ઝીલી લેતા હોય છે. દશ્યનું દર્શન પણ આનંદદાયક હોય છે.

પૂજ્યશ્રીના જીવન સાગરમાં પણ એવા જ કોઇ અલૌકિક મોજાંઓના આનંદદાયક દર્શન થતાં હતાં. એ મોજાંઓને વેગ આપનાર ઝંઝાવાતી પવન પણ જોવા મળતો હતો. એ પવન કયો ? શાસ્ત્રોના પાને પાને લખાયેલી દીક્ષા, બાળદીક્ષાનો વિરોધ, પાવન દેવદ્રવ્યનો વિરોધ, શાસ્ત્રસિદ્ધ નવાંગી ગુરુપૂજનનો વિરોધ, સત્ય તિથિ વિસેધ...વગેરે.... છતાં આ બધાંની વચ્ચે એટલા જ ધીર, વીર, અડોલ અને અડીખમ પૂજ્યશ્રીને નિહાળતો ત્યારે હું આભો જ બની જતો ! કારણ એ ઝંઝાવાતી પવનો અને ઊંચા ઉછળતાં મોજાંઓ એ મહાપુરુષની શોભામાં શતશઃ વૃધ્ધિ કરનારાં બની ગયા હતાં !

(૩) 'સાગર તો ગંભીર હોય છે' એમાં શંકા નથી. એનાથી ય વધુ ગંભીરતા આ કરૂણાસિંધુમાં જોવા મળતી હતી ! જેમ એક એકથી ચઢીયાતા બાદશાહી સ્વાગતો અને સામૈયાઓ પચાવવાની ગંભીરતા-તાકાત તેઓમાં હતી. તેમ, જીવોનાં નાનાં મોટાં અનેક દોષોને પચાવવાની પણ તાકાત-ગંભીરતા પૂજ્યપાદશ્રીજીમાં અજબ ગજબની હતી, વિશ્વમાં અજોડ હતી ! ઘણી વખત ઘણા આત્માઓ, પૂજ્યશ્રીના અંતરમાં રહેલી ગંભીર વાતોને જાણવા અનેક રીતે પ્રયત્નો કરતા પણ એ 'સાગરવર ગંભીર' પુરુષ પાસે નિષ્ફળ જતા.

(૪) 'સમુદ્ર શીતલ હોય છે' આ તારક ગુરુદેવ પણ શીતલતાનો પારાવાર હતા ! તેઓશ્રી પાસે જનાર પુણ્યાત્માઓ પરમશાંતિનો અનુભવ કરતા હતા...ક્રોધથી ધમધમતો, લાલચોળ અંગારા જેવો બનેલો પણ માણસ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં ઠંડો પડી જતો... સમુદ્ર જેવી જ પૂજ્યશ્રીની આ એક અસાધારણ સિદ્ધિ હતી !

શાસનના વિરોધીઓને પણ, એમના પ્રત્યે અંતરમાં ભરેલું, વાત્સલ્યનું જ અમોઘદાન કરતા તેઓશ્રીને નિહાળવા એ પણ જીવનનો એક લ્હાવો હતો ! બાળ-યુવાન-વૃધ્ધ સહુની ઉપર તેઓશ્રીની હંમેશ કરૂણા દૃષ્ટિ રહેતી....તેથી સ્તો સૌ, તેઓશ્રી પાસે દોડયા દોડયા જતા... જેણે જેણે આ વાત્સલ્યનો સ્વાદ માણ્યો છે તે સહુ કદી એને ભૂલી શકશે નહીં. !

(૫) મચ્છ-કચ્છપાદિના તોફાનો-આક્રમણો સમુદ્રમાં ચાલુ જ હોય છે. તો પણ સમુદ્ર કદી ખળભળતો નથી. આ દેવાંશી મહામાનવના જીવનમાં પણ મચ્છ-કચ્છપાદિના

જેવા તોફાનો-આક્રમણો ઘણા ઘણા આવ્યાં ! તોફાની તત્ત્વોએ ક્ષોભ પમાડવા અથાગ પ્રયત્નો કર્યાં, બે.ટા ઓક્ષેપો મૂક્યા પણ એ બધા જ દાવ નિષ્ફળ ગયા

તેઓશ્રીને ક્ષોભ પમાડવા, ઉશ્કેરવા પ્રવચનોમાં પ્રશ્નોની ઝડીઓ વરસતી, આડા-અવળા, સભ્ય-અસભ્ય, છાજતા-અણછાજતા પ્રશ્નો પણ પૂછાતા તે છતાંય સહેજ પણ ડઘાયા વગર, ઉશ્કેરાયા વગર, અકળાયા વગર ઠંડે કલે જે શાસ્ત્રસાપેક્ષ અપાયેલા ચોટ પ્રત્યુત્તરો સાંભળી શ્રોતાઓ અને પ્રશ્નકર્તા પણ મોંમાં આંગળા નાખી જતા, વિરોધીઓ પણ ભક્ત બની જતા !

(૬) રોજ બરોજ મહાનદીઓના લાખો ટન પાણી સમુદ્રમાં ઠલવાયા જ કરે છે તો ય સમુદ્ર ઉછળતો નથી. મર્યાદા મુકતો નથી !

આ મહાપુરુષને સેંકડો શિષ્યો હતા...હજારો લાખ્ખો ભકતો હતા, માન-પાન-સત્કાર-સન્માનનો કોઈ કમીના ન હતી...પણ...આત્મલક્ષ ધરાવતા એક માત્ર શાસનને જ સમર્પિત આ મહાપુરુષમાં કયારેય અભિમાનનો ઉછાળો જોવા મળ્યો નથી. પોતાના પૂજ્યો, વડીલો પ્રત્યેના ઉચિત વિનયમાં અંશમાત્ર કસર જોવા નથી મળી !

માન—પાનાદિના પ્રસંગે તેઓશ્રીની વધુ સજાગતા નિહાળવા જેવી હતી...ઘણી વ પ્રવચનમાં પૂજ્યશ્રીના મુખે સાંભળવા મળતું કે—"તમારા માન-પાનમાં અમે જો લેવાઈ જઈએ તો અમારી દુર્ગતિ થઈ જાય !"

(૭) સમુદ્ર જેમ ગંભીર હોય છે, વિશાળ હોય છે, શીતલ હોય છે, અક્ષુબ્ધ હોય છે, તેમ છતાં મર્યાદાનું કદી ઉલ્લંઘન કરતો નથી.' માટે જ કહેવાય છે કે સમુદ્ર કયારેય મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી !

સિદ્ધાંતની બેજોડ નિષ્ઠા અને શાસનરક્ષાની ખમીરવંતી ખુમારી ધરાવનારા આ સૂરિપુરંદરે સમુદ્રની આ સમાનતાને સાંગોપાંગ ચરિતાર્થ કરી બતાવી હતી !

વખતો વખત અનેક પ્રકારના આવેલા આક્રમણોમાં, પોતાના ઉપર જુતાં કે છત્રીના ઘા થયા ત્યારે...અને... છેલ્લે છેલ્લે તદ્દન એકલા પાડી દેવાની વિરોધીઓની પૂરતી તૈયારી હોવા છતાં એનાથી ગભરાઈને પૂજ્યશ્રી કયારેય શ્રી વીતરાગ-પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા તૈયાર થયા ન હતા ! ધન્ય છે સત્યની, સિદ્ધાંતની રક્ષા કરનાર એકલવીર આ ધર્મધુરંધર આચાર્ય ભગવંતશ્રીને !

એક વાત અહીં ચોકકસ કહી શકાય કે-આ એકલવીર, અણનમવીર આચાર્યદેવશ્રીએ જો સિધ્ધાંતની સત્યોની રક્ષા ન કરી હોત, એવા સમયે મૌન રહ્યા હોત, સિંહનાદ ન ગજવ્યો હોત કે ચલતા પૂરજામાં તણાઈ ગયા હોત તો આપણે સત્યને જીવતું ન જોઇ

શકયા હોત, સત્યમાર્ગની આરાધના ન કરી શકયા હોત..!

(૮) સમુદ્ર બે દેશ વચ્ચે સંબંધ જોડી ધનના ઉપાર્જનમાં સહાયક-માધ્યમ બને છે.'

કરિયાણ મુસાફરી કરીને દસ દિવસે, મહિને...૬ મહિને..વેપારી વહાણ દ્વારા ઈષ્ટ-દેશમાં પહોંચી ત્યાં ધન કમાય છે અને ધનવાન બને છે.

આ દિવ્યવિભૂતિનું જીવન, માર્ગદર્શન અને ઉપદેશ પણ સમુદ્રના માધ્યમની જેમ સિદ્ધોનાં પ્રદેશમાં પહોંચવા માટે સેતુ સમાન હતા. અર્થાત્ તેઓશ્રી સંસાર અને મોક્ષ વચ્ચેનું માધ્યમ હતા. તેઓશ્રીના માર્ગદર્શન પ્રમાણે આરાધના કરનારા આરાધકોમાં મોક્ષનું સુગન-સુરમ્યસંગીત આજે પણ સંભળાય છે..!

(૯) 'સમુદ્રમાં અકસ્માતનું નિવારણ કરનાર દીવાદાંડી છે'

કહેવું જ પડશે કે-જો પૂજયશ્રીને સમુદ્ર સાથે સરખાવીએ તો તેઓશ્રીની અમોઘવાણી (દેશના) આપણા માટે દીવાદાંડી હતી. છે. કયાંય પાપાચરણનો અકસ્માત ન થાય, જીવ અટવાઈ ન જાય, ઊંધા માર્ગે ન ચઢી જાય એ માટે પૂજયશ્રીની ઉપદેશધારા સચોટ માર્ગદર્શક હતી !

અંતે એક વાત કરીને આ લેખને પૂર્ણ કરીશ. આજે આરાધ્યપાદ પૂજયશ્રી પાર્થિવ-દેહે ચાલ્યા ગયા છે. પણ...અક્ષરદેહે-શબ્દદેહે આપણી પાસે છે. એની પણ આરાધના કરીશું (એ વાણીને વાગોળીશું) તો પૂજયશ્રીની હયાતિ જેટલો ધર્મમય જીવન જીવ-વાનો લાભ આજે ય આપણે અચૂક મેળવી શકીશું !

શ્રી પાળનગર, મુંબઈ-૬.

---

૦ કષાયો અને ઇન્દ્રિયોથી જીતાયેલો જે આત્મા, તે સંસાર છે. અને એનો એ જ આત્મા, જયારે કષાયો અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવીને એનાથી સર્વથા રહિત બને છે, ત્યારે તે મોક્ષ-સ્વરૂપ બને છે. આવાત, સંસાર પર્યાયમાં રહેલા આત્મા-ઓએ માટે જણાવવામાં આવી છે કે– સંસાર પર્યાયને ભોગવતા આત્માઓને, પોતપોતાના મોક્ષ પર્યાયને પ્રગટાવવાનું મન થાય; અને જેઓને સંસારપર્યાયથી છૂટવાનું તથા પોતાના મોક્ષપર્યાયને પ્રગટાવવાનું મન થાય, એ આત્માઓ સંસારપર્યાયથી છુટવાને માટે તથા પોતાના મોક્ષપર્યાયને પ્રગ-ટાવવાને માટે કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાને માટે પ્રયત્નશીલ બને. એટલે, પોતાના કલ્યાણને ચાહતા જીવમાત્રે જો ઇચ્છા કરવા લાયક કોઇપણ વસ્તુ હોય, તો તે મોક્ષપર્યાય જ છે; અને એથી, જીવ માત્રે જો કોઇપણ વસ્તુને માટે પ્રયત્નશીલ બનવા જેવું હોય, તો તે પણ કષાયો ઉપર અને ઇન્દ્રિયો ઉપર વિજય મેળવવાનો ને માટે જ પ્રયત્નશીલ નવા જેવું છે. આ વાત તમારા હૈયે જચે છે ખરી ?

—ચારગતિનાં કારણો ભાગ બીજો

હસ્તલિખિત તૈયાર આગમની યાદી

૧	આચારાંગ સૂત્ર	૧૩૦૦
૨	સૂત્રકૃતાંગ સૂત્ર	૧૦૦૦
૩	પ્રજ્ઞાપના ,,	૪૦૦૦
૪	સમવાયાંગ ,,	૭૫૦
૫	ઔપપાતિક ,, ટીકા	૭૫૦
૬	વ્યવહાર ,,	૪૫૦
૭	પિંડનિર્યુક્તિ ,,	૪૫૦
૮	પંચકલ્પભાષ્ય ,,	૧૨૫૦
૯	દશાશ્રુતસ્કંધ ,,	૪૫૦
૧૦	ઉપાસકદશા ,,	૪૫૦
૧૧	મહાનિશીથ ,,	૨૩૦૦
૧૨	ચંદ્રપ્રજ્ઞપ્તિ ,,	૧૧૦૦
૧૩	નિશીથ ,,	૪૫૦
૧૪	દશવૈકાલિક ,,	૪૦૦
૧૫	નિરયાવલિકા ,,	૬૦૦
૧૬	નંદિ ,,	૪૦૦
૧૭	અનુયોગદ્વાર ,,	૧૦૦૦
૧૮	પ્રશ્ન વ્યાકરણ ,,	૭૫૦
૧૯	વિપાક ,,	૭૫૦
૨૦	કલ્પસૂત્ર (બારસા)	૭૫૦
૨૧	રાજ પ્રશ્નીય સૂત્ર ટીકા	૩૦૦૦
૨૨	જીવાભિગમ સૂત્ર	૨૭૦૦
૨૩	ઓઘ નિર્યુક્તિ ,,	૬૫૦
૨૪	આવશ્યક ,,	૧૦૦૦
૨૫	જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ,,	૨૨૫૦
૨૬	સૂર્ય પ્રજ્ઞપ્તિ ,,	૧૨૦૦
૨૭	રાજ પ્રશ્નીય ,, મુળ	૧૨૫૦
૨૮	ઠાણાંગ ,,	૨૦૦૦
૨૯	અંતકૃત અનુઔપપાતિક સૂત્ર	૪૫૦
૩૦	દશ પયન્ના સૂત્ર	૧૨૫૦
૩૧	ભાગવતી ,,	૮૦૦૦
૩૨	ઉત્તરાધ્યયન ,,	૧૦૦૦
૩૩	જ્ઞાતાધર્મ કથા ,,	૨૭૫૦

આગેત્તર ગ્રંથો

૧	સપ્ત વ્યસન કથા	૧૨૫૦
૨	વિચારામૃત સંગ્રહ	૧૭૦૦
૩	દ્વાવિંશતિ પરિષહ કથા	૧૦૦૦
૪	ધર્મપરીક્ષા કથા	૬૦૭
૫	કુમારપાળ પ્રબંધ	૨૦૦૦

મુળ આગમ બાકી રહે તે લખાવી શકાશે તેની રકમ પણ પછીથી જે થશે તે જણાવાશે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ.ના માર્ગદર્શન મુજબ ૧૮ લહીયાઓ શાસ્ત્ર લખવાનું કામ કરે છે. ગ્રંથ લખાયા પછી વાંચી સુધારીને આપવામાં આવે છે.

એલ્યુમીનીયમ આગમો

૪૫ આગમ મુળ તથા કેટલીક ટીકાઓ વિ. એલ્યુમીનીયમ ઉપર તૈયાર થયા હતા. હવે આખો સેટ તો તેમાં મળી શકે તેમ નથી પરંતુ થોડા ગ્રંથો છે તે જોઇએ તે મંગાવી શકશે.

૧	આચારાંગ સૂત્ર ટીકા ભાગ ૧	૧૮૫૦
૨	,, ,, ભાગ ૨	
૩	,, મુળ	૫૦૦
૪	ઉપાસકદશા સૂત્ર ટીકા	૪૦૦
૫	અંતકૃતદશા ,, ,,	૪૦૦
૬	કલ્પસૂત્ર (બારસા સચિત્ર)	૨૦૦૦
૭	જીતકલ્પ સૂત્ર	૧૦૦
૮	બૃહત્કલ્પ ,,	૧૫૦
૯	રાજપ્રશ્નીય ,,	૪૦૦
૧૦	ઔપપાતિક ,,	૩૦૦
૧૧	વિપાક ,,	૩૦૦
૧૨	દશાશ્રુતસ્કંધ ,,	૪૦૦
૧૩	જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર	૬૦૦
૧૪	મહાનિશીથ ,,	૮૦૦
૧૫	નિશીથ ,,	૨૫૦
૧૬	ઉપાસકદશાઙ્ગ ,,	૨૦૦
૧૭	નવસ્મરણ અને ગૌતમસ્વામી રાસ	૩૦૦

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુત જ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA

તા ૨૧-૮-૯૨

—: પ્રભાવક ચાતુર્માસો અને વિશિષ્ટ નોંધો :—

—પર્યાયવયસ્થવિર પ. પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ તથા પર્યાય સ્થવિર પૂ. આ. શ્રી વિજય મેરૂસૂરીશ્વરજી મહારાજ

(સકલાગમરહસ્યવેદ્વી, પરમ ગીતાર્થ પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય રત્નો અને પોતાના દીક્ષા દાતા પૂ. મુનિરાજ શ્રી મંગલ વિજયજી મહારાજ (૨૦૨૫ સુધીની) તથા પૂ.આ. શ્રી વિ. મેરૂ સૂરીશ્વરજી મહારાજએ (૨૦૩૨ સુધીની) આ નોંધ તૈયાર કરેલ છે અને તે પૂ. ગણિવર્ય શ્રી નરવાહન વિજયજી મહારાજ પાસેથી પ્રાપ્ત થયેલ છે તેથી તેઓનો પણ આભાર માનીએ છીએ.

યોગાનુયોગ જ કહો કે પૂ. મુનિરાજ શ્રી મંગલ વિજયજી મહારાજ ૨૦૨૬માં અને પૂ. આ. શ્રી વિ. મેરૂસૂરીશ્વરજી મહારાજ ૨૦૨૨માં સમાધિ પૂર્વક પૂજ્યશ્રીજીના શ્રીમુખેથી જ શ્રી નવકાર મહા મંત્રાદિના શ્રવણ પૂર્વક કાળધર્મને પામ્યા. પૂજ્યશ્રીજીનો તેઓ બન્ને ઉપર જે વિનય-અહોભાવ હતા તે આજે વિરલ જ જોવા મળે. બન્ને પૂજ્યોને અંતિમ નિર્યામણા પણ કરાવી. —સંપા૦)

અમદાવાદ ચાતુર્માસ ૧૫ પૂર્ણ ૧૬મા માં સ્વર્ગવાસ

અમદાવાદ–૧૬, મુંબઇ–૧૫, ખંભાત–૫, પાલિતાણા–૫, સુરત–૩, સિનોર–૨, ભાવનગર–૨, જામનગર–૩, પાટણ–૩, પૂના–૨, કલકત્તા–૨, રાજકોટ–૨, મહેસાણા–૧, ડભોઇ–૧, પિંડવાડા–૧, પાડીવ–૧, મહીદપુર–૧, વઢવાણ–૧, સાંધનપુર–૧, કરાડ–૧, કોલ્હાપુર–૧ હુંબલી–૧, માંગરોલ–૧, જુનાગઢ–૧, માંડવી–૧, દિલ્હી–૧, પાવાપુરી–૧, રાજગૃહી–૧, કાનપુર–૧, સાદડી–૧, નવાડીસા–૧=કુલ ૭૯.

પ. પૂ. પરમોપકારી પરમ શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબના દીક્ષા સમયથી ચાતુર્માસની યાદી.

૧	૧૯૬૯	શિનોર	૧૦	૭૮	પાડીવ
૨	૭૦	વડવા	૧૧	૭૯	મહીદપુર
૩	૭૧	ભાવનગર	૧૨	૮૦	અમદાવાદ
૪	૭૨	શિનોર	૧૩	૮૧	,,
૫	૭૩	અમદાવાદ	૧૪	૮૨	,,
૬	૭૪	મહેસાણા	૧૫	૮૩	ખંભાત
૭	૭૫	ડભોઇ	૧૬	૮૪	સુરત
૮	૭૬	અમદાવાદ	૧૭	૮૫	મુંબઇ
૯	૭૭	પિંડવાડા	૧૮	૮૬	,,

૧૯	૧૯૮૭	પાટણ	૫૦	૨૦૧૮	ખંભાત
૨૦	૮૮	વઢવાણ	૫૧	૧૯	અમદાવાદ
૨૧	૮૯	ખંભાત	૫૨	૨૦૨૦	મુંબઇ (માટુંગા)
૨૨	૯૦	અમદાવાદ	૫૩	૨૧	,, લાલબાગ
૨૩	૯૧	રાધનપુર	૫૪	૨૨	,, ,,
૨૪	૯૨	મુંબઇ	૫૫	૨૩	,, ,,
૨૫	૯૩	પુના (કેમ્પ)	૫૬	૨૪	ખંભાત
૨૬	૯૪	કરાડ	૫૭	૨૫	પાલિતાણા
૨૭	૯૫	કોલ્હાપુર	૫૮	૨૬	જામનગર
૨૮	૯૬	હુબલી	૫૯	૨૭	અમદાવાદ જ્ઞાન મંદિર
૨૯	૯૭	મુંબઇ	૬૦	૨૮	મુંબઇ–લાલબાગ
૩૦	૯૮	પાલીતાણા	૬૧	૨૯	,, શાન્તાકુઝ
૩૧	૯૯	માંગરોળ	૬૨	૨૦૩૦	,, શ્રીપાલનગર
૩૨	૨૦૦૦	અમદાવાદ	૬૩	૩૧	,, લાલબાગ
૩૩	૧	જામનગર	૬૪	૩૨	પૂના કેમ્પ એ.ટી.
૩૪	૨	જુનાગઢ	૬૫	૩૩	સુરત છાપરીયા શેરી
૩૫	૩	જામનગર	૬૬	૩૪	અમદા. દશાપોરવાડ સો.
૩૬	૪	માંડવી (કચ્છ)	૬૭	૩૫	પાટણ
૩૭	૫	સુરત	૬૮	૩૬	રાજકોટ
૩૮	૬	પાલીતાણા	૬૯	૩૭	નવાડીસા
૩૯	૭	અમદાવાદ	૭૦	૩૮	પાટણ
૪૦	૮	દીલ્હી	૭૧	૩૯	અમદાવાદ શાંતનગર
૪૧	૯	કલકત્તા	૭૨	૨૦૪૦	પાલિતાણા
૪૨	૨૦૧૦	પાવાપુરી	૭૩	૪૧	અ'વાદ લક્ષ્મી વર્ધક
૪૩	૧૧	કલકત્તા	૭૪	૪૨	મુંબઇ–લાલબાગ
૪૪	૧૨	રાજગૃહી	૭૫	૪૩	,, શ્રીપાલનગરચંદનબાલા
૪૫	૧૩	કાનપુર	૭૬	૪૪	,, ,, લાલબાગ
૪૬	૧૪	અમદાવાદ	૭૭	૪૫	પાલિતાણા
૪૭	૧૫	સાદડી	૭૮	૪૬	ખંભાત
૪૮	૧૬	અમદાવાદ	૭૯	૪૭	અમદાવાદ સાબરમતી
૪૯	૧૭	રાજકોટ			અષાઢ વદ ૧૪ના કાળધર્મ

સંવત ૧૯૬૯ના પોષ શુદ ૧૩ના રોજ ગંધાર મુકામે દીક્ષા
૧૯૬૯થી ૧૯૭૬ સુધી શાસ્ત્રાભ્યાસ ગુરુસેવા તથા ગુરુનિશ્રા

સંવત ૧૯૬૯ થી ૧૯૯૨ સુધી દાદાગુરૂ તથા ગુરૂદેવની નિશ્રાએ જ ચાતુર્માસ કર્યા.

સંવત ૧૯૭૬ અમદાવાદ ચાતુર્માસ પરમ ગુરૂદેવ તથા ગુરૂદેવે સાથે મળીને અભક્ષ્ય ચલાવાતી હોટલોનો વિરોધ કરતી ઝુંબેશ શરૂ કરી. ભદ્રકાળીના બોકડાનો વધનો વિરોધ કર્યો બન્ને ગુરુ શિષ્ય મંદીરે ગયા. પૂજારીને સમજાવ્યો. ઘણા પૈસા પૂજારીએ માંગ્યા. પરંતુ આ બધી ગુરુ શિષ્યે તેની વાતને ન માનતાં ઝુંબેશ શરૂ કરી. માણેક ચોકમાં વ્યાખ્યાનો થયા. અને છેવટે વધ બંધ કરાવી શાસનનો જય જયકાર કરાવ્યો.

સંવત ૧૯૮૦ અમદાવાદ ચાતુર્માસ બાલદીક્ષા પ્રતિબંધક બીલ સામે ઝુંબેશનો આરંભ કર્યો. આ વરસે તેઓશ્રીના પ્રથમ શિષ્ય ભુવનસુરીજી થયા.

સંવત ૧૯૮૨ આ વરસમાં પૂ. ગુરૂદેવના યશોદેવસૂરીજી ઉપા. ચારિત્ર વિ. લલિત વિ. આદિ શિષ્યો થયા.

સંવત ૧૯૮૩ તિલક વિજયજી મ.ની દીક્ષા અને તેમના સંસારી ધર્મપત્નીનું દીક્ષા સંબંધી તોફાન કોર્ટમાં થયેલો કેસ "બાઈ રતન કેસ" તરીકેનો આ પ્રસંગ અંતે પૂ. ગુરૂદેવનો વિજય.

સંવત ૧૯૮૪ પૂ. પં. કાન્તિ વિજયજી મ. સા.ની દીક્ષા અને તેમના સંસારી ધર્મપત્નિ લીલાવતી બેનનું દીક્ષા સંબંધી ખંભાતમાં ઉગ્ર તોફાના પોલીસન રક્ષણથી તોફાની તત્વોને વિખેરી નાંખી તોફાન શાંત થયું. અને ગુરૂદેવનો વિજય થયો. આ પ્રસંગ "બાઈ લીલાવતી કેસ" તરીકે જાણીતો બન્યો.

સંવત ૧૯૮૫ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય વલ્લભ સૂરિજી રામે મુંબઈમાં બાલદિક્ષા સંબંધી ઝુંબેશ આરંભ્યું.

સંવત ૧૯૮૭ મુંબઇ (અંધેરી)માં ઉપધાન મહાશુદમાં ઉગ્ર વિહાર કરી વઢવાણ શહેરમાં ગૌત્રી ઓળી પ્રસંગે પધાર્યા. આ સમયે દીક્ષા વિરોધના લિંબડી, વઢવાણ, ભાવનગર વિગેરે સ્થળોએ સખત તોફાન થયા હતા.

સંવત ૧૯૮૮ વઢવાણ શહેરમાં ચાતુર્માસ પ્રવેશ તે વખતે ચાતુર્માસ ન થવા દેવા માટે સખત તોફાન.

સંવત ૧૯૮૯ બાલદીક્ષાના કાયદા સામે વડોદરામાં લડત આવી.

સંવત ૧૯૯૦ અમદાવાદમાં મુનિ સંમેલન ભરાયું જેમાં ૧૦૮ શાસ્ત્રીય પ્રશ્નોની ચર્ચા કરવાની હતી છેવટે આ પ્રશ્નો માંહેના મહત્વના આઠ પ્રશ્નો ચર્ચવા તેમ નક્કી થયું. અને અમદાવાદમાં સંમેલન ભરાયું. આ સંમેલનમાં ચર્ચા માટે આપણા સમુદાયના તે વખતના લગભગ ૩૦૦ સાધુઓએ તથા પૂ. દાનસૂરીજી સ. પૂ. બાપજી મહારાજ પ. પૂ પ્રેમસૂરિજી આદિ ગુરુ ભગવંતોએ બધાએ ભેગા થઇ આ સંમેલનના શાસ્ત્રીય પ્રશ્નોની ચર્ચા કરવા માટે સમુદાયવતી પ. પૂ. ગુરૂદેવને જ (એક જ વ્યક્તિને) નિયુક્ત કર્યા હતા અને ચર્ચા કરવાની આજ્ઞા આપી હતી. આ વખતે પ. પૂ ગુરૂદેવ પન્યાસ હતા પ. પૂ. નિતિસૂરીજી પ. પૂ. નેમિસૂરીજી તથા પ. પૂ. સાગરજી મહારાજ આદિ ગુરૂદેવો અને ધુરંધર સાધુ મહારાજાઓ સાથે સુંદર ચર્ચા કરી હતી. આ ચર્ચામાં સામેથી દરેક જણા ચર્ચામાં ભાગ લેતા હતા. જ્યારે તે બધાના પ્રશ્નોની ચર્ચા અને ઉત્તરો શિસ્તતો અને વિનયતા પૂર્વક પૂ. ગુરૂદેવ એકલા જ આપતા.

સંવત ૧૯૯૨ પૂ. ગુરૂદેવને આચાર્ય પદ માટે મુંબઇ, ખંભાત અને અમદાવાદના સંઘોની જોરદાર વિનંતીઓ થઇ. અને પોતાને ત્યાં આ પદવી થાય તેવી માંગણી થઇ છેવટે પરમ ગુરૂદેવોએ લાભાલાભના કારણે મુંબઇમાં આ પ્રસંગ માટે સ્વીકાર કર્યો અને ૧૯૯૨માં આચાર્ય પદવી થઇ. શાસનના શિરતાજ બન્યા. અહીંયા પણ ગુરૂદેવે "બાલ-દીક્ષા" સંબંધી સંમત વિરોધ અને જુંબેશ કરી અને સુધારકો સામે વ્યાખ્યાનો કર્યા.

સંવત ૧૯૯૩ આ વરસથી પૂ. ગુરૂદેવે સ્વતંત્ર ચોમાસા કરવાની શરૂઆત કરી આ સાલે ચાતુર્માસ પૂના (કેમ્પ)માં કર્યું. ઉપધાન થતા તિથિ ચર્ચાના સમાધાન માટે પૂ સાગરજી મહારાજ સામે જામનગર અને પૂના વચ્ચે તાર ટપાલ વિગેરે દ્વારા જોરદાર પત્ર વ્યવહાર થયો.

સંવત ૧૯૯૪ કરાડથી કુંભોજ ગિરીનો તીર્થયાત્રાનો સંઘ કરાડમાં યાદગાર ચોમાસુ ઉપધાન થયા તથા શાસન પ્રભાવનાના કાર્યો થયા. પૂ. આ. ગુરૂદેવને ૩૫ દિવસની ટાઇ-ફોડની ભયંકર માંદગી આવી. પૂનામાં મુનિઓની પન્યાસ પદવીઓ થઇ.

સંવત ૧૯૯૫ દક્ષિણ તરફ વિહાર કોલ્હાપુરમાં ઉપધાન થયા તથા શાસન પ્રભા-વનાના કાર્યો થયા. નૂતન જિનાલય માટે ખાતમુહુર્ત થયું.

સંવત ૧૯૯૬ હુબલીમાં ચોમાસુ ઓળી ગદગમાં થઇ.

સંવત ૧૯૯૭ નિપાણીમાં દરતુભાઇ તરફથી અંજન શલાકા, પ્રતિષ્ઠા ઉત્સવ. તે પછી કોલ્હાપુરની પ્રતિષ્ઠા નિમિત્તે કોલ્હાપુર આગમન ત્યાં નુતન મંદીરની ભવ્ય અંજન શલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ તે પછી મુંબઇ તરફ વિહાર અને ચોમાસુ મુંબઇમાં થયું. અને ત્યાં ભવ્ય શાસન પ્રભાવનાના કાર્યો થયા.

સંવત ૧૯૯૮ મુંબઇ (ઈલા)માં શેઠ માણેકલાલ ચુનીલાલ તરફથી ઉપધાન તે પછી ચૈત્રી ઓળી માટે પાલિતાણા તરફ વિહાર પાલિતાણામાં ભવ્ય પ્રવેશ મહોત્સવ તે વખતે પાલિતાણામ. પૂ. સાગરજી મહારાજ સાહેબના તિથિ ચર્ચા સંબંધી કહેવા અનુસાર પણ પૂ. ગુરુદેવ મુંબઇથી પાલિતાણા આવ્યા પાલિતાણામાં ભવ્ય સામૈયામાંથી પૂ. સાગરજી મહારાજને રચમાં પૂ. ગુરુદેવ મળ્યા. અને તિથિ સંબંધી ચર્ચા કરી. તે પછી તળેટી પાસે બાંધેલ મંડપમાં આવ્યા. ચૈત્રી ઓળી કરાવી પૂ ગુરૂદેવે એકાસણાથી નવ્વાણું યાત્રા કરી. તિથિ ચર્ચા માટે લવાદીનો સ્વીકાર થયો.

સંવત ૧૯૯૯ પાલિતાણામાં કંકુબાઇની ધર્મશાળામાં ગઢશીવાણાવાળા આશુરામજી તરફથી ઉપધાન થયા. ચૈત્રી ઓળી માટે હળવદ પ્રયાણ. માંગરોળમાં ચોમાસું તથા તિથિ ચર્ચાની લવાદી અંગે મળેલો વિજય.

સંવત ૨૦૦૦ શેઠ છોટાલાલ હેમચંદ તરફથી રાજકોટમાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ. ચાતુર્માસ અમદાવાદ ચાતુર્માસ પ્રવેશ વખતે પાંચ હાથી સહીત પૂ. ગુરૂદેવ આદિ સાથે ભવ્ય પ્રવેશ શહેર યાત્રા થઇ.

સંવત ૨૦૦૧ જામનગર ચાર્તુમાસ.

સંવત ૨૦૦૨ જામનગર શાંતિભુવન ઉપાશ્રયમાં અંજન શલાકા પ્રતિષ્ઠા ઉત્સવ. તે પછી ત્યાંથી વિહાર. પાલિતાણામાં નવ્વાણું યાત્રા કરી અને ચોમાસું જુનાગઢમાં થયું.

સંવત ૨૦૦૩ ચૈત્રી ઓળી તથા ચાર્તુમાસ જામનગર તથા જામનગરના શેઠના દેરાસરની કુલચંદ તંબોલી તરફથી પૂ. ગુરૂદેવના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઇ.

સંવત ૨૦૦૪ કચ્છ તરફ વિહાર થયો. ચૈત્રી ઓળી ભદ્રેશ્વર તીર્થમાં, ચાતુર્માસ માંડવી.

સંવત ૨૦૦૫ ચૈત્રી ઓળી ભદ્રેશ્વર ચાતુર્માસ સુરત.

સંવત ૨૦૦૬ મુંબઇ તરફ નવસારીથી પૂ. ગુરૂદેવના તબીયતના કારણે પાલિતાણા તરફ વિહાર અને પાલિતાણા ચાતુર્માસ અહીં કલકત્તાથી પ્રતિષ્ઠા નિમિતે કલકત્તા સંઘનું ડેપ્યુટેશન આવ્યું. અને કલકત્તામાં કેનીંગ સ્ટ્રીટમાં નૂતન મંદીરની પ્રતિષ્ઠા કરાવવા માટે પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરાઇ. અને પૂ. આચાર્યદેવ આ પ્રતિષ્ઠા કરાવવા સારૂં કલકત્તા જવા સારૂં પ. પૂ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજને આદેશ અપાયો અને કલકત્તા પ્રતિષ્ઠા કરાવવાનું નકકી થયું.

સંવત ૨૦૦૭ પાલિતાણાથી ભાવનગર આવી એક માસની સ્થિરતા કરી. તે પછી

ચૈત્ર માસમાં અમદાવાદ આવ્યા અને પ. પૂ બાપજી મહારાજની નિશ્રામાં માતરમાં સાચાદેવ સુમતિનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા થઇ અને ચાતુર્માસ અમદાવાદ થયું.

સંવત ૨૦૦૮ પ. પૂ. બાપજી મહારાજની નિશ્રામાં રાજનગર અરૂણ સોસાયટીમાં નુતન દેરાસરની અંજન શલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ થયો. તે પછી દિલ્હી તરફ વિહાર ફાગણ માસમાં ગઢસિવાણામાં ઉદ્યાપન મહોત્સવ તે પછી પાદરલીથી સુ. ભબુતમલ આઈ દાનમલ તરફથી રાણકપુરનો સંઘ ચૈત્રી ઓળી વીસલપુરવાલા સાકલચંદ તરફથી રાણકપુરજી. તે પછી દિલ્હી તરફ વિહાર. રસ્તામાં સાંડેરાવ, પાલી, બિયાવર, અજમેર, જયપુર વિગેરે દરેક સ્થળોએ ભવ્ય સ્વાગત. અષાઢ સુદ ૧૦ના રોજ ભવ્ય પ્રવેશ સહીત દિલ્હીમાં ચાતુર્માસ પ્રવેશ થયો. આ વખતે પંડીત નહેરૂ અને રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ સાથે પૂ. ગુરૂદેવની મુલાકાત થઇ.

સંવત ૨૦૦૯–દિલ્હીથી કારતક વદ ૧ ના રોજ કલકત્તા તરફ વિહાર રસ્તામાં કાનપુર, બનારસ, શીખરજી, ઝરીયા વિગેરે દરેક સ્થળોએ ભવ્ય સ્વાગત શીખરજીની યાત્રા કરી ફાગણ સુદ ૫ ના રોજ કલકત્તામાં ભવ્ય પ્રવેશ મહોત્સવ અને વૈશાખ વદ ૧૧ થી જેઠ સુદ ૧૧ સુધી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો જેઠ સુદ ૧૦ ના રોજ પ્રતિષ્ઠા થઇ અને જેઠ સુદ ૧૨ ને પુનાવાલા મણીભાઇની દીક્ષા થઇ. નામ મુ. હરિશ્ચંદ્ર વિ. રાખ્યું અને કલકત્તામાં ચાતુર્માસ થયું.

સંવત ૨૦૧૦–કલકત્તાથી વિહાર કરી પાવાપુરી, રાજગૃહી, ભાગલપુર, ક્ષત્રિયકુંડ, ગુણીયાજી વિગેરે કલ્યાણ ભુમિઓની યાત્રા કરી પાવાપુરીમાં ચાતુર્માસ રહ્યા. આ વખતે ૩૫ કુટુંબો અમદાવાદ, કલકત્તા, મુંબઇ વિગેરેથી આવી ચાતુર્માસ રહ્યા હતા. ચાતુર્માસ દરમ્યાન શ્રી મહાવીર પ્રભુના અંતિમ દેશના ભુમિના ઉદ્ધાર કરાવવાનો નિર્ણય. આ માટે માત્ર અડધા જ કલાકમાં રૂા. ૪૦૦૦૦ની ટીપ થઇ.

સંવત ૨૦૧૧–પાવાપુરીના ચાતુર્માસ બાદ ગુજરાત તરફ વિહાર. પટના પહોંચતા કલકત્તાથી છોટમલજી સુરાણા આદિ સુશ્રાવકોનું ડેપ્યુટેશન આવી આગામી ચાતુર્માસ કલકત્તા કરવા વિનંતિ કરી. વિનંતિનો સ્વીકાર થયો. પટનાથી પાછા ફરતાં પાવાપુરીમાં અંતિમ દેશના ભુમિ પર સમોસરણ માટે શિલા સ્થાપન થયું. ત્યાંથી રાજગૃહી શીખરજી આદિ થઇ કલકત્તા તરફ વિહાર. અને કલકત્તામાં ચાતુર્માસ અર્થે ભવ્ય પ્રવેશ ચાતુર્માસ દરમ્યાન ઉપધાન તપ તથા મુ. અનંતવીર્યવિજયજીની દીક્ષા પછી જેઠ સુદ ૫ ના (મારવાડ) ખીવા-દીવાલા ચંદનમલ (બાપ–દીકરા) મુ. ચંપકવિજય કનકધ્વજ વિજયજી દિક્ષા થઇ.

સંવત ૨૦૧૨–કલકત્તાથી વિહાર. શીખરજી આદિ થઇ ચૈત્રી ઓળી પાવાપુરી અને

વૈશાખમાં ઝાંઝીયાની પ્રતિષ્ઠા કરી, અને બેરમોમાં નુતન મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો રાજગૃહીમાં ચાતુર્માસ બહારગામના ૨૫–૩૦ કુટુંબો રાજગૃહીમાં ચાતુર્માસ કરવા આવી રહ્યા. ત્યાં તે વખતે જૈનોનું એક જ ઘર હતું. દીવાળી પાવાપુરી કરી અને ત્યારબાદ રાજગૃહી આવ્યા.

સંવત ૨૦૧૩–રાજગૃહીથી વિહાર કરી પાવાપુરી ત્યાં તૈયાર થયેલા સમોસરણ મંદિરમાં પોષ માસમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ થયો. ત્યારબાદ વિહાર કરી પટના બનારસ તથા કલ્યાણક ભુમિઓની યાત્રા કરી કાનપુરમાં ચાતુર્માસ અર્થે આગમન ભવ્ય પ્રવેશ મહોત્સવ અને ત્યાંના (કાનપુરના) જૈનેતર ભાઇઓએ ખત્રી ધર્મશાળા આરાધના માટે આપી હતી.

સંવત ૨૦૧૪–કાનપુરથી વિહાર કરી ઝાંસી આવ્યા. ઝાંસીમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. તે પછી અમદાવાદ તરફ વિહાર કર્યો. અને બે માસમાં ૬૫૦ માઇલનો વિહાર કરી મુનિ સંમેલન ઉપર અમદાવાદ આગમન. મુનિ સંમેલનમાં ભાગ લીધો. અને પ. પૂ. આ શ્રી લબ્ધિસૂરીજી પ. પૂ. આ. પ્રેમસૂરીજી મહારાજની નિશ્રામાં જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ તિથિ નિર્ણય થયો. પર્વ તથા તિથિ નિર્ણય માટે ચંડાશુચંડુ પંચાંગ બદલી જન્મભુમિ પંચાંગ સ્વીકારવાનો શ્રી ચતુર્વિધ સંઘનો મુનિ સંમેલન દ્વારા નિર્ણય લેવાયો. અને આ નિર્ણયનો સકલ સંઘે સ્વીકાર કર્યો.

સંવત ૨૦૧૫–અમદાવાદથી વિહાર કરી સિદ્ધપુરમાં પ્રતિષ્ઠા કરી રાધનપુરમાં દીક્ષા પ્રસંગે પધાર્યા. અને ધર્મકિર્ત્તિવિજયજીની દીક્ષા થઇ. તે પછી સાદડીમાં ચાતુર્માસ અર્થે પધાર્યા. ભવ્ય પ્રવેશ મહોત્સવ ચોમાસા દરમ્યાન ભા. વદ ૧૪ના રોજ પ. પૂ. બાપજી મહારાજનો સ્વર્ગવાસ થયો

સંવત ૨૦૧૬–ચાતુર્માસ બાદ શેઠ ગોવીંદજી જેવત ખોના તરફથી સાદડીથી મોટી પંચતીર્થનો સંઘ નીકળ્યો. રાણકપુરમાં સંઘ માળારોપણ થયું. પ. પૂ. બાપજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમદાવાદ તરફ વિહાર રસ્તામાં કરજણમાં દીક્ષા મહોત્સવ. અમદાવાદ ચાતુર્માસ અર્થે આગમન. ભવ્ય પ્રવેશ મહોત્સવ. શ્રાવણ મહિનામાં પ. પૂ. બાપજી મહારાજની વિદ્યાશાળામાં મૂર્તિ પ્રતિષ્ઠા થઇ. આ પ્રતિષ્ઠા જેસિંગભાઇ લોજકે રૂા. ૧૧૧૧૧ બોલી લાભ લીધો અને પરસોતમદાસ ઘેલાભાઇવાળા ચીમનભાઇ તરફથી શહેરયાત્રા થઇ.

સંવત ૨૦૧૭–અમદાવાદથી રાણપુર તરફ વિહાર. રાણપુરમાં નરોત્તમભાઇ છગનલાલ મોદી તરફથી નૂતન મંદિરનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ત્યારબાદ

કલકત્તાવાલા તારાબેન કાંકરીયા તરફથી રાણપુરથી પાલિતાણાનો છરી પાળતો સંઘ નીકળ્યો. શેઠ ગોવીંદભાઇ તરફથી ચૈત્રી ઓળી પાલિતાણામાં થઇ. પાલિતાણામાં સંઘ માળારોપણ. પાલિતાણાથી વિહાર કરી ગોંડલમાં દીક્ષા મહોત્સવ ઉજવાયો. ત્યાંથી જામનગર થઇને રાજકોટ ચાતુર્માસ અને ભવ્ય પ્રવેશ થયો.

સંવત ૨૦૧૮-રાજકોટથી જુનાગઢનો શેઠ હામોદરદાસ ઝીણાભાઇ વોરા ઘોરાજી-વાળા તરફથી સંઘ ઉના અજારા આદિ તિર્થયાત્રા કરતાં પાલિતાણા તરફ ગયાણ. અને પાલિતાણામાં ખંભાતના ચાતુર્માસનો નિર્ણય. અને ખંભાત તરફ વિહાર. ખંભાતમાં ભવ્ય પ્રવેશ મહોત્સવ. ચૈત્રી ઓળી મુલચંદમામા તરફથી ખંભાતમાં થઇ તે પછી ૫. પૂ. પ્રેમસૂરીજી મહારાજની વંદના અર્થે અમદાવાદ તરફ પ્રયાણ. અને અમદાવાદ આવ્યા. પૂ. પરમ ગુરુદેવને વદના સુખશાતા પૂછી ખંભાતના ચાતુર્માસ માટે ખંભાત તરફ વિહાર. અને ખંભાતમાં ભવ્ય પ્રવેશ મહોત્સવ. ચાતુર્માસ પછી દિક્ષાઓ થઇ.

સંવત ૨૦૧૯-ખંભાતથી વિહાર કરી અમદાવાદ આવ્યા' અમદાવાદથી રીજપુરના નુતન દેરાસરની પ્રતિષ્ઠા અર્થે રીજપુર ગયા. ચૈત્રી ઓળી લોયણીમાં કરાવી. ત્યાંથી અમદાવાદ ચાતુર્માસ પ્રવેશ જેઠ મહિનામાં કરછી ધનજીભાઇના કુટુંબ સહીત પાંચ જણાની ભવ્યાતિભવ્ય અને અજોડ દીક્ષા મહોત્સવ. આ મહોત્સવ શેઠ હઠીભાઇની વાડીના દેરાસરે ઉજવાયો. અને આસો માસમાં ઉસમાનપુરામાં ઉપધાન તપની આરાધના અને માળારોપણ થયું.

સંવત ૨૦૨૦-ચાતુર્માસ બાદ અમદાવાદથી પીંડવાડા તરફ વિહાર તેમાં અમદાવાદથી પાનસરનો સંઘ નીકળ્યો. ૫. પૂ પ્રેમસૂરીજી મહારાજની વંદના અર્થે પીંડવાડા તરફ વિહાર અને પીંડવાડા પહોંચ્યા રોહીડાથી દિયાણાજીનો સંઘ મીઠાલાલજી તિલોકચંદ તરફથી અને ૫. પૂ. આચાર્યદેવની નિશ્રામાં ગોવીંદજીભાઇ માટુંગાની પ્રતિષ્ઠા મહોત્સવ માટે અને માટુંગા ચાતુર્માસ માટે વિનંતી અને પરમ ગુરૂદેવે કરેલો સ્વીકાર અને ગુરૂદેવનો મુંબઇ તરફ વિહાર વચમાં અમદાવાદ આવ્યા. મહોત્સવો થયા. અને તે પછી મુંબઇ તરફ વિહાર માટુંગામાં વૈશાખ વદ ૧૧ નો ભવ્ય પ્રવેશ મહોત્સવ. અને ગોવીંદજી-ભાઇના ઘેર અઠ્ઠાઇ મહોત્સવ થયો. માટુંગામાં જીવણલાલ અમજીભાઇ જૈન જ્ઞાનમંદિરમાં માટુંગાના ટ્રસ્ટી સંઘની વિનંતીથી ચાતુર્માસ

સંવત ૨૦૨૧ તથા ૨૦૨૨ ચાતુર્માસ બાદ ગોવીંદજીભાઇ તરફથી પોતાના ગૃહ-મંદીરમાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ માટુંગામાં દીક્ષા પાર્લામાં અંજન શલાકા-પ્રતિષ્ઠા મુંબઇ લાલબાગમાં ચાતુર્માસ સંવત ૨૦૨૧ ૨૦૨૨ ૨૦૨૩ ની સાલના ત્રણે ચાતુર્માસ મુંબઇ લાલબાગમાં થયા. આ દરમ્યાન ભવ્ય મહોત્સવો ૧૨૭ ઉપરાંત ઉજ-

મણું ભવ્ય ચૈત્યપરિપાટી. શહેરયાત્રા તથા લાલબાગમાં શ્રી વીરનિર્વાણ કલ્યાણક મહોત્સવ ઉજવાયો.

સંવત ૨૦૨૩–મુંબઈથી મુરબાડ તરફ વિહાર. અને દીક્ષા ઉત્સવ ત્યાં તીર્થવિજય મ. સા. નો સ્વર્ગવાસ પુનઃ મુંબઈ આવ્યા ત્યાં પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી ચારિત્ર વિજયજી મ. સા. ની માંદગી નિમીત્તે અષા. ૨૦૨૩ ના ચાતુર્માસનો પ્રવેશ મુંબઈ લાલબાગમાં કર્યો અને શ્રાવણ વદ ૧૦ ના રોજ પૂ. ઉપાધ્યાયજી મ. નો સ્વર્ગવાસ તે નિમિત્તે ઉત્સવો થયા.

સંવત ૨૦૨૪ મુંબઈ લાલબાગથી પ. પૂ. ગુરૂદેવની ચિંતાજનક તબીયતના સમાચારે ઉગ્ર વિહાર સાથે ખંભાત તરફ વિહાર કર્યો. વિહાર પહોંચતા મુંબઈનું દશહજાર માણસ વિરાટ પૂ ગુરૂદેવના દર્શનાર્થે આવેલ. પૂ. ગુરૂદેવ. ગોલવડ પહોંચતાં બાબુભાઈ એરોવાલા તરફથી ભક્તિ સ્પેશીયલ ટ્રેન ગોલવડ પૂ ગુરૂદેવના દર્શનાર્થે આવી. તે પછી સૂરત પહોંચતા ભવ્ય પ્રવેશ. ખંભાત પહોંચતા ભવ્ય પ્રવેશ મહોત્સવ અને ગુરૂદેવ સાથે અમર જૈનશાળામાં સુભગ મિલન તે પછી બન્ને ગુરૂદેવો સાથે ખંભાત ચાતુર્માસ કરવાની ખંભાત સંઘની પ. ગુરૂદેવ સાથે જોરદાર વિનંતી અને પરમ ગુરૂદેવે તે વિનંતિનો કરેલો સ્વીકાર ખંભાતમાં ચાતુર્માસ નક્કી થયું. વૈશાખ વદ ૧૧ ના રોજ પૂ. ગુરૂદેવનો સ્વર્ગવાસ તેઓના નિમિત્તો ભવ્ય મહોત્સવ થયો. ચાતુર્માસ દરમ્યાન અનેક શાસન પ્રભાવનાના કાર્યો થયા તે પછી મુનિ શ્રી કપુરવિજયજી મ. સા. સ્વર્ગવાસ થયાં.

સંવત ૨૦૨૫ તે પછી ખંભાતમાં બાબુભાઈ દેહેવાણવાળા તરફથી ખંભાતમાં દહેવાણનગરની રચના કરી ભવ્ય ઉપધાન તપની આરાધના અને મહોત્સવ અને ભવ્ય માલારોપણ થઈ. તથા મુંબઈવાળા શેઠ ગોવીંદજી જેવત ભોના તરફથી ખંભાતથી છરી પાળતા પાલિતાણા સંઘ લઈ જવાનો નિર્ણય થયો. મહા શુદ ૧૩ ના રોજ મુંબઈથી પાલિતાણા પોતાના નૂતન તૈયાર થયેલ દેરાસરજીમાં પધરાવવા માટે ૧૧ પધાણુના પ્રતિમાજી લાવ્યા અને સર્વે જિનબીંબો સહીત તથા ૧૦૦૦ યાત્રિકો સહીત આ સંઘનું પાલિતાણા તરફ પ્રયાણ થયું દરેક મુકામે આ સંઘનું તે તે ગામના લોકોએ કરેલું ભવ્ય સ્વાગત. પાલિતાણામાં સંઘનો પ્રવેશ અને સંઘ માળારોપણ. ચાતુર્માસ પાલિતાણા કરવાનો નિર્ણય ચૈત્રી ઓળી તળાજામાં અહીં શ્રી સાવરકુંડલા જૈન સંઘના આગેવાનો આવી સાવરકુંડલામાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કરાવવાની વિનંતિ અને પૂ. ગુરૂદેવે કરેલો સ્વીકાર ત્યાર બાદ તળાજાની આયંબીલની ઓળી પૂર્ણ થતાં સાદડીવાળા કપૂરચંદજી અનરાજજી તરફથી તળાજાથી પાલિતાણાનો સંઘ ગિરિરાજ

ઉપર થયેલ આ સંઘની સંઘમાલ અને તે જ દિવસથી શેઠ ગોવિંદજી જેવંત ખોનાએ તળેટીએ બંધાવેલ નુતન દહેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ વૈશાખ સુદ ૬ ની પ્રતિષ્ઠા વૈશાખ સુદ ૪ ના રોજ મુ. ભવ્ય રત્ન વિ. મ. ની દીક્ષા થઇ તે પછી અમરેલી તરફ દીક્ષા નિમિત્તે વિહાર અમરેલીમાં ભવ્ય પ્રવેશ અને મુનિ શ્રી હિતપ્રજ્ઞ આદિ ૪ મુનિઓની દીક્ષા અને તે નિમિત્તો ઉત્સવ દીક્ષા પ્રસંગ પતાવ્યા પછી અમરેલીથી સાવરકુંડલા તરફ પ્રયાણ સાવરકુંડલામાં ભવ્ય પ્રવેશ અને ત્યાં ઉજવાયેલો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ જેઠ સુદ ૧૦ ની પ્રતિષ્ઠા દીક્ષા તથા વડી દીક્ષા થઇ ત્યાર બાદ શેઠ નાનચંદ જુઠાલાઇ તરફથી પોતાના વતન ચલાલાથી પાલિતાણા નો સંઘની વિનંતિ સ્વીકારેલી હોઇ પૂ. ગુરૂદેવનો ચલાલા તરફ વિહાર અને ચલાલાથી ૭૦૦ માણસો સાથે છરી પાલતા સંઘનું પ્રયાણ જેઠ વદમાં પાલીતાણામાં સંઘનો પ્રવેશ અને સંઘમાલ ત્યાં વડી દીક્ષા થઇ તે પછી ભાવનગરના સંઘે પૂ ગુરૂદેવનો, વ્યાખ્યાનનો લીધેલો સુંદર લાભ તે પછી શેઠ હરખચંદજી કાંકરીયાની વિનંતિથી આષાઢ શુદ ૭ ના રોજ ઉમાજીભુવનના માલીક શેઠ સાકળચંદજી તરફથી વિનંતી હોઇ પાલિતાણા ઉમાજી ભુવનમાં ચાતુર્માસ અર્થે પ્રવેશ અને ચાતુર્માસ સ્થીરતા પ્રવેશના દિવસે જ બે દીક્ષા થઇ ચાતુર્માસ દરમ્યાન અનેક ભવ્ય મહોત્સવો આરિસા ભૂવનમાં તૈયાર કરેલા ભવ્ય ઉત્સવો, દીક્ષા ઉત્સવો આસો માસની ઓલીની ભવ્ય આરાધના વિગેરે થયું. દરરોજ ચતુર્વિધ સંઘ સાથે સવારે તળેટીની નવાણું યાત્રા ચાતુર્માસ દરમ્યાન અનેક ગામોથી આવેલા પુન્યશાલિઓની ચાતુર્માસ સ્થીરતા ચતુર્વિધ સંઘ સાથે પાલિતાણામાં શહેર યાત્રા થઇ.

સંવત ૨૦૨૬ આ વર્ષમાં કારતીક વદ ૪ના દિવસે પાલિતાણામાં પૂ. મુ. શ્રી વિશ્વકીર્તિ વિજયજી મ. સા.નો ભવ્ય દીક્ષા મહોત્સવ તે પછી પાલિતાણાથી વિહાર બોટાદ પાસે ભાંભર ગામમાં નુતન જિનમંદીરમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તે પછી શેઠ કાંકરીયા તરફથી જામનગર જુનાગઢ છરી પાલતા નીકળનાર સંઘ નિમિતે જામનગર તરફ પ્રયાણ અને જામનગરમાં પોષ વદમાં ભવ્ય પ્રવેશ મહોત્સવ મહા શુદ ૧૩ના રોજ ૧૦૦૦ યાત્રિકો સાથે શેઠ કાંકરીયા તરફથી છરી પાલતા જામનગર જુનાગઢના સંઘનું પ્રયાણ રસ્તામાં દરેક ગામના સંઘો તરફથી સંઘનું સ્વાગત સંઘનો જુનાગઢમાં ભવ્ય પ્રવેશ ગિરનારજીની યાત્રા અને ગિરનાર ઉપર સંઘમાળ તથા દીક્ષા મહોત્સવ ત્યાંથી મહુવા તળાજા થઇ પાલિતાણાથી સુરેન્દ્રનગર પ્રતિષ્ઠા નિમિતે ગયા અને ત્યાં દીક્ષા ત્યાંથી ચાતુર્માસ અર્થે વાયા રાજકોટ થઇને જામનગર તરફ વિહાર જામનગર ગામ બહાર હિન્દુસ્તાન ટાઇલ્સ ફેકટરીમાંના છેલ્લા મુકામે પૂ. મંગલ વિજયજી મ. સા.નો અષાઢ

સુદ ૧ના રોજ સ્વર્ગવાસ અને અષાઢ સુદ ૨ ના રોજ જામનગરમાં ભવ્ય સ્મશાનયાત્રા તથા અષાઢ સુદ ૩ ના રોજ પૂ. ગુરૂદેવ આદિ મુનિવરો સહીત ચાતુર્માસ અર્થે નગર પ્રવેશ પાઠશાળા હોલમાં ચાતુર્માસ સ્થીરતા ત્યાં પૂ. મંગલ વિજયજી મ. સા.ના સ્વર્ગવાસ નિમિત્તે ઉત્સવ. ગોવીંદજીભાઇ ખોના તરફથી શ્રાવણ મહિનામાં મેરૂપર્વતની રચના પૂર્વનો તથા વિધિ પૂર્વકનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ સંઘ તરફથી ચાતુર્માસમાં થયેલ તપશ્ચર્યા નિમિતે ઉત્સવ ચૈત્ય પરિપાટી (શહેર યાત્રા) થઇ.

સંવત ૨૦૨૭ જામનગરથી વિહાર ધ્રોલમાં દિક્ષા તથા ઉત્સવ ત્યાંથી મોરબી થઇને હળવદ ત્યાં બે બહેનોની દિક્ષા ત્યાંથી શ ખેશ્વર જઇ પાંચ દીવસની સ્થીરતા કરી ઉત્સવ નિમિતે રાધનપુર શાંતિસ્નાત્ર સહીત પંચાન્હિકા મહોત્સવને પછી પાટણ તરફ વિહાર. પાટણમાં ભવ્ય અને અદ્વિતીય પ્રવેશોત્સવ (૧૯૮૭)માં આજ ગામમાં "રામ વિજયજી પાછા જાવ"ના સૂત્રો બોડો તથા તોફાન સાથે પ્રવેશ થયેલો તે પછી આજે "રામચન્દ્ર સૂરીજી ભલે પધાર્યા"ના બુલંદ અવાજ સાથે ભવ્ય પ્રવેશ થયો. ત્યાં પૂ. ગુરુદેવના પક્ષમાં દિક્ષા પ્રવેશ દિનની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ થયો ત્યાંથી પૂ. ભદ્રસૂરીજી મહારાજની વંદન અર્થે જુના ડીસા ગયા. ત્યાંથી ભીલડીયાજી આદિ તીર્થોની યાત્રા કરતા ફાગણ માસમાં પિંડવાડા પિંડવાડામાં ભવ્ય પ્રવેશ મહોત્સવ. ત્યાં થનારી પૂ. ગુરૂદેવની મૂર્તિ પ્રતિષ્ઠા અને અજારી ભાવન જિનાલય તિર્થની પ્રતિષ્ઠા નિમિતે થયેલી ઉજવણીઓ ને પછી સાદડી તરફ પ્રયાણ સાદડીમાં ઉત્સવ ચૈત્રી ઓળી રાણકપુરજીમાં તે પછી મૂર્તિ પ્રતિષ્ઠા નિમિતે પુનઃ પિંડવાડામાં પૂ. ગુરૂદેવ પૂ. આચાર્યદેવ શ્રી વિ. જંબુસૂરીજી મહારાજ પૂ. આ. શ્રી યશોદેવ સૂરીજી મહારાજ આદિ વિશાલ મુનિ ભગવંતો સહીત ભવ્ય સ્વાગત અને પ્રવેશ થયા. પ. પૂ. પરમ ગુરૂદેવ સ્વ. આ. શ્રી વિ. પ્રેમસૂરીજી મહારાજની મૂર્તિ તથા અજારી તીર્થની પ્રતિષ્ઠા પ્રસંગનો ભવ્ય ઉત્સવ પૂ. ગુરૂદેવની નિશ્રામાં ઉજવાયો. મૂર્તિ પ્રતિષ્ઠા બાદ નાણાગામથી આબુજીનો ઉદેચંદજી ચત્રભાણજી તરફથી નીકલનાર છરી પાલતા સંઘમાં પ્રયાણ અચલગઢ તીર્થે સંઘમાળ ત્યાંથી બેરોજ અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કરવા નિમિતે કુંભારીયાજી તીર્થોએ થઇને બેરોજ આવ્યા. બેરોજમાં ભવ્ય પ્રવેશ બેરોજમાં થયેલ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ત્યાંથી ઈડર, હિંમતનગર, રોજપુર થઇ અમદાવાદ ચાતુર્માસ અર્થે આગમન. અમદાવાદમાં ભવ્ય પ્રવેશ પૂ. આ.દેવ શ્રી વિ. દાનસૂરીજી જ્ઞાનમંદિરમાં ચાતુર્માસ સ્થીરતા. સાથે પ. પૂ આ. શ્રી વિ. જંબૂસૂરીજી મ. તથા પર્યાયવૃદ્ધ પૂ મુ. શ્રી મેરૂ વિજયજી મ. સાથે ચાતુર્માસ દરમ્યાન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી વિશેષ વશ્યક સૂત્રનું વાંચન દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય વિગેરેની સુંદર ઉપજ વારંવાર સંઘપૂજા પ્રભાવના પર્યુષણામાં તપની થયેલી સુંદર આરાધના તપસ્વીઓની ભકિત શ્રી અર્હદ્ અભિષેક પૂજા શ્રી સિદ્ધચક્રપૂજન પોળોમાં તથા સોસાયટીઓમાં

તપશ્ચર્યા ઉત્સવ. જેવા પ્રસંગોએ પૂ. ગુરૂદેવનું સામૈયા સહીત આગમન અને ત્યાં થયેલા સુંદર વ્યાખ્યાનો, તથા ઉત્સવો આદિ સુંદર આરાધના.

સંવત ૨૦૨૮ કારતક સુદ ૯ના રોજ સુ. બાબુભાઇ હળવદવાલા તથા સગા સંબંધીઓ તરફથી તેઓના સંસારીપુત્ર પૂ. મુ. શ્રી નરચંદ્ર વિ. મ.ની અખંડ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યાના પારણા નિમિતે તથા પૂ. મુનિરાજ શ્રી ગુણચન્દ્ર વિજયજી મ.ની સિદ્ધિતપની તપશ્ચર્યા નિમિતે પાંચરથ તથા એકરથને ૧૧ જોડી બળદની જોડીને તથા વિવિધ પ્રકારના, વાજીંત્રો, બેન્ડ, રાસમંડલીઓ ચોસઠ ઇંદ્રો (૫૬) છપ્પન દિકકુમારીકાઓ સહિત ભવ્યાતિ ભવ્ય અને શાનદાર વરઘોડો નીકળ્યો. કારતક સુ: ૧૫ના રોજ મુ. ગુણયશ વિ. મ સા.ના સંસારી કુટુંબીઓ તરફથી પૂ. ગુરૂદેવ આદિ મુનિવરોને ચાતુર્માસ બદલાવાયુ અને પાછીયાની પોળે પૂ. ગુરૂદેવ આદિ મુનિવરો સામૈયા સહિત પધાર્યા.

શાંતિનગરમાં પૂ શ્રીજીના વરદહસ્તે પ્રતિષ્ઠા થઇ. અમદાવાદના પરાઓમાં ફર્યા અને ઘણી શાસન પ્રભાવના થઇ. ખેડામાં પણ પ્રતિષ્ઠા કરાવી અમદાવાદ ફર્યા અને શેઠ શ્રી બકુભાઇ મણીલાલના બંગલે પૂજયશ્રીજીની દીક્ષા તિથિની ભવ્યતિભવ્ય ઉજવણી થઇ. વિદ્યાશાળામાં મહા સુદ-૧ ના બે દીક્ષા અને પૂ શ્રી બાપજી મ. ની ચરણપાદુકાની પ્રતિષ્ઠા અગ્નિસંસ્કારની ભુમિએ નિર્માણ કરાયેલ દેરીમાં કરાવી. તે પછી જૈનનગરમાં પ્રતિષ્ઠા કરાવી પૂજ્યશ્રીજી ખંભાત પધાર્યા ત્યાં ૨૪ દીક્ષાઓ થઇ અને પરમ ગુરુદેવેશ પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજની સમાધિ મંદિરની જગ્યાએ, નુતન દેરીમાં ગુરુપાદુકાની પ્રથિષ્ઠા કરાવી, ઘણો સમુદાય ભેગો થયો હતો. પછી કાવીમાં ઓળી કરાવી પૂજ્યશ્રીજી મુંબઇ પધાર્યા અને વિહારમાં ગામેગામ અનુપમ પ્રભાવના થઇ.

લાલબાગ ચોમાસુ થયું. ત્યાં શ્રી આચારાંગ સૂત્ર તથા વિશેષાવશ્યક સૂત્ર ઉપર વ્યાખ્યાન તથા વાચના આપી, તિથિ ભેદ અંગે તિથિ અંગે પણ જાકેર પ્રવચનો આપી સત્ય માર્ગ સમજાવ્યો.

સંવત ૨૦૨૯-શ્રીપાલનગરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી. અનેકને આચાર્ય પદ પ્રદાન કર્યું. ચંદનબાળામાં ઉપધાન કરાવ્યા. મુંબઇના વિવિધ પરાઓમાં ફરી સુંદર શાસન પ્રભાવના કરી. ઘાટકોપરમાં ચૌત્રી ઓળી કરાવી. મલાડ-દેવકરણ મુળજીના શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરની ૫૦ મા વર્ષની સાલગિરિનો મહોત્સવ થયો તથા એક દીક્ષા થઇ. શાન્તાકુઝ ચોમાસુ થયું. નવાંગી ગુરુપૂજન શાસ્ત્રીય છે તે બાબત ઉપર વેધક પ્રકાશ ફેંકયો.

રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ભગવાન મહાવીરની ૨૫૦૦ મી તિથિની અશાસ્ત્રીયતાને સમજાવી અને આજ સુધી શા માટે મૌન જાહેર કરેલું. અંતે સકલ સંઘના હિતમાં શ્રી કસ્તુરભાઈ લાલભાઇ અને પોતાની વચ્ચે થયેલો પત્રવ્યવહાર પ્રગટ કરી જગતમાં સન્માર્ગનો પ્રકાશ પાથર્યો.

તે જ ચોમાસામાં ગંભીર માંદગી આવી પણ પુણ્યોદયે પાર પામી ગયા પણ તે માંદગીમાં પણ મુક્તિમાં જ પ્રણિધાન રાખી સૌને અદ્‌ભૂત સમાધિનું દર્શન કરાવ્યું.

સંવત ૨૦૩૦–શ્રીપાલનગર અને લાલબાગમાં વિચર્યા મોતીયાનું સફળ ઓપરેશન કરાવ્યું. અનેક દીક્ષાઓના પ્રસંગો થયા. ચોમાસું શ્રીપાલનગર કર્યું. દિવાળી ઉપર લાલબાગ પધાર્યા. ભગવાન શ્રી મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકોનો અતિ ભવ્ય વરઘોડો નીકળ્યો.

સંવત ૨૦૩૧-લાલબાગમાં ચોમાસું કર્યું. પર્યુષણા પછી શ્રીપાલનગર પધાર્યા. આરાધના રક્ષાના અનેક પ્રભાવનાનાં કાર્યો થયા.

સંવત ૨૦૩૨–મુંબઇમાં સુંદર પ્રભાવના કરી. માગશર મહિને 'જૈન પ્રવચન' ના તંત્રી શ્રી ચીમનલાલ નાથાલાલ શ્રીકાન્તનું સમાધિપૂર્વક અવસાન થયું. આજ સુધી શાસનના કાર્યોમાં જે સાથ–સહકાર આપ્યા હતા છતાં પણ 'જન્મે તે અવશ્ય મરે જ, સમાધિ સાધી ગયા તેનો આનંદ' મુખ ઉપર જરાપણ વિચલતા નહિ.

પોતાના ગુરુભ્રાતા પૂ આ. શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજનો પણ સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો.

મુરબાડમ. અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવી, ત્યાંથી પૂના પધાર્યા. વર્ષો બાદ પૂના પધારતાં આખું મહારાષ્ટ્ર ગાંડું થયું. અતિભવ્ય પ્રવેશ મહોત્સવ કરાયો. દીક્ષા તિથિની ઉજવણી કરાઇ, ભવાનીપેઠ – બુધવાર પેઠમાં અંજનશલાકા પ્રતિષ્ઠા ચેરવડામાં પ્રતિષ્ઠા

તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી તરફથી નિર્માણ કરાયેલ નુતન શ્રી જિનાલયમાં 'લોટરી' પદ્ધતિથી અપાયેલા આદેશનો વિરોધ કરી તેના ભાવિ અનર્થો સમજાવવાની મહેનત કરવા છતાં, તે અંગે પેઢીનું, પેઢીના પ્રમુખનું ધ્યાન ખેંચવા છતાં પણ દેવદ્રવ્યને થતી હાનિ સમજાવવા છતાં પણ પેઢી કે પ્રમુખ તે અંગે આંખ આડા કાન કરતાં પોતાનું સત્તાવાર નિવેદન જાહેર કર્યું. જેના પરિણામે ઘણા ભાવિકોએ પોતાને પ્રાપ્ત પણ પ્રતિષ્ઠાના આદેશ ન લીધા અને શાસ્ત્રીય માર્ગને જીવંત રાખ્યો. દીક્ષાઓ પણ થઇ.

પ્રથમવાર જ સંગમનેરમાં ચૈત્રી ઓળી કરાવી નાસિકમાં વર્ષિતપના પારણાનો પ્રસંગ ભવ્ય ઉજવાયા અને પૂના ચાતુર્માસાર્થે પધાર્યા. શરૂઆતમાં અગ્રસેન ભુવનમાં કર્યું પછી પૂના કેમ્પ પધાર્યા.

પરમ પૂજ્ય પરમ આરાધ્યપાદ આચાર્યદેવેશશ્રીજીની નિશ્રામાં થયેલ

અંજનશલાકા–પ્રતિષ્ઠા–ઉપધાન–યાત્રા સંઘો

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાંત દર્શન વિજયજી મ.

(પૂજ્યપાદશ્રીજીની તારક નિશ્રામાં થયેલ અંજન–શલાકાઓ પ્રતિષ્ઠાઓ, ઉપધાન તપ તથા નીકળેલ છ'રી' પાલક શ્રી સંઘો તથા ગુરુમૂર્તિ આદિ પ્રતિષ્ઠાની યાદી 'જૈન પ્રવચન' તથા 'જિનવાણી'માંથી પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મ. સંકલિત કરેલ વાચકોની જાણ માટે પ્રગટ કરીએ છીએ. ફેરફાર હોય તો જાણનારો ધ્યાન બેંચે અને માહિતિ ખ્યાલ ફેરાદિથી રહી ગઈ હોય તો દરગુજર કરે. —સંપા૦)

: અંજનશલાકાઓ :

	વિ.સં.	સ્થળ	કરાવનાર
૧	૧૯૯૭	નિપાણી	શ્રી સંઘ હઃ દ-તુભાઇ
૨	૯૭	કોલ્હાપુર	શ્રી સંઘ
૩	૨૦૦૦	રાજકોટ	શેઠ છોટાલાલ હેમચંદ
૪	૨	જામનગર શાંતિભુવન,	ી ંઘ
૫	૭	અરૂણ સોસા. અમદા.	શ્રી સંઘ (પૂ શ્રી બાપજી મ.નીનિશ્રા)
૬	૯	૯૬, કેનીંગ સ્ટ્રીટ કલકત્તા	શ્રી સંઘ
૭	૧૩	પાવાપુરી સમવસરણ મંદિર	,,
૮	૧૪	ઝાંસી	બાબુ મિલાપચંદજી માણેકચંદજી વેદ
૯	૧૭	રાધુપુર	શ્રી નરોત્તમદાસ છનાલાલ મોદી
૧૦	૨૦૨૧	માટુંગા–મુંબઇ	શ્રી ગોવિંદજી જેવત બેના
૧૧	૨૧	વીરલેપાર્લા–મુંબઇ	શ્રી સંઘ
૧૨	૨૫	સાવરકુંડલા	,,
૧૩	૨૭	ખેરોજ	,,
૧૪	૨૯	શ્રીપાલનગર–મુંબઇ	,,
૧૫	૨૦૩૨	મુરબાડ	શ્રી શનાલાલભાઇ
૧૬	૩૨	ભવાની પેઠ–પૂના	શ્રી સંઘ
૧૭	૩૨	બુધવાર પેઠ–પૂના	શ્રી ભીખુભાઇ
૧૮	૩૩	ચંદનબાલા–મુંબઇ	શ્રી લેરૂલાલજી કનૈયાલાલજી રીલીજીયસ ટ્રસ્ટ
૧૯	૩૪	ગીરધરનગર–અમદાવાદ	શ્રી સંઘ

	વિ.સં.	સ્થળ	કરાવનાર
૨૦	૨૦૩૫	ખંભાત દહેવાણનગર	શ્રી બાબુભાઇ ગભુભાઇ ન્યાલચંદ પરિવાર
૨૧	૩૫	રાજકોટ-વર્ધમાન નગર	શ્રી માણેકલાલ ચુનીલાલ તથા શ્રી અમૃતભાઇ ભાઉજીભાઇ શાપરીયા
૨૨	૩૫	સુરેન્દ્રનગર	ઝલાવાડ જૈન શ્વે. મૂ. તપા. સંઘ
૨૩	૩૭	શ્રી ભીલડીયાજી તીર્થ	શ્રી સંઘ
૨૪	૩૭	નવાડીસા	,,
૨૫	૨૦૪૦	શ્રી હસ્તગિરિજી તીર્થ	ચન્દ્રોદય રીલીજીયસ ટ્રસ્ટ
૨૬	૪૩	વિક્રોલી-વેસ્ટ હજારીબાગ, મુંબઇ	શ્રી સંઘ
૨૭	૪૩	શ્રીપાલનગર- મુંબઇ	,,
૨૮	૪૫	બોરીવલી-વેસ્ટ ચંદાવરકરલેન- મુંબઇ	શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ
૨૯	૪૫	શ્રી હસ્તગિરિજી તીર્થ	ચન્દ્રોદય રીલીજીયસ ટ્રસ્ટ
૩૦	૪૬	શ્રી નેમીશ્વર તીર્થ-કોળીયા	શ્રી જૈનહિતવર્ધક મંડળ

: પ્રતિષ્ઠાઓ :

	વિ.સ.	સ્થળ
૧	૧૯૯૧	હારીજ-પૂ. આ. શ્રી વિ. દાન સૂ. મ.ની નિશ્રામાં પૂ. શ્રીજીની ઉપસ્થિતિ હતી.
૨	૯૪	જયસિંગપુર-મ. વ. ૧૧ તા. ૨૫-૧૯૩૮. (શ્રી સુમતિનાથ ભગવાનની ચોવીશીની પ્રતિષ્ઠા)
૩	૯૪	લાલબાગ-મુંબઇ
૪	૨૦૦૩	જામનગરમાં શેઠના દેરાસરની શ્રી કુલચંદ તંબોલી તરફથી.
૫	૭	પાલીતાણામાં કાચના દેરાસરની પૂ. ગુરુદેવેશ સાથે.
૬	૭	માતરમાં સાચા સુમતિનાથ દેરાસરની પ્રતિષ્ઠા પૂ. શ્રી બાપજી મ.ની નિશ્રામાં, પૂ.શ્રીની ઉપસ્થિતિ
૭	૧૦	ઝરીયામાં
૮	૧૦	બોરમોમાં
૯	૧૧	મધુવન-સમેત શિખરજીમાં (દેરીમાં) શ્રી રતિલાલ નાથાલાલ તરફથી

	વિ.સં.	કથળા
૧૦	૨૦૧૫	કીકાભટની પોળ-અમદાવાદમાં દેરાસરના ગોખલામાં ફા. સુ. ૩ પોપટલાલ વાડીલાલ ગાંધી તરફથી
૧૧	૧૫	પાલીતાણામાં ડાહાની ટુંકમાં-ગોખલામાં શ્રી ગોવિંદજી જેવત ખોના તરફથી (પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. પણ પધાર્યા હતા)
૧૨	૧૫	સિદ્ધપુરમાં
૧૩	૧૭	ગોંડલમાં (બે જિનપ્રતિમાની)
૧૪	૧૮	ખંભાતમાં-ગીમટીના જિનાલયમાં
૧૫	૧૯	રાજપુર-ખોખા (અમદાવાદ)
૧૬	૧૯	શાંતિનગર ,,
૧૭	૨૨	માટુંગા-મુંબઇ ગિરિવિહારમાં શ્રી ગોવિંદજી જેવત ખોના
૧૮	૨૫	પાલીતાણા તળેટીએ શ્રી ગોવિંદજી જેવત ખોનાએ બંધાવેલ જિનાલયમાં
૧૯	૨૬	લાખેણીમાં
૨૦	૨૬	ભાંભરમાં
૨૧	૨૬	સુરેન્દ્રનગર સર્વોદય સોસાયટીમાં
૨૨	૨૬	સુરેન્દ્રનગર જયહિંદ સોસાયટીમાં
૨૩	૨૭	અજારી તીર્થમાં
૨૪	૨૮	બેડામાં
૨૫	૨૮	જૈનનગર-અમદાવાદ
૨૬	૨૮	ગંધારમાં
૨૭	૨૮	દાદાનગરહવેલીમાં
૨૮	૨૯	વડાલા-મુંબઇમાં
૨૧	૩૨	યેરવડા-પૂના
૩૦	૩૩	પૂના સીટી શ્રી મોહનલાલ સખારામના ગૃહ મંદિરમાં ક. વ. ૫
૩૧	૩૩	મ. સુ. ૧૩ અમલનેરમાં
૩૨	૩૩	ફા. સુ. ૮ વણીમાં (શ્રી જિનમંદિરના બે ગોખલામાં)
૩૩	૩૩	ફા. વ. ૯ ઘેટીમાં (નુતન ગોખલામાં)
૩૪	૩૪	શ્રી લક્ષ્મી વર્ધક અમદાવાદમાં
૩૫	૩૫	પીંડવાડામાં રાયચંદજી હંસરાજજી તરફથી

	વિ.સં.	સ્થળ
૩૬	૨૦૩૫	શ્રી આબુ-દેલવાડામાં
૩૭	૪૨	હમણામાં
૩૮	૪૩	ચંદનબાલા- ંબઈ (ગોખલામાં)
૩૯	૪૫	મ. સુ. ૧૦ ગંધાર-શ્રી ચંદુલાલ જેશીંગભાર્ઇ દૂરદ નિમિંત જિનાલયમાં
૪૦	૪૧	શ્રી ચૌમુખજીનું દેરાસર ચિંતામણિ-ખંભાત જેઠ સુ. ૧૧
૪૧	૪૧	ખોળ પીપળો-ખંભાત-શ્રી મુનિસુવત જિનાલયમાં શ્રા. સુ. ૧૦ જીરાલા પાડો-ખંભાત. શ્રા. સુ. ૧૦ શ્રી અમીઝરાં પાર્શ્વનાથના જિનાલયમાં
૪૨	૪૬	શ્રા. સુ ૧૪ જીરાળા પાડાના મોટા શ્રી ચિંતામણી પાર્શ્વનાથના જિનાલયની ભમતીમાં એક દેરીમાં શ્રા. સુ. ૧૪ શેઠના ગૃહમંદિરમાં ખંભાત.
૪૩	૪૬	શ્રા. વ. ૧૦ ચોકસીની પોળ બહાર શ્રી શ્રેયાંસનાથ ભગવાનના જિનાલયમાં ખંભાત. (૨૦૪૬માં શ્રાવણ મહિને જે પ્રતિષ્ઠાઓ કરાવી તે બે-ચાર શ્રી જિનબિંબોની હતી.)
૪૪	૪૬	મહાવદ ૫ પાલીતાણા હીરા શાંતા વાત્રિક ભવનમાં પ્રતિષ્ઠા.

—: ઉપધાન તપ :—

	સંવત	સ્થળ	કરાવનાર.
૧	૧૯૯૪	પૂના કેમ્પ.	ચાંદુર (રાજ.) ના શેઠ કસ્તૂરચંદજી ખેંગારજી (માલારોપણનો રા માઈલ લાંબો વરઘોડો નીકળ્યો હતો.)
૨	,,	કરાડ	
૩	૧૯૯૫	કોલ્હાપુર	
૪	૧૯૯૮	મુંબઇ-અંધેરી (ઈલા)	માણેકલાલ ચુનીલાલ
૫	૧૯૯૯	પાલીતાણા	ગઢ શીવાણાવાળા
		કંકુબાઇની ધર્મશાળા	શ્રી આણંદરામજી
૬	૨૦૦૮	ગઢસિવાણા	
૭	૨૦૧૧	કેની'ગસ્ટ્રીટ, કલકત્તા.	
૮	૨૦૧૯	ઉસ્માનપુરા, અમદાવાદ	
૯	૨૦૨૧	વીરલેપાલો (મુંબઇ)	શ્રી દેવરાજ હસ્તિમલજી રાંકા તથા શ્રી પનાલાલ પૂનમચંદ

૧૦	૨૦૨૫	ખંભાત	બાબુભાઇ ગભૂભાઇ ન્યાલચંદ દહેવાણુવાળા પરિવાર
૧૧	૨૯	ચંદનબાળા–મુંબઇ	શ્રી માનચંદ દીપચંદ તથા સ્વ. શ્રી જૂઠાભાઇ પ્રાગજીભાઇ.
૧૨	૪૧	શ્રી હસ્તગિરિજી તીર્થ.	
૧૩	૪૫	પાલીતાણા–(આરિસાભુવન)	

: છ'રી' પાલક યાત્રા સંઘો :

	સંવત	તીર્થ	કાઢનાર ભાગ્યશાલી
૧	૧૯૯૪	કરાડથી કુંભોજગિરિ તીર્થ	શ્રી મોહનલાલ કેસરાજ પેથાપુરવાળા અને શ્રી હીરાચંદ મનોહરદાસ વડથુવાળા.
૨	૨૦૦૮	પાદરલીથી રાણકપુર	શ્રી ભભુતમલ આઇ દાનમલ.
૩	૧૬	સાદડીથી મારવાડની મોટી પંચતીર્થી (રાણકપુરમાં માળારોપણ)	શ્રી ગોવિંદજી જેવત પોના.
૪	૧૭	રાણપુરથી પાલીતાણા	શ્રી હરખચંદજી કાંકરીયા.
૫	૧૭	પાલીતાણાથી કદંબગિરિજી	શ્રી ગોવિંદજી જેવત પોના
૬	૧૮	રાજકોટથી જૂનાગઢ–ગિરનાર તીર્થ	શ્રી દામોદરદાસ ઝીણાભાઇ.
૭	૨૦૨૦	અમદાવાદથી પાનસર	શ્રી ચીમનલાલ પરશોતમદાસ ઘેલાભાઇ
૮	૨૦	રોહીડાથી દીયાણાજી	શ્રી મીઠાલાલજી તિલોકચંદજી હસ્તે પૂ. શ્રીજીના શિષ્ય પૂ. મુ. શ્રી પ્રતિવર્ધન વિ. મ.
૯	૨૫	ખંભાતથી પાલીતાણા	શ્રી ગોવિંદજી જેવત પોના.
૧૦	૨૫	તળાજાથી પાલીતાણા	શ્રી કપૂરચંદજી અનરાજજી
૧૧	૨૫	ચલાળાથી પાલીતાણા	શ્રી નાનાચંદ જૂઠાભાઇ
૧૨	૨૬	જામનગરથી જૂનાગઢ	શ્રી હરખચંદજી કાંકરીયા
૧૩	૨૭	નાણાથી આબુ–અચલગઢ	શ્રી ઉદેચંદજી ચત્રભાણ.
૧૪	૨૦૩૪	સુરતમાં અઠવા–લાઇન્સ કતાર ગામ–રાંદેર	શ્રી ચંદુલાલ કચરાભાઇ મલાણુવાળ.
૧૫	૩૪	સુરતથી પાલીતાણા	શ્રી પ્રેમચંદ ઇશ્વરલાલ પરિવાર
	૩૪	પાલીતાણાથી હસ્તગિરિજી	શ્રી મુંબઇના આરાધકો (માત્ર યાત્રાર્થે)

૧૬	૩૪	વઢવાણથી શિયાણી	શ્રી કલાભાઇ વેલશીભાઇ
૧૭	૩૬	ખંભાતથી પાલીતાણા	,, મંગલદાસ માનચંદ દીપચંદ
૧૮	૩૮	અમદાવાદથી શંખેશ્વરજી	,, પરશોતમદાસ છોટાલાલ
૧૯	૩૮	રાધનપુરથી શંખેશ્વરજી	,, કાન્તિલાલ ગીરધરલાલ વોરા.
૨૦	૨૦૪૮	અમદાવાદથી પાલીતાણા	શ્રી જયન્તિલાલ આત્મારામ તથા શ્રી પરશોતમદાસ છોટાલાલ.
૨૧	૪૨	અમદાવાદથી શેરીસા	શ્રી પોપટલાલ તારાચંદ
૨૨	૪૫	ભરૂચથી ગંધાર	શ્રી ચંદુલાલ જેસીંગભાઇ
૨૩	૪૫	અમદાવાદથી પાલીતાણા	શ્રી રીખવચંદજી છોટાલાલજી ગોલેચ્છા.
૨૪	૪૬	પાલીતાણાથી કદંલગિરિ	શ્રી ઉમેદમલજી ચરવળાવાલા.

તા. ક. : ૨૦૧૦ માં ભાગલપુરથી શ્રી ચંપાપુરીજી તીર્થમાં પણ વાજતે-ગાજતે શ્રી સંઘ સહિત તીર્થયાત્રાએ પધાર્યા હતા.

૨૦૨૨ માં મુલુંડથી થાણાનો પણ યાત્રા સંઘ શ્રી વજલાલ હરજીવનદાસ ઝોરી તરફથી નીકળ્યો હતો.

ગુરુમૂર્તિ આદિની પ્રતિષ્ઠા

૧ વિ. સં. ૧૯૯૧ ફા. સુ. ૨ પાટણમાં નગીનભાઇ પૌષધશાળામાં, સદ્ધર્મસંરક્ષક પૂ. આ. શ્રી. વિ. કમલસૂરીશ્વરજી મ. ની ગુરુમૂર્ત્તિની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી. વિ. દાન સૂ. મ. તથા પૂ. આ. શ્રી. વિ. લબ્ધિ સૂ. મ. ની નિશ્રામાં થઇ. પૂ. શ્રીજી પણ હાજર હતા.

૨ વિ. સં. ૨૦૦૧ અમદાવાદ જ્ઞાનમંદિરમાં
પૂ. આ. શ્રી. વિ. દાનસૂરીશ્વરજી મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા.

૩ વિ. સં. ૨૦૧૬, શ્રા. વ. ૬ અમદાવાદ-વિદ્યાશાળામાં
સંઘ સ્થવિર પૂ. આ. શ્રી. વિ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ (પૂ. શ્રી બાપજી મ. ની) ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા. પૂ. આ. શ્રી વિ. મનોહર સૂ. મ. આદિ હતા.

૪ વિ. સં. ૨૦૨૨, શ્રા. સુ. ૬ દાદર-મુંબઇ
આત્મ-કમલલબ્ધિસૂરિજી જ્ઞાનમંદિરમાં, પૂ. શ્રી આ. શ્રી કમલ સૂ. મ., પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. આ ત્રણે પૂજ્યોની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા.

૪ વિ. સં. ૨૦૨૫ મહા સુ-૫, બુધવાર, તા. ૨૨-૧-૬૯,
ખંભાત-(શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલય) માં પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા.

૬ વિ. સં. ૨૦૨૭ પીંડવાડામાં પૂ. આ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા.

૭ વિ. સં. ૨૦૨૮ મહા સુ.–૧ અમદાવાદ–જમાલપુરમાં પૂ. શ્રી બા૫જી મ. ના સમાધિમંદિરે ટેરીમાં ચરણપાદુકાની પ્રતિષ્ઠા.

૮ વિ. સં. ૨૦૨૮ મહા વદ ૬ ખંભાતમાં પૂ. આ. શ્રી. વિ. પ્રેમ સૂ. મ. ની ચરણપાદુકાની પ્રતિષ્ઠા સમાધિ સ્થળની ટેરીમાં.

૯ વિ. સં. ૨૦૨૯ મા. સુ. ૨ શેઠ શ્રી મોતીશા લાલબાગ–મુંબઈમાં (શ્રી મહાવીર સ્વામિ ભગવાનના જિનાલયમાં) ગુરુકુલિકામાં પૂ. આ. શ્રી. વિ. લબ્ધિ સૂ. મ. ની ચરણપાદુકાની પ્રતિષ્ઠા.

૧૦ વિ. સં. ૨૦૩૩ ફા. વ. ૯ ઘેટી (જી. નાસિક, મહારાષ્ટ્ર) માં પૂ. આ. શ્રી યશોદેવ સૂ. મ. તથા પૂ. આ. શ્રી ભુવનતિલક સૂ. મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પૂ. શ્રી ની નિશ્રામાં પૂ. આ. શ્રી મહોદય સૂ. મ. કરી હતી.

૧૧ વિ. સં. ૨૦૩૫ વૈ. સુ. દ્વિ ૧૨ સિરોહી (રાજ.) માં પૂ. આ. શ્રી. યશોદેવ સૂ. મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા, પૂજ્યશ્રીજીની નિશ્રામાં પૂ. આ. શ્રી વિ. મંહોદય સૂ. મ. (વર્તમાન ગચ્છાધિપતિ) એ કરી હતી.

શહેર યાત્રા.

વિ. સં. ૨૦૦૦ ઝવેરી લાલભાઇ ચંદુલાલ તરફથી

વિ. સં. ૨૦૧૫ શેઠ શ્રી ચીમનલાલ પુરુષોતમદાસ ઘેલાભાઇ સાબુગોળાવાળા તથા તેમના ધ. પ. સૌ. બાઇ મણિ તે સ્વ. કવિ સાંકળચંદ પીતાંબરદાસની દીકરી તરફથી અમદાવાદની શહેરયાત્રા નીકળી હતી.

૨૦૪૪ સંમેલનનો બહિષ્કાર

અમોં સં. ૨૦૪૪ માં ભરાયેલ મુનિ સંમેલન અમોને યોગ્ય ન લાગતાં અમોએ અમારી સહી પાછી ખેંચીયે છીયે અને સંમેલનનો બહિષ્કાર કરીએ છીએ.

આ. શ્રી વિજય મહાનંદ સૂરીશ્વરજી
ઃ નરચંદ્ર વિ. ના ધર્મલાભ
શ્રીપાલાલનો ખાંચો, શામળાની પોળ,
તપાગચ્છ જૈન ઉપાશ્રય, રાયપુર
અમદાવાદ–૩૮૦૦૦૨

卐 શું આલેખી શકાય ? 卐

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

શું વિશાળ ગગનાંગણે ટમટમતા તારાગણની સંખ્યા ગણી શકાય ?
શું સરિતાના કિનારે રહેલી ઝીણી ઝીણી રજકણની સંખ્યા ગણી શકાય ?
શું સાગરમાં ઉછળતા જલ બિંદુઓની ગણત્રી કરી શકાય ?
શું તેજસ્વી સહસ્ત્ર કિરણનું તેજ છાબડીમાં ભરી શકાય ?

ના — ના — ના.....

તેવી રીતે પરમારાધ્યપાદ–પરમશાસન પ્રભાવક કલિકાળ કલ્પતરૂ પ્રૌઢપ્રતાપી પ્રકૃષ્ટ પુણ્યાઇ ને પ્રચંડ પ્રતિભાના ધારક સ્વ. પરમગુરૂદેવના જીવન–કવન–ગુણગણોને વર્ણવવાની–આલેખવાની કે ગાવાની શું અમારી શકિત છે ?

શું લખવું ? શું ના લખવું ? શું યાદ કરવું ? શું ના યાદ કરવું ? શું વર્ણવવું ? શું ના વર્ણવું ? બુધ્ધિ કામ કરતી નથી.

કલમ ચાલતી નથી. છતાં જેમ નાનુડો બાળક સાગરને પહોળા હાથ પ્રસારી મોટો બતાવે તે ન્યાયે કંઇ પણ સામર્થ્ય નહિં હોવા છતાં ગુણીજનોના ગુણગાન કરવાથી તેમાંનો અંશ પણ જો આવી જાય તો આત્મા ભવસાગરનો અંત આણવા શું સમર્થ ન બને ? એ ભાવનાને લક્ષ્યાંક બનાવી પૂજ્ય પરમાધાર ગુરૂવર્યશ્રીનાં જીવન વિષે બે શબ્દો આલેખીશ.

ઓ અંતરના પ્રાણાધાર ! આપના સુમધુર પ્રવચનો સેળે કળાએ ખીલી રહેલા પૂર્ણિમાના ચાંદ જેવા ઉજ્જવલ હતાં, જેણે ઘણાં ભવ્યાત્માઓના કાળા હૈયાને પણ ઉજ્જવલ બનાવી દીધાં.

ઓ કરૂણા નિધાન ! વર્ષાઋતુનો મેઘ જેમ વૃક્ષોને નવપલ્લવિત બનાવે તેમ આપની સાચી સમર્પિતતા અને વફાદારીએ ભલભલાના ઉજ્જડ હૃદયને પણ નવપલ્લવિત બનાવી દીધાં.

ઓ ભવોદધિતારક ! જેમ તેલ વિનાના દીપકોની દીવેટો તેજહીન બની જાય તેમ વડોદરામાં વિધવા–વિવાહ આદિના ઠરાવો માટે એક સુધારાવાદી આચાર્યની નિશ્રામાં ભેગી થયેલી સભા આપની હાજરી માત્રથી વિલીન બની ગઇ–વિસર્જિત બની ગઇ.

ઓ પુણ્યનામધેય ગુરૂદેવ ! જેમ ઉદયાચલના રકતવર્ણીય શિલાતલ પર ચંદ્ર શોભે–રકત કમલના દલ ઉપર ક્રીડા કરતો હંસ શોભે તેમ સમ્યગ્દર્શનની અતિ સુંદર રકતવર્ણીય શુધ્ધિ આપના રોમે રોમે શોભતી હતી.

ઓ સત્ય સિદ્ધાંત રક્ષક ! જેમ ઉત્તર દિશાનો પવન આકાશમાં મેઘને લાવે તેમ આપે જગતના ચોકમાં સત્ય સિદ્ધાંતનો પવન પ્રસરાવી વિરોધીઓના મુખને શ્યામલવર્ણો બનાવી દીધાં.

ઓ શાસન સંરક્ષક ! જેમ કમલજલ કાદવમાં ઉત્પન્ન થાય પરંતુ કમલ જલ અને કાદવથી ભિન્ન રહે તેમ આપ અસત્ય સિદ્ધાંતથી ન્યારા રહી ખીચડામાં ભળ્યા વિના સિંહની જેમ એકલા ઝઝુમી શાસ્ત્રીય સ્પષ્ટ સત્ય માર્ગદર્શન દ્વારા ઘણાં સુઆત્માઓને માર્ગરથ કરી દીધાં.

ઓ મહાશાસન પ્રભાવક ! જેમ સૂર્યોદય પૂર્વે અરૂણોદય જોઈને અંધકાર સમૂહભાગી જાય, તેમ સુધારકોના ટોળા આપની પ્રવચન શ્રેણીના પ્રકાશથી પલાયન થઈ ગયેલા.

ઓ ક્ષમાશીલ મૂર્તિ ! કાચના ટુકડાઓમાં પણ શાંતચિત્તે માર્ગ સંશોધન કરી આપે મુંબઈનગરીને પાવન કરેલી અને એટલાં ભયંકર ઝંઝાવાતમાં પણ અડીખમ રહી શાસન ધ્વજ ફરકાવેલ. તે સમય પણ આજે આપને અભિનંદે છે.

હે ! સૂરિસમ્રાટ ! કયા આપના ગુણો આલેખવા ? ને કયા વર્ણવવા ? અમારૂં કોઇ ગજુ જ નથી. આપ તો વિશ્વવંદનીય બનવા ચીરવિદાય લઇ ચૂકયા અમ જેવા પામરને રડતાં મૂકી દિવ્યવાટે સંચરી ગયા. વર્ષ તો કયાંય પૂર્ણ થઇ ગયું–ભૂલ્યા ભૂલાતા નથી, વિસર્યા વિસરાતા નથી.

ગુરૂદેવ ! કયારે દર્શન આપશો ? સ્વપ્નામાં પણ પધારશો ?

---

૦ 'આ મનુષ્ય જન્મનો ઉપયોગ, જન્મ ન થાય એવી ક્રિયા કરવાને માટે છે અને એ માટે જ જ્ઞાનિઓએ આ જન્મને કિંમતી કહ્યો છે'–એ વાત ખ્યાલમાં હોય, એટલે પાપ કરતાં હૈયું કંપ્યા વિના રહે નહિ. એને એમ થાય કે– 'વેપાર કરવા; પેઢી ચલાવવા, ભોગ ભોગવવા વગેરેને માટે આ જન્મ નથી. આપણે જે કાંઇ સંસારનાં કાર્યો કરીએ છીએ, તે કાર્યો કરવાને માટે જ્ઞાનિઓએ આ જન્મની મહત્ત ગાઇ નથી.' જેનામાં આ સમજ આવે, તે ઘરના–સંસારનાં કામો ન જ કરે એમ નહિ, પણ આ સમજ હોય, તો જૈનના ઘરમાં બધાને ઘરનાં કામો કરતાં એમ થાય કે– 'શું કરૂં ? સંસારને તજવાની શકિત નથી, માટે સંસારમાં રહેવું પડે છે અને સંસારમાં રહેવું પડે છે, માટે આ પાપ કરવાં પડે છે !'

—ચાર ગતિનાં કારણો—પહેલો ભાગ.

જૈન શાસનનો મહાન જ્યોતિર્ધર તપગચ્છ નાયક સંઘ શિરોમણી દીક્ષાના દાનવીર યુગપુરૂષ એવા શ્રી વિજય રામચંદ્રસૂરિ મહારાજા સમાધિ પૂર્ણે સ્વર્ગવાસ બન્યા. એવા સમાચારોથી જૈન-જૈનેતર અત્યંત શોકાતુર બન્યો. વજ્રઘાત અનુભવ્યો. વિરકિત ભકિત અને જ્ઞાનશકિતના ત્રિવેણી મસ્ત મગ્ન સંયમ સાધક ગચ્છાધિપતિની અલ્પ બુધ્ધિથી. અલ્પમાં અલ્પ જીવનપ્રભાકલ્યાણકારી કૃતિ છે. આલ્હાદકારી અકૃતી છે પરોપકારી પ્રકૃતિ છે.' એવા પૂ. શ્રીની જીવન પ્રભાને ચાલો અવલોકીયે, અવગાહીએ, અનુમોદીએ. ગુણવંતી ગુર્જરીની ભૂમિ ભાલમાં તિલક સમાન શોભતું પાદરા શહેર પૂ. શ્રીની દીક્ષાથી જગ-પ્રસિધ્ધ બન્યું. પૂ. શ્રીના સંયમ સ્વીકાર્યા પછી પૂજ્યશ્રીએ અનેક પ્રકારના કષ્ટો-જંઝાવાતો સહન કર્યા. તે આપણે અનેક મુનિ મહારાજાના સ્વમુખે સાંભળ્યા. તેમાનુ એક વખતનું અનુભવેલું નજરે નિહાળેલું અલ્પમાત્ર અનુભવનો દાખલો અહિં લખું છું.

પૂજ્યશ્રીએ ૧૯૯૮નું ચાતુર્માસ પાલીતાણામાં કરેલું તે વખતે નવ વર્ષે મહારાષ્ટ્ર-માંથી પાલીતાણા પધાર્યા ચુડાવાળા મનસુખભાઇની આગ્રહભરી વિનંતિથી ચૈત્રી ઓળી ધામ ધૂમથી કરાવી. પછી ચાતુર્માસ પણ ત્યાંજ નકકી થયું અને ત્યાર પછી પૂજ્ય શ્રી અખંડ નવ્વાણું યાત્રા એકાસણે શરૂઆત કરી ત્યાર પછી રોજ એક જ જાત્રા એકાસણું

ધીરતાના ધોરી

—પૂ. સા. શ્રી કૈલાસશ્રીજી મ.

અને વ્યાખ્યાન. નિયમીત ચાલુજ હોય એમાં પણ એક આ. સાગરાનંદ સૂરિજી મહારાજ સાહેબના સાથેના વિવાદમાં પૂજયશ્રીને તીથિ વિષયક પુનાથી આવેલા જેપીના પ્રશ્નમાં સત્ય પક્ષનો ચુકાદો આવવાથી એમને સહન ન થવાથી અનેક પ્રકારના હુમલા મચાવ્યા એટલું જ નહિ પરંતુ સાહિત્ય મંદિરના મેડા ઉપર રૂમમાં બેઠેલા પૂજયશ્રીને પથ્થરો ફેંકયા દાંડા પછાડયા. કાલે જાત્રા કરવા જશો તો જીવતા પાછા આવવાના નથી. એક વખત એમના ભકતો તરફથી કાર્ડની પ્રભાવના કરવામાં આવી. કાર્ડમાં લખાવ્યું કે એ ઝગડા-ખોર છે, એમને કોઇએ માનવા જ નહિ. પૂ. શ્રીએ ભકત વર્ગને પ્રભાવના લઇ લેવાનું કહ્યું અમારા ગુરૂજી વસંતશ્રીજીમ. સંસારીપણાના પરિચિત હોવાથી પૂ શ્રીજીને કહ્યું કે આવતી કાલે જાત્રા કરવા જવા જેવું નથી બેઠા દિવસ બંધ રાખો તો સારૂં ત્યારે પૂ. શ્રીજીએ કહ્યું કે જે કાલે જે બનવાનું છે. તેમાં મિથ્યા કરનાર કોઇ નથી. વિશેષમાં કહ્યું કે અસ્થિર મનના માનવીને રસ્તો જડતો નથી. સ્થિર મનના માનવીને હિમાલય પણ નડતો નથી. રંગ ચતુર્માસમાં આવા તો અનેક કષ્ટો સહન કર્યા. પૂ શ્રીજીની કેવી અજબ ગજબની સમતા ? આવું, કષ્ટ આપવા છતાં પણ પૂ શ્રી સાગરનંદ સૂરિ મ.ને ત્યાં સાધુ

મ.ને ચોમાસામાં અંતિમ આરાધના કરાવવા ગયા. કેવું પ્રસન્નમુખ હૈયામાં કેવો સદ્ભાવ હશે. જે એમનું બગાડે તેના પ્રત્યે પણ કેવો પ્રેમ હશે. પૂ શ્રી ૯૬ વર્ષની વયે હવે પરિશ્રમ ન લે તો સારૂ. પણ જેને ધર્મની પાછળ જ જીવનના ૭૮ વર્ષ વિતાવ્યા કે જેવો શાસનની ઈમારતમાં જ જેઓ ઇંટ બનીને પૂરાઇ ગયા હતા. એમનાથી ધર્મ જિજ્ઞાસુઓની જીજ્ઞાસા કેમ ફેલાય, આવા પૂન્ય પુરૂષ ચાલી જવાથી અનેક આત્માઓએ વજ્રઘાત અનુભવ્યો જેનું જન્મ અને મરણ અનુમોદનીય છે. આપશ્રી ગયા પણ અમારા જેવા અનેકોને સંયમ પ્રદાન કર્યું છે તેની ચિંતા આપને શિરે રહે છે. રાગ–દ્વેષાદિ વાતાવરણમાં અલિપ્ત રહી સંયમ જીવનનું સત્યપક્ષે રહી શુદ્ધ પાલન કરીએ યત્ કિંચિત આપના ગુણોના સ્વામિ બનીએ તેવા અંતરના આશિષ આપ જયાં હોય ત્યાંથી આપતા રહેશો. આપના મુખારવિંદમાંથી ઝરતા હિતશિક્ષારૂપી કુલો અમારા જીવન રૂપી નંદનવનમાં ચંદનની જેમ મ્હેકી ઉઠતાં એવા શાસન શિરતાજ યુગ પુરૂષ ગચ્છાધિપતિ આચાર્ય દેવેશને અનંત અનંતાસહ કોટાનુકોટિ વંદના.

અનેકાનેક ગુણોમાંથી આ તો અંગુલી નિર્દેશ માત્ર જ છે.

---

૦ જે તારકોની હિતશિક્ષાથી સન્માર્ગને પામ્યા, તે જ તારકોની હિતશિક્ષા પણ જયારે સહન ન થાય, ત્યારે તેવા સાધુઓએ સમજવું જોઇએ કે 'ગમે તે પ્રકારે પણ અમારા પર ભીમ જેવા સાથીની અગર તો ભીમ જેવા વિચારોની કારમી અસર થઇ છે' સંસારની અસારતા, પૌદ્ગલિક લાલસાઓની ભયંકરતા અને શરીર પ્રત્યેની મમતા, વૈરાગ્ય વિરોધિની વિલાસવૃત્તિ, રસનાની પરાધીનતા, વિષયો પ્રત્યેની આસક્તિ તથા આરાધનામાં પ્રમાદ આદિની ભયંકરતા બતાવતી કડકમાં કડક દેશનાને વધાવી લેનારા અને જે કોંઇ એવી દેશના માટે યદ્વા તદ્વા બોલે તેઓને દુર્લભબોધિ, બહુલ સંસારી આદિ તરીકે ઓળખતા અને ઓળખાવતાઓ પણ જયારે, પોતાની જાત વિશેની સાચી અને સ્વ–પરહિતની અપેક્ષાએ કરાયેલી પણ ટીકાને ન સહી શકે, ત્યારે તો એવાઓને સાચા સ્વરૂપમાં ઓળખવા, એ પણ સામાન્ય આત્માઓને માટે અત્યન્ત મુશ્કેલ બની જાય છે. કારણ કે–હૃદયના પણ ભીમ હોવા છતાં ય, એવાઓ સોમના ઝબ્બામાં રહેનારા ભયંકર દંભિઓ હોય છે. એ દંભના પ્રતાપે, તેઓને વાસ્તવિક સ્વરૂપમાં સામાન્ય જનો ન પિછાની શકે–એ જેમ સહજ છે, તેમ એવાઓથી સ્વયં બચીને અન્યોને બચાવવાની પ્રવૃત્તિ કરનારા આત્માઓ, અમુક કાલને માટે તેઓને 'કજીયાખોર' આદિ લાગે એ પણ સહજ છે.

—શ્રી ધર્મરત્ન પ્રકરણ. ભાગ બીજો

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ સ્થાપેલ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ 'મોક્ષમાર્ગ' સ્વરૂપ શાસન જગતમાં હંમેશાં જયવંતુ હતુ, છે અને રહેવાનું જ છે. આવા પરમતારક શાસનની આરાધના કરીને, આત્માર્થી આત્મ ઓ આત્માના હિતને સાધે છે. અને આત્માના ગુણવૈભવને પ્રાપ્ત કરી શકે છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓની અવિદ્યમાનતામાં આ પરમતારક મોક્ષમાર્ગ સ્વરૂપ શાસનને જગતમાં વહેતો રાખવાનું ભગીરથ પુણ્યકાર્ય માર્ગસ્થ શ્રી આચાર્યાદિ મહા પુરૂષો કરે છે. આવા પુણ્યવંત મહાપુરુષોનું ફકત નામશ્રવણ જ સમગ્રતનના રોમાંચ ખડા કરી દે છે. અને નમોચ્ચારણ કરવા માત્રથી જ હૈયું અતિ ભાવવિભોર બની જાય છે. અને મઘમઘતી ગુણસુવાસ જીવનનું મહેંકતુ બનાવી દે છે.

નજીકના ભૂતકાળમાં અનેક માર્ગસ્થ મહાપુરુષો થઇ ગયા. આપણાં જીવનકાળમાં પણ અનુભવાયેલા અનેક માર્ગસ્થ મહાપુરુષોની યાદીમાં એક જ નામ સ્મૃતિ પથ પર દેખાઇ આવે છે. અને તરત જ એ પુણ્યવંતુ નામ હોઠ પર સ્ફુરાયમાન થઇ જાય છે.

ઝળહળતો એ સીતારો

– પૂ.સા.શ્રી અનંત ગુણાશ્રીજી મહારાજ

અમરયુગ પુરુષની અમરતાએ "નામ તેનો નાશ" એ ઉકતીને ખોટી ઠરાવી છે. જેઓનો દેહાતીત થયે જોતજોતામાં એક વર્ષ પસાર થવા આવ્યું પણ ગુણદેહે તો સદૈવ–સર્વત્ર–સજીવન છે. જેઓની અસંખ્ય ગુણાવલીઓ ગાતાં જીભ કદીએ થાકતી નથી. અને કદાચ થાકશે પણ નહિ, જેઓની વાતો કરતાં ગળું કયારેય સુકાતું નથી કે કંઠશોષ પણ અનુભવાતો નથી. અને જેઓની જીવન સ્મરણ યાત્રાઓ યાદ આવતાં લાગે છે કે મનનો ઘસારો કોઇ દિવસ નહિ થાય! અરે! આ હૃદય તો હજી પણ પડકાર પોકાર કરે છે કે જેઓશ્રી ગયા તેમ માનવા હું તૈયાર નથી! પણ અફસોસ! એ નરી આંખે જોયેલી વાસ્તવિકતા સ્વીકાર્યા સીવાય છૂટકો ય કયાં છે! માટે જ કહેવું પડે કે, તેઓશ્રીમદ્નું જીવન દંતકથા બની ગયું છે પણ વિક્રમ સર્જક સુવર્ણ ઇતિહાસ સર્જીને!

મધ્યાહ્ન કાળના સૂર્યના પ્રતાપની જેમ, જેઓના જીવન પ્રારંભથી જ થયેલો સૂર્યોદય જીવનની અંતિમ ક્ષણો સુધી દિન–પ્રતિદિન સોળે કળાએ ખીલી ઉઠયો.

જૈન જૈનેતરોમાં 'રામવિજયજી' ના લાડીલા નામથી પ્રારંભાયેલી, વણથંભી જેઓ પૂજયશ્રીજીની જીવનયાત્રા અનેક ખાડા–ટેકરાવાળા માર્ગોના આરોહ અને અવરોહોને ઓળંગીને પરમારાધ્યપાદ, પ્રાતઃ સ્મરણીય, અપાર કરૂણાના સ્વામી, પરમશ્રધ્ધેય, પૂજય-પાદશ્રી, આચાર્ય ભગવન્ત શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાધિરાજના નામે, રામનગર સાબરમતીમાં વિલીન થઇ ગઇ.

તે સમય દરમ્યાન જાણેલા અને મને પૂજ્યશ્રીએ દીક્ષા આપ્યા બાદ મેં સ્વયં અનુભવેલા. માણેલા બધા જ પ્રસંગોનું વર્ણન મારા માટે તો બીલકુલ શકય જ નથી. સહજ સ્ત્રી સુલભતયા ફકત પૂજ્યશ્રીની યાદી જ નયનોને અનરાધાર વરસાવે છે. છતાં પણ તેઓશ્રીની સત્ય સ્પષ્ટભાષિતા, શાસ્ત્રાનુસારિતા અને સિદ્ધાંતનિષ્ઠા ઉપર તો હૈયું ઓવારી જાય છે. જીવનભર સત્યમાર્ગની આરાધના કરી અને કમરકસીને જડબેસલાક રક્ષા કરી અને છેલ્લે પણ માન અને અપમાનને ગણ્યા સિવાય સહુના માટે સન્માર્ગ ખૂલ્લો મુકીને ગયા તે તો તે જ મહાપ્રભાવશાળી પુણ્ય પુરુષ કરી શકે બીજા તો તેવી વાત ઉચ્ચારવામાં પણ ગભરાટ અનુભવે. અને કદાચ વાતો કરે તો જાણે મોટું ઢોલ અને અંદર પોલંપોલ !

અમારા ઉપર જે વાત્સલ્યની હેલી વરસાવી જીવનના નાના–મોટા દરેક પ્રસંગોમાં અનેરૂ માર્ગદર્શન આપ્યું અને સમય–સમયની હીતશિક્ષા આપી. અરે છેલ્લે અષાઢ સુદ ૨ ના સવારે વંદન કર્યા બાદ પૂજ્યશ્રી પાસે જવાનું બન્યું હીતશિક્ષા આપી અને છેલ્લે કહ્યુ કે "ગમે તે દ્રવ્યક્ષેત્રાદિને અનુલક્ષીને એકદમ નિસ્પૃહી બનશો તો સાધુપણાનો સાચો આનંદ આવશે અને મારા આશીર્વાદ છે કે તારૂ જીવન આવા પ્રકારનું બનો. આ બધુ ય યાદ આવતા હૈયુ ગદ્ગદ થાય છે. આંખો ભરવા લાગે છે.

તેઓ પૂજ્યશ્રીજીની જેમ પૂજ્યશ્રીના આ–જીવન અંતેવાસી અપૂર્વ સાહસીક, અપૂર્વ ભકિતવંત વિનયવંત અમારા પરમ ઉપકારી **પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી ચારિત્રવિજયજી મહારાજ સાહેબે** પણ જે અમાપ હેત નિતરતું વાત્સલ્ય વહાવ્યું તે તો જીવનભર ભૂલી શકાય તેમ નથી જ મારા સમગ્ર જીવન ઘડતરમાં તો મુખ્ય મહત્વનો ફાળો, કે ઉપકાર જે ગણો તે તેઓશ્રીનો જ છે.

વર્તમાનકાલીન વિષમતાઓ, અનધિકૃત પ્રવૃત્તિઓ જોતા ભાતીગળ ભૂતકાલીન વાગોળણ મીઠું મધુરુ અને અનેરૂં લાગે છે. કયાં તે સમયનો નાના–નાન સાધુભગવંતો અને સાધ્વીજી ભગવંતો પ્રત્યેનો હૈયાનો સદ્ભાવ–આદરભાવ ! વાત્સલ્યભાવ ! અને આજે...!

અંતમાં પૂજ્યશ્રીએ જે સમ્યગ્દર્શનની જયોત જીવનભર અખંડિત ઝળહળતી રાખી તેને પામવાનો પુરુષાર્થ કરીએ અને પોતે જે સન્માર્ગ જીવીને–સમજાવીને ગયા તે માર્ગે જ બરાબર ચાલીએ તે જ સાચી કૃતજ્ઞતા અને શ્રદ્ધાંજલી છે. તેઓશ્રીએ આપેલા પ્રકાશમાં તેમની કંડારેલી કેડીએ ચાલી સૌ પુણ્યાત્માઓ સાચી ગુણ સંપત્તિને પ્રાપ્ત કરે તે જ મંગલ મનોકામના....

ગુણરત્ન રત્નાકર સૂરિદેવ

—પૂ. સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ.

કથિરને કંચન બનાવ્યા, એવો હતો પારસમણી;
સંસારરાગીને બનાવ્યા, મુનિરત્ન ચિંતામણિ;
સૂરિચક્ર ચક્રવર્તી જગમાં, દીસે જેવો સુરમણિ;
એવા સૂરિ રામચંદ્રને, પંચાંગ ભાવે હું નમું.

જૈન શાસનના હાર્દસમા આ મહાપુરૂષના ગુણો ગાવા એટલે વિશાળ વિરાટ સમુદ્રને બે હાથથી માપવો. શક્તિહીન છતાં યત્કિંચિત સ્તવના કરી કૃતાર્થ થવાં ઈચ્છું છું.

ત્રણ જગતના સુયોગ્ય ભવ્યાત્માઓને સત્યનો રાહ દર્શાવવા સમરથ બહેનને રત્નકુક્ષીમાતાનુ બિરૂદ અર્પવા, છોટાલાલભાઇના કુળને દીપાવવા, પાદરા ગામના તો ખરા જ, પણ આંગણા સૌના લાડીલા ભારતવર્ષના જવાહિર ત્રિભુવનકુમારનો જન્મ ફા.વ.૪ ના થયેલ- બાલ્યવસ્થામાં જ માતુશ્રી-પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો પરંતુ દાદીમા રતનબા એ મહામૂલા આ રત્નનુ જતન કરવામાં કંઈ જ કમીના ન રાખી. દાદીમા એ વિચાર્યું કે મારા ઘરમાં આવેલ આ બાળકને હવે વધારે જન્મ મરણ ન કરવા પડે એ મારી જવાબદારી છે. ત્રિભુવનકુમારનુ વ્હાલસોયુ નામ હતુ 'સબુડા' આ નામ પાછળ પણ કેવું રહસ્ય છુપાયેલું હતુ. દાદીમા આ રત્નને દહેરાસર; વ્યાખ્યાન, પ્રતિક્રમણ દરેક જગ્યાએ સાથે લઇ જાય. ત્યાં ખૂબ શાંતિથી પૂજા, વ્યાખ્યાનશ્રવણ, ક્રિયા કરવા દે. સબૂરપૂર્વક સાથે રહે, કોઈને ય વિક્ષેપ ન પાડે. માટે સબૂડા નામ પાડયુ હતુ. નાનપણથી જ દાદીમા ત્રિભુવનકુમારને કહેતાં કે સ્કુલનું જ્ઞાન મિથ્યા જ્ઞાન છે. સુસાધુને જ ઉત્તમાંગ નમાવાય. સુદેવ, સુગુરૂ, સુધર્મ એ વાત પહેલે થી જ સમજેલાં હતાં

ગામમાં કોઇ સાધુ આવે તો વેયાવચ્ચ કરે પણ પરિક્ષા કર્યા પછી જ વંદન કરતાં નાનપણથી જ ખૂબ ઊંડી કોઠાસૂઝ હતી. જ્ઞાનપિપાસા કેવી પ્રશંસનીય હતી. પાદરાના જ્ઞાન ભંડારનું એક પણ ગુર્જર પુસ્તક એવુ ન હોય કે જે ત્રિભુવનકુમારે વાંચ્યું ન હોય ! જ્ઞાન રસિકતા સાથે સુદીર્ઘ પરિણતિ પણ બચપણથી વરેલી હતી અરે આચારમાં ઠંડા સાધુઓ પાદરા ગામમાં આવતાં પણ ત્રિભુવનકુમારથી ડરતા હતા. નાનપણમાં આવી ખ્યાતિ ત્રિભુવનકુમારની હતી.

એક વખત પૂ. પ્રેમ વિ. મ. સા. ના દૃષ્ટિપથમાં શાસનનો કોહિનુર હીરો આવ્યો. ખરેખર સાચા રત્નની પરિક્ષા પણ ઝવેરી જ કરી શકે ! વળી પૂછ્યું કેમ ભાઇ ! તારે દીક્ષાની કેટલી વાર ? ત્યાંજ જવાબ મળ્યો સાહેબ ! દીક્ષા તો લેવી જ છે પણ..... દાદીમા કહે છે હું જાઉં પછી. રત્ન પરીક્ષક પૂ. પ્રેમ વિ. મ. એ કહયું ભાઇ ! તારા દાદીમા પહેલાં જશે કે તું જઇશ તેની તને ખબર-છે ? બસ તેજીને ટકોરો ઘણો ! આ ઉક્તિને સાર્થક કરતા હોયને શું ! દીક્ષા ઝટ લેવા પાકો નિર્ણય કરી લીધો.

સત્વશીલતા, શૌર્યતા તો ત્રિભુવનકુમારના લોહીમાં જ વણાએલી હતી. દીક્ષાની વાત સાંભળતા કાકાએ કહ્યું કે તારે તો ધીકતી પેઢી ચલાવવાની છે. વળતો જ જવાબ મળ્યો કે મારે તો ભગવાનની પેઢી ચલાવવી છે. મામા કહે બધા કપડાં ફાટી જાય પછી દીક્ષા લેજે. તેમને જવાબ આપ્યો, લાવો કાતર, હમણા જ બધા કપડાં ફાડી દઉં. વળી એક નિવૃત પારસી જજે કહયું ભાઇ ! ઘરમાં રહીને ધર્મ કરજે. તેમને કહયું, સાહેબ ! તમે ઘરમાં કેટલો ધર્મ કરો છો. ! જજે કહયું, આ બાળક દીક્ષા લેવા માટે જ જન્મયો છે.

કેવી હતી જિનાજ્ઞાબધ્ધ સર્વથા નિષ્પાપ જીવનવાળી, રત્નત્રયીની આરાધનાની તમન્ના ! પ પૂ. સુવિહીત શિરોમણી દાન સૂ મ.જે પો.સુ. ૧૩– ત્રિભુવનકુમારની પ્રવજ્યા પ્રદાન માટે સુમંગલ મુહૂર્ત ફરમાવ્યું કેટકેટલી કસોટીમાંથી હેમખેમ પસાર થઇ ગંધારતીર્થમાં પૂ. મંગલ વિ. મ. ના શુભ હસ્તે પ્રવજ્યા સ્વીકારી પૂ રામ વિ. મ. સા. બન્યા. દીક્ષા અવસરે દીવાની ઝબૂકતી જ્યોત જોઇ પૂ. મંગલ વિ. મ. જે કેવી સુસફલ ભવિષ્યવાણી ભાખેલી– "દીવાની જ્યોત જેમ તારા જીવનમાં પણ અનેક ઝંઝાવાતો આવશે, પણ તુ અણનમ રહીશ. અરેખર પૂજ્યપાદ શ્રી માટે એવું જ બન્યું.

પૂ પાદશ્રીમાં કેવો અદ્ભૂત ત્રિકરણવિશુધ્ધિવળો પૂ. ગુરૂભગવંત પ્રત્યેનો સમર્પિતભાવ હતો. દીક્ષાના પહેલાં જ વર્ષે પૂ. રામવિજય મ. સા. ને વ્યાખ્યાન આપવાની આજ્ઞા પૂ. ગુરૂદેવે ફરમાવી **गुरु आण्णाए धम्मो** સૂત્રને તો પૂજ્યશ્રીએ તણાવાણાની જેમ વણી લીધું હતું. કોઇપણ વિષયની તૈયારી વિના સમકિતના ૬૭ બોલ ઉપર વ્યાખ્યાન શરૂ કર્યું. પૂજ્યપાદશ્રી સાસ્યગ્દર્શનનો અનુબંધ લઇને જ જન્મેલા માટે સુંદર છણાવટ પૂર્વક સમકિતનુ વર્ણન વ્યાખ્યાનમાં કર્યું. પૂજ્યશ્રીનુ વ્યાખ્યાન સાંભળી પૂ. વડીલ ગુરૂભગવંતોએ પૂજ્યપાદશ્રીજીની પીઠ થાબડીને કહેલુ તું જબ્બર શાસન પ્રભાવક થઇશ એ તદન સત્ય થયું આપણે સૌએ નજરે પણ નિહાળ્યુ.

પૂજ્યપાદશ્રી અપ્રતિપાતી એવા વૈયાવચ્ચના પણ વ્યાસંગી હતા. દીક્ષાના બીજા વર્ષે ભાવનગરના પરામાં ચોમાસુ હતું. પૂજ્યપાદશ્રી પરામાં હતા. પૂ. વડીલ ગુ. મ. સા. ગામમાં હતા. ત્યાં રોજ બા કલાક ચાલીને પૂ ગુરૂભગવંતોની ભકિતમાટે મીઠા પાણીનો ઘડો લઇને પૂજ્યશ્રી જતા હતા. એક વખત એક મહાત્માને ખારુ પાણી વાપરવાથી સ્થંડીલની તકલીફ થઇ. એએ શ્રી ભકિત માટે અશાતા નિવારવા માટે ૧ કલાક ફરીને ઘેર ઘેર થોડું થોડું મીઠું પાણી વ્હોરીને ગ્લાન મહાત્માને વપરાવતા વૈયાવચ્ચની અણમોલ તકને કયારેય ચુકતા નહોતા.

સ્વ.ધ્યાયમગ્ન સૂરીશ્વરજીમાં જ્ઞાનપિપાસા જોરદાર હતી. દીક્ષા લઇને પૂજ્યપાદશ્રીજીએ

શાસ્ત્રાભ્યાસ ની તો જાણે ધૂણી ધખાવી. એક વખત શેષકાળમાં પૂ. ગુરૂદેવની આજ્ઞાથી અનુયોગદ્વાર સૂત્ર જે ૨૦૦૦ ગાથાનુ છે તે માત્ર ૨૦ દિવસમાં મોઢે કર્યું. ટીકા પણ સાથે વાંચી. જ્ઞાનનો ક્ષયોપશમ પણ ઘણો જ તીવ્રકોટિનો હતો. જિનશાસનના સુસફળ સુકાની સૂરીધરજી ૬૬ વર્ષની બુઝર્ગવય સુધી રોજ નવી ગાથાઓ ગોખતા હતા. નકામી વાત અને નિંદા એ બે દુષણોથી દૂર રહેનારને માટે સ્વાધ્યાય સુલભ બની શકે. આ બે દૂષણોથી દૂર રહેવા પૂજ્યપાદશ્રીજી ઘણીવાર હિતશિક્ષામાં કહેતાં. એક વાર પૂજ્યપાદશ્રીજીને પુછાવ્યુ હતુ કે– દીક્ષા લેતા પહેલાં જે ઉલ્લાસ હોય, તેમાં દીક્ષા લીધા પછી ઉલ્લાસની પરિણામની વૃદ્ધિ જોવા ન મળે તેનુ શું કારણ ? જવાબમાં પૂજ્યપાદશ્રીજી એ ફરમાવેલ –દુર્લભમાંયે દુર્લભ ચારિત્ર મળ્યું છે એ મારું દિન પ્રતિદિન નિર્મળ રહેવું જોઇએ. અને એ માટે અનુકુળતા શ્રાપરૂપ છે અને પ્રતિકૂળતા આશિર્વાદરૂપ માનશો તો પરિણામની વૃદ્ધિ કદાચ નહિ થાય તો પરિણામ અવશ્ય જળવાઇ તો રહેશે જ.

જાણે સજીવન બોલતા શાસ્ત્રસમા સૂરીશ્વરજી પાસે એક વખત સુવર્ણમયી હીત શિક્ષા રૂપ સંયમપ્રસાદી મળેલ જે દરેક સાધુને નિત્ય સેવ્ય છે – ,ઉપશમપ્રધાન સાધુપણું છે. કોઇ કષાય કરે તો પણ આપણે ઉપશમ રાખવો જોઇએ. આથી જો સાધુપણાને સફલ કરવું હોય તો વિષયોનો અને કષાયોનો વિજય કરવો, એજ કલ્યાણકારી છે આત્મા-કલ્યાણની વાત સિવાય કોઇપણ વાતમાં પડવું નહિ. સંયમની સાધના અને વિનય–વૈયાવચ્ચ સિવાયના સમયમાં સ્વાધ્યાય પ્રધાન બનવો જોઇએ. રોજ રોજ નવુ જ્ઞાન વધે અને જુનુ ન ભૂલાય એમ થવું જોઇએ. શિષ્ય બનવું સહેલું છે પણ સમર્પિત બનવુ કઠીન છે. ઝટ મોક્ષમાં જવાની ભાવનાનો ઉપાય આજ્ઞા મુજબનુ સંયમજીવન જીવવુ એ છે. ગુર્વાદિના વિનય વૈયાવચ્ચ સાથે સ્વાધ્યાયમાં લયલીન રહેવાથી જલ્દી મોક્ષની પ્રાપ્તિ થાય.

વિના તૈયારીએ સમકિત પર પહેલું વ્યાખ્યાન કરનાર સૂરીશ્વરજીના છેવટ સુધીના વ્યાખ્યાનમાં પણ એ જ વાત રહેતી સમ્યગ્દર્શનની પ્રાપ્તિની સંયમની પ્રાપ્તિની અને મોક્ષની પ્રાપ્તિની. થાળી એક છતાં ભોજન રોજ નીતનવું પૂજ્યપાદશ્રીજી પીરસતા સાંભળનારને રોજ નવું જ લાગે. પૂ. મેઘ સૂ.મ. કહેતાં કે રામવિજયજી જેવું સમ્યક્ત્વનું વર્ણન અમે વર્ષોના ભણેલા પણ ન કરી શકીએ. પૂજ્યપાદશ્રીજી શાસ્ત્રખાતર જીવ્યા, જીવનપર્યંત શાસ્ત્ર જ સહુને સમજાવ્યું અને પ્રાણના ભોગે પણ સિધ્ધાંત ટકાવ્યો પ્રાણના ભોગે પણ સિધ્ધાંતની વફાદારીનો આદર્શ શિખવાડનાર આપણા પરમાધાર પરમ કૃપાવતારનો પાર્થિવદેહ તો અદૃશ્ય થયો જ પણ ગુણદેહ વિદ્યમાન જરૂર છે જ સુવિહિત સામાચારી સંરક્ષક,સંઘ કૌશલ્યાધાર સૂરિરાજનાં આદર્શો સ્મૃતિપટ પર રાખી એવું સાધુપણું પાળી મુક્તિને ઝટ મેળવીએ એજ ક્ષામના

સાહેબજીનો મારે સંસારીપણામાં કોઇ ખાસ પરિચય નથી મગર પિંડવરામાં એક ભાઇને ત્યાં જૈન પ્રવચન અઠવાડીક આવતું તો તે વાંચવા મલવાથી ઘણો આનંદનો અનુભવ થયેા હતેા. અને ખરેખર સાચું સમજાતું હતું ! ૨૦૧૫ માં સિધ્ધપુરમાં મારે વ્યાપારાર્થે જવાનું થયું તો ત્યાં સાહેબજી પ્રતિક્ષા કરાવવા ત્યાં આવેલા તો દર્શન કરવાનેા, પ્રથમ અવસર મળ્યેા પછી ૨૦૨૦ માં પિંડવરામાં પધાર્યા ત્યારે તે પછી દીક્ષા થયા પછી ૨૦૨૬ માં અજારી મંદિરની પ્રતિક્ષા અને પૂ. ગુરૂદેવ આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીજીની મૂર્તિ પ્રતિષ્ઠા વખતે નિશ્રામાં રહેવાનું થયું.

અમારા પુર્વના પુણ્યેજ ૨૦૪૨ ની સાલમાં પટ્ટક અને સમ્મેલન થતા પહેલા સાહેબજીની નિશ્રામાં આવવાનું થયું ! સાહેબજીના આશિર્વાદ અને આજ્ઞાથી ચાતુર્માસ, દીક્ષાઓ, ઉપધાન આદિ અનુષ્ઠાનાદિ થતા ઉત્સાહ અને શાસન પ્રભાવના સહ થયેલ છે. ચાતુર્માસમાં જયાં જયાં દ્રવ્યાદિના ભક્ષણનેા દોષ લાગતેા હતેા ત્યાં ઉપદેશેા આપીને સાહેબજીની કૃપા અને આશિર્વાદથી સેાલાપુર, બાશીં, મુંડારા આદિ ઘણાખરા સુધારા થયેલ છે. દૂર દૂર મહારાષ્ટ્ર એમ. પી. રાજસ્થાનાદિ ચાતુર્માસ થતા તેા ચાતુર્માસ

ભાવ કરૂણાના સ્વામી

—પૂ. મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ.-વાપી

ઉતર્યે તરત જ સાહેબજીના પાસે જઇને દર્શન કીધા વગર ચેન પડતું ન હતું ! કારણ કે સાહેબજીનું એવું વાત્સલ્ય હતું, સાહેબજીમાં વચનસિધ્ધિ હતી કે જયારે જયારે ચાતુર્માસ માટે કે દીક્ષા માટે આજ્ઞા આપતા તો દૂર દૂર મારવાડથી મહારાષ્ટ્રમાં સેાલાપુર, મુંબઇથી મારવાડ દીક્ષા આપવા માટે તો સહર્ષ સ્વીકાર કરતા તેા સાહેબજીની કૃપા દૃષ્ટિથી ગર્મીમાં પણ લાંબા લાંબા વિહાર કરવામાં પણ કોઇ ખબર જ ન પડી. ચાતુર્માસ અને દીક્ષાઓ પણ ઘણા ઉત્સાહ અને શાસન પ્રભાવના યુકત અને વિઘ્ન રહીત થયેલ.

રતલામમાં ૩ બાલદીક્ષાઓ આવવાની હતી તો તે વખતે ઇન્દોરમા Hindu બાલાનેા પ્રકરણ બનેલ તો તે વખતે એમ. પી. માં કોઈ બાલદીક્ષા આપી ન શકે એવેા ભય હતેા. રતલામમાં પણ કોઇ દીક્ષા આપવામાં તૈયાર નહી, તો છેવટે નામલીમાં દીક્ષા આપવાનું નકકી કર્યું તો સાહેબજીની કૃપા દૃષ્ટિથી રતલામના બે ટ્રસ્ટી દીક્ષા રતલામમાં થવી જોઇએ. એમ અમારી પાસે આવીને કહ્યું તો અમેાએ કહ્યું કે મુંબઇ સાહેબજીના પાસે જાઓ તો ૨ ટ્રસ્ટી બધી જવાબદારી પોતાના ઉપર સાહેબજીના પાસે જઇને

આજ્ઞા લઈને આવ્યા તો ખૂબ ભવ્ય રીતે શાસન પ્રભાવના યુક્ત ૩ બાલદીક્ષા અને ૧ મોટી એમ ૪ દીક્ષાઓ થયેલ. તેમાં સ્થાનકવાસીઓના આગેવાન પણ દીક્ષા વખતે આવેલ ! સ્વામીવત્સલ પણ થયેલ. એ પછી અમારા સદ્ભાગ્યે જ સાહેબજીની નિશ્રામાં શ્રીપાલનગર અને ચંદનબાલામાં ચાતુર્માસ કરવાનો અવસર મળ્યો. ત્યાં જોયું અને જાણેલું અનુભવ–આવી મોટી ઉમ્મરે પણ પુરા ચાતુર્માસમાં ૧ કલાક તો વ્યાખ્યાન આપતા, શ્રીપાલનગર અને ચંદનબાલામાં અંજનશલાકા પ્રતિષ્ઠા અને દીક્ષાના સમયે ૩ થી ૪ કલાક સુધી લગાતાર એક આસને બેસતા જોઈને અમો વિચારમાં પડતા કે આવી રીતે અમારાથી પા કે અર્ધો કલાક પણ પગ ઉંચો નીચો કર્યા વગર બેસાય નહી. જ્યારે કોઈ આયંબિલ કે એકાસણાનું પચ્ચખ્ખાણ લેવા આવતા તો કહેતા કે ખરો તપસ્વી છે. એમ કહીને ઘણી અનુમોદના કરતા લગભગ ૭ માસ સુધી નિશ્રામાં રહેવાનું થયું હંમેશ મુખમુદ્રા તો પ્રસન્નશીલ જોવામાં આવતી. પૂર્વના વિરોધીઓ આવતા તો પણ ખૂબ વાત્સલ્યથી વાતો કરતા ત્યારે વિરોધિયો પોતાની આંખોમાંથી આંસુ વહેવડાવતા. પર સમુદાયના આચાર્યો કે પંન્યાસજી કે મુનિ ભગવંતો આવીને વંદન કરતા મેં જોયા છે. અને સાહેબ ખૂબ પ્રેમથી એઓની સાથે વાતો કરતા. સાહેબજીને કોઇ વ્યકિત ઉપર દ્વેષ હતો નહી. મગર દોષો ઉપર તો દ્વેષ હતો જ.

સાહેબજીના ઘણા ભક્તો અને બીજાઓ પણ કહે છે કે સાહેબજી ઘણા નિ:સ્પૃહી છે. કોઇ દિવસ કોઇને પોતાના જીવનમાં ૧ પોસ્ટ કાર્ડ માટે પણ કહ્યું નથી અનુષ્ઠાનાદિ માટે પણ પર્સનલ કોઈને કહ્યું નથી, આવી નિસ્પૃહતાના કારણે ભક્તો ઘણા ગાંડા ઘેલા થઇ સાહેબજી નિશ્રામાં ઉપધાનો સંઘો ઉજમણા ૨૪ કે ૨૭ એક સાથે દીક્ષાઓ અને લાલબાગમાં ૫૧–૫૧ દિવસોના ભવ્ય મહોત્સવ આદિ એક ઇતિહાસિક અને ઘણા ઉદારતાપૂર્વક અસ્મરણીય થયા તે ભૂલાય તેમ નથી !

છેલ્લે છેલ્લે પણ અતુલભાઈની દીક્ષા મહોત્સવ પણ વર્ણનાતીત થયેલ. વર્ષીદાન સ્વામીવત્સલનાં કેટલી ઉદારતા. ઘણા એમ પણ કહે છે કે સાહેબજીની નિશ્રામાં મોટી રકમ પણ ખર્ચાય તો ખૂબ ઉલ્લાસ હોય છે અને મનમાં કાંઇ લાગતું પણ નથી, બીજે નાની પણ રકમ ખર્ચવી પણ પડતી હોય ત્યાં મનમાં સંકલ્પ વિકલ્પ થયા કરે?

સાહેબજીને જ્યારે જોતા ત્યારે સ્વાધ્યાય મગ્ન જોવા મલતા. ડોલીમાં ન છુટકે બેસતા તો પણ ડોલીમા સ્વાધ્યાયનું પુસ્તક તો સાથે જ રાખતા અને સ્વાધ્યાય કરતા.

ગ્લાનાદિની સેવા માટે તો પર સમુદાયના સાધુ સાધ્વીજી ભલે હોય તો પણ વૈયાવચ્ચ માટે સાધુઓને મોકલતા ! સાહેબજીની આજ્ઞાથી અને આશીર્વાદથી છેલ્લે ચાતુર્માસ દાંતરાઇમાં થયું તો કયારે કયારે સમાચાર આવતા કે સાહેબજીની તબીયત

નરમ છે. પછી તો સમાચાર આવ્યા કે ભયંકર માંદગી છે તો ત્યાંથી ભાઇ બહેનો ગાડી લઇને ગયા તો તબિયત સુધારા ઉપર હતી તો ખૂબ રાજી થઇએ પાછા આવ્યા. માંદગીના સમાચાર સંઘમાં અઠ્ઠમ શુદ્ધ આયંબિલ જાપાદિ ચાલુ થયો હતો. તપસ્યા જાપાદિ ચાલુ તો હતા પછી પાછા સમાચાર આવ્યા કે સાહેબજી દેવલોકે ખુબ સમાધિપૂર્વક ગયેલ છે. એ સાંભળીને સંઘને ઘણો આઘાત થયો. શાસનમાં એક મોટી ખોટ પડી છે છતાં હિમ્મત રાખીને ચતુર્વિધ સંઘ સાથે દેવવંદન કર્યા પછી ટુંકમાં ગુણાનુવાદ કર્યા પછી ત્યાંથી સંઘના ભાઇ બહેનો ગાડી લઇને અમદાવાદ ગયા તો ત્યાં શમશાન યાત્રાની ભવ્ય તૈયારી જોઇને આભાજ બની ગયા હતા. શમશાન યાત્રામાં જોડાયા લગભગ ૨૪ કી.મીટરની શમશાન યાત્રા ન જોયેલી અને ન જાણેલી. ૨ લાખ માનવમેદની શમશાન યાત્રામાં હતી, સાબરમતી પહોંચતાં અગ્નિસંસ્કારની બોલીઓ એક રેકોર્ડ થયેલ. સાહેબજીના ગયા પછી પણ ભકતો કેવા ગાંડાઘેલા થઇ તે ધનની મુચ્છાં ઉતારીને કેવું પુણ્ય બાંધ્યું હશે ? દેવલોકના સમાચાર તો પુરઝડપથી કલકત્તા, મદ્રાસ, મુંબઇ બધે પહોંચવાથી દૂર દૂરથી ભકતો આવીને શમશાન યાત્રામાં ભાગ લીધો, પાલખી પણ એક ઇતિહાસિક જરીયન બનેલી હતી. અમદાવાદના વાસીઓ કહેવા લાગ્યા કે એવી ભવ્ય શમશાન યાત્રા તો આજ દિવસ સુધી ૨૦૦ વર્ષના ઇતિહાસમાં સાંભળવા કે જોવમાં આવી નથી !

સાહેબજીના ગયા પછી પણ સાહેબજીની સંયમની અને શાસન રસીકતાની અનુમોદનાર્થે લગભગ બધે અઠ્ઠાઇ મહોત્સવો આદિ સ્વામીવત્સલ આદિ થયેલ. મુંબઇ, અમદાવાદમાં તો ભવ્ય રથયાત્રા અને મહોત્સવો તો ઘણી ઉદારતાપૂર્વક ભવ્ય થયેલ. છેલ્લે છેલ્લે પણ માઉન્ટ આબુનો પણ ભવ્ય મહોત્સવ થયેલ ! દાંતરાઈમાં પણ મહોત્સવો થયેલ. પાલીતાણામાં પૂજારી આદીને દેવદ્રવ્યનો પગાર અપાતો હતો તે મટે પાલીતાણામાં એક સામાન્ય ઉપદેશથી એક કરોડ ઉપર સાધારણનો ફંડ થયેલ.

મેં જોયું જાણેલું છે તે લખ્યું છે. બીજા શાસનના ઘણા કાર્યો થયા જ છે તે કોઇને જાણ બહારતો નહી હોય એમ હું માનું છું. મારા ક્ષયોપશમ પ્રમાણે લખ્યું છે છતાં શાસ્ત્ર વિરુદ્ધ કે સાહેબજીના આશય વિરુદ્ધ લખયું હોય તો હુ ક્ષમા માંગુ છું.

• ધનનો લાભ, લોભને પણ ઉત્તેજિત કરે છે. ધન જ્યારે અધિક નહોતું, ત્યારે જીવ જે સંતોષથી અને જે સંકોચથી જીવતો હતો, તે સંતોષથી અને તે સંકોચથી, એ પછીથી એ જીવ ભાગ્યે જ જીવી શકે છે. એ સૂચવે છે કે–અંદર રહેલી ભોગની તૃષ્ણા સંયોગવશ દબાઈ ગઇ હતી. પણ એ મરી ગઇ નહોતી.

—પતન અને પુનરુત્થાન ભાગ–ત્રીજો.

બા * લ * વા * ટી * કા

- શ્રી રવિશિશુ

પા... પા... પગલી ભરતી તમારી બાલબાટિકા એક વર્ષની થઈ ગઇ. તેને આવકારતાં પ્રશંસાના પુષ્પો વેરતા અનેકાનેક પત્રો અમારી ઉપર આવી રહ્યા છે. તે વાંચી મને પણ અનેરો આનંદ આવે છે. બધા જ ભૂલકાઓ "બાલ વાટિકા"ની ઉત્તરોત્તર પ્રગતિ જોઇને ઘણા આનંદિત થાય છે. તે જાણીને પણ વિશેષાનંદ થાય છે. ભૂલકાઓ, તમારી સાચી પ્રગતિ કયારે થાય ?

જયારે તમે મન બગાડનાર બહારના પુસ્તકોનું વાંચન બંધ કરી, મનને તંદુરસ્ત રાખનારી વાંચન સામગ્રીમાં રસ ધરાવતા થાવ ત્યારે' સાથે સાથે સારા વાંચનથી તમારી મનોવૃત્તિ અધર્મ માર્ગે જતી અટકે ત્યારે જ તમે સાચા પ્રગતિશીલ બની શકશો.

આ બાલવાટિકામાં આજ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને તમે મોકલાવેલ સરસ મઝાની વાનગીઓને પીરસવામાં આવે છે. તમારે મન ભાવતી રસમધુરી ચોકકસ લખીને મોકલાવશો ને !

આ વિભાગ અંગે જે કાંઇ સલાહ સૂચન હોય તે જણાવશો અને જણાવવા યોગ્ય હોય તે પણ ચોકકસ જણાવજો :

આ વિભાગને સમૃદ્ધ બનાવવા મેં તમારા લખાણથી યથાશકિત પ્રયત્ન કર્યો છે. હજુ વધુ-વધુ સમૃદ્ધ બનાવવા ને આગળ ધપાવવા હું ઘણો જ ઉત્સાહિત છું જ. તેમાં તમારા સૌનો સાથ અને સહકાર મળશે તેવી આશા રાખુ ને ?

બાલવાટિકાને તમારી પ્રાણપ્યારી ગણી તેનું મનન પૂર્વક વાંચન કરવાનું ચૂકતા નહી

બસ હવે, આટલું બસ....

—રવિશિશુ

C/o જૈન શાસન કાર્યાલય, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર

બનજો... બનજો...

વિજય શેઠ જેવા બ્રહ્મચારી બનજો.
ધન્ના અણગાર જેવા તપસ્વી બનજો.
ખંધક મુનિ જેવા સરળ બનજો.
પુણિયા શ્રાવક જેવા સંતોષી બનજો.
ધર્મરુચિ જેવા દયાળુ બનજો.
હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બનજો.
યુધિષ્ઠર જેવા ન્યાયી બનજો.
શાલીભદ્ર જેના ત્યાગી બનજો.
ગૌતમ સ્વામી જેવા વિનયી બનજો.
સ્થુલિભદ્ર જેવા કામ વિજેતા બનજો.
વયરકુમાર જેવા પ્રભાવક બનજો.
રામચન્દ્રસૂરિ જેવા રક્ષક બનજો.

પ્રફુલ જે. શાહ, લાડોલ

તરંગ તુક્કા

જૈન શાસન દરરોજ નીકળતું હોય તો ?
જૈન શાસન સૌને મફત મળતું હોય તો ?
જૈન શાસન રંગબેરંગી નીકળતું હોય તો ?
જૈન શાસનમાં ફકત બાલુડાઓના ફોટા આવતાં હોય તો ?
જૈન શાસનમાં ફકત અમારી બાલ વાટિકા આવતી હોય તો ?
જૈન શાસન દરેક જૈનોના ઘરે આવતું હોય તો ?
જૈન શાસનનો સંપાદક હું હોય તો ?
(આ તરંગ તુક્કાના જવાબો મળશે ખરા ?)

—કિરણ જે. શાહ, ગોરેગાંવ

અવનવું જાણો !

રાજેશ : બા ! બા ! હું આજે વ્યાખ્યાનમાં નહી આવું ?

બા : કેમ બેટા ?

રાજેશ : બા ! મ. સા. પાટ ઉપર બેસી ઉધું સમજાવે છે ?

બા : શું ઉધું સમજાવે છે ?

રાજેશ : ગઇ કાલે કહેતા હતા કે સંસારના સુખ માટે ધર્મ થાય અને પરમ દિવસે કહેતા હતાં કે મોક્ષ, મોક્ષ શું કરો છો ? મોક્ષ કયાં છે ? માટે વ્યાખ્યાનમાં નહી આવું ?

—અનીલ ઉમરીગર, હુંબલી

આલી જગ્યા પૂરો

૧. મગધપતિ પ્રસન્નજિત રાજાને..... આદિ સો પુત્ર હતાં. (૩)

૨. ગૌતમ સ્વામીના મુખે પ્રભુની ઠકુરાઇ સાંભળી.....ને સમ્યકૃત્વની પ્રાપ્તિ થઇ હતી. (૩)

૩. વસુમતીને આપણે .....ના નામથી ઓળખીએ છીએ. (૫)

૪.....પ્રભુના પૂર્વભવના પિતાનું નામ વિશ્વસેન હતું.

૫. હરિભદ્રસૂરિએ.....ગચ્છ દીપાવ્યો.

૬. વિશ્વભૂતિના આશ્રમમાં ..... નો જન્મ થયો હતો.

૭. નમિનાથ પ્રભુનું પ્રથમ પારણું .....નગરમાં થયું હતું

—હર્ષિત એન. શાહ

આ છે કવિતા

આ અંક છે મુજને પ્યારો,
જૈન શાસન છે સુંદર નામ,
દર અઠવાડીયે એ સૌને મળતો,
લે છે સૌએ ગામે ગામ,
બાલ વાટિકા વાંચી સહુને,
જ્ઞાન તણો ભંડાર મળે,
જીવનમાં ઉપયોગી બને છે,
તેનો બોધ પળે પળે,
આ રીતે જૈન શાસન જૈનોનું
સર્વ રીતે કલ્યાણ કરે,
તમે પણ મંગાવી લેજો,
રખે ન ચૂકતા એને.

—પુષ્પા તરણુભાઈ

✿



શબ્દ લાલિત્ય–૧
૦ અભિષ
વેલ્ટીચ મેટલ ઇન્ડ.
૮૨-૮૪ કીકા સ્ટ્રીટ,
ગુલાલ વાડી
મુંબઇ–૪૦૦૦૦૪
બંધ તારીખ
૧૫–૧૦–૯૨
C/o. રવિશિશુ
જૈન શાસન
કાર્યાલય
૪૫, દિગ્વિજય
પ્લોટ,
જામનગર—૫
બરા વિજેતાઓ
વરશે ઇનામ
રૂા. ૫૧.

આડી ચાવી

૧. આશોપાલવનું વૃક્ષ (૫)
૫. મોક્ષ (૪)
૮. સારાં પ્રસંગે લોકો જુએ (૩)
૯. તોલ, વજન (૨)
૧૧. હાથ (૨)
૧૨. ચાંદી (૩)
૧૪. મહા યુદ્ધ (૨)
૧૫. પવિત્ર (૩)
૧૬. જેની જોડે નહિ મળે (૧)
૧૮. કડક (૪) જોડીણીમાં છૂટ
૨૦. નવીન કાર્ય (૫)
૨૨. માને બાળક ઉપર હોય (૨)
૨૩ એક પાછી એક (૨)
૨૫. એક કુલ (૩)
૨૭. સિંહાસન (૨)
૨૮. ચૌદશે ન ખવાય (૨)
૩૦. નિર્જીવ (૨)
૩૨. એક ક્ષેત્ર (૫)
૩૩. એક કલ્પવૃક્ષ (૩)

ઉભી ચાવી

૧. એક ભવનપતિ (૬)
૨. દુઃખ (૨)
૩. સોનું, સુવર્ણ (૩)
૪. માફી (૨)
૬. તપ (૩)
૭. રસમ (૩)
૧૦. પરાવલંબી (૪)

૧૩. સીતાના પિતાશ્રી (૩)
૧૫. પાલન કરનાર (૩)
૧૭. થાપણ (૪)
૧૮. ભાગ્યશાળી (૨)
૧૯. એક ખંડ (૩)
૨૧. ચક્રવર્તીનું એક રત્ન (૨)
૨૪. એક શ્રાવિકા જેને બત્રીસ પુત્રો હતો (૩)
૨૫. એક ફળ (૨)
૨૬. નિર્દોષ, ભોળું (૩)
૨૯ કયારેક, કદાચ (૨)
૩૦ જગત (૨)
૩૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)

મુકજે મારામાં...

મધની મીઠાશ મુકજે મારમાં,
ને કુલડાની ફોરમ ફોરજે મારામાં;
પરોપકાર પ્રવૃત્તિ ભરજે વૃક્ષની મારામાં,
ઉદારતા સાગરની છલકાવજે મારામાં;
અમીદ્રષ્ટિ માતાસમી મુકજે મારમાં
બંધુત્વનો પ્રેમ ભરતશો ભરજે મારામાં;
ગુરૂતણી જ્ઞાન શકિત પૂરજે મારામાં
સૂર્યસમા તેજની સેર છોડજે મારામાં,
જૈન શાસનના સિદ્ધાંતની રક્ષા મુકજે મારામાં

—મેઘના મકુલ

ચોકઠા ચતુર

નોંધ : નીચે આપેલા ચોકઠામાં ૪૯ અક્ષરો આડા-અવળા લખાઈ ગયા છે. દરેક શબ્દ એક જ વાર વાપરવો શબ્દનો એક અક્ષર ઘેરી શાહીથી લખ્યો છે. તો શોધી કાઢો ? ઉદાહરણમાં માટે એક આપી છે.

ાડ	ચ	નિ	ઉ	નિ	ણી	મ
૦	૫	ત	આ	પા	ગ્ર	૦
પ્રા	કે	સ	રિ	સ	૦	૨
ણ	ત	ર	સ	૫	દા	પ્ર
ધ્ય	અ	ત	યો	નો	ંમા	ા
ત	થા	ળા	દ	કા	૫ં	દ
કા	ણા	જી	હ	જ્ઞ	ાં	ાર

૧. એક ભય_____
૨. એક મરણ વખાણાય છે_____
૩. પાપની_____કરવી જોઇએ.
૪. એક પ્રકારનો યતિ ધર્મ_____
૫ એક પ્રકારનો પરિસહ_____
૬. એક પ્રકારનો તપ_____
૭. એક પ્રકારની સમાચારી_____
૮. એક પ્રકારની ભાવના_____
૯. વૈયાવચ્ચનો એક પ્રકાર_____.
૧૦. એક પ્રકારનું મહાવર્ત_____
૧૧. એક કાઠિયાનું નામ_____
૧૨. એક પ્રકારનું પાપ સ્થાનક_____
૧૩. કર્મ ખપાવવા માટે તપ કરાય છે.

—મોન્ટુ

❀

૦ શ્રી જૈન શાસનને માનનારાઓ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ ઉપાદેય છે, એમ હરગીજ નહિ માને.

—આત્માને ઓળખો-પુસ્તકમાંથી

ચારિત્રના ચંદનવનમાં ચાલતા મહાવીરના મધુવનમાં મહાલતા, આરાધનાની આગ-બોટમાં વિહરણ કરનાર, સાધનાની સ્ટીમરમાં સફર કરનાર, ઉત્તમગુરૂની યશસ્વી કોલેજમાં અમરતાના પાઠો શીખીને અનિર્વચનીય આનંદમાં માનનાર, ભવ્ય જીવોના હૈયારૂપી કોરા કાગળ પર વીતરાગવાણીના અક્ષરોને અંકિત કરનાર, જ્ઞાનગુણમાં રમણ કરનાર, દર્શનની દુનેયામાં દોડનાર, ચારિત્રની ચાંદની નિહાળતા પ.પૂ. પરમારાધ્યપાદ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** આપના પરમ પાવન ચરણકમલોમાં કૃતજ્ઞભાવે વંદન કરું છું.

આ મહાપુરૂષના ગુણાનુવાદ કરવાની ભાગ્યે જ કોઈકને તક સાંપડે છે. ૯૬ વર્ષની વયે પણ નિરાત કાર્યરત રહીને સ્વ-પર કલ્યાણની ધર્મગંગોત્રીનું વાહક એક વિરલ વ્યક્તિત્વ એટલે જ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા !**

ગુર્જર દેશના તિલકસમું દહેવાણ શહેર આપની પાવન જન્મભૂમિ અને પાદરા શહેર આપનું મૂળવતન, કરાલકાળે માતાપિતાનું છત્ર છીનવી લીધું ધર્મની મૂર્તિસમા દાદીમાએ બાલ્યપણથી જ આપશ્રીના લોહીના કણકણમાં ધર્મસંસ્કાર સીંચ્યા તથા દીક્ષા લેવાની ભાવના પેદા કરાવી અને તેને સફળ કરવા ઘેબર ન વાપરવાનો નિયમ અપાવ્યો.

શાસનના શણગાર, અણનમ અણગાર

--પૂ. સાધ્વી શ્રી તત્ત્વરત્નાશ્રીજી

પુણ્યયોગે સંયમી પુરૂષોનો સંગ મળતો ગયો. એ સંગે વૈરાગ્યનો રંગ સુદઢ બનાવ્યો શ્રી વીતરાગ પરમાત્મા કથિત સંયમના સોહામણા પંથે જવાના અરમાન જાગ્યા. પ્રતાપી શાસન ધુરંધરો પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય **કમલસૂરીશ્વરજી મહારાજા,** પ.પૂ. ઉપાધ્યાય **વીરવિજયજી મ.સા.** પ.પૂ. દાદા ગુરૂદેવ આ.ભ. શ્રીમદ્વિજય **દાનસૂરીશ્વરજી મહારાજા** અને પ.પૂ. ગુરૂદેવ આ.ભ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજનો** સત્સમાગમ મળ્યો. આ સ્વશ્રીજીના પ.પૂ.ગુરૂદેવે માનવજીવન શા માટે! એનું રહસ્ય સમજાવી સંયમની જાગેલી તાલાવેલીને વધુ તીવ્ર બનાવી. એથી જનમ જનમના મહાદુશ્મન સામે એક મહાસેનાની જેવું પરાક્રમ દાખવીને આપશ્રીજીએ ગંધાર તીર્થમાં વડીલ પૂજ્યોના આશીર્વાદ પામી ચારિત્ર-અંગીકાર કર્યું અને પ.પૂ. મુનિરાજશ્રી **પ્રેમવિજયજી મ.સા.** ના પ્રથમ શિષ્યા તરીકે પૂ. મુનિરાજશ્રી **રામવિજયજી મ.** બન્યા.

રગેરગમાં શ્રી જિનશાસનનો અવિહડ રાગ અને જિનાજ્ઞાની વફાદારી આપશ્રીજીને જાણે અનેક જન્મોની અનેરી અજબ બક્ષીસ મળી હતી. સંયમ આરાધના, ગુરૂભગવંતોની સેવા અને ગુરૂવિનય સાથે સ્વાધ્યાયનો યજ્ઞ તેઓશ્રીએ શરૂ કરી દીધો ને સમ્યગજ્ઞાનની જવ-

લંત જ્યોત જલતી થઇ. ગુરૂકૃપાના પ્રથમ વર્ષે જ પ્રવચન આપતા લબ્ધિધર પુરૂષોને યાદ કરાવે તેવી દેશના લબ્ધિનો પરિચય જનતાને થયો.

આપ ગુરૂદેવની એક જ દેશનાના શ્રવણથી કટ્ટર વિરોધી પણ પરમ ભકત બની ગયાના નિંદક વંદક બની ગયાના, મિથ્યાદૃષ્ટિ સમ્યગદૃષ્ટિ તથા સમ્યગદર્શનના અભિલાષી બની ગયાના, રાગી વિરાગી બની ગયાના, ભોગી ત્યાગી, સંયમી અને મહાતપસ્વી બની ગયાના હજારો સેંકડો દાખલાઓ મોજુદ છે.

શાસ્ત્રના પાને પાને લખાયેલી અનંત કલ્યાણ કરનારી ભાગવતી દીક્ષા સામે જાગેલ ઝંઝાવાત સામે એકલવીર યોદ્ધાની જેમ ઝઝુમીને વિરોધને હતપ્રહત કર્યો હતો. અને જ્ઞાનીઓએ આચરેલા ને ભાખેલા મોક્ષમાર્ગનું રક્ષણ કર્યું હતું. આજે કોઇપણ સમુદાયમાં બાળમુનિઓ જોવા મળે છે તો એ ઉપકાર આપણા પૂજયપાદ ગુરૂદેવશ્રીજીનો છે એમ કહી શકાય.

દૃષ્ટિ ખૂલી જાય તો દુ:ખો ઘણાં જ સારા છે, ભૂંડા હોય તો આ સંસારના સુખો છે આપશ્રીજીની વાણીમાં સદાય ગુંજતો આ રણકાર સાંભળવો એ એક જીવનનો અણમોલ લ્હાવો હતો. વાણી પરનું પ્રભુત્વ નીરખવું હોય તો એકવાર પૂજ્યપાદશ્રીજીની વાણીના વહેતા વહેણમાં સ્નાન કરવું જ રહ્યું એમ કહેવાતું. વાત એકનીએક હોવા છતાં રજુ-આતની ભાત નિરાલી હતી. વાણી પરનું આવું વર્ચસ્વ તો ક્યાંકમાં અને કયારેક જોવા મળે કે જાણે વાણીમાં સાક્ષાત સરસ્વતી. સુખનો સ્નેહ છોડો. દુ:ખનો દ્વેષ તોડો ને મિથ્યાત્વને મારો તો જ સમ્યગદર્શનનો સૂર્ય ઝળહળશે ને સર્વવિરતિ મેળવીને સિદ્ધ થવાશે. આ આપશ્રીજીની દેશનાનું કેન્દ્રબિંદુ હતું આપશ્રીજી કહેતા કે સમ્યગદર્શન એ આપણું હૈયું છે. સમ્યગચારિત્ર એ હૈયાનો હાર છે. ને સમ્યગજ્ઞાન એ હૈયાના હારના મોતી સમાન છે.

મુંબઇ જેવા શહેરમાં પ્રવચનો દરમ્યાન જુત્તા ઉછળ્યા, પ્રાણના સંકટ આવ્યા, અનેક કષ્ટો આવ્યા, વિહારમાં માર્ગમાં કાચના ટુકડા વેરાયા છતાં પણ અડગ રહી ભવ્ય જીવો માટે દીક્ષા ધર્મ સુલભ બનાવ્યો. સર્વવિરતિનો મહિમા સમજાવી જન હૃદયમાં દીક્ષાનીપ્રતિષ્ઠા કરીને આપશ્રીએ જૈન શાસનનો વિજય ધ્વજ લહેરાવ્યો.

ઓ ગુરૂદેવ શાસ્ત્રાનુસારી અને સુવિહિત પરંપરાને સુરક્ષિત રાખવા કાજે આપશ્રી-જીએ જે વીરતા, ધીરતા ને સત્ય પ્રિયતા તેમજ જિનાજ્ઞા ખાતર માન અપમાનને ગળી જવાની જે સાત્વિકતા દાખવી છે તે કયા શબ્દોમાં વર્ણવું ?

ઓ સૂરીશ્વરજી ! આપનું સમગ્ર જીવન અસત્યની સામે ઝઝુમીને સત્યના સમર્થન

પાછળ જ ખર્ચાયુ હતું. ધાર્મિક, સાંસ્કૃતિક કે રાજકીય વિષયના ગમે તેવા પ્રશ્નોના પણ સચોટ અને પ્રતિભાપૂર્ણ સમાધાન આપવામાં આપશ્રીજીની જોડ જડવી મુશ્કેલ છે. શાસ્ત્ર-નિષ્ઠાની આધાર શિલા પર અડીખમ રહીને જૈન જગતને આઠ આઠ દાયકા સુધી અવાર-નવાર વિકટ વાતાવરણમાં પૂજ્યશ્રીએ જે મહત્ત્વનું અને મનનીય માર્ગદર્શન આપ્યું છે અને મર્દાનગી પૂર્વક પૂજ્યશ્રી જે માર્ગ દર્શાવતા રહ્યા હતા તે ભાવિપેઢી માટે આજે પણ ઐતિહાસિક દસ્તાવેજ અને દિવાદાંડી સમુ બની જાય છે.

આપશ્રીજીના ત્યાગ, વૈરાગ્ય, સંયમ, ગુરૂવિનય, શાસ્ત્રોનું તલસ્પર્શી જ્ઞાન, જૈન શાસનના ગહન તત્વોને સરળ, સચોટ, સુબોધ શૈલીમાં સમજાવવાની કળા અધ્યાત્મ ભાવ માન અપમાનને પચાવવાની ઉત્તમતા, લાંકોતર ઉપકારિતા, જિનાજ્ઞાસાર ગર્ભિત ધર્મદેશના પરમશાસન પ્રભાવના, શુદ્ધ પ્રરૂપકતા. વિ. અગણિત ગુણો અને સુકૃતોની અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

ટુંકમા આ મહાપુરૂષમાં અપરંપાર ગુણો હતા. તેમાંથી થોડા પણ ગુણો આપણા જીવનમાં આવી જાય તો આપણે એઓશ્રીને પામ્યા સાર્થક ગણાય.

૨૦૪૭ ના અષાડ વદ ૧૪ નો દિવસ આપણા માટે ગોઝારો ઉગ્યો ને પૂજ્યપાદશ્રીજી આપણને સૌને ટળવળતા મૂકીને ચાલ્યા ગયા. હા ! હા ! કાળ કરાલે અકારણ અમારૂ મોતી છીનવી લીધું શાસનનો સૂરજ આથમી ગયો ને હવે જીવન ઝેર જેવું લાગવા માંડયું. અરિહંત–અરિહંત જપતાં જપતાં શિવનો પંથ સાધી લીધો ને સમાધીને પગથારે ચઢીને શિવસુખને પંથે કદમ બઢાવી આપશ્રીજીની ચિર વિદાયથી સાડા ત્રણ કોડ રૂંવાડામાં ઝણઝણાટી પેદા થાય છે.

આપશ્રીજી પાર્થિવ દેહથી ભલે દૂર ગયા પણ ગુણદેહે અમારા મનડામાંહી આવી વસ્યા છો. આપશ્રીજી જ્યાં પધાર્યા હો ત્યાંથી અમજેવા પામરો ઉપર કૃપા વરસાવી અમી દૃષ્ટિ કરી પાર ઉતારશોને આપશ્રીજીની સાથેમુક્તિ મહેલના મંદિરે લઇ જશો એ જ આભ્યર્થના.

અંતમાં જિનાજ્ઞાવિરૂદ્ધ તથા પૂજ્યપાદશ્રીજી વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના.

પ. પૂ. આગમ પ્રભાકર પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ ને શ્રદ્ધાંજલિ

૦ જેને દુનિયાના ભોગ માટે ધન જરૂરી અને આવશ્યક લાગે તો તે ભોગ માટે 'મહા ઉદાર' હોય અને ધર્મ માટે 'મહાકૃપણ' હોય.

સોનાના બેનમૂન ઘરેણાંની નવી નવી વેરાઇટીઓ તથા નવી નવી ડીઝાઇનો જોવા અવશ્ય અમારા શો રૂમની મુલાકાત લ્યો.
હાલારી સમાજનાં પ્રખ્યાત જવેલર્સ

પ્રતાપ જવેલર્સ

અબ્દુલા બીલ્ડીંગ નં. ૧ ડો. આંબેડકર રોડ,
પરેલ T. T. મુંબઇ-૧૨

૦ દુનિયાનું સુખ અને સુખની સામગ્રી ઉપર રાગ નહિ અને દુઃખ, દુઃખની સામગ્રી ઉપર દ્વેષ નહિ–આવી જે દશા તેનું નામ સમતા !

શ્રી કાન્તીલાલ દામજી એન્ડ સન્સ

૨૨૪, ભાત બજાર, નરશી નાથા સ્ટ્રીટ,
મુંબઇ નં. ૯

વાશીનું સરનામું :—
શ્રી કાન્તીલાલ દામજી એન્ડ સન્સ
M|3–Apmc Complex
નવી મુંબઈ—વાશી.
ગોળના જથ્થાબંધ વેપારી.

—: અનુક્રમણીકા :—

	લેખ	લેખક	પેજ નં.
૧	સદ્‌વિચાર કેળવો	—સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.	૨૨૧
૨	બીજા વિશેષાંક અંગે	—	૨૨૪
૩	સર્વતો મુખી પ્રતિભા સમ્યગ્નસૂરિદેવ	—પૂ.પં. શ્રી ગુણશીલ વિ. ગણી	૨૨૭
૪	સિદ્ધાંતની રક્ષામાં...	—પૂ.મુ.શ્રી નંદીશ્વર વિ.મ.	૨૩૧
૫	વાત્સલ્યસિંધુ સૂરિદેવ	—પૂ.મુ શ્રી કુલશીલ વિ. મ.	૨૩૩
૬	સૂરિરામના સંભારણા	—નીલા એચ. શાહ	૨૩૫
૭	પ્રવચન તે તેમનું	—પૂ.આ. શ્રી વિ. નિત્યાનંદસૂ.મ.	૨૩૭
૮	શ્રી જિન શાસનના સફળ સુકાની	—પૂ.આ. શ્રી વિ. સોમસુંદરસૂ. મ.	૨૩૯
૯	સત્ય અને આદર્શની મૂર્તિ	—પૂ.મુ. શ્રી પુણ્યધન વિ. મ.	૨૪૧
૧૦	સમાધિદાતા પૂ. ગુરૂદેવ	—પૂ.સા. શ્રી અક્ષયગુણાશ્રીજી મ.	૨૪૩
૧૧	વાત્સલ્યદાતા પૂ. આચાર્ય મ.	—જયેાત્સનાબેન ભરતકુમાર	૨૪૪
૧૨	સ્વાધ્યાય રમણુતા	—પૂ.મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.મ.	૨૪૫
૧૩	તેજ અંગારા કે તેજ ફુવારા	—પૂ.મુ. શ્રી મોક્ષરતિ વિ. મ.	૨૪૭
૧૪	જીવન ઝલક	—પૂ.મુ. શ્રી મુક્તિધન વિ.મ.	૨૪૯
૧૫	વિશેષતાઓનો સરવાળો	—પૂ.મુ. શ્રી નયવર્ધન વિ.મ.	૨૫૩
૧૬	હે ઉપકારી...	—વિનોદરાય ડોશી	૨૫૫
૧૭	સુખદ સંભારણા	—શ્રી જયંતીલાલ બારભાયા	૨૫૬
૧૮	એક ચિંતન	—શ્રી પ્રજ્ઞાંગ	૨૬૨
૧૯	વિષંભવતુમાં...	—રાંદેવલ પનિહારી	૨૬૩
૨૦	પંકિત કી આવાજ	—શ્રી ચન્દ્રરાજ	૨૬૬
૨૧	શરણાગત વત્સલ	—પૂ.મુ. શ્રી રમ્યદર્શન વિ. મ.	૨૬૭
૨૨	સૂરિરામ તારી અમર કહાની	-શ્રી જૈનેન્દ્ર	૨૬૯
૨૩	તારણહાર કેા શ્રદ્ધાંજલિ	—પૂ.મુ શ્રી દર્શનરત્ન વિ.મ.	૨૮૫
૨૪	ૐ જિનકી સ્મૃતિયાં	—પૂ.આ. શ્રી પદ્મસાગરસૂ .મ.	૨૮૬
૨૫	કાવ્ય	—પૂ.મુ. શ્રી મોક્ષરતિ વિ.મ.	૨૮૭
૨૬	સન્યા સમર્પણ	—શ્રી ચતરસિંહ નાહર	૨૮૮
૨૭	સ્મૃતિ કાવ્યમ્	—પૂ.મુ. શ્રી પ્રશમરતિ વિ.મ.	૨૮૯

૨૮	ગુરુણાંગુણવૈભવ	–પૂ મુ. શ્રી ધર્મતિલક વિ.મ.	૨૯૧
૨૯	ગુણસંઘસ્ય ગરિમા	–પૂ મુ. શ્રી તપોરત્ન વિ.મ.	૨૯૩
૩૦	ધન્ય એમની ચરણકમલ ભુદ્ધિને	–મહેતા મગનલાલ ચત્રભુજ	૨૯૬
૩૧	મહાન શાસન પ્રભાવક	–પૂ.ઉ. શ્રી નરચન્દ્ર વિ.મ.	૩૦૧
૩૨	એક વ્યકિત–શકિત	–પૂ.મુ. શ્રી વિનિતસેન વિ.મ.	૩૦૪
૩૩	શાસન સ્તંભની દિવ્યવાણી	–પૂ મુ. શ્રી ભુવનચન્દ્ર વિ.મ.	૩૦૫
૩૪	સત્યનાખપી–સમકીતી	–શ્રી કિશોર ખંભાતી	૩૦૯
૩૫	આશ્ચર્યની અટારીએથી	–પૂ.મુ. શ્રી હિતરત્ન વિ.મ.	૩૧૧
૩૬	શ્રદ્ધાંજલિ ગીત	–પૂ. મુ. શ્રી નયકીર્તિ વિ. મ.	૩૧૬
૩૭	તારણહાર ગુરૂદેવશ્રી	–પૂ મુ. શ્રી ધર્મભૂષણ વિ. મ.	૩૧૭
૩૮	ગુરૂગુણ ગીત	–પૂ. મુ. શ્રી કલ્પરત્ન વિ.	૩૧૮
૩૯	જેઓશ્રીની શાસનમાં	–શાહ છગનલાલ ઉમેદચંદ	૩૨૧
૪૦	ગિરૂઆરે ગુણ તુમ તણા	–શ્રી જયંતીલાલ શાહ	૩૨૪
૪૧	અનંતોપકારી પૂ. ગુરૂદેવશ્રી	–જે. વી. શાહ	૩૨૫
૪૨	લખ્યા નહીં રે લખાય	–સ્વપ્ન યાત્રી	૩૨૭
૪૩	ગુરૂદીપક ગુરૂચન્દ્રમા	–પ્રફુલ શાહ	૩૨૮
૪૪	ગુણ સમૃદ્ધ બનો	–પૂ. મુ. શ્રી તત્વદર્શન વિ.મ.	૩૨૯
૪૫	ગુરૂજેઠા ભગવંત	–પૂ મુ. શ્રી ધ્રુવસેન વિ. મ.	૩૩૪
૪૬	અમે નથી કહેતા	—	૩૩૫
૪૭	દીર્ઘ દર્શિતા	–શા. મનુભાઈ નગીનદાસ	૩૫૫
૪૮	શ્રદ્ધાંજલિ	–પ્રાણલાલ શેઠ	૩૫૮
૪૯	ઉપકારોની યાદ	–શ્રી કિરણ કે. શાહ	૩૫૯
૫૦	ગુરૂગુણ ગંગોત્રી	–શ્રી સ્નાતક	૩૬૧
૫૧	સરળતા નિધિ	–પૂ. મુ. શ્રી ચરણપ્રભ વિ. મ.	૩૬૨
૫૨	અવિચલતા	–	૩૬૩
૫૩	સુવિશાલ ગચ્છ.ની જીવનરેખા	–પૂ.આ. શ્રી વિ. સુદર્શન સૂ. મ.	૩૬૯
૫૪	વિસમી સદીનુ મહાન આશ્ચર્ય	–પૂ. સા. શ્રી પુન્યપ્રભાશ્રીજી મ.	૩૭૧
૫૫	આવા સદ્‌ગુરૂનો યોગ	–શ્રી અશ્વીન વકીલ	૩૭૩
૫૬	સાગરસમા સૂરિદેવ	–પૂ.મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ.	૩૭૫
૫૭	પ્રભાવક ચાતુર્માસો	– –	૩૮૧

૫૮	અંજન શલાકા વિ.	–	૩૬૪
૫૯	શુ આલેખી શકાય	–પૂ.સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.	૪૧૩
૬૦	ધરતાના ધોરી	–પૂ.સા. શ્રી કૈલાસશ્રીજી મ.	૪૧૫
૬૧	ઝગહઝતો એ સિતારો	–પૂ.સા. શ્રી અનંતગુણાશ્રીજી	૪૧૭
૬૨	ગુણરત્ન રત્નાકર	–પૂ.સા. શ્રી હંસશ્રીજી મ.	૪૧૯
૬૩	ભાવ કરૂણાના સ્વામી	–પૂ.મુ. શ્રી કમલરત્ન વિ. મ.	૪૨૨
૬૪	બાલ વાટીકા	–શ્રી રવિ શિશુ	૪૨૯
૬૫	શાન્તનના શણગાર	–પૂ. સા. તત્વરત્નાશ્રીજી મ.	૪૩૩

卐

–: જાહેર ખબરની અનુક્રમણિકા :–

આર્ટ પેપર

પાનેરી મુંબઈ

સંઘવી જે. વિરચંદ એન્ડ સન્સ–પૂના

મુંબઇ

રામજી વેલજી ની કું.	૩૬૫
મે રમણિકલાલ બ્રધર્સ	૩૬૫
એશીયન ટ્રેડર્સ	૩૬૬
રવજી ગાંગજી	૩૬૬
કમલેશ ટ્રેડીંગ કું.	૩૬૭
દામજી પાસુ ની કું.	૩૬૭
મહાવીર રેડીમેઈડ સ્ટોર્સ	૩૬૮
મે. એમ. વિરજીની કું.	૩૬૮
પેપર સેન્ટર	૩૬૮
મે. વિજય ટ્રેડીંગ કું.	૩૬૮
શાહ લાલજી દેવજી	૩૭૦
સત્યમ ટ્રેડીંગ કું.	૩૭૦
શાહ નરશી ગોવિંદજીની કું.	૩૭૧
રાંભીયા બ્રધર્સ	૩૭૧
મીકીકિએશન	૩૭૨
વિનોદ પેપર સ્ટોર્સ	૩૭૨
રોલેક્ષ કાર્ડ મે. કું	૩૭૨
એચ. ઉમાકાંત ની કું.	૩૭૨
મહેન્દ્રકુમાર ખીમજી	૪૨૫
મુલચંદ સામજી	૪૨૫
શાહ સુરેન્દ્ર ખીમજી	૪૨૫
શાહ કુલચંદ જીવરાજ	૪૨૬
શાહ ચંદુલાલ રાયચંદ	૪૨૬
ક્રીશ એજન્સી	૪૨૭
અતુલ ટેક્ષટાઇલ્સ	૪૨૭

વિશ્વકર્મા આર્ટસ ૪૨૭
ગુજરાત ટ્રેકટર્સ ૪૨૭
શાહ રતિલાલ પેથરાજ ૪૨૮
શાહ વિરપાળ સામંત પરિવાર ૪૨૮
શાહ હરખચંદ ભીમજી ગલૈયા ૪૨૮
શાહ રાયશી નાથાભાઇ પરિવાર ૪૨૮
પ્રતાપ જ્વેલર્સ ૪૩૬
કાંતિલાલ દામજી ૪૩૬
અરવિંદકુમાર મગનલાલ ૪૩૭
એચ. બી. એજન્સીઝ ૪૩૭
રેમકો ઓપ્ટીકલ્સ ૪૩૮

બેંગલોર

પ્રેસ્ટીજ મેટલ વર્કસ ૩૬૮

ઇલાઇટ અગરબત્તી ૩૬૯
શાલીમાર અગરબત્તી ૪૧૨

અન્ય

વિંછિયા ડ્રસ્ટ–વિંછિયા ૨૩૦
શેઠ ભાગચંદ દગડુશા–માલેગામ ૩૬૫
સ્નેપ ટ્રેડર્સ, કેન્દ્રાપુર ૩૬૭
લક્ષ્મી સ્વીટ માર્ટ, સુરેન્દ્રનગર ૪૩૮
એક સદ્‌ગૃહસ્થ, વઢવાણ ૪૩૮
ઔદ્યોગ મંદીર ૪૪૦
એમ. ટી. એન્ડ બ્રધર્સ ૪૪૦
શકિત મશીનરી સ્ટોર્સ ૪૪૦
નેહલ દિપ ૪૪૦
અંબિકા કલોથ સ્ટોર્સ ૪૪૪

卐

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ.દેવ શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.ને શ્રદ્ધાંજલિ

શ્રી અંબિકા કલોથ સ્ટોર્સ

મેન્યુફેકચરર્સ ઓફ એકસકલ્યુઝીવ શર્ટીંગ

૩૯ જુની હનુમાન ગલી, ધીરૂભાઇ પરીખ માર્ગ
કાલબાદેવી રોડ, મુંબઇ—૪૦૦૦૦૨

ફોન : ૨૫૪૪૮૮ ઓ. ૩૧૩૯૩૯
વર : ૪૧૧૧૪૧૫–૪૧૧૧૬૧૬

પ.પૂ. ધર્મ ધુરંધર આચાર્યદેવ
શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને

શ્રી પોપટલાલ રાજાભાઇ ગુટકા
(લાખાબાવળવાળા) પરિવાર તરફથી

હાર્દિક શ્રદ્ધાંજલિ

★ જગતની ચીજોને મારી માનવી તે પણ વ્યભિચાર છે.
જે આચાર ન કરવા લાયક હોય તે કરવો તેનું નામ વ્યભિચાર છે !



દીક્ષા દાતા પૂ. મુ. શ્રી મંગલ વિજયજી મહારાજાના દેહને વાસક્ષેપ કરતા
પૂ. પાદ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા.
બાજુમાં પર્યાય સ્થવિર પૂ. આ. શ્રી વિજયમેરૂસૂરીશ્વરજી મહારાજા.

ચુનીલાલ પોપટલાલ

શેટે બીલ્ડીંગ, એલ્ફીસ્ટન રોડ,
પરેલ ટી.ટી., મુંબઇ નં.૧૨
ફોન : ઘર (પ્રેમચંદભાઇ) ૪૧૩૨૮૨૯
ઘર (ચુનીભાઇ) ૪૧૩૧૩૦૪

પ.પૂ.પરમ શાસન પ્રભાવક કરુણાનિધિ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીમહારાજાને

ભાવભરી શ્રદ્ધાંજલિ

નમો નમઃ શ્રી ગુરુરામચંદ્રસૂરયે

ડાહ્યો અને સમજુ જીવ વિરતિ વગર રહે ? એક અવિરતિ નામનું સ્વતંત્ર ગુણઠાણું રાખ્યું છે. સંસારમાં રહેલા યુવાનને યુવતી વગર ચાલે ? સંસારના ભોગી જીવને એકલવાયું લાગે. યૌવનમાં જે વિષયને વશ ન થાય, ઉન્માદ ન કરે, ઉન્માર્ગે ન જાય તે ગાહું જંગલ લંઘી ગયો કહેવાય. સમ્યક્ત્વ એ ખરો યૌવનકાળ છે. તેને વિરતિદેવી વગર ચેન જ ન પડે. સમકિતીની વિરતિ નામની યુવતી વગર ચાલે ? તમને વિરતિની બહુ ઇચ્છા છે ? વિરતિનો અભાવ ખટકે છે ? સમકિતીને વિરતિનો અભાવ બહુ જ ખટકે. તમને બધાને ખટકે છે ? કે અવિરતિ સાથે બહુ મજેથી જીવાય છે ? અવિરતિનો સંગ ખટકે છે, રિબાવે છે અને વિરતિના સંગનો તરફડાટ છે ને ? બંગલા - બગીચા, ઘર - બાર, કુટુંબ - પરિવાર, પૈસો - ટકો અવિરતિ છે ને ? તેનો સંગ તમને દુઃખી કરી રહ્યો છે કે સુખી કરી રહ્યો છે ? જે નવું નીકળે તે લાવો. ઘરમાં આ કોણ કરાવે છે ? હું આ બધામાં ફસાયો છું તેમ બોલીએ ત્યારે ફસામણની પીડા, રિબામણ હોય. ફસામણની રિબામણ ન હોય તે કેવો કહેવાય ?

- પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

પ.પૂ. હાલાર રત્ન પૂ. આ. શ્રી વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન

પૂ. મુનિરાજશ્રી નયભદ્રવિજયજી મ.ના સદુપદેશથી

૧. રીખવચંદ હાથીચંદ પરિવાર
   હ : મનસુખલાલ પુષ્પાકુમાર શ્રીપાલકુમાર - માલેગામ
૨. વિલાસકુમાર મેતીલાલ - માલેગામ
૩. રતિલાલ વીરચંદ શાહ - માલેગામ
૪. શાસન પ્રભાવક ટ્રસ્ટ
   હ : જગદીશભાઈ - માલેગામ
૫. મૂળજી તેજશી ગોસર
   હ : જગદીશભાઈ - માલેગામ

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશક મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o.શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ - જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક : સુરેશ કે. શેઠ, સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૦ પ્રમોદ ભાવના કેળવો !

विभ्राणोऽपि गुणश्रेणी,
रन्येषु गुणमत्सरी ।
निमज्जत्येव संसारे,
मुग्धो दुःखाकुलाशयः ।।

અનેક ગુણોને ધારણ કરવા છતાં પણ, બીજાના ગુણો ને સહી ન શકવાથી, ગુણી પુરુષો ઉપર હંમેશા મત્સર-દ્વેષ આદિને ધારણ કરી, દુઃખથી આકુલ-વ્યાકુલ હૃદયવળો બની, મુગ્ધ એવો તે પોતાના આત્માને સંસાર રૂપ સમુદ્રમાં ડૂબાડે છે.

卐

ટૂંક ચિંતન

जिह्वे ! प्रमाणं जानीहि, भोजने वचनेऽपि च ।
अतिभुक्तं अतीवोक्तं, महानर्थाय जायते ।।

'હે જિહ્વા ! તું ભોજનમાં અને બોલવામાં પણ પ્રમાણને જાણ. અતિ ખાવું અને અતિ બોલવું ઘણા અનર્થને માટે થાય છે.

મહાપુરુષે, માનવજીવનની સફળતા અને નિષ્ફળતાનો આમાં અર્ક કહી દીધો છે.

રોગીપણું અને નિરોગીપણાની જેમ, દુશ્મની અને દોસ્તીની દાવાદાર પણ જીભ છે. વિનયીની જીભ જેમ વૈરીને વશ કરી લે છે તેમ અવિનયીની જીભ દોસ્તને પણ દુશ્મન કરતાં અચકાતી નથી. માટે તો દુનિયામાં કહેવાય છે કે, દુશ્મનની તલવારના ઘા સમય જતા રૂઝાઇ જાય છે પણ મર્મભેદી વેણના ઘાનો મલમપટો હજી શોધાયો જાણ્યો, નથી. માટે જ કરવત, કાતર કે કલમના ઘા કરતાં પણ જીભના ઘા વધુ તીક્ષ્ણ અને સદૈવ હૃદયમાં શલ્યની જેમ ભોંકાયા કરે તેવા હોય છે.

વૈદ્ય રોગીની નાડ પારખીને તેના રોગની પરખ કરે છે.

જીભના સ્વાદને વશ પડી પ્રમાણાતીત ખાવા–પીવાથી કાયમી વૈદ્યની મિત્રતા બંધાય છે ! તેમ જીભ મફ્ફી છે તો બોલ બોલ કરવું, ભરડે રાખવું, હાંકે રાખવું, તેવા બહુ બોલકણાનો કોઇ વિશ્વાસ પણ કરતું નથી. તેને 'બડબડીયો' બળડાટ કરનારો કહી બને તો દૂર જ રાખે છે.

જગતમાં થયેલાં કે થતાં મહાયુદ્ધોના મૂળની તપાસ કરીશું તો અવળચંડી(!) આ જીભ જ તેની આગેવાન બનેલી જોવાજાણવા મળશે. પરિમિત ખાનાર–પીનાર, બોલનાર લોકમાં પણ પ્રશંસનીય બને છે.

આવી પરિસ્થિતિ હોવા છતાં પણ સ્વાદ કરતાં ય ભાષા પર બોલવા પર સંયમ રાખવો અતિ કઠીન છે, અસંભવ તો નથી જ. વિગઈ રસને છોડી, નિરસતપ કરનારા હજી મળે પણ વિકથા અને નિંદાના રસ પર કાપ મૂકનારા વિરલ મળે. માટે જીભ પરનો વિજય મેળવનાર સર્વત્ર વિજયી બને છે.

કહ્યું છે કે–

"વચન રતન મુખ કોટડી, ચૂપકર દીજે તાલ.
ગ્રાહક આવે બોલીએ, વાણી વચન રસાલ."

હે આત્મન્ ! આત્માની અનંત–અક્ષય ગુણલક્ષ્મીને વરવા જીભ પર–ખાવા–પીવા બોલવામાં વિવેકી અને સંયમી બન !

—પ્રજ્ઞાંગ

હજારદેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રભુ

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

ટ્રસ્ટીઓ
ચુનીલાલ મોહનલાલ ગુડકા (ભાંડવી)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વઢવાણ)
ચાંદમલ ઘેવરચંદ ગુડકા (ચાંદગઢ)

વર્ષ ૫] ૨૦૪૮ આસો સુદ ૧૦ મંગળવાર તા. ૬-૧૦-૯૨ [અંક ૯

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

દેવાળિયા થવું છે કે શાહુકાર ?

—પ.પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.

અનંતજ્ઞાનિઓએ આ મનુષ્ય જન્મને દુર્લભ કહ્યો છે, સારો કહ્યો છે તે એટલા માટે કે અહીં જ સાધુ ધર્મ મળી શકે છે માટે સુખની દૃષ્ટિએ વિચારીએ તો દેવજન્મ સારો છે. ત્યાં ખાવા-પીવાદિની ચિંતા નથી, ભોજમજાદિ અને ભોગની સામગ્રી પણ પુણ્ય મુજબ મળે છે. ત્યાં જે અદેખાઇથી બળે તે તો ત્યાં પણ દુઃખી થવાના.

આ મનુષ્ય જન્મ સાધુપણા માટે જ છે, તે સાધુ ધર્મ અહીં મળી શકે છે માટે આ જન્મ કિંમતી છે. આ વાત તમે પણ ન માનો તો જૈન જાતિ-કુળનું દેવાળું કાઢ્યું. તમારે દેવાળિયા થઇને મરવું છે કે શાહુકાર થઇને ? સાધુધર્મ અને સાધુધર્મના અભ્યાસ રૂપ સમ્યક્ત્વ મુળ બારવ્રત સ્વરૂપ શ્રાવક ધર્મ જે કરે તે શાહુકાર કહેવાય.

શાસ્ત્રને વિરતિ બહુ પ્રિય છે. આજે તો ધર્મ લેવા કોઇ આવતું નથી, ધર્મની ભૂખ જ મરી ગઇ છે. બાકી નવો જીવ ધર્મ લેવા આવે તો તેને પહેલા સર્વવિરતિ ધર્મ સમજાવવાનો છે. સર્વવિરતિ ધર્મ સમજાવ્યા વિના દેશવિરતિ ધર્મ બતાવે તો તે બતાવનારને પ્રાયશ્ચિત આવે. ભગવાનનો સાધુ ધર્મ એવો છે કે જેનું યથાર્થ નિરુપણ કરે તો કોઇની દેન નથી કે તેને ખોટો-બિનજરુરી કહી શકે !!

આપણને કોઇ મારે, ગાળ દે, અપમાન કરે, તિરસ્કાર કરે કે દુઃખી કરે તે પસંદ ખરૂં ? નાસ્તિકની પણ તાકાત નથી કે આમાં ના પાડે ? આપણને જે પસંદ નહિ તે બીજા સાથે કરાય ખરૂં ? મન-વચન-કાયાથી કોઇપણ જીવની હિંસા ન કરવી, બીજા

પાસે ન કરાવવી અને કરતા ને સારા ન માનવા તે જ રીતે જુઠ ન બોલવું, ચોરી ન કરવી, વિષયસેવન ન કરવું, નવ પ્રકારનો પરિગ્રહ રાખવો નહિ–તે વાત જે ખરેખર ધર્મનો અર્થી હોય તેને તો ગમી જ જાય ને ? તમને બધાને સાધુધર્મ બહુ ગમી ગયો છે ? નથી પમાતો તેનું બહુ જ દુઃખ છે ને ? સાધુને સાધુ થવા માટે પગે લાગતા હોય તેના જેવા ઉત્તમ કોણ છે.!!

જેને વિરતિ ધર્મ ગમે તેને અવિરતિધરને જોઈને દયા આવે. ધનવાનને ધન વગરનાને જોઈ દયા આવે કે નહિ ? સુખીને,. દુઃખીને જોઈ દયા આવે કે નહિ ? **અમને–સાધુને તમને જોઈ દયા ન આવે તો અમને ય વિરતિનો સ્વાદ નથી આવ્યો.** સાધુ, બધાને સાધુ બનાવવા ઇચ્છે તે ગુનો નથી ને ? સાધુ જ તેનું નામ જે પોતાની પાસે આવે તેને સાધુ થવાની વાત કરે.

આગળના આર્યદેશના સુખી લોકો પોતાની પ સે જે આવે તેને સુખી બનાવવા ઇચ્છતા હતા. બીજાને ગરીબ રાખીને પોતે મોટો શ્રીમંત થવા ઇચ્છે તે તો હરામખોર જાતિનો છે. નોકરને સદા નોકર રાખવા ઇચ્છે તે સાચો શેઠ નથી. ખરેખરા શેઠને તો પોતાનો નોકર રખડતો રહે તો શેઠનું કાળજું કપાઇ જાય. આજનો એકવાદ સારો નથી. માત્ર સગાવાદ અને સ્વાર્થવાદ કુલ્યો ફાલ્યો છે.

નિયમ બહુ ઊંચામાં ઊંચી ચીજ છે. ઘોડાને પણ લગામ વિના બહાર ન ફેરવાય તો માણસને કોઇ જ લગામ નહિ ! બહુ સારો જન્મ મળ્યો છે. ડાહ્યા થઇ જાવ.

તમે તમારા પરિવાર પર એવા મોહાંધ બની ગયા છો કે તેના પરિણામે કાળજાની કોર જેવા છોકરાઓને પૈસા આપો પણ તે કયાં વાપર્યા તે પૂછી ન શકો ? તમે તમારા સંતાનોના હિતૈષી છો કે શત્રુ છો ? તેના ભલાની ભાવના છે કે ભૂંડાની ? તમને સંસાર ચલાવતા આવડતો નથી તે ય સમજાય છે ? છોકરાઓ માનતા નથી તેમ કહી ફોગટની બેઆબરૂ કરો છો ?

તમે બધા ડાહ્યા થઇ જાવ તો તમારા ઘર કાલથી સુધરી જાય. આ મનુષ્ય જન્મ મોક્ષની સાધના માટે છે માટે સાધુ થવા માટે છે. આ વાત સમજાઇ જાય, હૈયામાં લખાઇ જાય તો કામ થઇ જાય. (૨૦૨૮, શાંતાકુઝ, મુંબઇ)

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર મંગળવારે નિયમિત પ્રગટ થાય છે

જૈન શાસન (અઠવાડિક)

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/– આજીવન રૂા. ૪૦૦/–

લખો : શ્રી જૈન શાસન કાર્યાલય શ્રી મહાવીર શાસન કાર્યાલય

૪૫– દિગ્વિજય પ્લોટ જામનગર શાક માર્કેટ સામે, જામનગર

ન સમજાય એવી વસ્તુ

—શ્રી સુંદરજી બારાઇ

ન સમજાય એવી બે વસ્તુ છે.

સત્ય અને સ્વપ્ન.

માનવી જ્યારે મોહદશામાં પડયો હોય છે. ત્યારે સ્વપ્નને સત્ય માની લે છે અને સત્યને સ્વપ્ન સમજતો હોય છે.

માનવી પાસે ધન હોય, વૈભવ હોય, સત્તા હોય, બળ હોય કે અધિકાર પણ હોય !

અરે, ભાવીના ચરણમાં કીર્તિના અનંત ગજરાઓ પણ આળોટતા હોય....

છતાં તે જ્ઞાતી હોય છે એમ માની શકાય નહીં. કારણ કે ઉપર બતાવેલી વસ્તુઓ જ્ઞાનીને ગમતી નથી, જ્ઞાની એથી દૂર દૂર ભાગતો ફરે છે અને અજ્ઞાની એ વસ્તુઓમાં જ જીવનનું સર્વસ્વ નિહાળતો હોય છે.

તેથી જ માનવી સત્ય અને સ્વપ્નને સમજી શકતો નથી. મોહના કારણે જ આમ બનતું હોય છે અને સત્યને સ્વપ્ન માનવાની અજ્ઞાનની ટેવ પડી જાય છે એટલે માનવી જીવનને સત્ય માની બેસે છે..... મૃત્યુને સ્વપ્ન માની લે છે.

ખરા અર્થમાં જોઇએ તો–

જીવન એ સ્વપ્ન છે.

મૃત્યુ એ સત્ય છે.

પણ સ્વપ્નને સર્વસ્વ જોનારાં નયનો સત્યને કયાંથી જોઇ શકે ?

ધન એ સત્ય નથી એ સિદ્ધ હકિકત હોવા છતાં માનવી એને જ સત્ય સર્વસ્વ માની બેસે છે.

જેમ સ્વપ્ન આવીને વેરાઇ જાય છે તેમ ધન પણ આવે છે, જાય છે ને અનેક રંગ પલટા લ્યે છે.

ધન સ્વપ્ન જેવું હોવા છતાં માનવીને એમાં સત્યનાં જ દર્શન થાય છે અને એની પાછળ જ પોતાનું જીવન અને પોતાનો અમૂલ્ય પુરુષાર્થ ખર્ચી નાખે છે.

એ જ સ્થિતિ સત્તાની છે. રાવણની ભુજાઓમાં જે બળ હતું અને એના ચરણમાં જે સત્તા હતી તે આજે કયાંય નથી.

છતાં એક નાનકડી સત્તા.... આવતી કાલે ચાલી જનારી સત્તા.... પાણીના પરપોટા જેવી ક્ષણજીવી સત્તા.... પછી તે સત્તા એકાદ સરપંચપણાની હોય, એકાદ સંસ્થાના પ્રમુખપણાની હોય, એકાદ જ્ઞાતિના પટેલપણાની હોય, નાનામાં નાની સિપાઇની હોય કે મોટામાં મોટા પ્રધાનની હોય !

કોઇ કાળે એ સત્ય નથી.... કેવળ સ્વપ્ન છે છતાં માનવી સ્વપ્નને સ્વપ્નરૂપે જોઇ શકતો નથી.

કારણ કે સ્વપ્નને સત્ય જોવા માટે ટેવાયેલી એની આંખો સત્યથી ઘણી દૂર દૂર રહેતી હોય છે !

એ જ સ્થિતિ યૌવનની છે.

યૌવનની ગુલાબી ચિનગારીઓ વચ્ચે પૂરાયેલા માનવી વારંવાર દાઝતો હોવા છતાં અજ્ઞાનના કારણે યૌવનને અમર જ માનતો હોય છે... સત્ય માનતો હોય છે.

એને એ પણ ખ્યાલ નથી આવતો કે એક નાનકડા સ્વપ્ન માફક બાલ્યકાળ ચાલ્યો ગયો છે. કિશોરાવસ્થા પણ વિદાય લઇ ચૂકી છે અને યૌવનનો ગુલાબી રંગ પણ આવતી કાલે ધૂળ ચાટતો બની જવાનો છે.

જ્ઞાનીને જે ગમે તે અજ્ઞાનીને અકારું લાગે છે, જ્ઞાની જેને તરછોડ છે, તેને અજ્ઞાની વળગી રહે છે.

યૌવન સ્વપ્નનાં મહેલ જેવું સ્વયંસિદ્ધ હોવા છતાં માનવી એને સત્ય માને છે.... એને જાળવવા માટે અનેક ઔષધો–પ્રસાધન સામગ્રીઓ અને તરંગો એકત્ર કરતો હોય છે

પરંતુ જેમ પારો પકડી શકાતો નથી તેમ યૌવનને પણ પકડી શકાતું નથી. કારણ કે તે સત્ય નથી સ્વપ્ન છે.

સ્વપ્નને કદી કોઇએ પકડયું નથી ? એ તો કેવળ કલ્પનાની એક રંગીન વાદળી છે....આવે છે... ઊડીને ચાલી જાય છે ! એ જ રીતે યૌવન આવે છે, કેટલોક સમય મનને વિભોર બનાવી ઉડી જાય છે. કલ્પનાની રંગીન વાદળીઓ માફક !

છતાં સ્વપ્નને સત્ય તરીકે જોવા ટેવાયેલો માનવી સત્યને એનાં યથાર્થ સ્વરૂપમાં જોઇ શકાતો નથી.

માનવી ગમે તેવો બળવાન હોય.... ભીમસેન કયાં ઓછા બળવાન હતાં !

છતાં એમની ભુજાઓમાં થનગનતું બળ એક દિવસે સ્વપ્ન સિદ્ધ થઇ શકયું હતું અને અર્જુન જેવાની શકિત પણ કાળા પરાજિત થઇ ગઇ હતી.

શરીરનું બળ એ સ્વપ્ન છે, સત્ય નથી... કારણ કે, ગમે તે પળે તે ઉડી જવાનું છે ! રોગનું એકાદ આક્રમણ પણ એને પીંખી નાખે છે....

આત્માનું બળ એ સત્ય છે... પરંતુ અજ્ઞાનના અંધકારમાં ભટકતો માનવી સત્યને સ્વપ્ન માને છે; સ્વપ્નને સત્ય માને છે.

સ્વપ્ન અને સત્ય બન્ને છે.

એક ઉડી જનાર છે....

એક સ્થિર રહેનાર છે.

બન્ને પારખવાની શકિત પણ માનવીમાં પડી છે.

પરંતુ એ શકિત ધર્મ પ્રત્યેની અડોડ નિષ્ઠા અને સદાચાર પ્રત્યેની કર્તવ્ય ભાવના વગર જીવનમાં કદી પ્રગટતી નથી.

(કુલછાબ)

અઠવાડિક જૈન શાસન
વાર્ષિક લવાજમ રૂા. ૪૦)
આજીવન રૂા. ૪૦૦)
રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.
જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ
જામનગર

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

૦ ધર્મ કરે તે દુઃખી ન હોય, તેને દુઃખ પણ ન આવે તેવું નહિ, પણ તે જીવ દુઃખ આવે તેને ય દુઃખ માને નહિ, મજેથી વેઠે.

૦ મુક્તિ માટે જ જે ધર્મ કરે તેને જે સુખ મળે તે સુખ તેને પાગલ ન બનાવે અને ભૂતકાળના પાપોદયે દુઃખ આવે તો તેને મજેથી સહન કરવાની શક્તિ આપે.

૦ ધર્મ ભગવાને હિત માટે કહ્યો છે પણ દુનિયાના સુખ મેળવવા કહ્યો નથી.

૦ ગમે તેટલો ધર્મ કરે પણ આત્માના હિતની ચિંતા ન હોય તો સમજી લેવાનું કે તેનું કદિ ભલું થાય નહિ.

૦ દુનિયાના સુખ માટે ધર્મ કરવો એટલે આત્મા ધર્મ ન પામે તેવી વ્યવસ્થા કરવી.

૦ સંસાર તે પારકું ઘર છે. સિદ્ધિપદ તે પોતાનું ઘર છે.

૦ જેને પરલોકની ચિંતા ન હોય, અને આલોકમાં ફાવતું મળે એટલે બસ, આવા વિચારવાળા જીવો સ્વચ્છંદ નાસ્તિક કહેવાય. આવા જીવો ધર્મ માનતા નથી, અધર્મથી જરા ય ડરતા નથી અને ધર્મના નામે પણ ઘણો અધર્મ કરે છે.

૦ સંસારના અણગમા વગર અને મોક્ષના ગમા વગર ધર્મ જ નહિ.

૦ મોક્ષની ઇચ્છા વિનાના સાધુ, લોકોને ય સંસારના-પાપના માર્ગે જોડે. પૈસાના અને સુખના જ રાગી બનાવે.

૦ આત્માને શુદ્ધ બનાવી મોક્ષે મોકલવાની ઇચ્છા તેનું નામ અધ્યાત્મ છે.

૦ 'આપણે જે સુખ જોઈએ છે તે આ સંસારમાં નથી'— આવી જે ઇચ્છા થાય તે જ મોક્ષની શ્રદ્ધાનો નમુનો છે.

૦ આત્માના હિતની જ ઇચ્છા, આત્માને મોક્ષે મોકલવાની ઇચ્છા તેનું નામ જ અધ્યાત્મ છે.

૦ જે સાધુ-સાધ્વીને પણ મોક્ષ યાદ ન હોય અને અહીં ખાવા-પીવા, માન-પાનાદિમાં જ મજા કરતા હોય તો તે પણ સંસારમાં રખડવાનાં છે.

૦ અમે પણ જો અનુકુળતાના જ અર્થી હોઇએ અને પ્રતિકુળતાના દ્વેષી હોઇએ તો અમારામાં પણ હજી સાધુપણું આવ્યું નથી.

૦ ભાવકરૂણા પણ જાતવાન ઉપર થાય, જેની તેની ઉપર નહિ. જે સમજે તેવા ન હોય તેની તો ઉપેક્ષા જ કરવી પડે.

અજ્ઞાન સમાધિ બાળે ને સદ્‌ગતિને પણ બાળતુ જાય

—જિતસેન

એક હતા કાજી. આખો દિ' પુસ્તકો વાંચ્યા કરે. તેમનું માથું નાનું હતું અને દાઢી લાંબી હતી. નવરા પડેલા કાજી પુસ્તકો ઉથલાવે.

અનેક પુસ્તકોનું વાંચન તેઓએ કર્યું હતું. અનેક પુસ્તકોનો ઢગલો તેમનાં ઘરમાં હતો. મન થાય તે પુસ્તક કાઢી તેઓ વાંચ્યા કરે. એક વખત તેઓના હાથે એક નાનીશી પાતળી પુસ્તિકા ચઢી આવી.

નાની પુસ્તિકાનું નામ પણ ફક્કડ હતું. કાજીએ બે-ચાર પાના વાંચ્યા. તેઓ ખુશ ખુશ થઇ ગયા. સફેદ દૂધ જેવી ચાદર ઉપર કાળા ભરતકામને ધારીને વાંચતા કાજીએ અવનવું લખાણ વાંચ્યું. વાંચતાની સાથે જ કાજીની આંખો એક વાકય ઉપર સ્થિર થઇ ગઇ.

તે વાકય હતું.

'જેની દાઢી લાંબી હોય અને માથું નાનું હોય તેને મુર્ખ સમજવો.'

વારંવાર આ વાકય વાંચવાથી કાજીનું માથું સમસમી ઉઠયું. ત્યાંથી આંખો ખસતી નથી. કાજી વિચારોની દુનિયામાં ખોવાઇ ગયો.

અરે! 'મારી દાઢી લાંબી છે અને માથું મારું નાનું છે' ખરેખર આ વાકય મને જ ઉદ્દેશીને લખાયું છે.

કાજીએ પાઘડી પહેરી લીધી. આ પાઘડી માથા ઉપર બરાબર સજ્જડ થઈ ગઇ. આ પાઘડીએ મને મુર્ખ કહ્યો. હવે શું કરવું? કોઇ પણ ભોગે મુર્ખતા તો નિવારવી પડશે. ઘણાં તરંગો અને તુકકા કર્યા બાદ કાજીએ નિર્ણય કર્યો, 'માથું તો નાનું છે તે કાંઇ મોટું થાય નહી પણ આ લાંબી દાઢી છે તે. હાં. હાં. બરાબર અવસરે યાદ આવી ગયું. 'આ દાઢી ને નાનીશી કરવા હશે તો થઇ શકશે!' પણ કરવી કંઇ રીતે?

કોઇ ઉપાય જડતો નથી. ચારે બાજુ જોયા કરે છે તેમાં એક ખુણે ટમટમી રહેલા દીવડા ઉપર કાજીની નજર પડી. નજર ત્યાં ઠરી ગઇ. આ જ દીવડો મારી દાઢી ટુંકી કરવા સમર્થ છે. તંગડી ઉંચી કરતા કાજીભાઇ પહોંચી ગયા દીવડા પાસે.

બળતા એવા ટમટમીયાને હાથમાં લીધો અને બોલ્યો. એય, દીવા! તું મારી દાઢી ટુંકી કરી આપીશને! એમ બોલતાં બોલતાં કાજીએ ધીરે રહીને દીવ ની જલતી જ્યોત આગળ પોતાની દાઢી ધરી દીધી. ભડ ભડ ભડ કરતી દાઢી બળવા લાગી. બળતી દાઢીથી મેદું પણ બળવા લાગ્યું. કાજી સાહેબની દાઢી તો બળી ગઇ પણ સાથે સાથે મોઢાને ય બાળતી ઘઇ. આ જોઇ કાજીને આવ્યો ગુસ્સો. ગુસ્સામાં ને ગુસ્સામાં કાજીએ હાથમાં રહેલો દીવડો હોંય ઉપર નાખી દીધો.

ખરેખર! કાજીને ચોપડી વાંચતા આવડયું કે નહી? કાજી વાંચી તો ઘણું ગયો પણ ગણ્યો નહીં. જો કાજીની માફક લખ્યા પ્રમાણે કરવા જઇએ તો કાજી જેવી હાલત થાય ને?

અરે! ગુરુગમ વિના વાંચેલું જ્ઞાન પણ આ કાજીના જ્ઞાન જેવું જ કહેવાય છે.

માટે જ કહ્યું છે કે, જો વાંચવું હોય તો ગુરુસાક્ષીએ વાંચજો પરંતુ એકલા વાંચીને 'પોથીમાંથી રીંગણા કાઢશો નહી!!!'

શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક સકલ શ્રી સંઘના આરાધકો માટે અદ્‌ભુત ગ્રંથ

શ્રી શ્વેતામ્બર જૈન તીર્થ દર્શન [ભા. ૧–૨]

મૂલ્ય રૂા. ૧૦૦૦/- શુભેચ્છક રૂા. ૩૦૦૦/-

તરણતારણહાર શ્રી જિનેશ્વરદેવોના શાસનની અંદર ભવસાગર તરી જવા અને મોક્ષ પામવા માટે જિનઆગમ–જિનબિંબ–જિનમૂર્તિ એ ઉંચા આલંબનો છે. આજ સુધીમાં આ આલંબનના સહારે અનંતા આત્માઓ આત્માનું શ્રેય કરી ગયા છે. કરી રહ્યા છે અને કરશે.

આપણા પૂર્વજોએ તન–મન અને ધનનો ભોગ આપી સારાયે ભારતમાં ભવ્ય તીર્થો નિર્માણ કર્યા છે. તેની સંપૂર્ણ માહિતિ મળી શકે તેવો અદ્‌ભુત ગ્રંથ ઝડપભેર તૈયાર થઇ રહ્યો છે. આ **'શ્રી શ્વેતામ્બર જૈન તીર્થ દર્શન ભા. ૧–૨'** અદ્વિતીય ગ્રંથ જેની અંદર જિનબિંબોની પ્રતિકૃતિઓ અને ભવ્ય ઇતિહાસની યશોગાથા વર્ણવતો ગ્રંથ ભારતભરના તમામ સંઘોને માટે જરૂરિયાતની વસ્તુ બની રહેશે. **પૂ. આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** તેના સંકલન માટે ઉદ્યમશીલ છે.

અત્યાર સુધીમાં **ગુજરાત** વિભાગ–૨૪૦ મંદિરોના ફોટા છે. ભાવનગર, જુનાગઢ, અમરેલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર અમદાવાદ, ખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ આદિ જિલ્લાની માહિતિ ઉપરાંત **રાજસ્થાન** વિભાગના ૧૧૪ મંદિરોના ફોટા તથા માહિતિ એકત્ર કરવામાં આવી છે. જેનો **પહેલા ભાગમાં** સમાવેશ કરવામાં આવ્યો છે. **શુભેચ્છકનું નામ એક પેજમાં એક લીટીમાં લખાશે. એક સેટ નકલ તેમને મળશે પ્રેરકોનું નામ તેના લીસ્ટમાં લખાશે.**

બીજા ભાગમાં (૧) ઉત્તર પ્રદેશ (૨) બિહાર (૩) પશ્ચિમ બંગાળ (૪) ઓરિસ્સા (૫) પંજાબ (૬) હરિયાણા (૭) કાશ્મીર (૮) દિલ્હી (૯) મધ્ય પ્રદેશ (૧૦) મહારાષ્ટ્ર (૧૧) કર્ણાટક (૧૨) આંધ્ર (૧૩) તામીલનાડુ (૧૪) કેરાલા વગેરે તીર્થોની માહિતિ આવશે.

વિદેશોમાં નાઇરોબી, મોમ્બાસા થીકા (કેન્યા) કોબે (જાપાન) પરદેશની જે વિગતો મળશે તે ઉમેરાશે. પહેલો ભાગ નજીકમાં પ્રગટ થશે. ઝડપથી કામ ચાલે છે. **રસ ધરાવતા સંઘો તથા વ્યક્તિઓ તરત લખો. આપના વર્તુલમાં પ્રચાર કરી આ કિંમતી ગ્રંથ અપાવો.**

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA (પીન–૩૬૧૦૦૫)

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

ભગવાન શ્રી વીરના શિષ્ય માટે રડવાનું ન હોય.

જગતના ભોગોના ભ્રમમાં ચકચૂર બનીને, સાતમા મજલાની ભોગોભરી સંવેદનશીલ શય્યામાં બત્રીશ-બત્રીશ અંગનાઓના તદ્દ-બદ્દનને ભોગવવામાં મદહોશ બનેલા જે શાલીભદ્ર રાત કે દિવસને જાણી નહોતો શકતો એ જ ભોગોના સાંસારીક સુખોથી સુકોમળ બનેલો શાલીભદ્ર આજે વૈભારગિરિની એક તીવ્ર-પ્રચંડ સૂર્યના તડકાથી ધગધગતી જડ-દયાહીન શીલા ઉપર પોતાના સુકોમળ શરીરને વોસિરાવીને ખુલ્લા શરીરે સૂઇ ગયો હતો.

"ભોગોભરી સુકોમળ અંગનાઓથી, કોમળ મૃદુ સંવેદનશીલ શય્યાઓ કયાં' અને ત્યાગ ભરી દયાહીન ધગધગતી કર્કશ વૈભારની પહાડની આ ખડકાલ શીલા કયાં !"

એક માબુસ થઈને, માબુસ જેવા માબુસની પરસેવાના ગંધની પીડાથી ડુસકે ડુસકે રડી પડતો અને સ્વર્ગના દિવ્યભોગોમાં જ રાત દાડો ગુજારતો શાલિભદ્ર જે આંખોએ જોયો હતો એ જ આંખો આજે ભગવાનનો ભેખ ધરી અંજનના ભારને વહી વહીને કદમ કદમ પર કિલષ્ટ કર્મોનાં કચ્ચર ઘાણ કાઢવા સાબદા બનેલા વૈભાર પર્વતની ધગધગતી શીલા ઉપર પ્રસન્નતાથી શરીર વોસિરાવીને સૂઇ ગયેલા શાલિભદ્રને જુએ છે.

અને માતા ભદ્રાનું હૈયું હાથ ન રહ્યુ. પારણા માટે જ ખાસ ઘરે પધારેલા સગા પુત્રને ઓળખી ન શકયાનું દુઃખ તે માતાના હૈયે સમાતુ નહોતુ. અને તેમાં ય સગી આંખે ખેરના અંગારાની બળતરા ઉપજાવે તેવી ધગધગતી વૈભારની શિલા ઉપર મૌન ધરી શરીરની પરવાથી બેપરવા બનેલા સુકોમળ પુત્ર, મુનિવરને જુએ છે. અને ડુસકેને ડુસકે માતા રડી પડે છે.

ધગધગતી શિલાના ધખારામાં તો માતાના કરૂણ કંદનના આંસુના ધોધ કયાંય શોષાઇ જાય છે. માતાની મમતા ભર્યું કરૂણ રૂદન શાલિભદ્રને રંજાડી શકતુ નથી.

વીરના માર્ગના આ સિંહ અણગારને કરૂણ રૂદનના હરણાંઓ હેરાન કરી શકતા નથી.

આખરે.. ડુસકે ડુસકે રડતા ભદ્રા-માતાને શ્રેણિક મહારાજા રૂદન રોકવા કહે છે.

असौ जगत्स्वामिशिष्यानुरूपं तप्यते तपः ।
मुधाऽनुतप्यते मुग्धे ! किं त्वया स्त्रीस्वभावतः।।

ત્રણ જગતના નાથના શિષ્યને છાજે તેવો કષ્ટ કારી કઠોર તર તપ આ તપે છે. હું મોહાધીન માતા ! સ્ત્રી સ્વભાવથી તારા વડે ફોગટ અનુતાપ શા માટે કરાય છે ?"

+

---

૦ દુનિયાના પદાર્થોની મમતા છે ત્યાં સુધી પ્રાણીઓ પાપથી લેપાયા વિના રહેવાના નથી.

—સ્વ પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

રામજી સલાટને સૂંડલી ભરીને સોનાનાં ઘરેણા આપ્યાં !

અંગ્રેજો સામે મુંબઈમાં પહેલો બળવો કૂતરાની હત્યાને કારણે થયો !

—કુમારપાળ દેશાઇ

ચારિત્રને ઘડે તે ચરિત્ર.

એવા શેઠ મોતીશાહના ચરિત્રની એક ઘટના તો તમે અગાઉ જોઇ. કાયદા મુજબ પિતાનું દેવું ચૂકવવાની કોઇ જવાબદારી ન હતી છતાં એમણે ઉદારતા અને નીતિમત્તાથી પાઇયે પાઇનું દેવું ચૂકવી આપ્યું.

મોતીશાહના સમયમાં મુંબઇમાં ધર્મક્રિયા માટે કોઇ સગવડો નહોતી. જિનમંદિર પણ નહોતું. જૈનોની વસ્તી પણ થોડી હતી. એમના મોટાભાઇ નેમચંદે કોટ વિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું. ત્યાર પછી કોટ બહાર વસ્તી થવા માંડી એટલે એમણે તથા શેઠ મોતીશાહે બીજાઓના સહકારથી પાયધુની વિસ્તારમાં શાંતિનાથ ભગવાન ગોડીજી પાર્શ્વનાથ અને ચિંતામણી પાર્શ્વનાથનાં મંદિરો બંધાવવામાં મુખ્ય ફાળો આપ્યો.

શેઠ મોતીશાહને ગોડીજી પાર્શ્વનાથમાં એટલી બધી દૃઢ શ્રદ્ધા હતી કે પોતાના પ્રત્યેક શુભ કાર્યમાં, હિસાબમાં પારશનાથજીની કરપા હોજો' અથવા 'શ્રી ગોડીજી પારશનાથજી સાહેબની મંગલ હોજો' લખીને પછી જ કાર્ય ચાલુ કરતા. પોતાના વસિયતનામામાં પણ એજ પ્રમાણે એમણે આરંભમાં લખેલું હતું.

મોતીશાહને શત્રુંજયની યાત્રામાં બહુ શ્રધ્ધા હતી જ્યારે પોતે વહાણમાં બેઠા કે મહુવા જાય ત્યારે ત્યાંથી ગાડામાં બેસી પાલીતાણા જઇને તેઓ શત્રુંજયની યાત્રા કરવા વારંવાર જતા. પોતાને ધંધામાં સફળતા એને લીધે જ મળે છે એમ તેઓ માનતા.

એમણે મુંબઇના લોકોને શત્રુંજય તીર્થની યાત્રા જેવો લાભ મળે એ માટે ભાયખલામાં વિશાળ જગ્યા લઇ આદીશ્વર ભગવાનનું દેરાસર બંધાવ્યું અને સુરજ કુંડ, રાયણ પગલાં વગેરે કરાવી શત્રુંજયની આદીશ્વરની ટુંક જેવી રચના કરાવી હતી.

વિક્રમના ઓગણીસમા શતકના ઉત્તરાર્ધમાં બનેલી આ ઐતિહાસિક ઘટના વિશે તે સમયે પૂજાની ઢાળોના સુપ્રસિધ્ધ રચયિતા પંડિત શ્રી વીરવિજયજી મહારાજે 'ભાયખલાનાં ઢાળિયા'ની રચના સં. ૧૮૮૮ માં ન કરી હોત તો કેટલીક મહત્વની વિગતો ભુલાઇ ગઇ હોત. ભાયખલાના પોતાના બાગમાં દેરાસર કરવા માટે મોતી શાહને દેવે સ્વપ્નમાં આવીને કહ્યું હતું અને રાજનગર (અમદાવાદ)ના દેરાસરમાંથી ઋષભદેવ ભગવાનનાં પ્રતિમાજી મંગાવી તેની અહીં પ્રતિષ્ઠા કરાવો એવું સૂચન કર્યું હતું. એ દિવસોમાં રેલવે લાઇન નહોતી.

નર્મદા અને તાપી નદી ઉપર પૂલ

નહોતા. એટલે પ્રતિમા અમદાવાદથી જમીન-માર્ગે લઈ મંગાવી. ત્યાંથી વહાણ દ્વારા સૂરત બંદરે થઇ મુંબઇ લાવવામાં આવ્યા હતા. એ માટે પ્રતિમાજી રસ્તામાં અપૂજ ન રહે અને આશાતના ન થાય. તેની સાવચેતી લેવામાં આવી હતી. પ્રતિમાજી માટે નવી પાલખી કરાવવા ઉપરાંત નવું વહાણ પણ મોતીશાહે કરાવ્યું હતું.

અમદાવાદથી હેમાભાઇ, બાલાભાઈ, ત્રિકમભાઇ વગેરે શ્રેષ્ઠીઓ વહાણમાં બેસી મુંબઇ આવી શકે એટલા માટે મોતીશાહે પ્રતિષ્ઠાનું મુહૂર્ત ચોમાસું ઊતર્યા પછી દિવાળી પછી માગશર મહિનામાં રાખ્યું હતું.

શ્રી મોતીચંદ કાપડીયા આ પ્રસંગ વર્ણવતા લખે છે કે 'સં. ૧૮૮૫માં માગશર સુદ છઠ્ઠ શુક્રવારનું બિંબ પ્રવેશનું મુહૂર્ત નકકી કરવામાં આવ્યું. આ પ્રતિષ્ઠા કરવા માટે મોતીચંદ શેઠના દિલમાં બહુ ઉત્સાહ હતો. એ કાર્ય દ્વારા તેઓ પોતાની ધનપ્રાપ્તિનું અને મનુષ્ય જીવનનું સાફલ્ય સમજતા હતા. તે પ્રસંગ માટે અનેક પ્રકારની તૈયારી તેમણે ખાસ કરી. માણસોને અમદાવાદ મોકલવામાં આવ્યા. તેમણે પાલખી તૈયાર કરાવી. શેઠની વતી મૂળનાયક અરિહંતનાથ આદિ પ્રતિમાઓને પાલખીમાં પધરાવી અને કોઇ પણ પ્રકારની આશાતના ન થાય તે રીતે સર્વે વ્યવસ્થા કરીને જમીન માર્ગે ૧૬ પ્રતિમા ભરૂચ લઇ આવ્યા આખે રસ્તે નહાઈ ધોઇ, બરાબર સ્વચ્છતા રાખી ખૂબ જયણાપૂર્વક પ્રતિમાજી ભરૂચ પહોંચ્યા. પછી ત્યાં વહાણ તૈયાર કરાવ્યું. એ વહાણમાં પણ પૂજા તથા ધૂપની બરાબર વ્યવસ્થા કરવામાં આવી હતી. સુરત એ વહાણ રોકાયું અને અનુકૂળ પવને બહુ થોડા વખતમાં મુંબઇ પહોંચ્યું. મોતી શાહ શેઠે અતિ ભાવપૂર્વક પ્રભુનું સામૈયું કર્યું.

એ શુભ અવસરે જલયાત્રાનો મોટો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. સુહાગણ સ્ત્રીઓએ માથે જળકળશ લીધા હતા. શેઠાણી દિવાળીબાઇએ ચામરયુક્ત વડો લીધો હતો. હાથી ઘોડા, રથ, ઘોડવેલ(ઘોડાગાડી) અષ્ટમંગળ, ધૂપ, દીપ, ચામર, છત્ર, ઇન્દ્રધ્વજ ભેરીભૂંગળ વગેરે વડે આ વરઘોડો એવો તો શોભતો હતો કે વીરવિજયજી મહારાજ કહે છે તેમ ટોપીવાળા અંગ્રેજ હાકેમો પણ તે જોઇને બહુ જ હરખાતા હતા.

ભાયખલાની પોતાની વાડીમાં મોતીશાહે શત્રુંજયની ટુંક જેવું ભવ્ય દેરાસર બંધાવ્યું હતું, એમાં તેમાં મૂળનાયક તરીકે આદીશ્વર ભગવાનની પ્રતિમાજીને બિરાજમાન કર્યા હતાં અને એની બરાબર સામે પુંડરીક સ્વામીનાં પ્રતિમાજી પધરાવવામાં આવ્યા હતા. દેરાસરના ઊંચા શિખરની રચના એવી રીતે કરવામાં આવી હતી અને શિખરમાં પણ જિનેશ્વર ભગવાનના પ્રતિમાજી એવી રીતે પધરાવવામાં આવ્યા હતાં કે જેથી પોતાના બંગલામાં બેઠાં બેઠાં શેઠને એ પ્રતિમાજીના, શિખરના અને ધજાના દર્શન રોજ રોજ થયા કરે, દેરાસરના વિશાળ

પટાંગણમાં શત્રુંજય તીર્થનો પટ બાંધવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શેઠ મોતીશાહે મુંબઈમાં જિનમંદિરો બંધાવવા માટે સૌરાષ્ટ્રમાંથી સલાટોને બોલાવવાનો વિચાર કર્યો હતો. પોતે મહુવા થઈને પાલિતાણા વારંવાર જતા અને મહુવાનું દેરાસર રામજી નામના સલાટે બાંધ્યું હતું અને એના કામની ખૂબ પ્રશંસા થઈ હતી.

એથી મોતીશાહ રામજી સલાટને પોતાની સાથે વહાણમાં મુંબઈ લઈ આવ્યા હતા. ભાયખલાની વાડીમાં દેરાસર બાંધવાનું કામ રામજી સલાટને સોંપાયું હતું. તદુપરાંત ગોડીજી અને અન્ય દેરાસરોનું પણ કેટલુંક કામ રામજી સલાટને સોંપાયું હતું. ભાયખલામાં રામજી અને એના કુટુંબને માટે રહેવાની સગવડ પણ શેઠે કરી આપી હતી.

ભાયખલાના દેરાસરમાં બિંબ–પ્રવેશ મહોત્સવ પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૧૮૮૫ના માગસર સુદ ૬ના રોજ થયો હતો. રામજી સલાટે એટલું સારું કામ કર્યું હતું કે શેઠે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રસંગે જાહેરસભામાં રામજી સલાટને પહેરામણી તરીકે સુંડલી ભરીને સોનાનાં ઘરેણાં આપ્યાં હતાં. શેઠે આ રીતે રામજી સલાટના કાર્યની ભારે પ્રશંસા કરી હતી.

ત્યારપછી શેઠે રામજી સલાટને શત્રુંજય ઉપર દેરાસર બાંધવા માટેનું કામ પણ સોંપ્યું હતું. એ કામ નિમિત્તે રામજી સલાટને વારંવાર મુંબઈ આવવાનું થતું.

રામજી સલાટને પોતાનું મહેનતાણું સારા પ્રમાણમાં મળતું હતું, પરંતુ કેટલાક લોકોને પૈસા આવતાં છકાવવાની ટેવ પડી જાય અને કરજ કરવા લાગી જાય તેવું રામજી સલાટની બાબતમાં પણ બન્યું હતું. એમણે શિહોરના એક સંબંધી પાસેથી ઉધાર લીધેલી મોટી રકમ ચૂકવવાની આવી હતી. એટલે એમણે મોતીશાહે આપેલાં ઘરેણાં વેચવા શેઠના જ એક મહેસાણી શ્રી વીરચંદભાઈને આપ્યાં.

શેઠને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને થયું કે પોતે લેટ આપેલાં ઘરેણાં રામજી સલાટ વેચી દે એ બરાબર ન કહેવાય. એટલે રામજી સલાટને બોલાવી, શિહોરના સંબંધીનો બધો હિસાબ ચૂકતે કરી આપ્યો હતો, અને એનાં ઘરેણાં બચાવી આપ્યાં હતાં. શેઠ મોતીશાહની કદર કરવાની વૃત્તિનો, ઉદારતા અને સહાનુભૂતિનો પરિચય આ પ્રસંગ કરાવી જાય છે.

ભાયખલામાં શત્રુંજયની ટૂંક થતાં મુંબઈમાં કાર્તકિ અને ચૈત્રી પૂર્ણિમાને દિવસે ભાયખલાની યાત્રાએ જવાનો રિવાજ પડી ગયેલો, જે આજે ઠોઠ સૈકા પછી પણ ચાલુ રહ્યો છે. તે સમયે કેટલાયે લોકો ભાયખલાના જિનમંદિરની નવ્વાણુની પગપાળા યાત્રા કરતા. મોતીશાહને પોતાની ઘોડાગાડીમાં બેસી રોજ ભાયખલા દર્શન કરવા જવાનો નિયમ હતો. જિંદગીનાં છેલ્લા વર્ષોમાં એમણે ત્યાં બંગલો બંધાવી તેમાં કાયમ રહેવાનું ચાલુ કર્યું હતું.

શેઠ મોતીશાહને ધર્મ કરણીમાં બહુ શ્રદ્ધા હતી એમણે કેટલીક ધર્મક્રિયાઓ

તેઓ નિયમ તરીકે કરતા. મુંબઇમાં હોય કે બહારગામ હોય, તેઓ સવારમાં જિનમંદિરે જવાનું ચૂકતા નહિ. તેઓ મહુવા, ઘોઘા, ખંભાત, ભરુચ કે સૂરત બંદરેથી ઘણી વાર વહાણમાં મુંબઇ આવવા નીકળતા.

મુંબઇ પાસે અંગ્રાશી બંદરે પહોંચતા સવાર થઇ જતું અથવા રાત પડી જતી અને ત્યાં કોઇ વાર રાત્રિ મુકામ કરવાની જરૂર પડતી. એટલે પોતાને જિનપૂજા કરવાનો રોજનો નિયમ બરાબર સચવાય એટલા માટે એમણે અંગ્રાશી બંદરે ઘેરાસર બંધાવ્યું હતું.(ત્યારે અંગ્રાશીનો દરિયો આટલો દૂર નહોતો.)

મુંબઇમાં ત્યારે કોટ વિસ્તારમાં મુખ્ય વસ્તી ગોરાઓની હતી. બંદરની બાજુ ગોરા સૈનિકોને રહેવા માટે બેરાકો હતી. સુખી, શ્રીમંત જૈન, હિન્દુ, પારસી વગેરે લોકો કોટ વિસ્તારમાં રહેતા હતા. ગરીબ લોકો ભંડારીઓ, માછીમારો કોટ બહારના છૂટાછવાયાં ઝુપટામાં રહેતા. કોટમાં ગોરા લોકોના વિસ્તારમાં મોટી આગ લાગી હતી અને ઘણાં ઘરો બળી ગયા હતાં.

તે વખતે ગોરા લોકોએ પોતાની સરકાર સમક્ષ માગણી કરી હતી કે દેશી લોકોને કોટ બહાર કાઢવામાં આવે અને કોટ વિસ્તારમાં ફક્ત ગોરા લોકો માટે જ રાખવામાં આવે. પરંતુ મોટા મોટા જૈન, હિન્દુ, પારસી વેપારીઓએ તેનો સખત વિરોધ કર્યો હતો અને છેવટે સરકારને નમતું આપવું પડયું હતું.

ગોરા અંગ્રેજ લોકોની સરકાર સાથે આ રીતે સંઘર્ષની શરૂઆત થઇ હતી. એવામાં એક બીજી મહત્વની ઘટના સામે દયાળુ જૈનો અને હિંન્દુઓને અવાજ ઊઠાવવો પડયો હતો જેમાં પારસીઓ અને મુસલમાનો પણ જોડાયા હતા. છેવટે એ સમસ્યાનું પણ અંગ્રેજોને સમાધાન કરવું પડયું હતું.

અંગ્રેજોનું ત્યારે રાજય ચાલતું હતું. મુંબઇની ત્યારે સાઠ હજારની વસ્તી હતી. એ વખતે શેરીઓમાં કૂતરાંઓને ત્રાસ બહુ વધી ગયો હતો. એકાદ હડકાયા કુતરાનો બનાવ બન્યો એટલે અંગ્રેજ અમલદારે હુકમ છોડયો કે મુંબઇના બધા જ કુતરાઓને મારી નાંખવામાં આવે. તરત જ કૂતરાઓને મારી નાખવાનું કામ ચાલુ થયું.

સંખ્યાબંધ કૂતરાઓની હત્યા થવા લાગી. કોઇ કોઇ ઠેકાણે કુતરાઓનાં શબના ઢગ ખડકાયા. આ દૃશ્ય કંપાવનારું હતું

શેઠ મોતીશાહનો જીવ કકળી ઊઠયો. એમણે બીજ અગ્રણીઓને વાત કરી. જૈન અને હિન્દુ પ્રજાની લાગણી દુભાઇ હતી.

એ તો બરું પણ પારસીઓનાં દિલ પણ આ હત્યા જોઇને દ્રવી ગયાં હતા. અંગ્રેજ સરકાર સામે તે સમયે લોકોએ મોટું બંડ પોકાર્યું હતું. આખા મુંબઇએ હડતાલ પાડી હતી. ઠેર ઠેર ભયંકર તોફાનો થયાં હતાં. પ્રજાને અંકુશમાં રાખવા માટે પોલીસ પૂરતી ન પડી, એટલે સરકારે લશ્કરને બોલાવ્યું.

બંદૂકની અણીએ લશ્કરે શહેરને શાંત પાડી દીધું હતું. કેટલાક લોકો માર્યા ગયા

શ્રી સૌરાષ્ટ્ર વિહાર ભૂમિ ભક્તિ સમિતિ

ટ્રસ્ટ રજી. નં. જી–૮૦–૪–૨૭૫૬–રાજકોટ તા.૧૮–૩–૯૨
૬–એ, વર્ધમાનનગર પેલેસ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન : પી.પી.–૨૫૭૬૬.

આપણી વિહાર ભૂમિની જાળવણી માટે જાહેર વિજ્ઞપ્તિ

શ્રીમાન સુજ્ઞ મહાશય, તા. ૧૨–૮–૯૨

આ સંસ્થાની પ્રવૃત્તિની રૂપરેખા નીચે જણાવ્યા મુજબ છે.

આ સંસ્થાની પ્રવૃત્તિ છેલ્લા ૨ વર્ષથી સંસ્થાકીય રીતે સમસ્ત જૈન સમાજને અનુલક્ષીને તેમની રાહબર નીચે શરૂ કરવામાં આવેલ છે. તેમાં સમસ્ત જૈન સમાજ તરફથી સારો સહકાર મળી રહેલ છે જે ખૂબ આનંદની વાત છે.

છેલ્લા ૨ વર્ષમાં નીચેના ૮ (આઠ) રૂટોનું કામ શરૂ કરેલ છે જે ખૂબ જ મહેનતથી ઠીક ઠીક ગોઠવાઈ ગયેલ છે. જે દરેક રૂટોમાં ત્યાં જરૂર મુજબ ધાબળા, પાથરણા, તાસ, તપેલા, બાલદી, ફાનસ, ઘડીયાલ વિગેરે વસ્તુઓ મૂકવામાં આવેલ છે. તે સિવાય હજુ જ્યાં જ્યાં અધુરાશ જરૂર હશે તે સંતોષ થાય ત્યાં સુધી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

૧. રાજકોટ થી પાલીતાણા	૨. રાજકોટ થી સુરેન્દ્રનગર
૩. સુરેન્દ્રનગરથી લીંબડી–ગોટાદ–પાલીતાણા	આ રૂટમાં પાલીતાણાથી શંખેશ્વર આવી જાય છે
૪. સુરેન્દ્રનગરથી લીંબડી–શીયાણી–લખતર શંખેશ્વર	
૫. રાજકોટથી વાંકાનેર–મોરબી	૬. રાજકોટથી મોરબી
૭. રાજકોટથી જુનાગઢ	૮. રાજકોટથી જામનગર

હતા. કેટવાક વધાયા હતા. સેંકડો લોકોની ધરપકડ થઇ હતી- કોર્ટમાં કેસ દાખલ થયા. કેટલાય લોકોને વરસ–બે વરસની કેદની સજા થઇ. કેટલાક પુરાવાના અભાવે કોર્ટમાં નિર્દોષ ઠર્યા પરંતુ કેસ ચાલ્યો ત્યાં સુધી જામીનના અભાવે ચાર–છ મહિના જેલની હવા ખાધી.

કેટવાક જામીન આપીને છૂટી ગયા અને પછી કોર્ટમાં નિર્દોષ ઠર્યા. અંગ્રેજોએ દેશી લોકોને સત્તાના બળે દબાવી દીધા. અંગ્રેજો સામે મુંબઇનો આ પહેલવહેલો બળવો કૂતરાની હત્યા નિમિત્તે થયો.

આ બાબતમાં કશું કહેવું જોઇએ એવી ભાવના મુંબઇના અનેક દયાળુ લોકોને સ્ફુરી. એમાં શેઠ મોતીશાહે આગેવાની લીધી. કુતરાંઓને ગામ બહાર પાંજરાપોળ બાંધી તેમાં રાખવામાં આવે અને તેના નિભાવની જવાબદારી મહાજન ઊઠાવે એવી દરખાસ્ત સરકાર સમક્ષ રજુ કરીને કુતરા ન મારવાનું વચન મહાજને અંગ્રેજ સરકાર પાસેથી લીધું.

(ગુજરાત સમાચાર ૨૬–૪–૯૨)

*

આવતી સાલથી પહેલાં તીર્થોને જોડતાં તથા વધુ જરૂરી ૬ થી ૮ રૂટોનું કામ નવું શરૂ કરવા ગણતરી છે.

આવતા વર્ષ માટે અંદાજ ખર્ચની ગણતરી નીચે મુજબ છે.

સાધાર્મિક સહાયના ઘર	નવા ઉપાશ્રય જરૂરી	ઉપાશ્રય રીપેરીંગ ખર્ચ	વૈયાવચ્ચ તથા અન્ય ખર્ચ
૩૦૦(લગભગ)	૮	૧,૫૦,૦૦૦	૧,૫૦,૦૦૦

ઉપરના બધા કામના જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે અમારે જે ગામડાઓમાં ત્યાં જે વર્ષ દીઠ રકમ આપવી–ખર્ચવી પડે છે જે અંગે વર્ષ–ત્રણ માટે લેવાની યોજના નીચે મુજબ છે.

૧. નાના ગામ માટે – રૂા. ૧૫૦૦ ગામ દીઠ વાર્ષિક ખર્ચ.

૨. મધ્યમ ગામ માટે – રૂા. ૨૫૦૦ ,,

૩. મોટા ગામ માટે – રૂા. ૫૦૦૦ ,,

ઉપરની ત્રિવાર્ષિક યોજનામાં સૌરાષ્ટ્રવાસીઓ તથા ગામડાઓ છોડીને સૌરાષ્ટ્રના શહેરો કે બહારમા બીજા શહેરોમાં વસેલા ભાવિકો–શ્રીમંતો પોતપોતાના મૂળ વતનને યાદ કરી, પોતાની ફરજ સમજીને આ પ્રવૃત્તિ અંગે અંગતરસ લઈને દાનને પ્રવાહ વહેવડાવે તો અમારું કાર્ય સરળ બની જાય. જરૂર છે આ અંગે ગંભીરપણે વિચારવાની ને દાનનો પ્રવાહ વહેવડાવવાની !

ગામડામાં જરૂરીયાતવાળા સાધાર્મિક ભાઈઓને મહિને ૧૦૦ મુજબ ઘર બેઠા પહોંચડવામાં આવે છે. તે યોજનામાં માસ–૧૨ ના ૧૨૦૦ મુજબમાં સહાય ૧–૨–૫માં લાભ લેવા વિનંતી.

૧. પ. પૂ. શ્રી આચાર્ય ભગવંતો તથા પ. પૂ. શ્રી મુનિ ભગવંતોને આ પ્રવૃત્તિમાં દાતાઓને સહાયભૂત થવા શકય પ્રેરણા કરવા વિનંતી.

૨. ઉપરમાં જણાવેલ ખર્ચમાં તથા ઉપાશ્રયમાં મુકવાની વસ્તુઓમાં શ્રી સકળ સંઘોને તથા દાતાઓને ઉદાર રીતે સહાયભુત થવા નમ્ર વિનંતી છે.

૩. ઉપરની ત્રિવર્ષિય યોજના સિવાય ભાવના મુજબ છુટક રકમ પણ મોકલી શકાશે.

લી. સૌરાષ્ટ્ર વિહાર ભૂમિ ભકિત સમિતિ
શશીકાંતભાઈ કીરચંદભાઈ મહેતા

શાસન સમાચાર

વાપી– અત્રે પૂ. મુ. શ્રી કમલરત્ન વિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણની આરાધના તપ ઉપજ સારા થયા. માસખમણ ૧ સિદ્ધિતપ–૩, અઠ્ઠાઈ–૩ ઔપચારિક તપ ચાર-માસી અઠ્ઠાઈ આદિ સંખ્યા થઈ. તપસ્વીને ત્યાં પૂ. ગુરુદેવની પધરામણી ગુરુ પૂજન, સંઘપૂજન માંગલિક થયા. ૩ સંઘજમણ ભવ્ય વરઘોડા, ચોસઠપહોરી–૨૦ ભાઇઓ ૨૫ બેનો થયા. ઉત્સાહ સારો છે.

નાલાસોપારા– અત્રે પૂ. મુ. શ્રી સર્વોદય સાગરજી મ.ની નિશ્રામાં અચલ-ગચ્છાધિપતિ, પૂ. આ. ગુણસાગર સૂ. મ.ની ૪ થી વાર્ષિક તિથિ ચૈત્યપરિપાટી વિ. નિમિત્તે પૂજન આદિ સાથે ૧૧ દિવસનો મહોત્સવ શ્રી અચલગચ્છ જૈન સંઘ (સ્ટેશને તરફથી તા. ૧૮–૯–૯૨ થી ૨૮–૯–૯૨ સુધી ઉજવાયો.

સુરત–અઠવા લાઇન્સ સિદ્ધચક્ર કોમ્પ-લેક્ષમાં પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂ. મ.ની નિશ્રામાં શ્રી કુંથુનાથ નુતન જિના-લયનું આસો સુદ–૨ ના ખનન અને આસો સુદ ૧૦ ના શિલાસ્થાપન વિધિ થશે. શાહ ચંદુલાલ અંબાલાલ વડાવલીવાળા સરગમ બિલ્ડર્સ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પાલીતાણા–પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આસો સુદ ૧૦ થી પન્ના રૂપા યાત્રિક ગૃહમાં ભાવિકો તરફથી ઉપધાન તપનું આયોજન થયું છે.

સુરત–ગોપીપુરા– શ્રી રામચંદ્રસૂરી-શ્વરજી આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય અમરગુપ્તસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પર્વારાધના અનુમોદનાર્થે તેમજ પૂ. બાપજી મ.ની વદ ૧૪ સ્વર્ગ તિથિ નિમિત્તે ભા. વ. ૮ થી વદ ૧૪ સુધી શાંતિસ્નાત્ર આદિ અઠ્ઠાઇ મહોત્સવ સુંદર ઉજવાયો હતો. ગુણાનુવાદ થયા હતા.

કલોલ–પૂ. આ. શ્રી વિજય લબ્ધિ-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્વોરાધન સુંદર અને અપૂર્વ તપસ્યા ઉપજ થયેલ. મુ. શ્રી વિમળભદ્રવિજયજી મ.એ માસખમણ તથા મુ. શ્રી વારિષેણવિજયજી મ.એ અઠ્ઠાઇ કરી. તપસ્યાના અનુમોદન આદિ નિમિતે આસો સુદ ૬ થી અઠ્ઠાઇ મહોત્સવ ચાલુ-થેલ છે.

માલેગામ–અત્રે પૂ. મુ. શ્રી જયભદ્ર વિ. મ. ની નિશ્રામાં સાધારણ ઘર દીઠ ૧૦૧ નકી થતાં તે ખાતું તરતું થઈ ગયું ચૈત્યપરિપાટીમાં ચાલીને આવવાનું કોઇએ વાહનમાં નહિ તે રીતે સારી સંખ્યા થઈ ઉપજ તપસ્યા સારી થઈ. સાધ્વીજી મ. એ સિદ્ધિતપ કર્યો. શાંતિસ્નાત્ર પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો. પૂ. પં. શ્રી ભદ્રંકર-

વિજયજી ગણિવરશ્રીજીનું ૨૦૦૧ માં ચાતુર્માસ થયેલ. તેઓશ્રી પ્રત્યે શ્રી સંઘને સદ્ભાવ હતો અને તેઓશ્રીના શિષ્ય પૂ. આ. શ્રી વિજય કુંદકુંદસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુ. શ્રીનું ચાતુર્માસ ૪૮ વર્ષે થતાં ખૂબ ઉલ્લાસ અને સદ્ભાવ વધ્યો છે.

ભાંડુપ– ભટ્ટીપાડામાં પૂ. મુ. શ્રી નયભદ્રવિજયજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રથમ વાર્ષિક તિથિ નિમિતે અષાડ વદ ૧૩–૧૪ મંગળવાર સિદ્ધચક્ર મહાપૂજન તથા પ. પૂ. આ. ભ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની ૩૧ મી વાર્ષિક તિથિ નિમિતે શ્રાવણ સુદ ૫–૬ સોમવાર શ્રી ભક્તામર પૂજન શ્રી મદનલાલ મુલતાનમલજી તરફથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના દેરાસરે રાખેલ.

કોલ્હાપુર– પૂ આ.શ્રી વિજયવિચક્ષણ સૂરીશ્વરજી મ. તથા પૂ મુનિરાજ શ્રી શ્રેયાંસપ્રભ વિજયજી મ. આદિને આ. સુ. ૨ ના નગર પ્રવેશ થયેા. ૨–૩ દિવસ સહસ્વાગત શાહપુરી ગુજરી મહાવીરનગર પધાર્યા પ્રવચનેા આમ સુંદર થયા સુ. ૭ ના ભવ્ય પ્રવેશ થયેા. સાગેયું જોરદાર હતું.

આ. વ. ૧ થી વ. ૪ પાંચ દિવસ માણેકલાલ શંકરલાલ પરિવાર તરફથી પિતાશ્રી હેમચંદજી તથા માતુશ્રી સોનાદેવીના શ્રેયાર્થે પંચાન્હિકા ઉત્સવ થયેા. વદ ૧૦ થી ૦)) પૂજ્યપાદ સ્વ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની પ્રથમ વાર્ષિક તિથિ નિમિતે ઉત્સવ અઠ્ઠમ ચેાજાયેલ છે. જૈન રામાયણ, હરિવિક્રમ ચરિત્ર તથા પ્રશ્નેાત્તરી વિ. પ્રવચન શ્રેણીએા ગેાઠવાઇ છે.

પદ્માવતી પ્રકાશન

ઠે. ૧૦–૧૨૭૦, હાથીવાલા દેરાસર સામે, ગેાપીપુરા, સુરત પીન–૩૯૫૦૦૨

શ્રી સિદ્ધચક્રજીના પ્રભાવવાળા સચિત્ર પુણ્યાવતી ઉર્ફે મંગળસિંહનેા રાસ પુસ્તક તથા પ્રતાકારે ઉપરાંત નવા કર્મની કરૂણ કહાની યાને ભીમસેન ચરિત્ર તથા સચિત્ર મહાબલ–મલયસુંદરી આદિ પુસ્તકેાની સવ્વય રૂા. ૫૦૧) પાંચસેા એક છતાં આયંબિલની ઓળી સુધી ફકત ૨૫૧) માં મલશે.

ઓળી પછી ૫૦૧) થશે.

ધાર્મિક શિક્ષક તથા મહેતાજીની જરૂર

મંદિર કે કામકાજ તથા ધાર્મિક પાઠશાળા કે લિયે સુનીમ કમ અધ્યાપક કી આવશ્યકતા હૈ, ઇચ્છુક વ્યકિત નિમ્ન પત્તે પર સંપર્ક કરે.

શા. માનાજી પ્રેમચંદ એન્ડ સન્સ
મેઈન રેાડ, આદેાની
ADONI — 518301

શાસન સમાચાર

મલાડ–રત્નપુરી–પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી અક્ષય વિજયજી મ.ની નિશ્રામાં શ્રી સંઘમાં આરાધના સુંદર થાય છે. ભા. સુ. પ્ર. ૧૫ના દિને રથયાત્રાનો ભવ્ય વરઘોડો નિકળેલ એમાં ૪ હાથી, બગીઓ, ૪૫ આગમની શણગારેલી લોરી–મહિલા મંડળની શણગારેલી લોરી–ઘોડાઓ નાસિકના ઢોલીવાલા બેન્ડ આદિ વિવિધ સામગ્રી હતી. રથયાત્રા પૂર્ણ થયા બાદ મેદકની પ્રભાવના થએલ.

ભા. વ. ૯ના દિને અત્રેથી પગપાળા બોરીવલીથી સવારે ૬ા વાગે ચૈત્યપરિપાટી નિકળેલ. વચમાં કાંદિવલીના જિનાલયો જુહારીને–બોરીવલી જામળી ગલ્લીમાં આવેલ. જિનાલયે ચૈત્યવંદન કરીને બોરીવલી ચંદાવરકરલેન સવારે ૮ાા વાગે પહાંચ્યાં ત્યાં જિનાલયે દર્શન કર્યા બાદ નવકારશી થયેલ. ચૈત્યપરિપાટીમાં ૫૦૦ ભાવિકો પગે ચાલી આવનાર હતાં. સવારે ૧૦ થી ૧૧ સુધી પ્રવચન થયેલ અને બે સંઘ પૂજનો થયેલ ત્યારબાદ ૧૧ થી ૨ સુધી ૫૬ દિક્કુમારી ઇન્દ્રો સાથેનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ ૨ મિઠાઇઓ આદિ સાથેની સાધર્મિક ભક્તિ થયેલ. રત્નપુરી સંઘે ૭૫૧ રૂા. સાધારણમાં આપ્યાં અને રૂ. ૫૫૧ની ભવ્ય અંગરચના કરેલ. સ્નાત્ર ભણાવવા કાંદિવલીથી પરેશભાઇની મંડળી આવેલ. આ ચૈત્યપરિપાટી ખૂબ જ યાદગાર બની રહી.

આસો માસનો શાશ્વતી ઓળીની આરાધના પણ સુન્દર થનાર છે. મોટી અમુલખભાઇ ઓતમચંદભાઇ તથા શેઠ લલ્લુભાઇ હંસરાજભાઇ તરફથી છે.

મુંબઇ–પ્રાર્થના સમાજ પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજા શ્રા. સુ. ૫ ની સ્વર્ગતિથિ નિમિતે પૂ. આ. શ્રી વિજય રાજયશ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વિ. ભક્તામર પૂજન ગુણાનુવાદ વિ. દશ દિવસનો મહોત્સવ યોજાયો શ્રાવણ સુદ ૮ના પૂ. આ. શ્રી વિજય જયંત શેખર સૂ.મ.ની પુણ્ય તિથિ તથા પૂ. આ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ.ના સંયમ જીવનની અનુમોદનાર્થે પણ આ ઉત્સવનું અયોજન થયું.

છાણી નગરે–પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુન્યધન વિ.મ.ની નિશ્રામાં શ્રાવણ સુદ ૧૨ના પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. મ. સા.ની ૮મી પુન્યતિથિ પ્રસંગે અત્રે સવારે અરિહંત વંદનાવલી પછી પ્રભાવના વ્યાખ્યાનમાં ગુણાનુવાદ અને ત્રણ રૂપીયાનું સંઘપૂજન બપોરે શ્રી નવપદનું પૂજન અને મહાપૂજાનું ભવ્ય આયોજન થયેલ આનો સંપૂર્ણ લાભ મુંબઇ નિવાસી શાહ મુલચંદજી હીરાચંદ પરિવારે લીધેલ. (પૂ. પુન્યધન વિ.ના સંસારી પિતા)

- નરસા ભાવનું આલંબન એવો સંસાર તો જીવને અનાદિ કાળથી મળેલો છે. તેમાં એ માર ખાય, તેને પીડા થાય, તિરસ્કાર પામે હેરાન થાય તો પણ એને આ સંસારથી છૂટવાનું મન થાય નહિ. સંસાર એ તો તેનું પાકામાં પાકુ આલંબન છે. હજી મળશે હવે આવશે એવી આશામાં ને આશામાં જ સંસારમાં જીવી રહ્યા છે.
- આખું સંસારનું આલંબન જીવને એવું બેઠું છે કે એને હું આ ઘર છોડી જાઉં, બાર છોડી જાઉં તેવું થાય જ નહિ. તેમાં તેને નવપદનું આલંબન થઈ જાય તો કામ થઈ જાય એવું છે.
- બહુ નિકાચિત કર્મ હોય તો જ સમકિતી ઉન્માર્ગે જાય. તે ઉન્માર્ગે ગયેલો હોય છતાં તેનું મોઢું તો સન્માર્ગ તરફ જ હોય. અને પીઠ ઉનમાર્ગ તરફ હોય એની ખરાબીને તે સમજતો હોય. જો એની ખરાબીનો એને ખ્યાલ ન આવે તો સમકિત જતું રહે અને એવું જતું રહે કે અર્ધ પુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી હાથમાં ન આવે અને અનંતકાળ ભટકી મરવું પડે.
- ધર્મક્રિયા કરનારને સંસારની ક્રિયા કરવા જેવી ન લાગે એવું હોવું જોઈએ એમ તમારી કલ્પના છે? તો હમણાં તમને સંસારની ક્રિયામાં રસ નહિ ને? સંસારની ક્રિયા ફરજ સમજીને જીવનારા પણ જો તે ફરજ મારે પ્રમાણિકપણે કરવી જોઈએ એમ જ માનો છો કે પછી સાંસારિક ક્રિયા માટે લૂંટ ચલાવવામાં વાંધો નહિ એવું માનો છો?
- ભૂલ કબુલ ન કરવામાં જે અહં છે તે એવો અહં છે કે ધર્મ પામવા જ ન છે. અને ભારે અધર્મ કરાવે. વિષયોની ગાઢ વાસના અને કષાયોની ગાઢ અવસ્થા ધર્મ પામવામાં ભારે અંતરાય કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ૬૨૮ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

-થોડું પણ વૃદ્ધિ દાયક છે-

जले तैलं खले गुह्यं पात्रे दानं मनागपि ।
प्राज्ञे शास्त्रं सतां प्रीति र्विस्तारं यात्यनेकधा ।।

પાણીમાં થોડું પણ તેલ, ખલ પુરુષને વિષે નાની પણ ગુપ્ત વાત, સુપાત્રને વિષે થોડું પણ દાન, બુદ્ધિશાળીને વિષે શાસ્ત્ર અને સજ્જનોને વિષે થોડી પણ પ્રીતિ અનેક પ્રકારે વૃદ્ધિને જ પામે છે.

વર્ષ ૫

અંક ૧૦

લવાજમ વાર્ષિક દેશમાં રૂ. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂ.૪૦૦

ચિંતન

शरीरं शुष्यते नाशा रूपं याति न पापधीः ।
जरा स्फुरति न ज्ञानं धिग् स्वरूपं शरीरिणाम् ॥

શરીર શક્તિ-સામર્થ્યહીન બને છે પણ આશા નાશ પામતી નથી, રૂપમાં પણ ફેરફાર થઈ જાય છે પણ પાપબુદ્ધિ જતી નથી, ઘડપણ આવે છે પણ સાચું જ્ઞાન તો પણ થતું નથી ખરેખર ! પ્રત્યક્ષ અનુભવવા છતાં સંસારીઓના આ સ્વરૂપ-હાલતને ધિક્કાર થાઓ !

આ બધું નજરે જોવા અને અનુભવવા છતાં પણ આપણી વિવેક દૃષ્ટિ જાગતી-ખીલતી નથી તેથી મહાપુરુષ જરા કઠોર થઈને ઉપાલંભ આપે છે. તે પણ એટલા માટે કે ચેતનની ચેતના જો ઉઘડે તો તેનું કામ થઈ જાય.

આશા પિશાચિણીને પરવશ પડેલા પ્રાણિઓની શી શી હાલત થાય છે. તે તેમનાં ખ્યાલ-અનુભવ બહાર નથી છતાં પણ આજ નહિ તો કાલ મળશે, કાલ નહિ તો પરશો મલશે. તેવી આશામાં ને આશામાં જીવતો આદમી ધર્મ કરવાની લાખોની ક્ષણો ગુમાવી દે છે અને જ્યારે બધી તકો હાથમાંથી સરી જાય છે ત્યારે માથે હાથ દઈને બેસે છે.

આશાને જો મારવામાં ન આવે તો પાપબુદ્ધિને આધીન બનીને કયું પાપ ન કરે તે સવાલ છે ! આશા જો મરવા પડી તો પાપબુદ્ધિ તો મરેલી જ છે અને આશા જો વિકરાળ બની તો પાપબુદ્ધિ તો એવી પુષ્ટ બનશે કે જેનું વર્ણન નહિ થાય પછી તો 'શયતાન' ને ય ભૂલાવે તેવાં કામ કરવામાં નાનમ નહિ અનુભવાય પણ તેને જ યથાર્થ ઠેરવવાનો પ્રયત્ન કરાશે.

આ બધાથી બચવા જો આત્મામાં સમ્યગ્જ્ઞાનની પ્રજ્ઞાનો પ્રકાશ પેદા થઈ ગયો તો પાપ કરવા છતાં પણ પાપનો ડંખ-ડર હૈયામાં જીવંત જ રહેશે. આ શરીરાદિ બધી વસ્તુઓ આત્માથી પર લાગશે. માત્ર આત્મા અને આત્માના ગુણોને પેદા કરનારી વસ્તુઓ પોતાની લાગશે. તેને જ પેદા કરવાનો પ્રયત્ન કરાશે. આ શરીરાદિ બધું અનિત્ય છે, આજે છે અને કાલે નથી માટે તેનાથી સાધ્ય ભગવાનની આજ્ઞા મુજબ જ ધર્મ કરવાનું મન થશે.

માટે આત્મન્ ! સાચી વિવેક દૃષ્ટિને કેળવી, આત્માના ધર્મને જ પેદા કરવા ઉજમાળ બન તે જ મંગળ ભાવના.

—પ્રજ્ઞાંગ

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ સાસણ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુહડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલડીવાળા)
માણેકચંદ પદમશી ગુહડા (પાલનપુર)

વર્ષ ૫] ૨૦૪૮ આસો વદ ૨ મંગળવાર તા. ૧૩-૧૦-૯૨ [અંક ૧૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

ગાંભીર્યાદિ અનેકગુણનિધિ

પૂ. આ. શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ:

—પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

['ગુરુકુલવાસ' અને 'અજ્ઞાની આધીનતા'ને સમજાવતું આ ગુણાનુવાદ પ્રવચન શાંતચિત્ત' વાંચી સૌ ગુરુકુલવાસ અને તારક આજ્ઞાના પ્રેમી બનો તે શુભેચ્છા સહ શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઇ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦]

આજે, ચૌદશના [ભા. વ. ૧૪] જે મહાપુરૂષની [પૂ. શ્રી બાપજી મહારાજની] સ્વર્ગતિથિ ઉજવાઇ તેમના જ પટ્ટધર ગાંભીર્યાદિ ગુણના ધણી પૂ. આ. શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ છે. આ મહાપુરૂષે અનેક ઉપર ઉપકારો કર્યા છે તેમ મારી ઉપર પણ તેમનો ઉપકાર ઘણો જ છે. મારા પુણ્યના યોગે મને બાલ્યકાળથી જ આ મહાપુરૂષનો પરિચય છે. તેઓશ્રીની પંન્યાસપદવી છાણીમાં થઇ ત્યારે હું ગૃહસ્થપણામાં હતો અને આચાર્ય પદવી અમદાવાદમાં થઇ ત્યારે પણ હું હાજર હતો.

આ મહાપુરૂષ પૂર્વની આરાધના સુંદર કરીને આવેલા હોવા જોઇએ. ગૃહસ્થપણામાં દુનિયાદારીનો અભ્યાસ કરેલો. ગુજરાતી ભાષાના સિનિયર ગણાતા હતા. ગુજરાતી ભાષા શુદ્ધ બોલતા બોલાવતા અને અક્ષરો સ્પષ્ટ અને સારા હતા. ભાષાજ્ઞાન ઘણું જ સારૂં હતું. અહીં સાધુપણામાં પણ જ્ઞાનનો અભ્યાસ સુંદર કર્યો જેના પરિણામે કઠીનમાં કઠીન ગ્રન્થો. સહેલામાં સહેલી ભાષાથી ઓછી બુદ્ધિવાળા પણ સારી રીતે સમજી શકે

તે રીતે સમજાવતા હતા. આ તેઓનો અદ્‌ભુત ગુણ હતો. વ્યાખ્યાન વૈરાગ્યથી ભરપુર હતું. ગંભીર ગુણ સહજ હતો. ગુરુભક્તિ પણ એવી ઉત્તમ હતી કે જેનું વર્ણન ન થાય. ગુરૂ જ્યાં કહે ત્યાં જવા સદૈવ તૈયાર રહેતા. અને ગુરૂના ખોળામાં માથું મૂકીને સ્વર્ગવાસી થયા.

સાધુપણું પામ્યા પછી ગુરૂકુલવાસ તે મોટામાં મોટી ચીજ છે જેઓને ગુરુ પાસે રહેવાનું ન ગમે. સાથે રહે પણ ગુરુનું કહેલું કરવાનું ન ગમે તે બધા સાધુપણું હારી જાય છે. આ મહાપુરુષ ગુરૂકુલવાસમાં જ રહેતા હતા. ગુરૂની સેવામાં દક્ષ હતા. પદસ્થાવસ્થામાં પણ ગુરૂની સેવા કરતા હતા અને અન્તે સમાધિપૂર્વક કામ સાધી ગયા. હું કમનશીબે ત્યારે હાજર ન હતો પણ તેઓનો મને ઘણો ઘણો પરિચય છે.

આ મહાપુરૂષે સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા ઉપર અનેક ઉપકારો કર્યા છે. આવા મહાપુરૂષને યાદ કરીએ તે શા માટે ? તેમના જેવા ગુણો આપણામાં પણ આવે, ન હોય તો મેળવવાનું મન પણ થાય. તેઓમાં જેવો જ્ઞાનગુણ હતો તેવો જ ક્રિયાગુણ હતો. તેઓશ્રીને કાયમનો માથાનો વ્યાધિ હતો. તેઓશ્રી કહેતા કે 'મથું સારૂં કેવું હોય તેની મને ખબર નથી.' પણ સતત જ્ઞાનાભ્યાસ પોતે કરે અને બીજાને કરાવે, કદી કંટાળે નહિ. તેમના આવા બધા ગુણો આપણામાં આવે માટે તેમને યાદ કરીએ છીએ.

સાધુઓ હંમેશાં ગુરૂકુળવાસમાં રહેવાની જ ઇચ્છાવાળા હોય. ગમે તેટલું ભણેલા હોય તોય શ્રી ગૌતમ મહારાજા ખુદ, ભગવાનની આજ્ઞા ખાતર બીજે જવું પડે માટે જતા હતા પણ કદી પોતાની મરજીથી અલગ ગયા નથી. છેલ્લે છેલ્લે ભગવાને તેઓને મોકલ્યા અને ભગવાન નિર્વાણ પામ્યા તો પાછા આવતા ખેદ થયો. તે ય તેમને કેવળજ્ઞાન માટે થયો. તેઓને અહંકાર બોધ માટે થયો અને વિષાદ કેવળજ્ઞાન માટે થયો' તેમ કહી મહાપુરૂષોએ એ મહાપુરૂષની સ્તવના કરી છે.

ગુરુભક્ત તે જ કહેવાય કે જે ગુરુકુલવાસનો જ પ્રેમી હોય. ગુરુ સેવામાં હાજર હોય તે જ મુનિપણાની સાચી આરાધના કરી શકે. વ્યવહારમાં પણ કહેવાય છે કે જે માતા પિતાના ભક્ત નથી તે ભગવાનની સાચી ભક્તિ કરી શકતા નથી. આજે કેવો યુગ આવ્યો છે ? જરાક શક્તિ આવી તો સ્વતંત્ર થઈને જીવવું છે. આવી સ્વતંત્રતા આત્માનો નાશ કરનારી છે. અમારે ગુરુકુલવાસની જ આજ્ઞા છે. ગુર્વાદિની ભક્તિ કરતા જીવવાનું છે. સદ્‌ગુરુને પૂછ્યા વિના તમારે પણ કશું કરવાનું નથી. શ્રાવકો જો બધી વાત પૂછી પૂછીને કરતા હોત તો ધર્મના વહીવટ સુંદર થાત.

આજે યુગ એવો આવ્યો છે કે ધર્મનો અભ્યાસ ન હોય તેવા સુખી ધર્મનો વહી-

વટ મરજી મુજબ કરે છે અને શાસનને ડહોળે છે. ઘર-પેઢીનો વહીવટ ચીવટપૂર્વક કરે છે તેવો ધર્મનો વહીવટ કરનારા કેટલા મળે! આજના ટ્રસ્ટીઓનું મન નામના જોઇએ. ટ્રસ્ટી તરીકે શું કરવું જોઈએ તે સમજવાનું મન નથી. તેથી ધર્મની મિલકત જોખમમાં છે. તેને સાચવનારા ઘટતા જાય છે. સારી બુદ્ધિવાળાનું વજન પડતું નથી અને વજનવાળાનું ઠેકાણું નથી.

તમે ગૃહસ્થપણામાં હો ત્યાં સુધી વડિલની આજ્ઞામાં રહેવું તેમ નક્કી કરો. તેમની આજ્ઞા ભગવાનની આજ્ઞાથી વિરોધી હોય તે માનવાની નહિ. તેમ જે ગુરુની આજ્ઞા ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ હોય તો તે ય માનવાની નહિ. આ માર્ગ જો ચાલતો રહ્યો હોત તો જે બગાડો થયો છે તે ન થાત.

આપણે ત્યાં જ્યારે શ્રી સંઘની સત્તા ચાલતી ત્યારે જે નિહ્નવો પાકયા તેને શ્રી સંઘ બહાર મૂકયા. નિહ્નવો કેવા હોંશિયાર હતા. માત્ર એકાદ વચનમાં વાંધો આવ્યો કે એકાદ વાત પકડાઇ ગઇ તેથી ખોટા માર્ગે ચાલ્યા. સમજાવવાની કોશિશ પણ કરી અને ન સમજ્યા તો રવાના કરવા પડયા. ત્યારે તો શ્રાવકો પણ સારા હતા, પરીક્ષા કરનારા હતા. એક નિહ્નવ મત એવો હતો કે-આત્માને માત્ર પ્રદેશ રૂપ માને તો એક શ્રાવકે તે મતના અનુયાયિને લાડવાનો એક કણીયો વહોરાવ્યો. તો તે કહે કે મારી મશ્કરી કરે છે. ત્યારે શ્રાવકે કહ્યું કે-તમારા જ સિદ્ધાન્તનું પાલન કરૂં છું. તે રીતના પણ પુરૂષાર્થ કરી તેવાઓને શ્રાવકોએ તે લોકોને સુધાર્યા છે.

પ્રશ્ન-નિહ્નવો સમજી ગયા તો અત્યારનાને સમજાવવા કેમ કઠન છે.

ઉ.-શ્રાવકો એવા જોઇએ કે-સાધુને માને ખુબ સાધુ માટે પ્રાણ પણ આપે. પણ સાધુ જો આજ્ઞાથી વિપરીત ચાલે તો તેમને સમજાવવા મહેનત કર્યા વિના રહે નહિ.

પ્રશ્ન-ભણવું પડે ને?

ઉ.-શ્રાવકો અભણ હોય! ભણવાની રૂચિ વગરના હોય!

આજે જે ભણવાની રૂચિ વગરના પાકયા તે નામના શ્રાવકો રહ્યા છે. અને કેટલાક 'તેવા સાધુઓને આપણે શું કામ કહીએ.' એમ કરીને પણ તેવા શ્રાવકો જ સાધુઓને બગાડે છે. ખરાબ સાધુઓ જીવી શકે છે તે આવા શ્રાવકોના પ્રતાપે. ગોળ-ખોળ સરખા માને, આપણે તો સાધુ વેષ પૂજનીક, બધા સારા-તેવું માનનારા ધર્મ પામે પણ નહિ અને સારી રીતે ધર્મ કરે પણ નહિ. તો પછી આરાધી શકે શી રીતે? આજના શ્રાવક વર્ગમાંથી મોટે ભાગે તત્વજ્ઞાન નાશ પામ્યું છે, ક્રિયાનું જ્ઞાન નાશ પામ્યું છે, ક્રિયાનાં સૂત્રો પણ ઘણાંને આવડતાં નથી. સૂત્ર ભણેલા પણ ઘણા અશુદ્ધ બોલે છે.

જેટલા આત્મા કલ્યાણ કરી ગયા તે આજ્ઞા મુજબ જ જીવન જીવ્યા માટે. ગુરુકુલવાસમાં જ રહ્યા માટે. જે સાધુ ગુરુકુલવાસને પસંદ કરે નહિ. મરજી મુજબ જીવે તેનું અકલ્યાણ જ થવાનું છે, તે કદી કલ્યાણ સાધે નહિ. હોંશિયાર નોકર પણ શેઠની આજ્ઞા ન માને તે ગમે તેટલો હોંશિયાર હોય તો પણ તેને રાખો ખરા ? અને ભુલથી રખાઇ ગયા હોય તો કાઢી મૂકો ને ! તેવો કાયદો અહીં હતો ત્યાં સુધી સારૂં હતું. જેમાં જેટલી ઢીલાશ આવી તેથી ઘણું નુકશાન થયું છે. ગુરૂકુલવાસને સેવવા જેવો માને તેનું કલ્યાણ થાય. તેના હૈયામાં ભગવાનની આજ્ઞા વસે. પણ ગમે તે કારણ હોય. આજના લોકોને વડિલની આજ્ઞા મુજબ જીવવાનું ગમતું જ નથી. તમારાં ઘરમાં વડિલ તમે પણ તમારૂં ચાલે નહિ. વડિલની આજ્ઞા વગર ઘરો ચાલે તે કેવા ચાલે ! આજે આને સ્વાતંત્ર્ય મનાયું પણ શાસ્ત્ર તેને 'સ્વચ્છંદિપણું' કહે છે. ભગવાનની આજ્ઞા મુજબ જીવે તે જ સાચો પંડિત છે ! મોટા ભણેલા ગણેલા પણ વ્યાખ્યાન કરવા જવું હોય તો ય ગુરુને પૂછીને જાય. ગુરૂને પૂછયા વિના તો ચાલે જ નહિ. આ વાત આ મહાપુરૂષના જીવનમાં જોઇએ આવું ઘણું ઘણું શીખવાનું મળતું હોય છે.

આ મહાપુરૂષનો જન્મ ૧૯૩૨ માં થયો હતો. તેમનાં માતાનું નામ જમનાબાઇ હતું અને પિતાનું નામ જયચંદભાઇ હતું તેમનું વતન સુરત પાસેનું રાંદેર નામનું ગામ હતું તેઓએ ૧૯૫૮ માં કારતક વદિ ૯ ના મિયાગામ કરજણમાં દિક્ષા લીધી. ગુરૂકુલવાસમાં રહી., ગુરૂનો વિનય–વૈયાવચ્ચ ભકિત કરી, યોગ્યતા કેળવી અને ગુરૂની અપૂર્વ કૃપા મેળવી તેથી તેઓની પંન્યાસ પદવી છાણીમાં સં. ૧૯૬૯ ના કારતક વદિ ૪ ના થઇ. ત્યારે હું ગૃહસ્થપણામાં હાજર હતો. અને આચાર્યપદવી ૧૯૮૧ ના માગસર સુદિ ૫ ના થઇ ત્યારે હું હાજર હતો. તેમનો સ્વર્ગવાસ ૧૯૯૯ ના આસો સુદિ ૧ ના આજના દિવસે થયો ત્યારે હું હાજર ન હતો. આ મહાપુરુષે જે ઉપકાર કર્યો છે તેનું વર્ણન ન થાય. જેને જેને તેઓનો પરિચય છે તે બધાને તે યાદ છે. તેમનું નામ યાદ આવે તો આંખમાં પાણી આવે અને મનમાં થાય કે સાચા ઉપકારી ગયા.

શ્રી જૈનશાસનમાં આજ્ઞામૂલો ધર્મ છે. વડિલની આજ્ઞા વગરનું જીવન તે સ્વચ્છંદી જીવન છે. અમારે માટે તો એકદમ ખરાબ છે અને તમારે માટે પણ ખોટું છે. ઘરનો વડિલ ન જાણે તેવું એકપણ કામ ન કરાય. વડિલને ન ગમતું હોય તે નહિ કરવું. તેમ નહિ પણ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ હોય અને વડિલને ગમતું હોય તો તે પણ ન કરવું !

જીવનને સુધારવા સમ્યગ્જ્ઞાન ખૂબ જરૂરી છે. જ્ઞાન વગર સંસાર પણ ન ચાલે તો સમ્યગ્જ્ઞાન વગર ધર્મ ચાલે ? સંસારનું ભણ્યા છો કે મુરખ છો ? સંસારનું જરૂરી બધું ભણ્યા છો, ધર્મનું ભણ્યા નથી અને ધર્મી કહેવરાવવું છે તો તે ચાલે ? આજ સુધીની થયેલી આ ભૂલ સુધારશો ખરા ?

(ક્રમશઃ)

શાસ્ત્ર દૃષ્ટિ

—શ્રી જૈનેન્દ્ર

परलोक विधौ शास्त्रात्, प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान्, श्रद्धाधनसमन्वितः ॥

સુવિહિત શિરોમણિ પૂ. આચાર્ય પ્રવર શ્રી હરિભદ્ર સૂરિ મહારાજ પ્રસ્તુત શ્લોકમાં પાપભિરૂ મુકિત અભિલાષી અને સહજભાવી ધર્મરૂચિવન્ત જીવોને નજર સામે રાખી આત્મ કલ્યાણની સાધના ઉત્તરોત્તર શ્રી જિન વચનાનુસાર જ થાય એ હેતુથી ફરમાવે છે કે, નજીકના કાળમાં જેઓ સર્વ કર્મથી મુકત બની શાશ્વત અક્ષયપદના સ્વામી બનવાના છે એવા આસન્ન ભવ્ય જીવો કે જે સાધુ હોય કે શ્રાવક હોય અને તત્વોને વિચારવાની શકિત સુંદર હોવાથી મતિમાન્—સદ્બુદ્ધિવાળા છે એવા શાસ્ત્ર પ્રત્યે બહુમાન હોવાથી શાસ્ત્રમાં કહેલ શ્રી જિનવચનો પ્રત્યે શ્રદ્ધાધનથી યુક્ત છે. તેઓ પરલોક સદ્ગતિ અને મોક્ષગતિ પ્રત્યે પ્રાયઃ કરીને શાસ્ત્ર શિવાય બીજા કોઈની અપેક્ષા રાખતા નથી પ્રાયઃ શબ્દથી એ વાત ગંભીર કેતુ પૂર્વક સૂચિત કરી છે કે, જે બાબત શાસ્ત્રમાં જોવા મળતી ન હોય પણ જવલીરૂ ગીતાર્થ આપ્ત પુરૂષોથી ચાલી આવતી હોય અને કોઇપણ રીતે શાસ્ત્રને બાધ કરે એવી ન હોય તો તે શુદ્ધ પરંપરાનુ પાલન કરનારો હોય છે.

વર્તમાન કાલીન શ્રી શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની પરિસ્થિતિ મધ્યસ્થભાવે ગંભીરતાથી વિચારીશું તો જરૂર જણાઇ આવશે કે આજે શાસ્ત્રાનુસાર સંયમીજીવન કે શ્રાવક જીવન આચરવાની વાત તો દૂર રહી પણ અતિ દુઃખદાયી વાત છે કે કહેવાતા વિદ્વાન સાધુઓમાં પણ શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરતાં નથી. તેવું જોવા મળે છે.

આજે પરમાત્માનું શાસન યથાર્થપણે સમજાવવાના બદલે પોતાના ભકત બનાવવાનું પ્રધાનપણે ધ્યેય બની ગયું છે એની પાછળ પણ માન ખ્યાતિ સસ્તી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો મલીન આશય જ ભાગ ભજવે છે. એથીજ તો તેઓ સમજે છે કે, ધર્મના નામે પરોપકારના નામે વાત મૂકાય અને યથાર્થ જિનવચન ન બતાવાય તો જ ધાર્યું કરી શકાય. જ્યાં આવી કુટીલતા હોય ત્યાં મુગ્ધ જીવો ફસાઇ એમાં સ્નેહપણ નવિનતા નથી.

ભલે કે ગમે તેટલો ભયંકર દુઃષમકાળ હોય એમાં અલ્પ સંખ્યક હશે હોય પણ શાસ્ત્ર સાપેક્ષ યથાશકિત સંયમ ધર્મનું પાલન કરનારા ભાવ સાધુ—સાધ્વીઓ અને દેશવિરતિ ધર્મનું પાલન કરનારા ભાવ શ્રાવક રહેવાના જ. અને આવા ધર્મ આરાધકોથી જ આ જૈનશાસન જયવંતુ છે, નહિ કે સ્વચ્છન્દમતિથી શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરનારા કે દોષબહુલ જીવન જીવનારા બહુ સંખ્યક દ્રવ્ય સાધુ કે તેને પુજી આપનારા સ્વાર્થી દ્રવ્ય શ્રાવકની સંખ્યાથી. તેથી જ તો પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા ફરમાવે છે કે,

तस्मात्सदैव धर्मार्थी, शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकारेऽस्मिन्,
शास्त्रालोकः प्रवर्त्तकः ॥१॥

તેથી કરીને જ જે વાત શાસ્ત્રમાં કહેલી ન હોય એવી વાતનું વિધાન કરવાથી સાંભળનારને અનર્થ થતો હોવાથી ખરેખર જેઓ ધર્મના અર્થી છે તેઓ સદૈવ–સર્વકાળ માટે શાસ્ત્રયત્નવાળા હોય છે અર્થાત્ શાસ્ત્ર પ્રત્યે બહુમાનવાળા હોય છે. તેથી જ તે પ્રશંસનીય છે. મોહરૂપી અન્ધકારથી ભરેલા લોકમાં–જગતમાં શાસ્ત્ર-રૂપી પ્રકાશ જ મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ કરવામાં પ્રવર્ત્તક છે. આથી એક વાત સ્પષ્ટ બને છે કે, ધર્મ શ્રવણ કરનારા જીવો કરતાં ધર્મ ઉપદેશક મહાત્માઓની જવાબદારી ઘણી છે. આજના કાળમાં પ્રાયઃ કરીને શ્રોતાજનો ધર્મ વરૂપની બાબતમાં અજ્ઞાની હોય છે. અરે ! જીવાદિ નવતત્વો અને શ્રાવકાચારનું પણ આજે જ્ઞાન જોવા મળતું નથી. કેટલાક વળી સુધારક કે આજના સંયોગ મુજબ ધર્મ થાય તેમ માનનારા હોય છે. એનુ જ આ દુઃખદાયી પરિણામ છે કે, ધર્મ ઉપદેશ આપનારા શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરવામાં ફાવટ અનુભવે છે.

પહેલા એક કાળ હતો કે, દરેક શ્રાવક કુટુંબના સભ્યો બચપણથી જ ધર્મના રંગે રંગાએલા પાપભિરૂ માતા પિતા પાસેથી નિઃસ્વાર્થ વાત્સલ્ય સાથે જીવાદિ નવતત્વો શ્રાવક આચાર જૈનત્વના સુસંસ્કાર પામતા એથી પાપભિરૂતા મુક્તિ પ્રાપ્તિનો શુભાશય અને ધર્મરૂચી જોવા મળતી. અને એ વખતે સાધુઓ પણ અતિભવભીરૂ હોવાથી શાસ્ત્ર વફાદારીને પ્રાણ સ્વરૂપ ગણી શાસ્ત્ર વચનના અનુસારે જ પોતાની શક્તિ અનુસાર ધર્મોપદેશ આપી શાસન પમાડતા. અને એ શાસનને પામેલા સુશ્રાવકો શ્રી જિન શાસનનો સુન્દર અભ્યુદય કરવામાં ગૌરવ અનુભવતા જૈનેતરોમ પણ શ્રાવકો વિશિષ્ટ આદર માનને પાત્ર હતાં. તો સુસાધુઓની શી વાત કરવી ?

આટલી વાત સમજ્યાં પછી પણ જો સાધુઓમાં શાસ્ત્ર સમર્પિતભાવ ત્રિવિધ શુદ્ધિથી આવી જાય તેઓની શાસ્ત્ર સાપેક્ષા ઉત્તમ સંયમ જીવનની આચરણા અને શાસ્ત્રાનુસારે પ્રરૂપણા આવી જાય તો એકાએકકસ લઘુકર્મી શ્રાવકજન પણ શ્રી જિન વચન દ્વારા શાસન પામીને મોક્ષમાર્ગ ઉપર પ્રયાણ કરનારો બને અને આ પરમાત્માનું શાસન બીજા પણ અનેક જૈનેતર ભવ્યાત્માઓ માટે સુન્દર આદર્શ બનીને બોધિબીજ પ્રાપ્તિનું કારણ બને.

જો સાધુઓ શાસ્ત્ર નિરપેક્ષ આચરણા અને પ્રરૂપણા કરનાર હોય તો એ માટે જ્ઞાનીઓ ફરમાવે છે કે,

न यस्य भक्ति रे तस्मिन्,
तस्य धर्मक्रियापि हि ।
अन्धप्रेक्षा क्रियातुल्या,
कर्मदोषावसत्फला ॥१॥

જે ધર્મ અર્થીને શાસ્ત્ર ઉપર બહુમાન રૂપે ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ અર્થાત દેવવંદનાદિ સર્વ સાધુ જીવન વિષયક અને શ્રાવક જીવન વિષયક ધર્મ

અનુષ્ઠાનો અન્ધ માણસ આગળ બતાવવામાં આવેલ નાટકની જેમ નિષ્ફળ છે એટલું જ નહિ પણ મોહના ઉદયથી અજ્ઞાનતાના કારણે અસત્ ફળવાલી છે એથી જ તો ભારપૂર્વક જ્ઞાનીઓ ફરમાવે છે કે "आगमात् सर्व एव व्यवहारः આગમ એટલે શાસ્ત્રાનુસારે જ શ્રી જિનશાસનમાં રહેલાનો સર્વ વ્યવહાર હોય છે.

જે વ્યવહાર ઉપર આગમની છાપ નહિ એ વ્યવહાર સ્વચ્છન્દમતિથી કરાએલો એકાન્તે સ્વ–પર ચિત્તવિનાશક અને સંસાર વર્ધક બને એમાં શું આશ્ચર્ય ?

આજના કલુષિત વાતાવરણમાં જો શાસ્ત્રની વફાદારી આચરણા અને પ્રરૂપણાની બાબતમાં આવી જાય તો એક પ્રશ્ન એવો નથી કે જેનું શાસ્ત્રાધારે નિરાકરણ ન થાય. પછી એ પ્રશ્ન સામાચારિ વિષયક હોય સિદ્ધાન્ત વિષયક હોય કે દ્રવ્ય–જ્ઞાનદ્રવ્યાદિક વિષયક હોય. જાગ્યા ત્યારથી સવાર ગણીને બીજા તરફ નજર ન કરતા ભવભીરૂ ગીતાર્થ મહાત્માઓના સુપરિચયમાં આવી શાસ્ત્ર ઉપર અવિહડ–દૃઢ બહુમાન પેદા કરીને જો મોક્ષાભિલાષી સાધુ કે શ્રાવક શાસ્ત્રના અનુસાર યથાશક્તિ આચાર પાલન અને યથાર્થ પ્રરૂપણ બની જાય તો આ અલ્પકાલીન ઉત્તમ માનવ ભવમાં સાચો ધર્મ આરાધક બનીને ૫–૭ ભવમાં ચોકકસ શાશ્વત શિવસુખના સ્વામી બનવાનું સામર્થ્ય આત્મામાં પ્રગટ કરી શકીએ. એક ભાવ દીપક અનેક ભવ્યાત્માઓના હૃદયમાં ધર્મ પરિણતી પેદા કરાવી. ભવ્ય દીપકોથી જીવનને પ્રકાશમય બનાવશે. અને એ ભવ્ય પ્રકાશમાં મોક્ષ માર્ગની સાધના આરાધનામાં નિઃસ્વાર્થભાવે સહાયક બનવાનું સહજભાવી બનશે. પછી અજ્ઞાન જન્ય વિષય–કષાયના તોફાનો અને પરનિન્દાદિ દોષો ભાગે જ છૂટકો.

આ લેખ ગંભીરતાથી વાચી વિચારી જીવનને શાસ્ત્ર સાપેક્ષ બનાવી અધ્યાત્મ ગુણોથી સુમધુર બનાવી શાસ્ત્ર બળથી થોડા જ કાળમાં અપ્રમત્ત પરિણામની યોગ્યતા આત્મસાત્ બનાવી ક્ષપક–શ્રેણિમાં ઘાતી કર્મનો નાશ કરી શાશ્વત મુકિત સુખના સ્વામી બનો એજ એક મનોકામના.

બાળ ગઝલ

૦ સંપવૃક્ષ સોહામણું, સુંદર ફળ સોહાય;
કુસંપ કીડો જો મળે,
ઝાડ સમુળગુ જાય.

૦ બોલ મંગલદ્વાર કે,
એ બોલનાર તું જ છે.
ચીંધે સીધો રાહ કે,
રાહબર અમારો તું જ છે.
એટલે તો આશરો,
અમને બીજા કોઈનો.
છે બધા ફાની, પ્રભુ ફકત
કાયમ સહારો તું જ છે.

—અનામિ

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

કુમાર શ્રમણ મેઘકુમાર

"મા–બાપના ખોળામાંથી પણ યમરાજ પુત્રને ઝાંચકી જાય છે. જગત્ત્રયના ધણી ભગવાન મહાવીર સ્વામીના ચરણે રહી મારે મૃત્યુનું મોત કરી નાંખવું છે.

"સંજમના કષ્ટોને તારૂં આ કોમળ શરીર ખમી નહિ શકે, વત્સ! વ્રતનો ભાર સહેલો નથી. તું શી રીતે વ્રતના આ ભારને વહી શકીશ?"

'અગણિત દુઃખ ભર્યા આ સંસારથી હું કંટાળી ગયો છું. દુષ્કર એવા પણ વ્રતના ભારને હું વહન કરીશ મને કૃપા કરી દીક્ષા માટે રજા આપો.''

અને... એક દિવસ મેઘકુમારે દીક્ષા લીધી.

રેશમ મશરૂની શીળી–સુંવાળી શય્યામાં સુખ–ચેનની નિંદર લેતું. શરીર, દીક્ષાની પહેલી જ રાતે મુનિવરોના પગની રજ-કણોથી ભરાઈ ગયેલા સંથારાથી અને મુનિ-વરોના પગના સંઘટ્ટ બેચેન નથી બન્યું. વૈભવ તજીને વૈભવહિન બનેલો હું આજે આ મુનિવરોની ઠોકરે ચડયો છું. સવારે જ હું દીક્ષા છોડી દઇશ.

આ વિચારમાં ને વિચારમાં આખી રાત કેમે કરીને પસાર કરી.

માતા–પિતાની મમતાનો વૈરાગ્યભરી વીરતાથી ખુમારી પૂર્વક ત્યાગ કરીને આવેલા કુમાર શ્રમણ મેઘકુમાર સવારે સંજમનો ભાર છોડી દેવા માટે ત્રણ જગ-તના નાથની સામે નત મસ્તકે ઉભા છે.

અને ભગવાન શ્રી મહાવીર સ્વામી કહે છે કે– યાદ કરો મુનિવર! આજથી બીજા ભવે હાથી બનેલા તમે એક સસલાની જીવન–રક્ષા કરવા અઢી–અઢી દિવસ સુધી એક પગ ઉંચો રાખીને સસલાની પ્રાણ–રક્ષા કરેલી. એક જ જીવનું આ અભયદાન તમને અહીં લઇ આવ્યું. હવે તો તમે સર્વ જીવોના અભયદાનનું વ્રત સ્વીકાર્યું છે.

સસલાના શરીરની સુરક્ષા ખાતર અઢી અઢી દિવસના કષ્ટને સહન કરનારા તમે એક જ દિવસમાં સાધુ ભગવંતોના પગના સંઘટ્ટનના કષ્ટના કારણે સંજમના ભારથી ભગ્ન થઇ ગયા?"

[છેલ્લી સચોટ હિતશિક્ષા દેતા ભગ-વંતે કહ્યું.)

पालय प्रतिपन्नं स्वं मयाम्बोधि समुत्तर ।
मानुष्यं दुर्लभं ह्येदं तत्समुत्तारणक्षमम् ॥

[હે શ્રમણ!] સ્વીકારેલા વ્રતનું પાલન કર, સંસાર સમુદ્રને તરી જા, કારણ કે સંસાર સમુદ્રથી તારવામાં સમર્થ એવું આ મનુષ્યપણું દુર્લભ છે.

અઠવાડિક જૈન શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૦)

આજીવન રૂા. ૪૦૦)

રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.

જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ

જામનગર

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા-લાખાબાવળ દ્વારા પ્રગટ થનાર,
શ્રી શ્વેતાંબર જૈનોનાં ભારતભરના ઐતિહાસિક તથા બેનમુન ભવ્ય
તીર્થો આદિના દર્શન માટે મંદિરો, તથા જિનબિંબોની પ્રતિકૃતિઓ
અને ભવ્ય ઇતિહાસને રજુ કરતો.

શ્વેતાંબર જૈનો માટેનો અદ્વિતીય ગ્રંથ

શ્રી શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

(ભાગ ૧-૨)

મૂલ્ય રૂા. એક હજાર : શુભેચ્છક રૂા. ત્રણ હજાર

આ મહાન ગ્રંથની તપોમૂર્તિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર હાલાર દેશોદ્ધારક પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ તૈયારીઓ થઇ રહી છે. આ ગ્રંથનું સંપાદન અને તીર્થ પરિચય વિગેરે ઐતિહાસિક આલેખન તેઓશ્રી કરી રહ્યા છે.

૧. આ ગ્રંથ આર્ટ પેપરમાં બે ભાગમાં પ્રગટ થશે. મૂલ્ય રૂા. એક હજાર છે.

૨. ગુજરાતીમાં પ્રગટ થશે પછી બીજી ભાષાઓમાં પ્રગટ કરવા ભાવના છે.

૩. હાલ ગુજરાતીમાં પ્રગટ થાય છે તેના એક પેજના શુભેચ્છકના રૂા. ૩૦૦૦ છે. અને શુભેચ્છકનું નામ એક પેજમાં નીચે એક લીટીમાં છપાશે ને તેમને એક નકલ ભેટ અપાશે. આર્ટ પેપરમાં આ ગ્રંથની ત્રણ હજાર નકલો ગુજરાતીમાં છપાશે. એક તીર્થના અનેક પેજ હશે તેમાં એક જ પેજમાં શુભેચ્છકનું નામ છપાશે બીજા પેજમાં બીજાનું છાપી શકાશે. વહેલો તે પહેલો તે રીતે શુભેચ્છકના નામ લખાશે.

શુભેચ્છક એક નકલ મળતાં બાકી ૨૦૦૦ રૂામાં ૩ હજાર નકલમાં નામ ગણતાં ૬૭ પૈસામાં એક તીર્થનો લાભ મળશે. માટે શુભેચ્છક બનવામાં વિલંબ ના કરશો.

ગ્રંથમાં પ્રેરકો, શુભેચ્છકો તથા ગ્રાહકોનું લીસ્ટ પણ છપાશે. સુખી ઉદાર ભાવિકો ૫-૧૦ પેજનાં શુભેચ્છક બની લાભ લે તે ઉત્તમ પ્રેરણા રૂપ ગણાશે. જ્ઞાનખાતાથી ગ્રાહક થઇ શકાશે. પરંતુ શુભેચ્છક બની શકાશે નહિ.

આપ તથા આપના વર્તુલમાં શુભેચ્છક નોંધાવી તથા ગ્રાહક બની બનાવી સહકાર આપશો એવી નમ્ર વિનંતિ છે.

શુભેચ્છક તથા ગ્રાહકના નામ તથા રકમ મોકલવા તાકીદ કરો.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા [લાખાબાવળ]

Co. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) **INDIA**
[એ નામના ડ્રાફ્ટ ચેક વિગેરે અગર રોકડા રૂબરૂ નીચેના સરનામે આપી શકાશે]

પ્રથમ ભાગમાં આવનારા તીર્થો આદિની યાદી

ગુજરાત વિભાગ

ભાવનગર જીલ્લો–

(૧) **શત્રુંજય મહાતીર્થ** ૧. નરશી કેશવજી ટુંક ૨. ચોમુખજી ૩ મોતીશા ટુંક ૪. બાલાભાઈ ટુંક ૫. સાકરચંદ ટુંક ૬. ઉજમબાઇ ટુંક ૭. હેમાભાઈ વખતચંદ ટુંક ૮. મોતીની ટુંક ૯. ઉજમબાઇ તથા સાકરવસી ૧૦. ઘેટી પાગ તથા શત્રુંજય શણગાર ૧૧. ઘેટી પાગ હેર ૧૨. ઘેટી પાગ પાદુકા ૧૩. ૧૦૮ તીર્થ સમવસરણતીર્થ ૧૪. આગમ-મંદિર આદિ દ્રશ્ય ૧૫. શત્રુંજય મૂલનાયક શ્રી આદિશ્વર દાદા ૧૬. દાદાની ટુંક.

કદમ્બગિરિ તીર્થ

૧. શ્રી આદિશ્વરજી ૨. દેરાસર વ્યૂહ ૩. **તાલધ્વજ** ગિરિતીર્થ ૧. સાચા સુમતિ-નાથજી ૨. દેરાસર વ્યૂહ ૩. તલાજા ડુંગર દ્રશ્ય (૪) **હસ્ત** ગિરિતીર્થ ૧. આદિશ્વર પાદુકા ૨. પાદુકા હેરી ૩. હસ્તગિરિ દર્શન ૪. શ્રી આદિશ્વરજી (૫) **શત્રુંજય** હેમતીર્થ ૧. દેરાસર ૨. પાર્શ્વનાથજી (૬) **ભાવનગર**–૧. આદિશ્વર દેરાસર ૨. આદિશ્વરજી ૩. દાદા-સાહેબ મહાવીરસ્વામી ૪. દાદા સાહેબ દેરાસર (૭) **ઘોઘાતીર્થ**–૧. નવખંડા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૮] **દાઠાતીર્થ**–શાંતિનાથજી ૨. દેરાસર (૯) **વરતેજ**–૧. સંભવનાથજી ૨. દેરા-સર (૧૦) **મહુવા**–૧. જીવીતસ્વામી ૨. દેરાસર ૩. નેમિસૂ.મ. (૧૧) **આવરકુંડલા** ૧.ધર્મ-નાથજી ૨. દેરાસર (૧૨) **કીર્તિધામ પીપરલા તીર્થ** ૧. સીમંધર સ્વામી ૨. દેરાસર (૧૩) **શિહોર**-૧.સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૪) **ઘોળા જંકશન**-૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૧૫) **પરબડી** ૧. સુમતિનાથજી ૨. દેરાસર (૧૬) **વલભીપુર તીર્થ**–૧. આદિ-શ્વરજી ૨. દેરાસર ૩. ૫૦૦ આચાર્ય (૧૭) **કારીયાણી**–શાંતિનાથજી ૨. દેરાસર (૧૮) **બોટાદ** ૧. આદિશ્વરજી ૨. દેરાસર

જુનાગઢ જિલ્લો

(૧) ગીરનાર તીર્થ–૧. સંપ્રતિરાજ મંદિરની કોરણી ૨. સંગ્રામ સોનીની ટુંક શ્રી પાર્શ્વ નાથજી ૩. કુમારપાળ ટુંક શ્રી અભિનંદન સ્વામી ૪. તળેટી દશ્ય ૫. સંગ્રામ સોની ટુંક ૬. કુમારપાળ ટુંક ૭. ચૌમુખજી ટુંક દશ્ય ૮. મૂળનાયક શ્રી નેમિનાથજી ૯. મૂળનાયક આદિ મંદિરો ૧૦. સામુહિક મંદિરો ૧૧. સામુહિક મંદિરો ૧૨. ૧લી ટુંકનું દશ્ય ૧૩. ઉપરથી ૧લી ટુંક ૧૪. શેષાવન જિનમંદિર ૧૫. ટુંકમાંથી નેમિનાથજી ૧૬. શેષાવન પાદુકા ૧૭. શેષાવન નેમિનાથ પાદુકા ૧૮. તળેટી આદિશ્વર મંદિર ૧૯ તળેટી દશ્ય ૨૦. નેમિનાથજી (ગીરનાર) શીતલનાથજી (સોરઠ વંથલી) (૨) સોરઠવંથલી ૧. શીતલનાથજી ૨. દેરાસર (૩) આદી–૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૪) ચોરવાડ–૧. ચિંતામણી પાર્શ્વ નાથજી ૨. દેરાસર (૫) માંગરોળ–નવ પલ્લવ પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. મેરૂ રચના (૬) વેરાવળ–૧. સુમતિનાથજી ૨. દેરાસર (૭) પ્રભાસપાટણ તીર્થ–૧. ચંદ્રપ્રભ સ્વામી ૨. દેરાસર (૮) દીવ–૧. નેમિનાથજી ૨. દેરાસર ૩. નવલખા પાર્શ્વનાથ ૪. દેરાસર (૯) અજાહરાતીર્થ ૧. અજારા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૦) દેલવાડા ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૧) ઉના ૧. આદિશ્વરજી ૨. દેરાસર ૩. હીરસૂ.મ.પાદુકા ૪. હીરસૂ.મ. દેરી દાદાવાડી (૧૨) પોરબંદર ૧. શાંતિનાથજી ૨. દેરાસર ૩. વાસુ પૂજય-સ્વામી (૧૩) બરેજાતીર્થ ૧. બરેજા પાર્શ્વનાથજી ૨. દેરાસર

અમરેલી જીલ્લો :

૧. અમરેલી ૧. સંભવનાથજી ૨. દેરાસર (૨) બાબરા ૧. વિમલનાથજી ૨. દેરા-સર (૩) લાઠી ૧. શાંતિનાથજી ૨. દેરાસર.

રાજકોટ જીલ્લો.

૧. રાજકોટ ૧. માંડવી ચોક સુપાર્શ્વનાથજી ૨. દેરાસર ૩ લોંયરામાં આદીશ્વરજી ૪. પ્રહલાદ પ્લોટ–મહાવીર સ્વામી ૫. દેરાસર ૬. વર્ધમાનનગર–સંભવનાથજી ૭. દેરા-સર ૮. રણછોડનગર–સુમતિનાથજી ૯. દેરાસર ૧૦.અમૃત સૂ. મ. ગુરુમુર્તિ (૨) જેતપુર ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૩) ધોરાજી ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૪) જામ કંડો-રણા ૧. આદિનાથજી ૨. દેરાસર (૫) વીંછીયા ૧. શાંતિનાથજી ૨. દેરાસર ૩ અમૃત સૂ. મ. પાદુકા ૪. અમૃત સૂ. મ. ગુરુમંદિર (૬) પડધરી ૧. વિમલનાથજી ૨. દેરાસર (૭) વાંકાનેર ૧. અજિતનાથજી ૨. દેરાસર (૮) મોરબી ૧. ધર્મનાથજી ૨. દેરાસર ૩. ગીરનાર નેમિનાથજી ૪. શત્રુંજય–આદીશ્વરજી (૯) બેલા ૧. પદ્મપ્રભુજી ૨ દેરાસર.

જામનગર જીલ્લો.

(૧) **જામનગર** ૧. ચાંદી બજાર દેરાસર ૨. વ્યુહ ૩. ભાભા પાર્શ્વનાથજી ૪. (ચોરીવાળા)–શાંતિનાથજી ૫. વર્ધમાન શાહ–શાંતિનાથજી ૬. આદીશ્વરજી (શેઠજી) ૭ નેમિનાથજી (૮૭ હજાર) ૮. દિગ્વિજય પ્લોટ–વિમલનાથજી ૯. દેરાસર ૧૦. હાથી ૧૧ ઓસવાળ કો. ચંદ્રપ્રભુજી ૧૨. દેરાસર (૨) **ધુંવાવ** ૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૩) **અલીયાબાડા** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૪) **જામ વંથલી** ૧. અનંતનાથજી ૨. દેરાસર (૫) **પ્રોળ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૬) **જોડીયા** ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર (૭) **આમરણ** ૧ શાંતિનાથજી ૨. દેરાસર (૮) **મોટા વડાલા** ૧. ચંદ્રપ્રભુજી ૨. દેરાસર (૯) **કાલાવાડ–શીતલા** ૧. નેમિનાથજી ૨. દેરાસર (૧૦) **મોટી લલસાણ તીર્થ** ૧, સપ્તફણા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૧) **ચેલા** ૧. અજીતનાથજી ૨. દેરાસર (૧૨) **ડબાસંગ** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૩) **શેતાલુંશ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૧૪) **લાલપુર** ૧. ધર્મનાથજી ૨. દેરાસર (૧૫) **જામ ભાણવડ** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૬) **જામખંભાલીયા** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. સ્ટેશન આદીશ્વરજી ૪. દેરાસર ૫. કુંદકુંદ સૂ. મ. મુર્તિ ૬. સમાધિ મંદિર (૧૭) **નવું હરિપુર** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૧૮) **ગોઠંજા** ૧. નેમિનાથજી ૨. દેરાસર (૧૯) **નાના આંઢા** ૧. સુવિધિનાથજી ૨. દેરાસર (૨૦) **મોટા આંઢા** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૨૧) **દાંતા** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૨૨) **આરાધના ધામ–હાલાર તીર્થ** ૧ મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. દેરાસર નકશી ૪. ઉપાશ્રય ૫. મહાસેન વિ. મ. સમાધિ મંદિર ૬. મુખ્ય પ્રવેશ (૨૩) **બડાલીયા સિંહણ** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૨૪) **કાકાણાઇ સિંહણ** ૧. નમિનાથજી ૨. દેરાસર (૨૫) **રાસંગપુર** ૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૨૬) **ગોઠપર તીર્થ** ૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૨૭) **પડાણા** સંભવનાથજી ૨. દેરાસર (૨૮) **ગાગવા** ૧. શંખેશ્વરા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૨૯) **મુંગણી** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૩૦) **સીક્કા** ૧. સુમતિનાથજી ૨. દેરાસર (૩૧) **મોટી ખાવડી** ૧ ચંદ્રપ્રભુજી ૨. દેરાસર (૩૨) **નવાગામ જૈનપુરી** ૧. ચંદ્રપ્રભાશ્રીજી ૨. દેરાસર (૩૩) **વસઇ** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૩૪) **રાવલસર** ૧. શાંતિનાથજી ૨. દેરાસર ઉપાશ્રય (૩૫) **લાખાબાવળ–શાંતિપુરી** ૧. શાંતિનાથજી ૨. દેરાસર ૩. હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર (૩૬) **નાઘેડી** ૧ મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર

સુરેન્દ્રનગર જિલ્લો :

(૧) **સુરેન્દ્રનગર** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. ૨૪ જિનાલય ૩. વીઠલપ્રેસ–મહાવીર

સ્વામી ૪. દેરાસર ૫. જંકશન સાવત્થી–સંભવનાથજી ૬. દેરાસર (૨) **વઢવાણ શહેર** ૧ આદીશ્વર ૨. દેરાસર ૩. ચોમુખજી (પ્રાચીન) ૪. શાંતિનાથજી ૫. દેરાસર ૬. નદીમા વર્ધમાન તીર્થ મહાવીર ચરણ પાદુકા ૭. દેરી (૩) **શીયાણી તીર્થ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૪) **લીંબડી** ૧. બાહુ સ્વામી ૨. શાંતિનાથજી ૩. શાંતિનાથજી દેરાસર (૫) **ચુડા** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૬) **ડોળીયા–નેમીશ્વર તીર્થ** ૧. શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્ર ૨. દેરાસર ૩. ઉપર ધાતુમય અદ્વિતિય શંખેશ્વરા પાર્શ્વનાથજી (૭) **થાન** ૧. અજિતનાથજી ૨. દેરાસર ૩. તરણેતર રોડ શ્રી સુમતિનાથજી ૪. રામજી ભાઈનું દેરાસર (૮) **ધ્રાંગધ્રા** ૧. અજીતનાથજી ૨. દેરાસર (૯) **હળવદ** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૧૦) **બજાણા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૧) **ઉપરીયાળાજી તીર્થ** ૧. અદિનાથજી ૨. દેરાસર (૧૨) **પાટડી** ૧ જીરાવલા પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. દાન સૂ. મ. મુર્તિ (૧૩) **જૈનાબાદ** ૧. શામળા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૪) **દસાડા** શાંતિનાથજી ૨. દેરાસર (૧૫) **વડગામ** ૧. ઋષભદેવજી ૨. દેરાસર.

કચ્છ જીલ્લો :

[૧] **ભદ્રેશ્વરજી તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. જુના મુ. પાર્શ્વનાથજી ૪. દેરાસર સન્મુખ [૨] **મુંદ્રા** ૧. ચિંતામણિ પાર્શ્વનાથ ૨. મહાવીર સ્વામી ૩. દેરાસર [૩] **ભુજપુર** ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર. [૪] **મોટી ખાખર** ૧. આદીશ્વરજી ૨. દેરાસર [૫] **નાની ખાખર** ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૫] **માંડવી** ૧. મેઘજી સોજપાળ આશ્રમ શાંતિનાથજી ૨. દેરાસર ૩. શાંતિનાથ દેરાસર ૪. કાચનું દેરાસર–ધર્મનાથજી ૫. શીતલનાથજી ૬. ભીડભંજન પાર્શ્વનાથજી [૬] **સુથરી તીર્થ** ૧. ઘૃતકલ્લોલ પાર્શ્વનાથજી ૨. દેરાસર [૭] **કોઠારા તીર્થ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર ૩. સુમતિનાથજી ૪. ભવ્ય ગોખ [૮] **તેરા તીર્થ** ૧. જીરાવલા પાર્શ્વનાથજી (૨૫૦૦ વર્ષ) ૨. શામળીયા પાર્શ્વનાથજી (૫૦૦ વર્ષ) ૩. દેરાસર [૯] **નલીયા તીર્થ** ૧. ચંદ્ર પ્રભુજી ૨. મુ. શાંતિનાથજી ૩. દેરાસર [૧૦] **જખૌ** ૧ મહાવીર સ્વામી. ૨. દેરાસર [૧૧] **ભુજ** ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૨] **અંજાર** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર [૧૩] **ભચાઉ** ૧. અજીતનાથજી ૨. મનમોહન પાર્શ્વનાથજી [૧૪] **કટારીયા તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૧૫] **લાકડીયા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૧૫] **પલાંસવા** ૧. શાંતિ નાથજી ૨. દેરાસર.

બનાસકાંઠા જીલ્લો :

[૧] **સાંતલપુર** ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર ૩. મુ. અનંત નાથજી ૪. સમુહ

દેરાસર [૨] **રાધનપુર** ૧. સપ્તફણા પાર્શ્વનાથજી ૨. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૩] **ભીલડીયાજી તીર્થ** ૧. ભીલડીયા પાર્શ્વનાથજી ૨. સહસ્રફણા પાર્શ્વનાથજી ૩. દેરાસર ૪. બાહ્ય દશ્ય ૫. સન્મુખ દશ્ય [૪] **ડીસા** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૫] **ઋણીતીર્થ** ૧. ગોડી પાર્શ્વનાથજી ચરણ પાદુકા ૨. દેરાસર ૩. નવું દેરાસર [૬] **પાલણપુર** ૧. પલ્લવીયા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૭] **દાંતા** ૧ શાંતિનાથજી ૨. દેરાસર [૮] **ભાભર** ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર [૯] **વાવ** ૧. ગોડી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૦] **થરા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૧૧] **ખીમત** ૧. ચંદ્રપ્રભુજી ૨. દેરાસર [૧૨] **પાંથાવાડા** ૧. આદીશ્વરજી ૨. દેરાસર [૧૩] **ધાનેરા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૧૪] **હુવા** ૧. અમીઝરા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૫] **થરાદ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. બાજુમાં આદીશ્વરજી ૪. મુ. વિમલનાથજી ૫. બાજુ પાર્શ્વનાથજી ૬. બાજુ મહાવીર સ્વામી [૧૬] **ઢીમા** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૭] **ભોરોલ તીર્થ** ૧. નેમિનાથજી ૨. દેરાસર [૧૮] **કુંભારીયાજી તીર્થ** ૧. નેમિનાથજી ૨. નેમિનાથજી ૩. સાધ્વી દશ્ય ૪. દેરાસર દશ્ય.

મહેસાણા જીલ્લો :

[૧] **કંબોઇ તીર્થ** ૧. મનમોહન પાર્શ્વનાથજી ૨. દેરાસર [૨] **હારીજ** ૧. નેમિનાથજી ૨. દેરાસર [૩] **વિજાપુર** ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. સ્કુલીંગ પાર્શ્વનાથજી ૪. દેરાસર [૪] **આગલોડ** ૧. સુમતિનાથજી ૨. દેરાસર [૫] **મોંઢેરા** ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર [૬] **મહેસાણા** ૧. સીમંધર સ્વામી ૨. તીર્થ ૩. શહેર મનમોહન પાર્શ્વનાથ ૪. દેરાસર [૭] **ગાંભુ તીર્થ** ૧. ગંભીરા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૮] **ધીણોજ** ૧. શીતલનાથજી ૨. દેરાસર [૯] **ચાણસ્મા** ૧. ભટેવા પાર્શ્વનાથ ૨. દેરાસર [૧૦] **રૂપપુર તીર્થ** ૧. નેમિનાથજી ૨. દેરાસર [૧૧] **પાટણ** ૧. પંચાસરા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૨] **ચારૂપ તીર્થ** ૧. શામળા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૩] **મેત્રાણા તીર્થ** ૧ આદીશ્વર ૨. દેરાસર [૧૪] **સિધ્ધપુર** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૧૫] **તારંગા તીર્થ** ૧. અજીતનાથજી ૨. દેરાસર [૧૬] **વડનગર** ૧ મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. અદબદજી આદીશ્વરજી ૪. કલાકૃતિ [૧૭] **વીસનગર** ૧. કલ્યાણી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૧૮] **ઉંઝા** ૧. કુંથુનાથજી ૨. દેરાસર [૧૯] **વાલમ તીર્થ** ૧. નેમિનાથજી ૨. દેરાસર [૨૦] **શંખલપુર તીર્થ** ૧. શાંતિનાથજી ૨. નીચે નવખંડા પાર્શ્વનાથજી ૩. દેરાસર [૨૧] **કડી** ૧. આદીશ્વરજી ૨. દેરાસર [૨૨] **કલોલ** ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર [૨૩] **લોલાડા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૨૪] **કનેરા** ૧. ઉ. યશોવિજયજી મ. મંદિર ૨. સરસ્વતી

મંદિર [૨૫] **મુંજપર** ૧. શાંતિનાથજી ૨. ગોડી પાર્શ્વનાથજી ૩. ગોડી દેરાસર [૨૬] **શંખેશ્વર તીર્થ** ૧. શંખેશ્વરા પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. આગમ મંદિર મહાવીર સ્વામી ૪. દેરાસર ૫. પાર્શ્વનાથજી ૬. ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ [૨૭] **પંચાસર** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૨૮] **રાંતેજ તીર્થ** ૧. નેમિનાથજી ૨. દેરાસર ૩. સરસ્વતી [૨૯] **લોયણી તીર્થ** ૧. મલ્લિનાથજી ૨. દેરાસર [૩૦] **વામજ તીર્થ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર [૩૧] **શેરીશા તીર્થ** પાર્શ્વનાથજી ૨. દેરાસર [૩૨] **પાનસર તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૩૩] **નંદાસણ તીર્થ** ૧. મનમોહન પાર્શ્વનાથજી.

સાંબરકાંઠા જીલ્લો :

[૧] **હિંમતનગર** ૧. મહાવીર સ્વામી ૨. આંબાપુરીથી આવેલ પ્રતિમા ૩. દેરાસર [૨] **ટીંટોઇ** ૧. મુહરી પાર્શ્વનાથજી ૨. દેરાસર [૩] **નાના પોશીના** ૧. પોશીના પાર્શ્વનાથજી ૨. દેરાસર [૪] **મોટા પોશીના તીર્થ** ૧. મહાવીર સ્વામી તીર્થ ૨. દેરાસર [૫] **ઇડર તીર્થ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૬] **વડાલી** ૧. અમીઝરા પાર્શ્વનાથજી ૨. દેરાસર [૭] **ખેડ બ્રહ્મા** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. આદીશ્વરજી.

ગાંધીનગર જીલ્લો :

[૧] **ગાંધીનગર** ૧. શંખેશ્વરા પાર્શ્વનાથ ૨. દેરાસર [૨] **કોબા** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર.

અમદાવાદ જિલ્લો

(૧) કર્ણાવતી (અમદાવાદ) તીર્થ

૧. ધર્મનાથજી (હઠીસીંગ) ૨. હઠીસીંગ દેરાસર ૩. ઉશ્માનપુરા સંભવનાથજી ૪. દેરાસર ૫. સાબરમતી–ચિંતામણિ પાર્શ્વનાથજી ૬. દેરાસર ૭. હાલાપોળ-શાંતિનાથજી (૮) **નિશા-પોળ**-જગવલ્લભ પાર્શ્વનાથજી ૯. કાળુશીપોળ ચિંતામણી પાર્શ્વનાથજી ૧૦. સંભવનાથજી ૧૧. ગાંધીરોડ–મહાવીર સ્વામી ૧૨. દેરાસર (૨) **થલતેજ તીર્થ** ૧. ચિંતામણી પાર્શ્વ-નાથજી ૨. ઋષભદેવજી ૩. દેરાસર (૩) **સરખેજતીર્થ**–૧. વાસુ પૂજ્યસ્વામી ૨. દેરાસર (૪) **બાવળા** ૧. આદિશ્વરજી ૨. દેરાસર (૫) **સાવત્થી તીર્થ** ૧. સંભવનાથજી ૨. દેરા-સર (૬) **કોંઢ** ૧. દેરાસરજી (૭) **ધોળકા–કલિકુંડ–તીર્થ**–૧. આદિશ્વરજી ૨. દેરાસર ૩. કલિકુંડ પાર્શ્વનાથજી ૪. કલિકુંડ તીર્થ (૮) **બારેજા** ૧. પ્રભુજી ૨. દેરાસર (૯) **બર-વાળા** ૧. પદ્મપ્રભ સ્વામી ૨. દેરાસર (૧૦) **રાણપુર**–૧.જુના શાંતિનાથજી ૨. મોટીનું દેરાસર ૩. પ્રભૂજી (૧૧) **અલાઉ** ૧. વાસુ પૂજ્યસ્વામી ૨. દેરાસર ૩. અમૃતસૂ.મ.મૂર્તિ (૧૨)**ધંધૂકા**–૧. આદિશ્વરજી ૨. દેરાસર ૩. શાંતિનાથજી ૪. હેમચંદ્રાચાર્ય મ. મૂર્તિ

(૧૩) **વિરમગામ**–૧. શાંતિનાથજી (૧૪) **માંડલ**–૧.શાંતિનાથજી ૨. પાર્શ્વનાથજી ૩. બીજું દેરાસર

ખેડા જીલ્લો

(૧) **ખેડા**–૧. અમીઝરા પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. ભીડભંજન પાર્શ્વનાથજી ૪. દેરાસર (૨) **માતર તીર્થ**–સાચા સુમતિનાથજી ૨. દેરાસર (૩) **સોજીત્રા**–૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. મોતીશાનું મંદિર અજીતનાથજી ૪. દેરાસર ૫. શેઠ મોતીશા (૪) **તારાપુર** ૧ ભીડ ભંજન પાર્શ્વનાથજી (૫) **પેટલાદ**–૧. કલ્યાણ પાર્શ્વનાથ (૬) ન ૨.શાંતિનાથજી (૭) **સ્તંભન તીર્થ (ખંભાત)** ૧. સ્થંભન પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. ચિંતામણિ પાર્શ્વનાથજી ૪. દેરાસર ૫. હઉવણનગર–મહાવીર સ્વામી ૬. દેરાસર ૭. સીમંધર સ્વામી ૮. માણેક ચોક પ્રાચીન પ્રતિમા ૯. આદીશ્વરજી (લોંયરામાં) ૧૦. સ્થંભન પાર્શ્વનાથજી લોંયરામાં બજાર ૧૧. નેમિનાથજી (જરાબવાળો લોંયરામાં) ૧૨. પ્રેમ સૂ. મ. મૂર્તિ (૮) **બોરસદ** ૧. શામળા પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. બારીપુરા (૯) **ઉમેટા** ૧. સુમતિનાથજી ૨. દેરાસર (૧૦) **વાસદ** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૧૧) **આંકોલી** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૧૨) **આણંદ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૩) **નડીયાદ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર.

કપડવંજ જીલ્લો :

૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર.

પંચમહાલ જીલ્લો :

(૧) **ગોધરા** ૧. શાંતિનાથજી (બે બાજુ શ્રેયાંસનાથજી શાંતિનાથજી ૨. દેરાસર (૨) **પરોલી તીર્થ** ૧. નેમિનાથજી ૨ દેરાસર (૩) **પાવાગઢ તીર્થ** ૧. ચિંતામણી પાર્શ્વનાથજી ૨. દેરાસર (૪) **દાહોદ** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર.

વડોદરા જીલ્લો :

(૧) **વડોદરા** ૧. ઘડીયાળી પોળ, શાંતિનાથજી ૨. દેરાસર ૩. કોઠીપોળ, શાંતિનાથજી ૪. દેરાસર (૨) **છાણી** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૩) **પાદરા** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૪) **અણુસ્તુ** ૧. પ્રભુજી ૨. દેરાસર (૫) **દરાપરા** ૧. પ્રભુજી ૨. દેરાસર (૬) **કરજણ** ૧. નેમિનાથજી ૨. દેરાસર (૭) **મીયાંગામ** ૧. મનમોહન પાર્શ્વનાથજી ૨ દેરાસર (૮) **બોડેલી તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૯) **દર્ભાવતી [ડભોઇ) તીર્થ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. પ્રગટ પાર્શ્વનાથજી ૪. લોઢણ પાર્શ્વનાથજી ૮. શ્રીમાળીવાગા દેરાસર.

ભરૂચ જીલ્લો :

(૧) **કાવી તીર્થ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (સાસુનું) ૩. ધર્મનાથજી ૪. દેરાસર (વહુનું) (૨) **જંબૂસર** ૧. પદ્મ પ્રભુજી ૨. દેરાસર (૩) **ગંધાર તીર્થ** ૧. અમીઝરા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૪) **વણછરા તીર્થ** ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી (૫) **દહેજ તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૬) **વેજલપુર** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૭) **સમણી વિહાર તીર્થ ભરૂચ** ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર (૮) **આમોદ** ૧. પ્રભુજી ૨. દેરાસર (૯) **અલીપોર તીર્થ** ૧. પ્રભુજી ૨. દેરાસર (૧૦) **કુરાલ** ૧. પ્રભુજી ૨. દેરાસર (૧૧) **અંકલેશ્વર** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૨) **ઝઘડીયાજી તીર્થ** : આદીશ્વરજી ૨. દેરાસર (૧૩) **નીકોરા તીર્થ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર. (૧૪) **રાજ પીપળા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૫) **શુકલ તીર્થ** ૧. આદીશ્વરજી

સુરત જીલ્લો :

(૧) **સુરત** ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. સચ્ચામપુરા, દેરાસર ૪. આગમ મંદિર મહાવીર સ્વામી ૫. ૧૦૮ તીર્થ દર્શન સુવિધિનાથજી (૨) **રાંદેર તીર્થ** ૧. જીરાવાલા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૩) **માંગરોળ** ૧. પ્રભુજી ૨. દેરાસર (૪) **માંડવી** ૧. પ્રભુજી ૨. પ્રભુજી દેરાસર (૫) **બારડોલી** ૧. પ્રભુજી ૨. દેરાસર.

વલસાડ જીલ્લો :

(૧) **નવસારી** ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. જલાલપોર, શાંતિનાથજી ૪. દેરાસર ૫. કમલ સૂ. મ. મૂર્તિ (૨) **તપોવન** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૩) **બીલીમોરા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૪) **વલસાડ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૫) **ઉદવાડા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૬) **બગવાડા** ૧. અજીતનાથજી ૨. દેરાસર (૭) **વાપી** અજીતનાથજી ૨. દેરાસર (૮) **સેલવાસ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૯) **અચ્છારી** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૧૦) **દાદરા** ૧. શીતલનાથજી ૨. દેરાસર (૧૧) **દમણ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર.

રાજસ્થાન રાજ્ય

[૧] **જીરાવલા તીર્થ** ૧. પાર્શ્વનાથજી ૨. પ્રાચીન જીરાવાલા પાર્શ્વનાથજી ૩. મહાવીર સ્વામી ૪. દેરાસર ૫. ધર્મશાળા (૨) **સુંગથલા તીર્થ** ૧. મહાવીર સ્વામી [૨૫૦૦ વર્ષ] ૨. દેરાસર [૩] **રેવદર** ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૪] **વરમાણ તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર [૫] **ગુલાબગજ** ૧. જુના પાર્શ્વનાથજી ૨. દેરાસર

(૬) **શિરોહી** ૧. ગોડી પાર્શ્વનાથજી ૨. દેરાસર. [૭] **મીરપુર** (હમીરગઢ તીર્થ) ૧. ગોડી પાર્શ્વનાથજી ૨. સન્મુખ દૃશ્ય ૩. નકશી. [૮] **સિરોહી** ૧. ઋષભદેવજી ૨. દેરાસર ૩. બીજા દેરાસર આદીશ્વરજી ૪. દેરાસર સમુહ (૯) **બામણવાળાજી તીર્થ** ૧. મહાવીર સ્વામી ૨. મહાવીર સ્વામી પાદુકા ૩. દેરાસર વ્યુહ (૧૦) **વીરવાડા તીર્થ** ૧. વિમલનાથજી ૨. ગામમાં વિમલનાથજી ૩. મહાવીર સ્વામી (૧૧) **નાંદીયા તીર્થ** ૧. જીવીત સ્વામી ૨. વ્યુહ ૩. વીર પ્રભુ ચરણ સ્થાન. (૧૨) **કોજરા તીર્થ** ૧. સંભવનાથજી ૨. દેરાસર વ્યુહ. ૩. જુના મુનિસુવ્રત સ્વામી (ગોખમાં) (૧૩) **પેશવા તીર્થ** ૧. કુંથુનાથજી ૨. દેરાસર (૧૪) **અજારી તીર્થ** ૧. મહાવીર સ્વામી (૨૫૦૦ વર્ષ) ૨. દેરાસર સન્મુખ ૩. પાછળ આદીશ્વરજી ૪. હેમચંદ્રાચાર્ય મ. (૧૦૦૦ વર્ષ) (૧૫) **નાણા** ૧. જીવીત સ્વામી ૨. દેરાસર વ્યુહ [૧૬] **પીંડવાડા** ૧. વ્યુહ (૧૭) **બેડા** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૧૮) **જુના બેડા** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૯) **બીજાપુર** ૧. સંભવનાથજી ૨. દેરાસર (૨૦) **હથુંડી તીર્થ** ૧ સાતા મહાવીર ૨. સાતા મહાવીર ૩. ભોંયરામાં મહાવીર સ્વામી (૨૧) **સેવાડી** ૧. શાંતિનાથજી ૨. દેરાસર ૩. જુના મુ. મહાવીર સ્વામી (૨૨) **લુણાવા** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૨૩) **સેસલી** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૨૪) **બોથા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૨૫) **બાલી** ૧. વિમલનાથજી ૨. દેરાસર ૩. મનમોહન પાર્શ્વનાથજી (બીજા દેરાસર ૧૫૦૦ વર્ષ) (૨૬) **મુંડારા તીર્થ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૨૭) **સાદડી** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૨૮) **મુછાળા મહાવીર** ૧. મુછાળા મહાવીર ૨. દેરાસર (૨૯) **ધાણેરાવ** ૧ આદીશ્વરજી ૨. દેરાસર (૩૦) **રાજપુર** ૧. શાંતિનાથજી ૨. દેરાસર.

(૩૧) **રાણકપુર તીર્થ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર સાઈડ દૃશ્ય ૩. બીજા મુળનાયક ૩. ઘુંમટ ૪. સર્પસીડી. (૩૨) **સાયરા** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસરજી (૩૩) **મજાવડી** ૧. નવપલ્લી પાર્શ્વનાથજી ૨. દેરાસર (૩૪) **ગોગુંદા** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૩૫) **ઇસરાબ** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૩૬) **ઉદયપુર** ૧. પદ્મપ્રભુજી ૨. સહસ્રફણા પાર્શ્વનાથજી ૩. સહસ્રફણા પાર્શ્વનાથજી ૪. કલ્પવૃક્ષ પાર્શ્વનાથજી ૪.દેરાસર (૩૭) **આયહ** ૧. મુ. પાર્શ્વનાથજી ૨. આદીશ્વરજી ૩. સન્મુખ દેરાસર દૃશ્ય (૩૮) **સવિના** ૧. સવિના પાર્શ્વનાથજી ૨. દેરાસર (૩૯) **ભોપાલ સાગર-કરેડા તીર્થ** ૧. કરેડા પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. કરેડા પાર્શ્વનાથજી (જુના) (૪૦) **કેશરીયાજી** ૧. કેશરીયાજી આદીશ્વરજી ૨. દેરાસર (૪૧) **ચિતોડગઢ** ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. સમુહ દેરાસર ૪. હરિભદ્ર સૂ. મ. [૪૨] **પલાના** ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. જુના મુ. પાર્શ્વ-

નાથજી [૪૩] દેલવાડા દેલવાડા [ઉદયપુર] ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. કલ્પવૃક્ષ (૪૪) એકલીંગજી ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૪૫) અમનોર ૧. મૂ. પાર્શ્વનાથજી ૨. બીજું દેરાસર

(૪૬) કાંકોલી–દયાલ શાહ કિલ્લો ૧. આદીશ્વરજી ૨. દેરાસરજી [૪૭] કેલ્વા ૧. શાંતિનાથજી ૨. દેરાસર [૪૮] દેસૂરી ૧. વિમલનાથજી ૨ દેરાસર ૩. બીજા દેરાસર મુ. શાંતિનાથજી (૪૯) નાડલાઇ ૧. આદીશ્વરજી (શત્રુંજય) ૨. નેમિનાથજી (ગીરનાર) ૩. સમુહ દેરાસરજી (૫૦) નાડોલ ૧. પદ્મપ્રભુજી ૨. દેરાસર (૫૧) વરકાણા ૧ પાર્શ્વનાથજી ૨. દેરાસર [૫૨] બીજોવા ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી (૧૧૦૦ વર્ષ) ૨. દેરાસર (૫૩) રાણી ૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૫૪) બીમેલ ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૫૫) ફાલના ૧. શંખેશ્વરા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૫૬) ખૂડાલા ૧. ધર્મનાથજી ૨. દેરાસર (૫૭) સાંડેરાવ ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૫૮) તખતગઢ ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૫૯) ઉમેદપુર ૧. ભીડભંજન પાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૦) આહોર ગોડીપાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૧) જાલોર ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. સુવર્ણગિરિ દેરાસર (૬૨) શિવાના ૧. ગોડી પાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૩) સાલોતરા ૧. વિમલનાથજી ૨. દેરાસર ૩ જુના મૂ શીતલનાથજી [૬૪] જસોલ ૧. સુપાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૫) બાડમેર ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨ દેરાસર (૬૬) જેસલમેર ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૭) બ્રહ્મસર ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૬૮) લોદ્રવપુર ૧. સહસ્રફણા પાર્શ્વનાથજી ૨ દેરાસર ૩. નાગ પ્રગટ જગ્યા ૪. ઘુંમટ ૫. ગેઇટ (૬૯) અમરસર ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. જુના મૂ. આદીશ્વરજી [૭૦] પોકરણ ૧. ચિંતામણિપાર્શ્વનાથજી ૨. દેરાસર (૭૧) ફલોધી ૧. ગોડી પાર્શ્વનાથજી ૨. દેરાસર (૭૨) બીકાનેર ૧. આદીશ્વરજી ૨. દેરાસર ૩. સુમતિનાથજી ૪ દેરાસર (૭૩) ગોગેલાવ ૧. કુંથુનાથજી ૨. દેરાસર (૭૪) નાગોર ૧. આદીશ્વરજી ૨. દેરાસર ગેટ [૭૫] મેડતા સીટી ૧ આદીશ્વરજી ૨. સન્મુખ ગેઇટ [૭૬] નાકોડાજી તીર્થ ૧. નાકોડા પાર્શ્વનાથજી ૨. દેરાસર. ૩. જુના મુ. મહાવીર સ્વામી [૭૭] મેડતા રોડ ૧. ફલવર્દ્ધિપાર્શ્વનાથજી ૨. દેરાસર [૭૮] લાવણી ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર [૭૯] ઓસીયા ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. રત્નપ્રભ સૂ. મ. મૂર્તિ [૮૦] ગાગાણી ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. પિત્તળના આદીશ્વરજી (૧૬૦૦) [૮૧] જોધપુર ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. મુ. દેરાસર (૮૨) મંડોર ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસજી (૮૩) કાપરડાજી તીર્થ ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૮૪) પાલી ૧. નવપલ્લા પાર્શ્વ-

નાથજી ૨. દેરાસર ૩. જુના મહાવીર સ્વામી (૨૦૦૦ વર્ષ) (૮૫) **દત્તાણી** ૧ સીમંધર સ્વામી ૨. દેરાસર (૮૬) ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૮૭) **દબાણીક** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૮૮) **ઓર** ૧ આદીશ્વરજી ૨. દેરાસર (૮૯) **ભારજા** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૯૦) **દેલંદર** ૧. આદીશ્વરજી ૨. દેરાસર.

(૯૧) **લીમાના** ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર (૯૨) **રોહિડા** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર ૩. બાજુના દે. પાશ્વર્નાથજી (૯૩) **ભાવરિ** ૧. વાસુપૂજ્ય સ્વામી ૨. દેરાસર (૯૪) **નિતોડા** ૧. ચિંતામણિ પાર્શ્વનાથજી ૨. દેરાસર (૯૫) **દીયાણા** ૧ જીવીત સ્વામી મહાવીર સ્વામી ૨. દેરાસર (૯૬) **લોટાણા** ૧.આદીશ્વરજી ૨. દેરાસર (૯૭) **લાજ** ૧. ગોડી પાશ્વર્નાથજી ૨. દેરાસર (૯૮) **ધનાણી** ૧. પાર્શ્વનાથજી ૨. દેરાસર (૯૯) **બાદલા** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૧૦૦) **ઉથમણ** ૧. શંખેશ્વર પાશ્વર્નાથજી ૨. દેરાસર (૧૦૧) **ગોહિલી** ૧. નવફણા પાર્શ્વનાથજી ૨. દેરાસર (૧૦૨) **કોરટાજી** ૧. આદીશ્વરજી ૨. દેરાસર (૧૦૩) **બેગલરવી** મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. જુના મૂ. મહાવીર સ્વામી (૧૦૪) **જાકોડા** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૦૫) **બીવાન્દી** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૧૦૬) **બ્યાવર** શાંતિનાથજી ૨. દેરાસર (૧૦૭) **અજમેર** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૦૮) **જયપુર** ૧. દાદાવડી મહાવીર સ્વામી ૨. દેરાસર ૩. મુ. સુમતિનાથજી (૧૦૯) **અલવર** ૧. વાશ્રીપૂજ્ય સ્વામી ૨. વાસુ પૂજ્ય સ્વામી ૩. દેરાસર ૪. સવણ પાર્શ્વનાથજી ૫.-નીચે ચંદ્ર પ્રભુજી (૧૧૦) **આમેટ** ૧. દેરાસર ૨. ધુંમટ (૧૧૧) **ભંડવપુર** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૧૧૨) **ભીનમાલ** ૧. શાંતિનાથજી ૨. દેરાસર (૧૧૩) **સાચોર** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર (૧૧૪) **વડગામ** ૧. મહાવીર સ્વામી ૨. દેરાસર. ૩. મહાવીર સ્વામી ચરણ પાદુકા (૧૧૫) **મંડોર** ૧. શીતલનાથજી ૨. દેરાસર.

નાદરોબી ૧. મુનિસુવ્રત સ્વામી ૨. દેરાસર ૩. વેલજી વીરજી દેરાસર સંભવનાથજી ૪. દેરાસર **મોંબાસા** ૧. પાશ્વર્નાથજી ૨. દેરાસર–(થીકા) ૧. પ્રભુજી . ૨. દેરાસર **જાપાન કોબે** ૧. પ્રભુજી ૨. દેરાસર **લંડન–લેસ્ટર** ૧ પ્રભુજી દેરાસર

શીઘ્ર વાંચી તમારા મનગમતા તીર્થમાં ગુલેચ્છક નામ લખાવો. તરત જામનગર કે પ્રતિનિધિઓને મળો.

卐

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ સમ્યક્ પ્રકારે શ્રી જિનેશ્વર દેવના મતને પ્રકાશે તે ભાવાચાર્ય !

૦ ભૌતિક સુખ તે તો પુદ્ગલના ખેલ છે.

૦ માત્ર કપડાં બદલે માણસ બદલાતો નથી, હૈયું બદલે બદલાય છે.

૦ જીવમાં સાચી સમજ-દૃષ્ટિ પેદા થાય ત્યારથી સંસાર પ્રત્યે અભાવ અને મોક્ષ પ્રત્યે સદ્ભાવ બન્યે છે.

૦ શ્રી વીતરાગ દેવના સાધુ આત્માની ચિંતા કરનારા હોય, નહિ કે સંસારની.

૦ તમારા સંસારની ચિંતા, મુક્તિ માટે નીકળેલા કરશે તો મુક્તિની ચિંતા અને ધર્મની ચિંતા કોણ કરશે ?

૦ જે પોતાના આત્માની ચિંતા કરે, મોક્ષ વહેલો પમાય તેની ચિંતા કરે સારો ધર્મ કેવી રીતે થાય તેની ચિંતા કરે તેનું નામ સાધુ ! સાધુને પોતાના અને પારકાના આત્માની ચિંતા કર્યા વિના બીજી ચિંતા કરાય જ નહિ. સાધુ મંત્ર-તંત્ર વૈદક આદિ બંધુ જાણે પણ તમારા માટે તેનો ઉપયોગ કરે તો તે 'પાપ શ્રમણ' થઈ જાય.

૦ સંસારના સુખની ઇચ્છા તે જ મોટામાં મોટી અસમાધિ છે.

૦ જેઓ આ શાસ્ત્ર વાંચીને પણ સંસારનું પોષણ કરે, ઉન્માર્ગનું પોષણ કરે તેના માટે તો આ શાસ્ત્ર પણ શસ્ત્ર છે.

૦ સંસાર છોડાવનાર શાસ્ત્રો છે પણ સંસાર કેમ ચલાવવો તે બતાવનાર શાસ્ત્રો નથી. સંસારમાં જીવવું તો કેમ જીવવું તે બતાવે પણ વહેલો સંસાર છોડવા માટે પણ સંસારમાં રહેવા માટે નહિ.

૦ તમે સાધુના તમારે ત્યાં પગલાં એટલા માટે કરાવો છો કે ઘરમાં સોનૈયા વરસે. પણ પગલાં શ્રી. જૈનશાસનમાં ન હોય. જેને ઘર જ ગમતું હોય તેના ઘરે અમારાથી પગલાં કરવા જવાય ? જઈએ તો અમને તમારા ઘરનું અનુમોદન લાગે. ઘર વગરના અમે તમારા ઘરની અનુમોદનામાં મરીએ તો અમારો પણ સંસાર વધી જાય.

૦ નાટક-ચેટક કરી ધર્મ માટે પૈસા ભેગા કરવા તે ધર્મનો નાશ કરવાનું કામ છે.

પ્ર.– આજે તો આચાર્યાદિ પણ નાટકાદિમાં આશીર્વાદ આપે છે.

ઉ.– આ કાળમાં બધે બગાડ ઊભો થયો છે. તે બગાડને ધ્યાનમાં નહિ લેતા આપણે બગાડ ઊભો નથી કરવો. શક્તિ હોય તેટલું સારું કરવું છે અને આજ્ઞા મુજબ જીવવું છે.

૦ આપણે સંસારમાં કઠોર છીએ, ધર્મમાં સુકુમાલ છીએ !!!

- મને અસમાધિ ન થાય, મારી સમાધિ જીવંત રહે માટે જ 'ઇષ્ટફલ સિદ્ધિ માંગવાની છે આપણને હવે સમાધિનું કામ છે. સુખનું કામ નથી. આવતા દુઃખની ગભરામણ નથી હવે અસમાધિ જોઇતી નથી. દુઃખનો ભય નથી. અસમાધિનો ભય છે. સુખનો રસ નથી સમાધિનો જ રસ છે.
- સંસારની એક પણ ચીજ જેને સારી લાગે તેને નવકાર ગમ્યો નથી.
- દુનિયાનું સુખ જે ભગવાનને માને તે તેને ઇચ્છવા જેવા ન લાગે, પુણ્યથી મળે તો ભોગવવા ગમે નહિ અને ભોગવે તો રોગની માફક જ ભોગવે તે અમારા ભગવાનનો ભગત છે !
- સંસાર ગમે તેને ભગવાન ગમે તે [illegible] ખોટી છે. તેનો સંસાર વધવાનો છે. તે નરકાદિમાં ખૂબ ભટકવાનો છે. દાન ગમે અને પૈસો ગમે તે મુઓ જ પડયો છે
- દોષ ટાળવાનું અને ગુણ મેળવવાનું સ્થાન મંદિર અને ઉપાશ્રય છે માટે અમે મંદિર અને ઉપાશ્રયે જઇએ છીએ.
- આત્માને બગાડે તેનું નામ દોષ અને આત્માને સુધારે તેનું નામ ગુણ.
- સંસારી જીવો એવા તમે સંસારમાં આગળ વધો, તમારી સુખની સામગ્રી વધતી જાય, માન-પાન વધતા જાય, વિષય ભોગની સામગ્રી ખૂબ વધતી જાય, અર્થ-કામની અનુકુળતા થતી જાય ત્યારે તમને થાય કે હું ડુબી રહ્યો છું ફસાઇ રહ્યો છું લપસી રહ્યો છું, ભયંકર ભૂલો કરી રહ્યો છું ?
- અહંકાર સર્પ છે. ઝેરીલો છે. અહંકાર જેને આવે તેને ઝેર ચઢી જાય ને ? એ ઝેરથી પાગલ જેવો બની શું ન કરે તે કહેવાય ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિહાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

સાધુ સેવાનું ફળ

उपदेशः शुभो नित्यं,
दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्–
साधुसेवाफलं महत् ।।

હંમેશાં શુભ ઉપદેશ શ્રવણ ધર્મ આચરનાર આત્માઓનું દર્શન અને સ્થાને વિનય આ ત્રણ સાધુ સેવાનાં મહાફળ છે.

卐

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૧૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
ઝંપ, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

શાલિભદ્ર જ્યારે સંગમ હતો

ઘેર ઘેર જમાતી ખીરને જોઈને ગોવાળ સંગમે પોતાની ધન્યા નામની માતા પાસે જઈને ખીરની માંગણી કરી.

માતાએ કહ્યું, 'બેટા ! આપણા ગરીબ ઘરમાં ખીર કયાંથી હોય ?'

પોતાના સગા પેટના જણ્યાને એક ખીર જેવી ખીર ગોવાળ થઈને ખવડાવી ના શકવાથી માતાની મમતા કેટ-કેટલી વેદનાથી વલોવાઇ ગઇ છે તે આ બિચારો નાનો બાળક સંગમ કયાંથી સમજી શકે ?

બાળકે તો અણસમજથી ફરી-ફરીને ખીરની માંગણી કરવા માંડી. માતાને પૂર્વના વૈભવી દિવસો સાંભરી આવ્યા.

વીતેલા વર્ષોના વૈભવી જીવનનું વૈભવી સ્વમાન આજની દરિદ્રતાથી ઘાયલ થઇ ચૂકયું હતું.

સુખના દા'ડા માતાને સાંભરી આવ્યા. સગો પુત્ર વારંવાર ખીર માંગે છે છતાં એક ખીર જેવી વસ્તુ આપી નહિ શકવાથી માતા હિબકે હિબકા ભરી મુસકે મુસકે રડવા લાગી.

ધન્યાના કરૂણ રૂદનના દુઃખથી પીડાતા પાડોશીઓએ આવીને સાંત્વન-આપી દુઃખ-ભર્યા રૂદનનું કારણ પૂછ્યું.

માતાએ ગદ્‌ગદ અક્ષરોમાં કહ્યું આ બિચારો ખીર માંગે છે અને મા જેવી મા થઇને હું તેને આપી નથી શકતી.'

તરત જ પાડોશીઓએ ઘી-ખાંડ-દૂધ-ચોખા આપ્યા.

માતાએ તેમાંથી ખીર બનાવી.

રડી રડીને માંગી માંગીને મેળવેલી ખીર ખાવા સંગમ બેઠો છે.

અને... અને... ત્યાં જ કોઇ એક માસક્ષમણના તપસ્વી પારણા માટે સંગમના ઘરે જ પધારે છે.

ઝુરી ઝુરીને રોઇ રોઇને મેળવેલી ખીર ખાવાની તીવ્ર તાલાવેલી હોવા છતાં આવેલા આ મહાન તપસ્વી મુનિવરને જોઇને એક ગોવાળનો આ અબુધ બાળક વિચારે છે કે...'

"આ તો ચેતનવંતુ ચિંતામણી રત્ન છે, હાલતું ચાલતું કલ્પવૃક્ષ છે, માનવરૂપે કામધેનુ છે. સારૂ થયું. સારૂ થયુ. કે આ મહાસાધુ મારા ભાગ્યથી જ અહીં આવ્યા. નહિતર મારી જેવા ગરીબને આવા પાત્રનો સંગમ કયાંથી થાય ?

भाग्योदयेन केनापि ममाद्य समपद्यत ।
चित्तं वित्तं च पात्रं च त्रिवेणीसंगमो ह्ययम्

કોઇ પણ ભાગ્યોદયથી આજે મારે ચિત્ત, વિત્ત અને પાત્રનો આ ત્રિવેણી સંગમ થયો.

અને ભાવની ઉચ્ચત્તમ ધારામાં તણાતા તણાતા જ સંગમ કે તે ખીરનો થાળ મુનિવરના પાત્રમાં ઠાલવી દીધો.

આ દાનના પ્રભાવે સંગમ શાલિભદ્ર બન્યો.

ભારતદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
ચુનીલાલ મેઘજી ગુદકા (મુલુંડ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મેઘ (ચકચાળા)
પાલાચંદ પદમશી ગુદકા (થાણાગઢ)

વર્ષ ૫] ૨૦૪૮ આસો વદ ૯ મંગળવાર તા. ૨૦-૧૦-૯૨ [અંક ૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

ગાંભીર્યાદિ અનેકગુણનિધિ

પૂ. આ. શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મહારાજાના ગુણાનુવાદ:

—પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

(ગતાંકથી ચાલુ)

દુનિયામાં પણ તમે સમજો છો કે–જે કાંઇ કામ કરવું હોય તે તેના જાણકારને પૂછીને કરાય. તે માટે અભ્યાસ પણ કરો છો. શ્રી સંઘમાંથી જ્ઞાનાભ્યાસ નીકળી જવાથી ઘણું નુકશાન થયું છે. તમારે ત્યાંથી પણ ધર્મની બાબતનો અભ્યાસ નીકળી ગયો છે, સંસારની બાબતનો અભ્યાસ જીવતો છે. તમારો છોકરો વેપારાદિમાં હોંશિયાર હોય, છોકરી રસોઇમાં હોંશિયાર હોય પણ ધર્મમાં કાંઇ આવડતું ન હોય. આવડે તો ભલીવાર ન હોય. આ કલંક છે ને ?

આજે પાઠશાળા ચાલે છે પણ કેવી ? ઘરડી ડોશી જેવી. તમારા છોકરા પાઠશાળામાં જાય ? જે પાઠશાળામાં જાય તે રાતે ખાય ? અભક્ષ્ય ખાય ! અમે પણ પાઠશાળામાં ભણ્યા છીએ. પરીક્ષા પણ આપી છે. અમારા પાઠશાળાના શિક્ષક પોતે પ્રતિક્રમણ કરે અને વિદ્યાર્થીઓને પણ પ્રતિક્રમણ કરાવતા હતા. શરૂઆતમાં પાંચ તિથિ પ્રતિક્રમણ કરાવે પછી રોજની ટેવ પાડે. આજે આવી ટેવ પડે ખરી ? મોટા ભાગને બે પ્રતિક્રમણ પણ નહિ આવડતાં હોય, સામાયિક લેતાં પાળતાં પણ નહિ આવડતું હોય. ચૈત્યવંદન પણ નહિ આવડતું હોય !

આ મહાપુરુષ ગૃહસ્થપણામાં પણ સારૂં ભણેલાં હતાં, વડિલોની આજ્ઞા મુજબ

જીવતા હતા. તે ગુણ અહીં પણ ઉપયોગી બન્યો. અહીં પણ અનેકને જ્ઞાન ભણાવ્યું અને છેલ્લી ઉંમર સુધી ગુરુમહારાજની આજ્ઞા મુજબ જીવ્યા. ગુરુમહારાજની સેવા પણ એવી પણ કરી કે જેનું વર્ણન પણ ન થાય, ગુરુમહારાજે તેમને સમાધિ પણ છેક સુધી આપી. આ નજરે જોયું તે બધા યાદ કરે છે કે આવા ગુરુ શિષ્ય જોયા નથી!

આપણે ત્યાં આજ્ઞા મુજબ ધર્મ કરવાનો કહ્યો છે. આજ્ઞા સમજવા માટે જ્ઞાન જોઇએ. જ્ઞાન વગર આજ્ઞા સમજાય શી રીતે? જ્ઞાન નીકળી ગયું તેથી મોટું નુકશાન થયું છે. આગળ તો શ્રાવકો પણ એવા જ્ઞાની હતા કે અમને પણ ખબર પડે કે, આ શ્રાવકો આગળ જરાપણ પોલાણ નહિ ચાલે.

અમને તમારા ગુરુ કહયા છે. સુસાધુ તમારા ગુરુ ખરા ને? શ્રાવક શ્રાવિકાને, સાધુ-સાધ્વીના મા-બાપ કહયા છે. મા તરીકે સાધુ મહારાજને અને સાધ્વીજી મહારાજને કયે વખતે શું જોઇએ, ભણવાદિની કઇ સામગ્રી જોઇએ, બીજી કઇ ચીજનો અભ છે તેની કાળજી રાખે અને બાપ તરીકે જરાક ખામી જુએ તો પૂછે કે આ કેમ ચાલે? તમે આ ફરજ બજાવો છો ખરા? સાંભળવા છતાં સમજવાની કાળજી નથી રાખતા ને સાધુએ તો ઘણા ન સમજતા હોય છતાં ય એકાદ બે સમજી શકે તેવા હોય તો ય વ્યાખ્યાન આપવા બેસવું જોઇએ. બે-ચાર શ્રાવક આગળ પણ મેં વ્યાખ્યાન કર્યું છે.

પ્રશ્ન-થોડા શ્રાવક હોય તો પોઝીશનમાં ખામી આવે ને?

ઉ.-ઘણા આવે અને કોઇ માને નહિ તે ફજેતી કેટલી કહેવાય! ફજેતી થાય છે તે સમજતા નથી અને ખોટું સમજે છે!

અમારે સમજું શ્રાવકો જોઇએ છે. સમજેલું અમલમાં ન મુકે તે બને! સમજણ અમલમાં ન મુકી શકે તો પણ મહેનત તો ચાલુ હોય ને? તે મહેનત ચાલુ હોત તો મોટી ઉંમરના ય સાધુ હોત કાં નિવૃત હોત પણ વેપારાદિ કરતા ન હોત. પણ આજે સાચું ખોટું સમજવાની ચિંતા ય કોને છે? અને સમજણનો અમલ કરવાની બુદ્ધિ ય કોને છે? તમને વડિલની આજ્ઞા ગમવી જોઇએ. અને અમને શાસ્ત્રની આજ્ઞા ગમવી જોઇએ.

પ્રશ્ન-શાસ્ત્રો આજ્ઞા કરે અને ન માને તો શું કરવું?

ઉત્તર-તમારે ભણેલો-ગણેલો છોકરો બેઠો બેઠો ખાય. અને સુઇ રહે તો બાપ શું કરે? એમ જ કહે ને કે પાડો પાકયો છે!

જે છોકરો ઘરની આબરૂ બગાડે તેવો પાકયો હોય! તો પેપરમાં જાહેરાત પણ ચાલુ છે ને કે- "આને અમારા નામે કાંઇ ધીરવું નહિ. જો ધીરશે તો અમારી જોખમદારી નહિ."

પ્રશ્ન–આપ આવી જાહેરાત છપાવતા નથી ને ?

ઉત્તર–તમારી દયા ખાતર નથી છપાવતો ઘણા એવા છે કે જેને સમુદાયમાં ય રાખવા જેવાં નથી જેને જોઈને બીજા બગાડે છે. કાળ બહુ ખરાબ આવ્યો છે. અને લોક મોટે ભાગે મુરખ–અજ્ઞાન પાકયું છે. અમે કાંઇ કરીએ તો કહે કે 'મુંડયો શું કામ ?' કોઇ એમ ન કહે કે 'આપે આવું પગલું ભર્યું' તો અમે ય તપાસ કરીશું. આપની સાચી આજ્ઞા ન માને તો અમે સંસારમાં લઇ જઇશું અને સુધારીશું.

આજે તો ઘણો વિષમકાળ આવ્યો છે. આજે સાધુના સંબંધી આવે અને તેમના સાધુને અલમસ્ત જુએ તો કાંઇ ન પૂછે પણ શરીર સુકાયેલું જુએ તો તરત પૂછે કે–આમ કેમ ? સાધુના શરીરની ખબર પૂછો કે સંયમની ખબર પૂછો ?

આપણે ત્યાં શરીરની ખબર પૂછવાની નથી. પણ આત્માની ખબર પૂછવાની છે. ગુરુ પણ આત્માની ખબર લે. મા–બાપ કે વડિલ પણ આત્માની ખબર લે. તમે કોની ખબર લો છો ? તમારે ઘેર જન્મેલો અજ્ઞાન હોય. કશું સમજી શકતો ય ન હોય તો એને બહુ સાચવો ને ? સમજુ તો હજી પોતાનું ફોડી લે પણ આ બીચારો અણસમજુ શું કરે તો તેને સાચવો ખરા ? આજે તમારે ત્યા સમજુને લીલાલહેર છે. અને અણસમજુનું કોઇ ધ્યાન પણ રાખતું નથી. આ અકકલ મેળવવા જેવી છે. ભણેલો–ગણેલો પણ જો ઘરના મા–બાપનું કે વડિલનું ન માને તો તેને કાઢી મૂકવો જોઇએ. અને કહેવું જોઇએ કે–'મજુરી કરીને ખાઇશું, પણ તારૂં કમાયેલું ખાવું નથી. તે ખાવાથી અમારી પણ બુદ્ધિ બગડે !

પ્ર.–આજે ઉલટું થયું છે. છોકરાઓ મા–બાપને કાઢી મુકે છે.

ઉ.–કેમ ! તમે ધાર્મિક કાળજી ન લીધી માટે. ધાર્મિક કાળજી લીધી હોત તો તે પગમાં પડતા હોય.

મેં મારા જીવનમાં જોયું છે કે–એક સભામાં ૬૦ વર્ષના દિકરાને, તેના એશી વર્ષના બાપે ધોલ મારી. તેથી દીકરાની આંખમાં પાણી આવ્યા. કોઇએ પૂછયું તો દીકરાએ કહ્યું કે–બાપે ધોલ મારી તેથી દુઃખ નથી થયું. પણ બાપને ધોલ મારવી પડી. એવું ખોટું મેં કર્યું તે બાપને પસંદ ન પડયું. ભૂલ સુધારી મને શિખામણ દેવી પડે તેનું દુઃખ થાય છે ! તમારે ત્યાં આવા કોઇ મળે ! તમારે ત્યાં વડીલની આજ્ઞા ઊઠી જવાથી ઘણો બગાડો થયો છે તેમ અહીં અમારે ત્યાં પણ આજ્ઞા ઊઠે તો વધુ બગડે ! આજ્ઞા મુજબ જીવીએ તો જ કલ્યાણ થાય.

તમને ન સમજાય તો અમને પૂછવાનો અધિકાર છે. શાસ્ત્રાધાર માગવાનો પણ અધિકાર છે. 'તને પૂછવાનો શો અધિકાર તેમ અમારાથી કહેવાય નહિ. કાલે શાસ્ત્રાધાર

બતાવીશ તેમ કહેવાય. પણ તમે આજે જે રીતે પૂછો છો તે રીતે પૂછાય ખરું? વિનયપૂર્વક પૂછો તો કોઇ તમને બેસાડી ન શકે. સાધુની બધી વાતમાં હા એ હા કરે તે સાચો શ્રોતા નથી. શ્રોતાઓ તો વકતાની લગામ છે. વકતા પણ સમજે કે–અહીં જેમ તેમ બોલીશ તો નહિ ચાલે. માટે બરાબર વાંચી વિચારીને આવે. પ્રોફેસરોને પણ બરાબર વાંચીને. તૈયાર થઇને જવું પડે છે, પ્રશ્નોના ઉત્તર આપવા પડે છે. બરાબર ઉત્તર ન આપે તો શું હાલત થાય છે તે ખબર નથી? અહીં 'તમે શું સમજો' 'વચમાં પૂછવાનું જ નહિ.' તેવું કહેનારા વકતા ઘણા છે. તેવા વકતાને સાંભળનારા બેવકુફો પણ ઘણા છે.

સભા : લીંક તૂટે ને?

ઉત્તર : લીંક શેની તૂટે? જે બોલે તે શાસ્ત્ર મુજબ જ બોલે તો જવાબ આપવામાં હરકત શી આવે? કચો વાંધો ન આવે.

સભા : આ નિયમ અહીં નથી સચવાતો.

ઉત્તર : કેમ ન સચવાય? તમે ખરેખરા શ્રોતા હો તો આ નિયમ બરાબર જળવાય પછી કોઇ સાધુ એમ ન કહે કે–પૂછવાનો અધિકાર નથી. તો સાધુને એનો આધાર બતાવવો પડે અને ઉત્તર પણ આપવો પડે. કદાચ એમ કહે કે કાલે જોઇને જવાબ આપીશ.

પૂ. આ. શ્રી વિ. મેઘસૂરીશ્વરજી મહારાજાએ પોતાના સમુદાયને કેળવ્યો. શ્રી સંઘને પણ સાચા માર્ગે દોરવ્યો છે. મહાપુરૂષો મેઘની માફક વરસીને બધે ઉપકાર કરતા હોય છે. તેઓ સ્વભાવે ઘણા જ ગંભીર હતા. હંમેશા બોધાત્મક–શિક્ષાત્મક વાતો જ કરે. તેઓ પૂજ્ય શ્રી મને તો રોજ યાદ આવે છે. તેઓ પૂજયશ્રીનાં વ્યાખ્યાન સાંભળીને, હું વ્યાખ્યાન કરતાં થયો છું. તેઓએ કદી સ્વતંત્ર વિહારની આજ્ઞા માગી નથી. અને ગુરુએ મોકલ્યા તો ગયા વિના રહ્યા પણ નથી. જીવનભર આજ્ઞા મુજબ જીવ્યા તેનું ફળ તેઓએ ભોગવ્યું છે કે, અંતિમ સમયે ગુરુના ખોળામાં માથું મૂકીને સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયાં.

આજ્ઞા મુજબ જીવવાનો ગુણ નીકળી જવાથી ઘણું નુકશાન થયું છે આખો સંસાર બગડી ગયો છે. સાધુ સંસ્થા પણ બગડી છે. નાશ પામી રહી છે. સારી રીતે જીવવું હોય તો આજ્ઞા મુજબ જ જીવવું જોઇએ. સંસારમાં માતા–પિતા વડીલની આજ્ઞા મુજબ જીવવાનું છે અને અહીં ગુરુની નિશ્રામાં રહીને તેમની આજ્ઞા મુજબ જીવવાનું છે. આપણે ત્યાં વિહાર પણ કાં તો ગીતાર્થ નો હોય કાં ગીતાર્થની નિશ્રામાં હોય. જે ગીતાર્થ ન હોય તેને સ્વતંત્ર વિહારની પણ આજ્ઞા નથી. નાનો સાધુ પણ ગીતાર્થ હોય તો મોટા પર્યાયવાળો સાધુ પણ ગીતાર્થને પૂછીને ચાલે–આ મર્યાદા છે. અણસમજુઓએ

ગમે તેમ વિહાર કરીને ધર્મની અવહેલના કરી છે, ધર્મની અપભ્રાજના કરશી છે. ઘણામાં અજ્ઞાન ફેલાવ્યું છે. તે પ્રતાપ તમારો છે. તેવા સાધુઓએ મને પણ કહ્યું છે કે તમે ગમે તે કહો પણ અમને સાંભળનારા અને માનનારા ઘણા છે. જે અમારું ય ન માને અને તેવાને ય સાંભળનારા મળે તે કેવા હોય ?

શ્રી જૈન શાસનમાં આજ્ઞાનું પ્રધાન્ય છે. આ મહાપુરુષ આજ્ઞા મુજબ એવી રીતે જીવ્યા કે બધા ઉપર પણ તેની છાપ પડે. અને પોતાનો સમુદાય પણ આજ્ઞા મુજબ જીવે તેમ કળવીને ગયા. અને જેનામાં થોડી ય ખામી લાગતી હતી તે યોગ્યને કહીને ગયા.

સભા : કહીને ગયા તેને બદલે જાહેર કર્યું હોત તો ફેર પડત ને !

ઉત્તર : જાહેર પણ કેટલાકનું કરાય, કેટલાકનું ન કરાય. જાહેર કરો તો તમારી ય ફજેતી કરે. માટે કેટલાકને ખમી ખાવા પડે. તમારે ત્યાં પણ છોકરાને મોટા કરવામાં અને સાચવવામાં કેટલું જોખમ છે ! તેમ સાધુપણું પળાવવા ગંભીર રહેવું પડે ! અયોગ્યની શાસનને હાનિ પહોંચાડનારની જાહેરાત અમારે પણ કરવી પડે છે.

આ બધું સમજવા બહુ ડાહ્યા થવું પડે. આવા મહાપુરુષોના જીવન ચરિત્રો ભેળવીને વાંચો તો ય ખબર પડે. પણ તમે લોકો આપણાં ભગવાનનાં પણ જીવન જાણો છો ? શ્રી ગૌતમ મહારાજાદિ પુણ્ય પુરુષોનાં પણ જાણો છો ? ગમે તે કારણે આજના મોટાભાગને તે જાણવાનું અને વાંચવાનું પણ મન થતું નથી. પોતાના પરમાત્માના. ગુરુ મહારાજાઓના. ધર્મી મહાપુરુષોના જીવન વાંચો નહિ. જાણો નહિ તે ચાલે !

સભા : નામાંકિત વકતાના વ્યાખ્યાનો વાંચીએ છીએ.

ઉત્તર તેમના વ્યાખ્યાનોમાં શું આવે ? મોટા ભાગે તે તમારી બુદ્ધિ બગાડનાર હોય છે. તમારી થોડી શ્રદ્ધા હોય તેનાથી ય ભ્રષ્ટ કરનારા હોય છે. જેનામાં પોતામાં શ્રદ્ધા ન હોય તો બીજામાં શ્રદ્ધા કયાંથી આવે ?

મેં બાલ્યકાળથી ઉપાશ્રયના ભંડારમાં, ગુજરાતી ભાષાનાં જેટલા પુસ્તકો હતાં તે બધાં વાચ્યા છે.

જેટલા મહાપુરુષો સારા સારા થયા તે બધા શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા માનીને અને આજ્ઞા મુજબ જીવીને થયા છે.

એક કાળે તો શ્રી સંઘમાં પણ આજ્ઞા ચાલતી હતી. શાસ્ત્રે શ્રી સંઘને પચ્ચીશમો તીર્થંકર કહ્યો છે. શ્રી તિર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં આજ્ઞા મુજબ જીવતો ચારે પ્રકારનો શ્રી સંઘ તે શ્રી તિર્થંકર જેવો છે. શ્રી તીર્થને તો ખુદ શ્રી તિર્થંકર દેવો પણ નમસ્કાર કરે છે. કોને ! આજ્ઞા મુજબ જીવતો હોય તેને. આ મહાપુરુષે ઘણાંના જીવનમાં ઉપકારો કર્યા છે, સાચી સમજુતી આપી છે. કઠીનમાં કઠીન પદાર્થોને પણ

સહેલા કરીને સમજાય છે. આવા મહાપુરુષોનો યોગ મળે તો ય તેમને માનનારા અને ઝીલનારા જીવો થોડા મળે.

તમને સંસારની, દુનિયાની વાતો કરનારા બહુ ગમે ને? તત્વની વાતો કરનારા... આપણો કથાનો યોગ પણ બહુ મળેનો છે. તેમાં તો, સાધુપણાની, શ્રાવકપણાની વાતો આવે છે. સમ્યક્ત્વ ઉચ્ચર્યું હોય તેવા ય કેટલા મળે! સમકિતી ગમે તેને માથું મારે! ઉત્તમાંગ જ્યાં નમવા જેવું હોય ત્યાં જ નમે, જ્યાં નમવા જેવું ન હોય ત્યાં ઊભો રહે. માટે મારી ભલામણ છે કે ડાહ્યા થાવ. ખોટી દલીલો કરો નહિ. આજ્ઞામુજબ જીવતા થાવ તો આ મહાપુરૂષના ગુણગાન કર્યા તે સફળ થાય. આજ્ઞા મુજબ જ ચાલવાનું છે. સૌ તેવી ભાવનાવાળા બનો તે જ શુભાભિલાષા સાથે પૂર્ણ કરવામાં આવે છે.

(૨૦૪૫, આસો સુદ ૧, મહારાષ્ટ્ર ભવન, પાલીતાણા.)

નોટબુકોમાં છપાવી બાળકોને બાળપણથી જ બચાવો, દયાળુ બનાવો.

આ તે કેવી દીવાળી! ફટાકડાના પાપે થાય જીવોની હોળી! ફટાકડાથી થતી હિંસા એ અનર્થદંડનું વિના કારણે બંધાતુ મહાપાપ છે. દીવાળી આવી, દીવાળી આવી, કરવા કર્મની હોળી! તેમાં ફટાકડાને ફોડી ના ભરશો પાપની ઝોળી. નાના મોટા બાળકો ફટાકડા ન ફોડશો, ફટાકડામાં પાપ છે, જીવજંતુને મહાત્રાસ છે.

ફટાકડામાં આગ છે, જીવોની હિંસા છે, ધનનો નાશ છે.
ફટાકડાના ત્યાગમાં જીવદયાનો લાભ છે, પૈસાનો બચાવ છે.

ફટાકડાના વિવિધ નુકશાનો : (૧) ફટાકડાના ઝેરી ધુમાડાથી ફેફસ બગડે છે. ગુંગળામણ થાય છે. (૨) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ઉડતા માખી, મચ્છર જીવજંતુ નાશ પામે છે. (૩) ભયંકર અવાજથી પક્ષીઓ ફફડી ઉઠે છે. કાનમાં બહેરાશ આવે છે. (૪) નબળા હૃદયવાળાને ભય અને એટેક આવે છે. (૫) એટમના ધડાકાથી મકાન જર્જરિત બને છે. (૬) પૈસાનો ખોટો બગાડ થાય છે. (૭) દયા પરોપકારના સંસ્કાર નાશ પામે છે. (૮) હાથ-પગ દાઝે છે મરણ નીપજે છે.

કર્મને કોઇની શરમ નથી, હસતાં રે બાંધ્યા કર્મ રોતાં પણ નહીં છૂટે રે!
સાવધાન! ફટાકડા ફોડવાથી આઠેય પ્રકારના કર્મ બંધાય.

બંધાતા કર્મ :- ૧ કાગળ-અક્ષર બાળતાં જ્ઞાનાવરણીય, ૨ જીવોના અંગોપાંગના નાશથી દર્શનાવરણીય, ૩ જીવોને દુઃખ-પીડા દેતાં અશાતાવેદનીય, ૪ ફટાકડાનો અવાજ ને રોશનીથી આનંદ પામતા મોહનીય, ૫ ફટાકડા ફોડી રાજીપો કે મદ કરતાં નીચગોત્ર, ૬ જીવોના શરીરનો નાશ કરતાં અશુભ નામકર્મ, ૭ જીવોની શાંતિમાં ખલેલ કરતાં અંતરાય કર્મ, ૮ દયાના નાશે કઠોર પરિણામથી તથા જીવ હિંસાથી નરકગતિ કે તિર્યંચગતિનું આયુષ્ય બંધાય. અશુભકર્મના ઉદયે આંધળો, બહેરા, બોબડા, મુર્ખ, રોગીષ્ટ થવાય છે. દીર્ઘકાળ દુર્ગતિના દાતા એવા ફટાકડા ફોડશો નહિ.

વિશ્વની તમામ ભાષામાં ભાષાંતર કરી વ્યાપક પ્રચાર કરવા પુણ્યશાળીઓ તમારા તન-મન-ધન સમય કામે લગાડો. (આળસ-મોજશોખ છોડો.)

લોભનું ફળ

—ડો. વિક્રમ ભટ્ટ

રાંધેજા નામે એક ગામ હતું આ ગામમાં મોહન કુમ્ભાર રહે. તેનો દરરોજનો ક્રમ હતો કે સવારે વહેલો ઉઠી પોતાનું ગધેડું લઈને ફર ફર ધરામાંથીજઈને માટી ખોદીને લાવે માટીનેપલાળે ને તેમાંથી વાસણો બનાવે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે.

એક દિવસે તે માટી લેવા ગયો. જેવી માટી ભરવા ગયો ત્યાં માટીમાં ચમકતો કાચનો ટુકડો જોયો. તેણે આ કાચનો ટુકડો હાથમાં લઈને કપડાથી સાફ કર્યો. ચમકતો ટુકડો જોઈને તે ખુશ થયો વિચાર્યું કે 'લાવ મારા ગધેડાની ડોકે આ ટુકડો બાંધું. તે મારી કેટલી બધી સેવ કરે છે. તેની ડોકે બાંધીશ તો તે રાજી થશે. આમ વિચારીને તેણે પેલો ટુકડો ગધેડાના ગળે બાંધીને માટી લઈને ઘર તરફ ચાલ્યો. સૂરજના કિરણમાં આ ટુકડો ચમકતો જોઈ મોહન રાજી થતો.

એક સવારે પોતાના વાસણો વેચવા તે વિજાપુર ગયો. નેમચંદ શેઠની નજર ગધેડાના ગળે ચમકતા હીરા પર ગઇ. તેને મોહન કુંભારને ઊભા રહેવા ઈશારો કર્યો ને પોતે તેની પાસે ગયા ને પૂછ્યું : 'આ ગધેડાના ગળે શું બાંધ્યું છે ?'

"શેઠ આ તો ચમકતો કાચનો ટુકડો છે. મને માટી ખાણમાંથી મળ્યો છે." મોહને કહ્યું.

"તારે આ કાચનો ટુકડો વેચવો છે ? બોલ કેટલામાં આપવો છે ?"

કુંભાર બિચારો શું કિંમત કહે ? તે બોલ્યો : "શેઠ તમે જે કહો તે મને મંજુર છે." તું આ વાસણમાં કેટલું કમાઇશ ? શેઠે પૂછ્યું. "આ વાસણ વેચતાં સહેજે દશ પંદર રૂપિયા મલી જશે !"

"જો આ કાચનો ટુકડા સથે બધા વાસણો મને આપી દે હું તને ઉચ્ચક ત્રીસ રૂપિયા રોકડા આપું." શેઠે કહ્યું.

"ભલે." તે ઝવેરી પાસેથી ત્રીસ રૂપિયા રોકડા લઈને ખુશ થતો ગધેડા પરથી બધાં વાસણોને પેલો કાચનો ટુકડો આપી તે પોતાના ગામ તરફ ચાલ્યો. આજે સારા શુકન જોયા હશે કે આવતાં સાથે જ બધાં વાસણ ડબલ પૈસા મળ્યાને તરત જ વેચાઈ ગયા. તે ખુશ થતો ચાલ્યો.

કુંભારના ગયા પછી પેલા ઝવેરીએ માટીના વાસણો રોડની બાજુમાં ફેંકી દીધા ને પેલો કિંમતી હીરો સાચવીને ડબીમાં મૂકયો ને ઘેર આવી પોતાની પત્નીને હીરો બતાવતાં કહ્યું : "જોયું પાંચ લાખનો હીરો મેં, કુંભારને ત્રીસ રૂપિયા આપીને છેતર્યો તેની બડાઇ મારવા લાગ્યો.

'તમે આ સારૂં નથી કર્યું ! ભોળા માનવીને છેતરવો એટલે ભગવાનને છેતર્યા બરાબર છે. પાંચ લાખનો હીરો ત્રીસ રૂપિ-

યામાં લઇને તમે તમારી વેપારી નીતિનો ભંગ કર્યો કહેવાય. મારૂ માનો તો તેને શોધીને બાકીનો પૈસા આપો તો સારૂ" પત્નીની વાત સાંભળી તે બોલ્યો. સ્ત્રીઓને વાત કરવી જ ન જોઇએ. અરે ફાયદાની વાત નથી વિચારતી. ને પેલાની ચિંતા કરે છે !"

બીજા દિવસે ઝવેરી હીરો લઇને રાજા પાસે ગયો. રાજાને પ્રણામ કરીને બોલ્યો : "નામદાર ! આપના સારૂ એક અમૂલ્ય હીરો લાવ્યો છું. અસલી માલ છે. પૂરા પાંચ લાખનો છે. આપ જોશો તો ખુશ થશો. આ હીરો રાણીબાના હારમાં શોભે તેમ છે. એમ કહીને પેલી હીરાની ડબ્બી રાજા સામે ધરી. જેવી રાજાએ ડબ્બી ખોલી તો આ શું ? હીરાના અસંખ્ય ટુકડા થયેલા હતા. શું તું મારી મશ્કરી કરવા આ નાટક રચ્યું છે ? રાજા ગુસ્સે થઇને કહ્યું.

ઝવેરીએ અસંખ્ય ટુકડામાં હીરાને પોતાનું શીર પટકતાં બોલ્યો. "હાયરે ! હું લુંટાઇ ગયો !"

ત્યાં ડબ્બીમાંથી જેની અવાજ આવ્યો "હે ઝવેરી હું કુંભારને ધનવાન બનાવવા માંગતો હતો. પણ તે મારૂં મૂલ્ય ન સમજ્યો ને ગધેડાની ડોકે બાંધ્યો, પણ તું તો ઝવેરી હીરાનો પારખનાર છતાં તે મારૂં મુલ્ય જાણવા છતાં બિચારા કુંભારને છેતર્યો. લાખો રૂપિયા હડપ કરવા ઇચ્છતો હતો. જ્યારે તેને મહેનત કરી તૈયાર કરેલા માટલાં ફોડી નાંખ્યા. મને ડબ્બીમાં પૂર્યો. આથી હું ખૂબ જ દુઃખી થયો ને આઘાત સહન ન થતાં મારા નાના નાના ટુકડો થઇ ગયા.

હવે ઝવેરીને પોતાના લોભી સ્વભાવ માટે ગસ્તાવો થવા લાગ્યો. જ્યારે રાજાએ આ વાત જાણી ત્યારે તેણે કુંભારને પોતાના દરબારમાં બોલાવી ઝવેરી પાસેથી હીરાના મુલ્ય જેટલા રૂપિયા અપાવ્યા. ને કુંભારને છેતરવા બદલ તેને બે વર્ષની જેલની સજા કરી.

(મુંબઇ સમાચાર)

વિશેષાંક બીજો સુધારો

૧. પેજ ૩૨૧ ઉપર લેખ છે તેના લેખક શાહ છગનલાલ ઉત્તમચંદ હીંગવાલા રાજકોટ' જાણવું.

૨. પેજ નં. ૪૦૨ શુભેચ્છક સહાયક નં. ૧૮ થી ૨૪ એ ૭ નામો ભાઇ શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા રાસંગપરવાળા લંડનની પ્રેરણાથી જાણવું.

—: ગુંજન :—

૦ હું કદી કાતર થવા ન ચાહું,
એ કરે એકમાંથી અનેક
એટલે હું સોય જેવું જીવન ચાહું,
જે કરે અનેકમાંથી એક.

૦ સારું વદો, સારું કરો,
સારું વિચારો સર્વદા
ખોટું વચન, ખોટું કરમ,
ખોટા વિચારો દુઃખદા.

—યશી

પ્યારા ભૂલકાંઓ,

આ અંક જ્યારે તમારા હાથમાં આવશે ત્યારે તમારા જીવનનો નૂતન વર્ષમાં પ્રવેશ થઈ ગયો હશે. મોટા મોટા પણ મારા અભિનંદન સ્વીકારશો.

આ નૂતન વર્ષના હું એવા ભાવ સહિત અભિનંદન પાઠવું છું કે તમે સૌ ધર્મને સ્થિર સંપત્તિ માનીને આચરતા થઈ જાઓ. દોષ રૂપી દુષણ દૂર કરીને સદાચાર રૂપી નિર્મળ જળમાં કાયાને પખાળી શુદ્ધ કરો. આજની દરેક પ્રકારની ભૌતિક લાલસાઓ કેવળ પલભરની ચમક છે–અસ્થિર છે. આવી ભૌતિક સામગ્રીઓ પાછળ આંધળી દોડ મુકવા કરતાં સ્થિર તત્વ રૂપી ધર્મ પ્રત્યે અભિમુખ બનો એજ મારા સહુને નૂતન વર્ષાભિનંદન...

હવે, આ બાલ વાટિકામાંથી તમને શું શું ગમે છે ? શું શું નથી ગમતું ? આ અંગેની સંપૂર્ણ માહિતી મને જરૂર મોકલજો. તમારા પ્રેમ અને સૂચનથી જ આ બાલ-વાટિકા ઝગમગી રહી છે. તમને મનપસંદ વાનગીઓ પીરસવાની મારી ખૂબ જ ઝંખના છે. માટે જરૂરથી સલાહ સૂચન મોકલશો.

—રવિશિશુ.

— હાસ્ય એ દરબાર —

શિક્ષક–તારૂં નામ શું છે ?

વિદ્યાર્થી–સર, મારૂં નામ સૂર્ય પ્રકાશ છે.

શિક્ષક–તારા પિતાનું નામ શું છે ?

વિદ્યાર્થી–સર, તેમનું નામ જીવણલાલ છે.

શિક્ષક–ગુજરાતીમાં નહિ પણ અંગ્રેમાં બોલ.

વિદ્યાર્થી–સર, મારૂં નામ સનલાઇટ અને મારા પિતાજીનું નામ લાઇફબોય છે.

—સાંચોર–રાજેશ જીવણલાલ

— જ્ઞાન–ગમ્મત —

ટ્રેનમાં મુસાફરી કરતા એક ઘીના વેપારીને, ઘીનો ભરેલો ડબ્બો મુકવાની જગ્યા ન મળતા તેણે તે ડબ્બો સાંકળ પર લગાવી દીધો. ડબ્બાના વજનથી સાંકળ ખેંચાઇ આવી. ટ્રેન ઉભી રહી ગઇ. ટ્રેનનો રખવાળ તપાસ કરવા આવ્યો. અરે ! સાંકળ પર ડબ્બો કોને લગાવ્યો છે ? કેમ શું થયું ? રખેવાળ કહે ટ્રેન ઉભી રહી ગઇ. વેપારી કહે એજ તો દેખાડવાનું છે કે ડબ્બો પ્યોર ઘીનો છે. વેજીટેબલ નથી. જેના પ્રભાવે આખી ટ્રેન ઉભી રહી ગઇ.

ઓ ! પ્યોર ઘી ખાનારા આપણે કયારેક વિચારીશું કે પ્યોર ઘી ખાઈને આપણે સંસારની ટ્રેન ઉભી રાખવી છે કે સંયમની ? (વિગઇઓ આવી એ ભલા છે માટે જરા વિવેકથી વિચાર કરીશું ને ?) લબ્ધિબાળ

— પરિચય આપો —

૧ બાહુ–સુબાહુ, ૨ કુરુ–વિકરુ, ૩ સુમુંખ–દુર્મુંખ, ૪ શાંબ–પ્રદ્યુમ્ન, ૫ સુનંદા–સુમંગલા, ૬ હાસા–પ્રહાસ્ય, ૭ સુનક્ષત્ર–સર્વાનુભૂતિ, ૮ વર્ધમાન–નંદિવર્ધન ૯ વસ્તુપાળ – તેજપાળ, ૧૦ કાળ–મહાકાળ, ૧૧ આનંદ–પુરૂષ પુંડરીક, ૧૨ ધન્યા–ભદ્રા.

—એમ. જી. કોઠારી-થાન

— કોયડો —

૧. જેને અગ્નિમાં પ્રવેશ કર્યો તો પણ દાઝ્યા નહિ જે તલવારની ધાર ઉપર ચાલ્યા તો પણ છેદાયા નહિ. જે કાળા સર્પના દરમાં રહ્યા તો પણ ડંખાયા નહિ. અને જે કાજળની કોટડીમાં રહ્યા તો પણ લેપાયા નહિ તો કહો એ કોણ ?

કોયડા ઉકેલ–૧. ૫૮, ૨. ૫૦૪.

–મેહુલ નરેશકુમાર–ખેતવાડી

શબ્દ લાલિત્યના ઉકેલો–૧

આડી ચાવી	ઉભી ચાવી
૧ અશોકવૃક્ષ	૧ અસુરકુમાર
૫ શિબપુરી	૨ શોક
૮ સુકન	૩ કનક
૯ માપ	૪ ક્ષમા
૧૧ કર	૬ વરન
૧૨ રજત	૭ રીવાજ
૧૪ કુંતી	૧૦ પરવશ
૧૫ પાવન	૧૩ જનક
૧૬ મા	૧૫ પાલક
૧૮ લશકર	૧૭ અનામત
૨૦ રચનાત્મક	૧૮ બક
૨૨ હિત	૧૯ ઘાતકીખંડ
૨૩ ક્રમ	૨૧ ચક્ર
૨૫ કેતકી	૨૪ સુલશા
૨૭ તપ્ત	૨૫ કેરી
૨૮ શાક	૨૬ માસુમ
૩૦ જડ	૨૯ કદી
૩૨ મહાવિદેહ	૩૦ જગ
૩૩ દીપાંગ	૩૧ મહા

–અમીષ

– માત્ર સાચું અથવા ખોટું કહો –

૧ દહેરાસરમાં સામાયિક કરવામાં આવે છે.

૨ સામાયિક કટાસણા વગર પણ કરી શકાય છે.

૩ ભ. મહાવીર સ્વામીની માતાનું નામ દેવાનંદા હતું.

૪ ભ. ઋષભદેવની પ્રથમ દેશના નિષ્ફળ ગઇ હતી.

૫ કુમારપાળ મહારાજાએ પાંચ દેશમાં અમારી પળાવી હતી.

૬ નવ લોકાંતિક દેવોએ ભગવાનને દિક્ષા લેવા માટે વિનંતી કરી ?

૭ દહેરાસર નજરમાં આવતા મત્થએણ વંદામિ બોલવું ?

૮ કાચા દહિં સાથે પાચક ખવાય છે.

૯ પૂજા કરવાની આંગળીનું નામ કનિષ્ઠા છે.

૧૦ ભગવાન દિક્ષા બાદ ઓઘો રાખે છે.

–પિયુષ એમ. શાહ–મુંબઇ

વિજેતાઓએ જવાબ તા. ૨૦–૧૧–૬૨ સુધી મોકલવા. "અમીપ"

શબ્દ લાલિત્ય–૨

અસ. વિજેતાને ધન્યવાદ સાથે તા. ૧૧ મોકલવામાં આવશે.

ઉકેલ મોકલો : બાલ વાટિકા, જૈન શાસન, C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.



આડી ચાવી

૧ કિંમત આંકવી–૪
૨ દેવ–૨
૪ દુઃખ–૨
૬ ઇંદ્રનો ભંડારી–૩
૭ દિક્ષા–૩
૮ પિસાચોનું ટોળું–૪
૧૦ ઘા–૩
૧૩ રાત્રે આકાશમાં હોય–૨
૧૪ નવ રસમાંનો એક–૪

ઉભી ચાવી

૧ અસલનું, પહેલાનું–૪
૨ પાંડવોમાંનો એક–૩
૩ સુર્ય–૩
૪ જીત, વિજય–૨
૫ બાળ દિક્ષાના દાતા૨–૬
૬ જાત–૨
૭ સોગંદ–૨
૯ પૃથ્વી–૪
૧૧ ઘોડો પણ નહિ ને
ગધેડો પણ નહિ–૩

આડી ચાવી

૧૬ ગુનેા–૪
૧૮ જિનની વાણી હેાય–૩
૧૯ પાણીનેા કુંડ–૨
૨૧ કિંમત–૨
૨૨ પલંગ–૨
૨૩ અંધારૂં–૩
૨૫ વાણીયેા–૩
૨૮ નકાર–૨
૨૯ તપન–ભાનુ–૨
૩૦ સુર્ય–૪

ઉભી ચાવી

૧૨ કવિતા રચયીતા
૧૫ સંસારથી વિમુખ થયેલેા આત્મા–૪
૧૬ વખાણ, સ્તુતિ–૪
૧૭ ઉંડેા ખાડેા–૨
૨૦ પસ્તાવેા–૨
૨૨ ધીમું–૨
૨૪ ટાવર–૩
૨૭ ———— જોડીને વિનવું–૨
૨૭ સમીર, અનિલ–૨

ચેાકઠા–ચતુરના ઉકેલેા

૧ આશ્રવ, ૨ નિર્વેદ, ૩ વહીનિતિ, ૪ મહાશંખ, ૫ અહંકાર, ૬ શાંતરસ, ૭ અનેકલિધ, ૮ મહેારગ, ૯ પ્રચલા, ૧૦ યાચના, ૧૧ આ કિંચન, ૧૨ કાર્મકી, ૧૩ યથાછંદ.

નીચે આપેલા ચેાકઠામાં ૪૯ અક્ષરેા આડાઅવળા લખાઈ ગયા છે. તેા જરા શેાધી કાઢેા ને ! દરેક શબ્દ એક જ વાર વાપરવેા શબ્દનેા એક અક્ષર ઘેરી શાહીથી લખ્યેા છે. ઉદાહરણ માટે એક ચાવી આપી છે.

શિ	ણ	બેા	ભા	કા	દા	ર
થા	સ્તો	રા	૫	દા	શ્ર	માં
મે	કા	લ	મેા	લ	ચા	૬
કી	તી	મુ	સુ	આ	ઉ	ઉ
તં	યુ	૫	ર	મં	હ	ન
જ	ગ	લ	ધા	કુ	ધ	ન
ત	વ	ક	ક્ષી	ક	મ	પા

ચાવીઓ

૧ ચૌદ ગુણસ્થાનકનું એક સ્થાન ————
૨ એક અતિચાર ————
૩ એક વ્યસનનું નામ ————
૪ એક પ્રાતિહાર્યનું નામ ————
૫ એક મહાવ્રતનું નામ ————
૬ એક પૂજાનું નામ દીપક
૭ એક આગમનું નામ ————
૮ દાનનેા એક પ્રકાર ————
૯ એક પ્રકારનેા આહાર ————
૧૦ સમકિતનું એક લક્ષણ
૧૧ કલ્પવૃક્ષનું એક નામ ————
૧૨ એક અભવ્યનું નામ ————
૧૩ એક આશાતનાનું નામ ————

–મેાન્દું

શાસન સમાચાર

અમદાવાદ (દશાપોરવાડ સોસાયટી)– પૂજ્યપાદ પરમ શાસન પ્રભાવક આ. ભ. શ્રીમદ્ વિજય ભાનચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રભાવક શિષ્યરત્ન પરમ તપસ્વી પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ચાતુર્માસમાં અનેકવિધ અભૂતપૂર્વ આરાધનાઓ ચાલી રહી છે. એમાં પણ આ. સુ. ૧ રવિવાર તા. ૨૭–૯–૯૨ ના થયેલ ભવ્ય મહાપૂજા એ ચાતુર્માસની આરાધનામાં ચાર ચાંદ લગાડી દીધા ! રાજનગરના ઇતિહાસમાં આવું અભૂતપૂર્વ આયોજન પ્રથમવાર જ થયું ! મુંબઇ શ્રીપાલનગરના ઋષભ જિનભક્તિ મંડળના યુવાનો તથા અન્યના સંઘનાં ઉત્સાહી કાર્યકર્તાઓએ તડામાર તૈયારી કરી આયોજનને અતિ ભવ્ય દર્શનીય બનાવેલ.

સવારના પ્રવચન સમયે મહાપૂજાના ઉદ્ઘાટનની ઉછામણીનો લાભ શ્રી લાલભાઇ દેવચંદ (વિમલવાળા) પરિવારે અદ્ભુત ઉલ્લાસપૂર્વક લીધેલ. પ્રવચન બાદ સ્વ. પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીનાં પ્રોજ્જવલ જીવનની નયનાકર્ષક રંગોળીઓનું ઉદ્ઘાટન અંજાર (કચ્છ) નિવાસી કાંતિલાલ અચલજી વોરા ખાંડવાળાએ કરેલ ત્યારબાદ તેમના તરફથી સંઘપૂજન થયેલ. સાંજે ૫–૩૦ કલાકે પૂ. આ. સોમસુંદર સૂ. મ. પૂ. આ. જયકુંજર સૂ. મ., પૂ. આ. પૂર્ણચન્દ્ર સૂ. મ. પૂ. આ. મુક્તિપ્રભ સૂ. મ., પૂ. પં. ભદ્રશીલ વિ. ગ. પૂ. પં. ગુણશીલ વિ. ગ. આદિ વિશાલ મુનિમંડલ વિશાલ શ્રમણીવૃંદ, હજારો ભાવિકોની હાજરીમાં મિલન બેન્ડના મધુરા સ્વર સાથે મલપતા ગજરાજ ઉપરથી ઉતરેલા શ્રી લાલભાઇએ મહાપૂજાનું ઉદ્ઘાટન કરેલ.

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની નયનરમ્ય રંગોળીઓ. વિવિધ રચનાઓ અનેક મુદ્રાઓમાં શોભતી પૂજ્યશ્રીજીની પ્રતિકૃતિઓ આદિ દ્વારા શણગાર હૉલ તથા મોતીઓની માળાઓનો અદ્ભુત શણગાર સમગ્ર જિનાલયમાં હજારો દીપકોની રોશની પરમાત્માની ભવ્યોતિભવ્ય અંગરચના આદિ દ્વારા સમગ્ર જિનાલય દેવવિમાન સમાન બની ગયેલ. સાંજે ૬–૦૦ કલાકથી શરૂ થયેલો દર્શનાર્થીઓનો અવિરત પ્રવાહ રાત્રે ૧૨–૦૦ વાગ્યા સુધી સતત ચાલુ રહ્યો. દોઢ–બે કલાકે દર્શનનો લહાવો મળતો છતાં પણ–બધાના મુખમાંથી એકજ વાક્ય સરી પડતું "આજે તો ધન્યાતિધન્ય બની ગયા ! અદ્ભુત ! આવું તો જીવનમાં જોયું જ નથી" આરતી મંગલદીવાની પણ વિક્રમજનક ઉછામણી થયેલ. બીજે દિવસે પણ સવારે ૬ થી ૧૧ સુધી દર્શનાર્થીઓનો પ્રવાહ ચાલુ જ રહેલો. દશા પોરવાડના સંઘના ઇતિહાસમાં આ પ્રસંગ સુવર્ણાક્ષરે અંકિત થશે. બરોબર ૫૦ વર્ષ પહેલા શ્રી

શીતલનાથ ભ. ના જિનાલયની પ્રતિષ્ઠા સમયે સ્વ. પૂ. બાપજી મ. તથા સ્વ પૂ. ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રામાં અભૂતપૂર્વ પ્રસંગ ઉજવાયેલ તે સમયે સમસ્ત રાજનગરની જનતા નવકારશીના પ્રસંગે દશા પોરવાડ સંઘનાં આંગણે પધારેલી એ પછી બરોબર ૫૦ વર્ષ પછી ફરી સમસ્ત રાજનગર દશાપોરવાડનાં આંગણે એકત્રિત થયું ! યોગાનુયોગ એ સમયે અત્રેનાં સંઘના પ્રમુખ શ્રી અતુલભાઇ સાકીના પિતાજી પ્રમુખ ! અને પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રા ! આ સમયે અતુલભાઇ સાકીના પિતાજી પ્રમુખ ! અને પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની નિશ્રા ! આ સમયે અતુલભાઇ પ્રમુખ અને પૂજ્યશ્રીજીનાં શિષ્યરત્નની નિશ્રા !

શાહપુર, ઉસ્માનપુરા, સાબરમતી, જ્ઞાનમંદિર, પાછીયાની પોળ, જૈન મર્ચન્ટ સોસાયટી તથા પાલડીના વિવિધ વિસ્તારોમાંથી પૂ. આચાર્ય ભગવંતાદિ સાધુ ભગવંતો તેમજ દૂર દૂરથી સેંકડોની સંખ્યામાં પૂ. સાધ્વીજી ભગવંતો પધારેલા.

પૂ. તપસ્વી પંન્યાસજી મ. ની વર્ધમાનતપની ૯૧ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર સાધર્મિક વાત્સલ્ય સમેત ભવ્ય પંચાન્હિકા મહોત્સવનુ આયોજન શ્રી સંઘે નિશ્ચિત કરેલ છે.

સ્વ. પૂજ્યપાદશ્રીજીનાં દિવ્ય આશીર્વાદથી તેમજ ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી મહોદય સૂરજીવરજી મહારાજની પાવન કૃપાથી શ્રી સંઘમાં સુંદર આરાધના ચાલી રહી છે.

વાલકેશ્વર–મુંબઇ–અત્રે ૧૪ સંઘનો અપૂર્વ રથયાત્રા નીકળી. યાત્રા ઉતરતા પૂ. આ. શ્રી યશોવર્મ સૂ. મ. નું માંગલિક પ્રવચન થયું.

અર્હમ્ સુન્દરમ્–પત્થર સડક પાલણપુરથી આ માસિક પ્રગટ થાય છે આધ્યાત્મ સંસ્કૃતિ જાગૃતિ પ્રેરણા લક્ષ્ય છે પરંતુ તેમાં 'વિરોધ કરતા વિચારો' લેખ એ આધ્યાત્મિતાં તથા સંયમ અને જયણાની વાતની મશ્કરી કરનાર છે. કોઇ પડતું લે માટે તે આલંબન બની જતું નથી સંપાદકે હેતુ ફેર કરવો જોઇએ કાં આધ્યાત્મિકતાના પોષક લેખો લેવા જોઇએ પણ સ્વચ્છંદતાને ઉતેજન ન આપવું જોઇએ.

નવસારી–અત્રે મધુમતીમાં પૂ. આ. શ્રી પ્રમોદચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં આસો સુ. ૧૦ થી ઉપધાન ચાલુ થયા છે.

દાંતરાઇ–અત્રે પૂ. આ. શ્રી વિજય વિબુધપ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. પૂ. મેઘસૂરીશ્વરજી મ. ની તિથિ સંઘમાં થયેલ વિવિધ તપસ્યા નિમિત્તે ભા. વ. ૧૪ થી આસો સુદ ૩–૪ સુધી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો.

અઠવાડિક જૈન શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૦)

આજીવન રૂા. ૪૦૦)

રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.

જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ

ભાભર–અત્રે પૂ. પન્યાસ ભદ્રંકર વિજયજી મ. સાહેબના શિષ્યરત્ન મહાન તપસ્વી મુનિરાજ વારિષેણ વિજય મહારાજ સાહેબ આદિઠાણા ૫ બિરાજમાન છે સારી એવી તપશ્ચર્યા થયેલ તેમજ વરઘોડાના ચડાવા તેમજ જીવદયામાં સારા પ્રમાણમાં ફંડ થએલ. પર્યુષણ બાદ વરઘોડો પણ ઠાઠ માઠથી નીકળેલ. વ્યાખ્યાનમાં હાજરી સારા છે. ખરેખર આવા મહાન મહાત્માના સંપર્કમાં આવીને અમારો ભાભર જૈન સંઘ હર્ષ આનંદ અનુભવે છે.

ભલાડ રત્નપુરી–પ. પૂ વિદ્વાન મુનિરાજ શ્રી અક્ષય વિજયની મ.ની નિશ્રામાં સંઘમાં આસો માસની શાશ્વતી ઓળીની આરાધના શાહ અમુલખભાઇ ઓતમચંદ ભાઇ મેદી અને શેઠ શ્રી લલ્લુભાઇ હંસરાજભાઇ તરફથી ઔદાર્ય પૂર્વક ખુબ જ સુન્દર અને અનુમોદનીય રીતે થવા પામી છે. આરાધકોને સર્વ પ્રકારે અનુકુળતા બની રહે માટે તેમના કુટુંબના સૌ સભ્યો જાતે સવારથી ખડા પગે ઉભા રહી વાત્સલ્ય ભાવપૂર્વક જે અદ્વિતીય ભક્તિ કરી છે એ ખુબ જ અનુમોદનીય બની રહી આજે પારણા બાદ તપસ્વીઓને સાકરપડો અને ૧૧ રૂ.થી બહુમાન કર્યું. તેમજ જુદા જુદા ભાગ્યશાળીઓએ ૬૬ રૂ.ની પ્રભાવના કરી આ. સુ. ૧૫ના દિને શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ખુબ જ ઔદાર્ય પૂર્વક એમના તરફથી ભણાવવામા આવેલ. આ વખતથી ઔદાર્યભરી ભક્તિ જોઇને આગામી ઓળી માટે ૨–૩ તરફથી માંગણીઓ થઇ રહી છે.

કલિકુંડ તીર્થ–પ. પૂ. આ. ભ. શ્રી મદ્વિજય શાન્તિચંદ્ર સૂરીશ્વરજી મહારાજની ૧૬મી સ્વર્ગારોહણતિથીની ઉજવણી ભાવળાવાલા શાહ હીંમતલાલ પીતામ્બરદાસ તરફથી કરવામાં આવેલ. અમદાવાદ બિરાજમાન પ. પૂ. આ. ભ. શ્રી મદ્વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ.ને વિનંતી કરતા તેઓશ્રીની તબીયતની અસ્વસ્થતાના કારણે તેમના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી દેવચંદ્ર વિજયજી આદિ ઠાણા ૩ ને મોકલેલ જેઠ વદ ૩ના ભાવળામાં પ્રવેશ અને વદ ૪ના સવારે ભાવળાથી છરિ પાલિત સંઘ લઇને કલિકુંડ તીર્થમાં ૮–૩૦ વાગે પ્રવેશ કરેલ, માંગલિક સંભળાવ્યા પછી નવકારશી કરીને ૧૦–૩૦ વાગે પૂજ્યશ્રીના ગુણાનુવાદની સભા થયેલ બપોરે શ્રી ૧૦૮ પાર્શ્વનાથનું પૂજન રાખવામાં આવેલ અને બન્ને ટાઇમની સંઘ ભક્તિ રાખેલ પ્રભુજીની તથા પૂજ્યશ્રીની ગુરૂમુર્તિની અંગરચના સુંદર કરવામાં આવેલ હતી. સંઘમાં ૨૦૦થી ૨૫૦ માણસોએ ભાગ લીધો હતો.

હિંદી જૈન બુકલેટ પંચાગ મળશે

જેમને જરૂર હોય તેમણે મંગાવવા છપાવવા માટે ૧૫ પંચાગના રૂા. થશે વધુ મંગાવે તેને કિંમત છે બાકી ૨–૫ મંગાવે તેમને ફ્રી છે.

કીરચંદ જે. શેઠ
બી.–૬ સ્નેહલ એપાર્ટમેન્ટ
જુના જંકશન રોડ,
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

શાસન કોહીનુર

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

શ્રદ્ધાંજલિ વિશેષાંક ત્રીજો

પૂજ્યપાદશ્રીની ૧૬મી માસિક પુન્યતિથિને (કા. વદ ૧૪) અનુલક્ષીને
૨૦૪૯ કારતક વદ ૩૦ તા. ૨૪-૧૧-૯૨ના બહાર પડશે.

શાસન શિરોમણિ પરમ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા શ્રદ્ધાંજલિ વિશેષ અંક પ્રગટ કરતાં અતિ આનંદ થયો છે.

તેઓશ્રીના પૂન્ય પ્રભાવે એક અંક બહાર પાડવા ધારણા રાખી હતી. પણ સાગર છલકાયો. અને બીજો અંક પણ બહાર પાડવામાં આવ્યો. જો કે અમોએ ત્રીજો અંક બહાર પાડવો પડે તો કઇ કહેવાય નહિ એમ જ થયું. સમુદ્રની વીર ચડતી રહી છે. બારે મેઘ આંગા થવા એવું લાગે છે સહકાર પણ આવ્યે રાખે છે જેથી ત્રીજો અંક બહાર પાડવા નક્કી કરેલ છે.

જે ભાગ્યશાલીઓ પહેલા બે અંકમાં લાભથી વંચિત રહ્યા હોય તેઓ આ ત્રીજા અંકમાં લાભ લે તે માટે અમારું ભાવભર્યું આમંત્રણ છે.

મોડામાં મોડું ૨૦૪૯ના કારતક વદ ૮ સુધી યાદી, મેટર, જાહેરાત જે હોય તે અમને મલી જશે. તેમને આ ત્રીજા અંકમાં સમાવેશ થશે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર

શાસન સમાચાર

મલાડ–પ. પૂ. આ. વિ. પ્રશાંત મુર્તિ શ્રીમદ્ વિ. શાંન્તિચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન સિદ્ધાંત નિષ્ઠ શિષ્યરત્ન આ. વિ. સોમચંદ્ર સૂરીશ્વરજી મહારાજની પ્રથમ માસિક સ્વર્ગારોહણ તીથી દિને અમારા ભાભર નગરના મુંબઇમાં વસતા ભાભર જૈન યુવક મંડળ તરફથી પૂ. મુ. શ્રી પુ. વિક્રમાન અક્ષય વિજયજી મહારાજ સાહેબ નિશ્રામાં પંચ મહાવ્રત પૂજા આયંબીલ તથા ગુણાનુવાદ રાખેલ. આ. વિજય સોમચંદ્ર સૂરીશ્વરજી મહારાજના ગુણ વિદ્વાન મુનિરાજ અક્ષય વિજય મહારાજએ તેમજ અમારા ભાભર નગરના શ્રેષ્ઠીવર્ય પંડિત રમણીકભાઈએ ગાયેલ ત્યાર બાદ અલ્પાહાર રાખવામાં આવેલ આવા મહાન સિદ્ધાંત નિષ્ઠ સોમચંદ્ર સૂરીશ્વરજી મહારાજની શાંતિચંદ્ર સૂરીશ્વરજી સમુદાયમાં તેમજ અમારા ભાભર જૈન સંઘમાં ખોટ શાલી રહી છે. ભાભર જૈન યુવક મંડળની યાદગીરી બની રહેશે.

※

ટૂંક ચિંતન

इंदियकसायविजओ जत्थ य पूओववाससीलाइं ।
सो हु तवो कायव्वो, कम्मखयट्ठा न अन्नट्ठा ।।

જે તપના યોગે ઇન્દ્રિયોનો અને કષાયોનો વિજય થાય, તેમજ શ્રી જિનપૂજા, ઉપવાસ અને શીલપાલન થાય, તેવો તપ કર્મના ક્ષયને માટે જ કરવાનો છે પણ બીજા કોઇ જ હેતુથી કરવાનો નથી.

ચાતુર્માસ એ તપધર્મની મોસમ છે. 'મોસમ'માં સમજુ વેપારી બારે મહિનાની કમાણી સરભર કરી લે છે. ધર્મ તો રોજ, બારે મહિના કરવાનો છે. પણ રોજ ન થઇ શકે તો પર્વના દિવસોએ, ચાતુર્માસમાં તો વિશેષે કરીને કરવો જોઇએ. જેથી જીવન સુધરે, મરણ સમાધિવાળું બને, પરલોક સારો મળે અને મુક્તિ નજીક થાય.

આજે આપણા શ્રી સંઘમાં તપશ્ચર્યાઓનું પ્રમાણ વિશેષ દેખાય છે. છતાં પણ દુઃખની વાત એ છે કે, તપ કરવાનો હેતુ યથાર્થ નહિ સમજાવવાથી તપ કરીને–કરાવીને પણ જે લાભ થવો જોઇએ તે થતો નથી. તેનું કારણ સાધુઓને અમારી નિશ્રામાં આટલી આટલી તપશ્ચર્યા થઇ તેમાં જ ઇતિશ્રીનો સંતોષ મનાય છે અને તપ કરનારાને માત્ર ઐહિક લાભોની પ્રાપ્તિમાં સંતોષ થઇ જાય છે. બાકી જે તપ ભયંકર નિકાચિત કર્મોને કાપવા સામર્થ છે તેની કાણી કોડીની કિંમતનો કરવામાં આવે તે વાણિયાબુદ્ધિને પણ શરમાવે તેવી વાત છે ને ?

કેમકે, આપણા એકાન્તે આત્મહિતૈષી, કલ્યાણકામી મહાપુરૂષોએ કહ્યું છે કે, **"કીર્ત્તિને મેળવવાની ઇચ્છાથી, માત્સર્યથી પૂજા-સત્કાર કે ધનની પ્રાપ્તિ કરવાને માટે થતું ઘણા એવા પણ તપનું આચરણ દુર્ગતિના ગમનને આપે છે."**

માટે હે આત્મન્ ! તારી પ્રજ્ઞાના પ્રકાશમાં તું આત્મબોધ કર કે તારી તપની પ્રવૃત્તિ શા માટે છે ? સંસાર સાગર તરવા કે પુષ્ટ કરવા ? મુક્તિની મંજીલે જવું છે કે મોજમજા જ કરવી છે ?

કારણ, તપનું આચરણ સંસારના પૂજારીઓ માટે સાચા ભાવે થવું શકય નથી. ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું પરમ તારક શાસન સંસારની સાધના માટે તપનું વિધાન કરતું જ નથી, પાપ પ્રવૃત્તિ માટે કરાતો તપ એ તપ નથી પણ કાયકલેશ છે, સંસારમાં રૂલાવનાર છે. સામાને તપાવવા કે કેવળ શરીરને તપાવવા પણ તપ નથી, અજ્ઞાનિઓએ તપની ભારે વિટંબના કરી–કરાવી છે, તપ જેવા સુંદર ધર્મનો ઉપયોગ સંસારની સાધના માટે કરવો તે તો અમૃતને વિષ બનાવવાનો તે ય હાલાહાલ, ધંધો છે. મોક્ષની સાધના માટે જ સમ્યક્ તપ ધર્મનું આસેવન કરી સૌ વહેલામાં વહેલા આત્માની અનંત અક્ષય ગુણ લક્ષ્મીને વરે તે જ ભાવના.

—પ્રજ્ઞાંગ



- જીવ તત્વનું અને કર્મ તત્વનું સ્વરૂપ તે જ બરાબર સમજ્યો કહેવાય કે જે કર્મને નબળા માને અને પોતાને બળવાન માને. બાયલાઓને કર્મવાદ અને આત્મવાદ ભણવાનો અધીકાર નથી.
- કર્મબંધની ક્રિયા જેટલી રસ પૂર્વક કરે તેને મોક્ષનો ખપ જ નથી. મોક્ષ જેને બરાબર સમજાયો જાય તેને કર્મ બરાબર સમજાયી જાય.
- શાસ્ત્રે કહ્યું છે કે કર્મ એ એવી ચીજ છે કે દુઃખ પણ આપે અને સુખ પણ આપે. પણ જે દુઃખમાં મુંઝાય નહિ અને સુખમાં મલકાય નહિ. તેની આગળ કર્મ નબળુ છે. કર્મની મહેરબાની પર જીવનારાઓને હસવાનું થોડું છે અને રોવાનું ઘણું છે.
- કર્મને નબળું પાડવાનો પુરૂષાર્થ કયો ? ધર્મ. ધર્મ એટલે શું ? સુખમાં નારાજ થવું અને દુઃખમાં રાજી થવું. બોલો તમને આ ધર્મ ફાવશે ? આપણે જો દુઃખમાં નારાજ થઇએ અને સુખમાં રાજી થઇએ તો કર્મ કહેવાનું કે બચ્ચાં હવે તું મારા હાથમાં આવી ગયો છે. હવે હું તારી ખબર લઇ નાંખીશ. કર્મને હરાવવુ છે કે ધર્મને હરાવવો છે ? દુઃખમાં રાજી થાય અને સુખમાં નારાજ થાય તો કર્મ કહેશે હું હાર્યો.
- ભગવાનને માનનારો તેને સંસારમાં રહેવું પડે ખરૂં પણ તેને જો સંસાર ગમે તો દુઃખ થાય. આવુ માનસ થાય તો કાલે જ બધુ સુધરી જાય.
- આપણને મોક્ષ જોઇ તો હોય અને સંસાર ન જોઇતો હોય તો ભગવાન સાથે મેળ જામે. જેને ભગવાન સાથે મેળ જામે તેને અમારી સાથે મેળ જામે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર જૈન શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાગાભાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન ૨૪૫૪૬

21-2-92

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૫	૧૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

૫૧૯૮
પં.૨ ૨૨૬૪૮
૨૧૯૯૨

યોગ્યતા જ પ્રધાન છે.

चूतांकुरकवलनतः कोकिलकः
स्वनति चारु न तु काकः ।
योग्यस्य जायते खलु हेतोरिपि
नेतरस्य गुणः ॥

જેમ આંબાના મોરના ભક્ષણથી કોયલ મીઠા મધુર અવાજ-ટહુકાઓને કરે છે પરન્તુ કાંઇ કાગડો કરતો નથી. તેમ જે યોગ્ય હોય તેને જ હેતુથી ગુણ થાય છે પણ બીજા અયોગ્યને તે હેતુથી ગુણ થતો નથી.

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

એક ચિંતણી

નૂતન વર્ષની મંગલ ભાવના

નૂતન વર્ષનું મંગલ પ્રભાત તમારા સૌના જીવનને સમ્યગ્ધર્મની ખુશ્બુથી મહેકતું બનાવે. તમારા આત્મા ઉપરથી અજ્ઞાનનો અંધકાર દૂર થાઓ અને સમ્યગ્જ્ઞાનના પ્રકાશના પૂંજ જીવનને અજવાળનારા બનો. સૌ જીવોનું કલ્યાણ થાઓ. સઘળા ય જીવો પરહિતમાં રકત બનો, સઘળા ય જીવોના રાગાદિ દોષો નાશ પામો અને સર્વ જીવો આત્મસુખની સમૃદ્ધિથી સમૃદ્ધ થાઓ.

જીવનની ક્ષણિકતાને સમજાવતું જીવન વહેણમાંથી એક વર્ષનું પ્રવાહણ વહી ગયું. આજના સોનેરી પ્રભાતના નિર્મળ વાતાવરણમાં આત્મા સાથે વિચારો કે-મારા જીવનનો ઢાળ કઇ બાજુ છે ? ધર્મી-[illegible]રી તરીકેની નામના ધરાવતો હું સંસારની લાલસાવાળો છું કે સમ્યગ્ધર્મની ભાવનાવાળો છું ? મારો વધુ સમય સંસારની પ્રવૃત્તિમાં શરીરની સેવા-શુશ્રુષાદિમાં જાય છે કે તારક ધર્મની આરાધનામાં જાય છે ! મહોપકારી હિતૈષીઓ ભારપૂર્વક ફરમાવે છે કે- દશ દશ દૃષ્ટાંતે દુર્લભ એવા મનુષ્ય જન્મને પામ્યા પછી, સાચી સમજ આવ્યા પછી સમ્યગ્ધર્મ રહિત જેટલી ક્ષણો જાય છે તે બધી નિષ્ફલ અને નિરર્થક જાય છે. કેમકે, આ જીવન પાણીના પરપોટા જેવું અનિત્ય છે, વિજળીના ચમકારા જેવું ચંચલ છે, કુશાગ્ર ઉપર રહેલા જળબિંદુ સમાન અસ્થિર છે, સંધ્યાના રાગ કે સ્વપ્ન સમાન ક્ષણિક છે માટે આત્મહિતને માટે જ ઉદ્યમ કરવો એ વિવેકીઓનું પરમકર્તવ્ય છે. પાણીના રેલાને રોકી શકાય પણ મહાનદીના પ્રવાહને ખાળી શકાતો નથી. એમ જરા અને મૃત્યુ રોકવા અશકય છે. પાંદડું જીર્ણ થતાં ખરી પડે છે કે સદ્યવિકસિત પુષ્પ પણ અલ્પકાળમાં કરમાઇ જાય છે તે જાણીને ભાવિને સુંદર બનાવવાનો ભવ્ય પુરુષાર્થ આદરે તે જ સાચો બુદ્ધિશાળી છે. માટે જીવનમાં ધર્મને જ પ્રધાન બનાવવો જોઇએ જેથી આ જન્મ જ અજન્મનું બીજ બની જાય.

આવી પરમોચ્ચદશાને પામવા માટે સંસારની-સંસારના પદાર્થોની આસકિત-તૃષ્ણા ઘટાડવી જોઇએ, મોહમદિરાની મૂર્ચ્છાને મારવી જોઇએ જેથી સાચી ચેતના જાગૃત થાય. અજ્ઞાનના અંધકારને હટાવવો જોઇએ, પાપનો ડર પેદા કરવો જોઇએ, વિષયની વાસનાના આવેગને ખાળવો જોઇએ, તેને મુળમાંથી નાશ કરવા પ્રયત્ન કરવો જોઇએ, કષાયની નાગચૂડ પકકડમાંથી મુકત થવું જોઇએ, સુખની લીનતા અને દુઃખની દીનતાના દુર્ગુણને દેશવટો દેવો જોઇએ, ખોટી ઇચ્છાઓ મારવી જોઇએ. (જુઓ ટાઇટલ ૩)

હલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ
(વઢવાણ)
ચાંદમલ ગુઢકા
(થાનગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ કારતક સુદ-૨ મંગળવાર તા. ૨૭-૧૦-૯૨ [અંક ૧૨

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૦૦

ધર્મ જ આત્માને ડાહ્યો બનાવનાર છે :

—સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

(પૂજ્યપાદશ્રીજીની ધર્મના અતિ ગહન પદાર્થોને સરળ-સુબોધ શૈલીમાં સમજાવવાની કલા ઉપર તો દિગ્ગજ વિદ્વાનો પણ આફરીન થતા, પરન્તુ અવસરે વર્તમાન રાજકારણ અને વ્યવહાર ધોરણ ઉપર પણ જે પોતાની પ્રજ્ઞાનો પ્રકાશ રેલાવતા મહામૂલું માર્ગદર્શન આપતા તેથી પણ સૌના મસ્તક ઝુકી જતા, તે આર્ષવાણી અક્ષરશઃ સત્યતાને પામી રહી છે તે આ લેખ વાચવાથી ખ્યાલ આવશે. આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. સં૫ા૦)

ભગવાન શ્રી જિનેશ્વર દેવનો ધર્મ સંસારથી છૂટી અને મોક્ષે જવા માટે છે. તે માટે તમે કરતા હોત તો જગતમાં તમારી આબરૂ ઊંચી હોત. દુનિયામાં પણ જે ચીજ ન મળે તે ચલાવી લે તો ડાહ્યો કહેવાય કે ન ચલાવી લે તે ? જો આર્યદેશના સંસ્કાર જીવંત હોત તો આજે મોંઘવારી જીવંત ન હોત. આજની મોંઘવારી સાચી નથી પણ કૃત્રિમ બનાવટી છે, તપ-જપ કરનારા આ દેશના લોકોને લુખ્ખું ખાવું કઠીન છે ? એક-બે ધાન્યથી ચલાવવું કઠીન છે ? જો તમે બધા સમજીને જીવવા માંડો, જે ચીજ મોંઘી છે તે વાપરવી જ નથી-તેવો નિર્ણય કરો તો મોંઘવારી કાલે જતી રહે. હોટલોમાં જવું નથી, મોજ શોખ કરવા નથી તો મોંઘવારી કયાં ઊભી રહે ? આજે તો બેકારો પણ હાથે કરીને વધારવામાં આવી છે. ઘરમાં રેડીયા, ટેલીવિઝન વાલી, નાટક-ચેટક જોઈ, મોજ-શોખ કરી બેકારી વધારી દીધી છે. આજનો પરોપકાર

પણ જુઠો છે, લુચ્ચાઇ અને હરામખોરીથી ભરેલો છે. આજના પરોપકારની વાત કરનારા મોટે ભાગે સ્વાર્થના પૂજારી છે. મને ખબર છે કે, **મારી આ વાત જંગલમાં રૂદન છે.** તમારે સાચું સમજવું જ નથી અને સુધરવું પણ નથી. પછી જે રીતે દેશને સુધારવા માગો છો તે સુધરે જ નહિ પણ સુધારાના નામે ય બગાડો વધુ થાય.

તમારી દુનિયાની મહેનતને, દોડાદોડને ને વખાણે તેની પણ દુર્ગતિ થાય. આજનું બધું ભણતર પૈસા મેળવવા અને મોજશોખાદિ કરવા માટે છે. માટે તમે બધા કઇ જાતના ભિખારી છો તે જ સમજાતું નથી, પગાર માટે જે ધર્મનું ભણ્યા તે પણ લાયક ન નીવડયા. પૈસા કમાવવા માટે ધર્મનું ભણવા આવે તો તેનેય ભણાવાય નહિ. જે ભણાવે તેને ય પ્રાયશ્ચિત્ત આવે.

આજે તો મારા પર આરોપ છે કે, હું **દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમજતો નથી. તમે જે રીતના દ્રવ્યાદિ સમજાવવા માગો છો તે જે સમજી જાય તેનું સાધુપણું પણ ન રહે, ઓઘો ય તેના હાથમાં લાજે, મારે તેવું કરવું નથી.**

ભગવાને કહેલી વાત સમજી જાવ અને તે રીતના જીવવા માંડો તો આ સરકારને પણ જવું પડે. પણ! તમે બધા ખાવા-પીવાનું શીખ્યા છો પણ બીજાને જે ખવરાવવા પીવરાવવાનું શીખ્યા હોત તો ય કામ થાત. આજે તો ખવરાવવું તે ય ગુનો! લાખ્ખો મણ ભીઠાઇ વેચાય પણ તે વહેંચવી તો ગુનો. કોઇને ખવરાવાય નહિ-આ તે કેવો કાયદો કહેવાય! જમાડવામાં અનાજનો દુર્વ્યય થાય છે તેવું કોણે કહ્યું?

પણ આજના ભણતરે તમને બધું ઊંધું શીખવ્યું છે. ખોટી ભૂખ જગાડી છે કે-ગમે તે રીતે સારું-ઊંચું સ્થાન મેળવવું છે, ખૂબ ખૂબ પૈસા ય મેળવવા છે અને મોજમજા કરવી છે. **ગમે તે રીતે પૈસા મેળવે અને મોજમજા કરે તે તો લુંટારા કહેવાય અને ન્યાય-નીતિની રીતે મેળવે તે ધંધો કરનારા કહેવાય.** આજે લુંટારા વધારે છે કે ધંધો કરનારા? વ્યસનો પણ વધારી દીધા. ભીખ માગી સીનેમા જૂએ, ચાર વાર ચા પીએ. દાન દૂધના હોય કે દારૂના પણ હોય!

આર્યદેશના રિવાજે જીવતા હોત તો કોઇ ભુખ્યું સૂવત નહિ, આટલી હરામખોરી-બકમાશી હોત નહિ. આખો દેશ અજ્ઞાન થઇ ગયો. ભણેલા મોટેભાગે મૂરખ છે. જે સમજ્યુ છે તેમનું કાંઇ ચાલતું નથી. મારી તો ભલામણ છે કે-હજી તમે સમજી જાવ, નહિ તો ભાગવું પડશે. આજે શહેરોમાં જે બનાવ બની રહ્યા છે તેના એંધાણ ભૂંડા છે. ધર્મ માણસને ડાહ્યા-સમજુ બનાવવા માટે છે. આજના શિક્ષણે દુનિયાને ગાંડું બનાવ્યું છે, તેના વખાણ થાય નહિ. સારા અર્થશાસ્ત્રીઓ કહી રહ્યા છે કે, દેશનું સત્યાનાશ થઇ રહ્યું છે, દેશ વેચાઇ રહ્યો છે, ખાડામાં પડી રહ્યો છે. સારા કાયદાજાણે કહે છે કે, આટલા કાયદા જોઇએ નહિ. રાજાઓને ઉઠવું પડયું.

દુનિયામાં પણ કેવી ગુંડાગિરી ચાલે છે તે નજરે જૂએ છો. છતાં ય હતા તેવા ને તેવા છો તેથી લાગે છે કે, તમે તો ધરાઢાપૂર્વક બધાં પાપોને આમંત્રણ આપ્યું છે.

આપણા આયંબિલ તપમાં જે તમને ખાવા મળે છે તેવું ય દુનિયામાં ઘણા માણસોને નથી મલતું. જે લોકોને નથી મલતું તે બધા ચલાવે છે ને? તમે બધા સુધરી જાવ તો ઘણા બધા સુધરી જાય. આ મોંઘવારી ઘટી જાય. આજે કોઇ ચીજની સાચી અછત છે જ નહિ, બધી બનાવટી છે. કાળાબજારમાં શું શું નથી મળતું? બધું જ મળે છે ને? અનાજની કૃત્રિમ તંગી કરી આ દેશને માંસાહારી બનાવવો છે. પણ **તમને મારી વાત તો ગાંઠા જેવી લાગે છે ને?**

આ દેશને જ્યારે સ્વરાજ મળ્યું ત્યારે સ્વરાજ્ય આપનારા ચર્ચિલે કહેલું કે-'આ મુર્ખા લોકોને સ્વરાજ્ય આપવા જેવું નથી. હવા સિવાય બધા ઉપર ટેક્ષ આવવાના છે.' તો પણ તમે લોકો સમજ્યા ન હતા અને જાવસોઇ...જાવસોઇ...કરતા હતા. અમારું તો કોને ય સાંભળતા ન હતા. આટલા બધા ટેક્ષ આવ્યા તો તમે ચોરી કરતાં શીખ્યા પણ **'ટેક્ષ જ ન આપવો પડે તેમ જીવવું જોઇએ' તે કેમ ન શીખ્યા?** તમે નીતિથી જીવવા માગો તો ખાવા માટે બે ચીજ પણ ન મળે તેવું છે? તમારે ચોરી કરવી છે અને તેમાં અમારી-સુસાધુઓની પણ સંમતિ લેવી છે કે-"ટેક્ષની ચોરી એ ચોરી ગણાય નહિ." અમે તો મરી જઇએ તો પણ તેમાં સંમતિ આપીએ નહિ. ભગવાનનો સાચો સાધુ પણ આપે નહિ,

(૨૦૨૯, શાંતાકુઝ, મુંબઇ.)

- ઘરના ખરાબ પાકે ત્યારે તેનાથી સાવધ ન રહો તો શું થાય? ઘર બગડે ને?
- જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે દુનિયાના સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિનો ગુણ કેળવવો જોઇએ.
- કષાયના બળથી સંસાર ચાલે છે તેમ કષાયના બળથી જ ધર્મ પામવાનો છે, જીવ કષાયને આધીન હોય એટલે તે સંસારની મજુરી કરાવે અને કષાયને જે આધીન કરે તે, તે તેની (કષાયની) સહાયથી ધર્મમાં મહેનત કરે.
- દર્શન મોહનીયનો તીવ્ર ઉદય હોય તેની આગળ ધર્મની વાત કરવી તે ધર્મની મશ્કરી કરાવવા બરાબર છે.
- આપણી વિદ્યા વેચવાની ચીજ નથી પણ વહેંચવાની ચીજ છે.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ આજના બહુબોલકણા અને ભણેલાનો દાવો કરનારાનો પરિચય કરવા જેવો નથી. જે આપણું ભલું કરવું હોય– આત્મહિત કરવું હોય તો– તેઓ સંતોષમાં પડેલાને અસંતોષી બનાવે, જે મારૂં ન હોય તેને મારૂં મનાવે અને પરસ્પર લઢાવે.

૦ આજની ચુંટણી પ્રથા ધર્મસ્થાનમાં ઘાલવા જેવી નથી. જો તમે ઘાલી તો તે નખ્ખોદની નિશાની જેવી જવાની. આપણે ડાહ્યા હોઇએ આપણું ઠેકાણે હોય તો કોઇ જ બગાડી શકનાર નથી. માટે આ દુનિયાની હવા ધર્મસ્થાનમાં પેસવા દેવા જેવી નથી.

૦ સમ્યગ્જ્ઞાન–સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ ચાર શ્રી વીતરાગ દેવના શાસનની મૂડી છે, તે જ શાસન છે.

૦ વાંદણા એટલે તેના જેવો ઊંચી કોટિનો વિનય કોઇ જ નથી. દુનિયામાં ઘણા વિનય ચાલે છે પણ તે શિષ્ટના છે. આપણે ત્યાં જૈનશાસનમાં તો આત્મ–કલ્યાણનો વિનય છે.

૦ અમે વ્યાખ્યાન તમને સાચું વસ્તુતત્ત્વ સમજાવવા કરીએ છીએ. પણ અમને શોખ છે માટે નહિ. તમારે પણ શા માટે વ્યાખ્યાન સાંભળવાનું છે? વસ્તુતત્ત્વ સમજાય. સાચા–ખોટાનો વિવેક થાય. સાચું સ્વીકારવા અને ખોટું છોડવા માટે.

૦ સુદેવ–સુગુરુ અને સુધર્મનો આપણા ઉપર કેવો ઉપકાર છે, તે ખબર છે? આલોકમાં ય સારી રીતે જીવાડે. મજેથી મરવાનું શીખવાડે. માંદગી આવે તો હોયવોય ન કરાવે પણ સમાધિ રખાવે. દુનિયાના સુખમાં ફસાવા ન દે, દુઃખમાં દીન ન બનાવે. સુખ છોડવાની અને દુઃખ મજેથી વેઠવાની તાકાત આપે. કદાચ સુખ ન છૂટે તો સાચવી–સંભાળીને રહેતા શીખવે.

૦ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સારા હોવા જોઇએ. સારા એટલે માર્ગસ્થ!

૦ ભણવાનું વિદ્વાન થવા માટે નથી, વાતોડિયા થવા માટે પણ નથી. પણ વસ્તુતત્ત્વ સમજવા માટે છે અને સમજીને આચરવા માટે છે.

૦ આપણે ત્યાં મુહપત્તિ પડેલવવાની ક્રિયા પણ એવી સુંદર–મજેની છે કે, તેમાં જે પચાસ [૫૦] બોલ બોલવાના છે તેમાં તો આખું ધર્મશાસ્ત્ર ભર્યું છે. આપણી દરેકે દરેક ક્રિયા જ્ઞાનમય છે. ક્રિયા વગરના જ્ઞાનને નકામું કહ્યું છે. જ્ઞાન વગરની ક્રિયાને પણ નકામી કહી છે. ભગવાને આપણી કેટલી બધી ચિંતા કરી છે! આ મુહપત્તિના પચાસ બોલમાં તો અમારાથી ધર્મબુદ્ધિએ શું શું બોલાય અને તમારાથી શું શું સંભળાય તે બધું આવી જાય છે.

૦ તમને મુરખ રાખવામાં અમને ય જો મજા હોય તો અમારા જેવા મુરખ કોઇ નથી!

વિશાળ ભવિષ્યકાળને અવગણીને

વર્તમાનને માણશો મા

—પૂજ્ય મુનિરાજ શ્રી મોક્ષરતિવિજયજી મ. સા.

"વર્તમાનકાળ જેમ ભૂતકાળનું પરિણામ છે, એમ ભવિષ્યકાળનું કારણ પણ છે. ભૂતપૂર્વ ભવોમાં કરેલી સારી નરસી કરણીનાં મીઠાં કડવાં ફળો અહીં મળે છે એમ અહીં કરાતી સારી નરસી કરણીનાં મીઠાં કડવાં ફળો ભાવિભવોમાં અવશ્ય મળવાના છે

જો આટલી વાત પણ નક્કી થઇ જાય તોય મોટી મુશીબત મટી જાય એમ છે. પરન્તુ મુસીબતોનીય મુસીબત એ છે કે મરણ પછીના જન્મને અને જીવનને સ્વીકારવા આજે બહુ જ ઓછા લોકો તૈયાર છે—"

વ્યાખ્યાનમાં આ વાત ચલેલી જતી હતી ત્યાં અચાનક એક શ્રોતાએ અહીં બ્રેક લગાવી : 'મરણ પછીની વાત પછી, સાહેબ અહીં તો મરણનો સ્વીકાર કરવાની પણ કયાં કોઇની તૈયારી છે ?'

"બોટ્ટી વાત. અહીં બેઠેલાઓમાંથી શું એક જણ પણ એવો જડશે ખરો કે જેણે એલ.આઇ.સી.ના ફોર્મ્સ ન ભર્યા હોય ? અરે ! વૃદ્ધોએ તો વીલ પણ બનાવી દીધું હશે." મે કહ્યું, "વાસ્તવિકતા તો એ છે કે વાસ્તવિકતાને સમજનાર પણ એ સમજદારીનો સદુપયોગ નથી કરતો. પોતાના મરણના વિચારની સાથે જ, મારા મરણ પછી મારી પાછળનાઓનું શું થશે ? તેઓ શું ખાશેપીશે ? એવી બધી વ્યર્થ ચિન્તાઓ તેને ઘેરી વળે છે. પણ મર્યા પછી પોતે કયાં જવાનું છે ? જ્યાં જવાનું થશે ત્યાં પોતાની પરિસ્થિતિ શી થશે ? ત્યાં પોતે શું ખાશેપીશે ? એવો તો વિચાર પણ એને નથી આવતો. પાછળનાઓની બેંકબેલેન્સ વધારવાની લાહ્યમાં પોતાની પુણ્યની બેલેન્સ એ ગુમાવી રહ્યો છે, ને સમયની અણમોલ મૂડીને એ બેફામ વેડફી રહ્યો છે.

પથ્થરદિલ પણ પીગળી ઊઠે એવી કરુણાન્તિકા તો ત્યારે સરજાય છે કે જ્યારે ભોગ—ઉપભોગની વયને વટાવી ચૂકેલો વૃદ્ધજન પણ ધનની સેવામાં તનમનવચનને દિનરાત ઢસડી રહેલો જોવા મળે છે...શા માટે, એ ખબર છે ? એને પુત્રોની, પૌત્રોની, પ્રપૌત્રોની, પ્રપ્રપૌત્રોની, પ્રપ્રપ્રપૌત્રોની (આ પરંપરા કયાં જઈને અટકશે એની તો એને'ય ખબર નથી હોતી) ચિન્તા એને સતાવે છે. અને તે માટે એ એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે—ચહેરા ઉપર કરચલીઓ, માથે પળિયાં, આંખે મોતિયો, મોંમાં ચોકઠું, હાથમાં લાકડી જેવી—જમરાજના દરબારમાં હાજર થવા માટેની—અસંખ્ય નોટિસોમાંની એકે'યને એ ગણકારતો નથી. એ તો બસ ધાંચીના બળદની જેમ નીચું ઘાલીને.....

હસશો નહીં એના પર. ખરેખર તો

મરણના આગમનની અનિશ્ચિતતા આપણને સૌને, વરલાઓમેં અને જુવાનીયાઓને સૌ કોઇને એકસરખી રીતે સાવધાન બનાવે છેઃ વિશાળ ભવિષ્યકાળને અવગણીને વર્તમાનને માણશો મા.

પૂર્વજન્મો અને પુનર્જન્મની અનંત શ્રેણિમાં વિદ્યમાન જન્મ તો, મહાસાગરમાંનાં બિંદુ જળબિન્દુ જેવો છે. ને આ વર્તમાન જન્મમાં પણ શેષજીવન, મતબલ કે મરણ-પહેલાનો ભવિષ્યકાળ તો અતિશય અલ્પ છે. પચીશ કે પચાસ વર્ષ. અરે, એ પણ વધુમાં વધુ. ઓછામાં ઓછો તો એ કાળ ક્ષણ કે ક્ષણનો પણ હોઇ શકે છે. અને મરણ પછીનો ભવિષ્યકાળ ? એ અનંત છે. અપાર છે. છતાંય કમનસીબે મૃત્યુ પછીના અમર્યાદિત ભવિષ્યકાળને ભોગમમાં મૂકીને પણ મૃત્યુ પહેલાના અત્યંત મર્યાદિત ભવિષ્યકાળને સુખમય બનાવી દેવાનું ગાંડપણભર્યું કામ ડાહ્યા ગણાતા માણસને પણ શાણપણભર્યું લાગે છે.

અહો આશ્ચર્યમ્ !

મરણ પહેલાના-અત્યંત મર્યાદિત-ભવિષ્યને સુખમય બનાવી દેવાની વાત, પોતાના હાથની ન હોવા છતાંય માણસ ત્યાં હાથ નાખ્યા જ કરે છે. ને મરણ પછીના અમર્યાદ ભવિષ્યને સુખમય બનાવી દેવાની જ્ઞાનીકથિત વાત પોતાના હાથની હોવા છતાંય માણસ એને હાથ પર લેતો નથી. ફ્યુચર પ્લાનિંગ વિશે કોઇ એને પૂછે તો ભાવનાશાળી યુવાન એ જ જૂની રેકર્ડ વગાડતો રહે છેઃ 'નોકરીધંધો કરીશ, પૈસા ભેગા કરીશ, પછી પત્ની-પુત્રાદિ પરિવાર ઊભો કરીશ, મમતચમન ઉછેરીશ, પછી સમાજમાં નામના પ્રતિષ્ઠા જમાવીશ, પછી ઐશ-આરામ સુખચેન અનુભવીશ.' પછી ? 'પછી શું ? મરી જઇશ.' અરે ! પણ પછી શું ?

નહિ. આ પ્રશ્નનો એની પાસે કોઇ ઉત્તર નથી. કેમકે આવો પ્રશ્ન જ એને કદી થયો હોતો નથી. મરણ એટલે ધ એન્ડ. સત્તાવીશ રીલ પૂરી. ખેલ ખતમ. પછીની દુનિયા એને મન છે જ નહિ

સામે ધસી આવતી બિલ્લાપ્રીનો બિહામણો ચહેરો જોઇને ભયનો માર્યો આંખો મીંચી દઇને ઉંદરમામો ભલે ખુશ થાય કે હાશ ! બિલ્લીમાસી હવે સામે નથી. પણ હકીકત એને કંઇક જુદી જ, બહુ જ બૂરો અનુભવપાઠ ભણાવે છે. આપણા હૈયામાં બેઠેલા આ મામા આપણને 'મામા' બનાવવા માટે ભલે એવું સમજાવ્યા કરે કે, મરણ-પરલોકનો કોઇ જ બિલ્લીભય હવે નથી રહ્યો. (કેમ વળી ? વિજ્ઞાને સિદ્ધ નથી કર્યો માટે?તો.) પણ...સમજી ગયા છો તમે.

તો હવે એ સમજને સુદૃઢ અને અમલી બનાવવા માટે રોજેરોજ, એકાન્ત અને શાંત વાતાવરણમાં પ્રશાન્તચિત્તે આ પાંચ સવાલો પોતે જ, પોતાને પૂછતા રહો :-

હું કોણ છું ? હું કયાંથી આવ્યો છું ? અહીંથી મારે કયાં જવાનું છે ? મારે જ્યાં જવું છે ત્યાં જઇ શકાય તે માટે મારે કઇ કઇ વૃત્તિપ્રવૃત્તિઓને અપનાવવી જોઇએ અને કઇ કઇ વૃત્તિપ્રવૃત્તિઓને તજવી જોઇએ ? અને એ કર્તવ્યપાલનમાં હું કઇ કઇ રીતે કયાં કયાં પાછો પડું છું, મને કોણ પાછો પાડે છે ?

પંચપરમેષ્ઠીના સ્મરણ કરતાં પણ કયારેક આ પંચપ્રશ્નનું ચિંતન વધારે હિતકારી પુરવાર થઇ શકે છે.

જિનાજ્ઞાવિરુદ્ધ કંઇપણ કહેવાયું હોય તો મિચ્છામિ દુક્કડં."

સમેતશિખરજી તીર્થમાં શ્વેતાંબરોનો જવલંત વિજય

લેખક : પં. શ્રી ધનંજય જે. જૈન 'પ્રેમકેતુ' મુંબઇ

શ્રી સમેતશિખરજી મહાતીર્થ શ્વેતાંબર જૈનોનું મહાન અને મહામહિમાશાલી તીર્થ છે. આ તીર્થ ઉપર તા. ૨૦ ઓકટોબર ૧૯૯૧ ના રોજ 'દિગમ્બર જૈન સમ્મેદાચલ વિકાસ કમિટિ' નામક, ભાગચંદ પટણી, રાજેન્દ્રકુમાર જૈન વગેરે કેટલાક દિગંબરી માણસો દ્વારા સ્થપાયેલી, સંસ્થાના અન્વયે, શિખરજી (પારસનાથ) પહાડ ઉપર સંપૂર્ણ રીતે ગેરકાનુની દિગંબર-મંદિર-નિર્માણનો પ્રયાસ કરવા દ્વારા શ્વેતાંબરીય તીર્થ ઉપર એક પ્રકારનું આક્રમણ કરાયું હતું.

આ સમાચાર કલકત્તામાં તત્કાલીન ચાતુર્માસ બિરાજમાન પૂ. સ્વ. આગમવિશારદ પં. પ્રવર અભયસાગરજી મ.ના શિષ્ય-પ્રશિષ્યો-પૂ. પં. શ્રી અશોકસાગરજી મ., પૂ. ગણીશ્રી જિનચન્દ્રસાગરજી મ., તથા પૂ. ગણીશ્રી હેમચન્દ્રસાગરજી મ. આદિને મળતાં તેનો ઉગ્ર વિરોધ-વંટોળ ઊભો થયો.

ચાતુર્માસ પૂર્ણ થતાં જ પૂ. ગણિવર્યદ્વય શ્રી જિનચન્દ્રસાગરજી મ. તથા શ્રી હેમચન્દ્રસાગરજી મ. આદિ કુલ સિતેર સાધુ-સાધ્વીજી મહારાજો ઉગ્ર વિહાર કરીને શિખરજીમ. આવી પહોંચ્યા અને તીર્થ-રક્ષાના સત્કાર્યમાં ઉમંગપૂર્વક જોડાઈ ગયા. તીર્થરક્ષા નિમિતે સતત આયંબિલ, સાંકળી અટ્ઠમ, શ્રી પાર્શ્વનાથ પ્રભુના સામુહિક અટ્ઠમ તથા જાપ-ધ્યાન અને વિશેષમાં સામુહિક ઉપધાન તપની જોરદાર આરાધના દ્વારા સૂક્ષ્મનું આધ્યાત્મિક બળ ઊભું કરાયું.

શિખરજી પર્વત ઉપર કડકડતી ઠંડીમાં ત્રણ દિવસ ઉપર રહીને મુનિશ્રી પૂર્ણચંદ્રસાગરજી, વિવેકચન્દ્રસાગરજી અને લબ્ધિચન્દ્રસાગરજીએ અટ્ઠમ તપપૂર્વક જાપ-ધ્યાનાદિ આરાધના કરી પૂ. પૂર્ણચન્દ્રસાગરજી મ. આપણા ૩-૪ ભાઇઓની સાથે દિગમ્બરીય મંદિર નિર્માણ સ્થળે નિરીક્ષણ માટે ગયા, ત્યારે દિગંબરી માણસોએ બરછી, ભાલા અને તીર-કામઠા વગેરે શસ્ત્રો સહિત આક્રમણનો પ્રયાસ કર્યો, ત્યારે મુનિશ્રીની નિશ્ચલતા અને વાત્સલ્યવૃત્તિએ તે સહુને ઠંડાગાર કરી દીધા.

દિગંબરો દ્વારા ચાલતા ગેરકાનુની મંદિર નિર્માણના વિરોધ મુનિશ્રી લબ્ધિચન્દ્રસાગરજી મ. ની કુશળ આગેવાની હેઠળ શ્વેતાંબર-યુવકોની ભવ્ય રેલી આયોજિત કરાઇ. જોશીલા યુવાનો, ઉપસ્થિત યાત્રિકો અને ૨૫૦ જેટલા આરાધકોવાળી આ રેલીમાં શિષ્ટ ભાષામાં લખાયેલા બેનરો, બુલંદ નાસ્નાઓ અને ઝંડા વગેરે હતા. સત્યનો બુલંદ કંઠે જયકાર કરતી આ રેલી દ્વારા શિખરજીના થાણેદાર, ડી. એસ. પી. અને ગિરીડીહના એસ.પી.ને 'મેમોરન્ડમ' (આવેદન પત્ર) અપાયા. અને

તા. ૨૪-૨-૯૧ સુધીમાં આ ગેરકાનુની કામકાજ બંધ કરવા જોરદાર ચેતવણી અપાઇ.

આ બધાના સુખદ પરિણામે પર્વત ઉપરની દિગંબરી કાર્યવાહી તત્કાળ બંધ થઇ ગઇ, વળી બીજી બાજુ આના કાયમી ઉકેલ માટે શ્વેતાંબરો તરફથી કોર્ટની કાર્યવાહી તો ચાલુ થઇ જ ગઇ હતી.

સુરતથી શિખરજી સુધીના છ"રી" પાલક મહાસંઘના સ્મૃતિગ્રંથનું આલેખન કાર્ય કરવા માટે ઉપર્યુક્ત ગણિવર્યશ્રીની નિશ્રામાં આ લેખકને પચીશ દિવસ સુધી શિખરજી તીર્થમાં રહેવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. લગભગ આ જ ઉપર્યુક્ત ઘટનાઓનો કાળ હતો. ત્યારબાદ ગ્રંથલેખનના કાર્ય અંગે પૂ. ગણિશ્રી હેમચંદ્રસાગરજી મ. સાથે પત્રવ્યવહાર ચાલુ જ હતો.

આ દરમ્યાન પૂજ્યશ્રીએ મને એક આનંદદાયક સમાચાર જણાવ્યા કે રાંચીની કોર્ટમાં આપણા (શ્વેતાંબરો) દ્વારા આ અંગે જે (મેન્ડાટોરી એજંકશન) અરજી દાખલ કરાઇ હતી, તેના અંતિમ સ્વરૂપનું જજમેન્ટ સંપૂર્ણપણે શ્વેતાંબરોની તરફેણમાં આવી ગયું છે. અને શ્વેતાંબર પક્ષે જવલંત વિજય પ્રાપ્ત કર્યો છે.

પૂ. ગણિશ્રી હેમચંદ્રસાગરજી મ. ઉપર આવેલા, શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પૂર્વભારતના પ્રતિનિધિ અને કલકત્તા કેનીંગ સ્ટ્રીટ જૈન સંઘના ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ એમ. ગાંધીના પત્ર દ્વારા જે મુદ્દાઓ જાણવા મળ્યા છે, તેનો સાર સમસ્ત જૈન સંઘોની જાણ માટે નીચે મુજબ રજુ કરૂં છું.

૦-શિખરજી પર્વત (તીર્થ) અંગે રાંચીમાં કોર્ટમાં ચાલતા કેસનો ચુકાદો તા. ૨૯-૮-૯૨ ના રોજ આવી ગયો છે, જેના આધારે નીચેની બાબતો નિશ્ચિત બની ગઇ છે.

૦-"શિખરજી પહાડ ઉપર શ્વેતાંબરોનો હકક ૧૨ માઇલ પૂરતો જ છે, આવું દિગંબરોનું કથન હતું. પરંતુ આ ચુકાદો સ્પષ્ટપણે જણાવે છે કે, "આ સમસ્ત પહાડ શ્વેતાંબર જૈન સંઘની માલિકીનો છે. અને તેથી આ પર્વત ઉપર કયાંય કોઇ પણ કામકાજ કરવું હોય તો શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીની રજા સિવાય તે થઇ શકે જ નહિ.

૦-ઉપર્યુક્ત ચુકાદા પ્રમાણે, દિગંબરો દ્વારા થયેલું બાંધકામ બિલકુલ ગેરકાયદેસર છે. તથા એ કામકાજ કરાવનારા જે કોઇ પણ ભાઇઓ (દિગંબરો) છે, તે નામદાર કોર્ટનો અનાદર કરનારા હોવાથી ગુનેગાર છે.

૦-જુના કેસના અનુસારે પર્વત ઉપરના અડધા માઇલની લાઇનદોરી અંગે ચોકકસ ખુલાસો ન હતો; જ્યારે આ ચુકાદા પ્રમાણે પ્લોટ નંબર વગેરે આપીને પ્લોટ વાર જગ્યા ચોકકસપણે નકકી કરાઇ છે. અને તેથી ગત વર્ષે દિગંબરો દ્વારા કરાયેલું બાંધકામ ગેરકાયદેસર છે. ઉપરાંત ૩-૩-૯૦ માં જણાવ્યા પ્રમાણે દિગંબર સમાજનીકોઇ પણ વ્યકિત આપણા (શ્વેતાંબરોના) હકકનો અનાદર કરી શકતી નથી.

૦–આ ચુકાદો સ્પષ્ટ કહે છે કે દિગંબરી કોઈપણ વ્યકિત કોઇપણ જાતનું બાંધકામ શ્વેતાંબર જૈન સંઘ (અર્થાત્ તેની પ્રતિનિધિ શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી)ની રજા સિવાય કરી શકે જ નહિ. અને કોઇ સંજોગોમાં તેઓ આવો કોઇપણ પ્રયત્ન કરે તો તેમને તાત્કાલિક એરેસ્ટ કરવ અંગે અને તેની મિલકત ઉપર ટાંચ લાવવા અંગે પણ તુરંત પગલા લઇ શકાય.

ઉપર્યુકત જજમેન્ટ સ્પષ્ટપણે દિગંબરો દ્વારા નિર્મિત બાંધકામને અનધિકૃત અને ગેરકાનુની સિદ્ધ કરે છે. હવે તેને પૂર્વવત્ સ્થિતિ (રેસ્ટોરેશન ટુ ઓરીજીનલ)માં લાવી જ દેવી જોઈએ. પરંતુ રાંચી હાઇકોર્ટના કેસના ચુકાદાની સુનાવણી થાય ત્યાં સુધી તે મોકૂફ રાખેલ છે. અને તે અંગે બાંધકામ હટાવવાનો આદેશ (કોર્ટઓર્ડર) છ–એક મહિનામાં મળી જવાની શકયતા છે.

શ્વેતાંબર જૈન સંઘને આવો ભવ્ય અને જવલંત વિજય સંપ્રાપ્ત થયો તેની પાછળ અનેક પુણ્યાત્માઓનો સક્રિય ફાળો છે, તેની નોંધ લીધા વિના કેમ જ ચાલે ?

વિશેષત: પૂ. ગણિવર્યદ્વય **શ્રી જિનચંદ્રસાગરજી મ.** તથા **શ્રી હેમચંદ્રસાગરજી મ.** આદિએ શિખરજીમાં બે માસ સુધી રોકાણ કરીને કરેલો જોરદાર કૌશલ્યપૂર્ણ પ્રયત્ન, સહવર્તી મુનિગણની પણ તે કાર્યમાં સતત પરાયણતા, પૂર્વભારતના જૈન સંઘ તરીકે પ્રખ્યાત ૯૬, કેનીંગ સ્ટ્રીટ, જૈન સંઘનો સુંદર સાથ અને સહકાર, ઉપરાંત શ્રાવકવર્ગમાં પેઢીના પ્રમુખ **શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇના** વિશિષ્ટ માર્ગદર્શન હેઠળ, પેઢીના પૂર્વ ભારતના પ્રતિનિધિઓ **શ્રી ચંદ્રકાંતભાઇ એમ. ગાંધી, શ્રી હરિભાઇ રામાણી** ચાસવાળા, તથા **શ્રી કનુભાઇ બેરમોવાળા,** પેઢીના વકીલ **શ્રી એસ. કે. સરાક,** શ્રી શિખરજી શ્વેતાંબર કોઠીના અધ્યક્ષ **શ્રી કમલસિંહજી રામપુરીયા,** પેઢી દ્વારા ચાલતી "પારસનાથ" ખાતેની શાખાના સંચાલક **શ્રી ગોપાલકૃષ્ણજી** અને સમસ્ત **શ્વેતામ્બર જૈન સંઘોના** તથા **પૂર્વ ભારતના જૈન યુવાનો** દ્વારા સક્રિય અને સચોટ વિરોધ–પરિબળો ! આ બધા પરિબળોએ આ જવલંત વિજય અપાવવામાં યશસ્વી ફાળો આપ્યો છે.

જૈન સંઘોનું સંગઠન, સાધુઓની સમુચિત એકતાનું બળ અને સંઘશુદ્ધિની શકિત, આ ત્રણે ભેગાં મળે તો, અન્ય અંતરીક્ષજી, કુંભોજગિરિ, કેસરિયાજી વગેરે વિવાદાસ્પદ તીર્થોમાં ય શ્વેતામ્બરોની વિજય ધજા જિનશાસનના ગગનાંગણમાં લહેરાતી બની જાય તે વાત હવે તો શકય જ છે, એમ આ ઘટના ઉપરથી નિશ્ચિત પુરવાર નથી થતું શું ?

અઠવાડિક જૈન શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૦)

આજીવન રૂા. ૪૦૦)

રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.

જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ

જોડાની માયા

એક શેઠ હતા. તે દરરોજ દેવદર્શન કરવા જાય. એક દિવસ એ નવા જોડા લાવ્યા. મંદિરની બહાર જોડા કાઢયા. અને દર્શન કરવા માટે તે અંદર ગયા. પણ દેવની સ્તુતિ કરતા કરતાં ય તેમને જોડા યાદ આવ્યા. કરે. એમને ફફડાટ થયા કરે. રખેને કોઇ નવા નકોર જોડા લઈ જશે તો ?

શેઠ રોજ દેવદર્શને જાય, પણ દેવને બદલે જોડાનું સ્મરણ કરી પાછા આવે. શેઠ હતા સમજુ એમને થયું. 'આ તો બરાબર ન કહેવાય. ભગવાનનું નામ લેવા મંદિરે જાઉં ને ભગવાનને બદલે જોડામાં મન પરોવી રાખુ એ તો ખોટું કહેવાય.

શેઠે એક સાધુને પોતાની આ મુંઝવણ કહી. સાધુએ શિખામણ આપી: 'શેઠ, જોડાને લીધે જ તમારું ધ્યાન ભગવાનમાં ન રહેતું હોય તો બહેતર છે કે જોડાને બગલમાં મારીને પછી મંદિરમાં જાવ, એટલે તમારા ધ્યાનમાં વિક્ષેપ નહિ પડે.'

શેઠને થયું. 'બીજા કોઇ સાધુ મહાત્માને હજી પૂછીએ તો સારું. સલાહ સહુની લેવી.

શેઠ એક મહાત્માને મળ્યા. એ મહાત્માએ શિખામણ આપી કે 'જોડા મિથ્યા છે જોડા માયા છે. પ્રભુ જ સત્ય છે. બધું મિથ્યા છે. એમ રટણ કર્યા કરો.''

શેઠને થયું કે વાત તો સાચી જોડા મિથ્યા છે. જગત મિથ્યા છે. પણ તોય મંદિરમાં શેઠ જાય અને જોડા મિથ્યા છે જોડામિથ્યા છે. એમ રટણ કરે તોય જોડામાં જીવ જાય.

છેવટે શેઠ ત્રીજા વૈરાગી પાસે ગયા. વૈરાગીને પોતાના મનની મુંઝવણ કહી

વૈરાગીએ પૂછ્યું : ''શેઠ, તમને ભગવાન વહાલા છે કે જોડા ?

શેઠ કહે : ''વહાલા તો ભગવાન જ હોય ને ?''

વૈરાગીને શેઠ નદીના પુલ ઉપર ગયા. શેઠને કહે, ''હવે તમારા જોડા ઉતારો. ને એક પછી એક બંને જોડા નદીમાં ફેંકી દો.

શેઠે વૈરાગીની સૂચના માની બન્ને જોડા નદીમાં ફેંકી દીધા. વૈરાગીએ કહ્યું, ''બસ, હવે નવા જોડા ખરીદશો નહિ. મંદિરે જાવ ત્યારે ઉઘાડા પગે જ જજો. તમારા મનમાની જોડાની માયા હવે નદીમાં તણાઇ ગઇ. હવે નવી માયા વધારશો નહિ. શેઠ બીજા દિવસે મંદિરે ઉઘાડા પગે ગયા.

ભગવાનનાં દર્શન કરતાં પળભર જોડા સાંભર્યા પણ એ તો નદીમાં વહી ગયા. એ યાદ આવતાં જ એમના ચિત્તમાંથી જોડાની માયા નીકળી ગઇ. શેઠ ભક્તિને ભાવપૂર્વક દેવદર્શનમાં પરોવાઇ ગયા.

શેઠ વૈરાગીને આ સુખદ અનુભવની વાત કરવા ગયા : 'મહારજ, આજે ખૂબ આનંદપૂર્વક પ્રભુના દર્શન કર્યા

વૈરાગી હસી પડયા : 'શેઠ, તમે જોડાની માયા ત્યજી તો ભગવાનના દર્શનમાં આનંદ આવ્યો. હવે તમે જગતની માયા મેલી દો તો તમને કેટલો બધો આનંદ આવે ? ધીમે ધીમે માયા મેલતા જાવ શેઠ ! મુક્ત થઇ જશો.''

(ગુજરાત સમાચાર ૨૭મી સપ્ટેમ્બર)

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

તારે નરકે તો જવું જ પડશે.

શ્રેણિકની એક છીંકની પાછળ ભવિષ્યમાં આવનારી નરક છૂપાયેલી હતી. તે તો ભગવાને કહ્યું ત્યારે જ ખબર પડી.

'હે જગતના નાથ! તમે મારા નાથ હોવા છતાં મારે નરકે શા માટે જવાનું?'

'પહેલા તું નરકનું આયુષ્ય બાંધી ચૂકયો છે. તેથી તારે અવશ્ય નરકે તો જવું જ પડશે. પણ રાજન્! તું ખેદ ન કરીશ. કેમ કે ભાવી ચોવીશીમાં તું પદ્મનાભ નામે પહેલો તીર્થંકર બનીશ.'

નરકની વાતથી વેદનાથી વલોવાઈ ગયેલા શ્રેણિક રાજા પૂછે છે– પ્રભો! શું એવો કોઇ ઉપાય નથી કે જેથી હું મને નરકમાં જતો અટકાવી શકું."

ભગવાને શ્રેણિકને બે–ત્રે ઉપાય બતાવતા કહ્યું–"અગર કપિલા નામની બ્રાહ્મણી સાધુઓને આનંદથી ભક્તિપૂર્વક દાન આપે અથવા તો કાલસૌરિક પાસેથી તું ૫૦૦ પાડાઓને છોડાવે તો ચોકકસ તારો નરકથી છૂટકારો થાય. તે સિવાય નહિ."

(આવું બનવાનું જ નથી. એવું ભગવાન જાણે જ છે.)

શ્રેણિકે જઇને કપિલાને સાધુઓને શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપવા કહ્યું. ત્યારે કપિલા જવાબ દે છે કે–"અગર તું મને આખીને આખી સોનાથી લાદી દઇશ અથવા તો તું મને મારી પણ નાંખીશ તો મરી જઇશ પણ આવું અકાર્ય તો નહિ કરું તે નહિ જ કરું."

કાલસૌરિક કસાઇને કહ્યું–'તારે જોઇએ તેટલું ધન આપું પણ પાડાઓને મારવાનું છોડી દે."

"જેના માંસથી માણસો જીવે છે તેવા પાડાને મારવામાં શું વાંધો છે? તેને તો હું કયારે ય નહિ છોડું."

કાલસૌરિકના આ જવાબથી રાજાએ તેને અંધારા કુવામાં આખી રાત–દા'ડો નાંખી દીધો. 'હવે તે પાડાને કયાંથી મારશે?'

જઇને શ્રેણિકે ભગવાનને કહ્યું– એક રાત–દિવસ પૂરતા પાડાને મારવાનું કશાઇએ છોડી દીધું છે વિભુ!

'રાજન્!' માટીના પાંચશો પાડા બનાવીને તેને તે કુવામાં પણ આ કસાયે હણી નાંખ્યા છે.'

શ્રેણિકે જઇને જોયું તો માટીના પાડાના મડદા પડયા હતા. અને શ્રેણિક અત્યંત ઉદ્વેગ પામ્યો.

धिगहो मे पुराकर्म

नान्यथा भगवद्गिरः ।

અહો મારા પૂર્વના કર્મને ધિક્કાર હો!

ભગવાનની વાણી અન્યથા: જુઠ્ઠી થતી નથી.

✿

શાસન કોહીનુર

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

શ્રદ્ધાંજલિ વિશેષાંક ત્રીજો

પૂજ્યપાદશ્રીની ૧૬મી માસિક પૂન્યતિથિને (કા. વદ ૧૪) અનુલક્ષીને

૨૦૪૯ કારતક વદ ૩૦ તા. ૨૪-૧૧-૯૨ના બહાર પડશે.

શાસન શિરોમણિ પરમ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા શ્રદ્ધાંજલિ વિશેષ અંક પ્રગટ કરતાં અતિ આનંદ થયો છે.

તેઓશ્રીના પૂન્ય પ્રભાવે એક અંક બહાર પાડવા ધારણા રાખી હતી. પણ સાગર છલકાયો. અને બીજો અંક પણ બહાર પાડવામાં આવ્યો. જો કે અમોએ ત્રીજો અંક બહાર પાડવો પડે તો કંઈ કહેવાય નહિ એમ જ થયું. સમુદ્રની વીર ચડતી રહી છે. બારે મેઘ ખાંગા થવા જેવું લાગે છે સહકાર પણ આવ્યે રાખે છે મેટર તો પડયું જ છે જેથી ત્રીજો અંક બહાર પાડવા નકકી કરેલ છે. જ્ઞાન દર્શન અને ચારિત્ર એમ રત્નત્રયીની જેમ આ ત્રિઅંકી વિશેષાંક બનશે.

જે ભાગ્યશાલીઓ પહેલા બે અંકમાં લાભથી વંચિત રહ્યા હોય તેઓ આ ત્રીજા અંકમાં લાભ લે તે માટે અમારું ભાવભર્યું આમંત્રણ છે.

શુભેચ્છક સહાયક રૂા. ૫૦૦ : શુભેચ્છક રૂા. ૧૦૦

શુભેચ્છા જાહેરાત ૧ પેજ રૂા. ૧૦૦૦ અર્ધુ પેજ રૂા. ૫૦૦ ¼ પેજ રૂા. ૨૫૦

સં. ૨૦૪૯ કારતક વદ ૮ સુધીમાં મોકલી આપવા વિનંતિ છે.

પૂજ્ય ગુરુદેવો પ્રેરણા કરે, માનદ્ પ્રચારકો પ્રયત્ન કરે અને આ ત્રીજા વિશેષાંકને સમૃધ્ધ બનાવે.

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર

ચિત્ર પ્રકાશનો અવશ્ય મંગાવો:

'નારકી ચિત્રાવલી' ગુજરાતી સ્ટોકમાં ન હતી. તેની હવે છઠ્ઠી આવૃત્તિ છપાઇને આવી ગઇ છે તો હવે તે મલી શકશે.

નામ	રૂા.	નામ	રૂા.
૧. નારકી ચિત્રાવલી ગુજરાતી	૪૦)	૫. સત્કર્મ ચિત્રાવલી હિંદી	૩૦)
૨. ,, ,, હિંદી	૩૦)	૬. ,, ,, અંગ્રેજી	૩૦)
૩. ,, ,, અંગ્રેજી	૪૦)	૭. કલ્પસૂત્ર ચિત્રાવલી (બાઇડીન્ગ કરેલ)	૧૦૦)
૪. સત્કર્મ ,, ગુજરાતી	૩૦)	૮. પૂ.આ. વિજય શ્રી રામચંદ્રસૂરીશ્વર મ. જીવન દર્શન વિશેષાંક (ચિત્રો)	૧૦૦)

શ્રી હર્ષપુષ્પામૃતજૈન ગ્રંથમાળા C/o.શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિ. પ્લોટ, જામનગર

શાસન સમાચાર

દશા પોરવાડ સોસાયટી અમદાવાદ-૭ : પૂજ્યપાદ વ્યા. વા. તપાગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની દિવ્ય કૃપાથી પૂ.પાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી મુંબઈથી ઉગ્ર વિહાર કરી અત્રે ચાતુર્માસાર્થે પધારેલ પૂજ્યપાદશ્રીજીના પ્રભાવક શિષ્યરત્ન પરમતપસ્વી પૂ. પં. પ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવર આદિ ઠાણા ૪ નો અષાડ સુદ ૧૦ ગુરૂવાર તા. ૯-૭-૯૨ ના ચાતુર્માસ પ્રવેશ ખૂબ ઉલ્લાસ ઉત્સાહપૂર્વક થયેા. વૈશાખ વદ-૬ ના અગાસી તીર્થમાં પૂજ્યશ્રીજીની વર્ધમાનતપની ૯૦મી ઓળીનું પારણું તથા "સમાધિ સરિતા" દ્વિતીયાવૃત્તિનું વિમોચન ખૂબ જ શાનદાર રીતે થયેલ. મુંબઇથી ભાવિકો ઘણી સારી સંખ્યામાં આવેલા. ૧૮ રૂા.નું સંઘપૂજન થયેલ. ત્યાંથી વાપી, વલસાડ, નવસારી થઇ સુરતમાં જેઠ સુદ ૧૦ ના દિવસે પૂજ્યશ્રીજી પધારતા તે જ દિવસે ત્રણે પૂજ્યશ્રીની ૩૦મી દીક્ષાતિથી હોઈ અઠવાગેટમાં પરમાત્માને ભવ્ય અંગરચના થયેલ પ્રવચનમાં ગુરૂપૂજન ૨૫ રૂા. નું સંઘપૂજન થયેલ. ત્યાંથી ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ માતરતીર્થ થઇ પૂજ્યશ્રીજી અષાડ સુ. ૨ ના દિવસે અમદાવાદ પધાર્યા. અષાડ સુદ પાંચમનાં દિવસે સાબરમતી સ્વ. પૂજ્યપાદશ્રીજીની સમાધિ ભૂમિની સ્પર્શના કરી. ત્યાંથી સુદ ૬ ના કલ્યાણ સોસાયટીમાં શાંતિસ્નાત્ર મહોત્સવ પ્રસંગે હાજરી આપી 'દર્શન' બંગલે થઇ સુ. ૧૦ ના દિવસે ચંદ્રકાંતભાઇ ચોકસીના ઘરેથી પૂજ્યશ્રીજીનું સામૈયું થયેલ-વિવિધ વિસ્તારોમાં ફરી શીતલનાથ ભ.ના જિનાલયે દર્શન ચૈત્યવંદનાદિ થયા બાદ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યા બાદ શણગાર હોલમાં પૂજ્યશ્રીનું પ્રવચન ગોઠવાયેલ. પ્રારંભમાં સંઘપ્રમુખ અતુલભાઇ શાહીએ પૂજ્યશ્રીનો પરિચય આપ્યા બાદ 'જિન. તોરે. ચરણકી શરણ ગ્રહું' નામે સ્તવનોની અતિ સુંદર અત્યાકર્ષક પુસ્તિકાનું વિમોચન મુંબઇથી પધારેલ શ્રાધ્ધવર્ય શ્રી નવીનચંદ્ર રીખવચંદ શાહના હસ્તે થયેલ. ત્યારબાદ પૂ. પાદ ગચ્છાધિપતિશ્રીજીની પ્રથમ વાર્ષિક સ્વર્ગતિથી નિમિત્તે થનારા આયોજનની રૂપરેખા જાહેર થયેલ અને તે નિમિત્તે તે જ દિવસોમાં રત્નત્રયીની આરાધનાર્થે થનારા સામુદાયિક અટ્ઠમોની જાહેરાત થયેલ પ્રાંતે પૂજ્યશ્રીજીનું પ્રભાવક પ્રવચન થયા બાદ ગુરૂપૂજન તેમજ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૧૫ રૂા. નું સંઘપૂજન થયેલ. પ્રવેશ પ્રસંગે મુંબઇથી પણ સારી સંખ્યામાં ભાવિકો પધારેલા- મહેમાનોની સાધર્મિક ભક્તિ, પરમાત્માને ભવ્ય અંગરચના થયેલ. પ્રતિદિન સવારે ૯-૦૦ કલાકે શણગાર

હોલમાં પૂજ્યશ્રીજીનાં પ્રવચનોમાં ભાવિકો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. અષાડ ચાતુર્માસની આરાધના પણ સુંદર થઈ. ગ્રંથવાંચનની ઉછામણીઓ ઘણી સુંદર થઈ.

રંગસાગર સોસાયટીમાં પણ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞાથી સવારે ૯-૩૦ થી ૭-૩૦ મધુર પ્રવચનકાર પૂ. પંન્યાસ-પ્રવર શ્રી ગુણશીલ વિજયજી ગણિવર પ્રવચનાર્થે પ્રતિદિન પધારે છે. ત્યાં પણ ભાવિકો સુંદર સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

કલોલ-અત્રે પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. ની નિશ્રામાં પૂ. મુ. શ્રી વિમલભદ્ર વિ. મ. એ માસખમણ કરેલ વિવિધ તપસ્યાની અનુમોદનાર્થે શાંતિ સ્નાત્ર સિદ્ધચક્રપૂજનો વીશસ્થાનક પૂજન આદિ આ. સુદ-૯ થી વદ ૨ સુધી મહોત્સવ ઉજવાયો. શાસન પ્રભાવક શ્રમણ ભગવંતો બીજી આવૃત્તિનું વિમોચન આ સુદ ૧૦ના થયું હતું.

અમદાવાદ-શાંતિનગરમાં પૂ. આ. શ્રી વિજય હિમાંશુ સૂરીશ્વરજી મ. પૂ. નરરત્ન સૂરીશ્વરજી મ., પૂ. હેમચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. હિમાંશુ સૂ. મ. ની દીર્ઘ આંબેલની તપસ્યા તથા સામુહાવિક ધર્મચક્ર તપ આદિ નિમિત્તો શાંતિસ્નાત્ર સિધ્ધચક્રપૂજન આદિ પૂજનો સહિત નવાન્હિકા મહોત્સવ આસો સુદ દ્વિ-૭ થી સુદ ૧૫ સુધી ઉજવાયો. સુદ ૧૫ના ભવ્ય વરઘોડો નીકળ્યો.

મુંબઈ-૩- આત્માનંદ જૈન સભા સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી સાથે પૂ. આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ. ની ૩૮ મી સ્વર્ગારોહણ તિથિ ઉજવાઈ.

બામણવાડાજી-અત્રે પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ.મ. ની નિશ્રામાં વ્યસન મુક્તિ માટે યુવા સંમેલન તા. ૬ થી ૮ નવેમ્બર યોજાયુ છે.

મુંબઈ-શેઠ મોતીશા લાલબાગ ૨૪ જૈન ઉપાશ્રય-અત્રે પૂ.આ.શ્રી વિ. વર્ધમાન સૂ. મ. પૂ. આ. શ્રી વિજય સોમચંદ્ર સૂ. મ. પૂ. મુનિરાજ જયભદ્ર વિ.મ.ના સંયમ-જીવનની અનુમોદનાર્થે પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ.ની નિશ્રામાં આસો સુદ ૫ થી ૧૨ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન નવાણું અભિષેક મહાપૂજા, સિધ્ધચક્ર પૂજન શાંતિસ્નાત્ર સહિત નવાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઠા થી ઉજવાયો.

મુંબઈ અત્રે મુંબઇના કચ્છી આગેવાનોએ જસલોકથી દેવનાર રાઉન્ડીંડ લોક કતલનો વિરોધ કરવા જંગી મોરચો કાઢયો હતો જેણે મ્યુ. કમીશનરને આવેદન આપેલ આમાં શેઠ દીપચંદભાઈ ગાર્ડી, દામજીભાઈ એકટવાલા, વીસનજી લખમશી ચંપકલાલ કુંવરજી, વીરચંદ હોરાણુ, પ્રેમજી કેશવજી છેડા વિ, કરે છે અને જૈન આગેવાનો જોડાયા હતા.

સાંથુ (જી જાલોર) અત્રે પૂ. મુનિ શ્રી જયાનંદ વિજયજી મ.આદિની નિશ્રામાં પર્વારાધનાની અનુમોદના તથા ૩૫ છોડ ઉધાપન નવપદ ઓળી આદિ નિમિત્તે બૃહદ્ શાંતિસ્નાત્ર મહાપૂજા સહ નવાન્હિક મહોત્સવ ઓળીમાં ઉજવાયો.

કોલ્હાપુર–લક્ષ્મીપુરીમાં પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વરજી મ. ના વરદ હસ્તે પૂ મુનિરાજ શ્રી શ્રેયાંસપ્રભ વિજયજી મ. ને માગશર સુદ ૬ સોમવારના ગણિપદ પ્રદાન થશે તથા માગશર સુદ ૭ ના શા. તલકચંદ જસાજી પરિવાર કરજણવાળા (માટુંગા મુંબઇ) તરફથી કુંભોજગિરિ તીર્થનો સંઘ નીકળશે પૂ શ્રીની નિશ્રામાં માગશર સુદ ૧૦ ની માળ થશે. ઠે. મુનિસુવ્રત જૈન પેઢી (૪૧૬૦૦૨)

રતલામ–વાગડોકા વાસમાં પૂ. આ. શ્રી હૂંકાર સૂ. મ. ના સંયમની અનુમોદનાર્થે અત્રે આસો સુદ બીજ ૭ થી વદ ૧ સુધી શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ પૂ. સા. શ્રી ધ્યાનશ્રીજી મ. આદિની નિશ્રામાં ઉજવાયો. સ્વ. આચાર્યદેવશ્રીજીના ઉપદેશથી આ શાંતિનાથજી જિનમંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો.

પાર્લા ઇસ્ટ–પૂ. આ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં બાળકો માટે પ્રેરણા સંસ્કાર માટે શ્રી નરેન્દ્ર કામદાર દ્વારા યોજાયેલ જ્ઞાન સ્મૃતિ તથા સામાયિક તથા નિયમાવલીમાં સારી સંખ્યા થઇ કામદારે સેવા ભાવનાથી સંવાદ રજુ કર્યો હતો ઇનામ પ્રભાવના અપાયા.

ચેંબુર–શ્રી જયંતકુમાર રાહીના સન્માન માટેની યોજનામાં શ્રી રાહીએ સંગીતકારોનો લાભ લેવાય તે માટે તે સન્માન તેમાં જોડીને ચંદુલાલ ભાઇચંદના પ્રમુખ પદે સમિતિ નિમિ છે અને તેમા જ રકમ એકત્રિત થશે તેમા સંગીતકાર, શિલ્પકાર ચિત્રકાર વિ. નો ઉપયોગ તથા તેમનું સન્માન થશે તે નિધિ માટે C/o. દીપક મેડીકલ સ્ટોર્સ ૧૮–એ સદા-શિવ લેન સીકોનગર સામે મુંબઇ—૪ ફોન : ૬૬૩૩૬૪ તથા ૮૧૧૬૧૩૨ સંપર્ક અર્થે.

શાંતકુંજ મુંબઇ–અત્રે પૂ. મુ. શ્રી કલ્પરત્ન વિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસની આરાધનાની અનુમોદનાર્થે આસો સુદ ૮ થી ૧૫ સુધી અઠ્ઠ સિદ્ધ-ચક્ર મહાપૂજન આદિ અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. પ. પૂ. પ્રેમ સૂ. મ. ના પરિવારની નિશ્રામાં પદ્માવતી મહાપૂજન થાય છે તે બરાબર નથી.

દુઃખી થાય છે

વડિલોનો અવિનય કરનારો દુઃખી થાય છે.
પારકી પંચાયત કરનારો દુઃખી થાય છે.
બીજાના દોષ જોનારો દુઃખી થાય છે.
ખોટી આળ ચઢાવનારો દુઃખી થાય છે.
બીજાના અવર્ણવાદ બોલનારો દુઃખી થાય છે.
ખોટી આળ–પંપાળ કરનારો દુઃખી થાય છે.
બીજાની ઇર્ષ્યા કરનારો દુઃખી થાય છે.
બીજાનું સુખ જોઇ ન શકનારો દુઃખી થાય છે.
બીજાનું પુણ્ય જોઇને બળનારો દુઃખી થાય છે.
છોકરા જોડે કજીયો કરનારો દુઃખી થાય છે.
જૈન શાસનના સિદ્ધાંતોમાં છૂટછાટ કરનારો દુઃખી થાય છે.

—અમીષ આર. શાહ

માંડલ–અત્રે પૂ. મુ. શ્રી હરિભદ્રસાગરજી મ. આદિની નિશ્રામાં તેમના ધર્મચક્રતપ નિમિતે ૯ છોડ સહિત ૧૫ દિવસનો ભકિત મહોત્સવ ભકતામર પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ઋષિમંડળ પૂજન શાંતિસ્નાત્ર સહિત તા. ૯-૧૦-૯૨ થી ૨૩-૧૦-૯૨ સુધી ઉજવાયેા.

અમદાવાદ–દશા પેારવાડ સેાસાયટીમાં પૂ. પં. શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરની ૯૧ મી વર્ધમાન તપની એાળીની પૂર્ણાહુતિ તથા શાશ્વત એાળીની આરાધના નિમિતે શાંતિસ્નાત્ર યુકત પંચાન્હિકા મહેાત્સવ આસેા સુદ ૧૩ થી વદ ૨ સુધી ભવ્ય રીતે ઉજવાયેા.

કલકત્તા–ભવાનીપુર–અત્રે પૂ પં. શ્રી રત્નભૂષણવિજયજી મ. આદિની નિશ્રામાં શેઠ સુરજમલજી મંગળચંદજીના સુપુત્ર ચિ. જિતેન્દ્રકુમારની અઠ્ઠાઇ નિમિતે અષાડ વદ ૯ થી અષાડ વદ ૧૩–૧૪ સુધી મહેાત્સવ ઉજવાયેા.

મુંબઇ–પ્રાર્થના સમાજ–પૂ આ. શ્રી વિજયરાજયશ સૂ. મ. ની નિશ્રામાં પર્વાધિરાજની તપસ્યા અનુમેાદના ભા. સુદ બીજી સાતમથી વદ ૧ સુધી સિદ્ધચક્રપૂજન ૧૦૮ પાર્શ્વનાથપૂજન શાંતિસ્નાત્ર સહ પંચાન્હિકા મહેાત્સવ ઉજવાયેા.

અમદાવાદ–સુભાજી વિદ્યાશાળામાં પૂ. આ. શ્રી વિજય જયકુંજરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ભા. વદ ૧૩ થી આસેા સુદ ૨ સુધી પૂ. બાપજી મ. તથા પૂ. મેઘ સૂ. મ.ની ૩૩ મી તથા ૪૯ મી વાર્ષિકતિથિ નિમિતે શાંતિસ્નાત્ર મહાપૂજન સહિત પંચાન્હિકા મહેાત્સવ ભવ્ય રીતે ઉજવાયેા. પૂ. સ્વ. ગુરુદેવેાની ગુણાનુવાદ પૂ. આ. ભગવંતેાએ કર્યા હતા.

ખંભાત–અત્રે શકરપુર તીર્થમાં પૂ. પં. શ્રી દાન વિ. મ. ની નિશ્રામાં સ્વ. લલિતાબેન કાંતિલાલ મારફતીયાના શ્રેયાર્થે આસેા વદ ૭ રવિવારના શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભવ્ય રીતે ભણાયું. આ પ્રસંગે પૂ આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. આદિ તથા પૂ. આ. શ્રી યશેારત્ન સૂ. મ આદિ તથા મુ. શ્રી મનેાજ્ઞચંદ્ર વિ. મ. આદિ પધાર્યા હતા. ભાતુ અપાયેલ હતું.

વાલકેશ્વર–મુંબઇ–અત્રે શ્રી આદીશ્વર દેરાસરે પૂ. આ. શ્રી વિજય વિક્રમ સૂ. મ.ની છઠી સ્વર્ગતિથિ નિમિતે પૂ. આ. શ્રી વિજય જિનભદ્ર સૂ. મ., યશેાવર્મ સૂ મ. આદિની નિશ્રામાં આસેા વદ ૫ થી વદ ૦)) સુધી વિવિધ પૂજનેા સહિત એકાદશાન્હિક ભવ્ય મહેાત્સવ ઉજવાયેા.

સાદડી–અત્રે ન્યાતિનેારાઅ અત્રે પૂ. આ. શ્રી ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તા. ૪–૧૨–૯૨ અંજન શલાકા છે તથા તા. ૧૨–૧૨–૯૨ થી શત્રુંજય છ'રી યાત્રા સંઘ જશે.

રાધનપુર–અત્રે પૂ. મુ શ્રી ધ્રુવસેન વિ. મ ની નિશ્રામાં સુંદર આરાધના થઇ, પૂ રામચંદ્ર સૂ.મ. ની પ્રથમ સ્વર્ગતિથિનેા ઉત્સવ રપ૧ દેરાસરેાની ચૈત્યપરિપાટી સુંદર થઇ. ધન્ય મહિમાનેા વ્યાખ્યાનમાં સારેા લાભ લે છે.

[ટાઈટલ ૨ નું ચાલુ]

ઉદારતા, સહનશીલતા, પરસ્પરનો સાચો સદ્‌ભાવ, બીજાની ભૂલોને ખમી ખાવી, ખોટાં કર્મોથી દૂર રહેવું, સુદાક્ષિણ્યતા, સૌજન્યતા, બદલાની આશા વિના બીજાનું સારૂં કરી છૂટવાની ભાવના પરસ્પર સુમેળ એક-બીજાને સમજવાની વૃત્તિ, 'હું પણા'નો ત્યાગ આદિ સદ્‌ગુણોની સુવાસથી જીવનને હર્યું-ભર્યું બનાવવું જોઇએ જેથી દુશ્મનાવટના મુળ જ ચાલ્યા જશે.

'ધર્મ એ જ જીવનનો પ્રાણ છે, ત્રાણ છે, આધાર છે, શ્વાસોશ્વાસ છે, હૃદયનો ધબકાર છે' આ ભાવના રોમેરોમમાં વ્યાપ્ત થવી જોઇએ. ગમે તેવા પ્રસંગોમાં કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ પોતાના આત્માની શાંતિ અને સમાધિ જળવાઇ રહે માટે 'અનુકુળતામાં ઉદાસીનતા અને પ્રતિકુળતામાં પ્રસન્નતા' કેળવવી જોઇએ. ભગવાનનો તારક ધર્મ સંસાર કે સંસારના કોઇપણ પદાર્થોની લાલસાથી ન જ કરાય પણ માત્ર આત્મવિસુદ્ધિ અને આત્માની અનંત-અક્ષય ગુણલક્ષ્મીને પામવા માટે જ કરાય. આ ભાવના લોહીના બુંદેબુંદમાં વહેવી જોઇએ. આ મનુષ્ય જન્મની સાર્થકતા સાધુપણાનો સ્વીકાર કરી આજ્ઞા મુજબ આરાધના કરવા માટે જ છે. છતાં પણ કર્મયોગે સંસારમાં રહેવું પડે તો 'કયારે સાધુપણું પામું' તે જ ભાવનામાં જીવવું અને સંસારનો વ્યવહાર ઉદાસીન પણે કરવો જોઇએ.

સમ્યગ્જ્ઞાનની પિપાસા કેળવી, સમ્યગ્દર્શનની જ્યોતિથી આત્માને ભાવિત કરી, સમ્યક્‌ચારિત્રની ભાવનામાં રમી, જ્ઞાનીઓની પ્રજ્ઞા મુજબ ચાલી પરિણામની નિર્મળતા કરો જેથી આ સંસારનું મુળ ઉખડી જાય અને સઘળા ય આધિ-વ્યાધિ-ઉપાધિજન્ય કલેશો અને રાગાદિ દ્વંદ્વોથી રહિત એવી પરમાનંદ દશાને પામો. અને તે માટેનો પુરુષાર્થ આજના મંગલ પવિત્ર દિવસથી કરો જેથી જીવન ઉર્ધ્વગામી બને અને પરમાત્મા દશા વહેલી પ્રાપ્ત થાય.

—પ્રજ્ઞાંગ

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર મંગળવારે નિયમિત પ્રગટ થાય છે

જૈન શાસન [અઠવાડિક]

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- આજીવન રૂા. ૪૦૦/-

લખો : શ્રી જૈન શાસન કાર્યાલય શ્રી મહાવીર શાસન કાર્યાલય

૪૫- દિગ્વિજય પ્લોટ, જામનગર શાક માર્કેટ સામે, જામનગર

- ભગવાનને હૈયામાં લાવવા માટે તેમની આજ્ઞા હૈયામાં લાવવી પડે તે માટે આખો સંસાર ભૂંડો લગાડવો પડે.
- પ્રમાદના ત્યાગ વિના ધર્મનું ફળ નહિ. પ્રમાદ ખરાબ ન લાગે અને ધર્મકર્મ કરે, પ્રમાદમાં જ ડુબ્યો રહે તો તેનો અર્થ જ નહિ. તેનાથી પુન્ય બંધાય તેથી સુખની સામગ્રી મલે પણ તે સુખની સામગ્રી મજેથી ભોગવે એટલે દુર્ગતિમાં ઘસડાઇ જવું પડે.
- દાન કરે અને આત્મામાં ઉદારતા ગુણ ન આવે, શીલ પાળે પણ સદાચાર દેખાય નહિ. તપ કરે પણ ખાવા-પીવાની લાલસા ઘટે નહિ તો પછી આ દુર્ગુણો હોય તેવા દાન-શીલ-તપ શું ફળ આપે ?
- અસલમાં માત્ર સુખી થવાના પરિણામવાળા ધર્મી થતા નથી અને ધર્મના પરિણામવાળા સુખી થયા વિના રહેતા નથી. તે સુખ છેક મોક્ષ સુખ જ અપાવે. બાકી બીજા સુખની ઇચ્છા આવી તો અધીક પાપ થવાવા, સંસારમાં ભટકવાના.
- અરિહંતોને અવગણો નહિ તો એક ખરાબ કામ તમારાથી થાય નહિ.
- આજના ચતુર લોકોને સંસારનું એવું આલંબન છે કે અરિહંતાદિને તેના હૈયામાં પેસવાની જગ્યા જ નથી. નવપદનું આલંબન કયારે સ્વીકારાય ? મારે માટે નવપદ સિવાય આ સંસારમાં કોઇ આધાર નથી એવું થાય ત્યારે ને ? આ આલંબન બરાબર પકડાઇ જાય તો સંસાર હૈયામાંથી નીકળી જાય.
- જેની આંખ અને મન મોક્ષ તરફ નથી તે બધા નાસ્તિક છે. સમકિતી મહા-આસ્તિક કહ્યો છે. સમકિતીનું શરીર સંસારમાં હોય છે પણ તેનું મન મોક્ષમાં હોય છે. જેને પોતાના પરલોકની ચિંતા નથી તે બીજાના પરલોકની શી ઠોળી સળગાવવાનો છે ? તમારી આંખ સામે મોક્ષ બેઠો છે ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

જંચ કામસુહં લોએ,
જંચ દિવ્વં મહાસુહં ।
વીયરાગ સુહસ્સાગ્ગે,
णંત ભાગંપિ નગ્ઘઈ ।।

આ સંસારમાં જે કામસુખ છે અને જે દેવતાઇ મહાસુખ છે, તે શ્રી વીતરાગના સુખની આગળ અનંતમા ભાગ જેટલું પણ નથી.

અઠવાડિક

વર્ષ ૫

અંક ૧૩

卐

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN-361005

એક ચિંતન

आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः ।
तज्जयः सम्पदां मार्गो येनेष्टं तेन गम्यताम् ।।

ઇન્દ્રિયોનો અસંયમ અને આપત્તિઓનો માર્ગ કહ્યો છે અને ઇન્દ્રિયોનો સંયમ–જય એ જ સંપત્તિનો માર્ગ છે. જે ઇષ્ટ હોય તે માર્ગે પ્રયાણ કર !

શાસ્ત્ર તો દિશાસૂચન કરે પણ તે માર્ગનું અનુસરણ ન કરે તો ઇષ્ટ માર્ગની પ્રાપ્તિ કયાંથી થાય ? આપણને બધાને દુનિયાભરની બધી સંપત્તિ આપણા ચરણોમાં આળોટે, બધા આપણને સલામ ભરે, આપણા પગમાં આળોટે, આજ્ઞા કરે–તેવી ભાવના બધાની હોય છે. પણ તે માટે જે ઉપાય સેવવો જોઇએ તેનું સેવન ન કરે તો ? આપણને બધાને બધું જ ઇષ્ટ જોઇએ છે અને આપણી આંધળી દોટ જે રીતની છે તેનાથી અનિષ્ટ જ આપણા કપાળમાં આવીને અથડાય છે. આનો શાંત ચિત્તે વિચાર કરીશું તો જ્ઞાનીઓએ જે આપણા માટે નિદાન કર્યું છે તે સાચું લાગશે. ડોકટરે કરેલા નિદાન પછી કહ્યા પ્રમાણે ચિકિત્સા કરે તો રોગીપણું જાય અને નિરોગીપણું આવે. પણ ડોકટરના નિદાનથી વિપરીત ચિકિત્સા કરે તો રોગીપણું એવું વકરે, એવું ઘર કરી જાય કે વખતે મરતાં સુધી ય નિરોગી અવસ્થાનું સ્વપ્ન પણ ન આવે. મનફાવતું–ગમતું પેટ ના પાડે તો ય જીભના સ્વાદથી ખાવું–પીવું, મોજમજા કરવી અને મળ્યું તે ભોગવી લેા તેવી વૃત્તિ રાખવી તો તેવા ઉપર કોઇ ડોકટર પણ કારગત નીવડે ખરો ? ડોકટરની વાત પણ ન માને તો ડોકટરને પણ હાથ ખંખેરવા પડે ને ?

માટે જો આપણે સાચા સુખનો અનુભવ કરવો હોય તો પુણ્યથી મળેલી પાંચે ય ઇન્દ્રિયોનો સંયમ રાખવો જરૂરી છે. બાકી ઇન્દ્રિયો જો છુટી મુકી તો દુનિયામાં પણ તેની આબરૂના લીરેલીરા ઊડે છે, લોક પણ તેવાથી દૂર રહે છે, તેને સૌ ગજના નમસ્કાર કરે છે, આપણા આંગણે તો શું તેનો પડછાયો પણ લેવા જેવો નથી. 'ભામરો' 'રખરેલ' 'બદમાશ' 'દુરાચારી' જેવા ઇલકાબોથી નવાજે છે. સર્પની જેવો અવિશ્વાસ્ય બને છે, ચાંડાલ જેવો અસ્પૃશ્ય ગણાય છે.

જેઓ પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખે છે તેઓ જ સદ્‌ગૃહસ્થપણું પણ સારું જીવી શકે છે, બીજા તો ગૃહસ્થાઇનું પણ લીલામ કરાવે છે.

આ અજ્ઞાન લોકમાં જો ઇન્દ્રિયોને બહેકાવનારની આવી હાલત છે તો પરલોકમાં નરકાદિ દુર્ગતિમાં જાય તેમાં નવાઇ છે !

(જુઓ ટાઇટલ ૩ જુ)



વર્ષ ૫] ૨૦૪૯ કારતક સુદ-૯ મંગળવાર તા. ૩-૧૧-૯૨ [અંક ૧૩

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

: મન શુદ્ધિ સાચી કયારે થાય ? :

-સ્વ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.

મોક્ષને મેળવવા માટે, મોક્ષ માર્ગની સાચી આરાધના કરવા માટે પહેલી શરત એ છે કે, પુણ્યયોગે દુનિયામાં મળેલું સઘળું'ય સુખ છોડવું જોઇએ અને તે સુખની ઇચ્છા પણ ન કરવી જોઇએ. તથા પાપના યોગે જે કાંઇ દુઃખ આવે તે મજેથી વેઠવાં જોઇએ કદાચ દુઃખ ન આવે તો જ્ઞાનીની આજ્ઞા મુજબ ઊભા કરી કરીને વેઠવાં જોઇએ. તો જ આ મનુષ્યભવ મળ્યો તે સાર્થક થાય. બાકી બધાને ખબર છે કે, પૈસો મેળવવામાં અને પૈસાથી મળતું સુખ ભોગવવામાં ઘણું ઘણું દુઃખ છે પણ 'પૈસો હોય તો ધાર્યું કરાય' તે ઇચ્છામાં માણસ બધું જ દુઃખ ભૂલી જાય છે. તે રીતે જો મોક્ષની ઇચ્છા થાય અને મોક્ષ પામવાની તાલાવેલી થાય તો દુનિયાનું સુખ છોડવામાં અને દુઃખ વેઠવામાં જરાપણ તકલીફ ન પડે.

જેને મોક્ષની ઇચ્છા થાય તેને કષાયોને જીતવાનું મન થાય, કષાયોથી પુષ્ટ થતી ઇન્દ્રિયોને જીતવાનું મન થાય અને તે માટે મનને શુદ્ધ બનાવવાનું મન થાય. જેને સંસારનું સુખ ગમે નહિ અને મોક્ષની જ તીવ્ર ઇચ્છા હોય તેનું મન શુદ્ધ બને. તેવા જીવને ધર્મમાં વાસ્તવિક આનંદ આવે. ધર્મ કરતા પણ જો આવો અનુભવ ન થાય તો સમજવું કે આપણે હજી ભારેકર્મી છીએ. સામગ્રી સારી આપી માટે પુણ્ય સારું લાગે છે પણ સાથે સાથે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનો બંધ પણ ભારે લાગે છે. કેમકે, 'આ દુનિયાના સુખ ભૂંડામાં ભુંડા છે' તેમ રોજ સાંભળવાં છતાં, અનુભવવા છતાં પણ હજી તે ભુંડું લાગતું નથી. આ જ એક મોટામાં મોટો રોગ છે. બધાને પાગલ બનાવનાર, ગાંડા બનાવનાર આ દુનિયાનું સુખ જેને ભુંડું ન લાગે તે વાસ્તવિક રીતે શુભઠાણે પણ નથી.

જ્ઞાની તો કહે છે કે સંસારી જીવ, સંસારના સુખને માટે ગમે તેવો અધર્મ કરવા જેમ તૈયાર હોય છે, તેમ તેને ખાત્રી થાય તો ગમે તેટલાં કષ્ટ વેઠીને ધર્મ પણ કરે પણ તે ધર્મ કેવો કહેવાય ? તે જીવ ધર્મ શા માટે કરે છે ? સંસારના સુખ માટે. તો તે ધર્મ પણ અધર્મ રૂપ બન્યો કે નહિ ? જે જીવ સમજવા છતાં પણ સંસારના સુખ માટે જ ધર્મ કરે તો તે ભારે કર્મી કહેવાય કે નહિ ? ધર્મનો વાસ્તવિક બ્યપ જેને મોક્ષનો બ્યપ હોય તેને જ પડે. જેને મોક્ષનો બ્યપ ન હોય તેનો ધર્મ પણ નુકશાન કરનારો બને ને ? ધર્મ ક્રિયા જેમ ધર્મ રૂપ હોય તેમ અધર્મ રૂપ પણ હોય. તમને ઠગવા હાથ જોડે તેમ બબર પડે તો તમે રાજી થાવ ખરા ? દુનિયામાં પણ કહેતી છે કે– ' ઠગલબાજ દુના નમે ? જેને પૈસો જ સર્વસ્વ લાગે, સંસારનું સુખ જ સર્વસ્વ લાગે તે માણસને ધર્મ સાથે લેવા દેવા જ નથી.

ધર્મ કરે તેને જાતને પૂછવું જોઇએ કે–' તું શા માટે ધર્મ કરે છે ? દુનિયાના સુખથી અને સુખનાં સાધન પૈસાથી બચવા ધર્મ કરે છે તો સારું છે પણ જો તે સુખની અને પૈસાની ઇચ્છા થાય તો દેખાવમાં ધર્મી છે અને હૈયાથી લુચ્ચો છે.' જેને આ સંસાર રહેવા જેવો ન લાગે, મોક્ષ જ મેળવવા જેવો લાગે તે માટે ધર્મ જ કરવા જેવો લાગે' તેનું જ મન શુદ્ધ બને.

જો મન શુદ્ધિ કરવી હશે તો રાગ અને દ્વેષ જીતવા પડશે. રાગ અને દ્વેષ એ બે સંસાર ચલાવનારા મોટામાં મોટા સુભટો છે. મોહરાજાએ આ બધું તંત્ર આ બેને સોંપી દીધું છે અને પોતે લીલાલહેર કરે છે, લોભ કેમ કરવો, માયા કેમ કરવી. માન કેમ કરવું, ક્રોધ કેમ કરવો તે બધું આ બે શીખવે છે. જેમ જેમ દુનિયાના સુખનો ગાઢ રાગી બને તેમ તેમ દુઃખનો દ્વેષી પણ બને, તેવો જીવ વધારેમ વધારે લોભી હોય, પૂરો માયાવી પણ હોય, તેને માન આવતાં પણ વાર લાગે નહિ અને વાત વાતમાં સળગી ઊઠે તેવો ક્રોધી પણ હોય. જેવો જીવ ગમે તેટલો ધર્મ કરતો હોય તો પણ આ કષાયાદિનો જ ગુલામ છે- સંસારી દરેકે દરેક જીવમાં રાગ– દ્વેષ તો છે પણ ધર્મી આત્માના રાગ–દ્વેષ તેના પાળેલા કૂતરા જેવા હોય !

શાસ્ત્રે કહ્યું છે કે મોહનો અધિકાર આત્મા ઉપરથી ઊઠે નહિ, આત્માનો અધિકાર મોહ ઉપર જામે નહિ ત્યાં સુધી ધર્મ સાથે મેળ જામે નહિ. ધર્મ કરનારા ને પણ ધર્મની કિંમત ન સમજાય. સંસારને સાચવીને ધર્મ કરવાનો કે ધર્મને સાચવીને સંસાર કરવાનો ? શ્રાવકને સંસાર કરવો પડે માટે કરે પણ તે પોતાના ધર્મને સાચવીને કરે. તેના ધર્મના કામમાં કશો વિક્ષેપ ન પડે. જેને સંસાર ગમે, સંસારની જ વાતો ગમે તેને ધર્મ નથી જ ગમતો તેમ કહેવાય. આ સંસાર અને સંસારની વાતો તો આત્માનું નિકંદન કાઢનારી છે.

મન આપણું છે કે પારકું છે ? વિચારવાની શક્તિ તેનું નામ મન તે મન તમારું

છે કે પારકું છે? આપણું મન આપણી ચિંતા કરે કે પારકાની ચિંતા કરે? ધર્મ કરનારા પણ ધર્મી નથી હોતા તેમ લખ્યું છે. દુનિયાના સુખની ઇચ્છાથી ધર્મ કરે તે કેવા કહેવાય? સારી પણ ક્રિયા ખરાબ બનાવીને કરે તો નુકશાન કોને થાય? સોનાની પણ છરી પેટમાં ખોસાય? ધર્મક્રિયા ધર્મીની સારી પણ સંસારમાં મૂંઢ બનેલા આત્માની નહિ. અભવ્યો, દુર્ભવ્યો અને ભારે કર્મી ભવ્યો જેટલો વધારે ધર્મ કરે છે તે વધુ પાપ કરવા અને વધારે દુઃખ પામવા કરે છે. તમે બધા પણ હજારો રૂા. દાનમાં ખર્ચો છો તે પરિગ્રહથી છૂટવા કે પરિગ્રહ વધારવા ખર્ચો છો? 'ખરચીએ તો મળશે' તેમ બધા કહે છે. આપશો તો મળશે' તેમ કહી, ગોઠા મારી-મારીને દાન કરાવનાર ઉન્માર્ગ ગામી છે. 'લક્ષ્મી ડાકણથી છુટવા હું દાન કરું છું' તેમ ધર્મી વિના બીજો કોઇ દાતા કહે છે ખરો? દુનિયાના લોકોનું દાન લક્ષ્મીની ભીખ માગવાનું કે કીર્ત્તિ પ્રશંસાદિનું દાન છે. જ્યારે ધર્મીનું દાન જ લક્ષ્મીથી છુટવાનું દાન છે આ બે દાનમાં ભેદ છે તે વાત તો સમજાય તેવી છે ને? ધન આત્માનું ભલું કરે કે ભૂંડું કરે? આજે તો જેમ જેમ પૈસો વધે, સંસારનું સુખ વધે તેમ તેમ તે આત્મા, લગભગ ગાંડો જ બનતો જાય છે ને? દુનિયાનું સુખ આત્માને સુધારનારું છે કે બગાડનારું છે? **શ્રી જૈન શાસનમાં ધનથી, ભોગથી, આવા-પીવાદિની મોજ મજાથી બચવા, અનેક જાતિની જે ખોટી ઇચ્છાઓ થાય છે તેને મારવા માટે ધર્મ કરવાનો છે. તે બધાનો નાશ કરવાને બદલે, તે બધાને પોષવા માટે ધર્મ થતો હોય તો તે મોટામાં મોટો અધર્મ છે.** સંસારનો અભાવ થયા વિના અને મોક્ષનો સદ્‌ભાવ જાણ્યા વિના પહેલું ગુણઠાણું પણ આવે નહિ. જેને મોક્ષની રૂચિ ખરેખર થાય તેને સંસારની કોઇ ચીજ ગમે નહિ. પૈસો આવે-વધે તો ય તે ગભરાય, મારો ધર્મ ન ભુલાવી દે!

આ રાગ અને દ્વેષને ઓળખે, કયો રાગ ભુંડો, કયો રાગ સારો; કયો દ્વેષ ભુંડો, કયો દ્વેષ સારો-તે સમજે તે જ આત્મા રાગ-દ્વેષનો વિજય કરી શકે. નુકશાન કારક રાગ-દ્વેષ આપણે-ધર્માત્મા કરીએ? સંસારના સુખનો રાગ, સંપત્તિનો રાગ આત્માનો નાશ કર્યા વિના રહે નહિ, તે રાગ સારો કહેવાય કે ભુંડો કહેવાય વસ્ત્રાદિ ઉપર પણ જો અમને મૂર્છા હોય તો શાસ્ત્રે, તેવા સાધુને પણ પરિગ્રહધારી-વેષધારી કહ્યા છે. તમારી લક્ષ્મી ઉપરની મૂર્છા તે જ પરિગ્રહ છે. રાગ-દ્વેષ ભુંડા છે પણ તે બેની હાજરીમાં ધર્મ કરવાનો છે અને તે બેને સહાયક પણ બનાવવાના છે. તો રાગ-દ્વેષને ઓળખવા પડે ને? પરિગ્રહનો રાગ ભુંડો, અપરિગ્રહ પણાનો રાગ સારો વિષય સુખનો રાગ ભુંડો, બ્રહ્મચર્યનો રાગ સારો. સંસાર પરનો રાગ ભુંડો, મોક્ષનો રાગ સારો. સંસારનાં સાધનો ઉપરનો રાગ ભુંડો, મોક્ષનાં સાધનો ઉપરનો રાગ સારો.

પૈસા ઉપરનો પ્રેમ ક્યાં લઇ જાય? દુર્ગતિમાં કે સદ્‌ગતિમાં? આજનો મોટામાં મોટો

શ્રીમંત એટલે મોટામાં મોટો મજુર! મોટામાં મોટો ભીખારી! મોટામાં મોટો ચોર! મોટામાં મોટો જુઠ્ઠો! હજી તમનો આવા શ્રીમંત થવાનું મન છે પણ ધર્મીને જોઈને ધર્મ કરવાનું મન થતું નથી. આજે ધર્મ મધ્યમ લોકોથી ચાલે છે. શ્રીમંતો તો ધર્મને ડોળે છે પણ ધર્મ કરતા નથી કે કરવાનું મન પણ થતું નથી. આજની સાધારણની ઓટ એટલે શ્રીમંતોની કૃપણતા વિના કશું નથી. માત્ર પૈસાનો વહીવટ કરે તે મજુર! પૈસાનો યોગ્ય વિનિયોગ કરે તે વહીવટ કરનાર કહેવાય.

આત્માને આધીન એવા પણ મનને જે આધીન ન કરે, બરાબર સાચવે નહિ તો તે રાગાદિ તેની ઉપર ચઢી જાય, તેને પાયમાલ કરી નાખે તો પણ તે બેના વળગાડને ન સમજી શકે તેના જેવા જગતમાં બેવકૂફ કોણ? તમે બધા ધર્મી ગણાઈને ડાહ્યા છો કે બેવકુફ છો? તમને ધર્મનાં સારાં કામ કરનાર ગમે કે ધર્મના કામમાં પથરા નાખે તે ગમે? તમારો પ્રેમ ધર્મી સાથે કે ધર્મમાં વિઘ્ન કરે તેની સાથે? મનશુદ્ધ બને તો આ બધું સમજાય, સંસારનો રાગ ભુંડો, મોક્ષનો રાગ જ સારો આ વાત હૈયામાં જચે તો મનશુદ્ધ બને મનશુદ્ધ બનાવવા મહેનત કરો તો આ બધો ધર્મ લેખે લાગે.

(૨૦૪૨, શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઇ)

તે જ સાચો સુખી છે !

પિતા યોગાભ્યાસો વિષયવિરતિ : સા ચ જનની !
વિવેકઃ સૌદ્રર્યં પ્રતિદિનમની હા ચ ભગિની !!
પ્રિયા ક્ષાંતિ : પુત્રો વિનય ઉપકાર પ્રિયસુહત્ ।
સહાયો વૈરાગ્યં ગૃહમુપશમો યસ્ય સ સુખી !!

અપ્રશસ્ત પ્રવૃત્તિનો ત્યાગ અને પ્રશસ્ત પ્રવૃત્તિમાં ઉદ્યમ રૂપ મન–વચન કાયાના યોગોને જીતવા માટેનો અભ્યાસ એ જેનો પિતા છે, અનુકુળ વિષયોના રાગનો ત્યાગ અને પ્રતિકુળ વિષયોના દ્વેષના ત્યાગ સ્વરૂપ વિષયોની વિરતિ એ જેની માતા છે, વિવેક એ જેનો ભાઈ છે, નિસ્પૃહતા એજ જેની હંમેશની ભગિની બહેની છે, ક્ષમા એ જેની પ્રાણપ્રિયા છે, વિનય એ જેનો પુત્ર છે, પરોપકાર એ જેનો પાપથી પાછા હઠાવવા સ્વરૂપ અને ધર્મમાં જોડવા સ્વરૂપ પ્રિય કલ્યાણ મિત્ર છે. વૈરાગ્ય જ જેનો સાચો સહાયક છે અને ઉપશમ એ જ જેનું સાચું ઘર છે, તે જ આત્મા આ જગતમાં સાચો સુખી છે.

જૈનો હિંદુ નથી શું ? બુધવારની સવારે

—પૂ. આ. શ્રી વિજય મલ્લાકર સૂરીશ્વરજી મહારાજ

હિન્દ ધાતુ ઉપરથી હિન્દુ શબ્દ બનેલો છે. હિન્દ ધાતુનો અર્થ થાય છે હેડવું, ચાલવું, જવું વિગેરે એટલે હિન્દુ તેને કહેવાય કે આ દુનિયાથી બીજે પરલોકમાં જવાનું માને અને મોક્ષ મેળવવા જેવો માને અથવા મોક્ષમાં શ્રદ્ધા હોય તેને હિન્દુ કહેવાય છે.

હિન્દુસ્તાનમાં કોઈપણ જગ્યાએ જન્મ પામેલા આ શ્રધ્ધા ધરાવતા હોય છે. અને તેથી જૈનોનો પણ હિન્દુઓમાં સમાવેશ થઈ જાય છે.

જાપાનમાં જન્મેલો જાપાનીશ કહેવાય, રશીઆમાં જન્મેલો રશીઅન કહેવાય, આફ્રિકામાં જન્મેલો આફ્રિકન કહેવાય. આમ હિન્દુસ્તાનમાં જન્મ પામેલો હિન્દુ કહેવાય.

હિન્દુસ્તાનમાં મોટા ભાગના ધર્મો મોક્ષને માને છે. પરંતુ મોક્ષની માન્યતા દરેકની જુદી હોય છે. એક દર્દીનો ફોટો પાડયા પછી તેના દર્દના નિદાન માટે જુદા જુદા ડેકટરોના જુદા જુદા અભિપ્રાયો હોઇ શકે છે. એક સરખો જ હીરો હોય પણ જુદા જુ । ઝવેરી તેની કિંમત જુદી જુદી આંકે છે. અભણ માણસ હોય તો કિંમતી હીરાને કાચ માની ફેંકી દે છે.

તા. ૧૬-૯-૬૨ ગુજરાત સમાચાર રાજકોટ આવૃતિ પાના નં. ૩ બુધવારની બપોરે લે. અશોક હવે જૈનોની હૈયાની ભાવનાને દુભવવાનું કાર્ય તેમની આ કોલમ દ્વારા કર્યું છે.

અશોક હવે લખે છે કે–

"ઘઉંમાં કાંકરા નાંખ્યા ?" હા બાપા...

"હળદરમાં રંગ ભેળવ્યો ?" હા... બાપા... !"

"તો હાલ...દેરાસર જઈએ !

અશોક હવેને હાથમાં વિચિત્ર પ્રકારનો લકવા લાગુ પડી ગયો લાગે છે. એટલે લખવું હશે કાંઇક અને લખાઇ ગયું હશે કાંઇ ? અથવા માથુ ચસકી ગયું લાગે છે. અશોક હવે શાં તથી નીચેની બાબતો વાંચે અને તેમનું ચશકેલું મગજ ઠેકાણે લાવે બીજાનું મગજ ચશકે નહિ. તેમની દયા માટે નીચેના ખુલાસા આવશ્યક લાગ્યા છે.

જૈન ધર્મમાં કોઇને ભેળસેળ કરવાનું કહ્યું નથી. અને કોઈ ભેળસેળ કરે તેથી આખા જૈન સમાજને વગોવવો એ કેટલું વ્યાજબી છે ? દર્દીની ભૂલથી વૈદ્યને જે ખાવું જોઈએ એ વિધાન કેટલું સંગત છે ? સરકાર કાયદા કરે અને કોઈ તોડે તેથી કાયદાને ભાંડનારો કેવો કહેવાય ? આજે પણ એવા જૈનો છે કોઇમાં ભેળસેળ કરતા નથી. લાખો ક ાડો કમાવાની તક હોવા છતાં 'લેટ ગો' જતી કરે છે. રાજકોટના એક વખતના નાગરીક એંકના

ડીરેકટર અને (આર. એસ. એસ.)ના પ્રખર આગેવાન શ્રી અમુભાઇ દોશીથી કોણ અજાણ છે ? આવા તો અનેક દૃષ્ટાંતો વેપારીઓ, બેરિસ્ટરો, ડોકટરો, નોકરિયાતો ના અમારી પાસે છે. રાજકોટના પ્રખર પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ થઇ ગયા તેમને જે લખ્યું છે તે વંચાય-વિચારાય તો આજની પ્રજાને ખબર પડે કે આજે સર્વત્ર પ્રજા મુશ્કેલી અનુભવી રહી છે. તેના મુળભૂત કારણો શું છે ? આ પંડિતથી ખુશ થઇ બ્રિટીશ ગવર્નમેન્ટ દ્વારા મળનારી સવલતો અને ઇલકાબોનો સ્પષ્ટ ઇન્કાર આ જૈન પંડિતે કરેલો. દૃષ્ટાંતો વાંચીને જૈનો જ નહી બીજા પણ મગરૂરી અનુભવે છે. અરે ! જૈન કુળમાં જન્મેલા નાના બાળકો આઠ આઠ દિવસ સુધી માત્ર ગરમ પાણી વાપરી તપ કરે છે ત્યારે ખાવા-પીવામાં ચકચૂર અને વ્યસનોમાં ભાન ભૂલી જીવનનો મહાવિનાશ વેરતી દુનિયાને થાકુવીર આંચકો લાગે છે. વિવિધ તપ-ત્યાગ-વ્રત નિયમો સ્વેચ્છાએ પાળી સ્વ અને વિશ્વના સર્વ જીવોના કલ્યાણની ભાવના વિશ્વમાં ગુંજતી રાખે છે. જૈનોના ગૌરવવંતા ઇતિહાસને જોવા માટે "જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ-૪" વાંચી લેવાય તો ખબર પડે કે જૈનોએ હિન્દુસ્તાન માટે શું કર્યું છે ? જ્ઞાનનો વારસો જિવંત રાખવાનું કામ જૈનોએ કર્યું છે.

આ શબ્દો અમારા નથી પણ ભારતીય સંસ્કૃતિની સુરક્ષા માટે ૨૪ કલાક પ્રયત્ન કરનાર અને ગામડે ગામડે સ્વાધ્યાયની લગની લગાડનાર શ્રી પાંડુરાગ આઠવલેજીના શબ્દો છે. ડોંગરેજી મહારાજ જેઓ પ્રભુની વાણી સંભળાવી હજારોના હૈયામાં ભકિતનો રંગ લગાડયો છે તે ડોંગરે મહારાજ બોલ્યા હતા કે મોક્ષમાં જવું હશે તો જૈનો પાસેથી તેમના જેવો ત્યાગનો પ્રેમ, તપનો પ્રેમ, દાનનો પ્રેમ અને સંયમ પ્રેમ લાવવો પડશે.

બાકી ઇર્ષા અને ભાંડણ નીતિનો કેમેરો ઊંધો હોય છે. આમતો આકાશ કાળું તો લોક ઉજળું. પરંતુ ઇર્ષાનો કેમેરો લોક ઉજળું પોતાના કાળાંપણું બતાવે છે. ઇર્ષાની આગ એવી છે વગર દિવાસળી એ વગર પેટ્રોલે સ્વ અને સર્વને બાળે છે અને હાથમાં કંઇ આવતું નથી. વાંદા જોવા એ સહજ ગુણ કોઇકનો હોય છે.

અશોક હવે લખે છે. ઘણાં દર્શન કરવા જાય છે. મારા મારી કરવા એજ ખબર ન પડે ? જૈનો પાસેથી આ શીખવાનું હોય છે.

જૈનો આજે પણ અપકાર કરનાર ઉપર ઉપકાર કર્યાના અનેક દૃષ્ટાંતો છે. પોતાના દીકરાને મોટર નીચે ચગદી નાખ્યો હોય તો પોતાના અશુભ કર્મનો ઉદય માની ગુન્હેગારને છોડી દીધા છે. અને કાયદેસર મળતા પૈસો પણ લીધા નથી

અશોક હવે કલમના ઓટકે જૈનોની ઠેકડી ઉડાડવાનું કામ કર્યું છે તેમને સમજી લેવું જોઇએ કે જૈનોની અહિંસા માયકાંગલી નથી. કોઇ જૈનની ઠેકડી ઉડાડે

તો અહિંસક કહેવાતા મહાત્મા ગાંધી કહેતા કે તેવાઓની મુઠ જોડાથી જૈનો પૂજા કરે તો તે અહિંસા છે.

લલાટમાં પીળો ચાંલ્લો કરે અને કોઇ ધર્મમાં માથું મારે નહિ એવા જૈનો અહિંસક છે. આમ કહી જૈનો દેશ કરતાં ધર્મને મહાન માને છે. તેમ લખી ઠેકડી ઉડાડી છે.

કુમારપાળ, જગડુશાહ, ભામાશાહે આ દેશની રક્ષા કાજે જે તે ટાઇમે પોતાના પ્રાણની પણ ચિંતા કરી નથી. પોતાની સર્વ સંપત્તિ ન્યોચ્છાવર કરી છે. ૧૨ વર્ષના જંગી લિષણ દુષ્કાળમાં જબરજસ્ત કાર્યો કરી પ્રજાની ચાહના મેળવી છે આજે પણ દુષ્કાળ તથા પાંજરાપોળોમાં જૈનોના દાનની મહત્ત ઘણી મોટી છે.

વર્તમાનમાં પણ છેલ્લા ત્રણ વર્ષના ભયંકર દુષ્કાળમાં ભણશાળી ટ્રસ્ટો–જે જૈનોનું બનેલું છે. તેઓએ હજારો પશુ–પંખી અને ગરીબોની જાત–મહેનત કરીને તન–મન–ધનથી સેવા કરવાનું બડભાગી કાર્ય કર્યું છે. આ વાત કયા દેશ પ્રેમીથી છાની છે. તે વખતના વડાપ્રધાન રાજીવ ગાંધીએ અભિનંદન આપ્યા હતા અને કીધું કે સરકાર ન કરી શકે તેવું કામ જૈનોએ કર્યું છે. આજે પણ હિન્દુસ્તાનમાં ઠેર ઠેર મુંગા, અબોલ, નિરાધાર પશુઓની રક્ષા કાજે પોતાની શકિત અનુસાર ઉત્સાહ ઉમંગ અને ગૌરવપૂર્વક કાર્ય કરે છે. દરેક ક્ષેત્રોમાં તેમનાથી બનતુ કરે છે કયા દેશ પ્રેમીથી છાનુ છે ?

આ લેખમાં આગળ અશોક કવે લખે છે દેરાસરમાં મહાવીરનું નામ ગોતવું હોય તો મુશીબત પડે છે પરંતુ જૈનોના દાનવીરોની તકિતમાં નામ સુંદર જોવા મળશે.

આજે ભોગ વિલાસ અને ગર્ભપાતના ભયંકર પાપો કરનાર સ્થાનોમાં લાખો રૂપિયા આપનારનું નામ તકિતમાં છાપામાં લખાય છે તેનું શું ?

જૈનો દેરાસરમાં પૈસા આપીને પોતાનાં પુત્ર–પરિવારનું નામ લખાવે છે. આવું આલંબન પામીને ભવિષ્યની પેઢી ધર્મ કાર્યોમાં ભાવનાવાળી બને છે તે આશય છે. દેરાસરમાં સૌના શ્રેયની જ ભાવના ચાલતી હોય છે જે ભગવાનનું દેરાસર હોય છે તેનું નામ મોખરે લખવામાં આવે જ છે. જે સંઘોએ પૈસા મોકલ્યા હોય તેના નામો હોય છે.

દેરાસર બાંધવામાં મજુરોને સૌજી રોટી મળે છે. સરકાર પણ દુષ્કાળમાં સડક–કૂવા બનાવી ને ગરીબોને રોજી રોટી આપે છે.

જૈનો આજે પણ કરોડોનું દાન વગર નામે ગરીબોના ઉદ્ધારમાં આપે છે.

આ રીતે અશોકભાઇ હવે કોઇ પણ કોમને કે કોઇપણ ધર્મને વગોવવાનું કામ નહી કરે એટલી અપેક્ષા અસ્થાને નથી. લેખન શકિત મળી છે. તો તેનો સદુપયોગ પ્રજા દુરાચારથી દૂર બસે અને ધર્માચાર સદાચારમાં સ્થીર બને તેવો પ્રયાસ કરવો જરૂરી છે.

વિશ્વનો કોઇપણ સમજદાર માનવી

પોતાને મળેલા ઉત્તમ માનવદેહ આંખ–કાન–નાક–હાથ પગ–સમય શક્તિનો થોડો પણ સદુપયોગ જૈનો જે જિનેશ્વરદેવોને માને છે તેના જીવન ચરિત્રો વાંચે નવ-તત્વ—જીવવિચાર—કર્મગ્રંથનો ઊંડાણથી અભ્યાસ કરે તો તેને જૈન ધર્મ ઉપર આકર્ષણ થયા વગર રહે નહિ. દુનિયાનો જબરજસ્ત તત્વ ચિંતક જ્યોર્જ બર્નાડશો પણ લખે છે કે પ્રભુ મારે ફરી જો જન્મ લેવાનો હોય તો મને જૈન કુળમાં જન્મ મળજો. આવા ઘણાંય દૃષ્ટાંતો મોજુદ છે.

જૈન ધર્મ જુદો તરી આવે છે એના ઘણાં કારણો છે. તેના પ્રત્યેક તહેવારોની (પર્વની) અંદર તપ–ત્યાગ–વિરતિ (સંયમ) માં રહેવાનું છે. આ ધર્મ ત્યાગ પ્રધાન છે. તેના સ્થાપકો સંપૂર્ણ જ્ઞાની અને આત્માના પૂર્ણ વિકાસને પામેલા હતા.

દુનિયાના કોઈપણ દેશમાં તમે જાવ ત્યાં ઘડાયેલું પ્રજાના હિત માટેનું બંધારણ એક સરખું જ છે. પરંતુ હિન્દુસ્તાનની કમનસીબી છે કે આપણે એવું બંધારણ બનાવી શકયા નથી. અંગ્રેજોની મેલી ચાલના આપણે ભોગ બની ગયા છીએ. આ બાબતમાં જેને રસ હોય તેમણે રાજકોટના પ્રભુદાસ બેચરદાસ પારેખ તેમજ મુંબઇના સંસ્કૃતિના હિતચિંતક વેણિશંકર મોરારજી વાસુનું સાહિત્ય વાંચવું જોઇએ. પોતાની શક્તિનો સૌના હિતમાં વિનિયોગ કરવો જોઇએ.

કોઇપણ વ્યકિત ખરાબ હોય તો તેનાથી આખા સમાજને વગોવવો એ ઉચિત નથી. જૈનો માટે જ નહિ પણ કોઇ પણ સમાજ માટે આવું લખવું તે શિષ્ટ કે સજ્જન માણસનું કર્તવ્ય નથી. દુધપાક ખાવાથી કોઇ મરી જાય તેમાં દુધપાક મરી જવાનું કારણ નથી પરંતુ દુધપાક અવિધિપૂર્વક ખાધો તે કારણ છે છતાં ગાંડા લોકો તેમ માને કે દુધપાક ખાવાથી મરી ગયો.

વિશ્વના સૌ કોઇ જીવો સદ્બુધ્ધિને પ્રાપ્ત કરનારા બનો પોતાના આત્માના હિત અહિતના માર્ગને સમજનારા બનો. સમજાવનારા બનો.

જૈન ધર્મે વિશ્વને મહાન જ્ઞાનીઓ–તપસ્વીઓ–દાનવીરો–મહાન પુરુષોની ભેટ આપી છે. વિશ્વના કોઇપણ વ્યવહારિક કે આત્મિક સુખ પ્રાપ્તિનું કારણ ધર્મ છે. એટલે ધર્મની સામે જેમ તેમ લખવું–બોલવું તે કોઇપણ સંજોગોમાં વ્યાજબી નથી કે પણ જીવ પ્રત્યે દ્વેષ–ઘૃણા કે તિરસ્કાર નથી પણ સૌના હિતની જ ભાવના સદા છે. તેની સૌ નોંધ લે.

અઠવાડિક જૈન શાસન
વાર્ષિક લવાજમ રૂા. ૪૦)
આજીવન રૂા. ૪૦૦)
રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.
જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ
જામનગર

બાલમિત્રો !, આ વખતે આ અમીકુમારી એક સુંદર મઝાની વાર્તા લઈને આવી છે. ૬૦-૬૦ વર્ષ સંયમ જીવન પાળ્યા પછી જેઓ સંસારમાં ગયા હતા, તેઓને "બહુત ગઈ થોડી રહી"ના છંદે ફરી પાછાં સંયમ માર્ગે સ્થીર કરી દીધાં તેવા મુનિની આ વાર્તા છે આપણને આ મનુષ્ય ભવ મળ્યો છે. તે ન્યાયે મનુષ્ય જન્મની સાર્થકતા સમજી વહેલામાં વહેલા દીક્ષા ગ્રહણ કરી આપણે સૌ મુક્તિને નજીક બનાવીશું ને ! તો વાંચો હવે આગળ... (વાર્તા...૨...વાર્તા) (—રવિશિશુ)

"એક હતો રાજકુમાર"

એક હતો બાળ રાજકુમાર. જે બાળપણથી જ સાધ્વીજી ભગવંતો પાસે રહેતો હતો. સાધ્વીજી ભગવંતો તેને સુંદર સંસ્કાર, તપ, જપ અને આરાધનામય વાતાવરણમાં ઉછરી રહ્યા હતા. સાધ્વીજી મહારાજે તેને ખૂબ ભણાવ્યો, ગણાવ્યો અને કુશળ પણ બનાવ્યો.

બાલ વયમાં યોગ્યતા જાણી ગુરુએ તેને દીક્ષા આપી. સુંદર ધર્મમય વાતાવરણમાં તપ-જપ અને અભ્યાસનો ત્રીવેણી સંગમ પોતાની આસપાસ રચી દીધો. ફકત મોક્ષને જ લક્ષ બનાવી પોતાની આરાધના તેજીથી આગળ વધારવા લાગ્યા. બાળ અવસ્થા ત્યજીને કુમારે કુમારાવસ્થા ધારણ કરી. બાર વર્ષની ઉંમરે તો પહોંચી ગયા !

પરંતુ આ શું ?

કર્મરાજાની નજર આ બાળ મુનિ ઉપર પડી. જે પોતાની મસ્તીમાં મસ્ત બની મોક્ષના માર્ગે તેજીથી આગળ વધી રહ્યા હતા. આવી મસ્તી મારાથી જોઈ શકાતી નથી તેમ વિચારી કર્મરાજાએ પોતાના હાથ પહોળા કર્યાં. પોતાના સપાટામાં લેવા માટે તે કર્મ રાજાએ તેની ઉપર કામણકુમણ કરવા માંડયું. સંસારના અનેરા રળીયામણાં રૂપ-રંગને જોવા માટે તેમને આમંત્રણ આપ્યું. લલચામણું આમંત્રણ થતાં બાળ મુનિ મનનો કાબુ ગુમાવી બેઠાં. સંસારમાં જવાની અને તેનું રળીયામણું રૂપ જોવાની-માણવાની ઇચ્છા થઇ આવી.

પરંતુ, ઉપકારી એવા માતા સાધ્વીજી પાસે જઈ સંકોચ સાથે રજા માંગી. માતા સાધ્વીજીએ ખૂબ સમજાવ્યો, પરંતુ પોતે લાચાર છે માટે જવાની રજા આપો. તેમ ગળગળાં સાદે રજા માંગવા લાગ્યો.

આ જોઈ માતા બોલ્યા, "ફકત બાર વર્ષ સંયમાવસ્થામાં રહી જાવ, પછી તમને યોગ્ય લાગે તે પ્રમાણે કરજે." માતાના

આગ્રહને વશ થઇ બાર વર્ષ સંયમાવસ્થામાં રહ્યાં. બાર વર્ષ પૂર્ણ થતા તેઓ ફરી પાછા માતા પાસે આવ્યા. માતાએ તેમને પોતાની ગુરુણીની પાસે મોકલ્યાં. ગુરુણીના આગ્રહથી બીજા બાર વર્ષ સંયમજીવનમાં ગાળ્યાં. તે પૂણ થતાં જવાની તૈયારી સાથે માતા સાધ્વીજીના ગુરુણીની પાસે આવ્યા.

મોટા ગુરુણીએ જેની પાસે અમુલ્ય એવો વિદ્યાભ્યાસ કર્યો હતો તેવા અધ્યાપકની પાસે રજા લેવા મોકલ્યા. તેઓએ પણ બાર વર્ષ રહી જવા માટે આગ્રહ કર્યો. અને છેલ્લે તે પણ પૂર્ણ કરી પોતાના સંયમ દાતાની પાસે રજા લેવા ગયા. તેઓની મધ ઝરતી વાણી સાંભળીને અને આગ્રહને વશ થઇને તેમને ફરીથી બાર વર્ષ સંયમાવસ્થામાં રહેવાનું મકકી કર્યું.

સંસારમાં પાછા ફરવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં એક દાક્ષિણ્યતા ગુણને કારણે તેઓ પોતાના ઉપકારીઓની આજ્ઞાનું ઉલ્લંઘન લેશ માત્ર પણ ન કર્યું. ઉપકારીઓની આજ્ઞા મજેથી પાળી. સુંદર મજાનું સંયમજીવન જીવ્યા. આમ તેઓએ સંયમજીવનના ૬૦ વર્ષ ખુબ જ સુંદર રીતે પૂર્ણ કર્યા. ૬૦–૬૦ વર્ષની સંયમારાધના કરવા છતાં પણ ફરીથી પાંછી સંસારના રંગરાગ જોવાની તીવ્ર ઇચ્છા થઇ આવી. એક વાર તો આ સંસારના રૂપ–રંગ જોવા છે, માણપા તે કર્મરાજાને કોઇની શરમ નથી તેઓએ બાળ મુનિનો પીછો છોડયો નહીં, ન છુટકે સંયમ છોડી સંસાર તરફ જવાના તેઓએ ડગ માંડયા.

આમ આપણાં આ બાળમુનિ પાછાં બાળકુંવર બની ગયા. પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું, રાત્રીના બીજા પ્રહરે તેઓ રાજનગરે પહોંચી ગયા તે અવસરે.

રાજમહેલમાં સુંદર મજાનું નાટક ચાલી રહ્યું હતું. બાળકુંવર પણ તે નાટક દંગ બનીને જોવા ઉભા રહી ગયા. રાત્રિનો સમય ઝડપભેર પસાર થઇ રહ્યો હતો. રાજ મહેલમાં વિશાળ રંગમંડપમાં રાજા–રાણી અને હજારો લોકો એક નજરે જામેલી મિજલશા માણી રહ્યાં હત. તે વખતે, નાચી, નાચીને અને ગાઇ-ગાઇને થાકી ગયેલી વારાંગનાના પગ જરા ઢીલા પડવા લાગ્યાં. આંખોમાં ભરનિંદર જામવા લાગી. રાજા–રાણી આદિને રીઝવવાના ભરપુર પ્રયાસો તે કરી રહી હતી. તેના ઢીલાં પડતાં પગ અને વારંવાર બગાસુ આતી તેને જોઇને પછવાડે બેઠેલી તેની વૃદ્ધ માતા અકકાએ એક છંદ પ્રગાશ્યો. જેનો અર્થ હતો.

"હે શ્યામ સુંદરી! તે સારી રીતે ગાયું, સારી રીતે વગાડયું, અને સારી રીતે નાચ્યું. આખી રાત ખુબ સુંદર રીતે રાજા–રાણી અને નગરજનોને તે પ્રસાર કરાવી. સુંદર મિજલસ તે જમાવી છે અને હવે રાત્રિને અંતે દાન મળવાના અવસરે તું પ્રમાદ ન કર! સાવધ થઇ જા! સાવધાન થઇ જા!"

વારાંગનાને ઉદેશીને કહેવાયેલો આ છંદ સૌએ સાંભળ્યો અને દરેકે પોતપોતાની

રીતે તેનો અર્થ કર્યો. થોડીકવાર પહેલાં જ ૬૦ વર્ષ ભોગવેલું મુનિપણું છોડીને આવેલા આ પુણ્યા રાજકુમારના હૃદયના મર્મ-સ્થાને આ કંઠના શબ્દો અફળાયા.

અરે. રે ! મેં આ શું કર્યું ? સાઠ સાઠ વર્ષ મેં ગુરુકુળ વાસ સેવ્યો. વિનય વૈયાવચ્ચાદિ દ્વારા ગુરુની સુંદર ભક્તિ કરી. વિદ્યાભ્યાસ પણ સારો કર્યો. હવે અવસર પાકવા આવ્યો ત્યારે મેં આ શો ધંધો આદરવાનો પ્રયાસ કર્યો. સંયમજીવ-નના ફળ ચાખ્યાં વગર જ ને જોયેલાં એવાં કડવા ફળને મેળવવા હું દોડવા લાગ્યો છું ધિક્કાર છે. મારી જાતને !

રાજકુમાર, એક જ છંદના ગહનાર્થોમાં ઉંડા ઉતરવા લાગ્યા. ધીરે ધીરે અંતર ચક્ષુઓ ખુલવા લાગી. પોતાના મનમંદિર ઉપર સામ્રાજ્ય જમાવી બેઠેલાં કર્મરાજાને ક્ષણ માત્રનો પણ વિલંબ કર્યા વગર હેઠે ઉતરી ગયા. કર્મરાજાને હડધૂમ કરી પોતાની પાસે જે કાંઇ હતુ તે વારાંગનાને ઇનામમાં આપી, રાજમહેલને પીઠ બતાવી, ફરી પાછાં ગુરુનાં ચરણોમાં હાજર થઇ ગયાં. ફરી સંયમજીવન સ્વીકારી પોતાનું આયુષ્ય જીવન સફળ બનાવી દીધું.

આપણે આવા અદ્‌ભુત દાક્ષિણ્ય ગુણના સ્વામિ શ્રી ક્ષુલ્લકકુમાર એટલે શ્રી ક્ષુલ્લક મુનિને ક્રોડ ક્રોડ વંદન કરીશું ને !

—અમીકુમારી

સકલ શ્રી સંઘને નિવેદન....

મુંબઇ સેન્ટ્રલ ખાતે ૬૦ કીલો વજનવાળી શ્રી કુંથુનાથ ભગવાનની ધાતુની મૂર્તિ પોલીસની કેટડીમાં બે મહિના ઉપરથી ચોરાયેલ માલ તરીકે પડી છે. મુંબઇના જૈન પત્રકાર શ્રી જયેન્દ્રભાઇ શાહે એમના 'પ્રવાસી' પત્રમાં આ ઘટસ્ફોટ કર્યો છે, આ બદલ એમને ખુબ ધન્યવાદ ઘટે છે.

આ સંદર્ભ વાપી સ્થિત શાહ છગનલાલ ઉમેદચંદે જાગૃત બની શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ શ્રી ચેલુકભાઇ કસ્તુરભાઇને આ ઘટનાથી સતર્ક કર્યા, શેઠશ્રીએ તુરંત કાર્યવાહી આદરી આ મૂર્તિ જ્યાં સુધી જૈનો ખરા માલિક નકકી ન થાય ત્યાં સુધી ગોડીજીમાં રાખવા માટે મળી જશે એવી આશાનો એમણે છગનલાલને પત્ર દ્વારા નિર્દેશ કર્યો છે.

આ મૂર્તિનો કબજો શીઘ્ર મલે એ માટે જાપ સહિત આયંબિલ તપની આરાધના સકલ શ્રી સંઘમાં થાય એવી વિનંતિ સહ આ કાર્યમાં સફળતા મળે એવી શાસનદેવને પ્રાર્થના

ચોરાયેલી મૂર્તિનો ચમત્કાર ગત ૨૮મી જુલાઇએ વહેલી સવારે બોરીબે સેન્ટ્રલ આવી પહોંચેલી વીરમગામ પેસેન્જરના ૧૫૩૩ નંબરના ડબ્બામાંથી એક બિનવારસી પડેલી પતરાની પેટી બોરીબે સેન્ટ્રલ રેલ્વે પોલીસના કર્મચારીને મલી આવી. બોરીબે જેવા યોગ્ય સ્થલે મલવાથી શુ ચમત્કાર નથી ?

—પ્રેષક મુમુક્ષુ અલકેશકુમાર પૂનમચંદજી

॥ પ્રાણીઓને પણ જીવવાનો અધિકાર છે ॥

શેત્રુંજય તીર્થમાં હિંસાનો જબ્બર્દસ્ત વિરોધ ઠરો

પ્રેષક : જન જાગૃતિ સમિતિ (ગુજરાત) ૨૩૦, અદાસાની ખડકી, ફતાસાપોળ, ગાંધીરોડ, અમદાવાદ–૩૮૦૦૦૧

પ્રતિ, માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલ,, ગુજરાત રાજ્ય સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦.

વિષય : પવિત્ર શેત્રુંજી નદિ સહિત સમગ્ર વિસ્તારમાં માચ્છીમારી–જીવહિંસા બંધ કરી અહિંસક વિસ્તાર જાહેર કરવા બાબત.

માનનીયશ્રી,

સાદર વિનંતી કે પાલીતાણા એ વિશ્વભરના જૈનોનું મહાન પવિત્ર તીર્થ ધામ છે. શેત્રુંજી નદીના કાંઠે છે, ત્યાં પવિત્ર શેત્રુંજય ગિરિરાજ આવેલ છે. તેનો વિસ્તાર ઘણો મોટો હતો. હાલ બાર ગાઉનો વિસ્તાર છે. જેમાં પવિત્ર જિન મંદીરોની હારમાળાઓ આવેલી છે, એ ગીરીરાજ પર કરોડો સાધકોએ સાધના કરી મુક્તિ મેળવ. છે. શેત્રુંજી નદીના વિસ્તારમાં જ આજ તીર્થના ભાગ રૂપ કદંબગીરી પહાડ, હસ્તગીરી પહાડ, અને તળાજા પહાડ આવેલ છે. જે શેત્રુંજય ગિરિરાજના ભાગ–ટુંક તરીકે ઓળખાય છે.

૧. પાલીતાણા. ૨. કદંબગીરી. ૩. તળાજા. ૪. હસ્તગીરી (જાળીયા) એમ ચાર સ્થળના જંગલ અને શેત્રુંજી નદીના વિસ્તાર સહિત કોઇપણ પ્રકારની જીવ-હિંસા મોગલ બાદશાહ, બ્રિટિશ સરકાર તેમજ દેશી રાજ્યો તરફથી પ્રતિબંધ હતા. અને તેના શિલાલેખો પણ હાલ મોજુદ છે. આમ આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે, તેથી ભારત ભરની ધર્મદક્ષ પ્રજાની ધર્મ લાગણીને ઘણો જ આઘાત લાગ્યો છે.

આપને ખાસ જણાવવાનું કે ઋષીકેશ અને હરદ્વારનો વિસ્તાર મોગલ બાદશાહ અને અંગ્રેજ સરકારના સમયથી સંપૂર્ણ અહિંસક વિસ્તાર તરીકે જાહેર થયેલો છે, આજે પણ તે વિસ્તારમાં કોઇપણ પ્રાણીની હિંસા કરી શકે નહિ, તેમજ હિંસક પદાર્થો લાવી શકે નહિ અને વેચી શકે નહિ. તેથી તે સંપૂર્ણ વિસ્તાર આજે અહિંસક તરીકે ચાલુ છે.

અહિંસા જીવદયા પ્રેમી કરોડો જૈન યાત્રિકો, આ પવીત્ર ભૂમિની યાત્રા કરવા આવે છે. જૈન ધર્મનો પાયો અહિંસા છે, અને જીવદયા એ એનું મુળ છે. જીવદયા પ્રેમી અને ધર્મીઓ,ની ધર્મ લાગણી દુભાય છે તો આ બાબતને લક્ષ્યમાં લઇને આ સમગ્ર વિસ્તારમાં જીવહિંસા ન થાય, માચ્છીમારી બંધ થાય એમ સમગ્ર વિસ્તાર સંપૂર્ણ અહિંસક જાહેર થાય તેવી અમારી માંગણી લક્ષ્યમાં લઇ વહેલી તકે આ વિસ્તારમાં કોઇપણ પ્રકારની જીવહિંસા ન થાય તેવા ફરમાન સાથે કાયમી ધોરણે અને કડક રીતે પાલન થાય તે રીતે પ્રતિબંધ જાહેર કરશો. (અનુ. પત્ર ૬૫૨)

સેવીએ શાસન વફાદારી, પામીએ શિવપટરાણી !

—પ્રજ્ઞેશ

શ્રી જિનેશ્વર દેવોનું તારક શાસન મળ્યું છે. તે શાસનને સમજાવનારા પરમ-શ્રદ્ધેય, પરમાદરણીય પૂ. સુવિશાલ ગચ્છાધિપતિશ્રીજીનો સુયોગ મળ્યો છે. તેઓ શ્રીમદ્‌ના શ્રીમુખેથી શ્રી જિનવાણીના શ્રવણથી શાસ્ત્ર-સિદ્ધાન્તના બોધને કાંઇક પામ્યા પણ છીએ. તેની વફાદારી વિના આત્માની મુક્તિ છે જ નહિ તે ય સમજ્યું છે. તે કેળવ્યા વિના કયારે પણ સાચી આરાધના પણ શકય નથી.

આજે શાસનમાં શ્રી નવપદજીની ઓળીની આરાધના ઘણા પુણ્યશાલિઓ સ્વયં કરે છે અને અનેકને કરાવે પણ છે. શ્રી નવપદ કહો કે શાસન કહો તે બે એક જ છે. તેમાં તો આખા શાસનનો સાર સમાઇ જાય છે. તેમાં ય શ્રી શ્રીપાલ-મયણાનો રાસ વાંચનારા અને સાંભળનારા ય ઘણા જીવો છે. તે રાસમાં તો ડગલે અને પગલે સિદ્ધા-ન્તની વફાદારી, સિદ્ધાન્ત ખાતર ફના થવાની વૃત્તિના પ્રસંગો જોવા મળે છે. તે વાંચતા હૈયું ભાવોલ્લાસમય બની જાય છે. પણ વર્તમાનની પરિસ્થિતિનો વિચાર કરીએ તો હૈયું ગદ્‌ગદ બની જાય છે. કર્મસિદ્ધાન્તના સંરક્ષણ માટે સુખ-સાહ્યબી અને સમૃદ્ધિનો તૃણની જેમ, હૈયામાં જરા પણ રંજના લેશ વિના ત્યાગ કરનારી શ્રીમતી મયણા સુંદરી કયાં ? અને થોડાક માન-પાનાદિ ખાતર સિદ્ધાન્તની અવહેલના કરનારા સિદ્ધાન્તનો દ્રોહ કરનારા આજના જીવો કયાં ? જે શાસનથી આપણે આવ્યા તે જ શાસનને બેવફા બનનારા અને બનાવનારા આજે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે. ગમે તે પ્રરૂપ્યું હોય આજે જેઓ સાચું કરવા માગે છે તેઓને પણ સાચું નહિ કરવા દેનાર, તેમાં અવરોધ નાખનારા ઘણા છે. આજના બધાના પરિચયથી હું તો એવા તારણ ઉપર આવ્યો છું કે આજે હજી સિદ્ધાન્તની રક્ષા-વફાદારી બાબત પૂ. સાધ્વીજી મહારાજો ઘણા મક્કમ દેખાય છે. જયારે ઘણા પૂ. સાધુઓ મ. ઢીલા પડી ગયા છે. તેનું કારણ ભકત વર્ગને નારાજ નહિ કરવો તે જણાય છે.

કોઢીયા એવા શ્રીપાલનો બેધડક રીતે હાથ પકડતી વખતે જેવી ખુમારી શ્રીમતી મયણા સુંદરીની હતી તે તો આજે શોધવી ય દુષ્કર થઇ પડે તેમ છે. તેનું કારણ હજી ધર્મ પામ્યા નથી તે છે. ધર્મ પામેલો આત્મા તો ધર્મના રક્ષણ માટે સર્વસ્વ હસતે મુખે ન્યોછાવર કરી દે. તેને તે બધુ મુકતા ખચકાટ કે દુઃખ પણ ન થાય દુઃખ થાય તો અજ્ઞાનાદિ લોક ધર્મની નિંદા કરે ત્યારે થાય, આ ભાવના પણ તો જ આવે કે-ધર્મ એ જ તારક છે. ધર્મ વિના બીજું કોઇ જ તારક નથી. આ ભાવના આવે તો પછી

સાચી ખુમારી પ્રગટે, સિદ્ધાન્તની વફાદારી જાગે તે વિના આવી ખુમારી સંભવિત નથી.

ધર્મ જ સર્વસ્વ છે તેના વિના કોઇ જ ઉદ્ધારક નથી. આવી શ્રદ્ધા જાગ્યા વિના કદી કલ્યાણ ન થાય. જે ધર્મથી આ બધું પામ્યા તે ધર્મના રક્ષણ માટે બધું જ સમર્પણ કરવાની ભાવના વિના ધર્મનો ઉપકાર પણ યાદ ન આવે. આવું તારક શાસન પામ્યા માટે આપણે છીએ. શાસન ન પામ્યા હોત તો કયાંય રઝળતા હોત ! માટે શાસનને ઉજાળવાની જવાબદારી આપણી જ છે. તેમાં જેટલી ખામી આવે તે આપણી અધોગતિની નિશાની છે. બીજું બધું ગુમાવાય, ભુલાય પણ શાસનની વફાદારી તો પ્રાણના ભોગે જાળવવી જ જોઇએ. કમમાં કમ આ એક ગુણ પણ આવી જાય, કાં તે પામવાની લાયકાત આવી જાય તો ય બેડો પાર થઇ જાય. સૌ આવી વફાદારીને કેળવી શિવ પટરાણીને વરો તે જ મંગલ મહેચ્છા

(અનુ. પ૮૮ નું ચાલુ)

હમણાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમીટીએ ધાર્મિક સ્થળોની આસપાસ ૫૦ મીટરના અંતર સુધી માંસાહારી પદાર્થ રાખવા, વેચવા કે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતો નિર્ણય તા. ૨૯-૭-૯૨ ના રોજ સર્વાનુમતે જાહેર કર્યો છે, તો આવા પવિત્ર શેત્રુંજય વિસ્તારને તરત જ અહિંસક વિસ્તાર જાહેર કરવો જોઇએ.

આપ સૌ આ માનવતાવાદી, અનુકંપાના કાર્યને પોતાનું ગણી સ્વેલા પ્રતિબંધ જાહેર કરશો અને પ્રત્યુત્તર આપશો. જો આપ આ વાતનો સ્વીકાર નહીં કરો તો અમારે અહિંસક આંદોલન કરવાની ફરજ પડશે.

અમો નીચે સહી કરનાર નાગરીકો :-

૧	૩
૨	૪

ખાસ નોંધ :- આ વિરોધ પત્ર ઉપર આગળ પાછળ બન્ને બાજુ સહી કરજો, વધારે સહી કરાવવા, કોરા કાગળ આ પત્ર સાથે જોડજો, અને સહી કરેલા પત્રો શ્રી દીપકભાઇ કોલસાવાલાને ઉપરોકત સરનામે મોકલી આપશોજી.

શાસન સમાચાર

ભવ્ય પુસ્તક વિમોચન

નવા ડીસા :– તા. ૯ અત્રેના રીસાલા બજાર સ્થિત જૈન ઉપાશ્રયમાં શ્રી તપગચ્છ જૈ. શ્વે. મૂ આરાધના ભવન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત સન્માર્ગ પ્રકાશનના ઉપક્રમે પ. પૂ. સંઘ સન્માર્ગદર્શક વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રીના પટ્ટધર રત્નો પૂજ્ય સુદીર્ઘસંયમી આચા. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. પૂજ્ય તપસ્વી સમ્રાટ આચાર્ય શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ; પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિ પૂજ્યવરોની નિશ્રામાં બે ઉપકાર ગ્રંથોનું વિમોચન કરવામાં આવેલ.

પૂજ્યશ્રીના મંગળાચરણ બાદ કાર્યક્રમની શરૂઆત થયેલ અને નીચે મુજબ બે પુસ્તકોનું વિમોચન સંપન્ન થયેલ.

(૧) પ્રેરક પરિવર્તન :- લાભાર્થી શા. વીઠલજી ખીમચંદ મેમોરીયલ રીલીજીયસ ટ્રસ્ટ વિમોચક :- સુરચંદભાઈ ઝવેરી.

(૨) મૃત્યુની મંગળ પળે-લાભાર્થી! ભૂદરભાઇ ખેંગારભાઇ, વાડીલાલ સ્વરૂપચંદ વિમોચક મફતલાલ રૂપચંદભાઇ, વાડીલાલ સ્વરૂપચંદ

આ બેય પુસ્તકોનું વિમોચન કરી એક એક નકલ સ્વ. ગુરૂદેવ ના પ્રતિકૃતિ સમક્ષ અર્પણ કરાઈ અને ત્યા બાદ આચાર્યદિ પદસ્થ ભગવંતોને વિનયપૂર્વક સમર્પણ કરવામાં આવેલ.

સન્માર્ગ પ્રકાશન દ્વારા લગભગ બે માસ પૂર્વે જ પ્રકાશિત થયેલા શ્રી વિજય રામચંદ્ર સૂરિસ્મૃતિ ગ્રંથમાળાના ૨૧ પુસ્તકો ડીસામાં જ વિમોચિત થયાં હતાં અને તેની પ્રાયઃ સર્વ નકલોનો સ્ટોક રહેવા પામ્યો નથી અને ચાહકોની માંગને પૂરવા રીપ્રિન્ટનો ઓર્ડર આપવો પડયો છે. એજ ઓર્ડર ઉપયોગીતા અને લોકપ્રિયતા સિદ્ધ કરે છે.

૦ પ્રેરક પરિવર્તન પુસ્તકમાં એક રાજકીય સામાજીક ક્ષેત્રની મહાન હસ્તિ માણેકલાલ સુંદરજી કાપડીયાના જીવનની વિવિધ ઘટનાઓ, અનુભવો અને પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી ને પામ્યા બાદ આવેલું અકલ્પ્ય પરિવર્તન અત્યંત રોચક શૈલીમાં વર્ણવાયું છે. કિંમત-૩૫ રૂ.

૦ મૃત્યુની મંગળપળે સમાધિની સાધના અર્થે ઉપકારી પુરૂષોના હાથે લખાયેલ પત્રોના માધ્યમથી વેદનામાં પણ સમતા સાધવાની કળા દાખવી છે. કીંમત –૨૦ રૂ.

એ ઉપરાંત શ્રી લોરોલ તીર્થ નિવાસી સંઘવી રૂપચંદ મગનલાલ પરિવાર તથા સંઘવી મનજીભાઇ મગનલાલ પરિવારે શ્રી લોરોલ તીર્થથી શ્રી શત્રુંજય મહાતીર્થના છરી

પાલિત સંઘના શુભપ્રયાણાદિ માટે મુહુર્તની માંગણી કરતા પૂજ્યવરોએ નીચેના મુહુર્ત પ્રદાન કર્યા હતાં.

શુભપ્રયાણ વિ. સં. ૨૦૪૯ મહાસુદ ૧૩ તા. ૫-૨-૯૩ શુક્રવાર. માળારોપણ વિ. સં. ૨૦૪૯ ફાગણવદ ૪ તા. ૧૧-૩-૯૩ ગુરૂવાર.

દશા પોરવાડ સોસાયટી (અમદાવાદ-૭) પરમ તપસ્વી પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની શુભ નિશ્રામાં તેઓશ્રીજીની ૬૧ મી ઓળીની પૂર્ણાહુતિ તથા શ્રી શાશ્વતી ઓળીની આરાધનાની અનુમોદનાર્થે આસો સુ ૧૩ થી આ. વ. ૨ સુધી શ્રી શાંતિસ્નાત્ર સહિત પંચાન્હિકા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

આ. સુ. ૧૪ ના દિવસે પ્રવચન સમયે "પુદ્ગલવોસિરાવવાની મહામંગલિક ક્રિયા" થયેલી પ્રત્યેક ભાવિકોને જુદા જુદા ભાવિકો તરફથી ૩૫ રૂ. ની પ્રભાવના તથા શ્રી હર્ષદરાય છગનલાલ મહેતા તરફથી "સમાધિ સરિતા" પુસ્તિકની પ્રભાવના થયેલ.

સુ. ૧૫... ના દિવસે વિજય મૂહુર્તે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન શ્રી સંઘ તરફથી ઉલ્લાસ પૂર્વક ભણાવાયેલ આસોવદ ૧ ના દિવસે પૂજ્યશ્રીજી નાં તપની પૂર્ણાહુતિ નિમિતે શ્રીયુત ચન્દ્રકાંતભાઇ ચીમનલાલ ચોકસી તરફથી ચૈત્ય પરિપાટીનું આયોજન થયેલ શ્રી શીતલનાથ સ્વામ જિનાલય તથા શ્રી જૈન સોસાયટીનાં જિનાલયે દર્શનાદિ. થયા બાદ ચતુર્વિધ સંઘની શ્રી ચન્દ્રકાંતભાઇનાં ગૃહાંગણે પધરામણી થયેલ. તપ ધર્મની મહત્તાને સમજાવતું પ્રભાવક પ્રાસંગિક પ્રવચન થયેલ બાદ ગુરૂપૂજનાદિ થયા બાદ શ્રી ચન્દ્રકાંતભાઈ તરફથી ૫-૫ રૂ. નું સંઘ પૂજન થયેલ એ પ્રસંગે જીવદયાની ટીપ પણ અનુમોદનીય થવા પામી હતી પૂ. સા. શ્રી ઈન્દુરેખા શ્રીજી મ. નાં શિષ્યા પૂ. સા. શ્રી સિદ્ધાંતરસા શ્રીજી મ. ની ૩૦ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિતે શ્રી વિનોદભાઇ તલકચંદ જસાજી પરિવારની વિનંતિથી પૂજ્યશ્રીજી આદિની ૧૦ નંબરમાં સત્કારગત પધરામણી થઈ ત્યાં માંગલિક આદિ થયા બાદ તેઓ તરફથી ગુરૂપૂજન સંઘપૂજન આદિ થયેલ તે દિવસે નવપદજીની પૂજા શ્રી ચીમનલાલ કાળીદાસ તથા ચંપાબેન ચીમનલાલ પરિવાર તરફથી ઉત્સાહ પૂર્વકભણાવાયેલ.

વદ ૨. ના દિવસે શ્રી પ્રવીણચન્દ્ર મહાસુખભાઇ પરિવાર તરફથી સત્તરભેદી પૂજા ભણાવાઇ.

જામનગર અત્રે શ્રી શાંતિભવન તપગચ્છ ઉપાશ્રયે પ. પૂ. આચાર્ય દેવશ્રી પ્રદ્યોતન સૂરીશ્વરજી મ. સા તથા પૂ. પં. શ્રી વૃજસેન વિજયજી મ. સા. તથા તપસ્વી પૂ. મુ. શ્રી ચન્દ્રયશ વિજયજી મ. સા. ની શુભ નીશ્રામાં ચાતુર્માસ દરમ્યાન થયેલ તપસ્યાના ઉધાપન નીમીતે ભા. વ.૧૨ થી આસો સુદ ૧ સુધીની શાંતિસ્નાત્ર યુકત પંચાન્હિકા મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ આસોસુદ ૧ ને રવીવારે શાંતિસ્નાત્ર ઠઠથી ભણાવાયેલ બાદલાડુની પ્રભાવના થયેલ જીવાદયાની ટીપ ખુબ સુંદર થવાપામી હતી તેમજ આસોસુદ ૫ ને બુધવારના રોજ શ્રી ચોરીવારા ઢેરાસરે ઉપરોકત પૂજાની નીશ્રામા દીના હરીલાલ માણેકચંદ તરફથી શ્રી ભકતામર પૂજન ભણાવાયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ જીવદયા ની ટીપ ખુબ સુંદર થવા પામેલ વિધાન શ્રી નવીનચન્દ્ર બાબુલાલ શાહ ની મંડળી ખુબ સુંદર રીતે કરાયેલા સંગીતમાં શ્રી મધુકાન્ત મનહરલાલ ઝવેરીએ સારી જમાવટ કરી હતી.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ મોક્ષની ઇચ્છા વિના ધર્મમાં બળ આવે જ નહિ, ધર્મ પાંગળો જ થાય. ભગવાને જેવું સ્વરૂપ સંસારનું કહ્યું છે તે મગજમાં બેસે નહિ ત્યાં સુધી મોક્ષની ઇચ્છા થાય નહિ. સંસારમાં કોઇ ભાગમાં 'મીઠાશ' નથી. બધે 'કડવાશ' છે. તે વાત મગજમાં બેસે તો જ મોક્ષની ઇચ્છા જન્મે, મોક્ષની વાત ગમે, મોક્ષની વાત કરનારા પણ ગમે.

૦ ભગવાનનાં દર્શનથી માંડીને દરેકે દરેક ધર્મ ક્રિયા સાધુ થવા માટે જ કરવાની છે. જેને સાધુ થવાની ઇચ્છા ન હોય તેની પાસે ધર્મ કરાવીને કામ પણ શું છે ? આ કાંઇ વ્યાપાર છે ? ધંધો છે !

૦ અમારે ય ધર્મ સમજાવવા શું બોલાય અને શું ન બોલાય તે ધ્યાન રાખવું પડે. આ પાટ ઉપર બેસીને બોલતાં ન આવડે તો સંસાર વધી જાય. ભગવાને ના કહેલ તેવું બોલાઇ જાય તો સંસાર અનંતો વધી જાય.

૦ ધર્મગુરુ નિસ્પૃહ જોઇએ. નિસ્પૃહતા તે ધર્મ પમાડવા માટે પહેલા નંબરનો ગુણ છે.

૦ અમે વ્યાખ્યાન એટલા માટે કરીએ કે તમે આવો તો ઉપકાર બુદ્ધિથી ભગવાનનો ધર્મ સમજી જાય, મોક્ષની ઇચ્છા જાગે, સાધુપણાના અર્થી થાવ માટે વ્યાખ્યાન કરીએ. તમે અમારા ભગત બનો તેવો તમારા માટે સ્વાર્થ રાખીએ તો અમે ગુનેગાર છીએ.

૦ સારામાં સારી ચીજ મળવા છતાં પણ સારી ચીજની જેને કિંમત ન સમજાય તો તે સારી ચીજથી પણ તેને નુકશાન થાય.

૦ અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ ફરમાવી ગયા છે કે– દીક્ષા વિના ધર્મ જ નથી. સંપૂર્ણ ધર્મ કરવો હોય તેને દીક્ષા લેવી જ પડે, કેમકે, ભાવથી પણ દીક્ષા પામ્યા વિના મોક્ષ થાય જ નહિ.

(અનુસંધાન ટાઇટલ ૨ નું ચાલુ)

માટે આત્મન્ ! જ્ઞાનીની પ્રકૃષ્ટ પ્રજ્ઞાના પ્રકાશમાં સુખ–દુઃખનો માર્ગ નક્કી કરી તે પ્રમાણે જીવ. આત્માની અનંત–અક્ષય ગુણ લક્ષ્મીની સંપત્તિના સ્વામી થઇ તો ઇન્દ્રિયોનો સંયમ રાખ અને દુર્ગતિના દ્વાર જોવા તો ઇન્દ્રિયોને બહેકાવ. અહીં કદાચ નહિ બોલે પણ કર્મસત્તા તારા એવા હાલ–બેહાલ કરશે કે કયાં ચાલ્યો જઇશ ખબર પણ નહિ પડે. માટે હજી સમજીને સાવધ થઇ જા.

—પ્રજ્ઞાંગ

૦ પ્રમાદને સારો માનનારા, પ્રમાદની પુષ્ટિ માટે ધર્મ કરનારા બધા આ સંસારમાં ઘણું ઘણું રખડવાના. સાધુરૂપ ધર્મ કરવો હોય તો પાંચેય પ્રમાદ છોડી દેવાના અને તમારે સંસારમાં બેઠે છોડવાનો અભ્યાસ કરવાનો.

૦ પાંચ પ્રમાદ ભૂંડા છે, સંસારમાં ડૂબાડનાર છે. ધર્મ સંસારથી બચાવનાર છે. ધર્મ સારો હોવા છતાં બધા ધર્મ ન લઈ શકે, ધર્મ સિવાય કશું કરવું નથી એવુ બધા ન કરી શકે છતાં પાંચ પ્રમાદને ભુંડા સમજે, ધર્મ જ કરવાનું મન થાય, સાચો ધર્મ જ સાધુપણું માટે સાધુ થવાનુ મન થાય કારણ સાધુ થવાથી એવુ બળ આવે છે

૦ પાંચ પ્રમાદ ભુંડા ન લાગે તેવો હોશિયાર માણસ સાધુપણું લે તો સંસાર વધારવા જ લે છે.

૦ ભાવ વિનાનું દાન સિદ્ધિનું સાધન નહિ ભાવ વિનાનું શીલ વિફલં ભવતુ ભાવ વિનાનો તપ સંસારના મુકામા વધારે. સંસારનો પ્રવાહ વધારે.

૦ મન આલંબન વિના જીતાય નહિ મનને આલંબન મલી જાય તો જ સ્થિર થાય.

૦ તમને મારા ભગવાન મને કેવો જાણે છે તેની કિંમત છે ? કોણ છે ભગવાન ? તમારા બાપ છે અને અમારાય બાપ છે. ભગવાન કેટલા બેઠા છે ? વીસ અરિહંતો વિચરે છે તેમને યાદ કરો. અનંતા સિધ્ધ ભગવંતોને યાદ કરો. કરોડો કેવલિ ભગવંતોને યાદ કરો અને આત્માને પૂછો કે હું તેઓની દૃષ્ટિમાં કેવો હોઇશ ? આપણા બધાના માથા ઉપર અનંતાનંત જ્ઞાની બેઠા છે તે આપણને પગથી માથા સુધી ઓળખે છે.

૦ સંસારી જીવોને સંસારનું આલંબન એવું મલ્યું છે કે મરે તો ય ખસે તેમ નથી. અનંતા અરિહંતોને નિષ્ફળ કર્યા. અરિહંતોને કહ્યું કે તમારે મોક્ષમાં જવું હોય તો જાઓ અમારે નથી જવું. જો એમ હોય તો પછી અમારી શી વાત !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે મુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

4200 21-2-22

નમો ચઉવિસાए તિત્થયराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તે કરૂણામયી દૃષ્ટિ અમારું રક્ષણ કરો.

रक्षन्तु स्खलितोत्सर्गगलितः प्रौढप्रतिज्ञाविधौ,
याति स्वाश्रयमर्जितांहसि सुरे निःस्वस्य संचारिता।
आजानुक्षितिमध्यमग्नवपुषश्चक्राभिघातव्यथा,
मूर्छान्ते करुणाभरांचितपुटा वीरस्य वो दृष्टयः ॥

પ્રભુ શ્રી મહાવીરદેવનને ઉપસર્ગો કરી ચલાયમાન કરવાની પ્રૌઢ પ્રતિજ્ઞામાં ભ્રષ્ટ થયેલ અને નિઃશ્વાસ નાખી પાપપુંજને બાંધી પોતાના નિવાસ સ્થાને પાછા ફરતા દેવ પ્રત્યે (સંગમ પ્રત્યે), ચક્રના અભિઘાતથી જાનુ સુધી પૃથ્વીમાં પેસી જવા છતાં વ્યથાની મુર્છાના અંતમાં સંચારિત થતી શ્રી વીરવિભુની દયાથી ભીની થયેલી દૃષ્ટિ અમારું રક્ષણ કરો.

વર્ષ ૫

અંક ૧૪

લવાજમ વાર્ષિક દેશમાં રૂ. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂ. ૪૦૦

ચિંતન

परापवादेन मुखं सदोषं, नेत्रं परस्त्रीजनवीक्षणेन ।
चेतः परापायविचिंतनेन, कृतं भविष्यामि कथं विभोऽहं ।।

આ સંસારમાં મોહમદિરાનું પ્રાબલ્ય કેટલું બધું છે કે પ્રાણીઓ વિવેકરહિત ચેષ્ટાઓ કરે છે, છતાં પણ હું ખોટું કરું છું તેમ પણ મનમાં થતું નથી. મોહની સાથે અજ્ઞાન ભળે તો શું થાય તે સૌના ધ્યાનમાં છે. જો વિવેક દૃષ્ટિ જરા પણ વિવર આવે અને જીવ સ્વયં વિચારે તો સહજ સ્ફૂરણાથી આત્મનિંદા કર્યા વિના રહે નહિ.

'શ્રી રત્નાકર પચ્ચીશી' ના કર્ત્તા પૂ. આ. શ્રી રત્નાકરસૂરિજી મહારાજા ભગવાનની પાસે આત્મનિંદા કરતા કહે છે કે–

"હે પ્રભુ ! મેં પારકા અપવાદ બોલીને મારૂં મુખ દોષિત કર્યું, પરસ્ત્રીમાં સરાગદૃષ્ટિ રાખીને નેત્રોને દોષિત કર્યા અને બીજાનું ખરાબ ચિંતવીને મારા મનને દૂષિત કર્યું તો હે પ્રભુ ! પાપાત્મા એવા મારું શું થશે ?"

આજે 'રત્નાકર પચ્ચીશી' ના નાદો શ્રી જિનાલયાદિમાં ગુંજતા સંભળાય છે પણ તેના પરમાર્થને જાણે તો બોલનારાના જીવન ફર્યા વિના રહે નહિ. પણ માત્ર રાગડા તાણીને ગાવાથી લાભ શું થાય ? આત્માની સાથે તેને અડાડવામાં ના આવે તો માત્ર કંઠ શોષ વિના બીજું ફળ શું મળે ?

હૈયું સુધર્યા વિના સાચી આત્મનિંદા થવી સંભવિત નથી. સંસારના પદાર્થો માત્રમાંથી મમત્વપણું ઊઠે અને આત્મગુણોની સન્મુખતા આવે ત્યારે જ હૈયું સુધારવાનું મન થાય. બાકી દોષોની દોસ્તી રાખવાથી હૈયું કયાંથી સુધરે ?

દરેક આત્મા શાંતચિત્તે વિચારે તો તેને જ લાગે કે– હું મારા મુખને, નેત્રને અને ચિત્તને કલંકિત જ કરી રહ્યો છું. પુણ્ય યોગે આ બધાનો જે ક્ષયોપશમ મળ્યો છે તેનો જે રીતના ઉપયોગ કરી રહ્યો છું તેથી ભવાંતરમાં આવી ચીજો મળવી દુર્લભ થશે.

આપણને આપણો એક અવગુણ દેખાતો નથી અને સૌકડો યોજન દૂરથી પણ પારકાનો અવગુણ તુરત જ આંખે ચઢી આવે છે. આવી દશા હોય ત્યાં સુધી બીજાના ગુણ ગાવાનું સામર્થ્ય પણ નહિ આવે એટલું જ નહિ કોઇના વાસ્તવિક ગુણ સાંભળી પણ શકાશે નહિ. મનમાં ને મનમાં બળી એવા કર્મો ઉપાર્જન કરશે કે વ ત ન પુછો.

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજજીની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુડબા
(મુંબઈ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(પાલ્યાણા)
ચાંદમલ પદમશી ગુડબા
(બાલગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ કારતક સુદ-૧૫ મંગળવાર તા. ૧૦-૧૧-૯૨ [અંક ૧૪

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

ચાર દુર્લભ વસ્તુઓ

પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

૧. અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવો ફરમાવે છે કે–આ દુનિયામાં બીજી સઘળી વસ્તુઓની પ્રાપ્તિ થવી એ સહેલી છે, પણ મોક્ષની સાધનામાં ઉપયોગી નિવડે તેવી વસ્તુઓની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. મોક્ષની સાધનામાં ઉપયોગી નિવડે તેવી દુર્લભ વસ્તુઓમાં, પાંકલી વસ્તુ ધર્મસામગ્રીથી સહિત એવા મનુષ્યભવની પ્રાપ્તિ થવી એ છે. આર્ય દેશ, આર્ય કુળ, પંચેન્દ્રિયપટુતા ઇત્યાદિ સામગ્રી સહિત જેમને મનુષ્યભવની પ્રાપ્તિ થઇ છે તે આત્માઓ સામાન્ય કોટિના ભાગ્યશાલી નથી. આવો દુર્લભ મનુષ્યભવ મળ્યા પાછીથી પણ, જો બાકીની દુર્લભ વસ્તુઓ ન મળે, બાકી દુર્લભ વસ્તુઓથી સર્વથા પરાઙમુખ રહી જવાય, તો મનુષ્યભવ મળ્યો હોવા છતાં પણ ન મળ્યા જેવું થઈ જાય.

૨. આથી જ્ઞાનિઓ ફરમાવે છે કે–મનુષ્યભવની, આર્ય દેશાદિ સામગ્રી સાથે, પ્રાપ્તિ થવી એ દુર્લભ છે : પરન્તુ તે પછી ય, સદ્ગુરૂના મુખથી સત્શાસ્ત્રોનું શ્રવણ થવું–એ એથી પણ વધારે દુર્લભ છે. સદ્ગુરૂ દ્વારા સત્શાસ્ત્રોનું શ્રવણ મળવું, એની અપેક્ષાએ આર્ય દેશાદિમાં મનુષ્યભવની પ્રાપ્તિ થવી એ સુલભ છે. આર્ય દેશાદિ સામગ્રી સહિત મળેલા દુર્લભ મનુષ્યભવને સુસફલ બનાવનાર સદ્ગુરૂ દ્વારા સત્શાસ્ત્રોનું શ્રવણ વગેરે વસ્તુઓ છે : આથી જે આત્માઓને દુર્લભ મનુષ્યભવ મળવા સાથે સદ્ગુરૂ દ્વારા સમ્યક્ શાસ્ત્રોનું શ્રવણ પ્રાપ્ત થયું છે, તે આત્માઓનું ભાગ્ય આર્ય દેશાદિ સામગ્રી પામેલા બીજા મનુષ્યો કરતાં ચઢીયાતું છે.

૩. દુર્લભ મનુષ્યભવ અને તેની સાથે સદ્‌ગુરૂ દ્વારાએ સમ્યક્ શાસ્ત્રોનું શ્રવણ–એ બન્ને ય મળ્યા પછીથી પણ, જો આત્માને સમ્યક્ શબ્દોમાં દર્શાવેલી કલ્યાણકારી વસ્તુ રૂચે નહિ, અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા માર્ગ પ્રત્યે સાચું શ્રદ્ધા થાય નહિ, તો મળેલી પહેલી બે વસ્તુઓ નિષ્ફલપ્રાયઃ નિવડે, એમ કહી શકાય, સદ્‌ગુરૂ દ્વારા કરેલા સત્‌શાસ્ત્રોના શ્રવણનું વાસ્તવિક ફલ એ છે કે–આત્મામાં શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વો પ્રત્યે વાસ્તવિક રૂચિ ઉત્પન્ન થવી જોઈએ. સદ્‌ગુરૂ દ્વારા સત્‌ શાસ્ત્રોનું શ્રવણ, વસ્તુતઃ સફલ થયું ત્યારે જ ગણાય, કે જ્યારે આત્મામાં માર્ગ પ્રત્યે વાસ્તવિક શ્રદ્ધા પ્રગટે. આથી, જ્ઞાનિઓએ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા માર્ગ પ્રત્યેની શ્રદ્ધાને ત્રીજી દુર્લભ વસ્તુ જણાવી. બીજી દુર્લભ વસ્તુથી પહેલી વસ્તુની સફલતા અને ત્રીજી દુર્લભ વસ્તુથી બીજી વસ્તુની સફલતા. પહેલીની સફલતાનો આધાર બીજી ઉપર અને બીજીની સફલતાનો આધાર ત્રીજી ઉપર. આર્ય દેશાદિમાં મળેલો દુર્લભ મનુષ્યભવ તેનો સફલ, કે જેને સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ પ્રાપ્ત થાય : અને સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ પ્રાપ્ત થયું તેનું સફલ, કે જેના અન્તરમાં મોક્ષમાર્ગ પ્રત્યે વાસ્તવિક શ્રદ્ધા પ્રગટે !

૪. મોક્ષમાર્ગ પ્રત્યે વાસ્તવિક શ્રદ્ધા થયા પછીથી પણ, એક દુર્લભ વસ્તુ બાકી રહે છે. શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા પ્રત્યે શ્રદ્ધા થયા પછીથી પણ, શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી આજ્ઞાને જીવનમાં ઉતાર્યા વિના આજ સુધીમાં–અનન્તકાળમાં કોઇ મુક્તિ સાધી શકયું નથી અને ભવિષ્યના અનન્તકાળમાં પણ આજ્ઞાને જીવનમાં ઉતાર્યા વિના કોઇ મુક્તિ સાધી શકશે નહિ. આથી, ચોથી દુર્લભ વસ્તુ એ કે–મળેલી સઘળી ય ઉત્તમ સામગ્રીનો સદ્‌ઉપયોગ કરવો. એટલે શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા જીવનમાં બનતી રીતિએ અમલ કરવો પોતાના બલવીર્યને ગોપવ્યા વિના રત્નત્રયીની આરાધનામાં તત્પરતા પ્રાપ્ત થવી, એ ચોથી દુર્લભ વસ્તુ છે.

આર્ય દેશાદિમાં જેને જેને મનુષ્યભવ મળે. તેને તેને સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ મળે જ એવો નિયમ નહિ : અને સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ કરવાનું જેને જેને મળે, તે તે નિયમા શ્રદ્ધાળુ બને જ એવો ય નિયમ નહિ : પણ એ બે પછી જે ત્રીજી દુર્લભ વસ્તુ–માર્ગ પ્રત્યેની શ્રદ્ધા જણાવી, તે જે જે આત્માઓને મળે, તે તે આત્માઓ માટે તો એક વાત નિશ્ચિત જ થઇ જાય છે કે–તે આત્માઓ, વહેલા યા મોડા, છેવટ અર્ધપુદ્‌ગલ પરાવર્તમાં તો જરૂર મોક્ષે જવાના. માત્ર શ્રદ્ધાથી જ મોક્ષે જવાના એમ નહિ, પરન્તુ શ્રદ્ધા એવી વસ્તુ છે કે–શકય આચરણાને ઘસડી લાવ્યા વિના રહે નહિ. કર્મોના આવરણાદિના યોગે થોડીય વિરતિ અશકય હોય કે બને, પણ આરાધનાની શકય વસ્તુમાં માર્ગ પ્રત્યે સાચી, શ્રદ્ધા હોય તો બેદરકારી ન હોય એ નિશ્ચિત વાત છે. સાચી શ્રદ્ધા શકયમાં પ્રવૃત્તિ કરાવ્યા વિના રહે જ નહિ. આમ છતાં

પણ, શ્રદ્ધા સડયા પછીથી ય શ્રી જિનાજ્ઞા મુજબ સંયમની અવિરત આરાધના પ્રાપ્ત થવી એ દુર્લભ વસ્તુ છે : કારણ કે–અલ્પસંસારી લઘુ કર્મી આત્માઓ જ શ્રદ્ધાપૂર્વક શક્તિને ગોપવ્યા વિના સંયમની આરાધના કરી શકે છે. જે આત્માઓ આ ચોથી પણ દુર્લભ વસ્તુને પામ્યા છે, તે આત્માઓની સાચા દીલથી પ્રશંસા કરવાથી પણ આત્માનું કલ્યાણ થાય છે. એવા પુણ્યાત્માઓની સેવા કરવી, એ પણ આત્મકલ્યાણનો માર્ગ છે. એવા પુણ્યાત્માઓની જે જે રીતિએ આપણાથી ભક્તિ થઇ શકે તેમ હોય, તે રીતિએ તે તારકોની ભક્તિ કરવામાં કમીના નહિ રાખવી જોઇએ.

તમને આર્ય દેશાદિ સામગ્રી સહિત મનુષ્ય ભવ મળ્યો છે એ તો દેખીતી વાત છે અને એથી તમે પરમ ભાગ્યશાલી છો એમ કહી શકાય: પરન્તુ એટલા માત્રથી જ કલ્યાણ થઇ જાય તેમ નથી. મળેલી સામગ્રીનો વાસ્તવિક સદુપયોગ કરાય તો જ કલ્યાણ સધાય. એ માટે સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ કરવાને ઉદ્યમશીલ બનવું જોઇએ. સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ કરીને આત્માને નિર્મલ બનાવવો જોઇએ. મોક્ષમાર્ગ પ્રત્યે શ્રદ્ધા કેળવવી જોઇએ અને શ્રદ્ધામાં સ્થિરતા રહે તે માટે પણ સદ્‌ગુરૂ દ્વારા સત્‌શાસ્ત્રોનું શ્રવણ ચાલુ રાખવું જોઇએ. સત્‌શાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક સદ્‌ગુરૂ દ્વારા શ્રવણ ચાલુ રાખવા સાથે, સંયમની સાધનામાં બલવીર્યનો પૂરતો ઉપયોગ કરવામાં કચાશ રાખવી જોઇએ નહિ. જે આત્માઓ આ રીતિએ વર્તશે, તે આત્માઓ પોતાને પ્રાપ્ત થયેલા આ દુર્લભ મનુષ્યભવને સુસફલ બનાવી શકશે અને થોડા જ કાળમાં અનન્ત દુઃખથી મૂકાઇ ને અનન્ત સુખના સ્થાન મોક્ષને પામી શકશે.

(જૈન પ્રવચનમાંથી)

અમારું મંગલ કરો !

યે નો પંડિત માનિન : શમદમ સ્વાધ્યાય ચિન્તાવગ્ચિતા :,
રાગાદિગ્રહવગ્ચિતા ન મુનિભિ : સંસેવિતા નિત્યશ :।
નાઽઽકુષ્ટા વિષયૈ મનોઽપિ મુદિતા ધ્યાને સદા તત્પરાસ્તે :,
શ્રી મન્મુનિપુંગવા ગણિવરા : કુર્વન્તુ નોમઙ્ગલમ્ ॥

જેઓ પંડિતપણાના મદથી રહિત છે, ક્રોધાદિકને શાંત કરવામાં, ઇન્દ્રિયોનું દમન કરવામાં, સ્વાધ્યાયનું સેવન કરવામાં તત્પર છે, તથા જેઓ રાગાદિથી પીડિત નથી, જેઓ મુનિવરોથી હંમેશા પૂજાય છે, પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં પણ જેઓનું મન જરાપણ ખેંચાતું નથી, વળી જ્ઞાનાદિની પ્રાપ્તિ થવા છતાં પણ જેઓ મદોન્મત્ત થતા નથી અને હંમેશા ધ્યાનમાં જ મગ્ન રહે છે તે શ્રી મહાત્મા પુરુષો અમારું સદા મંગલ કરો !

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

અને એવ મનુષ્યાણાં કારણું બંધ મોક્ષયોઃ

"તો સાતમી નરકે જાત"

પ્રસન્નચંદ્ર રાજર્ષિનું નરક ગમન સાંભળીને શ્રેણિક મહારાજાએ વિચાર્યું કે સાધુનું નરક ગમન એ મારા વડે સારૂ નથી સંભળાયું,

થોડીવાર રહીને શ્રેણિક મહારાજાએ પૂછયું પ્રભુ હવે આ ઘડીયે તે રાજર્ષિ મૃત્યુ પામે તો કયાં જાય ?

સર્વાર્થસિદ્ધ દેવલોકમાં જાય.

શ્રેણિક રાજા વધુ આશ્ચર્ય પામ્યા.

પ્રભુએ કહ્યું શ્રેણિક! તારા દુર્મુખ નામના દુતની વાણીથી પ્રસન્નચંદ્રરાજર્ષિ કોપાયમાન થઈ ગયા હતા. પોતાના સામંતાદિ સાથે મનથી ભયંકર યુદ્ધ ખેલી રહ્યા હતા. આથી જ તે વંદન કર્યું તે સમયે પ્રસન્નરાજર્ષિ મૃત્યુ પામ્યા હોત તો સાતમી નરકે જાત.

તું અહીં સમવસરણમાં આવ્યો ત્યારે તે તો ખૂંખાર યુદ્ધ કરતાં જ હતાં પણ શસ્ત્રો ક્ષીણ થઇ જતાં તેમણે માથાના મુગુટથી પ્રહાર કરવા વિચાર્યું અને મસ્તક ઉપર રહેલા મુગુટને લેવા હાથ ઉઠાવ્યો. મસ્તકે અડાડયો. લોચ કરેલા મસ્તકને અડતાં જ તેમને તેમનું વિસરાયેલું વ્રત સાંભરી આવ્યું. જે મનથી ખુંખાર સંગ્રામ ખેલેલો તે જ મનથી પ્રચંડ પશ્ચાતાપ કર્યો. પ્રશસ્ત ધ્યાનમાં ચડયા. તે સમયે જ તેં બીજો પ્રશ્ન કર્યો આથી ત્યારે તે સર્વાર્થ સિદ્ધમાં જવાની યોગ્યતા ધરાવતો હતો.

ભગવાન આટલું કહે છે ત્યાં તો આકાશમાં પ્રચંડ દેવદુંદુભિનો અવાજ સંભળાવા લાગ્યો.

શ્રેણિકે ફરી પૂછયું 'પ્રભુ! આ શું છે?'

'કેવલજ્ઞાન પામેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિનો કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા આવેલા દેવોના હર્ષનો આ દેવદુંદુભિનો ધ્વનિ છે.' પ્રભુએ કહ્યું,

'આ કેવલજ્ઞાન ઉચ્છેદ કયારે પામશે ? પ્રભુ!' સ્વામીએ કહ્યું,

ભાવી જમ્બ્વાખ્યયા શિષ્યો
મચ્છિષ્યસ્ય સુધર્મણ : !
તતો નાગ્રેસરમસા
વીર્જંબ્વિષ્યતિ કેવલમ્ : ॥

"મારા સુધર્મા નામના શિષ્યનો જંબૂ નામનો શિષ્ય થશે. (તે કેવલજ્ઞાન પામ્યા પછી) ત્યાર પછી. આગળ કોઇ કેવલજ્ઞાન ઉપાર્જન કરી શકશે નહિ.

અઠવાડિક જૈન શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૦)

આજીવન રૂા. ૪૦૦)

રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આબાધનાનું અંકુર બનશે.

જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ

જામનગર

ધર્મ, ધર્મ, તુ કયાં છે ?

—'આંધળો'

રક્ષાપોટલીની બજાર આજકાલ પૂરબહારમાં ખીલી છે. પચરંગી અને સતરંગી રક્ષાપોટલીઓની ડિમાન્ડ, પરીકથામાંના રાજકુમારની જેમ, દિવસે ન વધે એટલી રાતે વધે છે અને રાતે ન વધે એટલી દિવસે વધે છે. જેમ જેમ એની માંગ વધતી જાય છે તેમ તેમ તેના ફરસગંધ સ્પર્શ બદલાતા જાય છે. વધુ ને વધુ લોકો લાભ લઈ શકે માટે તેમની ભિન્ન ભિન્ન રસરુચિને લક્ષમાં રાખીને તેની નવીનવી આવૃત્તિઓ બહાર પાડવામાં આવે છે. લેટેસ્ટમાં લેટેસ્ટ રક્ષાપોટલી મલ્ટીકલર છે અને તે સોફિસ્ટીકેટેડ સગવડ ધરાવે છે. જરૂર હોય ત્યારે કાઢી નાંખીને ફરીવાર જાતે જ સરળતાથી પહેરી શકાય છે. કહે છે કે લેટ્રિન-ટોઇલેટની આશાતનાથી (!) બચવા માટે આ રસ્તો અપનાવવામાં આવે છે.

* તમારા સર્વ મનોવાંછિતોને પૂર્ણ કરતી હોવાનો દાવો જેને માટે થાય છે તે રક્ષાપોટલી નામનું દ્રવ્ય, પોતાની ક્ષમતાને સિદ્ધ કરવા માટે ક્ષેત્રકાળભાવની અપેક્ષા પણ રાખે જ છે. ક્ષેત્ર તરીકે ઉપાશ્રય ચાલી શકે. કાળ વિજયમુહુર્ત જેવો જોઇએ. પ્રશસ્ત (!) ભાવે ગુરુદેવ પોતે પહેરાવે એ અત્યંત જરૂરી છે. અને સર્વ વિધિવિધાનોની સફળતાનો આધાર ગણાય એવી શિરમોર વિધિ છે ગુરુદક્ષિણા સંબંધી. આ બાબતમાં જરાક પણ અવિધિ કે અલ્પવિધિ ચાલી શકે જ નહિ. એમ રક્ષાપોટલીના વિતરકો—પ્રચારકો કહે છે. (આખરે આ રક્ષાપોટલી દ્વારા કોઁકને કાંઇ લાભ તો થવો જોઇએને !) બસ. આ અંતિમ અને અગત્યની વિધિમાંથી તમે હેમખેમ પાર ઊતર્યા એટલે તમારો બેડો પાર ઊતર્યો સમજો. સવાલ છે ગુરુજીના ચિત્તના સંતોષનો. પછી તો—તમારા શત્રુઓ તમને વશ થઇ જશે. તમને વિપુલ લાભ પ્રાપ્ત થશે. વિશ્વની તમામ સંપત્તિ તમારાં ચરણોને ચૂમવા લાગશે. સુખશાંતિ તમારી પાછળ ભટકતા ફરશે...

૦ ૦ ૦

ચિરસમય પછી, અંતે તમારી ધીરજ ખૂટે છે ને તમે પેલી પવિત્ર વિધિ માટે પુનઃ પધારો છો. તમે તમારી ફરિયાદ રજૂ કરો છો. અને... 'તમારો કેસ જરા જટિલ છે.' તમારી હથેળી કે તમારી કુંડલી ઝીણી આંખ કરીને જોતા જોતા ગુરુજી તમને સમજાવે છે. 'તમારા ગ્રહો (કે એવું કંઇ પણ) હમણા વાંકા ચાલે છે. આ રક્ષાપોટલીને તો તેઓ ગાંઠે એમ જ નથી. તેમને હજી વધારે ઉગ્ર ચિકિત્સાની જરૂર છે. લો. આ મંત્રિત કરેલો પંચમુખી રુદ્રાક્ષ છે. ગળે બાંધજો. સફળતા હવે હાથવેંતમાં છે.'

(પણ કોના ? ગુરુજીના, વો ભી કયા

કોઇ કહેનેકી બાત હૈ ? એમને ખ્યાલ આવી ગયો છે કે હવે આ પંખીડું જાળમાં બરાબર ફસાઇ ચૂકયું છે. રક્ષાપેટલી કરતાં રુદ્રાક્ષથી ગુરુજીના હાથમાં 'સફળતા' ચોકકસ વધારે આવી પડી છે. અલબત્ત, તમારા બજવામાંથી એટલી 'સફળતા'નો ઘટાડો પણ જરૂર થયો જ હોય છે.)

અને પછી તો એકોપથીના ચકકરમાં ફસાયેલા દર્દી જેવી દશા તમારી પણ થાય છે. દરેક વખતે નવી નવી વાત સાંભળવા મળે છે. અને નવા નવા ઉપાયો શરૂ કરવામાં આવે છે. પંચમુખી રુદ્રાક્ષ પછી એકાક્ષી નાળિયેર. પછી દક્ષિણાવર્ત શંખ. પછી તામ્રપત્ર પર કોતરેલાં કે ઉપસાવેલાં જંતરમંતરતંતર. પછી કંઠે ધારણ કરવા માટે મંત્રેલી માળા. પછી બાહુ પર બાંધવા માટેનું માદળીયું. પછી કમર પર વિંટાળવા માટે કાળો દોરો. પછી આંગળીમાં પહેરવા માટે (મંત્રેલીસ્તો) વિંટી. (આમાં અલબત્ત, ક્રમભેદ હોઇ શકે છે. ડોકટરોમાં પણ હોય છે ને ? કો'ક પહેલા એક્ષરે કઢાવે છે ને પછી ઓપરેશન કરે છે. તો કો'ક પહેલા ઓપ.....)

છેલ્લે તમારા આખાય શરીરમાં કોઇ જ અંગ ખાલી ન દેખાય ત્યારે તમારા મનનું આવી બને છે. ગુરુજી ઠાવકા મોંઢે કહે છે : 'શ્રદ્ધા રાખો !'.....અને તમારા શંકાથી ભરેલા મનમાં (આટલી લાંબીલચ ટ્રીટમેન્ટ પછી પણ 'જૈસે થે' રહેલાનું મન શંકાથી બચી શકે જ શી રીતે ?) શ્રદ્ધાની જગ્યા કરવા માટે બુલચક લેકચર તેઓ ઠઠાડી દે છે. પરિણામ ? મહિના-બે મહિના કે વરસ-બે વરસ પછી (ડિપેન્ડસ, જેવો દરદી) તમારા મનમાં જ્યારે ખરેખરી શ્રધ્ધાની ખરેખર પધરામણિ થાય છે ત્યારે તમે કાંડેથી, કંઠેથી, કેડેથી બધેબધ્ધું ફગાવી દો છો. ઘરમાંથી પણ બધ્ધું વીણીવીણીને દરિયામાં પધરાવી આવો છો ને ઘેર આવીને રાહતમાં શ્વાસ ઉપર શ્વાસ લાંબા થઇને નિરાંતનો એક દમ ખેંચો છો : હા.....શ ! છુટયા.

આવા ધર્મને જૈન શાસનમાં સ્થાન નથી સાવધાન.

અનુમોદના

શ્રી દેલવાડા (આબુ પર્વત) ખાતે સં. ૨૦૪૮ ના જેઠ સુદ ૪- તા. ૪-૬-૯૨ ના રોજ શ્રી જિન મંદિરોની સાલગીરી નિમિત્તે નિશ્રા પ્રદાન કરવા પધારેલ પૂ. આચાર્ય તથા મુનિ ભગવંતો સહિત શ્રી ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં શ્રી જિનમંદિરોની સાધારણ ખરચ માટે શ્રી જિનમંદિર ફંડ રૂપે એક તિથિના રૂપીયા ૧૧,૦૦૦ મુજબ એક ભવ્ય યોજના પ્રકાશિત થતા ચપોચપ સારા એવા નામો લખાવ્યા હતા.

આ સંદર્ભમાં વાપીના છગનલાલ ઉમેદચંદ શાહે પોતે લખાવેલ એક તિથિની રકમ વ્યાજ સહિત ભરી એક નોંધ લેવા જેવો પ્રસંગ બન્યો.

તા. ક.-ઉપરોકત યોજના હેઠળ ભરાયેલની ઝેરોક્ષ રસીદ તથા તિથિ નોંધાયેલ ત્યારથી વ્યાજ તથા રૂપીયો એક શુભ ખાતે ભરેલાની ભેગી રકમની ઝેરોક્ષ રસીદ પણ જોવા મળેલ છે.

"સમાધિના સર્જક તુને કોડો પ્રણામ"

– શ્રી ગુણદર્શી

આ સંસારમાં જન્મની સાથે મરણ નિયત છે. જે જન્મે તે અવશ્ય મરે જ. જન્મેલો ન મરે તે કદાચિત્ નથી પણ મર્યા પછી ન જન્મવું તે શક્ય છે. ક્યાં જન્મવું તે માનવીના હાથમાં નથી પણ જન્મ્યા પછી અજન્મા થવું, મરણ સુંદર બનાવવું તેવો પુરુષાર્થ કરવો તે મનુષ્યના હાથમાં છે. તેવો સુંદર માર્ગ આ જગતમાં કોઇએ બતાવ્યો હોય તો તે શ્રી અરિહંતદેવોએ બતાવ્યો છે. તેઓની તારક આજ્ઞા મુજબ જીવતા આત્માઓ બતાવી રહ્યા છે. 'જન્મરહિત થવા મહેનત કરવી' તે જ આ મનુષ્યજન્મનો વાસ્તવિક સદુપયોગ છે. માટે જ અનંતજ્ઞાનિઓએ મોહ નામના પાપકર્મના ઉદયથી જન્મ થતો હોવા છતાં પણ આ મનુષ્યજન્મની જ પ્રશંસા કરી છે કારણ કે અજન્મા થવાની સંપૂર્ણ સામગ્રી આ મનુષ્યભવ વિના બીજે મળતી નથી અને જે આત્મા આ વાત યથાર્થ સમજી જાય છે, તે મુજબનો પુણ્ય પ્રબલ પુરુષાર્થ આચરે છે તે સ્વયં અજન્મા બને છે અને અનેક આત્માઓ અજન્મા બને તેવો માર્ગ મૂકીને જાય છે. શ્રી જૈન શાસનમાં માત્ર 'પરોપદેશે પાંડિત્યમ્' ની વાત નથી પરન્તુ પૂર્ણ શ્રદ્ધા અને જીવનમાં યથાર્થ આચરણ કર્યા પછી અન્યને સમજાવવાની વાત છે.

જન્મ વિકૃતિ છે અને મરણ એ પ્રકૃતિ છે. મરણને સમાધિમય બનાવવું તે આત્માના હાથની વાત છે. મહાપુરુષોનું જીવન તો પરોપકાર માટે હોય જ છે પરન્તુ મહાપુરુષો એવું અમર મૃત્યુ વરી જાય છે કે અનેક ભવ્યાત્માઓને સમાધિને સાધવાનો સુંદર મૂક સંદેશ તેઓના સમાધિ મૃત્યુથી મળી જાય છે. જે આત્માઓ એકવાર પણ સમાધિ મૃત્યુને સાધે છે તે આત્માઓનો સંસાર અતિ અલ્પ બની જાય છે. 'સમાહિ મરણ'ની માગણીને શ્રેષ્ઠ માગણી કહી છે. ભગવાન પાસે દુનિયાની ચીજોની માગણી તે પાપ રૂપ છે જ્યારે સમાધિ મરણની માગણી તો શ્રી 'પ્રાર્થનાસૂત્ર' માં ઉપાદેય રૂપે કહેવામાં આવી છે. જેમનું જીવન સમાધિમય હોય તેવા જ આત્માઓ ને સમાધિ સહજ સરળ બને છે. બાકી આખું જીવન 'ઇષ્ટ સંયોગ અને અનિષ્ટ વિયોગ કેમ બની રહે' તેમાં જ પસાર થાય તેવા આત્માઓને સમાધિનું સ્વપ્ન આવવું પણ સુદુષ્કર છે.

જે પુણ્યપુરુષે અનેક ઝંઝાવાતોમાં પણ મક્કમ રહી જે ખેલદીલી અને ઉદાત્તભાવનાથી પરિપૂર્ણ જીવન જીવી અનેકને સુંદર આદર્શ આપ્યો તે જ પુણ્યપુરુષે પ્રાણાંત–મરણાંત કષ્ટમાં પણ હૈયામાં ઝળહળતી સમાધિની જ્યોતને અધિક ને અધિક દીપ્તિમંત બનાવી. અને એક માત્ર 'નિર્વાણપદ'નું ધ્યાન જ આત્મજાગૃતિ સાથે

આત્મ સમાધિનો સાચો અનુભવ કરાવવા સમર્થ છે એ પ્રતિપ્રદિત વાત યથાર્થ અમલ રૂપે કરી બતાવી. સામાન્ય સોય કે કાંટો પણ વાગી જાય તો કેવી પીડા થઇ જાય છે અને હાયવોય મોટાભાગ કરે છે તો શરીરમાં અસહ્ય પીડામાં પણ મનની જે પ્રસન્નતા અને સંયમ તેજની આભાથી વધુને વધુ તેજસ્વી બનતું તેથી વિકસીત થતું મુખકમલ, શાતા પૂછનારના હૈયાને પણ અહોભાવથી વધુને વધુ નમ્ર બનાવતું હતું. મોક્ષની તીવ્ર ઇચ્છા અને સંસારની વાસ્તવિકતા આત્માને બધું જ કષ્ટ કે દુઃખ મજેથી સહન કરવાનું અપૂર્વ બળ આપે છે. જે જોઇને ખુદ જૈનેતર ડોક્ટરો પણ પ્રભાવિત થતા અને તેમના મુખમાંથી પણ સ્વાભાવિક શબ્દો સરી પડતા કે," ગજબની સહન શીલતા છે. ધન્ય છે તેમના ધૈર્યને !" તેથી જ ધર્મનુ બીજ અન્ય આત્માઓનાં હૈયામાં પડે તેમાં નવાઇ નથી. 'ભગવાનના શાસનના મુનિઓ કાંઇ ન બોલે પણ આજ્ઞા મુજબ જીવે તો સાક્ષાત મૂર્તિમંત ધર્મ બની શકે છે અનેક ને પોતાના જીવનથી જ ધર્મ પમાડી શકે છે તેનો સાક્ષાત્ અનુભવ આ કાળમાં આ પુણ્યપુરુષે કરાવ્યો ! આ મહાપુરુષ એટલે જ શ્રી જિન શાસન શણગાર, અણનમ અણગાર, ભવિજન તારણહાર પૂજ્યપાદ પરમગુરૂ દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ! જેઓશ્રીજીએ ૭૮-૭૮ વર્ષ સુધી સુનિર્મલ સંયમ જીવનની અનુપમ આરાધના કરી, શાસનની પ્રકૃષ્ટ પ્રભાવના કરી અને સમાધિની તો અદ્ભૂત સાધના કરી જાણે સમાધિ તેઓશ્રીજીના જીવનનો અદ્વિતીય પર્યાય જ ન બની ગઇ હોય, તેઓશ્રીજીના દેહની છાયાની જેમ અભિન્ન બની તેઓશ્રીજીને દેહ રૂપે સામી પોતાની જાતને પણ કૃતાર્થ ન માનતો હોય તેવી લાગતી હતી !

૨૦૪૭ ના આષાઢ વદિ ૧૪ ના પુણ્ય દિવસે સંપૂર્ણ આત્મ જાગૃતિ ભવ પરચક્રખાણ અને 'અરિહંત' પરમાત્માના પુણ્ય નામોચ્ચારણ પૂર્વક, સમાધિનો સંદેશ સુણાવતા સુણાવતા અપૂર્વ સમાધિરસમાં મગ્ન એવા તે પુણ્ય પુરુષે આ પૃથ્વી ઉપરથી અલવિદા કરી અને પરલોકના પંથે પ્રયાણ કર્યું. જેઓએ તેમની સમાધિને નજરે જોઇ અનુભવી. તેઓ પણ કૃતપુણ્ય બની ગયા ! જેની અશ્રુભીની યાદી પણ આત્માની નિર્મલપ્રજ્ઞાને પમાડી ઉચ્ચ પ્રકાશના પંથે વિચરવા પ્રેરણા કરે છે.

જેઓશ્રીજીની જીવનગંગાનો ઉદ્ગમ ૧૯૫૨ ના ફા. વ. ૪ ના પુણ્યદિવસે દહેવાણ ગામમાં થયો. પાંદરાના પુણ્ય ક્ષેત્રમાં જેઓએ શૈશવકાળની પા...પા... પગલી માંડી અને ઉગતી બાલ્યવયમાં તો ગામ-પરગામના ધર્માત્મા ભવિકોના હૃદયો પોતાના બુદ્ધિબળથી જીતી લીધાં **'यस्य बुद्धिस्तस्य बलम'** તે ઉક્તિનો સૌને સાક્ષાત્કાર કરાવ્યો. જેના સંસ્મરણો આજે પણ આત્માને સુકૃતના સહભાગી બનાવે છે. અને ભર યૌવનવયમાં તો જગદ્ગુરુ, અકબર બાદશાહ પ્રતિબોધ પૂ. આ. શ્રી વિ. હિરસૂરીશ્વરજી મહારાજથી વિખ્યાતિને વરેલ શ્રી ગંધારતીર્થમાં ૧૯૬૯ ના પો. સુ. ૧૩ ના

શુભ દિવસે જેઓએ મનુષ્યજન્મનું સાચા ફળ સાધુપણાનો સહર્ષ સ્વીકાર કર્યો. સાચા જીવજીજ્ઞા તરીકે પ્રારંભાયેલાં તેમના જીવનવહેણ ને ગામ-પરગામ કે સજ્ય પરરાજ્યના સીમાડાઓની કોઇ જ મર્યાદા નડી નહીં. સર્વત્ર આદરણીય માનનીય પૂજનીય અસ્ખલિત અપ્રતિહત ગતિવાળું એવું તેમના જીવનનું વહેણ અનેક આરોહ અને અવરોહોને જેથી પસાર કરી, વધુને વધુ સાત્ત્વિકતાથી શોભતું સ્વસ્થતા સ્થિરતાને પ્રાપ્ત કરતું સન્માર્ગગામી વહેતું, શાન્ત સમાધિ સરિતાને મળવા ઉત્કંઠિત ન હોય તેમ વહેવા લાગ્યું અને સ્વયં સમતારસનું અમૃતપાન કરતા હતા પણ અનેક આત્માઓને દીવાદાંડી રૂપ બની, એક વિશાળકાય ઘેઘુર વડલા સમાન અનેક આત્માઓના શિરછત્ર બની રહ્યા. તેમના પ્રેરણામૃતનું પાન કરી અનેક આત્માઓ સમાધિને સાધી ગયા. પોતે પણ સ્વયં અનેક આત્માઓને સમાધિ આપી અને અંતે અદ્ભૂત સમાધિ પામી પોતાના મૃત્યુને મહોત્સવ રૂપ બનાવી ગયા. અને 'અમર મૃત્યુ' ને વરી ગયા. આવી અદ્ભૂત સમાધિના સર્જક હો પરમ ગુરુદેવેશ! અમારા જીવનમાં પણ આવી સમાધિ સદૈવ બની રહે તેવી દિવ્ય આશિષ અમ ઉપર વરસાવો!

"આજ્ઞાની આધીનતા, મોક્ષની જ લયલીનતા, સંસાર પ્રત્યેની ઉદાસીનતા, દુઃખમાં સહનશીલતા: આ ગુણો સમાધિને સહજ બનાવનારા છે" આ આપની વાણીનો સાર અમ જીવનમાં બરાબર વણાઇ જાય અને આપના પગલે પગલે પા...પા પગલી પાડવાનું સામર્થ્ય સદૈવ બની રહે તે જ હૈયાની શુભ ભાવના છે. 'અનુકૂળતામાં ઉદાસીનતા, પ્રતિકૂળતામાં પ્રસન્નતા' સમાધિસર્જક આ કળા આપે જેમ સહજ હસ્તગત કરી તેમ અમો પણ કરીએ તેવી પૂર્ણકૃપા અમ ઉપર રેલાવો.

वदनं प्रसाद सदनं,
सदयं हृदयं सुधामुचो वाचः।
करणं परोपकरणं,
येषां केषां न ते वन्द्याः॥

જેઓનું મુખકમલ સદૈવ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાદેવીથી ભરપુર છે, વાણી અમૃત સમાન છે. અને પરોપકાર કરવામાં જ દક્ષચિત્ત છે તેવા પુણ્ય પુરુષો કોને માટે વંદનીય નથી બનતા?

આ સઘળા ય ગુણોના સ્વામી સમાધિના સર્જક પુણ્ય પુરુષના ચરણોમાં કોડો વંદન હોજો!

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર મંગળવારે નિયમિત પ્રગટ થાય છે
જૈન શાસન [અઠવાડિક]
વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- આજીવન રૂા. ૪૦૦/-
લખો: શ્રી જૈન શાસન કાર્યાલય શ્રી મહાવીર શાસન કાર્યાલય
૪૫- દિગ્વિજય પ્લોટ, જામનગર શાક માર્કેટ સામે, જામનગર

૦ આટલાનો વિશ્વાસ કરવા જેવો નથી.

અણુથોવં વણુથોવં, અગ્ગીથોવં કસાયથોવં ચ ।
ન હુ ભે વિસ્સસિયવ્વં, થોવં પિત્ત બહુ હોઇ ।।

ઋણ-દેવું, વણ-ઘા, અગ્નિ અને કષાય જો કે થોડા હોય તો પણ તેનો વિશ્વાસ કરવા જેવો નથી, કેમ કે, તે થોડા હોય તો પણ ઘણા થઈ પડે છે.

૦ નમસ્કાર કોને અને શા માટે ?

રાગદ્વેષ વિજેતારં, ભેત્તારં કર્મભૂભૃતામ્ ।
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં, વન્દે તદ્ ગુણલબ્ધયે ।।

રાગ અને દ્વેષાદિ શત્રુઓને જેણે જીત્યા છે, કર્મરૂપી પર્વતોને જેણે ભેદી નાખ્યા છે અને જગતના સંપૂર્ણ જગતના વસ્તુઓને જેણે જાણ્યા છે તેવા શ્રી સર્વજ્ઞ ભગવંતને, તેમના ગુણોની અમને પણ પ્રાપ્તિ થાય માટે હું વંદન-નમસ્કાર કરું છું.

૦ નમસ્કાર પણ મોક્ષને માટે જ !

પુણ્યપાપ રાગદ્વેષ મુક્તેભ્યઃ સર્વતા સદા ।
શ્રી અર્હદ્ભ્યો નમસ્કારઃ કર્તવ્યઃ શિવમિચ્છતા ।।

જેઓ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ આદિ સઘળા ય દ્વંદ્વોથી સદાય રહિત છે તેવા શ્રી અરિહંત પરમાત્માને મોક્ષની ઇચ્છાવાળા પુણ્યશાળીએ હંમેશા નમસ્કાર કરવો જોઈએ.

૦ તે જ ઉપવાસ છે.

કષાય વિષયાહાર-ત્યાગો યત્ર વિધીયતે ।
ઉપવાસઃ સ વિજ્ઞેયઃ, શેષં લંઘનકં વિદુઃ ।।

જેમાં ચારે કષાયો, પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોનો રાગ અને પ્રતિકૂળ વિષયોનો દ્વેષ તથા આહારનો ત્યાગ કરાય છે તે જ ઉપવાસ જાણવો, બાકીનું લાંઘણ જાણવું.

શિવમસ્તુ સર્વજગતઃ

પધારો...! પધારો...! પધારો...!

મૂળનાયક તીર્થાધિપતિ

દેવાધિદેવશ્રી પરમ કૃપાળુ કરૂણાસાગર ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામિભ્યો નમઃ

શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-ભદ્રંકર સદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી હાલાર તીર્થ અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે પધારો...!

હાલાર તીર્થ મધ્યે

ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

– દિવ્ય કૃપા –

પરમ પૂજ્ય કલિકાલ કલ્પતરુ સ્વ. ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્વિજય રામચંદ્ર સૂ. મ.

તથા

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી સ્વ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી

– મુહૂર્ત અને આશીર્વાદ દાતા –

પરમ પૂ. પરમ ગુરુભક્ત ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ

– પાવનીય નિશ્રા –

પરમ પૂ. સરલ સ્વભાવી આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ સાહેબ

– દિવ્ય આશીર્વાદ –

પરમ પૂ. હાલારના હીરલા આચાર્યદેવ શ્રીમદ્વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ

તથા

પરમ પૂ. હાલારરત્ન મુનિરાજ શ્રી મહાસેન વિજયજી મહારાજ સાહેબ

– સદુપદેશક –

પરમ પૂજ્ય પરાર્થરસિક પંન્યાસપ્રવર શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્યશ્રી

અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ

દિવસ પહેલો તા. ૨૭-૧-૯૩ : જલયાત્રાનો વરઘોડો શેઠ શ્રી વીરપાર ઉગમ સુમરીયા શાહ પરિવાર ગામ ડળીસંગ હઃ લખમશી વીરપાર તથા શ્રીમતી કમળાબેન લખમશી વીરપાર હાલ નાયરોબી.

પંચ કલ્યાણક પૂજા : જમનાબેન પ્રેમચંદ વેરશી હરિયા કસ્તુરબેન વીરજલાલ પેથરાજ ચેલા-લંડન.

આંગી તથા આભા દિવસનું જમણ : લાલજી મુરજ પરિવાર મોટા લખિયા, હઃ બચુભાઇ.

દિવસ બીજો તા. ૨૮-૧-૯૩ બૃહદ નંદાવર્ત મહાપૂજન : ગં. સ્વ. અમૃતબેન લખમશી વિસરીયા ગામ. વસઇ હાલ લંડન.

આખા દિવસનું જમણ : શ્રી પુંજાભાઇ નોંધાભાઇ ખીમસીયા પરિવાર તથા જેસંગભાઇ વીરાભાઇ ખીમસીયા પરિવાર હ: લખમશીભાઇ જેસંગ ખીમસીયા.

દિવસ ત્રીજો તા. ૨૯-૧-૯૩ શ્રી કુંભ સ્થાપન : કેશવજીભાઇ વૃજપાર શાહ **શ્રી માણેક સ્તંભરોપણ** : શેઠ શ્રી કચરાભાઇ લાધા પરિવાર ગામ ચંગા હાલ લંડન, **શ્રી જવારા રોપણ** : શેઠશ્રી ગુલાબચંદ પેથરાજ ગુઢકા ગામ તરઘરી દેવરીયા હાલ લંડન, **શ્રી ક્ષેત્રપાલ સ્થાપન** : ગં. સ્વ. મણિબેન મેઘજી પેથરાજ શાહ, ગામ ડબાસંગ હાલ લંડન, **શ્રી અખંડ દિપક સ્થાપન** : કેશવજીભાઇ વ્રજપાર શાહ કનસુમરાવાળા હાલ લંડન, **શ્રી નંદાવર્ત પૂજન** : શેઠશ્રી મેઘજીભાઇ સામત ધનાણી ગામ, ચેલા હાલ લંડન, **શ્રી દશદિગપાલ પૂજન** : શ્રીમતિ સવિતાબેન વેલજી સામત ગુઢકા ગામ પડાણા હાલ લંડન શ્રીમતિ અમૃતબેન નેમચંદ લખમશી નાગડા ગામ લાખાબાવળ હાલ નાયરોબી, **શ્રી ૧૬ વિદ્યાદેવી પૂજન** : શેઠ શ્રી રતિલાલ દેવરાજ ગુઢકા ગામ ધુણીયા હાલ લંડન, **શ્રી નવગ્રહ પૂજન** : શ્રી તેજપાલ દેવચંદ જેસંગ ગડા ગામ ટીંબડી હાલ લંડન, **શ્રી અષ્ટમંગળ પૂજન** : શ્રીમતિ કંચનબેન ગેતીચંદ ગુઢકા ગામ ગાગવા, હાલ લંડન, **આંગી**- શ્રી યોગેશભાઇ પ્રેમજી શાહ કચ્છ-વાંઢી હાલ મુંબઇ, **આખા દિવસનું જમણ** : શેઠશ્રી પેથરાજભાઇ ધરમશી હરણીયા પરિવાર ગામ ડબાસંગ હાલ લંડન.

દિવસ ચોથો તા. ૩૦-૧-૯૩ : **શ્રી નવપદ પૂજન** : અ. સૌ શ્રીમતિ રમાબેન મગનલાલ હરિયા ગામ-ચંગા ગં. સ્વ. શ્રીમતિ જયાબેન મણીલાલ શાહ ગામ ખીરસરા હાલ લંડનવાળા તરફથી.

શ્રી વીશ સ્થાનક પૂજન : શ્રીમતિ કસ્તુરબેન ધરમસી જેઠા હરિયા પરિવાર ગામ કનસુમરા હાલ લંડન, હ: અમૃતલાલ, **આંગી** : શ્રી મોહનલાલ દેવરાજ ખીમસીયા જુની હરિપર નાયરોબી, હ: મોતીબેન, **આખા દિવસનું જમણ** : ગં. સ્વ. રાજલબેન તથા શેઠ શ્રી ભગવાનજી હેમરાજ ચંદરીયા, ગામ ઢીચડા હાલ નાયરોબી, હ: સુપુત્ર ધીરજભાઇ તથા રમેશભાઇ.

દિવસ પાંચમો તા. ૩૧-૧-૯૩ આખા દિવસનું જમણ : શ્રી કુસુમ્બુ જૈન સંઘ **આંગી** : શેઠ શ્રી સોજપાર હેમરાજ હરિયા ગામ ખીરસરા, હાલ લંડન.

દિવસ છઠ્ઠો તા. ૧-૨-૯૩ આખા દિવસનું જમણ : સ્વ. શેઠ શ્રી પુંજાભાઇ લખધીર હરિયા ગામ કંજુરડા માતુ શ્રી લખમીબેન પુંજા તથા પૂજય દાદી શ્રી વીરાબેનનાં

સ્મરણાર્થે હ: નરશીભાઇ, પુંજાભાઇ તથા શ્રીમતિ કંચનબેન નરશીભાઇ, સુનીલભાઇ તથા કમલભાઇ, આંગી : શ્રી બ્રાઉન્સગ્રીન સત્સંગ મંડળ–લંડન.

દિવસ સાતમો તા. ૨–૨–૯૩ આખા દિવસનું જમણ તથા આંગી : સ્વ. શેઠ શ્રી કેમરાજભાઇ કેશવજી ભખરીયાના સ્મરણાર્થે હ: ગં. સ્વ. શાંતાબેન હેમરાજ કેશવજી પરિવાર, વિનોદભાઇ, અશોકભાઇ, દિલીપભાઇ પંકજભાઇ, કીરીટભાઇ, રમેશભાઇ તથા બેન સુધા તથા બંસરીબેન .ગામ-ટાકાભાઈ સિંહણ, હાલ નાયરોબી, આંગી શેઠ શ્રી ગેમચંદભાઇ દેવશી ગોસરાણી ગામ આમલા, હાલ લંડન.

દિવસ આઠમો તા. ૩–૨–૯૩ આખા દિવસનું જમણ : શેઠ શ્રી નાગપાર રાયમલ નમરીયા પરિવાર આરાધના ધામ વડાવીયા સિંહણ. આંગી : શેઠ શ્રી નેમચંદભાઇ વેરશી સાવલા પરિવાર, હ: સુપુત્રો મોહનભાઇ નવીનભાઇ, વડાલીયા સિંહણ, હાલ-મુંબઇ.

દિવસ નવમો તા. ૪–૨–૯૩ આખા દિવસનું જમણ તથા આંગી : શ્રી ઓશવાળ એશોસીએશન ઓફ યુ. કે. તરફથી.

દિવસ દશમો તા. ૫–૨–૯૩ શ્રી શાંતિસ્નાત્ર : શેઠ શ્રી દયાલજી રાજપાર શાહ પરિવાર હ: શ્રીમતિ વેલુબેન ગામ સેતાલુંસ, હાલ લંડન નાઇરોબી, આંગી : શેઠ શ્રી ઝવેરચંદ લખમશી હરિયા ગામ પડાણા, હાલ લંડન, હ: કસ્તુરબેન ઝવેરચંદ પરિવાર, આખા દિવસનું જમણ : પિતાશ્રી વૃજપાર નાગપા હ તથા માતુશ્રી જેઠીબેન રાજપાર નાંગપાર પરિવાર હ: કેશવલાલ વૃજપાર કનસુમરાવાળા હાલ લંડન, પૂજ્ય માતુ શ્રી જેઠીબેન રાજપારના જીવિત મહોત્સવ નિમિતે.

દિવસ અગીયારમો તા. ૬–૨–૯૩ શ્રી સત્તરભેદી પૂજા : શ્રીમતિ સુરજબેન ભંડારી જોધપુરવાળા હાલ લંડન, આખા દિવસનું જમણ : શેઠ શ્રી રમણિકલાલ પ્રેમચંદ પરબત ધનાણી ગામ ચેલા હાલ લંડન, ગં. સ્વ. જયાબેન રતીલાલ માલદે, હ: મીલન ગામ વસઇ, હાલ લંડન.

૧ શ્રી પ્રેમસૂરીશ્વરનગર : ગં. સ્વ. માતુ શ્રી પુરીબેન પુંજાભાઇ તથા શ્રી **ક્ષત્રિયકુંડ નગરી :** હા. વેલજીભાઇ પુંજાભાઇ છેડા ઢીચડા હાલ નાયરોબી.

૨. શ્રી રામચંદ્રનગર : મુરજીભાઇ નરશી માલદે પરિવાર હ: રણમલભાઇ, કેશુભાઇ, વીરમંદભાઇ, નાયરોબી.

૩. શ્રી ભદ્રંકરનગર : શેઠ શ્રી સ્વ. કરમશી મેઘજી સ્વ. રાણીબેન કરમશી હરિયા પરિવાર, હ: જયંતિભાઇ ગામ પડાણા, હાલ નાયરોબી.

૪. શ્રી કુંદ કુંદ નગર : શેઠ શ્રી સ્વ. ધરમશી પાંચા ખીમસીયા પરિવાર, હ: સંઘવી શ્રી મણિલાલ ધરમશી ગામ સગપર, હાલ નાઇરોબી.

૫ શ્રી મહાસેન નગર:- શેઠ શ્રી દેવશીભાઇ ભીમજી ગોસરાણી ગામ-પડાણા હાલ નાઇરોબી હા. કસ્તુરબેન.

ઉતારા ટેંટ—૧૬૦ ૨૦ બ્લોકની આઠ સોસાયટી તેનો સંપૂર્ણ લાભ-ઓશવાળ એસોસીયેશન ઓફ યુ. કે. ના આગેવાની હેઠળ આવતા, હાલાર તીર્થ અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે યાત્રિકો તરફથી.

તપસ્વી મંડપ, એક સદ્‌ગૃહસ્થ તરફથી.

આ ભવ્ય પ્રસંગ ઉપર પધારનાર ભાવિકોને સહાયક થવા.

હોસ્પિટલ :- શાહ કમળાંતીબેન કપૂરભાઇ કરમશીભાઇ, શાહ જ્યોતિબેન દીલિપભાઇ જીવરાજભાઇ, શાહ રેણુબેન અનીલભાઇ માણેકચંદભાઇ, શાહ ગીતાબેન દિલીપભાઇ લીલાધરભાઇ તરફથી.

પાણીની વિશિષ્ટ પરબો :- ૧. બ. સૌ. કાન્તાબેન લાલજી વીરજી શાહ, હ: કૌશીક તથા ધીરેશ લાલજીભાઇ, જામ- નાની ખાવડી, હાલ- નાયરોબી, ૨-શાહ પ્રેમચંદભાઇ દેપારભાઇ રણમલ શાહ, ગામ-પડાણા, હ: ઝવેબેન પ્રેમચંદ-મોમ્બાસા, ૩-અંજુબેન એકવીનભાઇ, સરીતાબેન ચિપુલભાઇ, હ: સવિતાબેન સોમચંદ માડ સગપર હાલ-થીકા, ૪ સરે સત્સંગ મંડળ-લંડન.

હાલાર તીર્થ અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવના મહિનાથી ૧૨ મહિના સુધી સામાન્ય સ્થિતિવાળા હાલારના સાધર્મિકોની ભક્તિ તથા અજૈનોને અનુકંપા દાન શેઠ શ્રી શાહ રણમલભાઇ રાજાભાઇ સુમરીયા પરિવાર. —કનસુંદરા વાળા,

હાલાર તીર્થ અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે હાલારમાં હાલારી વિશા ઓશવાળ વસતીવાળા સમસ્ત ગામમાં તથા જામનગરમાં લહાણી-શ્રીમતી જડાવબેન રતિલાલ હેમરાજ શેઠીયા પરિવાર તથા શ્રીમતી હીરાબેન ગોવિંદજીભાઇ દેવાર ગુડકા પરિવાર.

સહયોગ દાતા :- ૧. મનસુખલાલ જુઠાલાલ નાગપાર, હ: વસંતભાઇ, પાંચીબેન જુઠાલાલ, બેજુ તથા અમીત, ગામ-કનકસુમરા, ૨. શાહ દેવસી મેઘજી પરિવાર, હ: મોહનલાલ પ્રેમચંદ તથા જયંતીલાલ-ખારાબેરાજા, ૩. શાહ સવિતાબેન હંસરાજ લખમશી નાગડા તથા પોપટલાલ લખમશી-સુતરા તરઘરી, ૪. પાનીબેન નાથાલાલ મુળજી માલદે પરિવાર, હ: ગોવિંદજી પ્રેમચંદ માલદે-વસઇ, ૫. મનીબેન દેવચંદ રામજી પરિવાર, હ: રંજનબેન હરખચંદ તથા રાજુ દેવચંદ, ગામ-ગજણા.

શ્રી હાલાર તિર્થ

—: શ્રી હાલારનું ગૌરવ :—

શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજનું ગૌરવ

ભારતની પશ્ચિમ દિશામાં હાલાર વિસ્તારમાં આ સદીનું સૌથી ભવ્ય, આ જિનાલય બન્યું છે. નીચે મુજબના નકરાઓમાં દાન આપી સુકૃત પુણ્યનું ઉપાર્જન કરી ધન્ય ધન્ય બની શકાય છે...આપની યથાશકિત પ્રમાણે નકરા ભરાવી પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરી મનુષ્યભવમાં સુકૃત દાનના દાતા બની આ મહાન ધર્મકાર્યમાં સુપાત્રતાના ભાગ્યશાળી દાતા બનો.

૧ સૌજન્યદાતા	રૂા. ૧૫૦૦૦,૦૦
૨ સહયોગ દાતા	૧૦૦૦૦,૦૦
૩ હાલારના ગામોમાં પ્રભુભકિત આદિ	૫૦૦૦,૦૦
૪ શુભેચ્છક	૫૦૦૦,૦૦

દરેક દાનવીર ભાવિકોના નામ મુખ્ય પત્રિકામાં છાપવામાં આવશે.

૫ સોવેનીયર સૌજન્યદાતા : વિશિષ્ટ ગુજરાતી અંગ્રેજીમાં પ્રસિધ્ધ થનાર સોવેનીયરમાં સમારંભની ઉજવણી સુધીનાં ઇતિહાસ તથા અનેક ધાર્મિક પ્રસંગોનું દર્શન કરાવવામાં આવશે.

૬ ચાંદીના સ્મૃતિ સિકકા : એક બાજુ શ્રી હાલાર તીર્થ જિનાલય, બીજી બાજુ આ જિનાલયમાં પ્રતિષ્ઠિત થનાર શ્રી મહાવીર સ્વામીની પ્રતિકૃતિ... રૂા. ૨૦૦ નંગના

શ્રી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

તા. ૨૭–૧–૯૩ થી તા. ૬–૨–૯૩

ભાગ લેવા પધારનાર વિદેશીઓ સહિત હજારો ભાવિકોની આરોગ્ય, રહેઠાણ અને બીજી સગવડતાઓની સમગ્ર વ્યવસ્થા કરી શકાય તે માટે હાજરી આપનાર ભાવિકોએ સંખ્યાની અગાઉથી જાણ કરવા વિનંતિ.

નોંધ : આ પ્રસંગના સૌજન્ય દાતા—હાલારના ગામોમાં પ્રભુભકિત આદી, શુભેચ્છક, સોવેનીયર સૌજન્યદાતા, વગેરે નામો હવે પછી જણાવવામાં આવશે.

શ્રી અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ

તા. ૨૬–૧૦–૯૨

આરાધના ધામ વડાલીયા સિંહણ (જામનગર) સૌરાષ્ટ્ર

શાસન સમાચાર

હિરિયુર–પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની ત્રીજી વખત સૂરિ મંત્રની આરાધનામાં પાંચમી પીઠિકાની આરાધના નિમિત્તે આ. સુદ ૧૧ ના પૂ. આ. મ. ના મંગલાચરણ પછી બે પ્રભાવના ત્રણ સંઘ પૂજનો થયા હતાં. શા. મોતીલાલ તારાચંદ પટીયાત તરફથી આયંબિલની ઓળી પારણાં અને પ્રભાવના થઇ હતી. પૂ આ. મ. ના સંઘ સાથે ગૃહાંગણે શુરૂ–સંઘ પૂજન કર્યું હતું. પૂ. આ. મ.ના વંદનાર્થે ચિત્રદુર્ગ દાવણગિરિ, બેલ્લારિ, કર્નુલ, કુન્નુર, વર્ધમાન સ્થા. સંઘ, શ્રી સંઘ, સીમોગા બેલ્લારી તુમકુર આદિ સંઘોએ આવી સંઘ પૂજનો ઘર દીઠ લ્હાણી આદિ કરી પોત પોતાના ગામમાં આગ્રહપૂર્ણ વિનંતી કરી હતી. બેલ્લારીવાળા શા. નેમચંદજીની સુપુત્રી મુમુક્ષુ નિર્મલાકુમારીની મહા સુદ ૬ ના દીક્ષા પ્રદાનની વિનંતી સ્વીકારી હતી. ચિત્રદુર્ગ સંઘે પો. દશમની આરાધના અને પૂ. આ. મ. ની વ. તપની ૮૮ મી ઓળીના પારણા નિમિતે વિનંતી કરી હતી પૂ. આ. મ. એ આશા આપી છે વ્યાખ્યાન નિયમિત ચાલુ છે.

જામનગર–અત્રે પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી પ્રદ્યોતનસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય મ. સા. ની શુભ નીશ્રામાં શાહ વિઠલજી ખીમચંદ પરીવાર તરફથી પ. પૂ. ગચ્છાધિપતિ પૂ પાદ આચાર્ય મ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સ.ના દીર્ઘ સંયમ જીવન અનુમોદનાર્થે તથા શ્રી મણીબેન તપગચ્છ શ્રાવિકા ઉપાશ્રય તેમજ અમૃતબેન સ્વાધ્યાય મંદિરના નિર્માણ નિમીતે કા. સુ. ૭ ને રવીવારના રોજ શ્રી બૃહદ સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવેલ બાદ લાડુની પ્રભાવન થયેલ. જીવદયાની ટીપ સુંદર થઇ હતી. બપોરના શ્રી ઓશવાલ સંઘનું સ્વામિવાત્સલ્યનું જમણ થયેલ તેમાં લક્ષ્મીચંદ ખીમચંદ પારેખ પરિવાર તરફથી રૂ) રૂપીયાનું સંઘ પૂજન થયેલ.

—: સૂચના :—

જૈન શાસનનો આ પછીનો ૧૫+૧૬ સંયુકત અંક પૂ. શ્રી આ. વિ. રામચન્દ્રસૂરી શ્રદ્ધાંજલી વિશેષાંક (ત્રીજો) તરીકે તા. ૨૪–૧૨–૯૨ના રોજ પ્રગટ થશે.

તેથી તા. ૧૭–૧૧–૯૨ નો અંક બંધ રહેશે તેમજ ડીસેમ્બરમાં ૫ મંગળવાર હોવાથી તા. ૧–૧૨–૯૨ નો અંક પણ બંધ રહેશે. —સંપાદક

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

૦ ગુરુભકત તે જ કહેવાય જે ગુરુકુલવાસનો જ પ્રેમી હોય.

૦ સાધુપણું સ્વીકાર્યા પછી ગુરુકુલવાસ તે જ મોટામાં મોટી ચીજ છે. જેઓને ગુરુ પાસે રહેવાનું ન ગમે, સાથે રહે પણ ગુરુનું કહેલું કરવાનું ન ગમે તે બધા સાધુપણું હારી જાય છે.

૦ જે ધર્મી પાપથી ડરે નહિ, પુણ્યનો બંધ ન હોય, ધર્મ સમજવાની બુદ્ધિ ન હોય તે ધર્મ કરે તો ય ધર્મી નથી.

૦ સંસારમાં જેને સંતોષ આવી જાય તે જ્ઞાની. ધર્મમાં જેને સંતોષ આવી જાય તે મહાજ્ઞાની.

૦ દુનિયાની સુખ સામગ્રી આંખે ચઢે ત્યારે ભય લાગે, દુઃખની સામગ્રી આંખે ચઢે ત્યારે આનંદ આવે તેનું નામ જ સમ્યક્‌ચારિત્રનો પરિણામ છે.

૦ મોક્ષે જવાનો રસ્તો જાણે અને તે મુજબ ચાલે તથા જે કોઇ તેમના પરિચયમાં આવે તે બધાને તે જ રસ્તો બતાવે તેનું નામ સુગુરુ !

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

તે જ રીતે કોઇ સ્ત્રીના નેપુર કે કંકણાદિનો શબ્દ કાનમાં પડે છે તો તુરત જ લોહ ચુંબકની જેમ બન્ને નેત્રો તેના તરફ ખેંચાઇ જાય છે. હજારો સ્ત્રીઓના આંગોપાંગને જોતા છતાં પણ દુષ્કાળમાંથી આવેલા ક્ષુધાતુર મનુષ્યની પેઠે નેત્રો તૃપ્ત થતા નથી કે થવાના પણ નથી. અને હું આ બોટું કરું છું તેવો ભાવ પણ મનના કોઇ ખૂણામાં આવતો નથી. રૂપની પાછળ પાગલ બનેલું પતંગિયું જેમ અગ્નિમાં પોતાના પ્રાણની આહુતિ આપી દે છે તેમ રૂપાવિષ્ટ મનુષ્યો સ્વયં બરબાદીને આમંત્રણ આપે છે. આત્મ ગુણની આબાદીના વૈભવને પામી શકતા પણ નથી.

તે જ રીતે મન મોટા ભાગનું 'હું રાડું તો રાડું પણ તને તો પાયમાલ કરું જ' કહેતી ને યથાર્થ કરતું હોય છે. કોઇનું સારું તો દેખી શકવાનું સૌભાગ્ય પણ મોટાભાગનું ગુંટવાયું દેખાય છે. બીજાનું બરાબ ચિંતવનાર કયારે પણ વિચારતો નથી કે– આપણું ધાર્યું કે વિચાર્યું કાંઇપણ થતું નથી કે થવાનું નથી પણ મારું તો તે પહેલા બરાબ થઇ જ ગયું છે.

માટે મુખને ભગવાન આદિ ગુણીજનોની સ્તવનાથી, નેત્રોને ભગવાનની મૂર્તિ આદિના દર્શનથી અને ચિત્તને ગુણગ્રાહી બનાવવાથી આત્મા સ્વયં ગુણવાન બને છે.

માટે હે આત્મન્ ! તારા પટુ પ્રજ્ઞાના નિર્મલ પ્રકાશમાં સ્વયં વિચાર કરી મળેલી આ સામગ્રીને સાર્થક કર તે જ ભલામણ.

—પ્રજ્ઞાંગ

- સંસારમાં અરિહંતાદિ સિવાય કોઇ શરણભૂત છે ? ગમે તેવી સામગ્રી પામો પણ અરિહંતને ન પામે તે શરણરહિત છે. દરિદ્રી પણ અરિહંતને પામેલે હોય તો જ સુખી છે. સુખી પણ અરિહંતને પામેલો હોય તો જ સુખી છે તે સિવાયના બધા દુઃખી છે એવી પ્રતિતિ છે ? આ પ્રતિતિ ન હોય તો અનંતીવાર અરિહંતનું શાસન મળે તો પણ રિબાવવાનું જ ને ? સંસારમાં કેટલા કાળથી છીએ ? હું અનાદિકાળથી ભટકી રહ્યો છું. અનેકવાર અરિહંત આદિ મળવા છતાં હું ભટકી રહ્યો છું હવે મારૂં શું થશે તે ગભરામણ છે ?

- મનુષ્યગતિમાં ગયા તો નવપદના જ શરણે જવાનું. નવપદના શરણે થઇ નવપદમાં જ પ્રવેશ કરવાનો. આપણે બધાએ દેવતત્ત્વમાં પ્રવેશ કરવો છે ને ? અરિહંત થઇને સિદ્ધ થવું છે કે એમને એમ ?

- પ્રમાદ આ સંસારમાં રખડાવનારો છે અને જીવને મોટી આપત્તિમાં નાંખવાવાળો છે માટે તેનો વહેલી તકે ત્યાગ કરો અને ધર્મ જ જીવને સંસારથી છોડાવનારો છે માટે સદ્‌ધર્મમાં જ સારી રીતે ઉદ્યમવંત બનો.

- વિષય-કષાય-નિદ્રા-વિકથા અને નશાખોરી આ પાંચ પ્રકારના પ્રમાદને આધીન જીવને ભગવાન શુરૂ કે ધર્મ શું કરી શકે ? આખું જગત પાંચ પ્રમાદમાં જ જીવે છે. પાંચ પ્રમાદ ન હોય તો બિચારા જીવી જ શકે. પાંચ પ્રમાદ ન હોય તો સંસાર જ ન હોય. આ સંસાર જ તેને આભારી છે.

- જેટલા અતિશય લોભી હોય તેમણે ક્રોધને તો ઘોળા પીધા હોય. તેને તે માન અને માયાનો ખપ પડયા વગર રહે નહિ. તેવો જીવ બહુ ભૂંડો હોય તે કોને ગરદન ન મારે તે કહેવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

સવિ જીવ કરું અઠવાડિક શાસન રસી.

તો તો અનંતો સંસાર વધે !

जम्मि न संसारभयं,
जम्मि न मोक्खाभिलासलेसो वि ।
इह धम्मो सो णेओ जो जिणाणाहरहिओ ।।

જે આત્મામાં સંસારનો ભય નથી, મોક્ષના અભિલાષનો લેશ પણ નથી; તે આત્મા જે ધર્મ કરે છે, તે ભગવાનની આજ્ઞા વિનાનો ધર્મ કરે છે અને આજ્ઞાહીન ધર્મનું ફળ અનંત સંસાર છે.

વર્ષ ૫

અંક ૧૫ +૧૬

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

એક ચિંતણ

कषायाश्चण्डाला इवास्पृश्या दूरतः परिहर्त्तव्या ।

મહાપુરુષો ફરમાવે છે કે દુર્લભ એવા મનુષ્ય જન્મને પામીને આત્મસુખાર્થી આત્માઓએ શ્રી જિનેશ્વરદેવના ધર્મને વિષે જ ઉદ્યમ કરવો જોઇએ. તેમાં પણ સંસારનું મૂળ બીજ કષાયોને ચંડાલની જેમ અસ્પૃશ્ય માની દૂરથી જ ત્યાગ કરવો જોઇએ.

કષાયી મનુષ્ય ગુણવાન હોય તો પણ આત્મહિતૈષીઓ તેનો સંગ ઇચ્છતા નથી. કેમકે વિષયુકત ભોજન કોણ ભુખ્યો પણ ઇચ્છે ? જેમ પ્રજ્વલિત અગ્નિ મોટા વનોને ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી દે છે તેમ કષાયને પરવશ પ્રાણી ક્ષણવારમાં જીવનભરની આરાધનાને ભસ્મ કરી દે છે. માટે જ કહ્યું છે કે 'ક્રોધે ક્રોડ પૂરવતણું સંજમ ફલ જાય' જેમ નીલીવાસિત વસ્ત્રને કસુંબાનો રંગ ચઢી શકતો નથી તેમ કષાયથી કલુષિત ચિત્તવાળા આત્માને ધર્મનો રંગ દુઃસાધ્ય છે. કષાય દુષ્ટ આત્મા તો સ્વયં પોતે ય બળે છે અને પરિચયમાં આવનાર બધાને બાળે છે.

સન્નિપાત જવરવાળા મનુષ્યની જેમ ક્રોધી મનુષ્ય કૃત્યાકૃત્યના વિવેકમાં વિદ્વાન હોય તો ય જડ થઇ જાય છે. વિવેકરૂપ લોચનનો નાશ કરવા વડે આત્માને અંધ કરનાર માન પણ પ્રાણીને અંધકાર રૂપ નરકના ખાડામાં નાખી દે છે. અસત્યની ખાણ, દોષરૂપ અંધકારનો પ્રસાર કરવામાં રાત્રી તુલ્ય અને અવિદ્યાની માતા એવી માયા દુર્ગતિમાં લઇ જનારી છે, તે ત્યજવા યોગ્ય છે. જેના કારણે શ્રી મલ્લીનાથ પ્રભુને સ્ત્રીપણું પામવું પડયું છે.

દોષમાત્રની ખાણ, સર્વ પ્રકારના સદ્ગુણ રૂપ વૃક્ષોને બાળવાને અગ્નિ તુલ્ય અને કલીનું ક્રીડાગૃહ એવો લોભ જીવોને દુઃખના દરિયામાં ડુબાડી દે છે. આ રીતે એક એક કષાય જીવોને ભારે અનર્થ કરનાર છે તો ચારે કષાય બળવત્તર હોય તેની તો વાત જ શી કરવી ?

માટે જ્ઞાનીઓ ફરમાવે છે કે—કષાયનો પરિહાર કરવાથી મનુષ્ય જગતમાં માનનીય બને છે, પૂજનીય બને છે. માટે આત્માર્થી પ્રાણીઓએ કષાયોનો દૂરથી ત્યાગ કરવો જોઇએ.

માટે હે આત્મન્ ! આત્મિક સુખના પારણે ઝુલવું હોય તો પ્રાપ્ત નિર્મલ પ્રજ્ઞાના પ્રકાશમાં પા....પા....પગલી ભર અને કષાયોને તારે આધીન બનવા કૃત્તોહ તારી જ છે. સિદ્ધિ તારા ચરણે ચૂમશે.

પ્રજ્ઞાંગ.

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
ચુનીલાલ મોહનલાલ ગુદેચા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલીતાણા)
પાનાચંદ પદમશી મુદ્રા (ભાનગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ કારતક વદ-૦)) મંગળવાર તા. ૨૪-૧૧-૯૨ [અંક ૧૫-૧૬

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

આત્મા

-પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.

શરીર, એ આત્મા નથી. કોઇ પણ શરીર, સ્વતંત્રપણે તો જડ જ છે. શરીરમાં જે ચેતન તત્વ રહેલું છે, તે આત્મા છે અને તેજ આપણે છીએ. મન દ્વારા જે વિચારણા થાય છે, તે વિચારણા કરનારો આત્મા છે. વાણી દ્વારા જે બોલાય છે, તે બોલનારો આત્મા છે. શરીર દ્વારા જે કાંઇ પ્રવૃત્તિ થાય છે, તે કરનારો આત્મા છે. પાંચ ઇન્દ્રિયોમાં, સ્પર્શનેન્દ્રિય દ્વારા કોઇ પણ વસ્તુને સ્પર્શીને. તે કર્કશ છે કે સુંવાળી છે, મૃદુ છે કે કઠિન છે-એ વગેરે જાણી શકાય છે; પણ શરીરની સ્પર્શનેન્દ્રિય દ્વારા સ્પર્શ કરે છે કોણ અને સ્પર્શ દ્વારા કર્કશપણાને કે સુંવાળાપણાને અગર તો મૃદુપણાંને કે કઠિનપણાને જાણે છે કોણ ? એ સ્પર્શ કરનારો અને એ જાણનારો આત્મા છે. રસનેન્દ્રિય દ્વારા કોઇ પણ વસ્તુનો રસ ખારો-ખાટો છે કે તીખો-મોળો છે, તે વગેરે જાણી શકાય છે; પણ એ રસાનુભવ કરે છે કોણ અને રસાનુભવ કરીને ખારો-ખાટો છે કે તીખો-મોળો છે, એવો નિર્ણય કરનારો કોણ છે ? એ રસાનુભવ કરનારો અને રસના સ્વાદને પ્રકારને જાણનારો આત્મા છે. ઘ્રાણેન્દ્રિય દ્વારા ગંધને ગ્રહણ કરીને, એ સુગંધ છે કે દુર્ગંધ છે-એ વગેરે જાણી શકાય છે; પણ એ ગંધને ગ્રહણ કરનારો અને તે ગંધ સારી છે કે ખોટી છે અગર તો કયી વસ્તુની આ ગંધ છે કયી વસ્તુની ગંધ નથી-એને જાણનારો કોણ છે ? ગંધને ગ્રહણ કરનારો અને ગંધના સ્વરૂપના પ્રકારને જાણનારો આત્મા છે. ચક્ષુરિન્દ્રિય દ્વારા જે કોઇ પણ પદાર્થને જોઇ શકાય છે અને એમ જોઇને

તે કોણ છે તથા કેવા રૂપ રંગ આદિવાળો છે તે જાણી શકાય છે; પણ તે પદાર્થને જોનારો અને તે પદાર્થ કયો છે તેમજ કેવા રૂપ-રંગ આદિવાળો છે. તેને જાણનારો કોણ છે ? એ જોનારો અને જાણનારો જે છે, તે આત્મા છે. એવી જ રીતિએ, શ્રોતેન્દ્રિય દ્વારા શબ્દોનું શ્રવણ થઇ શકે છે અને તે શબ્દો મધુર છે કે કટુ આદિ છે. તે વગેરે જાણી શકાય છે; પણ એ શબ્દોનું શ્રવણ કરનારો અને એ શબ્દોના મધુરપણાને કે કટુપણા આદિને જાણનારો કોણ છે ? એ સાંભળનારો અને એ જાણનારો જે છે, તે આત્મા છે. શરીરમાં સ્વતંત્રપણે તો; આમાંની કોઇ જ શકિત નથી : કેમ કે શરીર તો જડ જ છે.

આજે શરીરમાં આત્મા છે. માટે અગ્નિનો એક ઝીણો તણખો શરીરને ચાડે, તો પણ બળતરાનો અનુભવ થાય છે અને જ્યારે આ શરીરમાં આત્મા હોતો નથી, ત્યારે આ શરીરને ભડ-ભડ બળતી ચિતામાં સળગાવી નાખવામાં આવે છે. તો પણ તેનાથી કોઇપણ પ્રકારની વેદના કે બળતરા આદિનો અનુભવ થતાં નથી. મને અને ઇન્દ્રિયો કામ જ ત્યારે આપી શકે છે, કે જ્યારે શરીરમાં આત્મા રહેલો હોય છે. મુડદું નથી વિચારી શકતું, નથી બોલી શકતું કે નથી પોતે સ્પર્શ કરી શકતું, રસાનુભવ કરી શકતું, સુંઘી શકતું, જોઇ શકતું કે નથી સાંભળી શકતું ! મુડદુ જેમ કાંઇ સ્પર્શાદિ કરી શકતું નથી, તેમ કાંઇ જાણી શકતું પણ નથી. સ્પર્શાદિ કરનારો પણ આત્મા છે શરીરની કિંમત ત્યાં સુધી જ ગણાય છે, કે જ્યાં સુધી શરીરમાં આત્માનો વાસ છે. જે શરીરમાંથી ચૈતન્ય તત્ત્વ ઉડી જાય છે, આત્મા ચાલ્યો જાય છે, તે શરીરને અતિ મૂર્ખ માણસો પણ ઢાળી દે છે, કે બાળી મૂકે છે.

જો અતિ મૂર્ખ માણસો પણ આ રીતિએ, ભલે અકળપણે, શરીરને અને આત્માને ભિન્ન ભિન્ન માનતા હોય, તો આપણે શું એથી પણ વધારે મુર્ખ બીએ કે જે આપણે શરીરને અને આત્માને ભિન્ન માનીએ નહિ ? ત્યારે આપણે કોણ ? આપણે તે આ શરીર નહિ; પણ આપણે તો આત્મા !

આ આર્ય દેશ અધ્યાત્મપ્રધાન હોવા છતાં પણ આ દેશમાં આત્માના અસ્તિત્વના સંબંધમાં અને આત્માના સ્વરૂપના સંબંધમાં તદ્દન ખોટો મત ધરાવનારાઓ પણ હતા, છે અને રહેવાના પણ ખરા. શરીરથી ભિન્ન એવો કોઇ આત્મા જ નથી. એવું માનનારાઓ તો, અધ્યાત્મની વાત જ કરી શકે નહિ. શરીરથી ભિન્ન એવો આત્મા ન હોય, તો જન્માન્તરોનાં શુભાશુભ કર્મોનો યોગ જ ઘટી શકે નહિ. જે માણસો આત્માના અસ્તિત્વનો જ ઇન્કાર કરે છે, તેઓ જ્ઞાનગુણ એ કોનો ગુણ છે, તેય સમજી શકતા નથી. જેનામાં જ્ઞાનગુણ છે, તે આત્મા છે; અને જેનામાં જ્ઞાનગુણ નથી, તે આત્મા નથી પણ જડ છે. આસ્તિક દર્શનકારોએ આત્માના

અસ્તિત્વના સંબંધમાં ઘણી વિશદ ચર્ચાઓ કરી છે અને એ દ્વારા 'આત્માનું અસ્તિત્વ છે' એમ સ્થાપિત કર્યું છે. તમે વધારે સમજી શકો નહિ, તો પણ તમે એટલું તો સમજી શકો ને કે– જે વસ્તુનું અસ્તિત્વ જ હોતું નથી, તેનો નિષેધ જ કરી શકાતો નથી. જે વસ્તુ કોઇને કોઇ રૂપમાં હયાત હોય છે. તે જ વસ્તુનો ક્ષેત્ર વિશેષે અને કાલ વિશેષે એમ અનેકાનેક વિશેષતાઓને અનુલક્ષીને નિષેધ કરી શકાય. તમે તમારી બુદ્ધિને બરાબર કસીને વિચાર કરી જુઓ કે– એક જ શબ્દ કે જે વ્યુત્પત્તિ સંપન્ન હોય, તેવા શબ્દથી સૂચિત એવી કોઇ વસ્તુ છે ખરી, કે જે વસ્તુ કોઇ ક્ષેત્ર ને કોઇ કાલે બીલકુલ હયાત જ ન હોય? તમે તમારી બુદ્ધિને ગમે તેટલી કસશો, તો પણ તમે એવી કોઇ વસ્તુને શોધી શકશો જ નહિ.

જેનું ત્યાંય કદી પણ અસ્તિત્વ જ ન હોય, એવી વસ્તુનું જ્ઞાન જ અસંભવિત છે. તમે કહો કે– 'માણસ નથી, ઢોર નથી, પુણ્ય નથી, પાપ નથી.' વગેરે વગેરે; પણ એ નથી એમ જે બોલાય છે. તે જ એનું કયાંક કયારેક પણ અવશ્ય અસ્તિત્વ છે, એમ સાબિત કરે છે. એવી જ રીતિએ, કોઇ પણ માણસ એમ બોલે કે– 'આત્મા નથી' તો એનું એ વચન, મારી મા વાંઝણી છે'–એવું બોલવા સમાન છે. જેમ એવું બોલનારને કહેવાય કે– 'તું પોતે જ તારી મા વાંઝણી નથી, એના પુરાવા સમાન છો' તેમ જેઓ એમ કહે કે– 'આત્મા નથી' તેઓને કહી શકાય કે– 'તમે જે નિષેધ કરી શકો છો, એજ સૂચવે છે કે– આત્મા છે. જો આત્માનું અસ્તિત્વ જ ન હોત, તો આત્મા એવો શબ્દ અસ્તિત્વમાં આવી શકત નહિ! એટલે આત્માનું અસ્તિત્વ પણ છે અને આત્મા એ શરીરથી ભિન્ન એવું જ સ્વતંત્ર દ્રવ્ય છે. એવું નકકી કરવા સાથે, આપણે આત્મા છીએ' એમ આપણે નકકી કર્યું.

આપણે પોતે શરીર નથી, પણ આત્મા જ છીએ. તેમ છતાં પણ આપણે શરીરમાં જ રહેલા છીએ ને? આપણું શરીર, એ ચેતનનો ને જડનો યોગ છે ને? શરીર સાથે અત્યારે આપણે કેવો યોગ છે? રોમ વાળ અને નખ આદિ સિવાય શરીરમાં એવું કોઇ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્થલ પણ છે ખરું, કે જે સ્થલમાં આપણે વ્યાપક ન હોઇએ? તમે એક ટાંકણી લઇને શરીરના કોઇપણ ભાગમાં જરા મારી જુઓ, તો તમને સર્વત્ર વેદનાનો અનુભવ થશે; અને એથી તમે સમજી શકશો કે– આપણે શરીરના સર્વ ભાગોમાં છીએ. આત્મા સમગ્ર લોકના સમગ્ર આકાશમાં પણ વ્યાપી બની શકે છે અને જે શરીર ચર્મચક્ષુથી જોવાઇ શકે નહિ જ એવું સૂક્ષ્મ હોય, તેમાં પણ વ્યાપ્ત બનીને આત્મા રહી શકે છે. આ વાતનો ખ્યાલ આવી શકે, એ માટે કીડીનું ને કુંજરનું દૃષ્ટાંત પણ અપાય છે કીડીનું શરીર કેવું? ઘણું નાનું છતાં પણ તેમાં આત્માનો વાસ હોય છે; અને કુંજર એટલે હાથીનું શરીર કેવું? કીડી કરતાં ઘણું જ મોટું;

છતાં પણ તેમાં આત્માનો વાસ હોય છે. કીડી કરતાં ઘણા ઘણા પ્રમાણમાં નાનાં અને કુંજર કરતાં ઘણા ઘણા પ્રમાણમાં મોટાં શરીરો પણ હોઇ શકે છે; પરન્તુ જે આત્મા અતિ નાના શરીરમાં જેમ સર્વત્ર વ્યાપક રહી શકે છે. તે જ આત્મા અતિ મોટા શરીરમાં પણ તેમ જ સર્વત્ર વ્યાપક રહી શકે છે. આત્મા, એ એવું દ્રવ્ય છે કે-તે અતિશય સંકુચિતપણે પણ રહી શકે છે અને અતિશય વ્યાપકપણે પણ રહી શકે છે. એ વખતે આત્માનું પોતાનું જે પ્રમાણ છે, તે પ્રમાણમાં કશી જ ન્યૂનાધિકતા નથી થતી. મૂળભૂત જે પ્રમાણ, તેમાં ન્યૂનાધિકતા થવી-એ અસંભવિત વસ્તુ છે. તમને જિજ્ઞાસા થશે કે-આત્માનું પ્રમાણ કેટલું ? આત્મા એ એવું કોઇ દ્રવ્ય છે જ નહિ કે, જેને ચર્મચક્ષુથી જોઇ શકાય. એને સ્વતંત્રપણે રૂપ-રંગ આદિ કાંઇ હોતું જ નથી જ્ઞાનથી જ જાણી શકાય, એવું એ દ્રવ્ય છે; અને જ્ઞાનગુણ પોતે જ એના અસ્તિત્વને જણાવનાર છે. જેમ આપણે જ્ઞાન છે કે નહિ-તેને જાણી શકીએ છીએ ખરા, પણ જ્ઞાનને જોઇ શકતા નથી; તેમ આપણે આત્માને જાણી શકીએ છીએ ખરા, પણ આત્માને જોઇ શકતા નથી.

આત્મા એવા આપણે, આજે, શરીરમાં રહેલા છીએ. શરીરમાં કેવી રીતિએ રહેલા છીએ ? શરીરમાં સર્વત્ર વ્યાપીને રહેલા છીએ. શરીર જડ છે અને આત્મ ચેતન છે, છતાં પણ જડનો અને ચેતનનો આવો એકમેક જેવો યોગ હોઇ શકે છે, એ વાત આપણે આપણા અનુભવથી જાણી શકીએ છીએ.

લોઢાને જો ખૂબ ખૂબ તપાવવામાં આવે, તો એ લોઢાના ભાગમાં અગ્નિ વ્યાપી જાય છે, છતાં પણ લોઢાથી ભિન્ન એવા એ અગ્નિને કોઇ લોઢાથી ભિન્ન તરીકે બતાવવાને સમર્થ બની શકતું નથી. દૂધમાં પાણી ઉમેરવામાં આવે છે, ત્યારે એ પાણીવાળા દૂધમાં નાનામાં નાના બિન્દુમાં પણ દૂધ અને પાણી બન્ને સાથે જ આવે છે. આ રીતિએ એકમેકતા આવી જાય છે, તો પણ લોઢું અને અગ્નિ તથા દૂધ અને પાણી ભિન્ન ભિન્ન છે એ વાતનો તમારાથી ઇન્કાર કરી શકાશે નહિ. એ બન્ને એકમેક જેવાં બની જવા છતાં પણ, પરસ્પર યોગથી રહિત બની શકે છે, એ વાતનો પણ તમારાથી ઇન્કાર કરી શકાશે નહિ. એવી જ રીતિએ શરીરમાં, સર્વત્ર વ્યાપ્ત એવો આત્મા, શરીરથી ભિન્ન છે અને શરીરના યોગથી રહિત બની શકે છે, એ વાતનો પણ તમારાથી ઇન્કાર કરી શકાશે નહિ. આત્માનો અને જડનો એકમેક જેવો યોગ-એ જેમ સંભવિત છે, તેમ આત્મા અને જડ એ બન્ને ય પરસ્પરના યોગથી સર્વથા મુક્ત બની જાય, એ પણ સુસંભવિત છે. આપણે પણ જડના યોગથી સર્વથા મુક્ત બની જઇએ, એ માટે જ પ્રયત્ન કરવાનો છે અને એ જ સાચો હિતસાધ પ્રયત્ન છે. આત્માને કર્મ રૂપ જડનો યોગ છે અને માટે જ સ્થુલ શરીરનો યોગ થયા કરે છે. એટલે મૃત્યુ માત્રથી કાંઇ આત્માનો ને જડનો જે યોગ છે, તેનો અન્ત આવી શકે તેમ નથી.

[જૈન પ્રવચનમાંથી]

માયામાં લપસતા રહી ગયેલા
એક યોગીની સત્ય કથા

-શ્રી કનૈયાલાલ રામાનુજ

(આ કથા લૌકિક સંતની છે પૈસા કીર્તિના મોહમાં પડી જાય તો બૂરી દશા થાય. તેમને ભાન થયું અને પૈસાનો સંગ્રહ છોડયો. જૈન ધર્મ નીતિના દ્રવ્યને પાપ કહે છે. અનીતિન દ્રવ્યને મહાપાપ કહે છે. જૈન સાધુ માટે ધન ત્યાજ્ય છે કલંક છે. આ ઉત્તમ વ ત સૌએ સમજી સાધવા જેવી છે)

જુન ગઢના ચઢાવ માટે એ જોગીડો આજથી ૭૦ વર્ષ મોર્ય સૌરાષ્ટ્રમાં આવી ચડેલા. શિવરાત્રીના ચડાવમાં રસ તરબોળ થઈ પગપાળા જ વતન તરફ જઈ રહ્યા હતો. ગામ ભાળે ત્યાં બહાર દેવસ્થાને અથવા તળાવ હોય તો કાઠે ચીપિયો ખોડી ધુણી ધખાવી પડાવ નાખે. જંગલનો જોગી. ગૃહસ્થાશ્રમના બધાં જ નિયમેથી અજાણ. અનાજ તો એણે કદી મુખે અડાડેલું જ નહીં ગામ લોકો દુધ આપે તો પીવે. બાકી રાંધેલ ધાનને તો ટગર ટગર જોયા કરે.

ગામ લોકો ભાંગી તુટી હિન્દીમાં જોગંદરને સમજાવે. હાથના ઇશારાથી સંજ્ઞા કરે. 'અરે, બાપજી યહ ખાને કી ચીજ હૈ... ઇસ તરહ ખાઇ જાતી હૈ...' પરંતુ નેપાળી ભાષા સિવાય બીજી ભાષાના અજાણ જોગી ગામલોકોની સંજ્ઞા જોઇ મરક મરક હસે.'

હીરો પારખ્યો ઝવેરીએ. જસદણ તાલુકાના આસલપુર ગામમાં મોહનદાસ દેવમોરારિ નામના એક રામાનંદી સાધુ રહે. બાજુના રંગપર ગામમાં શિક્ષક તરીકે નોકરી કરે. આજથી ૭૦ વર્ષ પહેલાંની વાત છે. એ વખતે ગામડામાં શિક્ષકનું માન ઘણું. સાથે વૈદકનું પણ જાણે એટલે એટલા પંથકમાં મોહનદાસ પ્રતિષ્ઠિત વ્યકિત ગણુતા.

લોક મોંએ વાત સાંભળી. મોહનદાસે વિચાર કર્યો. લાવને જોગીના દર્શન કરું!! કેવોક બાવો છો!! પોતે વૈદક જાણે એટલે ખાખી બાવાઓને મળવાનો બહુ શોખ.

મોહનદાસ અને નરસંગની આંખો મળી. હીરા પારખુએ હીરાને ઓળખી લીધો. આ કોઇ એલફેલ બાવો નથી પણ સાક્ષાત સિદ્ધ જોગંદર છે.

જોગીને વાલા જોગ. રાજાને રાજભોગ. મોહનદાસે નરસંગની સેવા આદરી. સવારના પહોરમાં દુધનું બોઘરું ભરી ગામ બહાર ... નરસંગના ધુણે જાય. નરસંગને દુધ પીવડાવે. ગાંજાની ચલમ તૈયાર કરી આપે. જ્ઞાન અને વૈદકની ચર્ચા ભાંગી-તૂટી હિન્દીમાં થાય.

જટાળા જોગીને ભોળા ગ્રામજનો પ્રત્યે મમતા જાગી એક દિવસ, બે દિવસ, એમ કરતાં સાત દિવસ વીતી ગયા. આટલા

દિવસોમાં તો મોહનદાસે બાપુને મગફળી, ગોળ વગેરે ખાતા કરી દીધા.

એક સાંજે વીસેક માણસો નરસંગના ધૂણાની આસપાસ બેઠાં હતાં. નરસંગે સંધ્યા પુજા કરી. ભભૂતી ચોપડી દીધી. મોહનદાસે ચલમ તૈયાર કરી રાખી હતી.

'અરે મોહનદાસ;' કાળા અબનુસ જેવા પહાડી જોગીની લાલ કેસર જેવી આંખ્યું મોહનદાસને તાકી રહી.

'જી, બાપુ!' મોહનદાસે બાપુની ચલમ પર ઈંગારી મૂકી.

'કલ હમ.... ચલે...યહાં સે....' શ્વાસ ધૂંટી આંજાની ચલમની એવી જોરદાર સટ ખેંચી કે ઉપર અગ્નિ પ્રગટી ઉઠ્યો.

'ધૂઉઉ....સ્...' ધુમાડો બહાર કાઢ્યો. ચીમનીમાંથી ધુમાડાના ગોટા નીકળે તેમ નરસંગના મોમાંથી ગાંજાના સફેદ ગોટા નીકળતા આજુબાજુના વાતાવરણમાં એક જાતની સુગંધ ફેલાઇ ગઇ.

'અરે બાપુ, એમ તે કંઇ જવાય! હજુ આપ ગામમાં કયાં પધાર્યા છો? રામજી મંદિર પધારો.' મોહનદાસે જોગીને વિનંતી કરી. બેઠેલા ગામના માણસોએ પણ મોહનદાસની વાતમાં સૂર પુરાવ્યો.

'હા...હા...બાપુ, ગાવ પાવન કરના ચાહીએ...'

'દેખો મેં ગાંવમેં નહીં આતા. હમ તો જંગલ કે જોગી. વન દેવતાકી ઓટમે હમારા સ્થાન' જોગીએ દલીલ કરી. પરંતુ આ તો કાઠિયાવાડ... દેવભૂમિના લોકો. માયાળુ કેવા? તમે બે દી મે'માન ગતિએ જાવ તો બે મહિના કયાં વીતી જાય એની તમને ખબર ન પડે.

જોગીને કેડે માઠરપાટ વીંટળાવી. વાજતે ગાજતે ગામમાં લાવ્યા ત્યારે જ એમને ચેન પડ્યું.

ઓળા જેવડું આસલપુર. ગાંધા સામે જ રામજી મંદિર વાઘચર્મ પાથરી નરસંગે આસન જમાવ્યું. શું શુભઘડી! આસન લાગ્યું. મહિના બે વીતી ગયા. હવે તો નરસંગ દૂધની ખીર. મગફળીનો ખોખા પાક અને રાંધેલો સામો ખાતા થઈ ગયા.

ગામલોકો પણ તેમની જ્ઞાન ગંગામાં વહેતા ત્યારે ઘસડાઇને કયાં નીકળી જતાં, તેની એમને બિલકુલ ખબર ન પડતી.

નરસંગ આસલપુરના દેવ થઇ પડયા. આજુબાજુના ગામડાંના માણસો આ પવિત્ર સાધુના દર્શને આવવા લાગ્યા. ગામના માણસોતો ચોવીસે કલાક પાસે બેઠેલા જ હોય. નરસંગ રાતના બાર પાગી રેઢા પડે. રેઢા પડે એટલે સમાધિસ્થ થઇ જાય.....તે સવાર સુધી. આ વાત તેમનાં ચાર-પાંચ શિષ્યો સિવાય બીજા કોઇ ન જાણે. નરસંગની સાફ ના હતી કે, આ વાતની કોઇને ખબર ન પડવી જોઇએ.

મોહનદાસ વૈદક માટે જાત જાતના ઉપાયો પૂછી ઉતારા કર્યા. ગરે ડુંગરાની ધારુંમાંથી જાત જાતની વનસ્પતિ તોડી લાવે. પછી બતાવે. નરસંગ તેમને વૈદકની રીત સમજાવે. આ અરસામાં એક વાત બની ગઇ.

આસલપુરમાં એક રજપૂત ઘેર બસો વીઘા જમીન. લીલીછમ વાડીયું. ઢોમઢોમ

સાહેબી. તેને રામસંગ નામનો દીકરો. રામસંગ ૨૬ વર્ષનો કાઠિયાવાડી બાંકો જુવાન, પણ કુદરતે તેની રૂડી કાયાને ચૂંથી નાખી હતી. એને પત થઈ હતી. પત એટલે રક્તપીત. માણસ જાતનો દુશ્મન મહાભયંકર રોગ. રામસંગની દવા માટે મા-બાપે કંઈ મણા ન રાખી. નડિયાદ અને મુંબઈ સુધી પહોંચી ગોરા ડાકતરો ને બતાવ્યું. પણ તલભાર ફેર ન પડયો. હાથ પગના આંગળા ખરવા લાગ્યા. ઓહ ભગવાન! આવો રોગ દુશ્મનનેય ન થાય!

રામસંગની ઘરડી માની આંખમાંથી આંસુ સુકાતા નહીં. રોજ સાંજે મુઠ્ઠી લઈ રામજી મંદિર આવે. રડતા રડતા ભગવાનને વિનંતી કરે; 'હે કાળિયા ઠાકર...તું અમારુ કુળ કાં ઊજાડ...!!... અમુએ તારો શું ગુનો કર્યો છે... મારા રામસંગ સામું જો! મેર કર મા'રાજ મેર કર.' ડોસી રામજી મંદિરના બારણે રડી પડયા.

ડોસી રડતા રડતાં દરરોજ ભગવાનને વિનવતા હોય ત્યારે સંધ્યા આરતી વખતે નરસંગ નાના છોકરાઓ પાસે ટીંગાટોળી કરાવી ઝુલે. બાળક જેવા બની જાય. હવે હિન્દી પણ ઠીક ઠીક બોલતા હતાં. આરતી પૂરી થાય, બાળકોને સાકર-પતાસાની પ્રસાદી વહેંચી રાજી કરે. 'બોલો જય સીયારામ... બોલો જય સિયારામ...' બોલતા જાય, પ્રસાદી વહેંચતાં જાય.

'કંકુમા.' રડતા ડોસીને ચરણામૃત આપતાં મોહનદાસ બોલ્યા. 'માડ માનો તો રામસંગને એકવાર બાપુને દેખાડો.

'સીતારામ' બોલી ડોસીએ તુલસીપત્ર મોંમા મૂક્યું.

ડોસી માને ચૂપ જોઈ મોહનદાસ ફરી બોલ્યા. વૈદકનો જાણકાર ખરો છે. પછી તમારી મરજી...'

'સિતારામ' મોહનદાસે સામા સિતારામ કર્યા. ડોસીને બેમણે ફરી ટકોર કરી.' મારી વાત વિચારજો. તમારો વિચાર હશેતો હું બાપુને કહીશ.'

કંકુમાં અનુત્તર રહ્યા. તેમને ઉજાસ ભળાયો. ઘેર કોઇનેય વાત કર્યા વગર બીજા દિવસે રામસંગને લઈ ચોરે આવ્યા. પૂજા પાઠ કર્યા પછી મોહનદાસ તેમને બાપુ પાસે લઈ ગયા. જોગંદર સિદ્ધાસન લગાવી. સંસ્કૃત શ્લોક રટતાં હતાં.

'જયસિયારામ બાપુ..' મોહનદાસ મંદિરના પગથિયા ચડતા કહ્યું: 'જે સીયા રામ-આયો મોહનદાસ અબ દુધ મત લાના આજ બહુત દુધ પી... લીયા...!'

'ઠીક બાપુ!' મોહનદાસે રામસંગને ઇશારો કરી પોતાની પાસે બેસાડયો. કંકુમા દુર બેઠાં. મોહનદાસે સંજ્ઞા કરી એટલે રામસંગે બાપુના ચરણ સ્પર્શ કરવા હાથ લંબાવ્યા. લંબાયેલા હાથ તરફ નરસંગની નજર પડી.

'અરે... યહ કીસકા લડકા હૈ!! કુદરત ને યહ ક્યાં!.. રામસંગના ગદગદતાં આંગળા જોઇ, નરસંગના મોં પર કરૂણતા પથરાણી. ખુણામાં બેઠેલા કંકુમાંથી ડુસકું મૂકાઇ ગયું. મોહનદાસે વાતનો દોર સાધી લીધો.' બાપુ, સામે ડેલી દેખાય છે

વરસંગભાઇનો દીકરો છે.' મોહનદાસે આંગળી ચીંધી. પરંતુ બાપુનું ધ્યાન રડતી ડોસી તરફ હતું. 'અરે... યહ મૈયા... હરરોજ મંદિરમાં આકે રડતી હૈ... મેં દેખતાં હૂં...'

'હા બાપુ, એ રામસંગના દાદીમા છે. મુંબઇ સુધીના ફેરા નકામા ગયા છે. ડાક્તર લોકો કંઇ કરી શકયા નથી.'

જોગીના ગૌર મોં પર અપાર કરૂણતા છવાઇ ગઇ. સ્નેહાર્દ્રથી પોપચાં ઢળી પડયા.

'બાપુ, આની દવા આપ કરો!! નહીંતર આંધળાની લાકડી તૂટવાઇ જશે.' મોહનદાસે કહેવાનું કહી દીધું.

નરસંગે રામસંગની દવા શરૂ કરી. જોઇતી ચીજવસ્તુઓ ફટાફટ હાજર થવા લાગી માયાળુ કાંટુ (તણ) મગાવી એવી ભસ્મ કરી.. ગાયના ઘીને સો પાણીએ ધોઇ, બીજા મૂળીયા નાખી તણનો મલમ બનાવ્યો. પણ ઝેર... નાગદેવતું જ જોઇ લ્યો... નરસંગ કોઇને અડવા ન દે ! એવું ઝેરી!!

મળગુગળા પાણીએથી રામસંગના હાથે પગે ફેલાયેલ પતને ધોઇ સાફ કરી, મલમનો પડ લગાડી, ઉપર પાટો બાંધ્યો. બરાબર ત્રણ દિવસે પાટો ખોલ્યો. એક, બે અને ત્રણ પાટે તો હાથ જેવા હાથ... વાહ ચરક...ધનવંતરી.... ધન્યદેવ...'

વાત વાયુ વેગે ફેલાઇ ગઇ. ટોપાવાળાં સાહેબો નરસંગની મુલાકાતે આવવા લાગ્યા. આસલપુરના પાદરમાં છોકરાઓનું અચરજ થયું. એમણે પેલી વખત ચાર પેંડાવાળી મશીનથી ચાલતી મોટર ઘેર બેઠાં ભાળી.

આખા પંથકમાં નરસંગની વાહ વાહ થવા લાગી. નાના બાળકો પણ નરસંગનાનામથી પરિચિત. એક જોગીરાજ વૈદ્યરાજ. તરીકે...!!

પોતાના પુત્રને નવી જિંદગી બક્ષનાર નરસંગને રાજપૂત આગ્રહ કરે છે; 'બાપુ માગો... શું આપું કહો તો વાડી...જમીન જોગી કહે; 'કુછ ન અપે?' હા...ના.... કરતાં રજપૂતે બાપુને એક હજાર રૂપિયા રોકડા અને માણકી ઘોડી આણીને ભેટ ધરી. મોહનદાસના મનાવવાથી બાપુએ ભેટ સ્વીકારી. તેમાંથી બ્રહ્મ ભોજન કરાવ્યું વધેલા પૈસામાંથી અક્ષીણ મગાવ્યું.

હવે તો નરસંગને તેડવા માટે ગામે ગામથી ઘોડા તેડવા આવવા લાગ્યા. નરસંગ પણ આજુબાજુના ગામ પીપરડી, સનાળી, રંગપર, સરવા, વીરે ગામડે જાય રાતવાસા પણ કરે.

નરસંગની દવા એટલે રામબાણ. સરળાના એક વાણીયાને રાજરોગ થયેલો (ટી. બી) નરસંગને ચરણે પડયો. 'બાપુ, બચરવાળ છું ડોકટરોએ હાથ ધોયા છે. આપ બચાવો.'

નરસંગે હરણીયો પારો મારી ગોળી બનાવી. દૂધના ઉકાળે શેઠને દરરોજ ધીમે ધીમે કરતાં દસ શેર દૂધે ચડાવ્યો. ત્રણ મહિનામાં તો ઘરગેલ ત્રાંબા જેવો વાન થઇ ગયો. પાડા જેવું કાંધ, હાલે તો ધરતી ધ્રુજે કોઇ માણસ ઓળખી ન શકે, કે આ જેચંદ છે.

નરસંગ બાપુ ! ઓટાઇ, જસઇ, બીંછીયા, પંથકમાં નરસંગનાનામનો જે જેકાર થવા લાગ્યો.

હવે નરસંગ પાસે સારો અવો જીવ થયો. લક્ષ્મીનો લોભ જોગંદરને લાગ્યો. એમણે ખંભે રાખવાની પાવડી પોલી કરાઇ, એમાં સોનુ અને રૂપિયા રાખવા શરૂ કર્યા. બીજેકયાં રાખે?! પોલી પાવડીમાં શણી-છાપ અને સોનું રાખી ઉપર ડગળી મારી દીધી.

એક દિવસની વાત છે. નરસંગ સનાળીમાં રામજી મંદિરે ઉતરેલા. ગામના ભાવિકો મોડી રાત સુધી નરસંગ પાસે બેઠાં. અદ્વૈતવાદ સુધી જ્ઞાનની ને કાયાકલ્પ સુધી વૈદકની વાતુ ચાલી અડધી રાત વીતી કે, મનુસ ઉઠયા.

'જે સિયારામ બાપુ !'

'જે સિયારામ...શુભરાત્રી.'

નરસંગે વાઘચર્મ પર લંબાવ્યું. થોડીવારમાં નિદ્રાને ખોળે જઇ પડયા.

જયાં ગામ હોય ત્યાં ઉકરડો પણ હોયાં ગામના બે ચાર લફંગા માણસોએ આખીને લૂંટયો. ભર ઊંઘમાં સૂતેલ નરસંગની પાવડી ચોરી, સોનું અને રૂપિયા કાઢી... પાવડીના કટકા કરી ઝાંપે કાંટાળી વાડમાં ફેંકી દીધા.

સવારમાં નરસંગ ઉઠયા. ટેવાયેલા હાથ પાવડી પકડવા ફંફોસવા લાગ્યા. પણ પાવડી ન મળે ?! પાવડી ગુમ થયેલી જાણી નરસંગે ચોરો માથે લીધો. સવારના પાહોરમાં ઠેકારો થતાં, લોકો દોડી પુગ્યા. માંડી ગોત થવા. ઝાઝા હાથ, ઝાઝી આખ્યું. એક-જણની નજરે તૂટેલી પાવડીના કટકા પડયા બસ પછી જોગીના ક્રોધનું પૂછવું જ શું ?!

'મેરા રૂપિયા કીસને ચૂરાયા-? તુમ્હારા ગાંવ જલા ડાલુંગા...' બુમરાણ મચાવતા લંગોટી ભેર ગામના ઝાંપામાં આડા સુઈ ગયા. ગાડા અને સાંતીનો રસ્તો રોકાઈ ગયો. ન તો કોઇ જઈ શકે કે ન તો કોઇ આવી શકે.

ગામના ડાહ્યા માણસો ભેળાં થયાં. નરસંગને સમજાવી ઉઠાડયા. ગામલોકોએ ઉઘરાણું કરી, નરસંગના પૈસા ભેળાં કરી આપ્યા. પરંતુ આ પ્રસંગ બન્યા પછી, નરસંગ સાવ બદલાઇ ગયા. એનું બ્રહ્મજ્ઞાન એને જાગૃત કરી ગયું. જાગી જાગી ગયો. પ્રભુ ભકિતમાં લાગી જયો. બધું છોડી દીધું. રાતે સમાધિસ્થ થઇ જાય. સવારે ભકિત. ગામના ખાસ સેવકો એમને અળગા મૂકતા નહોતાં. એમનાં બદલાયેલા સ્વભાવથી એમને નવાઇ ઉપજી હતી.

એક દિવસ સંધ્યા આરતી પૂરી થઇ. નરસંગની પાસે ભકતો બેઠાં હતાં. તે દિવસે ધર્મવિશે નરસંગે ખૂબ વ્યાખ્યાન આપ્યું. રાત વીતી ગઇ. એમનાં ખાસ ચાર-પાંચ સેવકો બેઠાં હતાં. નરસંગે પોતાના મનની વાત કહી; ભકત લોગન, આજ રાત બારા બજે મેં ચલા જાઉંગા...'

'કયાં ચાલ્યા જશો બાપુ!' એક સેવકે પૂછયું.

'બસ સ્વધામ મેં...'

'અરે બાપુ, એમ તે કંઇ સાજા-સરવા જવાતું હશે?!'

હાં હા.... આજરાત... ચલા જાઉંગા મગર તુમ લોગ યાદ રખ્ખો. મેં ખાખી હું. સો મેરે શરીરકો અગ્નિદાહ મત દેના સમાધી લગવાના... સમજે!' એમ કહી, સેવકોના જવાબની કશી આશા રાખ્યા વગર નરસંગે સમાધિ લગાવી.

સમાધિ લાગી કે લાગી. સેવકો આખી રાત નરસંગના શરીર સામું જોઇ બેસી રહ્યાં. સવારે નિયમ મુજબ સમાધિ ન ખુલી એટલે સનાળીથી ઘોડેસ્વાર દોડાવ્યો. આસલપુરથી મોહનદાસને બોલાવવામાં આવ્યા.

મોહનદાસે આવીને બાપુની નાડ તપાસી, નરસંગ દેવલોકમાં ચાલ્યા ગયા હતાં.

'રાતે બાપુએ કંઇ કીધું હતું?!' મોહનદાસે આમજનોને પૂછ્યું.

'હાં,' રાતે બેઠેલા સેવકમાંથી એક બોલ્યો, 'શું?!'

'બાપુએ કહ્યું હતું: મારા શરીરને અગ્નિ સંસ્કાર ન આપશો, સમાધિ દેજો!'

'પણ અમારા સંપ્રદાયમાં એવું હોય જો સમાધિ આપો તો... ગામે ટુટડો કરવો પડે. (બ્રહ્મભોજન-ચોરાશિ) જો ગામ ખર્ચ ઉપાડે તો સમાધિ આપીએ.'

મોહનદાસના વાકયે સનાળીના લોકો ચૂપ થઇ ગયા. ગામડું એટલે સાંઢિયાના લીંડા. જો કોઇ આગેવાન ન થાય તો કોઇ કામ ન બને. કોઇનો મત ન પડયો.

મોહનદાસે બાજુના ગામડામાંથી વૈષ્ણવોને તેડાં કર્યા. નરસંગના શરીરને સનાળીના પાદરમાં અગ્નિદાહ માટે કપાડયું. આજુ બાજુના ગામડેથી અનેક માણસો આવેલાં.

ચિતા પ્રગટાવી જટાળા જોગીનો દિવ્ય પ્રતિભાવંત દેહ ચિત્તા પર સુવડાવવામાં આવ્યો. પરંતુ કોઇને ન લાગે કે એ મૃત્યુના ખોળે સૂતા છે. જાણે મીઠી નીંદરમાં સૂતા હોય તેમ મુખ પર હાસ્ય હતું. કમળનાં પત્ર જેવી આંખોના પોપચાં અધખુલ્લા રહ્યાં.

અગ્નિ જવાળાઓએ એમના દેહને લપેટયો. પણ આ શું?! એમની જટા ઉડને એકાએક બહાર નીકળ પડી. બધા વિચારે પડી આ દેહ જેવો દેહ બળીને ભસ્મ થઇ ગયો પણ જટા કાં ન બળે! ત્રણ ત્રણ વખત અગ્નિની ચિતામાં નાખી પણ ફટા....ક...દઇ કાસલુ ડિઝમ બહાર ઉડી પડે!

'હવે, બસ કરો,' ચોથી વખત અગ્નિમાં નાખવા જતાં, મોહનદાસે જટા લઇ લીધી.

સનાળીના પાદરમાં જટાને કુલ સમાધિ આપી. પછી તો ગામ લોકોએ ટુકડો પણ કર્યો. આજે આ વાતને સાત દાયકાના વહાણવાયા છે. આજે પણ સનાળીના પાદરમાં નરસંગનો પરોક્ષ દેહ સમાધિ લઇ બેઠો છે, ચિંચીયા પાસે સનાળી ગામે. આ જોગંદરની ઢેરી પણ છે.

(કુલદીપ)

❋ મોક્ષમાં જવા માટેનો માર્ગ ❋

—શાહ કાંતીલાલ ડાહ્યાલાલ—સુરેન્દ્રનગર

પરમ શાસન પ્રભાવક...સિદ્ધાંત રક્ષક શાસન કોહીનુર પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ઉપદેશ ત્રણ વાકયોમાં, મોક્ષમાં જવા માટેનો માર્ગ બતાવે છે, સંસાર છોડવા જેવો છે. સાધુપણું જ લેવા જેવું છે. મોક્ષ મેળવવા જેવો છે.

જે પ્રાણીઓ દીક્ષા ગ્રહણ કરે છે, તેઓ આ સંસારમાં પણ ખરેખર અમૃત રસનું પાન કરે છે. તેઓને આ ભવમાં પણ કોઈ પ્રકારની અડચણ થતી નથી અને તેઓ સુખથી ભરપુર રહે છે.

આદિ અને અંત વગરનો આ સંસાર જેમાં જન્મ મરણ વારંવાર થતા હોવાથી જે ઘણો ભયંકર છે, તેમાં તીર્થંકર મહારાજના મતની દીક્ષા લેવી તે પ્રાણીને માટે ઘણું મુશ્કેલ છે, એ દીક્ષા અત્યંત નિર્મળ છે અને મન વચન કાયાના સર્વે સાવદ્ય યોગો પર અંકુશ આણનાર છે.

એ અત્યંત દુર્લભ દીક્ષા લેવી તે પ્રાણીને હૃદયમાં આવતી નથી, જ્યાં સુધી પ્રાણી તેનો લાભ મેળવી શકતો નથી, ત્યાં સુધી આ સંસારમાં તેને અનેક પ્રકારના પારાવાર દુઃખો થાય છે ત્યાં સુધી રાગ દ્વેષ અને તેનાં ભયંકર પરિણામો તેના પર...પોતાની અસર બતાવ્યા કરે છે, ત્યાં સુધી કર્મો પોતાના પ્રભાવ તેના પર સ્પષ્ટપણે દાખવ્યા કરે છે. ત્યાં સુધી અનેક પ્રકારની આપત્તિઓ આવ્યા કરે છે, ત્યાં સુધી જન્મ મરણના ફેરા થયા કરે છે.

જ્યારે કર્મ માર્ગ આપે અને લોકનાથ શ્રી ભગવાનદેવની કૃપા થાય ત્યારે તીર્થંકર મહારાજ શ્રી જિનેશ્વરદેવની બતાવેલી દીક્ષા પ્રાણીને પ્રાપ્ત થાય છે અને પછી પ્રાણીઓનાં સર્વ પાપો ધોવાઈ જતા જાય છે.

જીવ જે જે સમયે જે જે ભાવથી રહે છે. તે પ્રમાણે તે તે સમયે શુભ કે અશુભ કર્મ બાંધે છે તેથી પ્રાણી છેવટે જ્યાં સર્વે પ્રકારનો આનંદ નિરંતર રહેલ છે. અને દુનિયાનાં સર્વે કલેશોની જ્યાં ગંધ પણ નથી એવી ઉત્તમોત્તમ ગતિએ પહોંચી જાય છે અને ત્યાર પછી જે ભયંકર ઉપદ્રવો સંબંધી સર્વ ઉપાધીઓ તેનાથી દૂર ચાલી જાય છે.

સાધુ જીવનમાં રાજ ભય, ચોર ભય, આજીવિકા ભય, કે વિયોગ ભય નથી. આ ભવમાં પણ સુખ છે અને પરભવમાં પણ સુખ છે, તેથી સાધુપણું રત્નચિંતામણી છે.

સાધુજીવનમાં મોટે ભાગે સ્વાત્મ સંતોષ અને હેય વસ્તુનો પણ ઇચ્છાપૂર્વક ત્યાગ જોવામાં આવે છે. મુનિ જીવન બાવીશ પરીષહ સહન કરવાથી સફળ થાય છે.

સ્વ. પૂજ્યપાદ આ. શ્રી રામચન્દ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ પાંચમાં આરામાં ધર્મ કલ્પવૃક્ષ જેવા હતા. તેમના સાનિધ્યમાં જે શીતળતા આવતી તેનું વર્ણન કરી શકાતું નથી. પૂજ્યનું ચોમાસું પાલીતાણા હતું ત્યારે હું અને અંકેવાળીયાના શ્રી નટુભાઇ વંદન કરવા ગયા હતા ત્યારે પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરિ સાહેબની ઉપસ્થિતિમાં શાસનના કાર્ય કરવા તેમને જે "મહાભાગ્યશાળીના આશિષ આપ્યા છે, તે હજુ પણ કાનમાં મંગળ ધ્વનિ માફક સંભળાય છે.

આવા ઉપકારી ગુરુદેવના ચરણમ I.

"હાશ! હવે મને શાંતિ થઈ!"

પાલિતાણાની વાત છે.

બે ડોળી એક સાથે તીર્થાધિરાજના તીર્થંકરને ભેટવા જઇ રહી છે.

ડોળી થોડે દૂર ગઈ હશે. ત્યાં જ ૯૨ વર્ષનો ઘરડો હાથ કપાળ કૂટતાં કહે છે. "અરે રે!"

એક મુનિવર આ સાંભળી ગયા. તેમણે ડોળીમાં રહેલા તે મહાપુરૂષને પૂછ્યું– 'આપને કંઇ થાય છે?'

ત્યારે મહાપુરૂષ હૈયા–વરાળ ઠાલવતા કહે છે કે–આના કરતાં તો મારા ડોલીવાળા સારા. ચંપલ પહેર્યા વિના તો ચડે."

અને બીજી જ ક્ષણે બીજી ડોલીમાં બેઠેલા એક આચાર્ય ભગવંતને અબર પહતા ડોલીવાળા બકલી નાંખ્યા.

અને...નાસિકના તે ચંપલ પહેર્યા વગર ચડેલા ડોલીવાળાઓએ જ્યારે આ મહાપુરૂષની ડોળી ઉપાડી ત્યારે આ મહાપુરૂષ બોલે છે કે– "હાશ! હવે મને શાંતિ થઇ."

આ મહાપુરૂષ બીજા કોઇ નહિ પણ પ. પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્‌વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ જ.

જયણાની અજબ જ્યોત!

—શ્રી ચંદ્રરાજ

: ગુરુ ગુણ ગરિમા :

(મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું)

રામચન્દ્રસૂરિરાજના નામે ઇતિહાસો સર્જાઈ ગયા.
એમે ઇતિહાસોને જોવાના દિનો હવે તો વહી ગયા... ૧

સાગર તટ પર એકલપંડે છૂપી પ્રવ્રજ્યા લેનારા,
દોહ્યલે લાખો જનોની વચ્ચે દીક્ષા વ્રત દેનારા... ૨

'સમકિત જ સમાધિ મળશે સમાધિથી મુક્તિ મળશે.'
આ ઉપદેશને દેનારા એ, ચોક્કસ શિવપદની રળશે... ૩

સાચી વાતો સમજવા પણ સક્ષમ આજે કોઈ નથી.
ત્યારે એ વાતો સમજાવી જનાર વિસરાશે ન કદિ... ૪

એમની આંખે અમૃત જેવી, મધુરતા ઊભરાતી હતી,
તો'ય અથાસ્ત્રીયતા તો એના તેજ થકી ગભરાતી હતી... ૫

એના હોઠે તો રમતા'તા વચનો સહુ ઉત્સાહભર્યા,
એમના વિરોધમાં પડનારાનાં યત્નો સર્વે વ્યર્થ ઠર્યાં... ૬

એમે સાગર દિલ મહામાનવના ગુણલા ગાવા કેવી રીતે,
સાગરનાં મોજાને રત્નોને અરે ! ગણવા કેવી રીતે... ૭

શાસ્ત્ર હતાં એના શ્વાસોમાં, સમકિત રગ રગમાંહી હતું,
શિવપદ દેવાનાં પળકારે સત્ય તો જીવનમાંહી હતું... ૮

સરસ્વતી માતા તો એના હોઠે હંમેશા વસતી,
ચરણોમાં લક્ષ્મી...કીર્તિને યશગાથા રમતી હસતી... ૯

મહાપ્રતિભામય મસ્તકમાં જિન-આજ્ઞાનો વાસ હતો.
એના પગની ધૂળમાંથી પણ સર્જાતો ઇતિહાસ હતો... ૧૦

જિનવાણીની મુદ્રા એના વચનોમાં જીવંત હતી,
અંતરના ભાવોની ભરતી સુણતાં એહ અનન્ત થતી... ૧૧

એના નાલેક કરમાં સઘળી સિદ્ધિઓ છલકાઈ હતી,
એ કરને શિરપરને પામીને, અમ ભક્તિ હરખાઈ હતી... ૧૨

જાણી ના શકીએ ચિન્તનમાં એના શા આદર્શ હશે.
જોયું એ કે 'મોક્ષ કે સંયમના' નામે તસ આંખ હસે... ૧૩

વિચાર ધારા અવિરત એની આત્મશુદ્ધિને પંથ હતી.
પ્રચંડ પુરૂષાર્થી ભળાઓ એને મન તો કંથ હતી... ૧૪

સંઘર્ષો કે સન્માનોમાં એક રૂપ સ્મિત કરનારા.
જીવનને મૃત્યુમાં સમરૂપ મહા સમાધિ ધરનારા... ૧૫

એની પર જે મહાગુરુઓની કૃપા સદૈવ અપાર હતી,
'વીર' 'જ્ઞાન'ને 'પ્રેમ'ની ત્રિપુટી એની હૃદયાધાર હતી... ૧૬

આ ગુરુવરની છાતી ઉપર આક્રમણો બહુ અફળાયા,
'સત્ય સાચવ્યું એણે' આથી એ સ્વાગતમાં પલટાયા... ૧૭

ત્રિભુવનમાંથી 'રામ વિજયજી' જે સાહસથી તેઓ બન્યા (૨)
એ જ સાહસથી 'સત્યના સ્વામી બનનારા' અમે એને ગણ્યા... ૧૮

નામ ગુરુનું... જિનશાસનનું.... ને નિજનું એણે રાખ્યું. (૨)
પૂર્વ મહાપુરુષો જેવું ને જીવન એનું તો દાખ્યું... ૧૯

'તુજને પૂજ્યા... દેહ પૂજ્યો તુજ...તુજ રાખ ધરી છે માથે,
હવે વિચારો સમજી તારા રહેશું ગુરુ ! તુજ સંગાથે...' ૨૦

જીવનના સઘળા દિવસોમાં ભક્તિભાવે પ્રાર્થીએ,
સ્મરતાં 'શમ' મંથ જીવન તારું શિવપદને આરાધીએ... ૨૧

—શ્રી શમી

: શ્રી સંઘ ભક્તિનું ફળ :

यद्भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यवत् ।
चक्रित्वं त्रिदशेंद्रतादितृणवत् प्रासंगिकं गीयते ।।
शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः ।
संघः सोऽद्यहरः पुनातु चरणन्यासैः सतां मन्दिरम् ।।

જેની ભક્તિનું મુખ્ય-પ્રધાન ફળ તો શ્રી અરિહંત પદવી અને પરમપદની પ્રાપ્તિ છે અને કૃષિમાં ધાન્યની ઉત્પત્તિ પૂર્વે ઘાસની જેમ જેનું આનુષાંગિક ગૌણ ફળ ચક્રિપણું અને દેવ-દેવેન્દ્રાદિપણું ઘાસ સમાન છે. જેના મહિમાની સ્તુતિ કરવામાં ખુદ બૃહસ્પતિની વાણી પણ શક્તિ ધરાવતી નથી અર્થાત વામણી પડે છે તેવો ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને માથે ચઢાવી, આજ્ઞા મુજબ જીવતો પાપનું હરણ કરનારો ચતુર્વિધ શ્રી સંઘ, પોતાના ચરણ ન્યાસો વડે સજ્જનોના ગૃહોને પવિત્ર કરો.

સાચો ત્યાગ કયારે આવે

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.!

માણસે સૌથી પહેલો આ નિર્ણય કરવા જેવો છે કે-- 'મારે દુઃખ નથી જોઈતું, માટે મારે કોઇના દુઃખમાં કારણભૂત બનવું નહિ; અને મારે સુખ જોઈએ છે, માટે મારે કોઇનાય સુખમાં વિઘ્ન કરનારા બનવું નહિ. પણ બને તો બીજાના સુખમાં સહાયક બનવું!' આ વિચાર આવશે, એટલે ઘણા વિચારો કરવા પડશે. એમ થશે કે-કમથી કમ આપણે તેવો વિચાર નહિ કરવો, તેવું વચન નહિ બોલવું અને તેવું વર્તન પણ નહિ કરવું, કે જેથી સામાને દુઃખ થાય! 'આપણા અમુક વિચાર આદિથી સામાને દુઃખ થશે કે નહિ?' -એ જાણવાનો ઉપાય શો? એ જ કે-એવો વિચાર કોઇ મારે માટે કરે તો તેથી મને દુઃખ થાય કે નહિ?, એવું વચન કોઇ મને કહે તો તેથી મને દુઃખ થાય કે નહિ? અથવા એવું વર્તન કોઈ મારા પ્રત્યે કરે, તો તેથી મને દુઃખ થાય કે નહિ? બીજાના મારા પ્રત્યેના જેવા વિચાર આદિથી મને દુઃખ થાય, તેવા વિચાર આદિ મારે બીજા કોઈ પ્રત્યે કરવા નહિ. આ તો સીધી વાત છે ને? અસલી વાતમાં તો, ધર્મના વિશદ સ્વરૂપનું વિશદ જ્ઞાન જરૂરી નથી ને? આંટલું કરવા માંડો, પછી જુઓ કે-તમારે તમારા રાગ ઉપર કેટલો કાપ મૂકવો પડે છે અને કેવો ત્યાગ કેળવવો પડે છે! મનુષ્ય જ્યાં સુધી ઇન્દ્રિયસુખની લોલુપતાને કાબૂમાં લે નહિ અને પોતાની જરૂરીયાતો ઉપર કાપ મૂકે નહિ, ત્યાં સુધી તેનામાં વિશ્વધર્મની આ ભૂમિકા પણ આવી શકે નહિ. રાગી માણસ માટે આ શકય છે? રાગ ભૂંડો લાગે અને ત્યાગ સારો લાગે, રાગમાં તણાવું ગમે નહિ અને ત્યાગમાં દોડવું ગમે, તેનાથી જ આ શકય છે; કારણ કે-વાત વાતમાં, રાગ હોય તોય ત્યાગ કરવો પડે, કેમ કે-મન થાય તો ય તેવું ન કરવું, કે જેવું બીજા મારા પ્રત્યે કરે તો મને ગમે નહિ, એવો નિયમ છે! જગતને ઉપદ્રવભૂત થતા બચવું હોય, તો ત્યાગ વગર છૂટકો જ નથી. ત્યાગી માણસ જગતને ઉપદ્રવભૂત થાય નહિ. એ જીવે જ એવી રીતે કે-કોઇના પણ દુઃખમાં એનું જીવતર છે એમ કહેવાય નહિ. તમારૂં જીવતર કોઇને ય માટે દુઃખનું કારણ નથી, એમ કહી શકશો? કેટકેટલા જીવોના કચ્ચર ઘાણમાંથી તમારૂં સામાન્ય પણ સુખ સર્જાયું છે, એ પણ એક ઝીણવટથી વિચારવા જેવી બીના છે. તમને સંસારના રાગ ઉપર ગુસ્સો આવે છે ખરો? મારો સંસારનો રાગ કેવો ભૂંડો છે કે-હું જેમ સુખનો અર્થી છું, તેમ સર્વ જીવો સુખના અર્થી છે, છતાં પણ મને સંસારનો રાગ બીજાના સુખ પ્રત્યે બેદરકાર બનાવે છે, એમ થાય છે? સંસારનો રાગ ભૂંડો લાગ્યા વિના, સાચો ત્યાગ આવી શકે જ નહિ. સંસારનો રાગ ભૂંડો લાગ્યા પછી જ, સાચા ત્યાગનો રાગ આવી શકે. ત્યાગની વાતો કરનારા તો ઘણા છે અને કોઈ તજે તો વાહવાહ બોલનારાય છે, પણ પોતાના ત્યાગ માટે પ્રયત્નશીલ કેટલા? ત્યાગ પણ રાગ માટે થાય, તો એથી મોક્ષ મળે નહિ.

સંસારનો રાગ ભૂંડો લાગે અને રાગના હેતુથી ત્યાગ થાય, તો મોક્ષ મળે મોક્ષનાં સાધનોને સંસારના રાગથી સેવનારા પણ હોય. સંસારના રાગથી જ વર્તમાન સંસારસુખનાં સાધનોના રાગ ઉપર કાબુ મેળવે, એવો વૈરાગ્ય કેળવે અને ત્યાગ કરે, પણ એથી આત્માને જે સાચો લાભ થવો જોઇએ તે ન થાય. જેમ વિષયનો અતિ રાગી પણ, નિર્વાહના સાધન માટે સ્ત્રી–પરિવારાદિનો કેટલોક કાળ ત્યાગ કરે છે ને ? ભોગની લાલસા ઉપર કાબુ મેળવીને, નોકરી કે વહેપાર કરવાને માટે કેટલા લોકો જાય છે ? એવાનો ત્યાગ એ શું ત્યાગ, છે ? એવાઓને જો જોઇતું સાધન મળી જાય, તો એ શું કરે ?

(જૈન પ્રવચન વર્ષ ૨૬ અંક ૪૦–૪૧)

અભય આપનાર સર્વત્ર અભય બને છે.

અભયં સર્વસત્ત્વેભ્યો યો દદાતિ દયાપરઃ !
તસ્ય દેહાદ્વિમુક્તસ્ય ભયં નાસ્તિ કુતશ્ચન !!

દયામાં તત્પર એવો જે પુરુષ સઘળા ય પ્રાણીઓને અભય આપે છે, તે પુરૂષને ભવમાં તો ભય નથી, પરંતુ આ દેહનો ત્યાગ કરી પરભવમાં જાય તો ત્યાં પણ તેને કોઇ જાતનો ભય રહેતો નથી.

ક્રોધની ભયાનકતા

આકરઃ સર્વદોષાણાં ગુણાનાં ચ દાવાનલઃ !
સંકેતો ઽખિલકષ્ટાનાં ક્રોધ સ્ત્યાજ્યો મનીષિણા !!

સઘળાય દોષોની આબાદૂત, સંપૂર્ણ આત્મગુણોને બાળવા માટે દાવાગ્નિ સમાન, સઘળાં ય કષ્ટો ને આપવાને માટે સંકેત રૂપ એવા ક્રોધનો બુદ્ધિમાન પુરુષે ત્યાગ કરવો જોઇએ.

તો બધાના દાસ થવું પડશે

તૃષ્ણાં ચેહ પરિત્યજય કો દરિદ્રઃ ક ધનેશ્વરઃ !
તસ્યાશ્ચેત્પ્રસરો દત્તો દાસ્યં ચ શિરસિ સ્થિતમ્

જો અહીં તૃષ્ણાનો ત્યાગ કર્યો તો પછી દરિદ્ર કોણ અને શ્રીમંત કોણ ! અને જો તૃષ્ણાને અવસર આપ્યો તો પછી બધાને માથે તારી ગુલામી લખાયેલી છે.

પ્યારા ભૂલકાંઓ,

બાલ વાટિકા તમારી સામે નવનવી સામગ્રીઓ લઈને ઉપસ્થિત થાય છે. બાલ જીવનને સુસંસ્કારિત બનાવવા માટે હંમેશા સુસાહિત્યના સંસર્ગમાં રહેવું જોઇએ. આજના ભૌતિક સાધનો જેવા કે રેડીયો, વીડીયો, કેબલ ટી. વી. અને ડીટેકટીવ સાહિત્યથી બાલ જીવનમાં ઝેરનાં બી રોપાય છે. જાણે અજાણ્યે આવી પ્રવૃત્તિઓમાં સબડાયેલો માનવી કયારેક ભડકે બળી ઉઠે છે.

ભૂલકાંઓ એટલું સમજી રાખજો કે જીવનને ઉન્નત અને ઉર્ધ્વગામી બનાવવું હોય તો આજના ભૌતિક સાધનોથી હંમેશાં દૂર રહેજો. વિશેષ,

તમારો પરિચય પણ એવા મિત્રો સાથે કરજો કે જેથી તમારું અધઃ પતન ન થાય. ઘણી વખત મિત્રોની સંગતીથી ઘણા બાળમિત્રો અંધારી આલમમાં ઘસડાઇ જાય છે. જીવન બરબાદ કરી નાંખે છે. તમારે પણ તમારું જીવન વેડફી ન નાખવું હોય તો તમે પણ સાવધ બની જજો.

બાલ જીવન કોમળ ગુલાબના ફૂલ જેવું છે. સંસારના શિરમોર તરીકે બાલ જીવન પંકાયેલું છે આજની ભૌતિક સામગ્રીઓથી ઘસડાઇ આવેલી અંતરની આતશબાજીને સમાવવા મને જીવન પવિત્ર બનાવવા સદા સુગુરુઓના સાનિધ્યમાં રહેજો. સારું સારું વાંચન કરજો. મનન કરજો. કલ્યાણ માર્ગના યાત્રી બનજો. વધુ અવસરે...

—રવિશંકર

સંતા કુકડી

નીચે આડા અવળા બોધી વાકયો શબ્દોની સંતાકુકડી રમતા બરાબર ગોઠવશું તો આપણને ઉપયોગી આદરવા લાયક સુંદર વાકયો મળશે.

- માફ તું ખરા.
- થા બિમારનિની તું.
- ખરા મયસં તું.
- ડાંઘા તું નેભલો.

—તૃપ્તિ

હાસ્ય એ દરબાર

એક શેઠની તિજોરી બંધ થઇ ગઇ અને કોઇ રીતે ખુલવાનું નામ લેતી નહોતી. તેણે જેલના સત્તાવાળાઓનો સંપર્ક સાધીને કહ્યું કે જો તેમની પાસે તિજોરી ખોલી શકે એવો કોઇ નિષ્ણાત કેદી હોય તો તેમને મુસીબતમાંથી છુટકારો મળી શકે.

પોલિસવાળાઓની એક પાર્ટી કેદીને

લઇને શેઠના ઘરે પહોંચી ગઇ. કેવીએ થોડી ક્ષણોમાં પોતાની નિપુણતા અને અનુભવના આધારે તિજોરી ખોલી દીધી. શેઠે આભાર માનતા કહ્યું, 'હું આપને કંઇ બક્ષીસ આપવા ચાહું છું" કેવીએ શાંતિથી કહ્યું, 'છેલ્લો વાર જ્યારે મેં આ પ્રકારની તિજોરી ખોલી હતી ત્યારે મને એક લાખ રૂપિયા મળ્યા હતાં.

–મેહુલ તરૂણભાઇ શાહ

ચોકઠા ચતુર

નીચે આપેલા ચોકઠામાં ૧૩ શબ્દોના ૪૮ અક્ષરો આડા અવળા લખ્યા છે. શોધી આપશો ને ? દરેક શબ્દનો એકેક અક્ષર ઘેરી શાહીથી લખેલ છે. દરેક શબ્દ એક જ વાર વાપરવો.

ર્હ	ધા	કા	ચ	ડ	દુ	ક્ષા
૫	હિ	રા	ત	વ	૫	મા
શિ	નુ	ભ	ર્થ	ધ	ત	સિ
લ	પુ	આ	શ	ધિ	ક	રૂ
વે	તિ	ત	લા	પ્ર	અ	પુ
રે	ન	રિ	ષ	પ્રે	ભો	તિ
ચો	ર્હી	ધિ	તા	મૃ	ભૂં	દ્ધ

૧. એક પ્રકારની ભાવના.....
૨. એક પ્રકારની મહાસિદ્ધિ.....
૩. એક પ્રકારની લેશ્યા.....
૪. એક પ્રકારની ક્રિયા.....
૫. ચક્રવર્તિના એક રત્નનું નામ.....
૬. તજવા યોગ્ય ૪ આશાતના.....
૭. એક કાઠીયાનું નામ.....
૮. એક સિદ્ધનો ભેદ.....
૯. એક પ્રકારની નિદ્રા અટકાવો
૧૦. એક પ્રકારનો સ્વાધ્યાય.....
૧૧. એક નિન્હવનું નામ.....
૧૨. એક પ્રકારે મનુષ્યભવ દુર્લભ.....
૧૩. એક વાસુદેવનું નામ.....

–ભોન્કુ

ખાલી જગ્યા પુરો

(૧) શ્રી અરિષ્ટનેમિ ભગવાને..... નામના ઉદ્યાનમાં દીક્ષા લીધી હતી. (૪)

(૨).....બાર યોજન દૂરનો શબ્દ ગ્રહણ કરે છે. (૪)

(૩) અગ્નિ ધીખંતી શિલા ઉપર ..... અણશન કર્યું હતું. (૪)

(૪) કુંથુનાથ ભગવાનની શિબીકાનું નામ હતું. (૩)

(૫) .....યોગીની માતા છે. (૩)

(૬) ભૂખ ભાગવાની ઇચ્છાથી ..... સમકિત પામ્યા. (૪)

(૭) પતનનું કારણ.....છે. (૪)

–હર્ષિત એન. શાહ

"જોડકણું"–ઉકેલ

(એ)

મહાવીર પરમાત્મા
આયુષ્ય
પ. પૂ. વિનય વિજયજી
બીજોરા પાક
શિવપુરી
શ્રીમાન ક્ષેમચંદ્રાચાર્ય
શ્રી ચિદાનંદજી મહારાજ

(બી)
જમાલી
ક્ષણ ભંગુર
શાંત સુધારસ
શ્રાવિકા રેવતી
મોક્ષ
યોગ શાસ્ત્ર
'વાર અનંતી ચૂકયો, ચેતન, ઇણ અવસર મત ચૂક.'

–નેહલ કિરીટ શાહ

❁

ભુલ ભુલામણી ઉકેલ

(૧) મુનિસુવ્રત સ્વામી (૨) ઉપાધ્યાય (૩) લોકપ્રિય (૪) અનંત વીર્ય (૫) દેશવિરતિ

–હર્ષ પી. શાહ

કોયડા ઉકેલ

(૧) વિમલાચલ મેહુલ ટી. શાહ

કોયડો

(૧) શાકનો કહેવાઉં હું રાજા માથે પહેરો લીલો તાજ પહેરીને બંબુડી પોષાક, કરું હું હુમાક હુમાક હુમાક નાચ.

(૨) જય છે છતાં બ્રહ્મા નથી.
ત્રણ નેત્ર છે છતાં શંકર નથી.
પાણીને ધારનાર છે છતાં મેઘ નથી.
વનવાસમાં રહેવા છતાં તાપસ નથી.

–અંકિત [પૂના]

❁

માત્ર સાચું કે ખોટું કહો

(૧) દેવોને પણ નવ અંગે પૂજા કરવામાં આવે છે.

(૨) પ્રથમ દેવની પૂજા કર્યા પછી તે જ કેસરથી ભગવાનની પૂજા થાય છે.

(૩) ખાતાં ખાતાં બોલવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

(૪) દહેરાસરમાં જીવદયાની પેટી રાખી શકાય છે.

(૫) અષ્ટ પ્રકારી પૂજામાં ચામર પૂજા આવે છે.

(૬) ભગવાન દીક્ષા પછી ચોવો રાખે છે.

(૭) શ્રી ઋષભદેવે પ્રથમ પારણું પોતાના પુત્ર શ્રેયાંસકુમારના હાથે કર્યું.

(૮) આવતી ચોવિશીના દરેક તીર્થંકરો ગિરનાર ઉપર મોક્ષે જશે.

(૯) બંનેને અલગ અલગ સમજાવી ઝઘડો કરાવે તેને નારદ કહેવાય.'

(૧૦) સુભદ્રા સતીએ બાવડીમાં પાણી કાઢી દરવાજે છાંટયું.

–અજીત આર. સંઘવી (પૂના)

❁

મણના ઠગલા

ગુંગળામણ, શીખામણ, રીબામણ, પરિશ્રમણ, અથડામણ, અકળામણ, આકમણ, ઘસડામણ, ગલરામણ, લખામણ, ઉઘરામણ, ખરામણ, ભલામણ, અટામણ, શીરામણ, વડામણ.

જીતેન્દ્ર આર. રામસિણા [પૂના]

❁

વિજેતાઓએ જવાબ તા. ૨૪-૧૨-૯૨ સુધી મોકલવા. "અમીષ"

શબ્દ લાલિત્ય-૩

વેલરીચ મેટલ ઇન્ડસ્ટ્રીઝ,
૮૨-૮૪ કીકા સ્ટ્રીટ, ગુલાબવાડી, મુંબઇ

ખરા વિજેતાને ધન્યવાદ સાથે રૂા. ૫૧ મોકલવામાં આવશે.

ઉકેલ મોકલો : બાલ વાટિકા, જૈન શાસન, C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.



આડી ચાવી

૧. એક જીનેશ્વર (૫)
૫. પ્રતિષ્ઠા (૪)
૮. .....પળ (૨)
૯. ઝાડની ડાળી (૪)
૧૦. એક એકી અંક (૨)
૧૨. જરૂર (૨)
૧૩. બહિષ્કાર (૪)
૧૬. કચરો (૨)
૧૭. નક્કામુ (૨)
૧૮. એક પક્ષી (૩)
૨૧. મુરખ (૨)
૨૩. એક જાતનો રોગ, સમીર (૧)
૨૪. એક ફળ (૩)
૨૬. સાધના (૨)
૨૮. અશકત (૪)

૨૯. એક મહાનદી (૪)
૩૧. દામ (૨)
૩૨. એક મંત્રાક્ષર (૧)
૩૩. આંખ (૩)

ઉભી ચાવી

૧. સામાયિકમાં આવશ્યક (૪)
૨. પાણી (૨)
૩. તપ (૨)
૪. બાળ (૩)
૫. જનની (૨)
૬. એક ઋતુ (૪)
૭. મહામંત્રમાં સમાયેલા છે (૪)
૧૧. કાવપેચ (૫
૧૪. સરકારના માણસો ખાય છે (૨)
૧૫. એક ફૂલ
૧૬. પિતાના ભાઇ (૨)
૧૯. પૂ. યશોવિજયજી મ. સા. રચેલ સજ્ઝાય (૫)
૨૦. શતક રાજાનું બિજું નામ (૩)
૨૧. ઈંદ્રનું ઉપવન (૫)
૨૨. ગુજરાન માટે રાજા તરફથી અપાયેલી જમીન (૩)
૨૫. હજુરીયાની પત્ની (૪)
૨૭. ધણું (૨)
૩૦. કઠોર (૨)

શબ્દ લાલિત્ય–૨ ઉકેલ

આડી ચાવી	ઉભી ચાવી
૧. મૂલ્યાંકન	૧. મૂળભુત
૩. સુર	૨. નકુલ
૪. જસ	૩. સુરજ
૬. કુબેર	૪. જય
૭. સંયમ	૫. રામચન્દ્ર સૂ.
૮. ભુતાવળ	૬. કુળ
૧૦. જખમ	૭. સંમ
૧૩. ચંદ્ર	૯. વસુંધરા
૧૪. વીરરસ	૧૧. ખવ્વર
૧૬. અપરાધ	૧૨. કવિ
૧૮. મધુરી	૧૫. સમકિતી
૧૯. કોજ	૧૬. અહોભાવ
૨૧. ભાવ	૧૭. ધરો
૨૨. મંચ	૨૨. શૌચ
૨૩. તિમિર	૨૨. મંદ
૨૫. વણીક	૨૪. મિનાર
૨૮. નાજી	૨૬. કર
૨૯. રવિ	૨૭. હવા
૩૦ દિવાકર.	–અમીષ

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર મંગળવારે નિયમિત પ્રગટ થાય છે

જૈન શાસન [અઠવાડિક]

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/– આજીવન રૂા. ૪૦૦/–

લખો : શ્રી જૈન શાસન કાર્યાલય શ્રી મહાવીર શાસન કાર્યાલય
૪૫– દિગ્વિજય પ્લોટ, જામનગર શાક માર્કેટ સામે, જામનગર

પંક્તિકી આવાજ

– શ્રી ચંદ્રરાજ

હું તો આઈ–પીને પડયો રહું છું....

ખંભાતમાં પૂજ્યપાદશ્રીજીની કેબિનમાં ત્યારે પૂ. પુન્યકીર્તિ વિ. તથા પૂ હર્ષવર્ધન વિ. હાજર છે. સાંજનો જ સમય છે. પૂ. હર્ષવર્ધન વિ. પૂજ્યશ્રીજીના પગમાં મોજા પહેરાવી રહ્યા છે. પૂજ્યશ્રીને આ શરીરની સંભાળ પસંદ ન પડી. એટલે પૂજ્યશ્રી પૂ. પુન્યકીર્તિ વિ. સામે જોઇને કહે છે કે– 'આ જોને મને મોજા પહેરાવે છે. મારા ગુરુ મહારાજે તો જીવ્યા ત્યાં સુધી મોજા નથી પહેર્યા.'' પૂ. પુન્યકીર્તિ વિ. બે હાથ જોડીને પૂજ્યશ્રીજીની મનોવેદના ઝીર્યા શબ્દો સાંભળી રહ્યા છે. હવે પૂ. હર્ષવર્ધન વિ. પૂજ્યશ્રીજીને કહે છે કે– આપના ગુરૂજીની ઉંમર કેટલી હતી?' તરત જ પૂજ્યશ્રીએ પૂ. હર્ષવર્ધન વિ. નો હાથ પકડી દૂર બસેડતા કહ્યું–''આવો જા આમાં ઉંમર જોવાની ન હોય. મોજા ન'તા પહેરતા એ જોવાનું હોય.'' પછી થોડીવાર પછી પૂજ્યશ્રીજીને સ્થંડિલ જવાનું થયું. સ્થંડિલ જઈ આવ્યા પછી પાછો બળાપો કાઢતા પૂજ્યશ્રી બોલ્યા કે–હું આ લોકોને (પૂ. ગુણયશ વિ. વિગેરેને) કેટલા બધા હેરાન કરું છું? પૂ. ગુણયશ વિ. પૂછયું– બાપજી! આપ અમને ક્યાં હેરાન કરો છો? પૂજ્યશ્રીએ કહ્યું–આ બધું સ્થંડિલ–માતુ પરઠવવાનું કામ તમારી પાસે જ કરાવું છું ને? પૂ. ગુણયશ વિ. કહે અમને આપની ભક્તિનો લાભ મળે છે બાપજી! આપ તો સારામાં સારી શાસનની સેવા કરો છો.''

અને ફરી પૂજ્યશ્રી બોલ્યા–હું તો શાસનની કંઇ જ સેવા કરતો નથી. હું તો આઇ–પીઇને પડયો રહું છું'' આ જ રાતે પૂજ્યશ્રીજીનું પ્રતિક્રમણ પૂરું થયા પછી પૂ ગુણયશ વિ. પૂજ્યશ્રીને પગે લાગવા આવ્યા. પૂજ્યશ્રીજીએ પૂછયું–તું કોણ? પૂ. ગુણયશ વિ. કહ્યું–આપ જેને હેરાન કરો છો તે ગુણયશ.' પછી પૂજ્યશ્રીએ કહ્યું. તેં આટલું ને આવું જ યાદ રાખ્યું.'' પૂ. ગુણયશ વિ. કહે–બાપજી હું તો અભણ માણસ છું.'

એટલે જ મને ભણાવે છે, પૂજ્યશ્રીએ કહ્યું. બધાં હસી પડયા. અને હસતા હસતા જ છુટા પડયા.

ગુંજન

મિત્ર પણ શત્રુ બનતો,
જીભ તણી એક તાકાતથી,
શત્રુ પણ મિત્ર બનતો,
આ જીભની જ તાકાતથી.

દેખે પરાયા દોષને,
એવા ઘણેા લોક છે,
દૃષ્ટિ કરે નિજ દોષ પર,
એવા વિરલા કોક છે.

દર્શી

જ્યારે
અમે અંધારામાં ઓગણીને નાશ પામવાના હતા.
ત્યારે
તું સૂરજ બની આવ્યો.
જ્યારે
અમે આગમા ખાખ થઇ જવાનાં હતા
ત્યારે
તું વરસાદ થઇને આવ્યો
જ્યારે
અમે શૂન્યતામાં ફેંકાઇ જવાના હતા.
ત્યારે
તું પૂર્ણત્વની દિશા તરફ અમને લઇ ગયો.
જ્યારે
અમે ઓટમાં તણાઇ જવાના હતા.
ત્યારે
તું નિસ્તારક થઇને આવી પહોંચ્યો.
હે ભગવન !
આજે અમે હતાશામાં છીએ,
દિશાહીનતાનાં અમે ઓગળી રહ્યા છીએ.
છતાં
તું શા માટે આવતો નથી ?
અમે
અનન્ત વેદનાથી આર્તનાદ પોકારીએ છીએ
ત્યારે
તું મોહક સાદ દઇને અમને કેમ બોલાવતો નથી ?
જ્યારે
અમારી આંખો વ્યથાથી ફાટી ગઇ છે
ત્યારે
તું આશ્વાસનનું અંજન કેમ નથી લાવતો...?

ભગવાન !
તું કરુણાનો અવતાર હતો !
કૃપાનો સાગર હતો !
તો,
એ સાગર કયાં ગયો ?
એ ભરતીઓ કયાં ગઇ ?
જીવનના રેતાળકિનારે ઊભા રહીને
અમે, તારી અફાટ ભરતીની પ્રતીક્ષા કરીએ છીએ...
તેમ છતાંય
તું ઊંચા મોજાંઓ સાથે ધસી આવીને,
અમને કેમ તાણી જતો નથી ?
હે મહાન્ !
તારું નામ અને તારું દર્શન એને સરખી તાકાત ધરાવતાં,
તો પછી,
તું શું નામનો મહિમા વધારવા માટે દર્શન લુપ્ત કરી ગયો ?
તારી આ મા-યતા
આજે ખોટી સાબિત થઇ રહી છે.
આજે,
માત્ર નામ હોતાં જ
દર્શનની અનન્ત તૃષા જાગે છે.
નામ સાથે દર્શન સંકળાયેલું છે એ ભૂલું પણ
દર્શન વિનાનું નામ આજે સહેવાતું નથી તારે દર્શન આપવા ઘટે...
તારી કરુણાને ખાતર
તારી મહત્તાને ખાતર
તારી ઉન્નત તેજસ્વિતાને ખાતર
હે ! પ્રભો
તું દર્શન શા માટે નથી આપતો ?
શા માટે ?
શા માટે ?

શાસન સમાચાર

હિંગોલી (મહા)—અત્રે શ્રી શાંતિનાથજી જિન મંદિરનો જીર્ણોદ્ધાર પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ના ઉપદેશથી ચાલું થયું છે. જેનું ખાત મુહૂર્ત્ત કા. સુ. ૬ ના હતું અને શીલાસ્થાપન કા. સુ. ૧૦ ના થયું આ પ્રસંગે પૂજા વિ. મહોત્સવ યોજાયેા હતેા.

આ જીર્ણોદ્ધારના કાર્ય માટે સહકાર માટે અપીલ કરી છે. શ્રી શાંતિનાથ જૈન શ્વે. મંદિર પોસ્ટ ઓફિસ રોડ હિંગોલી [૪૩૧૫૧૩]

મલાડ ઇસ્ટ-રત્નપુરી—પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ. સા. ની નિશ્રામાં દિવાળીના છટ્ટમાં ૧૬૫ આરાધકો જોડાયા હતા. પારણા અતરવાયણા શેઠ અમુલખદાસ ઓતમચંદ તથા શેઠ લલુભાઇ હંશરાજ તરફથી થયા દરેકને શ્રીફળ, પતાસાનો પડો અને ૧૮ રૂા.ની પ્રભાવના થઇ.

કા. વ. ૩ ના પૌષધમાં સારી સંખ્યા થઇ. દરેકને ૪૭ રૂા. ની પ્રભાવના પ્રતિક્રમણમાં ૭ રૂા. પ્રભાવના થઇ પૂ. શ્રીને આંખે ઓપરેશન કરાવવાનું હોવાથી થેાડા દિવસ પછી લાલબાગ સી.પી. ટેંક પધારશે.

અમદાવાદ—અત્રે પૂ. આ. શ્રી વિજય ભદ્રંકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સ્વ. પૂ. પં. શ્રી રવિપ્રભ વિ. મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી નરરત્ન વિ. મ.નેા વીરાણી નવકાર ફ્લેટ ખાકે દશદિવસના મહોત્સવ સાથે માગશર સુદ-૬ ના ગણિપદ પ્રદાન થશે.

ચિત્રદુર્ગ—પૂ. આ. શ્રી વિજય સ્થુલભદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. તીર્થ પ્રભાવક આ. શ્રી વિજય વિક્રમ સૂ. મ. ની ૬ ઠ્ઠી પુણ્યતિથિ તથા સંઘમાં થયેલા વિવિધ તપેાની અનુમેાદન માટે કલ્યાણ મંદિર પૂજન ગૌતમસ્વામી પૂજન શાંતિસ્નાત્ર વિ. અઠાઇ મહોત્સવ આસો વ-૮ થી કા. સુદ ૧ સુધી ઠાઠથી ભણાવાયુ.

સાવરકુંડલા—અત્રે દોશી ઓતમચંદ ખાવચંદના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે તથા તેમના આત્મ શ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજા આદિ ત્રણ દિવસનેા મહોત્સવ આ. વ. ૯ થી ૧૧ પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ. ની નિશ્રામાં ઉજવાયેા હતેા.

રામપુર (ઉ. પ્ર.) પડવા ગામ ખાતે તા. ૨૫-૮-૯૨ના શ્રી ચંદ્રપ્રભસ્વામીના યક્ષ વિજયની મૂર્તિ જમીનમાંથી પ્રાપ્ત થઇ છે જેના મસ્તક ઉપર શ્રી ચંદ્રપ્રભસ્વામીની મૂર્તિ હતી. તે ખંડિત છે.

નવાડીસા–અત્રે પૂ. આ. શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિ.મહોદયસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસમાં થયેલ વિવિધ તપસ્યાની અનુમોદનાર્થે તથા પૂ. આ. શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી જયભદ્રવિજયજી મ.ના સુદીર્ઘ સંયમની અનુમોદનાર્થે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ સહિત અષ્ટાન્હિકા મહોત્સવ કા. સુદ ૧૩ થી વદ ૫ સુધી ભવ્ય રીતે ઠાઠથી ઊજવાયો.

દ્રાક્ષાવરમ (એ. પી.) પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ.ની નિશ્રામાં શ્રી ઋષભદેવાદિ જિનબિંબ તથા ધ્વજ કલશ પ્રતિષ્ઠા ત. ૩૦–૧૧–૯૨ ના ધામધુમથી ઊજાઇ છે. અષ્ટોત્તરી નિમિત્તે આદિ અઠ્ઠાઇ મહોત્સવ નવકારશી ઊજાઈ. પૂ. શ્રીની નિશ્રામાં વૈ. સુ. ૬ ના વિઝાગાપટ્ટમમાં અંજનશલાકા થશે તે અંગે શ્રી મનોજકુમાર હીરણ માર્ગદર્શન આપશે.

ખંભાત–અત્રે જૈનશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં કા. સુદ ૬ જૈનશાળા તરફથી કા. સુદ ૮ વીરચંદ્ર ધનચંદ બગડીયા કારીયાણીવાળા તરફથી કા. સુદ ૯ દેપારભાઇ કેશવજી જામનગર તરફથી કા. સુદ ૧૦ પ્રથમ મનસુખલાલ પોપટચંદ તરફથી બીજી દશમના ડીરુબેન ઊજા તથા અમૃતબેન જેસંગભાઇ લંડન હ: ઝવેરચંદ લાધાભાઇ લાખાબાવળ તરફથી કા. સુદ ૧૧, શાંતિ વિહારની બહેનો તરફથી પૂજાઓ ભણાઇ કા. સુદ ૧૩ બીડવાળા લીલાધર રામજીભાઇ તરફથી નવાણું અભિષેક પૂજા શ્રીફળની. પ્રભાવના ચોમાસી આરાધના સુંદર થઇ. ચાતુર્માસ પરિવર્તન શાહ હીરાલાલ લલુભાઇને ત્યાં પ્રવચન ઠાઠથી થયું. વદ ૧ના શા. કેશવલાલ માણેકચંદને ત્યાં પદ્મ બેન પન્નાલાલને ત્યાં મંગલિક બાદ મંડપમાં પ્રવચન, સંઘ પૂજન વિ. થયા. વદ ૨ ના દહેવાણનગર પ્રસ્થાન વાજતે ગાજતે થયું. ત્યાં કીર્તિભાઇ ભાણાભાઇ બંસીભાઇ તરફથી પ્રવચન બાદ સંઘ પૂજન થયું. વદ ૫ ના શાહ હીમતલાલ મણીલાલ તરફથી રાળજ તીર્થનો સંઘ પગપાળો છે. કા. વ. ૧૧ બોરસદ થઈ વડોદરા માગસર સુદ ૧૦ ના પધારશે ત્યાં માગસર વદ ૩ ના શ્રી પ્રવીણ નાથાલાલ પાદરાવાળા હનીરોડ પ્રતિષ્ઠા છે બાદ સુરત આતે વાપી પોષ સુદ ૧૫ આસપાસ પધારશે.

રાજકોટ–અત્રે શ્રી વર્ધમાનનગરમાં તીર્થસ્વરૂપ શ્રી સંભવનાથ સ્વામી જીનાલય તથા વિશાલ શ્રાવક ઉપાશ્રયનું સ્વ દ્રવ્યથી નિર્માણ કરનાર શ્રીમાન શ્રેષ્ઠિવર્ય શ્રી અમૃતલાલ ભાણજીભાઇ શાપરીયા આસો વદી ૫ ના રોજ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામ્યા તેમના સ્વર્ગવાસ નિમિતે તેમના પરિવાર તરફથી અત્રે ચાતુર્માસ બિરાજમાન પ. પૂ. મુ. શ્રી લાભવિજયજી મ. સા. તથા પૂ. મુ.

શ્રી દિવ્યકીર્તિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી પુન્યકીર્તિવિજયજી મ.ની શુભ નિશ્રામાં કારતક સુદ ૭ થી શ્રી બૃહદ સિદ્ધચક્ર પૂજન તથા શાંતિસ્નાત્ર યુકત પંચાન્હિકા મહોત્સવ ખુબ જ ભવ્ય રીતે ઉજવાયો. દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચના પ્રભાવના તેમજ વ્યાખ્યાનમાં સંઘપૂજન આદી સારીરીતે થયું હતું. કા. સુદ બીજી ૧૦ ના તેઓશ્રીની પુજ નીમીતે સારી ધર્મોદાની રકમ જાહેર થયેલ. બપોરે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવેલ. જીવદયાની ટીપ ખુબ જ સારી થયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ. વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલા. સંગીતમાં અત્રેના શ્રી જિનેન્દ્ર ભકિત મંડળે સારી જમાવટ કરી હતી. કા. વ ૯ થી શ્રી સંઘ તરફથી શેઠના સ્વર્ગવાસ નિમિતે શ્રી બૃહત સિદ્ધચક્ર પૂજન તથા શાંતિસ્નાત્ર યુકત પંચાન્હિકા મહોત્સવ ઉજવાશે.

વરકાણા– અત્રે કા. સુ. ૧૫ ઉપર યાત્રા મહોત્સવ રાખેલ છે. જેમાં શા. સરેમલ શિવલાલ બેંગલોરવાલા તરફથી સ્વામિવાત્સલ્ય રાખેલ હતું. પૂજા દ્રવ્યોની બોલી સારી થઇ.

વિરાર નગરે ઉપધાન તપ આરાધના પ્રસંગે ભાવભર્યું આમંત્રણ.

શુભ નિશ્રા.

પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ. મ. સા.

પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂ મ. સા.

પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય વીરશેખર સૂ. મ. સા.

આપણા હાલાર દેશના જ ત્રણ ત્રણ પૂજ્ય આચાર્ય ભગવંતોની પાવન નિશ્રામાં હાલારીઓને ઉપધાન કરવા માટે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. તેઓશ્રીની પાવન નિશ્રામાં આરાધકોને વધારે અનુકુળતા રહેશે.

પ્રથમ મુહૂર્ત :– માગસર સુદ ૬ તા. ૩૦–૧૧–૯૨ સોમવાર.

દ્વિતીય મુહૂર્ત :– માગસર સુદ ૮ તા. ૨–૧૨–૯૨ બુધવાર.

: મુખ્ય લાભ લેનાર :

શ્રી જેસંગલાલ મોહનલાલ ફડિયા પરિવાર–વિરાર.

હઃ અમૃતલાલભાઇ, નટવરલાલભાઇ, જીતુભાઇ.

સુકૃતના સહભાગી :

શ્રી દેવશીભાઇ મેઘજીભાઇ પેથડ પરિવાર

હાલાર–રાસંગપર હાલ વિરાર.

સાવરકુંડલા–અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન સારી રીતે પુર્ણ થયા, ૨૬ માળ છે તેનો મહોત્સવ કા. વ. ૧૧ થી ૧૩ છે તેરસના માળ વરઘોડો તથા માળારોપણ સ્વામી વાત્સલ્ય છે. ત્યાંથી પૂજ્યશ્રી પગપાળા સંઘ સાથે મા. સુ. ૨ ના પ્રયાણ મા. સુ. ૯–૧૦–૧૧ અટ્ઠમ થશે.

બોરીવલી–ચંદાવરકરલેન – અત્રે પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. ગણિવર્ય શ્રી નરવાહન વિજયજી મ. આદિની નિશ્રામાં કા. વ. ૫ થી ૧૩ સુધી શાંતિસ્નાત્ર વીશ સ્થાનક પૂજન ભવ્ય રથયાત્રા સહિત પંચાન્હિકા મહોત્સવ પૂ. પાદ રામચંદ્ર સૂ. મ. ના ઉપકારોની સ્મૃતિ તથા શ્રી વિક્રમભાઇ તેમના ધર્મપત્ની વિમળાબેનના જીવંત મહોત્સવ તથા વિક્રમભાઇના સુપુત્ર સ્વ. સંદીપભાઇના આત્મશ્રેયાર્થે શાહ ચીમનલાલ રણછોડદાસ શાહ તરફથી આ ભવ્ય મહોત્સવનું આયોજન કર્યું છે.

અમદાવાદ–હલેલાવાળાનો ઉપાશ્રય–અત્રે પૂ. આ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજાદિની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી મ. ની ૪૩મી પુણ્ય તિથિ તથા ચાતુર્માસની આરાધનાના અનુમોદન માટે કા. વ. ૫ થી ૯ સુધી સિદ્ધચક્ર પૂજન ૪૫ આગમ પૂજા આદિ પંચાન્હિકા મહોત્સવ ભવ્યરીતે ઉજવાયો.

સિદ્ધાચલ મહાતીર્થ–અત્રે મહારાષ્ટ્ર ભવન જૈન ધર્મશાળા ખાતે પૂ. આ. શ્રી વિજય મહાબલસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય આરાધના થઇ, ચાતુર્માસ આરાધના તથા પૂ. આ. શ્રી વિજય વર્ધમાનસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી જયભદ્રવિજયજી મ. ના સંયમ જીવનની અનુમોદના તથા માળારોપણ ૨૭ છોડના ઉજમણા સાથે અઠ્ઠાઇ મહોત્સવ કા. સુદ ૭ થી કા. સુદ ૧૫ સુધી તથા માગશર વદ ૯ થી વદ ૧૩ સુધી ઉજવાયા, કા. વ. ૧૩ ના માળારોપણ થશે.

ખંભાત–અત્રે પૂ. આ. શ્રી વિજય યશોરત્ન સૂ. મ. ની નિશ્રામાં પૂ. સા. શ્રી વૈરુપ્યાશ્રીજી મ. ના ૫૦૦ આંબેલ તપ તથા ધર્મચક્ર તપની પૂર્ણાહુતિ અને અનુમોદના નિમિતે શેઠ સુંદરલાલ ઉજમશી તરફથી આ. સુદ ૧૫ ના સિદ્ધચક્ર પૂજન માણેકચોક વદ ૧ ના ૧૦૮ પાર્શ્વ પુજન સ્થંભના પાર્શ્વનાથ દેરાસરે ઠાઠથી ભણાવાયા હતા,

વડોદરા–અત્રે એરોડ્રામ સામે હરણી રોડ પર મહાવીર ધામ સોસાયટીમાં શ્રી પ્રણવચંદ્ર નાથાલાલ શાહ પાદરવાળાના જિન મંદિર માગશર વદ ૩ ની પ્રતિષ્ઠા છે, આ પ્રસંગે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિ અત્રે પધારશે.

પાટણ–અત્રે આશીષ સોસાયટીમાં મનફરા–કચ્છના શા હંસરાજ ધનજીભાઇ ઢોઢિયા પરિવારના મુમુક્ષુ પ્રવીણાબેનની દીક્ષા પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. પૂ. આ. વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં માગશર વદ ૩ના થશે દીક્ષા નિમિત્તે મનફરામાં કા. વ. ૮થી ૧૨ સુધી શાંતિસ્નાત્ર સ્વામિ વત્સલ આદિ મહોત્સવ પૂ. ઉ. શ્રી પ્રીતિ વિજયજી ગણિવર આદિની નિશ્રામાં ઉજવાશે.

ભોરોલ તીર્થ (બનાસકાંઠા)–અત્રે પૂ. વર્ધમાન તપોનિધિ મુ. શ્રી ગુણયશ વિજયજી મ. તથા પ્રખર પ્રવચનકાર પૂ. મુ. શ્રી કીર્તિયશ વિજયજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની વિશાળ પાયા ઉપર આરાધના નક્કી થઇ છે.

પ્રવેશનું પ્રથમ મુહુર્ત્ત માગશર સુદ ૧૧ તથા બીજું મુહુર્ત્ત માગશર સુદ દ્વિ. ૧૨ છે. માળા રોપણ મહા સુદ ૨ના થશે.

આ પ્રસંગે સુ. ૩નો ગુરુઢોલોનો પ્રવેશ થશે તથા માગશર સુદ ૬ થી ૧૦ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઉજવાશે ઉપધાનમાં પધારવા આમંત્રણ અપાયું છે. તા. થરાદ વાયા ડીસા પિન–૩૮૫૫૬૫

બીલીમોરા–અત્રે પૂ. શ્રી અકલંક વિ. દ્વારા સંપાદિત પુસ્તકો ઉત્તરાધ્યાયન ભા.૧ સાધુ સાધ્વી આવશ્યક ક્રિયા સૂત્રો સાથે ધર્મ પરિચય.

ભક્તામર પૂજન આ પુસ્તક પૂ. સાધ્વીજી મ.ના કાયમી સરનામાં આવ્યે ભેટ મોકલાશે.

ડો. કવિનભાઇ શાહ અષ્ટ મંગળ ફ્લેટ વખારીયા બંદર રોડ બીલીમોરા વલસાડ.

રાજકોટ–અત્રે શાહ શિવલાલ ભુદરભાઇ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી કાંતાબેનના જીવનના સુકૃતોની અનુમોદના અર્થે તેમના પરિવાર તરફથી પૂ. મુનિરાજ શ્રી દિવ્યકીર્તિ વિ. મ. આદિ તથા પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. આદિની નિશ્રામાં માગશર સુદ ૩થી ૭ સુધી શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર જલયાત્રા વરઘોડો સાધર્મિક વાત્સલ્ય આદિ પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ભવ્ય રીતે ચોજાયો છે ઉત્સાહ ઘણો છે.

ડુમકુર–અત્રે (કર્ણાટક)–અત્રે પૂ. આ. શ્રી વિજય ધનપાલ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ.ની ૨૦ મી પુણ્યતિથિ નિમિત્તે ભક્તામર પૂજન આદિ મહોત્સવ કા. સુ. ૩થી ૫ સુંદર રીતે ઉજવાયો.

કોલ્હાપુર–(લક્ષ્મીપુર) પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. મુ. શ્રી શ્રેયાંસપ્રભ વિજયજી મ.ને ગણિપદ પ્રદાનનો મહોત્સવ કા. વ. ૧૩થી માગશર સુદ ૬ સુધી શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ચોજાયો છે સુદ–૬ના સવારે ગણિપદ પ્રદાન થશે.

✤

મુંબઇ–તારદેવ ફ્રેારજેટ હીલમાં કુમુદ મેન્શનમાં પેાતાના ગૃહ મંદિરમાં શ્રી અજિતનાથ સ્વામિ આદિ જિનબિંબેાની પ્રતિષ્ઠા તથા તે પ્રસંગે શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા મહેાત્સવ પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ.ની તથા પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રી હસમુખલાલભાઇ ચુનીલાલ મેાદી તરફથી થશે.

મા. સુ. ૬ થી ૧૦ ઉત્સવ છે. કા. વ. ૧૧ના પ્રભુજી તથા ગુરુદેવેાનેા પ્રવેશ થશે. હસમુખભાઇના સંસારી પક્ષેત્રેન પૂ. સા. શ્રી પુણ્ય પ્રભાશ્રીજી મ. આદિ પણ પધારશે તેમન દાદી આદિ પાંચ પુણ્યાત્માઓ દીક્ષા ગ્રહણ કરી છે.

ચિત્રદુર્ગ (કર્ણાટક) પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયેલા ૧૬૦ સિદ્ધિતપની અનુમેાદનાર્થે સમેત શિખર પાવાપુરી વિગેરે તીર્થભૂમિનેા ૧૮ દિવસનેા યાત્રા પ્રવાસ તા. ૧૧-૧૧-૯૨થી રાખેલેા છે.

વાંકડીઆ વડગામ (રાજસ્થાન)–અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી સેાહનલાલ મલુકચંદભાઇના પુત્ર પ્રવીણકુમારના પુત્ર અમીષ ઉમ્ર ૧૧ વર્ષ તથા પુત્રી પ્રિયમ ઉ. વર્ષ ૧૦ બંને મહાવદ-૪ની દીક્ષા ગ્રહણ કરશે. દીક્ષાર્થીના દાદા સેાહનલાલભાઇ તે પૂ. મુ. શ્રી સંવગતિ વિજયજી મ. તથા કાકા પૂ. મુ. શ્રી યેાગતિલક વિ. મ. તથા ફઇબા પુ.સા. શ્રી હિતરક્ષાશ્રીજી મ.એ દીક્ષા લીધી છે. બાલવયમાં સંસ્કાર મેળવી સંયમ પંથે પ્રયાણ કરતા બંને બાલ દીક્ષાર્થી ધન્યવાદને પાત્ર છે.

સુરત–અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજની થાયરેાડ વિસ્મૃતિ તથા હાર્ટની નબળાઇ તથા મગજમાં બ્લડ સપ્લાય ઓછું થતું હેાવાથી ડેા.ની ખાસ સલાહથી અમદાવાદ વિહાર કેન્સલ કરીને ઉપચાર માટે મુંબઇ તરફ વિહાર કર્યો છે આમ છતાં તબીયત ચિંતા જનક નથી.

જૈન શેાધ ત્રૈમાસિક ઘાણસાયરકા ડિસમ્બર ૯૨ અંક 'જૈન સંસ્કૃતિ એવં કલા વિશેષાંક' કે રુપ મેં પ્રકાશિત હેાગા વિદ્વાનેાસે નિવેદન હૈ કિ જો વિદ્વાન ઇસ અંક કે લિયે અપની રચના પ્રેષિત કરને મેં રુચિ રખતે હૈ, વે અપની પ્રસ્તાવિત રચનાકા શીર્ષક સૂચિત કરે.

ઇસ વિશેષાંક કે પરિશિષ્ટ ભાગ મેં '૧૯૯૨ કા પ્રકાશિત જૈન સાહિત્ય' તકનીકી વિવરણ કે સાથ સૂચીબદ્ધ કિયા જાયેગા પ્રકાશકેા સે નિવેદન હૈ કિ વે ૧૯૯૨ મેં પ્રકાશિત સાહિત્ય કી સૂચનાયેં શીઘ્ર હી નિમ્ન પતે પર ભિજવાયેં.

મેઘરાજ જૈન

૨૩૯, ગલી કુંજલ, કરીબા
દિલ્હી-૬

કરબટીયા પીપલધન (ધર્મપુરી)– અત્રે પૂ. આ. શ્રી વિજય જગરચંદ્ર સૂ. મ.ની નિશ્રામાં ચાતુર્માસની આરાધના આદિની અનુમોદના માટે શાંતિસ્ત્ર બે પૂજન આદિ સહિત પંચાન્હિકા મહોત્સવ કા. સુદ ૨ થી ૬ સુધી ત્રણે ટંકના સાધર્મિક વાત્સલ્ય સાથે સુંદર રીતે ઉજવાયેા,

મદ્રાસ–૩૫૧ મીન્ટ સ્ટ્રીટ આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના આદિની અનુમોદના માટે શાંતિસ્નાત્ર, નવાણું અભિષેક પૂજા તથા ૪૫ આગમ મોટી પૂજા આદિ સહિત કા. સુ. ૪ થી સુદ ૧૧ નવ દિવસનેા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેા.

ગોધરા (પંચમહાલ)– અત્રે પૂ. આ. શ્રી વિજય શુભંકરસૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્વક કાલધર્મ નિમિત્તે શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર પૂજન ભકતામર પૂજન આદિ પંચાન્હિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિ.સૂર્યોદય સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કા. વ. ૯ થી કા. વ. ૧૩ સુધી ઉજવાશે, પૂ. આ. ભ. આસો વદ ૧ ના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે. પૂ. આ. ભ.ના કાલધર્મ નિમિત્તો ઉત્સવમાં પૂ. આ. ભ.ના ભકતગણ તરફથી પદ્માવતી પૂજન રહે તે આશ્ચર્ય છે.

પરમ શાસન પ્રભાવક, શાસન કોહીનુર પૂજ્યપાદ આચાર્ય દેવેશ
શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રદ્ધાંજલિ ત્રીજો વિશેષાંક તારીખમાં ફેરફાર

આ વિશેષાંક કારતક વદ ૦)) મંગળવાર તા. ૨૪–૧૧–૯૨ ના પ્રગટ થવાનો હતો તે સંપાદન અને સહયોગ તથા વિશેષ રૂપે પ્રગટ કરવાના હેતુથી લંબાવ્યો છે અને તેથી આ ત્રીજો વિશેષાંક પ્રગટ થવાનો તે હવે મહા વદ ૧૦ મંગળવાર તા. ૧૬–૨–૯૩ ના પ્રગટ થશે તેની સૌ વાચકોએ નોંધ લેવા વિનંતિ છે.

આ વિશેષાંક સહયોગ

વિશેષાંક સૌજન્ય–રૂા. ૧૫૦૦ કે તેથી વધુ આપનાર
શુભેચ્છક સહાયક– રૂા. ૫૦૦ શુભેચ્છક–રૂા. ૧૦૦
શ્રદ્ધાંજલિ શુભેચ્છા– જાહેરાત એક પેજ–૧૦૦૦.

આ રીતે રાખેલ છે.

તો સર્વે માનદ પ્રચારકો તેમજ શાસન પ્રેમીઓને શકય પ્રેરણા આપી સહકાર મોકલવા વિનંતિ છે.

જૈન શાસન કાર્યાલય

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫–દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

ત્યાં સુધી જ બધા ગુણોનો આવાસ છે.

તાવત્સર્વગુણાલયઃ પટુમતિઃ સાધુઃ સતાં વલ્લભઃ,
શૂરઃ સચ્ચરિતઃ કલંકરહિતો માની કૃતજ્ઞઃ કવિઃ ।
દક્ષો ધર્મરતઃ સુશીલગુણવાંસ્તાવત્પ્રતિષ્ઠાન્વિતો,
યાવન્નિષ્ઠુરવજ્રપાતસદૃશં દેહીતિ નો ભાષતે ॥

જ્યાં સુધી માણસ કઠોર વજ્રપાત જેવું વચન 'આપો' એમ બોલતો નથી, ત્યાં સુધી તે સર્વગુણોનો ભંડાર છે, ચતુર બુદ્ધિવાળો છે, સજ્જન છે, સાધુજનોને પ્રિય છે, શૂર છે, સદ્ચારિત્ર–આચરણવાળો છે, કલંકરહિત છે, માની છે, કૃતજ્ઞ છે, કવિ છે, દક્ષ છે, ધર્મ પરાયણ છે, સુંદર શીલવાળો છે, ગુણવાન છે અને પ્રતિષ્ઠાવાળો–નામાંકિત છે.

જૈનાગમ કેવું છે?

આત્મીયાનુભવાશ્રયાર્થ વિષયોઽપ્યુચ્ચૈર્યદીયક્રમો
મ્લેચ્છાનામિવ સંસ્કૃતં તનુધિયામાશ્ચર્યમોહાવહઃ ।
વ્યુત્પત્તિ પ્રતિપત્તિહેતુ વિતતસ્યા દ્વાદશાઙ્ગુંફિતં,
તં જૈનાગમમાકલય્ય ન વયં વ્યાક્ષેપભાજઃ કવચિત્ ॥

પોતાના અનુભવનો આશ્રય જ જેના અર્થનો વિષય છે એવો પણ જે શ્રી જિનાગમનો ઉચ્ચક્રમ, તે મ્લેચ્છોને સંસ્કૃત ભાષાની જેમ અલ્પબુદ્ધિવાળાને આશ્ચર્ય તથા મોહ ઉત્પન્ન કરનાર છે તેવા વ્યુત્પત્તિ, પ્રતિપત્તિ, હેતુઓના વિસ્તારવાળા સ્યાદ્વાદની વાણીથી રચાયેલા શ્રી જિનાગમને જાણીને અમે કોઇપણ જગ્યાએ વ્યાક્ષેપને ભજનારા થતા નથી.

મોક્ષ સુધી તે જ શરણ હો.

વિશ્વસ્યાપિ દૃશોર્મુદં વિતનુતે યઃ પ્રાતિહાર્યશ્રિયા,
ધર્માસ્થા યદુપજ્ઞમજ્ઞમનસામદ્યાપ્યવદ્યાપહા ।
દુર્ન્યાયોત્થકુવાસના નયશતૈર્લુમ્પન્તિ યસ્યાગમાઃ,
સર્વજ્ઞો ગતિરામહોદયપદં સોઽસ્યં કૃતાર્થોઽસ્તુ નઃ ।।

જે સર્વજ્ઞદેવ પ્રતિહાર્યોની શોભાથી વિશ્વની પણ દૃષ્ટિઓને આનંદ આપે છે, જે સર્વજ્ઞ દેવની સ્થાપેલી ધર્મની આસ્થા–શ્રધ્ધા અજ્ઞાન આત્માઓના પણ પાપને હરનારી છે. અને જે શ્રી સર્વજ્ઞ દેવનાં આગમો સેંકડો નયોએ કરીને દુર્ન્યાયથી ઉત્પન્ન થયેલી કુવાસનાને લોપી નાખે છે તે કૃતાર્થ શ્રી સર્વજ્ઞદેવ જ્યાં સુધી અમને મહોદયપદ–મોક્ષપદની પ્રાપ્તિ થાય ત્યાં સુધી શરણરૂપ હો.

શ્રી જિનેશ્વર દેવને જ ભજો

આત્માનં ભવભોગ યોગ સુભગં વિસ્પષ્ટમાચષ્ટ યો,
યઃ કર્મપ્રકૃતિં જગાદ જગતાં બીજં જગચ્છર્મણે ।
નદ્યોઽમ્ભોધાવિવ દર્શનાનિ નિખિલાન્યાયાન્તિ યં દર્શને,
તં દેવં શરણં ભજન્તુ ભવિનઃ સ્યાદ્વાદવિદ્યાનિધિમ ।।

હે ભવ્યાત્માઓ ! જે દેવે જગતના સુખ માટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આત્મા ભવભોગ અને યોગે કરીને સુભગ છે એટલે કે કર્મયોગે ભવના ભોગરૂપ વૈભાવિક ધર્મોનો ભોક્તા આત્મા છે અને કર્મના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય સાધ્ય યોગનો સ્વામી પણ આત્મા જ છે અને આ જગતની હયાતિનું મૂળ કારણ કોઈપણ હોય તો કર્મપ્રકૃતિ છે અને સાગરમાં જેમ નદીઓ આવે તેમ જે દેવના દર્શનમાં સઘળાં દર્શનો આવે છે. સમાઇ જાય છે. તે સ્યાદ્વાદ વિદ્યાના સાગર શ્રી જિનેશ્વર દેવના શરણને ભજો.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ શ્રી દશવૈકાલિક સૂત્રને જીવનમાં જીવવું એટલે સુખને લાત મારવી અને હિતની સાધના કરવી.

૦ ખોટાને ખોટું કહેવા ય તૈયાર ન હોય તે આદમી કહેવાય ?

૦ આ સંસાર જેને સારો માન્યો-લાગ્યો તે કદી સારો થાય નહિ.

૦ કર્મના મેલથી આત્મા ચોકખો થાય તેનું નામ મોક્ષ !

૦ સમ્યક્ચારિત્ર એ જ આત્માનું ચાચું જીવન છે.

૦ આ શરીરને આત્માનો મોટામાં મોટો શત્રુ માને તે જ માણસ !

૦ રજોહરણ એ ધર્મધ્વજ છે એ લઇને ગમે તેમ વર્તાય નહિ.

૦ આત્માનો ઉપકાર કરવાની જરૂરિયાત પહેલી છે. પરોપકાર પણ જ્યાં આત્મોપકારની સમ્યગ્ ભાવના સક્રિયપણે રહેલી છે ત્યાં જ છે, બીજે કયાંય નથી.

૦ ત્યાગ અને ત્યાગનો ઉપદેશ એ જ એક નિર્ગ્રંથના માર્ગો છે. સ્વેચ્છાચારીપણું એ નિર્ગ્રંથના માર્ગ નથી.

૦ પ્રભુની આજ્ઞાનો ભંગ એ બધાને માટે હાનિકારક છે, પછી ચાહે તમે હો કે ચાહે અમો હોઇએ.

૦ મુનિઓ મોક્ષમાર્ગ બતાવે છે અને તે નહિ માનો તો નુકશાની તમોને છે અને એ સાચો માર્ગ અમે ન બતાવીએ તો નુકશાન અમોને છે.

૦ આત્મની એકતાની વાતમાં તો સાચાને જ ઘણું ગુમાવવાનું છે, જેઓ ખોટા છે. તેમને તો કશું ગુમાવવાનું નથી !

૦ આપણે શાસનના બળે જ જીવીએ છીએ. તે શાસનને વફાદાર ન રહીએ તો તેના જેવી જગતમાં બીજી એક હરામખોરી નથી !

૦ ગુરુ ભકિત અને ગુરુ કૃપાનું બળ ઓછું નથી.

૦ આત્મા સાધ્વાચારને વિનય કહ્યો છે. આત્મા પરથી આઠે કર્મોને દૂર કરે તેનું નામ વિનય !

૦ જે આત્મા શાસ્ત્રો ભણે, જ્ઞાન મેળવે પણ જો તેને સાધ્વાચાર ઉપર પ્રેમ ન થાય, શકિત મુજબ સાધ્વાચારનું પાલન કરે તો તેનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ ભોજો છે.

૦ ગુર્વાજ્ઞિની સેવાના કારણે પ્રાપ્ત થયેલી ગુરુકૃપાએ શાસ્ત્રોને હૈયામાં પરિણામ પમાડનારી છે.

૦ તમને જે ગમે તે કહેવાની ઇચ્છા થાય એટલે શાસ્ત્રની વફાદારી ગઇ.



૦ ધર્મક્રિયા ધર્મની અકકલ મેળવવા માટે કરે તો તેને મારે જડ નથી કહેવા. પણ ચેતનાવાળા કહેવા છે પણ ધર્મક્રિયા કરતાં કરતાં સુખના ફાંફા માર્યા કરતા હોય અને દુઃખથી નાશી છૂટવાના જ પ્રયત્ન કર્યા કરતા હોય તે બધાને મારે જડ કહેવા છે.

૦ વર્તમાનમાં મોટો ભાગ ધર્મ કરનાર એવો છે કે જેને ધર્મની કિંમત જ નથી સંસારના સુખની જ કિંમત છે. પાપ કરતાં મને દુઃખ આવશે તેની યાદી પણ નથી. એટલે આજે મોટાભાગના જીવો પાપ મજેથી કરે છે. વ્યવસ્થિત ગોઠવી ગોઠવીને કરે છે અને ધર્મની ક્રિયા બધી વેઠથી કરે છે. ધર્મક્રિયા કરનારમાં અમે પણ આવીએ અને તમે પણ આવો. આવા જીવમાં કોઇ દહાડો ઉચિત પ્રવૃત્તિ આવે જ નહિ.

૦ અપૂનર્બંધક બંધક અવસ્થાના ત્રણ ગુણ કહ્યા છે. આ જ અવસ્થા ધર્મ પામવાની લાયક અવસ્થા છે.

(૧) ભયંકર ઘોર સંસાર પ્રત્યે બહુમાન ન હોય.
(૨) પાપ તીવ્રભાવે કરતો ન હોય.
(૩) બધાની સાથે ઉચિત રીતે વર્તતો હોય.

૦ જેને મંદિર જોઇ, ભગવાન જોઇ, મોક્ષ યાદ ન આવે, ઉપાશ્રયમાં સાધુપણું યાદ ન આવે તેના જેવા દુનિયામાં હૈયા ફુટા કેટલા ?

૦ ભગવાન ડોકટર છે અને અમે તેના કંપાઉડર છીએ. તમે ત્યાં દવા લખાવીને ગહીંયા આવો છો તમે દર્શન પૂજન કરવા જાઓ ત્યારે દરરોજ સાથીયો કરો છો ? સાથીઓ કરતાં શું બોલો છો ? તમારામાં રોગ બેઠો છે તેની કબુલાત માટે તો સાથીયો છે.

૦ સંસારમાં અનાદિથી ભટકો છો. હજી સુધી ઠેકાણું પડયું નથી. તમે સંસારથી કાયર થઇને ગભરાઇને આવ્યા હો તો સારૂં જો સંસારને હૈયામાં સાથે લઇને આવ્યા હો તો અમે સફળ ન થઇ શકીએ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

नमो चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन अने सिद्धान्त
रक्षा तथा प्रचारनुं पत्र-

जैन शासन

अठवाडिक

वर्ष	अंक
५	१९+ २०

सम्यक् धर्मभां उद्यम करो.

जयसिरिवंछियसुहए,
अनिट्ठहरणे तिवग्ग सारम्मि ।
इहरपरलोयहियट्ठं,
सम्म धम्ममि उज्जमह ।।

भगवान श्री जिनेश्वरदेवोनो धर्म केवो छे ? जयने आपे, बाह्य-अभ्यंतरगुण लक्ष्मीने आपे, वांछित सुखने आपे, अनिष्टोनुं हरण करे, धर्म-अर्थ अने काम ते त्रणे पुरुषार्थोमां श्रेष्ठ छे. माटे आलोक अने परलोकमां आत्मानुं हित थाय ते माटे सम्यक् धर्ममां ज उद्यम करवो जोईओ.

श्री जैन शासन कार्यालय
श्रुत ज्ञान भवन
अप, दिग्विजय प्लोट,
जामनगर (सौराष्ट्र) INDIA
PIN- 361005

એક ચિંતન

सर्वत्र निन्दा सन्त्यागो, वर्णवादस्तु साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं, तद्वत्सम्पदि नम्रता ।।

સર્વ ઠેકાણે નિંદાનો સર્વથા ત્યાગ, સત્પુરુષોની પ્રશંસા, અત્યંત આપત્તિમાં પણ અદીનપણું અને સારામાં સારી સંપત્તિની પ્રાપ્તિમાં નમ્રતા–આ ચારને પણ સદાચાર કહ્યા છે.

નિંદાને શાસ્ત્રે મોટામાં મોટું પાપ કહ્યું છે. નિંદક આદમી કોઇને પણ છોડતો નથી. નિંદકને જીભની ચળ ન ઉતરે ત્યાં સુધી ચેન પડતું નથી. તે નિંદકનો સ્વભાવ કેવો હોય છે તે અંગે કહ્યું છે કે, "માતા બાળકની વિષ્ટાને કુટેલા ઘડાના ઠીંકરાથી દૂર કરે છે, પણ કંઠ, તાળુ અને જીભથી અવર્ણવાદ–નિંદા રૂપ વિષ્ટાને બહાર ફેંકનાર દુર્જનને તો માતાને પણ હરાવી છે." કોઇ પણ આદમીની નિંદા તો કરાય જ નહિ, પરંતુ વિપરીત આચરણ કરનારને જોઇ તેને પોતાથી બનતા ઉપાયો વડે અટકાવે અને સન્માર્ગે ચલાવવા પ્રેરણા કરે; છતાં પણ જો તે તે ખોટી પ્રવૃત્તિનો ત્યાગ ન કરે તો તેના ઉપર કરૂણાભાવને ઉદાસીનપણાને ધારણ કરે પણ તેના પર દ્વેષભાવને ધારણ કદી નિંદાને ન જ કરવી જોઇએ. નિંદા કરવાથી કોઇ જ લાભ થતો નથી, વખતે એવો વૈરભાવ પ્રગટે છે જ અનેક ભવો સુધી આત્માને અભિશાપ બને છે. માટે સદાચારના ખપીએ નિંદાનો ત્યાગ કરવો જોઇએ.

મુખ મળ્યું છે માટે બોલ બોલ કરવાનું નથી. જેમ કોઇની નિંદા કરવાની નથી તેમ કોઇની ખોટી પ્રશંસા કરવાની નથી પણ પ્રશંસા કરવી હોય તો સત્પુરુષોની જ કરવાની છે. સત્પુરુષોના શાંતતા, ગંભીરતા, શૌર્યતા, નમ્રતા, સહનશીલતા, વિષય-વિમુખતા, વચન માધુર્યતા, નિરભિમાનતા, ગુણજ્ઞતા, નિપુણતા સરળતા, સૌમ્યતા, દાક્ષિણ્યતા અદીનતા, સર્વજનવલ્લભતા, પ્રમાણિકતા, નિઃસંગતા, નિડરતા, નિસ્પૃહતા, નિર્લોભતા, પરોપકાર રસિકતા, દીર્ઘદર્શિતા, સંસારવિમુખતા તથા સદાચરતા, પાપભિરૂતા આદિ ગુણોનું સ્મરણ કરવું અને ઉત્કીર્ત્તન કરવું. કેમકે, ગુણીના ગુણ ગાવાથી પોતામાં પણ ગુણીપણું પેદા થાય છે. આવા સત્પુરુષોના ગુણો જ આત્મોન્નતિમાં પુષ્ટ આલંબન છે. પણ આવા સત્પુરુષોના ગુણગાનમાં ઉદાસીનતા ધારણ કરવી નહિ પણ તેમ જ ઉદ્યત બનવું જોઇએ.

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુલેછા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(ધ્રાંગધ્રા)
પાલાચંદ પદમશી મુલેછા
(પાલનપુર)

વર્ષ ૫] : ૦૪૯ પોષ સુદ ૫ મંગળવાર તા. ૨૯-૧૨-૯૨ [અંક-૧૯+૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

આર્ય દેશની મહત્ત

-સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા!

આર્ય દેશ. એ એક અધ્યાત્મપ્રધાન દેશ છે. આ આર્ય દેશની મહત્તા મહાપુરૂષોએ પણ વર્ણવી છે, તેનું કારણ બીજું કોઈ નથી, પણ આ આર્ય દેશની અધ્યાત્મપ્રધાનતા, એ જ એનું વાસ્તવિક કારણ છે. અનાર્ય દેશો કરતા આર્ય દેશ સારો, એ વાત જ્યારે કહેવી હોય, ત્યારે આપણે કોઇ એવી વસ્તુ શોધી કાઢવી જોઇએ, કે જે વસ્તુ અનાર્ય દેશોમાં અલભ્ય હોય અને જે વસ્તુ આર્ય દેશમાં જ લભ્ય હોય. અનાર્ય દેશોમાં અલભ્ય અને આર્ય દેશમાં જ લભ્ય-એવી પણ વસ્તુ જો બહુ કિંમતી હોય, અત્યંત જીવનોપયોગી હોય, ઉન્નત જીવનની સર્જક હોય, તો જ આપણે એ વસ્તુને આગળ ધરીને, એમ કહી શકીએ કે-એ વસ્તુના યોગે, આર્ય દેશ કરતાં સઘળા ય અનાર્ય દેશો હેઠ છે. એવી કોઈ વસ્તુને શોધી કાઢવાને માટે, તમે જો તમારી બુદ્ધિનો ઉપયોગ કરશો તો તમને લાગશે. કે-અધ્યાત્મપ્રધાનતા, એ જ એક વસ્તુ એવી છે, કે જે અનાર્ય દેશોમાં શોધી જડે તેમ નથી અને આર્ય દેશમાં જેનો સુયોગ ઠામ ઠામ મળી શકે છે.' આ વાતને જો તમે વિચારો અને સમજી શકો. તો તમને લાગે કે-'તમને આર્ય દેશમાં માનવજન્મ મળ્યો છે, એ તમારી અસાધારણ કોટિની ભાગ્યશાલિતા છે.' તમને આર્ય દેશમાં માનવજન્મ મળ્યો છે. એ તમારી અસાધારણ કોટિની ભાગ્યશાલિતા છે, પરંતુ એ વાત જ્યાં સુધી માત્ર મહાપુરૂષોની વાણીમાં જ રહે, ત્યાં સુધી એનો કોઇ વિશેષ અર્થ નથીઃ એ વાતની સાચી સાર્થકતા તો ત્યારે જ છે, કે જ્યારે તમને પોતાને એમ લાગે કે-'હું બહુ ભાગ્યશાલી છું, કેમ કે-મને આર્ય દેશમાં માનવજન્મ મળ્યો છે.'

એ વિના, તમારે માટે તો, એ વાતની સાર્થકતા નહિ જ ને ? આજે આ આર્ય દેશમાં માનવજન્મને પામેલાઓમાં, કેટલાક માણસો આર્ય દેશમાં માનવજન્મને પામ્યાનું ગૌરવ અનુભવતા હશે ? એવા માણસો ઓછા નથી, કે જેઓ આર્ય દેશમાં મનુષ્યજન્મને પામ્યાનું ગૌરવ તો અનુભવતા નથી, પરન્તુ એ વિષે જેમણે કદી પણ વિચારે ય કર્યો નથી અને જેઓ એ વિષે વિચાર જ કરતા નથી. આર્ય દેશમાં માનવજન્મને પામ્યાનું ગૌરવ અનુભવનારાઓમાં પણ કેટલાકો એવા છે, કે જેઓ અમુક પ્રકારના મમત્વથી ગૌરવ અનુભવતા હોય અગર તો ભૌતિક ઋદ્ધિ-સિદ્ધિની દૃષ્ટિએ ગૌરવ અનુભવતા હોય. 'આ દેશ મારો છે, માટે સારો છે'-એવા પ્રકારના મમત્વથી ગૌરવનો અનુભવ કરવો, એમાં વસ્તુતઃ દેશની મહત્તાને અંગેનું ગૌરવ નથી. આજે કેટલાક એવા પણ માણસો છે, કે જેઓ એવી વાતો કરીને ગૌરવનો અનુભવ કરે છે કે-'વિમાનોની બનાવટ, એ તો આપણા દેશની વાત છે. પરદેશીઓ આપણે ત્યાંથી પ્રાચીન ગ્રંથોને લઈ ગયા, એ ગ્રંથોને વાંચીને શોધખોળ કરી અને એ શોધખોળને અંતે વિમાન બન્યાં. આવી કોઇ રીતિએ ગૌરવનો અનુભવ કરવો, એ પણ સાચો ગૌરવાનુભવ નથી. હજુ એ રીતિએ આપણે ગૌરવનો અનુભવ કરવો હોય તો કરી શકીએ કે-'વર્ષો સુધીની શોધખોળો અને તે કરવામાં મહાહિંસાઓ આદિને કરીને, પરદેશીઓ જે અમુક તારવણીએ કાઢી શક્યા છે, તે તારવણીઓ અધુરી છે, જ્યારે આપણા દેશમાં થઇ ગયેલા મહાપુરૂષોએ તો જ્ઞાન-બળથી તે તે તારવણીઓનું પણ જ્યાન આપેલું છે.' પરન્તુ આ તો આધ્યાત્મિક શક્તિની વાત થઇ. એ મહાપુરૂષોએ એવું જ્ઞાન પોતાના આત્માની જ્ઞાનશક્તિના વિકાસ દ્વારા મેળવેલું કે-એ જ્ઞાન આજની જેમ અખતરાઓ કરીને મેળવેલું.

(જૈન પ્રવચનમાંથી)

卐

વિવિધ વિભાગો અને સમાચારો સાથે દર મંગળવારે નિયમિત પ્રગટ થાય છે

જૈન શાસન [અઠવાડિક]

વાર્ષિક લવાજમ રૂા. ૪૦ - આજીવન રૂા. ૪૦૦/-

લખો : શ્રી જૈન શાસન કાર્યાલય શ્રી મહાવીર શાસન કાર્યાલય

૪૫- દિગ્વિજય પ્લોટ, જામનગર શાક માર્કેટ સામે, જામનગર

અમારિ પ્રવર્તન

દેવનાર-વિવાદનું લોહું તપ્યું છે, ત્યારે તેને મારવાના તાળાનો ઘાટ ઘડી લેવો જોઇએ

-પૂ. મુનિરાજશ્રી હિતરુચિવિજયજી મ. સા.

"સન્ડે ઓબ્ઝર્વર"માં પ્રીતિશ નાંદીએ એક જાગરૂક પત્રકારની હેસિયતથી જગાવેલ દેવનાર વિવાદે જૈનોના પર્યુષણ મહાપર્વના ટાંકણે જૈન દર્શનની અહિંસાની ફિલસૂફી એંગે લોકમાનસ ઉપર ઢબૂરાયેલી રાખને સંકોરવાનું કામ કર્યું છે. લોહું જ્યારે ગરમ હોય ત્યારે ટીપીને ઘાટ ઘડી લેવાની શાણી વાત એક એંગ્લો કહેવતમાં બહુ સારી રીતે વ્યકત થઇ છે. માનવેતર સૃષ્ટિ સુધી વિસ્તરતી કરૂણાના સીમાડાવાળા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા ઇચ્છતા મુંબઇગરાઓએ થોડા સમય માટે ગૌરી-છોકરાં અને બજારની રોજિંદી જીંદગીને ગૌણ કરીને દેવનારના કતલખાનાની બર્બરતાને તાળું મારવાનો આ મોકો ઝડપી લેવો જોઇએ.

જૈન શાસ્ત્રોમાં રોજ-બરોજના વપરાશના કેટલાક અર્થો વ્યકત કરવા સુંદર મઝાના શબ્દો છે. અહિંસા માટે આવો જ એક અર્થસઘન શબ્દ જૈન દર્શન પાસે છે. અ-મારિ, ન મારવું તે અમારિ. પર્વો એટલે માત્ર ખાઇ-પીને જલસા કરવા કે લાઉડ સ્પીકરોના ઘાંઘાટથી લોકોની ઊંઘ બગાડવી તે નહિ, પરંતુ કેટલાક ચોક્કસ આદર્શોને વ્યકિતગત અને સમષ્ટિગત ધોરણે અમલમાં મૂકવા તે પર્વ-ચોજન પાછળનું રહસ્ય છે. જૈનોને પણ પર્યુષણમાં જે પાંચ આદર્શોને જીવનમાં અમલીભૂત બનાવવાનો આદેશ કરાયો છે, તેમાં સૌથી પહેલું છે, અમારિપ્રવર્તન. પોતાના જીવનથી શરૂ કરીને ચૌદ રાજલોક (જગત આજના દેખીતા જગત કરતાં ઘ...ણું... મોટું છે)ના સીમાડા સુધી વિસ્તરેલા બ્રહ્માંડમાં અમારિના પ્રવર્તન માટે શકયાનુસાર મથવું તેનું નામ અમારિ પ્રવર્તન.

પરંતુ અહિંસાને આચારમાં અમલી બનાવતાં પહેલાં તેને વૈચારિક સ્તરે આત્મસાત્ કરવી જોઇએ. જે વ્યકિત વિચારથી-માન્યતાથી અહિંસક બને તેના અહિંસક વિચારના ઘોડાની પાછળ અહિંસક આચારના ગાડાને ઘસડાયે જ છૂટકો. એટલે સૌથી પહેલા તો હિંસા-અહિંસાના ક્ષેત્રે પ્રવર્તતા વૈચારિક પ્રદુષણને સોઇ-ઝાટકીને સાફ કરી દેવું જોઇએ. આજકાલ કેટલાક લોકો થોડાઘણા કુટપાથિયા મેગેઝિનો વાંચતાં થાય કે, બી.બી.સી. વર્લ્ડ સર્વિસ જોતાં-સાંભળતા થાય એટલે દુનિયાની તમામ બાબતો વિશે અભિપ્રાય આપવાની યોગ્યતા ધરાવતા હોવાનો "વહેમ" રાખતા થઇ જાય છે.

જ્યારે જ્યારે કતલખાનાની કે માંસાહાર-અન્નહારની વાત નીકળે ત્યારે આમાંના કેટલાક અભણ કોલેજિયનો અને પછાત બુદ્ધિજીવીઓ એવી દલીલ કરતાં હોય છે કે, દુનિયાનાં બધાં કતલખાના જો બંધ થઇ જશે અને માંસાહારીઓ જો અન્નાહારી ("શાકાહાર" એ "મિસનોમર" છે. દુનિયામાં ખાલી શાક ઉપર જીવતો કોઇ સમાજ નથી. બિનમાંસાહારી વ્યકિતઓ અન્નને આધારે જીવતાં હોવાને કારણે તેમને માટે " અન્નાહારી " શબ્દ વાપરવો એ જ વધુ યોગ્ય છે.) બની જશે તો એ બધાને માટે એટલું બધું અનાજ જોઇશે કે તેને લીધે ઊલટાનું અન્નહારીઓને ભૂખે મરવાનો વારો આવશે. વાહ રે વાહ ! ગરીબ બચ્ચાડા અન્નાહારીઓ ભૂખે ન મરે અને તેમના માટે પૂરતું અનાજ બચે તે માટે માંસાહારીઓ માંસાહાર કરતાં હોવાની આ કલ્પના જેના મેંદાની નીપજ હોય એને કલ્પનાશીલતા માટેનો વિશ્વનો શ્રેષ્ઠ એવોર્ડ આપવો જોઇએ.

સબર્બન ટ્રેઇનમાં તમારી જોડે બેઠેલો કોઇ તમારી આગળ આવી ફુટકળ વાત રજુ કરી તમને માહિતી આંકડા અને વાસ્તવિકતાની જાણકારીના અભાવે "ડીફેન્સિવ" સ્થિતિમાં ન મુકી દે, એ માટે તમારી સમક્ષ કેટલીક નક્કર હકીકતો રજુ કરું છું અને આ આંકડા મારા-તમારા જેવા અહિંસાવાદીઓનું સંશોધન હોત તો તો કદાચ પૂર્વગ્રહોનો આક્ષેપ પણ થાત. પણ આ માહિતી આ દલીલબાજોના આરાધ્યદેવ. અમેરીકાની એક બહુ મોટી આઇસક્રીમ બનાવનારી કંપનીના માલિકના દિકરા " જહોન રોબિન્સે " અમેરિકાભરમાં ખળભળાટ મચાવનાર તેના પુસ્તક " ડાયેટ ફોર ન્યુ અમેરિકા " માં પીરસી છે. પ્રત્યેક સંવેદશીલ વ્યકિતએ જો તે માંસાહાર કરતો હોય તો આ પુસ્તક અમેરિકાના તેના કોઇ સગા-સંબંધી પાસેથી મંગાવીને કે જાંબલી ગલીન જૈન દેરાસરના નાકે ગોપાલ સદનમાં આવેલી બોરીવલી પશ્ચિમના યુવાનોના વિનિયોગ પરિવારની લાઇબ્રેરીમાંથી મેળવીને વાંચી લેવા જેવું છે. પોતાની જાતને પર્યાવરણપ્રેમી તરીકે કે ગરીબોના હમદર્દ તરીકે ઓળખાવનાર કોઇ પણ વ્યકિત એકવાર આ પુસ્તક વાંચ્યા પછી જીવનમાં કોઇ દિવસ માંસ પીરસતી હોટલના પગથિયે પગ નહિ મુકે

લેખકના મતે " અમેરિકનોને માંસ ખવડાવવા માટે જે પશુઓ ઉછેરવામાં આવે છે, તેમને ખવડાવાતા અનાજ અને સોયાબિન વડે દુનિયાના એક અબજ કરતા યે વધારે ભુખ્યા જનોનો જઠરાગ્નિ શમાવી શકાય. સર્વથા માંસ છોડવાની વાત ઘડીભર બાજુએ મુકો, પણ અમેરિકનો તેમના માંસાહારનું પ્રમાણ જો માત્ર દસ ટકા જેટલું ઘટાડે તો પણ દુનિયાભરમાં દર વર્ષે ભુખમરાને કારણે મરતાં છ કરોડ લોકોને પેટ પુરતું ખાવાનું પહોંચાડી શકાય. માત્ર એક પાઉન્ડ બીફ પેદા કરવા માટે સોળ પાઉન્ડ અનાજ અને સોયાબીન, પચીસસો ગેલન પાણી અને એક ગેલન ગેસોલીન (અમેરિકામા પેટ્રોલને ગેસોલીન કહેવામાં આવે છે) જેટલી ઊર્જા વેડફાય છે.

અમેરિકામાં ઘર વપરાશથી લઈને ખેતી અને કારખાનાઓમાં બધું મળીને જેટલું પાણી વપરાય છે, તેટલું જ પાણી માંસ માટે ઉછેરાતાં પશુઓ પાછળ વેડફાય છે. આ જ હેતુ માટે કેવળ અમેરિકામાં જ બાવીસ કરોડ એકર જેટલાં જંગલોનો નાશ કરવામાં આવ્યો છે. તો વળી બ્રાઝિલમાં અઠી કરોડ એકર (આખા ઓસ્ટ્રિયા દેશ જેટલી) જમીનમાં આવેલાં અને સેન્ટ્રલ અમેરિકાનાં અર્ધોઅર્ધ જંગલોનો ખાત્મો "બીફ" (ગોમાંસ)ના ઉત્પાદન માટે બોલાવવામાં આવ્યો છે. અમેરિકામાં દર વર્ષે જેટલું ખનીજ તેલ, કુદરતી ગેસ અને કોલસો વાપરવામાં આવે છે, તેની કુલ કિંમત કરતાં વધુ કિંમતના "રો–મટિરિયલ્સ" માંસ ઉત્પાદન માટે વપરાય છે. માંસાહારીઓનું "મીટ એડિકેશન" (મીટ એડિકશન) એક અપેક્ષાએ દારૂડિયાના "દારૂ બંધાણ" કરતાં પણ કેટલું વધારે નુકસાનકારક છે, તેનો અંદાજ તો એ વાત પરથી આવશે કે માંસ ઉત્પાદન માટે જેટલાં રો–મટિરિયલ્સ" વપરાય છે, તેના કરતાં માત્ર ૫ ટકા (હાજી, માત્ર પાંચ ટકા) રો-મટિરિયલ્સનો ઉપયોગ કરીને તેટલાં જ પ્રમાણમાં અનાજ શાકભાજી અને ફળ ઉગાડી શકાય છે. પાંચ ટકા "રીસોર્સીઝ"ના ઉપયોગથી ચલાવી શકાતું હોય ત્યારે કેટલાકોની જીભનો માત્ર સ્વાદ સંતોષવા ખાતર વીસ ગણા વધુ "રીસોર્સીઝ" વેડફી નાખવા એ ઊર્જાની કટોકટીના કાળમાં ક્રિમિનલ ગુનો ન ગણાવો જોઈએ ?

અમેરિકાનો જગપ્રસિદ્ધ "ફુડ–ચેઈન સ્ટોર" મેકડોનાલ્ડ માત્ર એક અઠવાડિયામાં જેટલાં 'હેમબર્ગર' (માંસની વાનગી) પીરસે છે, તેના માટે સોળ હજાર પશુઓનો સૌથી મહત્ત્વનો "જીવન જીવવાનો અધિકારી ઝુંટવી લેવામાં આવે છે. "ચીકન"ના માત્ર એક "સર્વિંગ" પાછળ જો ૪૦૮ ગેલન પાણી વપરાતું હોય તો "જળ બચાવ" ની ઝુંબેશ ચલાવનારા ચીકનની ડિશ કેવી રીતે આરોગી શકે ? તમને કલ્પના પણ નહિ હોય કે એક પાઉન્ડ જેટલાં ઘઉં પેદા કરવા કરતાં એક પાઉન્ડ જેટલું માંસ પેદા કરવામાં ત્રીગણું પાણી વધારે વેડફાય છે.

માંસાહાર કરવા દ્વારા અન્નાહારીઓ માટે અનાજ બચાવનારા માંસાહારીઓની પરદુઃખભંજકતાનો દાવો જેટલો પોકળ છે, તેનાથી પણ વધારે હાસ્યાપદ સરકારી પશુ ક્રૂરતાનિવારણ–કાયદાની કલમમાં છે. એ કાયદાઓની કલમોમાં રહેલી ઢગલાબંધ છટકબારીઓની વાત ઘડીભર બાજુ પર મુકીએ તો પણ કાયદાની મૂળભૂત સંકલ્પના જ કેવી બોદ્દી છે, એ વિચારવા જેવું છે. "પ્રવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ"ના નામે ઓળખાતા અલગ અલગ રાજ્યોના આ કાયદાઓ અનુસાર વિક્ટોરિયાવાળો ઘોડાને એક ચાબુક મારે અથવા ગામડાનો ગરીબ ગાડાવાળો તેના ગાડામાં થોડું વજન વધારે ભરે તો તે ગુનો બનતો હોય છે. જ્યારે એ જ ઘોડાને કે બળદને જીવતો કાપી નાખવામાં આવે તો તે ગુનો બનતો નથી. કરશનદાસ માણેકે ગાયું છે "ચોર મુઠી જારના અહીં દેવડીએ દંડાય છે ને લાખ ખાંડી લુંટનારા અહીં

મહેફિલે મંડાય છે." માણેકને આ કાવ્ય પંક્તિનો અર્થ સોદાહરણ સમજાવવો હોય તો "પ્રિવેન્શિન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ" એનું ઉત્તમ ઉદાહરણ છે આ કાયદા અનુસાર મરીન લાઈન્સ ઉપર ઘોડાને ચાબુક મારનાર વિકટોરિયાવાળા પર કોર્ટમાં કેસ થઈ શકે. (સરખાવો : "ચોર મુઠી જારના") જ્યારે કેવનારના કતલખાનામાં રોજ પાંચસો લેંસ-બળદ કે પાંચ હજાર ઘેટાં-બકરાંને મારવાનું આયોજન ગોઠવનાર કમિશનર (જી હા, લાખ ખાંડી લુંટનારા...) મુંબઇનો સૌથી મોટો સરકારી ઓફિસર ગણાય. એવું તો કદાચ અંધેરી નગરીના ગંડુ રાજાના રાજમાં પણ ન બને. સૌ કે ઇએ એક વાત સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે, "કીલિંગ ઇઝ ધી સીવીયરેસ્ટ ફોર્મ ઓફ ધી ક્રુઅલ્ટી" કતલથી ચડિયાતી કોઈ ક્રૂરતા નથી. કહેવાતી ક્રૂરતાના ખાળે ડુચા મારીને કતલનાં દરવાજા ખોલી આપનારા કાયદા છોકરાવને પટાવવા માટે ઠીક છે. બાકી કોઇ પણ સુસંસ્કૃત સમાજની કાયદાપોથીમાં આવો કાયદો સંભવી ન શકે. રસ્તે ચાલતાં કોઈ માણસને તમે તમાચો મારી દો કે લાકડી ફટકારીને તેનો પગ ભાંગી નાખો તો તમને સજા થાય પણ તેના પેટમાં છુરી હુલાવી દો તો તમને કાંઇ ન થાય તેવા કાયદાની તમે કલ્પના કરી શકો છો ? પશુઓની બાબતમાં બસ, બરાબર આવો જ કાયદો હિંદુસ્તાનનાં લગભગ તમામ રાજ્યોમાં અસ્તિત્વ ધરાવે છે. ખાણીપીણીથી લઇને રહેણી કરણી સુધીની તમામ ચીજ વસ્તુઓ યુરોપ-અમેરિકાથી ઉછીની ઉધારી લઇ આવવાના ભારતીય શિક્ષિતોના મનોવલણે કાયદાઓનાં ઘડતરની બાબતમાં પણ આવું જ કર્યું છે અને આવા બેઢંગા કાયદાઓ આવા મનોવલણનું પરિણામ છે. હિન્દુસ્તાનની ધરતી, તેની પ્રજા, તેના રીત-રિવાજો, સંસ્કૃતિ અને ધર્મથી તદ્દન "એલિયન" યુરોપ-અમેરિકાના કાયદાઓના થોથાને નવા કાયદા ઘરતી વખતે મોડેલ તરીકે સ્વીકારવાને બદલે યુગો જુની ભારતીય જીવનશૈલીમાં મૂળીયાં નાખીને પાંગરેલ નિગમોથી લઇને સ્મૃતિઓમાં છતાં થતા ભારતીય કાયદાશાસ્ત્રીઓના શાણપણને લક્ષમાં લેવામાં આવે તો પરિણામ આનાથી ઘણું જુદું આવે.

પશુઓ ઉપર થતી ક્રુરતાના નિવારણ માટેનો કાયદો ઘડવા જે દેશો કહેવાતા વૈજ્ઞાનિક અખતરાઓથી લઇને ભોજન સુધીના હેતુઓ માટે લાખો પ્રાણીઓને રિબાવી-રિબાવીને મારી નાંખે છે તેમની કાયદા પોથીઓનો આશરો લેવાય કે દુનિયા આખીની સામે અહિંસાનો આદર્શ ખડો કરનાર ભગવાન મહાવીર જેવી વિભૂતિઓનો તે "હેમેન" પણ સમજી શકે તેવી વાત છે.

જૈનો પોતાની રોજિંદી ધર્મક્રિયાઓમાં જેનું દિવસમાં દસવાર ઉચ્ચારણ કરતાં હશે અને જૈનોનું આઠ વર્ષનું નાનું છોકરું પણ જેને કડકડાટ બોલી બતાવશે, તેવું "ઇરિયાવહિય" સૂત્ર આવા કાયદા કરવા માટે ધ્રુવતારકસમું બની રહે તેવું છે. ભગ-

વાન મહાવીરના ઉપદેશને શબ્દોમાં ગુંથનારા તેમના પ્રમુખ શિષ્યોએ આજથી પચીસસો અડતાલીસ વર્ષ પહેલાં રચેલા આ સુત્રમાં જીવજગતને મનુષ્ય કેવી કેવી રીતે પરિતાપ ઉપજાવી શકે તેનું તાજ્જુબીભર્યું પ્રતીકાત્મક વર્ણન છે. માત્ર છવ્વીસ પદ્યોના આ નાનકડા સુત્રમાં કેવળ દસ ટુંકા પદ્યોમાં જ જીવવિરાધના (આરાધનાના વિરોધી–હિંસા માટેનો જૈન દર્શનનો ચોક્કસ સુંદર પારિભાષિક શબ્દઃ તમે જ્યારે કોઇ પણ જીવને પીડા ઉપજાવો છો ત્યારે તેની વિરાધના કરો છો)ની સમગ્ર "વાતો"ને આવરી લેતાં આ સુત્રમાં કોઇ પણ જીવને પીડા ઉપજાવવાના દુષ્કૃત્યની ક્ષમા યાચતાં, તે પીડા કેવી કેવી રીતે ઉપજાવી હોય તેનું સૂચક વર્ણન કરતાં કહ્યું છે કે, "જે સામે રહેલા તે જીવોને લાત વડે માર્યા હોય, ધૂળ વડે ઢાંકી દીધા હોય, ભુમિ સાથે ઘસ્યા કે મસળ્યા હોય, અંદરો અંદર તેમના શરીરોને ખીચોખીચ એકઠાં કર્યા હોય (કતલ માટેના પશુને ટ્રકોમાં કોથળાની જેમ એક બીજા ઉપર ખડકવામાં આવતાં હોય છે તેની સાથે સરખાવો), તેમની મરજી વિરુદ્ધ તેમને સ્પર્શીને દુભવ્યા હોય, પરિતાપ ઉપજાવ્યો હોય, મૃતઃપ્રાય થઇ જાય ત્યાં સુધીનો ખોફ પમાડયો હોય, બિવરાવ્યા કે ત્રાસ પમાડયા. હોય, તેમની ઇચ્છા વિરુદ્ધ તેમને એક સ્થાનેથી ખસેડી બીજા સ્થાને લઇ જવાયા હોય (સરખાવોઃ વિસ્થાપન સ્થળાંતર, રીહેબિલિટેશન, પુનર્વસવાટ) કે તેમના સૌથી અગત્યના જીવન જીવવાના અધિકારથી તેમને અળગા કરી જીવિતથી જ મૂકાવ્યા હોય તો તેની માફી માંગું છું. બ્રિટનના આધુનિક કાયદા શાસ્ત્રીઓ જે જમાનામાં કહાય જંગલયુગમાં જીવતાં હતાં. તે જમાનામાં આ મનીષીપુરુષે એ કુરતા નિવારણના ક્ષેત્રે કામ કરતી કોઇ પણ વ્યકિત કે સંસ્થાને માટે નેત્ર–દીપક બની રહે તેવું "તેમની મરજી વિરુદ્ધ સ્પર્શમાત્ર કરવાથી લઇને તેમને જાનથી મારી નાખવા સુધીની" પીડાઓનું જે સર્વ સમાવેશક વર્ણન કર્યું છે; તેની તરફ પશ્ચિમચક્ષુ કાયદાપંડિતોનું ધ્યાન કોઇ દોરશે ?

સગી જનેતાના અમૃતોપમ ધાવણને છોડીને વારે–તહેવારે પારકી માવતરોને ધાવવા દોડી જવા ટેવાયેલા સરકારી અધિકારીઓથી લઇને રાજકારણીઓ સુધીના સૌને માટે યુરોપ અમેરિકા પ્રતિનિધિ મંડળો લઇ જવા ઉપર પ્રતિબંધ મુકી "ઇરિયાવહિયં" સૂત્ર જેવા ભારતીય પરંપરાના જ્ઞાનવારસાના દરિયામાં ડુબકી મારવાનું ફરજિયાત બનાવવું જોઇએ તેમ નથી લાગતું ? જે દિવસે હિન્દુસ્તાનીઓ આ અગાધ મહાસાગરના તળિયે ડુબકી મારી તેમણે ખોઇ નાખેલાં મોતીઓ ફરી મેળવશે, તે દિવસ હિન્દુસ્તાન માટે નોસ્ટ્રાડેમસ ("હિન્દુસ્તાન સમગ્ર દુનિયાનું પથપ્રદર્શક બનશે")ની આગાહી સાચી પડવાનો દિવસ હશે.

—વિનિયોગ પરિવાર

卐

સજ્જનોનું અસ્તિત્વ પરોપકારને માટે જ હોય છે

—મુનિરાજ શ્રી રત્નસેન વિજયજી મ.

દુર્જન જો પોતાની દુર્જનતાનો ત્યાગ ન કરે તો સજ્જન પુરૂષે પોતાની સજ્જનતાનો ત્યાગ શા માટે કરવો જોઇએ ?

ચંદન પોતાને કાપનારને પણ સુવાસ જ આપે છે. ચંદન બાળનારને પણ સુગંધ જ આપે છે. બસ, એ જ રીતે સજ્જન પુરૂષો પોતાના ઉપર અપકાર કરનાર વ્યક્તિઓ ઉપર પણ ઉપકાર જ કરતા હોય છે.

એક સંત મહાત્મા પાણીમાં પડેલ વીંછીને બચાવી રહેલા હતા. તેઓ વીંછીને પાણીમાં બહાર કાઢે છે પરન્તુ વીંછી તરત જ એમને ડંખ મારે છે અને તરત જ પાણીમાં પડી જાય છે. સંત મહાત્મા ફરી બીજી વાર એ વીંછીને બહાર કાઢે છે. છતાં ફરીવાર વીંછી એમને ડંખ મારે છે.

કોઇએ પુછયું મહાત્માજી ! તમે શા માટે વીંછીને બચાવી રહ્યા છો ? તમો એને બચાવવા માંગો છો જ્યારે એ તમને ડંખ આપે છે.

મહાત્માએ કહ્યું, કોઇને ડંખ મારવો એ એનો સ્વભાવ છે અને બીજાનો બચાવ કરવો, એ મારો સ્વભાવ છે. હવે એ જો પોતાના સ્વભાવનો ત્યાગ ન કરે તો મારે શા માટે મારો સ્વભાવ છોડવો જોઇએ ?

કોઇને હેરાન કરવા, કોઇને તકલીફમાં મુકવા—એ દુર્જનનો સ્વભાવ હોય છે, જ્યારે બીજાને સહાયતા કરવી, બીજાના દુઃખને દૂર કરવું. એ સજ્જન પુરૂષોનો સ્વભાવ હોય છે.

કુદરતના બધા જ તત્ત્વો પરોપકારમાં મગ્ન છે. ઠીક જ કહ્યું છે.

ખીલીને ફૂલ બીજાને સુવાસ આપે છે.
દીપક બળીને બીજાને ઉજાસ આપે છે.

ફક્ત છે માનવી એવો આખી દુનિયામાં જે પોતે જીવવા બીજાને ત્રાસ આપે છે.

કુદરતના બધા જ તત્વો બીજાના ઉપકાર માટે જ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે.

ફૂલ બધાને સુગંધ જ આપે છે. સુરજ બધાને પ્રકાશ જ આપે છે. દીપક અંધારાને દૂર કરે છે. ચંદ્ર શીતલતા આપે છે. નદી બધાના મેલને દૂર કરે છે. વૃક્ષો બીજાને ઠંડી છાયા આપે છે. જમીન બધાને અનાજ આપે છે.

શું આ બધા તત્વોમાંથી કોઇક પ્રેરણાની સુવાસ લઇ પોતાના જીવનને પરોપકારમય બનાવવા પ્રયત્ન નહી કરીએ ?

બીજાને માટે પરોપકારને માટે જીવનારા વ્યક્તિનું જ જીવન ખરેખર ધન્ય અને પ્રશંસનીય છે.

સંસ્કૃત ભાષા : ઉપેક્ષા અને આદર

અંગ્રેજી ભાષા પ્રત્યે વધતી જતી હેલછા ઉપર અમે આ જ વિભાગમાં એક લેખ લખ્યો હતો. ત્યારે પ્રાસંગિક રીતે કહેલું કે સંસ્કૃત–પાકૃત ભાષાની ઉપેક્ષા અંગે ફરી ક્યારેક વાત. આજે એ વાત કહી દેવી છે.

સંસ્કૃત ભાષાને પંડિતો દેવભાષા ગણે છે. ખરેખર દેવો સંસ્કૃત ભાષામાં બોલે છે કે કેમ એ સંશોધનનો વિષય છે. કારણ કે એક જગ્યાએ દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે એવું મારા વાંચવામાં આવ્યું હતું. અત્યારે દેવ-દેવીનો પરચો બતાવનારા ઘણાં વધી ગયા છે. જો તેઓ સાચા હોય તો તેઓએ એક વખત દેવને બોલાવીને તેને જ પૂછી લેવાની જરૂર છે કે તમો કઇ ભાષામાં બોલો છો ? તો કદાચ "સુરભારતી" તરીકે પ્રસિદ્ધિ પામેલી સંસ્કૃતભાષા ખરેખર દેવોની ભાષા છે કે નહિ તેની ખબર પડી જાય !

ગમે તેમ હોય પણ સંસ્કૃત ભાષાની વિદ્વાનોએ ભરપેટ પ્રશંસા કરી છે. પ્રાચીનથી માંડીને અર્વાચીન કાળ સુધીના દરેક પંડિતોને સંસ્કૃત ભાષાએ આકર્ષિત કર્યા હતા. હરિદ્વારા સિદ્ધાંત વાગીશે સંસ્કૃત ભાષાની પ્રશંસા કરતા એક જગ્યાએ લખ્યું છે કે "ભારતીય ભાષાઓનું મૂળ એક માત્ર સંસ્કૃત જ છે. મૂલનો નાશ થવાથી જેમ શાખાઓનો નાશ થઇ જાય છે. તેમ સંસ્કૃત ભાષાનો નાશ થવાથી ભારતીય ભાષાઓ વધુ સમય ટકી શકશે નહિ" એની જેમ જ 'ભવિતવ્યમ્' નામની એક સંસ્કૃત પત્રિકાએ તો પોતાના ધ્યેય વાચક શ્લોકમાં ત્યાં સુધી લખી નાંખ્યું છે કે– "જ્યાં સુધી પૃથ્વીપટ ઉપર ભારતનું અસ્તિત્વ છે ત્યાં સુધી જ્ઞાનામૃતમય, દેવવાણી–સંસ્કૃતની સેવા થતી જ રહેશે.

જો કે આજે આ પરિસ્થિતિમાં ઝડપી પરિવર્તન આવી રહ્યું છે. ભારતની ભૂમિ સાથે દૃઢ સંબંધથી બંધાયેલી સંસ્કૃત ભાષાની આ જ ભૂમિ ઉપર ઘોર ઉપેક્ષા થઇ રહી છે. પરદેશની ભૂમિ ઉપર આકર્ષણ જમાવતી આ ભાષા પોતાની જન્મભુમિ ભારતમાં એટલી બધી ઉપેક્ષિત હાલતમાં છે કે જેનું વર્ણન થઇ શકે તેમ નથી. પરદેશમાં આજે ખાસ વિદ્વાનોને બોલાવીને આ ભાષાનું અધ્યયન ચાલુ કરાવવા માટે ખાસ વિદ્યાલયો ખૂલી રહ્યા છે. જ્યારે ભારતમાં સંસ્કૃત ભાષાના પંડિતો આજે પોતાના પુત્રને સંસ્કૃત છોડાવીને બીજા ધંધે લગાવી રહ્યા છે. જે ભાષા ઉપર દેશના દરેક ધર્મોના શાસ્ત્રો રચાયા હોય. જે ભાષા ઉપર જ્યાંના

લોકોની સંસ્કૃતિ ઘડાઇ હોય અને જે ભાષાના પરિણામે વિશ્વમાં જે દેશની ખ્યાતિ ફેલાઇ હોય એ જ ભાષાની ઘોર ઉપેક્ષા કરનારા દેશો જો જગતમાં હોય તો કદાચ ભારત એમાં પહેલો નંબર લાવે તેમ છે.

સંસ્કૃત ભાષા સ્વયં તો સર્વાંગ સંપૂર્ણ છે જ પણ ઘણી બીજી ભાષાઓની જનેતા પણ છે. એક પાશ્ચાત્ય વિદ્વાનના શબ્દોમાં જ જોઇએ તો સંસ્કૃત તો ભાષાઓની ભાષા છે. એ વાત સાચી જ કહેવામાં આવી છે કે જે મહત્વ જ્યોતિષ માટે ગણિતનું છે એ જ મહત્વ ભાષા વિજ્ઞાન માટે સંસ્કૃતનું છે.” બીજા એક પાશ્ચાત્ય વિદ્વાને આ જ વાતને બીજી રીતે જણાવી છે. તેણે લખ્યું છે કે “સંસ્કૃતમાં વિવિધ ભાષાઓના વૈયકિતક ગુણોનો સમાવેશ થયો છે. એમાં ગ્રીકભાષાની શબ્દ બહુલતા છે, રોમન ભાષાની ગંભીર સ્વર શકિત છે” અને હિબ્રૂ ભાષાની વિશેષ દિવ્ય ઉત્પ્રેરણા છે. પોકોક નામના વિદ્વાને “ઇંડિયા ઇન ગ્રીસ” માં લખ્યું છે કે “ગ્રુનાની ભાષા સંસ્કૃતમાંથી ઉત્પન્ન થઇ છે.’

પ્રાકૃત ભાષા માટે તો એમ કહેવાતુ હતુ કે એ મગધ જનપદની જનભાષા હતી. ત્યાંના ગોવાળીયાઓ પણ આ જ ભાષામાં બોલતા હતા. સરસ્વતી કંઠાભરણના મતે તો સંવત પ્રવર્તક વિક્રમાદિત્યના સમયમાં જેમ બધા માણસો સંસ્કૃતભાષી હતા તેમ શાકે પ્રવર્તક શાલીવાહનના રાજ્ય શાસનમાં બધા માણસો પ્રાકૃતભાષી હતા ! એ જે હોય તે. દુનેયાની નજરે આ ભાષાની કિંમત હોય કે ન હોય પણ જૈન ધર્મમાં તો એ અત્યાદરણીય છે કારણ કે ભગવાન શ્રી અરિહંત દેવોની વાણીને સૂત્રોમાં ગુંથીને શ્રી ગણધર ભગવંતોએ રચેલા આગમો પ્રાકૃત ભાષામાં છે અને તેના ઉપર રચાયેલી ટીકાઓ બધી સંસ્કૃત-ભાષામાં છે.

જૈન શાસનના ધુરંધર આચાર્ય ભગવંતો આદિ દ્વારા રચાયેલું સાહિત્ય અને જૈન શાસનના પ્રાણભૂત મનાતી પંચાંગી પ્રાકૃતસંસ્કૃત ભાષામાં હોવાથી એક અપેક્ષાએ વિચારીએ તો આ બન્ને ભાષા આપણા ધર્મની પ્રાણભૂત ભાષા છે.

ધર્મગ્રંથોના આધારભુત ભાષાની ઘરાર અવગણના એટલે જ ધર્મનાશનું પહેલું પગથિયું ! ધર્મગ્રંથોના આધારે તો ધર્મ ટકે છે. જો એ ગ્રંથોની ભાષા જ ન આવડે તો ધર્મની સમજ કયાંથી પ્રાપ્ત થાય ? અને સમજ વિના ધર્મ ધર્મ કેવો ? ગ્રન્થોના નાશથી જેમ ધર્મનાશ સર્જાય છે એવી જ રીતે ધર્મ ગ્રંથની ભાષાના નાશથી પણ ધર્મનાશ સર્જાય શકે છે.

ઘણા માણસો એવું આશ્વાસન લે છે કે આ દેશમાં આ ભાષાનો સર્વનાશ થઇ રહ્યો નથી. હજી પણ આ હિંદુસ્તાનમાં એવું પણ એક ગામ અસ્તિત્વ ધરાવે છે કે જયાંનું નાનું બાળક પણ સંસ્કૃતમાં જ બોલતું હોય છે. આખું ગામ સંસ્કૃતભાષી છે. બહારથી આવેલો સંસ્કૃત ભાષા નહિ જાણતો માણસ એ ગામમાં વસી શકતો નથી. થોડા દિવસ માટે મહેમાન તરીકે

રહેવા ગયેલો માણસ પણ એ સંસ્કૃતભાષા ન જાણતો હોય તો તેઓની સાથે સહેલાઈથી ભળી શકતો નથી, ત્રાસી જાય છે. કયાં તો એ માણસે સંસ્કૃત જાણવું પડે છે, કયાં તો એ ગામની મહેમાનગતિ માણવી બંધ કરવી પડે છે!

આખું ગામ સંસ્કૃત બોલતું હોય એ આશ્ચર્ય પેદા કરે એ બની શકે પંણ એનાથી આશ્વાસન પામે તો એ બરાબર ન કહેવાય. એમ જોવા જાવ તો વિશ્વની બાર ભાષામાં પ્રગટ થતું "ચાંદામામા" માસિક સંસ્કૃતમાં પણ પ્રગટ થાય છે. સંસ્કૃતભાષાના "ચંદ્રમામા"ની પણ લાખો નકલો નીકળતી હશે એમ લાગે છે. સવા-ત્રણ લાખની ઉપરનો આંકડો બતાવતો ગ્રાહક નંબર મારા જોવામાં આવ્યો હતો. આ સિવાયના પણ બીજા સંસ્કૃતભાષાના બીજા માસિકો વગેરે પણ બહાર પાડતા હશે? પણ એથી શું? આપણને એનાથી શો લાભ! સંસ્કૃત વાંચનારા લાખો માણસો હોય તો પણ જૈનોનો એમાં નંબર ન હોય તો આપણને કંઈ કામનું નથી.

હું કેવળ સંસ્કૃત ભાષાનો પ્રેમી નથી પરંતુ આપણા ધર્મશાસ્ત્રો આ ભાષામાં રચાયેલાં હોવાથી મને એના પ્રત્યે વધુ પક્ષપાત છે. આ વિષયમાં ઘણીવાર ગેરસમજ ઉભી થઈ જાય છે. એકલો સંસ્કૃત ભાષા ઉપરનો પક્ષપાત રાખી એ ભાષા ભણીને તૈયાર થયા બાદ કાવ્ય–કોષ–અલંકાર–નાટય વગેરેમાં જ મસ્ત બની જવાય અને ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં ઉપેક્ષા સેવાય તોય આપણું ધ્યેય સિદ્ધ થતું નથી. ભાષા તો કેવળ સાધન છે. સાધનની જરૂર સાધ્ય સુધી પહોંચવા માટે છે. સાધન હાથમાં આવ્યા પછી એમાં જ ખોવાય જાય, સાધ્યની યાદ પણ ન આવે એના માટે સાધન મળ્યું પણ નકામું ગણાય.

મેં ઘણી જગ્યાએ જોયું છે કે ન્યાય-શાસ્ત્રમાં પ્રવેશ કર્યા બાદ ઘટપટ ઘટપટ કરતા કયારેક વિદ્યાર્થી એવી ખટપટમાં પડી જાય છે કે ખુદ એનું જીવન જ અટપટું થઈ જાય છે. આગમ શાસ્ત્રના ગહન પદાર્થોનો બોધ પામવાની ભાવના વિના ફક્ત તાર્કીક બની જવાની મહેચ્છા સાથે ઝટપટ ન્યાય-શાસ્ત્રમાં ઝંપલાવનારા આગળ જતાં શાસ્ત્રોમાં પણ ખોટી ખટપટ ઉભી કરવા લાગી જાય છે! એ જ રીતે સંસ્કૃત-ભાષા પણ ધર્મશાસ્ત્ર ભણવાના ઉદ્દેશથી જ્યારે ભણવામાં નથી આવતી ત્યારે પણ એની ગાડી ખોટા પાટા ઉપર ચડી જાય છે. પછી તેઓ સંસ્કૃત ભણે તો પણ ચમ્પૂ કાવ્યો અને નાટકો વાંચવામાંથી જ ઉંચા ન આવે. વ્યાકરણાચાર્ય કે સાહિત્યાચાર્યની ઉપાધિ મેળવવા માટે જ એમનો પુરૂષાર્થ હોય છે. આવા પરિણામો લાવવા માટે સંસ્કૃત ઉપર ભાર મુકવાની જરૂર નથી. શાસ્ત્રાધ્યયન કે શાસ્ત્ર રચના સ્વરૂપ સાધ્યસિદ્ધ ન કરે તેવી વિદ્વત્તા કે તેવી ભાષા કુશળતા સાધુ માટે ઉપકારક ન બને. આમ એક બાજુ સંસ્કૃત–પ્રાકૃત ભાષાની વધતી જતી ઉપેક્ષા પ્રત્યે ગંભીર વિચાર કરવા જેવો છે. તેની જેમ જ સંસ્કૃત–પ્રાકૃત ભણેલાઓ શેના માટે તેનો વપરાશ કરી રહ્યા છે તેની પણ ગંભીર વિચારણા કરવા જેવી તો ખરી.

ધી લાયન્સ ચેરીટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ

હોસ્પીટલના ઉદઘાટન પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

હાલારી વીસા ઓશવાળ જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું કે ઓશવાળોના સહકારથી ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા 'શ્રી કેશવલાલ કુલચંદ શાહ જનરલ હોસ્પીટલ અને શ્રી પ્રભુલાલ ચુનીલાલ વોરા આઇ હોસ્પીટલ'નું થાનગઢ મુકામે નિર્માણ થયું છે. જેનું શુભ ઉદ્‌ઘાટન સોમવાર તા. ૨૫-૧-૯૩ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રોજવામાં આવેલ છે.

"શ્રી કેશવલાલ કુલચંદ શાહ જનરલ હોસ્પીટલ'નું શુભ ઉદ્‌ઘાટન આદરણીય પૂ. મહંત શ્રી દેવપ્રસાદજી-આણંદબાવા આશ્રમ-જામનગરના વરદ હસ્તે અને 'શ્રી પ્રભુદાસ ચુનીલાલ વોરા આઇ હોસ્પીટલ'નું શુભ ઉદ્‌ઘાટન આદરણીય પૂ. સ્વામી શ્રી સચ્ચીદાનંદજીના વરદ હસ્તે થશે.

આ પ્રસંગે યોજાનાર સમારંભનું પ્રમુખસ્થાન જૈન સમાજના અગ્રણી માનનીય શ્રી દીપચંદભાઇ ગાડી સંભાળશે.

પૂ. સંપુરાનંદજી બાપુ આશિર્વચન આપશે.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે નીચે મુજબના મહાનુભાવો પધારશે.

- માનનીય શ્રી ડો. અઘવર્યું સાહેબ-વીરનગર
- માનનીય શ્રી ડો. વસંતભાઇ પરીખ-વડનગર
- ઓ. શી. અને રા. સંઘના માનનીય પ્રમુખ શ્રી તારાચંદ પી. શાહ
- હા.વી.ઓ. સમાજ-જામનગરના માનનીય પ્રમુખશ્રી ભરત હંસરાજ દોઢિયા
- ઓશવાળ સમાજના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી કાંતિલાલ લખમસી હરિયા
- ઓશવાળ સમાજના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી પ્રેમચંદ મેપાભાઇ શાહ

ઉદ્‌ઘાટનના ઉપરોક્ત પ્રસંગે પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ.

લી.

ધી લા. ચે. ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
પ્રમુખ-રામજીભાઇ લખમણભાઇ માડ
ઉપપ્રમુખ-ડો. ઘનશ્યામભાઇ જે. મેંઢા
મે.ટ્રસ્ટી-ડો. રસીકભાઇ જે. ઠાકર
ટ્રસ્ટી-પુષ્પાબેન પ્રભુલાલ વોરા
,,-કિર્તિભાઇ આર. મહેતા
,,-રમેશચંદ્ર અ. જુઠાણી
,,-અરવિંદભાઇ પુ. શાહ

-: સ્થળ :-
જનરલ એન્ડ આઇ હોસ્પીટલ
બસ સ્ટેન્ડ સામે, થાનગઢ

-: સમય :-
તા. ૨૫-૧-૯૩ને સોમવાર
સવારે ૧૦-૩૦થી ૧૨-૩૦

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

દેવ બોલ્યો– "ભગવાન તમે મરો"

પરસ્પરની મૈત્રીના માહોલભર્યા સમવસરણમાં જ ખુદ શ્રેણિક જેવો શ્રેણિક ક્રોધથી કંપી ઉઠ્યો, રોમ-રોમ રોષથી સળગી ઉઠ્યું.. સમવસરણમાંથી આ કોઢીયો ઉઠે એટલી જ વાર, કોઢીયાના કટકે કટકા કરાવ્યા વિના નહિ રહું.

ચરમ તીર્થપતિના જે ચરણોનું ચંદન રસથી ચર્ચન કરી અર્ચન કરવાનું હોય, આજે આ પાપીયો કોઢીયો તેના સડી ગયેલા શરીરના ચાંદામાંથી ગંધાઇ ઉઠેલા પરૂથી ચંદનની જેમ જ તીર્થપતિના શ્રી ચરણોને લપેડયા કરે છે. તીર્થપતિની આટલી હદ વિનાની આશાતના ? અને તે પણ મારી દેખતા જ ? અહીંથી આ પાપી ઉઠયો નથી ને મેં કપાયો નથી.

થોડીવાર થઇ એટલે ખુદ ભગવાનને છીંક આવી અને આ કોઢીયો ભગવાનને કહેવા લાગ્યો– 'તું મર' આ સાંભળીને હવે તો શ્રેણિક ક્રોધથી સમસમી ઉઠ્યો અને તેનાથી રહેવાયું નહિ તેથી સુભટોને આદેશ કરી દીધો કે– 'અહીંથી ઉઠે ત્યારે આ કોઢીયો જતો ના રહે. પકડી લેજો પાપીયાને'.

દેશના પૂરી થઇ.

શ્રેણિકના સૈનિકોએ કોઢીયાને ઘેરી લીધો. તે જ ક્ષણે તે દરેકના દેખતા દિવ્યરૂપધર ઉડીને આકાશમાં ચલ્યો ગયો.

ભગવાનને પૂછતાં શ્રેણિકને ખબર પડી કે તેનો કહુંરાંક નામનો દેવ હતો. સેડૂકમાંથી મંડુક બની અત્યારે તે કહુંરાંક નામે દેવ થયેલો છે. ઇન્દ્ર દેવરાજ ઇન્દ્રે ઇન્દ્રસભામાં તારા 'શ્રાવકોમાં શ્રેષ્ઠ શ્રદ્ધાળુ શ્રાવક શ્રેણિક છે' આ રીતે કરેલા વખાણ સાંભળી, શક્રવચનમાં વિશ્વાસ ન બેસતાં તે તારી પરીક્ષા કરવા અહીં આવ્યો હતો. તેણે ગોશીર્ષના ચંદન વડે મારા ચરણોનું અર્ચન કર્યું છતાં તને પરૂ દેખાય તેવું જ તેણે કર્યું.

'તો પ્રભો ! આપને છીંક આવતાં અમંગળ અક્ષરો તેણે કેમ ઉચ્ચાર્યા ?'

'હે ભગવાન્ ! હજી પણ આપ આ સંસારમાં રહ્યા છો ? જલ્દીથી મોક્ષમાં પધારો" આવા ભાવથી 'તું મર' એમ મને કહ્યું.

વળી હે નરશાર્દૂલ ! તને છીંક આવતાં તે દેવે 'તું જીવ'. આમ કહ્યું તે એટલા માટે કે–'અહીં જેટલું જીવ્યો તેટલો કાળ તને સુખ છે. પણ મૃત્યુ પામીને તું 'નરકમાં જઇશ.'

અભયને છીંક આવી ત્યારે તે કહુંરાંક દેવે કહ્યું કે 'તું જીવ અથવા મર.' કારણ કે અહીં જીવતો તો ધર્મ કરે છે અને મરીને તે અનુત્તર દેવલોકમાં જશે'.

અને કાલસૌરિકને છીંક આવતાં 'તું'

જીવ પણ નહિ મરીશ પણ નહિ' આમ કહ્યું-તેનું કારણ એ છે કે-અહીં જીવતો તે પાપમાં પડેલો છે. અને મરીને સાતમી નરકે જવાનો છે.'

હવે નરક ગતિ સાંભળી તેને દૂર કરવાના બે-બે ઉપાયો પણ સાંભળીને શ્રેણિક પોતાના મંદિર તરફ જાય છે.

કહુંરાંક દેવ હવે શ્રેણિકની પરીક્ષા કરવા આવ્યો.

તેણે કૈવર્ત (=ઢીમર=માછીમાર)ની જેમ અકાર્ય કરતાં એક સાધુ શ્રેણિકને દેખાડયા. શાસનની મલિનતા ન થઈ જાય' તેમ માનીને તે સાધુને વિનયપૂર્વક અકાર્યથી અટકાવી રાજા ઘર તરફ ગયો.

દેવે ફરી એક ગર્ભવતી સાધ્વી વિકુર્વીને (દૈવી શક્તિથી બનાવીને) શ્રેણિકને દેખાડી. શાસન ભક્ત રાજા શ્રેણિકે તે સાધ્વીને પોતાના મહેલમાં છૂપાવી દીધા.

અને ત્યાર પછી...

प्रत्यक्षीभूय देवोऽपि तमूचे साधु साधु भोः ।
सम्यक्त्वाच्चाल्यसे नैकिव पर्वतः स्वपदादिव ।।

પ્રત્યક્ષ થઈને દેવે પણ તે રાજાને કહ્યું હે રાજન્ ! સુંદર, સુંદર. (સરસ, સરસ) પોતાના સ્થાનથી પર્વતની જેમ તને સમ્યક્ત્વથી ચલાયમાન કરી શકાય તેમ છે જ નહિ.

એક દિવ્યહાર અને બે દિવ્ય ગોળા રાજાને ભેટ આપીને તે કહુંરાંક દેવ અંતર્ધાન (અદૃશ્ય) થઈ ગયો.

શ્રેણિકે નરક-નિવારણના બન્ને ઉપાયો કરી જોયા પણ તે છેવટે નિષ્ફળ નીવડયા.

સુપાત્ર દાનના પાંચ ભૂષણ

૧. હર્ષના આંસુ આવવા-પંચાચાર પાળનારા કેવા ઉત્તમ ગુરુભગવંતનો મને યોગ મળ્યો અને એમાં વળી સુપાત્રદાન દેવાનો અવશર પણ આવી લાગ્યો. આવું વિચારતાં વિચારતાં જો આંખમાં આંસુ આવી જાય તો તેને હર્ષના આંસુ કહેવાય.

૨. રોમાંચ ખડા થવા-મરી મુક્તિરૂપી મંગલયાત્રામાં અસામાન્ય સહાય કરનારા ગુરુ મહારાજને જોતાં આપણા શરીરની રોમરાજી હર્ષથી વિકસ્વર બની જાય તેને રોમાંચ ખડા થયા કહેવાય.

૩. પ્રિય વચન બોલવું - પધારો ! પધારો ! અમારું આંગણું પાવન કરો. અમારો સંસારસાગરથી ઉદ્ધાર કરો. ફરીથી લાભ આપવા કૃપા કરશોજી.

૪. અનુમોદના - દાન આપ્યા પછી વારંવાર તેની અનુમોદના કરવી. અરેઅર ! આજે મને કેવો સુંદર લાભ મળ્યો ? ૬૭ ગુણોથી શોભતા ગુરુમહારાજનો લાભ મળી ગયો. મારું આપેલું સફળ થઈ ગયું.

૫. બહુમાન - ગુરુ મહારાજ ઉપર હૃદયમાં ભક્તિ-બહુમાન ધારણ કરીને દાન આપવાથી ખૂબ જ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. વિધિ અને બહુમાનથી આપેલા દાનથી ઘણો લાભ થાય છે.

આ પાંચ ભૂષણો સહિતદાન આપવાથી આપણને શાલિભદ્રની જેમ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે તેવા પુણ્યને લાત મારી જેમ શાલિભદ્ર સાધુ થઈ ગયા તેમ આપણને મળેલા પુણ્યને લાત મારી આપણે પણ સાધુ થઈ જઈશું ?. -સાધ્વી આર. શાહ

પાપની શુદ્ધિ કરવી જરૂરી

—શ્રી રતીલાલ ડી. ગુંદકા–લંડન

શાસ્ત્રકાર મહર્ષીઓ માનવ કલ્યાણ માટે સિદ્ધાંતરૂપ વાણીનો પ્રકાશ કરી ગયા છે. વીસ સ્થાનક તપશ્ચર્યા એટલે વીસ પદ આવે છે અને એમાં તપ એ ચોદમું પદ છે જેના ગુણલેા બાર છે. અને તપના પ્રકાર પણ બાર છે. વળી, શાસ્ત્રમાં આવે છે કે તપપદના આરાધનથી હરિવીક્રમ જિન થયા.

પૂર્વ કાળમાં માનવેા પાપભીરૂ હતાં પાપ ન થઇ જાય માટે તેઓ સાવધાન રહેતા. પાપ સંયેાગેાથી હંમેશા દૂર રહેતા હતા. કદાચ પાપ થઇ જાય તેા તેનું નિવારણ કર્યા વગર તેમને ન ગમતું. આપણા જીવનમાં પણ જે કાંઇ મેાટા ગુન્હાઓ થયા હેાય, ખરાબ કાર્યો થઇ ગયા હેાય તેા આપણને તેનું દુઃખ–કેતાં તેનેા ડંખ થવેા જોઇએ. અપણા જીવનમાં નાનું યા મેાટું તપ આવે એટલા માટે આ લખાણ છે. આપણાથી થઇ ગયેલા પાપેાને ભલે કેાઇ નથી જાણતું પણ પેાતાનેા આત્મા જાણે છે, કેવલી જ્ઞાનીઓ જાણે છે અને એની શુદ્ધિ માટે વિચાર આવવેા જરૂરી છે.

ઘણીવાર લેાકમાં બેલાય પાપની સજા કેાણે જોઇ છે ?

જે પાપની સજા આ લેાકમાં થઇ નથી અને ધારેાકે થવાની નથી એમ બેાલનારા પણ હેાય છે. પરંતુ પાપની સજા અહીં નહિ તેા પરલેાકમાં ભેાગવવાની છે. આપણે પરલેાકને માનતા હશું જ ? આપણે જે ફળ ભેાગવીએ છીએ, તે માત્ર આ જન્મના કર્મોનું ફળ ભેાગવાય છે ? જે પાપની સજાથી આ લેાકમાં છૂટી ગયા, તે પાપની સજા કદી પણ નહિં ભેાગવવી પડે એવું નથી. આ લેાકમાં [આપણને] જેને જેને જે જે કામને માટે સજા ભેાગવવી પડે છે, તે તે કામને જ પાપ કર્મ કહેવાય છે. આવા વચનેા જ્ઞાનીઓ છે. એ સિવાય કેાઇ પાપકર્મ જ નથી એવું નથી હેાતું. પરંતુ કેાઇવાર એવું પણ બને છે કે આ લેાકમાં કંઇ પણ એવું ખરાબ કામ નથી કર્યું, અને સારૂં જ કામ કર્યું છે. છતાં કેાઇવાર આપણને [ઘણાને] સજા ભેાગવવાનેા વખત આવે છે. તેા એ સારા કામને પાપ માનવા ? નહિં. ત્યાં તેા એમજ કહીએ છીએ આપણે કે અમારા [આપણા] પૂર્વભવના પાપના ઉદયે અમારે સજા ભેાગવવાનેા વખત આવ્યેા છે.

આપણા પાપેા આપણને દેખાય છે, કયાં છે ?

આપણે જે પાપ કરીએ– જે ગુન્હા કરીએ, જે ખેાટું કરીએ તેનું ફળ આપણે ભેાગવવું પડે. આવું માનનારા આપણે છીએ ને, જો હા તેા હવે માની લીએ કે આપણે કેાઇ પાપ અગર ગુન્હેા કેતા આપણાથી

પાપ થઇ ગયું. આ પાપથી શુદ્ધ થવા માટે પ્રાયશ્ચિતાદિ કંઈપણ ન કર્યું. તો એ પાપનું ફળ એ ગુન્હાની સજા કયારેક ભોગવવી પડે કે નહિ ? આ વાત આપણે માનીએ છીએ કે નહિ ? જો હાં, તો પછી આપણા જીવનમાં [મારાથી – તમારાથી] આપણાથી કોઇ પાપ થયા છે ખરા ? મોટા ગુન્હા, મોટી અનીતિ વગેરે, આ બધા પાપો ભલે, બીજા ન જાણે પરંતુ આપણે તો જરૂર જાણીએ છીએ ને ? એ પાપો યાદ આવે તો હૈયાના (આત્માના) હાલ શું થાય ? એવો વિચાર કયારેય આવ્યો, કે ખુબર કયારેય કોઇ વાત દૃષ્ટાંત ઉપરથી એવું બન્યું છે ખરું કે આપણે આપણા પાપ કોઇ સદ્‌ગુરૂની પાસે જઇ અગર તો કદાચ કારણવસાત ન જઇ શકયા હોઇએ ભલે, પણ પત્ર દ્વારા પોતાના ગુન્હા પાપોની જાહેરાત કરી. પ્રગટ કર્યા. કહેવાનું તાત્પર્ય કે આપણાથી આ સંસારમાં જાણતા અજાણતાં અજ્ઞાન દશાને લીધે પૂર્વે ખૂબ જ ગુન્હા પાપો થઇ ગયા હોઇને એનું પ્રાયશ્ચિત ગુરૂ ભગવંત સમીપે લેવું જોઇએ. અને દૂર પરદેશ વસનારા મુમુક્ષોને છેવટે પત્ર દ્વારા તરત જ મંગાવી લેવું જોઇએ. એકવાર પછી જયારે સમય ને અવશર મોકો મળે ત્યારે રૂબરૂ એનો કરાર કરવો જોઇએ. ગુરૂ ભગવંતો આપણી વાત કદી બીજાને કેતા નથી: આપણે જેની પાસે કહી શકીએ ત્યાં કેવાનું. આ જીવને, એટલો પણ વિચાર નહિ આવે કે જો હું મારા પાપને શુદ્ધ નહિ કરૂં તો પરલોકમાં મારૂં શું થશે ?

માનવીના જીવનમાં કયારેક દુઃખ પણ આવે છે. દુઃખની ઇચ્છા આપણ કોઇને હોતી નથી. છતાં દુઃખ કયાંથી આવીને ઉભા રહી જાય છે. આ જીવનમાં તો, એવું એટલે કે, પાપ જેવું કાંઇ કર્યું નથી, તો જીવને દુઃખ ભોગવવું કેમ પડે છે. તો એનો મતલબ અર્થ એવો ગણાય કે ભૂતકાળમાં તો પાપ કર્યુ હશે ને ? જેમ વાવ્યા વિના લણાય નહિ. જમા કરાવ્યા વિના ભોગવાય નહિ માટે આપણે યાદ કરી લેવું કે જયારે આપણને દુઃખ આવ્યું તો ત્યાં સમજવું કે આ જીવે જરૂર પાપ કર્યા હશે માટે વધાવી લઉં.

+

સમ્યગ્દર્શનની વિશુદ્ધિ શાથી ?

गुणमा हप्पं इसिनामकित्तणं सुरनरिंदपूया य ।
पोराण चेइयाणि य इय एसा दंसणे होइ ।।

શ્રી આચાર્ય આદિના ગુણોનું વર્ણન, પૂર્વ મહર્ષિઓનું નામોત્કીર્ત્તન, તેઓની સુરેન્દ્ર–નરેન્દ્ર કૃત પૂજાનું કથન અને ચિરંતન ચૈત્યોનું પૂજન આદિ ક્રિયાને કરનાર અને તે વાસનાથી વાસિત થયેલ આત્માની દર્શન શુદ્ધિ થાય છે.

-: ચાર મંગલ :-

પ્રભુજીએ સંસાર માંહે,
પ્રરૂપ્યાં છે એવા ચાર મંગલ;
જાણીએ, આચરીએ, સ્મરણ કરીએ,
થાયે સર્વનું તેથી જ મંગલ. ૧

અરિહંતોનું સ્મરણ મંગલ,
સિધ્ધોનું પણ સ્મરણ મંગલ;
સાધુ–જનોનું સ્મરણ મંગલ,
ઉપદેશ્યો છે પ્રભુએ ધર્મ તેનું.
સ્મરણ છે એવું જ મંગલ... ૨

અરિહંતો કેરું પદ એવું મંગલ,
સિદ્ધો તણું પદ એવું મંગલ;
સાધુ–જનોનું પણ પદ છે રે મંગલ,
જિનેશ્વરોએ સ્થાપ્યો ધર્મ તેનું.
સ્થાન પણ સહાય મંગલ... ૩

અરિહંતોનું શરણું છે મંગલ,
સિધ્ધો તણું શરણું છે મંગલ;
સાધુ–જનોનું શરણું ય મંગલ,
જિનેશ્વરો પ્રેરિત ધર્મ કેરું.
શરણું'ય છે એવું જ મંગલ... ૪

ચાર સ્મરણોને ચાર પદ જે,
ચાર શરણાં વળી સાથ છે તે;
સ્મરવાં ને આચરવાં ફરીફરીને,
સર્વદા કરે મંગલ સર્વ રીતે. ૫

સ્મરણ નિત્ય એનું કરે જે,
ને આચરશે વળી યોગ્ય રીતે;
નહીં દુઃખે ભવસાગરમાં કદી તે,
કર્મના બંધનોથી છૂટી અને તે,
મુક્તિ–માર્ગને પામી જશે તે. ૬

અમને આ મંગલ–માર્ગ બતાવનાર,
ધર્મ ચક્ર સદા પ્રવર્તાવનાર;
ઉપકારી અમ ગુરુજનોને,
પ્રભુજીએ સ્મરણ કરી કરીને... ૭

—પ્રભુલાલ દોશી
સુ. નગર

આઠ નારી મલિ એક સુત જાયો.
બેટે બાપ વધારયો,
ચોર વસ્યા મંદિરમાં આવી
ઘરથી શાહ કઢાયો.

કર્મની મૂલ પ્રકૃતિ આઠ છે. તે જ આઠ નારી જાણવી. તેણે સંસાર રૂપી એક પુત્ર પેદા કર્યો છે. તથા કપટરૂપી બેટાએ મોહરૂપી પિતાએ વધારેલો છે. એટલે મોટો કરીયો છે. તથા વિષયરૂપી ચોર તે કાયા રૂપી મંદિરમાં આવી વસ્યા છે. તેણે સીલ સાહસિક રૂપી મોટા શાહુકારને ને ઘરમાંથી કાઢી મુકયા છે.

—વિજય સાગર
હરિયાલી

: ગુંજન :

કિસમત હંમેશા હથેળીમાં રાખો,
ચહેરા પર એની રેખા ન રાખો;
દિલાસો દેવાને કોઇ હિંમત ન કરે,
દુઃખ–દર્દમાં પણ એવી પ્રતિભા રાખો.

—ધર્શી

અમરાવવા લાયક ટૂંકી પ્રશ્નોત્તરી

૧. મુક્તિનું મૂલ શું ? સદ્‌વિવેક
૨. મુક્તિનો પાયો શું ? નિઃસ્પૃહભાવ
૩. મુક્તિનો પ્રાસાદ શું ? ચારિત્ર
૪. મુક્તિમાં વસનાર કોણ ? શુદ્ધાત્મા
૫. સંસારમાં કલ્પવૃક્ષ કોણ ? સંતજનો
૬. સંસારમાં વિષ કોણ ? મિથ્યાજ્ઞાન
૭. સંસારમાં શત્રુ કોણ ? મોહ
૮. સંસારમાં નપુંસક કોણ ? શ્રદ્ધાહીન
૯. સંસારમાં અમૃત કોણ ? જ્ઞાન
૧૦. અરું જીવન કયું ? જ્ઞાનાનંદ
૧૧. ખરો મિત્ર કોણ ? સદ્‌વિચાર
૧૨. ખરો ભક્ત કોણ ?
નિઃસ્વાર્થે ભક્તિ કરનાર
૧૩. ખરો વિવેકી કોણ ?
આત્માનું હિત કરનાર
૧૪. શુભ દિવસ કયો ?
આત્મ ચિંતન થાય છે
૧૫. શું ત્યાજ્ય છે ?
જેના પરિણામે દુઃખ થાય તે
૧૬. શું સત્ય ? અનુભવ જ્ઞાન ભાસે તે સત્ય
૧૭. શું આદરણીય ?
જેનાથી સકાની શાંતિ મળે તે
૧૮. આપવા જેવું શું ? અભયદાન
૧૯. નિર્ધન કોણ ? વૈરાગી
૨૦. અંધ કોણ ? અજ્ઞાની
૨૧. સુખની માતા કોણ ? નિવૃત્તિ
૨૨. દુઃખની માતા કોણ ? આશા
૨૩. આરોગ્યનું મૂલ શું ?
ભોજન ભૂખે ખાય તે
૨૪. લેવા જેવું શું ? સંયમ
૨૫. છોડવા જેવું શું ? સંસાર
૨૬. મેળવવા જેવું શું ? મોક્ષ
૨૭. પરમાત્માને મેળવી
આપનાર કોણ ? શુભધ્યાન
૨૮. દુર્ગતિમાં લઈ જનાર કોણ ?
આર્તધ્યાન, રૌદ્રધ્યાન
૨૯. પાળવા જેવું ? શીલ

—સાધ્વી આર. શાહ

ઉપયોગી પ્રકાશનો

સજ્ઝાય માળા
પેજ ૧૭૬–સજ્ઝાયો ૧૬૨
મૂલ્ય રૂા. ૧૫)
ત્રિકાલના દેવવંદન પેજ–૫૭
વિધિ સહીત ત્રિકાલના દેવવંદન
પચ્ચક્ખાણ પારવા, ગુરુ વંદન
ચૈત્યવંદન, સામાયિક લેવી પારવી
વિધિ સહિત તથા ચૈત્યવંદનો
સ્તુતિ સજ્ઝાયો ભક્તિ ગીતો
મૂલ્ય રૂા. ૧૫)
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
C10. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર)

"જિન તોરે ચરણુકી શરણુ ગ્રહુ" લેખક–પૂ. મુ. શ્રી હર્ષશિલવિજયજી મ. પ્રકાશક–કથા સાહિત્ય ગ્રંથમાલા–મુંબઇ સહ-પ્રકાશક–શાહ બાલચંદભાઇ ઇશ્વરભાઇ વોરા પરિવાર, ચંદ્રલોક બી માનવ મંદિર રોડ, વાલકેશ્વર મુંબઇ–૬, ફા. ૧૬ પેજી, ૧૭૭ પેજ, ૨૪ જિનનાં સ્તવનો વિ. ઉપયોગી સામગ્રીનો સુંદર સંગ્રહ છે.

સમાધિસરિતા–લેખક–પૂ. શ્રી ગુણશીલવિજયજી ગણિવર, પ્રકાશક– કથા સાહિત્ય ગ્રંથમાળા, ઠે. ઉમેશચન્દ્ર લોગીલાલ શાહ, ૬૧, મરીનડ્રાઇવ ૩, શાલીમાર, મુંબઇ–૪૦૦ ૦૦૨. ફા. ૧૬ પેજી, ૩૫ પેજ, મૂલ્ય રૂા. ૧૦), પુણ્ય પ્રકાશ સ્તવન પંચસૂત્ર આદિ આરાધનાનો સંગ્રહ છે.

એક સરસ વાર્તા (સમરાદિત્ય–ચરિત્ર સચિત્ર) લેખક–પૂ. મુનિરાજ શ્રી હર્ષશીલવિજયજી મહારાજ. પ્રકાશક–કથા [સાહિત્ય ગ્રંથમાળા. ૬૧, મરીનડ્રાઇવ ૩ શાલીમાર મુંબઇ–૪૦૦ ૦૦૨. ફા. ૮ પેજી, ૧૫૨ પેજ, મૂલ્ય રૂા. ૬૦. આત્માના ઉત્થાનની અને ક્રમશ: વિકાસ માટેની ઉત્તમ ભુમિકા આ સચિત્ર પુસ્તકમાં છે. જેના ચિત્રો બહુરંગી આંખે વળગે છે, મોટા ટાઇપમાં હાથમાં લીધા પછી મુકવાનું મન ન થાય. તેવું પુસ્તક છે.

. મહાન જ્યોતિર્ધર (હિંદી)–લેખક–સ્વ. શ્રી સુશીલ, પ્રકાશક-શ્રી પાબલ જૈન શ્વે. મૂર્તિ સંઘ. પદ્મપ્રભુ જૈન તીર્થ પેઢી. પાબલ–૪૧૨૪૦૩ જિલા : પૂના. ડેમી ૮ પેજી, ૧૬૩ પેજ, મુલ્ય રૂા. ૩૦) પૂ. આત્મારામજી મ. ના જીવન અંગે સુંદર વિવેચન છે.

શ્રી અનુયોગધર સૂત્ર– લેખક– પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજી મ. (કુમાર શ્રમણ), પ્રકાશક–જગજીવનદાસ કસ્તુરચંદ શાહ સંઘવી. મુ. પો. સાઠંબા–૩૮૩૩૪૦ ગુજરાત– ફા. ૧૬ પેજી, ૪૯૬ પેજ, મુલ્ય રૂા. ૩૫, અનુયોગ દ્વારના પદાર્થોનું વર્ણન છે.

સામાયિક ધર્મ–લેખક–વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ. પ્રકાશક–પૂ. પં. પદ્મવિ. ગણિવર જૈન ગ્રંથમાલા, ઠે. અશોકકુમાર હિંમતલાલ શાહ, એમ. એ. માર્કેટ, ત્રીજે માળે, કપાસીયા બજાર, અમદાવાદ–૨. ફા. ૧૬ પેજી, ૬૨ પેજ, સામાયિક અંગે સારૂં વિવેચન છે.

અંતિમ આરાધના વિધિ તથા સાધુસાધ્વી કાળધર્મ વિધિ–લેખક–પૂ. સુધર્મસાગરજી મ. સા. પ્રકાશક– અભિનવ શ્રુત પ્રકાશન ૨૮. ડેમી ૧૬ પેજી, ૩૬ પેજ, શ્રીમતી વિમળાબેન અનુચંદ ગાંધીના સૌજન્યથી.

હૈમલઘુ પ્રક્રિયા ટિપ્પણ્ય– ઉત્તરાર્ધમ્)—ભાષાંતર કર્તા– પં. પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રિયંકરસૂરીશ્વરજી મ. સા. પ્રકાશક—શ્રી મહાવીર શ્વે. મુ. પૂ. જૈન સંઘ, શેઠશ્રી કેશવલાલ મુળચંદ જૈન ઉપાશ્રય, ઓપેરા સોસાયટી, નવા વિકાસગૃહ રોડ

પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭. ફ. ૧૬ પેજી, ૩૮૨ પેજ, મુલ્ય પઠન પાઠના વ્યાકરણના અભ્યાસીઓ માટે વિવેચન સહિતનો આ ઉપયોગી ગ્રંથ છે.

અંડે બનામ મોતકા પૈગામ– પ્ર. રાજકુમાર છાજડ પ્ર. જૈન સંસ્કૃતિ રક્ષક સંઘ, ભાંડારકર કંપાઉન્ડ, સ્ટેશન રોડ, અમલનેર (જી. જલગાંવ) આજે પ્રચાર પામી રહેલા ઈંડાનું ભક્ષણ એ હિંસા છે. અને ભારે હાનીકર્તા છે તે અંગે વૈજ્ઞાનિક રીતે આ બુકમાં સમજાવ્યું છે.

સજ્ઝાય માલા સ્વાધ્યાય સુધારસ સં. પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પ્ર. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા લાખાબાવળ, સૌરાષ્ટ્ર, ફા. ૧૬ પેજી, ૧૭૬ પેજ, મુલ્ય રૂા. ૧૫, એકસો બાસઠ સજ્ઝાયોનો સંગ્રહ છે.

સાધનાનું શિખર – સાક્ષીભાવ– લેખક–મુનિશ્રી અમરેન્દ્રવિજયજી, પ્રકાશક– જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન, દ્વારા રતિલાલ સાવલા, શેઠના હાઉસ, ત્રીજે માળે, ૧૩ લેબર્નમ રોડ, ગામદેવી, મુંબઇ–૪૦૦૦૦૭. ડેમી ૮ પેજી, ૬૧ પેજ, મુ. રૂા. ૬ અધ્યાત્મ સાધના માટે ચિંતન લેખમાળા છે. અનુભવ અને વિવેકનો ઉપયોગ કરવો.

Vegetorion or Non Vegetoriyon– ગોપીનાથ અગ્રવાલ પ્ર. જૈન બુક એજન્સી ૬૯, કોનોટ પેલેશ, પો. બો. નં. ૧૧૩ ન્યુ દિલ્હી–૧૧૦૦૦૧. ફોજર–ડેમી ૮ પેજી પેજ ૪૪, મુલ્ય રૂા. ૧૫ આ પુસ્તકમાં માનવ જાત તરીકે પણ માંસાહાર ઈંડા ખોરાક નથી. એ સમજાવીને બંને અંગે સમજ આપી છે. પ્રચારની દૃષ્ટિએ મુલ્ય જુજ ગણાય.

યુગપુરૂષની અમર યાદ ગુણાનુવાદ પ્રકા.–શ્રી વાસુપૂજ્યસ્વામી મહારાજ ટેમ્પલ ટ્રસ્ટ ૬૫૮, જૈન મંદિર પથ, પુણે–૪૧૧૫ ડેમી ૮ પેજી, ૩૨ પેજ, પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂ મ. ની પ્રથમ તિથિની ઉજવણી પ્રસંગે પૂ. મુ. શ્રી જયદર્શનવિજયજી મ. એ કરેલ ગુણાનુવાદ પ્રવચન છે. સાથે બીજા વકતવ્યો છે.

Devasi Rai Pratikraman Sutra– સં. પૂ. મુ. શ્રી ભવ્યદર્શનવિજયજી મ. પ્ર. શાહ શાંતિલાલ હરિલાલ ભોરલવાળા ભારત મહાલ, ૨૩ ડુંગરશી રોડ, વાલકેશ્વર, મુંબઇ–૬, ફા. ૧૬ પેજી, ૬૨ પેજ મુલ્ય રૂા. ૧૫) બે પ્રતિક્રમણ સૂત્રો બાળબોધ સાથે અંગ્રેજીમાં તૈયાર કરેલ છે. જે અંગ્રેજીમાં જ સમજનાર માટે ઘણું ઉપયોગી પુસ્તક છે.

આપણા તીર્થંકરો– લે. તારાબેન રમણલાલ શાહ, પ્રકાશક–શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, મુંબઇ–૪૦૦૦૦૪. ડેમી ૧૧૨ પેજ, મુલ્ય રૂા. ૩૭) ૨૪ તીર્થંકરોની વિશેષ માહિતી તથા વિહરમાન જિન અતિ અન્તગત ચોવીશમા આદિ સુંદર ઉપયોગી સંગ્રહ છે.

જૈનોને ત્યાં જૈનાચાર જળવાવો જ જોઇએ

જૈનોને ત્યાં લગ્ન અથવા અન્ય શુભ પ્રસંગે સગાં, સ્નેહી, મિત્રો, રાજકીય આગેવાનો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ તથા સામાજિક ક્ષેત્ર ફાળ કરતી અગ્રગણ્ય વ્યકિતઓને આમંત્રણ આપવામાં આવે છે. આપણે સૌ શાકાહારી હોવા ઉપરાંત પરમાત્મા મહાવીરના સંતાનો છીએ. ઉત્તમ જૈન કુળમાં જન્મ્યા છીએ. આપણો આહાર સંપૂર્ણ આહાર જ હોવો જોઇએ. જૈનેતર મહેમાનોને લાગવું જોઇએ કે તેઓ કોઇ સાચા શ્રાવકને ત્યાં શુભ પ્રસંગે આવ્યા છે. ભગવાન મહાવીરના સંતાનને ત્યાં શુભ પ્રસંગ હોય ત્યારે "જૈન કાઉન્ટર"નું પાટીયું શું આપણી શોભા વધારે છે ? આપણું જૈનત્વ લજવાતું નથી ? આપણો જૈન હોવાનો ઢંગ છતો થતો નથી ?

હમણાં હમણાં નવી હવા નિર્માણ થવા લાગી છે. "મારે ત્યાં જૈનો કરતાં જૈનેતરો વધારે આવવાના છે. મારે ત્યાં વિદેશી મિત્રો - વેપારીઓ આવવાના છે. આવી દલીલો સાથે આપણે જૈન - આહારના મહત્વને ભૂલી જઇને કાંદા - બટાટા - લસણ - આદુ - ગાજર અને કંદમૂળ વગેરેનો ઉપયોગ કરીએ છીએ અને એકાદ કાઉન્ટર ઉપર "જૈન કાઉન્ટર" નું બોર્ડ મૂકી સંતોષ અનુભવીએ છીએ.

આપણે ત્યાં આવા પ્રસંગે માત્ર જૈન આહાર-જ હોવો જોઇએ. આપણે ત્યાં પધારેલ મહાનુભાવોને ખબર પડવી જોઇએ કે જૈન આહાર – જૈન વાનગીઓ કેટલી સ્વાદિષ્ટ, મધુર અને પૌષ્ટિક હોય છે. જૈન કુટુંબોના કોઇપણ જાહેર પ્રસંગે જૈન આહાર સિવાય કોઇપણ પ્રકારનું જમણ સંભવી જ ન શકે.

આજ રીતે આપણે જે જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલા છીએ એ સંસ્થાઓ દ્વારા યોજાતા નાનામોટાં મિલનોમાં પણ જૈન આહાર જ હોવો જોઇએ. આવાં મિલનો એવીજ જગાએ યોજાવાં જોઇએ કે જયાં જૈન આહારની વ્યવસ્થા થઇ શકે.

મેં એવા ઘણા જૈનેતરોને કહેતાં સાંભળ્યા છે કે તેઓને કયારેક મળતો જૈન આહાર ખૂબજ ગમે છે. સ્વાદિષ્ટ લાગે છે અને કંઇક સારૂં મળ્યાનો સંતોષ અનુભવે છે. કોઇ જૈનેત્તર મિત્રને ત્યાં જમણવારમાં જઇએ ત્યારે ત્યાં "જૈન કાઉન્ટર" જોઇ મન પ્રફુલ્લિત બની જાય છે.

સમગ્ર વિશ્વ જયારે માંસાહારથી ત્રાસી, શાકાહાર તરફ વળી રહ્યુ છે ત્યારે શું આપણે જૈનો જ જૈન આહારને ભૂલી જઇશું ? શાકાહારને માર્ગે વળી રહેલી પ્રજાને જૈન આહાર તરફ આકર્ષવાનો આનાથી સારો મોકો કયારે મળવાનો છે ?

જગતમાં જૈન આહાર જ સર્વશ્રેષ્ઠ નિર્વિકારી આહાર છે. આ વાત જો આપણે જૈન તરીકે ભૂલી જઇએ તો ? આચરણમાં ન મુકી શકીએ તો ? અન્યને "જૈન આહાર, શ્રેષ્ઠ આહાર છે" એવું કહેવાની નૈતિક હિંમત ઠગી જાય. કારણ કે આચાર અને વિચાર વચ્ચેનું આસમાન

જમીનનું અંતર સચ્ચાઇનો પડઘો ન પાડી શકે. આપણે સૌ વીતરાગ પરમાત્મા મહાવીરના સાચા સંતાનો બની રહી જૈન શાસનને દીપાવીએ એ અભિલાષા.

—અનોપચંદ શાહ

શ્રી અનોપચંદ શાહનો મંગળયાત્રાનો આ લેખ વાંચી ખૂબ આનંદ થયો. એક સંસ્થા કે જેનો હું અઢાર વર્ષ સુધી મંત્રી અને બે વર્ષ સુધી પ્રમુખ હતો. તેના, વર્તમાન મંત્રીઓ તાજેતરમાં તેના વાર્ષિક જમણવાર પ્રસંગે નિવેદન કર્યું કે આપણે કાંદા - લસણ વાપરતા નથી. માટે યુવાનવર્ગ આપણા જમણવારમાં રસ લેતો નથી ! એટલે હવેથી આપણે એવા યુવાનો માટે કાંદા – લસણ યુકત વાનગીઓ બનાવરાવીએ તો કેમ ?' મને પોતાને તો આ સાંભળીને એમ થયું કે જો આવું જ કરવાનું હોય તો અમારા જેવા ગૃહસ્થોએ જ આવા જમણમાં સામેલ થવાનું બંધ કરવું જોઇએ અથવા સંસ્થાના સભ્યપદનો ત્યાગ કરી દેવો જોઇએ. અત્યારે જે પ્રવાહ ચાલી રહ્યો છે તેની સામે યથાયોગ્ય માર્ગદર્શન આપવા માટે સાંપ્રત જૈન સમાજે શ્રી અનોપચંદભાઇ શાહનો આભાર માનવો જોઇએ. બાકી હું જે સંસ્થાની વાત કરું છું તેના બંધારણમાં તો કંદમુળ વાપરવાનું તો ઠીક પણ પર્યુષણ પછીની આઠમ સુધીમાં જો જમણવાર થાય તો તેમાં લિલોત્રી પણ ન વાપરવાનું જણાવેલ છે. છતાં હોદ્દેદારો બંધારણને ઉંચું મુકવા માગતા હોય અને બીજાઓ તેનો વિરોધ ન કરે તો શું થાય ?

—જયજિનેન્દ્ર (મું.સ.)

તેમનો જન્મ પવિત્ર છે.

स्वान्तं ध्वान्तमयं मुखं विषमयं दृग् धूमधाराश्रयी,
तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता !
द्रै वैश्चारणपुङ्गवैः सहृदयैरानन्दितैर्वन्दितां,
ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः !!

જે આત્માઓએ ભગવાન શ્રી અરિહંતદેવની મૂર્તિને નમસ્કાર નથી કર્યો તેઓનું અંતઃકરણ અંધકારથી વ્યાપ્ત છે, જેઓએ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિની સ્તુતિ નથી કરી તેઓનું મુખ વિષમય છે, અને જેઓએ તે શ્રી જિનમૂર્તિનું દર્શન નથી કર્યું તેઓની દૃષ્ટિ ધુમ્રધારા મય બની ગઇ છે. તત્ત્વના જાણ એવા દેવો અને ચારણ મુનિ પુંગવોએ આનંદિત થઇને જે શ્રી જિનમૂર્તિને વંદન કર્યું છે તે શ્રી જિનમૂર્તિની જે પંડિત પુરુષો સમ્યગ્ ઉપાસના કરે છે તેઓનો જન્મ પવિત્ર છે.

卐

આધુનિક તુલનાત્મકવાદનીવારની હિતાવહ સમીક્ષા

—મુનિરાજ રામ વિજયજી

"स्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।
विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ।।"

ભાવાર્થ :— હે વીતરાગ ! તમારા આર્હત્ શાસનની સરખામણી, જેઓ સાંખ્ય, વૈશેષિકાદિક અન્ય શાસનોની સાથે કરે છે, તેઓના અજ્ઞાનથી હણાયેલા આત્માઓને માટે, અફસોસ, કે અમૃત પણ ઝેર સરખું છે ! અર્થાત્, અજ્ઞાનતાથી તમારા શાસનને કોઇ અન્ય શાસનની તુલ્ય માનનારાઓ આ પૃથ્વી ઉપર અમૃતને જ ઝેર તુલ્ય માને છે.

તુલનાત્મક દૃષ્ટિના બહારના ઝગમગાટથી અંજાઇ જનારાઓ માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીના ઉપર્યુક્ત કથન ઉપર શાંત ચિત્તે વિચાર કરવાની જરૂર છે. આજે તુલના શબ્દનો ખૂબ પ્રચાર થઇ પડયો છે. જ્યાં ત્યાં તુલનાનીજ વાતો અને તુલનાનાજ વિચારો. પરિણામે તુલનાના વ્યસનીઓ કોની તુલના કોની સાથે થઇ શકે ?' એ સમજવાની પણ તાકાત ગુમાવી બેઠા છે અને તેથી થવા એ માંડયું છે કે તેઓ ચિંતામણીને કાચના ટુકડા સાથે, મુક્તિને રજત સાથે, કથિરને સુવર્ણ સાથે અને ઐરાવણ હસ્તિને રાસભ સાથે સરખાવવા બેસે છે અને એ સરખામણીના વ્યામોહમાં જ તેઓ પોતાની સઘળી શક્તિઓનો નિરર્થક વ્યય કરી નાખે છે.

ચિંતામણિને કાચના ટુકડા સાથે ગોઠવનાર, મુક્તિને રજત સાથે મુકનાર, કથિરને સુવર્ણની સાથે સરખાવનાર અને ઐરાવણ હસ્તિને રાસભ સાથે ઉભો રાખનાર જેમ જનતાની હાંસીને પાત્ર બને છે. તેમ લોકોત્તર વસ્તુઓની લૌકિક વસ્તુઓ સાથે યોજના કરનાર જ્ઞાની પુરૂષોની દૃષ્ટિએ હાંસિપાત્ર તો નહિ પણ કરુણાપાત્ર બને છે, કારણ જ્ઞાનીપુરૂષો અજ્ઞાની આત્માઓની હાંસિ નથી કરતા પણ દયા ચિંતવે છે— જ્ઞાનીઓનો એ સ્વભાવસિદ્ધ ધર્મ છે.

લૌકિક અને લોકોત્તર જનતાની વાત કરવા પૂર્વે તેનું યત્કિંચિત્ સ્વરૂપ સમજી લેવું ખાસ જરૂરનું છે વીતરાગના શાસનને શક્તિના પ્રમાણમાં વિચાર, વાણી અને વર્તન દ્વારા અનુસરનારી જનતા જ્યારે લોકોત્તર જનતા કહેવાય છે ત્યારે તેનાથી વિપરીત માર્ગે જતી જનતા લૌકિક જનતા તરીકે સંબોધાય છે.

લૌકિક જનતા પણ એ તો સારી રીતિએ સમજી શકે છે કે ચિંતામણિની સરખામણી તો ચિંતામણિનીજ સાથે અગર તેની જ જાતિનાં પદાર્થો જેવાં કે સુરતરૂ, કામધેનુ અને કામકુંભ વિગેરે સાથે થઇ શકે પણ નહિ કે તેનાથી સર્વથા ભિન્ન સ્વ-

રૂપના પદાર્થો સાથે. આથી લૌકિક જનતાના નાયકો પણ જ્યારે પોતાને કે પોતાને આશ્રિત રહેલી જનતાની સાથે સંબંધ ધરાવતા કોઇપણ વિષયમાં કોઇ વ્યકિત તેવી જાતની અનુચિત, અઘટિત અને અસંભવિત યોજના–ઘટના કે સંભાવના કરવા મથે કે તરત જ તેને રોકવાને કટિબદ્ધ થાય છે અને જનતા પણ પોતાના નેતાઓનો ઉત્સાહભેર સાથ પુરે છે તો પછી તેવી પરિસ્થિતિ ઉભી થતાં એટલે કે લૌકિકને અલૌકિકરૂપે કે અલૌકિકને લૌકિકરૂપે યોજવાની, ઘટાવવાની કે સંભવિત બનાવવા જેવી વિષમ પરીસ્થિતિ કોઇ ઉભી કરવા મથે તો તેની અટકાયત માટે લોકોત્તર જનતાના નેતાઓ પ્રયત્નશીલ બને અને જનતા પોતાના પૂજ્ય નેતાઓના પ્રયત્નને પહોંચી વળે અગર પહોંચી વળવા પ્રયત્નશીલ થાય એ સર્વથા સુસંભવિત છે એટલું જ નહિ પરંતુ તદ્દન સ્વાભાવિક છે.

જ્યારે લૌકિક જનતા કે તેના નેતાઓ અજ્ઞાનના પરિબળે અગર ભયંકર સ્વાર્થની લાલચે ઉચિત કે અનુચિત કરણીય કે અકરણીય અને સંભવિત અસંભવિતનો વિવેક કરવાનું વિસરી જાય છે ત્યારે તેઓને કેટલું વિભાસવું અને શોધવું પડે છે એ આપણા અનુભવ બહારની વસ્તુ નથી. આ અનુભવોમાં ઉછરતી લોકોત્તર જનતા અને તેના નાયકો પણ જો વિવેકને બાજુ પર રાખે તો એની વિષમ સ્થિતિનું વર્ણન વચનાતીત થઇ જાય એમાં અશકય શું છે ?

વાંચનાર સમજી શકશે કે આમ કહીને આપણે 'તુલના અગર તુલનાત્મક દૃષ્ટિ'નો વિરોધ નથી કરતા કિંતુ અયોગ્ય તુલના કે તુલનાત્મક દૃષ્ટિના નામે થતા અક્ષમ્ય અન્યાયની સામે આપણે મક્કમ વિરોધ જાહેર કરીએ છીએ અને વીતરાગદર્શનના અનુયાયિઓને એ અન્યાય સામે મકકમપણે ઝુઝવાનું માન ભર્યું આમંત્રણ કરીએ છીએ.

એકાંત દર્શનની તુલનાઓ જો અને કાંતદર્શનની સાથે થઈ શકતી હોત તો પરમજ્ઞાની પુરૂષોએ એકાંતદર્શનોને કદીજ મિથ્યારૂપે ન ઓળખાવ્યાં હોત. વસ્તુની એક બાજુને જ વળગી રહેનાર કદી જ વસ્તુના સત્ય સ્વરૂપને પરખી શકતો નથી. વસ્તુના સત્ય સ્વરૂપને સમજવા માટે વસ્તુના એકે એક સ્વરૂપને સમજવાની અનિવાર્ય આવશ્યકતા છે. એમ જ્ઞાની પુરૂષોએ હિતના અર્થિઓને ઉપદેશ્યું છે. તુલનાત્મક દૃષ્ટિમાં જ શ્રેય માનનારાઓએ તો જ્ઞાની પુરૂષોના એ પરમ ઉપદેશને ખાસ હૃદયમાં ઉતારવાની અને અમલમાં મુકવાની જરૂર છે. તુલના કરનારાઓ પોતાના હસ્તેજ તુલનામાં મુકાતી વસ્તુઓના જ સ્વરૂપને યથાવત્ ન સમજે એ બીચારાઓ તુલના કરીને ઉભયપક્ષના સિદ્ધાંતોની વિડંબના શિવાય બીજું શું કરી શકે ? દૃષ્ટાંત તરીકે એક મહાનુભાવ તરફથી લખાયેલ "ગીતાજી અને જૈનધર્મ" નામના લેખમાંના એકજ 'અવતો નિર્ણય' નામનો એકજ સિદ્ધાંત આપણે લઇએ ?

ગીતાજી જ્યારે 'તદાત્માનં સૃજામ્યહં' આ વાકયથી 'ઈશ્વર એક જ' અને તેજ

વખતો વખત અધર્મના નાશ અને ધર્મની રક્ષા માટે અવતાર ધારણ કરે.' આવી જાતના સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે ત્યારે જૈનધર્મનાં સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતો ઉત્તમ આત્માઓના અંતરમાં કોઇ અજબજ પ્રકાશ પાડે છે :-

શ્રી જૈન સિદ્ધાંતો પ્રતિપાદન કરે છે કે ઇશ્વર તે જ કહેવાય છે કે જે આત્માઓ, કર્મના યોગે અનાદિકાળથી પ્રાપ્ત થયેલી પોતાની બહિરાત્મદશાનો ઉત્તમ અનુષ્ઠાનો દ્વારા પરિત્યાગ કરી અંતરાત્મદશાની ઉપાસનાના બળે રાગદ્વેષને જીતી સકલ કર્મનો ક્ષય કરી પરમાત્મદશાને પામે. અર્થાત્ બહિરાત્મા મટીને પરમાત્મા બને તેજ ઇશ્વર, તેજ પરમેશ્વર અને તેજ દેવાધિદેવ. ઉપયુક્ત રીતિએ આજ સુધીમ કંઇ એકજ આત્મા પરમાત્મદશાને પામેલ નથી કિંતુ અનંતા પામ્યા છે અને અનંતા પામશે. પણ તેમાંના એક પણ અધર્મના નાશ માટે કે ધર્મની રક્ષા માટે સંસારમાં અવતરતા નથી. કારણ તે પરમ આત્માઓએ સંસારમાં અવતરવાને નિમિત્તભુત રાગ અને દ્વેષનો સર્વથા અભાવ કર્યો છે. પરમાત્મદશાને પામેલા આત્માઓ સકલ-ધર્મિનો રક્ષા અને સકલ-અધર્મિનો સંહાર કરે એ શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાંતથી સર્વથા વિપરીત વસ્તુ છે.

વાંચનાર વિચારશે કે આ પરિસ્થિતિમાં ગીતાજી સાથે શ્રી જિનેશ્વરદેવોના દર્શનની અને શ્રી જિનેશ્વરદેવોના દર્શનની સાથે ગીતાજીની તુલના કરનાર ઉભય સિદ્ધાંતની નિરર્થક ચિડંબના શિવાય બીજું શું કરી શકે ? આવી જ રીતિએ શ્રી જિનેશ્વરદેવોના એકે એક સિદ્ધાંતો લોકોત્તર અને ઉપમાતીત તેમજ સ્યાદ્વાદ જેવી સર્વોત્તમ નીતિથી સુંદર સુસ્થિત છે તો તેની સાથે લૌકિક સિદ્ધાન્તોની તુલના અગર લૌકિક સાથે તે લોકોત્તર સિદ્ધાન્તોની તુલના કરનાર પરમાર્થને કેમ જ પારખી શકે ?

વસ્તુસ્થિતિ આવી છતાં તુલનાત્મકવાદના વિનોદમાં પરમાનંદને જોનારાઓ પ્રથમ શ્રી સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાન્તોનું ગુરૂકુલવાસમાં રહીને ખુબ પરિશીલન કરે અને તે પછી મર્યાદામાં-એટલે શ્રી વીતરાગ દેવોની આજ્ઞારૂપ કિલ્લામાં-રહીને સત્યને ક્ષતિ ન પહોંચે તેવી રીતિએ, નયવાદની અપેક્ષાએ હાનિ ન પહોંચે એનો સંપૂર્ણ ખ્યાલ રાખીને એવી જાતની તુલનાઓ કરે કે જે તુલનાઓ એકાંતે સ્વ અને પરના શ્રેયમાંજ પરિણામ પામે. તુલનાને સ્વપરના શ્રેયમાં પરિણમાવવા ઇચ્છનારે મૂળવસ્તુ (ભાગવતી આજ્ઞા)ને તો મકકમપણે વળગી રહી, આદિમાં ને અંતમાં વસ્તુનું યથાસ્થિત વર્ણન તો અવશ્ય મુકવું જ રહ્યું. તે વિનાની તુલનાઓ એ વાસ્તવિક તુલનાઓ નથી પણ વસ્તુસ્વરૂપની આબાદ ન સાંધી શકાય તેવી-ત્રુટીઓ છે. ત્રુટી વિનાની સાચી તુલનાઓ કરવા માટે આધુનિક તુલનાત્મક વાદોના મોહપાશમાંથી છુટવા શિવાય છુટકો જ નથી. આજના મોહકવાદોની મુગ્ધતાથી બચવા માટે અને

(અનુસંધાન પાન ૭૨૨ પર)

કોંકણ શત્રુંજય સમા થાણા જિલ્લાના ભીવંડી નગરે ઓસવાળ પાર્ક મધ્યે
વિશાળ ઉપધાન તપ આરાધના પ્રસંગે ભાવભર્યું

શ્રી સંઘ આમંત્રણ

–: પાવન નિશ્રા :–

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી લલિતશેખર સૂરીશ્વરજી મ. સા.
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજશેખર સૂરીશ્વરજી મ. સા.
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વીરશેખર સૂરીશ્વરજી મ. સ.

ઉપધાન તપ દરમિયાન અનેક ભવ્યાત્માઓને સર્વવિરતિ, દેશવિરતિ કે માર્ગાનુસારિતાભર્યું જીવન જીવવાની તાલિમ આપનારા પૂજ્યોની નિશ્રામાં આપ સર્વેને ઉપધાનતપની આરાધના કરવા માટે પધારવા અમારું સ્નેહભર્યું આમંત્રણ છે.

આંબાની વાડીથી યુકત ઉદ્યાનસમા ઓશવાળ પાર્કમાં આરાધના કરી આપ યોગી જેવી સાધનાની અનુભૂતિ કરી શકશો.

પ્રથમ મુહૂર્ત :– મહાવદ–૪ બુધવાર તા. ૧૦–૨–૯૩

દ્વિતીય મુહૂર્ત :– મહાવદ–૬ શુક્રવાર તા. ૧૨–૨–૯૩

મુખ્ય લાભ લેનાર

સ્વ. દેપારભાઇ દેવસીભાઇ હરણીયા પરિવાર, કાનાકુસ. હાલ જામનગર

આયોજક

શ્રી હાલારી વિસા ઓસવાળ શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ, ભીવંડી

પૂજ્ય સાધ્વીજી ભગવંત–સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય મહોદય સૂ. મ. સા.ના આજ્ઞાનુવર્તિની પ. પૂ. સાધ્વીજી શ્રી પુણ્યપ્રભાશ્રીજી આદિ (વાગડવાળા) તથા પ. પૂ. સા. શ્રી રોહિતાશ્રીજી મ. સા.ના શિષ્યરત્ના પ. પૂ. સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નાશ્રીજી આદિ સાધ્વીજી ભગવંતો બહેનોને આરાધના કરાવશે

ઉપધાનતપ સ્થળ :	સંપર્ક સ્થળ :
ઓસવાળ પાર્ક	શ્રી હા. વિ. ઓ. જૈન આરાધના ભવન
ખારબાવ રોડ, જકાત નાકાની પાછળ,	અજન્ટા કમ્પાઉન્ડ
ભીવંડી—૪૨૧૩૦૫	ભીવંડી—૪૨૧૩૦૨

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. તેમાં આભિનીવેશિક નામનું મિથ્યાત્વ છે. સાચું સમજવા છતાં ગદ્ધાપૂચ્છની માફક પકડી રાખે. ગધેડા લાત મારે. જાહેરમાં આબરૂ લે. છતાં તે ખોટી પકકડને છોડે નહિ. આવા આત્માઓનો ઉદ્ધાર થવો ખૂબ કઠિન છે. આવાઓ સ્વયં ખોટા માર્ગમાં અથડાય છે અને શરણે આવેલા વિશ્વાસુ આત્માઓને પણ ખોટા માર્ગમાં અથડાવાનું પાપ બાંધે છે. આવા કદાગ્રહમાંથી સાત નિન્હવો પાકયા છે. આજે સાચું સમજવા છતાં કેટલી બાબતમાં સારા સંયમી આત્માઓ "माधवेन उक्तं तन्न" (ભગવાન તારી વાત સાચી. પણ હું માનવાનો નથી.) એવી હાલત થઇ છે.

પરંપરા તે જ માન્ય કરાય. જે શાસ્ત્ર અવિરૂદ્ધ હોય, સુવિશુદ્ધ આત્માએ કહેલી અને કોઇ ગીતાર્થ જેનો વિરોધ ન કર્યો હોય તેવી જ માન્યતા—અશઠ પુરૂષોએ આચરેલી માન્યતા ચાલી આવતી હોય તેને સાચી પરંપરા કહેવાય. બાકી તો પડંપડા છે. એક ઘેટો નદીમાં પડયો બીજો પડયો. એક ડોબુ કાદવમાં ખુચ્યુ બીજું ખુચ્યું. કોઇ આકસ્મિક સંયોગે અપવાદ માર્ગે કારણે કરવું પડયું તેને માર્ગ તરીકે સદા કરાવાય નહિ. જ્યારે તે બાહ્ય વ્યથા નીકળી જાય ત્યારે મૂળ માર્ગે આવી જાય. ગુમડું હોય ત્યાં સુધી પટ્ટી લગાવાય. પછી પટ્ટી લગાડે તો તે કેવો ગણાય ?

સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણમાં દેરાસર બંધ રાખવા એ ખરેખર કોઇ શાસ્ત્રીય માર્ગ નથી. આ તો વચમાં બ્રાહ્મણ પૂજારીનો કાળ આવ્યો તેઓ દેરાસર સાચવતાં અને બ્રાહ્મણ લોકો ગ્રહણમાં દેરાસર ઉઘાડતા નહી. તેથી દેરાસર બંધ રહેવા લાગ્યા બાકી તો દેરાસર જ્યારથી પૂજારીને સોંપ્યું ત્યારથી આવી પડંપડા ચાલી નિકળી છે. ખરેખર તો શ્રાવકે જિનમંદિર સંબંધી બધું કામ પોતે કરવાનું છે. ખંભાતમાં ઘણા દેરાસરમાં પૂજારી રાખવાની પ્રથા નથી. શ્રાવકો પોતે જ બધું કામ કરે છે.

નિત્ય રાહુ અને પર્વ રાહુ, રાહુનું વિમાન દરરોજ ચંદ્રને આડે આવે છે. તેની તિથિઓ થાય છે. પર્વ રાહુ જ્યારે ચન્દ્રને આડો આવે તેને ચન્દ્રગ્રહણ અને સૂર્યને આડે આવે તેને સૂર્ય ગ્રહણ કહેવાય છે. તે તો કુદરતની પ્રક્રિયા છે. તેમાં અથડાઇ જાય છે અને સૂર્ય ચન્દ્ર હેરાન થાય છે તે માનવું બરાબર નથી. મકાનને આડે બીજુ મકાન આવે, તેથી મકાનને પીડા થઇ હા. મકાનમાં રહેતો હોય તેને ગરમી આદિ નડે. પરંતુ જડ મકાનને પીડા ન થાય. અમદાવાદ—વિદ્યાશાળામાં સૂર્યગ્રહણ વખતે બીજા દેરાસરો બંધ હતાં ત્યારે ચતુર્વિધ સંઘ જે ગ્રહણ વખતે દહેરાસર બંધ રાખવાની માન્યતાવાળો

સરળતાથી અંતરમાં ઊંડા ઉતરીયે

—પૂ. આ. શ્રી વિજયપ્રભાકરસૂરીશ્વરજી મ.

હતો તેઓ પણ ત્યાં દર્શનાદિ કરવા આવેલ યતિના કાળમાં સાધુ અને યતિના કપડાં સફેદ થયા. સાધુ ઓળખવા માટે સંવેગી સાધુએ પીળા કપડા રાખ્યા. યતિઓનું જોર દૂર થતાં આજે પાછા મૂળ માર્ગે પાછા આવી ગયા. અને સફેદ-કપડા પહેરતા થયા. હજી આજે આ વલ્લભસૂરિ મ.ના સાધુ પીળા કપડા પહેરે છે. મનગમતી પરંપરા રાખે અને ન ગમતી પરંપરા છોડી દે. આ કોઇ સિદ્ધાંત નથી પરંતુ કુંઠડીવાદ કહેવાય. મને એકવાર પાલીતાણામાં સિદ્ધગિરિ ચઢતાં એક સાધુ પૂ. આ. ભગવંત રામચન્દ્રસૂરિ મ.સા.નું ગમે તેમ બોલવા માંડયા આ. રામચન્દ્રસૂરિ પરંપરાના લોપક છે અને મેં કહ્યું તમે પીળા કપળા કેમ પહેરતા નથી ? તમારા ગુરુ તો પીળા કપડા પહેરતા હતા. તેઓ બોલતા બંધ થઇ ગયા. માટે સિદ્ધાંત અને પરંપરાની રેખા પારખો. ખોટા વિમર્શ કાઢી સાચું સમજી ખોટું છોડી પ્રભુ શાસનના સાચા ગવેષક બનો.

બે અગીયારસ હોય ત્યારે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન થાય તેવી માન્યતાવાળા બે દશમ માને. આમાં જો મુહૂર્ત આપવું હોય આચાર્ય પદવી આદિનું તો પહેલી દશમનું આવ્યું. હવે જો બે દશમ સાચી હોય તો શ્રવણ તિથિમાં મુહૂર્ત ન આવે. તેઓએ-આચાર્ય પદવી પહેલી દશમે કાઢી. એટલે તેઓએ મુહૂર્તમાં તો બે અગિયારસ માની હતી. મુહૂર્તના કાટલા જુદા તિથિ આરાધવાના કાટલા જુદા. લેવાનું હોય લેવું આપવાનું આપવું નહિ તે કેવા કહેવાય ? જન્મભૂમિ. સંદેશ આદિ દરેક પંચાગમાં બે ૧૧ બે ૧૪ બે ૧૫ આદિ હોય છે.

ચૈત્યવાસીઓના સમયમાં ચૈત્યવાસીઓ કહેતા અમે ચૈત્યમાં રહીએ છીએ તે અમારો માર્ગ ખોટો છે. શાસ્ત્રની શુદ્ધ પ્રરુપણા કરનારા હતા. શાસ્ત્રન પક્ષકાર હતા. આવાને માર્ગમાં કહ્યા છે.

૧૯૯૨માં પ. પૂ. સંઘસ્થવીર આ. ભગવંત સિધ્ધિસૂરીશ્વરજી મહારાજ (બાપજી મહારાજ) કોઇની સાથે વચનથી ખોટી સંવત્સરી કરવામાં બંધાઇ ગયા. પરંતુ પોતાના નિકટવર્તી સાધુ ભગવંતને કહ્યું તમે તો સાચી આરાધના કરજો. અને હું આવતી સાલથી સાચામાં આવીશ. વચનથી ખોટું કરી રહ્યો છું આજે તેઓના પ્રશિષ્યો સાચું સમજવા છતાં ખોટી તિથિ કરી રહ્યા છે. તેઓ માર્ગને ઉભો રાખી સાચું આ છે સંઘ શાંતિ માટે અમે ખોટી આરાધના કરી રહ્યા છીએ. આવો કોઇ પક્ષક બનાવીને આરાધના કરે તો સાપેક્ષતાથી આરાધક ગણાય. આજે તો સાચું કરનારની અવજ્ઞા કરી રહ્યા છે. હવે તમને ખબર પડશે. બહુ ચઢયા હતા.

શુધ્ધ પ્રરુપક, માર્ગના સાચવેયા જોઇ તેઓને અકડામણ થાય. મનમા ખટક થરે, સાધર્મિકને ખાવા મલતું નથી. આવા સાચવેયા કરો છો ? આવા દેવ ગુરુના ભક્ત ? સમયને ઓળખતા નથી. ધનના ધુમાડા કરો છો. અરેખર ! આવાની બુધ્ધિનો ધુમાડો

થયો છે. બુધ્ધિનું કેન્દ્ર થયું છે. સાચા દેવગુરુ ધર્મના ભક્ત સાધર્મિક ભક્તિ કરવા માટે ફ્રોર્મ ભરવી ફજેતી થી કરતા. સાચો સાધર્મિક દેવગુરુ ધર્મનું ઘસાતું બોલે નહિ. ભક્તિ કરે તો ખબર પણ ન પડે ભક્તિ થેઇ ગઇ.

એક ગૃહસ્થ ભાગ્યશાળી બોલવા લાગ્યા. તમારા ગુરુએ કોઇ દિવસ કોઇને ૨૫ રૂા. સાધર્મિકને અપાવ્યા છે? તેઓ પોતાની માન્યતાવાળાને આપતા હશે. મે કહ્યું સામા પક્ષવાળાને તેમજ જેઓનો કદી પરિચય નથી થયા તેવા આત્માઓને રૂા. ૧૦ હજાર સુધી મદદ કરાવી છે. સરનામા નોંધાવ્યા છે? ફંડફાળા કરી સાધર્મિકોને લાઇનમાં ઉભા રાખી હડધૂત કરી ભક્તિ કરવી. તેનું નામ સાધર્મિક ભક્તિ નથી પરંતુ સાધર્મિકની કદર્થના છે. કરનારા ભસતા નથી. ભસનારા સાચી સાધર્મિક ભક્તિ કરી શકતા નથી. આ તો મારે પ્રસ્તુત વાત એ માટે કહેવી છે કે મિથ્યાત્વના દળીયાના ઉદયથી માણસ કેવા કેવા કર્મના બંધ કરે છે. આવા મિથ્યાત્વદળીયા સાચું સમજવા છતાં ખોટો માર્ગ સ્થાપી કદાગ્રહી દૃષ્ટિરાગી વ્યકતદ્વેષી બની ભારે મિથ્યાત્વ કર્મ બાંધી સ્વ–પરના અહિત કરનારા બની જાય છે. તેવા જીવો ધિક્કારને પાત્ર નથી. પરંતુ દયાને પાત્ર છે. માટે સાચું સમજી સાચાના પક્ષકાર બનજો. સમ્યકત્વને ઉજમાળ બનાવી ક્ષાયિક સમકિતના માલિક બની સહુ કોઇ ક્ષપકશ્રેણી માંડી મોક્ષસુખને પામો એજ એક અભ્યર્થના.

卐

તે જ નમસ્કરણીય છે.

अर्हन्सर्वार्थवेदी यदुकुलतिलकः केशवः शंकरो वा,
बिभद्गौरीं शरीरे दधदनवरतं पद्मजन्माक्षसूत्राम् ।
बुद्धो वाऽलं कृपालुः प्रकटितभुवनो भास्करः पावनो वा,
रागाद्यैर्यो न दोषैः कलुषितहृदयस्तं नमस्यामि देवम् ॥

સર્વ પદાર્થના સકલ સ્વરૂપને જાણનારા શ્રી અરિહંત પરમાત્મા હોય, અથવા યાદવકુલને વિષે તિલક સમાન શ્રી કૃષ્ણ મહારાજા હોય અથવા શરીરમાં પાર્વતીને ધારણ કરનાર શિવજી હોય અથવા નિરંતર જપમાળા ધારણ કરનારા બ્રહ્માજી હોય અથવા અત્યંત કૃપાવંત બુદ્ધ ભગવાન હોય કે જગતને પ્રકાશ કરનાર સૂર્ય હોય કે અગ્નિદેવતા હોય, પરંતુ રાગ–દ્વેષ–કામ–ક્રોધ–માન–માયા–લોભ–મોહ–અજ્ઞાન–નિદ્રા આદિ અઢાર દોષોથી જેઓનું હૃદય કલુષિત નથી અર્થાત્ તે સઘળા ય દોષોથી રહિત છે તે પરમાત્માને મારા નમસ્કાર થાઓ!

શાસન સમાચાર

અમદાવાદ દશાપોરવાડ સોસાયટી–પૂ. પં. પ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ચાતુર્માસમાં—

કા. સુદ ૭ રવિવાર તા. ૧–૧૧–૯૨ના દિવસે શ્રીયુત સોહનલાલજી ચૌધરી પરિવાર તરફથી શાનદાર ચૈત્યપરિપાટીનું આયોજન થયેલ. શ્રી શીતલનાથ સ્વામિ જિનાલય શ્રી દર્શન, બંગલે ગૃહ જિનાલય, ગૌતમ બાગ ખેમચંદ દયાલજી તથા મોતીશાના ગૃહ જિનાલયે તથા મહાવીર સોસાયટી શ્રીયુત સોહનલાલજીના ગૃહ જિનાલયે દર્શનાદિ થયા ગજરાવાલા ફ્લેટના પટ્ટાંગણમાં માંગલિક થયું. "આત્મ વિમર્શ" નામની આકર્ષક પુસ્તિકાનું વિમોચન થયેલ. પ્રાસંગિક પ્રવચન થયા બાદ સકળ સંઘની સાધર્મિક ભક્તિ થયેલ. ચૈત્યપરિપાટીમાં વિશાળ સંખ્યામાં ભાવિકો પધારેલા.

કા. સુદ ૧૪ના પૂજ્યશ્રીએ વર્ધમાન તપની ૯૨ મી ઓળીનો પ્રારંભ કરેલ.

કાર્તિક સુદ ૧૫ના શ્રીયુત ચંદુલાલ જીવાભાઇને ત્યાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તન થયેલ. ત્યાં બાંધેલ વિશાળ મંડપમાં "સકારા પંચ દુર્લભા" એ વિષય ઉપર પૂજ્યશ્રીનું પ્રભાવક પ્રવચન થયેલ. ત્યાં જ બાંધેલ શ્રી શત્રુંજયના વિશાળ પટ્ટ સમક્ષ ચૈત્યવંદન ખમાસમણા આદિની મંગલ ક્રિયા થયેલ. ભાવિકોની સંખ્યા વિશાલ હતી.

અત્રે મૌનએકાદશી સુધીની સ્થિરતા કરશે.

(અનુસંધાન પાન ૭૧૭ નું ચાલુ)

વસ્તુમાત્રના વાસ્તવિક સ્વરૂપની યત્કિંચિત્ ઝાંખી કરવા ખાતર આપણે ભગવાન્ શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી તથા વાચકવર શ્રીમદ્ યશોવિજયજી ગણિ વિગેરે પુરૂષપુંગવોએ કરેલ એકાંત વાદના નિરસન-પૂર્વક અવિસંવાદિ અનેકાંતવાદનું મંડન અને ઘટતી તુલનાઓનો પ્રેમપૂર્વક સૂક્ષ્મ બુદ્ધિથી અભ્યાસ કરવો જોઇએ.

(શ્રી વીરશાસન દ્વીપોત્સવી સાહિત્ય અંક વિ. સં. ૧૯૮૦, પૃ. ૭૫–૭૬-૭૭)

અઠવાડિક જૈન શાસન

વાર્ષિક લવાજમ રૂા. ૪૦)

આજીવન રૂા. ૪૦૦)

રખે ચૂકતા મંગાવવાનું આપના ઘરની આરાધનાનું અંકુર બનશે.

જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વીજય પ્લોટ

જામનગર

પ્યારા ભૂલકાંઓ,

તમે સૌ શ્રાવક કુળમાં જન્મ્યા છો ! શ્રાવક કુળના સંસ્કારો તમને મળી ગયા હશે ! ધર્મનું શિક્ષણ પણ તમને મળી ગયું હશે ! મોક્ષની અને સાધુપણાની વાતો તમને નિત્ય સાંભળવા મળતી હશે !

તમારા માતા-પિતા તમને હેયોપાદેય કર્ત્તવ્યાકર્ત્તવ્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, તત્ત્વાતત્ત્વની વાતો કરતા હશે ! તમે પણ આ બધી વાતો સમજી ગયા હશો ! જો ન સમજ્યા હો. તો ચોક્કસ સમજી લેવા પ્રયત્ન કરજો. આપણને દુર્લભ એવું મનુષ્યપણું પ્રાપ્ત થયું છે. આ મનુષ્યપણામાં શું કરવા જેવું છે અને શું નથી કરવા જેવું તે જો તમે નહિ સમજો તો તમારી ગતિ શી થશે ?

આની સાચી સમજણ ન મેળવવાથી સદ્ગતિના દરવાજા બંધ થાય છે અને દુર્ગતિના દરવાજા ખુલ્લા જાય છે. સુખ તમારી પાસે ફરકતું જ નથી અને દુઃખના ડુંગરો તમારી ઉપર તૂટી પડે છે.

જો સુખ જોઇતું હોય અને દુઃખ વેઠીને કાઢવું હોય તો તમે તમારા માત-પિતા અથવા સુગુરૂઓ પાસે જઈને વિનયથી એટલું સમજી લેજો કે મારે શું કરવું જોઇએ ને શું ન કરવું જોઇએ !

આ સમજીને ધર્મનું યોગ્ય આચરણ કરતાં થઈ જાવ તેવી મારી સૌને ભલામણ.

–રવિશિશુ

ચોકડા ચતુર ઉકેલો

(૧) બોધિદુર્લભ (૨) અધિમા (૩) કાપોત (૪) અમૃત (૫) પુરોહિત (૬) શયન (૭) કૃપણતા (૮) તિર્થસિદ્ધ (૯) પ્રચલા (૧૦) અનુપ્રેક્ષા (૧૧) શિવભૂતિ (૧૨) સમાધેય (૧૩) પુંડરિક.

કોયડા ઉકેલ

(૧) રીંગણા (૨) નાળીયેર

–અંકિત પુના

પંડિત પ્રત્યુત્તર

(૧)રૂડાં રૂપાળા ઘણાં છે, ઉજ્જવળ અંગ છે, તેની ખેતી થતી નથી કે નથી ઉગતા ઝાડ. પાછુ છે ગોળ મટોળ તે જોઇ માનવી લલચાય છે. બોલો એ શું છે ?

–મનિષ–રાજકોટ

ખાલી જગ્યા પુરો

(૧) અર્ધમુક્તા મુનિએ.....ઉપર અણસણ કર્યું હતું. (૫)

(૨).....ને પ્રવચન માતા કહેવામાં આવે છે. (૨)

(૩) મહાગુણ .....વિના મળતા મળતી નથી. (૩)

(૪) ..... વિના આરાધનાનુ સંપૂર્ણ ફળ મળતું નથી (૩)

(૫) ..... એ પતનની પાયલોટ કાર છે. (૪)

(૬) જંબુસ્વામીની ત્રીજી પત્નીનુ નામ .....હતુ. (૪)

(૭) .....સ્ત્રીને મહેલે દિવસે ચંડાલિણી કહી છે (૪)

જગ્યા પુરાઇ ગઇ

(૧) રૈવતક (૨) શ્રોતેન્દ્રિય (૩) અરલિકે (૪) વિશાખા (૫) સમતા (૬) નયસાર (૭) અહંકાર.

—શાહ હર્ષાંત. એન.

જાણો તો ખરા !

(૧) ફુચીનસન આતેનો માત્ર ૩ વર્ષનો કિનારટ ગ્રીકભાષાની બારાખડી વાંચી શકે છે. જર્મન તથા સ્પેનીષ ભાષામાં ગણી શકે છે, અને એણે અત્યાર સુધીમાં લગભગ ૧૨૦૦ પુસ્તકો વાંચ્યા છે.

(પ્રમાદ છોડી મહેનત કરવાથી ધર્મજ્ઞાનમાં સફળતા મળે છે.)

(૨) વિકટોરીયા રેજીઆ નામના પાણીમાં થતો લીલીનો છોડ ૮ (આઠ) ફૂટ પહોળાં પાંદડાં ધરાવે છે જેના પર સામાન્ય કદવાળી વ્યક્તિ ઉભી પણ રહી શકે છે. (જગતનું વૈચિત્ર્ય જુઓ)

(૩) સાધુઓ આવતા હોય ત્યારે તેની સન્મુખ જવું, વંદન કરવું, નમસ્કાર કરવો, સુખશાતા પુછવી વગેરે કરવાથી પૂર્વના લાંબા કાળના એકઠા કરેલા ચીકણા કર્મો ક્ષણવારમાં વિખરાઇ જાય છે.

(સુગુરુઓને વંદન કરવાથી થતાં લાભો)

—આશિષ જૈન (ચાકણ)

યાદ રાખુની

(૧) સમય, મરણ, ગ્રાહક કોઇની રાહ જોતા નથી.

(૨) ધન,સ્ત્રી, ભોજન પરદા યોગ્ય છે.

(૩) મા, બાપ, જવાની જીવનમાં એકવાર મળે છે.

(૪) કરજ, ફરજ, ઉપકાર કોઇ દિવસ ભૂલવા નહી.

(૫) માતા, પિતા, ગુરૂ સન્માનવા યોગ્ય છે.

(૬) કામ, લોભ, અભિમાન કાબુમાં રાખવા જોઇએ.

(૭) ખરાબ સંગત, સ્વાર્થ, નિંદાથી બચવું જોઇએ.

(૮) વાણી, વસ્ત્ર, વિદ્યા વપરાતા સારા

(૯) વાંચન, વાતચીત, નિરીક્ષણ દ્વારા તત્ત્વજ્ઞાન શિખવા મળે છે.

(૧૦) હામ, કામ, કામ ત્રણેયની ધર્મ સાધનામાં જરૂર પડે છે.

(૧૧) જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મોક્ષે જવાય છે.

—રંજન મહેતા
(ભાવનગર)

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ તમારે જેમ ધન શુદ્ધિ જોઇએ તેમ અમારે આહાર શુદ્ધિ જોઇએ.

૦ જે શાસ્ત્ર વાંચનારો હેય-જ્ઞેય અને ઉપાદેયનો વિવેક ન કરે તો તેને માટે શાસ્ત્ર પણ શાસ્ત્રરૂપ બને.

૦ શાસનનો અનુયાયી તો ત્યાં જ ઝુકે કે જેનું જીવન, સાધ્યની સાધનામાં પસાર થઇ ગયું હોય, જ્યાં ભગવાનની આજ્ઞા હોય, એ આજ્ઞામાં જ સમર્પણ હોય ત્યાં શિર ઝુકે.

૦ જે શાંતિમાં પ્રભુના માર્ગને હાનિ પહોંચે, જે શાંતિથી પ્રભુનો માર્ગ છિન્ન-ભિન્ન થઇ જાય, તે શાંતિ, ભગવાન શ્રી મહાવીરના અનુયાયી-સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને છાજતી નથી-એવી શાંતિમાં તો જૈન શાસનના દ્રોહી બનાય.

૦ શ્રી જિનેશ્વરદેવની નિંદા કરનારની જે ગતિ થાય તે જ ગતિ એવાના પ્રશંસકોની પણ થાય.

૦ હું તો એ નિયાણું કરું કે મને મોક્ષ ન મળે ત્યાં સુધી ભવોભવ મને ઓઘો મળે ને જે મહાનુભાવો આવે તેમને આપું.

૦ સાધુપણામાં રહી અર્થ-કામની વાતો કરવી તે ભાંડ ચેષ્ટા ભવાઇ વિદ્યા છે.

(અનુસંધાન ટાઇટલ ૨ નું ચાલુ)

ગમે તેવી આપત્તિ આવે તો દીનવૃત્તિનો ત્યાગ કરવો. માનવું કે-પૂર્વકૃત કર્મ જ ઉદયમાં આવ્યું છે. જેમ મજેથી રચી-માચીને પાપકર્મ કર્યા હોય તો તેનાં ફળ રૂપ આવેલાં દુઃખોને મજેથી વેઠવાં તે જ દુઃખ મુક્તિનો સાચો માર્ગ છે.

અને પુણ્યયોગે ત્રણે લોકની સંપત્તિ મલી જાય તો પણ તેમાં જરાય ગર્વ ધારણ ન કરવો પણ નમ્રતા જ રાખવી અને સંપત્તિનો શકય સદુપયોગ જ કરવો, કારણ કે-અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી અને બધી સંપત્તિ વિજળીની જેમ ચંચલ સ્વભાવની છે. અને તેનો સદુપયોગ તે જ તેને સ્થિર કરવાનો સાચો ઉપાય છે. તેનાથી જ આત્માની સઘળી ય ગુણ સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે.

માટે હે આત્મન્ ! પુણ્યયોગે પ્રાપ્ત પ્રજ્ઞાના પ્રકાશના પ્રકર્ષમાં ઉપરોકત સદાચારોથી અલંકૃત બની આત્માની અનંત-અક્ષય ગુણલક્ષ્મીનો સ્વામી બન તે જ મંગલ ભાવના.

—પ્રજ્ઞાંગ

૦ ભગવાનનું શાસન જગતના જીવોને સુખથી સાવધ રહેવાનું અને દુઃખનો મજેથી વેઠવાનું શીખવે છે.

૦ સંસાર આરંભ અને પરિગ્રહથી ચાલે છે. આરંભ એટલે જેમાં જીવઘાત થવાનો સંભવ હોય તેવી સઘળી પ્રવૃત્તિ. અને પરિગ્રહ એટલે ઘર-બાર પૈસા-ટકાદિ.

૦ જે જીવની આંખ સામે પરલોક હોય, પરલોક ન બગડે તેમ જીવતો હોય તે આસ્તિક. આવી માન્યતા પણ જેની ન હોય તે ધર્મના લેબાશમાં ફરતો હોય તો પણ નાસ્તિકનો સગો ભાઇ !

૦ દેવ-ગુરુ અને ધર્મ મળ્યા પછી, તે ત્રણેને જે જીવ બરાબર ઓળખે જીવ બરોબર ધર્મી બને.

૦ જેને જૈનપણાંનો સ્વાદ આવે તે સુખી જીવ પણ સારો અને દુઃખી જીવ પણ સારો

૦ તપસ્વી જીવ ક્ષમાનો સાગર હોય, ઇચ્છાનો વૈરી હોય,

૦ ભગવાનનું શાસન મળવા છતાં પણ શાસન સમજવાનું મન ન થાય. તે ખામી જીવની કહેવાય, પણ સામગ્રીની નહિ.

૦ ભગવાનનું શાસન મળ્યું છે માટે આપણું પુણ્ય ઊંચામાં ઊંચી કોટિનું છે. પણ સાથે સાથે એવું ગાઢ પાપ બાંધીને આવ્યા છીએ કે, સમજવા છતાં હજી ભગવાનનું શાસન આરાધવાનું જોઇએ તેવું મન જ થતું નથી.

૦ પૈસો જ અમારૂ- ભલું કરે છે. આવી માન્યતા ટળે નહિ ત્યાં સુધી જૈનપણું આવે નહિ.

૦ આ સંસારની બધી સુખ-સામગ્રી ઉપર જેના હૈયામાં સૂગ હોય તેનું નામ ભાવધર્મ.

૦ આહાર ઉપર દ્વેષ આવ્યા વિના સાચો તપ થઇ શકે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૪૨૩૪ ૧૯-૩-૩૦

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

વિપત્તિના શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના

જિનેષ્વભક્તિર્યમિનામવજ્ઞા, કર્મસ્વનૌચિત્યમધર્મસઙ્ગઃ ।
પિત્રાદ્યુપેક્ષા પરવઞ્ચનં ચ,
સૃજન્તિ પુંસાં વિપદઃ સમન્તાત્ ।।

શ્રી જિનેશ્વરદેવની આશાતના, સુસાધુઓની અવજ્ઞા, વ્યાપારાદિમાં અનુચિત-ગર્હણીય પ્રવૃત્તિ, અધર્મીઓનો સંગ, માતા-પિતાદિ વડિલોની ઉપેક્ષા, બીજાને ઠગવું-આ બધાથી માનવીને ચારે બાજુથી આપત્તિઓ આવે છે.

વર્ષ ૫

અંક ૩૦

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

૪૮૬૧૫૩

એક ચિંતણ

चित्तबालक ! मा त्याक्षीरजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता न, च्छलयन्ति छलान्विषः ।।

શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ ગ્રન્થમાં સહસ્રાવધાની પૂ. આ. શ્રી વિ. મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ સૌ ભવ્યાત્માઓને આત્મહિતમાં ઉદ્યમિત કરવા પ્રેરી રહ્યા છે કે–"હે ચિત્તરૂપ બાળક ! તું ભાવનારૂપી ઔષધીને કયારે પણ દૂર કરીશ નહિ, જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપી પિશાચો તને છળી શકશે નહિ."

ગમ્યાગમ્ય, કાર્યાકાર્ય, હેયોપાદેયના જ્ઞાનથી જેઓ રહિત છે તેમનું ચિત્ત બાળક જેવું કહેવામાં જરાપણ વાંધો નથી. શાસ્ત્રપ્રસિદ્ધ બાર કે સોળ ભાવનાથી ભાવિત થયેલ આત્મા સ્થિરતા–ધીરતાને પ્રાપ્ત કરે છે તેથી તે ઔષધીનું કામ કરે છે. જ્યારે આર્ત–રૌદ્ર ધ્યાનથી પરવશપણું, દુર્ગતિ અને ઉન્માદ થાય છે માટે તે ભૂત–વ્યંતરની જેમ આત્માને હેરાન કરે છે.

'મન દુર્જય છે પવન જેવું ચંચળ છે' તેમ લોકો કહે છે પણ જેમાં રસ હોય છે ત્યાં મન લયલીન, એકાકાર બની જાય છે. તે સૌના અનુભવની વાત છે કે સંસારમાં અને સંસારના પદાર્થો પરના રાગને કારણે મન ત્યાં તદાકાર બને છે. ભોગમના સમયે વેપારીઓ ખાવા–પીવાનું પણ ભૂલી જાય છે. માત્ર તારક દેવ–ગુરુ–ધર્મ ઉપર સાચી પ્રીતિ–ભક્તિ નહિ જન્મવાથી, આપણે પાછા અધર્મી ન ગણાઈએ અને ધર્મીનો ઇલકાબ ટકી રહે માટે લુલા બચાવની જેમ કહીએ કે–'મન તો ચંચળ છે, ધર્મમાં ચોંટતું નથી, ધર્મ ક્રિયામાં રસ આવતો નથી.' આમ બોલનારા જો પ્રામાણિકપણે પોતાના આત્મા સાથે શાંતિથી વિચાર કરે તો પોતાને જ લાગે કે, આપણે આપણા આત્મા સાથે છેતરપીંડી કરી રહ્યા છીએ. આત્માનું અહિત કરીએ છીએ.

સંસારના સ્વરૂપનો યથાર્થ ચિતાર દર્શાવતી અને ધર્મની સન્મુખ બનાવનારી એવી બાર ભાવનાઓ જે આત્માઓ બરાબર ભાવે છે તેઓનું મન સ્થિરતાને પામે છે. અને તેવા જ આત્માઓ ધર્મ અને શુકલ ધ્યાનના સ્વામી બની અલ્પકાળમાં જ આત્માની અનંત–અક્ષય–ગુણલક્ષ્મીને પેદા કરે છે.

માટે હે આત્મન્ ! તું જ્ઞાનિઓની નિર્મલ પ્રજ્ઞાના પ્રજ્ઞાના પ્રકાશના માર્ગે ચાલી, મનને ધર્મમાં એકાગ્ર અને સ્થિર કરી, આત્મોન્નતિની સમૃદ્ધિનો સ્વામી બને તેજ ભાવના.

–પ્રજ્ઞાંગ

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી બુહકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (પાલડીયા)
ચાંદમલ પદમશી બુહકા (ખમાણગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ ફાગણ વદ ૧ મંગળવાર તા. ૯-૩-૯૩ [અંક-૩૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦] [આજીવન રૂા. ૪૦૦

: સિદ્ધાન્તમાં નિશ્ચિત બનો :

—પૂ. આ. શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

જે ધર્મી આત્માઓ છે અને જેઓ ધર્માભિમુખ થયેલ છે તે સર્વ આત્માને એમ થવું જોઇએ કે 'હું મારા દુઃખનું નિવારણ કરવાને માટે અગર તો મારા સુખને સાધવાને માટે, જે કાંઇપણ પ્રયત્ન કરું, તેમાં બીજા કોઇપણ જીવનું સુખ જાય. એવું તો મારે નહિ જ કરવું જોઇએ. કારણ કે જેમ દુઃખ મને ગમતું નથી તેમ દુઃખ કોઇને પણ ગમતું નથી અને સુખ જેમ મારે જોઇએ છે, તેમ સુખ સૌને ય જોઇએ છે.'

જેના હૈયામાં આ વાત બેઠી હોય, તેને ચાલતાં પણ કાળજી રહ્યા કરે છે—મારા ચાલવાથી એટલે ચાલવામાં થતી ભૂલથી, કોઇપણ જીવને દુઃખ તો નથી થતું ને! તમને ચાલતાં પગ નીચે કોઇ જીવન આવી જાય, એની તમે કાળજી રાખો, તો એમાં તમારું કયું સુખ છીનવાઇ જાય? વિના કારણ ચાલવું નહિ અને ચાલવું પડે તો જીવરક્ષાની કાળજી રાખીને ચાલવું, એમાં વાંધો ખરો? સ્વાર્થના અને સર્વસ્વના ભોગે પણ કોઇપણ જીવના દુઃખમાં આપણે નિમિત્ત નહિ બનવું, એ જેમ બહુ ઊંચી કક્ષાની વાત છે, તેમ સજ્જનો માટે નીચામાં નીચી કક્ષાની વાત આ છે કે—આપણા સ્વાર્થને હાનિ પહોંચતી ન હોય, ત્યાં કોઇપણ જીવને આપણાથી દુઃખ, ઉપજવા પામે નહિ—એની કાળજી ખરી જ! ચાલતાં, ઊઠતાં, બેસતાં તમે જો જોઇને ચાલો કે—મારી ક્રિયાથી કોઇ જીવને દુઃખ નહિ થવું જોઇએ, તો એમાં તમારો કયો સ્વાર્થ હણાઇ જાય? પણ, આજે તો એટલી કાળજી પણ બહુ ઓછા જીવોમાં દેખાય છે. શું તેમને ખબર નથી કે—મારી જેમ સૌ સુખની જ લાલસાવાળા છે? ખબર તો છે, પણ બીજાને દુઃખ થાય તેની આપણને શી પરવા? એમ જ છે ને? ચિન્તા એક પોતાના અને

પોતાના માનેલાઓના જ સુખની ને? બીજાનું તો ગમે તેમ થાય, તેમાં આપણે શું? મારૂં ચાલે ત્યાં સુધી તો મારાથી કોઇ જીવને કાંઇ પણ હાનિ નહિ થવી જોઇએ. એવું પણ જેના મનમાં હોય, તે બેદરકારીથી જ ચાલે, એ કેમ બને? તમે જો બેદરકારીથી ચાલતા કે ઊઠતા-બેસતા હો, તો તમારા હૈયામાં તમારા યોગે બીજાને દુઃખ થાય, તેની ચિંતા છે-એમ કેમ મનાય?

માણસ કેટલું આચરી શકે છે, પોતે જેમાં માનતો હોય, તેને જીવનમાં કેટલું ઉતારી શકે છે; એ વગેરે પછીની વાત છે; પણ **'કોઇપણ પ્રાણિના સુખમાં મારાથી વિઘ્ન નખાય નહિ'** એ ભાવના હૈયામાં અસ્થિ-મજ્જાની જેમ જડાઇ જવી જોઇએ. માણસે સમજવું જોઇએ કે-જે સુખને માટે હું પ્રયત્ન કરૂં છું, જે સુખને માટે હું બીજાઓને કેટલું દુઃખ થાય છે તેની દરકાર કરતો નથી. તે સુખ તો કર્મજન્ય છે; પુણ્યકર્મનો યોગ ન હોય, તો એ સુખ ગમે તેટલી હિંસાદિકથી પણ મળે; તેવું નથી; આ સુખ એવું નથી કે-આને માટે જે કોઇ મથે, તેને આ સુખ મળે જ; દુનિયામાં લગભગ બધાઓ આ સુખને માટે પ્રયત્નશીલ છે, છતાં આ સુખ મળે છે બહુ થોડાઓને અને જેઓને આ સુખ મળે છે, તેઓને તેમના પુણ્યકર્મના યોગે જ આ સુખ મળે છે, એટલે, જ્યાં પુણ્ય પરવાર્યું, એટલે આ સુખ તો ગમે ત્યારે છીનવાઇ જશે અને કોઇને દુઃખ દેવાથી દુઃખ અવશ્ય આવવાનું છે; માટે મારે આવા સુખને માટે કોઇને પણ દુઃખ તો નહિ જ દેવું જોઇએ! પુણ્યકર્મના યોગે જ જે સુખ મળે તેમ હોય અને જે સુખ ભોગવતાં ને સાચવતાં પણ બીજાઓને દુઃખ થાય તેમ હોય, એવા સુખની સ્પૃહા જ કોણ કરે? જ્યાં કોઇને પણ મારા નિમિત્તે દુઃખ નહિ થવું જોઇએ એવો નિર્ણય થશે એટલે માણસને આત્મિક સુખનો વિચાર જરૂર આવશે. આત્માનું સુખ એ જ સાચું સુખ છે, એ વિચાર, આવવાને માટે, પ્રથમ આ વિચાર જરૂરી છે. **વિશ્વધર્મ એટલે એવો ધર્મ, કે જે ધર્મને આચરતાં પોતાનું સુખ અવશ્ય સધાય અને બીજાના સુખને જરાપણ બાધા પહોંચે નહિ!** એટલે, આપણે પાયાની વાત કરી કે-પહેલાં એક સિદ્ધાન્તમાં નિશ્ચિત બની જાવ કે-જેમ મને સુખ ગમે છે તેમ સૌને સુખ ગમે છે. તો પછી મારાથી બીજાના સુખને હાનિ પહોંચે એવા પ્રકારે સુખી થવાય કેમ? મારે એવી રીતિએ વર્તવું જોઇએ, કે જેથી મારા કારણે કોઇને દુઃખ થાય નહિ! આવી રીતિએ વર્તવું એ બહુ મુશ્કેલ છે, પણ પહેલાં એ ભાવના આવવી જોઇએ કે-મારે, મારા સુખ માટે કોઇને ય દુઃખ થાય એવું કરવું નથી! પછી એ ભાવનાનો અમલ શક્તિ સામગ્રી મુજબ ભલે થાય, પણ જ્યારે એ ભાવના પ્રબલ બને છે, ત્યારે તો માણસમાં કોઇ જુદો જ ઉત્સાહ પ્રગટે છે. પોતાને જે કાંઇ વેઠવું પડે તે વેઠી લઇને પણ એ બીજાને પોતાના નિમિત્તે દુઃખ થવા પામે-એવી સ્થિતિમાંથી ઉગરી જવા માગે છે. અત્યારે તમારી ભાવના એવી કે-'સુખ ભોગવવું મારે અને સહવું બીજાને!' જ્યારે પછી એમ થશે કે-'સહવું મારે અને સુખ દેવું બીજાને!'

(જૈન પ્રવચન વર્ષ-૨૬ માંથી)

ગુરુ મહિમા વર્ણન

૦ યઃ સૂત્રસિન્ધુશીતાંશુ-રુત્સૂત્રામ્ભોધિકુમ્ભ ભૂઃ ।
વન્દામ હે વયં તસ્ય ચરણામ્ભોજયામલમ્ ॥૧॥

જેઓ સિદ્ધાન્ત સાગરને ઉલ્લસિત કરવા પૂર્ણચન્દ્ર સમાન છે, ઉત્સૂત્ર સાગરને ઘોળી પીવા માટે અગસ્ત્ય ઋષિ સમાન છે તે ગુરુદેવના ચરણકમલને અમે વંદન કરીએ છીએ. ॥૧॥

૦ ઉત્સૂત્રામ્ભોનિધૌ યસ્યોપદેશો વડવાનલઃ ।
ષટ્ત્રિંશદ્-ગુણષટ્ત્રિંશદ્ ગુણાઢ્યં તં ગુરું શ્રયે ॥૨॥

જેઓનો માર્ગાનુસારી ઉપદેશ ઉત્સૂત્ર સાગરને વડવાગ્નિની જેમ ભરખી રહ્યો છે, તે, સૂરિગુણોની છત્રીશ છત્રીશીના ધારક ગુરુભગવંતનું અમે શરણું સ્વીકારીએ છીએ. ॥૨॥

૦ સૂત્રારામ સુધાવૃષ્ટિ-ર્દેશના યસ્ય પેશલા ।
ઉત્સૂત્રામ્ભોધિકલ્પાન્ત વાતોર્મિં તં ગુરું શ્રયે ॥૩॥

જેમની મનોહર દેશના સિદ્ધાન્તના ઉદ્યાન પર અમૃતની વર્ષા કરી રહી છે, જે ઉત્સૂત્રસાગરના નાશ માટે પ્રલયકાળના પવન સમાન છે, તે ગુરુનું અમે શરણું સ્વીકારીએ છીએ. ॥૩॥

૦ ઉત્સૂત્રાબ્ધિમતાં લઙ્કાં મિથ્યામતિમુવોષ યઃ ।
ગુરુર્દાશરથિઃ ક્લેશપાશચ્છેદાય સોઽસ્તુ નઃ ॥૪॥

ઉત્સૂત્રસાગરમાં રહેલી મિથ્યાત્વરૂપી લંકાને જેમણે શોષી નાખી છે, તે રાજા શ્રી રામચંદ્રજી સમાન સદ્ગુરુ, સઘળાય ક્લેશ રૂપી બંધનોને છેદો. ॥૪॥

૦ ક્ષારં મત્વા વચશ્ચિત્રમુત્સૂત્રામ્ભોનિધેઃ પયઃ ।
ઉપેક્ષતે સ્મ યઃ સાક્ષાત્ સ એવ ગુરુરસ્તિ નઃ ॥૫॥

'ઉત્સૂત્રવચનોની સાગરના પાણીની જેમ 'આશા' માનીને જેઓ ઉપેક્ષા કરે છે તેજ આપણા સાચા સદ્ગુરુ છે. ॥૫॥

૦ નોર્જિતં ગર્જિતં મેને વલ્ગુ વા વીચિગર્જિતમ્ ।
ઉત્સૂત્રામ્ભોનિધેર્યેન સ ગુરુર્જગતોઽધિકઃ ॥૬॥

જેમના પ્રભાવથી ઉત્સૂત્રરૂપી સાગરમાં ગર્જારવ થઈ શકતો નથી કે જેના મોજા પણ ઉછળી શકતા નથી; તેજ જગતમાં ખરેખર શ્રેષ્ઠ ગુરુ છે. ॥૬॥

૦ યત્સૂત્રકુલિચ્છિન્નપક્ષાઃ કુમતપર્વતાઃ ।
ઉત્સૂત્રામ્ભોનિધૌ ચેતુર્ગુરુરિન્દ્રઃ સવઃ શ્રિયે ॥૭॥

જેઓના શાસ્ત્રાનુસારી વચન રૂપી વજ્રથી છેદાઈ ગયેલી પાંખો-પડખાઓ-વાળા

કુમતરૂપી પર્વતો ઉત્સૂત્ર સાગરમાં પડીને ડૂબી ગયા તે ગુરુરૂપી ઇન્દ્ર અમારા કલ્યાણને માટે થાવ. ॥૭॥

० ઉત્સૂત્રાબ્ધિપતજ્જન્તુ જાતોદ્યુદ્ધરણક્ષમા ।
દેશના નૌરભૂદ્ યસ્ય તં ગુરું સમુપાસ્મહે ॥૮॥

જેઓની દેશના, ઉત્સૂત્ર સાગરમાં ડૂબી રહેલા સઘળાય આત્માઓને ઉગારવા માટે સમર્થ નૌકા જેવી છે, તે ગુરુની અમે ઉપાસના કરીએ છીએ. ॥૮॥

० સિદ્ધાન્તનીતિળહૂનવ્યાં યો હંસ ઇવ ખેલતિ ।
ગુરૌ દોષા ન લક્ષ્યન્તે તત્ર ખે લતિકા ઇવ ॥૯॥

જેમ, આકાશમાં લતાનો ઉદ્ગમ સંભવી ન શકે તેમ સિદ્ધાન્તરૂપી 'નિર્મલ' સુરસરિતા–ગંગામાં રાજહંસની જેમ ક્રીડા કરી રહેલા ગુરુમાં પણ દોષો સંભવી નજ શકે. ॥૯॥

० સૂત્રસ્થિતિર્મનો યસ્ય જહ્નુકુલ્યેવાધિતિષ્ઠતિ ।
પરાભવિતુમેનં ન પ્રભવન્તિ રિપૂરગાઃ ॥૧૦॥

જેમનું મન 'શાસ્ત્રાનુસારિતા' રૂપ જાંગુલીમંત્રથી અધિષ્ઠિત છે, તે ગુરુને શત્રુ રૂપી સર્પો હેરાન કરવા માટે પણ સમર્થ નથી. ॥૧૦॥

० વાન્તમોહ વિષસ્વાન્ત કાન્તશાન્તરસ સ્થિતિઃ ।
હતાઘ ધ્વાન્તસિદ્ધાન્ત નીતિ ભૃજ્જયતાદ્ ગુરુઃ ॥૧૧॥

મોહરૂપી વિષ દૂર થઇ ગયું હોવાથી, જેઓનાં અંતઃકરણમાં મનોરમ શાન્તરસ સ્થિર થયો છે, અને

પાપ રૂપી અંધકારનો નાશ કરનારા, એવા સિદ્ધાન્તપાલકસંરક્ષક ગુરુ સદૈવ જયવંતા રહો. ॥૧૧॥

० ન્યાયારામ સુધાકુલ્યા કુનીતિવિષનિષ્લુષઃ ।
દેશના કલેશ નાશાય સદ્ગુરોર્ગુણશાલિનઃ ॥૧૨॥

ગુણનિધિ એવા સદ્ગુરુની, સન્માર્ગરૂપી ઉપવનમાં વહેતા અમૃતના ઝરા સમાન અને ઉન્માર્ગરૂપી વનને બાળનારી એવી દેશના સૌના સંસારરૂપી કલેશના નાશ માટે થાઓ ॥૧૨॥

० બ્રહ્માણ્ડભાણ્ડે તેજોઽગ્નિતપ્તે યસ્ય યશઃ પયઃ ।
ઉત્ક્વેનાયિતમેતસ્ય બુદ્બુદાસ્તારકા બંભુઃ ॥૧૩॥

જેમનું યશો–નીર પોતાના જ બ્રહ્મતેજથી તપ્ત એવા બ્રહ્માંડરૂપી પાત્રમાં ઉભરાઇ રહ્યું છે અને તેના જ ઉછળતા પરપોટા આકાશમાં તારા રૂપે શોભી રહ્યા છે. ॥૧૩॥

० કર્તું કઃ શક્નુયાદ્ યસ્યોકેશવંશસ્ય વર્ણનમ્ ।
સમુદ્રવદસુદ્રશ્રીરગાધઃ શ્રુયતે ચ યઃ ॥૧૪॥

જે સમુદ્રની જેમ ગંભીર અને લક્ષ્મીના નિવાસ તરીકે પ્રખ્યાત છે, તે શ્રેષ્ઠ-વંશમાં જન્મેલા ગુરુભગવંતનું વર્ણન કરવાને માટે કોણ સમર્થ છે? ॥૧૪॥

• યોઽતિસ્વચ્છસ્ય ગચ્છસ્ય સહાપદમશિશ્રિયદ્ । અદષ્ટ શુભ સન્તાન-પ્રથમાન મહોભરઃ ॥૧૫॥

પ્રકૃષ્ટ પુણ્યની પરંપરાથી અભિવર્દ્ધમાન મહાતેજના સ્વામી તરીકે જેઓશ્રીજી અતિપવિત્ર એવા 'તપો'ગચ્છનુ મહાન-અધિપતિ-પદ શોભાવી રહ્યા છે. ॥૧૫॥

• લક્ષ્યન્તે કુશલોદર્કા યસ્ય સ્વાન્તમનોરથાઃ । ગિરામપીહ સમ્પર્કાસ્તર્કા એવ ન સાક્ષિણુઃ ॥૧૬॥

જેમની વિચાર સૃષ્ટિ, ભવ્ય ભવિષ્યને સર્જનારી છે અને આ વિચાર સૃષ્ટિ વિષયક સ્તવના એ માત્ર અટકળો જ લાગે છે; એ વાસ્તવિક મહત્તાના દર્શન કરાવી શકતી નથી. ॥૧૬॥

• રત્નાનીવ પયોરાશેર્વિયતસ્તારકા ઇવ । ગણનાયાં સમાયાન્તિ ગુણા યસ્ય ન કર્હિચિત્ ॥૧૭॥

સમુદ્રનાં રત્નો અને આકાશના તારાઓની જેમ જેઓશ્રીજીના ગુણો હંમેશા ગણનાતીત છે. ॥૧૭॥

• હૃદયં જ્ઞાનગમ્ભીરં વપુર્લાવણ્યપાવનમ્ । ગર્જિતેનોર્જિતા વાણી યસ્ય કિં વિસ્મયાય નઃ ॥૧૮॥

જેમનું હૃદય સરળતા સાથેના જ્ઞાનથી ગંભીર છે, સદાચાર સાથેના લાવણ્યથી પવિત્ર જેમનું શરીર છે, જેમની વાણી મેઘગર્જના જેવી છે તેથી તેમનું સકલ ચરિત્ર શું આશ્ચર્યકારી નથી? ॥૧૮॥

પૂ.આ. શ્રી વિ. પ્રભસૂરિજી 'વિજ્ઞપ્તિ પત્રમ્'
-મહામહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર્ય.

ભગવાનની પૂજા શ્રેષ્ઠ છે.

પૂજયા પૂર્યતે સર્વં પૂજ્યો ભવતિ પૂજવા । ઋદ્ધિવૃદ્ધિ કરી પૂજા પૂજા સર્વાર્થ સાધની ॥

ભગવાન શ્રી જિનેશ્વર દેવોની ભાવ માટે કરાતી દ્રવ્ય પૂજાનો મહિમા ગાતા મહર્ષિ ફરમાવે છે કે-પૂજાથી સર્વ પૂર્ણ થાય છે, પૂજાથી પૂજક પણ સ્વયં પૂજ્ય બને છે, આત્મગુણોની ઋદ્ધિ-વૃધ્ધિથી સમૃધ્ધ પણ પૂજાથી બને છે અને મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં રહેવું પડે તો સઘળીય સામગ્રી પૂજાથી જ પ્રાપ્ત થાય છે.

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

સ્તૂપ ! એક અજેય તાકાત !

"આ નગરીને ગધેડાથી જોડેલા હળ વડે અગર ના ખેડુ તો કાં તો પર્વત ઉપરથી પડતું મૂકીશ, કાં તો અગ્નિમાં પ્રવેશીને મરી જઈશ." કુણિક કે વૈશાલિને ભાંગવા આવી પ્રતિજ્ઞા કરી.

હવે તો સેચનક ખેરની ખાઈમાં ખાક થઈ ગયો હતો. ન હલ્લ હવે વૈશાલિમાં છે, કે ન તો વિહલ્લ છે. રણ-સંગ્રામના મડદાના મેળા હવે તો નથી થતા. છતાં કુણિક જેવો પરાક્રમી કુણિક વૈશાલિને ભાંગીને જીતી ના શકયો તે ના જ શકયો.

એક સેચનક જેવા સેચનક હાથીનું મરેલું મડદુ પણ કુણિક મેળવી નથી શકયો.

અજેય વૈશાલિ ઉપર વિજયનો ધ્વજ લહેરાવવો કુણિક માટે અશકય છે.

હતાશ. નિરાશ. છિન્ન...ભિન્ન-ભિન્ન થઈ ગયેલા કુણિકને એક દિવસ દિવ્યવાણી સંભળાઈ.

"ભાગધિકા વેશ્યા અને કુલવાલુક મુનિના સહારા વિના વૈશાલિ તું જીતી નહિ શકે."

અને રાજા કુણિકના કહેવાથી.

એક દિવસ...ભાગધિકા વેશ્યાએ ઢંભી શ્રાવિકા બની કુલવાલુક નામના તપસ્વી મુનિવરને ચારિત્રથી ભ્રષ્ટ કર્યા.

રાજા કુણિક પાસે ભાગધિકા વેશ્યાના પતિ બની ચૂકેલા કુલવાલુક મુનિ આવ્યા. રાજાએ વૈશાલિ જલ્દીથી ભાંગે તેમ કરવા આદેશ કર્યો.

સાધુવેશે કુલવાલક વૈશાલિમાં પેઠા.

શ્રી મુનિસુવ્રત સ્વામીના ઉત્કૃષ્ટ શુભ લગ્ને પ્રતિષ્ઠિત કરેલા એક સ્તુપને જોયો. વૈશાલિ નહિ જીતાવાનું કારણ આ સ્તુપ જ હતો. અગર આ સ્તુપને ખોદી ખોદીને ઉખેડીને ખેદાન મેદાન કરી દેવાય તો જ વૈશાલિ જીતાય. અન્યથા તો કદાપિ ય નહિ."

કુલવાલકે વૈશાલિના લોકોને દુશ્મનના ઘેરાથી છૂટકારો પામવા રસ્તો બતાવ્યો કે ખોટા અશુભ લગ્નમાં આ પ્રતિષ્ઠિત થયેલો સ્તુપ ઉખેડી નંખાય તો દુશ્મનનો ઘેરો દૂર થશે.

લોકો સ્તૂપને ખોદવા લાગ્યા. તેમ તેમ સંકેત મુજબ કુણિક પોતાનું સૈન્ય દૂર કરતો ગયો આથી વિશ્વાસ પેદા થતાં લોકોએ આખાને આખા સ્તુપને ખોદી ખોદીને કૂર્મન્યાસ શિલા સુધી ઉખેડીને ફેંકી દીધો કે તરત જ કુણિકે વૈશાલિને જીતી લીધી.

આખરે ચંપાનાથ અને વૈશાલિનાથનો આ સંગ્રામ બાર વર્ષને અંતે પૂર્ણ થયો.

ચેટક રાજા તથા તેની પ્રજાને સુજ્યેષ્ઠાના પુત્ર સત્યકિએ વિદ્યાબળે ઉપાડી લઈ નીલવાન પર્વત ઉપર લાવી દીધી.

સમાધિપૂર્ણ આરાધના કરી ચેટક સ્વર્ગે ગયો.

આ બાજુ વૈશાલિ જીત્યા પછી.

अशोकचन्द्रोऽपि पुरीं तां दुर्लंयुक्तरासभैः ।
खेदयित्वा क्षेत्रमिव स्वां प्रतिक्षामपूरयत् ।।

અશોકચંદ્ર રાજાએ પણ હળ યુક્ત ગધેડાઓ વડે તે નગરીને ખેતરની જેમ ખેડીને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી.

વિદ્વાન ચોર

—બી. જે. કાપડી

ધારાનગરીમાં રાજા ભોજનું રાજ્ય હતું. ધારાનગરીમાં ભુકુંડ નામના એક વિદ્વાન પણ રહેતા હતા. ભુકુંડ પર સરસ્વતીની અપાર કૃપા હતી. પણ ધનની દેવી લક્ષ્મી તેમના પર કયારેય પણ પ્રસન્ન થઈ નહિ. બાલ્યપણથી માંડીને વૃદ્ધાવસ્થા સુધી તેમનું સમગ્ર જીવન ગરીબીમાં જ પસાર થયું. ભુકુંડ એટલા નિર્ધન હતા કે તેમને બે ટંક પેટ પૂરતું ભોજન પણ મળતું નહોતું. તે નિશ્ચિત બનીને પૂજાપાઠ પણ કરી શકતા નહોતા. પોતાની આ સ્થિતિથી લાચાર બનીને તેમણે વિચાર્યું કે રાજ્યના ખજાનામાં અપાર ધન પડ્યું છે, એક દિવસ ત્યાં જઈને ચોરી કરી લીધી હોય તો ? હું રાજાના ખજાનમાંથી મારા જીવનનો બાકીનો સમય આરામથી પસાર થઈ જાય તેટલું જ ધન લઈશ. મારે વધુ ધનની જરૂર નથી.

થોડા દિવસ પછી અમાસની રાત આવી વિદ્વાન ભુકુંડે વિચાર્યું કે ચોરી કરવા માટે આજની રાત વધુ અનુકૂળ બની રહેશે. તે ચૂપચાપ રાજમહેલમાં ઘૂસી ગયા. પણ ત્યાં તો બધાં હજુ જાગતાં હતાં. તે અંધારામાં એક જગ્યાએ સંતાઈ જઈને મોકો મળવાની રાહ જોવા લાગ્યા. આ રીતે રાહ જોતાં જોતાં અરધી રાત્રિ પસાર થઈ ગઈ. તેમને ઝોકાં આવવા લાગ્યાં. એ પછી તેમણે રાજા ભોજના ઓરડા પાસે જઈને જોયું. તેના કમનસીબે રાજા ભોજ પણ જાગી રહ્યા હતા. તે કોઈ સમસ્યા ઉકેલવાની મથામણ કરી રહ્યા હતા. સમસ્યા કંઈક જટિલ હોવાના કારણે તેમને ઊંઘ આવતી નહોતી. વિદ્વાન ભુકુંડને એક એક ક્ષણ ખૂબ ભારે લાગી રહી હતી. તેમણે વિચાર્યું કે આ રીતે તો તેમને સફળતા મળવાની નથી. થોડી વારમાંજ સવાર પડી જશે અને પોતે પકડાઈ જશે.

આખરે ભુકુંડની આંખો મળી ગઈ. અરાબર ત્યાં જ તેમના કાને એક અધૂરો શ્લોક સાંભળ્યો. તેમની ઊંઘ ઊડી ગઈ. તેમણે જોયું કે રાજા ભોજ પોતે આ અધૂરા શ્લોકનું ઉચ્ચારણ કરી રહ્યા છે. થોડી ક્ષણો પછી રાજા ભોજે ફરી આ શ્લોકનું ઉચ્ચારણ કર્યું. ભુકુંડ વિદ્વાન પંડિત હતા, તેમને અધૂરા શ્લોકના ઉચ્ચારણમાં શ્લોકનું અપમાન લાગ્યું. શ્લોકનું અપમાન તેમનાથી સહન થઈ શકે તેમ નહોતું. ઓરડાના એક ખૂણામાં સંતાયેલા રહીને જ બોલી ઊઠ્યા,' 'રાજન, આ શ્લોક અધૂરો છે. એમ કહી પુરો બોલ્યા.

ભુકુંડથી બોલાતાં તો બોલી જવાયું. પણ બીજી જ ક્ષણે તેમને ખ્યાલ આવ્યો કે તે અહીં ચોરી કરવા આવ્યા છે, હવે તો જરૂર પકડાઈ જશે. રાજા ભોજને પણ નવાઈ લાગી કે આટલી રાત્રિના મારા શયનખંડમાં કોણ ઘૂસી આવ્યું હશે ? આ અવાજ કયાંથી આવ્યો ? કોનો છે આ અવાજ ? પોતાના આશ્ચર્ય અને જિજ્ઞા-

સાના શમન માટે તેમણે આ અધૂરા શ્લોકનું ફરી રટણ કર્યું.

વિદ્વાન ભુકુંડે વિચાર્યું કે હવે તો રાજાને ખબર પડી જ ગઇ છે એટલે જે થશે તે જોયું જશે. લાવ, આ શ્લોકને પુરો કરી દઉં. આવો વિચાર આવતાં તે પૂરો શ્લોક બોલી ગયા.

રાજા ભોજે પોતાના શયનખંડમાં ચારેબાજુ જોયું. તેમને કોઇ જોવા મળ્યું નહિ. ભુકુંડના મનમાં ગભરાટ પ્રસરી ગયો હતો કે હવે તો તે જરૂર પકડાઇ જશે. શયનખંડમાં કોઈ દેખાયું નહિ તો રાજા ભોજે મોટેથી પૂછ્યું, "આપ કોણ છો ? ક્યાં સંતાયા છો ? અધૂરા શ્લોકને તો આપે પૂરો કરી દીધો, પણ તેની વ્યાખ્યા કરી નહિ. કૃપા કરીને શ્લોકનો અર્થ પણ સમજાવી દો."

શ્લોકની વ્યાખ્યા કરતાં ભુકુંડે કહ્યું, "મોક્ષની પ્રાપ્તિ માટે વિષયોને ઝેર સમજીને તેનો ત્યાગ કરીને તુરત સફળતા, માટે દયા, પવિત્રતા અને સત્યનું પૂરતું અમૃતપાન કરવું જોઇએ."

રાજા ભોજ શ્લોકની વ્યાખ્યા સાંભળીને ઘણા ખુશ થઇ ગયા. શ્લોકના વ્યાખ્યાનકારને તે પોતાના શયનખંડમાં ચારે બાજું શોધવા લાગ્યા. પણ ભુકુંડ તેમની સમક્ષ પ્રકટ થયો નહિ. તે એક સ્થળે સંતાઇને ચૂપચાપ બેસી રહ્યા. થોડી વાર પછી રાજા ભોજે તેમને જોઇ લીધા. તેમણે પહેરેગીરોને અવાજ દીધો, "આ માણસને પકડી લઇને જેલમાં પૂરી દો."

સવાર થતાં જ સમગ્ર નગરમાં વાત ફેલાઇ ગઇ કે રાજમહેલમાં ચોરી કરવા માટે ઘૂસેલા ચોરને રાજાજીએ પોતે પકડી પાડ્યો છે. ચોરને રાજા ભોજ પોતે સજા કરશે. લોકોનાં ટોળે ટોળાં રાજદરબાર તરફ જવા લાગ્યાં. લોકોની બારસો ભીડ ત્યાં એકઠી થઇ ગઇ. લોકોને ખૂબ જ જિજ્ઞાસા થઇ રહી હતી કે ચોર પણ કેવો હિંમતવાન કે સીધો રાજાજીના શયનખંડ સુધી પહોંચી ગયો !

રાજા ભોજનો દરબાર ભરાયો. દરબારમાં તેમનાં નવ રત્નો પણ બેઠા હતાં. થોડી વારે ચોરને રાજદરબારમાં લાવવામાં આવ્યો તો તેને જોઇને બધાંએ દાંત નીચે આંગળી દબાવી લીધી. ચોર અન્ય કોઇ નહિ, વિદ્વાન પંડિત ભુકુંડ હતા. તે જ્ઞાની અને મહાપંડિત હતા. તેમણે આવું કાર્ય કેમ કર્યું હશે ? બધાંના મનમાં એક જ વિચાર ઘોળાઇ રહ્યો હતો–હવે તો આમને રાજાજી કઠોરમાં કઠોર દંડ દેશે. પણ ભુકુંડના ચહેરા પર ચિંતાની એક પણ રેખા દેખાતી નહોતી. તે ખૂબ જ નિશ્ચિત જણાઇ રહ્યા હતા. ભુકુંડ એમ માનીને નિશ્ચિત બની ગયા હતા કે ચોરી કરી છે તો કરી છે, અપરાધ કર્યો છે તો દંડથી ડરવું શું ? દરબાર ખીચોખીચ ભર્યો હતો. રાજા ભોજે તેમને પૂછ્યું "બ્રાહ્મણદેવ, આપ તો જ્ઞાની છો, પંડિત છો છતાં આપે આવું હીન કાર્ય કેમ કર્યું ?"

જ્ઞાની ભુકુંડે ખુલ્લા મનથી નીડરતા-પૂર્વક કહ્યું, "હું સરસ્વતીનો ઉપાસક છું, મારું સમગ્ર જીવન અભ્યાસ વચ્ચે પસાર થયું છે. મને આ વાતની કયારેય પણ ચિંતા થઈ નથી, પરંતુ હવે હું વૃદ્ધ થઈ ગયો છું, જીવન-નિર્વાહ મુશ્કેલ બની ગયો છે. શરીર સાથ આપતું નથી. આથી લાચાર બનીને મેં એવો નિર્ણય લીધો કે રાજાના ખજાનામાં પડેલી અપાર સંપત્તિમાંથી મારા જીવન-નિર્વાહ માટે થોડી સંપત્તિ ઉઠાવી લાવું તો મારું બાકીનું જીવન સુખેથી પસાર થઈ જશે. હું એ વાતનો સ્વીકાર કરું છું કે રાજમહેલમાં પ્રવેશીને મેં ચોરી કરવાનો પ્રયાસ કર્યો છે."

રાજા ભોજે ભુકુંડની નીડર અને નિખાલસતા ભરેલી વાત ખુબ જ ધ્યાન દઈને સાંભળ્યા પછી પુછયું, "ચોરીની યોજના ઘડતી વખતે આપને રાજદંડનો ડર ન લાગ્યો શું ?"

ભુકુંડે કહ્યું, "કેવો ડર ? કોનો ડર? આ મૃત્યુલોકમાં તો બધી વસ્તુઓ નાશવંત છે. આજ મારું મૃત્યુ થશે તો કાલ આપનું મૃત્યુ પણ નિશ્ચિત છે. પછી મૃત્યુનો ડર કે ગભરાટ શાનો?"

ભુકુંડની આ દલીલથી રાજા ભોજ ખૂબ પ્રભાવિત થયા. તેમણે કહ્યું, "મેં હંમેશાં વિદ્વાનો અને જ્ઞાનીઓને આદર તથા સન્માન આપ્યાં છે હું આપના જ્ઞાનનો પણ આદર કરું છું. એટલે આપના અપરાધને ક્ષમા કરું છું. ક્ષમાદાન પણ જીવનનું આવશ્યક મૂલ્ય છે."

રાજા ભોજે ભુકુંડ પોતાનું શેષ જીવન સુખ-શાંતિ તથા ભગવાનની સેવા પૂજામાં પસાર કરી શકે એટલા માટે તેમને પુષ્કળ ધન આપીને દરબારમાંથી માનપૂર્વક વિદાય કર્યા.

(જન્મ ભૂમિ ૧૫-૧૧-૬૨)

વ્યાખ્યા કર્મની

જ્ઞાનના વિકાસને રોકે તે જ્ઞાનાવરણીય

જોવાની શક્તિને રોકે તે દર્શનાવરણીય

આત્માનાં સ્વાભાવિક અનંતસુખને રોકે તે વંદનીય

સંસારની મોહમાયમાં ફસાવે તે મોહનીય

મનુષ્ય-દેવ--નારક અને તિર્યંચના રૂપો આપે તે નામકર્મ

ઉચ્ચકુળમાં કે નીચકુળમાં જન્મ આપે તે ગોત્રકર્મ

મનુષ્ય-દેવ વગેરેનું આયુષ્ય આપે તે આયુષ્યકર્મ

દાન દેતાં-તપ કરતાં-ભોગ ભોગવવા વગે-રેમાં વિઘ્નકરે તે અંતરાય

આ આઠેય કર્મોનો સંપૂર્ણ નાશ કરી દેવામાં આવે ત્યારેજ મુક્તિ નગર આપણું સાસરું બની શકે.

હર્ષીત. એન. શાહ
અમીષ. આર. શાહ

સાતની ખુબી

—રતિલાલ દેવચંદ ગુઢકા રાસંગપુર હાલ લંડન

૧. દુર્લભ સાત પુરૂષ :

૧. દરિદ્ર હોવા છતાં જે પર દ્રવ્યને ગ્રહણ કરે નહિં ૨. યોવન છતાં ઈન્દ્રિયોને જીતનાર ૩. કારણ પડયે છતાં જુઠું નહિં બોલનાર ૪ ધન હોવા છતાં અભિમાન વિનાના ૫ દાન દેવ છતાં કીર્તિને નહિં ઇચ્છનાર, ૬ શક્તિ–સામર્થ્ય હોવા છતાં અપકાર, પર પણ કોપ નહિ કરનાર ૭. પારકી ગુહ્ય વાતોને–જાણવા છતાં તેને પેટમાં રાખનાર આ સાત પુરૂષો જગતમાં દુર્લભ ગણાય છે લાખોમાં શોધ્યા જડે છેઃ

૨. જેવાને યોગે તેવી થતી ૭. વસ્તુઓ

૧. શાસ્ત્ર ૨. શસ્ત્ર ૩. ઉપાનહ ૪. અશ્વ. ૫. નર. ૬. નાર ને ૭. વીણા. આ સાત જેવા પુરૂષના હાથમાં આવે છે, તેવા થાય છે.

૩. ન છેહવા યોગ્ય સાત :

૧. રાજા. ૨. ચોર ૩. સિંહ. ૪. સાપ. ૫. શસ્ત્રધારી. ૬. કવી. અને ૭. બાળક આ સાતને સાચવીને કામ લેવું પણ તેઓને સંતાપવા નહિં.

૪. વિરલ ગણાતા સાત :

૧. દાતાર. ૨. શૂરવીર. ૩. સત્યભાષી ૪. પંડિત. ૫. સદાચારી. ૬. નિર્લોભી અને ૭. સત્યવૃત આ સાત સંસારમાં વિરલા ગણાય.

૫.વાણી બોલવામાં સાત વાત સાચવવી :

૧. મધુર બોલવું કે સાંભળનારને મીઠું લાગે ૨.ડહાપણ પૂર્વક બોલવું ૩. થોડું બોલવું ૪. જરૂર પુરતું બોલવું ૫. અભિમાન વિના લઘુતાથી બોલવું. ૬. તુચ્છવચન, ન બોલવું ૭. અસત્ય–અનર્થકારી ન, બોલવું. આ સાત વાત વાણી બોલતાં ધ્યાનમાં રાખીને બોલવું

૬. ધર્મહીન સાતભનુંયો :

૧. સંયમ તજીને ઘેર આવેલા ૨. ધર્મ-સ્થાનમાં સંસારની લાલસા રાખીને આવનાર ૩. દેવ–દ્રવ્ય અને તેનું નૈવેદ્ય પોતાના ઉપયોગ માટે લેનાર. ૪. પોત ના ઉપકારી ગુરૂની રૂબરૂમે બોલનાર. ૫. દેવગુરૂના અવર્ણવાદ બોલનાર ૬. માતાપિતાને પ્રહોર કરનાર. ૭. ઉન્માર્ગ સેવીને બાર્યા દ્વારા ઉત્પન્ન થયેલો પુત્ર. આત પ્રાયઃ ધર્મહીન હોય છે. અને હીન કાર્ય કરીને દુર્ગતિમાં જવું પડે છે.

૭. દૂર ગયા પછી જેની કિંમત થાય છે તે સાત વસ્તુ :

૧. સત્યપુરૂષ ૨. સોપારી ૩. પાન ૪. અશ્વ ૫. હરતી ૬. જ્ઞાની ૭. કેવડો (સુગંધીફૂલ) ઉત્પતી સ્થાનથી દૂર ગયા પછી આ સાતની ખરી કિમંત સમજાય છે.

૮. ત્યજવા યોગ્ય સાત બોલ :

૧ જ્યાં ઘણા વૈરી હોય તે સ્થાન ત્યજવું. ૨ જ્યાં પોતાના માણસો ન હોય તે સ્થાને વાદ વિવાદ ત્યજવો. ૩ જે મકાન જીર્ણ જર્જરિત થયું હોય તે મકાન ત્યજવું. ૪ સ્નેહ વિનાની સગાઇ ત્યજવી ૫ ફળથીક્ષીણ થઇ ગયેલા વૃક્ષને ત્યજવું ૬ દયા વિનાનો ધર્મ ત્યજવો ૭ પરસ્ત્રીનો સમાગમ ત્યજવો આ સાત ત્યજવાથી આત્મા પોતાનું હિત સાધી શકે છે.

૯. સાતવાના ખટકે છે :

પૂછયાનો ઉત્તર ન મળે તે ૨ ભોજન વેળાએ ભૂખ્યા પાછા જવું પડે ૩ પરીક્ષા વેળાયે ભણેલું ભૂલી જવાય. ૪ વ્યાખ્યાનની સભામાં વ્યાઘાત થાય ૫ ગાયન કરતાં ગળું–અટકી જાય ૬ શુદ્ધ અર્થને મરડવો પડે ૭ સભામાં ટુંકારો થાય આ સાત વાતો લોકોમાં ખટકે છે.

૧૦. સાત વાત નહિં કહેવા યોગ્ય:

૧ પોતાની સ્ત્રીની વાત કોઇને કહેવી નહિ ૨ કોઇ ઠગી ગયું હોય તો કોઇને કહેવું નહિ ૩ કોઇની ગુપ્ત વાત કોઇને કહેવી નહિ ૪ કોઇપણ સ્થાને માનભ્રષ્ટ થયા હોઇએ તે કોઇને કેવું નહિ ૫ દરિદ્ર-પણાની વાત–જોને તેને કહેવી નહિ ૬ જે વાત કહેવાથી કલહ થતાનો સંભવ હોય તે વાત કહેવી નહિ ૭ ઘરની અાનગી વાત બહાર કહેવી નહિ.

૧૧. સદ્ગતિમાં જનારા સાત :

૧ અપકારી ઉપર ઉપકાર કરનાર ૨ અન્યના હિત માટે પોતાના પ્રાણ આપનાર ૩ અધમ જાતિમાં ઉત્પન્ન થવા છતાં અભક્ષ્ય નહિં ખાનાર ૪ પાપીકુળમાં જન્મ્યા છતાં હિંસાને ત્યજનાર ૫ પરસ્ત્રીની પ્રાર્થના છતાં પોતાના શીલમાં અડગ રહેનાર ૬ નિર્ધન છતાં પારકું ભોજન ન લેનાર તથા ૭ પોતે ભૂખ્યો રહી બીજા ભુખ્યાને નિ:સ્વાર્થ ભાવે ભોજન આપનાર આ સાત પ્રાયઃ સદ્ગતિગામી જીવો ગણાય છે.

૧૨. સાત વસ્તુ સ્થિર રહેતી નથી :

૧ લક્ષ્મી ૨ યૌવન ૩ બાલ્યકાળ ૪ શરીરનું સ્વાસ્થ્ય ૫ હાથીના કાન ૬ મન અને ૭ પ્રાણ આ સાત વસ્તુ કોઇ પણ રીતે સ્થિર રહેતી નથી.

૧૩. સાત મોટાં દુઃખ :

૧ ગર્ભમાં હોય ને જેનો બાપ મરી જાય ૨ જન્મ્યા પછી જેની માતા મરી જાય ૩ દરિદ્ર અવસ્થામાં મોટો પરિવાર ૪ પરાધીનપણે રહેવું ૫ નિર્ધન હોવા છતાં ઘણી ભુખ લાગે ૬ નાનો પરિવાર મૂકીને સ્ત્રી મૃત્યુ પામે ૭ વૃદ્ધાવસ્થામાં પુત્રનું મરણ, આ દુઃખો પાપોદયથી આવે છે.

૧૪. સાત અમોઘ (સત્ય) વચન-વાળા :

૧ પ્રજાપ્રિય રાજા (કેતા જનતાના પ્રેસીડન્ટ ૨ તપસ્વી ૩ મુની ૪ સતી સ્ત્રી ૫ દેવ ૬ સત્પુરૂષ ૭ બાળક આ સાતનું આકસ્મિત નીકળેલું વચન પ્રાયઃ સાચું પડે છે.

૧૫. સાત કદી ધરાતા નથી :

૧ સાગર ૨ બ્રાહ્મણ ૩ ડાકણી ૪ અગ્નિ

૫ યમ ૬ રાજા ૭ જીભ આ સાતે કદી ધરાય નહિ, ગમે તેટલું મળે તો પણ તેઓ અધૂરાજ રહે (સંતોષાય નહીં)

૧૬. સાતના ધ્યાન મલીન હોય છે:

૧ શિકારી ૨ બીલાડો ૩ દુર્જન ૪ હકીમ ૫ સ્મશાનમાં રહેનાર ચાંડાળ ૬ બંદીવાન ૭ અનાજનો વ્યાપારી આ સાતનો વ્યવસાય જ એવો છે કે, એમના વ્યવસાય માટે તેમનું ધ્યાન મલીન રહ્યા કરે:

૧૭. સાત આભડ છેટો બણાય છે:

૧ પુત્રી વિક્રય ૨ પરસ્ત્રીસંગ ૩ પાપીનો સહવાસ ૪ દેવદ્રવ્યનું ભક્ષણ ૫ જીવહિંસા કરી પેટ ભરવું ૬ પારકીનિંદા ૭ પારકા ભોજનમાં પણ અસંતોષ આ સાત કાર્યો આભડછેટ જેવાં છે, આને આચરનારો ગમે તેટલાં જલથી સ્નાન કરે તો પણ તે અસ્પૃશ્યજ રહે છે: (અપવિત્ર)

૧૮. સાત પારકી પીડાને નહિ જાણનારા:

૧ રાજા ૨ બાળક ૩ બ્રાહ્મણ ૪ ચોર ૫ યમ ૬ અગ્નિ ૭ અને શિકારી આ સાત જણ કોઇ દિવસે પારકી પીડાને સમજતા નથી.

૧૯. સાત સુતાસારા

૧ વાઘ ૨ સિંહ ૩ ચિત્તો ૪ કૂતરા ૫ બીલાડી ૬ પાપી મનુષ્ય ૭ સર્પ આ સાત સુતા રહે તો સારા કારણ કે એથી આ લોકોના હાથે થતા અનેક પાપો અટકી જાય છે.

૨૦. સાતમાં સાતનો (પ્રાયઃ) અસંભવ:

૧. જુગારીમાં સત્યવાદીપણું ૨ સર્પમાં ક્ષમા ૩ મદ્યપાનમાં તત્ત્વનો વિચાર ૪ માંસભક્ષણ કરનારમાં દયા ધર્મ ૫ નપુંસકમાં શૂરપણું ૬ સ્ત્રીમાં કામભોગની શાંતિ. ૭ તુચ્છ [હલકા] માણસમાં વ્યવહાર શુદ્ધી આ સાતમાં ઉપરોકત સાત વસ્તુઓનો પ્રાયઃ સંભવ ઓછો હોય છે. કદાચ કોઇ વિરલ સ્થાને આ સંભવે તો અવશ્ય તે પ્રશંસા પાત્ર બને છે.

૨૧. સાત દદ્દાથી પુણ્યવાન બને છે:

૧ દયા ૨ દાન ૩ દમ ૪ દોલત જવા છતાં શોક ન કરવો ૫ દુઃખ (બીજાનું) ભાંગવું ૬ દીન વચન ન બોલવુ ૭ દુર્જન પર રોષ નહિ કરવો આ સાત દ'વાળો આત્મા સમાધિપૂર્વક ધર્મને આરાધી શકે છે.

૨૨. સાતનો દુભવવા નહિ :

૧ રાજ્યનો અધિકારી ૨ યોગી ૩ યાચક ૪ દુર્જન ૫ સારથી ૬ રાજાનો ખવાસ ૭ દૂત (રાજ્ય તરફથી આવેલદૂત) આ સાતની સાથે સંભાળીને કામ લેવું.

૨૩. સાતને છોડવા નહિ:

૧ ક્ષમા ૨ ગુરૂ વિનય ૩ સુશીલપણું ૪ જ્ઞાન ૫ કુલક્રમ ૬ ધર્મ ૭ વિનય આ સાતને કદી છોડવા નહિ જેનાથી ચારિત્ર નિર્મળ બને છે. અંતે મોક્ષ સુખ અપાવે છે.

૨૪. પૈસાનો (ધન) સાત પ્રકારે ભય:

૧ રાજાનો ભય ૨ ચોરનો ભય ૩ કુટુંબનો ભય ૪ અગ્નિનો ભય ૫ પાણીનો ભય ૬ ભાગીદારનો ભય ૭ વિનાશનો ભય ઉપરોકત સાત પ્રકારે ભય લાગેલો છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ સુદેવ-સુગુરુ અને સુધર્મનો આપણા ઉપર કેવો ઉપકાર છે, તે ખબર છે? એ લોકમાં ય સારી રીતે જીવાડે. મજેથી મરવાનું શીખવાડે. માંદગી આવે તો હોયવોય ન કરાવે પણ સમાધિ રખાવે. દુનિયાના સુખમાં ફસાવા ન દે, દુઃખમાં દીન ન બનાવે. સુખ છોડવાની અને દુઃખ મજેથી વેઠવાની તાકાત આપે. કદાચ સુખ ન છૂટે તો સાચવી- સંભાળીને રહેતા શીખવે.

૦ આચાર્ય ઉપાધ્યાય અને સાધુ સારા હોવા જોઈએ. સારા એટલે માર્ગસ્થ!

૦ ભણવાનું વિદ્વાન થવા માટે નથી, વાતોડિયા થવા માટે પણ નથી, પણ વસ્તુ-તત્વ સમજવા માટે છે અને સમજીને આચરવા માટે છે.

૦ આપણે ત્યાં મુહપત્તિ પડેવવાની ક્રિયા પણ એવી સુંદર-મજેની છે કે, તેમાં જે પચ્ચાસ [૫૦] બોલ બોલવાના છે તેમાં તો આખું ધર્મશાસ્ત્ર ભર્યું છે. આપણી દરેકે દરેક ક્રિયા જ્ઞાનમય છે. ક્રિયા વગરના જ્ઞાનને નકામું કહ્યું છે. જ્ઞાન વગરની ક્રિયાને પણ નકામી કહી છે. ભગવાને આપણી કેટલી બધી ચિંતા કરી છે! આ મુહપત્તિના પચ્ચાસ બોલમાં તો અમારાથી ભ્રમબુદ્ધિએ શું શું બોલાય અને તમારાથી શું શું સંભળાય તે બધું આવી જાય છે,

---

૨૫. સાત પ્રકારે આયુષ્ય ઘટે:

૧ ત્રાસ (અતિ) પામવાથી ૨ તરવાર શસ્ત્રોથી ૩ મંત્ર તંત્રનાયોગથી ૪ ઘણા આહારથી ૫ શૂળાદિક વેદનાથી ૬ સર્પ-દંશથી (સર્પાદિકથી) ૭ પોતાના શ્વાસોચ્છ્વાસ ઘટી જવાથી આ સાત પ્રકારે આયુષ્ય ઘટવાનો સંભવ રહે.-(કલ્યાણ સં. ૨૦૦૩) તથા વિનય ગુણ માળા

સ્વભાવથી જ 'જૈનત્વ' એ મહાન પવિત્ર, અને વ્યાપક ગુણધર્મોનું સૂચક છે. એટલે જે ત્રિવિધે આરાધના કરે તેનામાં તે-તે પ્રકારના સદ્ગુણો પ્રવેશવા લાગે, અને જે પ્રમાદીને બને, તેનો સંસ્કાર પ્રવાસ નિષ્ફળ નિવડે એટલું કહી વિરમું છું.

ઉપર મુજબ આપણા દરેકનું કર્તવ્ય છે લેખ એક ભક્તિ ભાવનાથી લખેલ છે અને જ્યારે જ્યારે જે કાંઈ સૂચન મહાવીર શાસન દ્વારા લેખ દ્વારા સંબોધમાં આવે છે જેની એકજ ભાવના છે કે સૌ કોઈ જૈન ધર્મને પામો જૈન શાસન પામી ચાર સુવાક્યો વાંચી વિચારી અંતે મોક્ષ માર્ગનો સાધક બને અને શિવગતિને સાધે છતાં પણ લેખ લખવામાં મારી ક્ષતી જણાતી હોય તો અટલ ક્ષમા ચાહું છું માફી માગું છું પ્રાણી માત્રને, સકળ જીવોને, ચતુર્વિધ સંઘને ખમાવું છું સૌ કોઈ મને ક્ષમા આપશો.

તારક જૈન શાસન–પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સં. પૂ. મુ. શ્રી નયવર્ધનવિજયજી મ. પ્ર. પદ્મપરાગ પ્રકાશન, ઠે. દિલિપકુમાર જયંતિલાલ, બી–૨૧ સુધાકલશ જ. જે. મહેતા માર્ગ, વાલકેશ્વર, મુંબઇ–૬, ડેમી ૮ પેજી, ૨૦ પેજ, મુલ્ય રૂા. ૭) પૂજ્ય પાદશ્રીજીએ ૧૯૮૮ માં પાટણમાં આપેલ પ્રવચનનો સાર છે જે અદ્ભુત મનનીય અને માર્ગ પ્રકાશક છે.

ચઢીયે નત પગથાર–સં. પ્ર. ઉપર મુજબ ડેમી ૮ પેજી, ૪૪ પેજ, મુલ્ય રૂા. ૫) ઠે. શાહ વીરેન્દ્ર રજનીકાંત, ઠે. રત્નપુરી જૈન ઉપાશ્રય ગોશાળી લેન મલાડ ઇસ્ટ મુંબઇ ૯૭, બાર વ્રતની ખૂબ સુંદર સમજ આપેલી છે અને સુંદર ગેટઅપ યુકત પુસ્તક છે.

શ્રી સોહમકુલ કલ્પવૃક્ષ–ગણધર યુગપ્રધાન દેવવર્યશ્રી, સં. ઉપર મુજબ પ્રાપ્તિસ્થાન શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, ૨૧૨ એલ. પાંજરાપોળ કંપાઉન્ડ મુંબઇ–૪. ક્રા. ૧૬ પેજી, ૭૦ પેજ, મુલ્ય અમુલ્ય, આરાધના કવિવર દીપ વિ. મ. એ સંકલિત કરેલ દેવવંદન છે. પટ્ટાવલીની પણ નોંધ અપાઇ છે. દેવવંદન કરવા માટે ઉપયોગી સુંદર પ્રકાશન છે.

જિનપૂજા મહિમા–લેખક પૂ. પં.શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર, સં. પૂ. મુ. શ્રી પુન્યધનવિજયજી મ. પ્ર. ભવ્ય આનંદ ગ્રંથમાલા પ્રાપ્તિસ્થાન શાહ મફનલાલ મુળચંદજી, ૨ કુંભારવાડા લેન ફ્લેટ નં. ૨૩૩/૨૩૫ રૂમ નં. ૮ ૧લે માળે મુંબઇ-૪ ક્રા. ૧૬ પેજી, ૧૦૮ પેજ, મુલ્ય રૂા. ૨૦) અષ્ટપ્રકારી પૂજા વિધિ તથા તેનો ભાવ તથા તેના દૃષ્ટાંતો દ્વારા આ પુસ્તક ઘણું ઉપયોગી અને પ્રકાશન આકર્ષક છે.

FROM IV

રજીસ્ટર્ડ પેપર (સેન્ટ્રલ) રુલ્સ ૧૯૫૯ ના અન્વયે

'જૈન શાસન' અઠવાડિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે

પ્રસિદ્ધિ સ્થળ	:–	વઢવાણ શહેર, સૌરાષ્ટ્ર
પ્રસિદ્ધિનો ક્રમ	:–	દર મંગળવાર
મુદ્રકનું નામ	:–	સુરેશ કે. શેઠ
કઇ જ્ઞાતિના	:–	ભારતીય
ઠેકાણું	:–	સુરેશ પ્રિન્ટર્સ, મેઇન રોડ વઢવાણ
પ્રકાશક	:–	સુરેશ કે. શેઠ
તંત્રીનું નામ	:–	સુરેશ કે. શેઠ
ઠેકાણું	:–	સુરેશ પ્રિન્ટર્સ, મેઇન રોડ વઢવાણ
કઇ જ્ઞાતિના	:–	ભારતીય
માલિકનું નામ	:–	શ્રી મહાવીર શાસન પ્રકાશન મંડિર ટ્રસ્ટ
ઠેકાણું	:–	લાખાબાવળ (જામનગર)

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

સુરેશ કે. શેઠ

તા. ૬–૩–૧૯૬૩

જ્યાં જુઓ ત્યાં ચોર

આપણો ભારતદેશ– સાડી સાતસો રજવાડામાં વહેંચાઇ ગયો હતો તે વખતે કર્ણાવતી (આજનું અમદાવાદ) નગરીમાં વાઘસિંહજી નામે રાજા રાજ્ય કરતો હતો. તે વખતે– ચોર, ડાકુ, બહારવટિયા, ઠગ, લુંટારાઓ લોકોને સુખેથી રહેવા દેતા નહિ. એટલે વાઘસિંહજીએ કાયદો કર્યો હતો કે ચોર હોય તેને ફાંસી આપી દેવી.

એક વખત લાગ જોઇ પાંચ ચોરે હોંશિયારીથી વિચાર્યું કે ચલો આજે કર્ણાવતીનરાજાના રાજમહેલમાં ચોરી કરી નિરાંતે જીવન લહેરથી વિતાવીએ અને પકડાઇ જઇશું તો લહેરથી ફાંસીએ ચડી જઇશું.

રાતનો વખત છે. રાજમહેલમાં ચોકીના બાલબેલ બોલાય છે, પાંચેય ચોર હોંશિયારીથી મહેલમાં પહોંચી ગયા. સારી માલમિલકત લઇ નીચે ઉતરવા લાગ્યા. તેમાં બેનિર્ભયતાથી નીકળી ગયા, તે ત્રણ જણા ચોકીદારોના હાથે મુદ્દામાલ સાથે પકડાઇ ગયા.

સવારમાં દરબાર ખિચોખિચ ભરાઇ ગયો વાઘસિંહજી સિંહાસન પર બેઠા હતા. સિપાઇઓ ત્રણ ચોરને હાથકડીથી બંધન કરી રાજા પાસે ખડા કર્યા. ચોરો, નીચા મોએ ઊભા રહ્યા રાજાએ પોતાના રાજમહેલનો ચોરાએલો માલ ઓળખ્યો. તરત જ હુકમ છૂટયો જાઓ તેમને ફાંસીએ ચડાવી દો.

ત્રણેય ચોરોને ફાંસી આગળ ઊભા રાખ્યા બે જણને ફાંસી દેવાઇ ગઇ. ત્રીજા ચોરે ફાંસી સામે જોયું. પછી ફાંસી આપનારને કહ્યું ! સાહેબજી હું એક વિદ્યા જાણું છું. જેના વડે લોખંડનું સોનું બની જાય છે. જો આપ દયા કરોતો તે વિદ્યા હું શિખવતો જાઉં. તરત જ આ વાતની રાજાને જાણ કરી. રાજા ચોર પાસે આવ્યા. તેનું બંધન દૂર કર્યું. પછી ચોરે કહ્યું હે રાજન્ ! નગરમાંથી બધું લોખંડ આપને ત્યા મંગાવી લ્યો. કાલે સઘળા રાજય કર્મચારીવર્ગને ભેગા કરો. રાજાએ બધા કર્મચારીઓને હુકમ પહોંચાડી દીધા. ચોરે જંગલમાં જઇ જાતજાતના વેલાનાં પાંદડાં લાવી તેનો રસ કાઢી એક મોટા તપેલામાં ભરી દીધું. સવારમાં મોટી સભા ભરાઇ ગઇ. સામે લોખંડનો ઢગલો હતો. કટાએલું લોઢું પણ બાકી રાખ્યું ન હતું. પેલા ચોરે રાજાને વિનંતિ કરીને કહ્યું. બાપુ ! જેણે કથાની પણ ચોરી ન કરી હોય તે આગળ આવી તપેલાનું ઔષધ લોખંડના ઢગલા ઉપર છાંટશે એટલે તે બધુ લોઢું સોનું થઇ જશે. રાજાએ અધિકારીઓ સામે જોયું. તો અધિકારી વર્ગ તો લોકોનું જ્યાં ત્યાંથી પડાવી ચોરી કરતા જ હતા. એટલે તેમણે નીચે જોયું. કડિયા કારીગરો પણ ચોર હતા. રાજાના ગેજેટેડ અમલદારો પણ મોટી લાંચો લેતા હતા, ન્યાયાધિશો પણ ખોટો ન્યાય કરી ચોરી કરતા હતા. બધાજ અમલદારો જાણે કે પથ્થરના પૂતળાં હોય તેમ બેઠા હતા. ચોરે કહ્યું કે– બાપુ, હવે

તમે ઊઠો વાઘસિંહજીએ મનમાં વિચાર્યું કે હું પણ પ્રજા પાસેથી ગજા ઉપરાંતનો જાતજાતનો વેરો ઉઘરાવું છું. હું તો ખરેખર પહેલા નંબરનો ચોર છું. રાજાએ પણ નીચું જોયું પછી ચોરે ઊંચે ટટ્ટાર મોએ કહ્યું કે–દાપુ, મને એકલાને શા માટે ફાંસીએ ચઢાવો છો ?

જ્યાં બધા જ ચોર હોય ત્યાં આવો કાયદો શોભે ખરો મારા રાજાધિરાજ બાપુ ?

–ચોરે રાજા વાઘસિંહની આંખ ઉઘાડી દીધી. વાઘસિંહજીએ ચોરને ધન્યવાદ આપ્યા કે હે ભાઇ ! તમે તો તમારા જીવનનિર્વાહ માટે ચોરી કરી પરંતુ મારા અમલદારોને શી ખોટ હતી ?

–પૂનમભાઈ માછી
(સંદેશ–રાજકોટ)

માંકળને વસ જોગી નાચ્યો
મારીયો સિંહ સીયાલ
ચીટીએ પર્વત ઢાયો
અચરિજ બંણ કલિકાલે

મનરૂપી માંકળાને વસ પડયા થકા અસંયતિ યોગીજનો નાચે છે. તથા શીલરૂપી સિંહને કામરૂપી સિયાલીએ મારીયો તથા એક તુચ્છ રૂપી કિટિકાએ સંતોષરૂપી પર્વતને પાડ નાખ્યો એ અચરિજ કાલિકાલ માંહે દેખાય છે.

વિજય સાગર–હરિયાલી

શોભે છે

માનવ માનવતાથી શોભે છે.
રત્નાકર રત્નોથી શોભે છે.
રાત્રી ચંદ્રનથી શોભે છે.
દિવસ સૂર્યથી શોભે છે.
તપ સમતાથી શોભે છે.
જ્ઞાન આચારથી શોભે છે.
દાન ઉદારતાથી શોભે છે.
પુષ્પ સુવાસથી શોભે છે.
જૈનશાસન બાલવાટિકાથી શોભે છે

–અતુલ એચ. શાહ પાટણ

અનુરાગી બનો.

વિરતિ એ મારી માતા છે.
યોગ અભ્યાસ એ મારા પિતા છે
સમતા એ મારી ધાવમાતા છે.
વિરાગતા એ મારી બહેન છે.
વિનય એ મારો ભાઇ છે.
વિવેક એ મારું અંગ છે.
સુમતિ એ મારી પ્રાણપ્રિયા છે.
જ્ઞાન એ મારું અમૃત ભોજન છે.
સમ્યક્ત્વ એ મારો અક્ષય ખજાનો છે.

ખરેખર, આજ મારાં અંતર કુટુંબ છે અને એ જ કુટુંબ પ્રત્યે હું અનુરાગી બન્યો છું.

–સેવંતીલાલ વી. શાહ ભરૂચ

બાળ ગઝલ —અનામી

૦ ભમ્મર ને ગુંજન વિના ગમતું નથી
મોરને નૃત્યુ વિના ગમતું નથી
તેમ પ્રભુ તારા આ ભક્તને
તારી ભક્તિ વિના ગમતું નથી.

શાસન સમાચાર

ભોરોલ તીર્થ :–અત્રે ૫ પૂ. આ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ. તથા ૫. પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની પૂજા નિશ્રામાં ભોરોલ તીર્થ શ્રી સિદ્ધગિરિ મહાતીર્થનો છ'રી પાલતો સંઘ ભોરોલતીર્થ નિવાસી સંઘવી મગનલાલ મોતીચંદ પરિવાર તથા સંઘવી મગનલાલ કસ્તુરચંદ પરિવાર તરફથી નીકળ્યો છે તેનું આયોજન ભોરોલતીર્થ નિવાસી સંઘવી લાડણસિંહ પરિવાર તરફથી થયું છે મહા સુદ ૧૩ પ્રયાણ થયુ. ફાગણ વદ ૧ પાલીતાણામાં પ્રવેશ તથા ફાગણ વદ ૪ ની શ્રી સિદ્ધગિરિરાજ ઉપર તીર્થ માળા આરોપણ થશે.

પ્રયાણ પૂર્વે મહા સુદ ૧૨ નું શાન્તિ સ્નાત્ર ભણાવાયું હતું.

મોરવાડા (બનાસકાંઠા):–અત્રે ભાઇશ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ (અનંતવાડી–મુંબઇ) જે મોરવાડાના વતની છે તેમની દીક્ષા ફા. વ. ૫ ના ૫, પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં અત્રે નક્કી થઇ છે તે પ્રસંગે ફા. સુ ૧૫ થી વદ–૫ સુધી ભકતામર પૂજન, અષ્ટોત્તરી સ્નાત્ર વિ. પંચાન્હિકા મહોત્સવનું આયોજન તેમના તરફથી થયું છે તેમણે જીવનમાં પ્રતિષ્ઠાદિ અનેક વિધ મહાન ધર્મ કાર્યો કર્યા છે. ડોળીયા અંજન શલાકા મહોત્સવમાં ઇન્દ્ર મહારાજા બન્યા હતા.

પાલડી (થાના વાલી) જી. પાલી :– અત્રેથી પૂ. મુ. શ્રી પુણ્યધન વિજયજી મ.ના ઉપદેશથી તેમના સંસારી પિતાશ્રી શેઠ મૂલચંદજી હીરાચંદજી તરફથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ. આદિની નિશ્રામાં વૈશાખ સુ. ૬ બુધવાર તા. ૨૮–૪–૯૩ ના છ'રી પાલિત સંઘ નીકળશે. નીકોડા ગોલવાડ પંચતીર્થ કરવા સાથે સંઘ રાણકપુર આવશે. વૈ. વદ ૪ રવિવાર તા. ૯–૫–૯૩ ના તીર્થમાળ થશે. શા. મદનલાલ મુલચંદજી ૨ જો કુંભારવાડો ૧ લે માળે ઘરનું ૨૩૩/૩૫ રૂમ નં. ૮ મુંબઇ–૪ ફોન : ૩૮૮૩૮૯૬

ધર્મમાં જોડે તેજ સાચાં માબાપ

माता पिता स्वः सुगुरूश्च तत्त्वात्प्रभोध्य यो योजति शुद्धधर्मे ।
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्म विघ्नादिकृतेश्च जीवम् ।।

જે સદ્ધર્મનો બોધ આપીને શુદ્ધ ધર્મમાં જોડે તેજ તત્ત્વથી ખરેખરાં મા–બાપ, તેજ ખરેખરા હિતસ્વી અને તેજ સુગુરુ સમજવા, જે આ જીવને સુકૃત્ય અથવા ધર્મના વિષયમાં અંતરાય કરીને સંસાર સમુદ્રમાં ફેંકી દે છે તેના સમાન અન્ય કોઇજ દુશ્મન નથી.

- સુખ છોડયા વિના અને દુઃખ વેઠયા વિના ધર્મ કરવા માંડે તે, માયકાંગલા કશું કરી શકે નહિ.
- જે ચીજ નુકશાનકારક હોય તો ય લાભદાયક માને તેનું નામ મૂઢતા.
- જેને આ દુનિયાનું પુણ્યથી મળતું સુખ સારું લાગે તે કદિ પણ મોક્ષે જાય નહિ.
- મરજી મુજબ જીવે તે ધર્મી નહિ. ધર્મ કરતો હોય તો ય અધર્મી !
- જે બીજાના અપમાન-તિરસ્કાર કરે તેને હજારોના અપમાન-તિરસ્કાર વેઠવા પડે. આજે તમારે જે કાંઇ ન ગમતું વેઠવું પડે છે તેને બીજા પ્રત્યે કર્યું છે તેનું પરિણામ છે.
- સાધુ તો માત્ર વિવેક શીખે પણ કાંડું પકડીને ધર્મ ન આપે પણ સમજાવીને ધર્મ આપે. સમજે કોણ ? મુઢ ન હોય તે. મોહથી મૂઢ ધર્મ સમજે જ નહિ.
- વિવેક શીખવાડે તેનું નામ વ્યાખ્યાન. વાતો કરતાં શીખવે તે વ્યાખ્યાન નહિ પણ લેકચર !
- આ અરિહંત પરમાત્માનો ભગત જેને તેને માથું નમાવે કે જ્યાં ન નમવાનું ત્યાં પહાડની જેમ અક્કડ રહે ?
- ઘર-બાર, પૈસા-ટકાદિના રાગથી એવા મૂઢ બની ગયા છો કે તે રાગના પ્રતાપે એવા એવા ક્રોધ-માન-માયા અને લોભ થાય છે જેનું વર્ણન ન થાય અને તેથી એવા એવા પાપ થાય છે કે તમને જે કોઇ જાણે તે સારા ન કહે.
- સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા મોહથી મૂઢ હોય નહિ અને મોહથી મૂઢ હોય તો તે સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાપાળાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન :૨૪૫૪૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૩૫

લજ્જાળુનું લક્ષણ

लज्जालुओ अकज्जं वज्जइ
दूरेण जेण तणुअंपि ।
आयरइ सयायारं न मुयइ
अंगीकयं कह वि ।।

લજ્જાળુ પુરુષ અતિ સ્વલ્પ કાર્યનો પણ દૂરથી જ ત્યાગ કરે છે, સદાચારનું પ્રતિપાલન કરે છે અને કોઇ પણ પ્રકારે અંગીકાર કરેલું છોડતો નથી.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN - 361005

આત્મીય સંઘહિતચિંતક શ્રાવકો-શ્રાવિકાઓ,

પ્રણામ !

આપશ્રીની કુશળતા ઇચ્છીએ છીએ.

આજે એક વિશિષ્ટ પ્રશ્ન અંગે આપશ્રીનાં મૂલ્યવાન માર્ગદર્શનની અમને જરૂર લાગતા આ જાહેરપત્ર તમને પાઠવીએ છીએ.

વડીલોનાં આશીર્વાદ અને માર્ગદર્શનનાં સહારે ધર્મ સંસ્કૃતિનાં પવિત્ર મૂલ્યોની રક્ષા અને સંવર્ધન યત્કિંચિત પ્રયાસો યુવાનોના નેજા હેઠળ કરાવવાનો અમારો નિર્ધાર છે.

પ્રેસ ઉદ્યોગનો ખૂબ વિકાસ થવાની પહેલા કરતાં શ્રુત પ્રચાર અને ધર્મપ્રચારનું કાર્ય ખૂબ સરળ બન્યું છે. પણ, સાથે સા[illegible]નની આશાતના પણ બહુ વધી રહી છે. કંકોત્રીઓ, પંચાંગો, મેગેઝીનો ધાર્મિક [illegible], યંત્રો, પુસ્તકો આદિનો પરિગ્રહ ઘરોમાં તેમજ ધર્મસ્થાનોમાં વધતો જાય છે. [illegible] અજ્ઞાન, અસાવધતા કે અન્ય કારણોસર તો બધુ સાહિત્ય પરવી [illegible] જતાં ભયંકર આશાતના થતી જણાય છે

તે આશાતનાને દૂર કરવા [illegible] ?

- વિશાળ પાયા ઉપર આને અંગે કોઈ [illegible] થઈ શકે કે નહિ ?
- આવા બીનઉપયોગી સાહિત્યના [illegible] માર્ગ કયો ? [illegible] કાગળના માવામાંથી નવો કાગળ બનાવવાની પદ્ધતિ શોધાયેલી છે. આવા કાગળને રી-સાયકલ પેપર કહેવામાં આવે છે. નવો કાગળ બનાવી તેને નવાં ધાર્મિક સાહિત્યના મુદ્રણ માટે વાપરી શકાય ખરા ?

આ અંગે આપના વિચારો અને માર્ગદર્શન શક્ય તેટલા વહેલા જણાવવા [illegible]ને અમારી વિનંતી છે. શક્ય તેટલા ઉપાયોને ત્વરિત અમલમાં મૂકી સંઘને [illegible]શાતનામાંથી આંશિક પણ બચાવવાની અમારી ઝંખના છે.

આ અંગે આપના ઝડપી પ્રતિભાવની સાથે વિરમીએ છીએ. અમાર લાયક સેવા [illegible]સંકોચ જણાવશો.

—: પ્રતિભાવ મોકલવાનું સરનામું :—

જીવન જાગૃતિ ટ્રસ્ટ

પો. બો. નંબર : ૩૫૨૯.

મુંબઇ – ૪૦૦ ૦૦૪

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ:
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (સાબરમતી)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા (થાણા-ગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ ચૈત્ર વદ-૧૪ મંગળવાર તા. ૨૦-૪-૯૩ [અંક-૩૫

ૐ હ્રીં શ્રી અર્હં નમઃ

પ્રવચન વાણી

વ્યાખ્યાન વાચસ્પતિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્
—વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

(ગતાંકથી ચાલુ)

પૂજયશ્રી—નારે ના, તમે તો કંસારના કબુતર જેવા છો. ઠન ઠન થાય તો પણ બેઠા રહે. તેમ તમે વ્યાખ્યાન સાંભળો છો પણ કાંઇ અસર થતી નથી.

દુઃખ અસાર તો બધાને લાગે છે અમારે સંસારનું સુખ અસાર છે. સંસારના સુખને છોડવાથી જ સાચુ સુખ મળે એ સમજાવવા ફરવાનું છે. સાધુ આદિને પણ સંસારનું સુખ અસાર લાગવું જોઇએ. સાધુ આદિને સંસારનું સુખ ભૂંડુ ન લાગે તો એ સાધુ આદિ નથી.

પ્રશ્નઃ—સંસારનું સુખ અસાર માનીએ તો ઘર ન ચાલે.

ઉત્તરઃ—સંસારના સુખને અસાર માનનારનો જ સંસાર સારો ચાલે એના માટે તમને એક દાખલો આપું.

સુવ્રત શેઠ પૌષધશાળામાં મૌનએકાદશીનો પૌષધ લઇને બેઠા છે. ઘરમાં ચોર પેઠા. તીજોરી તોડી ઘણું ધન ઉપાડી ગયા. શેઠ સવારે પૌષધ પારી ઘરે આવી રહ્યા છે. એ વખતે ઘરના લોકોએ કહ્યું આ લઇ ગયા, આ લઇ ગયા પણ મોઢા ઉપર કાંઇ જ ખરાબ અસર નહી. પછી લોકોએ કહ્યું એ ચોરો પકડાઇ ગયા એ જ વખતે મોઢામાંથી નીકળી ગયું કે હેં પકડાઇ ગયા. તરત જ જે તીજોરી ચોરાઇ ન હતી તે ખોલી

એમાંથી સોના મહોરો આદિનો થાલ ભરી રાજા પાસે ગયા. હજી પારણું નથી કર્યું. ધોતીયું ને ખેસ પહેરે કપડે થાલ લઇને રાજા પાસે ગયા. રાજાએ પૂછયું શેઠ અત્યારે કેમ આવ્યા ?

ચોરી થઇ છે શેઠે કહ્યું ! રાજાએ કહ્યું, ચોર પકડાઇ ગયા છે, ચોરને સજા થશે. અને તમારો માલ તમને પાછો મળશે. શેઠ રાજાને કહે છે . કે ચોરને છોડી મૂકો. રાજા કહે, ચોરને છોડી મૂકું તો મારું રાજ્ય ન ચાલે. સુવ્રત શેઠ કહે ચોરને ન છોડો તો મારો ધર્મ ન ચાલે, આપને છોડવો જ પડશે.

સભામાંથી—આવા તો થોડા જ મળે ને ? પૂજયશ્રી— હા આવા થોડા જ મળે, કાંકરાની માફક વધારે નં મળે. શોધવા નીકળવું પડે કેમકે એવા એમ ન કહે કે અમે સારા છીએ અને સારા પણાનો દેખાવ પણ કરે એવા નથી હોતા. આજે જેટલા સારા કપડા પહેરે છે એમાંથી મોટા ભાગે લુચ્ચા હોય છે, બીજાને ઠગવા માટે જ સારા કપડા પહેર્યા હોય છે. આજે સુખી સારા કપડા નથી પહેરતા કેમકે સમજે છે કે જો સારા કપડા પહેર્યા તો પકડાઇ જવાના. આજે જેટલા સારા કપડા પહેરે છે એ મોટા ભાગે ચોર છે પારકે પૈસે મજા કરનારા છે.

શેઠ કહે છે કે પારણું પણ ચોર છુટયા પછી જ થવાનુ છે. આજે અહિ થી કોઇ ચોરી કરી જાય તો એની શી દશા થાય ? દેરાસરમાં ચોર પાકયા તે આજે મોટા ભાગે શ્રીમંતોના પાપે આજના શ્રીમંતો પડોશીની પણ ચિંતા નથી કરતા ખાઇને પેટ ઉપર હાથ જ ફેરવ્યા કરે છે. શ્રાવક આજુબાજુના શ્રાવકોની ક્ષલજી રાખે તો શ્રાવક ચોરી કરે ? મંદિર આદિમાં કેટલીક વાર શ્રાવક પણ ચોરી કરી જાય છે. તમે તમારા કર્તવ્યને ચુકી ગયા છો. તમારો ધર્મ ભૂલી ગયા છો. ચોર પકડાય તો ઘરે લઇ જજો, ખવડાવજો પછી પૂછજો કેમ ચોરી કરી ? એ કહે—શેઠ ત્રણ દિવસથી ખાવા નથી ભૂખ્યો છું. ખાવાં માટે આપજો અને કહેજો જો ચોરી નહી કરતો, ફરી જોઇએ ત્યારે આવજે. આજે તો ચોર પકડાય તો ભેગા થઇને બીચારાને રાક્ષસની માફક મારે છે.

આજે તો એવું કરે છે કે માંગણ પાકે. એક શ્રાવક મારી સભામાં આવ્યો ઉભો થઇને કહેવા લાગ્યો હું ગરીબ છું. ખાવા નથી માટે મને કાંઇક મદદ કરો. હું કાંઇ બોલ્યો નહી. જોયા કરતો હતો શેઠીયાઓએ એને બેસાડી દીધો વ્યાખ્યાન પાછી પાંચ રૂપીયા આપી રવાના કર્યો. શેઠને પૂછયું કે પાંચ રૂપીયા કેમ આપ્યા ? અહિંથી મુંબઇ જશે ત્યાં માંગશે, બીજે જઇને માગશે, ઓછું આપીને માંગણ બનાવો છો.

એક ગામમાં ઓછે પૈસે વીશીમાં જમાડતા હતા. મે કહ્યું ભલે તમે ઓછે પૈસે જમાડો પણ બધાની આવક કેટલી નોંધો અને ખર્ચાનું બાદ કરી દેશમાં ગા—આપને

વધારાની રકમ મોકલાવી દેવી. ત્યારે ટ્રસ્ટીઓ બોલ્યા કે આ બધી ભાંજગડમાં કોણ પડે? એટલે મેં કહ્યું કે ઓછે ખર્ચે ખવડાવી લોકોને નાટક સીનેમા જોતા કરો છો.

આજે છોકરાઓને મોટાભાગે બાપાઓ જ બગાડે છે. છોકરાને સો–બસો–પાંચસો મોકલાવ્યા પછી ફરી પાછા મંગાવે ત્યારે હિસાબ પુછો શામાં ખર્ચ્યા. ખોટા રસ્તે તો નથી ખર્ચ્યા ને? આજના બાપાઓને છોકરા સાચવતા નથી આવડતા.

ચોરને છોડયા. ચોરોએ પૂછયું કેમ છોડયા? જેની ચોરી કરી એ છોડાવવા આવ્યા છે. એમણે છોડાવ્યા છે માટે. ચોરોને એ વખતે થયું કે આવાની ચોરી ન કરાય. મુદ્દામાલ સહિત શેઠ પાસે આવ્યા. શેઠને માલ પાછો આપે છે ત્યારે શેઠ કહે છે લઇ જાઓ ફરી આવી ચોરી નહિ કરતા. નહિતર કોઇકવાર માર્યા જશો. ચોરોએ ચોરી ન કરવાની પ્રતિજ્ઞા કરી. ફરી જોઇએ તો આવજો પણ ચોરી નહી કરતા. તમે આવું કરી શકો?

સભામાંથી–સાહેબ અમે તો લક્ષ્મી મહેનત કરીને મેળવી છે પછી લક્ષ્મી ભૂંડી શી રીતે મનાય?

પૂજ્ય શ્રી–મહેનતથી નથી મેળવી પણ લુચ્ચાઇથી મેળવી છે. મહેનતથી મેળવી હોત તો ગરીબને ખવડાવ્યા વગર રહો ખરા? આજે પૈસાવાળાની આબરૂ નથી. શ્રીમંતો માટે લોકો બોલે છે કે લુટારા છે. લોહી ચુસનારા છે. રાજ્યના કાયદા ન હોય તો લોકો બધા શ્રીમંતોને લુંટયા વગર ન રહે. સરકાર બધા કાયદા કાઢી નાખે તો બહાર નીકળવું ભારે પડે આગળના કાલમાં શ્રીમંતો બહાર નીકળે ત્યારે ગરીબો રાજી થતા. માનતા કે પુણ્યશાળી છે ગત જન્મમાં ધર્મ કર્યો છે એથી પુણ્ય બંધાયુ છે એથી જ શ્રીમંતાઇ મળી છે. અમે ધર્મ નથી કર્યો માટે અમને નથી મળ્યું.

સાધુપણું સારૂં અને સંસારનું સુખ સારૂં નહી. એ માને એના માટે મંદિર ઉપાશ્રય–સાધુ–ધર્મ વગેરે છે. સાધુપણાદિનો ધર્મ ન જોઇતો હોય એને શું જોઇએ? સંસારનું સુખ અને સુખની સામગ્રી પૈસા ટકા વગેરે એવા માણસો સાધુ પાસે આવે તો પણ સાધુને બગાડવા. સાધુ પાસે હાથ જોવડાવે જોષી બનાવે–વૈદ્ય બનાવે.

જેને સંસારનું સુખ સારૂ લાગે તે દુનિયામાં સારો થાય જ નહી. સારા બનવા માટે સુખને ભૂંડું માનવું જ પડશે. સુખ પુણ્યથી મળે છે. પુણ્ય સારૂ પણ પુણ્યથી મળતું સુખ સારૂં નહી. જે પુણ્યને સારૂં માને અને સુખને સારૂ ન માને તે પુણ્યના ખપી હોય. પાપ ન કરે કેમકે સુખ ભોગવવા ઘણા પાપ કરવા પડે છે અને ભોગવવા પડે તો પણ મજેથી ન ભોગવે!

આપણે ત્યાં કહ્યું છે કે માણસ જે કમાય તેના બે ભાગ અથવા ત્રણ ભાગ કરે.

અડધા ભાગ ઉપર કે ત્રીજા ભાગ ઉપર એની સત્તા ન હોય. ધર્મની જ સત્તા હોય. એ ધર્મમાં જ ખર્ચવા માટે હોય. બાકીના અડધાના ત્રણ ભાગ કરે. એક ભાગ પેટીમાં અને એક ભાગ ખર્ચમાં વાપરે અને એક ભાગ જમીનમાં રાખે. આવા માણસો કોઇ દિ દેવાલું કાઢે? આજે તમારી પેઢીમાં માલ છે તે પારકો કેટલો અને પોતાનો કેટલો? આજે કરોડોના કારખાનાવાળા આદિ દેવાલું કાઢે ત્યારે કેટલા મરે? પોતાના દુઃખ ચોખા અખંડ રહે એવી સગવડ કરીને જ દેવાલું કાઢે.

પારકે પૈસે કારખાનાદિ ચલાવનારા ભીખારી છે. ભીખ માંગી માંગીને લાવે ને અવસરે કોઇ આપનાર ન મળે તો શી દશા થાય? આગળના કાલમાં પારકે પૈસે વ્યાપાર કરનારને કોઇ શેઠ કહેતું ન હતું. એને તો હરામખોર જ કહે. વધારે કમાવવા બીજાના પૈસા લે છે પણ પેલાનું શું થાય? કમાઇશું તો આપશું તો નહિતર વાહવાહ!

જે મારું નથી એને મારું માન્યું છે સારૂ નથી તેને સારૂ માન્યું છે. એ એક મોટામાં મોટો રોગ છે. એ હું સમજાવું અને તમે ન સમજો એમાં મારો દોષ નથી. તમે સમજી જાઓ કે જેટલા સંસારના સુખ છે એ બધા સારા નથી એ સુખોને જે હું ભોગવી રહ્યો છું તેની સજા મારે ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત ભોગવવી પડશે તો તમે આજથી સારા થઇ જાઓ.

સંસારનું સુખ અને સુખની સામગ્રી સારી નથી અને મારી નથી. ધર્મની સામગ્રી જ સારી છે એજ સેવવા જેવી છે. સંસારનું સુખ અને સામગ્રીથી છુટી જવા જેવું છે. કયારે છુટાય એનો રોજ વિચાર કરો. ઘરબારાદિ પુણ્યથી મળવા છતાં એ બધા સારા નથી અને અસલમાં મારા નથી. એ વાત તમે માનતા થઇ જાઓ તો આ સંસારમાં તમે એવા સારા બની જાઓ કે બીજા માટે આશીર્વાદ રૂપ થઇ જાઓ પછી તમારે એક પણ પાપ ન કરવા પડે અને એ રીતે જીવતા થઇ જાઓ તો તમે આજથી જ સુખી થઇ જાઓ. ઘરબારાદિ સારા નથી ને મારા નથી એને મૂકીને જવું પડશે એના માટે પાપ કરીને જીવનને ખુવાર કરવા જેવું નથી. આવું માનતા થઇ જાઓ તો આજથી સારા બની જાઓ અને સુખી થઇ જાઓ પછી સાધુ પાસે ધર્મની જ વાત કરવાના! સાધુ પણ સંસારની વાત કરે તો કહી દેવાના કે તમે ગુરૂની આજ્ઞામાં છો કે આજ્ઞા બહાર છો? આવી વાત કેમ કરી? તમે ઉપાશ્રયે કેમ જાઓ છો સાધુને બગાડવ કે તમે બગડવા? સાધુ ચોર કેમ પાકયા? તમે ઘંટી ચોર પાકયા માટે. ગુરુને પુછયા વગર મંગાવનારને જોઇતી ચીજ લાવી આપો છો. સભામાંથી–જરૂર હોય તો લાવી આપીએ એમાં શું વાંધો?

પૂજ્યશ્રી–જેણે જરૂરીયાત ગુરૂને સોંપી દીધી છે તે જ સાધુ છે. તમારા ઘરમાં પણ બધી જરૂરીયાત વડીલને સોંપેલી જ હોય. જરૂરીયાત વડીલ પુરી કરે. તમારાથી

કાંઈ પણ પુછ્યા વગર લેવાય નહી. આજે છોકરા બાપના બાપ બનીને જીવે છે એ છોકરાને બાપાઓએ બગાડયા છે. છોકરા બગાડયા છે એમ કહેતા શું કલંક નથી ? અયોગ્ય છોકરો ઘર છોડીને ચાલ્યો જાય. એની વહીલ ચિંતા ન કરે. એમ સાધુ પણામાં પણ અયોગ્ય સાધુપણું છોડીને ચાલ્યો જાય. એની ચિંતા અમે ન કરીએ.

માણસને સંસારનું જે મળ્યું છે એ બધું મારૂં અને સારૂં, લાગી ગયું છે એનાથી માણસ મોટા ભાગે હરામખોર થઇ ગયો છે, ઓફીસો વગેરેમાં કામ ઓછું કરે અને પગાર પૂરો લે દિવસનું કામ ઓછું કરી સાંજના ઓવર ટાઇમમાં કામ કરી ડબ્બલ પગાર મેળવે આગળના કાળમાં ૫૦ માણસથી ઓફીસમાં કામ થતું હતું તે આજે ૧૫૦ માણસથી થતું નથી કેમ ? બીડી-સીગરેટ પીએ વાતો કરે મોજ મજા કરે એમાં કોઇ ઓફીસર કાંઇ કહે તો મુસીબતમાં મૂકાઇ જાય. આજે યુનીયન થઇ ગયા યુનિયન એટલે વ્યાપારી બને નોકરના પૈસાથી મજા કરે તે.

તમે ધીરે ધીરે સુધરી જાઓ તો બધુ સુધરી જાય. પછી કોઇ વ્યાપારીઓને લુચ્ચા ન કહી શકે. આજે વ્યાપારીઓને લુચ્ચા કહે તો મનેથી સાંભળી લે છે. એક કાલમાં વ્યાપારી અને લુચ્ચો કોઇ ન મળે. એકવાર એક બાદશાહના રાજ્યમાં બાદશાહ બોલ્યા કે વ્યાપારીઓ લુચ્ચા થઇ ગયા છે. વ્યાપારીઓને સાંભળવા મળ્યું વ્યાપારીઓએ વ્યાપાર બંધ કરી દીધો. થોડા દિવસ પછી રાજાને ખબર પડી, મંત્રીને પુછ્યું કેમ વ્યાપાર બંધ કર્યો છે ? મંત્રીએ કહ્યું રાજન્ આપે વ્યાપારી લુચ્ચા છે એમ કહ્યું હતું માટે રાજાએ બધા વ્યાપારીને બોલાવ્યા. માફી માંગી ત્યારબાદ બજાર ખુલ્યા આજે તો સરકારને શેઠીયા મળી ગયા છે એ બેની વચ્ચે સામાન્ય માણસોનું કચુંબર થાય છે. સરકાર અને શેઠના મોઢા ન જોવા પડે એ રીતે જીવો તો સુખી થઇ જાઓ.

તમે પૈસાવાળાને સુખી માનો છો પણ પૈસાવાળા જેટલા દુઃખી છે એટલા બીજા કોઇ દુઃખી નથી. શ્રીમંતોને રાતે ઉંઘ નથી આવતી કયારે ધાડ આવે ? ધાડ આવતા પહેલા આ બધું કયાં અને કઇ રીતે છુપાવવું એની ગમ પડતી નથી. ચિંતા કોરી ખાય છે.

માટે માનતા થઇ જાઓ કે ઘરબારાદિ સાત્ત નથી ને મારા નથી. એટલે કે સંસાર સારો નથી પણ મોક્ષ સારો છે પછી તમે સારા અને સુખી થઇ જશો !

(આમાં પૂજ્યપાદશ્રીના આશય વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો તેનું મિચ્છામિ દુક્કડં)

—વિસૂ૦

દેવ, ગુરૂ, ધર્મ ઊપર પ્રીતિ વિના જન્મ અસાર છે.

—શાહ કાંતિલાલ હાથાલાલ સુરેન્દ્રનગર.

છસો વર્ષ પ્રહેલા થઇ ગએલા પુજ્ય મહાન આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિ મહારાજે, અધ્યાત્મ કલ્પદ્રુમ પુસ્તકમાં, લખ્યું છે, તે દરેક જૈન શાસન પામેલાં આત્માએ વારંવાર રટણ કરી જીવનમાં ઊતારવા જેવું છે.

ગુરૂ મહારાજની જોગવાઇ છતાં જે પ્રાણી પ્રમાદ કરે અને તેઓશ્રીનો પુરેપુરો લાભ ન લ્યે તો, તળાવ પાણીથી ભરેલું છે, છતાં પણ તરસ્યો છે.

ગુરૂમહારાજની જોગવાઇથી દેવ તથા ધર્મ ઓળખાય, ત્યાર પછી તે ત્રણે મહાન તત્વોનો લાભ લેવા ચૂકવું નહિ,

શુદ્ધ દેવ, સુગુરૂ અને તેને બતાવેલો શુદ્ધ ધર્મ એના ઊપર જરા પણ શંકા વગરની, તરણ તારણ તરીકે શુદ્ધ શ્રધ્ધા થાય, ત્યારે જ આ જીવના એકડો નોંધાય છે.

આવો સુંદર મનુષ્ય ભવ, આર્યક્ષેત્ર, શરીરની અનુકુળતા, સાધુઓનો યોગ, મનની સ્થિરતા અને બીજી અનેક પ્રકારની સામગ્રીઓનો સદ્‌ભાવ આ જીવને પ્રાપ્ત થયો છે, છતાં પણ પ્રમાદમાં વખત કાઢી નાખશો, તો પછી એનો આરો આવવાનો નથી.

જે પ્રાણીને ધર્મ સબંધી ચિંતા, ગુરૂ અને દેવ તરફ ભક્તિ અને–વૈરાગ્યનો અંશ માત્ર પણ ચિત્તમાં હોય નહિ તેનો મનુષ્ય ભવ નિષ્ફળ સમજવો.

આ સંસારમાં સર્વ પદાર્થ અસ્થિર છે. અલ્પ સમય સ્થાયી છે, આ જીવ શુદ્ધ નિરંજન નિર્લેપ છે, અનંત જ્ઞાન–દર્શન ચારિત્ર રૂપ છે.

પ્રત્યેક પ્રાણીએ ધર્મચિંતા ગુરૂભક્તિ અને વૈરાગ્ય વાસિત હૃદયવાળા થવું જોઇએ. જ્યારે આ ત્રણેય ભાવ હૃદયમાં ધારણ કરતાં નથી તેઓ, ભલે બહારથી સારો દેખાવ કરવાનાં હોય, પણ વાસ્તવિક રીતે આ ભવનાં સુખમાં મગ્ન અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો એકઠા કરનારા અને પેટ ભરાજ છે. તેઓ જન્મ લઇને આવા ઉત્તમ મનુષ્ય ભવની છેવટે અનંત સંસાર વધારી, કર્મ કાદવથી ખરડાઇ રખડયા કરે છે.

આ ગુરૂ ઉપદેશો છે માટેજ દેવ ગુરૂ ધર્મ ઊપર અંતરંગ પ્રીતિ વિના જન્મ અસાર છે.

ગુરૂમહારાજનો યોગ એ પોતાની પાસે કલ્પવૃક્ષ સમાન છે.

આ સંસારના વિષયની વાસના તજી દો, ઇચ્છા ઓછી કરો, ઇંદ્રિયોનું દમન કરો અને મન ઊપર અંકુશ રાખો. જૈન શાંતરસનો સાર એજ છે.

આ ભવના માની લીધેલા જરા જેટલા સુખ સારૂ તમે અનંત ભવની વૃદ્ધિ કરો નહી, જૈન શાસ્ત્રોનો આજ સાર છે.

卐 શ્રી વર્ષીતપ મહિમા ગીત 卐

(હે ત્રિશલાના જાયા...એ રાગ)

માતા મરૂદેવીના જાયા, જેણે વર્ષીતપ સોહાયા,
દિક્ષા દિવસથી ચારસો દિનના, ઉપવાસી જિનરાયા માતા...ટેક

ખેતરમાં પશુ કામ કરંતા, ધાન્યને ખાઇ જાતા,
ખેડૂત તેથી માર મારતો, પૂર્વ ભવે પ્રભુ જોતા,
કરણીથી સુખે શીંગ બંધાવ્યું, પ્રમાદવશ ના બોલાયા...માતા...(૧)

પુણ્યની સાથે પાપ સેવાયું, બળદો ભૂખ્યા રહેતા,
અંતરાય બાંધ્યો પ્રભુ જીવે, કર્મ વિપાક ભોગવતા,
ના મળે ગોચરી પાણી પ્રભુને, ચારસો દિવસ વિતાયા...માતા...(૨)

ફાગણ વદ આઠમથી પ્રારંભ, વૈશાખ સુદ બીજ અંત,
જઘન્યથી એક ઉપવાસ-બેસણું, ચૌદશે ઉપવાસ વ્રત,
વિધિ સહીત વર્ષીતપ કરતાં, પૂજે ભવિ જિનરાયા...માતા...(૩)

ગામોગામ વિચરતા જિનજી, હસ્તિનાપુરમાં પધાર્યા.
શ્રેયાંસકુમાર પ્રભુને જોતાં, નવનવ ભવ યાદ આવ્યા,
ઉપવાસી અરિહંત નિહાળતાં, સુપાત્રદાન ચિત્ત લાયા...માતા...(૪)

એકસો આઠ ઇક્ષુરસ કુંભો, નૃપને સોટણું આવે,
નિર્દોષ ભિક્ષા જાણી શ્રેયાંસજી, ભાવે જિનને વહોરાવે,
ચિત્ત વિત્ત ને પાત્ર વડાઇ, દાતા જગ પંકાયા...માતા...(૫)

ઋષભ પ્રભુને ઇક્ષુરસ પારણે, ત્રેવીશ જિનને ખીર,
ઋષભ પ્રભુને દાતા દાત્રી, ત્રેવીશ બ્રાહ્મણ વીર,
નિયમા દેવલોક કે શિવના, આજ દાતા સોહાયા...માતા...(૬)

રાજા, નગરશેઠ, રાજપુત્રના, ઉત્તમ સ્વપ્નો ફળતા,
પાંચ દિવ્ય, બારક્રોડ સોનૈયા, પારણા પ્રભાવે વરસતા,
અક્ષયપદ દેનારી આ ભિક્ષા, 'અક્ષય તૃતીયા' કહાયા...માતા...(૭)

આ તપમાં આજ પ્રાય મોખરે, વિશ્વકીર્તિ મુનિરાજ,
ઓગણપચાસ સળંગ વર્ષીતપ, રામચંદ્રસૂરિ શિષ્યરાજ,
તેત્રીસ-વર્ષ વર્ષીતપ કીધો, 'બાપજી' નહીં વિસરાયા...માતા...(૮)

(અનુ. ૧૧૪૧ ઉપર)

કટાક્ષ કથા

-શ્રી સંજય

છ મહિનાનો પુખ્ત વિચાર....

દરેક વકતાઓ અને શ્રોતાઓમાં આ જાણીતી કથા છે.

જાંખ ગામમાં સુવિચાર નામનો એક જટી રહેતો હતો.

તે દરરોજ માટે કોઇ સજ્જનના ઘરે ભિક્ષા માટે જતો હતો.

આ સજ્જનના ઘર આગળ એક ચોમાસુ ચટેલો આખલો ઊભો રહેતો હતો. શરીર હુષ્ટ-પુષ્ટ તો હતો જ, પણ સાથે સાથે એના શીંગડા પણ આકર્ષક હતા. એના શીંગડા જાણે કોઇ કારીગરે સરખા ઘાટ ઘડીને તૈયાર કર્યા હોય એવા ગોળ હતા. અત્યારના કોઇ જુવાનીયાને કુટબોલનો દડો એમાં ઘૂસાડી દેવાનું મન થાય એવા શીંગડા હતા.

આ જટીને શીંગડામાં બહુ જ રસ પડયો. શીંગડા જોઇને સુવિચાર રોજ વિચાર કરતો : કહેા કે ન કહેા પણ આ શીંગડામાં મારૂ માથુ આવી જાય એમાં કોઇ શંકા નથી. માથા ઉપર હાથ ફેરવીને માપ લે, ત્યારે એને થતું કદાચ દોરાવારનો ફેર પડે તો કહેવાય નહિ. આ વિચારથી તેનું મન ડગમગ થયા કરતું.

આ સીલસીલેા બરાબર છ મહિના સુધી ચાલ્યેા. છ મહિને એનામાં હિંમત આવી. એણે નક્કી કર્યું કે આજે તેા કોઇ પણ હિસાબે શીંગડામાં માથુ ઘાલવું જ ! વિચાર કરતા કરતા આજે છ મહિનાના વહાણા વહી ગયા. લોકોમાં પણ કહેવાય કે આટલા લાંબા સમય સુધી વિચાર કરીને જે કોઇ કાર્ય કરવામાં આવે તેા ચોકકસ કાર્ય સફળ થાય જ થાય.

હિંમત કરીને તે આખલા પાસે ગયેા. આખલેા કંઇ સમજે એ પહેલા તેા એના શીંગડા મજબુત પકડીને આણે શીંગડામાં માથુ ઘાલી જ દીધુ.

અચાનક બનેલા આ બનાવથી આખલેા ભડકયેા. આખા ગામમાં તેણે દોડાદોડ કરી મુકી. પેલેા જટી પણ પેાતાનુ છ મહિનાનું અનુમાન સાચુ પડયાની ખૂશી અનુભવવાનું ભૂલી જઇને હવે આમાંથી કેમ બહાર આવવું એની મથામણમાં પડયેા. પણ, આખલેા એવી બે ફાગ દોડાદોડ કરતેા હતેા કે આ જટીનું આખુ શરીર ઘસડાય ઘસડાયને લોહી લુહાણ થઇ ગયું. તેણે પણ ધૂમાધૂમ કરવા માંડી. લેાકેા ભેગા થયા અને માંડમાંડ આ જટીને શીંગડામાંથી બહાર કાઢયેા.

લોકોએ એને ઠપકેા આપતાં કહ્યું : "અરે અકકલના બારદાન, આવું અવિચારી કાર્ય કરાતું હશે ?"

અને સુવિચાર જટીની કગાન છટકી: "તમે અકકલના બારદાન અને તમારા બાપ

અકકેલના બારકાન, તમે અને તમારા બાપ અવિચારી કાર્ય કરનારા હશો ! હું તો સુવિચાર..... મારૂં નામ જ સુવિચાર છે પછી અવિચારી કાર્ય કરવાનો સવાલ જ કયાં ઉભો થાય છે ? તમને ખબર નહિ હોય પણ છેલ્લાં છ મહિનાથી પુખ્ત વિચાર કરીને આ પગલું ભર્યું છે."

આ કથા આજે એટલા માટે યાદ આવે છે કે હમણાંના માણસો અવિચારી કાર્યો તો કરે જ છે પણ એ સ્વીકારવા તૈયાર નથી હોતા કે મારૂં કાર્ય અ-વિચારી હતું. આજે છેલ્લા કેટલાય વખતથી જે બનાવો બન્યા છે એ બધા સૌને આશ્ચર્યમાં મૂકી દે તેવા છે. જેણે ભલા માણસોને આથી આઘાત લાગ્યો. તેમાંથી કેટલાક માણસો એમાં ઉંડા ઉતરવાનો પ્રયત્ન કરતા પૂછી બેસે છેઃ તમે આવું અવિચારી પગલું કેમ ભર્યું ? સામેથી તરત જ જવાબ મળે છેઃ અમારૂં પગલું પુખ્ત વિચાર કરીને ભરવામાં આવેલું છે. પાછું ખેંચાય તેમ નથી. તમે આમાં શું સમજો ?

આવા અવસરે મને તો કહેવાનું મન થઈ જાય છેઃ બરાબર છે, બરાબર છે. તમે છ મહિના વિચાર કરીને શીંગડામાં માથું ઘાલ્યું છે. સુવિચાર જ્યારે તો શીંગડામાં માથું સલામત રીતે બહાર કાઢી લેવામાં સફળ રહ્યો પણ તમે નાંખેલું માથું બહાર કાઢી શકો તેમ નથી. કદાચ તમારી પેઢી-પરંપરાના ભાવિ માણસો પણ તમે શીંગડામાં ભરાવીને જ જવાના લાગો છો !

(અનુ. ૧૧૪૧ ઉપર)

પાલીતાણાને હસ્તિનાપુર, અખાત્રીજ દિન ગાજે,
પ્રથમ જિણંદને ભાવે જોડતાં, તપસ્વીના દિલ રાજે,
કર્મ નિર્જરા કરતા કરતા, તપ પૂર્ણતા પાયા...માતા.....(૯)
પુણ્યશાળીઓ વર્ષીતપ કરે, દિન દિન ચઢતે રંગે,
ધારનદેવો શકિત અર્પો, કરીએ તપ ઉછરંગે,
'ધર્મ રસિક સુતે' વર્ષીતપના, મહિમા આજે ગાયા...માતા....(૧૦)

સં. ૨૦૧૯ વૈશાખ સુદ ૩.
તા. ૨૧-૪-૬૩, રવીવાર,

રચયિતા,
'ધર્મ રસિક સુત'
મહેન્દ્ર રસીકલાલ શાહ
અમદાવાદ

સંસારના સુખ માટે પણ ધર્મ થાય !

જૈન એ ધર્મ છે, કુળ કે જાતિ નથી. જૈન ધર્મના સિધ્ધાંત માને તેનેજ જૈન કહેવાય, અથવા કહેવાવવા જોઈએ, શ્રાધ્ધ-વિધિમાં લખ્યુ છે કે "જૈન" ધર્મ અમુક જાતની લાયકાત કે ગુણવાળાને જ અપાય, તેવા ગુણવાળાજ, તેમજ લાયકાત ધરાવનારા જ ધર્મ લેવાના અધિકારી ગણાય.

જે કોઈ ધર્મ લેવા આવે, તેને ગુરૂ સૌથી પહેલા સર્વ વિરતિનોજ ધર્મ બતાવે (સંસારના ત્યાગનો) તે પણ મોક્ષના ધ્યેય માટેજ. કોઇ જીવની સર્વવિરતિ પાળવાની શક્તિ કે પરિણામ ન હોય, તોજ તેને સર્વવિરતિના વિકલ્પરૂપે દેશવિરતિનો ઉપ-દેશ આપે. તે દેશવિરતિ પણ સર્વવિરતિની લાલસાવાળીજ હોવી જોઈએ, કારણ કે જ્ઞાનીઓએ ફરમાવ્યું છે. કે સર્વવિરતિની લાલસા વગરની દેશવિરતિનો પરીણામ સમ્યક્ હોતો નથી. એટલે કે દેશવિરતિ પણ સર્વવિરતિનો વિકલ્પ છે ઘાતક નથી. તેથી બન્નેનો ધ્યેય એકજ ફકત મોક્ષજ છે. તેથી એમ નક્કી થાય છે, જૈન ધર્મમા બીજો કોઇ મોક્ષ સિવાયના ધ્યેયનો વિકલ્પ બતાવ્યો નથી.

તો પછી જૈન ધર્મમાં સંસારના સુખની વાતો કેવી રીતે ઘટી શકે ? ધર્મ સંસારના સુખને માટે પણ થાય એ દલીલને સ્થાનજ કેવી રીતે હોય શકે. છતા સંસારમાં ઘણી જાતના જીવો હોય કર્મના યોગે જીવ સંસારના સુખ (અર્થ, કામ)મા પાગલ પણ બને. અને સંસારના સુખ માટે ધર્મ કરે પણ ખરો. પણ જૈન ધર્મનો સાધુ અને તે પણ ત્રીજે પદે પહોંચેલા આચાર્ય જેમને અરિહંતના પ્રતિનિધિ માનેલા છે તેઓ જ્યારે આવી વાતો કરે કે સંસારના સુખ માટે પણ ધર્મ થાય' ત્યારે એમજ લાગે કે વાડજ ચીભડાં ગળે છે. સુખ માટે પાગલ થયેલા જીવોને દારૂ પાવાનો ધંધો કરે છે. એટલેથીજ તેઓ અટકતા નથી. સંસારના સુખ માટે કોણે કોણે ધર્મ કર્યો છે. તેના દાખલા પણ આપે છે. પણ તેનુ પરીણામ શું આવ્યું તે બતાવતા નથી. બીલાડીને દૂધ દેખાય છે, ડાંગ દેખાતી નથી. આવી વાતો સાંભળીને અજ્ઞાની ભોળા જીવો જે સુખ માટેજ તલસતા હોય છે. તેઓને ખુબ આનંદ થાય છે અને સુખ માટેનો ઉપાય બતાવનાર મહાન ઉપકારી લાગે છે.

બ્રહ્મદત્તના જીવે ખુબ સારા ધર્મ કર્યો, અને તેના ફળ રૂપે સંસારનું સુખ માગ્યુ તો તેને ઉંચામાં ઉંચુ સુખ ચક્રવર્તિપણુ મલ્યું પણ પછી શું ? સીધા સાતમી નરકે જ ગયા. વાસુદેવ અને પ્રતિવાસુદેવો નિયમા નરકેજ જાય છે, તેનુ કારણ પણ સંસારના સુખ માટેજ કરેલો ધર્મ છે, જે ચક્રવર્તિ, વાસુદેવ, પ્રતિવાસુદેવો જે ઉત્તમ કક્ષાના જીવો હોય છે. તે પણ જો સંસારના સુખ માટે ધર્મ કરે તો તેને સુખ મળે છે પણ એ સુખ ભોગવીને દુર્ગતિમા અસંખ્યાત

કાળનું દુઃખ ભોગવવા તેમને પણ જવું પડે છે તો આપણું શું થાય તે વિચારવા જેવું નથી !'

વળી તેઓ એમ પણ દલીલ કરે છે કે સંસારના સુખ માટે ધર્મ ન કરે તો શું પાપ કરે ? પણ એને પાપ કરવાની જરૂરજ કયાં છે. સંસારના સુખ માટે કરેલો ધર્મજ એને છેવટે પાપના ફળરૂપ દુઃખ અને દુર્ગતિ આપશેજ. એમ શાસ્ત્રો અને જ્ઞાનીઓ ફરમાવે છે.

આ જૈન ધર્મ ફક્ત મોક્ષલક્ષીજ છે. તેથી સંસારનું સુખ અને તેને માટે કરવાનો ધર્મ આ વાત બટલીજ નથી. છતાં જૈન સાધુ એનો ઉપદેશ આપે છે. એ આ પડતા કાળનેજ આભારી છે એમ માનવું પડે ને ?

એવા પણ અનેક દાખલાઓ છે. કે સંસારના સુખ અર્થે અને કામ માટે ધર્મ કર્યો પણ તેવું પુણ્ય ન હોવાના કારણે સુખ ન મલ્યું. તેવા લોકો ધર્મના દ્વેષી અશ્રદ્ધાળુ થઇ ધર્મથી વિમુખ થઇ ગયા છે. કારણ કે તેઓને ધર્મની શ્રદ્ધા હતીજ નહિ સુખ મેળવવા માટેના ઘણા ઉપાયો કરતા કરતા, આ ધર્મ કરવાનો પણ એક ઉપાય કરી જોયો તેમા તેઓ સફળ ન થયા. એટલે દેવ–ગુરૂ–અને ધર્મ માટે જેમ ફાવે તેમ બોલતા થઇ ગયા એટલુંજ નહિ તેમના દ્વેષી પણ થઇ ગયા.

આપણે સાથીયો કરતા દુહો બોલીએ છીએ કે "સંસારીક ફળ માગીને, રખડયો બહુ સંસાર અષ્ટકર્મ નિવારવા, માંગું મોક્ષ ફળ સાર "એનો અર્થ શું ! સંસાર માટે ધર્મ કરવાનો ઉપદેશ કેવી રીતે અપાય ! પુણ્યથી મળેલું એવું ધર્મનું સુખ પણ ભોગવવા જેવું નહિ પણ છોડી દેવા જેવું એમ જ્ઞાનીઓ કહી ગયા છે.

આપણા અનંત તીર્થંકરો, ચક્રવર્તિઓ, મોટા રાજા, મહારાજા, શેઠ, સહુકારો જેમની પાસે સંસારનું અમાપ સુખ હતું તેઓ તે સુખ છોડીને ભાગી છુટયા, અને સંયમ લીધો છે. એવા અનેક દાખલાઓ છે આજે પણ તેવા દાખલા બની રહ્યા છે, તેનો વિચાર કેમ કરવામાં આવતો નથી. છ એ દર્શનમાં તેમજ સારા વિશ્વમાં જૈન ધર્મનું ઉંચુ સ્થાન છે. કારણ કે તેમાં સંસારનું સુખ અને કામને હેય કહ્યા છે. તેનેજ ધર્મને નામે ઉપાદેય જે ગણાવે, તેનો જૈન ધર્મ સાથે મેળ કેવી રીતે બેસે. ?

આ મોક્ષલક્ષી ધર્મ સાચો બતલાવવાને બદલ લોકોને ગમે તેવી સુખની વાતો સાધુ બતલાવે. તે લોકોને ખુશ કરવા અને પોતાની ખ્યાતિ વધારવા માટે તેમજ પોતે કંઇક નવુ બતાવે છે. અને બીજા જે શાસ્ત્રીય અને સાચી વાતો કરે છે તેનું ખંડન કરવા માટેજ આવી વાતો કરે છે.

સંસારી જીવ સુખની લાલસાવાળો હોયજ તેમે સાધુ ઠેકાણે લાવે કે ગાંડો બનાવી, સુખ માટે ધર્મ કરાવી દુર્ગતિનો રસ્તો બતલાવે.

આ મોક્ષલક્ષી જૈન ધર્મ માટે સંસારનાં સુખ માટે ધર્મ થાય એમ કહેનારા સાધુ પોતે એ વાત ગૌરવપૂર્વક વ્યાખ્યાનમાં કહે છે એટલુજ નહિ પણ એમના

ગોવંશ હત્યાના પ્રતિબંધ સામે સુપ્રિમ કોર્ટ દ્વારા મનાઈ હુકમનો ઈનકાર

સંપૂર્ણ ગોવંશ હત્યા પર પ્રતિબંધ સામે મનાઇહુકમ આપવાનો દિલ્હીની સુપ્રિમ કોર્ટે ઈન્કાર કર્યાના સમાચારો પાછળ મુંબઇના કચ્છી અને જૈન ભાઇબહેનોમાં આજે ઉત્સાહની લાગણી ફેરી વળી હતી. આ અંગેની સુનાવણી હાથ ધરવામાં આવનાર હતી તે દિવસ ગોવંશ હત્યા પરનો પ્રતિબંધ જળવાઇ રહે એ માટેની લડતને આધ્યાત્મિક બળ મળે એ માટે મુંબઇગરા કચ્છીઓએ આયંબીલ તપની સાધના કરી હતી અને સુપ્રિમના ચુકાદાએ આ તપને સફળ બનાવતાં મુંબઇગરા કચ્છીઓએ આજે વિવિધ વિસ્તારોમાં ગોંડા વહેંચ્યાના સમાચારો મળતા હતા.

મધ્યપ્રદેશમાં ભાજપનું શાસન હતું ત્યારે ત્યાં રાજ્ય સરકારે ગોવંશ હત્યા પર પ્રતિબંધ મૂકયો હતો અને એ વખતે આ પ્રતિબંધની સામે હસીમતુલ્લા દ્વારા જબલપુર (એમ.પી.)ની હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવતાં વિવિધ જનાવરો દૂધ આપી શકતા ન હોય તો પણ આ જનાવરો અતિમહત્ત્વનું એવું છાણ આપે છે અને આ છાણ ઉર્જાન વ્યાપક ધટક તરીકે અત્યંત ઉપયોગી છે એવું જણાવી એ વખતે મધ્યપ્રદેશની હાઇકોર્ટમાં ૧૯૯૨ની ૧૫મી સપ્ટેમ્બરે જસ્ટીસ એસ. કે. ઝા અને જસ્ટીસ નોએલકર દ્વારા આ અપીલ ફગાવી દેવામાં આવી હતી. અને ગોવંશ હત્યા પરનો પ્રતિબંધ માન્ય રાખવામાં આવ્યો હતો. આના અનુસંધાનમાં ફરિયાદી દ્વારા સુપ્રિમ કોર્ટના દરવાજા ખટખટાવવામાં આવ્યા હતા.

સુપ્રિમ કોર્ટમાં ફરિયાદી તરફથી ધારાશાસ્ત્રી ફલી એસ. નરીમાન દ્વારા દલીલો કરવામાં આવી હતી. જ્યારે અખીલ ભારતીય કૃષિ ગોસેવા સંઘ તરફથી ધારાશાસ્ત્રીઓ કે. કે. વેણુગોપાલ અને વિજય હંસરાજીઆ ઉપસ્થિત રહ્યા હતા.

દેશભરમાં ગોવંશ હત્યા પર પ્રતિબંધ આવે એ માટે કચ્છી આગેવાનો શ્રી રવિલાલ સંગોઇ, રમણીકભાઇ સતિયા અને સુનીલ છેડા દ્વારા સક્રિય આયોજનનો તખ્તો ગોઠવાઇ રહ્યો છે.

(ગુજરાત સમાચાર, મુંબઇ, તા. ૩-૨-૯૩)

ચોપાનીયામાં પણ આ વાતનો જોશ ભેર પ્રચાર કરે છે વળી જે મહાપુરૂષ મોક્ષ માટેજ ધર્મ કરવાનું કહે છે તેની નિર્લજ્જપણે હાંસી ઉડાવવામાં આવે છે. અને કહે છે કે દરેક વાતમા મોક્ષ મોક્ષ શું કરે છે ? મોક્ષાલક્ષી એવો જૈન ધર્મ બતલાવવો હોય તો મોક્ષ મોક્ષ ન કરે તે શું સંસાર, સંસાર કરે ? અંતમાં શાસનદેવ સર્વને સદ્‌બુધ્ધિ આપે એજ એક અભ્યર્થના.

એક શ્રોતા મલાડ મુંબઇ

દાદાનું કહેવું કયાં ખોટું હતું....

માણેકસાગરમાં ગામડાં તો સવિશેષ કરી મહારાજને મોસાળ જેવા થઈ ગયેલાં એક વાર જેલમાંથી છૂટીને આ ઠાકોરભાઇઓના ગામમાં આવ્યા ત્યારે બધા બહુ રાજી થઇ ગયા.

ગમ આખું હરખાઈ ગયું. પેટ ભરીને વાતો કરી, અબરઅંતર પૂછયા. ગામને થયું કે દાદા પાસે તો હરખની વાત કરવી જ જોઇએ ને!

'દાદા! દાદા! આપણા ગામમાં એક બહુ સુખ થઇ ગયું.'

દાદા કહેઃ 'શું સુખ ભાઇ!'

'મારે સુખ થઇ ગયું દાદા! આપણા ગામમાં મોટર બસ શરૂ થઇ ગઇ. આ હોકો પીએ એટલામાં તો બોરસદ જેવા!'

દાદા કહે : 'હોકો પીએ એટલી વારમાં બોરસદ પહોંચાડી દે! એટલી વારમાં તો ન લઈ જાય.'

'એ'હ! દાદા! મોટર બસ આવે ત્યારે જો જો ને! આ હોકો પીએ એટલી વારમાં તો બોરસદ જેવા' ઠાકોરભાઇઓને દાદાના અજ્ઞાન ઉપર હસવું આવ્યું.

'અરે એટલીવારમાં તો કેવી રીતે લઇ જાય!' દાદાએ વાતને અમાન્ય કરી.

'તમેય શું માં'રાજ માનો નહિ ને! હોકો પીએ એટલી જ વારમાં બોરસદ પુગાડી દે.' ઠાકોરભાઇએ ભારપૂર્વક કહ્યું.

દાદા કહે : 'એ તો ઠીક, પણ બોરસદ લઇ જવાનું ભાડું શું લે છે?'

'કેમ, છ આના!'

'તમને આખા દિવસની મજૂરીના કેટલા પૈસા મળે છે?' દાદાએ પૂછયું.

ઠાકોરભાઇઓ કહે : 'ત્રણ આના.'

'ત્યારે આ મોટર બસ તમને હોકો પીએ એટલી વારમાં પહોંચાડી દે કે બે દહાડામાં?'

બધા ભાઇઓ કાન પકડી ગયા.

દાદા કહે : 'આજે તો આપણે અવળું અર્થ શાસ્ત્ર ભણીએ છીએ. જે ગામમાં એસ. ટી.ની બસો આવે છે તે ગામ ખુશ થઇ જાય છે. પણ એ બે વાનાં લઇ જાય છે. 'ગજવામાંથી પૈસા ને પગમાંથી જોર.'

[દાદાની વાત આજે સમજાય છે. 'બસ' હવે બે દહાડામાં નહિ, વધારે દહાડામાં પહોંચાડે છે ને ગજવામાંથી પૈસા લઈ જાય છે આરબો અને યુરોપિયનો. પગમાંથી જોર તો ક્યારનું ય વયું ગયું છે, જોર રહ્યું છે માત્ર નેતાઓની જીભમાં જે પ્રજાને ઉલ્લુ બનાવતા ને ઊહાં ભણાવતા વચનો આપ્યા કરે છે. કસાઇ વાડે જતાં પહેલાં લીલામ થતા બોકડાની જેમ ભારતની મૂળ પ્રજાનું વિશ્વની બજારમાં છડેચોક લીલામ કરાઈ રહ્યું છે ચાંઘળી પ્રગતિની દોટમાં. અને પાછું વાળીને જોવાની કુરસદ લીલામ થતી પ્રજાને ય હોય એવું કયાં દેખાય છે!

જંબૂદ્વીપ-તંત્રી]

જ્ઞાનપદ ને દિવસે જ્ઞાનયોગીની પ્રથમ પુણ્યતિથિ

જેમની આંખમાં બ્રહ્મચર્યની પ્રભા.....
ચહેરા પર ચમકદાર જ્ઞાનની વિભા.....
આવી અદ્‌ભુત એક ભાવ પ્રતિભા.....

એટલે જ....ને..શ્રાવસ્તી તીર્થોદ્ધારક પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. ના નામે વિશ્વમાં વિખ્યાત હતી, તે વિભૂતિનો એક વર્ષ પૂર્વ અંકલેશ્વરમાં ચૈત્ર સુદ ત્રયોદશી ના પાવન દિને સ્વર્ગવાસ થયો હતો.

તેઓશ્રીને શ્રધ્ધાંજલી સમર્પતા અનેક પૂજ્ય પુરૂષોએ વિવિધ રૂપે શ્રધ્ધાંજલી સુમનો સમર્પ્યા હતા.

ચાલો.....! તેને જોઇએ.....

- એક મહાન્ શ્રુતધરની ખોટ પડી...
- એક ગુપ્ત સાધક લુપ્ત થઇ ગયા...
- એક તીર્થોદ્ધારકે વિદાય લીધી...
- લબ્ધિ સમુદાયનું મહાન રત્ન કાલધર્મ પામ્યું...
- કૃતિથી ભદ્રંકર અને પ્રકૃતિથી ભદ્રંકર એવી ભદ્રંકરી પ્રતિભાએ ચિર વિદાય લીધી...
- સંસ્કૃતના મહાન સાક્ષરનો સ્વર્ગવાસ થવાથી વિદ્વત જગત દરિદ્ર બન્યું...

આવી એક અપૂર્વ હસ્તિ હતી, મુખ પર અધ્યાત્મિક મસ્તિ હતી....
તે વંદનીય વિભૂતિને પ્રથમ પુણ્યતિથિએ વંદન કરી...
દૈવીકૃપા અને અનુગ્રહ વરસાવવા વિનંતિ કરીએ છીએ....

ગુરુ વિરહ વ્યાકુલિત ચૂ-૬

શાસન સમાચાર

પૂ. પં. શ્રી ચંદ્રકીર્તિવિજયજી ગણિવરશ્રીનો સમાધિપૂર્વક સ્વર્ગવાસ

૫. પૂ. તપોગચ્છાધિપતિ, વ્યા. વા. પરમ-શાસન પ્રભાવક સૂરિપુરંદર શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર રત્ન સ્વ. પૂ. આ. ભ. શ્રી વિજય મુક્તિચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પંન્યાસ શ્રી ચન્દ્રકીર્તિવિજયજી ગણિવર. શાહપુરના ચાતુર્માસમાં આસો મહિનામાં પેનક્રીયાઝનું કેન્સર થયાની ખબર પડી. ચોમાસા બાદ વિહાર કરી શ્રીપાળનગર પધાર્યા. અહીં જરૂરી બધા પ્રકારનું ચેકીંગ કરાવ્યું. આયુર્વેદિક ઉપચારો ચાલુ કર્યા. એનાથી પીડાઓ વચ્ચે પણ ઘણી સમતા-સમાધિ ટકી રહી. પોતે પણ આરાધના માટે ખૂબ જાગ્રત હતા. રાતની-દિવસની વાચનાઓ સાંભળતા. એ તાકાત ઓછી થતાં તેઓના આસપાસ જ સંભળાવવાનું ચાલું કર્યું.

ગુરુ, દેવરત્નવિ.જી, ભવ્યદર્શન વિ., સુ. ધનશીભાઇ ચોકસી, કેસરીભાઇ ચોકસી, કાંતિભાઇ સંઘવી પાલીવાળા શ્રવણ કરાવતા હતા. તેઓ ખૂબ અહોભાવથી સાંભળતા, સંવેગરસથી લીના થતા. મરણસમાધિ પયન્ના, સમાધિશતક, અમૃતવેલની સજ્ઝાય, વિવિધ સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, ધર્મ-ધ્યાનની ઢાળો, સમાધિસ્તોત્ર, અરિહંત વંદનાવલી વગેરે આરાધનાપ્રેરક ભરપૂર શ્રવણ તેમને મળ્યું. છેલ્લા બે દિવસમાં પં. શ્રી કનકધ્વજ વિ.જી, મુ. શ્રી અક્ષય-વિ.જી તથા મુ. શ્રી નવલવર્ધન વિ.જીએ તથા લાલબાગના યુવાનોએ પણ સારું શ્રવણ કરાવ્યું.

તેમને પૂછીએ કે સાંભળો છો ? અરિ-હંતના ધ્યાનમાં છો ? તો તેઓ 'હા' પાડતા. પીડાઓ વચ્ચે-પણ એમની સમતા-આરાધ-નામાં મગ્નતા જોઇ સકલ સંઘ ભૂરિ ભૂરિ અનુમોદના કરતો હતો.

એમની આરાધના, સમાધિ માટે ખાસ પ્રવચનો, વાચનાઓ, પંડિતોના પાઠ વગેરે શ્રીપાળનગરમાં ગોઠવી દેવાયા હતા.

કા. વ. ૬ ના દિવસે સવારે જોરદાર શ્વાસ ઉપડયો. છેલ્લી ૫-૭ મિનિટમાં મુખની-આંખની વિકૃતિ થતાં ચતુર્વિધ સંઘ જોગો થઇ ગયો. નવકારની ધૂન ચાલુ થઇ ગઇ. ૧૦.૩૧ કલાકે નવકારની ધૂન વચ્ચે તેઓ સ્વર્ગવાસી બન્યા.

ડો. જે. જે. વ્યાસ, ડો. પૂર્વેશ પારેખ, ડો. પનાભાઇ પત્રાવાળા, વૈદ્યરાજ રમેશભાઇ નાનલ તથા સુ. વિપીનભાઇએ સેવાનો સુંદર લાભ લીધો હતો. મારા શિષ્યો મુ. દેવરત્ન વિ. મુ. ભવ્યદર્શન વિ. મુ. જયરત્નવિ. મુ. અનંતરત્નવિ. તથા સ્વ. પંન્યાસજીના શિષ્ય મુ. પ્રશમકીર્તિવિ.જીએ સાડા ત્રણ મહિના રાત-દિવસ ભક્તિ કરી. એની પણ સંઘ ભૂરિ ભૂરિ અનુમોદના કરી

રહ્યો છે. સ્વ. પંન્યાસજીએ પણ ઘણાઓને પત્રો લખાવેલા, એમાં એની અનુમોદના કરવામાં બાકી રાખી નથી.

૨૫ વર્ષની ભરયુવાનવયે, ધનગનતા વૈરાગ્યપૂર્વક ચારિત્ર અંગીકાર કરી, ૩૭ વર્ષ સુંદર સંયમ પાળ્યું. ગુરૂસેવા ઉગ્રતપ, સ્વાધ્યાય, સંયમમાર્ગમાં દૃઢતા તેમજ ભવ્યજીવો ઉપર અનેક ચોમાસામાં કરેલો ઉપકાર...સુપ્રસિધ્ધ છે, અનુમોદનીય છે. તેમની સમતા–સમાધિ જોઇ સૌને થતું કે 'તેઓ સંયમનો સાર સારી રીતે પામી ચૂકયા છે' તેમના જવાથી અમારા સમુદાયમાં એક સારા સંયમી, તપસ્વી સાધુરત્નની ખોટ પડી છે.

શ્રીપાળનગર ટ્રસ્ટની, સંઘના ભાઇઓની સેવા–શુશ્રુષા પણ નોંધપાત્ર હતી.

અંતિમ યાત્રામાં માનવમેદની અને ચઢાવા પણ સારી સંખ્યામાં થયા હતા. ચંદનબાળાથી આ. શ્રી વિજય ચન્દ્રોદયસૂરિજી આદિ દેવવંદન માટે પધાર્યા હતા. ચતુર્વિધ સંઘ સાથે દેવવંદન થયા હતા. પુના–સંગમનેર, નાસિક, ઘોટી, શાહપુર, મુરબાદ આદિ સંઘો અંતિમયાત્રામાં જોડાયા હતા. દ. મુ. પ્રશમકીર્તિ વિજય તથા મુ. ભવ્ય દર્શન વિજયની વંદના.

મહેસાણા જિલ્લામાં શાસનપ્રભાવના

પ. પૂ. માલવદેશે રક્ષધર્મસંરક્ષક આ. શ્રી વિજય સુદર્શનસૂ. મ. ડીસાથી વિહાર કરી પાટણ થઇ સંખારી પધાર્યા. ઘેર ઘેર શ્રીફળ, રૂપિયા આદિની ગહુલી થઇ પૂ. સુદર્શનસૂ. મ. તથા મુનિદર્શન રત્નવિજયના મહાદેવના મંદિરમાં જાહેર પ્રવચન થયા. ઇતર પબ્લિક ચિકકાર હતી. આગલ મણુંદ વીહોજ મહેસાણા, નંદાસણ, વાનસર, કોબા થઇ શાસનપ્રભાવના કરી રહ્યા છે તથા પૂજ્યશ્રી અમદાવાદ ચૈત્ર સુદ ૮ ના પધાર્યા છે.

ઉમરાળા–અત્રે ફા. વ–૧૨ ના પૂ. તપસ્વી મ. શ્રી ગુણયશ વિ.જી મ. આદિ પધારતાં બપોરે પૂ. પ્રવચનકાર મુ. શ્રી કીર્તિયશ વિ. મ.નું પ્રવચન થયું ભકિત સારી છે. ચૈ. સુ–૧૦ ના પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા છે.

પાંચોટ (મહેસાણા)–અત્રે શ્રીમતી પુષ્પાવતીબેનના સુકૃતની અનુમોદનાર્થે પૂ. તપસ્વીરત્ન પં. શ્રી ભદ્રશીલ વિજયજી મ. તથા પૂ. પં. શ્રી ગુણશીલ વિજયજી મ. આદિની નિશ્રામા ચૈ. સુ ૬ ના સિધ્ધચક્ર પૂજન પો- સુ ૭–૮ ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, સુ ૧૦ ના અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર અને સુદ ૧૧ ના ભવ્ય સ્નાત્ર મહોત્સવનું બબલદાસ પાનાચંદ પરિવાર તરફથી આયોજન કર્યું છે.

ચાતુર્માસ નિર્ણય–પ. પૂ વર્ધમાન તપોનિધિ પૂ. આ.. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાદિનું ચાતુર્માસ સુરત ગોપીપુરા શ્રી રામચંદ્રસૂરીશ્વર આરાધના ભવન થશે તેઓશ્રી પાલીતાણા ઓળી કરાવી અમદાવાદ ચૈ. સુ. ૨ પધારશે ત્યાં વરસીતપના પારણા દીક્ષા પ્રતિષ્ઠા વિ. કાર્યક્રમ છે. ચૈ. વદ ૭ ના અમદાવાદથી સુરત તરફ પ્રયાણ કરશે.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આપે આચારમાં સાધુ તમે વિચારમાં સાધુ ! જે દિવસે તમારા અને અમારા વિચારોનો મેળ થશે તે દિવસે જૈન શાસન ઝળકશે !
- શ્રાવકને ઘરવાસનો ભય લાગે, કયારે છૂટે કયારે છૂટે તેમ થયા કરે અને સાધુને પ્રમાદનો ભય લાગે, કયારે પ્રમાદથી બચું તેમ થયા કરે તો બંનેય માર્ગમાં આગળ વધે. બાકી જેને પ્રમાદનો ભય ન લાગે, પ્રમાદ કયારે છૂટે તેમ ન થાય. તેને મહાવ્રત ઉચ્ચર્યા તે દ્રવ્યથી. તેવી રીતે ઘરવાસ જેને ભયંકર લાગે તેનો ધર્મ પણ મોક્ષનો જ બને.
- જેને પાપનો ભય લાગે, પાપથી બચવાનું મન હોય પણ ન છૂટકે પાપ કરવું પડે તો કરે પણ તે વખતે હૈયામાં થાય કે-'કેટલો પામર બની ગયો છું. કેવો પરિવાર પણ છે. આવું પાપ કર્યા વિના ચાલે નહિ તો મારું થશે શું ?' કોઇને માટે કરેલ પાપની સજા મારે છે કે કરનારે ભોગવવી પડે ?' આવું દુઃખ હોય ના તેને હજી સારો કહેવો છે, તેના માટે બચવાની બારી છે. તેના હૈયામાં શ્રુતરૂપી દીપકનો પ્રકાશ ઝબુક ઝબુક થવા લાગ્યો છે.
- સંસાર એટલે પાપની પ્રવૃત્તિ !
- 'હું કોઇથી ન ઠગાવું તેમ મારાથી પણ કોઇ ન ઠગાય' તેને માટે ભણવાનું છે.
- જે સાધુ પણ પ્રમાદથી ગભરાય તેને શ્રુતજ્ઞાન આપવાનું છે. જે પ્રમાદથી ન ગભરાય તેને શ્રુતજ્ઞાન પણ મહા અજ્ઞાનનું કારણ બને.
- સંસારથી જે ગભરાય તેના માટે વિદ્યા સારી. સંસારથી જે ન ગભરાય તેને માટે વિદ્યા પણ અનર્થનું કારણ બને.
- સંસારનો વ્યસની ધર્મ કરે તો પણ ધર્મી નહિ !
- શાસનના રાગી તે જેઓ સાચી સાધુતાના પૂજારી હોય.
- શ્રાવક તેનું નામ જે ગૃહસ્થાવાસથી ડરે. કયારે આ ગૃહસ્થાવાસ છૂટે તેની જ ચિંતામાં હોય !
- સંસારના સુખનો ગાઢ રાગ અને દુઃખ ઉપરનો દ્વેષ તે બે જ સંસારના બીજ.
- સુખની અવગણના અને દુઃખનું સન્માન કરતાં આવડે તે જીવ ધર્મી !
- રાગાદિ કયારે કાઢું તે શુભ ધ્યાન છે. રાગાદિ કયારે કાઢું તે અશુભ ધ્યાન છે.

- મરવાનું કોઇને ગમતું નથી અને જીવવાનું સૌને ગમે છે માટે જ્યાં મરવાનું હોય નહિ અને જીવવાનું સદા હોય એવી જેગ્યા તેનું નામ મોક્ષ.
- જે કોઇ જીવ પોતાની ઇચ્છા મુજબ જીવવા માંડે તેને દુર્ગતિમાં જવું પડે.
- જેને પોતાને મોક્ષે જવાની ઇચ્છા હોય અને જગતના સઘળા જીવોને મોક્ષે મોકલવાનું મન થાય, તે આત્મા શ્રી અરિહંત બને.
- જે કોઇ સ્વયં ખોટું કરે, બીજા પાસે ખોટું કરાવે અને જે ખોટું કરતા હોય તેમાં સહી કરી આપે તે બધા દુર્ગતિમાં જાય.
- ભગવાનની ગુલામી સંસાર તારે, કર્મની ગુલામી સંસાર વધારે.
- ખોટાં કામ કરવા માટે જે જીવ ભગવાનનું નામ દે છે, તે ઘોર પાપ કરે છે.
- આ મનુષ્યજન્મ સાધુ થઇને મોક્ષે જવા માટે છે આવી શ્રદ્ધા જેને ન જન્મે તે ગૃહસ્થ, સારો ગૃહસ્થ બની શકે નહિ.
- સુખી થવાનો વિચાર તે પાપ છે, સારા થવાનો વિચાર તે ધર્મ છે.
- મોક્ષની ઇચ્છા નહિ તે ભગવાનનો ભગત નહિ.
- સાધુ થવાનું મન નહિ તે શ્રાવક નહિ.
- ભગવાન જેને ગમી જાય તેને સંસારમાં ગમે જ નહિ, મોક્ષે જ જવાનું મન હોય.
- સંસારની કોઇપણ વાત જેને ગમે તે સાધુ, સાધુ નથી, શ્રાવક, શ્રાવક નથી. કેમકે, સંસારની સઘળી ય વાત પાપરૂપ છે તેથી પાપ જ બંધાય છે અને પરિણામે સંસારમાં ભટકવું પડે છે.

જૈન શાસન અઠવાડિક માસિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/O શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન :૨૪૫૪૧

૪૨૩૮ ૨૧-૮-૩૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

ધર્મ જ મોક્ષ

जो पुण खमापहाणो परूविओ
पुरिसपुंडरीएहिं ।
सो धम्मो मोक्खोच्चिय
जमक्खओ तप्फलं मोक्खो ।।

ક્ષમા પ્રધાન દશ પ્રકારનો યતિ ધર્મ, પુરુષોમાં પુંડરિક જેવા શ્રી તીર્થંકર પરમાત્માઓએ કહ્યો છે. તે ધર્મ જ મોક્ષ છે કેમકે તેનું ફળ અક્ષય મોક્ષ છે.

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૩૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રાદ્ધવિધિ ગ્રંથ કહે છે કે–

૧. શુક્લપક્ષમાં પડવેથી ત્રણ દિન પ્રાતઃકાળે સૂર્યોદય વખતે ચંદ્રનાડી સારી અને કૃષ્ણપક્ષ પડવેથી ત્રણ દિન સૂર્યોદય વખતે સૂર્યનાડી સારી જાણવી (૭૮) ચંદ્રનાડી ડાબા નાકમાં પવન આવ–જા કરે ત્યારે ચાલુ ગણાય. સૂર્યનાડી જમણા નાકમાં પવન આવ–જા કરે ત્યારે ચાલુ ગણાય.

૨, કેટલાએક શાસ્ત્રકારોએ તો વારનો પણ અનુક્રમ બાંધેલો છે. તે આવી રીતે રવિ, મંગળ, ગુરુ અને શનિ એ ચાર સૂર્યનાડીના વાર અને સોમ, બુધ અને શુક્ર એ ત્રણ ચંદ્રનાડીના વાર સમજવા. (૭૯)

૩, સૂર્યોદય વખતે જે નાડી વહેતી હોય તે અઢી ઘડી પછી બદલાઈ જાય છે. ચંદ્રથી સૂર્ય અને સૂર્યથી ચંદ્ર, એમ કુવાના રેંટની જેમ આખો દિવસ નાડી ફર્યા કરે છે. (૭૯)

૪, દેવપૂજન, દ્રવ્યોપાર્જન–વ્યાપાર, લગ્ન, રાજ્ય–કિલ્લા લેવા, નદી ઉતરવી, જવા–આવવાનાં, જીવિતના પ્રશ્ન, ઘર, ક્ષેત્રલેવાં, બાંધવાં, કોઇ વસ્તુ લેવા–વેચવામાં, વર્ષા આવવાના પ્રશ્ન, નોકરી, ખેતીવાડી, શત્રુનો જય, કરવો, વિદ્યાભ્યાસ, પટ્ટાભિષેક, પદપ્રાપ્તિ એવાં શુભ કાર્યો વખતે ચંદ્રનાડી વહેતી હોય તો લાભકારી સમજવી. (૮૧)

૫, કેદમાં પડેલાને, રોગીને, પોતાના પદથી ભ્રષ્ટ–થયેલાને, પ્રશ્નમાં, યુદ્ધ કરવામાં, શત્રુને મળવામાં, અકરમાત–ભયમાં, સ્નાન કરવામાં, પાણી પીવામાં, ભોજન કરવામાં, ગઇ વસ્તુ મેળવામાં, પુત્રને વાસ્તે, મૈથુન કરવામાં, વિવાદ કરવામાં, કષ્ટ કાર્યોમાં એટલા ઠામે સૂર્યનાડી સારી સમજવી. (૮૧)

૬, વિદ્યારંભ, દીક્ષા, શસ્ત્રાભ્યાસ, વિવાદ. રાજદર્શન, ગાયનારંભ, મંત્ર, યંત્રાદિ સાધનમાં સૂર્યનાડી શુભ છે. (૮૧)

–અશ્વિનકુમાર શાંતિલાલ શાહ

મધ્યપ્રદેશ હાઇકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટે મનાઇહુકમ નકારી કાઢયો.

મધ્યપ્રદેશ સરકારે ૧૯૯૫માં સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધીનો કાયદો કર્યો. જેને મધ્યપ્રદેશ હાઇકોર્ટની જબલપુર બેન્ચ સમક્ષ પડકારવામાં આવેલ અને તેમાં કાયદાની જોગવાઇઓને ઉચિત અને બંધારણીય ઠરાવનો જે ચુકાદો હાઇકોર્ટે આપેલ તે અક્ષરશઃ ગતાંકમાં પ્રસિધ્ધ કરેલ.

આ ચુકાદા સામે સુપ્રીમકોર્ટમાં પીટીશન કરવામાં આવી અને તેની સુનાવણી સમયે અખિલ ભારતીય ગૌ–સેવ સંઘને પક્ષકાર તરીકે સામેલ કરવાની અરજી ના. કોર્ટે મંજૂર રાખી અને હાઇકોર્ટના ચુકાદાના તારણોને વર્તમાન પરિસ્થિતિમાં યોગ્ય ગણી સદરહુ ચુકાદા સામે મનાઈ હુકમની અરજદારોની માંગણી સુપ્રીમકોર્ટે નકારી કાઢી. આમ મધ્યપ્રદેશમાં હાલમાં પણ સંપૂર્ણ ગૌવંશ હત્યાબંધીનો કાયદો અમલમાં છે.

આ કાનૂની કાર્યવાહીમાં આપણા સંઘની કાનુની સમિતિના સભ્યોએ પણ સૂચનો, સાહિત્ય પૂરા પાડેલ. આ સમગ્ર કાર્યવાહીમાં હાઇકોર્ટ તથા સુપ્રીમકોર્ટ સ્તરે મુંબઇના અગ્રણી કાર્યકર શ્રી અરવિંદભાઇ પારેખની સેવાઓ કાયમ યાદ રહેશે.

(હિંસા વિરોધ)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પુનિત મુખજ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પૂનમચંદ મેઘાજી ગુંદકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(પાલીતાણા)
ચાંદમલજી ગુંદકા
(ચાંદાગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ વૈશાખ સુદ-૫ મંગળવાર તા. ૨૭-૪-૯૩ [અંક-૩૬

રાગાદિ ને ઓળખો

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

'સુખમય સંસાર છોડવા જેવો છે, સેવવા જેવો નથી. મોક્ષે જ જવા જેવું છે, ધર્મ જ જે સાધુપણું છે તે જ કરવા જેવો છે' આ વાત મનમાં ન બેસે તો અમારે વાંચવું શુ ? 'હજી સુધી મને આ સંસાર સુખમય લાગે છે, તેમાં જ મજા આવે છે, છોડવા જેવો નથી લાગતો, મોક્ષ જ યાદ નથી આવતો તો મેં કર્યું શું ? પૂજા શેની કરી ? સાધુને ય શું સાંભળ્યા ?' આવું મનમાં થાય છે ખરૂં ? સાપ ઘરમાં હોય તો તે ઘરમાં કોણ રહે ? સાપ ભલે ઘરમાં રહ્યો. હું પણ રહીશ આવું કહે તેને કેવો કહેા ? સભાઃ ત્યાં જીવતો નર ભદ્રા પામે વિચારે.

ઉ.—માણસને થાંભલે બાંધ્યો હોય તો તેની મહેનત શું હોય ?

આપણે કર્મરૂપી બંધનથી બંધાયેલા છીએ તેમ લાગે છે ? તમે સુખમય સંસારમાં રહેવા નથી ઇચ્છતા, રહેવાનું મન નથી પણ કર્મ મજબૂત છે માટે રહ્યા છો તેમ લાગે છે ? રોજ શાસ્ત્ર શ્રવણ કરે અને સુખમય સંસાર ગમે ત્યારે થવું જોઇએ કે હું 'કેવો ભારે કર્મી છું'' સંસારમાં મજા કરવાથી દુર્ગતિમાં જ જવું પડે આ વાત હૈયાને કેમ અડતી નથી !'

સંસાર આખો કષ્ટ વેઠે છે અને ધર્મમાં જ કષ્ટ ન વેઠાય તેમ તમે કહેા છો ? કષ્ટ નહિ તો ધર્મ જ નહિ. આજે આપણને ધર્મમાં કષ્ટ નથી આવતા તે એટલા માટે કે, આપણે આપણા પુણ્યનો દુરૂપયોગ કરી રહ્યા છીએ. તમે આજે પૈસો કેવી રીતે મેળવો છો ? તેમ સાધુપણામાં પણ પુણ્ય ભોગવે તો ? સાધુ થઇને મજેથી કષ્ટ વેઠયા

તે બધા મોક્ષમા ગયેલા જે જીવ સમજદાર થાય તો કામનું બાકી આજ તો ઘણા શાસ્ત્ર વાંચી વાંચીને કે સાંભળી સાંભળીને શ્રદ્ધાહીન થયા. બુદ્ધિમાં આવે તેવા અર્થ કરે તે ચાલે નહિ, એક એક સૂત્રના અનંતા અર્થ ખરા પણ માર્ગને બાધ આવે તેવો એક અર્થ ન થાય.

રાગાદિ એ આપણા મિત્રો નથી પણ શત્રુ છે, રાગાદિ તો ભૂત જેવા છે, તેને જે વશ થયા તેનું આવી બન્યું. રાગાદિ ને આપણે ભગવાનની આજ્ઞા મુજબ કામે નહિ લગાડીએ તો તે આપણને ખાઇ જશે. આજ સુધી આપણે રાગાદિથી જ સંસારમાં રખડયા છે, પણ ભગવાનની આજ્ઞા મુજબ તે રાગાદિના આલંબનથી ધર્મ કરીશું તો તે રાગાદિ ભાગી જશે. તમને સંસાર ઉપર પ્રેમ છે કે ધર્મ ઉપર ? તમને સંસાર ઉપર તો દ્વેષ જ છે ને ? સંસાર અને ધર્મને વિરોધ છે, સંસાર ઉપર દ્વેષ ન આવે ત્યાં સુધી ધર્મ ઉપર પ્રેમ થાય નહિ.

જૈનોમાં જ સાચા રાગાદિ હોય. આત્મકલ્યાણના અર્થી વિનાના જીવોને રાગાદિ રગશોળે છે. જે જૈન બને તે જીવ રાગાદિ ને રગશોળે છે, રાગ અને દ્વેષ તો સાથે ને સાથે જ રહે છે. એક ક્ષણ એવી નથી જતી કે જે સમયે રાગ કે દ્વેષ ઉદયમાં ન હોય. રાગ કે દ્વેષ વિનાનો સંસારી જીવ હોતો નથી. જીવ રાગ-દ્વેષાદિ પાસે ભગવાનની આજ્ઞા મુજબનું કામ ન લે તો તે બે જીવને દુર્ગતિમાં લઇ જાય તેવા છે, મન-વચન કાયાના યોગ તો ભૂત જેવા છે તેને સારે કામે ન લગાડો તો ખોટે કામે લઇ જાય.

જેને રાગ બેસો છે તેને રાગ થવા પુદ્ગલો જોઇએ, નિમિત્ત જોઇએ. પુદ્ગલો રાગી દ્વેષી જીવો ઉપર અસર કરે છે. તમારે મરતા સુધી સુખ મજેથી ભોગવવું છે ને ? દુઃખ ન આવે તેની કાળજી રાખવી છે ને ? દુઃખ આવે તો તેને ઝટ કાઢવું છે ને ? તેને કાઢવા ગમે તે કરવામાં વાંધો નથી ને ? **સુખની અવગણના અને દુઃખનું સન્માન કરતાં આવડે તે જીવ ધર્મી !**

તમને દુઃખ નથી ગમતું, દુઃખથી બચવું છે તો કયા દુઃખથી બચવું છે ? રાગાદિના દુઃખથી કે શરીરાદિના ? દુઃખ તો બહુ સારું છે. બહુ ઉપકારી છે. રાગાદિ તમારા માટે સારા છે. મહારંભને મહાપરિગ્રહના કામ બંધ થઇ જાય. ડોકટર પણ કહે કે લાગણી પેદા થાય તેવી વાત સાંભળતા નહિ, મગજ ઉપર બોજો રાખતા નહિ, જેના ઉપર બહુ રાગ થાય તેને પાસે આવવા દેતા નહિ. દુઃખ વેઠતાં વેઠતાં મહાત્માઓ મોક્ષે ગયા છે. ઘાણીમાં પીલાતા આત્માઓ પણ મોક્ષે ગયા ને ? તેમને ભયંકર કષ્ટનું પણ સન્માન કર્યું ને ? સુખની અવગણના કરી ને ? સુખ-દુઃખ ને આધારે સંસાર ચાલે છે. સુખ-દુઃખ હોત નહિ તો સંસાર જ હોત નહિ.

રાગાદિને કયારે કાઢું તે શુભ ધ્યાન છે. રાગાદિને કયારે કાઢું તે અશુભ

કહ્યાન છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને અનુસરીને જીવે તે જૈન, આપણે બધા જૈન છીએ ને ? જે રાગાદિ પાસે કામ લેતા શીખે કે બળવાન છે, જે રાગાદિના હુકમ મુજબ જીવે તે બાયલા છે. જગત રાગાદિમાં ફસાયેલું છે. જૈન રાગાદિની સામે છે. આપણા આત્મામાં રાગાદિ છે ને ? તે રાગાદિ આપણી પાસે શું શું કરાવે છે ? ઘણા જીવો જેમ સંસાર માટે ધર્મ કરે છે તેમ આપણે કહેવું છે કે, ધર્મી જીવ, સંસાર પણ ધર્મ માટે કરે છે. કેમકે તેને ઝટ સંસારથી છૂટવું છે. શરીરના પૂજારી, સુખના પૂજારી, અનુકૂળતાના પૂજારી, પ્રતિકૂળતાના દ્વેષી તે બધા જીવો ધર્મ કરીને પણ ધર્મને વગોવે છે. દેખાવનો ધર્મ કરે ને હૈયાથી ધર્મ તરફ નફરત કરે છે. આપણે શા માટે ધર્મ કરીએ છીએ ? સુખનો રાગ કાઢવા અને દુઃખનો દ્વેષ કાઢવા ને ? અમે પાટ ઉપર એટલા માટે જ બેસીએ છીએ કે, તમે બધા ભગવાનનો ધર્મ જાણો, સમજો અને આચરો.

આપણામાં રાગાદિ છે, તમને અનુભવ છે ને કે, આપણા રાગાદિ આપણને ખરાબ કરી રહ્યા છે, ઊંધે માર્ગે દોરી રહ્યા છે, રાગે મને આવો બનાવ્યો, દ્વેષે મને બારે બનાવ્યો, મારી જિંદગી બગાડી, નહિ કરવાના કામ કરાવ્યા, મને ઘણો ખરાબ કરી નાખ્યો. આ રાગાદિએ મારી પાસે એવા એવા કામ કરાવ્યા, જે બોલાય તેમ નથી, બોલતા શરમ આવે છે. આ બધા કામનું ફળ નરક-તિર્યંચ છે. અંગારે નરક તિર્યંચમાં જવું નથી પણ રાગાદિ એવાં કામ કરાવે છે કે, ઘસડાઈને જવું પડશે. આવા વિચાર આજદિ' સુધીમાં આવ્યા છે ? આટલા વ્યાખ્યાન સાંભળે, વીતરાગના દર્શન પૂજન કરે, ત્યાગીની સેવા-ભક્તિ કરે, તેને એમ ન થાય કે આ રાગાદિ કેટલા ભયંકર છે, આ રાગાદિએ મને પાયમાલ કરી નાંખ્યો, હેરાન કર્યો, લુચ્ચો બનાવ્યો, સત્યાનાશ કાઢયું. આત્મામાં જેટલા દોષ છે તે આ રાગાદિએ પેદા કર્યા છે, જે કોઇ ગુણનો અભાવ દેખાય તે પણ રાગાદિને આભારી છે. આ રીતે રાગાદિને ઓળખે તે પછી જ તે જીવ રાગાદિની સહાયથી ધર્મ કરે. રાગાદિ ગયા પછી કાંઇ કરવાનું નથી, આ રાગાદિ શત્રુ છે તેમ સમજાઈ જાય પછી તેની પાસેથી મિત્ર જેવું કામ લેવાય.

(૨૦૩૧, શ્રીપાલનગર-મુંબઇ)

ધર્માત્માનો તે જ સમય સફળ છે

સામાઇય પોસહ સંઠિયસ્સ, જીવસ્સ જાઇ જો કાલો ।
સો સફલો બોધવ્વો, સેસો સંસાર ફલ હે ઉ ॥

સામાયિક અને પૌષધમાં સમભાવે રહેલા જીવનો જે કાળ પસાર થાય છે તે જ સફળ જાણવો, બાકી બધો ભવભ્રમણનો હેતુભૂત જાણવો.

શ્રી તીર્થંકર ભગવાનની વાણીમાં પાંત્રીસ ગુણની સરખામણીમાં એ જ ગુણ રૂપે આચાર્ય ભગવંત સ્વ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની

વાણીના કેટલાક સમાંતર આંશિક ગુણો

૧ પ્રૌઢતાવાળી
૨ શબ્દની સ્પષ્ટતાવાળી
૩ સંતોષ ઉપજાવે તેવી
૪ પૂર્ણ અર્થ ભરેલી
૫ પૂર્વાપર વિરોધ વગરની
૬ મહાપુરૂષ ને છાજે એવી
૭ સંદેહ ન ઉપજાવે તેવી
૮ દૂષણ વગરના અર્થવાળી
૯ વિષયને સરળતાથી સમજાવે તેવી
૧૦ જ્યાં જેવુ શોભે તેવુ બોલાય તેવી
૧૧ છ દ્રવ્યો અને નવ તત્વોને પુષ્ટ કરે તે
૧૨ પ્રયોજનવાળી
૧૩ રચનાની મનોહરતાવાળ
૧૪ પટુતા ભરેલી
૧૫ મધુરતાવાળી
૧૬ પારકાના મર્મ ને બોલે નહી તેવી
૧૭ ધર્મ અર્થ પ્રતિબધ્ધતાવાળી
૧૮ દિપક સમાન પ્રકાશમય અર્થવાળી
૧૯ પર નિંદા તથા સ્વસ્તુતિ રહીત
૨૦ કર્તા-કર્મ – કાળ – ક્રિયાપદ-વિભકતી વગેરે વ્યાકરણના નિયમોને સાચવનારી
૨૧ કહેનાર ગુણસંપન્ન છે એમ શ્રોતાને લાગે તેવી
૨૨ ધૈર્યથી ભરેલી
૨૩ વિલંબ વગરની
૨૪ ભ્રાંતિ વિનાની
૨૫ સદ્બુધ્ધી ઉત્પન્ન કરનારી
૨૬ પદના રહસ્યને અનેક રીતે સમજાવનારી
૨૭ સાહસીકતાથી ભરેલી
૨૮ પુનરૂક્ત દોષ રહિત
૨૯ સાંભળનારને કંટાળો ન આવે ગમે તેટલી વખત સંભળાવે તો પણ સાંભળવાનું મન થાય.
૩૦ દરેક જણ જાણે કે મને ઉદ્દેશીને જ કહે છે.
૩૧ સાંભળનારને આશ્ચર્ય ઉત્પન કરે તેવી

તે સિવાય બાકીનાં ૪ ગુણ તીર્થંકર નામ કર્મ નિકાચીત થાય ત્યારે ગુણ રૂપે ઉત્પન થાય. તે ગુણ સંપાદન કરવા તીર્થંકર થવા દેવલોક સિધાવ્યા છે.

૧ સમોસરણમા સર્વ જગ્યાએ સમજાય
૨ યોજન પ્રમાણ ભૂમિમાં સંભળાય
૩ સાંભળનારે સર્વ પ્રાણી પોતાની ભાષામાં સમજે
૪ મેઘની ગર્જના થતી હોય તેવી.

શ્રી પ્રાણલાલ છગનલાલ શેઠનાં સૌજન્યથી
(મલાડ-મુંબઇ)

શ્રી મહાવીર જન્મકલ્યાણકની આરાધનાને મહાવીર જયંતિની ઉજવણીમાં ફેરવી નાખવા પાછળના ગૂઢ રહસ્યો સમજવા જરૂરી છે....

જૈન શાસ્ત્રકારો જણાવે કે "સર્વ જંતુ માત્રનું હિત કરવાની અનાદિકાળની કુદરતી વૃત્તિવાળી તથાભવ્યતા ધરાવનાર આત્મા તીર્થંકર, પોતાની આજુબાજુઓના હિત કરવાની તથાભવ્યતા ધારણ કરનાર આત્મા ગણધર અને પોતાનું હિત કરવાની વૃત્તિવાળી તથાભવ્યતા ધારણ કરનાર આત્મા સામાન્ય કેવળી થાય." આવી તથાભવ્યતાના યોગે તીર્થંકર ભગવંતો સહજ રીતે જ કેવળજ્ઞાન પામ્યા બાદ "શાસન" રૂપી મહાધર્મ તીર્થની સ્થાપના કરે છે.

તીર્થંકર પરમાત્માનું શાસન એટલે જગતના સર્વજીવોનું કલ્યાણ કરનારું અમોઘ સાધન. જગતમાં બેલેંડ એવા ભગવાનના શાસનનું સુચારૂ સંચાલન થાય તો જગતનું કલ્યાણ થાય. અને વાસ્તવિક અર્થમાં જગતના સર્વ જીવોનું હિત થાય. જે રીતે ટાટા પાવર હાઉસમાં પેદા થતી ઉર્જાનો લાભ દરેક પ્રજાજનને મળે તે માટે ટાટા પાવર હાઉસનું સંચાલન ત્યાંના વિશિષ્ટ કક્ષાના ઇંજનેરના હાથમાં રહેવું જરૂરી છે, તે જ રીતે ભગવાનના શાસનનો લાભ જગતના સર્વ જીવોને મળે તે માટે તેનું સંચાલન પ્રભુએ જ સોંપેલા શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના હાથમાં રહેવું અત્યંત આવશ્યક છે. શ્રી જૈનશાસનનું સંચાલન એટલે શાસનના અંગ સમાન શ્રી જૈનસંઘ, શ્રી જૈનઆગમો, શ્રી જૈન ધાર્મિક સંપત્તિઓ, શ્રી જૈનતીર્થો તથા શ્રી જૈનધર્મના વિધવિધ અનુષ્ઠાનોનું સંચાલન.

તીર્થંકર પરમાત્માના પાંચેય કલ્યાણકોની વિધિપૂર્વકની શાસ્ત્રીય રીતથી આરાધના પણ જૈનધર્મનું અનુષ્ઠાન છે. ચોવીશ તીર્થંકર પરમાત્માના એકસો વ વીશ કલ્યાણકોની વિધિપૂર્વકની આરાધના એક સરખી રીતે અને પોતપોતાની વિશેષતાની રીતે થાય તો સહજ રીતે જગતનું કલ્યાણ થાય. પરંતુ છેલ્લા ૫૦–૬૦ વરસથી પરમ વીતરાગ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુનું માત્ર જન્મ કલ્યાણક (ચૈત્ર સુદ ૧૩) જ વિશિષ્ટ રીતે પ્રકાશમાં આવ્યું જણાય છે અને તેની ઉજવણી વ્યાપક થતી જણાય છે. સામાન્ય સંજોગોમાં આ રીતે માત્ર એક જ કલ્યાણકની ઉજવણી શ્રી સંઘની આજ્ઞામાં થતી હોત તો કદાચ જગતને લાભ થઇ શકત, પરંતુ બીજા દરેક ધર્મોની સાથે જૈનધર્મને પણ જગતમાંથી વિદાય આપીને, બહુમતના ધોરણે, આંતરરાષ્ટ્રીય અમુક ધારણા પ્રમાણેના એક જ ધર્મને જગતમાં રાખવાના ધ્યેયથી, તેમાં સહકાર મેળવવાના મલિન ઇરાદાથી, પાશ્ચાત્ય નિષ્ણાતો દ્વારા આંતર-

રાષ્ટ્રીય ક્ષેત્રે ચાલી રહેલી ગૂઢ હિલચાલના એકભાગ રૂપે, ચૈત્ર સુદ ૧૩ ના દિવસને જ પ્રકાશમાં લાવવાનું કાર્ય ચાલી રહ્યું હોય એવી કડીઓ છેલ્લા સોએક વરસના પ્રસંગો ઉપરથી મળે છે. ઇ. સ. ૧૮૯૨માં શિકાગો ખાતે મળેલી સર્વ ધર્મ પરિષદ બાદ જ જયંતિની ઉજવણીનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ થયો હોવાનું જણાય છે. ભારતના દરેક ધર્મના પર્વોને અને સ્થળોને રાષ્ટ્રીય સ્વરૂપમાં ફેરવી નાખવાના ઇરાદાથી ઇ. સ. ૧૯૩૫ માં સર ચુનિલાલ ભાઈચંદ મહેતાને આગળ કરીને ચૈત્ર સુદ ૧૩ ના દિવસની જાહેર રજા નક્કી કરાવવાનું કાર્ય સોંપાયું હતું. જૈનધર્મમાં પર્યુષણ એ મહાપર્વ હોવા છતાં, તેની રજા ન પળાવતા, ચૈત્ર સુદ ૧૩ ઉપર પસંદગી કેમ ઉતરી એ વિચારવા જેવો પ્રશ્ન છે. ટુંકમાં, "મહાવીર જન્મકલ્યાણક" ના આ શુભ દિવસને "મહાવીર જયંતિ" ની ઉજવણીમાં ફેરવી નાખવાના રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કાર્યક્રમના એક ભાગરૂપે ઠેઠ ૧૯૩૫ થી આ દિવસને જાહેર રજાનો દિવસ રાખી મોટું સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ દિવસે જાહેર રજા રાખવાથી "ધાર્મિક દિવસ"ને "રાષ્ટ્રીય" અથવા "સાર્વજનિક" દિવસમાં ફેરવી નાખવામાં આવ્યો છે.

જન્મકલ્યાણક જેવા ધાર્મિક દિવસને રાષ્ટ્રીય દિવસમાં ફેરવી નાખવાથી શ્રી જૈનશાસનના તેજને ઝાંખુ પાડનારા અનેક અનિષ્ટોને પોષણ મળે છે. જન્મકલ્યાણકનો દિવસ સાર્વજનિક બની જતા, તે દિવસે આ વિશિષ્ઠ અનુષ્ઠાનની શ્રી સંઘના સંચાલન હેઠળની શાસ્ત્રાજ્ઞા મુજબની આરાધના થવાને બદલે, બહુમતના ધોરણે શરૂ થયેલી આજ્ઞા બાહ્ય જૈન–જૈનેત્તર સંસ્થાઓ તથા રાજકીય આગેવાનોના સંચાલન હેઠળની આધુનિક પદ્ધતિની "મહાવીર જયંતિ" ની ઉજવણી શરૂ થઇ જાય છે. "મહાવીર જયંતિ"ના નામે થતી આ ઉજવણીમાં જૈન–અજૈનોને એકત્ર કરી આંતરરાષ્ટ્રીય વિચારધારાઓનો પ્રચાર કરવા મોટી મોટી સભાઓ, અધિવેશનો તથા ચર્ચાઓનું આયોજન કરવામાં આવે છે. મહાવીર દેવના નામનો આશ્રય લઇને આર્વ સભાઓમાં આધ્યાત્મિક વિકાસ માટે દર્શાવેલા મહાવીરસ્વામીના સિદ્ધાંતોને ભૌતિકવાદી આધુનિક રાષ્ટ્રીય આદર્શોમાં ફેરવી નાંખવામાં આવે છે અને તેમના સિધ્ધાંતોની વિરુદ્ધના અહિંસા, સત્ય, સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, સમન્વય, બંધુભાવ, વિશ્વપ્રેમ આદિ સિધ્ધાંતોનો પ્રચાર કરવામાં આવે છે. શ્રી જૈનશાસ્ત્રોના ગૂઢ રહસ્યોની અંશમાત્રની જાણકારી વગરના માત્ર આધુનિક વિકૃત શિક્ષણ અને માહિતીઓના આધારે તૈયાર થયેલા કહેવાતા વિદ્વાનો આવી સભાઓમાં પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવા મનફાવે તેમ બકવાદ કરતા હોય છે.

જૈન ધર્મના પ્રચારની ઘેલી લાલસા તથા યોગ્ય સંચાલનના અભાવે આ જે આ વિશિષ્ટ અનુષ્ઠાનોને "સાર્વજનિક" બનતું રોકી ન શકાયું, જેને કારણે "મહાવીર

જયંતિ" ની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી નિરંકુશપણે ચાલી રહી છે. સભા અને સંચાલકો ઉપર શ્રી સંઘનો અંકુશ કે મર્યાદા ન હોવાથી, આવી સભા પ્રભુ મહાવીર દેવના ખુદના ઉપદેશ, સિધ્ધાંત કે સત્ય ઘટનાથી વિરુદ્ધના પ્રચાર કરે, તો પણ તેને રોકી શકાતી નથી. પ્રભુનું વાસ્તવિક સ્વરૂપ કેટલાયે લોકો વિકૃત સ્વરૂપમાંજ સમજતા અને માનતા થાય છે. સાહિત્ય તેવું લખાતું જાય છે. કાયદા તેને ટેકો આપતા જાય છે. પરિણામે જૈન ધર્મના સિધ્ધાંતો પણ ઉલટાઇ જાય છે અને ભળતા જ સિધ્ધાંતો ભગવાન મહાવીર દેવને નામે ચડીને જૈન ધર્મના સિધ્ધાંતો છે, તેમ ગણાઇ જાય છે.

ટુંકમાં, જન્મકલ્યાણકના અનુષ્ઠાનનો જ ઉપયોગ જૈનધર્મના સિધ્ધાંતોને ભવિષ્યમાં વિકૃત સ્વરૂપે ઉલટાવી નાખવામાં થઇ રહ્યો છે. પ્રભુના જન્મદિવસની ઉજવણી જાહેરમાં જયંતિરૂપે કરીને તેમને "ભારતના એક મહાપુરુષ" તરીકે ઠરાવવામાં આવશે અને ભવિષ્યમાં પ્રભુ મહાવીરની અહિંસાને અવ્યવહારુ ગણી કાઢી, "સિધ્ધાર્થ બુધ્ધ" અને તેના કરતા પણ ચડિયાતી ઇશુની અહિંસા છે." એમ જણાવી એકને એશિયાના મહાપુરુષ અને બીજાને "વિશ્વના મહાપુરૂષ" તરીકે ઠરાવવામાં આવે તો નવાઇ નહીં

આ રીતે દેખાવે રચનાત્મક હોવા છતાં, આ દિવસની રાષ્ટ્રીય સ્તરની ઉજવણી, ભયંકર ખંડનાત્મક છે અને જૈનશાસનના તંત્રને છિન્નભિન્ન કરી મૂકે તેમ છે. માટે જન્મકલ્યાણકની ઉજવણી જયંતિની ઉજવણીમાં ભળી ન જાય તેની સાવચેતી શ્રી સંઘે રાખવાની જરૂર છે. બન્ને વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દેખાઇ આવે તેવી રીતે ખૂબ હાર્દિક ભાવથી જન્મકલ્યાણકની આરાધના કરવી જોઇએ. નારકોમાં પણ જે ક્ષણ સુખ આપનાર છે તે પાંચેય કલ્યાણકોને ખૂબ ભક્તિભાવથી શાસ્ત્રાજ્ઞા મુજબ ઉજવવા જોઇએ. જન્મકલ્યાણક સિવાયના બાકીના ચાર કલ્યાણકોની ઉજવણીમાં ભવ્યતા ઉભરવી જોઇએ. જયંતિ શબ્દનો વપરાશ દરેક જૈને છોડવો જોઇએ. જયંતિની ઉજવણીના પ્રકારમાં અસહયોગ દાખવવા જૈન આગેવાનોએ કટિબધ્ધ બનવું પડશે. અને આવી ઉજવણીમાં ગેરહાજર રહીને તે પ્રવૃત્તિને મંદ પાડવાનો પ્રયાસ કરવા જોઇશે. અંતમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય બળોના દાવપેચથી બચીને શ્રી સંઘના સુચારૂ સંચાલન દ્વારા પ્રભુના શાસનનો ઉત્તરોત્તર વિશેષ લાભ જગતના સર્વજીવોને મળતો રહે તે જ અભિલાષા. (જિનાજ્ઞા વિરૂધ્ધ કંઇપણ લખાયું હોય તો મિચ્છામિદુક્કડમ).

(સ્વ. પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખના વિચારોના આધારે સંકલન)

સંપાદક : અતુલ હરસુખલાલ શાહ
એ-૮, નેમિનાથ એપાર્ટમેન્ટ,
શિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ)
મુંબઇ-૪૦૦ ૦૯૨
ફોન : ૮૦૫ ૪૬૦૨ – ૮૦૬૩૬૦૪

પ્રસંગ એક જ, દૃષ્ટિ પૃથક્ પૃથક્

એક મહાત્મા અને તેમનો ભકત કોઇ રસ્તે ચાલ્યા રહ્યા હતા. ભકત જિજ્ઞાસાપૂર્વક પ્રશ્ન પૂછતો હતો અને મહાત્મા તેનું સમાધાન કરતા હતા.

આ રીતે થોડે દૂર ગયા ત્યાં રસ્તામાં એક ક્રુર વ્યકિત બકરાને રસ્સી બાંધીને, તેને ઢસરડતો લઇ જતો જોવામાં આવ્યો. બંધનમાં પડેલો બિચારો બકરો બેં બેં કરતો ચીસ પાડી રહ્યો હતો. પરંતુ તે ક્રુર વ્યકિતને જરા પણ દયા આવી નહિ. તે તો બકરાને ઢસરડી રહ્યો હતો તેમ જ માર પણ મારતો હતો.

આવી કરુણાજનક સ્થિતિ જોઇને મહાત્માજી ગંભીર બની ગયા. અને તેમણે ભકત તરફ નજર કરી. ભકત ત્યાં જ રોકાઇ ગયો, એટલે મહાત્માજી પણ માર્ગમાં રોકાઇ ગયા.

જ્યારે તે ક્રુર વ્યકિત બકરાને ઘસડતી ઘસડતી તેની પાસે આવી ત્યારે મહાત્માજીના ભકતે તેને પર્યાપ્ત મૂલ્ય આપીને બકરાને બંધનમુકત કરાવી દીધો.

બંધનમુકત થતાં બકરો આનંદમાં આવી ગયો અને ભકત તો તેથી યે વધુ આનંદમાં આવી ગયો, પરંતુ મહાત્માજી તો હજુ પણ ઉદાસ જ હતા.

મહાત્માજીને ઉદાસ જોઇને ભકતે કહ્યું, 'મહાત્માજી, મૃત્યુના મુખમાં જનાર પંચેન્દ્રિય જીવને અભયદાન મળ્યું તેથી મને ઘણો જ આનંદ થઇ રહ્યો છે, પરંતુ આપના મુખ પર પ્રસન્નતા જોવામાં આવતી નથી, એટલું જ નહિ તેને સ્થાને ઉદાસીનતા જોવામાં આવે છે તો તેનું કારણ શું તે હું જાણી શકું ?'

મહાત્માજીએ ગંભીર સ્વરમાં કહ્યું, 'ભકત, તેં એક બકરાને બંધનમુકત કરીને અભયદાન આપ્યું તે આનંદનો વિષય છે, પરંતુ મારા મન પર ઉદાસીનતા જોવામાં આવે છે તેનું કારણ એ છે કે હું તે મનુષ્યને બંધનમુકત કરાવી શકયો નહિ. તારી નજરમાં બંધનમાં પડેલ બકરો જ છે, પરંતુ મારી નજરમાં તેને બંધનમાં રાખનાર વ્યકિત છે. તે પણ આવા જ પ્રકારના બંધનમાં બંધાયેલો મને દેખાય છે. મારી ઉદાસીનતાનું એ જ કારણ છે કે હું તેને બંધનમુકત કરાવી શકેલ નથી.

(જંબૂદ્વીપ) —ડો. મનોહર શર્મા

ધર્મમાં જ ઉદ્યમ શ્રેયસ્કર છે.

भवकोटी दुष्प्रापामवाप्य नृभवादि सकल सामग्रीम् ।
भवजलधि यानपात्रे धर्मे यत्नः सदा कार्यः ।।

કરોડો ભવોમાં—અનંતા ભવોમાં—દુર્લભ એવી મનુષ્યભવ આદિ સઘળી ય ઉત્તમ સામગ્રીને પામીને, આ ભવ રૂપી સમુદ્રને તરવા માટે યાનપાત્ર—જહાજ સમાન એવા ધર્મમાં જ હંમેશા ઉદ્યમ કરવો જોઇએ.

પંક્તિની આવાજ

- શ્રી ચંદ્રરાજ

ખુન ખરડી માંગ. (સેંથો)

"કયા અક્ષરો આના નામને પામીને પવિત્ર થયા છે ? કોઇ પુરૂષના હાથે આનો હાથ ચુંબન પામ્યો છે કે નહિ ?"

"વૈશાલિના નાગ્ર ચેટક રાજાની સુજ્યેષ્ઠા નામની આ કન્યા હજી કુમારી કન્યા જ છે. હે શ્રેણિક ! તું વિદ્યમાન હોવા છતાં અગર આનો પતિ કોઇ અન્ય પુરુષ બનશે તો તું કામ પુરૂષાર્થથી વંચિત રહી જઇશ." એક તાપસીએ કહ્યું.

અને શ્રેણિક દૂત મોકલી ચેટક પાસે સુજ્યેષ્ઠાની માંગણી કરી.

"મારા ઉંચા કુળને નહિ ઓળખીને મારી કન્યાની માંગણી કરતાં તારા સ્વામીને શરમ ન આવી. હે દૂત ! તું ચાલ્યો જા. શ્રેણિકને આ કન્યા નહિ મળે." ચેટકનો જવાબ સાંભળી. શ્રેણિક દુઃખી થઇ ગયો.

સુજ્યેષ્ઠામાં આસકત બનો તેનો આશિક (ઇચ્છુક) બનેલો શ્રેણિક હવે તો ચેનથી રહી શકતો નથી.

આખરે...

અભયકુમારે તે જ વૈશાલિમાં વણિકના વેશે જઇ, રાજમહેલની નજીક જ દુકાન માંડી. રોજે અભયકુમારે શ્રેણિકના પ્રતિબિંબવાળા ફલકની પૂજા કરી કરીને દાસીઓ દ્વારા સુજ્યેષ્ઠાને શ્રેણિક તરફ આકર્ષણ જન્માવ્યું.

હવે સુજ્યેષ્ઠા પણ શ્રેણિક વિના રહી શકતી નથી...

"અગર શ્રેણિક મારો પતિ નહિ બને તો ચીભડાની જેમ મારૂં હૃદય ચીરાઇ જશે." આટલી હદે સુજ્યેષ્ઠા શ્રેણિકમાં આસકત બની.

આખરે...સુરંગવાટે સુજ્યેષ્ઠાને શ્રેણિક લઇ જાય તેવું નકિક થયું. નકિક કરેલા દિવસે સુલસાના બત્રીશ પુત્રો સાથે શ્રેણિક સુરંગ વાટે વૈશાલિ આવ્યો.

સુજ્યેષ્ઠા શ્રેણિક સાથે જવા તૈયાર થઇ. પણ ચેલ્લણા સાથે થઇ. ચેલ્લણાને પહેલી રથમાં ચડાવી દીધી. અને સુજ્યેષ્ઠા રત્નનો કરંડીયો લેવા ગઇ. તેટલામાં સુલસાના પુત્રોએ કહ્યું સ્વામિન્ ! દુશ્મનના દેશમાં વધુ રોકાવું સારૂં નથી.

અને શ્રેણિક ચેલ્લણાને લઇને તરત જ સુરંગ વાટે ચાલી નીકળ્યો.

આ બાજુ સુજ્યેષ્ઠાએ આવીને જોયું તો ખેલ ખલાશ થઇ ગયો હતો. શ્રેણિક ચેલ્લણાને લઇને ભાગી છૂટયો હતો. અને પોતે રહી ગઇ હતી. આથી ઇચ્છા અધૂરી રહેતા સુજ્યેષ્ઠાએ ધુમરાણ મચાવી મૂકી કે-"અરે ! હું લૂંટાઇ ગઇ છું. અરેરે ! ચેલ્લણાનું અપહરણ કરીને કોઇ જાય છે."

સુરંગ વાટે ચેલ્લણાનું અપહરણ કરીને આવ્યા જતા શત્રુને સાંભળીને તરત જ રાજકુમાર વીરંગક શ્રેણિકનો પીછો પકડયો. સુલસાના પુત્રોએ વીરંગકનો સામનો કર્યો, પણ...પ્રચંડ પરાક્રમી વીરંગક સામે તેમનું શું ગજું ? વીર પરાક્રમી

વીરંગકે એક જ બાણથી સુલસાના બત્રીશે બત્રીશ પુત્રોને હણી નાખ્યા.

આટલા સમયમાં અભયકુમાર સાથે શ્રેણિક ચેલ્લણાને લઈને રાજગૃહી પહોંચી ગયા. અને શ્રેણિક ચેલ્લણાને ગાંધર્વ-વિવાહથી પરણ્યો.

ચેલ્લણાની માંગમાં [સેંથામાં] ત્યારે પૂરાયેલું સિંદૂર માંગી માંગીને મેળવેલા સુલસાના ૩૨-૩૨ નવયુવાન પુત્રોના ખૂનથી ભરાયેલું હતું.

અભય સાથે જઈને શ્રેણિકે સુલસા તથા નાગરથિકને તેના પુત્રોના મૃત્યુના સમાચાર આપ્યા.

અને...બન્ને માતા-પિતા અત્યંત કરૂણ વિલાપ કરવા લાગ્યા. છાતીફાટ રૂદનથી વાતાવરણ કરૂણ બની ગયું હતું.

"પક્ષીઓને પણ ઘણાં બચ્ચા થાય છે પણ એક સાથે આવી રીતે તો કયારે ય મરતાં નથી. અમને સ્નેહ વિનાના જાણીને હે પુત્રો! શું તમે બધાં ચાલ્યા ગયા છો." આ રીતે અતિ કરૂણ રૂદન કરતાં તે બન્નેને અભયકુમારે આશ્વાસન આપતાં કહ્યું.

जन्मिनां प्रकृति मृत्यु
विकृतिर्जीवितं पुनः ।
ततः स्वभाव सिद्धेऽर्थे
को विषादो विवेकिनौ ।।

હે વિવેકીઓ! પ્રાણીઓને મૃત્યુ એ સ્વભાવ છે. જીવન એ વિભાવ છે. તેથી સ્વભાવથી સિદ્ધ મૃત્યુમાં વિષાદ શો?

ગાયોને બચાવવા જતાં ધડ દસ કિલોમિટર સુધી લડતું રહ્યું

ગોધણથી પીરના ભરાતા મેળાનું લૌકિક દ્રશ્ય નિહાળવા, અનુભવવા અને સાક્ષાત્કાર કરવાની ભાવનાથી ગોધાણા તા. સમી, જિ. મહેસાણા ગામે ભાદરવા સુદી ૧૩ તેરસના દિવસે બળેવનો મહિમા ગવાય છે.

આ સમી તાલુકાનું ગામ ગોધાણા ત્યાં આજથી અંદાજે બસો વર્ષ પૂર્વે ગોધાજી રાઠોડ [દરબાર] રહેતા હતા. તેમના વેવિશાળ માટે જાન જોડીને બાજુના ગામે ગયા હતા. તે સમયે તેમના હસ્તમેળાપ તથા ફેરા ફરવાનું ચાલુ હતું પરંતુ તેવા સમયે બાજુના ભદ્રાડા ગામના ગઢવીની ગાયો કસાઇ લોકો હાંકી ગયા હતા; તેથી તે ગઢવીનાં પત્ની ગોધાજી ઉપર શ્રદ્ધા હોવાથી ચોરીના સમયે ત્યાં આવીને આ કસાઇઓ ગાયો લઇ ગયા તેની વાત કરી, તો આ વાત સાંભળતાં જ તેમનું લોહી ઉકળી ઉઠયું અને છેડાછેડીનું બંધન તોડીને ત્યાંથી તરત જ ગાયોની વારે ચડી ગયા અને કસાઇ અને ગોધાજીની વચ્ચે યુદ્ધ ખેલાયું. ગાયોને તો પાછી વાળી પરંતુ તે વખતે ગોધાજીનું નેસ્તક કસાઇના હાથે છેદાઇ ગયું છતાં પણ તેમનું ધડ દસ કિલોમિટર સુધી અવિરત લડતું રહ્યું, પરંતુ તેમના ઉપર ગળી [પ્રવાહી] રેડતાં તેમનું ધડ ત્યાં જ પડી ગયું અને કસાઇ લોકો ભાગી ગયા.

શું હજુએ આપણા લોહીમા એ શૌર્ય છે? જીવ બચાવવા 'ધડ ધિંગાણે ને માથું મસાણે' રાખી આપણામાં સૂતેલા ગોધાજીને જગાડીએ. —[હિંસા વિરોધ]

બાલ વાટિકા

શ્રી રવિશિશુ

વિજેતાઓએ જવા બતા.૨૪-૫-૯૩ સુધી મોકલવા, "આમીષ"

શબ્દ લાલિત્ય–૫

વેલ્ટીચ મેટલ ઇન્ડસ્ટ્રીઝ,

૮૨–૮૪ કીકા સ્ટ્રીટ, ગુલાબવાડી, મુંબઇ–૪

ખરા વિજેતાને ધન્યવાદ સાથે રૂા. ૫૧ વહેંચાશે.

ઉકેલ મોકલો : બાલ વાટિકા, જૈન શાસન, C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.



આડી આવી :-

૧. તીર્થંકરની માતાએ જોયેલું એક સ્વપ્ન [૧]

૨. પર્યુષણનું એક કર્તવ્ય. [૬]

૩. ..... નું વાંચન થતાં જ લોકો શ્રીફળ વધેરે છે [૨]

૪. ..... ઘરે લઇ જવાય છે [૩]

૫. પર્યુષણ પર્વમાં ઠેર ઠેર ઉજવાતો તપ [૩]

૬. ..... ને આધીન થઇ શ્રી મહાવીર સ્વામી ભ. બે વર્ષ ઘરમાં રહ્યા.
૭. ૨૮ અક્ષરના સૂત્ર નામ [૩]
૮. પૌષધ કરવાથી જીવ ઘણાં ..... બંધથી બચી જાય છે. [૨]
૯. ભ. શ્રી પાર્શ્વનાથના પહેલા ભવનું નામ [૪]
૧૦. ભગવાનની પૂજાના નવ અંગમાંથી એકનું નામ [૩]
૧૧. જીવવાનને ..... માં બેસાડવા માટે ઉછામણી બોલાય છે.
૧૨. જીવોને ..... કરવા એટલે કે છોડવા [૩]
૧૩. નારીનો પર્યાયવાચી શબ્દ [૨]
૧૪. પર્યુષણના છઠ્ઠા દિવસનું બપોરનું વ્યાખ્યાન ..... હોય છે [૬]

ઉલ્ટી ચાવી :-

૪. પર્યુષણના વ્યાખ્યાન સાંભળવા એ અમી ..... કરવા જેવું છે. [૨]
૮. જેમાં નવ વ્યાખ્યાન હોય છે તે સૂત્રનું નામ [૪]
૧૫. જૈનો ધર્મના ..... કયારે જાણે છે [૨]
૧૬. તપ કરીને ગુરુ પાસે વાસક્ષેપ નંખાવવા વાજતે ગાજતે જઇને તેને ..... કહેવાય છે.
૧૭. બારસો પંદર શ્લોકનું સૂત્ર કયું [૩]
૫. આખા વર્ષની આલોચના રૂપે એક તપ કરાય છે [૩]
૧૨. હરિનૈગમેષી દેવે ઇન્દ્રની ..... માથે ચઢાવી [૨]
૧૮. એક ગણધરનું ..... ગૃહસ્થાપણાનું નામ હતું [૪]
૧૯. લાંબી તપશ્ચર્યામાં ન છૂટકે ગ્લુકોઝ ચઢાવવાથી લીધેલ પચ્ચક્ખાણમાં..... નથી આવતો [૨]
૨૦. પર્યુષણ એ ક્ષમાપનાનું.....છે [૨]
૨૧. સાતમા વ્રતના અતિચારમાં આવે છે " ..... વહોર્યો ફાગણમાસ ઉપરાંત રહ્યા " [૨]
૨૨. ચંડકૌશિકે પોતાનું મોઢું ..... માં નાખી અણસણ કર્યું [૨]
૨૪. ..... કાંઇ પ્રભુ પૂજના, પૂજે ભવિ બહુમાન [૨]
૨૫. સંવત્સરી પ્રતિક્રમણમાં આખા વર્ષના ..... પખાળવાના હોય છે [૨]
૨૩. જેમાં પંચપરમેષ્ઠિનો સમાવેશ છે [૧]
૨૬. નવ ..... નો મહિમા ગૌતમસ્વામીએ ગાયો [૨]
૨૭. એક પ્રતિક્રમણ કર્યા પછી ..... બોલાય છે [૬]

ઉદરમાં પવન રહે છે.
જઠરમાં અગ્નિ રહે છે.
હાડકામાં પૃથ્વી રહે છે.
રુધિરમાં પાણી રહે છે.
અને પોલાણમાં આકાશ રહે છે.
આથી શરીર પંચભૌતિક કહેવાય છે.
માટે, શરીર ઉપર રાગ કરવા જેવો નથી.
શરીર તો નાશવંત છે.

❀ જૈન રામાયણના પ્રસંગો ❀

શ્રી ચંદ્રરાજ

(વાંચકોની વારંવારની લાગણી ભરી માંગણીને માન આપીને અહીં હવે જૈન રામાયણના પ્રસંગો આપવાનું વિચાર્યું છે. આ પ્રસંગો ઘણું કરીને ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્રના સાતમા પર્વના આધારે લીધા છે.)

(૧)

હાથીને ગર્જવાનો અધિકાર નથી.

અને... એકાએક... એક પછી એક શિરચ્છેદ કરીને ધડથી છૂટા પાડેલા માથા પડવા લાગ્યા. એક નહિ, બે નહિ પણ છ-છ માથા શ્રીફળની જેમ વધેરાઈ ગયા. અને તે પણ એક જ કુટુંબના. જાણે આખા કુટુંબનો સર્વનાશ વેરાઈ ગયો. કુટુંબની કોઈ નિશાની બાકી ન રહે તે રીતે શિરચ્છેદ થઈ ગયા.

સૌ પ્રથમ રાણી કૈકસી, ત્યારબાદ મહારાજા રત્નશ્રવા ત્યારબાદ એકની એક વહાલસોયી બેન ચંદ્રનખા (જે સૂપડા જેવા નખના કારણે શૂર્પણખા તરીકે પ્રસિધ્ધ છે.) અને ત્યાર પછી એક પછી એક રાવણ, કુંભકર્ણ અને વિભીષણના માથા ધડથી છૂટા પાડી દેવામાં આવ્યા.

કૈકસી, રત્નશ્રવા અને ચંદ્રનખાના તો શિરચ્છેદ કરતાં પહેલાં તે ત્રણેયને દયાહીન રીતે દોરડાથી કસી-કસીને બાંધવામાં આવ્યા હતા. અને પછી બાંધેલી તે જ અવસ્થામાં તેમને નિર્ઘૃણ-નિર્દયપણે રાવણ, કુંભકર્ણ અને વિભીષણની આગળ મારી-ઝુડ કરવામાં આવી હતી. પુત્રો આગળ સહાય માટે કરૂણ વિલાપ કરતાં તે ત્રણેયનો આખરે શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. આટલું ઓછું હોય તેમ નિર્દયતાની હદ તો એટલી પરાકાષ્ટાએ પહોંચી હતી કે- આખરે રાવણ, કુંભકર્ણ અને વિભીષણના પણ મસ્તક છેદાયા અને જમીન ઉપર રોળાટવા લાગ્યા.

વાસુદેવ શ્રી લક્ષ્મણજીના હાથે પારદારિક દોષના નિમિત્તે જે પ્રતિવાસુદેવનો, આવનારા દિવસોમાં શિરચ્છેદ થવાનો છે. તે રાવણનો શિરચ્છેદ તો અત્યારથી જ થઈ ચૂકયો હતો.

મૃગજળની માયાના અનજાન મૃગલાઓનો, જે માયાજાળમાં જન્મારો એળે જાય છે, એવી માયાજાળના આ સંસારમાં ડગલને પગલે અવનવી માયા થયા જ કરતી હોય છે. એવી જ એક માયાજાળ જંબૂદ્વીપના ધણી યક્ષરાજ અનાદૃત દેવે રચી હતી.

વાત જાણે એમ હતી કે-

એક દિવસ આકાશ તરફ નજર કરી રાવણે પોતાની માતાને પ્રશ્ન કર્યો કે- 'આ કોણ છે ?'

ઋદ્ધિથી સમૃદ્ધ બનેલા અને વિમાનમાં આવતાં વૈશ્રવણને જોઇને માતા કૈકસીએ કહ્યું કે–"કૌશિકા નામની મારી મોટી બેનનો આ પુત્ર છે. ઇન્દ્ર નામના વિદ્યાધરે તારા પૂર્વજ માલિને સંગ્રામમાં હણી નાંખીને રાક્ષસદ્વીપ સહિતની આ લંકા નગરી વૈશ્રવણને અર્પણ કરી છે, ત્યારથી માંડીને તારા પિતા મનમાં દુઃખી થતાં અહીં જ પાતાલ લંકામાં રહ્યા છે. અને જીવતાં પણ મરેલાની જેમ ઠાંડા પસાર કરે છે.

લંકાના લૂંટારાઓને હે વત્સ! તારા કારાવાસમાં પૂરાયેલા જોઇને હું પુત્રવાળીઓમાં શિરોમણી કયારે બનીશ? મંદ ભાગ્યવાળી હું ભાઇઓ સાથે પિતાના સિંહાસન ઉપર બેઠેલા તને હે વત્સ! હું કયારે જોઇશ?

સ્વતંત્ર પણે ફરી રહેલા આ શત્રુઓ તારા પિતા માટે હે વત્સ! જીવતું જાગતું શલ્ય છે."

માતા કૈકસીના આ શબ્દોએ પુત્રોના બાલ માનસ ઉપર ઘેરી અસર કરી.

રોષની રકતતાથી રૂદ્ર બનેલી આંખવાળો વિભીષણ કહે છે–"હે માતા! તું ખેદને છોડી દે. શું તું તારા પુત્રના પરાક્રમને–તાકાતને જાણતી નથી?

એ ઇન્દ્ર, એ વૈશ્રવણ કે બીજા કોઇ પણ વિદ્યાધરો પ્રચંડ શક્તિશાળી આર્ય દશાનનની આગળ તો કંઈ નથી. સિંહ જાગતો હોય અને હાથીની ગર્જનાને સાંખી લે એમ? ન ભૂતો ન ભવિષ્યતિ. હાથીને ગર્જના કરવાનો અધિકાર તો સિંહ સૂતેલો હોય ત્યાં સુધી જ છે. માતા! સિંહના જાગતાં જ હાથીની ગર્જના હંમેશને માટે શાંત થઇ જતી હોય છે.

લંકાનું નામ તો રાવણ સાથે જ જોડાયેલું રહેશે. અજાણતા જ શત્રુનું લંકારાજ્ય સૂતેલા સિંહ સમા દશાનનથી સાંખી લેવાયું છે.

અથવા તો દશાનન તો શું બા આર્ય કુંભકર્ણ પણ શત્રુઓને નામશેષ કરવા સમર્થ છે.

આર્ય કુંભકર્ણની પણ જરૂર નથી. તેના આદેશથી દુશ્મનોનો અકાળે સંપૂર્ણ સંહાર કરવા તો હે માતા! હું પણ સમર્થ છું."

અને પછી

શાંતથી હોઠોને કરડતો દશાનન કહે છે–હે માતા! વજ્ર જેવી પોલાદી છે, કે જેથી આટલા લાંબા કાળ સુધી આવા દુઃશલ્યને તેં ધારણ કર્યું.

આ એક જ હાથની તાકાતથી શત્રુઓનો સંહાર હું કરી શકું તેમ છું. શસ્ત્રોની વાતો તો મારે મન તણખલા જેવી છે. ભુજાઓના પરાક્રમથી દુશ્મનોના મડદા પાડવા હું સમર્થ હોવા છતાં, હે માતા! પરંપરાથી આવેલી વિદ્યાશક્તિઓની સાધના મારા ભાઇઓ સાથે હું જઇશ, મને અનુજ્ઞા આપો.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

શાસન સમાચાર

પાલડી (થાણાવાળી)–અત્રેથી શાહ મુલચંદજી હીરાચંદજી પરિવાર તરફથી જાકોડા તીર્થ ઝોડવાલ પંચતીર્થી સહશ્રી રાણકપૂર છ'રી પાલિત યાત્રા સંઘ. પૂ આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ. પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં નીકળશે વૈ. સુ-૬ બુધવાર તા. ૨૮-૪-૯૩ પ્રયાણ રાણકપૂર પ્રવેશ વૈ. વદ ૩ શનિવાર તા. ૮-૫-૯૩ તીર્થ માળારોપણ વૈ. વદ ૪ રવિવાર તા. ૯-૫-૯૩ ના છે સંઘના મુકામ (૧) સુમેરપુર ૮ કિ. મી (૨) જોકાડા તીર્થ ૮ કિ.મી (૩) ફાલના ૧૨ કિ.મી (૪) વરકાણા તીર્થ ૧૪ કિ.મી (૫) નાડોલ ૧૨ કિ.મી. (૬) નાડલાઈ ૮ કિ.મી (૭) દેસુરી –૭ કિ.મી (૮) ન્યુ નાકોડા ૯ કિ.મી (૯) મુછાળા મહાવીર તીર્થ ૪ કિ.મી (૧૦) સાદડી ૧૦ કિ.મી (૧૧) રાણકપૂર ૧૧ કિ.મી છે. તે પૂર્વ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ છે સંભવનાથ જૈન દેરાસર પાલડી (થાનાવાલી) સ્ટેશન જાવાઇ બંધ રાજસ્થાન રાણકપૂર શેઠ આણંદજી કલ્યાણજી સ્ટે ફાલના પો. સાદડી (રાજસ્થાન)

સુમેરપુર–અત્રે તા. ૧-૨-૯૩ના શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય ગુણરત્નસૂ. મ.ની નિશ્રામાં થઈ વરઘોડામાં અનેક રચનાઓ કરવામાં આવી હતી.

કેડા (મહેસાણા)–અત્રે ગોડીજી પાર્શ્વનાથ પરિકર તથા આદિનાથજી તથા ચંદ્રપ્રભસ્વામી પ્રતિષ્ઠા નિમિત્તે તથા પૂ. મુ. શ્રી વિરાગદર્શન વિ. મ. નાં વરસીતપના પારણા આદિ નિમિત્તો ૬ છોડનું ઉદ્યાપન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બે સિદ્ધચક્રપૂજન વીશસ્થાનક પૂજન શાંતિસ્નાત્ર તથા મહાપૂજા આદિ સમેત નવ દિવસનો મહોત્સવ વૈશાખ સુદ ૨ રવિવારથી વૈ. સુ. ૧૧ સુધી પૂ. વિદ્વાન મુનિરાજશ્રી જયદર્શન વિજયજી મ. ની નિશ્રામાં, શ્રી સંઘ તરફથી આયોજન થયું છે.

નવે દિવસ જુદા જુદા ભાવિકો તરફથી એક એક દિવસની આખા દિવસની ભક્તિ રાખવામાં આવી છે. પૂજ્યશ્રી વૈશાખ સુદ બીજ એકમના સસ્વાગત પધારશે.

અમદાવાદ–પ. પૂ માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શનસૂ. મ.ની નિશ્રામાં વ્યાખ્યાનમાં વરઘોડાની ભવ્ય ઉછામણિયો બોલાઇ હતી તથા પ. પૂ. આ. સુદર્શનસૂ. મ. પૂ. વિબુધપ્રભસૂ. મ. પૂ. અમરગુપ્તસૂ. મ.ની શુભનિશ્રામાં ચૈત્ર સુદ ૧૩+૧૪ સોમવાર તા. ૫-૪-૯૩ નો ભગવાન મહાવીર જન્મકલ્યાણકનો ભવ્ય વરઘોડો

દાનસૂરિજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ તરફથી ચઢયો હતો. માંગીલાલજી દીક્ષાર્થીનો વર્ષીદાનનો પણ તેમાં સમાવેશ થયો હતો. દશા વોરવાડ, પાલીયાપોલ આદિથી વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વી પધાર્યા હતાં. બરોડે ઉતર્યે આ. વિબુધપ્રભસૂ. મ. તથા પ્રવચનકાર પૂ. કીર્તિયશવિજયજી મ. ના પ્રવચનો થયા હતાં. અને મહાવીર મહારાજના જન્મકલ્યાણક નિમિત્તો એજ દિવસે મહાવીરસ્વામી જૈન દેરાસર રિંચીરોડ તથા મનસુખભાઈની પોલના દેરાસર દાનસૂ. રિજી જ્ઞાનમંદિર આરાધક વર્ગ તરફથી આંગી રચાવવામાં આવેલ એકંદરે ઉત્સાહ સારો હતો. દરરોજ પ્રવચનકાર મુનિરાજશ્રી દર્શનરત્નવિજયજીના જ્ઞાનમંદિરમાં પ્રવચનો આપે છે.

હાવેરી: પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્નસૂ મ. આ. પ ની નિશ્રામાં શા. પુખરાજ કુલચંદે આયંબિલની ઓળી. પારણાં. વાસણની પ્રભાવના પૂ. આ. શ્રી અશોકરત્નસૂ મ. ની વર્ધમાન તપની ચૈત્ર વદ ૧ ના પારણા નિમિત્તે શ્રી ઉવસ્સગ્ગ હરે પૂજન સાથ પૂજા. પ્રભાવના આંગી રચનાઓ મહોત્સવ ઉજવાયો હતો. આંધી પુખરાજ ગમનાજીએ પૂ. આ. મ. ના પારણા નિમિત્તો શ્રી સંઘ સાથે પૂ આ. મ.ની પધરામણી કરાવી પ્રવચન રાખેલ ગુરૂ પૂજન કરી કાંબલ ઓઢાડાવી પ્રભાવનાનો લાભ લીધો હતો. શ્રી સંઘે કાંબલ ઓઢાડાવી હતી સાત સંઘ પૂજનો થયા હતા. વદ ૧ ના શા. નથમલ ગોમાજી તરફથી શ્રી ઉવસ્સગ્ગહરં પૂજન ભણાવાયુ હતું શ્રી સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના સ્વામીવાત્સલ્ય થયુ હતુ. બ્હાર ગામથી ઢોઢશો જેટલા ભકતો આવ્યા હતાં. પૂ. આ. મ. વદ ૨ ના વિહાર કરી ચિત્રદુર્ગ વદ ૧૨ ના સસ્વાગત પધાર્યા છે, તેઓશ્રીની નિશ્રામાં વૈશાખ શુદ ૬ ના દીક્ષા અને ચૌમૂખી ભગવાનની પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

રાજકોટ-વર્ધમાનનગર-અત્રે પ. પૂ. તપસ્વી મુનિરાજ શ્રી લાભવિજયજી મ. સા તથા પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. સા.તથા તત્વદર્શન વિજયજી મ. સા.ની શુભ નિશ્રામાં ચૌત્રી ઓળીની આરાધના ખૂબજ ઉલ્લાસ પૂર્વક થવા પામી ચૈત્ર સુદ ૧૨ ને રવીવારના રોજ પ્રભાબેન કાંતીલાલ મહેતા લંડનવાસ તરફથી શ્રી બૃહદ સિધ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સુંદર થઇ હતી પૂજન બાદ લાડુની પ્રભાવના થયેલ વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવનીચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ સુંદર રીતે કરાવેલા સંગીતમા અનેના શ્રી જિનેન્દ્ર ભકિત મંડળે સારી જમાવટ કરી હતી ચૈત્ર સુદ ૧૩+૧૪ ને સોમવારના રોજ શ્રી મહાવીરસ્વામી ભગવાનના જન્મ કલ્યાણક દીવસ નીમીત્તો રથ યાત્રાનો વરઘોડો ભવ્ય રીતે નીકળ્યો હતો.

અમદાવાદ-પ. પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં દાનસૂરિજી જ્ઞાનમંદિર કાલુપુર રોડ અમદાવાદ મુકામે ચૈત્ર વદ ૪ શનિ ૧૦-૪-૬૩ ના દિવસે સિરે ડી નિવાસી

(અનુ. પાન ૧૧૬૬નું ચાલુ)

અને એક અતિ ભેંકાર-વિકરાળ જંગલમાં ત્રણે ભાઇઓ વિદ્યાશકિત સાધવા ચાલ્યા ગયા. એકાગ્ર ચિત્તે વિદ્યાસાધના શરૂ થઇ ગઇ.

તેવા સમયે જંબૂદ્વીપનો ધણી યક્ષરાજ અનાદૃત દેવ અંતઃપુર સહિત ત્યાં ક્રીડા કરવા આવ્યો. અને ત્રણેય ભાઇઓને ધ્યાનથી ચલ ચિત્ત કરવાના ઇરાદાથી ઉપસર્ગ શરૂ કર્યા. અનુકૂળ ઉપસર્ગ માટે પોતાની સ્ત્રીઓને મોકલી. પણ તેમનું કશું ઉપજ્યું નહિ. આખરે હતાશ થઇ પાછી ફરી. ખુદ અનાદૃત દેવ આવ્યો. ઉપસર્ગ શરૂ કર્યો. પર્વતના શિખરો તેની આગળ પાડયા, સર્પ, સિંહના ઉપદ્રવો કર્યા. પણ કોઇ ચળ્યુ નહી. આખરે કૈકસી, રત્નશ્રવા, ચંદ્રનખાને વિકુર્વીને (માયાથી ઉપજાવીને) દોરડાથી બાંધીને મારઝુડ કરી. છેવટે તેમનો શિરચ્છેદ કરી તેમના માથા ત્રણેય ભાઇઓના પગ આગળ ફેંકયા. છતાંય ત્રણેય ધ્યાનથી ન જ ડગ્યા.

છેલ્લે છેલ્લે રાવણનું વિકુર્વેલું માથુ કુંભકર્ણ અને વિભીષણના પગ આગળ ફેંકયું. અને વડીલ પ્રત્યેની ભકિતથી આ બિના કુંભકર્ણ અને વિભીષણથી સહન ન થઇ. અને ધ્યાનથી ચળી ગયા.

પછી રાવણ આગળ બન્ને ભાઇના મસ્તક પડયા, છતાં રાવણ ના ડગ્યો તે ના જ ડગ્યો. અંતે રાવણે એક હજાર વિદ્યાને સિદ્ધ કરી. કુંભકર્ણને પાંચ અને વિભીષણને ચાર વિદ્યાઓ સિદ્ધ થઇ.

છ ઉપવાસથી રાવણે ચંદ્રહાસ નામના ખડ્ગને પણ સિદ્ધ કર્યું.

અને...

महतामपराधे हि प्रणिपातः प्रतिक्रिया ।

મહાપુરૂષના અપરાધમાં પ્રણિપાત (પ્રણામ-ક્ષમાપના) એ અપરાધનો ઇલાજ છે. તે યક્ષરાજે ત્યાં જ રાવણ માટે વિઘ્નના પ્રાયશ્ચિત્ત રૂપે સ્વયંપ્રભ નગર બનાવ્યું.

(અનુ. પાન ૧૧૬૮ નું ચાલુ)

અલકેશકુમાર ખુમચન્દજીનું રિખબચન્દજી ગોલેચ્છા તથા દાનસૂરિજી જ્ઞાન મંદિર આરાધકો તરફથી અમૃતલાલજી ભંડારી આદિ તરફથી ભવ્ય બહુમાન થયેલ. અલકેશકુમારનીદીક્ષા સિરોડી મુકામે પ. પૂ. તપસ્વી મુનિરાજ શ્રી કમલરત્ન વિ. મ. ની નિશ્રામાં વૈશાખ સુદ ૩ ની થશે. દાનસૂરિજી આરાધકો તરફથી તથા સિરોડી નિવાસી ખુમચન્દજી કપૂરાજી તરફથી એમ બે સંઘ પૂજન, ગુરૂ પૂજન થયેલ. કુંભોજગિરિ મુકામે દીક્ષિત થનાર શા. માંગીલાલજી સોનૈયાનું પણ આજે અલકેશકુમારે બહુમાન કરેલ.

વિશેષ કુંભોજગિરિ – મુકામે દીક્ષિત થનાર માંગીલાલજી સોનૈયા સાદડી નિવાસીનું બહુમાન દાનસૂરિજી આરાધકો તરફથી ચૈત્ર વદ ૫ રવિવાર ૧૧-૪-૯૩ના વ્યાખ્યાનમાં ભવ્ય બહુમાન રાખવામાં આવેલ. પ્રતિદિન પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શનરત્નવિજયજીના પ્રવચનો થાય છે.



- સંસારની લહેર નરકાદિ આપે. ધર્મની લહેર મુક્તિ આપે.
- હૈયાથી અસાધુ અને વાણીથી સાધુ તે ખોટા સાધુ !
- જેની ઇચ્છા થવાથી બુદ્ધિ બગડે તે ચીજ પણ ખરાબ.
- દુનિયાને જે જોઇએ, તે જેને ન જોઇએ તે સાચો સાધુ
- ગૃહસ્થનું હૈયું અને વાણી એક. સાધુનું હૈયું–વાણી અને વર્ત્તન એક.
- પૈસાની અને પૈસાથી મળતા સુખની ઇચ્છા થાય ત્યારથી જીવ દુઃખી
- સંસારનાં જેટલાં સુખ, તે પહેલાં દુઃખ હોય તો સુખ લાગે અને તે ભોગવ્યા પછી પણ દુઃખ !
- જેટલા જીવો અનુકૂળતાના અર્થી બને તે બધાં ધમકિયામાં પાંગળા બને.
- સુખ આત્માનો ગુણ છે. તે સુખ ભોગવવા કોઇ ચીજની જરૂર નથી. જ્યારે દુનિયાનું સુખ ભોગવવા એક ચીજની જરૂર નથી તેમ નથી. કેમકે, દુનિયાનું સુખ પરાધીન છે, જ્યારે આત્મિક સુખ સ્વાધીન છે.
- સુખ ભૂંડું અને દુઃખ સારું આ બે વાત જેને ન બેસે તેનો બધો ધર્મ આડંબર છે.
- શાતામાં મઝા કરનારા અને અશાતામાં પોક મૂકનારા પહેલા નંબરના અધર્મી છે.
- ભૌતિક સુખ જીવનું પુણ્ય લઇ જાય છે અને જીવને ભિખારી બનાવી દે છે.
- શાસ્ત્રે કહ્યું છે કે, જ્ઞાની પણ ક્રિયા વગર કાર્યની સિદ્ધિ પામી શકતો નથી.
- શ્રધ્ધાનો પાયો જ્ઞાન છે. અને જેટલી ધર્મક્રિયાઓ છે તેનું મૂળ શ્રધ્ધા છે.
- દુનિયામાં જેટલાં મોક્ષ પ્રતિપાદક દર્શનો છે તે બધા જન્મના વિરોધી છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૧૯૮૩ - ૪૯ + ૩૮

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૨૩૮

જૈન શાસન

ધર્મનાં મુખ્ય સાધનો

साधुसेवा सदा भक्त्या
मैत्री सत्त्वेषु भावतः ।
आत्मीयग्रहमोक्षश्च
धर्महेतु प्रसाधनम् ॥

હંમેશાં હૃદયના બહુમાનપૂર્વક સાધુસેવા, પરમાર્થવૃત્તિથી પ્રાણી-માત્ર પ્રત્યે, બદલાની આશા વિનાની મૈત્રી, અને દુનિયાના નાશવંત પદાર્થોમાંથી મારાપણાની બુદ્ધિનો નાશ. આ ત્રણ અહિંસા ધર્મના હેતુના મુખ્ય સાધન છે.

અઠવાડિક

વર્ષ ૫

અંક ૩૮ + ૩૯

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ચૂક ચિંતળ

न बाहिरं परिभवे अत्ताणं न समुक्कसे ।

આત્માર્થીએ પરનિંદા કે પોતાની પ્રશંસા ન કરવી જોઈએ.

મુમુક્ષુ આત્માને પણ મૂંઝવનાર જો કોઇ ચીજ હોય તો આ બે દોષો છે. નિંદાને હજી પચાવી શકે પણ પ્રશંસાને પચાવવી એ કાચા પારાને પચાવવા સમાન છે. પ્રશંસામાં મૂંઝાયેલા કયારે સન્માર્ગથી સરી જાય છે તે ખબર તેઓ ખુદને પડતી નથી. માટે મોટામાં મોટા માનસિક દૂષણોથી બચાવવા આ સૂત્ર દ્વારા જ્ઞાનિએ લાલબત્તી ધરી છે. લાલબત્તીનો અર્થ છે 'રૂક જાવ ! આગે ખતરા હૈ !'

પરદોષ દર્શન-દૃષ્ટિ તો મહાપાપ છે, અધઃપતનનો, પાયમાલીનો સરળ રસ્તો છે. તેથી વૈર-વિરોધ જ વધે છે. જ્ઞાની કહે છે કે જો તારો દોષ જ દર્શન કરવું તો તારા પોતાના જ દોષ જો. કેમકે, સ્વ દોષ દર્શન એ તો આત્મવિકાશનો આત્મોન્નતિનો પંથ છે. તેથી દોષ નાશ પામે છે અને ગુણો પેદા થાય છે.

પોતાની પ્રશંસા પોતે જ કરવી, જાતે જ પીઠ થાબડવી એ તો અતિશય અધમતા છે. ઉત્તમ પુરુષો તો કયારે ય પોતાનું નામ પણ પોતાના મુખથી બોલતાં નથી તો ગુણગાન તો કરે જ શાના ? જો તારે ગુણ ગાવા તો બીજાના ગા. કેમકે હૈયા પૂર્વકનો ગુણાનુરાગ એ સદ્‌ગુણોને સ્નેહામંત્રણ છે અને અવર્ણવાદ એ દોષોને નિમંત્રણ છે.

દોષદૃષ્ટિને દેશવટો દેવો હોય અને ગુણ વૈભવથી સમૃદ્ધ થવું હોય તો દરેકે દરેક આત્માએ વિવેકપૂર્વક વિચાર અને વર્ત્તન કરવું જોઇએ. આપણે આપણી જાતને બીજાના સ્થાનમાં મૂકી, તે વખતે આપણા વિશે લોકો કેવું વિચારે તો ગમે, તેની કલ્પના કરીને તે પ્રમાણે જીવીએ તો કયારે ય પોતાની પ્રશંસા કરવાનું કે બીજાની નિંદા કરવાનું મન નહિ થાય.

પણ માનવીના મનનો એવો વિચિત્ર સ્વભાવ છે કે– બીજાનો ઉત્કર્ષ જરા ય સહન થતો નથી, ઘરોપદેશ દેવામાં પાછો પડતો નથી. 'હું જ કાંઇક છું.' 'અહં' માનવીને બીજાની બુરાઇમાં આનંદનો અનુભવ કરાવે છે. તેથી તે સ્વયં ભલું કરતો નથી, બીજાનું ભલું જોઇ શકતો નથી. જ્ઞાની કહે–'ખાડો ખોદે તે પડે.' જે બાવળના

(અનુ. ટાઇટલ પેજ ૩ ઉપર)

ભવોદધિતારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી મુહડા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (વઢવાણ)
ધનાચંદ પદમશી મુહડા (થાનગઢ)

વર્ષ ૫] સંવત્ ૨૦૪૯ વૈશાખ વદ-૧૨ મંગળવાર તા. ૧૮-૫-૯૩ [અંક-૩૮+૩૯

卐 સ્વાધીનતા કેળવો 卐

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

રાગાદિ શત્રુઓને જીત્યા વિના જિન થવાતું નથી. શ્રી જિનમાં ઉત્તમ શ્રી અરિહંત પરમાત્મા છે. ભાવ અરિહંત રાગાદિને જીતે ત્યારે જ થાય. જે કોઇ ભગવાનના ભગત હોય તે રાગાદિના વૈરી જ હોય. જ્યાં સુધી શ્રી અરિહંત પરમાત્મા ન મળે, તેમનો માર્ગ ન મળે ત્યાં સુધી તો જીવ રાગાદિને આધીન જ હોય છે. જેને શાસન-માર્ગ સમજાઇ જાય, રાગાદિ શત્રુ લાગે તે જીવ તેને જીતવા પ્રયત્ન કરે, બીજા નહિ. શ્રી તીર્થંકર દેવો પણ રાગાદિ શત્રુઓને જીતીને શ્રી તીર્થંકર નામકર્મનો વિપાકોદય કરે છે ત્યારથી તેઓ જિનોત્તમ બને છે.

જે જીવો ઇચ્છાવાળા છે તેઓ ઇચ્છાપૂર્વક વર્ત્તે છે. તમે કોની ઇચ્છાથી વર્ત્તો છો ? મોહ પેદા કરેલી ઇચ્છાથી કે ક્ષયોપશમે પેદા કરેલી ઇચ્છાથી ? મોહની ઇચ્છા અને ક્ષયોપશમજન્ય ઇચ્છાને જાણો છો ને ?

તમને સંસારમાં પ્રવર્ત્તન કરવાની ઇચ્છા થાય તે મોહની ઇચ્છા છે. મોક્ષ માટે ધર્મ કરવાની ઇચ્છા થાય તે ક્ષયોપશમ ભાવની ઇચ્છા છે. બીજા હેતુથી ઇચ્છા થાય તેમાં ઉદયભાવ રહેલો છે. જે જીવો મોક્ષની ઇચ્છાપૂર્વક ધર્મની પ્રવૃત્તિ કરે, સંસારની પ્રવૃત્તિ પણ ઓછી કર્મ છૂટી જાય અને એકલો ધર્મ જ આદરું તે ઇચ્છાથી કરે તો તે પણ ક્ષયોપશમના ઘરની ઇચ્છા છે. સંસારની ક્રિયા ઇચ્છા વગર કરે તેનું નામ જૈન !

આપણી ભગવાન થવાની ઇચ્છા રોજની ને ? જેને ભગવાન થવાની ઇચ્છા હોય તેને સંસારની પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થાય તો તે સારી લાગે કે ભૂંડી લાગે ? ધીમે

ધીમે તે ઇચ્છા નાશ પામે તેવો જ પ્રયત્ન કરે ને ? સંસારની પ્રવૃત્તિ તમે ઇચ્છાપૂર્વક કરતા નથી પણ કર્મ બળાત્કારે કરાવે છે – તે કક્ષાએ તમે આવ્યા છો ? આવવું પણ છે ?

ભગવાન જિનોત્તમ છે તો તેમની કર્મક્ષયની વાત સમજાવતા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રન્થમાં જણાવે છે કે–

"अनेन भगवतस्तथाभव्यत्वाक्षिप्तवरबोधिकाभगर्भाद्वात्सल्योवात्तानुत्तर पुण्य स्वरूप तीर्थंकर नाम कर्मविपाकफलरुपां परंपरार्थसम्पादनीं कर्मकाया वस्थामाह ।"

દરેકે દરેક જીવોના તથાભવ્યત્વમાં ભેદ હોય છે.

ભગવાનનું તથાભવ્યત્વ એવું હતું કે તેનાથી આક્ષિપ્ત જે વરબોધિ–સમ્યક્ત્વ તેને તેઓ પામ્યા. વરબોધિના કારણે જગતના સઘળા ય જીવોને શાસનરસી બનાવવાની જે ઉત્કૃષ્ટ ભાવદયા જન્મી તેના કારણે અપૂર્વ પુણ્યકરણથી શ્રી તીર્થંકર નામકર્મના વિપાક સ્વરૂપ ખૂબ ખૂબ પરાર્થને કરનારી કર્મકાય અવસ્થાને પામ્યા. શ્રી તીર્થંકર પરમાત્માનો પરાર્થ ખૂબ જ ઊંચી કોટિનો હોય છે. તેમનું ચાલવાનું – બોલવાનું બીજાના પરાર્થને માટે હોય છે.

જેટલા શ્રી અરિહંત પરમાત્મા થઇ ગયા તે બધાએ આપણો મોક્ષ ઇચ્છયો છે. અનંતા શ્રી અરિહંત પરમાત્મા આપણા ઉપકારી છે. તેવા ઉપકારી બીજા કોઇ હોતા નથી. પૂર્વના ત્રીજા ભવે તો એવી ઉત્કટ કોટિની ભાવના ભાવે છે કે તેમાંથી જગતનો એક પણ જીવ બાકી ન રહે. જગતના સઘળા ય જીવો સુખને ઝંખે છે પણ જે સુખને ઝંખે છે તે સુખ આ સંસારમાં છે જ નહિ. પણ મોક્ષમાં જ છે. માટે જગતના સઘળા ય જીવોને સંસારના રસિયા મટાડી ભગવાનના શાસનના રસિયા બનાવી દઉં જેથી શાસનને સમજી અને આરાધીને બધા મોક્ષમાં ચાલ્યા જાય. આપણે બધા શાસનના રસિયા છીએ કે સંસારના રસિયા છીએ ?

ભગવાનના શાસનને સમજેલા જીવો સંસારમાં કાયપાતિક છે પણ મનપાતિક નથી. કેમકે, મન મુક્તિમાં છે અને શરીર સંસારમાં છે. ભોગાવલી તમારી પૂંઠે છે કે તમે ભોગની પૂંઠે છો ? પૈસા માટે તમે છો કે તમારા માટે પૈસા છે ?

શ્રી અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા પછી રોજ પહેલા અને ચોથા પ્રહરમાં દેશના આપી અનેક જીવોને ધર્મોન્મુખ બનાવે છે, અનેક આત્માઓને સંસારથી વિરક્ત બનાવી મોક્ષ તરફ ગતિ કરાવે છે આ કેવો પરાર્થ છે ! આ વાતની જેને અસર પડે

બધાનું ઠેકાણું પડી જાય. ભગવાનની વાણી પુરાર્થ કરનારી છે, કાયા અનેક જગ્યાએ જઈ અનેકનો ઉપકાર કરનારી છે.

ભગવાને કહ્યું છે કે, આ શરીરને સેવવાનું-સાચવવાનું નથી, શરીરને સેવે તે સંસારી! સંસારી એટલે ધન અને ભોગનાં જ ભીખારી, શરીર તેમાં જ વાપરે. જ્યારે જે સંયમી બને તે જ આ શરીરનો ધર્મમાં ઉપયોગ કરે. શરીર પાસે ધર્મનું કામ કરાવવા થોડું આપવું પડે તો આપે.

તમારે પુરુષાર્થ ધર્મમાં થાય છે કે કર્મમાં થાય છે? શક્તિ નથી માટે ધર્મમાં નથી થતો કે કરવો જ નથી માટે નથી થતો? તમારે ગળિયા બળદ જેવા રહેવું છે કે બહાદ્દર બનવું છે? આ શરીર હરામખોરની જાત છે. પુદ્ગલનું બનેલ છે. તેની મેળે મહેનત ન કરે. તેના માટે તો આપણે મહેનત કરવાની છે. મનનો સ્વભાવ સંસારમાં રખડવાનો છે, તેને ધર્મમાં આપણે જોડવાનું છે. વચન તો ગમે તેમ લવરી કરે, તેનો સદુપયોગ આપણે કરવાનો છે. આપણા મન-વચન-કાયાના યોગ અનાદિથી મોહને આધીન છે.

ભગવાન બધા યોગોને રૂંધી અયોગી બને તે કર્મકાય અવસ્થા હતી તે તત્વકાય બની જાય. તત્વકાય એટલે તે તેના સ્વરૂપમાં આવી ગઈ. ભગવાન મોક્ષમાં ગયા તો કેવી રીતે ગયા! આપણે મુક્તિમાં જવું છે ને કેવી રીતે? અહીંથી સદ્ગતિમાં જવું છે ને કેવી રીતે? સમાધિથી મરવું છે ને! સમાધિથી મરવા સમાધિમાં જીવવું છે ને?

આ જન્મમાં તમે દીક્ષા નથી પામ્યા તો તમારી જાતને ઠગાઇ ગયેલી માનો છો? સર્વાંતરમાં ઝટ આઠ વર્ષે દીક્ષા લેવી છે આ ભાવનામાં રોજ સૂઇ જાવ છો?

સમાધિ માટે દુઃખ વેઠવાની સહનશક્તિ કેળવવી પડશે. સુખશિલિયા જીવોને સદ્ગતિ અતિશય દુર્લભ છે. સાથેના મરણ વખતે કામ ન લાગે, ઇન્દ્રિયો પણ કામ ન આપે તે વખતે તો અંદરની સહનશક્તિ જ કામ આપે. દુઃખમાં પણ આનંદ પામવાનો અને સુખમાં આનંદ નહિ પામવાનો અભ્યાસ કરવો પડશે. તમને આનંદ સુખમાં આવે કે દુઃખમાં? ઇચ્છા મુજબ દુઃખ વેઠવાની સ્વાધીનતા અહીં જ મળે છે. ભુખ લાગે નથી ખાવું, તરસ લાગે નથી પીવું, ગરમી વેઠવી, ઠંડી વેઠવી તે બધું સહન કરવું તે સ્વાધીન છે.

(૨૦૩૦, શ્રીપાલનગર, મુંબઇ)

卐

❀ જૈન રામાયણના પ્રસંગો ❀

(પ્રસંગ-૨)

—શ્રી ચંદ્રરાજ

લંકા ઉપર રાવણનું આક્રમણ

"રણ સંગ્રામમાં તારા સગા ભાઈ માલિને હણી નાંખીને જે રસ્તે પહોંચાડી દીધો છે, યાદ રાખજે સુમાલિ કે તને અને તારા આ બન્ને કૂવાના દેડકાને (કુંભકર્ણ, વિભીષણને) પણ તે જ રસ્તે પહોંચાડી દઇશ. તારા આ બે ય દેડકાઓને કાબૂમાં રાખજે." વૈશ્રવણ તને ચેતવણી આપે છે, 'સુમાલિન્! હવે ચેતી જજે." મે આજ સુધી શાંતિ રાખી હતી, હવે તમારી શાન ઠેકાણે લાવ્યા વિના છૂટકો નથી લાગતો."

એક હજાર વિદ્યાઓને એક સાથે સિધ્ધ કર્યા પછી અનાદૃતદેવે લંકાર જંગલમાં રચી આપેલા સ્વયંપ્રભ નામના નગરમાં રાવણ પોતાના માતા પિતા ભાઇ બેન સાથે રહેવા લાગ્યો.

આકાશમાં ઉડતાં જે વૈશ્રવણને જોઇને વિદ્યાશકિત સાધવા ત્રણે ભાઇઓ ગયા હતા તે વૈશ્રવણ હમણાં તો ભૂલાઇ ગયો છે. વૈશ્રવણ યાદ ન આવે એટલી ઘડી જ તેમના સંગ્રામને છેટું છે.

સમય પસાર થઇ રહ્યો છે.

વૈતાઢયની દક્ષિણ શ્રેણિના સુરસંગીતના વિદ્યાધરેશ્વર મયરાજાને હેમવતી નામની રાણી છે. તેમની મંદોદરી નામની પુત્રી સાથે રાવણના લગ્ન થઈ ગયા.

એક દિવસ મેઘરવ પર્વત ઉપર ક્રીડા માટે ગયેલા રાવણે એક સરોવરમાં સ્નાન કરતી છ હજાર ખેચર કન્યાઓને જોઇ. એક બીજાના અનુરાગથી રાવણ ગાંધર્વ વિવાહથી છ હજાર કન્યાઓને પરણ્યો. અલબત્ત ખેચર કન્યાના પિતા સાથે રાવણનું યુધ્ધ થયું. જે તેની જિંદગીનું સૌ પહેલું યુદ્ધ હશે. કન્યાના પિતાઓને નાગપાશથી રાવણે બાંધી દીધા. પણ કન્યાઓએ પિતૃ-ભિક્ષાની માંગણી કરતાં, રાવણે તે દરેકને મુક્ત કર્યા.

કુંભકર્ણ તડિત્માલાને અને વિભીષણ પંકજશ્રી નામની કન્યાને પરણ્યો.

સમય જતાં મંદોદરીએ ઇંદ્રજીત્ અને મેઘવાહન નામના બે પુત્રોને જન્મ આપ્યો.

ઇન્દ્ર નામના વિદ્યાધરેશ્વરે પોતાની પ્રચંડ તાકાતથી સંગ્રામ ખેલીને યુદ્ધમાં માલિનો સંહાર કરી નાખ્યો હતો. અને ત્યારથી લંકાનગરી ઇન્દ્રના તાબામાં હતી. ઇન્દ્રએ રાવણના જ સગા માસીના દિકરા વૈશ્રવણને લંકાની ગાદી ઉપર સ્થાપન કર્યો હતો.

માલી એટલે રાવણના દાદા સુમાલિના મોટાભાઈ. તેના વધ થતાં જ સુમાલિ પોતાના પુત્ર રત્નશ્રવાદિ સાથે પાતાલ લંકામાં રહેવા ચાલ્યા ગયા હતા.

પૂર્વજોના પરાભવને સાંખી શકનારૂં શોણિત, પુત્રના શરીરમાં કયારેક ભ્રમણ કરી શકતું નથી. પૂર્વજોનો પરાભવ કરનારા દુશ્મનોને સાંભળીને પુત્રનું લોહી ઉકળી ઉઠતું હોય છે. પ્રચંડ વીર્યશાળી દુશ્મનનો સામનો કરવાનું સત્ત્વ શાયદ ન હોય તો પણ પુત્રનું માનસ પૂર્વજોના દુશ્મનોને કરનાવી દેવા માટેની કબર ખોદવા ભણી જ અધીરૂં બન્યું હોય છે.

વૈશ્રવણને અત્યારે કંઈપણ કરવામાં ઇન્દ્ર જેવા સિંહપરાક્રમી વિદ્યાધરને છંછેડવા જેવું હતું અને ઇન્દ્રનો સામનો કરવાની સુમાલિ અને રત્નશ્રવાની તેવડ નોતી. આવનારા સમયની પ્રતીક્ષા સિવાય કોઇ જ ઇલાજ ન હતો. અને આખરે તે સમય આવી ગયો. જે સમયને ખાસ કરીને માતા કૈકસીને ઇન્તજાર હતો.

છેક ભગવાન શ્રી-અજીતનાથ સ્વામીના શાસનકાળથી છેક ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનકાળ સુધીના વિદ્યાધરો અને રાક્ષસવંશોના પૂર્વજોમાંથી વૈરની પ્રાયઃ પરંપરા ચાલી આવી હતી.

પરાક્રમી સાથેના વૈરનો અંજામ મૃત્યુ છે અદાવતની આલમમાં છેલ્લું નિશાન માલિ બની ચૂકયો હતો. ઇન્દ્ર સાથેના સંગ્રામમાં તેનો સંહાર થઇ ચૂકયો હતો.

આજ દિન સુધી સુષુપ્ત રહેલા પિતૃ-વૈરના સંસ્કારો કુંભકર્ણ–વિભીષણના ચિત્તમાં છંછેડાઇ ગયા. પિતામહ માલિના મોતનો બદલો લેવાનો કુંભકર્ણ–વિભીષણે દૃઢ નિર્ધાર કર્યો.

અને...અને જઇને તેમણે લંકામાં ઉપદ્રવો મચાવા માંડયા. થોડા સમય સુધી તો વૈશ્રવણે જતું કર્યું. પણ ઉપદ્રવ રોજના વધી ગયા. આખરે વૈશ્રવણે દૂતને મોકલ્યો અને સુમાલિને પાતાલલંકામાં કહેવડાવ્યું કે–પાતાલલંકામાં રહેલા કૂવાના દેડકા જેવા તારા આ બન્ને બાળકોને કાબૂમાં રાખજે. સુમાલિ! રાવણના આ બન્ને નાના ભાઇઓ તેની પોતાની કે બીજાની શક્તિથી અજાણ રહી, પોતાની જાતને શૂરવીર સમજતાં દુર્મદ બનેલા તે બન્ને છળ–કપટથી લંકા નગરીમાં ઉપદ્રવ મચાવે છે. છતાં મેં તે બન્નેને નાના સમજીને જતાં કર્યા છે. હવે પછી હે ક્ષુદ્ર સુમાલિન્! તે બન્નેને જો તું શિક્ષા કરીને ઠેકાણે નહિ લાવે તો યાદ રાખજે સુમાલિ! કે જે રસ્તે પહેલાં સંગ્રામમાં તારા સગા ભાઇને અમે ધકેલી દીધો છે તે જ રસ્તે તને અને તારા આ બન્ને દેડકાઓને મોકલી દઇશ, અમારી તાકાત કેટલી છે તેનું તને હજી ભાન નથી લાગતું.”

રકતના કણ-કણને ઉકાળી નાંખે, ક્રોધની આગ ભડકાવી મૂકે તેવા આ શબ્દો હતા. રાવણથી આ સાંખી ના શકાયું. તેના રોમ રોમમાં ક્રોધ ભડકી ઉઠયો. તેણે કહ્યું કે–“વૈશ્રવણ છે કોણ! પારકાના જોરે લંકાનું રાજ કરનારો તે આવું બોલતા શરમાતો નથી? આવો લવારો કરવામાં તેનું ભયાનક દુઃસાહસ છે. (હવે તેના દા'ડાં ભરાઇ ગયા છે) જા, દૂત સમજીને તને જતો કરૂં છું. જો તારી જગ્યાએ બીજો કોઇ હોત તો અહીંથી તેનું મડદું જ બહાર નીકળત. એક પણ હરફ ઉચ્ચાર્યો

વિના ત્યાંથી ને ત્યાંથી જ ચાલ્યો જા.”

દૂત ત્યાંથી નિકળી ગયો. જે બન્યુ હતુ તે બધું વૈશ્રવણને જણાવ્યુ.

દૂત ગયો કે તરત જ ક્રોધથી ધૂંઆ-પૂંઆ થયેલો રાવણ ભાઇઓ અને સૈન્ય સાથે લંકા તરફ આક્રમણ લઇને ચાલ્યો.

આ બાજુ દૂત દ્વારા જ યુધ્ધની ગંધ આવી જતાં વૈશ્રવણ પણ યુધ્ધ ખેડવા સૈન્ય સહિત લંકા નગરીમાંથી રાવણની સામે નીકળ્યો.

બન્નેના સૈન્યો સામસામા ટકરાયા. જંગલોના જંગલોને એક પ્રચંડ શક્તિશાળી (પ્રલય કાળનો) મહાવાયુ ખેદાન મેદાન કરી નાંખે તેમ દશકંધરે (રાવણે) વૈશ્રવણની અક્ષૌહિણી સેનાનો ખાત્મો બોલાવી દીધો. સૈન્યબળ નષ્ટ-ભ્રષ્ટ થઇ જતાં પોતાને ભગ્ન થયેલો માનતા, બુઝાઇ ગયેલા ક્રોધના અગ્નિજ્વાળાવાળો શાંત પડી ગયેલો વૈશ્રવણ વિચારવા લાગ્યો કે–“ છેદાઇ ગયેલા કમળવાળા સરોવરની અવસ્થાને ધિક્કાર છે. ભાંગી ગયેલા દાંતવાળા હાથીની, કપાઇ ગયેલી શાખવાળા વૃક્ષની, મણિ વિનાના અલંકારની, ચાંદની હિન બનેલા ચંદ્રની, પાણી વિનાના વાદળાની જેમ દુશ્મનથી ભગ્ન કરાયેલા અભિમાની-સ્વમાનીની અવસ્થાને ધિક્કાર છે.”

“અથવા તો આ સૃષ્ટિમાં તેને જ અવસ્થાન મળે છે કે જે મુક્તિ (મોક્ષ) માટે પ્રયત્ન કરે છે. થોડું છોડીને ઘણુ મેળવવા ઇચ્છનારો માણસ ખરેખર લજ્જાસ્પદ ગણાતો નથી.”

તેથી હવે મારે અનેક અનર્થ દેનારા આ રાજ્ય વડે સયું. હવે તો હું નિર્વાણ-ધરના દ્વાર સમાન પ્રવ્રજ્યાને અંગીકાર કરીશ.

જે કુંભકર્ણ અને વિભીષણ મારા અપકારી હતા તે અરેખર સંસારના કુપંથનું દર્શન કરાવવાના કારણે મારા ઉપકારી બન્યા છે.

રાવણ પણ પહેલેથી જ મારો (માસીયાઇ) ભાઇ હતો, હવે તો કર્મથી પણ બંધુ બન્યો છે. તેના આ ઉપક્રમ (આક્રમણ) વિના ખરેખર મને આવી બુધ્ધિ થાત જ નહિ.”

આ ધ્યાન ધારામાં ચડેલા, રણસંગ્રામની ભૂમિ ઉપર વૈરાગ્ય પામેલા વૈશ્રવણે શસ્ત્રાદિનો સર્વથા ત્યાગ કર્યો. અને જાતે જ દીક્ષા અંગીકાર કરી.

મુનિવર બનેલા વૈશ્રવણને નમીને રાવણે અંજલિ પૂર્વક કહ્યુ “તમે તો મારા મોટા ભાઇ છો મારા યુદ્ધના આ અપરાધની મને ક્ષમા આપો. હે બંધુ ! નિશંકપણે તમે લંકામાં પણ રાજ્ય કરો. અમે તો અન્યત્ર ચાલ્યા જશું પૃથ્વિ કાંઇ આવડી જ નથી.”

રાવણે આટલું કહ્યા છતાં પ્રતિમામાં સ્થિર થયેલા મહાત્મા તદ્ભવ મોક્ષગામી મુનિવર વૈશ્રવણ કશુ જ ન બોલ્યા.

શ્રીવૈશ્રવણે નિઃસ્પૃહ જાણી રાવણે વંદન કરીને ક્ષમા માગી અને લંકા સહિત

ઈંડાહાર (માંસાહાર) અધર્માહાર

— અનુભાઇ શાહ લોક ભારતી–સણોસરા

આજે આપણે ધાનને ધૂળ કરીને ખાઇએ છીએ, એટલે તો આપણી શારીરિક, માનસિક શક્તિ ક્ષીણ થતી જાય છે. સાદો અને પૌષ્ટિક ખોરાક માનવીની શારીરિક, માનસિક શક્તિ મનોબળ અને વીલપાવર વધારે છે. પૈષ્ટિક અને પૌષણક્ષમ વિનાના ખોરાકનો આપણને ચસકો લાગ્યો છે, ઘરના ભોજન કરતાં હોટલ, લોજ કે અન્ય ભોજનમાં સ્વાદ માની તેનો આનંદ સાથે આસ્વાદ માણીએ છીએ. અરેખર આપણે ભીંત ભૂલીએ છીએ. અને જાતે જ આપણા શરીરને રોગોનું ઘર બનાવીએ છીએ.

માણસ હવે આસ્વાદ તેમજ અન્ય કારણોસર અન્નાહાર ને બદલે અધર્માહાર (માંસ, મચ્છી, ઈંડા) તરફ વળ્યો છે, પરિણામે શારીરિક રીતે સહન કરવાનું જ રહે છે, કરુણા દયાને બદલે નિષ્ઠુરતા વધતી જાય છે.

માનવીન શરીરની કુદરતી રચના અધર્માહાર માટે અનુકૂળ નથી. માંસાહાર અને અન્નાહારી જીવોની શરીર રચનામાં ઘણો જ તફાવત છે. આમ છતાં માણસ તેને અવગણીને માંસાહાર ઈંડાહાર તરફ વળ્યો, પરિણામે અનેક રોગોનો ભોગ બન્યો.

અન્નથી માનવ જીવનમાં વાત્સલ્ય, પ્રેમાળવૃત્તિ, કરૂણા, દયા, લાગણી ભાવ વગેરે આવે છે. અધર્માહારથી તો માનવીની મનોવૃત્તિને વિકૃત બનાવી દે છે.

ઈંડાહાર વિશે લોકોનો ખ્યાલ ભિન્ન ભિન્ન છે. તેઓની દલીલ છે કે ઈંડા નિર્જીવ છે, તેમાં શક્તિદાયી તત્વો છે, દૂધ અને અન્ય આહાર કરતા ઈંડા વિશેષ લાભદાયી છે, તે આર્થિક રીતે પોસાય તેમ છે. પણ ઈંડાહારની આ અધૂરી સમજણ છે. અને મોટા મરઘા ફાર્મ ચલાવનાર અને વેચનારની કમાવાની દૃષ્ટિ કે કોઇ અન્ય અગોચર કારણોસર લોકોને ઈંડાહાર તરફ વાળવાનો સતત પ્રયત્ન થઇ રહ્યો છે. આ લેખનો અભ્યાસ કરવામાં આવશે તો નગ્ન સત્ય ઉઘાડું થશે.

જગતના ધર્મોમાં પણ ધર્માહારને

પુષ્પક નામના વિમાનને રાવણે ગ્રહણ કર્યું.

પરાજય પામ્યા છતાં પણ દુશ્મન પ્રત્યેના દ્વેષને અને ભવિષ્યમાં રાજ્ય મેળવવાની તૃષ્ણાના તેજનારા મુનિવર શ્રી વૈશ્રવણને લાખ લાખ વંદના.

तदलं मम राज्येनानेकानर्थ प्रदायिना ।
उपादास्ये परिव्रज्यां द्वारं निर्वाणवेश्मनः ।।

અનેક અનર્થના દેનારા આ રાજ્ય વડે મારે હવે સયું. નિર્વાણઘરના દ્વાર સમાન પ્રવ્રજ્યાને હું ગ્રહણ કરીશ.

અનુમોદન આપ્યું હોય. નીચેના અવતરણોનો અભ્યાસ કરીએ.

"જે વ્યક્તિ ગાયનું માંસ ખાય છે તે તેની માતાનું માંસ ખાય છે."

—ભગવાન બુદ્ધ.

"પ્રાણીઓ પ્રત્યે (હિંસા) ક્રુર ન બનો, કોઇ પણ જીવતા પ્રાણીને ઇજા સુધા ન કરો"

—અશોકના શિલાલેખમાંથી.

"આ પૃથ્વી ગાયના શીંગડા પર બેઠી છે."

—ઇસ્લામ.

"ગાયનું દૂધ સ્વાસ્થ્ય આપે છે, તેનું માંસ રોગનું ઘર છે, ગાયના દૂધનું માખણ દવા સમાન છે ગાયનું" દૂધ રોગહર છે. —પૂનઃ સ્વાસ્થ્ય આપે છે."

—મહમંદ પયગમ્બર સાહેબ

ઈશ્વરે મનુષ્યને કહ્યું: "હું બધા જીવો (માછલી, પંખી, પ્રાણી...) તને સોંપુ છું મે તારા માટે બધાંજ પ્રકારના અનાજ અને ફળની (ખાવા માટે) વ્યવસ્થા કરી છે."

—માઉન્ટ ચીનાઇ પરથી ગેણીવાણી

"તું હત્યા કરતો નહી" (મનુષ્ય કે પ્રાણી)

—બાઇબલ (જૂનો નવો કરાર).

"સંપૂર્ણ અહિંસાના પાલન વિના આધ્યાત્મિક વિકાસ શકય નથી."

—જૈન ધર્મ.

"જ્યારે બધા જીવતા પ્રાણીઓ પ્રત્યેની 'દયા' મનુષ્યના હૃદયમાંથી ચાલી જાય છે ત્યારે મનુષ્ય વિવેક, બુદ્ધિ-શકિત ગુમાવી બેસે છે."

"જે સમાજમાંથી દયાનું ઝરણું સુકાય જાય છે તે સમાજ એક દિવસ નાશ પામે છે."

—હિંદુ ધર્મ.

"જ્યાં દયાની ભાવના નથી ત્યાં માણસ રાક્ષસ જેવું વર્તન કરે છે."

—સત્, ચિત્, આત્મન્.

આમ જગતના તમામ ધર્મો માનવને માનવજાત, પ્રાણી, પશુ, પંખી તેમજ જીવ સૃષ્ટિ તરફ પ્રેમ, કરૂણા, દયા અને લાગણી રાખો. તમો તેને બચાવશો તો અવશ્ય તે તમને બચાવશે. તેમ ઠોકી ઠોકીને કહે છે.

જૈન ધર્મમાં જણાવ્યું છે કે માણસે અભક્ષ વસ્તુ ખવાય નહીં.

ભારતીય સંસ્કૃતિમાં માંસાહાર—ઇંડાહાર વર્જ્ય છે.

ઇંડાહાર એ શાકાહારી કે અન્નાહારી નથી ભારત વર્ષની શસ્ય શ્યામલા ભૂમિમાં વતન પ્રેમીઓ માટે યોગ્ય આહાર નથી, ધર્મપ્રદાન સંસ્કૃતિનો અધર્માહાર—ઘાતક છે.

ઇંડા ખાનાર ને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે તમે ઇંડાનું ભક્ષણ કરી રહ્યા છો કે ઇંડુ તમારૂં સભ્યતા, આરોગ્ય, સંસ્કારિતા, સંસ્કૃતિ, ધર્મ અને પ્રકૃતિનું પ્રત્યેક કોળિયે ભક્ષણ કરી રહ્યું છે.

આ દેશની અજ્ઞાન, અશિક્ષિત અને

યુવાનોના સ્વાસ્થ્ય તેમજ આદિકાળથી ચાલતા આવતા સિધ્ધાંતો જોડે જે કુર મશ્કરી (રમત–રમાય છે.) કરવામાં આવે છે. તે જોતા આ પ્રવૃતિને "ભારતીય જનતાનું સુવ્યવસ્થિત, યુરોપીય કમિક રીતે કરાતું શોષણ" તરીકે વર્ણવી શકાય. આપણી સમજણ કેટલી અધૂરી અપરિપકવ છે જેને કારણે આપણે દિન–પ્રતિદિન ફસાતા જઇએ છીએ.

પાશ્ચાત્ય દેશોમાં ઇંડાહારની ગણના હવે સમાજ (જનતા) માટે વર્જ્ય એવા આહાર તરીકે કરાય છે. ઇંડાહારને ધુમ્રપાન જેટલો જ હાનિકારક ગણવામાં આવે છે, આ દેશો ઇંડા છોડે છે જે આપણે હોંશે–હોંશે બહાદૂરી પૂર્વક સ્વિકારી લેવા તૈયાર થઇ રહ્યાં છીએ, આ આપણી કમનસીબી છે; ભારતીય ઉંચી જીવન શૈલીની ગુણવત્તાનું જે ધોવાણ થઇ રહ્યું છે તેમાં ઇંડાહારના વધેલા વ્યાપનો ફાળો સવિશેષ છે.

ઇંડાહાર કે માંસાહારને પરિણામે કેટલું નુકશાન વ્યકિત સમાજને થાય છે. તેના આધારે સ્વીડન જેવો માંસાહારી દેશ પ્રાણી કલ્યાણનાં કાયદો પસાર કરી વિશ્વનો પ્રથમ દેશ બનવાનું શ્રેય મેળવી શકે તો સાંસ્કૃતિક પ્રધાન ભારત દેશ શું ન કરી શકે ?

શ્રીમાન્ વિશંકર દાદાને એક વખત થોડા યુવાનો મળવા આવ્યાં. અનેક વાતો થઇ પછી યુવાનો દાદાને કહે છે કે–આજે યુવાનોની શારીરિક શકિત ક્ષીણ થતી જાય છે, તો શકિત માટે અમો ઇંડાહાર કરીએ તો કેમ ? દાદા તો પ્રથમ વિચારમાં પડી ગયા. પછી કહ્યું કે– "ઇંડા મૂકનાર તેની માતા મરઘીને પૂછી જૂઓ." ભારતીય તમામ ધર્મો અને સંસ્કૃતિના નિચોડ સમા આ વાકયે યુવાનોને વિચારતા કરી મૂકયા. દાદા તો ધર્મપ્રધાન સંસ્કૃતિના પ્રતિક સમા હતા.

ઇંડાહાર વર્જ્ય શા માટે ગણવો તેના નીચેના પૂરાવા જોઇએ તો સ્પષ્ટ ખ્યાલ આવશે.

ઇંડામાં કોલે સ્ટરોલનું પ્રમાણ વધારે હોઇ તેનાથી ધમનીઓને સાંકડી બનાવી લકવો કે હૃદય રોગ જેવી બિમારીઓને નોતરે છે, કોલે સ્ટરોલ ચામડીના અણુઓ અને રકતવાહિનીઓમાં જમા થાય છે, જેથી જે–તે ના નામનો ભયંકર રોગ થાય છે. તેમજ બ્લડપ્રેશરનું રૂપ ધારણ કરે છે.

ઇંડામાં સોડિયમ સોલ્ટનું પ્રમાણ વધારે હોય બ્લડપ્રેશરના દર્દીઓ માટે તો ઇંડા વિષની ગરજ સારે છે. તેમાં કાર્બોહાઇડ્રેટ ન હોવાને કારણે કબજિયાત ઝીણાના દર્દ જેવી બિમારીઓ આવે છે, કફને વધારે છે. જે શરીરના પોષક તત્વોમાં અસંતુલન ઉભું કરે છે, ઇંડામાં તત્વો અસમાન પ્રમાણમાં રહેલા હોવાથી ઇંડા લેનારના પાચન તંત્રમાં કોઇપણ પ્રકારનો–સડો ઉત્પન્ન થવાની ભીતિ રહે છે, સુગર, સ્ટાર્ચ આદિ તત્વો નથી.

હાડકા દાંત, પાંસળા માટે અનિવાર્ય કેલ્શિયમની ઇંડામાં બહુ જ ઉણપ છે. આથી તો ડોકટરો અને વૈદ્યોએ ઇંડાને

દૂધ જેટલો જ સંપૂર્ણ સુપાચ્ય ખોરાક કહેવાનું બંધ કરી દીધુ છે,

ઈંડામાં આલ્બોનેવા ઉપરાંત એક નવું માઇક્રોબ મળે છે, જે આંતરડાનો ભયંકર રોગ ઉત્પન્ન કરે છે. મોટા આંતરડાનું કેન્સર થાય છે. ઉપરાંત ગોઠિયો વા (ઢીંચણમાં પાણી જામવું) જેવી વાતજન્ય બિમારી થાય છે. વૃધ્ધાવસ્થામાં બિમારી ખતરનાક અને કષ્ટદાયક નીવડે છે.

આનુવંશિક હૃદય રોગ ધરાવનારાઓએ સ્વપ્નામાં, ઈંડા ખાવા જોઇએ નહીં. આવા લોકો માટે ઈંડા ઝેર છે. ઈંડાહારથી નસો કમજોર પડે છે. શરીરમાં લોહીના ભ્રમણની ગતિ મંદ થાય છે. અને હૃદયની સ્વાભાવિક ગતિમાં અવરોધ ઉભો થાય છે.

ઈંડાનું ભક્ષણ એટલે હિંસા, અધર્મ, પાપ, અનૈતિકતા, અવગુણો, આવેશ અને રોગો વગેરેનું ભક્ષણ કરવા સમાન છે.

ઢંગલો, ખૂનામરકી, ટંટાફિશાદ માનસિક વિકૃતિ ઈંડા જેવા અધર્માહારી (બિન શાકાહારી-ઈંડાહારી) ખોરાકનું દુષ્ય પરિણામ છે.

પાંડુરંગ શાસ્ત્રીએ એક વ્યાખ્યાનમાં યુવાનોને કહ્યું કે-ઈંડા અને દૂધનો જન્મ શામાથી થયો એ વિચાર કરશો તો ખ્યાલ આવશે. ઈંડા એ કામવૃત્તિનું પરિણામ છે. દૂધનું સર્જન વાત્સલ્યનું પરિણામ છે. આમાંથી સૌએ નકકી કરવાનું કે કયો ખોરાક ખાવો.

ઈંડાહાર અકુદરતી છે તેમાં પાશવી વૃત્તિ જન્માવે છે. વ્યકિતત્વ કઠોર અને મગજમાં તાનાશાહી, ગુંડાગીરી વકરે છે. માણસના સંવેદાત્મક વિકાસને માઠી અસર પહોંચે છે.

આપણી અહિંસક ભૂમિ પર ઈંડા ખાવાની અને માંસાહાર કરવાની હિંસક વૃત્તિઓ અહેકવાથી કેવું પરિણામ આવે છે. આવી વૃત્તિઓથી દેશનાં આદર્શો, મૂલ્યો અને પરોપકારની-મહાન પરંપરાઓનો ખૂલ્લે ખૂલ્લા વધ થઇ રહ્યો છે.

પોલ્ટીફાર્મોમાં ૧૦૦૦થી વધારે ઔષધો, રસાયણો, હાડકાનો ભૂકો, મચ્છીનો ભૂકો વગેરેનો ઉપયોગ કરાય છે. આ તમામ ઝેર એકબીજા સ્વરુપે ઈંડા લેનારના શરીરમાં પ્રવેશી તેને અસંખ્ય રોગોનું સંગ્રહ સ્થાન બનાવી દે છે.

ઈંડુ જો સ્ત્રી બીજના સ્વરૂપમાં જ હોય તો તેમાં જીવ છે. કારણ કે સ્ત્રી બીજની ઉત્પત્તિ મરઘીના શરીરના જીવંત કોષોમાંથી થાય છે.

સુપ્રસિધ્ધ અમેરિકન વૈજ્ઞાનિક ફિલિપ. જે. રકેમ્બલના મતે કોઇ ઈંડા નિર્જીવ નથી. મિશિગન યુનિ. ના વૈજ્ઞાનિકોએ તો સોઇ ઝટકીને પૂરવાર કરી દીધું છે કે દુનિયામાં કોઇ ઈંડુ સેવાયેલું કે નહિં સેવાયેલું નિર્જીવ નથી. દરેક ઈંડામાં જીવ છે જ. જીવનના લક્ષણો યોગ્ય શ્વાસોચ્છવાસ વૃધ્ધિ ખોરાક લેવો તેમાં જણાય આવે છે. મરઘાના શુક્રાણુઓ મરઘીના શરીરમાં લાંબા સમય સુધી રહે છે. કયારેક તો આ અવધિ

છ માસની પણ જણાય છે.

લંડનના વિખ્યાત આહાર શાસ્ત્રી શ્રીમતિ કે. કેલેનીનું કહેવું છે કે-ઈંડાનો આહાર માંસાહાર કરતા પણ ખતરનાક છે. કારણ કે ઈંડામાં માંસ કરતાં પણ વધુ ચીકણો પદાર્થ રહેલો છે, જે કબજિયાતને પેદા કરે છે. કબજિયાત સર્વ રોગોનું મૂળ છે.

મરઘા ઉછેર કેન્દ્રોમાં પાંચ પ્રકારના હિંસક આહારો આપવામાં આવે છે. બોનમીલ (અસ્થિ આહાર) બ્લડમીલ (રકત આહાર) ફીસમીલ (વષ્ટા આહાર) વિ. મીટ મીલ (માંસાહાર) ફીશ મીલ (મત્સ્યાહાર) શું આ જાણ્યા પછી પણ ઈંડાને શાકાહારી કહેવાનું દુઃસાહસ કરી શકાય ખરું ? આ તો રોગોનું ઘર છે.

વિદુષી લેખિકા વિકટોરિયા મોરાન જણાવે છે કે "સેવાયેલા ઈંડાનો આહાર લેવો એ બચ્ચાઓના જન્મ પહેલાં જ તેમનું ભક્ષણ કરવા બરાબર છે. મને કહેવામાં આવ્યું છે કે પક્ષીઓની જાતિય ક્રિયાઓના એક ભાગરૂપ એવા બિન સેવાયેલા ઈંડાઓને માનવી માટેનો કુદરતી આહાર ગણી શકાય નહિ. કેલિફોર્નિયાની લોમાલિંડા યુનિ. ૨૪૦૦૦ વ્યકિતઓ પર પરીક્ષણ કરી એવું તારણ કાઢયું છે કે શુધ્ધ શાકાહારીઓની સરખામણીએ ઈંડા ખાનાર વ્યકિતઓમાં હૃદય રોગથી થનારા મૃત્યુનું પ્રમાણ ૧૦ ટકા વધુ હોય છે.

માણસની ધન કમાવવાની લાલસા એટલી તીવ્ર બની છે કે તે પશુ પંખી શરીરની સાથે ચેડા કરવા માંડયો છે.

ઈંડા ખેતીને આધારે જે સંસ્કૃતિનું નિર્માણ થયું છે કે તેના દુષ્ટ પરિણામો હવે વર્તાય રહ્યા છે, શું પોલ્ટ્રીઓમાં પ્રવર્તતી બિમારી આંતકપૂર્ણ. ભયભીત, કુર, જંગલિયતભરી જીવન પધ્ધતિ અજાણે પણ આપણી જીવન પધ્ધતિ નથી બની રહી ? ભારતીય જીવન શૈલીની ગુણવત્તાનું જે ધોવાણ થયું છે તેમાં પોલ્ટ્રીઓ તથા ઈંડાહારનો વધેલા વ્યાપનો ફાળો સવિશેષ છે.

આહાર વિજ્ઞાનીઓ સ્પષ્ટપણે જણાવે છે કે પરિવારના બજેટમાં ઈંડાને સ્થાને દૂધને પ્રાથમિકતા આપવી જોઇએ. એક તો ઈંડા કરતાં દૂધ સસ્તુ પડે છે. અને બીજું તેમાં કેલ્શિયમનું પ્રમાણ પણ વધુ હોય છે. અનેક પોષક તત્વો પણ છે.

બ્રિટનના ડો. રોબર્ટ ગ્રોસે ચેતવણી આપી છે કે ઈંડાના પ્રવેતકમાં 'ઓવિડિન' હોય છે, જેનાથી કોઢ, લકવા, ચર્મરોગ, ચામડીનું કેન્સર અન્ય એવાજ પ્રકારની બિમારીઓ થઇ શકે છે.

વિશ્વ વિખ્યાત પહેલવાન રામમૂર્તિ સંપૂર્ણ શાકાહારી હતા. તેમણે માંસ, ઈંડા અને મચ્છી લેવાવાળા પ્રચંડ શકિતવાન પહેલવાનોને પરાભવ આપ્યો છે. આમ ધર્માહારીમાં શારીરિક, માનસિક અને આત્મિક શકિત (વીલપાવર) રહેલી હોય છે.

સાયકલ ચલાવનારા વિશ્વવિક્રમ સ્થાપનાર અમેરિકાના શ્રી એસ્ટલી તથા શ્રી એરિલ સંપૂર્ણ શાકાહારી હતા.

મુંબઈની હાર્ટકીન ઇન્સ્ટીટ્યુટે તારણ કાઢ્યું છે કે ઇંડાના આહારથી બાળકોને સંધ્યાબંધ રોગ થઇ શકે છે. ઇંડા હાયપાવર એસિડીટીને જન્મ આપતાં હોવાનું તેમનું કહેવું છે, આ ઉપરાંત બાળકોનું પાચનતંત્ર એટલું કોમળ હોય છે કે તેઓ ઇંડાને પૂરેપૂરા પચાવી શકતા નથી. આથી બાળકોને કોઇપણ સંજોગોમાં ઇંડા અથવા ઇંડા મિશ્રિત પદાર્થો (કેક, આમલેટ, આઇસ્ક્રીમ, બિસ્કિટ વગેરે) આપવા જોઇએ જ નહીં.

અમેરિકાના કરાટેમાં વિશ્વ ચેમ્પીયનશીપ સ્પર્ધા જીતનાર શ્રી રિજલી એબલે સંપૂર્ણ શાકાહારી છે. આઠ રાષ્ટ્રીય વિક્રમ સ્થાપનાર શ્રી એબેલનું માનવું છે કે ઇંડા શક્તિદાયક છે, એ માન્યતા કેવળ ભ્રમ છે.

આ લેખના અભ્યાસ પછી ઇંડા ખાનાર તેને પ્રોત્સાહન આપનારે ગંભીરતાથી વિચારવું અત્યંત આવશ્યક છે.

મધ્યાહન ભોજનમાં બાળકોને ઇંડા આપવાની યોજના ભવિષ્યમાં રોગિષ્ટ નાગરિકો પેદા કરી સમાજ આખાને રોગોનો ભોગ બનાવી દેવા તેવી વાત છે.

વિખ્યાત ડાયેટિસિઅન્સ અને ન્યુટ્રિસન્સ ડો. વસંતભાઇ પણ કહે છે કે – અલ્પ પૌષ્ટિક ઇંડામાં ગુણ ફકત ૫% અને અવગુણ ૯૫% છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે–કોઇ પણ દેશની મહાનતાનું માપ ત્યાં પ્રાણી સાથે કેવો વર્તાવ કરવામાં આવે છે તેના પરથી નીકળી શકે છે.

કતલખાને જતા જીવ રોકયા

અમદાવાદ–પશુપાલન મદદનીશ નિયામકના ઓચિંતા ચેકીંગમાં વાછરડા ભરેલ બે ટ્રક રાજસ્થાનથી ગુજરાત જતા પકડી પાડયા. ૮૦ વાછરડા કબજે કરી ઇડર પાંજરાપોળમાં રાખ્યા છે.

ચેકીંગ વિના તો આવા કેટલાક ટ્રક ચાલ્યા જતા હશે ?

મોરબીમાં શહેરના જુદા જુદા વિસ્તારમાં નગરપાલિકાના ઇન્સપેકટરોએ રાઉન્ડ લેતાં જાહેરમાં મટન વેચતા ૧૨ ઇસમનો કોર્ટમાં કેસ કરતાં દંડ કરેલ.

રાઉન્ડ ન હોય ત્યારે તો કાયમ એવા કેટલાય કામ કરતા હશે ?

ચોટીલા–પોલીસે ટ્રક જી આર એફ. ૩૫૫૨ ઢોર ભરી કતલખાને લઇ જતી પકડી અને તે કામ કરનારની ધરપકડ કરી.

માંસ ભક્ષણ અને માંસ વ્યાપાર કમાણી કરવાની પાપી વૃત્તિઓ જ માનવોને આવા ઘાતકી કર્મ કરાવે છે તે વૃત્તિ તૂટે એ જરૂરી છે.

જામનગર– ખોડિયાર કોલોનીની પાસે કતલખાને લઇ જનારની પોલીસે ધરપકડ કરી હતી. ઘેટાં બકરાં પાંજરાપોળમાં મોકલ્યા હતા.

પોલીસ કયાં પહોંચે ? લોહીનો વેપાર કરનારી આસુરી વૃત્તિ ચોમેર ફેલાઇ રહી છે.

સામાયિક સ્ફુરણા

જિનમંદિરોની અવજ્ઞાથી બચો ?

સુધારકવાદીઓએ જૈન ધર્મના મૂળ પાયાના ક્ષેત્રોનો વિરોધ કરવાનું ચાલુ રાખ્યું છે પરંતુ તેમાં ન ફાવતાં હવે જૈન સંઘમાં ઘુસીને તેવા ઢીલા વિચારવાળાને ઉભરાવવા માટે કુયુક્તિઓ અને દૃષ્ટાંતો આપીને તે જ રજુઆત કરે છે.

તાજેતારમાં પંકજ કોઠારી મુંબઇ સમાચાર જયજિનેન્દ્ર વિભાગમાં લખે છે કે–

"જૈન સમાજની આજના સમયની આજના નવા વિચારવાળા યુવકોને સ્પર્શી જાય તેવા મુદ્દાઓ લઇને રજુઆત થાય એ ઘણું જ પ્રશંસનીય છે. આજે જૈન સમાજમાં બે ટંક ખર્ચા, મિથ્યા આડંબર વિ. વધી રહ્યા છે. આપણે લોકોની નજરમાં ચઢી ગયા છીએ પણ શું સમાજના ઠેકેદારો કે ગુરુભગવંતોને આ વાત ગળે ઉતરી છે ? કે પછી બહેરા કાને જ અથડાય છે. જ્યારે મંદિરો કે દેરાસરોને નુકશાન થાય છે ત્યારે ચોકી કરતા હોય કે પૂજારીઓ શું તેનું રક્ષણ કરી શકે છે ? કે કરી શકશે ?

ખરી વાત એ છે કે આપણે જ આપણી રક્ષા કરતાં શીખવું પડશે. જેટલાં દેરાસરો છે તેને સાચવીએ સાર–સંભાળ લઇએ અને સારી સ્થિતિમાં રાખીએ તોય ઘણું સારૂં છે. બાકી હવે તો નવા દેરાસરો બંધાવવા કરતાં યુવાનોની શારીરિક તંદુરસ્તી વધે તેવા અખાડાઓ બનાવવા જેવા છે. મુંબઇની આટલી સમૃદ્ધ ગણાતી જૈન કોમ પાસે પોતાની કહી શકાય એવી શાળાઓ કોલેજો કે હોસ્પીટલો કેટલી ? આજે લગ્ન માટેની વાડીઓ કે હોલ પણ બનાવવાની જરૂર છે."

શ્રી પંકજભાઇની રજુઆત માત્ર દેરાસરો પ્રત્યેની અરુચિમાંથી થઇ છે. બાકી દેરાસરો કે ગુરુ ભગવંતોને વચ્ચે લાવ્યા વિના સમાજ માટે ઘણું લખી શકત.

ગુરુ ભગવંતો માટે બહેરા કાને અથડાવાની વાત લખી છે તે બતાવે છે કે તેમને મન ગુરુ ભગવંતો પ્રત્યેની સદ્‌ભાવનાની ઉણપ છે.

જૈન મંદિરોને મુસલમાન યુગમાં કેટલું નુકશાન થયું તે તમે ઇતિહાસ વાંચો તો ખ્યાલ આવે અને છતાં મંદિરો જુના ગયા અને નવા થયા અને તે ક્રમ ચાલુ છે વળી જ્યાં મંદિરો હોય ત્યાં બંધાવવાનો આગ્રહ ન હોવો જોઇએ પરંતુ આજે તો ઘણી વસ્તી જૈનોની હોય છતાં મોટા શહેરોમાં પણ પરા વિગેરેમાં મંદિરો નથી તે માટે પંકજભાઇ જો કંઇ સર્વે કરે તો ખ્યાલ આવે.

મંદિર એકવાર બની ગયા પછી કેટલીએ પેઢીઓ સુધી તે ફરી બનાવવાની જરૂર પડતી નથી. જીર્ણોદ્ધાર કે નવાની જરૂર પડે તો તેટલી દેવદ્રવ્યની આવક પણ મંદિરોમાં થઇ જાય છે. સમાજમાંથી ફંડ કરીને મંદિરો બનાવવાના દાખલા જુજ છે. કોઇ વ્યકિત બાંધે તે વાત જુદી.

રક્ષણની વાત પણ તેમની વિચાર વગરની છે. હંમેશા ચૌકીદારો ચોકી કરતા હોય છે કોઇ શેઠીઆઓ ચોકી કરતા નથી અને ચોકીદાર તરીકેનું કામ શેઠીઆઓનું પણ નથી. કોયા પૂજારીઓની વાત પણ બરાબર નથી. શું જૈનોએ બંગલા ફ્લેટ લીધા, નથી તેની ચોકી કોણ કરે છે ? શું શ્રેષ્ઠિઓની તેમના પુત્રો વિગેરે ચોકી કરવા બેસે છે ? બરાબ કાળ આવે તો સહન કરવું પડે અને મુસલમાનોએ હજારો મંદિર મૂર્તિઓ તોડી છે તૂટયા નહિ ત્યાં ધોકાથી મૂર્તિઓના છેવટે નાક તોડી નાખ્યા છે. ત્યારે જૈનોએ સાવધ બની મૂર્તિઓ સંતાડી દીધી. સંતાડીને થાય તે રીતે રક્ષણ કર્યું એની તે જ મુશલમાનોને ઉદાર અને સ્થિર ચિત્ત તથા શ્રધ્ધાવાળા જૈનોએ સહકારમાં પણ લીધા છે. જૈનાચાર્યોએ તેમને પ્રતિબોધ કર્યો છે. જૈન ધર્મના પ્રેમી બનાવ્યા છે અને મુશલમાન બાદશાહ દ્વારા શ્રી સિધ્ધગિરિજીના સંઘ વિ. કાર્યો પણ કરાવ્યા છે.

પરંતુ આજની જેમ જૈનો જ જૈન ધર્મની અને જૈન ધર્મના આલંબનોની ટીકા નિંદા કે અવજ્ઞા કરતા ન હતા. તમે મુંબઇમાં છો. અને સર્વે કરો કે બંગલા-વાળા કે સોસાયટીઓ કે બહુમાળી બિલ્ડીંગો છે તેમાં કેટલા જૈનો ચોકીદાર છે અને કેટલા કોયા ચૌકીદાર છે ? આ સર્વે તમે પ્રગટ કરો તો તમારી વાત સાચી છે કે જિન. મંદિર આદિ પ્રત્યેના અનાદરવાળી છે તે ખ્યાલ આવશે.

જિન મંદિર બંધાવવા ને બદલે અખાડાઓ, શાળાઓ, કોલેજો, હોસ્પીટલો બંધાવવાની વાત કરે તે જ અપ્રસકૃત છે. આજે ઘણા શ્રાવકોએ તે શાળા આદિ બંધાવ્યાં છે પણ તેમાં જૈનોને સ્થાન નથી, જૈનોનું ઉપજતું નથી. માત્ર કીર્તિ માટે જ આ થયા છે અને ચલાવવાની પણ ત્રેવડ નથી માટે સરકારને સોંપી તેની આન્ટ લઇને ચલાવે છે. એક ગામડામાં પ્રાથમિક શાળામાં ૫-૭ શિક્ષકો હોય ત્યાં માસિક ૧૫ થી ૨૦ હજાર પગાર સરકાર ચૂકવે છે તે કોયો જૈન કરે એમ છે. વળી સરકાર તો તે કાર્યો કરે જ છે. માત્ર જૈનો જે તકલીફવાળા હોય કે શકિતહીન હોય તેવાને ભણાવવા કે દવા કરાવવા કોણ તૈયાર છે ? નામ માટે ૨૫ લાખ આપનારા આવા માટે શું કાઢવા તૈયાર છે ?

આજે સેંકડો જૈન બોર્ડિંગો વિ. ખાલી પડી છે. ધાર્મિક સંસ્કાર આપવા કયા મા-બાપ તૈયાર છે ? ગામમાં પાઠશાળા વિ. છે તેમાં પણ કેટલી સંખ્યા છે ? જૈનોને પોતાની શ્રધ્ધા હોય તો તેમને ઘણું કામ થઇ શકે તેમ છે.

વળી તેઓ લખે છે કે—

'આપણે આ બાબતમાં પારસી ભાઈઓ પાસેથી ઘણું શીખવા જેવું છે. માત્ર ક્રિયાકાંડોમાં સમય અને સંપત્તિ વેડફી નાખવા કરતાં રચનાત્મક અને પ્રગતિશીલ કાર્યોમાં પ્રવાહ વહેવડાવવાની જરૂર છે.

આપણી પાસે અંગ્રેજી માધ્યમની કોઈ-સારી સ્કુલ નથી.

પંકજભાઈની વાતમાં ધર્મક્રિયા ઉપરની અરુચિ દેખાય છે. ધર્મક્રિયામાં કેટલો ખર્ચ થાય છે. આજના લગ્નો તેના ડેકોરેશનો તેના રીસેપ્સનો હોટલોના આયોજનો તેમની નજરમાં આવ્યા જ નથી. લગ્ન પ્રસંગે પણ કપડાના જથ્થા તથા બીજા પણ ખર્ચ તેમને દેખાયા નથી માટે ધર્મક્રિયામાં સમય અને સંપત્તિ વેડફાતી દેખાય છે?

એકે રીસેપ્સન જેવું તમે સાધર્મિક વાત્સલ્ય જોયું છે? એકે લગ્ન, મકાન કે ફેકટરીના ઉદ્‌ઘાટનના જમણવાર જેવો જમણવાર સાધર્મિક વાત્સલ્યના જોયા છે? ટી. વી. છાપ., સિનેમા વિગેરેમાં જતાં સમયનો વ્યય તેમને દેખાતો નથી. માત્ર પૂર્વ-ગ્રહથી ધર્મક્રિયામાં જ સમય અને સંપત્તિનો વ્યય તેમને દેખાય છે. તે માત્ર તેમનું ઉપરછલ્લું તારણ અને ટુંકી બુદ્ધિની નજુઆત છે.

સ્કુલ, કોલેજ, હોસ્પીટલ કે લગ્નની વાડી વિ. તો અમુક ને અમુક પ્રસંગે કે અમુક કારણે જ કામ લાગે છે ત્યારે જિન મંદિર કે ધર્મક્રિયા આબાલ વૃધ્ધ સૌને કામ લાગે છે.

મંદિરો કે ધર્મસ્થાનોમાં સમય સંપત્તિ વેડફાઇ જતી લાગે છે. તેમને સંસદો, વિધાનસભાઓ, સેક્રેટેરીયરો, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ, મંત્રીઓ, સાંસદો વિ. ના ભવનો અને ખર્ચા દેખાતા નથી.

ખરી વાત એ છે કે જૈનો જો ગુરુ ભગવંતોની પાછળ ચાલ્યા હોત તો આજે એક પણ જૈન ધર્મક્રિયા વગરનો ન હોત તેમ નહિ તેને ભણવા દવા કે આર્થિક પણ સગવડની ઉણપ ન રહેત. ધનવાનો અને સુધારકો કીર્તિ અને વિચારોના પ્રદૂષણમાં પડી ગયા. તેમને ગુરુના ઉપદેશની અસર નથી સમજવાની પડી નથી તેથી વારે ને તહેવારે જૈન આચારો વિચારો અને આલંબનોને આંકે છે.

જૈને જ નકકી કરી નાખે કે જૈનોના વેલફેર સિવાય ૫-૧૦ વર્ષ કયાંય બીજે વ્યય ન કરવો તો શું બને છે? ધંધા આદિ માટે લાખોમાં અને બીજા પણ લાખોનો વ્યય કરનારાઓ આ ભાઇને ન દેખાય તે પણ સમયની બલિહારી છે.

પંકજભાઈ તો માત્ર લખાણના નિમિત્ત છે. પરંતુ વિવેકી જૈનો આ માટે ઉંડાણથી

વિચારે અને સમજે અને સન્માર્ગનો જે આશ્રય લે તેને જૈનો માટે આજે જે તક છે જે દીવાળી જેવી છે તે પૂબ ઉજ્જવળ છે અને એથી જ આ લક્ષ્મીથી બુદ્ધિશાળી, વિવેકી, સમૃદ્ધ અને શ્રધ્ધાળુ જૈનો સમજે અને દેવગુરુની સિધ્ધાંતિક વફાદારી કેળવે અને એમ થાય તો સંઘમાં પણ જે ખામી કે દૂષણો પેસી ગયા કે પેસતા હોય તે પણ દૂર થતાં વાર નહિ લાગે. અને જૈન આચાર્યો અદ્ધિ તથા જૈન શ્રાવકોના ભૂતકાળના આદર્શો આજે પણ ખડા થઈ શકે છે તે કહી શકાશે.

મોક્ષલક્ષી જીવનચર્યા ઉડી ગઇ અને માત્ર અર્થ કામલક્ષી ચર્યા બની ગઇ. તેને કારણે ધર્મમાં રસ જામતો નથી અને મોટો ભાગ તો લાલચ આડંબર અને પ્રવાહથી કરે છે. જે વર્ગ તાત્ત્વિક દૃષ્ટિએ કર્મની ફિલોસોફી સમજે છે. તે પણ જો સ્થિર થઈ જાય તો જેમ એક દિવાદાંડી અનેક દરિયાઈ વાહનોને માર્ગ દર્શન આપે તેમ એક જૈન પણ હજારો જૈનોનો આધાર આલંબન બની જાય.

લાલચુઓની લાલસા વધવાને કારણે જૈન સંઘમાં લાલચ માટેના અનુષ્ઠાનો વધવા લાગ્યા તેમાંથી જ પદ્મમાવતી પૂજન, માણિભદ્ર પૂજન, ઘંટાકર્ણ પૂજન જેવા અનિષ્ટો પેદા થયા. લાલચુના ટોળા જોઇને સાધુઓ પણ તેના ગોર હોય તેમ વર્તવા લાગ્યા અને પરિણામ એ આવ્યું કે જૈન ધર્મની મૌલિકતા નષ્ટ ભ્રષ્ટ થવા લાગી છે, આ સ્થિતિમાં પંકજભાઇ જેવાના વિચારોમાં ન આવતાં, વિવેક કેળવી જાણકાર પાસે સમાધાન કેળવી શ્રી મહાવીર પરમાત્માના મોક્ષપ્રાપક માર્ગે જ પ્રેમી આરાધક અને ઉપાસક બનવાની જરૂર છે. અને ત્યારે સાચા અર્થમાં જીવને આરાધના માર્ગનો અનુભવ અને પ્રાપ્તિ થશે.

ઘંટાકર્ણ–માણિભદ્ર આદિની અંધશ્રદ્ધા છોડો.

જૈન શાસનમાં ચાર પ્રકારનું મિથ્યાત્વ બતાવ્યું છે. (૧) લોકોત્તર દેવગત (૨) લોકોત્તર ગુરુગત, (૩) લૌકિક દેવગત, (૪) લૌકિક ગુરુગત.

શ્રી મહાવીર સ્વામી આદિની કે જૈન દેવ–દેવીઓની માનતા (બાધા) વિ. કરે તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ છે. અને જૈન મુનિઓની બાધા (માનતા) કરે તે લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ છે. જ્યારે લૌકિક દેવોની બાધા માનતા કરે તે લૌકિક દેવગત મિથ્યાત્વ છે. અને લૌકિક સંન્યાસી આદિની બાધા માનતા કરે તે લૌકિક ગુરુગત મિથ્યાત્વ છે.

માણિભદ્ર ચક્રેશ્વરી અંબાજી પદ્મમાવતી આદિની બાધા માનતા કરે તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ ગણાય છે. અને ઘંટાકર્ણ. કે લૌકિકદેવો વિ.ની બાધા માનતા કરે તે લૌકિક દેવગત મિથ્યાત્વ બને છે.

ભાગ્ય પ્રમાણે ફળ મલે છે. આસંસાથી કરેલો ધર્મ પણ પાપાનુબંધી પુન્ય બંધ વે છે. જે ભાવિમાં ભવમાં ભમાડનાર બને છે. ઘંટાકર્ણને માનનાર બે મહાત્માઓ જે રીતે ખોટે માર્ગે બધા અને જે શાસનની લઘુતા થઇ તે વિચારતાં તેઓ ઘંટાકર્ણના ખાસ પ્રચારક હોવા છતાં આવી અપભ્રાજના થઇ અને ઘંટાકર્ણ તેમની કે તેમના વડિલોની સહાયમાં ન આવ્યા. આ જોઇને એક તુત અને ભ્રમ રૂપ ઘંટાકર્ણનો પ્રચાર અને માન્યતા છે એથી આવી ભ્રમણામાંથી મુકત થઇ ઘંટાકર્ણને માનવા કે તેના જપ, માનતા, સુખડી ધરવી, દર્શન પૂજન કરવા, વિ. તે બધું જ સ્પષ્ટ ખોટું છે અને ઘંટાકર્ણનો પ્રચાર પણ લોકોને ભરમાવવાનું એક જુઠાણું છે. પૂજ્ય પૂ. આ. ભ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ કહેતા હતા અને લખ્યું છે કે મારા પૂ. ગુરુ બુધ્ધિસાગરજી મ. સા. કોઇ જગ્યાએ ઘંટાકર્ણ પધરાવશો નહિ તેમ કહી ગયા છે. અને હું પધરાવતો નથી વિ.

એવ જ રીતે પદ્મવતી, ભદ્રિભદ્રને માનનારા પ્રચાર કરનારા સાધુઓ વિ. જે જાતનું જીવન જીવે છે તે તેમની સાધુતાને શોભતું નથી અને તેમની એ સ્થિતિ પણ ઘંટાકર્ણ જેવી છે અર્થાત્ લોળા કે લાલચુ લોકોને છેતરવા ધૂતવા અને ભરમાવવા જેવું છે. માટે જૈન શાસનની શુધ્ધ સિધ્ધાંતિક કર્મના બંધ નિર્જરા વિ. ને ઓળખીને દેવ દેવીઓની ભરમાળથી સાવધાન થઇને અનંત જ્ઞાની વીતરાગ પરમાત્માનો જ નિર્મળ ભકિત કરવી જોઇએ. જ્યાં ત્યાં આવા દેવ દેવી પધરાવવા તેના પૂજન હોમ હવન કરવા વિ. જૈન શાસનને ઉન્માર્ગે લઇ જનારી પ્રવૃતિઓ છે. તેમાં જોડાનારા પણ તે દોષના ભાગી બને છે. આ દેવ દેવીઓને માનનારા કે પ્રચારનારા માત્ર સ્વાર્થ બુદ્ધિવાળા છે. સાધુઓ પણ પરીગ્રહ અને ઉન્માર્ગના ઉપાસક બની જાય તેવું દેખાય છે. તેઓ જૈન સિધ્ધાંત જૈન આચારને સ્થાપી શકતા નથી. જૈન શાસન ઉપર આવેલ બહારની અંદરની આપત્તિઓમાં નપુંસક જેવા છે. કંઇ રક્ષણ કે ઉપાય કરી શકતા નથી. માત્ર પોતાની આસપાસ વાહવાહ થાય છે અને તેવું ખુણી ધખાવીને બેઠેલા બાવાઓ પણ કરી શકે છે. માટે તેઓને પણ આ સમજણ આવે અને જગતને પણ સમજણ આવે. એ જ અભિલાષા.

નાડોલ તીર્થ,
૨૦૪૯ વૈ. સુ. ૧૧

—જિનેન્દ્રસૂરિ

卐

સંસ્કૃતિના સોણલા

—પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજી મ.–નવાખલ

(ક્રમાંક – ૨)

આંધળી દોટમાં, બહાર પોપ અને ગીલ્ટથી આકર્ષાયા–ઘેરાયા. સ્વકીય શુધ્ધ આદર્શો અને ધ્યેયના શુધ્ધ સુવર્ણને ન ઓળખતા, ઝાકઝમાળીમાં આંધળી દોટ મુકી, આર્ટીફીશીઅલ ઝળકાટથી અંજાયા. **ધર્મને—સમાજને—સંસ્કૃતિને વિનાશના પંથ ઉપર લાવી મુકયા.** ત્યાં સુધી કે હવે માર્ગ જડતો નથી. કારણ કે સત્તાના પંજા જોરથી પડે જાય છે. એક પછી એક કાયદા અને બંધનો, એવા વિચિત્ર રીતે, મારક શૈલીથી આવ્ય જાય છે કે દિશા જડતી નથી. બાર સાંધે અને તેર તૂટે વાળી દશા બની ગઇ છે. સરકાર સાંભળે તેમ નથી. સાંભળે તો દેખાવ પુરતુ–ફારસ જેવું. આંખ આડા કરવા પુરતું વ્યાપાર–વાણિજ્ય, લેવડ દેવડ, હરવું ફરવું, ખાવું પીવું, મુડી નાણું, લગ્ન વિવાહ, બેટા બેટી, ઘર બંગલો, બધું નિયંત્રિત–બધું પરતંત્ર : હવે વધો આગળ. ધર્મ ઉપર તો પુરેપુરૂ નિયંત્રણ. અને તે પણ ધર્મની મૂડી–ધર્મના ટ્રસ્ટના રક્ષણના, તદ્દન બનાવટી નામ. એટલે માત્ર શરીર ઉપર જ નહિ, આત્મા ઉપર પણ મહા નિયંત્રણ. **હિંસા તો જાણે સ્વાતંત્ર્ય દેવીની મહા સખી થઇ બેઠી છે.**

બીચારા જળમાં જીવતા નિરૂપદ્રવી પ્રાણીઓ, ઝાડપાન પર ખેલીખાતા, કુદતા રમતને ખોળે રમતા વાંદરાઓ, બીજા પશુઓ, અરે મરઘા બતકાઓ, બધાનું હવે મહા–અહિંસક ગણાતા ભારતવર્ષમાં મૃત્યુ–મૃત્યુ અને મૃત્યુ ભૃણ–ગર્ભમાં ઉછરતા જીવો પ્રત્યેની ક્રુરતા તો કલમથી આલેખાય એમ નથી. આ સઘળુ પ્રજાની આબાદી–પ્રગતિ–જીવન ધોરણ ઉંચુ લાવવા માટે. **પ્રજાના સ્વાસ્થ્ય અને શારીરિક સ્ફુર્તિ માટે.**

ભલેને ક્ષય રોગીઓ ડગલે પગલે વધતા જાય. ભલેને ભૂખમરો, કરાળ કાળ, બનીને ક્ષય–કમ–શ્વાસ નિર્વીર્યતાને નિપજાવે જ જાય. ભલેને આંખના તેજ અને ઇંદ્રિયોના બળ ઘટતા જાય. પણ આ બધાને પોષનાર–ઉત્તેજનાર **હિંસા એ જ અમારૂં હથિયાર.**

શું કરવું કેમ કરવું?–અમારા આમોદ પ્રમોદ, સંસ્કાર પ્રોગ્રામો, ખેલકૂદની રમતો, બધાજ અસંતોષ અને વિલાસના ધામો. અસંસ્કૃતિના સર્જકો પ્રજાના પરસેવાના પૈસાનો ચેડફાટ. **બેકારીનું રામબાણ ઔષધ.** કયાંય સહાયક ભાવના દેખાઇ ? કયાંય પરને માટે ઘસાઇ, પરને શાંતિ આપવાનું નિહાળ્યુ ? સ્વના ભોગે પરના દુઃખો દૂર કરવાની ભાવના સ્ફુર્ણાઇ ? આપણને નહિ તો, પડોશીને પણ હો આવી ઉદારતા હૈયામાં જાગી ? હકાર કયાંથી મળે ? અને નકાર તો પાસે છે જ.

તો આવું બધું કેમ બની ગયું? કેમ બની

રહ્યું છે ! અને તે પણ ભારતવર્ષની ભવ્ય ભૂમિ ઉપર. કોઈને વિચારજ નથી આવતો ને આવે છે તો મુક ને જંજાળ. આખી દુનિયાને આપણે કયાં સુધારવા જવાના છીએ. સૌનું સૌ ફોડશે. આપણું જ સંભાળાતું નથીને. આવી સ્વાર્થી ભાવનાજ સંસ્કૃતિથી દૂર રાખે છે.

જરા સાયકોલોજીમાં ઉતરીએ, જરા મનનું–વિશ્લેષણ કરીએ, તો તૂર્ત સમજાઈ જશે કે આપણા પરાપૂર્વના સંસ્કારો, આર્યાવર્તના પવિત્ર ઇતીહાસના સંસ્કારો, આપણી સમક્ષ આપણી સંસ્કૃતિ તો કોઇ કોઇ વાર ખડી કરે છે, પણ આજનાં વિષમ સંજોગો, આજની આર્થિક દુબળી, પરિસ્થિતિ, આજના કમ્મરતોડ કરવેરા, આજનું બીભત્સ મોંઘું એજ્યુકેશન, આજની ભયંકર મોંઘવારી, વિ. વિ. મનને દુબળું–નિઃસહાય, નિર્વિચારક પ્રાયઃ બનાવી દે છે. અને જ્યાં આપણી કુમધાજ દૂર કરી શકતા નથી, ત્યાં આપણા પ્રાણથી અધિક ધર્મ અને સંસ્કૃતિ તરફ ધ્યાન, આવી પડેલા અને આવી પડતા પ્રાણઘાતક હુમલાઓથી બચાવ અશકય. આમજ સૌને લાગે છે.

અધુરામાં પુરૂ– આત્મા અને કર્મ, પુણ્ય અને પાપ, પૂર્વ ભવોમાં કરેલા સારા નરસા કર્મોનું ફળ, એજ આ ચાલુ જીવન, એ પાયાના જીવવાની કળાના વિચારો, એનો સાક્ષાત્કાર પણ અભ્યાસ, પ્રાયઃ અભરાઇએ મુકાયો, ત્યાં વધુ ઉંચી વિચારસરણી –આશ્રવ સંવર, બંધ નિર્જરા,–ના મીઠા અમૃતપાનની–કલ્પના પણ ક્યાંથી હોય. મુક્તિ–મોક્ષ–અનંત અવ્યાબાધ–શાશ્વત–સદાના દુઃખના લેશવિનાના સુખનું સોણલું કયાંથી આવે.

જન્મે એ મરેજ. ખેલવામાં રહ્યું. હૈયાની માન્યતામાં નહિ. આ ભવમાં લીલા તો પરભવકા કયા ખીલા ? ખાઓ, પીવો, મોજ,–ડ્રીન્ક–ડીલાઈટ એન્ડ બી મેરી. આવો, પીવો–મોજ મજા–આનંદમાં રહો. સીમા–મર્યાદાનું છેલ્લી કોટિનુ ઉલ્લંઘન થઇ ગયુ છે. થઇ રહ્યું છે.

કોઇ રસ્તો ? બચાવનો માર્ગ ? સંસ્કૃતિના રક્ષણમાંજ, પુત્ર પુત્રીનું, કુટુંબ સમાજનું, ધર્મનું, ધર્મની સાચી સામગ્રીનું સારાએ ભારતવર્ષની ભવ્ય પ્રજાનું, વિપ્લવ–વિપ્લવશાંતિનું, કલ્યાણ માર્ગનું, રક્ષણ છે. એ નિઃશંક વાત અને આદર્શ વિચાર છે.

વિશિષ્ટ તત્વો :— ભારતવર્ષમાં પાયામાં રહેલી આર્ય સંસ્કૃતિ અને તેના સર્વોચ્ચ શિખરે રહેલ સનાતન જૈન મહાસંસ્કૃતિના રક્ષણ માટેના માર્ગો વિચારતા પહેલા, આજના વિશિષ્ટ–મારક–ઘાતક–પ્રત્યાઘાતોને બરાબર જાણી લેવા પડે. તેની ચારેબાજુની, ખુલ્લી છૂપી હિલચાલ પણ પારખવી પડે. તોજ વિશિષ્ટ મુદ્દાઓનું તારણ સરળ અને સહેલ બને. કોઇ પણ રાજ્યતંત્ર બદલાય અને મોટો પલટો આવે, ત્યારે મુખ્ય ત્રણ બાબતો ઉપર, નવી સત્તા ધ્યાન કેંદ્રિત કરે. ધર્મ–અર્થ. શસ્ત્ર. શસ્ત્રની બાબતમાં બ્રિટીશરોએ પ્રજાને નિર્માલ્ય અને પરતંત્ર બનાવી. બેંકિંગ આદિ દ્વારા અર્થ–વાણિજ્ય–વેપારમાં

પાંગળી અને પરતંત્ર કરી દીધી સમગ્ર જનાતને **સૌથી મોટો અતિ અગત્યનો આઘાત** સ્વતંત્ર મુદ્દો ધર્મનો. જોયું કે ભારતવર્ષમાં ધર્મ–સંસ્કૃતિ જડ અકાટ્ય–અતિગહન રીતે નંખાએલ છે. એનો પાયો હલાવવો એ શિરસાટાનું અને વર્ષો સુધીની ધીરજનું કામ છે. શરૂઆત કરી નીતિના પાયા તોડવાથી **ત્રણ વર્ષની મુદતનો** કાયદો આણી, નૈતિક બંધન ઢીલા કરી, પ્રાથમિક ઘા કર્યો. બીજો જબ્બર ઘા, જેનું પરિણામ આજે જગતમાં ખુલ્લું છે, તે હતો **કેળવણીની** કાયાપલટ.

ઝેરબર અજબ ગજબ રીતે, અબજોના અર્થધંધો પલટો, ૭૦થી૮૦ટકા લાવી શકયા. પણ એમાં એક ખુંચ કાયમ નડયા કરતી હતી. આજે પણ નડયાજ કરે છે. ધર્મશ્રદ્ધા અને સાચા ધર્મગુરૂઓ આ બે ભારે આડખીલી–રૂપ હતા, છે અને રહેશે. કોઇ રસ્તો ન જંડતા, નાવ ભળાવ્યુ સ્વતંત્રતાને નામે કોંગ્રેસને. સન્યાસ અને દીક્ષા પ્રતિબંધક કાનુનોના નામે, મહાપવિત્ર સાધુસંસ્થા ઉપર કટકો લાવવા પૂરપાટ પ્રયત્નો ચાલુ થઇ ગયા. તેની ખુબીઓ અને પરિણામો સૌને સુવિદિત છે. એક ઘા જરૂર કરી શકયા. મહાતારક સાધુ સંઘ અને શ્રાવક સંઘ વચ્ચે સામાન્ય તિરાડ ઉભી કરી દીધી. જો કે થોડી ગેરસમજ અને થોડો સિદ્ધાંત ભેદ સત્યસ્વરૂપમાં સમજાતા, શુધ્ધ શ્રધ્ધાના યુક્તિમત ધોરણે નિહાળતા, આ સાંધો જરૂર સંધાઈ જશે.

આવેલા અને આવતા, આંતર અને બાહ્ય ઘા અને હુમલાઓ :– છેલ્લા વર્ષોમાં પાયામાં સુરંગો ગોઠવવાનું શરૂ થઇ ગયું. ખૂબજ સુફીયાણી અને સીફત ભરી રીતે. ઉંડાણમાં ન ઉતરેલા સામાન્ય જન સમુહને, છીછરી રીતે જોતા ગમી જાય તેવી રીતે. આપણા આર્થિક વહીવટો, આપણા સ્થાપત્યો, સુરક્ષિત રહેવા જોઇએ. એ વાતમાં તો બે મત હોયજ નહી. અને માટે અનાદિકાલીન શાસન–અધારણમાં અતિ ઉતમ આજ્ઞામિક સુરેખ વ્યવસ્થા છેજ. પણ તેને હઠાવી, આખીએ મિલકતો જનકલ્યાણને નામે હોઇયા કરી જવાય, એટલે **પ્રથમ ટેન્ડુલકરકમિટીથી** શરૂઆત કરી. ટ્રસ્ટ એકટ પબ્લીક ને માથે ઠોકી બેસાડયો. 'ઠોકી બેસાડયો' એ બે શબ્દ ખૂબ વિચારપૂર્વક અને ન્યાયી ધોરણથી આલેખ્યા છે. અને પછીતો ૧–૪–૬૨ થી ૩૦ ટકાનો ઇન્કમટેક્ષ, નહિં વપરાએલ રકમ ઉપર ૬૫%નો ઇન્કમટેક્ષ વિ. ધાર્મિક ટ્રસ્ટો ઉપર લદાએ ગયા. લડવા માટે સુપ્રિમ સુધીના અર્થો લાખોનો હદ વટાવી ગયા. અને કોંગ્રેસની ચુટણીઓ પતે એટલે તોપ મારો ધર્મની મિલકતો ઉપર. તે દ્વારા સંસ્કૃત ઉપર સમ્રેના સિદ્ધાંતને બાજુએ મુકીને પણ ચેરીટી કમિશનરોએ, ટ્રસ્ટની મિલકતો, દવાખાનાઓ, હાઇસ્કુલો અને એવાજ બીજા સખાવતી કામોમાં વાપરવા અનેક વખત હુકમો કર્યા છે. પરિણામે શ્રધ્ધાળુ આત્માઓ સારા પ્રમાણમાં રકમો આપતા અચકાય. બીજી બાજુ, ઘોર અજ્ઞાન અંધકાર ફેલાવતી કેળવણી અને

આડમાર્ગી સાહિત્ય દ્વારા, કુમળા મગજોમાં શુધ્ધ આદર્શ સંસ્કૃતિ ઉપરની હવા ઘટાડવા, પુરઃગથી મંજીલ વર્ષોથી ચાલુજ છે. પરિણામ એ આવેકે લાંબેગાળે સંસ્કૃતિ શૂન્યવંત બને. આજેજ એમ પ્રત્યક્ષ અનુભવાય છે. તદ્દન નવા વિકૃત રૂપમાં નવી સંસ્કૃતિ ના સોહામણા લેબ્બાસમાં, પગ ઠંદો જાગ્યો છે અને વધુ જામશે.

છેલ્લા ૨૫ વર્ષમાં આર્યપ્રજાના અને તેના નૂર અને પરમતેજ સમી જૈન મહાસંસ્કૃતિ અને જૈન ધર્મ પાળતી પ્રજાના કેવા હાલ આજે કયા રૂપમાં અને કયા ઘોરણે ટકેલ છે. તે આરસામાં દીવા જેવું સ્પષ્ટ, આંખ સમે દેખાય છે.

જૈનોમાં પણ બહુ ઓછી ટકાવારીમાં ખ્યાલ હશે કે આપણા પરમપવિત્ર આજે પણ વિદ્યમાન અગીયાર અંગાદિ ૪૫ આગમો અને પંચાંગી આદિ સર્વોચ્ચ શાસ્ત્રો શાસ્ત્રો ઉપર, ઘણક અનોખી રીતે ઘા શરૂ થઇ ગયો. **અને તેપણ ભવ્ય પદ્ધતિના નામે.** આ નવ્ય પદ્ધતિ—સંકલનના નામે, એવાઓના હાથમાં ગુંથણી મુકાઇ રહી છે. અને મુકાશે કે સંસ્કૃતિની અન્ય બાબતોમાં, કૃત્રિમ વિકૃતિ ઉભી કરાઇ છે, તેવીજ રીતે મૂળ આગમોમાં પણ કૃત્રિમતાના દર્શન કરાવાશે. તે દ્વારા અશ્રધ્ધાની જડને વ્યાપક બનાવી, કૃત્રિમતા અને વિકૃત્તિના મૂળ ઉંડા સ્થાપવાના કોડ પૂરા કરશે.

નવ્ય ને કેટલો આવકાર :— કોક જિજ્ઞાસુ આત્માને એમ પ્રશ્ન ઉઠે કે શું ત્યારે કાંઇ જ નવું ન કરવું ? એરોપ્લેન અને એટમબોમના યુગમાં, ગાડાની ધુંસરીજ ચાલુ રાખવી ? જવાબમાં પ્રશ્ન કરી શકું. મહાનુભાવ, **શ્રીમદ્ તીર્થંકર દેવો અનંતજ્ઞાની–ત્રિકાળજ્ઞાની ખરા કે નહિ ? જગજજન્તુ માત્રના મહાહિતને –મહાસુખને, અનુપમ શાંતિને, એ કરૂણાળુ નાથના હૈયામાં સ્થાન હતું કે નહિ ?**

આજનો, આ વિક્રમની એકવીસમી સદીનો કાળ મહાપ્રભુનાં ધ્યાનમાં ખરો કે નહિ ? આજનું આખુંએ શોધાએલું, શોધાઇ રહેલું, સાંગોપાંગ સંપૂર્ણ વિજ્ઞાન પરમ પ્રભુની જાણમાં ખરુજ ને ? એના ફાયદા–ગેરફાયદા, ઉપકારકતા મારકતા, પડતો કાળ, લોકમાનસની તુચ્છતા ગંભીરતા, આ સઘળું ભગવંત મહાવીર પરમાત્માના જ્ઞાનમાં તો દીપક જેવું સ્પષ્ટ જ ને ? (ક્રમશઃ)

નવો સહકાર

૫૦) શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી પૂ. આ. મ. શ્રી વિજય અશોકરત્ન સૂ.મ.ની ૮૯મી વર્ધમાન તપની ઓળીના પારણા નિમિતે ઉવસ્સગ્ગહર પૂજન સહિત પંચાન્હિકા મહોત્સવ ઉજવતાં પૂ. મુનિરાજ શ્રી અમરસેન વિ.મ. ના ઉપદેશથી ભેટ. હાવેરી

વાસ્તવિકતાના આરે આવીએ....

—શ્રી મુક્તિપંથ પથિક

વિશ્વતારક શ્રી જિનશાસનની ગૌરવગરિમા ઉજ્જવલ કોટીની છે. જૈન શાસનના તત્વો કે સિધ્ધાંતો સર્વજ્ઞ કથિત હોવાના કારણે યથાર્થતા સભર છે. અન્ય શાસનમાં નથી તો આવા તત્વો નથી તો આવા સિધ્ધાંતો કે નથી તો આવા તત્વો કે સિધ્ધાંતોની સાચી સમજ.

જૈન શાસનમાં શાસ્ત્રોના એક એક સૂત્રો કે વચનો અનંત અર્થના ગંભીર્યથી સભર છે અત્યન્ત રહસ્યપૂર્ણ છે અને પૂર્વાપરથી પૂરેપૂરા અબાધિત છે. આગમ શાસ્ત્રોના સૂત્રોની તો શું વાત કરીએ પૂર્વાચાર્યોના શાસ્ત્રોમાં કંડારાયેલા વચનો પણ એકબીજા શાસ્ત્રોથી કે પૂર્વાપરના વચનોથી જરા પણ બાધિત નથી માત્ર શાસ્ત્રોના સૂત્રો કે વચનોને સમજવા બુધ્ધિ શકિત અને શ્રધ્ધા જોઇએ આ બેમાંથી એક ચીજની પણ ખામી હોય તો શાસ્ત્રના સૂત્રો કે વચનોનો વિપરીત એવો અનર્થકારી અર્થ થઇ જવાનો અને એનાથી ઉન્માર્ગ પ્રવર્તન પણ થવાનું આવું ન બને માટે જ જૈન શાસનમાં માત્ર આગમના સૂત્રોને જ મહત્વ નથી આપ્યું પણ પંચાંગીને મહત્વ આપ્યું છે. પાંચાંગી સિવાય સૂત્રના ઐદંપર્યાર્થ સુધીના યથાર્થ અર્થને સમજી શકાય નહી.

પંચાંગીમાં સૂત્ર–નિર્યુકિત–ભાષ્ય–ટીકા–ચુર્ણી એ પાંચ આવે. એમાં સૂત્ર તો તીર્થંકર ભગવન્તોએ અર્થથી પ્રરૂપેલા પદાર્થોને ગણધર ભગવંતોએ રચેલા હોય છે. એ સૂત્રને સમજવા માટે ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીજીએ નિર્યુકિતઓની રચના કરેલી છે. એ નિર્યુકિતને સમજવા માટે શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણે ભાષ્યની રચના કરેલી છે એ ત્રણેને સ્પષ્ટ સમજવા માટે પૂર્વાચાર્ય મહાપુરુષોએ ટીકા અને ચુર્ણીઓની રચના કરેલી છે. એના દ્વારા જ આગમ સૂત્રોના અર્થો યથાર્થ રીતે સમજી શકાય. સૂત્રનો નિર્યુકિત આદિથી નિરપેક્ષ યથાશ્રુત (ઉપર છલ્લો) અર્થ કરવાથી ઐદંપર્યાય સુધીનો સાચો અર્થ સમજી શકાય નહી. માટે આગમ સૂત્રના કે પૂર્વાચાર્યોના ગ્રન્થોના પંચાંગી સાપેક્ષ પરિશીલન કરવું જોઇએ જેથી બોલવામાં અને લખવામાં જિનેશ્વર ભગવંતોના વચનોને અન્યાય આપવાનું ન થાય. સૂત્રોના અનર્થકારી અર્થ ન થાય અને ઉત્સૂત્ર ભાષણનો દોષ ન લાગે.

આગમ સૂત્રોના કે પૂર્વાચાર્યોના વચનોનો યથાશ્રુત (ઉપર છલ્લો) અર્થ કરવામાં આવે તો અર્થનો અનર્થ થયા વગર ન રહે. દા. ત. 'નમો અરિહંતાણં' પદનો અર્થ 'અરિ=દુશ્મન હંતાણં=હણનારા તેમને નમસ્કાર થાઓ.' આવો ઉપર છલ્લો કરવામાં આવે તો ખરેખર અનર્થ થાય જ. પોતાના દુશ્મન માણસોને હણનાર બીજા માણસને

નમસ્કાર કરવાની આપત્તિ આવે તે કોઇ રીતે ઉચિત નથી. આ અર્થમાં તો હિંસક સામાન્ય માણસને નમસ્કાર થશે. તીર્થંકર ભગવંતને નમસ્કાર ન થશે. માટે 'નમો અરિહંતાણં' એ પદનો સાચો અર્થ કરવા માટે અર્થના તાત્પર્ય સુધી પહોંચવું પડશે. 'અરિ' શબ્દથી બહારના દુશ્મન નથી લેવાના પરંતુ આંતરિક રાગાદિ દુશ્મન લેવાના છે. હંતાણં-હણનારા રાગાદિ આંતરિક દુશ્મનોને હણનારાઓને નમસ્કાર થાઓ, રાગાદિ દુશ્મનોને હણનારા અરિહંત પરમાત્માઓ છે. એમને 'નમો અરિહંતાણં' પદથી નમસ્કાર થાય છે આવી રીતે યાવત્ ઐદંપર્યાર્થ સુધી પહોંચીને શાસ્ત્ર સૂત્રોનો અર્થ કરવો જોઇએ નહિતર મોક્ષમાર્ગના મુસાફર બનેલા સાધુઓ વગેરે પણ સંસાર માર્ગના મુસાફર બનીને અનેકને સંસાર માર્ગના મુસાફર બનાવનારા બની જવાના.

આજે ઘણું ઘણું ખરૂં આવું બની રહ્યું છે પોતાની જાતને અને બીજાઓને સંસાર માર્ગના મુસાફર બનાવનારા કેટલાક સાધુ વગેરેને સમજ પડતી નથી કે અમે અમારી જાતને અને અન્ય જીવોને પણ શાસ્ત્રની વાતોને અને દૃષ્ટાંતની વાતોને અપસિદ્ધાંતથી અભડાવીને સંસાર માર્ગના મુસાફર બનાવી રહ્યા છીએ.

જૈન શાસનના સાધુ આદિ ખરેખર મોક્ષમાર્ગની આરાધના કરવા સાથે મોક્ષમાર્ગને પુષ્ટ કરનારી જ લખવા બોલવા દ્વારા પ્રરૂપણા કરનારા હોય છે. સંસાર માર્ગના પોષણની પ્રરૂપણા કરનારા ન હોય. સંસાર માર્ગના પોષણની પ્રરૂપણા વાસ્તવમાં જિનશાસનથી આપમેળે બહિષ્કૃત છે.

અરિહંત પરમાત્માઓ ધર્મતીર્થની સ્થાપના સંસારનો વિચ્છેદ કરી મોક્ષ મેળવવા જ કરી છે ગણધર ભગવંતો વગેરે મહાપુરૂષોએ જે આગમાદિ શાસ્ત્રોની રચના કરી છે. તે પણ સંસાર માર્ગનો ઉચ્છેદ કરવા જ કરી છે ન કે સંસાર માર્ગનું પોષણ કરવા. સંસાર માર્ગને પોષનારી વાતો તો હકીકતમાં જીવોને દુરન્ત દુર્ગતિઓના સંસારમાં ભટકાવી દુઃખી દુઃખી કરનારી છે.

આજે પણ કેટલાક શાસ્ત્રની વાતોને અને શાસ્ત્રોમાં અપાયેલા દૃષ્ટાંતોને અપસિદ્ધાંત દ્વારા કઇ રીતે અભડાવે છે એ ખરે જ જાણવા જેવું છે જેથી આપણા હિમાગમાં સંસાર માર્ગના પોષણની પ્રરૂપણા પ્રવેશ પામી આપણી શ્રદ્ધામાં ડહોળાણ ન કરી જાય.

સુખં ધર્માત દુઃખં પાપાત્ સર્વં શાસ્ત્રેષુ સંસ્થિતિ ।
ન કર્તવ્યમત પાપં કર્તવ્યો ધર્મ સંચયઃ ॥

પૂ. હરિભદ્ર સૂ. મ. રચેલા શાસ્ત્ર વાર્તા ગ્રંથનો આ શ્લોક છે.

ઐદંપર્ય તાત્પર્ય સુધી પહોંચ્યા વગર આ શ્લોકનો જે અર્થ કરે છે તેને અનુસરીને જે લખવા બોલવામાં પ્રરૂપણા કરે છે એથી સંસાર માર્ગનું પોષણ જ થાય છે.

તે આ પ્રમાણે સુખં ધર્માત્–ધર્મથી સુખ મળે–એનો અર્થ એકે ધર્મથી જેમ મોક્ષના સુખ મળે તેમ સંસારના સુખ પણ મળે અને પાપથી દુઃખ મળે. જો દુઃખી ન થવું હોય તો પાપ ન કરો અને સુખી થવું હોય તો ધર્મ કરો આમ આવું નથી કહ્યું કે મોક્ષ જોઇએ તોજ ધર્મ કરો અને સંસારના સુખ જોઇએ તો પાપ કરો. પણ મોક્ષનું સુખ જોઇએ તો ધર્મ કરો છો તેમ સંસારના સુખ જોઇએ તો પણ ધર્મજ કરો પાપ નહિ જ્ઞાનીઓનો આશય એજ છે કે પાપ છોડો અને ધર્મ પ્રવૃતિ કરો.

આવુ પ્રરૂપણ તાત્પર્યાર્થ સુધીનું વિશેષ સ્પષ્ટિકરણ કર્યા વગરનું હોવાના કારણે સંસાર માર્ગનું પોષણ કરનારૂજ બની જાય છે. લોકોને આના ઉપરથી એમજ થાય કે સંસારના સુખ મેળવવા માટે ધર્મ કરવામાં વાંધો નથી. અને આજે કેટલાએ સંસારના સુખાદિ માટે ધર્મ કરી રહ્યા છે કરતા પણ થઇ ગયા છે અને જે પૂર્વમાં કરતા હતા તેઓ પણ એમજ માને કે અમો સંસારના સુખાદિ માટે ધર્મ કરી રહ્યા છીએ તે બરાબર છે વધારે શું કહીએ કેટલાક સાધુ આદિ પણ શાસન અમાન્ય માણીભદ્ર કે પદ્માવતી આદિના પૂજનો ભણાવવા આદિ દ્વારા પણ સંસારમાર્ગના પોષણનો વ્યાપાર ધમધોકાર કરી રહ્યા છે અને ખુલ્લે આમ સમજાવે છે કે સંસારના સુખ સંપતિ વગેરે જોઇતા હોય તો ધર્મ કરો. કેટલાક સાધુ લોકોને પોલીસી પૂર્વક સમજાવે છે તમને ધન સંપતિ બંગલા બગીચા ઘર બાર વગેરે મળ્યા તે શાનાથી મળ્યા ? સભામાંથી માણસ એમજ એ પ્રશ્નનો ઉત્તર આપે કે પુણ્યથી મળ્યા બીજો પ્રશ્ન સાધુ કરે કે પુણ્ય શાનાથી બંધાયું ? તેના જવાબમાં પણ સભાના માણસો એમજ કહે કે પુણ્ય ધર્મ કરવાથી બંધાયું. પછી એ સાધુ કહે કે તમારે સુખ જોઇતું હોય તો ધર્મ કરો. આ રીતે સંસારના સુખાદિ મેળવવા માટે પોલીસી પૂર્વક ધર્મ કરવાની વાત કરે છે. હરિભદ્ર સૂ. મ. ધર્મને કર્તવ્ય તરીકે બતાવ્યે તે કેવલ મોક્ષ માટે જ નહિ પણ સંસારના સુખ માટે પણ કર્તવ્ય તરીકે બતાવ્યો છે આવી રજુઆત કરીને સંસાર માર્ગનું પોષણ કરે છે એઓ મોક્ષ માર્ગની પ્રરૂપણા કરવાની શાસ્ત્રીય વાત ને આવા અપસિદ્ધાન્તથી હડશેલી દે છે.

ધમર્ઠો ધનાર્થિનાં પ્રોક્તઃ (ધર્મઃ) કામિનાં સર્વ કામદઃ અર્થાત્ ધર્મ ધનના અર્થીને ધન આપે છે સુખની ઇચ્છાવાળાને સુખ આપે છે...પરંપરાએ ધર્મજ મોક્ષ આપે છે અહિં સ્પષ્ટ કહ્યું કે ધન અને સુખની ઇચ્છાથી ધર્મ કરે અને ધર્મ ધન અને પુત્રાદિ સુખ આપે છે આ રીતની વાત કરીને પાપ ધર્મ બિન્દુ નામના શાસ્ત્રની વાત ને પણ અપસિદ્ધાન્ત રજુઆતથી અથડાવી નાખી છે કેમકે અધુરી રજુઆત કરી છે જે સંસાર માર્ગનું પોષણ કરનારી બને છે

વિષયાભિલષિણોઽપિ ધર્મ એવ કર્તવ્યઃ આ શાસ્ત્ર વાકયનો વિષયસુખની અભિલાષાવાળાએ પણ ધર્મજ કરવો જોઇએ એટલે કે વિષયસુખ મેળવવા માટે ધર્મજ કર્તવ્ય તરીકે છે આ પ્રમાણેનો જે અર્થ કરાય છે એ પણ અર્થ અધુરો હોવાના કારણે સંસાર માર્ગની પુષ્ટિ કરનાર હોવાથી એ શાસ્ત્ર પાઠને અપસિદ્ધાન્તથી અભડાવવાનું થાય છે ઉપરોકત અર્થ કરવાથી પણ લોકોના મનમાં એમજ બેસે કે વિષય સુખ મેળવવા માટે ધર્મ કરવામાં કાંઇજ હરકત નથી.

આવી રીતે શાસ્ત્ર પાઠોને પોતાના મનમાન્યા અર્થ કરવા દ્વારા અપસિદ્ધાન્તથી અભડાવવાનું ન બને માટે દરેક શાસ્ત્ર પાઠોના અર્થ ઐદંપર્યાર્થતાત્પર્ય સુધી વિચાર કરીને કરવો જોઇએ અને પછીજ એ અર્થની રજુઆત-લખવા—બોલવામાં કરવી જોઇએ જે એજ શાસ્ત્રના પૂર્વા–અપર વચનોની સાથે કે અન્ય શાસ્ત્રોના વચનોની સાથે વિરોધ ન આવે.

વાસ્તવમાં જ્ઞાનીઓએ વિષય સુખો ને અને ધનાદિને વિષ જેવા કે વિષ કરતા પણ ભૂંડા અને ભયંકર કહ્યા છે પાપ રૂપ કહ્યા છે વિષય સુખ હિંસાદિ પાંચ મોટા પાપોમાં રહ્યું અબ્રહ્મ નામનુ પાપ છે અને ધનાદિ પાંચમુ પરિગ્રહ નામનુ પાપ છે. એ પાપમાં આસકત બનેલા જીવો નરક નિગોદાદિની દુરન્ત દુર્ગતિઓમાં જાય છે અને અપારવિનાન. દુઃખને પામે છે એના માટેના શાસ્ત્રોમાં અનેકાનેક દૃષ્ટાન્તો લખાયેલા છે પાપ રૂપ વિષય સુખની અને ધનાદિની ઇચ્છા મોહના ઉદયથી થાય છે માટે પાપ રૂપજ છે એના મેળવવા માટે એને મેળવીને મજા કરવા માટે ધર્મ કરવો એ કોઇ રીતે ઉચિત નથી આવા ધર્મને વિષ અનુષ્ઠાન અને ગરલ અનુષ્ઠાન કહીને તેનો ત્યાગ કરવાનું કહ્યું છે. ધર્મ બિન્દુ ગ્રન્થમાં સૂરીપુરન્દર આ. શ્રી હરિભદ્ર સૂ. મ. વિષ ગરલ અને અનનુષ્ઠાનનો ત્યાગ કરવાનું કહ્યુ છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ગુજરાતી સ્તવનાદિમાં "ત્રિક નજીએ હિક ભજીએ" એમ કહીને એ ત્રણે અનુષ્ઠાનોનો ત્યાગ કરવાનું કહ્યું છે. પૂ. દેવચંદ્રજી મ. પણ "ભકિત નહિ તે તો ભાડીયાત જે સેવા ફળ યાચે" આ લોક કે પરલોક સમ્બન્ધી સુખાદિ ફળોને ભકિત કરતા યાચે (માંગે) તો તેની પ્રભુ ભકિત વગેરે ધર્મ ક્રિયા એ ભાડીયાત–વ્યાપાર છે એમ કહીને પણ સાંસારિક સુખ સમ્પત્તિ મેળવવા માટેના ધર્મને વખોડયો છે.

પૂજાના દુહામાં પણ ભગવાનની ભકિત કરતી વખતે સાંસારિક ફળની માંગણીને સંસારમાં ભટકાવનારી જણાવી છે અને મોક્ષ ફળની માંગણી કરવાનું જણાવ્યું છે.

સાંસારિક ફળ માંગીને રડવડીયો બહુ સંસાર
અષ્ટકર્મ નિવારવા માંગુ મોક્ષ ફળ સાર

જ્ઞાનીઓનો આશય ગમે તે રીતે ધર્મ પ્રવૃત્તિ કરાવવાનો નથી જ. જે ગમે તે રીતે ધર્મ પ્રવૃત્તિ જ્ઞાનીઓને કરાવવાની હોય તો આ લોક અને પરલોકના સુખ સમ્પત્તિ આદિ માટે કરાતા વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાનનો ત્યાગ કરવાનું કહેતાજ નહી માટે ગમે તે રીતે ધર્મ પ્રવૃત્તિઓ કરાવવાનો આશય જ્ઞાનીઓનો છેજ નહિ. જ્ઞાનીઓનો આશય તો મોક્ષ માટે ધર્મ કરાવવાનો છે મોક્ષના કારણભૂત સમ્યગ્ દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર રૂપ ધર્મ માટે ધર્મ કરાવવાનો છે પરન્તુ આ લોકના અને પરલોકના સુખ સમ્પત્તિની ભોજ મજા મેળવવા માટે ધર્મ પ્રવૃત્તિ કરાવવાનો આશય નથી.

બાલ-મુગ્ધ કે ધર્મનો વિઘાત કરનારી - અસમાધિ કરનારી આપત્તિ ગ્રસ્ત કોઇ વ્યકિતમાટે સુખ-સમ્પતિ-સૌભાગ્યાદિની પ્રાપ્તિ માટેના જે ધર્માનુષ્ઠાન કરવાનુ વિધાન જ્ઞાનીઓએ કર્યું છે. તેનો ઉદ્દેશ માત્ર જીવોને ધર્મમાં જોડવાનો અને ધર્મ વિઘાતક આપત્તિ ગ્રસ્ત વ્યકિત ના ધર્મને ટકાવવા માટેજ છે ન કે ધર્મ કરવા દ્વારા ધનાસમ્પતિ સુખાદિ ભેળવી મજા કરવા માટેનો. એથી બાલમુગ્ધ કે આપત્તિ ગ્રસ્ત ધર્મી માટેના જે વિધાનો જ્ઞાનીઓએ કર્યા છે તે અપવાદિક છે સર્વસામાન્ય નથી એને સર્વ સામાન્ય માનીને " સંસારના સુખ સંમ્પત્તિ પુત્રાદિ માટે ધર્મ કરાય" એવી સર્વસામાન્ય પ્રરૂપણા ન કરાય. સંસારના સુખાદિ માટે ધર્મ કરાય એવી પ્રરૂપણા તો લોકોમાં સંસાર માર્ગની પોષણ કરનારી જ બને.

એટલે જ એક સ્થલે એક શ્રાવકે દોરાધાગા મંત્રતંત્ર-વીટિઓ આદિનો ધનધોકાર વ્યાપાર કરનારા આચાર્યને પુછયુ કે અહિ, આ શ્રીરામચંદ્ર સૂરીશ્વરજી મ. ના સાધુઓ એ મોક્ષ માટે ધર્મ કરવાની વાતો જોરશોરથી સમજાવી ગયા છે અને તમે આ સંસાર માર્ગના પોષણની પ્રવૃત્તિઓ કેમ કરો છો ત્યારે એ આચાર્યે કહ્યું કે અમે જે આ પ્રવૃત્તિઓ કરીએ છીએ એમાં આ. શ્રી રામચંદ્ર સૂ.મ.ની સામે સંસાર માટે ધર્મ થાય એ પ્રમાણેની જેહાદ જગાવનારા આચાર્યનો સપોર્ટ છે કેમકે તેઓ સંસારના સુખ સમ્પત્તિ માટે ધર્મ થઈ શકે છે એવી ખુલ્લેઆમ પ્રરૂપણા કરે છે.

માટે ગીતાર્થ સાધુ આદિનો ઉપદેશ મોક્ષ અને મોક્ષમાર્ગની પ્રરૂપણાનોજ હોય. એના માટે આ.શ્રી મુનિસુન્દર સૂ.મ. આ. શ્રી હરિભદ્રસૂરી કૃત ઉપદેશ પદ ગ્રન્થની ટીકામાં "ઉપદેશ પદ" શબ્દ.નો અર્થ સમજાવતા જણાવે છે "ઉપદેશ પદાનિ-ઇહ સકલ લોક

પુરુષાર્થેષુ મોક્ષ એવ પ્રધાનઃ પુરુષાર્થ ઇતિ. તસ્યૈવ મતિ મત્વા સુપદેષ્ટુમર્હત્વેન તદુપદેશાનાં ભાવન ઉપદેશત્વ આમનન્તિ” ઇત્યાદિ.

આ જગતમાં ચાર પુરૂષાર્થ છે ધર્મ–અર્થ કામ અને મોક્ષ. એમાં–મોક્ષ એજ પ્રધાન પુરૂષાર્થ છે માટે મોક્ષનોજ ઉપદેશ મતિ માન.—ગીતાર્થ સાધુ આદિએ કરવો જોઇએ. મોક્ષના ઉપદેશ નેજ જ્ઞાનીઓ સાચા ઉપદેશ તરીકે માને છે આ કથનથી એ નકકી થાય છે કે સંસારના સુખ સમ્પત્તિ આદિ માટે ધર્મ થાય. એ સંસાર માર્ગનો ઉપદેશ છે આવો ઉપદેશ વાસ્તવમાં સાચો ઉપદેશ જ નથી. એટલે કે જૈન શાસનના શાસ્ત્રોના વાસ્તવિક–કોટિના ભાષ્યકાર જ નથી.

જૈન શાસ્ત્રોના ભાષ્યકાર સાધુ આદિ એવા હોય કે પોતાની પ્રરૂપણાદિમાં જરા પણ સંસાર માર્ગનું પોષણ ન થઇ જાય એની કાળજી રાખતા હોય. જૈન શાસનમાં દૃષ્ટાન્તો પણ શાસ્ત્રના સિદ્ધાન્તોને પુષ્ટ કરવા માટે જ હોય છે દૃષ્ટાન્તમાં જેટલી વાતો સિદ્ધાન્તને પુષ્ટ કરનારી હોય એટલી જ ઉપાદેય તરીકે હોય છે સંસાર માર્ગની પુષ્ટિ કરનારી હોય તે બધી હેય–ત્યાજ્ય કોટિમાં આવે છે.

દૃષ્ટાન્તોમાં લગ્ન કર્યા, સંસાર ભોગવ્યો, રાજ્ય કર્યું, યુધ્ધો કર્યા પુત્રાદિ માટે ધર્મ પણ કર્યો, સંયમ સ્વીકાર્યું, સંયમનું પાલન કર્યું મોક્ષે ગયા ઇત્યાદિ અનેક વાતો અ વે એમાં હેય–ઉપાદેયનો પુરેપૂરો વિવેક કરવો જોઇએ જેથી મોક્ષમાર્ગની પુષ્ટિ થાય. અને એ રીતે વિવેક કરનાર જ સાચો ઉપદેશક અને ગીતાર્થ કહેવાય, નહિતર દૃષ્ટાન્તોની હેય વાતોને મહત્વ આપવા દ્વારા શાસ્ત્રીય સિદ્ધાન્તોને અપસિદ્ધાન્તથી અભડાવવાનું થાય. આજે કેટલાએ લેખકો દૃષ્ટાન્તના સંસારી ભોગ જીવનના પ્રસંગોને લઇને એવા શૃંગારિક વર્ણનો કરે છે કે જેના કારણે વાંચનારાઓના હૈયામાં ભોગ વિલાસોનું અને ભોગનું ઉપાદેયપણું લાગે જાય છે અને પોતે સંસારનાં ભોગ વિલાસોમાં મજા કરે છે. તે વ્યાજબી છે, એમ માનતા થઇ જાય છે. તેવી રીતે અસમાધિ આદિનું નિવારણ કરવા માટે સંસારના સુખ–ધન–પુત્રાદિ માટે ધર્મ કર્યો હોય તેને લઇને સર્વ સામાન્ય રૂપે સંસારના સુખ–ધન પુત્રાદિ માટે પાપ ન કરાય પણ ધર્મ કરાય. આવું લખાણાદિમાં વર્ણન કરવામાં આવે તો એનાથી લોકોને ધન–સુખ પુત્રાદિ ઉપાદેય લાગે અને એના માટે ધર્મ કરવો પણ ઉપાદેય લાગે. ધન સુખ પુત્રાદિ માટે ધર્મ ઉપાદેય લાગે એવું વિધાન કરવાથી અપસિદ્ધાન્ત થઇ જાય. શાસ્ત્રકારો વિષ–ગરલ અનુષ્ઠાન કરવાનો નિષેધ કર્યો છે એ વાત ઉપર મોટો કુઠારાઘાત થાય. અસમાધિ આદિ વારવા માટે કોઇ સાંસારિક પુત્રાદિ પદાર્થોની ઇચ્છાથી ધર્મ કર્યો હોય. એ એક હકીકત કે

આપવાદિક વાત છે એને પુત્રાદિક મદાર્થો માટે ધર્મ થાય." એ રીતે કહીને સર્વમાન્ય ન બનાવાય.

આધુનીક લેખકે દૃષ્ટાંતના હાર્દને સમજ્યા વગર ઇલાતી પુત્રના દૃષ્ટાંતમાં પુત્ર માટે ધર્મ થાય. ઇત્યાદિ અનેક વાતો સંસાર માર્ગનું પોષણ કરનારી લખી નાખી છે જે સુજ્ઞ વાચકને વાંચતા તુરત ખ્યાલમાં આવી જાય તેમ છે. સાથે તે લેખકે શાસ્ત્ર વાર્તા-સમુચ્ચય શાસ્ત્રનો "ઉપાદેયશ્ચ સંસારે ધર્મ એવ બુધૈ." આ પ્રમાણેનો પાઠ પણ આપી દીધો છે એમાં બુધ પુરુષો કેવા હોય એ સમજીને આપ્યો હોત તો દૃષ્ટાંતમાં અને શાસ્ત્રપાઠોના અર્થ કરવામાં જે સંસાર માર્ગના પોષણની ગડબડ થઇ તે ન થાત.

બુધ પુરૂષો તો સમજદાર-વિવેકી હોય અને વિવેકી પુરૂષો મોક્ષના જ એક આકાંક્ષા વાળા હોય પણ ધનાદિની લીપ્સાવાળા (ધનાદિને મેળવવાની ઇચ્છાવાળા) ન હોય. આવું ત્રિષષ્ટિ શલાકા ઉપદેશ માલા ગ્રન્થની સ્વોપજ્ઞ ટીકામાં જણાવ્યું છે તે આ પ્રમાણે—

तदिदं संसारेऽनवस्थिततत्वमालोक्य विवेकिनो मोक्ष-
काङ्क्षैकतानाः एव भवन्ति न धनादिलिप्सव.

સંસારમાં પિતા-પુત્ર થાય. પુત્ર પિતા થાય. આવેલું ધન ચાલ્યું જાય. મળેલા સુખ નાશ પામી જાય. ઇત્યાદિ રૂપ અનવસ્થિત પણું જાણીને વિવેકીઓ મોક્ષની કાંક્ષામાં એકતાન-એટલે કે મોક્ષની જ અભિલાષાવાળા હોય છે. ધનાદિને મેળવવાની ઇચ્છાવાળા નથી હોતાં.

આવા મોક્ષની જ ઇચ્છાવાળા બુધ પુરૂષોએ સંસારમાં ધર્મનું જ ઉપાદાન-આરાધન કરવું જોઇએ. આનાં ઉપરથી એ નિશ્ચિત થાય છે કે બુધ પુરૂષો મોક્ષ માટે જ ધર્મારાધન કરે સંસારમાં મજા માણવા ધનાદિ મેળવવા માટે ધર્મનું આરાધન ન કરે.

બુધ=વિવેકી સમજદાર માણસ મોક્ષ સુખને જ ઇચ્છે પણ સંસાર સુખને ન ઇચ્છે.

जं अज्ज सुहं भविणो संभरणीयं तं भवे कल्लं ।
मग्गंति निरुवसग्गं अप्पवग्गसुहं बुहा तेणं ॥

जह दुल्लहं कप्पतरुं हडुं मग्गइ वराडियं मुढो ।
मोक्खफले मणुयत्ते तहमुढो मग्गए विसए ॥

આ બે શ્લોકમાં બુધ અને મુઢનું સુન્દર સ્વરૂપ સમજાવ્યું છે.

(વધુ આવતા અંકે)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ભગવાનનું શાસન જાણે–સમજે તે મોક્ષ રસિક હોય, ધર્મ રસિક હોય પણ સંસાર રસિક ન હોય. સંસાર રસિક હોય તો તેને ભગવાનનું શાસન પરિણામ પામ્યું નથી.
- જૈન શાસન જાણે તેને દુનિયાના સુખની પરવા ન હોય અને દુઃખની ચિંતા ન હોય. ગમે તેવા સંયોગોમાં તે શ્રી જૈન શાસનથી વિપરીત વાતમાં હા પાડે નહિ!
- સંસારના સુખના ભુખ્યા આરાધના કરે તો તે આરાધક નથી પણ તે તો લુંટારા લોકો છે.
- આવેશ આવે તો બોલવું નહિ. નહિ તો જૂઠ બોલાયા વગર રહે નહિ.
- તમને સુધારવા છે પણ અમારૂં રાખીને–સાચવીને. અમારું બગાડીને તમને જરાય સુધારવા નથી.
- સમ્યક્–ભગવાનનું–શાસન જે ભણે તે જાતને ભૂલી જાય છે, શાસનને જ પ્રધાન માને છે. સંસારના સુખની તેને ઝાઝી કિંમત હોતી નથી, દુઃખની ગભરામણ હોતી નથી. તેના મન–વચન અને કાયાના યોગ શાસનને જ સમર્પિત હોય છે.

(અનુ. ટાઈટલ ૨ નું ચાલુ)

બીજા વાવે તેના પગમાં કાંટા બોંકાય. જે બીજાના દોષ ગાયા કરે તે એક રીતે સ્વયં દોષનો ઉકરડો બની જાય.

જ્ઞાની કહે–કોઇ આપણી નિંદા મજાકમાં કરે તો હસી કાઢવી, વિરોધભાવે કરે તો ક્ષમા આપવી, નિંદા સાચી હોય તો તે આત્મ શુદ્ધિનો અવસર માની નિંદકનો આભાર માનવો. બાકી નિંદા એવી કૃપાળી નાગણ છે, લપસણી લીસી ભૂમિ છે કે ભલભલા તેમાં લપસી જાય છે. બીજાની નિંદા કરનાર એ ભૂલી જાય છે કે નિંદા કરીને, અહંકાર અને અહમ્‌ને ઝેર પાઈને, બીજાને ખરાબ કે હલકા ગણાવી પોતાને સારા ઠસાવવા જનારા ખુદ પોતાના આત્માને જ પાપથી ખરડે છે.

માટે હે આત્મન્! જ્ઞાનીઓની આ અનુભવી પ્રજ્ઞાનો લાભ લેવો હોય અને આત્મપ્રકાશના પંથે પ્રયાણ કરવું હોય તો પરનિંદાના અને સ્વ પ્રશંસાના મહાપાપની ગંભીરતા સમજી તેનાથી સદા ય દૂર રહેવું તે જ હિતકારી છે.

—પ્રજ્ઞાંગ



- ધર્મ મૂકીને કોઇનું ભલું કરી શકાય નહિ. કોઇનું ય ભલું કરવા માટે અધર્મ કરાય જ નહિ. અધર્મ કરનારો કોઇનું ય ભલું કરી શકે નહિ !
- ઘર–પેઢી, પૈસા–ટકાદિ દુર્ગતિમાં લઇ જનાર છે. તેનાથી બચાવનાર મંદિર–ઉપાશ્રય છે. માટે આ કાળમાં મંદિર ઉપાશ્રયની ખાસ જરૂર છે.
- ધર્મક્રિયા સંસારની મમતા ઉતારવા માટે છે. પરિણામે સાધુ થવા માટે છે અને મોક્ષે જવા માટે છે.
- તમે બધા અજ્ઞાન જ હો કે રહો તે અમને કલંક છે !
- જ્ઞાની કહે છે કે, જેને મરણ ગમે, તેને આખું જીવન સુધારવાનું મન થાય અને તે જ સારામાં સારી રીતે મરે. સારામાં સારી રીતે મરવાનો ઉપાય ધર્મની આરાધના કરવી તે છે. અને સારી આરાધના ધર્મના સ્વરૂપને જાણે તે કરી શકે છે. તેથી જ જ્ઞાન–ક્રિયા બંન્ને જરૂરી છે.
- એકલો જ્ઞાની પણ આરાધક બને. જો તે ક્રિયાનો પ્રશંસક, ક્રિયાનો અર્થી અને ક્રિયા માટે કોશિશ કરનાર હોય તો. એ જ રીતે એકલો ક્રિયાવાન પણ આરાધક બને જો તે જ્ઞાનનો પ્રશંસક, જ્ઞાનનો અર્થી અને જ્ઞાન માટે મહેનત કરનાર હોય તો.
- જીવમાત્રને જ્યાં સુધી મારે છેવટે સિદ્ધ થવું છે તે ભાવ પણ ન આવે ત્યાં સુધી તેનું ભવ્યત્વ વિકાસ પામતું નથી.
- શ્રી નવકાર મહામંત્રને ગણનાર જીવ પાંચ પરમેષ્ઠીઓનો જ પ્રેમી હોય અને સંસારનો વૈરી–દ્વેષી હોય.
- સંતોષ તે ધર્મ. અસંતોષ તે અધર્મ; માટે સંતોષી સદા સુખી અને અસંતોષી સદા દુઃખી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન. : ૨૪૫૪૧

૧૯૯-૪૦ ૪૨૩૯

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ધર્મકલા વગર બધી કલા નકામી છે.

બાવત્તરિકલાકુસલા,
પંડિય પુરિસા અપંડિયા ચેવ ।
સવ્વકલાણં પવરં,
જે ધમ્મકલં ન જાણંતિ ।।

સઘળી ય કલાઓમાં શ્રેષ્ઠ એવી જે ધર્મકલા છે તેને જેઓ જાણતા નથી તેવા બોંતેર કલાઓમાં પ્રવિણ એવા પંડિત પુરુષો પણ અસલમાં અપંડિત-મૂર્ખ જ છે.

વર્ષ ૫

અંક ૪૦

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ધર્મ કરવો હોય તો શું ભાવ જોઇએ ? આ સંસાર છૂટે અને મોક્ષ મળે. સુખનો પ્રેમ છૂટે અને દુઃખનો પ્રેમ થાય. દુઃખની ગભરામણ થાય. દુઃસુખમાં ય ખૂબ ધર્મ કરે અને દુઃખમાં ય ધર્મ જ કરે.

- સમ્યક્‌ચારિત્ર એવું છે કે તપથી જ શોભે. બારે પ્રકારનો તપ ન હોય તો તે ચારિત્ર હાડપિંજર જેવું જ દેખાય. બાર પ્રકારના તપને લઇને જ ચારિત્રની કિંમત છે. પાંચ મહાવ્રત રૂપ ચારિત્રને પચ્ચીશ-પચ્ચીશ ભાવનાથી સહિત પાળવું હોય તો સમ્યક્‌તપની આવશ્યકતા છે, છે ને છે જ. સમ્યક્‌તપ ન હોય તો સમ્યક્‌ચારિત્ર શોભે નહિ.

- દુઃખમાં કે સુખમાં ગાફેલગિરિ આવે તો સમકિત જાય.

- પાપી આત્માને દુઃખ ભોગવવું પડે તેવા કર્મ બંધાય છે તેમ ધર્મી આત્માને સુખ બળાત્કારે ભોગવવું પડે તેવા કર્મ બંધાય છે. છતાં પણ તે તેમાં સાવધ જ હોય છે.

- લાયક જીવોનું અજ્ઞાન નિમિત્ત મળતાં ચાલ્યું જાય છે. દોઢડાહ્યાનું અજ્ઞાન કદી ન જાય. શાસ્ત્ર ય તેનું અજ્ઞાન ન ટાળી શકે. શાસ્ત્ર સમજવા ય તેની પાસે સદ્‌બુદ્ધિ હોતી નથી. તેની બુધ્ધિ જ ઉન્માર્ગે જતી હોય છે. કેમકે, શાસ્ત્રમાંથી પણ તે ફાવતું જ કાઢે છે.

- ગમે તેટલી સારી સામગ્રી મળે પણ જેવા દુષ્ટ પરિણામે પાપ બાંધ્યું હોય તેના કરતાં ઊંચા પરિણામ આવે તો શુધ્ધ થવાય. તમારે તો ધર્મ કરીએ એટલે આપત્તિ જવી જ જોઇએ. પણ દુઃખ દૂર કરવા અને સુખ મેળવવા ધર્મ કરે તે ધર્મ કહેવાય ? આ બધી વાતો ધ્યાનપૂર્વક સાંભળો નહિ, સમજો નહિ, હૈયા સાથે ગોઠવો નહિ તો ભલું થાય નહિ. અડધું સમજે ને ઊંધું લઇ જાય તો મુશ્કેલી જ થાય. ધર્મ પામવાની ઇચ્છાએ ધર્મ સાંભળનારા શોધવા પડે. વર્ષોથી ધર્મ સાંભળનારા ત્યાં ના ત્યાં છે. કોઇ પરિવર્ત્તન નહિ.

- સંસાર કેવો છે ? પુણ્ય હોય તો સુખ મળે, પાપ હોય તો દુઃખ મળે. સુખમાં મૂંઝાય અને દુઃખમાં રડે તે બધા સંસારમાં રખડે. જેને સંસારમાં રખડવું ન હોય અને વહેલા મોક્ષમાં જવું હોય તેને શી ટેવ પાડવી પડે ? સુખ છોડવાની અને દુઃખ વેઠવાની. સુખ ન છુટે તો કર્મને ભોગવવાની.

ભારતદિવાકર પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (ચુડેશ્વરા)
પ્રાણચંદ પદમશી મુઢકા (થરાદવાળા)

વર્ષ ૫] ૨૦૪૯ જેઠ સુદ-૪ મંગળવારે તા. ૨૫-૫-૯૩ [અંક-૪૦

卐 ઉત્તમ તત્ત્વને કોણ પામે ? 卐

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

આ સંસારમાં સારામાં સારી કે નરસામાં નરસી બે ય પ્રકારની ચીજ રહેવાની. સારી ચીજે રાગ કરાવી કરાવીને અને ખોટી ચીજે દ્વેષ કરાવી કરાવીને આત્માને દુર્ગતિમાં લઈ જનારી છે. સારી ચીજ પ્રત્યે રાગ થાય, ખરાબ ચીજ પ્રત્યે દ્વેષ થાય તે અશુભ ભાવ છે. રાગ થાય એટલે તેનો લોભ આવે, તેને મેળવવાની ઇચ્છા થાય, તેને મેળવવાના જે અનુકૂળ સંયોગો પેદા કરી આપે તેના ઉપર બહુમાન થાય, તે સંયોગો સફળ કરવાની સામગ્રી મળે એટલે ખુશ ખુશ થઈ જાય. તેને અંગે જે જે પાપ કરવા પડે તે મજેથી કરે, તેમાં કાંઇ અકરણીય ન લાગે—તે બધા અશુભ ભાવો છે. આ બધા ભાવો આત્માનું અહિત કરનારા છે તેમ ન લાગે ત્યાં સુધી તે અશુભ ભાવોની ઉદ્દટી કરવાનું મન થાય નહિ. અશુભ ભાવો જાય નહિ ત્યાં સુધી શુભ ભાવો આવે પણ શી રીતે ? પુણ્યથી મળતું સુખ પણ પાપ છે તે વાત હૈયામાં લખાઇ ગઈ છે કે સુખનું નામ સાંભળતાં ગલગલીયા થાય છે ?

જગતમાં સારી ચીજે પુણ્ય હોય તેને જ મળે. લાભાંતરાયના ક્ષયોપશમને યં ઉપચારથી પુણ્ય કહીએ છીએ બાકીના માથા ફોડી મરી જાય, લોહીનું પાણી કરે તો પણ મળતું નથી. કોઇને મહેનત કર્યા વગર કે કોઇને મહેનતથી, કોઇને નીતિથી કે કોઇને અનીતિથી મળે છે તેમાં કારણ પુણ્ય જ છે. જો તેમ ન હોય તો બધાને મળવું જોઇએ, વધારે ભણેલાને મલવું જોઇએ, પણ તેમ થતું નથી. આમાં પણ મોટાભાગની શ્રદ્ધા પૂરી નથી, જો પુણ્યથી જ મલે તેમ માને તે અનીતિના માર્ગે જાય ? આ દુનિયાની

સામગ્રીમાં જ રાગ થયા કરે, તેમાં જ મજા આવ્યા કરે તો મારે દુર્ગતિમાં જવું પડશે તે યાદ છે? પણ આજે મરવાનું યાદ કેટલાને છે?

આર્ય દેશમાં જન્મેલો જીવ, આર્ય સંસ્કારને પામેલ જીવને, મારે અહીંથી મરીને કયે જવાનું છે તે વાત યાદ હતી. અહીં સારું ન કરીએ તો દુર્ગતિ અને સારું કરીએ તો સદ્ગતિ આ વાત જીવંત હતી. માટે મોટોભાગ સારી રીતના જીવતો હતો. આજે તો આ વાત મરી ગઇ. આ લોકમાં સુખી કેમ થવું તે જ ચિંતા પ્રધાન થઇ. પછી પુણ્ય-પાપ ભૂલાઈ જાય તેમાં નવાઇ છે?

સારી ચીજમાં રાગ થયો અને ખરાબ ચીજ મલી તેના ઉપર દ્વેષ થયો તો દુર્ધ્યાન કરી હું દુર્ગતિમાં જઇશ'-આ જ્ઞાન પાકું છે? સારી ચીજમાં રાગ થાય અને ખરાબ ચીજમાં દ્વેષ થાય તો તરત જ દુઃખ થાય છે? તેને કાઢવાની મહેનત કરો છો? આપણી ઇરિયાવહી તે અશુભ ભાવોનું વિરેચન છે.

ધર્મ સામગ્રી સિવાયના જેટલા સારા સંયોગો મલ્યા છે તે દુર્ગતિનું કારણ છે તેમ યાદ આવે છે? સ્નેહીને વાત કરો કે-'પરસ્પરનો સ્નેહ કે પ્રેમ દુર્ગતિમાં લઇ જનાર છે, આપણને પાયમાલ કરનાર છે. પ્રેમ કરવો તો ધર્મ ઉપર જ કરવા જેવો છે? તમને સંસારની જેટલી ચિંતા છે તે કઢાવી આત્માની ચિંતા પેદા કરવી છે. બજારમાં જતા ય આત્માની ચિંતાવાળા બનાવવા છે કે-કયારે એવો દિવસ આવે કે, આ બજાર જ છૂટી જાય. જે ખરાબ ધ્યાન છે તે કાઢવું છે ને? તે કાઢવાનો અભ્યાસ કરવા માટે જ મંદિર, ઉપાશ્રય અને ધર્મસ્થાન છે. રાગના ઉદયકાળમાં પણ રાગ ન હોય તેવી રીતે જીવતા કરવા છે. શ્રાવકપણું એટલે રાગના સંયોગમાં પણ રાગથી આઘા રહેનારા જીવો, દ્વેષની જગ્યામાં રહી દ્વેષથી આઘા રહેનારા જીવો!

હું આત્મા છું. કર્મ તો મારી ઉપાધિ છે. કર્મે મારામાં રાગ-દ્વેષ પેદા કર્યા છે. તે રાગ-દ્વેષ પેદા કરાવનાર કર્મ મારે જોઇતા નથી. હું તો અનંતજ્ઞાનાદિ ગુણોનો ધણી છું તો નાશવંત વસ્તુ પર, અવસરે કામ ન આવે તેવી વસ્તુ ઉપર હું મૂરખ છું કે રાગ કરું? કોઇ ખરાબ ચીજ મારું બગાડનાર નથી તો તેના ઉપર દ્વેષ કેમ કરું? આ બધું સમજાવનાર આગમ છે. પૈસા અને ભોગ ખોટા છે તે આગમ વિના કોણ કહે? પૈસો આવે એટલે બુદ્ધિ બગડે છે ને? તમે આજે બધા ચાળા કરતાં શીખ્યા તે પૈસાનો પ્રતાપ છે. તમારા મા-બાપ સામાન્ય જીવી ગયા. તેના કરતાં તમે સારું જીવો છો. પણ તેમના જીવનમાં જે શાંતિ હતી તે તમારામાં છે? તેઓએ ઓછી આવકમાં પણ સારાં કામમાં જે ખરચેલું તેના સોમા ભાગનું પણ તમે નથી ખરચ્યું. માટે જરા શાણા થાવ!

દુનિયાના દુઃખથી બચાવનાર વકીલો, બેરીસ્ટરો, ડોકટરો છે પણ સુખથી છોડાવનાર

કોઇ છે ? સાધુઓ અમને અમારા બંગલામાંથી, પૈસામાંથી, મોજમજામાંથી છોડાવનારા છે તેમ મનમાં છે ? કોઇ સાધુ તમને સંસાર ખરાબ ન સમજાવે તો તે સાધુમાં ખામી છે–તેમ તમને થાય કે–જે સાધુ એમ કહે કે આ બધું તો છોડવા જેવું છે તો તે સાધુનો સંગ છૂટી જાય !! ભગવાને કહેલી વાતો સમજપૂર્વક સાંભળે તો આપણને ઉભા કરી દે તેવી છે. પછી તો આજે જે રીતે પાપ કરો છો તેનાથી ચોંકી ઊઠો. તમને જ થશે કે–સીધા નહિ ચાલ્યા તો માર્યા જઇશું. વાંકા ચાલીશું તો ય માર્યા જઇશું, ભગવાનની વાતનો વિશ્વાસ હોય, નરકાદિ દુર્ગતિની શ્રદ્ધા હોય તે જીવ તો બદલાઇ જાય. તેનું જીવન ફરી જાય. પૈસાનો લોભ ઉતરી જાય. પૈસા સાચવવાનુ મન થાય નહિ.

આપણું અહોભાગ્ય છે કે આવી સારામાં સારી સામગ્રી પામ્યા છીએ. જૈનકુલાદિને પામેલા ઘણાને મંદિર–ઉપાશ્રયમાં જવાના પચ્ચક્ખાણ છે. તમે પણ ભગવાન શું, સાધુ શું, ધર્મ શું, ભગવાનનું શાસન શું કહે છે તે જાણવાની ઇચ્છા ન હોય તો મંદિરમાં પેસો અને નીકળો તો ય તમારું કલ્યાણ શી રીતે થાય ? પુણ્ય સારામાં સારું પણ તમે સારા નહિ ને ? જેને શ્રી અરિહંત પરમાત્માદિના સ્વરૂપનો ખ્યાલ હોય, જગતના સ્વરૂપનો ખ્યાલ હોય, સ્વર્ગ–નરકનો ખ્યાલ હોય, ધર્મની સાચી સમજણ હોય તો તેને આ દુનિયામાં કશું ન ગમે, એક માત્ર ધર્મ જ ગમે, પૈસો તો શાપ રૂપ લાગે, ભોગ ભયંકર રોગ લાગે, ઘરમાંથી ભાગી છૂટવાનું મન થયા કરે, ભગવાનનો શ્રી સંઘ એટલે મુક્તિ માર્ગમાં કૂચ કર્યા કરનારો, આગમ એ જ મારો પ્રાણ છે, આગમાનુસારી વિચારી મારું જીવન છે, તેને માટે જ પ્રવૃત્તિ કરવી તે અતિ જરૂરી છે–તેને માટે અભ્યાસ કરે તે જીવ ઉત્તમ તત્ત્વને પામે.

(૨૦૩૦, શ્રીપાલનગર–મુંબઇ)

તો જ તે બધું સફળ–સાર્થક છે.

યે મૂર્તિં તવ પશ્યતઃ શુભમયીં તે લોચનેં લોચને,
યા તે વક્તિ ગુણાવલિં નિરુપમાં સા ભારતી ભારતી ।
યા તે નત્યચંતિ પાદયોર્વરદયોઃ સા કન્ધરા કન્ધરા,
યત્તે ધ્યાયતિ નાથ ! વૃત્તમનઘં તં માનસં માનસમ્ ॥

જે તમારી (આપની) શુભમય મૂર્તિને જુએ તે જ નેત્રો, નેત્રો છે, જે આપની નિરૂપમ ગુણાવલિને વંદે–ગાય તે જ વાણી, વાણી છે, જે આપના શ્રેષ્ઠ પગોને નમે તે જ ડોક, ડોક છે અને હે નાથ ! જે આપના નિર્દોષ જીવન વૃત્તાંતનું ધ્યાન ધરે છે તે જ મન, મન છે, અર્થાત્ આ બધા યોગોની સફળતા આપના ગુણગાનાદિમાં જ છે.

યંત્રવાદની યાતના :

અને એક ગંભીર ચેતવણી

યંત્રવાદ–યંત્રવાદ શું કરે છે ? આજના યંત્રવાદે તો માનવ સમાજનું સત્યાનેાશ કાઢી નાખ્યું છે. યંત્રવાદે જ બેકારોની ફેાજ ઉભી કરી છે, અનેકને કામ–ધંધા વગરના કરી દીધા છે, અનેકને પારકી પંચાયતના રસીયા બનાવ્યા છે અને અનેકને ભૂખે મરતા કર્યા છે. (યંત્રયુગ આવ્યા પહેલાં માણસ ભાગ્યે જ ભૂખ્યેા સૂતેા. ભૂખમરા અને બેકારી એ યંત્રવાદની બક્ષીસ છે.) આ યંત્રવાદના કારણે જ આજે નકામી મુસાફરી ઘણી વધી ગઇ છે. યંત્રવાદે જ અકસ્માતોની પરંપરા સર્જી છે, દુર્લભ માનવ–જીવન સેાંઘુ બનાવ્યું છે અને આર્યદેશને અનાર્યદેશ જેવેા બનાવી દીધેા છે.

દુઃખદ બીના તેા એ છે કે–આવા યંત્રવાદ પાછળ તમે પણ ગાંડા બન્યા છે. તમારા વ્યવહારમાં તેા તમે ડગલે ને પગલે એના પનારે પડયા છે પણ એ યંત્રવાદને હવે તમે ધાર્મિક સ્થાનેામાં પણ ઘુસાડી દીધેા છે. **ધર્માનુષ્ઠાનેાને પણ તમે તેનાથી અભડાવી દીધા,** એ એક ભારે કમનસીબીની વાત છે. ધાર્મિક સ્થળેામાં યંત્રવાદનેા ઉપયેાગ કરી કરાવીને તમે આજે સાચા ધર્મને મહાનુકશાન પહેાંચાડયું છે, એટલું જ નહિ પણ અમારા કંઇક સાધુઓને પણ તમે એ યંત્રવાદનું ઘેલું લગાડયું છે, જેનું ભારેભાર નુકશાન આજે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. જો યંત્રવાદના નાદે ચઢેલેા સંસારી જીવ પણ ચેતન મટીને જડ જેવેા બની જાય છે તેા એ યંત્રવાદના નાદે ચઢેલા સાધુની શી દશા થાય ? તમને સાધુધર્મની કે સાધુના સાધુ જીવનની ચિંતા છે ખરી ? આજે તેા દશા એ ઉભી થઇ છે કે યંત્રવાદનેા વિવેક પૂર્વક વિરેાધ કરનારાઓને રૂઢીચુસ્ત, જુનવાણી દેશકાળના અજાણ કહીને નિંદવામાં આવે છે, જ્યારે યંત્રવાદને અપનાવનારાઓને સમયજ્ઞ દેશકાળના પારખુ, પ્રગતિશીલ વિગેરે વિગેરે વિશેષણેા (!) થી નવાજવામાં આવે છે. આ એક એવું પ્રલેાભન છે કે જેમાં લેાકહેરીને વશ પડેલા સાધુઓ પણ વિવશ બનીને ખેંચાયા વિના રહેતા નથી. પણ યાદ દાખલે કે–આ રીતે યંત્રવાદ પાછળ ખેંચાઇ રહેલા સાધુઓ પેાતાની સાધુતા ગુમાવ્યા વિના રહેવાના નથી. અને યંત્રવાદની પાછળ પડેલા શ્રાવકેા કદી સાધુધર્મના પાલનમાં સહાયક બની શકવાના નથી, મારી આ ગંભીર ચેતવણી તમારા ધ્યાનમાં આવે તેા સારૂં.

વળી આજે તેા યંત્રવાદની પુષ્ટિ માટે પરમાત્માના અતિશયેાનું દૃષ્ટાંત લઇને ખેાટા કાર્યોનેા બચાવ કરાય છે. તેા તે અત્યંત ખતરનાક પગલું છે. પરમાત્માના દેવકૃત અતિશયેાની પાછળ પણ તે તારક દેવાધિદેવનેા જ પ્રભાવ કામ કરી રહ્યો

હોય છે. જો શ્રી તીર્થંકર પરમાત્માનો પ્રભાવ ન હોય તો દેવો પણ તે તે અતિશયવંત વસ્તુઓની રચના તેવા પ્રકારે કરવા સમર્થ બની શકે નહિ. આપણે શ્રી તીર્થંકર પરમાત્માના જીવનનું અનુકરણ નથી કરવાનું પણ તે પરમ તારકોની આજ્ઞાનું અનુસરણ કરવાનું છે, એ વાત સતત યાદ રાખવાની જરૂર છે, પોતાની નિર્બળતાને છૂપાવીને જેઓ પોતાની ખોટી પ્રવૃત્તિઓની પુષ્ટિ માટે શ્રી તીર્થંકર પરમાત્માઓના જીવનના કે અતિશયોના દૃષ્ટાંતો આગળ ધરવાનો બાલિશ પ્રયત્ન કરી રહ્યા હોય, તેમને ચેતવણી રૂપે આટલી સ્પષ્ટતા કરાય છે. કેતી જઇને તેઓ એવા કુપ્રયત્નોથી પાછા ફરે એ અત્યંત ઇચ્છવા યોગ્ય છે.

યંત્રવાદના પાપે તો આ આર્યદેશમાં આજે નાના–મોટા જીવોની ઘોર હિંસાનો દાવાનળ પ્રજ્વલી ઊઠયો છે. કમકમાટી ઉપજાવે તેવી રીતે રોજના હજારો ને લાખ્ખો પંચેન્દ્રિય જીવોની કતલ પણ આ યંત્રવાદના પાપે જ થઇ રહી છે. એ ફાલેલી હિંસાએ માનવના માનસને પણ હિંસક બનાવી દીધું છે. હિંસક બનેલા માનસના યોગે જ આજે દેશમાં ચોમેર અશાંતિ–અશાંતિ વ્યાપી ગઇ છે. યંત્રવાદે અનાચારની વ્યાપકતામાં પણ મોટો ભાગ ભજવ્યો છે. યંત્રવાદના પાપે આરંભ–સમારંભ, આરંભ–સમારંભ મટી મહારંભ અને મહા સમારંભમાં ફેરવાઇ ગયા છે. એ યંત્રવાદ હવે તો ઠેઠ તમારા ઘર અને રસોડા સુધી પહોંચી ગયો છે. પરિણામે એક કાળે તમારા ઘરોમાં અને રસોડામાં જે જીવદયાનું પાલન થતું હતું તેનો સંપૂર્ણ પણે નાશ થઇ ગયો છે, જે આજે નજરે દેખાઇ રહ્યું છે. યંત્રવાદે માણસની શારીરિક સહનશક્તિ ઘટાડી છે, ઇન્દ્રિયોની શક્તિનો હ્રાસ થતો જાય છે. યંત્રવાદની ગુલામીથી અનેક ખોટાં ખર્ચા વધી ગયા છે. તે પૂરા કરવા માટે આવક વધારવાનો લોભ જાગ્યો છે. સીધી રીતે આવક થતી નથી એટલે અનીતિ – અન્યાય – પ્રપંચ આદિનો પણ આશ્રય લેવામાં અચકાટ અનુભવાતો નથી: આ રીતે આજનો માનવી પાપપ્રવૃત્તિમાં આગળ ધપતો જાય છે.

(જિનવાણી તા. ૫–૪–૮૪)

—હાસ્ય એ દરબાર—

○ શિક્ષક : પૃથ્વી ગોળ છે તેની કંઇ સાબિતી આપો.

મયૂર : પપ્પા એમ કહે છે, મમ્મી એમ કહે છે અને આપ પણ એમ કહો છો, તો પૃથ્વી ગોળ જ છે.

○ એક ગામડિયાએ પોતાના નળિયાં પર પોપટ બેઠેલો જોતાં તેને પકડવા તે છાપરે ચઢયો. એને જોતાં પોપટ પોતે પઢેલો તે મુજબ બોલવા લાગ્યો, 'આવોજી, બેસોજી.'

'માફ કરજો સહેબ,' પોપટની એ વાણી સાંભળી ગામડીઓ બોલ્યો: 'મને થયેલું કે આપ પંખી હશો.'

—મેહુલ ભરતકુમાર

સર્જાતું સાહિત્ય અને પુસ્તકની પહોંચ

એક રસમય વાર્તા–(રૂપસેન સુનંદા ચરિત્ર સચિત્ર) લે. પૂ. મુ. શ્રી હર્ષશીલ વિજયજી મ., સં. પૂ. મુ. શ્રી કુલશીલ-વિજયજી મ., પ્ર. આત્મશ્રેય પ્રકાશન ટ્રસ્ટ, ૯૧ મરીન ડ્રાઇવ, ૩ શાલીમાર, મુંબઇ–૨, ફા. ૮ પેજી, મૂલ્ય રૂા. ૬૫.

સુનંદા રૂપસેન કથાને ભવ્યરીતે ચિત્રમય બનાવીને બોલ્ડ શૈલીમાં મોટા ટાઇપમાં રસમયરીતે રજુ કરાઇ છે. જે વાચકને ખૂબ રસ પડે તેવી જ છે. વાસનાના દુર્ધ્યાનથી થતા પતન માટે અને કરૂણાથી કરાતા ઉત્થાન માટેનું આ ભવ્ય દૃષ્ટાંત છે. પુસ્તક સુંદર અને ખાસ વસાવવા યોગ્ય છે.

શ્રી જૈન શાસન સંસ્થા– (એક મહત્ત્વનું સંશોધન) લેખક-પંડિત પ્રવરશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ, સં. પ્રકાશક–વિનિયોગ પરિવાર ટ્રસ્ટ, ગોપાલ સદન, પેઠેવાડી ૧ લે માળે, સંભવનાથ જૈન દેરાસર લેન, બોરીવલી, પશ્ચિમ, મુંબઇ–૪૦૦૦૯૨, ફા. ૧૬ પેજી, ૮૪ પેજ, મૂલ્ય અમૂલ્ય.

પંડિતજીના લેખો અધ્યાત્મવાદની શ્રી જિનેશ્વર દેવ પ્રણીત મોક્ષલક્ષી વ્યવસ્થાને બરાબર સમજાવે છે અને તેમાં વિકૃતિ લાવનારા વિચારો વિધાનો અને પ્રવૃત્તિઓથી તત્કાલ કે દુરગામી જે નુકશાનો છે તે સેંકડો વર્ષ પૂર્વના તારણો અને સેંકડો વર્ષ પછીના પરિણામોને આવરી લે છે. આવા વિચારોના પ્રચાર માટેનો આ પ્રયત્ન પ્રશંસનીય છે. આધ્યાત્મિક જીવનધારાના અર્થીએ અવશ્ય આ પુસ્તક વાંચી વિચારીને વિનિમય કરવા યોગ્ય છે.

આ પુસ્તકમાં હિતમિત પથ્ય સત્યમૂ-માંથી સંપાદિત કરીને ૧૧ મનનીય લેખો આપેલા છે.

જિનપૂજા મહિમા–સં. પૂ. મુ. શ્રી પુણ્યધનવિજયજી મ., પ્ર. શ્રી ભદ્રઆનંદ ગ્રંથમાલા, પ્રાપ્તિસ્થાન શાહ મફનલાલ મુલચંદજી, ૨ કુંભારવાડા લેન, ફ્લેટ નં. ૨૩૩–૨૩૫, રૂમ નં. ૮, ૧ લે માળે, મુંબઇ–૪, ફા. ૧૬ પેજી, પેજ ૧૦૮, મૂલ્ય રૂા. ૨૦), જિન દર્શન વિધિ તથા જિનપૂજા વિધિ વિધિ સાથે આપેલ છે. જેથી દર્શન પૂજા કરનાર માટે આ પુસ્તક સાથી બની રહે છે. ઉપરાંત અષ્ટપ્રકારી પૂજા અંગે દરેક પૂજાના મહિમાને સૂચવતી કથાઓ આપી છે. ચોવીશે ભગવાનના ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ એક સાથે આપી છે.

તીર્થ : સ્થાવર અને જંગમ–સંકલન–પૂ. પં. શ્રી ચન્દ્રગુપ્તવિજયજી ગણિવર, પ્રકાશક શાહ પ્રકાશચંદ્ર મણિલાલ, છાપરીઆ શેરી, મહીધરપુરા, સુરત–૩૯૫૦૦૩, ફા. ૧૬ પેજી, ૯૨ પેજ, પ્લાસ્ટીક કવર સાથે શ્રી પ્રકાશચંદ્રભાઇએ તેમના ધર્મપત્ની અ. સૌ. સૂર્યકાંતાબેનની ભાવનાથી તીર્થ જે સ્થાવર અને જંગમ છે. તેનું સંકલન કરવા આ પુસ્તક તૈયાર કરાવ્યું છે. સ્થાવર તીર્થમાં શ્રી શત્રુંજય-

(અનુસંધાન પાન ૧૨૩૫ ઉપર)

વાસ્તવિકતાના આરે આવીએ....

— શ્રી મુક્તિપંથ પથિક

(ગતાંકથી ચાલુ)

સંસારી જીવોને આજે જે સુખ (અનુભવાયેલું) છે તે કાલે યાદ કરવા યોગ્ય (સ્મરણીય) હોય છે અર્થાત્ સંસારનું સુખ નાશવન્તુ છે વિષયો ભોગવતા જ અનુભવાય છે વિષયોનો ભોગવટો પૂરો થતા સુખ નાશ પામી જાય છે પછી તો મે આ સુખ ભોગવ્યું હતું. એ રીતનું સ્મરણ જ થાય છે, એ વખતે એ સુખની અનુભુતિ થતી નથી. એથી કરીને બુધ પુરૂષો (વિવેકી પુરૂષો) નિરુપસર્ગ = નાશ ન પામનારા અપવર્ગ = મોક્ષના સુખને જ માંગે છે = ઇચ્છે છે.

જ્યારે મુઢ માણસ (મુર્ખ–અવિવેકી) જેમ, દુર્લભ એવા કલ્પવૃક્ષને જોઇને વરાટિકા= કોડીને માંગે છે [ઇચ્છે છે] તેમ જે મનુષ્ય પણામાં મોક્ષ રૂપ ફળની પ્રાપ્તિ થાય તે મનુષ્ય ભવમાં મુઢ માણસ વિષયોને માંગે છે [ઇચ્છે છે] [શોધે છે].

વિષય સુખને ઇચ્છનાર માણસ મુઢ છે.

મોક્ષ સુખને ઇચ્છનાર બુધ છે. બુધ માણસનું સ્વરૂપ સમજાયુ હોત તો "જ્ઞાનીઓનો આશય એજ છે કે પાપ છોડો અને ધર્મપ્રવૃત્તિ કરો" આવુ અસ્પષ્ટ નિરૂપણ પણ ન કરત.

વળી આ ઇલાતી પુત્રના દૃષ્ટાન્તમાં લેખકે વિરોધાભાષી પણ લખાણ કર્યું છે જે વાંચકો ધ્યાન દઇને વાંચે તો તેમને સમજાયા વગર ન રહે. એક બાજુ ધન સુખ પુત્રાદિ માટે ધર્મ કરવાનુ પ્રરૂપણ જોર શોરથી કર્યું છે જ્યારે બીજી બાજુ–ઇલાતી પુત્રને ઉંચી કિંમતના શબ્દ રૂપ રસાદિ વિષયો મળવા પર કેમ એને એમાં રસ અને રાગ નહોતો એ પ્રશ્નના ઉત્તરમાં લેખક જણાવે છે કે એનું કારણ એ કે એણે પૂર્વભવમાં નિરાશંસભાવે ધર્મસાધનાં કરેલી એ આંતરિક નિરાશંસપણાને લીધે શુભ સંસ્કારવાળુ શુભાનુબંધી પુણ્યાનુબંધી પુણ્ય બંધાયેલું એથી ભવાન્તરમાં ઇલાતી પુત્રને ઉચ્ચકોટીના શબ્દાદિ વિષયો મળવા છતા એમાં વિષયરાગ–વિષય લંપટતા વગેરેની દુર્બુધ્ધિ ન જાગી. ત્યાગ વૈરાગ્ય–નિસ્પૃહતા વગેરેની સદ્બુધ્ધિ જાગી હતી. એથી વિષયોમાં રાગ રસ ન હોતો, ધર્મમાં રસ હતો.

લેખકે નિરાશંસપણાનો અર્થનો ખુબજ સુન્દર કર્યો છે–નિરાશંસપણું એટલે દુન્યવી વિષયોની આશંસા નહી અપેક્ષા નહી. અર્થાત્ ધર્મસાધનાના ફળ રૂપે મને દુન્યવી વિષય સુખો મળે એવી આશંસા અપેક્ષા નહી. અભિલાષા નહી.

તાત્પર્ય એ નિકળ્યું કે જે નિરાશંસ ભાવથી ધર્મસાધના કરે તેનામાં વિષય સુખ ધન પુત્રાદિમાં આસકિત નથી. અનાસકતભાવે નિરાશંસભાવે કરેલી ધર્મસાધના દ્વારા બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યથી જે વિષય સુખ-ધનાદિ મળે એમાં જીવને આસકિત નથી થતી કિન્તુ વૈરાગ્ય નિસ્પૃહતા ત્યાગાદિના જ સંસ્કાર જાગે છે એથી ધર્મ સાધના વધુને વધુ કરતો જાય છે. જ્યારે ધર્મ સાધનો વિષય સુખાદિની આશંસાથી કરે ત્યારે વિષય સુખનાદિની આસકિત હોવાના કારણે આશંસા પૂર્વક કરાયેલા ધર્મથી બંધાયેલા પુણ્યથી જ્યારે વિષય સુખાદિ મળે ત્યારે તેનામાં આસકિત જાગે અને એ વિષય સુખના ભોગમાં જીવ આસકત બનેલો અનેક પ્રકારના પાપ કરીને દુર્ગતિના સંસારમાં ભટકવા જાય. જો એની આસકિતના સંસ્કારનો નાશ કરનાર ઉપદેશ ન મળે તો અથવા એને સાચી સમજ ન આવે તો !

ધન સુખ પુત્રાદિ માટે ધર્મ કર્તવ્ય છે એ પ્રમાણે નિરૂપણ કરવાથી તો લોકો આશંસાવાળો ધર્મ કરતાં થઈ જશે અને એ આશંસાવાળા ધર્મથી બંધાયેલા પુણ્યથી મળતા ધન સુખ પુત્રાદિમાં આસકિતના સંસ્કાર જાગૃત થવાથી એમાં આસકત બની લોકો કેવા પાપ અને દુર્ગતિઓ તરફ ખેંચાઈ જશે ?

માટે દૃષ્ટાન્તની પુત્રાદિ માટે કરેલી ધર્મારાધનાની વાતને લઈને સર્વ સામાન્ય રીતે ધનસુખ પુત્રાદિ માટે ધર્મ કર્તવ્ય તરીકે છે એમ ઉપર છલ્લું નિરૂપણ કરવું એ શાસ્ત્ર-સાપેક્ષ કઈ રીતે કહેવાય ?

જૈન શાસનના સાધુ આદિને મુખ્યતયા મોક્ષ અને મોક્ષ માર્ગની જ પ્રરૂપણા કરવાની હોય છે સંસાર માર્ગની પ્રરૂપણા ન થઈ જાય. એની કાળજી રાખવાની હોય છે.

સંસાર માર્ગની સાધના અને પ્રરૂપણાના ફાંસલામાંથી બહાર નીકળી મોક્ષમાર્ગની સાધના અને પ્રરૂપણા કરવા દ્વારા સ્વ-પરનું શ્રેય સહુ કોઈ સાધે એ અભિલાષા સાથે વિરામ !

— તો શ્રેષ્ઠ ધર્મરત્નની પ્રાપ્તિ થાય —

જો કારવેઇ પઢિમં જિણાણ જિઅરાગ દોસમોહાણં ।
સો પાવઇ અન્નભવે સુહજણયં ધમ્મવરરયણં ॥

જેઓ, જીતી લીધા છે રાગ-દ્વેષ અને મોહ જેઓએ એવા શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમા કરાવે છે, તેઓ મોક્ષ ન પામે ત્યાં સુધી અન્ય ભવમાં સઘળાં ય સુખોના જનકરૂપ ચિંતામણિથી પણ અધિક શ્રેષ્ઠ એવાં શ્રી ધર્મરત્નને પામે છે.

પંક્તિની આવાજ

- શ્રી ચંદ્રરાજ

પુન્ય વિના આર્યદેશ જન્મભૂમિ બની ના શકે.

અનાર્યદેશના એક રાજમહેલમાં સૂન-મૂન ગમગીન બનેલો એક રાજકુમાર અભયકુમારને મળવા પળે-પળે તડપી રહ્યો છે. પણ...પિતાની આજ્ઞાનું બંધન રાજકુમાર આર્દ્રકને આર્યદેશ તરફ જતાં અટકાવે છે.

આર્દ્રકુમારનું શરીર અનાર્યદેશમાં છે. પણ મન તો અભયને મળવાની ઝંખનામાં જ તડપી રહ્યું છે. અભયકુમાર સાથે મેળાપનો સંજોગ ન બનતાં આર્દ્રકુમારની આંખો શ્રાવણ-ભાદરવાનાં અશ્રુ-મેઘને વરસાવી વરસાવીને થાકી ગઇ છે.

પિત્રાજ્ઞાનું બંધન અને અભય મિલનની ઉત્કંઠા છે તેથી આર્દ્રકુમાર ન તો ચેનથી જન્મભૂમિમાં જીવી શકે છે. ન તો આર્યદેશ તરફ જઇ શકે છે.

આસનમાં, શયનમાં, યાનમાં, ભોજનમાં એક એક ક્રિયામાં નજર સામે આર્દ્રકુમારને અભયકુમારની દિશા જ દેખાય છે. અભય-મેળાપનું રટણ રાજકુમારને અરતિ ઉપજાવી રહ્યું છે.

"મગધદેશ કેવો છે? રાજગૃહ નગર કેવું છે? કયો રસ્તો ત્યાં જાય છે? આવું આર્દ્રકકુમાર અંગરક્ષકોને પૂછયા કરે છે.

આર્દ્રક રાજાને લાગ્યું. હવે આ કુમાર ગમે ત્યારે કીધા વિના જ અભય પાસે ચાલ્યો જશે. આથી તેણે રાજકુમારની આજુ બાજુ પાંચસો સામન્તો ગોઠવી દીધા. અને કહ્યું-દેશાન્તરમાં ચાલ્યા જતાં રાજકુમારને તમે અટકાવજો.'

અનાર્યદેશની હજાર-હજાર આંખોની નજરકેદમાં હવે તો કુમાર કેદી બની ચૂકયો છે. આર્યદેશની ધરતીનું મુકદ્દર (ભાગ્ય) રાજકુમારથી હજુ સેંકડો કદમાં છેટું છે. હજાર-હજાર આંખોની નજરકેદ વચ્ચેથી છટકી ચાલ્યા જવું રાજકુમાર માટે હવે એક સમણું બની ગયું હતું.

પાંખોથી જકડાઇ ગયેલા પરિન્દા (પંખેરૂ) ની જેમ હજાર આંખોથી ઘેરાઇ વળેલો કુમાર બંધનો ઉપર બંધનો જોઇને દુઃખી દુઃખી થઇ ગયો.

એક મન-વચનથી થઇ ગયેલી શ્રમણ ધર્મની વિરાધનાએ આજે આર્દ્રકકુમારને આર્યદેશની ધરતી ઉપર જનમવા તો ન દીધો. પણ હજી સુધી આર્યદેશની ધરતી ઉપર પગ પણ મૂકવા ન દીધો.

આખરે...રાજકુમારે માયાનો સહારો લીધો. રોજે થોડે દૂર દૂર જઇ પાછો આવવા માંડયો. વિશ્વાસ બેસવા સામંતોની કરડી નજરકેદ શિથિલ બની.

અને....માંડ માંડ મેળવેલી તકનો સદુપયોગ કરીને આર્દ્રકકુમાર એક દિવસ અનાર્ય દેશના સાગર તટે વિશ્વાસુ માણસો પાસે તૈયાર રખાવેલા યાનમાં (વહાણમાં)

કોટિશઃ વંદનાઃ

જે મહાપુરૂષ! દીક્ષા લઇ સંયમ–સેવા સ્વાધ્યાય મૂર્તિ બન્યા!

જે મહાપુરૂષ! દીક્ષા લઇ તપ ત્યાગ તિતિક્ષાના તેજપુંજ બન્યા!

જે મહાપુરૂષ! દીક્ષા લઇ વિવેક–વિનય–વિરાગ્ય–વારિધિ બન્યા! અને વડિલોના પરમકૃપા પાત્ર બન્યા!

જે મહાપુરૂષ! વાત્સલ્ય મહોદધિ બની શિષ્ય–પ્રશિષ્યોના હૃદય સમ્રાટ બન્યા!

જે મહાપુરૂષે પોતાના શિષ્યો–પ્રશિષ્યો શાસનના આરાધક પ્રભાવકો બને! માટે દુધ ત્યાગાદિ અભિગ્રહો દ્વારા ભણાવ્યા! અપ્રમત્ત બનાવ્યા! સંયમના રસિયા ત્યાગના રસિયા બનાવ્યા. અને પૂ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સા. તથા પૂ. યશોદેવ સૂરીશ્વરજી આદિ આદર્શ આરાધકો પ્રભાવકોની જૈન શાસનને ભેટ ધરી!

જે મહાપુરૂષના ૪૦૦ ઉપર શિષ્ય પ્રશિષ્યાદિ સુંદર સંયમાદિ દ્વારા આરાધના પ્રભાવના વિસ્તારી રહ્યા છે.

જે મહાપુરૂષ બ્રહ્મચર્ય અને શુધ્ધ પ્રરૂપણાના કટ્ટર પક્ષપાતિ હતા અને અબ્રહ્મ ઉત્સૂત્ર પ્રરૂપણાના કટ્ટર વિરોધી હતા.

જે મહાપુરૂષના નામના જાપથી આજ પણ! અધિષ્ઠાયકો પ્રસન્ન થાય છે, વ્યંતરોના ઉપદ્રવ દૂર થાય છે. વાસના સળગે છે ઉપાસના વળગે છે તે તેમના ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યનો પ્રભાવ છે.

પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ અંતિમ આરાધનામાં પરમાત્મા સાથે પોતાના તારક ગુરૂદેવના ચરણે સ્પર્શ કરી ભાવવિભોર બની હાથ જોડી, દર્શન કરી ખમાવીને મૃત્યુને મંગળમય બનાવ્યું. એવા મહાન શિષ્યના મહાન ગુરૂ! પૂજ્યપાદ સિધ્ધાંતમહોદધિ–પરમકૃપાસિંધુ સ્વ. આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ચરણકમળમાં વૈ. વદ ૧૩ ની પુન્ય તિથિએ ચરણકિંકર ચરણપ્રભની કોટીશઃ વંદનાવલિ!

બેસીને આર્યદેશના કિનારા તરફ ભાગી છૂટ્યો:

જે આર્યદેશની ધર્મ–ધરાના પવિત્ર સ્પર્શથી ચરણોને પવિત્ર કરવા હતા, જે ધન્ય ધરા ખાતર અનાર્યદેશના રાજમહેલમાં આંખોના આકાશમાંથી આંસુઓનો ભાદરવો–મેઘ વરસાવ્યો હતો, ખાવું–પીવું–સુવું–બેસવું–ઉઠવું જેની ખાતર હરામ થઇ ચૂકયું હતું, હજાર–હજાર આંખોની નજરકેદને પણ મંજૂર ગણેલી તે આર્યદેશની ધર્મ–પાવન ધન્ય ધરાને કિનારો આવી ગયો હતો.

यानादुत्तीर्य संप्रेष्य प्रतिमामभयाय ताम्।
सप्तक्षेत्र्यां धनान्युप्त्वा यतिलिंगमुपाददे।।

પ્રવહણમાંથી ઉતરીને, તે પ્રતિમા અભયકુમારને મોકલીને, સાતક્ષેત્રમાં ધન વાવીને રાજકુમાર આર્દ્રકે યતિલિંગને સ્વીકાર્યું.

શાસન સમાચાર

પાંચોટ :— પૂજ્યપાદ પરમશાસન-પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ-ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્‌વિજય રામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક શિષ્યરત્ન પરમતપસ્વી પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવર આદિઠાણાની શુભ નિશ્રામાં શ્રીમતી પુષ્પાવતીબેનનાં આત્મશ્રેયાર્થે શાહ બબલદાસ પાનાચંદ પરિવાર તરફથી ઐતિહાસિક મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

પૂજ્યશ્રીજી આદિ પાલીતાણાથી ઉગ્ર વિહાર કરી ૧૫ જ દિવસમાં મહેસાણા પધારતા, વૈશાખ સુદ ૫ ના દિવસે સુખડીયા મનસુખલાલ વિઠ્ઠલદાસ તરફથી ભવ્ય સામૈયું થયેલ. પ્રાંતે પ્રવચન બાદ પાંચ પાંચ રૂપિયાનું સંઘપૂજન થયેલ.

વૈશાખ સુદ ૬ ના દિવસે પૂજ્યશ્રીજી મહેસાણાથી વિહાર કરી પાંચોટ પધારતા, ૭–૩૦ કલાકે ભવ્ય રીતે સામૈયું થયેલ. આયોજક પરિવાર તથા સમગ્ર ગામનો ઉલ્લાસ–ઉત્સાહ અદ્‌ભૂત હતો. વિશાળ સંખ્યામાં જનમેદની જોડાયેલી. સાડાઆઠે સામૈયું ઉતારતા જિનાલયમાં ચૈત્યવંદનાદિ થયાં બાદ માંગલિક પ્રવચન થયેલ. પ્રાંતે ગુરૂપૂજન – સંઘપૂજન થયેલ.

આજના જ દિવસે અત્રેના જિનાલયની વર્ષગાંઠ હોવાથી ૧૦–૦૦ કલાકે ધ્વજારોહણ ઠાઠમાઠથી થયેલ.

બપોરે વિજયમૂહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયેલ. વૈશાખ સુદ ૭–૮ ના દિવસે સવારે ૬–૩૦ થી ૭–૩૦ પૂ. ગુરૂભગવંતોના પ્રવચનો, બપોરે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ.

વૈશાખ સુદ ૯ ના દિવસે સૂર્યોદય પહેલાં શુભમૂહૂર્તે કુંભસ્થાપન. દીપકસ્થાપન આદિ થયા બાદ ૬–૩૦ થી ૭–૩૦ પૂજ્યશ્રીનું પ્રવચન બાદ ૯–૦૦ કલાકે નવગ્રહાદિ પાટલાપૂજન ભણાવાયેલ.

(અનુ. પાન ૧૨૩૦ નું ચાલુ)

ગિરિરાજનું વર્ણન અને જંગમ તીર્થમાં છેલ્લા શાસન મહાન પ્રભાવક પૂ. મહો. યશોવિજયજી મ. નું જીવન લીધું છે અને છેલ્લે પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજાનું તીર્થ યાત્રા : ઉદ્દેશ અને સંદેશ રૂપ પ્રવચન લીધું છે જે મનનીય છે.

સજ્ઝાયમાળા – સં. પૂ. મુ. શ્રી અંકલંકવિજયજી મ., પ્રકાશક અકલંક ગ્રંથમાળા, ઉજમ ફઈની ધર્મશાળા વાઘણ પોળ, અમદાવાદ–૧. ફા. ૧૬ પેજી, ૮૦ પેજ, આ પુસ્તિકામાં સમકીત ૬૭ બોલ, આઠ દૃષ્ટિ અઢાર પાપસ્થાનકના બાર ભાવનાની સજ્ઝાયો વિ. સજ્ઝાયો લીધી છે જે ઉપયોગી છે.

બપોરે ૨–૦૦ કલાકે ભવ્ય અભિષેક મહાપૂજન ભણાવાયેલ.

વૈશાખ સુદ ૧૦ ના દિવસે સવારે ૬–૩૦ થી ૭–૩૦ પૂજયશ્રીનું પ્રવચન થયા બાદ ૯–૦૦ કલાકે ચરમતીર્થપતિ શ્રમણ–ભગવંત મહાવીર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણક તથા જલયાત્રાનો વરઘોડો જોરદાર રીતે નીકળેલ.

ધ્વજ–વજ્ર, ઘોડાઓ, શણગારેલી ઉંટગાડી ગજરાજ, ચાંદીની બગીઓ, સંગીતમંડળી, મહેસાણાનું પ્રખ્યાત બેન્ડ, પરમાત્માનો રથ ઇત્યાદિ સામગ્રીઓ અને હજારોની સંખ્યામાં જોડાયેલા ભાવિકો આદિ નિહાળી સમગ્ર ગામમાં અદ્‌ભુત શાસન પ્રભાવના સર્જાયેલી. વરઘોડાનાં દર્શન કરવા બંને બાજુ લાંબી કતારો લાગેલી.

બપોરે ૧૨–૦૦ કલાકે વરઘોડો ઉતરેલ. ત્યારબાદ વિજયમૂહૂર્તે શ્રી અષ્ટોતરી શાંતિ-સ્નાત્ર મહાપૂજન અતિ ઉલ્લાસ પૂર્વક ભણાવાયેલ.

વૈશાખ સુદ ૧૧ ના દિવસે સવારે ૬–૩૦ થી ૭–૩૦ પૂજયશ્રીનું પ્રવચન થયા બાદ ૯–૩૦ કલાકે કુમાર શાળાના વિશાળ પટાંગણમાં સ્નાત્ર મહોત્સવ ખૂબ ઉલ્લાસ-પૂર્વક ભણાવાયેલ. સંગીતકાર ગજાનનભાઈ ઠાકરે પ્રભભક્તિનો અનેરો રંગ જમાવેલ. માતા–પિતાનું ઘર, વિશાળ સ્ટેઈજ, ઇંદ્ર-સભાની રચના, ૫૬ દિગકુમારીકાની આબેહૂબ રચના, મેરૂપર્વતની શોભા ઇત્યાદિથી સ્નાત્ર મહોત્સવ યાદગાર બનેલ.

બપોરના ૨–૦૦ સુધી સ્નાત્ર મહોત્સવ ચાલેલ.

પૂજય આ.ભ.શ્રી વિ.લબ્ધિ સૂ.મ. નાં સમુદાયના પૂ.સા. શ્રી સુભદ્રાજી મ. નાં આજ્ઞાવર્તિની પૂ.સા.શ્રી રાજરત્નાશ્રીજી મ. આદિઠાણા ૪ ની ઉપસ્થિતિથી મહેનોમાં પણ સુંદર આરાધના થયેલ.

આ પાંચ દિવસનો મહોત્સવ પાંચોટ ગામ માટે વર્ષો સુધી અવિસ્મરણીય બની જશે. આયોજક બબલદાસ પાનાચંદ પરિ-વારની અદ્‌ભુત ઉદારતા, પાંચ દિવસમાં ૬૮થી ઉપર સંઘપૂજનો, રોજ પ્રવચન પૂજનો તથા રાત્રિ ભાવનામાં સેંકડોની સંખ્યામાં ઉપસ્થિત રહેતા ભાગ્યશાળીઓ, રોજ રાત્રે ગામના રામજી મંદિરમાં ફકત પુરૂષો સમક્ષ થતા પૂ. પંન્યાસપ્રવર શ્રી ગુણશીલ વિજયજી ગણિવરના પ્રેરક પ્રવચનો, વિધિકર શ્રી રજનીકાંતભાઇ કે. શાહ તથા સંગીતકાર શ્રી ગજાનનભાઈ ઠાકુર તથા મુકુંદલાઈભટ્ટ ની અદ્‌ભુત પ્રભુભક્તિ, મુંબઈ મોતીશા લાલબાગ જૈન સંઘના આરાધક યુવાનો દ્વારા થતી રોજ પરમાત્માની અદ્‌ભુત ભવ્ય અંગરચના, રોજ નવનવો શણગાર ઇત્યાદિ દ્વારા આ મહોત્સવ જાણે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની જ જાણે ઝાંખી ન કરા-વતો હોય એવો અદ્‌ભુત ઉજવારો.

રોજ ત્રણે ટાઈમ ઉદારતાપૂર્વક ઉત્તમ દ્રવ્યો દ્વારા થતી સાધર્મિક ભક્તિ સમગ્ર ગામમાં પ્રત્યેક ઘરોમાં મિઠાઈનું વિતરણ.

રોજ આરતી મંગલદીપક આદિના હજારો ઉપરની રેકર્ડરૂપ ઉછામણીઓ, જીવદયાની થયેલ અદ્‌ભુત ટીપ આદિ દ્વારા આ મહોત્સવ વર્ષો સુધી યાદગાર રહેશે.

વૈશાખ સુદ ૧૨ ના દિવસે બબલદાસ પાનાચંદ પરિવારનાં મુખ્ય આધારસ્તંભ સન્માન શ્રીમતી પ્રભાવતીબેનને વર્ધમાનતપની ૫૧ મી ઓળીનું પારણું સુંદરરીતે થયેલ. પૂજયશ્રીએ તે જ દિવસે સાંજે ધીણોજ તરફ વિહાર કરેલ. ત્યાંથી પૂજયશ્રીજી બેચરાજી, વસાડા પાટડી સુરેન્દ્રનગર રાજકોટ જુનાગઢ થઈ વેરાવળ જેઠ સુદ ૪ તા. ૨૫–૫–૯૩ ના પ્રવેશ કરશે. ત્યાં સુવિશાલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી પૂજયશ્રીની નિશ્રામાં શ્રી સુમતિનાથ જિનાલયનો સુવર્ણ જયંતિ અષ્ટાહ્નિકા મહોત્સવ અતિ ભવ્યતાથી ઉજવાશે.

ત્યાંથી પૂજયશ્રીજી જુનાગઢ થઈ જામનગર ચાતુર્માસાર્થે પધારશે. પૂજયશ્રીજીનો ચાતુર્માસપ્રવેશ જેઠ વદ ૧૦ સોમવાર તા. ૧૪––૬—૯૩ ના દિવસે થશે.

ચિત્રદુર્ગ–પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય ભુવનતિલક સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ.આ. શ્રી વિ. અશોકરત્ન સૂ. મ. ઠા. ૫ પૂ. સા. શ્રી કલ્પરત્નાશ્રીજી ઠા. ૮, પૂ. સા. શ્રી વિજયરત્નશ્રીજી મ. ઠા. ૫ ની નિશ્રામાં વૈશાખ શુદ ૬ ના શ્રી અંજનાકુમારી શંકરલાલની દીક્ષા અને શ્રી મહાવીરસ્વામી આદિ ચૌમુખી ભગવંતની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી શાન્તિસ્નાત્ર ત્રણ સાધર્મિક વાત્સલ્ય સાથ અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. વૈ. શુ. ૩ ના પૂ. સા. શ્રી શ્રુતરત્નાશ્રીજી મ. નાં સાતમા વર્ષીતપના પારણાનો વરઘોડો ચડયો હતો. શુદ ૫ ના શ્રી જલયાત્રાનો અને વર્ષીદાનના વરઘોડામાં દીક્ષાર્થી હાથી ઉપરથી છુટા હાથે દાન આપતા હતા. શુ. ૬ ના ચૌમુખી ભ. ની પ્રતિષ્ઠા અને કોલેજના વિશાળ હોલમાં દીક્ષા થતાં પૂ. સા. શ્રી કાવ્યરત્નાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અરિષ્ઠરત્નાશ્રીજી મ. નામ રાખવામાં આવ્યું હતું. શ્રી શાંતિસ્નાત્ર ભણાવાયું હતું. જીવદયાની ટીપ થઈ હતી જ્હાર મામથી સારી સંખ્યામાં જનતા આવી હતી. પૂ. આ. મ. આદિ અને પૂ. સા. શ્રી કાવ્યરત્નાશ્રીજી ઠા. ૩ વિહાર કરી જ્યાડગી વૈ. વ. ૪ના પધાર્યા છે. નૂતન સાધ્વીજીના વડીદીક્ષાના જોગ ચાલુ છે.

રાજકોટ–અત્રે શ્રી વર્ધમાનનગરે પ પૂ. તપસ્વી રત્ન પૂ. મુ. શ્રી લાલવિજયજી મ. તથા પૂ મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. સા. પ. પૂ મુ. શ્રી તત્વદર્શન વિ. મ. સા. ની શુભ નિશ્રામાં શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળાના સુપુત્ર ચિ. દીપકકુમારના લગ્ન નિમિતે વૈ. વ. ૬ થી પંચાન્હિકા જિનેન્દ્રભકિત મહોત્સવ ખૂબજ ભવ્ય રીતે ઉજવાયેલ. વૈ. સુ. ૧૧ ને રવિવારના રોજ શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ બાદ લાડુની પ્રભાવના થયેલ. જીવદયાની ટીપ સુંદર થઈ હતી. વૈ. સુદ ૧૨ ને સોમવારના રોજ સરદાર બાગ અતિથી ગૃહ પાસે સંજય એપાર્ટમેન્ટમાં બગડીયા છબીલદાસ જીવરાજભાઈ તરફથી તેમના ફલેટમાં નુતન ગૃહ પ્રવેશ નિમિત્તે ઉપરોકત પૂ. ગુરૂ મ. સા. ની શુભ નિશ્રામાં શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ. પૂ.શ્રી કલીકુંડ ધોળા થઈ અમદાવાદ જેઠ મહીને ચાતુર્માસ માટે પ્રવેશ કરશે.

અમદાવાદ (વાસણા) અત્રે શ્રી સંભવનાથ સ્વામી નુતન જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ભવ્યાતિ ભવ્ય રીતે પ. પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ. સા. તથા ભીષ્મ તપસ્વી પૂ. આ. દે. શ્રી હિંમાંશુસૂરીશ્વરજી મ. સા. સરલ સ્વભાવી પૂ. આ. દે. શ્રી નરરત્નસૂરીશ્વરજી મ. સા. પ. પૂ. આ. દે શ્રી જગતચંદ્રસૂરીશ્વરજી મ. સા. પ. ૨. ઉપાધ્યાય શ્રી યશોભદ્રવિજયજી ગણીવર્ય તથા સમર્થ પ્રવચનકાર પૂ. પં. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં ચૈત્ર વદી ૧૩ થી અગ્યાર દીવસ સુધી ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાયેલ કલ્યાણકોની ઉજવણી ખૂબ જોરદાર થવા પામી હતી પાંચે કલ્યાણકના વરઘોડામા હાથી રથ ઇન્દ્રધ્વજ બેન્ડવાજા સહીત નીકળ્યા હતા વૈશાખ સુદ ૬ પ્રતિષ્ઠા થઇ હતી બપોરે શ્રી બૃહદ અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ સુંદર થઇ હતી બંને ટાઇમ સંઘ જમણ થતા હતા સુદ ૫ તથા સુદ ૬ ના નોકારશી જમણ થયેલ વિધિ વિધાન જામનગરવાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ શુધ્ધતા પૂર્વક કરાયેલા સંગીતમા શ્રી બાબુભાઇ કડીવાળા તથા નટવરલાલ નવસારીવાળાએ સારી જમાવટ કરી હતી સ્ટેજની વ્યવસ્થા માટે નવકાર પ્રેમી શ્રી લલીતભાઇ રાધનપુરવાળા મદ્રાસથી પધાર્યા હતા.

સિદ્ધગિરિ–અત્રે પૂ. પ. શ્રી અશોકસાગરજી મ. ની નિશ્રામા શેઠ રમણીકલાલ છનાલાલ તરફથી ચૈત્રી ઓળી શ્રી સિદ્ધચંદ્ર આરાધક સમાજ દ્વારા સારી રીતે ઉજવાઇ આંબેલ ૧૦૦૦ થી વધુ થઇ જતા હતા અકુમમા ૬૫૦ આરાધકો જોડાયા હતા.

મુંબઈ–ભારત મહામંડળ દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી તા. ૫–૪–૯૩ ના ૨૪ સંસ્થાઓના ઉપક્રમે બીરલા માતુશ્રી સભાગૃહમાં રાખેલ મહારાષ્ટ્ર સરકારના બે મંત્રીઓ અસલુભાઇ ગુજરાલ તથા જવાહરલાલ દંડી અને રાજ્યમંત્રી મર્ઝબાન પત્રાવાળા હાજર રહ્યા હતા.

સાંથુ (રાજસ્થાન) અત્રે શ્રી આદિનાથ તથા શ્રી પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા નિમિતે ૧૮ દિવસનો મહોત્સવ પૂ. મુ. શ્રી જયાનંદ વિજયજી મ. ની નિશ્રામાં શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન પેઢી દ્વારા ચૈત્ર વદ ૧૩ થી ઉજવાયો.

જીવા-દી–અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણરત્નસૂ. મ. ની નિશ્રામા વૈ સુદ ૬ ની ઠાઠથી પુનપ્રતિષ્ઠા થઇ ભવ્ય મહોત્સવ ઉજવાયો ઉપજ વરઘોડા તથા સાધર્મિક વાત્સલ્ય વિ. સુંદર થયા આ પહેલા સનવાડામાં તેમની નિશ્રામાં પ્રતિષ્ઠા થઇ તેમનું ચાતુર્માસ જાલોર નકી થયું છે.

※

પ્યારા ભૂલકાંઓ,

આપણે લગભગ દર મહિને મળીએ છીએ. તમારા સૌની મહેનતે બાલવાટિકા વિકાસને પામી છે. તમારા સૌના સહકારના ફલાથી આ બાલવાટિકા દિન-પ્રતિદિન વધતી ચાલી છે. બાલવાટિકા દ્વારા તમને સૌને સારું સારું જ્ઞાન મળે છે તે તમારા લખાણોથી જાણ્યું. આના મનન-ચિંતનથી તમારું જીવન ધન્ય બને તેવી અભિલાષા હું સેવું છું.

આજની સ્કુલો જે શિક્ષણ આપી રહી છે તેનાથી તમારું જીવન અવળા પંથે જ જવાનું છે. આ શિક્ષણ માતા-પિતા, દેવ-ગુરુ અને ધર્મનો ઉપકાર ભૂલી જવાનો શિખવાડે છે. આ આધુનિક શિક્ષણના રંગે રંગાશો નહીં.

જો તમારા હૃદયમાં કલ્યાણની કામના હોય તો માતા-પિતા, દેવ-ગુરુને ધર્મથી કયારે પણ અળગા બનશો નહિ. માતા-પિતા, દેવ અને ગુરુના સતત સંપર્કથી આપણને નવું નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સદાચારની સુવાસ આપણા જીવનમાં ફેલાય છે. સારા સાહિત્યના વાંચનથી સારી સારી ભાવનાઓ જાગૃત થાય છે.

માતા-પિતા અને દેવ-ગુરુના હિતકારી વચનો જીવનમાં ઉતારી તમારા જીવનનું કલ્યાણ કરવા તત્પર બનજો. પ્રાન્તે જૈન શાસનનો વિકાસ એ જ તમારો વિકાસ. તમારા વિકાસ માટે સુંદર લખાણોનો ફાળો જૈન શાસનના કાર્યાલય ઉપર મોકલો. લખાણો મોકલી જૈન શાસનને મઘમઘતું બનાવો.

—રવિશિશુ

ઠે. શ્રી જૈનશાસન કાર્યાલય, શ્રુતજ્ઞાન ભવન,
૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર.

પંડિત પ્રત્યુત્તર

(૧) નાળિયેર

૧. માંથા વિનાનો મરગલો, શીંગડીઓ ઉગી ગ૨, કુંડમાં બેઠો હમહમે, તેને બોરાં લડાવે લાડ.

૨. નહી કીનારે ત્રણ ઝુંપડા, તેથી આડા રે ગામ; કુંવરીને ત્રણ છોકરૂં, તેને પરણ્યાનું શું કામ ?

૩. ત્રણ મુખને દસ પાય, અળવી કરતું ધાય, નાથ પુછે રમણીને, એ કયું જનાવર જાય.

—કિંજલ એમ. શાહ

જગ્યા પૂરાઇ ગઇ.

૧. નંદીષેણ, ૨. વિકાર, ૩. ચંદરાજા, ૪. જૈન શાસન, ૫. મોક્ષ.

આલી જગ્યા પૂરો.

૧. અરિષ્ટનેમિ ભગવાને ..... નામના ઉદ્યાનમાં દીક્ષા લીધી હતી. (૪)
૨. ઋષભદેવ ભગવાન ..... નામની પાલખીમાં બેસીને દિક્ષા લેવા નીકળ્યા હતા. (૪
૩. ..... ૭૫૨ વજરમુનિએ અણસણ કર્યું હતું. (૫)
૪. માનવીને.....નો ભય સતાવે છે. (૪)
૫. ..... તીર્થંકરનો જન્મ ચંપાપુરીમાં થયો હતો. (૫)

—હર્ષીત એમ. શાહ

ચોકઠાં ચતુરનેા ઉકેલ

૧. કાકંદી ૩. જિતારી ૫. વિજય
૨. નંદાવર્ત ૪. પૃથ્વી ૬. આનંદ
૭ શિવભૂતિ ૮. દર્શન ૯. આક્રોશ
૧૦. શૌચ ૧૧. માખણ ૧૨. વૈતરણી

—મોન્ટુ

આચરણથી પ્રતિપાદન...

પરમાત્માએ

દાન આપવા દ્વારા દાન ધર્મનું, સંયમ લેવા દ્વારા શીલ ધર્મનું અનિગ્રહ ગ્રહણ કરવા દ્વારા તપ ધર્મનું અને કાયોત્સર્ગમાં ષટ્કાય જીવનું ચિંતન કરવા દ્વારા ભાવ ધર્મનું પ્રતિપાદન કર્યું.

—હિતેશ વી. શાહ-પુના

માત્ર સાચું ખોટું કહેા.

૧. અષ્ટપ્રકારી પૂજામાં ન્હવણ પૂજા એ પહેલી પૂજા છે.
૨. તીર્થંકરભવમાં કરેલું પાપ અન્ય દહેરાસરમાં દર્શન કરવાથી ધોવાઇ જાય છે.
૩. પાલીતાણામાં રહેલા તીર્થની યાત્રા જે ભવિ જીવ હોય તે જ કરી શકે છે.
૪. મનુષ્ય ભવ, આર્યક્ષેત્ર, સંસ્કારી માતા પિતા અને પોતાને ધર્મની ભાવના પુણ્ય હોય તે જ થાય છે.
૫. વીરા મેરા ગજ થકી ઉતારો તે પ્રિયદર્શનાં બોલી હતી.
૬. દેવલોકના દેવો જીવનથી કંટાળીને આપઘાત કરે છે.
૭. શત્રુંજય પર્વત દિવસે દિવસે પોતાના દાણા જેટલો મોટો થાય છે.

—જ્યેશ કે. શાહ-પુના

૧૦૦(સો)ની કરામત

૧. ૧૦૦૨૪ દેશ સંચયો ન ચઢયો ગઢ ગીરનાર.
૨. ૧૦૦મિલ બ્રાહ્મણે ગજસુકુમારના માથે અંગારા મુકયા હતા.
૩. ૧૦૦લિસિટર આત્માના બળો.
૪. ૧૦૦મિત્ર સુમિત્રાનો પુત્ર હતો
૫. ૧૦૦મવાર પછી આવતા મંગળવારે જૈનશાસન પ્રગટ થાય છે.
૬. ૧૦૦પારી કાતરીને ખવાય છે
૭. ૧૦૦હાગરે રત્નકંબલ ભદ્રામાતાને વેચી.
૮. ૧૦૦નામહોર દેખી માનવીનુ મન લલચાય છે.
૯. ૧૦૦નામહોર રાખવી એ પાપ છે.
૧૦. ૧૦૦૪ નર હાર્યો.

૧૧. ૧૦૦મા ચંદ્રભાઈએ દીક્ષા ગ્રહણ કરી હતી.
૧૨. ૧૦૦મારી પૂજનમાં મુકાય છે.
૧૩. ૧૦૦માંથી ૧૦૦ માર્ક કોને આવે?

—કેયુર એ. શાહ–બોરીવલી

હાસ્ય એ દરબાર

રાજુ – સુરેશ રાતના સુરજ કેમ નહિ
મહેશ – ઉગે તો છે. ઉગતો હોય?
રાજુ – તો દેખાતો કેમ નથી?
સુરેશ – અરે! અંધારામાં કેવી રીતે દેખાય.
(અજ્ઞાનરૂપી અંધારથી કશું જ નહિ દેખાય)

—મનીષ જૈન

સરળ ઉપાય

"ખામેમિ"થી મૈત્રી જાગે.
"વંદામિ"થી ભક્તિ જાગે છે.
"મિચ્છામિ"થી શુદ્ધિ જાગે છે.
આ ત્રણથી શ્રાવક શ્રેણિ મંડાય છે.

—આશિષ–પુના

સંતાકુકડી

એક બાળકથી નીચેના સુવાક્યો આડા-અવળા લખાઈ ગયા છે તો ચાલો આપણે તેને વ્યવસ્થીત ગોઠવી તેની ઉપર થોડું ક ચિંતન કરીએ.

૧. હે, મુરસાફી ડાવજી!
આ નોયકા લહેમ રોતા થીન.
૨. માંવનજી તકૃસુ રવું ક ઇંએલે.
૩. પવિન નવિ ઘાવિ થીન વતીઆ.
૪. પત નનીમ હીશુ વંકપૂ રવોક એઇલે.

—સુરજ સી. સંઘવી

પ્રથમ અક્ષર કાઢીને વાંચો

જમાતા ભાઇને મામો કહેવાય
વિચિત્ર સુંદર કહેવાય.
વિકથા એક રાજાની કહેવાય.
ચોરસ કેરીનો વખણાય.
કુમાર કોને મરાય?
ચોપાટી લખવાનું સાધન કહેવાય.
ચુવડ પક્ષીઓનું સ્થાન કહેવાય.
ઢિકરો હંમેશાં સારૂં કામ.
ભૂગોળ કોલ્હાપુરનો વખણાય.
હમારી બાલવાટિકા કહેવાય.
મહિના નામ પડાય.
ભિખારી વસ્તુ ન ખવાય.
સુંદર ઉંદરનું કહેવાય.
દીવાલ વાયડા કહેવાય.
વિમાન ન કરાય.
બિહાર ફૂલમાંથી બનાવાય.

—સુલસા એન. જૈન

માત્ર સાચું ખોટું કહો

૧. જગતમાં જાણવા લાયક નવતત્ત્વો છે.
૨. ભારતની રાષ્ટ્રીય ભાષા અર્ધમાગધી છે.
૩. મહાવીરસ્વામી સમેત શિખર ઉપર મોક્ષે ગયા.
૪. બનાસ નદીના કિનારે ભ. વીરને કેવલ-જ્ઞાન થયું છે.
૫. ગજકુમાલ મુનિ લાડવાને પરઠવતા મોક્ષે ગયા.
૬. શ્રાવકના ઘરમાં સાત ગરણા હોય છે.
૭. જીવ પુણ્ય કરવાથી નરકે જાય છે.
૮. આચાર વગરના વિચાર અનાચાર છે.
૯. સુસાધુના દર્શન ઘણા પુણ્યશાળી જીવને જ થાય છે.
૧૦. જિનેશ્વર ભગવાને કહેલા એક પણ વચનને ન માને તેને સમ્યક્ત્વી કહે-વાય છે.

—તારેશ કીર્તિકુમાર

- ક્ષમાપનાનું રહસ્ય :

જ્યાં સુધી કોઇપણ જીવ ઉપર અંગત દ્વેષ રહેશે, દુર્ભાવ રહેશે ત્યાં સુધી સાચી આરાધના ન થાય, કલ્યાણ નહિ થાય. કોઇપર પણ દુર્ભાવ ન હોય, બધા પ્રત્યે સદ્‌ભાવ હોય તેવો જીવ જ મૈત્રી ભાવનાનો સ્વામી કહેવાય. કોઇ જીવ પ્રત્યે બૂરો ભાવ નથી, કોઇનું પણ બુરું કરવું નથી, કોઇનું બુરું ન થાય તે જ ઇચ્છા છે– આ જ ક્ષમાપનાનું રહસ્ય છે.

- બાહ્યતપ કરતાં આવડે તો તે કષાયોનું શમન કરે. તપસ્વીને ગુસ્સો તે તપનું અજીર્ણ છે. જેમ જેમ તપ કરે તેમ તેમ તેના કષાયો ઘટે. કર્મ તપાવવા તપ કરે તે ધીમે ધીમે એવા થાય કે પત્થર પડે તો ય કાંઇ ન થાય.

- તપ એટલા માટે વિહિત કર્યો છે કે–સંસાર સારો લગાડનાર કર્મો, રાગ કરાવનારા કર્મો તૂટી જાય અને સંયમ ઉપર રાગ થઇ જાય.

- સંસારમાં રહેવાની ઇચ્છા તે જ મોટામાં મોટું પાપ. મોક્ષમાં જવાની ઇચ્છા તે જ મોટામાં મોટો ધર્મ !

- શ્રી તીર્થંકર પરમાત્માઓના, શ્રી ગણધર ભગવંતોના અને મહાત્માઓના શરીર પૂજનીક કેમ ? મોહના કહેવા મુજબ ન પંપાળ્યું માટે.

- પૈસા વગર ન જીવાય તે કોને ? પામરોને. બહાદૂરોને નહિ. આ મનુષ્ય લોકમાં પૈસા વગર, ગમે તેમ ભીખ માગ્યા વગર, આબરૂ કર્યા વગર જીવી શકાય તેવું સ્થાન છે.

- પૈસો ગમે ફેંકી દેવા જેવો લાગે તેવો જીવ મંદિર બાંધે તો નિર્જરા કરે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૧૯૮૩-૭૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૨૪૦

જૈન શાસન

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૪૨

સાચી મૈત્રીનું ફળ

मैत्री भावयतो नित्यं,
शुभो भावः प्रजायते ।
ततो भावोदकाज्जन्तो–
र्द्वेषाग्निरुपशाम्यति ।।

નિત્ય મૈત્રીને ભાવતા આત્માને શુભ ભાવ પેદા થાય છે. અને તે ભાવ રૂપ પાણીથી દ્વેષ રૂપી અગ્નિ ઉપશાંત થઇ જાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

રેશમની ખેતીથી હિંસક રેશમ ઉત્પાદન

—ભગીરથ પંડ્યા

ગુજરાત સમાચાર તા. ૧૩-૪-૯૧ના અંકમાં હાલની બની રેશમની ખેતીની વિગત નીચે મુજબ જણાવી છે.

આપણે જાણીએ છીએ તેમ ખાસ પ્રકારના કીડાનો ઉછેર કરીને રેશમ મેળવવામાં આવે છે. આ રેશમ તાંતણાં રૂપે ખાસ પ્રકારની ઇયળના મોઢામાંથી નિકળે છે. સાચું એ છે કે આ તાંતણાં એટલે ઇયળના મોઢામાંથી નિકળતી લાળ હોય છે. રેશમના કીડાની ચાર અવસ્થાઓ હોય છે. ઇયળ જ્યારે કોશેટામાં સુષુપ્ત અવસ્થામાં રૂપાંતર પામે છે ત્યારે તે રક્ષણ માટે પોતાની જ લાળમાંથી પોતાના શરીર ફરતે તાંતણાં કાઢીને, લપેટીને એક કવચ તૈયાર કરે છે. આ તાંતણાં ફાઇબ્રોઇન અને સેરિસિન નામના પ્રોટીનમાંથી બને છે. એક કોશેટા ફરતે તાંતણાંની લંબાઇ ૭૦૦ થી ૧૨૦૦ મીટર જેટલી હોય છે. તાંતણા મજબૂત અને ગરમીથી ન ઓગળે તેવા હોય છે. તાંતણાંથી લપેટાયેલાં આવાં અસંખ્ય કોશેટાઓને ઉકળતાં ગરમ પાણીમાં નાખી લાકડી વડે હલાવવામાં આવે છે. આ ક્રિયા દરમ્યાન કોશેટાના તાંતણાનો છેડો છૂટો પડે છે. આ છેડાને ચરખા બાંધી પછી વીંટી લઇ રેશમની આંટીઓ તૈયાર કરી શકાય છે. આજ આંટીઓને પાવરલુમ્સ કે હેન્ડલુમ્સ પર ચઢાવી તેમાંથી રેશમી કાપડ, સાડીઓ વિગેરે તૈયાર કરી શકાય છે.

આ કોશેટા અવસ્થા તે કુલ ચાર પેઢીની ત્રીજી અવસ્થા છે. ચાર અવસ્થા એટલે ઇંડા, ઇયળ, કોશેટા અને પુખ્ત પતંગીયા. આ ચાર અવસ્થાઓ પસાર કરી રેશમના કીડા ૭ થી ૮ અઠવાડીયાનું આયુષ્ય ભોગવે છે. એના આ સમગ્ર જીવનચક્ર દરમ્યાન ઇંડા અવસ્થા ૧૦-૧૨ દિવસ, ઇયળ અવસ્થા ૨૧-૨૮ દિવસ, કોશેટાવસ્થા ૧૦-૧૨ દિવસ અને પતંગીયા કે ફદાંવસ્થા ૧૨ થી ૧૫ દિવસની હોય છે. રેશમના કીડા એક પેઢીવાળા અને બહુપેઢીવાળાં હોય છે. બહુપેઢીવાળી જાતમાંથી વધુ ઉત્પાદન અને નિમ્ન કક્ષાનું રેશમ જ્યારે એક પેઢીવાળા કીડામાંથી ઉત્પાદન ઓછું પણ સારી જાતનું રેશમ મળે છે.

રેશમની ખેતી માટે કીડાઓને ઉછેરવા પડે છે. શેતૂરના પાંદડાં પાવસવીને તેને ઉછેરી શકાય.

રેશમના કીડા ઉછેરવા માટે અલાયદા ઓરડા રાખવાં, જેમાં જંતુમુકત પગ કરીને પ્રવેશ કરવો. આના માટે ઓરડાના બારણામાં જ જંતુનાશક દવાવાળુ પગલુછણિયું રાખવું. તેના પર ફૂટપાથ (ફુટબાથ) લઇ પછી ઓરડામાં દાખલ થવું. આમ કરવાથી કીડાને કોઇ રોગ જીવાતોનો ઉપદ્રવ લાગશે

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

મહાપ્રભાવક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા અર્થે પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાધ્ધા ચ, શિવાય ચ મતાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(પાલડી)

વર્ષ ૫] ૨૦૪૯ જેઠ વદ-૪ મંગળવાર તા. ૮-૬-૯૩ [અંક-૪૨

: પ્રણિધાન આશયને પામેલાની મનોદશા :

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ ભવ્ય જીવોનો આ સંસારથી વહેલો નિસ્તાર થાય તે માટે આ ધર્મશાસન સ્થાપ્યું છે. અને જે જે ધર્માનુષ્ઠાનો વિહિત કર્યા છે તે એટલા માટે કે તેના આલંબનથી જીવ સંસારથી છૂટી મોક્ષ પામી શકે. તે અનુષ્ઠાનનું સાચું આલંબન જીવના આશય ઉપર આધાર રાખે છે. તે આશય ચરમાવર્ત્તકાળમાં જ પેદા થાય. અચરમાવર્ત્તકાળમાં જીવને ખુદ શ્રી અરિહંત પરમાત્મા મળે, તેમની વાત સાંભળે છતાં પણ તેનો સંસાર ઘટતો નથી બલ્કે વધે પણ છે. કેમકે, તે જીવને સંસાર જ ભૂંડો લાગતો નથી અને મોક્ષ છે તે વાત જ બેઠતી નથી. તેથી તે જીવ ધર્મ કરે તે કાં સંસારના સુખો માટે જ કરે કાં સમૂર્ચ્છિમપણે કરે છે. જે જીવ ચરમાવર્ત્તમાં આવે તો તેનો ભવ્યત્વ સ્વભાવ પ્રગટ થવાની લાયકાત પેદા થાય. તેને સમજાવનાર મળે, સામગ્રી મળે અને સમજાઇ જાય તો લાભ થાય.

આપણને આ બધી સામગ્રી સારામાં સારી મળી છે. કેમકે, વર્ષોથી ભગવાનના શાસનનો પરિચય છે. દેવ-ગુરુ-ધર્મને સમજવાની સામગ્રી મલી છે, ધર્મ આરાધવો તો શું શું કરવું જોઇએ અને શું શું ન કરવું જોઇએ તે સાંભળવા અને સમજવા મળે છે. તો ખૂટે છે શું ? જ્ઞાનિઓ કહે છે કે, જીવને સાચું પ્રણિધાન પેદા ન થાય તો આ બધી સામગ્રી લાભ ન કરે.

પ્રણિધાન શું ? 'આ મનુષ્ય જન્મમાં સાધુપણું જ કરવા જેવું છે. આ સંસાર રહેવા જેવો નથી. મોક્ષ જ મેળવવા જેવો છે. જીવનું સાચું સ્થાન તે જ છે. ત્યાં

સદા રહેવાનું. તેવી અવસ્થા પેદા કરવા માટે ધર્મ જ કરવાનો છે. કારણ કે ધર્મ સિવાય આ સંસારથી છોડાવનાર અને મોક્ષે પહોંચાડનાર કોઇ જ નથી. ભગવાનનો ધર્મ જ એવો છે જે આજ્ઞા મુજબ કરવામાં આવે તો આ સંસારથી છોડાવી છેક મોક્ષે લઈ જઇ આપણી પાસેને પાસે જ રહે છે. મોક્ષમાં તે જ જાય જે પૂરેપૂરો ધર્મ પેદા કરે, ધર્મ સાધુપણા વિના છે જ નહિ.' આ વાતમાં આપણને શંકા છે ખરી? તે બોલવા માટેનો નિશ્ચય કે હૈયાનો નિશ્ચય!

આ પ્રણિધાન નામનો આશય જે જીવના હૈયામાં પેદા થઇ જાય તેને સંસારી જીવોને સંસારમાં ભટકતા જોઇને, ગમે તેમ કરતા જોઇને તિરસ્કાર ન થાય પણ દયા આવે. સુખમય સંસાર પણ રહેવા જેવો ન લાગે. ગમે તેટલો સુખમય સંસાર મળી જાય, સુખની સામગ્રી પણ ઘણી હોય, બધા અનુકૂળ સંયોગો હોય, જે વખતે જે જોઇએ તે મેળવી શકાય, ભોગવી શકાય તેવી સામગ્રી હોય તેવો પણ સુખમય સંસાર રહેવા જેવો ન લાગે.

આપણને આવો સુખમય સંસાર પણ રહેવા જેવો નથી લાગતો ને? રહેવું પડે તે વાત જુદી. પણ રહેવા જેવો તો નહિ જ ને? રોજ ધર્મ સાંભળવે ગમે છે, સમજાય છે તેના ઉપર શ્રદ્ધા થઇ છે તેમ કયારે મનાય? આ સુખમય સંસાર પણ છોડવા જેવો જ લાગે. તેવા જીવોને સંસારમાં મજા કરતા જીવોને જોઇ દયા આવે. તેના હૈયામાં દયાનો સ્રોત જ વહે. કોઇનો પણ તિરસ્કાર કરવાનું મન ન થાય માંદો માણસ ગમે તેમ કરે તો તેના પર ગુસ્સો થાય? તે તો બિચારો પરવશ છે. ચીડાય તો ગાળો ય દે, ગમે તેમ બોલે-કરે. તો તેને સામે કોઇ ગાળ દે તો તે ડાહ્યો કહેવાય કે બેવકૂફ? અનંત જ્ઞાનીની દૃષ્ટિએ આખો સંસાર દયાપાત્ર છે? સંસાર આખો ગાંડો છે. ગાંડો માણસ ખ્યાલ વિના ગાંડપણ કરે છે તેમ સંસારી જીવો મોહથી ગાંડપણ કરે છે. સુખમય સંસાર રહેવા જેવો ન લાગે. જે મજેથી રહેતા હોય તે બિચારા દયાપાત્ર લાગે-ત્યારે જીવ સમજ્યો છે તેમ કહેવાય!

'સુખમય સંસાર પણ રહેવા જેવો નહિ. મોક્ષ જ મેળવવા જેવો. તે માટે ધર્મ જ કરવા જેવો. ધર્મ એટલે સાધુપણું જ કરવા જેવું.' સાધુપણા માટે ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ મોજમજા છોડવી પડે. સાધુથી હર્ષ-શોક ન થાય, મારું-તારું ન થાય. જે સાધુધર્મ છે તે જ કરવા જેવો છે આવો જેને નિશ્ચય થાય તે પ્રણિધાન નામનો આશય પામી ગયો કહેવાય. પછી તેને સંસારી જીવોની દયા આવે, પરોપકાર તેના જીવનમાં જીવતોને જાગતો હોય, પાપ પ્રત્યે તિરસ્કાર હોય. પાપ કરવું પડે તો હૈયું દુભાતું હોય. પછી આ સાધુપણું કેવી રીતે પમાય, શું શું કરવું

જોઇએ તે સમજવા પ્રયત્ન કરે એ પ્રવૃત્તિ નામના આશયમાં આવે. તે વખતે તેની ચિત્તની વૃત્તિઓ સ્થિર હોય.

સાધુપણું લેવા આવેલ જીવને પ્રશ્ન કરવાનો હોય છે કે–તને સાધુપણું લેવાનું મન કેમ થયું ? જ્ઞાનિઓએ કહેલો વાસ્તવિક ઉત્તર આપે તો તે પ્રશ્ન પરીક્ષામાં પાસ થયો કહેવાય. તે કહે કે, મારા આત્માને જન્મ–મરણાદિ રૂપ, રાગાદિ રૂપ સંસાર અનાદિથી મને વળગેલો છે. તે સંસારનો મારે વિચ્છેદ કરવો છે. તેના માટે જ સાધુ થવું છે, તે સિવાય બીજો કોઇ હેતુ નથી. તો તે જીવ સાધુપણા માટે યોગ્ય કહેવાય. એટલે દેવલોક માટે સાધુપણું પાળવું તે પણ પાપ છે.

દુઃખ ન ફાવે અને સુખ ફાવે તે અવિરતિ ! સાધુપણું લેવાનું મન ન થાય અને ઘરમાં રહેવાનું મન થાય તે ય અવિરતિ ! તમને ઘરમાં રહેવાનું મન છે કે સાધુ થવાનું મન છે ? ઘરમાં રહેવાનું મન થાય છે અને સાધુ થવાનું મન નથી થતું તે ખરાબ છે તેમ લાગે છે ?

તમને આ સંસાર ગમે તેટલો સુખમય હોય તો ય રહેવા લાયક નથી તે વાત હજી મગજમાં બેઠી નથી. એક મોક્ષ જ મેળવવા લાયક છે અને તે માટે ધર્મ જ એટલે કે સાધુપણું જ કરવા લાયક છે તેવો નિર્ણય નથી માટે પ્રણિધાન નામનો આશય આવ્યો નથી અને તેને માટે પ્રવૃત્તિ પણ થતી નથી.

જે જીવમાં પ્રણિધાન નામનો આશય પેદા થાય તે જીવ સંસારમાં પણ બહુ સારો હોય. એક શેઠના ઘરમાં ચોર પેઠો. શેઠની તિજોરીના રૂમમાં પેસો અને તિજોરી તોડવા લાગ્યો. ત્યારે શેઠ જાગતો હતો. વસ્તુસ્થિતિ સમજનારને આવા લોકોની દયા આવે, તિરસ્કાર ન આવે. શેઠ વિચારે છે કે, આ ય મારા જેવો લોભી લાગે છે. મારી પાસે ઘણું છે છતાં ય વેપાર અને દોડધામ કરું છું. હું ધન માટે આટલી ધાંધલ કરું છું. તો આ બિચારાને સીધી રીતે નહિ મલ્યું હોય માટે મારું ઘર ફાડવાનું મન થયું તો ભલે લઇ જાય. ચોરે તિજોરીમાંથી ધન કાઢયું અને પોટલું બાંધ્યું. પોટલું એટલું વજનદાર કર્યું કે તેનાથી ઉપડાતું ન હતું. ઉપાડવાની મહેનત કરે પણ ઉપડે નહિ. તેથી શેઠ વિચારે કે–બહુ લોભીયો લાગે છે, થોડું ય ઓછું કરતો નથી. શેઠને દયા આવી, પોતે જાતે ઉભા થઇને તેને પોટલું ચઢાવી દઉં. તે રીતના કર્યું, બારણા સુધી મૂકી આવ્યો અને પછી બારણું બંધ કરી સૂઇ ગયો.

જે માણસ પોતે બહુ લોભીયો હોય તેને આવા ચોર પર તિરસ્કાર શી રીતે આવે ? જેની જે આવડત તમને હોંશિયારીભરી ચોરી કરતા આવડે, ચોરને મૂર્ખાઇભરી. તમારો નોકર ચોરી કરે તો ' સાલો ચોર છે, બદમાશ છે ' આવા શબ્દો તમે બોલો ને ?

તમને એક શબ્દ લાગુ પડે નહિ ને ? જેની પાસે કાંઇ ન હોય તે બધા જ ચોર-લફંગા કહેવાય ? જેની પાસે માલ હોય તે બધા શાહુકાર કહેવાય !

આ શેઠે જે દયા ચિંતવી, હૈયામાં જે સુંદર આશય હતો તેની ચોર ઉપર અસર પડી, થોડે દૂર ગયા પછી તેને વિચાર આવ્યો કે, મારા માથા ઉપર પોટલું ઘરના માલિકે ચઢાવ્યું તો આવા સારા માણસનું ધન મારે ન લઈ જવાય. પાછો આવી શેઠના ઘરનું બારણું ખખડાવે. શેઠે બારણું ખોલ્યું અને ચોરને જોયો તો પૂછે કેમ પાછો આવ્યો ? ચોર કહે કે-આ ધન મારે નથી લઈ જવું તે પાછું આપવા આવ્યો છું. શેઠ કહે-આ ધન હવે હું નહિ લઉં. પેલો કહે હું ન લઇ જાઉં. શેઠ કહે કે, હવે ફરીથી આવી-રીતના ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા કરે તો જ પાછું લઉં. જરૂર પડે તો મારી પાસે માગવા આવજે. પણ આવા કામ ન કરતો. ચોર માફી માગીને આવાં કામ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈને ચાલ્યો ગયો. સંસારી જીવમાં તો બધા જ દોષ હોય તેમાં તિરસ્કાર શું કરવાનો ? જે સંસારી જીવને સંસાર ખરાબ નથી લાગ્યો, દુઃખ ખરાબ લાગે છે, સુખ જ સારૂં લાગે તે આવું ન કરે તો શું કરે ? તેના પર ગુસ્સો કરાય ? તમને પણ ગુસ્સો કયારે ન આવે ? દયા પણ કયારે આવે ? આ પ્રણિધાન આવે તો. આ પ્રણિધાન નામનો આશય આવે તે જીવ નાનામાં નાની ધર્મક્રિયા કરે તો પણ સાધુપણા માટે જ કરે.

(૨૦૩૧, શ્રીપાલનગર – મુંબઇ)

"જળ બિંદુ"

ઘણાં સમય પહેલાંની વાત છે. એક માણસને પાણી પીવાની ખૂબ ઇચ્છા થઇ આવી કારણ કે તે ખૂબ તરસ્યો થયો હતો. તેથી તેને ઉભા ઉભા દેવની સ્તુતિ કરી, એક દેવતા તેની ઉપર તુષ્ટમાન થઇ તેને ઉપાડીને ક્ષીર સમુદ્રને કાંઠે લાવીને મુકયો, પરંતુ આ તો મહામુર્ખ, મુર્ખાઓનો શીરોમણી હતો. તેણે અહીં મીઠું મધુરું પાણી ન પીતાં, ઉપાડી લાવનાર દેવને વિનંતી કરી કે "હે દેવ ! મારા ગામની સીમમાં એક કુવો છે તેના કાંઠા પર દર્ભ ઉગેલો છે અને દર્ભના છેડા પર રહેલું પાણીનું બિંદુ પીવાની મારી ઇચ્છા છે. તેથી જો તમો મારા પર ખરેખર પ્રસન્ન થયા હો તો મને ત્યાં લઇ જાઓ. દેવે જોયું કે આ તો મુર્ખાનાં રાજા સાથે મારો ભેટો થયો લાગે છે, તેથી તેને પાછો ઉપાડીને કુવાને કાંઠે લાવી મુકયો. તે માણસ કુવાને કાંઠે જઇને જુએ છે તો તે પાણીનું બિંદુ પવનથી પડી ગયું હતું. આમ બેઠ સરોવરને કિનારે જઇ તરસ્યો પાછાં ફરવા જેવો તેનો ઘાટ થયો. આમ તેને જળબિંદુ પણ ખોયું અને અમૃતતુલ્ય ક્ષીર સમુદ્રનું જળ પણ ખોયું અને તરસ્યો ને તરસ્યો રહ્યો. તેમ થોડું થોડું વિચારીને આપણે આપણું કદમ ઉપાડીએ તો કેટલું બધું પામી શકીએ નહિતર આપણે પણ મહામુર્ખ કહેવાઇએ.

—મુકુલ જૈન

ધર્મ કરતાં શાસન મહાન છે

— પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

શિથિલાચાર આગળ કરીને જ્યારથી પ્રભુની પાટ પરંપરાની આચાર્ય સંસ્થા અને તેની આચાર્ય પરંપરાને બાજુએ રાખીને શાસનના તંત્ર નિરપેક્ષ જૈનધર્મની આરાધનાને ટેકો આપવાની શરૂઆત થઇ છે. ત્યારથી બલબત્ત જૈનધર્મની આરાધનામાં ખુબ ઉંચા પ્રકારનો વેગ આવ્યો છે, પરંતુ સાથે જ શ્રી શાસન સાપેક્ષતા અને ચતુર્વિધ શ્રમણ સંઘની મર્યાદાઓ લુપ્ત થતાં ચાલ્યાં છે. વધતી જતી ધર્મની આધુનિક રીતની આરાધના પ્રભુના શાસનને વધુ ને વધુ જોખમમાં મૂકવાનું શસ્ત્ર બની રહેલ છે. સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા વિના મૂઢ રીતે ચાલતી આ પ્રક્રિયાનો ખ્યાલ આવે તેમ નથી.

આ વાત શ્રી સિધ્ધસેન દિવાકરજી મહારાજશ્રીએ શબ્દાંતરથી જણાવી છે.

તેનો ભાવાર્થ એ છે કે બહુશ્રુત હોય, ઘણા શિષ્યોથી પરિવરિત હોય, છતાં જો શાસન સાપેક્ષપણે ન વર્તે, તો જૈનશાસનને હાનિ પહોંચાડી શકે.

તીર્થંકરના માર્ગમાં ધર્મ માટે શાસન છે. પરંતુ ધર્મ કરતાં શાસનની મહત્તા વધારે છે.

છેલ્લા બસો ઢોઢસો વર્ષથી શાસનની ઉપેક્ષા કરીને પણ ધર્માચરણની પ્રવૃત્તિઓ વધારવામાં આવી છે. પરંતુ શાસન નિરપેક્ષ ધર્મપ્રવૃત્તિ અનુબંધે અધર્મને ટેકો આપ્યા વિના ન રહે. થોડી પણ શાસન સાપેક્ષ પ્રવૃત્તિ અનુબંધે ધર્મને લાવે છે, શોભાવે છે, વિકસાવે છે.

ધર્મ વિગેરે મંગળભૂત બાબતોમાં મંગળપણું શાસનથી છે. તે વિના મંગળભૂત પદાર્થો મંગળભૂત બની શકતા નથી. તો પછી શાસન નિરપેક્ષ કરાયેલો ધર્મ મંગળભૂત શી રીતે બની શકશે ?

ધર્માચરણની વૃદ્ધિ તરફ હાલમાં હંમેશા લક્ષ્ય રહેતું આવ્યું તે, પરંતુ શાસન નિરપેક્ષતાની વૃત્તિ તરફ દુર્લક્ષ વધતું જ ગયું છે. પ્રભુના શાસનના આજ્ઞાતંત્રને સ્થાને જમાનાનો આશ્રય લેવાથી પ્રભુશાસન કેટલું જોખમાય છે તેની ઝાંખી લક્ષમાં રહેતી નથી. પ્રભુશાસન નિરપેક્ષતા ડાંગ તરફ નજર જતી નથી.

ધર્મ એ લગભગ ગમતી વસ્તુ છે. જમાનાની હવા શાસનથી નિરપેક્ષપણે તેને વધવા દેવામાં પોતાનો વિજય માને છે. તેમાંથી બચવામાં બહાદુરી સમાયેલી છે. તેની અપેક્ષા આજે કોઇ વિરલા શિવાય કોની પાસેથી રખી શકાય ?

શાસનની આશાતના કરીને ધર્મનું આચરણ ગમે તેટલું ઉંચા પ્રકારે કરવામાં આવે, પરિણામ હાનિમાં પરિણમ્યા વિના રહે જ નહીં. પૂર્વના મહાપુરૂષોનાં એવાં સચોટ વાકયો છે.

છેલ્લા સો દોઢસો વર્ષમાં એક બાજુ જૈનધર્મની આરાધનામાં અને બીજી બાજુ જૈનશાસનની તીવ્ર ઉપેક્ષામાં જેટલો ભાગ ભજવાયો છે, તેવો મોટો દોષ કદી થયો હોવાનો ઇતિહાસ જાણવામાં નથી.

સેકડો બાબતોમાં શાસન અને શાસ્ત્ર સાપેક્ષતા હોવા છતાં, બે પાંચ મુદ્દાની બાબતોમાં પણ નિરપેક્ષતા રખાઇ જાય, તો પણ અતિ વિષમ પરિણામ આવ્યા વિના ન રહે.

શાસન નિરપેક્ષતાથી થતાં ઢગલાબંધ કાર્યો કરતાં શાસન સાપેક્ષ થોડાં પણ કાર્યો વધારે સારાં પરિણામ લાવનાર હોય છે, નુકશાન તો ન જ કરે. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજશ્રીના જણાવ્યા પ્રમાણે "यदल्प-मपि तद् बहु" બની રહે છે. ત્યારે શાસન નિરપેક્ષ બહું પણ અલ્પ બની રહે છે, અથવા હાનિકારક નિવડે છે.

એને ધર્માચરણમાં આવેલાં કૃત્રિમ ઉન્નતિ પણ કેટલા સમય સુધી ટકવાની છે? થોડા જ વર્ષો બાદ સદંતર બંધ થઈ જવાની ભૂમિકા ઉપર મૂકાઇ જશે.

પડતા કાળમાં જે થોડા રૂપમાં પણ સંગીન પ્રવૃત્તિઓ ચાલી આવતી હતી તેમાં કૃત્રિમ વેગ આવવાથી તે પ્રવૃત્તિઓ મૂળ સ્વરૂપમાં પણ નહીં રહે. ઘરનું માટીનું કાચું મકાન સારૂં? કે ભાડાનો આલિશાન બંગલો સારો?

મૂળભૂત હિતોને ભોગે આજે બહારની સગવડો મળવાથી ધર્મોમાં ઉન્નતિ દેખાય છે. પરંતુ તેની પાછળ અવનતિ કરવાનાં મોટાં મોટાં એંજિનો લાગેલા છે, તે તરફ દુર્લક્ષ કરવું શી રીતે યોગ્ય થશે?

આ સ્થિતિમાં શાસન સાપેક્ષતા શી રીતે જગાડવી? શાસન નિરપેક્ષ બાબતો ચાલવા દેવી? તેની સામે આંખ મીંચી રાખવામાં હિત છે? કે તેનું પૃથક્કરણ કરવામાં અને સત્ય તારવામાં હિત છે? આ અંગે હાલમાં જૈન શાસનના અનુયાયિઓએ વિચારવાનું છે? કે મોટા ભાગની દુનિયા જે તરફ જઈ રહી છે, તે તરફ જ દોડા દોડી કરવાની છે?

શાસનનિરપેક્ષ પ્રવૃત્તિઓ વિશે કંઇક વિચારવા જેવું છે કે નહીં? કે યુગપ્રધાન મહાપુરૂષ ન આવે ત્યાં સુધીમાં જૈન ધર્મના મૂળ ઉખેડવાની જે જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં આપણે સાથ જ આપવાનો છે?

પ્રભુના શાસન ઉપર અસાધારણ આક્રમણ આવી ગયું છે. છતાં જૈનશાસનના વર્તમાન સંજોગોમાં અગ્રભાગ ભજવનારા પરમ પૂજ્ય આચાર્ય મહારાજો અને બીજાઓ શ્રી યુગપ્રધાન મહાપુરૂષની રાહમાં હાથ જોડી બેસી રહ્યા છે. તેઓના પેટનું પાણી પણ હલતું નથી. કેટલા ખેદની વાત છે!

કેટલાક મહાત્માઓ તો જૈન શાસનને લુપ્ત કરવાની પ્રક્રિયા સાથેના ખ્રિસ્તી પ્રયાસોમાં આડકતરી રીતે સક્રિય સાથ આપી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ તેથી જૈનધર્મની થતી ઉન્નતિ માનીને પોતાના નાના નાના ક્ષુદ્ર કાર્યોમાં દિનરાત ગુંથાઈ રહેલા છે.

જૈનશાસન અને તેમાં પણ ખાસ કરીને પૂર્વના સંવિગ્ન ગીતાર્થોને પગલે ચાલવાની ભાવના રાખનારા મહાત્માઓએ પ્રતિક્ષણ વિચારવું પડે તેમ છે.

જેઓના મનમાં ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી તીર્થંકર દેવના શાસન તરફ સાચી વફાદારી હોય, તેઓએ થોડા ક્ષણ માટે બીજી બધી બાબતો ગૌણ બનાવીને શાસનને સુસ્થિત કરી દેવું જોઇએ; શાસનની કેન્દ્રીય સાંકળને સતેજ કરી દેવી જોઇએ. તેમ કરવા માટે હજી પણ ઘણી સામગ્રી વિદ્યમાન છે.

આજના શક્તિશાળી દરેક બળના દિલમાં એક જ તમન્ના જાગવી જોઇએ. પ્રભુનું શાસન પ્રભુનું શાસન.

પ્રભુના શાસનની છિન્નભિન્નતામાં આડકતરી રીતે જે ટેકો અપાય છે, તે અટકાવવાની જરૂર છે. અને યોગ્ય રીતે તેના વિકાસના તત્ત્વોનું ઝપાટાબંધ અનુસંધાન કરવું જરૂરી છે. તેની પાછળ તન-મન-ધન સર્વસ્વ લગાડવાની જરૂર છે.

આ એક જ મુદ્દાના કાર્યનાં ચક્રો ગતિમાન કેમ નથી થતાં? શો વિલંબ છે? શા માટે થોડી ક્ષણો પણ જવા દેવામાં આવે છે? પરમુખપેક્ષિતા છોડી દરેકે પોતાના તરફથી પહેલ કરી યોગ્ય અને ઉચિત માર્ગે પ્રયાસ આદરવાની તત્કાળ જરૂર છે. બળત જવા દેવામાં પ્રત્યેક ક્ષણે જોખમ વધતું જાય છે કાલઃ પિબતિ તદ્ રસઃ। આજ એક મુખ્ય તમન્ના દરેકે પોતપોતાના મનમાં જગાડવી જરૂરી છે. નહીંતર દરેકની પાસે એટલી બધી પરચુરણ બાળતો છે કે જેનો વર્ષો સુધી છેડો આવે તેમ નથી.

આજે બહાર બધું ગમે તે ચાલતું હોય, તેની સાથે આપણે સંબંધ નથી. પરંતુ તેના ભયંકર પરિણામથી શ્રી તીર્થંકરના વિશ્વહિતકર શાસનની સુસ્થિતિને અક્ષત રાખવામાં ઉપેક્ષા શા આધારે કરવી?

શાસન તરફની વફાદારી આજે એકદમ શિથિલ પડી ગઇ છે. તે સતેજ થતાં જ શિથિલાચારનો ઉકેલ આવી શકે તેમ છે, અને ધર્મના પાયામાં વિષ સિંચન સમાન ઉત્સૂત્ર પ્રરૂપણા–યથેચ્છ પ્રતિપાદન–યથેચ્છ પ્રવર્તન વિગેરે પણ આપોઆપ અંકુશ નીચે આવી જ જશે. (જે. શા. સંદેશ)

સુકતડો —પ્રભુલાલ દોશી

જીવન ભર્યું હોય દુઃખથી,
ને આશાઓ બધી હોય ગૂંગી,
દુનિયા ત્યારે કહે છે "આવો"
ને મૃત્યુ કહે છે–"આવો, પધારો."

ચિંતા નથી મુજને લગી રે,
લો તું બને મારો હરીફ,
ચિંતા પરંતુ થાય મુજને,
રખે તું બની જાયે શરીફ

મળી છે માનવીની જિંદગી.

તમને સુકમોંથી;
બગાડી મૂકજો નાં તમે એને,
કદી પણ કુકર્મોથી,

સામયિક સ્ફુરણ

પૂજા થતી નથી કે થાય છે ?

જૈનીલ જૈને મુ. સ. 'જયજિનેન્દ્ર' વિભાગમાં, શત્રુંજય તીર્થ ઉપર પૂજા થતી નથી તેવી રજુઆત કરીને તીર્થનો વહિવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને તે સાથે તેમના હૈયામાં રહેલા, મૂર્તિ ન જોઇએ કે મૂર્તિપૂજા ન જોઇએ તેવા વિચારોને જાહેરમાં મૂકી ભદ્ર કે અજ્ઞાન જીવોની અશ્રદ્ધાને પોષવા પ્રયત્ન કર્યો છે.

તીર્થોમાં જ્યારે યાત્રિકો આવે ત્યારે વધુ પૂજા કરનારા દેખાય બાકી પેઢી તેની રીતે પૂજાની વ્યવસ્થા ગોઠવે જ છે માત્ર શત્રુંજયની વાત કરીને તેમણે ભ્રમ ઉભા કરવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ હજારો શહેરો ગામોમાં નિયમિત લાખો જૈનો પૂજા કરે છે તે તેમને દેખાયું નથી પૂજાની બોલીની જ લાખોની આવક જિનમંદિર, જીર્ણોદ્ધાર અને રચનામાં જાય છે તે તરફ તેમની દૃષ્ટિ ગઇ નથી.

'જય જિનેન્દ્ર' ના સં. ધર્મપ્રિય તો કાણે આવ્યાની કાણમાં જોડાનાર છે જ્યારે જ્યારે આવી વાત આવે છે ત્યારે ત્યારે મૂર્તિ પૂજાનો તેમને હૈયાનો દ્વેષ એક યા બીજી રીતે આવી વાતને ટેકો આપતો હોય છે. પૂજારીઓ હૈયાને રાખીને પૂજા ન થાય તેમ કહીને પણ પૂજાની વ્યવસ્થાની ટીકા કરી છે. શું શેઠીયાઓ ફેકટરી અને બંગલાઓમાં જાતે કામ કરે છે ચોકી કરે છે ?

પૂજા જાતે કરનારા લાખો જૈનો છે તે તો પૂજા કરીને જતા રહે પછી વ્યવસ્થા માટે પૂજારી વિ. રહે તેમાં શું આશ્ચર્ય છે ? કોઇ જવાએ પૂજાની પણ તે દ્વારા વ્યવસ્થા થઇ હોય.

અનીલ જૈન લખે છે કે-શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં કોઇ સંગઠન નથી. આ વિધાન તેમનું મૂર્તિપૂજક સંપ્રદાય પ્રત્યે અવજ્ઞાનું છે બીજા સંપ્રદાયની મારે વાત કરવી નથી પણ જાતે તપાસ કરી વ્યવસ્થા સંગઠન રજુ કરે તો જૈન શ્વે. મૂ.ની તુલના થઇ શકે.

ધર્મ પ્રિય-ચોર કોટવાળને દંડે.

મુ. સ. ના જય જિનેન્દ્ર વિભાગમાં ધર્મપ્રિયે નોંધ લીધી છે. તેમાં કોબા મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય મંત્રીશ્રી પધાર્યા ત્યારે શ્રી દીપચંદ-

ભાઈ ગાડીએ તેમને મત્સ્યોદ્યોગને કારણે વધતી જતી હિંસા તરફ ધ્યાન દોરવાનો સુંદર પ્રયત્ન કર્યો.

તેના જવાબમાં મુખ્યમંત્રી શ્રી ચીમનભાઇ પટેલે જણાવ્યું કે માનવી પ્રવૃત્તિથી હિંસક છે પણ સંસ્કાર પામીને અહિંસક બને છે માંસાહાર ટાળવાનો સારો રસ્તો એ છે કે સર્વત્ર શાકાહારનો પ્રચાર કરો.

ધર્મપ્રિય લખે છે કે મુખ્યમંત્રીશ્રીની આ વાત સાચી છે જ્યાં જ્યાં શાકાહારનો પ્રચાર થાય છે ત્યાં ત્યાં માંસાહાર ઓછો થતો જાય છે.

પછી પરદેશના દાખલા આપીને સુફીયાણી વાતો ધર્મપ્રિયે કરી છે.

શ્રી દીપચંદભાઈની વાતને તણખલું બનાવવા તેમણે જડ પ્રયત્ન કર્યો છે. સહકાર દ્વારા કતલખાના, મત્સ્ય ઉદ્યોગ તેની કેળવણી તેની લોન, નિકાશની વ્યવસ્થા જેવા મોટા ધોધ ચાલુ છે ત્યાં સુધી પ્રજામાં અહિંસક ભાવના જાગે કયાંથી ? જાહેરમાં પણ ઈંડા માંસના વેંચાણ અને તેવા સાહિત્ય સિનેમા લોનોની વ્યવસ્થા, સરકારી ધોરણે પણ માંસની વ્યવસ્થા અધિવેશનો આદિમાં થાય છે ત્યાં જીવદયા તો જૈનોનો પ્રાણ છે પણ આ વાવાઝોડામાં તે કેટલું ટકે ? આ વાત હૈયામાં શૂન્યતા રાખનાર ધર્મપ્રિયને કયાંથી બેસે ?

ધર્મપ્રિયની ફીલસુફીનો નોનએક નોનએંગલ આગળ વધે છે. તે લખે છે કે

'એટલે શ્રી ચીમનભાઇ પટેલની વાત શાકાહારનો પ્રચાર કરવાની સાચી છે અને એ દિશામાં પગલાં ભરવાની જરૂર છે આપણા સાધુ સાધ્વીઓ, સંતો મહંતો અને વિદ્વાનો ઉપાશ્રયો અને મઠો છોડીને બહાર નીકળે અને જે લોકો માંસાહાર કરે છે તેમની સમક્ષ જઇ તેમને સમજાવે કે માંસાહારથી શારીરિક, આર્થિક અને ધાર્મિક રીતે કેટલું નુકશાન છે આજે પશ્ચિમના દેશોમાં માંસાહાર ઘટતો જાય છે અને શાકાહાર વધતો જાય છે તે પ્રમાણે આપણે અહિ પ્રચાર કરવો જોઇએ મુંબઇ જેવા શહેરમાં ભુલેશ્વર અને આજુબાજુના હિંદુ વસવાટવાળા સ્થાનોમાં રાતના ઈંડા ભરેલી આમ્લેટની લારી ઉભી હોય છે તે આપણે માટે શરમજનક છે, આપણા સાધુ સાધ્વીઓ અને સંતો મહંતો આવી જગાએ જઈને ખાનારાઓને સમજાવવા પ્રયત્ન કરવો જોઇએ. પછી જે ખાનારાજ નહિ હોય તો તેનો વ્યાપાર કયાંથી થવાનો છે ?

ધર્મપ્રિયને મને સાધુ ધર્મ એટલે કચરાટોપલી છે તેની મર્યાદા આ જૈન 'ધર્મપ્રિય' ન જાણે તેના કરતાં મોટું આશ્ચર્ય શું, આવા શ્રદ્ધાહીન અને માત્ર ખોટા ઉપદેશક જેવાના હાથમાં મુંબઇ સમાચારની કોલમ આવે પછી 'આવા' ગોટાળા ન લખે તો શું લખે ?

ખુદ મુખ્ય પ્રધાનો આદિને પણ કહેવું પડેલું કે જૈન સાધુઓ અને જૈન સંઘની દયાને કારણે દુષ્કાળ પાર ઉતરવામાં સરળતા થઇ છે.

આજના કુશિક્ષણ અને કુસંસ્કાર અને ભ્રષ્ટ જીવન દ્વારા કુદકે ને ભુસકે વધતી હિંસા સામે જૈન સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓ દ્વારા ખૂબ પ્રયત્નો થાય છે જૈન સાધુ સાધ્વી તો વિહાર કરે છે દરેક વર્ગોના લોકો મળે છે અને દયા પ્રમાણિકતાના ઉપદેશ નિયમો સિદ્ધાંતો સમજાવે છે અને પમાડે છે જ. જેથી આવા બેજવાબદાર નિરર્થક લખાણો દ્વારા જે ભ્રમ ફેલાવાય છે તેનાથી જનતા બચવી કઠીન છે પરંતુ સુજ્ઞજનો તો આ સુફીયાણી સલાહોને ઓળખી જશે. જ

પ્રાચીન મૂર્તિઓનું મહત્ત્વ સમજો

હાલના અર્થકરણ અને જીવન વ્યવસ્થાએ ઘણું પરિવર્તન આવ્યું છે, તેમાં મોટા શહેરો ખાલી થઇ પરાઓમાં વસતિ વધે છે તેવી રીતે નાના ગામો પ્રદેશો પણ ખાલી થઇને મોટા શહેરોમા જૈનો વધતા જાય છે.

પરંતુ પ્રોપર શહેરોમાં જ્યાં ઘણા મંદિરો હોય અને ઘરો તદ્દન ઘટી ગયા હોય તેમણે તે પ્રતિમાજીઓ પરામાં વસતિ વધી હોય ત્યાં આપવા જોઇએ અને તેથી પ્રતિમાજીની ભક્તિ મહત્તા અને ભાવના જળવાઇ રહે.

તેજ રીતે જૈનોના ઘર ખલાસ થઇ ગયા હોય અને સાચવવાની વ્યવસ્થા ન થતી હોય તેમણે આ પ્રાચીન પ્રતિમાઓ જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં આપીને ભક્તિ અને ભાવના અખંડ રહે તેમ કરવું જોઇએ.

જ્યાં જ્યાં ઘણા પ્રતિમાજી છે કે પૂજા આદિની વ્યવસ્થા નથી ત્યાં ત્યાંથી તે પ્રતિમાઓની યાદી મોટા સંઘો કે તીર્થો કે તે તે પ્રદેશના મુખ્ય નગરોમાં મોકલવી જોઇએ અને તે રીતે પ્રતિમા ભરાવનાર, પૂજનારની ભાવનાને પુષ્ટ કરવી જોઇએ. માત્ર સંઘો કે વ્યક્તિઓ આ પ્રતિમાજીઓને પૈતૃકી મૂડી માનીને ન આપે તો તે ભારે દોષના પણ ભાગી બને.

વળી આજે પ્રાચીન પ્રતિમાજીની મહત્તા માનનારો જૈનોનો મોટો વર્ગ છે જો પ્રાચીન પ્રતિમા સુલભ બને તો ઘણી જગ્યાએ ઘણા મોટા ભાવથી તે પ્રતિમાજીની સ્થાપના થાય અને ઉલ્લાસથી ભક્તિ થઇ શકે.

પ્રાચીન તીર્થ સ્થાનોમાં જરૂર ન હોય નવા પ્રતિમા પધરાવવા જરૂરી નથી વળી જરૂર હોય તો પ્રાચીન જ પ્રતિમાજી આ તીર્થ સ્થાનોમાં પધરાવવા જોઇએ અને તેમાં નાના મોટા મળે તો તેનો શિલ્પની દૃષ્ટિએ મેળ કરીને પ્રતિષ્ઠિત કરવા જોઇએ જુના મોટા શહેરો અને તીર્થો તેમજ નાના ગામો વિગેરેમાં આવા પુષ્કળ પ્રતિમાજી છે અને

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

ધાર તલવારની સોહીલી.

હાડકાના હાલતા ચાલતા હાડપિંજર જેવા બે મુનિવરો શાલિભદ્ર અને ધન્ના અણગાર ભગવાન શ્રી મહાવીરસ્વામી પાસે આવીને ઉભા છે.

ભગવંતે કહ્યું– 'આજે તારૂં પારણું તારી માતાના હાથે થશે.'

બન્ને અણગાર ભિક્ષા માટે ગયા.

ભોગોના વૈભવી સાગરમાં વિલસી વિલસીને સુકોમળ બનેલા બે નવયુવાન શરીર, અંજે રૂધિર અને આમિષ વિહોણા બનીને હાડકાના હાલતા–ચાલતા હાજપિંજર બની ગયા છે.

ઉગ્રાતિઉગ્ર તપ–ત્યાગની સ્વાધ્યાય ધ્યાનની કઠોરતા સાધનાની અડગધારા ઉપર ગુજરતા ગુજરતા, શરીરના શોણિત અને માંસને, શરીરથી લાડ પરવા બેદરકાર બનીને આ બન્ને અણગારોએ શોષવી નાંખ્યા છે.

ખખડતા હાડકાનો ખખડાટ જ તેમના અસ્તિત્વની નક્કર ગવાહી હતી.

વૈભવના સાત સાત સમંદરો ઘૂંઘવાતા સાત સાત મજલાની જે ધરતી જન્મભૂમિ બની, કર્મભૂમિ બની, ભોગભૂમિ બની અને આખરે વૈરાગ્યની જન્મભોમ બની હતી, તે તરફ બન્ને તપસ્વી અણગારો ભિક્ષા માટે ચાલી નીકળ્યા.

ભદ્રા માતાના ઘર–દ્વારે બન્ને મુનિવરો આવી ઉભા. ઉગ્ર તપશ્ચર્યાથી કૃશ થઇ ગયેલા બન્ને મુનિવરોને કોઇ ઓળખી ના શકયુ.

ઘર–દ્વારે જે મુનિવરો ઉભા છે તેને તથા ભગવાનને વંદન કરવા જવાની ઉતાવળમાં વ્યાકુળ બનેલી ખુદ ભદ્રામાતા પણ ઓળખી ન શકી. કે–'આ તે જ બન્ને મુનિવરો છે જેને વંદન કરવા અમારે જવાનુ છે.'

'દે ઉસીકા ભી ભલા ન દે ઉસીકા ભી ભલા.' આર્યદેશનો સાધુ આમ બોલે.

જૈન શાસનનો સાધુ–'મળે તો સંયમપુષ્ટિ ન મળે તો તપોવૃદ્ધિ' ની ભાવનામાં લીન હોય.

કઠોરતમ તપશ્ચર્યાની ધખાવેલી ધુણીમાં

જ્યાં અપૂજ રહે કે વ્યવસ્થા ન થઇ શકે અગર આવન જાવનથી પર ક્ષેત્ર હોય ત્યાંથી આવા પ્રાચીન ભવ્ય પ્રતિમાજીને જરૂરના ક્ષેત્રોમાં આપવા જોઇએ. આ વિષયમાં જેઓ આગળ આવવા માગતા હોય તેની વિગતો આ સ્થાનેથી જાહેર થઇ શકશે અને એવી પણ વ્યવસ્થા થઇ શકે' કે તે પ્રતિમાજી અમુક મુખ્ય સ્થાને એકત્રિત કરીને જોઇએ તે મેળ કરી ખાત્રી આપીને લઇ જઇ શકે, જૈનોમાં આવું શાણપણ આવે તે શાસનું હિત અને શાસન પ્રભાવનાનું કારણ છે.

૨૦૪૯ જેઠ સુદ ૮
કુંભારીયાજી તીર્થ

— જિનેન્દ્રસૂરિ

લોહી-માંસને ખાખ કરી નાંખી માત્ર હાડકાના હાડપિંજરમાં ભરાઇ રહેલા સગાપુત્ર શાલિભદ્ર મુનિવરને અને જમાઇ ધન્ના અણગારને સંસારી માયામાં મુંઝાયેલી માતા ઓળખી ન શકી.

મન ઉપર જરા પણ ઉદ્વેગ રાખ્યા વિના ક્ષણવાર ઉભા રહી બન્ને મુનિવરો ભિક્ષા વિના જ પાછા ફર્યા.

ત્યાં જ નગરદ્વારના દરવાજેથી આવી રહેલી શાલિભદ્રની પૂર્વજન્મની માતા ધન્યાના સ્તનમાંથી શાલિભદ્રને જોતાં જ અમી ઝરતું હોય તેમ દૂધ ઝરવા લાગ્યુ.

અહીં પણ માતા પોતાના સગા પુત્રને ઓળખી શકતી નથી. છતાં તેણે બન્ને મુનિવરોને ઉત્કૃષ્ટ ભક્તિથી કહી વહોરાવ્યુ.

મૂંગે મૂંગા બની ગયેલા પ્રસંગોના નાદને જ્ઞાની વિના કોઇ સાંભળે. દહીંથી પારણું કરીને...

शिलातले शालिभद्रः सधन्यः प्रतिलेखिते । पादपोपगमं नाम तत्रानशनमाश्रयत् ।। વૈભાર પર્વતની પ્રતિલેખેલી શિલાતલ ઉપર ધન્ના સાથે શાલિભદ્રે પાદપોપગમ નામનું અનશન સ્વીકાર્યું.

સાભાર સ્વિકાર અને પુસ્તકની પહોંચ

(૧) બૃહત્સંગ્રહણી સૂત્રાર્થ (૨) યોગશાસ્ત્ર ચાર પ્રકાશ ભાષાંતર (૩) ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભા. ૨ અ. ૧૧ થી ૧૮ સં. પૂ. મુ. શ્રી અકલંક વિ મ. પ્રકાશક અકલંક ગ્રંથમાળા ઉજમ ફઇ ધર્મશાળા વાઘણપોળ અમદાવાદ.-

ત્રણ પ્રકાશનો અર્થ સહિત છે. યોગ્યતા અને અધિકાર મુજબ અધ્યયન કરવામાં કામ લાગે તેમ છે.

યોગવિંશિકા-એક પરિશીલન-પરિશીલન કરનાર પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિજયજી ગણિ પ્રકાશક શ્રી મોહનલક્ષ્મી પ્રકાશન પ્રાપ્તિસ્થાન શા સૂર્યકાંત ચતુરલાલ મુ. મુરબાડ (થાણા) મહારાષ્ટ્ર કિં. રૂ. ૧૬ પેજ ૧૧૮ પેજ વાયરીંગ બાઇન્ડીંગ મૂલ્ય રૂ. ૨૫) પૂ. હરિભદ્રસૂ. મહારાજા રચિત વિંશતિ વિંશિકામાં પહેલી યોગવિંશિકા અંગે અત્રે વિમર્શ કરવામાં આવ્યો છે જે અદ્‌ભુત ગ્રંથના વિષયને સમજવામાં સહાયક બને તેમ છે.

શ્રી જિનબિંબ નિર્માતા પરાભવાદિ કલેશોથી મુક્ત બને છે.

दालिद्दं दोहग्गं कुजाई कुसरीर कुमई कुगईओ ।
अवमाणु रोग सोगा न हुंति जिणबिम्बकारीणं ।।

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ પરમ તારક શ્રી જિનબિંબને ભરાવનાર પુણ્યાત્માને, દરિદ્રપણું, દૌભાગ્યપણું, ખરાબ જાતિ, ખરાબ શરીર, ખરાબ મતિ, ખરાબ ગતિ, કે અપમાન-રોગ-શોક આદિ કલેશો થતા નથી.

卐 મરદની મહત્તા 卐

શ્રીવિરાગ

એ હતો અમારો જુવાનીનો કાળ હરવું-ફરવું, તોફાન મસ્તીમાં દિવસો પસાર કરવાના. એક વખત અમે ચાર-પાંચ મિત્રો રસ્તા પર લટાર મારવા નીકળ્યાં હતાં. વાતોના વડા કરતાં, કોઇકની ઠઠ્ઠા મશ્કરી કરતાં, કોઇકની ઠેકડી ઉડાડતાં અમે આગળ વધી રહ્યા હતા ત્યાં એકાએક એક મિત્રનો પગ કેળાની છાલ પર આવ્યો. તે મિત્રે જમીન માંપી અર્થાત્ લપસી પડયો. અમારાથી હસાઈ પડાયું. રસ્તે જતાં અન્ય માનવીઓએ પણ પોતાની બત્રીસી પ્રદર્શિત કરી કોઇક હાયકારો પ્રગટ કર્યો તો કોઇક વળી આ રમૂજમાં પણ સામેલ થઇ ગયું. મિત્ર છોભિલો પડી ગયો.

મિત્રના કપડાં તો ભગડયા જ હતાં. તેનું દુઃખ તેને હશે કે નહિ હોય પરંતુ તેના કરતાં વિશેષ દુઃખ તો બધા તેની આ સ્થિતિ પર હસ્યા તેનું શું.

મિત્રની મુખાકૃતિ એકાએક બદલાઇ ગઇ. ક્રોધ મન પર ચઢી બેઠો મગજ ક્રોધથી ધમધમી ઉઠયું. ભારે ચીડ સાથે તે મુખમાંથી અગ્નિ વર્ષાવા લાગ્યો.

"કોણ છે એ ? કેળું ખાઇને છાલ રસ્તામાં નાખી છે ? ખબર નથી પડતી કે આ જાહેર રસ્તો છે." "કોઇકના હાડકા ભાંગવા માટે જ આ કાવતરું જાણી જોઇને કર્યું છે ? ' કોણ છે એ એની હમણાં જ ખબર લઇ લઉં ?

ટામેટા જેવું લાલઘૂમ મુખડું થઇ ગયું છે જેનું તેવા મિત્રને ઉભો કરવા મેં મારો હાથ પસાર્યો. ગુસ્સે ચઢેલા મિત્રે હાંથને ઠોકર મારતાં અર્થાત્ હડસેલતાં તે ફરી ભભૂકી ઉઠયો.

"કોણે રસ્તા વચ્ચે છાલ નાખી છે ? કેમ કોઇ બોલતું નથી ?"

રમૂજમાં સામેલ થયેલા એક મુરબ્બી ધીરે રહીને બોલ્યા, "અલ્યા મરદ પડયો છે તે પહેલાં ઉભો થા પછી તેની ખબર લે જે."

ખરેખર, આ મુરબ્બીની અમૃતવાણી સાંભળતાં જ મારો અંતરાત્મા રણકી ઉઠયો. સહજ બોલાયેલું આ સોનેરી વાકય શું આપણા જીવનને કાંઇક મહામુલી શિખામણ આપી શકશે ખરું ?

જાણે-અજાણે કોઇક ભૂલ અથવા તો કોઇક પાપમાં પડવું સહેલું છે પરંતુ તેમાંથી ઉભા થવું બહું જ દુષ્કર છે. પડયા પછી મહત્વની વાત તો ઉભા થવાની છે. આચરાઇ ગયેલ કોઇક ભૂલ કે કોઇક પાપને યાદ કરીને પડી રહેવું, રડતા બેસી રહેવું કે કોઇ ઉપર ગુસ્સે થવું એ

જરૂર છે દિવ્ય દ્રષ્ટિની....

—સુંદરજી બારાઈ

આપણી પાસે આંખ છે પણ તે ચામડાની છે સત્ય જાણવા માટે તો આત્માની આંખ જોઇએ– દિવ્યદ્રષ્ટિ જોઇએ.

જીવનમાં સંયમ હોય, આંખમાં કોઇ-પણ જાતનો વિકાર ન હોય, ઇન્દ્રયો ઉપર કાબૂ હોય અને મન મકકમ હોય ત્યારે જ દિવ્યતાની પ્રાપ્તિ થાય છે.

આ દિવ્યતાની પ્રાપ્તિ થવાથી વિવેક બુધ્ધિ આવે છે સદ્–અસદ્ પારખવાની શકિત આવે છે.

કોઇ એક ગામની બહાર સરોવરની પાળે એક નવયુવાન સ્ત્રીનું શબ પડયું હતું.

એનાં શરીર પર અંલકારો હતા. મુખ ઉપર શાંતિ હતી-જાણે પ્રગાઢ નિદ્રામાં ન હોય એમ એ પડી હતી.

આ સુશોફરસ્ત્રીનું શબ જોવા આખું ગામ લોગું થયું એમાં એક ચોરની નજર એના પર પડતાં એના મનમાં થયું કે 'હું થોડો મોડો પડયો જે થોડો વહેલો આવ્યો હોત તો કેવું સારૂં થાત ! આટલા બધા અંલકારો મને મળી જાત અને બે પાંચ વરસની પીડા ટળી જાત.'

એક કામીની તેના પર નજર પડતાં તે વિચારી રહ્યો હતો કે 'શું મસ્ત યૌવન છે ! જીવતી મળી ગઇ હોત તો જ મારો સફળ થઇ જાત !'

દૂર દૂરથી એક ગિયાળ સંતાઇને શબ તરફ જોઇ રહ્યું હતું એ વિચારતું હતું કે, 'આ શબને ચુકીને લોકો ચાલ્યા જાય તો કેવું સારૂં ! કેટલું મોટું શરીર છે ! સાત દિવસ પેટ ભરીને ખાઉં તો ય ન ખૂટે.'

તે વખતે ત્યાં થઇને એક ગુરૂશિષ્ય ચાલ્યા જતા હતા. એમણે શબ તરફ

શું આપણી મુર્ખામિ નથી.

આ રીતે પડી રહેવાથી આપણે આપણા અનેક વર્ષો ને ભૂલમાં કે તે પાપમાં જ વ્યતીત કર્યા. જીવન ભર તેની સજા ભોગવવા છતાં પણ આપણે તેમાંથી છુટ્ટા થઇ ન શકયા. તેમાં જ સબડતા રહ્યાં ને ઊભાં થઇ ને આપણે કોઇક સદ્‌ગુરૂની પાસે પહોંચી ગયા હોત તો આપણે આપણું હૈયું હલકું બનાવી શકયા હોત.

બસ, તો હવે ઉઠ, ઉભો થા ! બે ઘેરી નાખ તે ભૂલને કે તે પાપને. ભૂતકાળ ભૂલીજા; ભવિષ્યકાળને નજર સમક્ષ રાખીને વર્તમાનકાળમાં અચરાઇ ગયેલ કોઇ ભૂલનું કે કોઇ પાપનું પ્રાયશ્ચિત કરી લે. જીવન ધન્ય બનાવી દે.

"ઉઠ, ઉભો થા ! પડયો શું રહ્યો છે ?" આ ગુરૂવાણીના સોનેરી શબ્દોને આપણે અમલી બનાવીશું.

જોયું અને ગુરૂએ શિષ્યને ઉદ્દેશીને કહ્યું "વત્સ ! જોયું જગત કેવું નશ્વર છે ! આ યૌવનના વૈભવથી છલકાતો દેહ પણ અણધાર્યો ઢળી પડયો ! એના હૈયામાં કેટકેટલા કોડ હશે ! પણ તે બધા અપૂર્ણ જ રહ્યા. પ્રાણીમાત્રને અણધારી આ મહાયાત્રા આદરવી પડે છે. આ તનનો ગર્વ નકામો છે, આ દેહનું અભિમાન ખોટું છે. આપણી તંદુરસ્તી સારી છે ત્યાં સુધીમાં સંયમની સાધના કરી લેવી. કાળ કોઈના ય પર કૃપા કરવાનો નથી."

ત્રણ ઉપરથી સમજાશે કે વસ્તુ એક જ હતી, પણ તે જોનાર આરેના દૃષ્ટિબિંદુ જુદાં હતાં. ચાર જણમાંથી સંતની આંખમાં દિવ્યતા હોવાને કારણે જે શરીર કામીને કામ તરફ પ્રેરતું હતું તે જ શરીર ત્યાગીને વૈરાગ્ય અને ચિંતનનું પ્રેરણાધામ બન્યું હતું.

આપણી દૃષ્ટિ મંગલમય હોવી જોઈએ દૃષ્ટિ ઘણી જ ઉપયોગી વસ્તુ છે માત્ર એમાં દિવ્યતા લાવવાની છે. દિવ્યતાવાળી દૃષ્ટિ જગતમાં આશીર્વાદ સમાન છે.

આત્મા અને ઇન્દ્રિયોની ભિન્નતાના જ્ઞાનમાંથી આપણી દૃષ્ટિમાં દિવ્યતા પ્રગટે છે અને એ દ્વારા અંતર અક્ષયના આનંદથી નભર બને છે...
એટલે જરૂર છે દિવ્ય દૃષ્ટિની,

(ફૂલછાબ)

...કાવ્ય...

નેં—નેં—નેં

– પૂ. આ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી

રખી !...કોઈ દિવસ ક્રોધને કરીએ નેં...
,, પરસ્પરની પ્રીતિને તોડીએ નેં
,, વેરઝેરને ઉરમાં જોડીએ નેં...
,, પરના અવગુણને બોલીએ નેં...
,, અસત્ય વાદ કદી બોલીએ નેં...
,, સંસારની વાતમાં મોહીએ નેં...
,, પર પદાર્થમાં લોભીએ નેં...
,, કયારેય ઉછાંછળા બનીએ નેં...
,, ગંભીર વાતો કોઇને કહીએ નેં...
,, રાગ દ્વેષની વાતોને છેડીએ નેં...
,, જિનગુણ ગાતાં ગંભીએ નેં...
,, હું પદ રાખી પ્રભુને પેખીએ નેં...
,, સંપત્તિમાં કદી હરખીએ નેં...
,, સાચું દર્શન કદી ચૂકીએ નેં...

હિંસક પદાર્થો વાપરનારને મોટી હિંસા.

૦ આપ જ્યારે ડેરીનું દૂધ પીઓ છો ત્યારે પ્રાણીઓની ચીસ સંભળાય છે ?
૦ ડેરીની ગાય, બેંસને પણ 'ફીશમીલ' (માછલાનો ભુકકો) અને 'બોનમીલ' (હાડકાનો ભુકકો) ખવરાવાય છે ?
૦ ડેરીમાં જન્મેલા પાડાને ભૂખે–તરસે મરવા દેવાય છે અથવા કતલ થાય છે.
૦ ડેરીની ગાય–બેંસ ઓછુ દૂધ આપે એટલે કતલખાને મોકલાય છે.
૦ શું આ દૂધ પીવાય ખરૂં ?
૦ બજારના બધાજ પદાર્થોમાં હિંસક પદાર્થો વપરાય છે, માટે વાપરશો નહિ.

શાસન સમાચાર

વિશાખાપટ્ટનમ–અત્રે પૂ. લબ્ધિ ભુવન તિલકભદ્રંકર પુણ્યાનંદ સૂરિ પટ્ટધર વિશ્વવિક્રમી તપ સાધક આ. શ્રી વારિષેણ સૂરિજી ઠા. ૪ ની નિશ્રામાં ચૈત્રી ઓળી આરાધના, પૂ. આ. ભદ્રંકરસૂરિ મ. ની પ્રથમ પુન્ય તિથિ પૂ. આ. અરૂણપ્રભસૂરિ મ. સ્વર્ગારોહણ પ્રસંગે ઠાઠથી ઉત્સવપૂર્વક મનાવવામાં આવ્યા.

પૂ શ્રીએ આંધ્રમાં ૪૦ જૈન સંઘોમાં ૪ હજાર આયંબિલો, ૪૦૦ અઠ્ઠમો, ૧૦૦ પૂજનો, વિવિધ વ્રત નિયમો ને આરાધનાની ધૂન મચાવી હતી.

પૂ શ્રીની નિશ્રામાં યુવા વિધિકાર ૧૫૦ પ્રતિષ્ઠાના કર્તા ૭૦ જિર્ણોદ્ધારના પ્રેરક મનોજકુમાર હરણની પ્રેરણાથી અત્રે એકાદશાન્હિકા ઉત્સવ અર્હદ મહા પૂજન ભક્તામર આદિ ૧૧ પૂજનોસહ ૪૫ છોડના ઉદ્યાપન સાથે શ્રી સંભવનાથ શિખરબધ્ધ જિનાલયનો પ્રતિષ્ઠા ઉત્સવ ૨૮–એપ્રીલના ભવ્યરીતે મનાવાઇ ગયો. સા. ચંદ્રાશ્રી ઠા. ૩ પધારેલ હતા.

પ્રતિષ્ઠાના દિવસે જિનાલયમાં અમી-ઝરણા ઝોરદાર થયો રાજસ્થાન જેવો પ્રતિષ્ઠા ઉત્સવ આંધ્રમાં ઇતિહાસીક મનાવાઇ ગયો. રથયાત્રા ભવ્ય આકર્ષક નીકળેલ મદ્રાસ, યુવામંચ, સી. પો. મંડલ, પાર્શ્વ મંડલ, ખાપર મંડલ, નૃત્યકાર કેશુભાઇ, ભવરલાલજી બોથરાના કાર્યક્રમો સુંદર થયા. બિજાપુર રાજ. અશોક બેન્ડ, વીરમ-ગામ શહનાઇના નાદો પૂરા દિવસમાં ગુંજતા હતા.

ગોરધન પાર્ટી સાદડી, દેવરાજ ચુણીયા પાર્ટી, મહાસમુન્દ, જ્ઞાની બેન્ડ પાર્ટી બેંગલોરની ભક્તિ ભાવના આકર્ષીત થયેલ. વિધિકાર બેલજીભાઇની મંડલી ઇંદોરથી પધારેલ હતી. ચઢાવા રેકાર્ડબ્રેક થતા લોકોનો ઉત્સાહ ઘણો જ વધી ગયેલ. ૧૧ દિન ત્રણે ટાઇમ સાધર્મિક ભક્તિ સકલ સંઘની ઉત્સાહથી થયેલ હતી. ગ્રંથ પ્રકાશન વિધિ થયેલ. પૂ આ. શ્રી વિજય-વાડા, અનકાપલ્લી, જયપુર, વિજયનગર, કલકત્તા સંઘની વિનંતિઓમાં ભવાનીપુર કલકત્તાની વિનંતિ સ્વીકારેલ છે. કલકત્તામાં જુન ૨૮ના પ્રતિષ્ઠા ઉત્સવ થનાર છે.

આખરીઆ–(પાલીતાણા) પૂ. પં. શ્રી કીર્તિસેન વિ. ગણિવર્યાદિની પુનિત નિશ્રામાં વૈ. સુ. ૯–૧૦–૧૧ ત્રણ દિવસ પ્રભુજીની વર્ષગાંઠ, ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પૂજન, સ્વામી વાત્સલ્ય, પૂજા, ભાવના, વ્યાખ્યા નાદિ, ભવ્યરીતે ઉજવાયા તેમજ ઘેટી સંઘની વિનંતિથી વૈ. સુ. ૬પના દિવસે શ્રી. જિન મંદિરની વર્ષગાંઠ દિને પૂજા, ભાવના, સ્વામિવાત્સલ્ય વગેરે ઉલ્લાસ ભેર થયા. પૂજ્યશ્રીનું ચાતુર્માસ વડીલોની આજ્ઞા અને આશીર્વાદ પૂર્વક તેમજ સુશ્રાવક કાંતિલાલ ભાઇ ઝવેરી આદિની વિનંતિથી પાલીતાણા રત્નત્રયી ધામ ઉપાશ્રય, મુક્તિનિલય ધર્મ-શાળાની સામે નિશ્ચિત થયેલ છે.

(ટાઇટલ ૨ નું ચાલુ)

નહીં. આ ઓરડાના તાપમાન આશરે ૨૫-૩૦ સેન્ટ્રીગ્રેડ રાખવું. આ ઓરડામાં કીડા ઉછરવા એક ખાસ પ્રકારના લાકડાના ઘોડા-સ્ટેન્ડ બનાવવામાં આવે છે. જ્યાં મોટા પાયે કીડા ઉછેરી શકાય. ઈંડામાંથી ત્રણ-ચાર દિવસમાં ઝીણી ઝીણી ઇયળો બહાર આવે છે. આ ઇયળો ને ઝીણીઓ કાગળ પાથરી તેના પર રાખવામાં આવે છે. જેના પર શેતૂરના તાજાં-લીલા પાનનાં નાના નાના ટુકડાં કરી નાખવામાં આવે છે. ઇયળો ઝડપથી કૂમળાં પાન ખાવાનું શરૂ કરે છે. દિવસમાં થોડેક વાર આ પ્રમાણે ઇયળોને ખોરાક મૂકવો. આમ ઇયળો મોટી થતી જાય છે. ચારેક અઠવાડીયામાં ઇયળ પરિપકવ અને સંતૃપ્ત થઈ જાય છે. પછી તે ખોરાક લેવાનું બંધ કરે છે. બા પછી ઇયળો પોતાની જ લાળ દ્વારા તાંતણા બનાવવા લાગે છે. તેમાંથી ત્રણચાર દિવસમાં કોશેટાઓ તૈયાર થઇ જાય છે. આજ પ્રકારના કોશેટાઓને અગાઉ જણાવ્યું તેમ ગરમ પાણીમાં નાખી તેમાંથી રેશમ બનાવવામાં આવે છે. શેતૂરના એક હેકટરના વાવેતરમાંથી વર્ષે ૧૨૦૦ કિલો જેટલાં કોશેટા મેળવી શકાય. જેનું સીધુ વેચાણ કેન્દ્રિય રેશમ બોર્ડ કે પાવરલુમ્સ અગર હેન્ડલુમ્સ વાળાને કરવાથી તેમાંથી આવક મેળવી શકાય. કોશેટાના કિલોના રૂા. ૪૫) મળે તો પણ રૂા. ૨૫૦૦)- આશરે વાર્ષિક આવક મેળવી શકાય છે.

આ રીતે રેશમની ખેતી દ્વારા અસંખ્ય કીડાઓનો નાશ થાય છે અને આ રીતે ઉત્પન્ન થતું રેશમ એ જીવદયા પ્રેમીઓએ વર્જવું જોઇએ. ભૂતકાળમાં કીડાઓ કુદરતી લાળો છોડી જતા અને તેમાંથી રેશમ તૈયાર થતું આજના પ્રગતિ અને વ્યાપારી યુગમાં તે વાત નાશ પામે છે અને અનેક હિંસક યોજનાઓની જેમ આ રેશમની ખેતી એ પણ આવી યોજનાનો ભોગ બનીને બેઇન્દ્રિય જીવોના હિંસાનો ધંધો બની જાય છે. વિવેકી આત્માઓએ તે માટે સાવધ બની તજી દેવું જોઇએ.

* *

પશુ-પક્ષીઓની હિંસા મોટી કુરતા છે.

પશુ-પક્ષીનો વધ – હિંસા છે.
પશુ-પક્ષીને મારવા – હિંસા છે.
પશુ-પક્ષીને પીટવા – હિંસા છે.
પશુ-પક્ષીને તકલીફ કરવી – હિંસા છે.
પશુ-પક્ષીને બાંધવા – હિંસા છે.
પશુ-પક્ષીના અંગનું છેદન કરવું – હિંસા છે.
પશુ-પક્ષીને પીડા દેવી – હિંસા છે.
પશુ-પક્ષીને કેદ કરવા – હિંસા છે.

અહિંસાથી શાંતિ આવે છે.

અમારા દેવ – અહિંસક
અમારા ગુરૂ – અહિંસક
અમારો ધર્મ – અહિંસક
અમારૂં જીવન – અહિંસક
અમારી જાત – અહિંસક
અમારી ભાત – અહિંસક
અમારૂં કાર્ય – અહિંસક
અમારૂં જીવન – અહિંસક

પથ દિપક પ્રભા પત્રિકા

સ્વ પ પૂ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- દુઃખમાં ગભરાય નહિ અને સુખમાં લેપાય નહિ તે માણસ જ સારો હોય. તેનું ચાલે ત્યાં સુધી તે ખરાબ કામ કરે જ નહિ. મોક્ષાર્થીને જ આ સહેલું લાગે. સંસારના પ્રેમીને તો આ ભૂંડું અને ખરાબ લાગે.
- નુકશાન કરનારી ચીજને નભાવવી પડે પણ તેના પર રાગ થાય તેવો અનુભવ છે?
- શ્રાવકને સંસારના રાગી કહેવા તે શ્રાવકપણાની આશાતના છે.
- વિરાગી ભગવાનની સેવા કરે તો ફળે. રાગી રાગ માટે સેવા કરે તો ફૂટી નીકળે.
- વિરાગના અભાવે આજે શ્રાવક-શ્રાવિકાની ખરાબ હાલત છે. વિરાગ વગરના ત્યાગીની તમારા કરતાં ય ભારે દુર્દશા હોય.
- શ્રી અરિહંત પરમાત્માના ભગત મટી દેવ-દેવીના ભગત બનેલા સાધુઓએ જે દેવ દેવીઓની મૂર્ત્તિ મંદિરમાં ન જોઈએ તે ઘાલી અને તમે લોકો તેને કલ્પતરૂ માનો! પતન તો કેટલી હદ સુધી થયું છે. તેમને તે સાધુઓને અને તેમને સારાં માનનારાઓને ભગવાનની ઘોર આશાતના કરી છે. જો તે દેવ-દેવી ભગતાં હોત તો તમને લાત મારીને કાઢી મૂકત અને કહેત કે-'અમે તો ભગવાનના પટાવાળા પણ નથી. તેમના દાસના પણ દાસ છીએ, સારૂં છે કે તે દેવ આવતા નથી.
- તમને જે સુખ સામગ્રી મળી છે તેના પર વિરાગ નહિ જન્મે તો તમારી દુર્ગતિ જ થવાની છે. આ ભગવાનની વાત માન્ય હોય. તો જ વિરાગ આવવાની શકયતા છે. બાકી તમે રાગમાં જ મરવાના છો.
- સુખમય સંસારથી ભાગી છૂટવાની ઇચ્છા તેનું નામ નિર્વેદ છે. ગાળ દે તે ન ગમે અને વખાણ કરે તે ગમે તો નિર્વેદ ન જાય. નિંદા કરનાર કરતાં ય પ્રશંસા કરનાર ભૂંડા. નિંદા તો હજી ય સહન થાય પણ પ્રશંસા તો પછાડે જ.
- સ્વાર્થી કદિ ધર્મી બને જ નહિ. તે ધર્મ ય કરતો હોય તો ય ઢોંગ જ કરે છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાણાવળ) C/O શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન : ૨૪૫૪૧

૧૯૮૩-૮૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૨૪૧

જૈન શાસન

શ્રી જિનબિંબ નિર્માણથી પણ મુક્તિ.

पित्तलसुवन्नरुप्पयरयणेहिं
चन्दकंतमाईहिं ।
जो कारवेइ जिणवरपडिमं
सो पावए मुक्खं ।।

જે પુણ્યાત્મા, પિત્તલની, સુવર્ણની, રૌપ્યની, ચન્દ્રકાન્ત મણિ આદિ ઉત્તમ જાતિના રત્નોની શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાને કરાવે છે તે અલ્પકાળમાં મોક્ષને પા છે.

અઠવાડિક

વર્ષ ૫ | અંક ૪૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

૧૯/૬/૬૩

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

૦ શાસ્ત્ર મુજબ બોલવું, શુદ્ધ પ્રરૂપણા કરવી તે સહેલી ચીજ નથી. પોતાની જાતને ભૂલે તેજ સાચો શાસનપ્રભાવક થાય. જેને જાતની પ્રભાવના કરવી હોય તે શાસનની નિંદા કરાવ્યા વિના રહે નહિ, જેને ધર્મ કરવો હોય તેને જાત મૂલવી પડે.

૦ લોક વિરોધના નામે, માનપાન જાળવી રાખવા માટે સત્યનું ખૂન થવા દેવું એ આત્માનું જ ખૂન કરવા બરાબર છે.

૦ શાસ્ત્રની પરવા વિના જે ચાલવા ઇચ્છે છે, તે ભયંકરતાના ચકરોળે ચઢેલું માર્ગનાશક ટોળું છે.

૦ જ્યાં સુધી શાસન છે ત્યાં સુધી તો, સાધુઓ પણ પાટ ઉપર બેસીને સત્યમાર્ગને બોલતા આવ્યા છે અને બોલવાના છે. જેને માથે ત્રણ લોકનો નાથ ધણી છે અને સામે આગમનો ખજાનો છે, પછી તેઓ ડરે પણ શાના ? સાચા સાધુની જબાન બંધ કરાવવાની કોઇની જ તાકાત નથી.

૦ પદની સ્પૃહા કરવી એ યોગ્યતાની ખામી છે.

૦ જે શાસનના બને તેજ શાસનની પ્રભાવના કરી શકે. શાસન કરતાં પોતાને 'મોટા' માને તેવા તો થાય તેટલી શાસનની અપભ્રાજના કર્યા વિના રહે નહિ.

૦ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને આરાધે તેજ મોક્ષે જાય,

૦ જે વિજ્ઞાન, જે વિદ્યા અને જે બળ પાપભીરૂ બનાવવાના બદલે પાપમાં રકત બનાવે આરંભ-સમારંભમાં થઇ જતી કંપારીને રોકી નાંખે, શ્રી વીતરાગના વચન ઉપરની શ્રદ્ધાને નષ્ટભ્રષ્ટ કરી નાંખે અને આત્માને ત્યાગમાર્ગ તરફ વળતો અટકાવી સંસારના રાગમાં મહાલતો બનાવે, એ વિદ્યા, વિજ્ઞાન કે બલ જરૂરી કે હિતકર છે એ તો અભાશથી કહી જ નહિ કહેવાય. જે વિદ્યા અને વિજ્ઞાન સત્ય સાંભળવા જેટલા સહનશીલ પણ ન બનાવી શકે અને **માત્ર પોતાના જ કલ્પિત વિચારોના પૂજારી બનાવી સત્યની સામે, કલ્યાણના માર્ગની સામે** બળવાખોર બનાવે એને વિદ્યા કે વિજ્ઞાન તરીકે કેમ જ ઓળખાવી શકાય !

૦ જેટલો અર્થ કામનો પ્રેમ તેટલો ધર્મનો નાશ !

૦ અર્થ કામની વાસના માણસમાં જાતિને પણ ટકવા દેતી નથી

૦ સંપ, એકતા, શાંતિ એ સારું છે પણ એ બધું ટકે ત્યાંજ કે જ્યાં સિદ્ધાન્ત મુજબ ચાલવાની વૃતિ હોય.



વર્ષ ૫] ૨૦૪૯ જેઠ વદ-૧૧ મંગળવાર તા. ૧૫-૬-૯૩ [અંક-૪૩

નિર્ગ્રંથ પ્રવચન—જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ :

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. (તે વખતે મુનિરાજ)

(શ્રી વીરશાસન-પર્યુષણા સાહિત્ય અંકમાંથી સાભાર)

ચરમતીર્થપતિ શ્રી મહાવીર દેવના શાસનના પરમ પ્રભાવક, ચૌદ પૂર્વનાં સમર્થ જ્ઞાતા અને અનેક નિર્યુક્તિ આદિ રચીને પ્રભુ શ્રી વીરના પ્રવચનને સુગાહ્ય બનાવનાર ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામના નવમા પૂર્વ ઉપરથી 'દશા શ્રુતસ્કંધ' ના આઠમા અધ્યયન રૂપે રચેલું શ્રીકલ્પસૂત્ર કે જેનો મહિમા અમિત છે તેમાંના બે સૂત્રોનો યત્કિંચિત સારાંશ નીચે ટાંકવામાં આવ્યો છે:—

લોકાંતિક દેવોની વિજ્ઞપ્તિ :—

'હે લોકનાથ ! સકલ જગતના જીવોનું હિત કરનાર ધર્મતીર્થની પ્રવૃત્તિ કર; કારણ કે તે (ધર્મતીર્થ) સર્વ લોકમાં સર્વ જીવોને હિતકર, સુખકર અને મોક્ષ પ્રાપક થશે.'

અનગાર થતા પ્રભુને પ્રભુના 'કુલ મહત્તર' આદિ સ્વજનો સુંદર, મધુર અને ચારિત્રને ઉત્તેજક શબ્દોમાં સંબોધે છે :—

'હે સમૃદ્ધિના સ્વામિન્ ! તું જયને પ્રાપ્ત કર. હે કલ્યાણના કરનાર ! તારું કલ્યાણ હો. (હે દેવ !) તું દોષ વિનાના જ્ઞાન, દર્શન અને ચારિત્રની સહાયથી સામાન્ય મનુષ્યથી નહિ જીતાયલી ઇંદ્રિયો ઉપર જય મેળવ, હે જિતેન્દ્રિય ! શ્રમણ-સાધુધર્મનું પાલન કર અને હે દેવ ! (જો કે તેં સકલ વિઘ્નોને જીત્યાં છે છતાં અમે કહીએ છીએ કે) તું જિતવિઘ્ન છે છતાં પણ સર્વોત્કૃષ્ટ શ્રમણ ધર્મમાં નિર્વિઘ્ન પણે રહે. હે વીર !

સર્વોત્કૃષ્ટ શ્રમણ ધર્મમાં સ્થિર રહેવા ખાતર તું બાહ્ય (અનશન આદિ) અને અભ્યંતર (પ્રાયશ્ચિત્તાદિ) તપના બળે રાગ અને દ્વેષ રૂપી મલ્લોનો નિગ્રહ કર, ધીરતામાં કટીબદ્ધ થઈને ઉત્તમ શુકલધ્યાન દ્વારા આઠ કર્મરૂપ શત્રુઓનું મર્દન કર અને અપ્રમાદી બની, ત્રણ લોક રૂપ રંગમંડપમાં જેમ કોઇ મલ્લ પ્રતિમલ્લને જીતી જયપતાકા ગ્રહણ કરે તેમ હે વીર ! તું પણ આરાધના પતાકાને ગ્રહણ કર. અને જિનેશ્વર દેવોએ ઉપદેશેલા સરલ માર્ગની સેવાથી પરિષહોની સેનાને જીતીને તું અંધકાર રહિત, અનુપમ અને શ્રેષ્ઠ એવા કેવલ જ્ઞાનને મેળવ અને મોક્ષે-પરમપદે પહોંચ. હે ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ વૃષભ સમાન ! બહુ દિવસ પર્યંત, બહુ પક્ષ પર્યંત, બહુ માસ પર્યંત, બહુ ઋતુઓ પર્યંત, બહુ અયનો પર્યંત અને બહુ વર્ષો પર્યંત પરિષહો અને ઉપસર્ગોથી નીડર રહીને, વિદ્યુત્ આદિ ભયો અને સિંહાદિક ભૈરવોને અસમર્થ પણાથી નહિ પણ ક્ષમાથી સહન કરવા વાળો થઈને તું જય મેળવ અને હે વર્ધમાન ! તારા ધર્મમાં અવિઘ્ન હો.

શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામીજી એ રચેલા શ્રી કલ્પસૂત્રના એક-બે સૂત્રનો થોડો સાર ઉપર ટાંકવામાં આવ્યો છે તે શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીના ચરિત્રમાંનો છે. એ મંગલમય સૂત્રના ઉદ્ગારો જેમ મંગલમય છે તેમ મુમુક્ષુ આત્માઓને ઉદ્બોધક પણ છે શ્રી તીર્થંકર દેવોના એક એક જીવન પ્રસંગ બોધપ્રદ હોય છે. શ્રી તીર્થંકર દેવોનું જીવન પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ ગણનાની કોટિમાં આવે છે. તે પુણ્યપુરૂષો સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી કોઇ અજબ આરાધના કરે છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવેનો આત્મા સમ્યક્ત્વ પ્રાપ્તિ પછીના ત્રીજા જ ભવે પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ સ્વામીના પૌત્ર તરીકે અને પ્રથમ ચક્રવર્ત્તિ શ્રી ભરત નરેશના પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે. ત્યાં તેમનું નામ મરીચિ રાખવામાં આવે છે. મહાનુભાવ મરીચિ પ્રભુશ્રીના સમવસરણમાં જ મુનિધર્મનો સ્વીકાર કરે છે. સમ્યક્ યતિ ધર્મના જ્ઞાતા, શરીરની મમતાથી પણ રહિત અને સમિતિ-ગુપ્તિના પાલક મહાવ્રતી મરીચિ સ્થવિર મહર્ષિઓ પાસે અગીયાર અંગસૂત્રનો અભ્યાસ કરતા પ્રભુશ્રીની સાથે વિચરતા હતા. એક સમયે ચારિત્ર ઘાતક દુષ્કર્મનો પ્રબળ ઉદય થવાથી ગ્રીષ્મઋતુના દુઃસહ્ય તાપને નહિ સહી શકતા તૃષાતુર મરીચિ વિચારવા લાગ્યા કે-"નિર્ગુણ અને સંસારનો અભિલાષી એવો હું દુઃખે કરીને વહન થઈ શકે તેવા અને મેરૂપર્વત સમાન વજનવાળા શ્રમણપણાના ગુણોને વહન કરવાને અસમર્થ છું. તો શું હું વ્રતનો પરિત્યાગ કરૂં ? ત્યાગમાં તો લોકલજ્જાનો મોટો ભય છે; અથવા એક ઉપાય છે કે જેનાથી વ્રતનો ત્યાગ કર્યો પણ ન કહેવાય અને શ્રમ પણ ન પડે. આ સાધુ ભગવંતો મન, વચન અને કાયાના દંડથી વિરમેલા છે, હું તેવો નથી માટે તેના ચિહ્ન તરીકે મારી પાસે ત્રિદંડી હો. આ મહર્ષિઓ મહાવ્રતધારી છે તો હું અણુવ્રતો ધરીશ, આ

નિર્ગ્રંથો નિર્મોહી છે માટે ભલે છત્ર ન રાખે પણ હું તો મોહે કરીને આચ્છાદિત છું, એટલે મને તો છત્ર હો. આ નિષ્કષાયી નિર્ગ્રંથો ભલે શ્વેત અને જીર્ણ વસ્ત્રના ધારી હો પણ હું તો કષાયી હોવાને કારણે મારે તો કષાયેલાં વસ્ત્ર હો." આ રીતિએ ભિન્ન ભિન્ન જાતની વિચારણા કરી પોતાના વેષના નિર્વાહની ખાતર કષ્ટ સહવામાં કાયર બનેલા મરીચિએ મનઃકલ્પિત પરિવ્રાજકપણાનો સ્વીકાર કર્યો.

આ સ્થિતિમાં નવીન વેષથી વિભૂષિત મરીચિ પાસે ઘણા લોકો ધર્મ પૂછવાને આવતા પરંતુ મરીચિ સ્પષ્ટપણે પ્રભુએ બતાવેલા સાધુધર્મનું જ પ્રતિપાદન કરતા અને કહેતા કે હું તે સાધુધર્મનું પાલન કરવાને અસમર્થ છું આ રીતિએ દરેકને પ્રતિબોધીને પ્રભુ પાસે મોકલતા, પ્રભુના નિર્વાણ પછી પ્રભુના સાધુઓ પાસે મોકલતા અને પોતે પોતાના પરિવ્રાજક વેષમાં પ્રભુની જ્યાતિમાં પ્રભુની સાથે અને પ્રભુના નિર્વાણ પછી પ્રભુના મુનિઓ સાથે વિચરતા. એકવાર મરીચિ બીમાર થયા. રોગની પીડાથી પોતાની વૈયાવચ્ચ નહિ કરતા મુનિવરો ઉપર પાપના ઉદયે મરીચિ દુર્ભાવવાળા થયા પણ તરત જ મહાનુભાવ મરીચિની વિચારશ્રેણી બદલાઇ અને શોચ્યું કે–'મેં બહું જ ખરાબ ચિંતવ્યું, કારણ આ નિર્મોહી નિર્ગ્રંથ ભગવાનો જ્યારે પોતાના શરીરની પણ પરિચર્યા નથી કરતા તો મારા જેવા ભ્રષ્ટ થયેલાની પરિચર્યા તેઓ કેમ જ કરી શકે ?' ઉત્તમ પુરૂષોની ઉત્તમતા ગમે તેવા સમયે પણ ઝળહળે જ.

મહાનુભાવ મરીચિના ઉપરના ઉદ્‌ગારો જાણ્યા પછી **અસંયમી પુરૂષોની સેવા વિગેરે નહિ કરતા મુનિવરો ઉપર અનુદારતાનો આરોપ મૂકી, તેઓની ગુણ-ગ્રાહકતામાં ત્રુટી બતાવવાની નિર્ઘૃણ પ્રવૃત્તિ કોણ કરી શકે ?** એ વિચારવાનું કાર્ય વાંચકોને સોંપું છું.

આ પછી પચીસમા ભવે પ્રભુશ્રી મહાવીરદેવનો આત્મા આ જ ભરતક્ષેત્રની છત્રીકા નામની નગરીમાં છવ્વીસ લાખના આયુષ્યવાળા નંદન નામના રાજપુત્રપણે ઉત્પન્ન થયો. ત્યાં શ્રી પોટ્ટિલાચાર્ય પાસે સંયમ લઇ જીંદગી પર્યંત માસખમણને પારણે માસ-ખમણોથી વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર નામકર્મ નીકાચ્યું. નિર્મોહી, પ્રશાંત, તપસ્વી મહાત્મા નિરતિચાર સંયમનું પાલન કરી ત્યાંથી પ્રાણત નામના દશમા દેવલોકમાં એક ભવ કરી સત્તાવીસમા ભવે પ્રભુ જગદુદ્ધારક તીર્થંકરદેવના ભવમાં અવતરે છે.

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમા નિયમિત રીતિએ ચોવીસ તીર્થંપતિઓના જન્મ થાય છે. અને તે પુણ્યપુરૂષો જન્મથી માંડીને મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાનના ધારક હોય છે. તે સર્વશ્રેષ્ઠ આત્માઓ નિકાચિત કરેલા પોતાના 'તીર્થંકર' નામકર્મને ભોગવવાની ખાતર ધર્મ તીર્થની પ્રવૃત્તિ કરે છે, ત્યારથી જગતમાં મોક્ષમાર્ગને ઝળહળનારો દીપક પ્રગટે છે. અને તે દીપકના પ્રકાશ દ્વારા યોગ્ય આત્માઓ પોતાના યોગ્ય માર્ગને દેખી તે માર્ગે ગમન કરી અવ્યાબાધ શાંતિના સ્થાનને–મોક્ષને સાધી શકે છે. (ક્રમશઃ)

શ્રી આચાર્યપદ–સામૈયાનું શાસ્ત્રીય રહસ્ય ખરૂં !

—પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી (નવાખલ)

શ્રી જૈનેંદ્ર શાસન અતિ ઉંડું, ભારે ઝીણવટભર્યું છે. તેટલું જ ઉદાર અને ઉદાત્ત છે. શાસનની સઘળીએ પ્રક્રિયાઓમાં ઉંચું વૈજ્ઞાનિક તત્ત્વ છૂપાએલ છે. આજનું વિજ્ઞાન, સર્વજ્ઞ શાસનના સિદ્ધાંતોને, વધુને વધુ રચનાત્મક રીતે સાબિત કરે જાય છે.

પૂ. પા. આચાર્યાદિ ગુરૂ ભગવંતો, શ્રદ્ધાબદ્ધ અને આગમ પંચાંગી શાસ્ત્રોને પૂર્ણ વફાદાર હોય છે : જિનાજ્ઞાનુસારી શુદ્ધ ઉપદેશ આપી, વિષમ સંસારથી છોડાવી, મુક્તિપદને પમાડે છે. શ્રી જૈન શાસનની શાસ્ત્રીય અનુમોદનીય પરિપાટિ પ્રમાણે, તેઓના સ્વાગત સામૈયા થયા જ કરે. થયા જ કરવાના. આવા અનેક ધર્મ પ્રસંગો અશ્રદ્ધાળુ અગર તેનેદ્વેષી આત્માઓને ખૂંચે, અરૂચિકર બને, તેમાં તે આત્માઓનો જ પાપોદય છે, એમ કરૂણાહૃદયે કહેવું પડે.

આવા પુણ્ય પ્રસંગોમાં, નાણવંતીનો વ્યય એ તો પુણ્યોદયનો સૂચક છે. જે કાળમાં લાખો નહિ, ક્રોડો નહિ, પણ અબજોનો વ્યય ઉન્માર્ગે નિર્દોષ મનુષ્યો અને તિર્યંચોના વિનાશમાં થઇ રહ્યો છે, તેવે ટાણે પ્રબળ પુણ્યના ઉદય વિના, સન્માર્ગ સુઝે કયાંથી ?

ધર્મ પ્રસંગોમાં પરમાર્થે આત્મિક રસ ખીલવો – ખીલવવો જોઇએ– આજના યુગની ધમાચકડીમા, આવા પ્રસંગો શાંતિપ્રદ આશીર્વાદ રૂપ છે. વિશ્વશાંતિના પ્રતિક છે.

એક વાત ન્યાયને ખાતર પણ લખવી જરૂરી ગીલ્ટ–પોઝ–આટીંફીશીઅલ શેા, આજે ધર્મ પ્રસંગોમાં પણ અનુભવાય છે. પણ તેથી કરીને તેના અસલ સ્વરૂપને, ઉપકારક ભાવને ધક્કો ન જ અરાય. ટાળવા જેવું ટાળીને, મૂળને ઉત્તેજન જ અપાય. આટલી વાતમાં સઘળુંએ શાણપણ આવી જાય છે. જમાનાની આછી પાતળી પણ હવા સ્પર્શી જવાની. તકેદારી એ ચાંકિયાત છે.

શ્રી જૈન શાસન કહો કે વિશ્વ શાસન કહો. સૂક્ષ્મ ઉંડી રક્ષણાત્મક અનાદિકાલીન વ્યવસ્થા કહો. છે– રાઇટ એન્ડ રીઅલ મેથમેટિકસ ઓફ નેચર. પ્રકૃતિનું પૂર્ણ ગણિત છે. ધર્મ અને સંસ્કૃતિના ટકાવ માટે, ખીલવણી માટે, રક્ષણ માટે, સબળ રક્ષકો જોઇએ. તીર્થંકરો સર્વજ્ઞ સર્વદર્શીના કાળમાં અને અભાવમાં, પૂ. આચાર્ય સ્થાન ગંભીર શ્રેષ્ઠ સ્થાન છે. કલિકાલ સર્વજ્ઞ આ. ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા આદિપર્વમાં સ્પષ્ટ ચિત્ર સૃષ્ટિ ખડી કરે છે. તીર્થંકર મિથાદ્રાક્ષીત્ ધર્મઘોષમુનિં ધનઃ–આની પાછળ શુદ્ધ

ગુણાકર્ષકતા, જવાબદારી, જ્ઞાનમયતા, અનોખું શ્રદ્ધાબળ ડોકાય છે.

મહાપૂજ્ય, શાસન ધૂરાને ખીલવનાર શ્રી પ્રભવસ્વામીએ, કેવી રીતે શય્યંભવ ભટ્ટને પસંદ કર્યા, કેવી કળાત્મક રીતે તેઓ સત્ય તરફ આકર્ષાયા, સાધુ બનાવી શાસન ધૂરા સોંપી. આ એક રક્ષાત્મક વ્યૂહ હતો. જવલંત દૃષ્ટાંત છે.

નિઃસ્પૃહ ચૂડામણિ, સદ્ધર્મસંરક્ષક મહાપૂજ્ય શ્રીમદ્ વિજય કમળસૂરીશ્વરજી મહારાજાએ, કેવી સૂક્ષ્મ કાળજી, આચાર્ય પદ આપતા રાખી હતી ! માત્ર શાસન અને શાસનની રક્ષા જ આંખ સામે આ વિગત તે કાળે તે સમયની લેખકે પોતે અનુભવેલી છે. આજે વચલા ૭૦ વર્ષના એકધારા શાસનિક, અને સર્વ સમુદાયોના અનુભવે, ભાર દઈને કહી શકાય કે, તે તેઓશ્રીની કાળજી દીર્ઘદૃષ્ટિ ભરી હતી. અને તે પૂર્ણ સફળતાને પામી, લેખમાં તો અધુરાર અપાય, વિગતે કેટલું અપાય?

પૂ. પા. દાન સૂ. મ., પૂ. પા. લબ્ધિ સૂ. મ. બન્ને પુણ્ય મહોદય મહાત્માઓ સિદ્ધાંતના રક્ષક ઠેઠ સુધી બની રહ્યા. માત્ર ગુરૂ આજ્ઞા આગળ લાચાર બનીને, તૃતીય પદે બિરાજમાન થનાર, પરપર્ષિ ચારિત્ર ચૂડામણિ, ૩૫૦ મહાત્માઓના સુરક્ષક, ગ્રહણ આસેવન શિક્ષા દાતા પૂ. પા. પ્રેમ સૂ. મ. પોતાના અંતેવાસી, ભારતવિખ્યાત પૂ. શ્રી રામ વિ. મ., પૂ. પં. શ્રી રામવિ. ગણિવર, પૂ. ઉ. શ્રી રામવિજયજી પાઠકવર, પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. દ્વારા, શું શું શાસન રક્ષા અને ખીલવટ નથી કરી ગયા ?

૧૯૯૨ ના વૈ. સુ. ૬ (પૂ. પા. દાન સૂ. મ. શ્રીએ અગાઉથી નિર્ણય કરી આપેલ મુહૂર્ત) સ્વયં હૈયા ઉલ્લાસથી, આચાર્યપદ પ્રદાન કરનાર એ મહાપુરૂષને, સુસ્પષ્ટ પ્રકૃષ્ટ-પુણ્યયોગે-૪૫ દિવસના મહામહોત્સવ સમેત, યશસ્વી પદ પ્રાપક મહાપુરૂષને, તે કાળ તે સમયે, બાહ્યા આંતર નયનોથી નિહાળતા, આ અદ્દક્ષ ગૃહસ્થ સેવકને, **શાસનની સિદ્ધ પરિપાટીને સુયોગ્ય સ્વરૂપમાં જોતા, જે** આનંદની ઉર્મિઓ જન્મી હતી, તેનું વર્ણન થઇ શકે ?

આચાર્યપદ પરમેષ્ઠિ મહામંત્રમાં ત્રીજું વંદનીય, પૂજનીય, ઉપાસનીય સ્થાન છે.

અત્થમિએ જિણસુરે,
કેવલિચંદેઽવિજે પઇવ્વુવ ।
પયડંતિ ઇહ પયત્થે,
તે આયરિએ નમંસામિ ॥

શ્રી જિનેશ્વર રૂપી સૂર્ય અને શ્રી કેવળજ્ઞાની ભગવંત રૂપી ચંદ્ર અસ્ત પામેલા હોય, ત્યારે પદાર્થો પ્રકાશિત કરવા માટે, પૂ. આચાર્ય ભગવંતો પ્રદીપ સમાન છે. આવા આચાર્યોને હું નમસ્કાર કરૂં છું.

શુદ્ધ પ્રરૂપકે ગુણ થકી, જે જિનવર સમ લાખ્યા રે. ઉત્સૂત્ર સમ પાપ ન કિરયું. આ સાત્વિક વિધાનો ઉપર તો સહેજે ૧૦૦૦ પાનાનો ગ્રંથ

લખાય. શુદ્ધ પ્રરૂપકતા ગુણની જનની. અરિહંત પરમાત્માના વિશ્વોપકારને સમજી, નાથ પર અવિહડ ભક્તિ, આગમિક વચનો ઉપર અકાટય શ્રદ્ધા, સાથે જ સાત્વિકતા, નિઃસ્પૃહતા, શાસ્ત્રાનુસારી વિચારધારામાં મેરૂવત્ નિષ્કંપતા, માનાપમાનમાં સમાનતા, વીરતા–ધીરતા સ્થિરતાદિ ગુણાવલિ છે.

શ્રી જૈનશાસન અનેક વિદ્રોહોમાંથી, શુદ્ધ કંચન જેવું અડીખમ રહ્યું છે, આ વિષમ કાળમાં પણ, એ બધો પ્રભાવ શાસનસ્થ પૂ. આચાર્ય દેવોનો છે. દૃષ્ટાંત પાર વિનાના આંખ સામે ખડા છે. છતાં બહુ નજદીકના ૨૦મી ૨૧મી સદીના દૃષ્ટાંત રજુ કરતાં આનંદ થશે.

પૂ.પા. આત્મારામજી, મ. શ્રીએ પંજાબ મૂર્તિમંડિત બનાવ્યું. અનેક કુમતોનું ઉન્મલન કર્યું. સત્ય પ્રકાશક કડક, પણ શુદ્ધ પ્રરૂપકગ્રંથો, કપરી કસોટીના કાળમાં પ્રકાશ્યા સ્થાનકવાસીપણાના વડા ન બનતાં, શુદ્ધ મૂર્તિપૂજક સંવેગી માર્ગ ખુલ્લેઆમ ગ્રહણ કર્યો. સ્વાભાવિક રીતે શ્રી. શ્વે. મૂ. પૂ.સંઘના ભારતવર્ષમાં પ્રથમ વડા બન્યા. સુસમર્થ શાસન-સિધ્ધાંત સંરક્ષક અને અજબ ગજબના પ્રભાવક થઈ ગયા.

તેઓશ્રીના જ પટ્ટ પ્રભાવક નિઃસ્પૃહ શિરોમણિ, મહાત્યાગી પૂ. પા. આ. શ્રીકમળસૂરીશ્વરજી મહારાજાએ રાજા મહારાજા અને ઠાકોરોને, સત્યના રપષ્ટ ઉપદેશથી ભીંજવ્યા. મહાહિંસા–શિકાર–માંસ–મદિરાથી મુકત કર્યા. તે વખતના જૈનના તંત્રી ભગુભાઇ કારભારીનો પણ દેવદ્રવ્યની બાબતમાં બરાબર ઉધડો લીધો. શ્રી રાજચંદ્ર મિથ્યામતના પ્રચારને ખંભાત અને આજુબાજુના પ્રદેશમાં નાકામિયાબ બનાવી દીધો. ૧૯૭૬ના સંમેલનને શાસ્ત્રીય સત્યોથી શોભાવી દીધું. તે વખતના 'રાજા' જેવા ગણાતા બાબુ લોકોને, જેમના આંગણામાં જીવંત ગજરાજો ગર્જતા હતા. તે વખતે નવ નવ લાખની વાર્ષિક આવક ધરાવતા (આજના સવાકોડ), કડક શબ્દોમાં સદુપદેશ આપી, ભારે હિંસામાંથી બચાવી, ધર્મોન્મિમુખ બનાવ્યા. વડોદરા શહેરથી શિખરજીનો કોઠારી કુટુંબનો સંઘ ગએલ, ત્યારે અજીમગંજ મુર્શિદાબાદમાં, તેઓશ્રીની નિશ્રામાં 'ગિની' સોનામહોરોની પ્રભાવના થએલ સુરત ડી. ના કલેકટર દ્વારા સારીએ તાપી નદીની સરહદે માછલાને બચાવ્યા. પૂ. પા લબ્ધિ સૂ.મ. જેવા ઉચ્ચ કોટિના શાસન રક્ષક પ્રભાવક શ્રી સંઘને ભેટ આપ્યા. પૂ. પા. દાનસૂ મ. ને પોતાના પ્રથમ પટ્ટધર બનાવી, દીર્ઘદૃષ્ટિ વાપરી, સુધારક આશ્રિતોને પ્રથમથીજ દૂર રાખ્યા.

પૂ. પા. દાન સૂ. મ. શ્રી એ, સિદ્ધાંત મહોદધિ નું. શાસ્ત્રીય પધ્ધતિનું મહાબિરુદ આપી, પૂ. પા. પ્રેમ. સૂ. મ. ને પટ્ટવિભૂષક બનાવ્યા. પોતાનો સિધ્ધાંત પ્રેમનો વારસો, તેઓ શ્રીએ, પોતાના લાડીલા, હૈયા સ્થિત, વામન પુરૂષને સોંપી શાસન રક્ષાની લીલી ઝંડી સાથે, પૂ. રામચંદ્ર સૂ. મ. ને વિરાટ પુરૂષ બનાવી દીધા એ વિરાટની વાતો, શાસન સિધ્ધાંત

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

કરો કરમ તો ભાંગે ભરમ
આજે કરોને કાલે ભોગવો !

—ધીરજલાલ પરીખ (સુપ્રીમ)

એક પ્રાચીન દૃષ્ટાંત અર્વાચિન વાતાવરણમાં ફીટ થાય તેવું છે.

પંદરેક વરસના સુકુમાર બ્રાહ્મણ બાળકે સામાન્ય સ્થિતિના પિતા પાસે કાશીએ ભણવા જવાની હઠ ઉપાડી, મારે મહા પંડિત થવું છે,

આજની મારફક ૨૪ કલાકમાં કાશીએ પહોંચાતું નહોતું. ત્યાં પહોંચતા છથી આઠ મહિના ચાલતાં પગ રસ્તે જવાતું..

ત્યાં જઇ એ બ્રહ્મકુમારને ભણવું હતું અને રાજય પંડિત થવાના અરમાનો હતાં અને સભાઓ ભરવી દિગ્વિજય કરવો હતો.

ગરીબ પિતાએ એકના એક લાડકા પુત્ર માટે ઘરબાર મિલકત વેચી વિદ્યાભ્યાસ કરવા એક નજીકના સગા મામા જોડે કાશી જવા આંસુલીની આંખે વિદાય કર્યો. એ કોડીલા પુત્રે વંદન કરી વિદાય લીધી.

એ ભણવા માટે જોઇતી રકમ પાંચ દસ વરસ ચાલે તે માટે નાની નાની સોનાની ગોળીઓમાં ફેરવી નાખી. અને એક છરીના હાથા જેવી હાથમાં રહે તેવી પોલી સોટીમાં ભરી આપી.

ત્રણેક મહીના દડમજલ કરતાં ચાલતાં વચ્ચે એક નાનકડુ શહેર આવ્યું. જયાં આ બ્રાહ્મણ પિતાના શેઠ યજમાન હતાં ત્યાં ઉતારો કર્યો

રાત્રે જમી કરી પેલી સોટી શેઠને મુકવા આપી, શેઠની તેરેક વરસની પુત્રીએ લઇ પિતાને આપી બોલી,

પિતાજી, ! કહો ન કહો સોટી વજનદાર છે. રાતના સૌ સુઇ ગયા ત્યારે પુત્રીએ સોટી જોતાં હાથો પેચવાળો જણાયો ફેરવી અંદર જોયું તો સોનાની ગણના જેવડી ગોળીઓ જોઇ અને પિતાને અણસાર આપ્યો,

જોઇ શેઠની બુધ્ધિ બગડી. ગોળીઓ કાઢી લીધી અને એ છોકરી બોલી ! પિતાજી હું લુહારને ત્યાંથી સીસાની ગોળીઓ લઇ આવું.

અને તે ભરી દીધી. સોટી હતી તેવી બનાવી અને સવારે જતાં પાંછી સુપરત કરી દીધી.

ત્રણેક મહીને કાશીએ પહોંચ્યા, કાશી વિશ્વનાથના મહાસંસ્કૃત વિદ્યાલયમાં નામ લખાવ્યું અને પુસ્તક પાના ખાના ખર્ચ માટે બે ગોળી કાઢવા વિચાર કર્યો તે વેચી વસ્તુ લઇ આવો તેમ આનંદમાં બ્રહ્મકુમારે સાથે આવેલ મામાને કહ્યું,

અરે શા શું ?'

ગોળીને જોયું તો ધ્રાસકો પડયો. સીસાની ગોળીઓ જોઇ અને અપાર વ્યથાઓ વેદના થઇ.

બાળકે કોઇ મરણ આક્રંદ કરવા મંડયું કે આવતાં જતાં લોકની પણ આંખો આસુલીની થઇ ગઇ. પરદેશમાં આંસુ લુછનાર કોણ ?

વિચારતાં તરત જ ખબર પડી કે નીચ શેઠે જ આ કાળાં કામો કર્યા છે. કેમ કે સોટી કયાંય રેઢી મુકી નહોતી.

હવે ત્યાં પાછા કયારે જવાય અને પાછી મળે કે ન મળે તો કરવું શું ? દ્વિધામાં પડી ગયા પાછળ તો ઘેર તો ૧ પાઇની સગવડ હતી નહિ. અનેક અરમાનભર્યા બિચારાં લોળા ભદ્રક કુમારમાં એકદમ જુસ્સો પ્રગટયો અને બોલ્યા મામા તમે ઘેર જાવ પિતાજીને કહેજો લેણદેણ પૂરી થઇ. ભકિત કરી જીવન પુરુ કરજો, અને ચાલ્યા ગંગાના ઊંડા ધરાને નાકે અને હૈ ગંગા મૈયા મને તારામાં સમાવી મારો બીજો જન્મ મારી રકમ વસુલ કરવા તે શેઠને ઘેર જ પુત્રજન્મ આપજે. (ઘણીવાર આવા કુપુત્રો પુત્રના હોય છે.) એમ કહી ગંગાના અગાધ જળમાં ડૂબી આત્મહત્યા કરી, બોલ્યો તેને ત્યાં હું દુશ્મન તરીકે જન્મ પામું અને ધનનાશ કરું. પછી બન્યુ આમ બીજે વરસે પુત્રી ગુજરી ગઇ. ત્યા શેઠ અવસ્થાવાન છતાં પુત્ર નવ મહિને જન્મ્યો વાજા વગડાવ્યા સાકરો વહેંચાઇ, પુત્રી શોક ટળી ગયો.

અને છુટા હાથના પુત્રે કેટલીય લક્ષ્મી ફના કરી, વીસમે વરસે લગન કરાવી આપ્યા અને દિવસ પસાર થવા માંડયા, એકાદ વરસ વિત્યુ છે.

બપોરનો સમય છે. શેઠને સોપારી કાતરતા હસવુ આવ્યું. અહમ ડોકીયાં કરવા લાગ્યું મનોમન બોલ્યા,

લોકો ગપોટા મારે છે હરામનું લેવાય નહિ બેઇમાની થાય નહિ. અરે કોઇ આવો અને જુઓ રૂપિયા પીસ્તાલીસ હજાર સોનાના ઉપજયા એ પચી ગયા પુત્ર રંગે સંગે પરણ્યો.

અને અને અને મહાકાલનું યક્ષ કર્યું તેજ વખતે શેઠનો પુત્ર ચોથા માળેથી સળંગ દડદડ કરતાં પડયો નીચે. ખોપરી ફાટી ગઇ એકનો એક પુત્ર જતાં શહેરમાં કાળો કકળાંટ થયો શેઠ શેઠાણી પત્ની છાતી કુટી રોયા તેમના કરૂણ આક્રંદ ચને રૂદને કંઇકને હચમચાવી નાખ્યા.

ત્યાં આશ્ચર્ય બન્યું.

સર્વ ડાઘુઓ રૂમઝૂ મડદાઓ આંખ ખોલી. મડદુ બોલે ત્યારે કેટલું ભયંકર લાગે ? મોટા લીંબુની ફાડ જેવા રોળા કાઢી ક્રોધ વરસાવતું બોલ્યું.

ઓય નિર્દય કસાઇ પિતા ! મને ન ઓળખ્યો ? હું પુત્ર થઇને આવ્યો તે પેલો બ્રહ્મકુમાર છું. મારી જીંદગી ધૂળમાં મેળવી, અરમાનોના ભડકા કર્યા સોનાની ગેળીઓના પીસ્તાલીસ હજાર ઉપજયા તને આનંદ થયો હશે, પણ મેં તેથી તો ચાર ગણો તારો ધનનાશ કર્યો. અને તેના વ્યાજમાં વિધવા પત્ની તારી નજર આગળ જીંદગીભર રંડાપો ગાળે તે મૂકતો જાઉં છું તે પત્નિ કોણ ? ઓળખી પેલી ૧૩ વરસની છોકરી સર્વ વાતનું મુળ જેણે

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

❀ જૈન રામાયણના પ્રસંગો ❀

(પ્રસંગ-૪) —શ્રી ચંદ્રરાજ

ચંદ્રનખા હરણ.

એ સાંભળતાં જ રાવણના રક્તના કણ કણમાં ક્રોધની લાલાશ- ઉભરાઇ ઉઠી. હાથીની હત્યા કરવા કોપી ભરાયેલા વનરાજ કેસરી સિંહની જેમ રાવણના રોમે રોમે રોષ વ્યાપી ગયો. અને હરણ કરનારની હિચકારી હત્યા કરવા દશકંધર ઉત્કંઠ બન્યો.

વાત એવી હતી કે–

કોઈપણ ક્ષેત્રમાં ન હોય એટલા એક લાખ યોજન (૮ લાખ માઇલથી) ઊંચા શ્રી જંબૂદ્વીપના મેરૂપર્વતની પવિત્રતમ જાત્રા કરવા માટે એક દિવસ રાવણ પોતાની પત્ની સાથે ગજારૂઢ થઇને લંકાનગરીથી નીકળ્યો.

શ્રી મેરૂપર્વત તરફનું એક એક કદમ રાવણના પાપનો ક્ષય કરી રહ્યું હશે. (વિદ્યાના બળથી) રાવણ શ્રી મેરૂપર્વતની પવિત્રતમ જાત્રા કરીને ક્ષણવારમાં જ (થોડીવારમાં જ) લંકા નગરીમાં પાછો ફર્યો.

જે સમયે રાવણ શ્રી મેરૂપર્વતની જાત્રા સંબંધી શુભ કાર્ય કરીને સમયને સુધારી રહ્યો હતો, ત્યારે પ્રેમના આકર્ષણથી "ખર" નામનો ખેચર, અને 'ચંદ્રનખા', બરાબર તે જ સમયને બગાડી રહ્યા હતા.

પ્રચંડ પરાક્રમી લંકેશ્વર રાજા રાવણ સામે કોઇ આંખ પણ ઊંચી કરી શકે તેમ ન હતુ છતાં, "ખર" નામના ખેચરે પરસ્પરને અનુરાગ થઇ જતાં ચંદ્રનખાનું અપહરણ કર્યું. રાવણની મેરૂ યાત્રાના સમયમા આ બની ગયુ. ચંદ્રનખાનું અપહરણ કરીને ખરખેચરે પાતાલ લંકાના રાજા ચંદ્રોદરને ત્યાંથી હાંકી કાઢીને પાતાલ લંકા પોતાના કબજે કરી લીધી.

શ્રી મેરૂતીર્થની જાત્રા કરીને પાછા ફરેલા રાવણને પોતાની સગી બેનના હરણના સમાચાર સાંભળવામાં આવ્યા. અને એ સાંભળતા જ રાવણના રોમે રોમ રોષ વ્યાપી ગયો. હરણ કરનારની ઘાતકી હત્યા કરવા દશકંધર ઉત્કંઠ બન્યો. હાથીનો શિકાર કરવા ક્રોધાયમાન બનેલા કેસરીની જેમ ખરખેચરનો ઘાત કરવા દશકંધર પાતાલ લંકા તરફ જવા નીકળ્યો.

પણ... પણ... પટ્ટરાણી મહાસતી શ્રી મંદોદરી દેવીએ રાવણને ખરખેચરનું ખૂન કરવા જતાં અટકાવ્યો. અને કહ્યું, "હે માનદ ! આ યુદ્ધનું આક્રમણ અસ્થાને છે. જરાક તો વિચાર કરો. જે કન્યાને પારકા ઘરે કોઇને કોઇ પણ પુરૂષને સોંપવાની છે, તો જો કન્યા પોતાની જાતે જ કુલવાન વરને પસંદ કરી લેતી હોય તો વાંધો શું છે ? ખરખેચર ચંદ્રનખા માટે યોગ્ય છે. અને પરાક્રમી તે તમારો સેવક થશે. માટે

પ્રધાનપુરૂષોને મોકલીને ખરખેચરને ચંદ્રનખા સાથે પરણાવો, અને તેને પાતાલલંકા અર્પણ કરો. અને પ્રસન્નતાને ધારણ કરો.”

મંદોદરીએ કહ્યા પછી રાવણને તેના બન્ને ભાઇઓએ પણ એ પ્રમાણે જ કરવા કહ્યું. ત્યારે યોગ્ય વિચાર કરનારા રાવણે ખર અને દૂષણને મોકલીને ખર સાથે ચંદ્રનખાના લગ્ન કરાવ્યા.

અને રાવણના આજ્ઞાધર તરીકે ખર ચંદ્રનખા સાથે પાતાલ લંકામાં સમય પસાર કરવા લાગ્યો.

આ બાજુ પાતાલ લંકામાંથી હાંકી કઢાયેલ ચંદ્રોદર રાજા સમય જતાં મૃત્યુ પામ્યા. અને અનુરાધા નામની તેમની પત્ની સગર્ભાવસ્થામાં જ જંગલ તરફ એકલી ચાલી નિકળી. સમય જતાં વનમાં જ સત્ત્વશાળી સિંહને સિંહણની જેમ અનુરાધાએ નયાદિ ગુણોવાળા ‘વિરાધ’ નામના પુત્રને જન્મ આપ્યો.

સમય જતાં યૌવન પામેલો તે મહાશક્તિશાળી. વિરાધ કોઇની રોકટોક વિના પૃથ્વી ઉપર વિચરવા લાગ્યો.

બીજી બાજુ વાનરરાજ આદિત્યરજસ્ને ઋક્ષરજસ્ની પટ્ટરાણીને વિશે પ્રચંડ શક્તિશાળી ‘વાલી’ નામે પુત્ર થયો હતો. કે બાહુબલથી ઉછળ્યો એવો જે હંમેશા લવણ સમુદ્રના અંત સુધીના જંબૂદ્વીપની પ્રદક્ષિણા કરતો સર્વ ચૈત્યોને વંદના કરી. પોતાની નગરીએ રોજ પાછો ફરતો હતો.

વળી આદિત્યરજસ્ને ‘સુગ્રીવ’ નામે બીજો પુત્ર પણ હતો. અને ‘સુપ્રભા’ નામે પુત્રી પણ હતી.

ઋક્ષપુરમાં ‘ઋક્ષરજસ્’ નામના રાજાને જગત્પ્રસિદ્ધ એવા નલ અને નીલ નામના બે પુત્રો ‘હરિકાંતા’ નામની પત્નીને વિશે જન્મ્યા હતા.

પોતાની પૂર્વજોની કુળ પરંપરામાં ચાલતુ આવ્યુ છે તેમ પ્રચંડ શક્તિશાળી વાલીને આદિત્યરજાએ રાજ્ય સ્થાપી. પોતે દીક્ષા લીધી અને ઉગ્રતમ કઠોર તપશ્ચર્યા કરીને તેઓ મોક્ષે ગયા.

હવે મહારાજા વાલીએ સમ્યગ્દૃષ્ટિ, ન્યાયવાન, દયાવન્ત, પોતાની જેવા મહા શક્તિશાળી, નાના ભાઇ સુગ્રીવને યુવરાજ પદે સ્થાપન કર્યા.

સરકતા સમયની સેકંડો સાથે સૌનો સમય સુખમય રીતે સરકી રહ્યો છે.

ખરખેચરનું ખૂન કરવા જતાં રાવણને અટકાવીને ત્યારે મંદોદરીએ કહેલું કે—

કન્યા હૃદયસ્થં કસ્યૌચિદ્ તપ્યા યદિ સા સ્વયમ્ । વરં વૃણીતે રુચિત મભિજાતં ચ સાધુ તત્ ॥૧૭૮॥

“જો કન્યા ખરેખર કોઇપણને આપવાની જ છે તો તે પોતાની જાતે જ મનપસંદ અને કુળવાન્ વરને પસંદ કરે છે તો તે સારૂ જ છે. (હે માનદ!)”

(ક્રમશઃ)

પછાતમતીઓને દરેક માણસો નવામતી જ લાગતા હોય છે!



જુના જમાનામાં કહેવત પડી હતી– 'માણસ માત્ર ભૂલને પાત્ર.' હવે જમાનાના પરિવર્તન સાથે એક નવી કહેવતનો ઉમેરો કરવાનો સમય પાકી ગયો છે: 'માણસ માત્ર આદતને પાત્ર.' વર્તમાન વિશ્વ જાત જાતની અને ભાતભાતની આદતો ધરાવતા આદમીઓથી ઉભરાય છે. એમાં કેટલીક આદતો ફકત સ્વ–આનંદ માટેની હોય છે, પરપીડન એમાં હોતુ નથી. પરંતુ કેટલીક આદતોમાં સ્વ આનંદ કરતા પરપીડનનું તત્વ વધુ માત્રામાં હોય છે આ આદતથી મજબૂર બનેલો માનવી મોટા ભાગે વિકૃત મનોદશા ધરાવતો હોય એવી સંભાવના વધુ રહે છે.

ઘણાં બધા સમયથી એક મહાત્માએ સ્વ આનંદ માટે કાગળ–શાહી બગાડવાની આદત પ્રયત્નપૂર્વક કેળવી છે. એનો ઉત્તરોત્તર વિકાસ સાધવા માટે તેઓ ખૂબ જ પ્રયત્નશીલ રહે છે. ઉંદર માટે એવું કહેવાય છે કે તે જો પોતાના દાંતનો વપરાશ સતત ચાલુ ન રખે તો એના જાન ઉપર ખતરો આવી પડે. આથી એ પ્રાણી કામની કે નકામી દરેક ચીજો સતત કાતરતો રહે છે. કદાચ આ જ પ્રાણી પાસેથી પ્રેરણા પામી એ મહાત્મા પોતાની આદતને વફાદાર રહેવાનો જોરદાર પ્રયત્ન કરી રહ્યાં છે. થોડા સમય માટે પણ જો તેઓ પોતાની કાગળ–શાહી બગાડવાની પ્રવૃત્તિ બંધ કરી દે તો કદાચ તેમની તબિયત બગડી જાય! પોતાની તબિયત ગુલાબી રાખવા માટે ગમે તેને કાતરી નાંખવા માટે તેઓ અડધી રાતે પણ તૈયાર હોય છે!

આ મહાત્મા! મને કોઈ જવાબ આપી શકતા જ નથી.' એવા ભ્રમથી સતત પીડાય રહ્યા છે. જ્યારે જ્યારે તેઓ કાગળ–શાહી બગાડવાની પ્રવૃત્તિ શરૂ કરે છે ત્યારે ત્યારે એમાં અચૂક ઉલ્લેખ કરે છે કે 'આટલા વર્ષ પહેલા અમે આવું આવું લખ્યુ હતું તેનો આજ સુધી તેઓ પ્રત્યુત્તર આપી શકયા નથી. ઉપરથી અમારા લખાણથી ડરીને તેઓ સીધાદોર થઈ ગયા છે!' શેરીનો મસ્તીખોર છોકરો કાંકરીચાળો કરે કે રસ્તે જતાં વડીલની ટોપી ઉડાવવાનો પ્રયાસ કરે છે, ત્યારે એને સતત એવો વહેમ સતાવે છે કે મારા કાંકરીચાળા કે ટોપી ઉડાવ પ્રવૃત્તિનો આખા ગામ પાસે કોઇ જવાબ નથી, જેના તેના ઉપર ધંટ ફેંકનારા માણસો જ્યારે એવું માની લે

છે કે, જગતમાં ઇંટથી મજબુત કોઇ ચીજ જ નથી ત્યારે એ સૌથી વધુ કમનસીબ ઘટના કહેવાય!

આ મહાત્માને વધુમાં મહાપુરુષો ઉપર આળ ચઢાવવાની પણ બુરી ટેવ પડી ગઇ છે. શાસ્ત્રીય વાત રજુ કરનારા મહાપુરુષોને તેઓ 'નવામતી' નું આળ ચઢાવીને ભાંડે છે. એમને આ બાબતમાં એકથી વધુ વ્યકિતઓએ આવું આળ ન ચઢાવવાની સલાહ આપી હતી પણ હજી તેમની એ કુટેવ સુધરી નથી. જ્યાં ને ત્યાં 'નવમાતી–નવમાતી' નું આળ ચઢાવનારા તેમને કોઇ 'પછાતમતી' કહીને બોલાવશે તો એમના મોઢામાં ફરીયાતાનો સ્વાદ આવી જશે. સાનમાં સમજી જાય તો બહુ સારી વાત છે. બાકી તો પછાતમતીઓને દરેક માણસો કે શાસ્ત્રીય મતો નવામતી કે નવામત લાગતા હોય એમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી.

વર્તમાનના વિદ્વાનો વિદ્વત્તાની ચરમસીમા પાર કરી ગયા લાગે છે. તેઓ પ્રાયઃ શાશ્વત ગણાતા શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢાય કે નહિ એવો સવાલ પણ હિંમતભેર ઉઠાવી શકે છે! અતિ વિદ્વાનોનું મગજ તો એથી પણ આગળ દોડે છે: તેઓ તો ગિરિરાજનું એક પગથિયું પણ ચોમાસામાં ચઢે તો કેટલું પાપ લાગે અને કેટલું પ્રાયશ્ચિત આવે તેની પણ સ્પષ્ટતા કરે છે!! 'ચોમાસામાં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ચઢાય જ નહિ' આવો સ્પષ્ટ શાસ્ત્રપાઠ વિના ઉત્સાહભેર પડંપડા કરનારાઓને જોઇને તો જૈનેતરોને પણ દયા આવે એવું છે. આમાં ખાસ નોંધ લેવા જેવી બાબત એ છે કે, અમારા પરમ ગુરૂદેવ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સામે વિના કારણે ચીપીયો પછાડવામાં આવે છે. આ અતિ વિદ્વાનોનું મંતવ્ય એવું હોવું જોઇએ કે, વિજય રામચન્દ્ર સૂરિ મ. પહેલા ગિરિરાજ ઉપર ચાતુર્માસમાં એકલા કાગડાઓ જ ઉડતાં હતાં! આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવના સમયથી આજ સુધીમાં જેટલા ચોમાસા પસાર થયા તેટલા ચોમાસામાં કયારેય ગિરિરાજની યાત્રા થઇ જ નથી. એવું દિવ્યજ્ઞાન પઠિત મૂર્ખોને જ થઇ શકે છે.

મારા પરમગુરુદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરિ મહારાજ અને મારા ગુરુદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્ર સૂરિ મહારાજના જન્મ પહેલા ચાતુર્માસમાં ગિરિરાજ બંધ રહેતો હતો એવું વિધાન તો થાણા હોસ્પિટલનો દર્દી જ કરી શકે. છતાં વારંવાર આ બન્ને મહાપુરુષોના નામો વિકૃત રૂપે ઉચ્ચારવા પાછળ કિન્નાખોરી સિવાય બીજું કયું તત્વ હોઇ શકે? 'ચાતુર્માસમાં શ્રી સિદ્ધગિરિરાજ ઉપર ન ચઢાય, એવો કોઇ શાસ્ત્રપાઠ મળતો નથી' એવી ઘોષણા કરવી એ આ સદીનો સૌથી મોટો ગુનો ગણાય છે! આવી સદીમાં શાસ્ત્રની વાતો કરનારાને નવામતી કહીને ભાંડવામાં આવે એમાં કોઇ આશ્ચર્ય નથી.

卐 દેવતા છે ? 卐

હું ઓચિંતો એક ભાઇના ઘરે પહોંચી ગયો. ઘરની સુંદર મઝાની સજાવટ અને અનેક આધુનિક સાધનો જોઇને મારા મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવ્યો. મનમાં ગોળાતો 'તે પ્રશ્ન ઓકાએક તે ભાઇ આગળ વહેતો કરી દીધો. ગરમાગરમ નાસ્તાને ન્યાય આપતાં મેં પૂછયું.

"કેમ ભાઇ દેવતા રાખ્યો છે ?"

આ સાંભળતાં જ પેલો ભાઇ બોલી ઉઠયો, અરે ! ગાંડાના ગોર, આજના ભૌતિક યુગમાં વળી દેવતા મળતો હશે ? આજના આધુનિક યુગમાં તો ગેસ ચૂલા, ઇલેકટ્રીક સગડી, હીટર અને ઓલર જેવા વિવિધ પ્રકારના સાધનો ઘરમાં વસી ગયા હોય ત્યાં દેવતા કોણ રાખે ? જો દેવતા રાખીએ તો ઘરની શોભા બગડી જાય. લાખો રૂપિયાનું ફર્નીચર અને રાચરચીલું પણ કાળા પડી જાય. દેવતાના ધુમાડાથી અમારૂં કપડાંવરણ પણ બગડી જાય માટે અમે તો દેવતાનો સંગ કરતા જ નથી.

વાહ ભાઇ વાહ ઘણું સારૂં. તમે તો દેવતા-બેવતાને રાખતા નથી. પરંતુ હું

પાલીતાણા ચોમાસું રહેનારને તો અનુભવ છે કે રોજ કેટલા જૈનો ઉપર ચડે છે ? આસો પુનમના તથા બેસતે વર્ષે હજારો ચડે છે.

એક વાત સૌએ સમજી લેવાની જરૂર છે કે ગિરિરાજ પ્રત્યેનું આકર્ષણ શ્રી આદિશ્વર દાદાના કારણે પેદા થાય છે. દાદાની ભકિતથી ખેંચાયને લોકો જોરજોથી યાત્રા કરવા માટે આવે છે. વચ્ચમાં કોઇએ મફતનો જસ ખાટી જવાની ખોટી ઉતાવળ કરવા જેવી નથી. તળેટીમાં ઉભા રહીને કોઇ 'યાત્રા કરો ભાઇ, યાત્રા કરો' ની બુમો પાડે એથી યાત્રા વધી જવાની નથી અને કોઇ હાથમાં ડંગોરો લઇને તળેટીએ ઉભો રહી જાય એથી ડરીને લોકોની યાત્રા અટકી પણ જવાની નથી. અરે, મુસલમાન બાદશાહોના જુલમી શાસનકાળ દરમ્યાન પણ યાત્રા અટકી નથી તો અત્યારની તો શી વાત કરવી ! કોઇએ એવા દિવાસ્વપ્નો જોવાની જરૂર નથી. કદાચ કોઇને જોવા હોય તો એમા પ્રતિબંધ પણ કયાં મૂકી શકાય છે ?

જય શત્રુંજય

—: વનરાજી :—

એકેકું ડગલું ભરે,
શેત્રુંજા સમો જેહ;
ભવલ કહે ભવ કોડનાં,
કર્મ ખપાવે તેહ;

ભાવાર્થ :— શુભભાવથી શ્રીગિરિરાજ સન્મુખ જે આત્મા પગલું ભરે છે તે આત્મા પગલે પગલે કોડો ભવોના કર્મોને ખપાવે છે.

—શ્રી આદીશ્વર દાદા

અનુભવું છું કે દેવતા મારા જોવામાં આવ્યો છે અને તમે કેમ ના પાડો છો ?

વિશેષ ખીજાતા તેઓ બોલ્યા, એકવાર તો કહ્યું ને નથી છતાં, પણ ફરી પાછો નકામો પ્રશ્ન પૂછયો. કેવો મુર્ખ છે ?

નમ્રતાથી હસતા હસતા મેં ફરીથી પૂછયું, તમે ના પાડો છો પણ તેનો ધૂમાડો નીકળતો જણાય છે. આ વચનામૃત સાંભળતાં જ પેલા ભાઈ અત્યંત ક્રોધી બની ગયા અને બોલી ઉઠયા, ના પાડી છતાં પણ મનતો નથી. વારે ઘડીએ શું પૂછપૂછ કરે છે ગાંડો થઇ ગયો લાગે છે. અહીંથી બહાર નીકળી જા નહીંતર હમણાં ઢાળી નાખીશ.

ડાયનીંગ ટેબલ પરથી ઉઠતાં ઉઠતાં હું બોલ્યો, ભાઈ દેવતા તો નથી રાખતા તો પણ આવડો મોટો ભડકો ક્યાંથી થયો? આશ્ચર્યની વાત એ છે કે તમારા ઘરમાં દેવતા નથી પણ તમારા હૃદયના ખૂણીયે ખૂણીયે દેવતા પડેલો છે.

આ દેવતા તમારા કરેલા વ્રત, જાપ અને તપાદિ વગેરે અનંત મોક્ષના સાધનોને બાળી નાખે છે.

જેમ જ્વાળામુખી પર્વતો, ધરતીકંપો, વંટોળીયા આદિ પોતાની આસપાસના પ્રદેશોને હાનિ પહોંચાડે છે તેમ ક્રોધી માણસ ક્રોધને વશ થઇને આજુબાજુના વિસ્તારમાં નુકશાન પહોંચાડે છે. અશાંતિ ઉભી કરે છે.

માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે

કામ સમાન વ્યાધિ નથી,
મોહ સમાન શત્ર નથી,
ક્રોધ સમાન અગ્નિ નથી
જ્ઞાન સમા સુખ નથી.

હરહંમેશ ક્રોધની શરૂઆત મૂર્ખતાથી થાય છે અને તેની પૂર્ણાહુતિ પસ્તાવથી થાય છે.

--વિરાગ

બ્રિટનના જુનિયર હેલ્થ મિનિસ્ટર
મિસીસ એડવિના કયુરીની ચેતવણી
ઈંડાથી ઝાડા, ઉલ્ટી, કોલેરા
ટાઇફોઇડ અથવા મોત !
કારણ કે
ઈંડામાં "સોલમોનેલા" ઝેર
વ્યાપ્ત થયેલું છે.
માટે આમલેટ, બીસ્કીટ, કેક, આઈસ્ક્રીમ
વાપરવા જીંદગી માટે ખતરનાક છે.
શરીરને માનનારે માંસાહાર છોડવો
જોઇએ તો આત્માને માનનાર શું કરે
ઈંડા ખાવાથી પાપ તો થાય જ પણ
ઇગલેન્ડના ડો. રોબર્ટ ઓસની ચેતવણી
ઈંડાથી ખુજલી, એગ્જિમા
દાદર, એલર્જી, ચર્મરોગ
દમ – સફેદ કોઢ, લકવો
ચામડીનું કેન્સર
કારણકે ઈંડાની સફેદીમાં "એવીડીન"
ઝેર હોય છે, જેનાથી ભયંકર રોગો થાય છે.

(જીવદયા પુકાર)

જૈનશાસન જેટલું સલામત, તેટલું વિશ્વનું હિત સલામત

— પંડિતવર્ય શ્રી મણુદાસ બેચરદાસ પારેખ

ગામને પાદરે એક તળાવ છે.

તળાવને કાંઠે બાળક ઉભો છે.

બાળકને એક રમત સુઝી.

પાસે પડેલો પથ્થર તળાવના શાંત પાણીમાં નાંખ્યો.

જે જગ્યાએ પાણીમાં પથ્થર પડ્યો, તેની આસપાસ વર્તુળો રચાયાં.

બાળકને વર્તુળો જોવાની મઝા આવી.

બીજીવાર મોટો પથ્થર ઉપાડ્યો. જોરથી ઘા કરીને પાણીમાં નાખ્યો.

પહેલાં કરતાં પાણી વધારે ડહોળાયું. વધારે વર્તુળો રચાયાં.

સેન્ટર જેટલા જોરથી ક્ષુબ્ધ થયું. તેટલા તેની આસપાસ વર્તુળો વધારે રચાયાં.

સેન્ટર જેટલું ઓછું ક્ષુબ્ધ થાય. તેટલાં વર્તુળો ઓછાં રચાય. સેન્ટર જેટલું સ્થિર તેટલું પાણી શાંત.

* *

ઘરનો વડિલ પુરૂષ જેટલો વ્યવસ્થિત તેટલા તેને આશ્રયને રહેનારા કુટુંબીજનો વ્યવસ્થિત.

શાળાના પ્રિન્સીપાલ જેટલા શિસ્તબદ્ધ. તેટલા શાળાના બીજા શિક્ષકો વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ.

'સવિ જીવ કરું શાસનરસી'ની ઉત્કૃષ્ટ ભાવનામાંથી ફલિત થયેલું જૈનશાસન વિશ્વના કલ્યાણનું મુખ્ય અને મહાકેન્દ્ર છે. દુન્યવી સ્વાર્થની માત્રા યત્કિંચિત પણ તેની સાથે જોડાયેલી નથી. જો જૈનશાસન જેટલું અક્ષત-અવ્યાબાધ, તેટલું વિશ્વનું કલ્યાણ અક્ષત-અવ્યાબાધ. જેટલું જૈનશાસનને નુકશાન, તેટલું વિશ્વને નુકશાન, તેટલું વિશ્વના પ્રાણીઓના હિતને નુકશાન.

૪૫૦ વર્ષોથી જગતમાં ઈન્દ્રજાળ ઉત્પન્ન કરનારાઓ આ રહસ્ય સમજે છે. તેથી જ તેમને મુખ્ય મોરચો ખરી રીતે તો જૈનશાસનની સામે જ છે. "જગતના અભિયાર ધર્મો" નામના પુસ્તકમાં ખ્રીસ્તી ધર્મગુરૂ લુમે શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજનો જ શ્લોક મુક્યો છે, અલબત ખોટા અર્થમાં. તેઓ જાણતા હોય છે કે ગઢ તુટ્યો, કે બાજી હાથમાં.

આ સંયોગોમાં જૈનશાસન રૂપી કેન્દ્રને બચાવવાના ભગીરથ પ્રયાસો કરવાને બદલે, ઉભી કરવામાં આવેલી ઈન્દ્રજાળ પાછળ જૈનશાસનને વગોવવાના આપણે જ પ્રયાસો કરીયે. તો વિશ્વના પ્રાણીઓનું હિત કેટલું બધું જોખમાય ? આપણા ઉપર આક્રમણ કરનારના સૈન્યમાં જ આપણે ભરતી થઈ

જઇએ, તો જગત રક્ષણની આશા કોની પાસેથી રાખે ?

જૈનશાસનની ધુરાને વહન કરવાની બાબતમાં વર્તમાન જૈનાચાર્યો માટે આજ પરિસ્થિતિ અતિ વિકટ અને કપરી છે. ગમે તેવાં તોફાનો વચ્ચે, ગમે તેવાં પ્રલોભનો વચ્ચે જૈનશાસનના ગઢને વ્યવસ્થિત ટકાવી રાખવાની અસાધારણ જવાબદારી અને જોખમદારી તેમના શિરે છે. એક રીતે કહીએ, તો વિશ્વના તમામ પ્રાણીઓના રક્ષણની ફરજ તેમના ઉપર છે. તેમના શિવાય જગતનું બેલી કોણ ? તારણહાર કોણ ? તેઓ ધારે તો પ્રાણના ભોગે પણ જૈનશાસનને અવ્યાબાધ રાખી વિશ્વના પ્રાણીઓને બચાવી શકે છે, અથવા તો ઉપેક્ષા કરી પ્રાણીઓના હિતને ડુબાવી શકે છે.

છેલ્લા ૧૦૦ વર્ષમાં જૈનશાસન ઉપર અનેક આક્રમણો આવી ચુક્યાં છે. છતાં હજી ઘણું સુરક્ષિત છે, ઘણાં તત્વો વ્યવસ્થિત રીતે ચાલ્યા આવે છે. તે સુરક્ષિત બાબતોને કાયમી ટકાવી રાખી, તેના આધારે શાસન નિરપેક્ષપણે બનાવાયેલી બાબતોને સાપેક્ષ બનાવી લેવાની વહેલી તકે જરૂર છે. તે સિવાય ભવિષ્યમાં આવી પડનારી માનવી મહાહિંસા અટકવાની કોઇ આશા જણાતી નથી.

આજની ગણાતી વિશાળ દૃષ્ટિ, વિશ્વ બંધુતા, વ્યાપક સેવા વિગેરે માત્ર શબ્દથી જ મોટા દેખાય છે. ખરી રીતે વિશ્વહિતથી તે ચ્યુત કરનારા છે.

વર્તમાનમાં બિરાજમાન જૈનાચાર્ય મહારાજાઓ શું કરવા ધારે છે ? જૈનશાસન સાથેનો સાપેક્ષભાવ ધરાવી તે ટકાવી રાખવા ઇચ્છે છે ? કે ઉપેક્ષાભાવે જોયા જ કરવામાં માને છે ? કે જૈનશાસનને તોફાનની આંધીમાંથી બચાવી લેવાનો ભવ્ય પુરૂષાર્થ કરવા ઇચ્છે છે ? સિંહની એક ત્રાડ માત્ર હરણિયાઓને મુજાવી મુકવા માટે બસ હોય છે. નવસર્જનની ઇંદ્રજાળ અસત્ય, અન્યાય, અનીતિ વગેરેના પાયા ઉપર ખડી કરવામાં આવી છે સમર્થ પુરૂષોની એક ફુંક માત્ર એ ગંજીપાના મહેલને જમીન દોસ્ત કરવા માટે બસ હોય છે. (જૈન શાસન સંસ્થા)

જીવદયા પાળનાર સુખી બને છે.

૦ જીવદયા જ અહિંસા ધર્મનું મૂળ છે.

૦ અહિંસા મારો ધર્મ છે.

૦ હું અહિંસા ધર્મને ચાહું છું.

૦ હું અહિંસક સંસ્કૃતિની હમેશા રક્ષા કરીશ.

૦ સર્વ જીવોની સાથે મૈત્રીભાવ રાખીશ.

૦ હું મારા ધર્મ બંધુઓને 'જય અહિંસા' કહીશ.

૦ સર્વ જીવોના કલ્યાણમાંજ મારૂં કલ્યાણ છે.

૦ અહિંસા પરમો ધર્મ અમારો મૂલ મંત્ર છે.

૦ હું જીવદયા પૂર્ણરૂપથી પાલન કરીશ.

(જીવદયા પ્રકાર)

(અનુ પેજ ૧૨૬૨ નું ચાલુ)

સીસાની ગોળીઓ ભરી આપવાની સગવડ કરી આપી તે. અહીંથી મરીને બીજે જન્મી અને રૂણાનુ બંધ કારણે પતિ બની ઘરમાં પાછી આવી હવે તમો અને તે. જીંદગી-ભર સબડો અને નિસાસા નાખો તે મારી વસુલાત પુરી થઇ.

આટલું બોલી આગળ ચલાવ્યું. આ એટલા માટે કર્યું કે સમાજ જાણે બોધ-પાઠ લે. કે હરામનું ધન કેટલું દુઃખદાંયી છે ચોરી કરીને, છુપા પાપ કરીને, આવેલ ધન સંપત્તિ "એટલે અકાળે આવતાં દુખ" અને છેલ્લી જીંદગી સબડી સબડીને રીબાઇ ને મૃત્યું પામે છે. જે ત્યારે પણ એજ બનવાનું છે. આટલું બોલી આંખ મીંચી દીધી. પણ બીજાની આંખો ઉઘાડી દીધી. લેણદાર ગમે તે રૂપે આવે. આપણે આવું ઘણીવાર ઘણી જગ્યાએ જોઇએ જ છીએ તો ને આ પરત્વે જ સમજવું. આ જન્મનું નહિ તો પૂર્વજન્મનું લેણું હશેજ. અત્યારે કરશે. તે હવે ફરી ભોગવવાનું આવશે જ. છતાં ખાત્રી નથી તો કરો કરમ તો ભાંગે ભરમ.

માટે આજથીજ પ્રતિજ્ઞા લઇએ એવું બોટુ ન કરીએ કે આપણે ભોગવવાનો વખત આવે. અર્થાત આજે કરો અને કાલે ભોગવો.

લાભ શો ?

જો જીવનમાંથી વિષય–કષાયો ઓછાં ન થાય તો આરાધનાનો લાભ શો ?

સામાયિક કરી પણ જો નિંદા–કુથલીમાં જ આખી સામાયિક પસાર કરી તો સામાયિકનો લાભ શો ?

પ્રતિક્રમણની ક્રિયા કરી પણ આખું પ્રતિક્રમણ ઉંઘમાં જ જો પૂર્ણ થયું તો તે પ્રતિક્રમણનો લાભ શો ?

માટે જે કાંઇ આપણે પરમાત્માની આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરતાં થઇએ પણ અપ્રમત્તભાવે ને આત્માના ધ્યાનમાં જ જો તે તે સમય પ્રમાણે પૂર્ણ થાય તો આત્માને મહાન લાભ છે.

— × —

નોળીયો સાપના ઝેરથી બચવા નોળ-વેલ નામની વનસ્પતિ સુંઘે તો સાપનું ઝેર ઉતરી જાય. તેમ સંસાર રસિક જીવોને સંસારનું ઝેર ચડી ન જાય માટે જ વારંવાર દર્શન–જ્ઞાન–ચારિત્રની આરા-ધના કરવાની છે. એટલે રત્નત્રયીની આરાધના સંસારનું ઝેર ઉતારવા નોળ-વેલ છે.

—પૂ. સા. શ્રી હર્ષાપૂર્ણાશ્રીજી મ.

(અનુ. પેજ ૧૨૬૦ નું ચાલુ)

સુરક્ષાની, શ્રેષ્ઠતમ યશોગાથા સાથે, પ્રકૃષ્ટ પુણ્યના ઝગમગતા સૂર્ય કિરણોની, ભારત-ભરમાં સુવિખ્યાત છે. આલેખવી હોય તો પાંચ હજાર પૃષ્ઠ કંડારાય. વચન શાસ્ત્રનું સિદ્ધ કરી બતાવ્યું. આચાર્ય જિનશાસનોન્નતિકરાः ।।

- શ્રાવક વિરાગી જ હોય છતાં રાગ થઇ જવાની સંભાવના છે. તો પણ જ્યારે જ્યારે રાગ થાય ત્યારે રાગને કાઢી નાંખે અને વિરાગને સાચવે. પણ રાગને પોષવાની મહેનત ન કરે જેથી વિરાગ જીવતો ને જાગતો રહે.

- સારૂં મળે તો પણ ન આવું તેનું નામ તપ ! સારૂં આવા તપ કરવો તે પેટ ભરવાનો ધંધો !

- શ્રાવક-શ્રાવિકા આગળ વિરાગના વર્ણન કરવા પડે અને રાગની ભયાનકતા સમજાવવી પડે. તે જૈનકુળમાં જનમવા છતાં ભારે પાપોદય છે.

- રાગ તે જ ઉપાધિ. રાગી કદિ સુખમાં – શાંતિમાં હોય જ નહિ. રાગી તો હંમેશનો દુઃખી.

- શ્રાવકને સંસારની કોઇ ચીજ પર, સંસારના કોઇ પદાર્થ પર રાગ ન હોય પણ દ્વેષ હોય. તેમ તે કોઇપણ વ્યકિત પર દ્વેષ ન હોય. ભયંકર નુકશાન કરે તેના પર દ્વેષ ન કરે. 'અપરાધી શું પણ નવિ ચિંતવીએ પ્રતિકૂળ' આ જ ભાવના ભાવે અને વિચારે કે– 'કેવા ભયંકર પાપ કરે છે ! કયારે પાપ કરતો અટકે.'

- જે જીવ રાગની પીડા સમજે તેને જ વિરાગનો ઝપ પડે. રાગના પ્રતાપે ખરાબ ગતિમાં જ જવું પડે આ શ્રદ્ધા થાય તો જ વિરાગ આવે. 'હું આત્મા છું, પુણ્ય-પાપ છે, પુણ્ય કરે તો સારી ગતિ મળે, પાપ કરે તો ખરાબ ગતિ જ મળે' આમ ન થાય તો શ્રદ્ધા થાય નહિ.

- બંધનમાં પડેલા છૂટવાની ઇચ્છાવાળો હોય, કાદવમાં ખૂંપેલો બહાર નીકળવાની ઇચ્છાવાળો હોય તેમ શ્રાવક સંસારથી છૂટવાની ઇચ્છાવાળો હોય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/O શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૪૨૮૨ ૧૧-૧૩-૨૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તો મુક્તિ દૂર નથી !

જા દવ્વે હોઇ મઈ અહવા
તરુણીસુ રવવંતીસુ ।
સા જઇ જિણવરધમ્મે
અરયલમજ્ઝેટ્ઠિઆ સિદ્ધી ।।

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર ... સા. ક્ર. ... શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

જેમ લોભી જીવોને દ્રવ્ય-ધનમાં મતિ હોય છે અને કામી જીવોને રૂપવંતી રમણીઓમાં મતિ હોય છે, તેની જેમ જો શ્રી જિનેશ્વરદેવના તારકમાં મતિ થઇ જાય તો મુક્તિ કરતલની મધ્યમાં રહેલી છે અર્થાત્ તેના માટે મુક્તિ છેટી નથી !

વર્ષ ૫

અંક ૪૪ ૪૫

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર ... કોબા (ગાંધીનગર) ... ૩૮૨૦૦૭

"એક હતો રાજકુમાર"

પેઢાલપુર નામે એક ભવ્ય નગરી હતી. તેનો રાજા વિજય ખુબ ધાર્મિક અને ન્યાય પ્રિય હતો. તેને એક સુંદર રૂપ રૂપના અંબારસમી વિજયા રાણી હતી. ક્રાળ-ક્રમે નગરીને મહોત્સવ સમો અવસર મળ્યો, સૌ નગરજનોએ વગર દીવાળીએ દીવાળી ઉજવી. ઘર ઘર દીવા પ્રગટાવ્યાં, પોળે પોળમાં રહેલાં કહેરાસરોમાં મહોત્સવો મંડાયા ક્રેમકે જ્યારાં રાજાને ત્યાં સુકોમળ પુત્ર રત્નનો જન્મ થયો હતો. ખેલતો, રમતો, કુદતો બાળ આઠ વર્ષનો રાજકુમાર થઇ ગયો. અને તેની કિસ્મત ખુલી ગઇ.

મહાવીર પ્રભુ પોતાના વિશાળ પરીવાર સાથે બાળ રાજકુમારની નગરીમાં પધાર્યા. જાણે બાળ રાજકુમાર તેમની રાહ જોઇ રહ્યાં હતાં. પ્રભુની પહેલી જ દેશના સાંભ-ળતાં વિરકત થઇ માતા પિતાની અનુમતી લઇ પ્રભુજીનાં પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિ પાસે દીક્ષા ગ્રહણ કરી. તેઓ બાળ રાજ-કુમાર માંથી બાળમુનિ બની ગયાં.

એક દિ' તેઓ સવારે વહેલાં ગોચરી લેવા નીકળ્યાં. એક શેઠને ત્યાં ગયાં. બાળ મુનિને જોઇને શેઠની પુત્રવધુને ટીખળ કરવાનું મન થયું. તેમને ટિખળ કરતાં કહ્યું કે કેમ અત્યારમાં ? બહું મોડું થયું કે શું ? શબ્દો દ્વિ-અર્થી હતાં. ગોચરી અને દીક્ષા બન્ને ને લાગુ પડતાં હતાં. તેનો મર્મ તુરંત સમજી જઇ બાળમુનિ બોલ્યા કુ હું જે જાણું છું, તે નથી જાણતા? આ સાંભળી ચબરાક પુત્રવધુ વિચારમાં પડી ગઇ. આખરે મુનિએ તેનો મર્મ સમજાવ્યો કે મરણ નિશ્ચિત છે તે હું જાણું છું પણ તે ક્યારે આવશે, તે હું નથી જાણતો.

એક વાર વરસાદ પડી ગયાં પછી અન્ય બાળકોની સાથે આ બાલમુનિ પણ પાતરાંની હોડી કરીને પાણીમાં તરાવવા લાગ્યાં. બીજાએ મુનિ ધર્મનો તેમને ખ્યાલ આપ્યો. તે સાંભળતાંજ બાલમુનિ એકદમ શરમાઇ જઇ ક્ષોભ પામ્યાં. તુરંત મહાવીર પ્રભુ પાસે જઇને 'ઇરિયાવહિયા' આલોચનાં 'દગમટ્ટી દગમટ્ટી' એવો શબ્દ ઉચારવા લાગ્યાં. પૃથ્વીકાય અને અપકાય જીવોને ખમાવતાં પાપનો અતિ પશ્ચાતાપ થતાં ભાવનાની પરમ વિશુદ્ધિ થતાં કેવળજ્ઞાન પામી ગયા.

જ્યારાં બાળકો આ હસતાં-ખેલતાં રમતાં બાળ રાજકુમારમાંથી બાળ મુનિ બની નાના'શા અપરાધનું ખુબ સુંદર હૃદય પૂર્વક પ્રાયશ્ચિત કરી મોક્ષે વિરાજી જનાર આ મહાન બાળ મુનિ કોણ હતાં જાણો છો? તે હતાં અતિમુકત કુમાર.

-શ્રી અમીકુમારી

હિંસાથી ભયંકર દુઃખ આવે છે.

બધાથી મોટું પાપ – હિંસા.
બધાથી મોટી ક્રુરતા – હિંસા.
બધાથી મોટો અપરાધ – હિંસા.
બધાથી મોટું દુષ્કૃત્ય – હિંસા
બધાથી મોટું અસત્ય – હિંસા.
બધાથી મોટું દુઃખ – હિંસા.
બધાથી મોટી તકલીફ – હિંસા.
બધાથી મોટી અશાંતિ – હિંસા.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી ગુદકા (મુલુંડ)
હરેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ધનજીભાઈ ધરમશી ગુદકા (થાણા)

વર્ષ ૫] ૨૦૪૯ અષાઢ સુદ-૨ મંગળવાર તા. ૨૨-૬-૯૩ [અંક-૪૪

નિર્ગ્રંથ પ્રવચન–જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ :

—સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. (તે વખતે મુનિરાજ)

જૈન દર્શનની આ પરિસ્થિતિ સામે ગીતા વિગેરેની પરિસ્થિતિને અવકાશ નથી દુઃખનો ત્રાર થવો કે ધર્મનિકાર થવાથી ઈશ્વરાવતાર થવો. એ વિગેરે જ્ઞાનીઓનો ધર્મ નથી. જ્ઞાનીઓની અને અજ્ઞાનીઓની કરૂણામાં આકાશ અને પૃથ્વી જેટલું અંતર છે, આ અંતરને ન સમજનારા માટે કુકલ્પનાઓના દ્વાર ઉઘાડાં હોય એ તદ્દન સહજ છે.

હવે એ લોકોત્તર આત્માઓ જ્ઞાનના બળે સઘળું સ્વયં જાણી શકે છે, તેઓ પોતાના છેલ્લા ભવમાં સ્વયં સંબુધ્ધ હોય છે એ વાત હમ્મેશાં શક્રસ્તવમાં 'સયં સંબુદ્ધાણં' પદને બોલનારાઓની જાણ બહાર ન હોઇ શકે. તેઓ જે સમય જેવું જુએ છે તેવું કરી લે છે. એટલા માટે આપણે પ્રભુશ્રી એ કરેલું કરવાનું નથી પણ કહેલું કરવાનું છે– એ વાત જો પ્રભુમાર્ગના ઉપાસકો સારી રીતિએ સમજી જાય તો ધર્મમાર્ગમાં આવતા એક એક અંતરાય ટળી જાય.

વિશ્વમાં સર્વોત્તમ સ્થળે વિરાજતા આ પુણ્યપુરુષો સ્વયં જ્ઞાની હોવા છતાં લોકાંતિક દેવતાઓનો એ આચાર હોવાથી તેઓ પ્રભુને વિનમ્ર ભાવે સુંદર શબ્દોમાં વિનંતી કરે છે, તે મુજબ પ્રભુશ્રી મહાવીર દેવને પણ તે મહાનુભાવો દેવતાઓએ કરેલી વિનંતિને ઉપર ટાંકી છે. તે ઉપરથી આપણે જોઇ જાણી શકીએ છીએ કે પ્રભુશ્રીએ પ્રવર્ત્તાવેલું ધર્મતીર્થ સર્વ લોકના પ્રાણીઓ માટે હિતકર, સુખકર, અને અવ્યાબાધપણાને આપનાર

છે. આ ધર્મતીર્થના એક એક અંગને હૃદયથી હિતકર માનનાર–પછી તે ચાહે તે જાતિ કે કુળનો હોય—તે જૈન કહેવાય છે અને તે ધર્મતીર્થના એક પણ અંગને યથાસ્થિતિપણે આરાધનાર અવ્યાબાધ સુખનો ભોકતા થઇ શકે છે. આવા અનુપમ ધર્મ તીર્થને પામ્યા પછી પણ જે આત્મા પોતાની દોષ નિવૃત્તિ આરાધવામાં ઉપેક્ષાભાવ રાખે અને પ્રત્યુત નવીન કાર્યમાં વિચિત્ર અનુમાન તથા ઉપમાનો તોળે તે આત્મદ્રોહી કહેવાય એમાં શું આશ્ચર્ય !

પ્રભુશ્રી તો સ્વયં સંયમમાર્ગના સ્થાપક છે એટલે પ્રભુને તો કોઇનાએ ઉત્સાહની જરૂર નથી હોતી છતાં કુલ મહત્તર આદિ સ્વજનોએ પ્રભુશ્રીને સંયમ માર્ગમાં કેવાં સુંદર અને મધુર શબ્દોમાં ઉત્તેજિત કર્યા છે એ ખાસ વિચારવા યોગ્ય છે. **શ્રી કલ્પ-સૂત્રના શ્રોતાઓ સંયમ પ્રતિની સદ્‌ભાવનાઓ ખીલવે તો તેઓ પોતાનું અને પોતાની સંતતિનું અનુપમ હિત સાધી શકે એ નિઃસંશય છે.** પોતે તેમજ પોતાની સંતતિ શુદ્ધ સંયમી બની પ્રભુમાર્ગનાં પ્રભાવક બને એ કંઇ ઓછું ઉપકારક નથી, આત્મઘાતક વિષય પિપાસા અને સ્વાર્થમયતાને અનુલક્ષી તેઓએ સંયમ ભાવમાં શિથિલ નહિ થતાં બહાદૂરીથી સંયમનો માર્ગ ખેડવો એ તેઓનું કર્ત્તવ્ય છે. કુલમહત્તરાઓના ઉપદેશ ઉપરથી હિતચિંતક સ્વજન વર્ગે પોતાના સંતાનન હિત માટે કેવી ભાવના રાખવી જોઇએ અને કેવું આચરણ કરવું જોઇએ એ, પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. હિતચિંતક કહેવરાવવું સહેલ છે પરંતુ બનવું ઘણું જ કઠીન છે. જ્યારે પ્રભુશ્રી, અનગાર થવા માટે નરેન્દ્ર અને દેવેંદ્રોએ કરેલા મહોત્સવ પૂર્વક શીબીકામાં બેસીને જ્ઞાતખંડ વનમાં પધારે છે તથા અશોકવર વૃક્ષની નીચે શીબીકામાંથી ઉતરી વૈરાગ્ય વાસનાથી વાસિત પ્રભુ પોતાની મેળે જ્યારે મસ્તક ઉપરથી મુકટને, કાનથી કુંડલને, કંઠથી કંઠાભરણને, ઉરઃસ્થલથી હારને, બે ખભેથી, અંગદને, બે હાથોથી વીરવલયને, આંગુલીઓ ઉપરથી મુદ્રિકાઓને નીચે ઉતારે છે, ત્યારે શ્રી જ્ઞાતપુત્રની એ વસ્તુઓને હંસના જેવા શ્વેતવસ્ત્રમાં ગ્રહણ કરતી કુલમહત્તરિકા – કુલની વડેરી સ્ત્રી પ્રભુશ્રીને કહે છે કે—

"હે પુત્ર ! તું ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયેલો છે. હે પુત્ર ! તું કાશ્યપગોત્રી છે. હે પુત્ર ! તું પ્રતિદિન ઉદિતોદિત જ્ઞાત કુલરૂપી આકાશમાં ચંદ્ર સમાન જાતિવંત શ્રી સિદ્ધાર્થ રાજાનો પુત્ર છે. હે પુત્ર ! તું જાતિવંત શ્રી ત્રિશલા ક્ષત્રિયાણીનો પુત્ર છે. હે પુત્ર ! વધારે શું કહીએ ? તું દેવેંદ્ર અને નરેન્દ્રોમાં ગવાયો છે, નમાયો છે, પૂજાયે છે. માટે હે પુત્ર ! તું સંયમ માર્ગમાં શીઘ્ર ગતિશીલ થજે, આલંબન મહાન્ લે જે, અસિધારા સમાન મહાવ્રતોનું સાવધાનપણે સમ્યક્ પ્રકારે પાલન કરજે. હે પુત્ર ! સંયમ માર્ગમાં અસ્ખલિત પરાક્રમી થજે, આ સઘળું કરવામાં હે પુત્ર ! તું ભારંડ પેરે અપ્રમત્ત વિહાર કરજે."

આ પ્રમાણે સંયમ માર્ગમાં ઉત્તેજિત કરનારી કુલ મહત્તરીકાઓ–કુલની વૃદ્ધ સ્ત્રીઓ પોતાના કુલમાં કેટલી છે ? એનો વિચાર શ્રી કલ્પસૂત્ર જેવા મહાન સૂત્રના શ્રોતાઓ કરશે ? દરેકે દરેક ધર્મકુલમાં આવી કુલ મહત્તરીકાઓ જો વિદ્યમાન હોય તો આજે સંયમમાર્ગની આરાધના કેટલી સુલભ થઇ શકે ? પ્રભુશ્રીએ ઉપદેશેલા સંયમ માર્ગની આગળ દુનિયાની સઘળી વસ્તુઓને તુચ્છ સમજનારાં ધર્મકુલોમાં એવા કુલમહત્તરો અને કુલમહત્તારીકાઓ ન હોય એ તો ખરે ભાગ્યહીનતા જ ગણાય ! જ્યાં સુધી ધર્મકુલનાં વૃધ્ધ સ્ત્રીપુરુષો પ્રભુશ્રીએ પ્રકાશેલા સંયમ માર્ગની આરાધનામાં જ પોતાની અને પોતાના કુલની મહત્તા માનતાં નહિ થાય ત્યાં સુધી ધર્મકુલનાં સંતાનો પ્રભુમાર્ગની પ્રભાવના કે પોતાનો ઉદય નહિ કરી શકે, એ નિરંતર લક્ષમાં રાખવા જેવું છે.

આપણે જોઇ ગયા તે રીતિએ પ્રભુશ્રી સઘળા દુનિયાના પદાર્થો સર્વ પ્રકારે ત્યાગ કરીને પંચમુષ્ટી લોચ કરી – અનગાર – મુનિ બન્યા. આ સમયે શ્રી તીર્થંકરદેવોને 'મનઃપર્યાય' નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેમ પ્રભુ શ્રીવીરને પણ થયું. પ્રભુશ્રીની સંયમ આરાધના પણ ખાસ લક્ષ્ય રાખીને સાંભળવા જેવી અને વિચારવા જેવી છે.

શ્રી તીર્થંકરદેવો અનગાર થયા પછી જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી કદી પણ સ્થાન માંડીને બેસતા નથી. તે ભગવંતો સદા ધ્યાનમગ્ન રહે છે, ઉપસર્ગો કે પરિસહો તેમને અકિંચિત્ કર હોય છે. આ રીતિએ પ્રભુશ્રી વીરદેવે પણ બાર વર્ષ પર્યંત ખડે પગે સંયમની આરાધના કરી. સાડા બાર વર્ષમાં પ્રભુશ્રીની તપશ્ચર્યા કેટલી ? તો તેના ઉત્તરમાં એટલું જ કહેવાનું કે બાર વર્ષમાં માત્ર તેઓશ્રીએ ત્રણસો ઓગણપચાસ (૩૪૯) દિવસ જ આહાર કે પાણી લીધું છે. બાકીના સઘળા દિવસોમાં પ્રભુશ્રી સર્વથા નિરાહાર ! (આહાર કે પાણી વિના) રહ્યા છે. પ્રભુશ્રીએ સાડાબાર વર્ષમાં નિદ્રા કેટલી લીધી ? તો કે લેવા તરીકે તો એક ક્ષણ પણ નહિ પરંતુ પ્રમાદ તરીકે માત્ર એક અંતર્મુહુર્ત્ત પર્યંત જ આવી ગઇ. ઉપસર્ગો અને પરિષહો અનેકાનેક છતાં પણ ક્ષમા, સ્થિરતા, સમતા, શાંતિ, પ્રસન્નતા, અને આરાધનામાં એકતાનતા તો તેવી ને તેવી જ. આ લોકોત્તર આત્માની ક્ષમાનું વર્ણન કરતાં તો કવિને કહેવું પડ્યું કે—

"હે પ્રભો ! દુશ્મનનો પ્રતિકાર કરવા તું સમર્થ છતાં પણ ક્ષમા ઉપરનો તારો હદ બહાર પક્ષપાત દેખી રોષ પણ તારાથી રોષાયમાન થઇને તારી પાસેથી ચાલ્યો ગયો".

આ રીતિએ પ્રભુશ્રીને અપ્રતિબદ્ધપણે સાડાબાર વર્ષ પર્યંત ધ્યાનમગ્ન અવસ્થામાં વિચરતાં તેમના અનુત્તર જ્ઞાનાદિ દ્વારા અનુત્તર કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઇ.

શ્રી તીર્થંકરદેવોએ કેવલજ્ઞાની અને કેવલદર્શની થયા પછી ધર્મતીર્થની સ્થાપના કરે છે–એટલે પ્રભુ, ગણધરો બનાવે છે અને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા રૂપ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરે છે. પુણ્યશાળી આત્માઓ આ ધર્મતીર્થને પામી પોતાના અભ્યુદયને વિના ભેદે સાધી શકે છે. શ્રી તીર્થંકરદેવો જેમ સંયમની પ્રાથમિક દશા– છદ્મસ્થાવસ્થાપણામાં દેશના નથી આપતા તેમ કેવળજ્ઞાની અને કેવળ દર્શની થયા પછી નિયમિત પ્રથમ પ્રહરમાં અને ચોથા પ્રહરમાં દેશના આપે છે. આશ્ચર્યભુત બનાવ તરીકે પ્રભુશ્રી વીરદેવની પ્રથમ દેશના ખાલી ગઇ એનો અર્થ એ નથી કે પ્રભુશ્રીના વચનને કોઇએ સત્ય કરીને ન માન્યું, કિંતુ પ્રભુશ્રીના વચનને સત્ય માનવા છતાં પણ કોઇને વિરતિનો પરિણામ ન થયો. તે વખતે કોઇએ દેશવિરતિ કે સર્વવિરતિનો સ્વીકાર ન કર્યો.

મોક્ષ માર્ગના પ્રવર્ત્તક પ્રભુશ્રી કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ પછી બાકીના આયુષ્યમાં સમ્યગ્જ્ઞાન–દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપીને ભવોપગ્રહી કર્મોનો પણ ક્ષય કરી સિદ્ધિપદને પામે છે.

(૨) પાત્રાપાત્રનું અંતર :

સસાઇંતં પિ જલં પત્ત વિસેસેણ અન્તરં ગુરુઅં ।
અહિમુહપડિઅં ગરલં સિપ્પઉડે મુત્તિઅં હોઇ ॥

સ્વાતિ નક્ષત્રની વૃષ્ટિ પણ પાત્ર વિશેષે ફળભેદ આપનારી બને છે. જેમ કે, સર્પના મુખમાં પડેલું પાણી વિષ રૂપે પરિણમે છે અને છીપમાં પડેલ તે જ પાણી મોતીરૂપે બને છે. માટે હંમેશા યોગ્યતા કેળવવા પ્રયત્ન કરવો જોઇએ.

સુપાત્ર કોણ ?

ન વિદ્યયા કેવલયા તપસાઅપિ ચ પાત્રતા ।
યત્ર વિદ્યાચરિત્રે ચ તદ્ધિ પાત્રં પ્રચક્ષતે ॥

માત્ર એકલી વિદ્યાથી કે એકલા તપથી જ પાત્રતા પેદા થતી નથી. પરંતુ સમ્યક જ્ઞાનપૂર્વકનું આચરણ જ્યાં હોય છે તેને જ ઉપકારીઓ સુપાત્ર કહે છે.

સામયિક સ્ફુરણ

તકવાદી સાધુઓ તથા લાલચુ ભકતોથી દેવ દેવીઓને બચાવો

આજના વહેરવામાં ડોકટરો પાસે ભારે કેશ આવે તો ઉપલા ડોકટરોને મોકલી આપે છે, વકીલો પાસે મોટા કેશ આવે તો ઉપરની હાઇકોર્ટ સુપ્રીમ કોર્ટમા વકીલોને મોકલી આપે છે. બજારમાં અને વહેવારમાં પણ શકિત બહારના ઓર્ડરો આવે તો ઉપરના વેપારીને ભળાવે છે.

દેવ જાતિમાં પણ નીચલા દેવો ઉપલા દેવોની મર્યાદા લોપતા નથી. શૂલપાણિ યક્ષે ભગવાન મહાવીરને પીડયા તો સિદ્ધાર્થે કહ્યું કે આ મહાત્મા ઇન્દ્રને પૂજ્ય છે ઇન્દ્રને ખબર પડશે તો તારૂ સ્થાન પણ નહીં રહેવા દે. તેથી શૂલપાણીયક્ષ શાંત બની પ્રભુ મહાવીર પાસે નૃત્ય આદિ ભકિત કરવા લાગ્યો.

આજે શ્રી જૈન સંઘમાં ઠેર ઠેર મંદિરોમાં દેવ દેવીઓ બેસાડવાનો અભરખો હાલ્યો છે, હરિફાઇ ચાલી છે. સો વર્ષમાં હજારો ઘંટાકર્ણ બેસી ગયા. તેને ન માનનારા સમકીતની વાત કરનારાઓએ સેંકડો માણિભદ્ર બેસાડી દીધા. તો પછી રાજસ્થાનીએ એટલે ભેરવજી વગર કેમ ચાલે ? તે પણ હજારોની સંખ્યામાં બેસી ગયા, ત્રણ થોય-ના વાળાને તો આચાર્ય શ્રી રાજેન્દ્રસૂ. મ. હોય તો જ ધર્મ દેખાય એટલે તેઓ પણ સેંકડો ગુરુમૂર્તિ કે ફોટાઓ મુકવા લાગ્યા, બાકી રહ્યા ચક્રેશ્વરી પદ્માવતી અંબિકા, સરસ્વતી લક્ષ્મી વિગેરે પણ જેમ જેમ જગ્યા દેખાય તેમ તેમ તે પણ સેંકડો સેંકડોની સંખ્યામાં સ્થાપિત થઇ ગયા. જિનમૂર્તિની જરૂર નથી એમ બોલનારા પણ દેવ દેવીઓને બેસાડવા લાગ્યા. ઘણા મંદિરે ન આવનારા પણ દેવ દેવી પાસે આવવા લાગ્યા, કેટલાક તો એમ પણ કહેવા લાગ્યા કે અમારે ત્યાં અમુક મંદિરને નહિ માનનારા પણ દેવ દેવી પાસે આવે છે માટે અમે પણ બેસાડયા છે.

હવે તેથી આગળ વધીને સંઘો, પેઢીઓ, સાધુઓ શ્રાવકોમાં એમ પણ કહેવા લાગ્યા કે ભગવાન કરતાં અમુક દેવ દેવીના ભંડારમાં ઘણા પૈસા નીકળે છે, આવા દેવ દેવીના અડ્ડાઓવાળા તો અમારે મહિને અમુક હજાર, અમુક લાખની દેવ દેવીના ભંડારની આવક છે એમ વખાણ કરવા લાગ્યા.

અનાજનો જૈન વેપારી બટાટાની સારી કમાણી થાય તો તે રાખવા મંડે તેમ ઘણા

સાધુઓ સંઘો હવે આ લાલચમાં પડીને દેવ દેવીઓને ગોઠવવામાં માનતા થઇ ગયા. થોડા વખત પહેલાં મુંબઇ વિસ્તારમાં કોઇ આચાર્ય આદિ બોલ્યા કે કલિકાળમાં પણ દેવી દેવીનો કેટલો મહિમા છે ? ભગવાનના ભંડારમાં અમુક જ રકમ નીકળી જ્યારે દેવ દેવીના ભંડારમાં ખૂબ મોટી રકમ નીકળી એટલું જ નહિ પ્રત્યક્ષ દેખાય છે કે પ્રભુજીની પુજા કે આરતીની બોલી ત્યાં મામુલી થાય છે અને દેવ દેવીની પૂજા કે આરતીની બોલી મોટી મોટી થાય છે.

આમ જૈન શાસન એ વીતરાગનું શાસન મટી અને દેવ દેવીઓનું શાસન, તકવાદી સાધુઓ અને લાલચુ સંઘો કે ભકતો દ્વારા બની રહ્યું છે.

આ વાત તો માત્ર આજના માનવીઓની કરી પરંતુ મેં શરૂઆતમાં કહ્યું તેમ દેવ દેવીઓ પણ મર્યાદાને માને છે અને તેથી આજના ગમે તે દેવ દેવી પધરાવાતા હોય તેમના સિદ્ધાંત યોગ્યતાની વાત કરીએ તો તેઓને તેમના કહેવાતા ભકતો ભગવાન કરતાં મોટું માન આપે; ભગવાનની તોલે તુલના કરે, ભગવાન કરતાં પણ વધુ મહિમાવંત કહે તો તે આ દેવ દેવીઓને ગમે ખરૂં ? જરા વિચારજો આ દેવ દેવીઓને ભકતોની સુખડી કે પૂજાની લાલસા નથી ગમે તે નિકાયના દેવ દેવી હોય, સમકીતી હોય કે મિથ્યાદૃષ્ટિ હોય પણ તે બધા જ મોટા મોટા ઋદ્ધિના માલિક છે. અને લબ્ધિ વિદ્યાનાં સંપન્ન છે. તો ભકતોની આવી સ્વાર્થી માયા ભરી ભક્તિમાં તે મુંઝાય જાય ખરા ? ભકતો તેમને સ્વાર્થે પૂજે છે ઘણા પૈસાના ગલ્લામાં લક્ષ્મીને ધૂપ કરે છે તેથી લક્ષ્મી શું તે ધૂપથી મુંઝાય જાય ?

વિવેકીજનો વિચારજો આજે દેવ દેવીઓ પણ તકવાદી સાધુઓ અને લાલચુ ભકતોની ભરમાળથી મુંઝાઇ રહ્યા હોય છે. તેઓ સમજે છે કે આ તકવાદી સાધુઓને પોતાની વાહ વાહ મોટાઇ અને મહત્વની પડી છે, આ લાલચુ ભકતોની પોતાની લાલસા, કામના, વાસના, સ્વાર્થની પડી છે. ખાટકીને ગાય ગમે છે પણ તેમાં ગાયનો જીવ ગમતો નથી પણ ગાયનું માંસ ગમે છે. તેમ આ દેવ દેવીઓ પણ ખાટકી જેવા સ્વાર્થી વિચારવાળા તકવાદી સાધુઓ અને લાલચુ ભકતોને ઓળખે છે.

હવે પ્રશ્ન એ થશે કે તો શું કરવું ? જે સાચા અર્થમાં વીતરાગને માનતા હોય તેમણે આ તકવાદી સાધુઓ અને લાલચુ ભકતોથી તે દેવ દેવીઓને છોડાવવા જોઇએ. અને તે માટે કોઇ પણ મંદિરમાં મૂલનાયકના શાસન દેવ અને શાસન દેવી સિવાયના જેટલા દેવ દેવીઓ છે તે બધા ઉત્થાપન કરીને શ્રાવક અગાધ જળમાં પધરાવી શકે. દેવ દેવીઓના ફોટા વિ. પણ લઇને તે રીતે પધરાવી શકે અને જૈન શાસન ઉપરનો જુલ્મ શકય હોય તે રીતે દૂર કરે ઓછો કરે. તે માટે તે તે દેવને પ્રાર્થના કરે કે—

હે દેવ, તમે તમારી મર્યાદાને માનનારા છો આ તકવાદી સાધુઓએ અને લાલચુ ભક્તોએ તમારી ભગવાન કરતાં પણ મોટાઈ કરી તમારી બે આબરૂ કરી છે. તમે જાણો જ છો કે બાટકીને ગાયનો જીવ નહિ પણ ગાયનું માંસ વહાલું છે તેમ આ તકવાદી સાધુઓ અને લાલચુ ભક્તોને તમો નહિ પણ તેમના વાહવાહ આડંબરો સ્વાર્થ વહાલા છે અને તે તમોને બ્લેક મેઈલીંગ કરીને તે સાધવા પ્રયત્ન કરે છે તેથી આપની મલિનતા અને જૈન શાસનની મલિનતા દૂર કરવા અને આ લેભાગુઓના પંજામાંથી આપને છોડાવવા આપને ઉત્થાપન કરી અગાધ જળમાં પધરાવીએ છીએ. આપ આ લેભાગુઓ ઉપર અને અમારા ઉપર અને જૈન શાસન ઉપર અમી દૃષ્ટિ વરસાવજો જેથી અમો સૌ મલિન મટી નિર્મળા બનીએ અને જૈન શાસન વિશ્વશાસન પણ નિર્મળા બને એજ વિનંતિ.

આવી વિનંતિ કરીને દેવી દેવી, તેમના ફોટાઓ વિ. વિસર્જન થવા મંડે. સંઘમાં એક પણ તેવા મૂલનાયકના શાસન દેવ દેવી સિવાયના દેવ દેવી ન બેસે તેની સાચું સમજનારા કાળજી રાખે તો કાળે જૈન શાસન જયવંતુ બને.

આમાં કોનું ગજું છે ? એમ નથી. ગાય વાળે તે ગોવાળ અગ્નિનો કણિયો પણ ઘાસની ગંજી બાળી શકે છે. જુઓ, શત્રુંજય ઉપર વાઘ બેઠો હતો જે આવે તેને મારી નાંખે. ભાભાનું રહેણું સાંભળી તેનો દીઅર લાલોઓ ધોકો લઈને ઉપડયો. 'ભાભી જાત્રા કરાવું પછી જ હવે જમીશ.'

તેની પાછળ લોકો ઉપડયા. તેણે કહ્યું વાઘને જીતીને ઘંટ વગાડું પછી ઉપર આવજો. તેણે વાઘની સાથે ધોકાથી સામનો કર્યો વાઘ અને તે બંને લોહી તરબોડ બન્યા. વાઘ પડયો છોકરો ઢસડાઈને ઘંટ પાસે પહોંચ્યો. ઘંટ વગાડયો અને સંઘ ઉપર ગયો. વાઘ અને છોકરો બંને ઢળી પડયા હતા. સંઘે જાત્રા ચાલુ કરાવનાર છોકરાનો પાળીયો કર્યો. ખમીર તો શાસન હૈયામાં આવે તેનામાં આવી જાય. લડાઈ કરવી નથી કલેશ કરવો નથી પણ જૈન શાસનને બચાવવું છે.

તમે કહેશો પહેલા ઘણી જગ્યાએ આ રીતે કોઈ કોઈ બીજી મૂર્તિઓ પધરાવાઈ છે. ભાઈ તે પૂજ્ય મહાપુરૂષોની તોલે આ તકવાદી સાધુઓ અને લાલચુ ભક્તોને મુકશો નહિ. સસરાજી સારી સાડી કે ચીજ પુત્ર વધુને લાવીને આપે તે વાત્સલ્ય માટે નહિ કે વિકાર માટે. તેમ આ મહાપુરૂષોએ કયાંક કયાંક દેવ દેવીઓ પધરાવ્યા છે તે શાસનની મર્યાદા રક્ષા માટે. નહિ કે આ તકવાદી સાધુઓ અને લાલચુ ભક્તોની જેમ સ્વાર્થ સાધવા માટે. આજના આ તકવાદી સાધુઓ અને લાલચુ ભક્તોની દશા તો પુત્ર વધુને

સાડી, દાગીના ચીલે કે મીઠાઈ આપીને પોતાના તરફ ખેંચનારા, વિકાર પોષનારા અને વાસના ભૂખ્યા પ્રવચનકારો, જ્યેષ્ઠો કે તેવા લોકો જેવા છે.

સતી મદનરેખાને વશ કરવા તેના જ્યેષ્ઠ સુદર્શન રાજાએ આજ લેભાગુ વેડા કર્યા હતા પણ મદનરેખા વશ ન થતાં છેવટે તેણે મદનરેખાના પતિ યુગબાહુને તલવારને ઝાટકે મારવાનું કામ કર્યું હતું માટે આજના દેવ દેવીઓ પાછળ પડેલા કોઈ જ દેવ દેવીના ભક્ત દેખાતા નથી કેમકે તે સ્વાર્થ પટુઓ છે અને પોતાના માનેલા દેવ દેવીને ચમત્કારિક માનતા તેમની પાછળ લાખો ખર્ચવા તૈયાર છે, પોતાની પેઢી કે આવકમાં ભાગ રાખવા, કે ટકા કાઢવા પણ તૈયાર છે પણ પરમાત્માને તે ઠેંગો દેખાડી અવજ્ઞા કરનારા છે. અને પોતાના આડંબરો દ્વારા પરમાત્માને હીન, હલકા, લાચાર, દીન અને નિરાધાર બતાવનારા આ લોકો છે બાવાઓ ધુણી ધખાવીને બેસે તેમ બેસનારાઓ છે.

વાસના માટે ભટકનારા ગમે ત્યાં તે પુરી કરે તે વાત જુદી છે પણ પુત્ર વધુ કે બંધુપત્ની પાસે વાસના પુરી કરે તે કેવા કહેવાય ! તેમ આ લોકો પરમાત્માના મંદિરમાં ઘુસીને પરમાત્માની આશાતના કરીને પોતાના સ્વાર્થી લાલસાઓ અને વાસનાઓ પૂરી કરવાના પ્રયોગો કરે છે સુખડી ધરે છે પૂજન કરે છે હવન કરે છે આ બધા જ કુલક્ષણો દ્વારા પરમાત્માની હીનતા કરે છે.

બાકી તો કલિકાલ છે. શ્રદ્ધા કરતા, સ્વાર્થનું બળ વધુ છે. અને તેથી જૈન શાસન ઉપરનું આ માલિન્ય દૂર થઇ જ જાય તેવું માનવાનું કારણ નથી પણ સમજુ સમજે, વધવા ન દે, અટકાવી દે, ઓછું કરે સર્વથા દૂર કરે. જે શક્ય હોય તે અગ્નિની જવાળાઓ એક સરખી હોતી નથી તરતમયોગે હોય છે તેમ જૈન શાસન જયવંતુ છે અને જેને હૈયે વસે તે નાની પણ એકાદ ચીનગારી સળગાવશે તો પણ જૈન શાસનની મહાન સેવા થશે. સુજ્ઞેષુ કિં બહુના ? આ તો એક માર્ગદર્શન છે જેને મોક્ષમાર્ગની પ્રતીતિ થાય તે અપનાવે. તેને માટે શિવસ્તે પન્થાનઃ

૨૦૪૯ જેઠ વદ–૫
દેવલ (ડુંગરપુર)

— જિનેન્દ્રસૂરિ

આરંભ મહારંભ અને નાનું ગણિત સમજો...

રગશિયું બળદગાડું, સુપરસોનિક કૉન્કૉર્ડ અને આઈને અકબરી

—શ્રી અતુલ શાહ

બળદગાડાથી શરૂ થઈ કૉન્કૉર્ડ વિમાનની સુપરજેટ ઝડપે પહોંચેલી આપણી પ્રગતિ વાસ્તવમાં કેટલી વામણી છે તેની વાત મુંબઈના હીનબજારના એક નવધનિકે મને બહુ માર્મિક શબ્દોમાં કહેલી. તેના જ શબ્દોમાં કહું તો 'ગુજરાતના ગામડામાં વસતા મારાં દાદીમાં બળદગાડામાં મૂસાફરી મજેથી કરતાં પણ મોટરમાં બેસતાંય તેમને ડર લાગતો. મારા પિતાજી મોટરની મૂસાફરીથી ટેવાઈ ગયેલા પણ વિમાનમાં બેસવાની વાત આવે તો તરત જ ના પાડી દેતા. હું ધંધાના કામકાજ માટે સહજતાથી દેશવિદેશમાં વિમાનમાં બેસીને ઊડું છું, પણ અવાજ કરતાંય વધુ ઝડપે ઊડતાં સુપર સોનિક કૉન્કૉર્ડ વિમાનમાં બેસવાની વાત આવે છે ત્યારે મારા હૃદયના ધબકારા વધી જાય છે, જ્યારે મુંબઈમાં ઊછરેલી મારી દીકરી કૉન્કૉર્ડની મુસાફરી મસ્તીથી કરે છે પણ એને હું મારા ગામડે લઈ જાઉં તો બળદગાડામાં બેસતાં એને ડર લાગે છે.'

ઘાંચીનો બળદ આખો દિવસ ચાલે અને છતાંય અંતે બિચારો ઠેરનો ઠેર હોય એનું નામ ગતિ. કોઈક ચોક્કસ ધ્યેય સાથે સાચી દિશામાં સાત ડગલાં પણ માંડવાં એનું નામ પ્રગતિ. આપણે સ્પોર્ટ્સમૅનને સ્પિરિટપૂર્વક એટલું કબૂલ કરી લેવું જોઈએ કે પ્રગતિના આ જમાનામાં આપણે પ્રગતિ તો નથી કરી પણ ઘાંચીના બળદની જેમ ઠેરના ઠેર પણ નથી રહ્યા. અવળી દિશામાં આંધળુકિયાં કરીને એટલા આગળ દોડી ગયા છીએ કે આજે સંકલ્પ કરીએ તો પણ મૂળ સ્થાને પાછા આવતાય કદાચ યુગો વીતી જશે.

તમારું બાળપણ જો ગામડામાં વીત્યું હશે તો તમે એવો અનુભવ અચૂક કર્યો હશે કે તમારા સગાસંબંધીના કોઈક ભણેલા-ગણેલા દેવદૂતે અમેરિકા નામના સ્વપ્ન-લોકની સફર કરીને આવ્યા પછી કોઈક અલૌકિક અચરજ દીઠાની અદાથી તમને કહ્યું હશે કે 'અમેરિકામાં તો કામવાળી ઘરે કામ કરવા આવે તો પણ ગાડીમાં બેસીને આવે' અને તમે અચંબા અને અહોભાવની લાગણી સાથે યુ બેસ રિટર્નડ દેવદૂત સામે તાકી રહ્યાં હશો. આજે પણ લોકો અમેરિકાને 'કન્ટ્રી ઑન વ્હીલ્સ' (મોટરગાડીના પૈડા ઉપર દોડતો દેશ) તરીકે ઓળખે છે. પરંતુ મોટરગાડીમાં પૈડા ઉપર દોડતો આ દેશ તેના પૈડા નીચે પૃથ્વીના પર્યાવરણ અને જીવસૃષ્ટિનો કેવો કચ્ચર-ઘાણ બોલાવી દે છે તેનું થોડુંક પોસ્ટ-મોર્ટમ કરવા જેવું છે.

અમેરિકામાં કુલ ચૌદ કરોડ કાર છે (કામવાળી પણ કારમાં આવે તેવી 'આદર્શ' સંસ્કૃતિ' ના નિર્માણ માટે આનાથી ઓછી કાર તો પાલવે પણ નહિ એ સમજી શકાય તેવું છે.) આમાંની દરેક કાર વર્ષે સરેરાશ દસ હજાર માઇલ ચાલે છે એટલે કુલ મળીને વર્ષે એક હજાર ચારસો અબજ માઇલની મુસાફરી થાય. નાનું બચ્ચું પણ જાણે છે કે આ કારો બળદ ઘોડાની જેમ ઘાસ ખાઇને કે પાણી પીને ચાલતી નથી. અબજો વર્ષે પૃથ્વીના પેટાળમાં પેદા થતા ૬૦ અબજ ગેલન પેટ્રોલનો અમેરિકન કારો દર વર્ષે ધુમાડો કરે છે, આજે વાવીને તો બે મહિનામાં ઊગીને તૈયાર થઇ જાય તેવું ઘાસ ખાઇને ચાલતાં બળદગાડાં, ઊંટ-ઘોડાગાડીઓ 'રિન્યુએબલ' એન્જીનના ગુમમાં આદર્શ વાહનો કહેવાય કે અબજો વર્ષ પછી તૈયાર થયેલ પેટ્રોલ ડીઝલનો ધુમાડો કરતાં ટ્રક ટ્રેક્ટર કે કાર જેવાં વાહનો તે નક્કી કરવું બહુ અઘરું નથી. ભારતમાં પરિસ્થિતિ વળી બધારે ખરાબ છે. અહીં તો પરદેશી સત્તાઓને ઘૂંટણિયે પડીને ક્રૂડ ઓઇલ આયાત કરવું પડે છે. ચાર્વાકે દેવું કરીને પણ ઘી પીવાની વાત કરેલી. આધુનિક ભારતના ઘડેલૈયા સત્તા-ધારીઓને. શ્રીમંતો અને શિક્ષિતોની રાસ્યુ ટિન ત્રિપુટી વિશ્વબેન્ક અને આઇએમએફનું દેવું કરીને પોતે પેપ્સી અને પોતાની ગાડી-ઓને પેટ્રોલ પીવડાવે છે. આ ક્રૂડ ઓઇલ મફત તો આવતુ નથી. આરબ દેશોમાંથી દર વર્ષે હજારો કરોડ રૂપિયાના પેટ્રોલિયમ પ્રોડકટસ આયાત કરવા માટે દેવનાર જેવા કતલખાનામાં વિશ્વવિખ્યાત ઢાંકરેજી ઓલાદના બળદો અને મહેસાનવી ભેંસોને રહેંસી નાંખવામાં આવે છે. આરબ દેશોને ઘેટાં-બકરાંથી માંડીને ગાયનું માંસ જોઇએ છે અને આપણા રાજકારણીઓને પેટ્રોલ. આમ, 'આવ ભાઇ હરખા ને આપણે બેઉ સરખા' નો ત્રાગડો જામે છે અને માંસ સામે પેટ્રોલનો કડદો કરવામાં આવે છે. છેલ્લા તાજા સમાચાર અનુસાર ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમે ૧૯૯૨-૯૩ ના વર્ષમાં જ દુબઇ, મસ્કત, ઓમાન જેવા મધ્યપૂર્વના દેશોમાં પંદર હજાર ઘેટાંની નિકાસ કરવાનું વિચાર્યું છે (ઘેટાં 'વિકાસ' નિગમ ઘેટાંને આરબોના 'ટેસ્ટ બડસ' માટે માંસની વાનગીના સ્વરૂપમાં પરિવર્તિત કરવા દ્વારા ઘેટાંનો વિકાસ કરવા માગતું હોય એમ સમજાય છે. આ પણ 'વિકાસ' નો એક નવો પ્રકાર લાગે છે).

દેશના અર્થતંત્રની જીવાદોરી સમાં પશુઓની કતલ જેના દિલમાં વ્યથા ઉપ-જાવતી હોય તેણે સમજી રાખવું જોઇએ કે તેની મોટર પણ વાસ્તવમાં પેટ્રોલ કે ડીઝલથી નહિ પણ પશુઓના લોહીથી ચાલે છે. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, પ્લાસ્ટિક, પોલિસ્ટર,રંગ-રંસાયણો જેવી પેટ્રોલિયમની કોઇપણ આડપેદાશ વાપરનાર વ્યક્તિ આ કરલેઆમમાં સીધી કે આડકતરી રીતે ભાગીદાર બને જ છે.

સ્વચ્છતાના આગ્રહી અમેરીકનો રોજની

ચાર અબજ માઇલની મુસાફરી કરવા ૨૦ કરોડ ગેલન પેટ્રોલ વાપરી ચાર અબજ પાઉન્ડ જેટલો કાર્બન ડાયોકસાઇડ હવામાં ઠાલવી સમગ્ર પૃથ્વીના વાતાવરણને ગંદુ-ગોબરું બનાવી દે છે. હરામ હાડકાના આ જીવડાંઓ જો એટલું નક્કી કરે કે તેમના-માના માત્ર એક ટકો મોટરમાલિકો અઠ-વાડિયામાં માત્ર એક વાર પગને થોડુંક કષ્ટ આપીને ગાડીને ગેરેજમાંથી બહાર નહિ કાઢે તો પણ ચાર કરોડ વીસ લાખ ગેલન પેટ્રોલ બચે. અને ૮૪ કરોડ પાઉન્ડ જેટલો કાર્બન ડાયોકસાઇડ વાતાવરણમાં ઉમેરાતો અટકે. કાર એક ગેલન પેટ્રોલ વાપરે એટલે વીસ પાઉન્ડ કાબ્રા. વાતાવરણમાં ઉમેરાય છે. એક ગેલન પેટ્રોલમાં ૧૮ માઇલની એવરેજ આપતી કાર ૧૮૦૦ માઇલ ચાલશે ત્યાં સુધીમાં તેણે એક ટન જેટલો કોબ્રા. હવામાં ઠાલવ્યો હશે. અમેરિકાના વાતા-વરણમાં ફેંકાતા કુલ કાબ્રા. માં ૨૦ટકા ફાળો તો ઓટો અને હળવી ટ્રકોનો જ છે. આ મોટરકારો માત્ર કાબ્રા. છોડીને કૃતાર્થ-તાનો અનુભવ કરે તેવી સંતોષી નથી. હવામાં છોડતા નાઇટ્રોજન ઓકસાઇડ પણ તેમનો સિંહભાગ (૩૪ટકા) હોય છે. દર વર્ષે ૭૦ લાખ ટન નાઇટ્રોજન ઓકસાઇડ હવામાં છોડવા દ્વારા અમેરિકન કારો એસિ-ડવર્ષા વરસવવામાં અગત્યની ગુનેગાર બને છે. વાતાવરણમાં ઉમેરાતા હાઇડ્રોકાર્બન્સ પણ આ કારો જ છોડે છે. એ જાણવું જરૂરી છે કે આ હાઇડ્રોકાર્બન્સ વૃક્ષોનો અને મનુષ્યોનાં ફેફસાંનો પણ નાશ કરવા માટે ખૂબ ઉપયોગી છે. રાતે આઠ વાગ્યે લાઇટોની રોશનીમાં મરીનડ્રાઇવના નેકલેસ ઉપર લાઇનબંધ દોડયે જતી કારોનું દશ્ય કદાચ સોહામણું લાગતુ હશે પણ પાછળ ધુમાડો છોડીને સડસડાટ દોડી જતી એ કારો ચોપાટીની કુટપાથ ઉપર ચાલતાં નિર્દોષ રાહદારીઓનાં ફેફસાં પ્રદૂષિત ધૂમા-ડાથી ભરતી જાય છે. આમ, શ્રીમંત મોટરમાલિકોના પાડાને વાંકે પગે ચાલનારા પખાલીઓને પ્રદૂષણનો ડામ સહન કરવો પડે છે. કારમાં એર–કન્ડિશનર, પાવર સ્ટિયરિંગ, પાવર બ્રેકસ, ઓટોમેટિક વિન્ડોઝ જેવાં જેટલા એકસ્ટ્રા ફિટિંગ્સ નાખવામાં આવે તેટલું વધુ પેટ્રોલ બળી તેટલો વધુ ધુમાડો તે કાર ઓકતી હોય છે. 'સીસુ' કેટલી ખતરનાક ધાતુ છે તે કોણ પણ ભણેલો માણસ જાણે છે. અમેરિકન આકાશમાં દરવર્ષે ઠલવાતાં ૪,૫૦,૦૦૦ટન સીસામાં અર્ધાઅધ ફાળો મોટરકારોને છે અને વર્ષો વીતતાં તે માનવ મગજ, લિવર, કિડની જેવાં અંગોને ગંભીર હાનિ પહોં-ચાડે છે, એટલું જ નહિ પણ ઉભા પાકને નુકસાન પહોંચાડી પાકનું ઉત્પાદન પણ ઘટાડે છે. દરવર્ષે માત્ર હિંદુસ્તાનમાં મોટર અકસ્માતોમાં મરતા માણસોની સંખ્યા પચાસ હજારની છે. બીજા શબ્દોમાં કહીએ તો દર વર્ષે પચાસ હજાર માણસોનું ખૂન કરવાનું અપકૃત્ય સામૂહિક રીતે આચરનાર મોટરચાલકોને મોટર ચલાવવા બદલ ગુના-હિત લાગણીનો અનુભવ થવો જોઇએ પણ અહીં તો ગંગા ઉલટી વહે છે. કારમાલિક

પોતે કારની માલિકીને 'સ્ટેટ્સ સિમ્બોલ' માનીને ગૌરવ અનુભવતો હોય છે. અને મ્યુનિસિપલ સત્તાવાળાઓથી માંડીને રાજ્ય સરકારો સુધીના સૌ કોઇ મોટરમાલિકોને માનીતી રાણીના કુંવરની ટ્રીટમેન્ટ આપે છે.

જૈન સાધુઓને જોડે પગપાળા વિહાર દરમિયાન અનુભવ્યું છે કે ગામડાનાં લોકોને હાઇવે ઉપર એક ગામથી બીજે ગામ ચાલતા કે તેમના બળદ–ઊંટ ગાડામાં જવું હોય તો સરકારના રોડ પ્લાનિંગમાં તેમને માટે કોઇ જ સ્થાન નથી. જો તમે રોડ ઉપર ચાલો તો મારકણી લેંસની જેમ દોડાદોડ કરતી ટ્રકો અને મોટરો કયારે તમારા સો વર્ષ પૂરાં કરી નાખે તે કહેવાય નહિ તે અને રોડની બંને બાજુએ ચાલવા જાઓ તો રોડ બનાવતાં વધેલી તિક્ષ્ણ કાંકરી અને કપચી તમારા પગ વીંધી નાખ્યા વગર ન રહે. હજારો વર્ષોથી જે ધૂળિયાં મારગ ઉપર કે થોરની બખ્ખે માથોડે ઊંચી વાડો વચ્ચેના સાંકડા નેળિયામાં ઉનાળાની બપોરે પણ ઠંડકથી ચાલીને કે ગાડામાં પરગામ જવાનો ગામઢિઓનો અધિકાર આરફાલ્ટની સડકોના ટ્રેસપાસિંગે' ઝુંટવી લીધો છે અને તે વધુ ને વધુ ગામડાંઓને ડામરની પાકી સડકોથી જોડવાની આ શોષક પ્રક્રિયાથી પ્રગતિનું નામ આપવામાં આવ્યું છે.

કોઇ રખે એમ માની લે કે ઝડપી વાહનવ્યવહારના આ યુગમાં બળદગાડા કે ઘોડાગાડીના જમાનામાં પાછા જવાની વાત તદ્દન અવૈજ્ઞાનિક અને વાહિયત છે. ૬૦,૦૦૦ કરોડનાં કમ્મરતોડ ઇન્વેસ્ટમેન્ટ પછી પણ ભારતીય રેલવે માલસામાનનું પરિવહન નથી કરતી તેનાથી વધુ બોજો બળદગાડામાં જોતરતા બળદો પોતાના વૃષણ–સ્કન્ધો પર આજે પણ વહી જાય છે. યંત્રરાક્ષસના આગમને ભારતીય કળા અને વિજ્ઞાનના અનેક ઉત્તમ અંગોને રફેદફે કરી નાખ્યાં તે પહેલાં માલ અને મનુષ્યની હેરફેરનું કામ પશુઓ કેટલી કાર્યદક્ષતા–પૂર્વક કરતાં તેની તાજજુબી પમાડે તેવી છે.

'આઇને અકબરી' ના ઉલ્લેખ મુજબ અકબરના લશ્કરના બળદો રોજ સાથે ૨૪ કલાકમાં ૧૨૦ માઇલનું અંતર કાપી નાખતા. ઝવેરચંદ મેઘાણીની 'સોરઠી બહારવટીયા' અને 'સૌરાષ્ટની રસધાર' ની શૌર્ય અને શહાદતથી ધગધગતી વાર્તાઓ જેણે વાંચી હશે તેને 'ઘડિયા જોજન' ઘોડીઓની વાર્તાઓ અચૂક ખબર હશે. દશાંશ અને મેટ્રિક પદ્ધતિના જમાનામાં કલાક અને કિલોમીટરની પરિભાષામાંજ વાત કરાતી મુંબઇની નવી પેઢીને ઘડી અને જોજન એટલે શું એ પણ ખબર નહિ હોય. ઘડી (સંસ્કૃત 'ઘટિકા') એટલે કે ૨૪ મિનિટમાં એક જોજન (બરાબર ચાર ગાઉ બરાબર બરાબર તેર કિલોમીટર) નું અંતર કાપતી ઘોડીઓ કાઠી દરબારોના ઘરે ઘરે રહેતી. પેટ્રોલ કે ડીઝલ વગર ખાલી રજકો ચણા અને ઘાસ ખાઇને કલાકે બત્રીસ કિલોમીટરની એવરેજ આપતી ઘોડી શું એકવીસમી સદીનું વાહન બનવા લાયક નથી ? ગોંડલ ભુવનેશ્વરી પીઠવાળા ચરણ

દાસજીના શિષ્ય ઘનશ્યામદાસજી જર્સી અને હોલ્સ્ટીન ફ્રિઝિયનને ભુલાવી દે તેવી ગીર ઓલાદની ગાયો ઉપરાંત દેશી ઓલાદની આવા જાતવાન અશ્વો આજે પણ તૈયાર કરી રહ્યા છે.

આજે લોકો પોતાની ગાડીઓને ગોબો પણ ન પડે તે માટે જેટલી સાચવે છે તેના કરતાંય અદકી કાળજીથી આ જાનવરોને સાચવવામાં આવતા. માણસોને માટે પણ બીનું ટીપું દુર્લભ બનાવી દેનાર જમાનામાં ઊછરેલ લોકોને એ વાતની કલ્પનાય ક્યાંથી આવે કે એક જમાનામાં આ દેશમાં બળદોને પણ ચોખ્ખા ઘીની નાળો પાવામાં આવતી. કુટુંબના એક માણસની જેમ સચવાયેલા આ બળદો એવા જોરાવર બનતા કે 'કલ્પસૂત્ર' માં આવતા ભગવાન મહાવીરના ચરિત્રના એક પ્રસંગ અનુસાર આવો એક જ બળિયો બળદ નદીના કળણમાં ખૂંપી ગયેલા ૫૦૦ ગાડાઓને એકલે હાથે (રાધર, એકલ ખભે) બહાર ખેંચી કાઢતો.

'લોકસંસ્કૃતિમાં પશુઓ'ના નામ નીચે હાથી, બળદ, ઊંટ, ગધેડાં જેવાં પ્રાણીઓ અંગેનાં પરંપરાગત જ્ઞાનવારસાને સંઘરતી જોરાવર સિંહ જાડવની નાની–નાની પુસ્તિકાઓમાં– ઝડપથી અને લાંબુ ચાલે છતાંય થાક ઓછો લાગે તે માટે–જૂના જમાનામાં સાંઢણીઓને આપવામાં આવતા ખાસ પ્રકારના ખોરાક જેવા ઝીણા ઝીણા પરંપરાગત નુસખાઓ પણ સંઘરવામાં આવ્યા છે. અબોલ રબારી અને ભરવાડોને બાપીકા વારસામાં જ મળતું આ પશુવિજ્ઞાન જ્યારથી વેટરનરી કોલેજના ઢોર ડોક્ટરોના પનારે પડયું ત્યારથી વીસરવા લાગ્યું છે. પણ જ્યારે આ જ્ઞાન ગામડે ગામડે અને ઘરેઘર જીવતું હતું તે જમાનામાં માંડવગઢના મહામાત્ય સુકૃતસાગર પેથડ શાહે ગિરનાર પર્વત પરથી સાંઢણીઓ પોતાની રાજધાની માંડવગઢ (જિ.ધાર, મધ્યપ્રદેશ) સુધી મોકલી છપ્પન ઘડી જેટલું સોનું માત્ર અઢી દિવસમાં ગિરનાર–પર્વત ઉપર મગાવ્યાની કથા જૈન ધર્મગ્રંથોના પાના ઉપર નોંધાયેલી છે.

પાલિતાણાના જગપ્રસિદ્ધ તીર્થધામમાં આવેલા શત્રુંજયના ડુંગર ઉપર 'પુણ્ય પાપની બારી'ના નામે ઓળખાતું–ઊંઢડી (સાંઢણી) ઉપર બેઠેલા શેઠ અને રબારીનું શિલ્પ પ્રત્યેક જૈને જોયું હશે. નાનાં બાળકો તો તે સાંઢણીના પગ વચ્ચેથી નીકળી પોતે પુણ્યશાળી છે કે પાપી તેની ચકાસણી કરવાની કોશિશ પણ કરતાં હોય છે. પણ યાત્રિકોમાંના કોઇકને જ ખ્યાલ હશે કે ખરેખર આ શિલ્પ શાનું છે? લગભગ આઠસો વર્ષ પહેલાના અણહિલપુર પાટણમાં ઘીવટામાં આવેલ મણિયાતી પાડામાં વસતા શેઠ કામાશાના બ્રહ્મચારી પુત્ર પ્રતાપદાસ કાર્તિક અને ચૈત્ર મહિનાની સુદ ચૌદશ સાંજનું પ્રતિક્રમણ દુષ્કૃત ગર્હાની સાયંકાલીન ક્રિયા) કરીને પાટણ પાસેના જ ખારી વાવડી ગામના રબારીને અને તેની ઊંટડીને લઇને પાલિતાણાની જાત્રા કરવા નીકળી પડતા તે બીજે દિવસે બાર પહેલાં તો ડુંગર ઉપર આદેશ્વરદાદાના દરબારમાં હાજર થઇ જતાં એકવાર આવી જ એક યાત્રા દરમિયાન શેઠ, રબારી અને

સાંઠણી ત્રણેનું મૃત્યું પાલિતાણામાં જ થતા ત્યાંના જૈન સંઘે તેમની સ્મૃતિમાં આ શિલ્પ રચીને તેમની સ્મૃતિને ચિરંજીવ બનાવી. શેઠ પ્રતાપદાસના વંશજો આજે પણ મહિયાતી પાડામાં છે અને સાંઠણી ઉપર બેઠેલા શેઠ અને રબારિનું એક ૨૫૦-૩૯૦ વર્ષ જુનું ભીંતચીત્ર આજે પણ ત્યાં છે એટલે કોઇ આને ટાઢા પહોરની ગપ ન સમજી લે. માત્ર એક રાત્રીમાં બે મુસાફરને લઈને પાટણથી છેક પાલિતાણા સુધીનો પંથ કાપનારી એ સાંઠણી કેવી હશે તેની કલ્પના કરશો તો તમે તમારી 'આકૃતિ' ને ભૂલી જશો.

કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી જગન્નાથપૂરી સુધી જાતભાતનું કરિયાણું પહોંચાડવા પચાસ-પચાસ હજાર બળદોની પોઠોના વિરાટ કાફલાને લઈને આખા હિન્દુસ્તાનને ખૂંદી વળતા લાખા વણજારાઓના પોઠિયાઓ કદાચ ઘી પી જતા હોય તો પણ એ ઘી પર્યાવરણીય લાભ-હાનિનું લેખું-જોખું કરવામાં આવે તો પેટ્રોલ કરતાં ઘણું સસ્તું પડે એ વાતમાં કોઇ મીનમેખ નથી. હજી હમણાં સાઠ વર્ષ પહેલાં દસથી પંદર હજાર જૈનોને અમદાવાદથી પાલિતાણાની પગપાળા જાત્રા કરાવનાર માકુભાઇ શેઠ યાંત્રિકોના માલસામાનની હેરફેર માટે નવસો બળદગાડાં સાથે રાખી શકતા હોય તો હિન્દુસ્તાનના એ સુવર્ણયુગમાં હજારો પોઠીયાઓને સાથે રાખી વણજારા ઘૂમતા હોય એ વાત ન માનવાને કોઇ કારણ નથી.

પરંતુ પેટ્રોલ ડીઝલની ગંદકી સંસ્કૃતિને દેશવટો આપવા માટે આપણે સૌથી પહેલાં તો ઘોડાગાડીના ઘોડાને કષ્ટ ન પડે તે માટે રિક્ષાનો ઉપયોગ કરતાં અબુધજનોને એ સમજાવવું પડશે કે ઘોડાગાડીમાં બેસવાથી ઘોડાને થોડુંક કષ્ટ પડશે પણ રિક્ષામાં બેસવાથી તો રિક્ષામાં વપરાતું ડીઝલ આયાત કરવા દેવનારમાં જીવતા ઢોરને ચીરી નાખી તેનું માંસ આરબ દેશોમાં મોકલવામાં આવે છે. સાથે સાથે મહાનગરોનાં જ્યાં ને ત્યાં જે તે રસ્તા ઉપર બળદગાડાં અને ઘોડાગાડીઓને પ્રવેશ ઉપર બંધનાં પાટિયાં લગાવી દઈ મોટરવાહનોને સરેઆમ દોડવાની છૂટ આપતા રાજકારણીઓની સાન ઠેકાણે લાવવી પડશે, નવરાત્રિના નજીક આવી રહેલા દિવસોમાં ડિસ્કોદાંડિયા ટીચવા વાલકેશ્વરથી જુહુ-સ્કીમ સુધી મારુતિ કે મર્સિડીઝ દોડાવવા થનગની રહેલા તમારા લાડકવાયા કે લાડકવાયીને કાનખુટ્ટી પકડીને બેસાડી દેવા પડશે, પાંચસો ડગલાં જવું હોય તો પણ સ્કૂટરની કિક મારવા લલચાતા પગને થોડીક ચરણયાત્રા કરતા કેવડાવવા પડશે, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં પેટ્રોલ કે ડીઝલને બદલે પગ અથવા પશુનો ઉપયોગ કરવાનું 'પણ' લેવું પડશે.

'સોહામણી આજની પાછળ ડોકિયાં કરતી 'બિહામણી' આવતી કાલનું દર્શન જેને થઈ શકતું હોય તેવા બુધ્ધિમાન માણસ માટે એમાનું કશું જ અશક્ય નથી.

(ક્રમશઃ)

બાપ તેવા બેટા કયારે ?

—શ્રી વિરાગ

"બાર તેવા બેટા અને વડ એવા ટેટા" આ કહેવત જયારે જયારે બોલવામાં આવે છે ત્યારે ત્યારે મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે વડ એવા ટેટા તો હંમેશાં મળવાના પરંતુ આજના આ ભૌતિક યુગમાં બાપ જેવા બેટા મળવા બહુ જ મુશ્કેલ છે. બાપ જે કહી રહ્યા છે, જે કરી રહ્યા છે અને જે માર્ગે ચાલી રહ્યા તે માર્ગે ચાલવાની આજના બેટાઓની તૈયારી નથી તે માર્ગ ખૂબ જ કઠણ લાગે છે. વળી તે માર્ગ પણ ગમતો નથી. સાચો માર્ગ મુકીને ખોટા પંથે ચાલવામાં જ આજના બેટાઓને મઝા આવે છે.

વળી, બદલાતા વૈજ્ઞાનિક યુગમાં શામાટે અમારે ગતાનુંગતિકની પ્રમાણે ચાલવું ? અમે તો કાંઇક નવું જ રચનાત્મિક કાર્ય કરવા માટે ઉત્સાહી છીએ. ધર્મ તો તમને સોંપ્યો તમતમારે દાનાદિક ધર્મ કર્યા કરો. અમે તો નવું નવું કરવાના અને ખાઇ, પીને મળેલ લક્ષ્મીથી મોજ મઝા કરવાના આવું જ બોલનારા એક સમૃદ્ધ કુટુમ્બમાં એકઆશ્ચર્ય જનક બનાવ બની ગયો.

આ સમૃદ્ધ કુટુંબનો વડલો કડેધડ હતો શેઠની આંગળીયે ચાર ચાર છોકરાઓ રમતા હતા. ધાર્મિક કુટુંબને વળી સમી સાંજે શું રામ હોય ? સમી સાંજે વાળુ કરીને સૌ ભૂલકાઓ બાપાની અગલબગલમાં ભરાઇ જતાં બાપાજી અમને વાર્તા કરો. બાપુ અમને સુંદર સંસ્કારો મળે તેવી વાતો કરો જ્ઞાની ગુરૂભગવંતો પાસેથી સાંભળેલી ધાર્મિક વાતો સંભળાવવા બાપાજી સૌને પોતાની આસપાસ બેસાડી દેતા દાન-શીલ-તપ અને ભાવ ધર્મની વાતો બાપાજી સૌને સંભળાવતા દલીલ પૂર્વકની વાતો સાંભળીને ભુલકાઓમાં પણ ધાર્મિક સંસ્કારો ઉર્યા હતા.

એક વખત બાપાજીએ એઠ નાના દિકરાને કહ્યું બેટા, લે આ પૈસા અને આ બજારમાંથી ફળ લઇ આવ. દિકરો પણ પહોંચીગયો બજારમાં.

બજારની નજીક આવતાં જ તેની સામે કેટલાંય ગરીબોએ હાથ લાંબો કર્યો. રસ્તા પર બેઠેલા અન્ય યાચકોએ આજીજી કરી. એય ! ભાઇ કાંઇક આપો કેટલાંક ગરીબોના છોકરાઓ ભૂખે ટળવળતા હતા તેઓને મોઢા પરની માંખીય ઉડાડવાના હોંશ ન હતા.

નાનો બાળક કાંઇક વિચાર કરે તે પહેલાં તો ફરીથી કરુણતા ભર્યો અવાજ કાને અથડાયો, એય ! ભાઇ ભૂખ લાગી છે, કાંઇક આપો.

આ લોકોની આવી પરિસ્થિતિ કેમ થઇ તેનો વિચાર કરતાં નાના બાળકનો અંતરાત્મા પોકારી ઉઠયો, ભાઇ, ગયા જન્મ માં આ લોકો પાસે ઘણી લક્ષ્મી હતી તે લક્ષ્મીનો તેઓએ સદુપયોગ કર્યો નથી.

લક્ષ્મીદેવીને તીજોરીમાં જ ગોંધી રાખી છે. નથી પોતે ખાધું કે નથી કોઇને ખાવા દીધું. ઘર આંગણે આવેલા યાચકો ને પણ તેઓએ દાન નથી આપ્યું. હૃદય નિષ્ઠુર બનાવીને તેઓને હાંકી કાઢયા ભોજન વેળાએ ભૂખ્યાં તરસ્યાં આવતાં યાચકોને જોઇને આ લોકોએ ઘરના બારણાં બંધ કરી દીધાં.

શું આ લોકોએ કોઇ દિવસ કોઇને અભયદાન પણ નહી આપ્યું ? વળી સુપાત્ર દાન પણ નહી આપ્યું કીર્તિદાન તો તેઓએ કર્યું જ નહી અને અનુકંપા દાનથી તો તેઓ વગળા રહ્યા હશે. ?

આના જ પ્રતાપે આ જન્મમાં આ લોકોને લક્ષ્મી મેળવવા માટે હાથ લાંબો કરવો પડે છે, સવારથી સાંજ સુધી માંગવા છતાં પણ એક ટંક પુરતું ખાવાનું પણ મળતું નથી.

જો ભાઇ તારે આવી સ્થિતિમાં ન મુકાવવું હોય અને તારામાં દાન–શીલ–તપ અને ભાવના ધાર્મિક સંસ્કારો ઉર્યા હોય તો આ લોકોને તું કાંઇક આપ !

વિચારોની ગડમથલમાં અને ભૂખે ટળવળતા ભૂલકાઓને જોઇને નાના બાળકનું હૃદય દ્રવી ઉઠયું. કરૂણાથી છલકાઇ ગયું. પાસે રહેલા પૈસાનું તે દાન કરવા લાગ્યો. જેટલા પૈસા હતા એટલા બધાજ ગરીબોને વહેંચી દીધા. અનુપાયો દાનનો પ્રવાહ છુટવાથી યાચકો રાજી રાજી થઇ ગયા. તે સૌએ પેટ ભરીને ખાધું. પાણી પીને ઓઠકારનો અનુભવ કરતાં યાચકોને જોઇને આ બાળક ઘણો જ ખુશ થયો. મનમાં ને મનમાં જ હરખાતો કુલાતો તે ઘર તરફ પાછો ફર્યો.

પુત્રને ખાલી હાથે પાછો ફરતો જોઇને બાપાજીએ પૂછયું, "કેમ બેટા ફળ લાવ્યો?" "બજારમાં શું તાજાં–મીઠા પાકેલાં ફળો નહોતાં ?"

નમ્રતાથી જવાબ આપતાં બોલી ઉઠયો, બાપજી ! " તાજા–મીઠાં પાકેલા ફળો તો બજારમાં હતાં, પરંતુ હું આપશ્રીને માટે અમરફળ લાવ્યો છું."

"અમરફળ ! તે વળી કઇ જાતનું ફળ છે. જરા દેખાડ તો ખરા અમરફળ કેવું છે ?" આતુરતાથી પિતાજીએ પૂછ્યું.

નિર્ભયતાથી જવાબ આપતાં બાળક બોલ્યો, હે બાપાજી જ્યારે હું ફળ લેવા બજારમાં ગયો ત્યારે બજારની બહાર કેટલાંક ભિખારીઓને મેં જોયા કોને ખબર તે બધા કેટલા દિવસથી ભુખ્યા હશે. ભૂખથી ટળવળતા તે ભિખારીઓના મોઢેથી માંખીય ઉડતી ન હતી પેટનો ખાડો પુરવા તેઓએ મારી પાસે યાચના કરી. કાંઇક આપો એના કરુણતા ભર્યા નાદે મારા હૃદયને વલોવી નાખ્યું મારો અંતરાત્મા પોકારી ઉઠયો. ભાઇ, "દાન કર દાન. નહીતો તારી પણ સ્થિતિ આવી જ થશે." તેથી તમે આપેલા તમામ પૈસા મેં આ ગરીબોને વહેંચી દીધા ખાવાનું લાવીને તેઓએ પોતાની ભૂખ ભાંગી ગરીબોની દીનતા ચાલી જવાથી મારી આંખો હર્ષના આંસુઓથી રડવા લાગી.

જુઓ બાપાજી "ફૂલોની મીઠાશ તો મોઢામાં રહે ત્યાં સુધી અને કદાચ બે ચાર દાડા સુવાસ-મીઠાશ રહે પરંતુ આ સંતોષની મીઠાશ ક્યાં સુધી રહેવાની ! મળેલી દુઆની મીઠાશ જીંદગીના છેડા સુધી રહેવાની કે નહી ? બસ ! બાપાજી. આનું નામ જ અમરફળ ! ને ભવિષ્યમાં પણ તેનું ફળ અમર ને !

દાનવીર બાબલાની વાતો સાંભળીને બાપાજી ખૂબ હરખાયા. ખરેખર દિકરા ધન્ય છે, બાપ જેવો તું પાક્યો.

બાળપણમાં જેવા સંસ્કારો પાડયા હોય તેવા પાકે. આજના નાના નાના બાળકોને સમ્યગ્ જ્ઞાનનું અમીપાન કરાવવું જોઇએ મોટા થઇ ને તેઓ બાપ કરતાં સવાયા અથવા બાપ જેવા તો બની શકે બાપ જે કહી રહ્યાં છે જે કરી રહ્યાં છે અને જે માર્ગે ચાલી રહ્યા છે તે માર્ગે ચાલવા માટે સૌએ પોતાના ભૂલકાઓને સમ્યગજ્ઞાનનું દાન આપીને સન્માર્ગે વાળવા જોઇએ.

સુખનું મૂળ અહિંસા છે.

બધાથી મોટી દયા – અહિંસા.
બધાથી મોટી માનવતા – અહિંસા.
બધાથી મોટી ભાવના – અહિંસા.
બધાથી મોટો સદ્ગુણ – અહિંસા.
બધાથી મોટું સુખ – અહિંસા.
બધાથી મોટી શાંતિ – અહિંસા.
બધાથી મોટો આચાર – અહિંસા.
બધાથી મોટો ધર્મ – અહિંસા.

વિવિધ વાંચનમાંથી

યોગીનું કુંટુબ

–પૂ.સા. હર્ષપૂર્ણાશ્રીજી. મ.

ધૈર્ય એ પિતા.
ક્ષમા એ માતા.
દીર્ઘજીવી શાન્તિ એ પત્ની.
સત્ય એ પુત્ર.
દયા એ ભગિની.
મનઃ સંયમ એ ભાઇ.
ભૂમિતલ એ પથારી.
દિશાઓ એ વસ્ત્ર.
જ્ઞાન એ ભોજન.
જે યોગીને આ બધા કુટુંબીઓ છે
એ યોગીને ભય શાનો હોય ?

પ્રતિપક્ષ

દોષ – ગુણ
ક્રોધ – ક્ષમા
માન – માર્દવ
માયા – આર્જવ
લોભ – સંતોષ
રાગ – વૈરાગ્ય
દ્વેષ – મૈત્રી
મોહ – વિવેક
કામ – અશૌચ ભાવના
વિષય – સંયમ
પ્રમાદ – અપ્રમાદ
અવિરતિ – વિરતિ
મનવચકાયનો
અશુભયોગ – ત્રણ ગુપ્તિ

કષાયાદિનો જય કરવા માટે પ્રતિપક્ષનું આસેવન કરવાથી જીવ શાશ્વતા સુખને પામે છે.

–સાધના આર. શાહ

[illegible]

- શ્રાવક અનેક ગુણ સંપન્ન હોય. માર્ગાનુસારીનાં ૩૫ ગુણ પદેશ સાંભળવાની લાયકાતના પાંત્રીશ ગુણો. તો હોય જ. (શ્રાવકપણાના પણ) એકવીશ ગુણ હોય અને સાધુપણાંના પણ સોળ ગુણની તેના પર છાયા પડતી હોય. કેમકે તે સાધુ થવા જ તરફડતો હોય.
- ધર્મનાં ફળ પરોક્ષ [illegible] માને તેનું નામ નાસ્તિક.
- જેને હૈયે ધર્મ વસ્યો હોય [illegible] તો ય સુખી. અને જેને હૈયે ધર્મ ન હોય તે અબજોપતિ પણ દુઃખી !
- ધર્મનું ફળ તો પ્રત્યક્ષ જ છે. કેમકે ધર્મ હૈયામાં આવ્યો એટલે આત્માને શાંતિ થઇ જાય. જ્યારે પૈસો મળ્યા પછી પણ ભોગવી શકે કે નહિ તેમાં શંકા ! કેમકે પૈસો તો પુણ્ય હોય તો જ ભોગવાય.
- રોજ સાંભળનાર જો વિચાર ન કરે તો સમજ આવે નહિ. સમજ આવે નહિ તો શ્રદ્ધા થાય નહિ. શ્રદ્ધા થાય નહિ તો સારાં કામ કરી શકે નહિ. અને આ જન્મ તો પૂરો થઇ જશે અને ઇચ્છા હોય કે ન હોય દુર્ગતિમાં જ જવું પડશે.
- ધર્મનું આરાધન હૈયાના અધર્મને-પાપ વાસનાઓને કાઢી ધર્મનું સ્થાપન કરવા કરવાનું છે. તો જ આત્મધર્મ પેદા થાય.
- તમે ધર્મ દુઃખથી બચવા અને સુખ મેળવવા કરો છો, માટે તમને ધર્મ ફળતો નથી. ધર્મ તો આત્મ સ્વરૂપ પેદા કરવા. કરવાનો છે. આત્મ સ્વરૂપ પેદા થયા પછી જે સુખ છે, તે સુખ પૈસામાં નથી.
- આ સંસાર આખો ઉપાધિમય છે. જેને ઉપાધિ ગમે તે આધિ અને વ્યાધિથી પીડાતો જ હોય. તે આધિ-વ્યાધિથી ગમે તેટલો ભાગે તો પણ બચી શકે નહિ. માનસિક ચિંતા તે આધિ છે અને તેમાંથી શારીરિક રોગ રૂપ વ્યાધિ પેદા થાય છે. માટે ઉપાધિ તે આધિ-વ્યાધિની જનેતા છે. આ-તે ન જોઇએ, આ-આ જોઇએ તે જ ઉપાધિ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૫	૪૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ચાર દુર્જય છે

अक्खाण सणी कम्मणा,
मोहणी तहय वयाण बंभवयं ।
गुत्तीण य मणगुत्तो,
चउरो दुक्खेहिं जिन्पन्ति ॥

ઇન્દ્રિયોમાં રસનેન્દ્રિય, કર્મોમાં મોહનીય કર્મ, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિઓમાં મન ગુપ્તિ આ ચાર ચીજો દુઃખે કરીને જીતી શકાય છે. આ ચાર જીતે તેણે સઘળું ય જીતી લીધું !

પ્રગટ થઇ ચૂકયું છે :—

શ્રી કલ્પસૂત્ર-બારસા સૂત્ર

(સચિત્ર)

આ સચિત્ર બારસા સૂત્ર

પ્રગટ થયું છે તેની વિશેષતાઓ એ છે કે :—

(૧) ૨૪ પોઇન્ટ ટાઇપમાં લાંબા સમાસ વાંચવાની સરળતા માટે છૂટા પાડેલા છે.

(૨) અક્ષરો પણ છૂટા અને તરત વાંચી શકાય તેવા છે.

(૩) કુલ પેજમાં ૪ કલરમાં મુદ્રિત ૪૧ ચિત્રો છે.

(૪) ૧૪ સ્વપ્નોનાં બે પેજમાં મોટા ચિત્રો છે.

(૫) ૨૪ તીર્થંકરોના ચિત્રો બે પેજમાં દરેક પ્રભુજીની આંગી, મુગટ, હાર વિ. જુદી જુદી ડીઝાઇનમાં છે

(૬) ભારે આર્ટ પેપરમાં છાપેલ છે. ૫૦૦ નકલો જ છે માટે શીઘ્ર વસાવી લેવા વિનંતિ છે.

મૂલ્ય રૂા. ૧૫૦-૦૦

બે કે વધુ નકલ લેનારને ૧૦% ટકા કમીશન અપાશે.

મુંબઇ અમદાવાદ પાલીતાણા જૈન બુક સેલરો પાસે માંગો અગર લખો :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o શ્રુતજ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ

જામનગર-(સૌરાષ્ટ્ર)

સુધારો :— જૈન શાસન તા. ૨૨-૬-૯૩ ના અંકમાં અષાઢ સુદ ૩ અને અંક નં. ૪૪ એમ સુધારીને વાચવું.

સૂચના :— તા. ૨૨-૬-૯૩ પછી પાંચ મંગળવાર હોવાથી તા: ૩૦-૬-૯૩ નો અંક બંધ રાખેલ તેમજ વિશેષાંકના કારણે તા. ૬-૭-૯૩ નો અંક પણ બંધ રાખેલ. હવે આ તા. ૧૩-૭-૯૩ નો અંક નં. ૪૫ પ્રગટ થાય છે તે પછી તા. ૨૦-૭-૯૩ના અંક ૪૬ અને પછી વિશેષાંક પ્રગટ થશે.

મહાદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસ્ત્રો અને સિદ્ધાન્ત ક્યા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ મવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વડોદરા)
ચાંદાચંદ પદમશી ગુઢકા
(થાણા ગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ અષાઢ વદ-૯ મંગળવાર તા. ૧૩-૭-૯૩ [અંક-૪૫

'सवि जीव करूं शासनरसी'

—પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

શાસન એટલે શું ?

સર્વજ્ઞ વીતરાગ ત્રિભુવન પૂજ્ય શ્રી તીર્થંકર પરમાત્મા સ્થાપિત વ્યવસ્થાતંત્ર-વિશ્વ-વ્યવસ્થા તંત્ર-મહા કલ્યાણકાર ત્રિલોક પૂજ્ય ધર્મપ્રધાન સાંસ્કૃતિક મહાસંસ્થા એટલે શાસન જૈન શાસન.

જેને મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજ જેવા જ્ઞાની પુરૂષોએ ત્રણ લોકના સ્વામી તરીકે વર્ણવ્યું છે.

બીજા પાત્ર જીવોને અને પરંપરાએ યથા સંભવ સર્વ જીવોને આવા મહાશાસનના રસિયા બનાવવાનું સદા સહજ આત્મસ્ફુરણ જેઓ ધરાવે છે, તે તીર્થંકર પ્રભુ પણ જે શાસનને નમે છે.

તે શાસન દ્વારા સાધના સાધતાં સાધતાં તેઓ તીર્થંકર પદ સુધીનું ઉચ્ચ પદ પામ્યા હોય છે. તેથી પોતાના દ્રષ્ટાંતથી બીજા જીવો પણ તે શાસનના દાસ બને-તેના રસિયા બને તે જાતનો દાખલો બેસાડવા પણ તીર્થંકર દેવો 'નમો તિત્થસ્સ' કહી જેને નમે છે.

ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક સર્વ ગણધર ભગવંતો અને સર્વ કેવળી ભગવંતો પણ જેને નમે છે.

બારે ય પર્ષદાઓ જેને નમે છે.

મહા સમવસરણ અને અષ્ટ મહા પ્રાતિહાર્યાદિક મહા વિભૂતિઓ પણ પ્રાણીઓને તેના તરફ આકર્ષી તેના રસિયા બનાવવા માટે સેવિકાઓ તરીકે ઉપસ્થિત થાય છે.

જે સર્વ મહાત્માઓ કરતાં શ્રેષ્ઠ છે, સર્વ શાસનેનું પ્રેરક છે, ચતુર્વિધ સંઘનેય પૂજ્ય છે, ત્રિલોક જગજજીવ રાશિનું પરમા હિતકર છે, પરમ સત્યરૂપ છે, પાંચ આચારમય ધર્મ કરતાં ય ઉચ્ચ સ્થાન ઉપર સ્થિર છે.

જેનું અસ્તિત્વ અહિંપદના–અરિહંતપદના-તીર્થંકર શબ્દના પ્રવૃત્તિ નિમિત્તરૂપે જગતમાં છે.

જેને લીધે અર્હન્તોનું પંચ પરમેષ્ઠિઓમાં પ્રથમ સ્થાન છે.

જે શ્રી ચતુર્વિધ સંઘ, પંચ આચાર, દ્વાદશાંગી આગમો, સાત ક્ષેત્રાદિક સુપાત્ર ક્ષેત્રોના ય આધાર રૂપ છે, પ્રાણરૂપ છે.

જે મહા પરોપકારનું પ્રેરક છે.

જે સર્વ શાસનોનું શાસક છે.

જે સમાજશાસનો, રાજ્યશાસનો, અર્થશાસનો અને ધર્મશાસ્ત્રોનું કેન્દ્રભૂત મુખ્ય સાધન છે.

જે જાહેર જીવનમાં-લોકોત્તર માર્ગાનુસારી વ્યવહારમાં તથા લૌકિક માર્ગાનુસારી વ્યવહારમાંય દૂરગામી પરંપરાએ ટકાવનાર છે, એ જાતના વ્યવહારોમાંય સ્થિરતામાં જે પ્રાણભૂત-મુખ્ય પ્રેરક બળરૂપ છે.

જે ધર્મમાં પ્રેરક એટલે કે પાપના અઢારે સ્થાનકોનું રોધક છે, પુન્યનું જે પોષક છે, સંવર નિર્જરામાં જે સહાયક છે, જે મોક્ષનું પરમ કારણ છે.

જે સર્વ પ્રકારના ન્યાય-નીતિ સદાચાર-વ્રત નિયમ-યોગ્ય સાધનાઓનું માર્ગદર્શક, પ્રેરક, શાસક, બોધક, પ્રતિબોધક મહાશાસન છે.

જે પાપને, ઉન્માર્ગને, અકલ્યાણને ટાળનાર છે, દૂર ધકેલનાર છે. અજાણતાં પણ જેના અંશનોય આશ્રય પાપોથી અને આશ્રયોથી જીવોને દૂર રાખનાર છે.

જે મહારક્ષક, મહા ચોકિયાત, મહાપાલક, મહા વિશ્વવત્સલ છે.

જીવમાત્રને આવા મહાશાસનના રસિયા બનાવવાની મહાભાવના શ્રી તીર્થંકરોના વિશુદ્ધ આત્માઓમાં જ જાગતી આવતી હોય છે.

અપેક્ષાએ અનાદિકાળની તથાભવ્યતા રૂપ એ ભાવનાના બળે જ, તથા પ્રકારના અધ્યવસાય સ્થાનક વિશેષના બળથી જ, અમુક વિશિષ્ટ આત્માઓ જ તીર્થંકર નામકર્મ બાંધી શકે છે, તેનો વિપાક ભોગવી શકે છે.

કેવળજ્ઞાનીઓ કરતાં પણ વિશિષ્ટ પરમ પુરૂષાર્થી જીવન પસાર કરી, કલ્પવૃક્ષ કરતાંય-ચિંતામણી રત્ન કરતાંય-કામકુંભ અને કામધેનૂ કરતાંય-મહામૂલ્યવંત, મહારત્ન પ્રકાશરૂપ, મોક્ષમાર્ગમાં દીવાદાંડી રૂપ; મહા પ્રવહણ રૂપ, જગતની અનન્ય વિભૂતિરૂપ, સત પરમ બ્રહ્મના વિશિષ્ટ બુદ્બુદરૂપ મહાશાસન સ્થાપી તીર્થંકર દેવો તેને અહીં મૂકતા જાય છે.

તીર્થંકર દેવોનો આ અનન્ય મહા પરોપકાર હોય છે. આનાં કરતાં ઉંચો પરોપકાર બીજો કોઇ સંભવિત નથી. આ પરોપકાર બહુ લોકો અને બહુ જીવોના ભલા માટે જ નથી. પરંતુ સર્વ લોકો અને સર્વ જીવોના ભલા માટેનો છે.

આવા પ્રબળ સાધન વિના કામ-ક્રોધ-લોભ-હિંસા-સ્વાર્થ-મહા અજ્ઞાન વિગેરેથી ઘેરાયેલા વિશ્વમાં ચાર પુરુષાર્થની સંસ્કૃતિનો સ્થિર, વ્યવસ્થિત, સાંગોપાંગ, વિજ્ઞાન અને તત્વજ્ઞાન સિદ્ધ પાયો પડેજ શી રીતે ? સર્વજ્ઞ વીતરાગ મહા પ્રબળ પુરુષાર્થી વિના આવું અસાધારણ કામ કોણ કરી શકે ? બીજા તેને પગલે ચાલે, પણ વ્યવસ્થિત તેનું ઉત્થાન કરવું એ બીજાની શકિતની બહારનું કામ છે.

માટે તીર્થંકરોને ધર્મરસી, સંઘરસી, શાસ્ત્રરસી, મંદિરરસી, ઉપાશ્રયરસી, ગુરૂરસી, મોક્ષરસી, પુન્યરસી બનાવનાર તરીકે ઓળખાવ્યા નથી, પરંતુ શાસનરસી બનાવનાર તરીકે ઓળખાવ્યા છે.

આ શાસનનું આબાલ-વૃદ્ધ-ગોપાંગનાદિ પરિચિત એવું સાદું નામ પ્રસિદ્ધ છે.

જેની સહકૃત આરાધના એ જ આરાધના છે, જે વિનાની આરાધના આરાધનારૂપ બની શકતી નથી. આજ્ઞા સાપેક્ષ આરાધના આરાધનારૂપ, અને આજ્ઞા નિરપેક્ષ આરાધના વિરાધના રૂપ બની રહે.

માટે જ 'મન્હ જિણાણું માણ' - જિનેશ્વરની આજ્ઞા માનો એને ગુણોની ગણત્રીમાં પહેલો ગુણ ગણાવ્યો છે. મિથ્યાત્વનો ત્યાગ કરવો અને સમ્યકત્વ ધારણ કરવું એ બે ગુણો ને તેના ફળરૂપ અથવા લક્ષણરૂપે જણાવેલા છે. તેથી એ બે પદો પછી આપેલાં છે.

શિષ્ટ સંતપુરૂષો, તેમના ભકત મહાજન લોકો, ચકવર્તીઓ અને રાજાઓ, સમાજ વ્યવસ્થાપકો, જ્ઞાતિ-જાતિના આગેવાનો, અર્થ પુરૂષાર્થની મર્યાદામાં રહેલા અર્થતંત્રના પ્રવર્તકો, કુટુંબ વત્સલ માતા-પિતાઓ, માર્ગાનુસારી સાંસ્કૃતિક જાહેર જીવનના રક્ષકો, સંચાલકો તથા આસેવન અને ગ્રહણશિક્ષા રૂપ સમ્યગ્જ્ઞાનના આરાધકો ને અધ્યાપકો, આચારોમાં પ્રેરક અને આચારનિષ્ઠ આચાર્યો, તેઓની આજ્ઞામાં વર્તનારા દુન્યવી શિક્ષકો વિગેરે મારફત આ મહાશાસનની આજ્ઞા-શાસન-આદેશ-હુકમ પ્રવર્તે છે, અને તે વિશ્વનું સમગ્ર રીતે કલ્યાણ કરે છે.

આ લોકોત્તર બંધારણીય શાસન સંસ્થા બંધારણને ઘટતા દરેક પ્રકારના ઉચ્ચ નિયમો ધરાવે છે. અને કરોડો માનવોના મહેરામણમાંથી ઉત્તમ રત્નોની માફક–ઉત્તમ મોતીઓની માફક ખેંચાઇ આવેલા વિશ્વના સમ્યક્‌દ્રષ્ટી, જ્ઞાની, અને ત્યાગાત્મક પંચ મહાવ્રતના પાળનારા આચાર્યરૂપ લોકોત્તર મહાત્માઓ જ તે મહાશાસન સંસ્થાના નિયામક–સંચાલક હોઇ શકે છે.

ભર દરિયામાંથી કુશળ વહાણવટી વહાણને સલામત હેરવી જઈ શકે છે, તેમ વિઘ્નોથી ભરેલા સાગરમાં એવા કુશળ મહાગીતાર્થ પુરૂષો જ મહાશાસન નાવને સહી સલામત યોગ્ય રીતે પ્રવાહિત કરી ચલાવી શકે છે. બીજાનું તેવું ગજું નથી હોતું.

આજે ?

જાણતાં અજાણતાં આ મહાશાસનની આજે ઉપેક્ષા થઇ રહી છે. તેનું સાક્ષાત્ અસ્તિત્વ હોવાનું ય ભૂંસાતુ જાય છે, ઉપેક્ષિત થતું જાય છે. તેનો પ્રભાવ તિરોહિત કરવાના ચક્રો પ્રબળ વેગથી ગતિમાન થતાં રહે છે અને તે ચક્રનો પ્રતિકાર કરવાને બદલે અજાણતા પણ સહકાર અપાય છે.

શાસનની બાબતોમાં પણ લોકશાસન, પ્રજાસત્તાક શાસન, બહુમત શાસનના વ્યવહારો તરફ ઢળતા જવાય છે.

મનમાં સારી ભાવના હોવા છતાં, વ્યવહારમાં તીર્થંકરના શાસનની 'જે' લગભગ શાબ્દિક બનતી જાય છે. વાસ્તવિક અર્થમાં ભૌતિક શક્તિઓ વધારી આધ્યાત્મિક શક્તિઓને તિરોહિત કરનારા વ્યવહારોનું પ્રેરક તદનુકુળ શાસનતંત્ર જીવનમાં અમલી બનાવાતું જાય છે. સિવાયનું પાછળ હઠાવાતું જાય છે. કેમકે મહાશાસનને વળગી રહેવામાં જમાનામાં પાછળ પડી જવાનો મોટો ભય બતાવવામાં આવે છે. વાસ્તવમાં એ ભય ખોટો છે, મહાશાસનને છોડવામાં જ વિનાશ છે.

મહાશાસનના કેન્દ્રભૂત પરંપરાગત આચાર્યપદના પ્રવાહને તો માત્ર ઉપેક્ષિત જ નહીં, પણ તિરોભૂત બનાવી દેવાયો છે. તન્નિરપેક્ષ પ્રવાહોના ઘોધમાં તેનું અસ્તિત્વ, તેનું મહામૂલ્યપણું ઢાંકવાના પ્રયાસોને વેગ મળતો જાય છે, વેગ અમતો જાય છે.

આજે સ્વતંત્રતા, જ્ઞાનવૃદ્ધિ, સુખ સગવડો વગેરે વધતાં જાય છે એમાં બે મત નથી,

પરંતુ તે સર્વ મહાશાસન નિરપેક્ષ હોવાથી – આજ્ઞા નિરપેક્ષ હોવાથી તેની નીચે મહા અજ્ઞાન, મહા અશાંતિ, મહા અવ્યવસ્થા, મહા સંઘર્ષો, મહા કંગાલિઆત, મહા અસુવિધાના ભડકા જાગી રહ્યા છે. હજુ એ પૂરા દેખાતા નથી, પરંતુ એક વખત તેનું વિરાટ વિકરાળ સ્વરૂપ પ્રગટ થશે, ત્યારે તે મહા દાવાનળની પેઠે બની જશે.

(ક્રમશઃ)

સાવદ્ય પ્રવૃત્તિથી બચીયે

— પ્રેમપ્રિય

આપણા મન-વચન-કાયા આપણા આત્માને પાપ બંધાવનારા ન બની જાય એટલા માટે શ્રી અરિહંત પરમાત્માઓએ અનુપમ કોટીના ઉપાયોનું ઉપદર્શન કરાવ્યું છે. મન પાપ બંધાવનાર ન બને માટે મનોગુપ્તિ બતાવી છે. મન એવું છે કે એ વિચારો કર્યા વગર રહેતું નથી ઉંઘમાં પણ નવા વિચારો કર્યા જ કરે છે કોઇ પલ કે વિપલ-મીનીટ કે સેકન્ડ એવી નહી હોય કે મનમાં કોઇ વિચાર આવતો ન હોય. કમ્પવાનો રોગ લાગુ પડેલા માણસના હાથ પગાદિ અંગો સતત કમ્પ્યા જ કરતા હોય છે તેમ મન સતત એક પછી એક વિચાર કર્યા જ કરે છે. માણસ એમ નક્કી કરે કે મારે વિચાર નથી કરવો તો તે વખતે મન ડબ્બલ વેગે વિચારો કરવા તરફ ધસે છે. અને ન કરવાના વિચારો કરે છે

આ મન ન કરવાના વિચારો કરાવી આત્માને પાપી બનાવી-પાપ બંધાવી. દુઃખી ન બનાવે તે માટે શ્રી અરિહંત પરમાત્માએ બતાવેલી મનોગુપ્તિનો આશ્રય લેવાય તો આત્મા પાપી અને દુઃખી થતો બચી જાય. અને ધર્મી અને સુખી બની જાય. મનોગુપ્તિમાં અશુભ વિચારોને આવત. અટકાવવાના હોય છે અને ધર્મને લગતા શુભ વિચારો કરવાના હોય છે. તેમ કરવાથી આત્મા પાપી અને દુઃખી મટીને ધર્મી અને સુખી અચુક બન્યા વગર ન રહે. અને મનોગુપ્તિમાં રમણતા કરતો આત્મા એક અનુપમ અવસરે મન વગરનો બની જાય. એવી અવસ્થામાં આત્માની અંદર કેવલજ્ઞાન અને કેવલ દર્શનનો પ્રકાશ ઝલહલતો હોય અને અનંત સુખનું પૂર પુરબહાર વહેતું હોય.

વચન પણ પાપ પ્રવૃત્તિ કરાવનાર કે પાપ બંધાવનાર ન બને માટે અનુપકૃત ઉપકારી શ્રી અરિહંતદેવાધિદેવે વચનગુપ્તિ અને ભાષાસમિતિ બતાવી છે વગર કારણે તો બોલવાનુ જ નથી. જ્યારે બોલવાનું હોય ત્યારે આ ગુપ્તિ અને સમિતિનું અવલંબન લેવાનું છે જેથી પાપ કરાવનારા પાપ બંધાવનારા સાવદ્ય વચનો ને બોલવાના પાપથી બચી જવાય. આ બેની ઉપેક્ષા કરનારાથી સાવદ્ય વચનો બોલાયા વગર રહેતા નથી.

બોલતા શીખવા માટે દશવૈકાલિક સૂત્ર ઉત્તરાધ્યયનસૂત્ર – આચારાંગસૂત્ર વગેરે શાસ્ત્રોમાં વાક્યશુદ્ધિ અધ્યયન-ભાષાશુદ્ધિ અધ્યયનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. એ અધ્યયનના રહસ્યાર્થ ને સમજાવવા માટે "ભાષા રહસ્ય" નામના અદ્વિતીય ગ્રન્થ રત્નની રચના કરી છે. આ ગ્રન્થોનું સુન્દર અધ્યયન-ચિંતન-મનન ને નિદિ-

ધ્યાસન કર્યું હોય તો ભાષાના સાવદ્ય નિર્વદ્ય સ્વરૂપની પૂરેપૂરી સમજ મળી જાય. પછી મોટા ભાગે બોલતી વખતે સાવદ્ય ભાષા ન બોલાય.

શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે બોલતા ન આવડે તો બોલવાનું જ નથી મૌન જ રાખવાનું છે. મોઢામાં જે આવ્યું તે બોલે જ રાખવાનું છે એવું નથી.

બોલવું જ છે તો શાસ્ત્ર વચનોના ગરણાથી ગળી ગળીને બોલવાનું છે. જેથી બોલાયેલ વચન પાપ પ્રવૃત્તિમાં અને પાપ બંધમાં નિમિત્ત બની સાવદ્ય ન બની જાય.

આજે ગૃહસ્થોને તો મોટે ભાગે સાવદ્ય નિર્વદ્ય ભાષાનો વિવેક નથી તેથી તેઓ દ્વારા બહુલ તથા સાવદ્ય ભાષા જ બોલાય છે કારણ કે તેઓને શાસ્ત્રનું જ્ઞાન નથી પરન્તુ જેઓ માત્ર ઉત્સર્ગ અપવાદના શાસ્ત્રો વાંચી ગયા છે, ગીતાર્થ તરીકે ઓળખાય છે પણ તેઓ શાસ્ત્રોના તથા ઉત્સર્ગ અપવાદના રહસ્યો ને પામવા સુધીની જેમની મતિ પરિકર્મિત બની નથી તે માટે ગુરૂ ગમ પણ જેમને પ્રાપ્ત થયો નથી. એવા સાધુઓ પણ ભાષાના સાવદ્ય-નિર્વદ્યપણાનો વિવેક કરી શકતા નથી એના પરિણામે આવેગ અને આવેશમાં આવી સાવદ્ય ભાષાનો પ્રયોગ વ્યાખ્યાનમાં–માસિકાદિમાં બોલવા લખવા દ્વારા કરે છે.

કેટલાક ગૃહસ્થો અને સાધુઓની એવી માન્યતા છે અને બોલે પણ છે. માસિકાદિમાં લખે પણ છે અને વ્યાખ્યાનાદિમાં બોલે પણ છે કે જૈનોએ રાજકારણમાં જવું જોઇએ. વડા પ્રધાનાદિ બનવું જોઇએ. રાજકારણમાં ગયેલા જૈનો ધર્મના રક્ષણાદિમાં સહાયક બની શકે "જૈનોએ રાજકારણમાં જવું જોઇએ" વગેરે જે સાધુઓ દ્વારા બોલાય છે તે તેમનું બોલવું જૈનશાસ્ત્રોની દૃષ્ટિએ સાવદ્ય છે કે નિર્વદ્ય ? પાપ ભાષા છે કે સત્ય ભાષા છે ? એ માટે વિચાર માંગે છે શાસ્ત્રો તો "राज्यं भवतरो बीजं" રાજ્ય એ તો સંસાર વૃક્ષનું બીજ છે અર્થાત્ રાજ્ય નરકાદિના દુઃખમય સંસારના સર્જન–વર્ધનનું કારણ છે" આવું જણાવે છે. રાજ્ય નરકાદિનું કારણ છે આવી શાસ્ત્રની વાત જરા પણ મોટી નથી કેમકે રાજ્ય તો માનવ અને પશુ પ્રાણીઓની કત્લેઆમ, યુધ્ધ, કાવાદાવા આદિ અનેક પાપોથી ભરપૂર હોય છે અને આજનું રાજકારણ તો લાંચ રૂશ્વતખોરી–ભ્રષ્ટાચારાદિના અઘોર પાપોથી ખદબદી રહ્યું છે આવા રાજકારણમાં "જૈનો માટે જવાની વાત સાધુઓથી કરાય જ કેમ ? જૈનોએ રાજકારણમાં જવું જોઇએ" આવું સાધુઓ દ્વારા બોલાય કે લખાય તે સાવદ્ય કેમ ન કહેવાય. ? આવું બોલવું કે લખવું એ સાવદ્ય નહી પણ મહાસાવદ્ય છે. આવું બોલનારા કે લખનારા સાધુઓ જૈન સંઘ અને સમાજ ને ગેરમાર્ગે દોરનારા છે.

થોડા વર્ષો પહેલા રાજકારણની ચુંટણીમાં ઉભા રહેલા જૈન ભાઇને આચાર્ય વગેરે એ આશીર્વાદ પણ આપ્યા હતા કે જેથી રાજકારણમાં ચુંટાઇ આવે. પરંતુ

એમાં સરીયામ નિષ્ફલતા મલી, એમાં આશીર્વાદ અને આચાર્યપદાદિનું ખરેખર અવમૂલ્યન પણ થયું.

ભ્રષ્ટાચારાદિના ગંદા રાજકારણમાં ગયેલો કયો માણસ ભ્રષ્ટાચારના ગંદવાડથી ગંદો થયા વગરનો રહ્યો છે આજે ધોલે દહાડે હજાર પાવરની બત્તી લઇને શોધવા નીકલીએ તો પણ આજના રાજકારણમાં પ્રામાણિક–નીતિસમ્પન્ન માનવ મળવો મૂશ્કેલ છે. આજના રાજકારણમાં સારો માણસ પ્રવેશ પામી શકતો નથી કદાચ પ્રવેશ પામી જાય તો સારા તરીકે રહી શકતે નથી અને સારા તરીકે ટકી શકતો નથી. કાં તો સારા માણસને આજના રાજકારણમાંથી નીકળી જવું પડે છે અને ન નિકલે તો એ સારો માણસ અન્યાય અનીતિ લાંચ રૂશ્વતાદિના ભયંકર ભ્રષ્ટાચારાદિથી બગડી ગયા વગર રહેતો નથી.

આજના રાજકારણમાં પ્રવેશ પામવા માટેની પ્રક્રિયા પણ પુષ્કલ પાપાચારોના ગંદવાડથી ભરપૂર છે. ચુંટાવા માટે લાખો રૂપીયા ખર્ચાય છે. વોટ લેવા માટે દારૂ આદિના પીણા પીવડાવાય છે વોટ બોંકોમાં ઘાલમેલો થાય છે, વોટના બોકસો ફોડીને વોટોના કાગદીયા ગેબ કરી દેવાય છે વોટની પેટીઓની પેટીઓ ગેબ કરી દેવાય છે. પરસ્પર વિરોધી ઉમેદવારો દ્વારા કેટલીકવાર દંગો હુલ્લડ કરાવાય છે એમા કેટલાએ માણસો કપાય છે, ગોલીએ દેવાય છે. લાખોનો ખર્ચ કરી ચુંટાઈને આવનાર વ્યકિત સત્તાના સ્થાન પર રહી અન્યાય અનીતિના ભ્રષ્ટાચાર કરવા દ્વારા ચુંટાવા માટે ખર્ચેલા લાખો કરતા કેઈ ગુણા લાખો રૂપીયા લેગા કરી લે છે અને એક બીજાની ટાંટીયા ખેંચમાં પાછળે બારણે તોફાનો કરાવી કેટલાએ માણસોની કતલેઆમ કરાવે છે અને રાષ્ટ્રની સમ્પત્તિ અને લોકોની સમ્પત્તિનો ખાતમો બોલાવી દે છે કેવું છે ભયંકર આજનું રાજકારણ ! આવા રાજકારણમાં જૈનોને મોકલવાની વાતો સાધુની શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે સાધુના મોઢે શોભે ખરી ?

અરિહંત પરમાત્મા શ્રી મહાવીર દેવાધિદેવ પછીના ઇતિહાસ તરફ અવલોકન કરીએ તો ખ્યાલ આવ્યા વગર નહી રહે કે "રાજકારણમાં જૈનોએ જવું જોઇએ" એવી સાધુના મોઢે બોલાતી વાત તદ્દન અઘટિત છે.

પૂર્વકાલના પૂર્વાચાર્યો આજના આચાર્યો આદિ કરતા જબરજસ્ત શાસનના પ્રભાવક હતા. મંત્ર તંત્રાદિની જોરદાર શકિત ધરાવનારા હતા. એ મહાપુરૂષોના વખતમાં પણ ધર્મ ઉપર આર્યસંસ્કૃતિ ઉપર ઘણા ઘણા ભયંકર કોટીના આક્રમણો આવ્યા હતા છતાં એ મહાપુરૂષોએ કોઇને પણ રાજકારણમાં મોકલીને રાજા બનાવ્યા કે મંત્રી વગેરે બનાવ્યા એનો એક દાખલો પણ ઇતિહાસમાં જોવા મળતો નથી કે શાસ્ત્રોમાં જોવા મળતો નથી. હા. એટલું છે કે જે રાજયસિંહાસન પર બેઠા હતા. તેવા રાજાઓને અને રાજકારણમાં જઇ મંત્રી વગેરે પદને પામેલાઓને પ્રભાવસમ્પન્ન આચાર્યોએ યોગ્ય સમયે રાજ સભાદિમાં જઇ ધર્મ સમજાવી જૈન ધર્મી બનાવ્યા અને એમના

દ્વારા આર્ય સંસ્કૃતિ અને જૈન ધર્મનું રક્ષણ કરાવ્યું અને જૈન ધર્મનો પ્રભાવ ચારે બાજું ફેલાવરાવ્યો પણ જૈનોને રાજકારણમાં મોકલવાની વાતો કરી એવું જાણવા મળતું નથી.

આજના રાજકારણમાં મોટે ભાગે સત્તાસ્થાને બેઠેલા રાજકારણીઓને ધર્મ સાથે અહિંસા સાથે કે આર્ય સંસ્કૃતિ સાથે કાંઇ લેવા દેવા હોતા નથી એમને સંબંધ છે માત્ર વોટ સત્તા અને સમ્પત્તિ સાથે. ગોવંશ હત્યા બંધ થવી જોઇએ આવું બોલનારા દેશનેતાઓ પણ લોકસભામાં જ્યારે ગોવંશ હત્યા બંધ કરવાનો ખરડો પાસ કરવાનો હતો ત્યારે મત આપવાના વખતે જાણી બુઝીને ગેરહાજર રહ્યા, આવા દંભી રાજકારણીઓ વચ્ચે રહીને સત્તા સ્થાને આવેલો જૈન અહિંસા–આર્ય સંસ્કૃતિ જૈન ધર્માદિનું રક્ષણ કરી શકે ખરો ? કપટ–ભર્યા રાજકારણમાં સત્તા સ્થાને ગયેલા જૈન નેતા પાસેથી અહિંસા–આર્ય સંસ્કૃતિ જૈન ધર્માદિના રક્ષણની અપેક્ષા રાખવી એ ખરેખર ગધેડાના માથે શીંગડા ઉગાડવા જેવી વાત છે.

રાજકારણમાં ગયેલ જૈન કદાચ એકાદ બે ધર્મરક્ષાદિના કામો કરાવી આપે, તો પણ તેને કેટલા ઘોર હિંસાદિના કાર્યોમાં મત મારવાના પાપો કરવા પડે એની કલ્પના પણ સાધુઓને આવતી હોય તો "જૈનોને રાજકારણમાં મોકલવાની અને વડાપ્રધાનાદિ બનવાની વાતો કરવી કે લખવી એ સાવદ્ય નહી પણ મહાસાવદ્ય (મહાપાપ) લાગ્યા વગર ન રહે. પણ આવું બોલનારાઓને તો એમજ લાગી ગયું છે કે આજે ધર્મ ઉપર આભ ટુટી પડયુ છે. ધર્મ રસાતલ જવા બેઠો છે એથી આવેશ અને આવેગમાં આવીને શાસ્ત્રની અને સાધુપદાદિની મર્યાદાને નેવે મૂકીને "જૈનોએ રાજકારણમાં જવું જોઇએ" ઇત્યાદિ બોલવાનું અને લખવાનું ચાલે છે અને જૈન સંઘના અનેક માણસોની બુધ્ધિમાં બગાડો પૈદા કરે છે. ખરેખર રાજકારણમાં જૈનોને મોકલવાની અને એમની પાસે ધર્મના કામો કરાવવાની બધી વાતો વાહિયાત અને વાયડી છે માટે દરેકે શાસ્ત્રની અને સાધુ પદાદિની મર્યાદાઓ સમજવી જોઇએ અને આવેગ અને આવેશ દૂર કરી સ્થિતપ્રજ્ઞ બની જમાનાવાદમાં તણાયા વગર વ્યાખ્યાનાદિમાં વાતો કરવી જોઇએ અને લોકોને અરિહંત પરમાત્માના સાચા રસ્તે દોરવા જોઇએ જેથી તેઓનું કલ્યાણ થાય અને પોતાનું પણ કલ્યાણ થાય.

હકીકતમાં જો તાકાત અને પુણ્ય પહોંચતુ હોય તો રાજકારણમાં મોકલવાની વાતો કર્યા વગર રાજકારણમાં સત્તાના સ્થાને જે દેશનેતાઓ બેઠા છે તેમને શાસ્ત્ર અને સાધુપદાદિની મર્યાદામાં રહીને ઉપદેશ આપવા દ્વારા પ્રતિબોધ પમાડવા જોઇએ અને પ્રતિબોધ પામેલા દેશનેતાઓ દ્વારા ધર્મ રક્ષાદિના કાર્યો કરાવી લેવા જોઇએ.

મંદિરાદિનું નિર્માણ કરવું જોઇએ પ્રતિષ્ઠા મહોત્સવ-દર્શન પૂજા, સામાયિક

પ્રતિક્રમણ વગેરે અનુષ્ઠાનો કરવા જોઇએ એવો ઉપદેશ શ્રાવકો આદિને કરી શકાય કેમકે એ અનુષ્ઠાનો ધાર્મિક હોવાના કારણે શ્રાવકો આદિ માટે શાસ્ત્રોએ કરણીય તરીકે વિહિત કરેલા છે પણ રાજકારણમાં જૈનોએ જવું જોઇએ આવું નિરૂપણ સાધુ આદિથી ન કરી શકાય. કેમ કે રાજકારણમાં જવું એ કાંઇ ધાર્મિક અનુષ્ઠાન નથી અને એથી શાસ્ત્ર વિહિત જ નથી માટે રાજકારણમાં ગયેલો કોઇ જૈન અહિંસાદિના સારા કામ કોકવાર કરાવી આપે તો પણ રાજકારણમાં જૈનોએ જવું જોઇએ આવું ઉપદેશાદિમાં નિરૂપણ કરવું જરા પણ ઉચિત નથી. રાજકારણમાં ગયેલો કોઇ જૈન અહિંસા આદિના ધર્મના કામો કરાવી આપે એટલા માત્રથી રાજકારણમાં જવું જોઇએ એવું ઉપદેશાદિમાં બોલવું બરોબર મનાતું હોય તો એમના મતે સંસાર માંડવો જોઇએ.” એવો ઉપદેશ આપવામાં પણ વાંધો નહિ આવે કેમકે સંસાર માંડયા પછી થયેલા છોકરાઓમાંથી કેટલાક છોકરાઓ દીક્ષા લેનારા પણ નીકળે છે અને દીક્ષા લઇને ઉપદેશાદિ દ્વારા અનેકને તારનારા પણ બને છે.

પરન્તુ સંસારમાંથી જ સાધુ બનનારા મળે છે છતાં સંસાર માંડવાનો ઉપદેશ સાધુ આદિથી ન અપાય. તેમ રાજકારણમાં જવાનો પણ ઉપદેશ ન અપાય. અરે રાજકારણમાં જવાની વાત પણ ન કરાય.

ગોવંશહત્યા બંધ કરાવવાનું બીલ લોકસભામાં વડાપ્રધાન બનીને પાસ કરાવે તો દીલ્લી જઇને શ્રીમનભાઇ પટેલને હું પાઘડી પહેરાવી બહુમાન કરૂં” આવું જૈન શાસનના એક વિશિષ્ટ પદના સ્થાન પર બેઠેલા સાધુ દ્વારા બોલાયું અને છાપાઓ વગેરેમાં છપાયું તે બરોબર શાસ્ત્રોનું ઘોર અજ્ઞાન અને આંધળુકીયા વૃત્તિનું જ પ્રદર્શન કરાવે છે. જૈન શાસનના સાધુપદ કે આચાર્યપદ પર બેઠેલાઓ ધર્મના કોઇ સારા કામ કરે તેની ઉપબૃહણા કે અનુમોદના કરે તે શાસ્ત્રદૃષ્ટિએ જરા પણ બાધિત નથી. પરન્તુ પાઘડી પહેરાવી હારતોરા કરી કે સાલ ઓઢાડી સાધુ–આચાર્યાદિ બહુમાન કરે તે આચાર્યાદિ જૈન શાસનના સાધુને માટે શાસ્ત્રદૃષ્ટિએ મર્યાદા બહારનું કાર્ય છે.

જૈન શાસનમાં આચાર્ય પંચપરમેષ્ટિઓમાં ત્રીજા પદે અને સાધુ પાંચમે પદે છે અરિહંત–સિધ્ધપદની માફક આચાર્યાદિ પદો પણ ઘણા જ મહત્વના છે અને ઉંચકોટીના છે આચાર્યાદિ કોઇ પણ ગૃહસ્થનું અપમાન ન કરે તેમ આવો બેસો ઇત્યાદિ બોલવા દ્વારા કે પાઘડી આદિ પહેરાવવા આદિની પ્રવૃત્તિ કરવા દ્વારા બહુમાન પણ ન જ કરે.

ધર્મના વિશિષ્ટ કાર્યો કરનાર ગૃહસ્થનું બહુમાન બીજા ગૃહસ્થો કરે એ વાત જુદી છે પણ આચાર્યાદિથી ગૃહસ્થનું બહુમાન કરાય જ નહી.

જૈન શાસનમાં મર્યાદાઓ લોકોત્તર કોટીની છે. આચાર્ય–પદાદિનું ગૌરવ સારી

રીતે જળવાઇ રહે તે માટે જૈન–શાસ્ત્રોમાં સુન્દર વિધાનો છે તે જાણવામાં આવે તો તેની શ્રધ્ધા કરવામાં આવે તો મર્યાદાઓનો ભંગ થાય તેવું બોલવાનું લખવાનું કે પ્રવૃત્તિ કરવાનું ન થાય.

શાસ્ત્રમાં ફરમાવ્યું છે કે રાજા મહારાજા આદિ દુનિયાના મોટા માણસો આચાર્યાદિની પાસે આવે ત્યારે તેઓના આવતા પહેલા આચાર્યાદિ ઉપાશ્રયમાં આંટા મારે અને રાજા આદિ આવ્યા બાદ આચાર્યાદિ અને રાજા આદિ બન્ને એક સાથે પોતપોતાના આસન પર બેસે. જેથી રાજા આદિને પોતાનું અપમાન થયું ન લાગે અને આચાર્યપદાદિનું ગૌરવ જળવાઇ રહે.

રાજા આદિ બેસે તે પહેલા આચાર્ય બેસી જાય તો રાજા આદિને પોતાનું અપમાન થયું જણાય. અને રાજા આદિના બેઠા પછી આચાર્યાદિ બેસે તો રાજા આદિનું આચાર્યાદિએ બહુમાન સાચવ્યું કહેવાય. રાજા આદિનું અપમાન કરવું કે બહુમાન કરવું એ બન્ને આચાર્યાદિને માટે ઉચિત નથી. આચાર્યાદિને રાજા આદિનું અપમાન કરવાનું ન હોય તેમ બહુમાન પણ કરવાનું ન હોય. કેમકે રાજા આદિ સંસારી ભોગી છે ત્યારે જૈન શાસનના આચાર્યાદિ સંસાર–ભોગના ત્યાગી છે સંસારી–ભોગીઓ કરતા હમ્મેશને માટે ત્યાગીઓનું સ્થાન ઉંચુ જ છે.

આ રીતે ઉઠવા બેસવાદિની પ્રવૃત્તિમાં પણ આચાર્યાદિ દ્વારા બહુમાન કરવાનું શાસ્ત્રકારોને માન્ય નથી માટે જ રાજા આદિ આવતા પહેલા આચાર્યાદિ આસન ઉપર બેઠા રહે તેમજ રાજા આદિના બેસતા પહેલા કે બેઠા પછી આચાર્યાદિને બેસવાનો નિષેધ કરી ને બન્ને સાથે જ પોતપોતાના આસને બેસે એવું વિધાન કર્યું છે. જો શાસ્ત્રીય હકીકત આજ છે તો ગોવંશહત્યા બંધ કરવાના બીલને લોક સભામાં પસાર કરવાના ઉપલક્ષમાં ચીમનભાઇ પટેલ ને દીલ્લી જઇ પાઘડી પહેરાવી બહુમાન કરવું એ એક જૈન શાસનના વિશિષ્ટ પદ પર બેઠેલાને કઇ રીતે યોગ્ય ગણાય.? અને આવું જાહેરમાં બોલવું પણ કઇ રીતે યોગ્ય ગણાય.? જો યોગ્ય ન ગણાય તો આવું બોલવું શાસ્ત્રદૃષ્ટિએ સાવદ્ય જ ગણાય ને? શ્રાવકરત્ન શેઠ જીવતલાલ પ્રતાપસીએ પૂર્વ શાસન રક્ષા આદિના ઘણા કાર્યો કર્યા હતા પરન્તુ સિધ્ધાન્ત મહોદધિ ગીતાર્થ મૂર્ધન્ય સ્વ. આચાર્યદેવેશ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. કયારે પણ જીવાભાઇને પાઘડો પહેરાવી બહુમાન કર્યું છે ખરૂ? હરગીજ નહી. તો પછી તેમને ગુરૂમાતા માનનારા તેમના શિષ્ય તરીકે પ. શ્રી ચંદ્રશેખર વિ. ગણીવરને ચીમનભાઇ પટેલને પાઘડી પહેરાવી બહુમાન કરવાનું બોલવું યોગ્ય ગણાય ખરૂ? નહી જ. આવું બોલવું એ તો ખરેખર આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની આબરૂને બટ્ટો લગાડવા જેવું જ છે કલંકિત કરવા જેવું છે.

શાસ્ત્રદૃષ્ટિએ જ્યારે વસ્તુ સ્થિતિ આવી

જ છે તેથી દરેક સાધુઓએ ઉપદેશાદિમાં બોલતી વખતે શાસ્ત્રને અને શાસ્ત્રની મર્યાદાઓને આંખ સામે રાખી સાવદ્ય નિરવદ્યનો વિવેક કરીને જ બોલવું જોઇએ.

કાયાની પ્રવૃત્તિ પણ પાપ બંધાવનારી ન બને માટે કાયગુપ્તિ અને ઇર્યા સમિતિ વગરે સમિતિઓ તીર્થંકર ભગવન્તોએ બતાવી છે કારણ વગર તેઃ કાયાની પણ કોઈ પ્રવૃત્તિ કરવાની નથી જ્યારે કારણે કાયાની પ્રવૃત્તિ. (ગમના ગમના દિની) કરવી પડે ત્યારે ઇર્યા સમિતિ આદિના પાલન પૂર્વક કરવામ આવે તો એ કાયાની પ્રવૃત્તિ પણ પાપ બંધાવનારી ન બને.

આ રીતે ખરેખર મન વચન અને કાયાની પ્રવૃત્તિમાં સમિતિ અને ગુપ્તિનુ અવલંબન લેવામાં આવે તો સાવદ્ય પ્રવૃત્તિઓથી વિરામ પામી સ્વ–પરનું શ્રેય સારી રીતે સાધી શકાય.

પરમ તારક તીર્થંકર ભગવન્તોએ અપૂર્વ દેન રૂપે પ્રરૂપેલી સમિતિ–ગુપ્તિના બે તુંબડા દ્વારા સંસાર સાગરને તરી જઇએ એજ આપણા માટે કલ્યાણકારી કાર્ય છે.

ભારતમાં ત્રણ હજાર કાયદેસર અને ત્રીસ હજાર ગેરકાયદેસર કતલખાનાં

—લક્ષ્મીનારાયણ મોદી

શાકાહાર અભિયાન જેટલી ઝડપથી વિદેશોમાં ચાલી રહ્યું છે એની સરખામણીમાં આપણાં દેશમાં કોઇ ઝડપ નથી. ભારતમાં સત્તાવાર આંકડા મુજબ લગભગ ૧૨–૧૩ લાખ ટન માંસનું ઉત્પાદન થાય છે. એને વધારીને હવે તેઓ ૨૫ લાખ ટન કરવા ઇચ્છી રહ્યા છે. જેમાં ૬–૭ લાખ ટન તો નિકાસ કરવા માટે અને બાકીનું દેશમાં ખપત કરવા માટે છે.

ભારતમાં લગભગ ૩ હજાર કતલખાના કાયદેસર છે અને ૩૦ હજાર ગેરકાયદેસર બહુ હિંમત કરીને ૧૨ માર્ચ ૧૯૯૩, શનિવારે હું દિલ્લીના ઇદગાહ કતલખાને ગયો. મારી નજરો સમક્ષ ૫–૬ ભેંસો કાપવામાં આવી. એમના ગળામાંથી એવો લોહીનો કુવારો નીકળે છે કે તે જોઈને મારું હૃદય પીગળી ગયું. જમીન પર લોહીનું જાણે તળાવ જેવું બન્યું છે અને કેટલી ગંદકી હોય છે તેનું વર્ણન નથી કરી શકતો. ઘણું બધું લોહી પાણી સાથે મળીને નીકમાં વહી જાય છે. બાકીનું લોહી ચોકકસ એકઠું કરવામાં આવે છે જેને દૂધના ડબ્બામાં ભરવામાં આવે છે અને પછી ન જાણે કેટલાય પ્રકારની દવાઓ બને છે, ખાસ કરીને ટોનિક.

કતલખાના સાથે જ્યાં પશુ ટ્રકમાંથી ઉતારવામાં આવે છે તે સ્થળ પણ જોયું. ત્યાં પણ ડઝનબંધ મરેલ ભેંસો પડી હતી. પૂછવાથી ખબર પડી કે ટ્રકમાં ભેંસોને એવી રીતે લાદવામાં આવે છે કે જેથી તેમના ખાવા–પીવા અને શ્વાસ લેવાની વ્યવસ્થા નથી થઇ શકતી, જેને લીધે તેમનો શ્વાસ ધુંટાઇ જાય છે અને ટ્રકમાં જ મરી જાય છે—અને કેટલીક ઉતાર્યા પછી મરે છે. આવી જ દશા લગભગ બધાં જ કતલખાનામાં છે. (હિંસા નિવારણ)

સામયિક સ્ફુરણ

મહારાજ–મહારાજા શબ્દથી ભટકવાની જરૂર નથી

તા. ૨૫–૫–૬૩ ના મું. સ. ની જય જિનેન્દ્ર કોલમમાં કાંતિ શેઠ લખે છે કે 'જૈન સમાજમાં ધાર્મિક પ્રસંગોને અનુલક્ષીને અપાતી જાહેર ખબરોમાં તેમજ આમંત્રણ પત્રિકાઓમાં આપણાં સંત સાધુઓને તેમના નામ પાછળ મહારાજ ને મહારાજા જેવા રજવાડી રાજકર્તા જેવા અર્થો ધરાવતા શબ્દથી અલંકૃતવાની એક ફેશન થઇ પડી છે.

આપણા ચોવીશ તીર્થંકરોના સમયમાં કયારેય પણ આપણા પૂજ્ય સાધુ ભગવંતોને મહારાજા તરીકે વર્ણવેલ નથી. જો સાધુઓને આપણે મહારાજા તરીકે સંબોધીશું તો પછી ભવિષ્યમાં કોઇ મહાન સાધ્વીજી થશે તો તેમને કયા નામે સંબોધીશું. અરી રીતે તો આપણા શ્રમણ ભગવંતોએ શ્રાવક સંઘને તાકીદ કરવી જોઇએ કે આવ સાંસારિક વિશેષણો અને અલંકારિક શબ્દો સાધુઓના નામ પાછળ મૂકી શ્રમણ ભગવંતોની અવહેલના ન કરે.

શ્રી કાંતિભાઇએ સાધુ પ્રત્યેના સદ્‌ભાવથી આ રીતે કહ્યું છે. પરંતુ તે પુરૂં સમજ્યા નથી. મહારાજ શબ્દ નવો નથી અને વિશિષ્ટ પુરુષ વડિલ કે પ્રભાવક હોય તેમના નામ પાછળ મહારાજા લખાય છે. પૂજ્યપા.દ આત્મારામજી મહારાજાએ તેમની સત્તર ભેદી પૂજામાં પૂ મુલચંદજી મહારાજ માટે 'સંપ્રતિ રાજા' શબ્દ મુકીને પૂજ્ય મહાન પુરુષનું બહુમાન કર્યું છે અને એક શબ્દ જ્યાં વપરાયો છે તેના અનુસંધાન પ્રકરણથી અર્થ થાય. પ્રભાવક સાધ્વીજી મહારાજ માટે શું શબ્દ વાપરવો તેની ચિંતા કરવાની જરૂર નથી. મહાન સાધ્વીજી માટે તેમને અનુરૂપ શબ્દો વપરાય છે અને તે માટે જૈન શાસનમાં કયાંય વિગત શોધવા જવું પડે તેમ નથી. તીર્થંકરોના સ્તવનો આદિમાં મહારાજ મહારાજા વિ. શબ્દો વપરાય છે તેમ મુનિ ભગવંતો માટે પણ વપરાય છે. તે સ્તવનો ગહુંલિઓ વિ. વર્ષો પહેલાંના છે તેમાં જોવાથી ઘણુ ખ્યાલ આવી જશે.

કાંતિભાઇની વાત તો સહજ છે પરંતુ 'જય જિનેન્દ્ર'ના સંપાદકને તો આ લખાણથી ઘી કેળા મળી ગયા અને તેમની શ્વે. મૂ શ્રમણ સંઘ પ્રત્યેની અરુચિ તરત તે પ્રગટ કરે છે જે કાંતિભાઇના લેખમાં નથી.

ધર્મ પ્રિય લખે છે કે—

'પત્ર લેખક ભાઇની વાત તદ્દન સ્પષ્ટ અને સત્ય છે. આપણા શ્રમણ ભગવંતોને

પોતાના નામની આગળ પાછળ થોકબંધ અલંકારિક વિશેષણો છપાવવાની આતુરતા વધતી ચાલી છે.'

ધર્મ પ્રિયના શબ્દો અને પત્ર લેખકના શબ્દોને કોઇ સંબંધ નથી. લેખક સદ્‌ભાવથી વિનંતિ કરે છે. તેમાં સદ્‌ભાવ બતાવેલ તો ચાલત પરંતુ ધર્મપ્રિય તો સાધુઓને જ ટેવ છે. તેમ લખીને મૂળ લેખકને નામે સાધુઓને જ ઉતારી પાડવાની વાતમાં આવી જાય છે તે તેમની કુતરાની પૂછડી વાંકી તે ટેવ જ કારણ રૂપ છે.

કંકોત્રીમાં ગોળનો ખોળ ન બને તે જરૂરી છે

હકિકત એ છે કે કંકોત્રીઓ લખવા છપાવવામાં જાતની મહત્તા જો સાધુને આવી જાય તો તે સાધુને માટે ડુબવાનું કારણ બને છે. શ્રાવકો કે સંઘો જે પ્રભુ ભકિત આદિ કરે તેમાં અનુમોદક અને તે પ્રસંગમાં ભાવોલ્લાસ વધે તે માટે હાજરી આદિ હોય છે ગૃહસ્થો ધનાદિકનો વ્યય કરે તેનાથી જો સાધુ પોતાની મહત્તા માને તો ગૃહસ્થોનો આભરૂ પોતાને નામે ચડાવવાનું પાપ લાગે.

કંકોત્રીઓમાં પણ પ્રભુજીના ફોટા ગુરુ આદિના ફોટા મુકવા તે દેવગુરુની ભયંકર આશાતના છે કેમકે તે ફાડીને ફેંકાઇ જવાનાં છે અને આટલું પણ સાધુઓ ન સમજે તે માનવા જેવું છે. ગૃહસ્થો કહે તો પણ સાધુઓએ ના પાડવી જોઇએ. આશાતના થશે તેમ કહેવું જોઇએ. બહુ તો સારો કાગળ કે મુદ્રણ કરે તેમ થાય પણ ફેંકાઇ જવાની કંકોત્રીઓમાં દેવ ગુરુના ફોટા થોકબંધ મુકવા તે તો સાધુ મહાત્માઓ માટે પણ કલંક અને આશાતના ડગર વગરના છે તેમ કહેવાય.

વળી સંઘને પ્રતિષ્ઠા આદિ કે ઉત્સવ હોય તો તે પત્રિકાઓ છપાવે અને મહેમાનો આવે તેની વ્યવસ્થા કરી હોય તે રીતે પત્રિકાઓ–આમંત્રણ મોકલે. તેને બદલે માત્ર સાધુ મહાત્માઓ જ પત્રિકા મોકલે પોતાની ઓળખાણ પીછાણ કે ભકત વર્ગમાં મોકલે તો તે સાધુની મહત્તા કે કીર્તિ બની જાય અને તે સાધુ માટે દૂષણ બની જાય. માત્ર જાણ કરવા તો ચાલુ કાગળમાં પણ લખાણ જાય. આવી કિંમતી કંકોત્રીઓ કરીને મોકલવી તે અહંનું ઉદાહરણ બની જાય. જો સાધુ કંકોત્રીઓ મોકલે અને તે બધા મહેમાન આવી જાય સંઘમાં વ્યવસ્થા ન હોય અને સાધુની જ જવાબદારી આવી પડે અને પછી મહેમાનોને ગોઠવવા સંઘમાંથી કોઇ દાદ ન દે અને દોડાદોડી અને ગભરામણ સાધુને જ થઇ પડે. આવી વધુમાગી પીડા ઉભી કરીને અને સંયમને માટે પણ અહં કીર્તિ કે મોટાઇની જાહેરાત કરીને હાની શા માટે વહોંચાડવી જોઇએ. સાધુઓને આ રીતે કંકોત્રીઓ મોકલવાના મનોરથ શા માટે થાય ?

આવું થયા પછી દૈનિક કે બીજા સામાયિકોમાં મોટા મોટા લખાણ કરીને મોકલવા

અને અક્ષરશઃ લેવાની ભાવના રાખવી તે તો સાધુ માટે ચોરી ઉપર શીરજોરી કરવા જેવું થઈ જાય. કંકોત્રીઓમાં ૧૦-૨૦ ખર્ચ્યા હોય અને બે હજાર જગ્યાએ મોકલાય તેમાં કંઈ ખર્ચ મોકલવું નહિ અને મોકલે તો મામુલી મોકલે તે પણ સંઘ કે શ્રાવકને સમજાવી પટાવીને મોકલે. સંઘ કે શ્રાવકને તેમાં રસ પણ ન હોય. આવું જો બને તો સાધુને પોતાની સાધુતા ઘવાય છે તેમ લાગવું જોઇએ. આત્મલક્ષી બન્યા વિના આ કયાંથી બને. મોટે ભાગે આ વર્તન સાધુ માટે જ્ઞાનગર્ભિત વૈરાગ્યને બદલે મોહ ગર્ભિત વૈરાગ્યનું સૂચક બની જાય છે અને તેથી ઘણા શ્રાવકો સમજે અને ખેદ કરીને ગણી જાય પણ તેવી ગંભીરતા ન હોય તેવા આત્માઓ સાધુઓની નિંદા કરે અને લઘુતા પણ કરે. અને તેમાં તેની યોગ્યતાની ખામી માની લઈએ તો આપણે પણ ભ્રમમાં છીએ તેમ કહેવાય. તેમની યોગ્યતાની ખામી તો ખરી પણ તે ખામીને પ્રગટ કરવાનું નિમિત્ત આપીને સાધુને પોતાની મોટી ખામી દેખાવી જોઇએ તે છાપાઓમાં આવતા બીન જરૂર કટાક્ષો કે સાધુની નિંદા અટકી જાય અને શ્રમણ સંઘ ઉપરનો સદ્‌ભાવ વધતો થાય.

પૂ. આનંદઘનજી મહારાજે રાણીની વાતમાં તો કહ્યું કે- 'રાજા રાની કો બુલાવે ઉસમે આનંદઘન કો કયા ?' આવી નિસ્પૃહતા કદાચ ન આવે પણ ખોટી મોટાઇ મહત્તા અને તેની પાછળ વધતી જતી કંકોત્રીઓની હરિફાઇ વિ. માટે સાધુએ પાછા ફરવાની અને છેવટે અલિપ્ત રહેવાની વૃત્તિ કેળવવી તે સાધુનું પોતાનું કર્તવ્ય અને સાધુ જીવનની શોભા છે.

ટીકાકારોને જવાબ આપતાં આ વાત ખટકતી હોય છે. જેથી શ્રમણ સંઘ ચતુર્વિધ સંઘ આ વિષયમાં આશાતના ટળે મર્યાદા જળવાય અને કીર્તિ કે મોટાઇ માટેના મહોત્સવો કે પત્રિકા ન બને પણ શાસન શોભા શાસન પ્રભાવના રૂપ બને તે આવશ્યક પણ છે. ગોળનો ગોળ ન બની જાય તે દરેક આત્માર્થીની ફરજ છે.

૨૦૪૯ જેઠ વદ ૧૩ જિનેન્દ્રસૂરિ
બાંસવાડા (રાજસ્થાન)

: અન્યાયોપાર્જિત લક્ષ્મી હિતકારી નથી જ :

અન્યાન્યોપાત્તવિત્તેન યો હિતં હિ સમીહતે ।
ભક્ષણાત્કાલકૂટસ્ય સોઽભિવાંછતિ જીવિતુમ્ ॥

જે પુરુષ અન્યાયથી ગ્રહણ-ઉપાર્જન કરેલ ધન વડે પોતાના હિતને ઇચ્છે છે તે કાલકૂટ વિષના ભક્ષણથી જીવવાની ઇચ્છા રાખે છે.

શાસન સમાચાર

વેરાવળ – પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પરમ તપસ્વી શિષ્યરત્ન પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રશીલવિજયજી ગણિવર આદિ ઠાણાની શુભ નિશ્રામાં શ્રી સુમતિનાથ સ્વામિ જિનાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતા હોઇ સુવર્ણ જયંતી અષ્ટાન્હિકા મહોત્સવ અનેરી ભવ્યતાથી ઉજવાયો.

પૂજ્યશ્રીજી આદિ પાંચોટથી ઉગ્ર વિહાર કરી જેઠ સુદ ૪ મંગળવાર તા. ૨૫-૫-૯૩ ના પધારતા સવારના ૯-૩૦ કલાકે શ્રી વી. પી. શાહના નિવાસસ્થાનેથી સામૈયાનો પ્રારંભ થયેલ. પ્રવેશમાં વિશાળ જનમેદની ઉમટેલી. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનાં દર્શનાદિ કર્યા બાદ ૭-૩૦ કલાકે પૂજ્યશ્રીનો પ્રવેશ ઉપાશ્રયમાં થયેલ. બાદ માંગલિક-ગુરૂપૂજન તેમજ સંઘ પૂજનાદિ થયેલ.

૯-૧૫ કલાકે પ્રવચન- બપોરે શ્રી સુમતિનાથ સ્વામિ જિનાલયમાં અઢાર અભિષેક થયેલ. રાત્રે ભાવના થયેલ.

જેઠ સુદ ૫ ના સવારે ૯-૩૦ કલાકે શ્રી સુમતિનાથ જિનાલયની ચૈત્યપરિપાટી બાદ સંઘ પૂજન, ૯-૧૫ કલાકે પ્રવચન, બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અતિ ઉલ્લાસ પૂર્વક ભણાવાયેલ.

જેઠ સુદ ૬ ના સવારે ૯-૩૦ કલાકે ચૈત્યપરિપાટી, બાદ કુંભ સ્થાપના, દીપક સ્થાપના, ૯-૩૦ કલાકે પ્રવચન બાદ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ધ્વજા રોહણ, તેમજ બપોરે ૩-૦૦ કલાકે જલયાત્રાનો અદ્‌ભુત વરઘોડો નીકળેલ જેમાં ઇંદ્રધ્વજ, શરણાઇઓ, ઘોડાઓ, પૂજ્યશ્રી આદિ વિશાલ સાજન-માજન પરમાત્માનો રથ ઇત્યાદિ સામગ્રી અને હજારોની સંખ્યાની ઉપસ્થિતિ. વરઘોડામાં બંને બાજુ દર્શનાર્થીઓની કતાર લાગેલી એમાં યુવકોનો ઉલ્લાસ ! ઉત્સાહ જોઇ સૌ દિગ્મૂઢ બની ગયેલ. અનેરી શાસન પ્રભાવના સર્જાયેલી.

જેઠ સુદ ૭ ના સવારે ૯-૩૦ કલાકે ચૈત્યપરિપાટી બાદ ૯-૧૫ કલાકે પ્રવચન તેમજ બપોરે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ.

અત્રેના શ્રી સંઘમાં પૂજારીને પગાર, કેસર, સુખડ આદિ દેવદ્રવ્યમાંથી અપાતું હતું એ દોષથી દોષ મુકત થવા પૂજ્યશ્રીનાં પ્રવચનોની પ્રેરણા ઝીલીને આજે શ્રી સંઘે વિશાળ સાધારણ ફંડ કરવાનું નકકી કરેલ.

એ મુજબ જેઠ સુદ ૮ ના સવારે ચૈત્યપરિપાટી પૂર્ણ થયા બાદ ૭-૦૦ થી ૮-૦૦ પ્રવચન બાદ ગણત્રીના જ મિનીટોમાં મુખ્ય ત્રણ દાતા સહિત સાધારણનું એક વિશાળ માતબર ફંડ થઇ ગયેલ.

એમાં પણ બહેનોએ જે સુવર્ણના અલંકારોનો જાણે વરસાદ જ ન વરસાવ્યો હોય એમ ચારે તરફથી સુવર્ણના અલંકારો આવવા મંડયા ! ધન્ય....જૈનશાસન... !

શ્રી સંઘે ઠરાવ કરેલ.. પૂજારીને પગાર કેસર, સુખડ આદિ બધું સાધારણમાંથી જ આપવાનું ભવિષ્યમાં પણ આ અંગે ખાસ કાળજી રાખવી.. દેવદ્રવ્યમાંથી ભૂલે ચૂકે એક પાઇ નહી વાપરવી આવો નિર્ણય થઇ જતાં સકલ શ્રી સંઘમાં આનંદ.. આનંદ છવાઇ ગયેલ. પૂજયશ્રીની પ્રેરણાને ઝીલીને એક મહાન કાર્ય સુવર્ણજયંતિ મહોત્સવનાં સમયે થયેલ જે વેરાવળ શ્રી સંઘના ઇતિહાસમાં એક સુવર્ણ–પૃષ્ઠ ઉમેરાઇ ગયેલ.

સવારે ૯–૩૦ થી ૧૨-૩૦ તેમજ બપોરે ૨-૦૦ થી ૫-૦૦ શ્રી ૧૭૦ તીર્થંકર મહાપૂજન સૌ પ્રથમવાર જ અતિ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ.

જેઠ સુદ ૯+૧૦ પુણ્યવંતો દિવસ આજથી બરોબર ૫૦ વર્ષ પહેલા પૂજયપાદ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આ. ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીમહારાજાના વરદહસ્તે શ્રી સુમતિનાથ સ્વામિ જિનાલયની પ્રતિષ્ઠા થયેલી...૫૦ વર્ષ બાદ આજે ધ્વજારોહણ સમયે સંઘનો ઉલ્લાસ ! ઉત્સાહ અદ્ભુત હતો. સવારે ૫–૯૦ કલાકે સુમતિનાથ સ્વામિ જિનાલયનું દ્વારોદઘાટન થયા બાદ ચૈત્યવંદનાદિ થયા બાદ ફરી ઉપાશ્રયમાં ૯–૩૦ થી ૭–૩૦ પૂજયશ્રીનું પ્રવચન થયેલ...

૯–૦૦ કલાકે ફરી સસ્વાગત ચતુર્વિધ સંઘ સુમતિનાથ સ્વામિ જિનાલયે પધારેલ ત્યાં ઉદારતાપૂર્વક ઉછામણી બોલી મહાન લાભ લઇ ભાગ્યશાલીએ જિનાલયની ધ્વજા ચડાવેલ ત્યારે સૌના અંતરમાં આનંદની અવધિ સીમાતીત બની ગયેલ.

બપોરે શ્રી અષ્ટોતરી શાંતિસ્નાત્ર મહાપૂજન અનેરા ઉત્સાહ સાથે ભણાવાયેલ.

જે.સુ.૧૧ના...દિવસે પૂજયશ્રીજી આદિ પ્રભાસપાટણ દર્શનાર્થે પધારેલ.

વિવિધ ભાગ્યશાલીઓ તરફથી ૧૪ ...બસો દ્વારા અજારા મહાતીર્થની યાત્રા... કસવેલ...

બપોરે શ્રી સુમતિનાથ સ્વામિ જિનાલયમાં સત્તરભેદી પૂજા ભણાવાયેલ.....

સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે...શ્રી સંઘના...દરેક ઘરોમાં શ્રી સુમતિનાથ સ્વામિનો લેમીનેટેડ ફોટો તથા રૌપ્યમુદ્રાની પ્રભાવના થયેલ...

આ મહામહોત્સવમાં વેરાવળ શ્રી સંઘના ઇતિહાસનાં પ્રકરણમાં એક યશોગાથા ઉમેરાઇ જશે...પ્રતિદિન પૂજનોમાં થતી હજારો ઉપરની ઉછામણીઓ રોજ ચૈત્યપરીપાટી, પ્રવચન, પૂજન, ભાવના આદિમાં થતી હજારો ઉપરની સંખ્યા...એમાં પણ મધુર પ્રવચનકાર પૂ. પંન્યાસપ્રવર શ્રી ગુણશીલવિજયજી ગણિવરના થતા પ્રેરણાત્મક પ્રવચનો. વિધિકારક શ્રીભીખુભાઇ બારોટવાલા દ્વારા થતા સુંદર વિધિવિધાનો સંગીતકાર શ્રી બળવંત ઠાકુરે જમાવેલો પ્રભુભક્તિનો

અનેરો રંગ. જીવદયાની વિશાળદીપ. રોજ ત્રણે ટાઈમ થતી સાધર્મિક ભક્તિ-અનેક એમાં પણ સૌથી શિરમોર રૂપે દેવદ્રવ્યના ભક્ષણમાંથી મળેલ દોષમુક્તિ એ દ્વારા આ મહોત્સવ અતિ અવિસ્મરણીય બની રહેશે. પૂજયશ્રી ને આગામી ચાતુર્માસ માટે શ્રી સંઘે અત્યાગ્રહ પૂર્વક વિનંતી કરેલ.

જેઠ સુદ ૧૨ના-સવારે ૬-૦૦ કલાકે પૂજયશ્રી૧૭એ શાંતિનાથ સોસાયટી તરફ વિહાર કરેલ-પૂજયશ્રીને વિદાય આપવા... સકલ શ્રી સંઘ ઉપસ્થિત રહેલ...

પૂજયશ્રીજી વદ....૧ના જૂનાગઢ પધારી જે. વદ ૬ના જામનગર પધારશે.

ત્યાં ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૧૦ સોમવારના થશે....

વેરાવળ શ્રી સંઘના ઈતિહાસમાં આ સુવર્ણજયંતી મહોત્સવ એક યાદગાર અવિસ્મરણીય બની ગયેલ.

પૂજયપાદશ્રીજીના સમુદાયવર્તિની પ્રવર્તિની વિદુષી પૂ સા. શ્રી જયાશ્રીજી મ. ના નિશ્રાવર્તિની પૂ. સા. શ્રી પદ્મલત્તાશ્રીજી મ. આદિની ઉપસ્થિતિથી બહેનોમાં પણ સુંદર આરાધના થયેલ.

પૂજય સાધ્વીજી મહારાજનું ચાતુર્માસ અત્રે નકકી થયેલ છે.

રતલામ-અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી યોગીન્દ્ર-વિજયજી મ., પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૮ રવિવારે ઉત્સાહ પૂર્વક થયો હતો. જૈન સ્કુલથી ૮-૫૦ વાગ્યે શરૂ થઈ સામૈયું બજારોમાં ફરી આરાધના ધામ ૧૦॥ વાગ્યે આવ્યો હતો. મંગલ પ્રવચન થયું. શ્રીફળની પ્રભાવના થઈ.

રસ્તામાં પુષ્પકળ ગહુંલીઓ થઈ. ગહુંલી વખતે તે તે ઘરના ભાઈઓ પણ હાજર રહી વંદન કરતા હતા. મેદની ચિકકાર હતી

પૂ. શ્રી સુદ ૬ ના અલકાપુરી સોસાયટીમાં સામૈયા સાથે પધારેલ. મંગળ પ્રવચન બાદ ૫-૬ ભાવિકો તરફથી સંઘ પૂજન થયું. વદ ૭ ના કોમ્યુનીટી હોલમાં પ્રવચન થયું, હોલ ભરાઈ ગયો હતો, રાજમલજી ઘેલડા તરફથી સંઘ પૂજન તથા મહિલા મંડળ તરફથી પેંડાની પ્રભાવના થઈ હતી.

નવો સહકાર

૫૦) શ્રી શ્વે. મૂ જૈન સંઘ. પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂ. મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય ભુવનતિલકસૂ. મ. ની ૨૧ મી પુન્યતિથિ તથા પૂ. સા. શ્રી અરિષ્ઠરત્નાશ્રીજી મ. ની વડી દીક્ષા મહોત્સવ પ્રસંગે પૂ. મુ. શ્રી અમરસેન વિ. મ. ના ઉપદેશથી મુ. જ્યાડગી

૧૦૧) સ્વ. પદ્માબેન પન્નાલાલ ચોકસીની ૧૦ મી વાર્ષિક પુન્યતિથિ નિમિત્તે હોટ ખંભાત

- ઘર–બાર, પૈસા–ટકાદિ ન ગમે અને ભગવાનના મંદિર–ઉપાશ્રયાદિ ધર્મસ્થાન ગમે તેનું નામ ક્ષયોપશમ.
- પુણ્યાનુબંધી પુણ્ય એટલે ક્ષયોપશમવાળું પુણ્ય અને પાપનુબંધી પુણ્ય એટલે ક્ષયોપશમ વગરનું પુણ્ય !
- સાચી વસ્તુનો રાગ હોય તેને વસ્તુ કે વ્યક્તિ પર ખોટો દ્વેષ આવે નહિ
- સુખ અને સુખની સામગ્રી જ જગતને રખડાવનાર છે, તેને લઈને જ દુઃખ નથી ગમતું અને તેથી જ પાપ ચાલુ છે. તે કારણે જ સંસારમાં ભટકતા કદિ અંત આવતો નથી.
- પાપથી પાછા ફરવાની ઇચ્છા અને ઇચ્છાપૂર્વકનું પચ્ચક્ખાણ તેનું નામ વિરતિ.
- જગતથી જુદો તેનું નામ જૈન. જગત સંસાર માગે. જૈન મોક્ષ માગે. પાપનો ભય નહિ તે સદા પાપી.
- ધર્મી જીવ કર્મને ઓળખે છે એટલે કર્મ તરફ તેની લાલ આંખ હોય છે અને ધર્મ તરફ મીઠી આંખ હોય છે.
- ખાવું–પીવું, પહેરવું ઓઢવું મોજમજા કરવી તે સંસારની પ્રવૃત્તિ કહેવાય. ભગવાનનું શાસન પામ્યા પછી, સમજ્યા પછી પણ ખાવા–પીવા, પહેરવા ઓઢવામાં મજા કરે, ભોગની સામગ્રી ખૂબ ખૂબ કરે તે બધા કેવા કહેવાય ? તે બધા પુણ્યથી મનુષ્ય ભવ પામ્યા છતાં છે પાપીને ? પાપને પાપમાં જ મજા આવે. તે ઊંઠે ત્યારથી પાપ કરે. માટે જ શાસ્ત્રે કહ્યું કે–અધર્મી ઊંઘતા સારા. અધર્મી જાગે તે ભૂંડા.
- આ મનુષ્યભવ પામીને જનાવર કરતાં ખરાબ રીતે જીવે તેની દયા ન આવે તે ભગત ભગત નથી પણ દુશ્મન છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠે પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं पत्र

જૈન શાસન

साप्ताहिक

सवि जीव करुं शासन रसी.

भोजमजामां पडयो छे तो शुं थशे ?

सुखं आस्से सुखं शेषे,
सुखं पिबसि खेलसि ।
न जाने त्वग्रतः पुण्यै–र्विना
ते किम् भविष्यति ? ॥

હે આત્મન્ તું સુખપૂર્વક બેસે છે, સુખપૂર્વક સૂવે છે, સુખપૂર્વક ખાય–પીએ છે, સુખપૂર્વક ખેલે–ક્રીડા કરે–છે તો પુણ્ય વિના પરલોકમાં તારું શું થશે તે અમે જાણતા નથી !

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂ. મ. ની
દ્વિતીય પુણ્યતિથિ પ્રસંગે
શ્રદ્ધાંજલિ વિશેષાંક

વર્ષ ૫

અંક ૪૬

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

જૈન શાસનના ૬ ઠ્ઠા વર્ષના પ્રારંભે

'આણા એ ધમ્મો' - વિશેષાંક

આ વિશેષાંકમાં (૧) જિન આજ્ઞા મુજબ જ્ઞાન દર્શન ચારિત્ર પાળીને આત્મ-કલ્યાણ સાધનારા આરાધકોના પ્રસંગો (૨) જિન આજ્ઞાના સ્વરૂપના ઉપદેશો (૩) જિન આજ્ઞા મુજબ સમ્યગ્ જ્ઞાન આદિની સાધનાના ઉપદેશ વિ. લેખો મોકલવા પૂજ્ય આચાર્યદેવાદિ પૂજ્ય મુનિવરો, પૂ સાધ્વીજી મ. તથા સાધર્મિક ભાઇ બહેનોને નમ્ર વિનંતિ છે. લેખ મોકલવા વિલંબ ન કરશો.

વિશેષાંક પ્રગટ થશે.

૨૦૪૯ શ્રાવણ વદ ૦)) મંગળવાર તા. ૧૭-૮-૯૩

આ વિશેષાંકમાં સહયોગી બનવા વિનંતિ

શુભેચ્છક સહાયક રૂા. ૫૦૦ :: શુભેચ્છક રૂા. ૧૦૦

શુભેચ્છક તથા શુભેચ્છક સહાયકને એક વર્ષ એટલે ૪૮ અંકો ભેટ આવશે.

આ વિશેષાંકમાં શુભેચ્છક જાહેરાતો

એક પેજ રૂા. ૫૦૦	અડધું પેજ રૂા. ૩૦૦	૧/૪ પેજ રૂા. ૧૫૦	
ટાઇટલ ૪ રૂા. ૪૦૦૦ હજાર	ટાઇટલ ૨ રૂા. ૩૦૦૦ ::	ટાઇટલ ૩ રૂા. ૨૦૦૦	

આપના તરફથી શુભેચ્છક સહાયકો તથા શુભેચ્છકો તથા શુભેચ્છા જાહેરાતો વહેલી તકે મોકલી આપવા વિનંતિ છે.

તા. ૧-૮-૯૩ સુધી લેખો મોકલી આપવા વિનંતિ છે.

જૈન શાસનના માનદ્ શુભેચ્છકો તથા સહાયકોને વિનંતિ છે કે આપ આપના વર્તુલમાં વહેલાસર **શુભેચ્છક સહાયકો** તથા **શુભેચ્છકો** નોંધીને મોકલી આપશો ૬૨ વખતની જેમ આ વખતે પણ સહાયક બનશો.

ગત વર્ષમાં પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને **શ્રદ્ધાંજલિ** આપતા ત્રણ ત્રણ વિશેષાંકો આપ્યા છે જે જૈન જગતની શ્રેષ્ઠતમ વિગત છે. આપ જૈન શાસન આપનું સમજી વહેલાસર પ્રચાર શરૂ કરશો.

આ અંગેની પહોંચો છપાઈને **માનદ્ પ્રચારકોને** મોકલેલ છે.

જૈન શાસન કાર્યાલય

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌ.રાષ્ટ્ર)



વર્ષ ૫] ૨૦૪૯ શ્રાવણ સુદ-૧ મંગળવાર તા. ૨૦-૭-૬૩ [અંક-૪૬

દ્વિતીય પુણ્યતિથિ પ્રસંગે

શાસનના સિંહ પુરુષને વંદના

શ્રી વીર પરમાત્માનું શાસન જે ૨૫ હજાર વર્ષ સુધી ચાલવાનું છે તે જૈન શાસનને હૃદયથી સમર્પિત પુન્યાત્માઓની ધુરા દ્વારા ચાલવાનું છે શ્રી વીર પરમાત્માએ તીર્થની સ્થાપના કરી તેમાં સૌ પ્રથમ અગ્યાર ગણધર ભગવંતો બન્યા. તે બ્રાહ્મણ હતા તેમના ૪૪૦૦ શિષ્યો બ્રાહ્મણ હતા ચાર વેદ આદિના પારગામી હતા ૧૪ વિદ્યાના તે ધારક હતા. પ્રકાંડ પાંડિત્યથી ભરેલા વરેલા હતા છતાં તેમને સત્ય પ્રત્યેની રુચિએ સત્યની ઝંખનાએ શ્રી વીર પરમાત્માના ચરણોમાંથી સેવક બનાવી દીધા અને પોતાની તમામ વિદ્યાઓ આદિ સર્વજ્ઞ વીર પરમાત્માની જ્ઞાનની આજ્ઞાની ચારણીમાંથી ચાળી નાખ્યા અને અસત્યોને ખાળી નાખ્યા.

આજ આદર્શ શ્રી વીર પરમાત્માના શાસનના અંત સુધી રહેવાનો છે. ભગવાને બતાવેલા ઉપદેશો ધારે આરાધે અને વિસ્તારે તેજ શાસનની ધુરાના ધારક બને એને બદલે ભગવાનના ઉપદેશો ધારે નહિ આરાધે નહિ અને કુંઠિત બનાવે તે આત્મા જૈન શાસનની કઇ રીતે ધુરા ધારણ કરી શકે.

ઉષ્ટ્રાણા ચ વિવાહે ગર્દભા ચમ ગાયકાઃ । પરસ્પરં પ્રશંસન્તિ અહો રુપં અહોધ્વનિ ? ઉંટના વિવાહમાં ગર્દભો ગીત ગાવા આવે અને તેમાં ગર્દભ કહે શું વરરાજા ઊંટભાઇનું રૂપ ? ત્યાં ઊંટ કહે શું ગર્દભભાઇનો કંઠ !

આ વાત જૈન શાસનમાં નથી. એક બીજાના ખોટા વખાણ કરે, પોતાના સ્વાર્થમાં

મોહમાં માયામાં ડૂબ્યા રહે તેવા સાધુ સાધ્વી કે શ્રાવક શ્રાવિકા જૈન શાસનના સાધક બની શકે નહિ અને તેથી જ જેઓ પરમાત્માનું શાસન જાણે સમજે અને સદ્દહે તેજ મુજબ આરાધે અને પ્રચારે તેજ આત્મા પછી તે સાધુ હોય, સાધ્વી હોય શ્રાવક હોય કે શ્રાવિકા હોય તે જૈન શાસનના આરાધક બની મોક્ષ માર્ગના સાધક બને અને મોક્ષના અધિકારી બને છે.

આજના અનેક રીતે વિષમ કાલમાં આ મુક્તિ માર્ગ ને અબાધિત જીવાડવાનું પ્રચારવાનું અને આરાધવાનું તથા રક્ષા કરવાનું અનુપમ અદ્વિતીય અને સર્વાંગીણ મહા કાર્ય મહા સાધના મહા પરાક્રમ કરનારા દિવંગત પરમ પૂજ્ય પરમ શાસન આધાર આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા હતા. તેમણે અગાધ શક્તિ મેળવી કેળવી અને જૈન શાસનને જયવંતુ બનાવ્યું છે.

તેઓશ્રીની વિદાયને નેત જોતામાં બે વર્ષ પુરા થાય છે તેઓશ્રીના અગણિત ઉપકારો નીચે દબાએલા લાખો આરાધકો તેમના પ્રત્યે કૃતજ્ઞતા બતાવી નત મસ્તકે વંદન કરી સદા અંજલિ સદા સમર્પણ ભાવ બતાવી રહ્યા છે અને જૈન શાસનની ઉત્તમ આરાધના હસ્તગત કરવા તેઓશ્રીના આદેશોને હૃદયના ભાવથી ધન્યતા સાથે અભિનંદી રહ્યા છે એવા શાસનના સિંહ પુરુષ, વિષમ કાલમા પરમ પરાક્રમ શાસન સુકાની ને અમે પણ 'જૈન શાસન' પરિવાર કોડ કોડ વંદના સાથે સ્મૃતિને યાદ કરી ગદ્‌ગદ્ બની તેઓશ્રીને ઝુકી રહ્યા છીએ.

તેઓશ્રીના પ્રકૃષ્ટ પ્રબળ ધર્મ શાસનની પ્રભાવનાએ લાખો હૈયામાં ધર્મને સ્થાપન કરી દીધો છે અને તેથી જ જૈન શાસન અઠવાડિક દ્વારા એક નમ્રકૃતજ્ઞ ભાવે શ્રદ્ધાંજલિ અર્પવાના નાના પ્રયત્ન પણ તેઓશ્રીની પરમ સુવાસ અને પરમ કૃપાએ આ પ્રયત્નને વિશાળ બનાવી દીધો અને ભાવિકોની ભાવ વિભોર ભાવનાએ એવી તો ભવ્યતા બક્ષી કે જૈન શાસન દ્વારા એક નહિ બે નહિ પરંતુ ત્રણ ત્રણ વિશેષાંકો અને તે પણ એક જ વર્ષમાં શ્રદ્ધાંજલિ આપી શકયા તે બધો પ્રભાવ આ પરમ પ્રજ્ઞાવંત પરમ પ્રબુદ્ધ પરમ પુણ્યવાન મહા પુરુષનો જ છે

અમો પણ શાસન સિદ્ધાંતના પરમ આદર્શ દાતા તેઓશ્રીને વારંવાર વંદના કરી ધન્યતા અનુભવીએ છીએ.

: નમો નમઃ શ્રી ગુરુ રામચન્દ્રસૂરયે :

—પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

ગુલાબ - ચંપક આદિ ઉત્તમ જાતિના પુષ્પો કે શતદલ – સહસ્ત્રદલ આદિ કમલોની પરિમલનો પમરાટ વાતાવરણને ચોમેરથી મઘમઘાયમાન બનાવે છે. એકવાર પણ તેનો આસ્વાદ અનુભવનાર તેની સોડમને ભૂલી શકતો નથી. મધુકરો દૂર-સુદૂરથી ખેંચાઈને તેનો આસ્વાદ માણવા આવે છે અને આસપાસ ભમ્યા કરે છે, ગુંજનથી વાતાવરણને વધુ આલ્હાદક બનાવે છે. કવિઓ કલ્પનાથી રંગીન પીંછીઓ પૂરી કાવ્યોનું સર્જન કરે છે અને અલૌકિક સૃષ્ટિનો ભાસ પેદા કરાવે છે.

એવી જ રીતે એવા પણ પુણ્યશાલી આત્માઓ જન્મીને, પોતાનું જીવ્યું તો કૃતાર્થ કરી જાય છે અને અનેકના જીવનને કૃતાર્થ કરવાનો રાહ ચીંધીને જાય છે. જન્મની સાથે જ મરણ નિયત છે. પણ તેવા પુણ્યાત્માઓનું મરણ પણ એવું અદ્‌ભૂત હોય છે કે જેનું વર્ણન ન થઈ શકે તેઓ યશ દેહે દશે દિશાઓને અજવાળી અમરતાને વરે છે જેમના ગુણગાન ગાતાં જીભ કયારે પણ થાકતી નથી, સાંભળતા નિત્ય નવીનતાનો અનુભવ થાય છે. અને હૈયામાં સંગ્રહાયેલી સ્મૃતિઓને તો એવો જ આભાસ થાય છે કે હજી તો આપણી વચ્ચે હતા, જેમનું સદૈવ પ્રસન્ન મુખકમલ નિહાળતાં નયનો તૃપ્ત થતાં ન હતાં, જેમને વન્દનાદિ કરી ભવવાસને કાપતા હતા, જેમની સેવા-ભક્તિ માટે અહંપૂર્વિકાની જેમ થનથનતા હતા, જેઓશ્રીજી પ્રસન્નદૃષ્ટિથી જોતાં તો અત્યંત આનંદ અનુભવવા સાથે જીવનની ધન્ય ઘડી માનતા હતા, મમતામયી માતાની જેમ જે રીતનું વાત્સલ્ય વરસાવતા તો અત્યંત રોમાંચ અનુભવતા હતા, જેમની નિશ્રાને જીવનનું સૌભાગ્ય માનતા હતા, તે પરમોપકારી, પરમ તારક પૂ. પરમગુરુદેવેશશ્રીજી જોત જોતામાં સૌને નોંધારા બનાવી સ્વર્ગની વાટે સંચરી ગયા અને આંખના પલકારાની જેમ બે વર્ષના વહાણા વહી ગયા છતાં પણ તેઓશ્રીજી જીવંત સમ ભાખ્યા કરે છે. અનંતોપકારી પુણ્યપુરુષની યાદી ડગલે ને પગલે આવે તે સહજ છે, આવા જ પુણ્યપુરુષોથી પૃથ્વી ઉપર સત ટકી રહ્યું છે.

આ મહાપુરુષનું સમગ્ર જીવન વિચારીએ તો લાગે કે– 'સત'ના રક્ષણ ખાતર સંઘર્ષો મજેથી વેઠયા પણ ખોટી બાંધ છોડ કે તરકોડ ન કરી, મોટાઈ મલતી હોવા છતાં પણ આ જ તેમના જીવનનું ઉજ્જવલ પાસુ હતું. તેથી સાચને કદી આંચ ન આવી એટલું જ નહિ તેમના અભય કવચને વરેલું સત્ય, જગતના ચોગાનમાં મજેથી કિલ્લોલતું હતું.

'સત્યમેવ જયતે' ના નારા તો અસત્યના ઉપાસકો જોર–શોરથી લગાવતા હોય છે પણ ગરદન તો સત્યની જ કાપતા હોય છે. ખરેખર સત્ય માટે મરી ફીટનારા તો

પંચષા (પાંચકે છ) હોય છે. તેમાં વર્તમાન કાળમાં આમની હરોળમાં આવે તેવું કોઇ જ ન હતું.

ભગવાન શ્રી જિનેશ્વર દેવોનાં પરમ તારક વચનો ઉપરની અંતરંગ પ્રીતિ, આજ્ઞા ઉપરનું અનન્ય બહુમાન, આજ્ઞાની આરાધનામાં જ સર્વ શ્રેય છે તેવી પૂર્ણ શ્રદ્ધા તેથી જ શાસન ઉપર જે અવિહડ રાગ જન્મ્યો હતો કે– 'શાસન છે માટે હું છું પણ હું છું માટે શાસન નથી' આ જ કારણે તેઓમાં જે ખુમારી-જવાંમર્દી પ્રગટેલી તે સૌના અનુભવમાં છે. તેથી જ શાસન ઉપર આવતાં વિપ્લવોને માન–અપમાનની ચિંતા કર્યા વિના, સંપૂર્ણ શકિત ખર્ચીને દૂર કર્યા અને આરાધનાનો માર્ગ સરળ બનાવ્યો.

આત્માની શુદ્ધદશા સ્વરૂપ મોક્ષને જ પામવાની તીવ્ર તાલાવેલી, રોમે રોમમાં પરિણમન પામેલ સંયમ અને બધાને સંયમી બનાવવાની જે અભિલાષા : તેના જ કારણે બાલ દીક્ષાને પણ સુલભ બનાવી તે માટે જે કષ્ટો તકલીફો વેઠયા તે આજ પુણ્યપુરુષની વજ્રસમાન છાતી ઝીલી શકે. તે અંગે તેઓ ખુદ કહેતા કે– "તે વિરોધ વંટોળના વાતાવરણમાં પણ શાસનરક્ષાના જે જે કાર્યો કર્યા તેમાં તે વખતના શ્રમણો પાસકોનું પણ તેવું જ તન–મન–ધનનું પીઠબળ હતું. જ્યારે પાછલી જિંદગીમાં તેવા સમર્પિત શ્રાવકોનો અભાવ પોતે અનુભવ્યો. પણ પોતાની પગ ઉપર નિર્ભર રહી સામનો કરતા.

તે વખતના કેટલાક પ્રસંગો જોઇએ.

વિ. સં. ૧૯૮૨નું ચાતુર્માસ પૂજ્યશ્રીજી એ અમદાવાદ વિદ્યાશાળામાં કર્યું. ચાતુર્માસ પરિવર્તન શેખના પાડામાં કરવાનું નકકી થયું. બાલદીક્ષાનો વિરોધીવર્ગ ત્યારે મોટો હતો એમાંનો એક શેખના પાડામાં રહેતો હતો. રતનબાઇના પતિને અપાયેલી દીક્ષા અંગે પણ એ ખૂબ ઉશ્કેરાયેલો હતો એણે જાહેર કર્યું કે 'મહારાજ સાહેબનું સામૈયું મારા ઘર પાસેથી પસાર થશે તો હું એમને મારીશ' એણે ચાતુર્માસ પરિવર્ત્તનનો બહુ વિરોધ કર્યો.

ચાતુર્માસ પરિવર્ત્તનનો દિવસ આવ્યો અને શેખના પાડામાં પૂજ્યશ્રીજી સામૈયા સહિત પ્રવેશ્યા. સામૈયું પેલા વિરોધીના ઘર પાસે અટકયું. બેન્ડ સતત પંદર મિનિટ સુધી વાગતું રહ્યું. પણ એ વિરોધી ઘરમાંથી બહાર જ ન નીકળ્યો સામૈયું નિશ્ચિત સ્થળે પહોંચ્યું. પ્રવચન શરૂ થયું. ચાલુ વ્યાખ્યાને રતનબાઇએ અચાનક ધસી આવી મહારાજજીનાં કપડાં ખેંચ્યા. હોહા થઇ ગઇ. સભા વિસર્જન થઇ. રતનબાઇએ મહારાજજી પર બદનક્ષીનો દાવો નોંધાવતો કેસ કર્યો (સંદેશ વર્તમાન પત્રમાં પૂજ્યશ્રીજી માટે ખૂબ ઘસાતું લખાયું.) રતનબાઇનો કેસ પૂરો થયો. રતનબાઇ હારી ગઇ.

વિ. સં. ૧૯૮૫ નું ચોમાસું મુંબઇ લાલબાગમાં નકકી થયું. લાલબાગમાં પ્રવેશ થયો બાલ દીક્ષાના પ્રશ્ને એમના દશહજાર (૧૦૦૦૦) લગભગ વિરોધી હતા અને ભકતો તો હતા માત્ર પાંસસો (૫૦૦) જ વિરોધીમાં જૈન યુવક સંઘ પણ હતો.

પ્રવેશના સમયે વિરોધીઓ 'શેમ શેમ' ની ચીસો પાડતા હતા 'રામવિજય પાછો જા'ની બૂમો પડતી હતી. પ્રવેશ થઇ ગયો અને રોજના ૮ા થી ૧૦ વ્યાખ્યાનો શરૂ થયા.

વ્યાખ્યાનો જામતાં ગયાં. એક દિવસ ચાલુ વ્યાખ્યાને આડા અવળા પ્રશ્નો સભામાંથી ઊભા થયા અને જોત જોતામાં સભામાં તોફાન ફેલાઇ ગયું. હો...હા... થઇ અને મારા-મારી થઇ. મારા મારીમાં માર ખાઇને, આ માર મારવાની ઉશ્કેરણી કરનાર તરીકે પૂજ્યશ્રીજી સામે વિરોધી વર્ગે ફોજદારી કેસ કર્યો.

જે દિવસે કેસ કર્યો તે જ દિવસે મહારાજજીના ભક્તોએ 'યંગમેન્સ સોસાયટી'ની સ્થાપના કરી, (પ્રેસીડેન્ટ-કેશવલાલ મોહનલાલ મહેતા, સેક્રેટરી-બાપાલાલ ચુનીલાલ, પૈસા-કિતાબનું ખાતું ભગવાનદાસ હાલાભાઇએ સંભાળ્યું જેઓ પાછળથી પૂજ્યશ્રીજીના શિષ્યને નામે પૂ. શ્રી ભદ્રંકરવિજયજી તરીકે ખૂબ જાણીતા થયા.) કમિટિની સ્થાપના થઇ (જીવાભાઇ પ્રતાપશી, નગીનદાસ કરમચંદ સંઘવી (પાટણ), પોપટલાલ ધારસી (જામનગર), શાંતિલાલ જેતશી (જામનગર) અને અન્ય ચુસ્ત ભક્તો) વોલીએન્ટર કોર્સની સ્થાપના થઇ. (આમાં ગુજરાતના ૧૧ કે ૯ સંઘપતિ પુત્રોને કાર્યકર્તાઓની ટુકડી સોંપાઇ,)

કેસના સંદર્ભમાં મહારાજજીને કોર્ટમાં હાજર થવું પડ્યું. પૂજ્યશ્રીજીને બેસવા માટે પાટ અપાઇ. વિરોધ પક્ષના વકીલે ઉભા થઇને જજને કહ્યું કે-'આરોપી ઊંચા આસને ન બેસી શકે ! સાથે બેઠેલા બે બાલમુનિઓ ઉભા થઇ ગયા અને જમીન ઉપર બેસવા તૈયાર થઇ ગયા...

પૂજ્યશ્રીજીના પક્ષે મિ. જિન્નાહ, મિ. શેટલ વર્ડ અને ત્રીજા એક વકીલ હતા. આ ત્રણેને લાવનાર બાલુભાઇ મોતીચંદ ઝવેરી હતા. એમણે ઉભા થઇને જજને કહ્યું કે-"માય લોર્ડ ! અમારા પૂજ્ય પ્રભુ સમાન ગુરૂ નીચે બેસે તો અમારે ક્યાં બેસવું ? તમારા ગુરૂ હોય તો તમે કેમ બેસો ? એમને બેસવા આપો તો જ અમે બેસીએ અને તો જ કેસની કાર્યવાહી થાય" જજે વાત સ્વીકારી. પાટ ઉપર બેસવાનું માન્ય થયું. કાર્યવાહી શરૂ થઇ. ચાર-પાંચ મુદતો બાદ કેસ જીત્યા, પૂજ્યશ્રીજી નિર્દોષ પૂરવાર થયા.

મુંબઇ ટાઉન હોલમાં જાહેર વ્યાખ્યાન. માણસ પાર વિનાનું થતું. હોલ બહાર જ દસ હજાર વિરોધીઓ પત્રિકાઓ છપાવી અને ફેલાતી. વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન બાદ એડિશ્નટન્ટ કોલેજના પ્રિન્સીપાલે બે મિનિટ વકતવ્ય આપ્યું કે-"મારી જિંદગીમાં જૈન તત્ત્વ વિષે મેં આવું વ્યાખ્યાન સાંભળ્યું નથી. પ્રોફેસર હોવા છતાં આ વસ્તુ મારા માટે નવી છે. પૂજ્યશ્રી રજા આપે તો અમે દર રવિવારે આવીએ.

અમારું તો બધું જ ખુલ્લું છે. અમે

બારણા રાખ્યા નથી. રોજ આવો'' એમ પૂજ્યશ્રીજીએ કહ્યું.

* *

૫૦૬૨ દિવસ બાદ ગોવાલીયા ટેન્કના મહાવીર વિદ્યાલયમાં વ્યાખ્યાન આપવા જવાનું નક્કી થયું. ટ્રસ્ટીઓ વિરોધી હતા. વિદ્યાર્થીઓને ચડાવ્યા કે–''આ તો લોકો પર ભૂરકી છાંટે છે. નાના છોકરાઓને મૂંડી નાખે છે'' વિદ્યાર્થીઓ છંછેડાયા. પૂજ્યશ્રી આવ્યા ત્યારે વિદ્યાર્થીઓ રાડો પાડવા લાગ્યા કે–'રામવિજય પાછા જાઓ. અમને તમારી જરૂર નથી.' મહારાજજીએ એક શબ્દ બોલ્યા વિના ઉપાસરમાં દર્શન કર્યા. વ્યાખ્યાનમાં બેઠા, સખત વિરોધ, મંગલાચરણમાં પણ હો હા અને ઘોંઘાટ. મહારાજજીએ કહ્યું–''શાંતિથી સાંભળો. જે પૂછવું હોય તે પૂછો. બધી શંકાના સંતોષકારક જવાબ આપીશ.'' વ્યાખ્યાનમાં **'જૈન સંસ્થાની અહિંસકતા'** માટે સમજૂતી આપી. વ્યાખ્યાન બાદ અડધો કલાક વિદ્યાર્થીઓએ માગ્યો. પછી કહ્યું કે–'અમે સાંભળેલું શું અને તમે કહો છો શું!' ફરી ત્રણ કલાક પ્રશ્નોત્તરી ચાલી. વિદ્યાર્થીઓએ નવું જીવન મળ્યાનો આનંદ વ્યકત કર્યો. પછી લાલબાગ આવ્યા.

આવી રીતના અનેક સંઘર્ષો, આક્ષેપો, મનેથી વેઠીને બાલ દીક્ષાનો માર્ગ સુલભ બનાવ્યો. ભગવાનના શાસનના સત્ય સિદ્ધાન્તોની રક્ષા કરી અને જગત ભરમાં શાસનનો જયજયકાર કરાવ્યો. 'સત્યમેવ જયતે' ઉક્તિને સાચી ઠેરવી વિરોધીઓને પણ સન્માર્ગના ઉપાસક બનાવ્યા.

હૈયું હચમચાવી મૂકે તેવી તેમની માર્ગસ્થ શ્રી જિનવાણીના અંશો જોઇએ.

"આ જગતમાં એવા પણ જીવો છે જે બીજાનું દુઃખ જોઇને રાજી થાય છે, આનંદ પામે છે. આરંભ અને સમારંભમાં ઘણી જીવ હિંસા થાય છે તેવું જાણ્યા પછી અને સમજ્યા પછી પણ જેનું હૈયું કંપે નહિ તે બધા જીવો જૈનપણું પણ પામે ખરા? તેવા જીવોને હવે દયાળુ સાધુઓ નથી ગમતા. આવી વાત કરનારા સાધુને દ્રવ્ય–ક્ષેત્ર–કાલ અને ભાવનું જ્ઞાન નથી તેમ લાગે છે. તેવા આગેવાનોના હાથમાં ધર્મનું સુકાન છે.

પ્ર૦ સંઘની વ્યવસ્થા ખતમ થઇ તે સાધુઓને આભારી છે ને!

ઉ૦ તમે અમને સારા રાખવા માગો તો અમારી તાકાત નથી કે અમે બગડીએ! તમારે સાધુ નથી જોઇતા પણ સમાજનો ઉદ્ધાર કરે, સમાજને ધંધે લગાડે, ઉદ્યોગશાળા સ્થાપે, સમાજની ચિંતા કરે તેવા સાધુઓ જોઇએ છે.

સભા :– સાધુ તો આત્માની ચિંતા કરનાર જ હોય ને!

ઉ૦ તમારે આત્માની જ ચિંતા કરે તેવા સાધુ જોઇએ છે કે 'સમાજના રોટલા ખાય છે માટે સમાજની પણ ચિંતા કરવી જોઇએ' તેવા સાધુ જોઇએ છે?

સાધુ તો આત્માની ચિંતા કરનાર જ જોઇએ આ વાત સમજે તેને જ સાચા સાચા સાધુ ગમે. બાકી અમને તો 'વાયડા' 'જીદ્દી' કહે છે, 'એકાંતવાદી' કહે છે, 'દ્રવ્ય-ક્ષેત્ર–કાલ અને ભાવને સમજતા નથી' તેમ કહે છે.

પણ તમને સાચા સાધુનો ખપ નથી. શાસ્ત્રની વાત કરે તે ગમતા નથી. તમારી વાતમાં હા એ હા કરે તેવા સાધુઓ ગમે છે. પછી આ બધું કયાંથી સમજાય ! આ કામમાં તો જેને ચમરબંધીની પણ શરમ ન પડે તેવા જીવોનું કામ છે. તમારા જેવા શ્રીમંતો નકકી કરે કે, પ્રાણ જાય તો હા, ફના થઇએ તો હા, પણ કોઇની શરમ નહિ અડે તો આજના બધા પ્રશ્નોનો નિકાલ થાય તેવો છે. અને શાસનનો જયજયકાર થાય તેવો છે. પણ તે માટે ભોગ આપવો પડે.

પ્ર૦ આપ જ કાંઇ રચનાત્મક કામ કરો ને ?

ઉ૦ સંસ્થાઓ સ્થાપવી તે અમારે માટે રચનાત્મક કામ છે. તેમ આમનું કહેવું છે. પોતે તો ધર્મ કરવો નથી અને અમારો ધર્મ પણ લુંટવો છે. સાચા સાધુ કદી આવાં કામમાં પડે જ નહિ.

અમારું રચનાત્મક કામ દીક્ષા આપવી, શ્રાવકપણું આપવું, સમકિત આપવું, માર્ગાનુસારીપણું આપવું, આજની દુનિયાની સંસ્થાઓ ખોલવી તે ધર્મનું કામ છે. ? ભગવાને અમને જેની ના પાડી તે અમારે કરવું જ નથી અમારે તો કશું નવું કરવાનું પણ નથી. સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા સંસ્થા ભગવાને રચી આપી છે. તે જાળવવાનું અમારું રચનાત્મક કામ ચાલુ જ છે. જે નવી રચના કરવા ગયા તે બધા ભગવાનનો માર્ગ ભૂલ્યા. અમારે તો ભગવાને આપેલા માર્ગનું રક્ષણ કરવું અને તેનાથી જરાપણ આઘા–પાછા ન થવું તે જ મોટામાં મોટું રચનાત્મક કામ છે "

હે પરમ કારૂણ્યનિધિ ! પરમતારક પરમ ગુરૂદેવેશશ્રીજી ! આપે અમને જે આદર્શોનો અમર વારસો આપ્યો છે તેનેય બરાબર વળગી રહીએ અને તેનાથી તસુભર પણ પાછા ન હઠીએ તેવી દિવ્ય આશિષ અમ ઉપર વરસાવો ! અને તેને જ બરાબર વફાદાર રહીએ તેવું સામર્થ્ય આપો તે જ ભાવના આજની આપની દ્વિતીય પુણ્યતિથિએ રાખીએ છીએ !

અમારો ધર્મ મહાન–જીવમૈત્રી પ્રધાન

સાચો માર્ગ – જીવદયા
ધર્મનો સાર – જીવદયા
કરૂણાનો સાર – જીવદયા
જીવનનો સાર – જીવદયા
આનંદનો માર્ગ – જીવદયા
હર્ષનો માર્ગ – જીવદયા
મુકિતનું સોપાન – જીવદયા
મુકિતનો માર્ગ – જીવદયા

બધાજ પ્રાણીઓને પ્રેમ કરો.
(જીવદયા પુકાર)

પ્રગટ થઇ ચૂકયું છે :—

શ્રી કલ્પસૂત્ર-બારસા સૂત્ર

(સચિત્ર)

આ સચિત્ર બારસા સૂત્ર

પ્રગટ થયું છે તેની વિશેષતાઓ એ છે કે :—

(૧) ૨૪ પોઇન્ટ ટાઈપમાં લાંબા સમાસ વાંચવાની સરળતા માટે છૂટા પાડેલા છે.

(૨) અક્ષરો પણ છૂટા અને તરત વાંચી શકાય તેવા છે.

(૩) કુલ પેજમાં ૪ કલરમાં મુદ્રિત ૪૧ ચિત્રો છે.

(૪) ૧૪ સ્વપ્નોનાં બે પેજમાં મોટા ચિત્રો છે.

(૫) ૨૪ તીર્થંકરોના ચિત્રો બે પેજમાં દરેક પ્રભુજીની આંગી, મુગટ, હાર વિ. જુદી જુદી ડીઝાઇનમાં છે

(૬) ભારે આર્ટ પેપરમાં છાપેલ છે. ૫૦૦ નકલો જ છે માટે શીઘ્ર વસાવી લેવા વિનંતિ છે.

મૂલ્ય રૂા. ૧૫૦-૦૦

બે કે વધુ નકલ લેનારને ૧૦% ટકા કમીશન અપાશે.

મુંબઇ અમદાવાદ પાલીતાણા જૈન બુક સેલરો પાસે માંગો અગર લખો :—

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o શ્રુતજ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ

જામનગર-(સૌરાષ્ટ્ર)

—: સૂચના :—

આ અંક પછીને અંક ' પદયાત્રા સંઘ-વિશેષાંક ' તરીકે તા. ૩૦-૭-૬૩ ના પ્રગટ થશે.

તે પછી ૬ઠ્ઠા વરસના પ્રારંભે ' આણા-એ-ધરમો ' વિશેષાંક તા. ૧૭-૮-૬૩ ના પ્રગટ થશે.

પ. પૂ. પરમશાસન પ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની દ્વિતીય પુણ્ય તિથિ પ્રસંગે
તેઓશ્રીના ઐતિહાસિક ઉન્નત જીવનની અલ્પ ઝાંખી

ઇતિહાસને અજવાળનારા

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓનો આખા જગત ઉપર અનન્ય અનુપમ ઉપકાર છે. કે જે પરમતારકોએ આ દુઃખ રૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી આ સંસારથી છૂટવાનો સુંદર માર્ગ પોતાના જીવનમાં જીવીને, ભવ્ય જીવોના કલ્યાણને માટે બતાવ્યો છે. જે માર્ગે ચાલીને આજ સુધીમાં અનંતાનંત આત્માઓ સાચાં અને વાસ્તવિક સુખને પામી, આત્માની સ્વભાવદશામાં રમી રહ્યા છે. તે પરમ તારકોની અવિદ્યમાનતામાં, આ તારક માર્ગને જગતમાં વહેતો રાખવાનું ભગીરથ કાર્ય માર્ગસ્થ પૂ. આચાર્ય ભગવંતાદિ કરી રહ્યા છે. તારક એવા આ શાસનની આરાધના, રક્ષા અને પ્રભાવના એ જ જેઓશ્રીજીના જીવનનું પરમકર્ત્તવ્ય છે. શાસનનું પ્રાણના ભોગે પણ જતન કરવું એ જ જેઓનું ધ્યેય છે તેવા સુગૃહીત પુણ્યનામધેય અનેકાનેક પૂ. આચાર્ય ભગવંતો થઇ ગયા છે. તેમાં વર્તમાન કાળમાં જેમની તોલે કોઇ જ ન આવે તેવા એક પુણ્યપુરુષ પૂર્વજોની પરંપરાના પગલે ચાલી વિક્રમસર્જક ઇતિહાસ સર્જી ભાવિ પેઢીને અનેક આદર્શોની ભેટ ધરીને, સ્વયં ઇતિહાસ બની ગયા. તે પૂજ્યશ્રીજીના ગુણગાન ગાવ કે તેઓશ્રીજીના જીવનનું યથાર્થ આલેખન કરવું તે એક અશકય કોટિનું કામ છે. છતાં પણ ગુરુભક્તિથી પ્રેરાઇને યથામતિ એક ટુંકા આલેખનનો પ્રયાસ કરું છું છદ્મસ્થાવસ્થા, મતિમંદતા કે પ્રમાદ–ખ્યાલફેરાદિથી ભૂલ થઇ હોય તો જાણકારોને ધ્યાન ખેંચવા તેમજ દરગુજર કરવા નમ્રવિનંતિ છે.

ધર્મસંસ્કારોની આલબેલ પોકારાતી ગુર્જરભૂમિમાં, વડોદરાની નજીકમાં આવેલ પાદરા ગામના વતની ધર્મપ્રેમી શ્રેષ્ઠી શ્રી છોટાલાલ રાયચંદના ધર્મપત્ની શ્રીમતી સમરથબેનને, ખંભાતની નજીકમાં આવેલ દહેવાણ ગામમાં, સં. ૧૯૫૨ ના ફાગણ વદિ ૪ ના પવિત્ર દિવસે એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. અગમભાવિના એંધાણ જ ન હોય તેમ તેનું 'ત્રિભુવન' એનું નામાભિધાન કરવામાં આવ્યું. જન્મના માત્ર દશ જ દિવસમાં તેમના પિતાશ્રી છોટાલાલભાઇ અલ્પ માંદગીમાં સ્વર્ગવાસી બન્યા. માતા સમરથબેનને ખબર મળતાં બાળકને ટોપલામાં નાખી તેઓ પાદરા આવ્યા પરન્તુ તે પૂર્વે જ શ્રી છોટાલાલભાઇનો જીવનદીપ બૂઝાઇ ગયો અને ત્રિભુવન પિતાનું મુખકમલ

ન નિહાળી શકયો. તે બાળકના પાલનમાં અને જીવન ઘડતરમાં પતિના શોકને માતા દૂર કરતી. પરન્તુ કાળરાજા પણ આ કંચનસમા પુત્રની કસોટી ન કરતો હોય તેમ સાત વર્ષની વયમાં તેમના માતા સમરથબેન પણ પ્લેગના રોગમાં પતિને માર્ગે ચાલ્યા. બાલક એવા ત્રિભુવનને માટે તો આ આઘાત અસહ્ય જ ગણાય ! બાલ્યવયમાં જ માતા–પિતાની છત્રછાયા ગુમાવનારની દશા જગતમાં નજરે દેખાય છે. પરન્તુ પુણ્યશાલી એવા ત્રિભુવનના ઉછેરની જવાબદારી દીર્ઘાયુ ધરાવનાર તેમના પિતાના પિતાની માતા 'રતનબા' એ ઉપાડી લીધી. પોતાના આંખના રતનનું એવી કાળજીથી જતન કર્યું કે શ્રી જૈન શાસનને એક અણમોલ રત્નની પ્રાપ્તિ થઇ જેની દેદીપ્યમાન જયોતિ યુગોના યુગો સુધી ફેલાઇ રહેશે, જનજીભે ગવાતી રહેશે.

બાબા પાદરા ગામમાં આદરણીય–માનનીય એવા રતનબાએ એવી કુશલતાથી ત્રિભુવનના જીવનને સુસંસ્કારિત કરવા માંડયું કે, ચાર વર્ષની વયથી રોજ સવારના પોતે પ્રતિક્રમણ કરે ત્યારે ત્રિભુવનને પણ સાથે બેઠાડી પ્રતિક્રમણ કરાવતા. અને ધર્મનું એવું અમીપાન કરાવ્યું કે 'આ મનુષ્યજન્મ દીક્ષા લેવા માટે જ છે. દેવોને પણ સુદુર્લભ એવું સાધુપણું એક માત્ર મનુષ્ય જન્મમાં જ મલી શકે છે, આરાધી શકાય છે' આ વાત ત્રિભુવનના હૈયામાં એવી અસ્થિમજ્જા કરાવી કે, છ વર્ષની વયના બાલક ત્રિભુવને દીક્ષા ન લેવાય ત્યાં સુધી સા. શ્રી આણંદશ્રીજી પાસે ઘેબરના ત્યાગનો નિયમ કર્યો. રતનબા પણ તેની ઇચ્છાને અનુકૂળ જ વાતો કરતા પણ મોહવશ સાથે સાથે કહેતા કે, 'દીક્ષા જ લેવા જેવી છે, તું દીક્ષા લેવા જ સર્જાયો છે પણ મારા જીવતા નહિ.'

પાંચ વર્ષની વયે વ્યવહારિક અભ્યાસ શરૂ કરનાર ત્રિભુવને તેર વર્ષની વય સુધીમાં તો ગુજરાતી સાત ચોપડી અને અંગ્રેજી એક ચોપડીનો અભ્યાસ પૂર્ણ કર્યો. સાથે સાથે પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વ, ભાષ્ય, સમકિતના સડસઠ બોલની સજ્ઝાય, સ્તવનાદિનો પણ ધાર્મિક અભ્યાસ કર્યો. ધર્મની તીક્ષ્ણ મતિ જોઇને તેમના પાઠશાળાના શિક્ષક શ્રી ઉજમશીભાઇ પણ પોતાની વિદ્યા સુપાત્રમાં પડી તેનું ગૌરવ સહ સંતોષ માનતા. નવ વર્ષની વયથી તો તેણે ઉકાળેલું પાણી શરૂ કર્યું અને બારવર્ષની વયથી તો તે બાળક ઉપાશ્રયને જ ઘર માનીને ત્યાં જ રહેવા લાગ્યો અને ભંડારના બધા જ ગુજરાતી પુસ્તકો વાંચી લીધા. એટલું જ નહિ પણ નવ વર્ષની વયે તો શ્રી નીતિસૂરિ દાદાના પ્રશિષ્ય શ્રી ચંદનવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવા ઘર છોડી ચાલી નીકળેલો પરન્તુ કુટુંબીઓને ખબર પડતાં લઇ આવેલ. બાલ્યકાળથી જ આવી પ્રતિભા ધરાવનાર ભાવિમાં ચમકતો સિતારો બને તેમાં નવાઇ શી છે !

(૨)

સિંહ કયારેક ફાલ–છલાંગ પણ ચૂકે, તો પણ તેના પરાક્રમમાં ઓટ નથી આવતી. એકવાર નિષ્ફળતાને પામવા છતાં પણ ત્રિભુવનની સંયમની ભાવના દિન-પ્રતિદિન બલવત્તર બનવા લાગી. તક મળતાં જ આ બાળક જરૂર દિક્ષા લેવાનો જ છે તેવી આત્રી કુટુંબીઓની થઇ. તેથી તેને અનુકૂળ પ્રલોભનોથી આકર્ષવા તેના કાકા શ્રી તારાચંદભાઇએ ત્રિભુવનને એવા ભાવનું કહ્યું કે– 'તું આ દીક્ષાની ખોટી જીદ મૂકી દે, હું તને મારી ખીકતી પેઢી સોંપી દેવા તૈયાર છું.'' તો તેમાં જરાપણ મૂંઝાયા કે લોભાયા વિના ત્રિભુવને કહ્યું કે– ''પાપની પેઢી ચલાવવામાં અને જોડવામાં તમને કેમ આટલો રસ છે તે સમજાતું નથી. ધર્મની પેઢીના માર્ગે જતાં રોકવામાં શું આનંદ આવે છે ?''

એકવાર મામાએ ત્રિભુવનને કહ્યું કે– 'તારી પાસે જેટલાં કપડાં છે તે ફાટી જાય પછી દીક્ષા લે જે.' તો ત્રિભુવન કાતર લઇને કપડાં ફાડવા લાગ્યો તો મામાએ કહ્યું કે– 'આ શું કરે છે ?' તો તેને તુરત જ જવાબ આપ્યો કે– ''આપે જે કહ્યું તેનો અમલ કરું છું તેની આ હાજરજવાબીતાથી મામાના હૈયામાં એવો ભાવ જન્મ્યો હતો કે– ''આની બુદ્ધિ આગળ ભલભલા પાણી ભરે છે. ખરેખર આ અમારા કુળને ત્રિભુવનમાં અજવાળનારો થશે.''

જેના શ્વાસેશ્વાસમાં દીક્ષાનું જ રટણ છે તે ત્રિભુવનને આ રટથી છોડાવવા તેમના કાકા શ્રી તારાચંદભાઇ તથા મોહનભાઇ વકીલ સમજાવવા માટે ત્યારના એક પારસી જજ પાસે લઇ ગયા. જજે ત્રિભુવનને પૂછયું કે– ''તું દીક્ષા– દીક્ષાની જ વાત કેમ કરે છે ? શું ઘરમાં રહે રહે પણ ધર્મ નથી થતો ?'' અપરાક એવા ત્રિભુવને જરાય ઠંડાક અનુભવ્યા વિના બેધડક કહ્યું કે– ''આપ ઘરમાં રહો રહો કેટલો ધર્મ કરો છો ?'' બાલકની આવી નીડરતા–સાત્વિકતાથી પ્રભાવિત જજે પણ સર્ટીફીકેટ આપ્યું કે– ''આ બાળક દીક્ષા લેવા જ જન્મ્યો છે.''

આવી અનુકુળવાતોમાં નહિ લેપાયેલો જોઇને, પ્રતિકુળ માર્ગનું આચરણ કરનારા કુટુંબીઓએ ત્યારના દૈનિક પેપરમાં એવા ભાવની જાહેરાત આપી કે– ''આ ત્રિભુવનને જે કોઇ દીક્ષા આપશે તેની ઉપર કાયદેસર પગલાં લઇશું.'' તે જાહેરાત ત્રિભુવનને બતાવી તો તેણે પ્રત્યુત્તર વાળતાં કહ્યું કે– ''હું જ મક્કમ હોઉં તો કાયદો શું કરવાનો છે ?''

આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી ત્રિભુવન, નામુ લખવાનું, અરજી લખવાનું અને ઉઘરાણીનું કામ કરી, દાદીમાને સહાયભૂત બનતો. અને બાકીનો સમય ઉપાશ્રયમાં વ્યતીત કરતો. પાદરા વિહારભુમિનું ક્ષેત્ર હોવાથી અનેક સાધુઓનું આવાગમન થતું.

તે બધા સાધુઓને ગોચરી–પાણી આદિ માટે લઈ જતો. પરન્તુ વંદન તો સુવિહિતપણાની ખાત્રી થયા પછી જ કરતો. તો તે સાધુ પણ તેની પીઠ થાબડી કહેતા કે– "બચ્ચા ! આવો જ મક્કમ બનજે. આ ઉત્તમાંગ એ ફરેરો નથી કે જ્યાં ત્યાં ઢળી પડાય. પંચાંગ પ્રણિપાત તો ઓળખ્યા પછી જ કરાય."

આની તેજસ્વીતા તથા પ્રગલ્ભતા તથા દીક્ષાની ભાવના જોઈ ઘણા આચાર્યાદિ પણ તે ત્રિભુવનને પોતાનો બનાવવા પ્રલોભનો બતાવતા અને કહેતા કે– "અમારી પાસે દીક્ષા લઈશ તો તારી પ્રગતિ ઝટ થશે. તને ઝટ પદવીધર બનાવીશું." તો તેઓની પણ શેહશરમમાં તણાયા વિના ત્રિભુવન કહેતો કે– "મારે દીક્ષા જરૂર લેવી છે. પણ જ્યાં મારા આત્માનું કલ્યાણ થાય ત્યાં જ." પદ ને માટે પડાપડી કરી પદની કિંમત ઘટાડનારાઓએ આ વાત બહુ જ શાંતચિત્તે વિચારવાની જરૂર નથી લાગતી ?

જે રસોડે એક સમયે દોઢસો–દોઢસો માણસ જમતું તે ભર્યાભાદર્યા કુટુંબમાં, કાળબળે એક માત્ર આ ત્રિભુવન જ હતો. તેથી તેણે પોતાના ઇષ્ટ અર્થની સિદ્ધિ માટે કપરાં ચઢાણ ચઢવાના હતા. દાદીમાએ તેના હૈયામાં દીક્ષાના બીજનું વાવેતર તો કર્યું હતું. સાથે સાથે તેની ખીલવણીની માવજત પણ કરી હતી. પણ એક જ વાડ બાંધેલી કે મારી હયાતિ બાદ જ તારે દીક્ષા લેવાની.

પુણ્યશાલી આત્માને અનુકૂળ સામગ્રી અનાયાસે પ્રાપ્ત થઇ જાય છે અને પ્રાપ્ત તકને તેઓ બરાબર જડપી પણ લે છે. સં. ૧૯૬૮ માં વડોદરામાં ન્યાયાંભોનિધિ પૂ. શ્રી આત્મારામજી મહારાજાના સાધુઓનું સંમેલન સદ્ધર્મરક્ષક પૂ. આ. શ્રી. વિ. કમલસૂરીશ્વરજી મહારાજાની અધ્યક્ષતામાં મળ્યું હતું. તે વખતે બાલ શ્રાવક એવા ત્રિભુવને પણ તેમાં હાજરી આપી હતી અને સૌ પૂજ્યોના પરિચયમાં તે આવ્યો હતો.

યોગાનુયોગ સં. ૧૯૬૮ નું ચોમાસું પૂ. પં. શ્રી જ્ઞાનવિજયજી ગણીવર્ય આદિનું પાદરામાં અને પૂ. ઉપા. શ્રી વીરવિજયજી મહારાજા, પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. નું પાદરા નજીક કરાપરા ગામમાં થયું. તે સર્વેના નિકટતમ સહવાસનું સૌભાગ્ય તેને પ્રાપ્ત થયું. તેનું હૃદય પણ આ સર્વે પૂજ્યોને જોઈ ઠરવા લાગ્યું. 'અહીં જ મારું શ્રેય છે, કલ્યાણ છે. તેમ હૈયામાંથી નાદ ઉઠવા લાગ્યો. ઝવેરી જ રતનની પરખ કરી શકે, કિંમત આંકી શકે. તેમ જૈન શાસનના રત્નપારખુ ઝવેરી સમાન પૂજ્યોએ શાસનના આ ભાવી રત્નને બરાબર પરખી લીધું. પરસ્પરનો પરિચય વધવા લાગ્યો. અને એક દિવસ અવસર પામીને પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજે ત્રિભુવનને કહ્યું કે– "આયુષ્યનો ભરોસો નથી. કોણ પહેલું જાય તે ખબર નથી. તું પહેલો જાય કે દાદીમા પહેલા જાય તેની ખબર નથી." તેટલને ટકોરો બસ. તેણે દૃઢનિર્ધાર કર્યો કે, હવે મારે વહેલામાં વહેલું જ સંયમ લેવું. તે વખતે તેના મુખકમલ ઉપર જે દિવ્યકાન્તિ પ્રગટી હશે, તેનું તેજ નિહાળી પૂજ્યોને પણ થયું હશે કે, જૈન શાસનનો ઉદય નંકઠી જ છે.

(૩)

સાહસિક પુરૂષોના ચરણોને જ સિધ્ધિ ચૂમે છે. સાહસ વિના સિધ્ધિ પ્રાપ્ત થતી નથી. આ ચોમાસા બાદ મારે વહેલામાં વહેલી દીક્ષા લેવી છે. આવો માનસિક દૃઢ નિર્ણય ત્રિભુવને કર્યો. મારા જવાથી પણ કાકીમા સારી રીતે સચવાઇ જશે. કોઇ વાંધો આવવાનો નથી.

' કાર્યં સાધયામિ ' ના દૃઢ નિર્ધાર સાથે, ત્રિભુવને સં. ૧૯૬૬ના પોષ શુકલ અષ્ટમીના શુભ દિવસે વહાલસોયી ધર્મના સીંચન કરનારી કાકીમાનો તથા વતનનો ત્યાગ કર્યો અને વડોદરા સ્થિત પૂ. પં. શ્રી જ્ઞાનવિજયજી ગણિવર્યની સેવામાં ઉપસ્થિત થઇ, પોતાની મનોભાવનાને વાચા આપતા કહ્યું કે—" નળકના સારા મુહૂંતે મને દીક્ષાને આપો, વર્ષોથી હૈયામાં બીજ રૂપે પડેલાં સ્વપ્નને સાકાર કરવાનો મનસૂબો કરીને જ આપના શરણે આવ્યો છું." બે–એક દિવસ તેની મક્કમતા બરાબર થકાસી, પૂ. જ્યોતિષ માર્તંડે તેની પ્રવ્રજ્યા માટે પોષ સુદિ–૧૩ નો મંગલ દિવસ આપ્યો. તે વખતે ત્રિભુવનના રોમે–રોમમાં જે હર્ષની ઉર્મિઓ ઉછળી હશે તે કવિઓની કલ્પનાને પણ આંબી ગઇ હશે ! પોતાની ઇષ્ટ પૂર્તિ થાય ત્યારે થતો આનંદ સૌના અનુભવ ગોચર છે. કોઠારી કુટુંબે મંગલ તિલક કર્યું. અને ત્યાંથી પૂ. પંન્યાસજી મહારાજે તેને પોતાના તારક ગુરૂદેવ પૂ. મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ જંબુસર બિરાજતા હતા ત્યાં મોકલ્યો. કેમકે વડોદરામાં તેની દીક્ષા થાય તેમ ન હતી. ત્રિભુવન વડોદરાથી માસરરોડ જતી રેલ્વે ગાડીમાં બેઠો અને માર્ગમાં પાદરા પણ આવતું તેથી તે પૂર્વે જ રેલ્વેના ડબ્બાના પાટીયા નીચે સૂઇ ગયો જેથી કોઇ પરિચિત ઓળખી–પારખી ન જાય. રાત્રિના આઠ કલાકે માસર રોડ પહોંચ્યો. ભય લગાડે તેવી રાત્રિ હતી. છતાં પણ નિર્ભીક છાતી-વાળો તે એક ગાડાવાળાની પાછળ પગે ચાલતો જંબુસર પહોંચ્યો અને રાત્રિના અગિ-યાર વાગે પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજની સેવામાં ઉપસ્થિત થઇ, તેમને જગાડી, બધી વાત કરી. પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજે તેને શાંતિથી સુઇ જવા કહ્યું. ત્યારપછી બધા સાધુઓને જગાડી કહ્યું કે આને દીક્ષા આપવાની છે તો કાલે વિહાર કરી આમોદ જવાનું છે. તે સાંભળી ત્રિભુવનના શંકિત હૃદયમાં જે શાતા ઉપજી હશે તે, તે જ જાણે ! બીજા દિવસે સૌ આમોદ ગયા. ત્યાં પૂ. ઉપાધ્યાયજી મહારાજને વંદનાર્થે આવેલા એક બહેને ત્રિભુવનને જોઇને કહ્યું કે " અલ્યા સબુડા ! તું અહીં કયાંથી ? " (ત્રિભુવનનું લાડલું નામ સબુડો હતું) ત્રિભુવને તે બહેનને સમજાવી રવાના કર્યા. પછી પૂ. શ્રી ઉપાધ્યાજી મહારાજે ત્રિભુવનને કહ્યું કે અહીં પણ તારા સબંધી છે માટે અહીં દીક્ષા નહિ થઇ શકે. ત્યારે ત્રિભુવનને દુઃખ થયું હશે કે શું સિદ્ધિ હજી પણ મને સાતતાલી દઇ જતી રહેશે ? કિનારે આવેલું જહાજ ડુબી જશે ? દીક્ષાના મંગલ મુહૂંર્તની આડે

માત્ર ગણત્રીના જ કલાકો હતા, શું કરવું તેની સૌ વિસામણમાં હતા. ત્યારે પૂ. શ્રી મંગલવિજયજી મહારાજાએ પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજને કહ્યું કે "અહીંથી ગંધાર નજીક છે. જો આપ અનુજ્ઞા આપો તો ત્યાં જઈને આનો પ્રસંગ પતાવી આવીએ." પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજની અનુજ્ઞા મેળવી. તે જ દિવસે સાંજના પૂ શ્રી મંગલવિજયજી મ. પૂ. શ્રી પદ્મવિજયજી મ. અને ત્રિભુવન વિહાર કરી ટંકારીયા ગામ ગયા. ત્યાં રાત્રિ પસાર કરી. બીજે દિવસે એટલે કે પો. સુ. ૧૩ના દિવસે સવારના સૌ ગંધાર પહોંચ્યા.

ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરમાં દીક્ષાની મંગલક્રિયાનો પ્રારંભ થયો. મંદિરનો પુજારી અને સાધુપણાની ઉપધિને લઈને વડોદરાથી આવેલ કોઠારી કુટુંબનો એક સભ્ય તે બેની હાજરી ! મુંડન વખતે વાયુદ પણ સમયસર આવી ન શકયો તો પૂ. શ્રી મંગલવિજયજી મહારાજે મુહુર્ત્ત ન વીતી જાય માટે જાતે જ મુંડનવિધિ કરવા લાગ્યા. પછી તો વાયુદ પણ આવી ગયો. અને મંગલ મુહુર્તે લોચ પણ થઇ ગયો અને પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મહારાજના શિષ્ય તરીકે પૂ. મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજ તરીકે જાહેર કરાયા ! તે વખતે સાગર કિનારો, દરિયાઇ પવનનો સૂસવાટો, દીપક પણ બૂઝ બૂઝ થતો હતો પણ આખો પ્રસંગ સારી રીતના પૂર્ણ થયા પછી પૂ. શ્રી મંગલવિજયજી મહારાજના મુખમાંથી સાહજિકતાથી શબ્દો સરી પડયા કે "આના જીવનમાં ઘણા ઝંઝાવાતો આવશે પણ આ કથાથી પાછો પડશે નહિ અને બધાનો મક્કમતાથી પ્રતિકાર કરી, સાચો માર્ગ બતાવશે."

હજારો અને લાખોની હાજરીમાં, ભારે ઠબઠબા પૂર્વક દીક્ષાઓને આપનાર આ મહાપુરૂષે, સાગરતટે માત્ર એક જ આંગળીને વેઢે ગણાય તેટલી હાજરીમાં દીક્ષાને ગ્રહણ કરી, તે પણ ઘણી જ મુશ્કીલતે. ત્યારે દીક્ષાદેવી પણ હર્ષથી નાચી ઊઠી હશે કે "જગતમાં મારો જયજયારવ કરાવનાર, ઝાલઝાલા કરાવનાર આત્મા જન્મી ચૂકયો છે."

(૪)

દીક્ષા લઈને ભરૂચ આવ્યા. પાદરામાં સમાચાર પહોંચી ગયા કે, ત્રિભુવને દીક્ષા લઈ લીધી છે. કુટુંબીઓમાં ખળભળાટ મચી ગયો. 'કોઇપણ ભોગે તેને પાછો લઇ આવવો' આવો સર્વ સામાન્ય બધાનો મત હતો. દીક્ષાના અમીપાન પાનાર રતનબાને પણ મોહવશ ક્ષણવાર આંચકો આવી ગયો. પણ પછી તુરત જ સાવધ થઇ ગયા અને ભરૂચ જવા તૈયાર થયેલા કુટુંબીઓમાંથી વિશ્વાસુ અને દાહ્યા એવા ચાર-પાંચ કુટુંબીને ખાનગી કહી દીધું કે "તે પાછો આવવા તૈયાર ન હોય તો બળજબરી કરી તેને પાછો લાવતા નહિ" અને મારા વતી ખાસ કહેજો કે "દીક્ષા લઈ લીધી છે તો સારામાં સારી રીતે પાળે."

અકળાયેલા કુટુંબીઓ ભરૂચ આવ્યા. ઉપાશ્રયનું વાતાવરણ સાંજુબ્ધ બન્યું. પણ નૂતન મુનિ શ્રી રામવિજયજી મહારાજે, સૌને સમજાવીને શાંત કર્યા. વિશ્વાસુ માણસોએ રતનબાનો સંદેશો આપ્યો. આ બધુ જોઇ સાશંક બનેલા પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાથે નૂતન મુનિશ્રી. ઉપર ઓવારી ગયા અંતરના આશીર્વાદથી નવાજ્યા હશે. વિઘ્નોનું એક વાવાઝોડું શમી ગયું. તે પછી નૂતન મુનિશ્રી ને યોગ કરાવી વડોદરામાં ફાગણ સુદ બીજના દિવસે વડી દીક્ષા અપાઇ. ત્યારપછી વિહાર કરતા સૌ પાદરા આવ્યો. નૂતન મુનિશ્રી ને રતનબા પોતાને ત્યાં વહોરવા માટે લઈ ગયા. મોહના ઉછાળાના જોરે, ઘરમાં પ્રવેશ્યા પછી રતનબાએ ઘરના દરવાજા બંધ કર્યા અને પૂ. મુનિશ્રી ને કહ્યું કે "જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી તમો અહીં જ રહો.,, ત્યારે પૂ. મુનિશ્રી એ સૌમ્ય ભાષામાં સમજાવ્યું કે સાધુથી આવી રીતના ગૃહસ્થના ઘરમાં રહેવાય ? પાછા મોહે જોર કરતાં દાદીમાએ કહ્યુ કે "મારા જીવતા સુધી અહીં પાદરામાં જ રહો,, ત્યારે પૂજ્યશ્રીજીએ જણાવ્યું કે "સાધુથી આવી રીતના એક જ ગામમાં રહેવાય ખરું ?, રતનબાનો મોહ દુર થયો અને હૈયામાં વિવેક દીપક પ્રગટયો અને અંતરના આશીર્વાદ આપતા કહ્યું કે સાધુપણાની સુંદર આરાધના કરજે અને શાસનને દીપાવજે.. ત્યારપછી થોડા જ સમયમાં દાદીમા પણ સમાધિથી સ્વર્ગવાસી બન્યા. પૂજ્યશ્રીજી આ માર્ગે ચઢાવનાર દાદીમાના ઉપકારને કયારેય વીસર્યા નથી. અવસરે અવસરે તેમને યાદ કર્યા જ છે. કેવો અપૂર્વ કૃતજ્ઞતા ગુણ ! જ્યારે આજે તો કરેલા ઉપકારને યાદ કરવાની વાત તો દુર રહી પણ તે જ ઉપકારીની નિંદાની તકને જરાપણ નહિ ચુકનારાઓ માટે 'वयं न जानीमहे' તે જ લોકોકિતને અનુસરવું પડે ! આવા જીવો મોટા મોટા પદને ધારણ કરતાં હોય તોય અન્તે તો સૂરજ સામે ધુળ ઉડાડનાર જેવી જ હાલત ને પામે છે.

(૫)

સ્વાધ્યાય એ તો સાધુ જીવનનો પ્રાણ છે. સ્વાધ્યાયમાં જ મગ્ન મુનિ ચૌદે રાજલોકનું વર્ણન હસ્તામલકની જેમ યથાર્થ કરી શકે છે. નુતન મુનિશ્રી પણ દીક્ષિત થઇને સ્વાધ્યાયમાં જ ડૂબી ગયા. સાથે સાથે ગુર્વાદિ વડિલોની સેવા-ભક્તિ, વિનય-વૈયાવચ્ચમાં ઉદ્યત બન્યા અને સંયમના પાલનમાં અપ્રમત્ત બની ગયા. તેમના હૈયામાં ભગવાનની તરક આજ્ઞા એવી તો પરિણામ પામી ગઇ કે, તેથી વિરૂધ્ધ જરાપણ વિચારાય, બોલાય કે વર્તાય નહિ તેની પૂરી કાળજી રાખવા લાગ્યા.

તેજસ્વી રત્ન કયાંય પણ છુપું રહી શકતું નથી, તેની દેદીપ્યમાન કાંતિથી દશે દિશાઓને ઝળકાવી નાખે છે. પૂજ્યશ્રીજીનું પ્રથમ ચાતુર્માસ, પૂ. ઉપાધ્યાયજી મહારાજની સાથે સીનોર ગામમાં થયું. રોજ પૂ. પં. દાનવિજયજી ગણિવર્ય શ્રોતાઓને જિનવાણીનું

અમીપાન કરાવતા હતા. જ્ઞાનપિપાસુઓની જિજ્ઞાસાને સંતુષ્ટ કરતા હતા. તેઓ પૂ. શ્રીને અશાતાજન્ય દાઢનો સખત દુઃખાવો ઉપડ્યો. થોડા દિવસ તો મન મકકમ કરીને ય વ્યાખ્યાન આપ્યું. પણ પછી તે દુઃખાવો અસહ્ય બન્યો, વ્યાખ્યાન વાંચી શકે તેવી સ્થિતિ ન રહી. તેથી વચનસિદ્ધ મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજાએ નુતન મુનિશ્રી રામવિજયને કહ્યું કે– 'બીબા ! કલ તેરે કું વ્યાખ્યાન દેનેકા હૈ, તૈયારી કર લેના !' નુતન મુનિશ્રીએ વિચાર્યું કે હું તો સૌથી નાનો છું. મારાથી ઘણા મોટા છે, મારી રમૂજ કરતા લાગે છે તેથી તે વાતને ગંભીરતાથી લીધી નહિ.

બીજા દિવસે વ્યાખ્યાન સમયે, કોને લક્ષ જવા તે માટે ભાવિક શ્રોતાઓએ પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજને વિનંતિ કરી તો તેઓ પૂજ્યશ્રીજીએ ફરમાવ્યું કે 'રામવિજય જીકો લે જાઓ.' ગુરુના વચનમાં જરાપણ સાશંક બન્યા વિના, પૂર્ણ વિશ્વાસ રાખી તેઓ નુતન મુનિશ્રીની પાસે વ્યાખ્યાન માટે વિનંતિ કરવા ગયા. તો નુતન મુનિશ્રી પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજ પાસે ગયા તો કહે કે 'કલ મેંને તુઝે કહા થા ન ? જાઓ તુમ વ્યાખ્યાન કરો.' વચનસિદ્ધ પાઠકપ્રવર શ્રીજીની આજ્ઞાને શિરોધાર્ય. તહત્તિ કરી તેઓશ્રી વ્યાખ્યાન માટે ગયા. કોઈપણ જાતની પૂર્વ તૈયારી વિના, ગૃહસ્થપણામાં સમકિતના સડસઠ બોલની જે સજ્ઝાય અર્થ સાથે કરેલી અને તેની પરીક્ષામાં પ્રથમ ઉત્તીર્ણ થયેલા તેના ઉપર સડસડાટ વ્યાખ્યાન શરૂ કર્યું. તેઓશ્રીજીની તર્ક યુકત વાકપ્રવાહમાં તણાયેલા અને મંત્રમુગ્ધ બનેલા શ્રોતાઓને વ્યાખ્યાનનો સમય કયાં પૂરો થયો તેની ખબર પણ ન પડી. સૌ તેઓશ્રીજીથી અત્યંત પ્રભાવિત થઈ ગયા. પૂ. ઉપાધ્યાયજી મહારાજે પણ તે વ્યાખ્યાન અક્ષરશઃ સાંભળ્યું. પૂ. નુતન મુનિશ્રી પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાસે આવ્યા તો અંતરના આશીર્વાદથી નવાજી, પીઠ થાબડી, ભાવિની અગમવાણી ઉચ્ચારતાં કહ્યું કે 'બીબા ! તુને વ્યાખ્યાન તો બહોત અચ્છા કીયા, ફીરભી ઇતના જલ્દી મત બોલના, જરા ધીમે ધીમે બોલના, ભાવિમે અચ્છા પ્રભાવક વ્યાખ્યાતા હોગા !' જ્ઞાનની સાથે ગુર્વાજ્ઞાની કૃપાનો જો સંગમ થઈ જાય તો તે અનેકને લાભદાયી બને છે. જેના માટે પૂજ્યશ્રીજી જેવું બીજું આદર્શ દૃષ્ટાન્ત જડવું મુશ્કેલ છે. બાકી માત્ર એકલું જ્ઞાન તો બોજારૂપ બને છે. જે અનેકને અહિતકારી પણ બને છે. તે માટે તો દૃષ્ટાન્ત શોધવા માટે દુનિયામાં પણ નજર નાખવા જેવી નથી, જરા ઘરમાં જ જુઓ તો બધું સમજાય તેવું છે. સાચી લગની મનને હૈયાની ભકિત અને આજ્ઞા ઉપરની પ્રીતિ આવું સામર્થ્ય જન્માવે તે સહજ છે, તેમાં જરાપણ આશ્ચર્ય નથી.

પૂર્વની સુંદર આરાધના, માર્ગાનુસારિણી ઉત્કૃષ્ટ પ્રજ્ઞા, જ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમ, સ્વાધ્યાયનો અપ્રતિમ પ્રેમ, ગુર્વાદિ વડિલોની અસીમ કૃપા, મોક્ષની જ તીવ્રાભિલાષા

અને સૌને સંયમધર્મ પમાડવાની તાલવેલીના કારણે, પૂજયશ્રીજીએ અલ્પ સમયમાં જ શાસ્ત્રોને સુંદર અભ્યાસ કર્યો, ષડ્દર્શનના જ્ઞાતા થયા અને આગમાદિનું એવું પરિશીલન કર્યું કે તેના પરમાર્થને પામી ગયા, અને સાહજિક જ સરળ–સુબોધ–લોકભોગ્ય ભાષામાં સમજાવવાની શૈલી એવી હસ્તગત થઇ કે સૌ તેમની વાણીના પ્રવાહમાં તણાવા લાગ્યા એટલું જ નહિ પણ ડુંટીમાંથી નીકળતી વાણી સૌના હૈયાને હચમચાવી મૂકતી. એવી અસરકારક વાણીને સાંભળવા સૌ સમયનું ભાન ભુલી જતા અને સન્માર્ગને સમજી તેના રક્ષણ માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થતાં.

દેહે વામન પણ બુધે વિરાટ એવા પૂજયશ્રીજીને નિહાળી સૌ વડિલો હરખાતા અને હૈયાથી માનતા કે શાસનની ભોંજગલાલી પુનઃ આ સંસ્થાપિત કરશે. ખુદ પરમતારક શ્રી તીર્થંકર પરમાત્મા અને શ્રી ગણધર દેવોની કૃપારુપ દેશનાલબ્ધિના જ્ઞાતા એવા પૂજયશ્રી માટે આવી અપેક્ષા રાખવી તે અસ્થાને ન હતી જ.

સ્વનામ ધન્ય પૂર્વજોના પગલે પગલે ચાલવાની વૃત્તિએ તેમનામાં જે સાત્વિકતા જન્માવી તેના બીજનો વિચાર કરીએ તો લાગે કે ચાર–ચાર મહાપુરૂષોની છત્રછાયા અને પીઠબળને પામેલામાં આવી શૂરવીરતા જન્મે જ.

'સત્યની ગવેષણા એ જ જેઓનો જીવનમંત્ર હતો. સત્યનો સ્વીકાર કર્યા પછી પ્રાણાન્તે પણ તેને વળગી રહેવું એ જેમનું ધ્યેય હતું' તેના જ કારણે પોતાનો કુમત છોડી જેઓએ અનેક આપત્તિઓ વેઠીને સન્માર્ગને ગ્રહણ કર્યો અને સન્માર્ગમાં આવ્યા પછી શાસન ઉપર આવેલાં વિપ્લવોને મક્કમતાપૂર્વક હઠાવી, જગતભરમાં જૈનશાસનનો ડંકો વગાડયો અને 'જૈન તત્વાદર્શ' 'અજ્ઞાનતિમિર ભાસ્કર' આદિ ગ્રન્થોને રચીને જૈનશાસનની જે અનુપમ સેવા કરી તે પુણ્યનામધેય વીસમી સદીના અજોડ-શાસન પ્રભાવક, ન્યાયાંભોનિધિ, કુમતવાદીભંજક સ્વ. પૂ. આ શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા** કે જેઓ **પૂ. શ્રી આત્મારામજી મહારાજા** ના નામે વિશ્વ વિખ્યાત હતા. તેમના જ સાચા વારસદાર અને પટ્ટધરરત્ન, પ્રૌઢપ્રતાપી, સદ્ધર્મસંરક્ષક, રાજ મહારાજાદિની શેહ શરમમાં તણાયા વિના સત્યવાતને સ્પષ્ટ રીતના કહેનાર પૂ. આ શ્રી **વિ. કમલસૂરીશ્વરજી મહારાજા**; તેમના પટ્ટધરરત્ન, પોલીસ પટેલમાંથી પંચપરમેષ્ઠીના તૃતીય પદ ઉપર આરૂઢ થનાર, અનેક આત્માઓના યોગ–ક્ષેમને કરનાર, પરમગીતાર્થ સકલાગમ રહસ્યવેદી, જ્યોતિષમાર્તંડ પ. પૂ. આ. શ્રી વિ. **દાનસૂરીશ્વરજી મહારાજા** (ત્યારે પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવર્ય) કે જેઓ શ્રી સરલ સ્વભાવી, પોતાની આગવી કુનેહ–શક્તિથી અનેક શ્રી સંઘોને સન્માર્ગમાં દોરનાર, વચનસિધ્ધ મહોપાધ્યાય **વીરવિજયજી** મહારાજના અંતેવાસી હતા. તથા સિધ્ધાન્ત મહોદધિ,

સચ્ચારિત્ર ચૂડામણિ, કર્મસાહિત્યનિપુણમતિ પૂ. આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ (ત્યારના પૂ. મુનિશ્રી પ્રેમવિજયજી મ.) જેવા ચાર-ચાર પુણ્યપુરુષોની સેવા-ભક્તિનો લાભ મળે તેવો આત્મા ઉત્તમોત્તમ બને તેમાં નવાઇ નથી. સિંહના સંતાન સિંહ જ બને ને ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞા ઉપરનો અવિહડ રાગ આખી દુનિયાને ભૂલાવી જ દે. આજ્ઞા જ સર્વસ્વ લાગે તે આજ્ઞા માટે સર્વસ્વનોછાવર કરવા તૈયાર બને જ. દુનિયામાં પણ જેણે જે ચીજ વસ્તુની કિંમત સમજાય છે તો તેના રક્ષણ માટે બધું જ કરી છૂટે છે તો તારક શાસન યથાર્થ સમજાઇ ગયું તેવા આત્માઓને-શાસનની રક્ષા એ જ જીવન ધ્યેય હોય છે. જેનાથી પોતાનું અને અનેક આત્મઓનું કલ્યાણ સાધે છે.? આપણા ચરિત્રનાયક પણ તેવી જ વિરલ વિભૂતિ હતા.

(૬)

વાદળાઓથી ઢંકાયેલા બાલ સૂર્યનું તેજ છૂપું રહી શકતું નથી. તેમ પૂજ્યશ્રીજીની પ્રતિભા પ્રારંભકાળથી જ ખીલી ઊઠી હતી. શાસ્ત્રાજ્ઞા એવી રોમ રોમ પરિણામ પામેલી હતી કે આજ્ઞા વિરુદ્ધ જરાપણ પ્રવૃત્તિ ન થાય તેની સ્વયંકાળજી રાખતા એટલું જ નહિ પણ આજ્ઞાવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા હોય તો મક્કમતા પૂર્વક તેનો પ્રતિકાર કરી, ધર્માત્માઓને સન્માર્ગમાં સ્થિર કરતા.

પૂજ્યશ્રીજી પોતાના તારક પૂ. ગુરુવર્યોદ્વિની સાથે વડોદરા સ્થિત હતા. તે વખતે એક સુધારક આચાર્યે એક સભા યોજી. 'વિધવાવિવાહ' ની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતો ઠરાવ કરવાનું નક્કી કર્યું તે પણ પરમતારક શ્રી જિનેશ્વર દેવોના નામે. પૂજ્યશ્રીજીની પ્રકૃતિને નખશિખ જાણનારા તેમને જે હેન્ડબીલ બહાર પાડ્યું તેમાં એક કલમ એવી હતી કે- અઢાર વર્ષની નીચેનાને પ્રવેશ નથી. આ કલમ વાંચી તેનો પરમાર્થ પૂજ્ય શ્રીજી સારી રીતના સમજી ગયા. પોતાના તારક પૂ. ગુરુદેવને બધી વાત કરીને કહ્યું કે- 'આપની અનુજ્ઞા હોય તો હું તે સભામાં જાઉં. મને અઢારમું વર્ષ બેસી ગયું છે.' નિયત દિવસે સમયે પૂજ્યશ્રીજી ધીર-ગંભીર ચાલે, શાસનરક્ષાના મક્કમ પગલાં સાથે સભામાં પ્રવેશ્યા. સિંહબાળને આવતું જોઇ મૃગલાઓ ત્રસ્ત થઇ જાય તેમ પૂજ્યશ્રીજીના પ્રવેશ માત્રથી તે આચાર્ય ક્ષોભાયમાન થઇ ગયા. મનમાં સમજી ગયા કે, બધું કર્યું કારવ્યું ધૂળમાં જવાનું છે. હાથો જુગારી બમણું રમે તે ન્યાયે આવેલા પૂજ્યશ્રીજીને સીધું જ આક્ષેપાત્મક પૂછ્યું કે- 'કોના આમંત્રણથી આવ્યા છો !' જરાય થડકન અનુભવ્યા વિના ઉદાત્ત સ્વરે પૂજ્યશ્રીજીએ કહ્યું કે- 'આપના આમંત્રણથી, મને પણ અઢારમું બેસી ગયું છે.' તેથી તે આચાર્ય સાવ જ ઠંડાગાર થઇ ગયા. પછી નરમાશથી કહે કે- 'તમે પણ થોડું બોલશો ને ?' 'તમારી સંમતિ હોય તો મને જરાપણ વાંધો નથી' આ જવાબ સાંભળી તે આચાર્યના મનમાં જે જે ભાવો પેદા થયા

હશે તે જ્ઞાની જ જાણે. પણ એટલું તો ચોકકસ થયું કે– જે હેતુ માટે સભાનું આયોજન થયેલું તે હેતુને સ્પર્શ્યા વિના જ બીજી વાતો કરી સભા વિસર્જિત થઈ! તે વખતે તેમનો સંયમપર્યાય માત્ર દોઢ વર્ષનો હતો. દિકરો સવાયો પાકે, દેશ–દેશાંતરમાં બાપની આબરૂ વધારે તો કયા બાપને હર્ષ ન થાય!

અલ્પ સમયમાં પૂજયશ્રીજીએ પ્રકાંડ વિદ્વત્તા પ્રાપ્ત કરી. અસાધારણ સર્વતોમુખી પ્રતિભા, પુણ્યનો પ્રકર્ષ, ગુર્વાદિ વડિલોની અસીમ કૃપા, કુશાગ્ર પ્રજ્ઞા, હૈયામાં સોંસરું ઉતરી જાય તે રીતના સરળ અને સુબોધ ભાષામાં સમજાવવાની શૈલી. ભલભલા દિગ્ગજોના માથાં ડોલાવે તેવી અપ્રતિમ તર્કશકિત, પ્રત્યુત્પન્નમતિ : આવી શકિત જોઈને ગુર્વાદિ વડિલોએ તેનો શાસનને માટે જ ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો. શાસ્ત્રીય પ્રશ્નોમાં તેમનો જ અભિપ્રાય એ અંતિમ ગણાતો. તેથી જ સ્તો પૂ. આ. શ્રી કમલસૂરીશ્વરજી મહારાજાએ, શાસ્ત્રીય પ્રશ્નોના ઉકેલ માટે નિમેલ કમિટિમાં તેઓશ્રીમદ્ને સ્થાન આપ્યું હતું ત્યારે તેમનો દીક્ષા પર્યાય માત્ર સાત જ વર્ષનો હતો.

૧૯૯૬ થી સમ્યગ્દર્શનથી પ્રારંભાયેલ તેઓ શ્રીમદ્ની જિનવાણી પ્રાયઃ વણથંભી જીવનની અંતિમક્ષણો સુધી રહી. એવો એક પણ વિષય, એક પણ પ્રશ્ન નહિ હોય જેની વિશદ છણાવટ ન કરી હોય. સચોટ–સ્પષ્ટ સમાધાન ન આપ્યું હોય, માર્ગસ્થ માર્ગદર્શન ન આપ્યું હોય, ધાર્મિક વિષયોમાં તો સમજ્યા પણ રાજકીય પ્રશ્નોનું પણ ધાર્મિક દૃષ્ટિકોણથી એવું વિશદ વિશ્લેષણ કરતા કે, શ્રોતાઓ દંગ થઈ જતા અને તેમની પટુપ્રજ્ઞાની પ્રશંસા કરતાં થાકતા નહિ.

માટે તો ગાંધીજી જેવા પણ તેમનાં પ્રવચનોથી અત્યંત પ્રભાવિત થયેલા અને પોતાના સેક્રેટરી મહાદેવભાઈ દેસાઈને નિયમિત પ્રવચનોમાં મોકલતા. અમદાવાદમાં ભદ્રકાળીના મંદિરમાં દર આસો સુદ પૂનમમાં થતો બોકડાનો વધ અહિંસાની જેહાદ જગાવી જે રીતના બંધ કરાવ્યો અને તેમની નિસ્પૃહતાને નિહાળી સૌને પ્રતીત કરાવ્યું કે– સાચો ત્યાગ ધર્મ તે આનું નામ! પણ આજે કલિકાળનો પ્રભાવ એવો વર્તાય છે. કે, સ્વયં ગુણીજનો તો બહુ વિરલ હોય છે પણ ગુણીજનને દેખી આનંદ પામનારા પણ વિરલ હોય છે. પરન્તુ ગુણવાનમાં પણ દોષ જોનારો મોટો ભાગ છે. કૃતજ્ઞતાને તો જાણે દેશવટો અપાયો છે. કોઈના સારાં કામોનો અન્ય ઉપર આરોપ કરવો તે આજના વિલક્ષણ યુગની અનોખી તાસીર છે. અને આ ચેપી રોગ ધર્મિજનોમાં પણ લાગુ પડી ગયો છે તે દુઃખદ છે, છતાં પણ સત્ય ઉપર ઢાંકપિછોડો કરનારા કયારે ય ફાવી શકતા નથી. અને ફાવવાના પણ નથી તે પણ એટલું જ નગ્ન સત્ય છે.

તે વખતે અમદાવાદમાં વ્યસન મુકિતની પણ જે જેહાદ જગાવી જેના પરિણામે તે કાળની નામાંકિત હોટલોમાં રોજનું અઢારથી વીસ મણ દુધ વપરાતું તેમાં એકદમ

નોંધપાત્ર ઘટાડો થઈ ગયો. પૂજ્યશ્રીજીની વાણીની આવો અસરકારકતા નિહાળી સરદાર વલ્લભભાઇ પટેલ જેવા પણ પ્રભાવિત થયા. અને પૂજ્યશ્રીજી પાસે આવી એવા ભાવની માગણી કરી કે– 'હાલ અમારી જે રાજકીય અસહકારની ચળવળ ચાલે છે તે પણ એક પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિ છે તો આપ પણ તેમાં જોડાવ અને આપની વાણીનો લાભ આપો.'

રાજકીય નામાંકિત આગેવાન ખુદ આવી માગણી કરે, દુનિયાભરમાં નામના ફેલાઈ જાય, ભલભલા ખેરખાંઓ પણ જેમાં જોડાવામાં ગૌરવ માનતા અને સુધારક વર્ગ તો તેમાં સાથ સહયોગ આપતો હોવા છતાં, આજ્ઞાના અભયકવચને વરેલા પૂજ્યપાદશ્રીજી એ તેમાં જરાપણ લેવાયા વિના નિર્ભીકતાથી કહી દીધું કે– "જે દિવસે તેમાં મને ધાર્મિકતાનાં દર્શન થશે તો દિવસે તમારા આમંત્રણની પણ રાહ નહિ જોઉં. બાકી તમારી આ પ્રવૃત્તિથી દેશ અધઃપાતના માર્ગે જશે અને એવી એવી બદીઓ ફેલાશે કે જેનું વર્ણન પણ નહિ થાય.' વર્ષો પૂર્વે ઉચ્ચરાયેલી આ આર્ષવાણી આજે અક્ષરશઃ સત્ય બની રહી છે. ચમરબંધીની પણ શેહશરમમાં નહિ તણાવાનું આવું સામર્થ્ય શાસ્ત્રને જ નજર સામે રાખનારા આત્મામાં સહજ પ્રગટ થાય છે. શાસ્ત્ર એ જ જેમની ચક્ષુ હોય, શાસ્ત્રથી લેશપણ આઘાપાછા નહિ થવાની વૃત્તિ હોય તેવા આત્માઓ આવા જ હોય તેમાં નવાઈ નથી.

(૭)

સૂર્ય સોળે કળાએ પુરબહારમાં ખીલી ઉઠે ત્યારે અંધકારનું નામોનિશાન મટી જાય છે. પણ અંધકારમાં જ હવાતિયા મારનારા ઘુવડો સુર્યનો પ્રકાશ ન ઝીલી શકે તેમાં સૂર્યનો દોષ કહેવાય ખરો ? શુભાકિ વડિલોની પુણ્ય છત્રછાયામાં પૂજ્યશ્રીજી એક પછી એક સિદ્ધિના શિખરો સર કરવા લાગ્યા અને પૂજ્યશ્રીજીની શક્તિઓ સોળે કળાએ, પુરબહારમાં ખીલી ઉઠી તેથી શાસનપ્રેમી વર્ગ આનંદમાં આવી ગયો અને લોકહેરીમાં તણાયેલો સુધારક વર્ગ શ્યામ મુખવાળો થઈ ગયો. દુર્જનોનો સ્વભાવ જ એવો હોય છે કે તેની ઉપર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે તો પણ તે અવસરે પોતાની જાત બતાવ્યા વિના રહે નહિ. જ્યારે સજ્જનોનો સ્વભાવ એવો હોય છે કે તેમનું ગમે તેટલું બગાડવામાં આવે તો પણ તેઓ અવસરે પણ ઉપકાર કર્યા વિના રહેતા જ નથી.

જમાનાવાદના પ્રવાહમાં તણાયેલા, પંચપરમેષ્ઠીના તૃતીય પદ ઉપર રહેલાઓએ શાસ્ત્રીય સુવિશુદ્ધ સુવિહિત પ્રણાલિકાઓનો ઉચ્છેદ કરવા સાથે, દેવદ્રવ્યાદિનો પણ યથેચ્છ ઉપયોગ કરી શકાય છે, તેવું પ્રતિપાદન કર્યું. ત્યારે પૂજ્યશ્રીજી અને પૂ. શ્રી

સાગરજી મહારાજે સાથે મલીને તેનો એવો મકકમ પ્રતિકાર કર્યો કે તે કુધારાનો અમલ શકય ન બની શકયો.

સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતાને સમજાવતી પૂજયશ્રીજીના શ્રીમુખેથી આજ્ઞામૂલક શ્રી જિનવાણીના શ્રવણથી અનેક આત્માઓ વૈરાગ્યના પંથે જવા લાગ્યા, તેમાં પ્રૌઢો પણ હતા, યુવાનો પણ હતા અને બાળકો પણ હતા. પૂજયશ્રીજીની પાસે દીક્ષિત થનારાની સંખ્યા વધવા લાગી. તેમાં પણ અમદાવાદના શાહીબાગ ગણાતા મહાશ્રીમંત શ્રી જેશીંગભાઇ અને બાલવયસ્ક શ્રી ચીનુભાઇની દીક્ષા જે રીતના થઇ તેણે તો અમદાવાદને હિંડોળે ચઢાવ્યું. અને બન્ને પૂજયશ્રીજીના શિષ્યરત્નો પૂ. મુનિરાજ શ્રી જયવિજયજી મ. (પાછળથી પૂ. આ. શ્રી વિ. યશોદેવસૂરીશ્વરજી મહારાજ) તથા પૂ. મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મ. (પાછળથી પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્ર વિજયજી ગણિવર્યના) ના નામે સુપ્રસિદ્ધ થયા.

તેમાં ય પૂ. ઉપાધ્યાયજી શ્રી ચારિત્ર વિજયજી ગણિવર્યે દીક્ષિત થયા પછી અલ્પ સમયમાં જ વિનય-વૈયાવચ્ચ, સેવા-ભકિતથી પોતાના તારક પૂ. ગુરૂદેવેશશ્રીજીના હૈયામાં જે રીતનું સ્થાન મેળવ્યું, જેવી અનુપમ કૃપા મેળવી અને પૂજયપાદશ્રીજીના પડછાયાની જેમ બની શાસન રક્ષાનાં કાર્યોમાં જે રીતના સહયોગ પ્રદાન કર્યું, તે તેમના અપૂર્વ સમર્પણ ભાવને જાણકાર અનુભવીઓ આજે પણ અનુનયને યાદ કરે છે. તેઓ પૂ. શ્રી આજે હયાત હોત તો શાસન-સમુદાયની શાન જુદી જ હોત! પૂજયપાદ શ્રીજીના ખોળામાં જ સં. ૨૦૨૩ના શ્રા. વદિ-દશમના ' નમો અરિહંતાણ ' ના ઉચ્ચાર પૂર્વક અપૂર્વ સમાધિ મૃત્યુને વર્યા તે દૃશ્ય, જાણકારોની આંખ સમક્ષ હજી પણ તરવરે છે. તે પહોં પ્રસંગે પૂજયપાદશ્રીજીએ જ એવા ભાવનું કહેલું કે ' શાસન સમર્પિત આત્માનો વિરહ થાય તેનું દુઃખ થાય તે સહજ છે. પરન્તુ શાસન સેવાના કાર્યોમાં જે રીતના સાથ-સહકાર આપેલો તે ભૂલાય તેવો નથી અને ભૂલાવો ન જ જોઇએ.' આના ઉપરથી જ આપણને ખ્યાલ આવે છે કે પૂજયપાદશ્રીજીની કેવી કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરી હશે. અને પૂ. ગુરુ મહારાજના હૈયામાં કેવા વસ્યા હશે?

પૂ. ગુરૂદેવેશશ્રીજીના ઉપાસક-ભકત ગણાતા આપણે પણ શાંતચિત્તે નિષ્પક્ષ રીતે વિચારવું જોઇએ કે ' પરમ તારક પૂ. ગુરુદેવેશશ્રીજીના હૈયામાં આપણે વસ્યા હોઇશું કે નહિ તે તો જ્ઞાની જાણે પણ આપણા હૈયામાં-રોમેરોમમાં પૂ. તારક ગુરૂદેવેશ શ્રીજીનો આવાસ તો બરાબર જ છે ને?' આવી જો પ્રતીતિ થાય તો પણ આનંદ પામવો જોઇએ, કેમકે, પોતાના હૈયાના રોમેરોમમાં પૂ. તારક ગુરુદેવ વસી જાય તે પણ ઉન્નતિ-શુભોદયની નિશાની છે. અસ્તુ.

(૮)

જગતમાં એવા પણ જીવો હોય છે, જેમને બીજાને હેરાન કરવામાં, બીજા હેરાન થતાં હોય તે જોઇને જ આનંદ આવે. તેમ એવા પણ જીવો હોય છે, જેમને જેની સાથે કોઇ સંબંધ પણ ન હોય, ઓળખાણ પીછાન પણ ન હોય, કાંઇ લાગતું વળગતું પણ ન હોય, તે જીવે છે કે મરે છે તેનો પણ ખ્યાલ ન રાખતા હોય પણ તે કે તેના કુટુંબીઓ ધર્મ માર્ગે જોડાય કે ધર્મનો સ્વીકાર કરે તો જાણે તે તેના મુરબ્બી કે વાલી ન હોય તેમ એવી કાગારોળ મચાવે કે જાણે તેના માથે આભ જ ન તૂટી પડયું હોય!

પૂજ્યપાદશ્રીજીની અસરકાર દેશના સાંભળી નવપરિણીત આત્માઓ પણ વૈરાગ્યના રંગે રંગાઇ આત્મકલ્યાણનો પંથ સ્વીકારવા દીક્ષિત થવા લાગ્યા ત્યારે દીક્ષા ધર્મના વિરોધીઓને તો જાણે વિરોધનું મોટું મેદાન ન મલી ગયું હોય, જગતનો જાણે અંત જ ન આવવાનો હોય તેમ કાગનો વાઘ બનાવી એવી હો... હા... મચાવી અને આ બધાના મૂળમાં જાણે પૂજ્યશ્રીજી જ ન હોય તેમ તેઓની સામે ગલીચ અને અંગત આક્ષેપો કર્યા અને કાદવ ઉછાળવામાં બાકી ન રાખ્યું. પણ વનરાજની આગળ શિયાળિયાઓની ગુંજાશ શી?

તેમાં પણ ન ફાવ્યા તો પૂજ્યપાદશ્રીજીને કોર્ટમાં ઘસડી ગયા. જેટલી વાર કોર્ટમાં લઇ ગયા તો દરેક વખતે પૂજ્યશ્રીજી સો ટચના સુવર્ણની જેમ સુવિશુદ્ધ થઇને વિજયની વરમાળા વરીને જ બહાર આવ્યા. સોગંદનામાં વખતે પૂજ્યશ્રી પાંચમહાવ્રત રૂપ પ્રતિજ્ઞાને જે સચોટ રીતે, હૃદયમાં સોસરી ઉતરી જાય તેમ સમજાવતા તો જજો પણ દંગ થઇ જતા અને તે જ વખતે મનમાં નકકી પણ કરી લેતા હશે કે– 'આ સર્વથા નિર્દોષ જ છે પણ તેજોદ્વેષ–ઇર્ષ્યાદિના કારણે જ આક્ષેપોનો ભોગ બનાવ્યે। લાગે છે.'

તેમાં પૂ. મુનિશ્રી તિલક વિજયજીના દીક્ષા પ્રસંગે તેમના ધર્મપત્ની રતનબાઇએ લોકોની ચઢવણીથી જે રીતના વ્યવહાર કર્યો કોર્ટમાં કેસ કર્યો 'રતનબાઇ કેસ' તરીકે જે પ્રસંગ પ્રખ્યાત થયો તેને ટુંકમાં જ જોઇએ.

વિ. સં. ૧૯૮૨નું ચાતુર્માસ પૂજ્યપાદશ્રીજીએ ગુવોંઢિ વડિલોની છત્રછાયામાં અમદાવાદ–વિદ્યાશાળામાં કર્યું. ચાતુર્માસ પરિવર્ત્તન શેખના પાડામાં કરવાનું નકકી થયું. બાલદીક્ષાનો વિરોધી વર્ગ મોટો હતો. તેમાંનો એક શેખના પાડામાં રહેતો હતો, રતનબાઇના પતિને અપાયેલી દીક્ષાથી એ ખૂબ ઉશ્કેરાયેલો હતો. એણે જાહેર કર્યું કે– "મહારાજ સાહેબનું ચોમાસું પરિવર્તનનું સાટેસું મારા ઘર પાસેથી પસારું થશે તો

હું તેમને મારીશ." ચાતુર્માસ પરિવર્ત્તનનો એણે ખૂબ વિરોધ કર્યો. ચાતુર્માસ પરિવર્ત્તનનો દિવસ આવ્યો અને શેખના પાડામાં પૂજ્યશ્રીજી સાગરીયા સહિત પધાર્યા, સાગરીયું પેલા વિરોધીના ઘર પાસે અટક્યું. બેન્ડ સતત પંદર મિનિટ સુધી ચાલતું રહ્યું. એ વિરોધી ઘરમાંથી બહાર જ ન નીકળ્યો. સાગરીયું નિશ્ચિત સ્થળે પહોંચ્યું. પ્રવચન શરૂ થયું. ચાલુ વ્યાખ્યાને રતનબાઈએ અચાનક ધસી આવી મહારાજજીના કપડાં ખેંચ્યા, હોહા મચી ગઈ. સભા વિસર્જન થયું, રતનબાઈએ મહારાજજી ઉપર બદનક્ષીનો દાવો નોંધાવતો કેસ કર્યો. ('એક' વર્ત્તમાન પત્રમાં પૂજ્યશ્રીજી માટે ખૂબ જ ઘસાતું લખાયું.) રતનબાઇનો કેસ પૂરો થયો, રતનબાઇ હારી ગઇ. પેલા વર્ત્તમાન પત્રમાં ઘસાતું લખાતું ગયું. તો કેટલાક શાસનપ્રેમીઆત્માઓએ તેના તંત્રીને રસ્તા વચ્ચે આંતરીને માર્યો. તંત્રીએ કેસ કર્યો પણ હારી ગયો, શાસનપ્રેમી આત્માઓ નિર્દોષ ઠર્યા.

વધુમાં બાઇ રતને કરેલા કેસમાં પણ જેમની જુબાની વિશ્વાસપાત્ર ગણવામાં આવી હતી, તે અમદાવાદની રમોલ કોર્ઝ કોર્ટના જજ રા. સૂરચંદ પી. બદામીએ જુબાનીમાં પૂજ્યશ્રીજી માટે જણાવ્યું હતું કે– 'હું રામવિજયજીને ઓળખું છું. તેઓ જૈન ધર્મના સાચા સાધુ છે. હું તેમને ગુરૂ તરીકે માનું છું. રામવિજયજીનો ઉપદેશ મેં સાંભળ્યો છે. તેમના આચાર-વિચાર જૈન ધર્મને તદ્દન અનુસરતા છે. આ બંન્ને (પૂ. રામવિજયજી અને તેઓ શ્રીમદ્‌ના ગુરૂ સિદ્ધાન્ત મહોદધિ શ્રીપ્રેમવિજયજી મહોપાધ્યાય) સાધુઓના ચારિત્ર વિષે મને ઊંચો અભિપ્રાય છે અને તેઓ બન્ને ઊંચી કોટિના સાધુ છે. જ્યારે મેં રામવિજયજીને પાનસરમાં પહેલી જ વાર સાંભળ્યા ત્યારે મને લાગ્યું કે– એ પ્રૌઢીજી (અસાધારણ) થશે. અને તેમના ગુરૂ આત્મારામજીનું* નામ રાખશે. અને તે પછીના અનુભવથી મારો તે અભિપ્રાય હજુ બદલાયો નથી."

(૯)

અંગ્રેજોના એ કાળ હતો. શાસનના મૂળમાં જ કુઠારાઘાત સમાન આક્રમણો શાસન ઉપર ચારેબાજુથી થઇ રહ્યા હતા. એક બાજુ જમાનાવાદની પૂરી અસરમાં આવેલ સુધારક વર્ગ હતો અને એક બાજુ શાસનરાગી એવો સમર્પિત વર્ગ હતો. જૈનશાસન એ તો દીક્ષાની રત્નખાણ છે. જૈનશાસનમાં દીક્ષાએ કાંઇ નવી ચીજ નથી. જૈનશાસન કહો કે દીક્ષાધર્મ કહો, કાં દીક્ષાધર્મ કહો કે જૈનશાસન કહો તે બધું એક જ છે.

* પૂ. આત્મારામજીના પટ્ટધર વિજયકમલસૂરીજી તેમના પટ્ટધર વિજયદાનસૂરિજી, તેમના મુખ્ય શિષ્ય પ્રેમવિજયજી અને તેઓશ્રીના શિષ્ય આ મહાત્મા, (મુનિ રામવિજયજી) પરન્તુ આ સાધુ સમુહ શ્રી આત્મારામજીના સંઘાડા તરીકે ઓળખાતો હોઇને, શ્રી બદામીએ પૂજ્યશ્રીને તેમના શિષ્ય કહેલ છે. પૂ. આત્મારામજી મહારાજ વીસમી સદીના એક પરમ પ્રભાવક હતા.

અનંત સુખનું સુંદરતમ સાધન, મુક્તિનો રાજમાર્ગ, જેને ખુદ શ્રી તીર્થંકર પરમાત્માઓ પણ પોતાના જીવનમાં યથાર્થપણે આચરે છે. અને ભવ્ય જીવોના એકાન્તે કલ્યાણને માટે ઉપદેશે છે, જેનું આજ્ઞા મુજબ સંપૂર્ણ આરાધન કરીને આજ સુધીમાં અનંતાનંત આત્માઓ મોક્ષને પામ્યા છે. વર્તમાનમાં પણ સંખ્યાબંધ આત્માઓ પામે છે અને ભાવિમાં પણ પામવાના છે. જેને ભાવથી સ્પર્શ્યા વિના કોઈપણ આત્માની મુક્તિ કયારેય થઇ નથી, થતી નથી કે થવાની પણ નથી, તે પારમેશ્વરી પ્રવ્રજ્યાના નામ માત્રથી ભડકતો અને ખોટો લેબાળો મચાવતો વર્ગ પણ ઠીક ઠીક સંખ્યામાં હતો. લલચાવીને, ફોસલાવીને, ભભૂતિ નાખીને બધાને દીક્ષા આપે છે તેવી વાતો કરીને ભદ્રિક લોકોને ભરમાવતો હતો. આવું હોવા છતાં પણ દીક્ષાઓ તો થતી જ હતી.

૧૯૮૫નું ચાતુર્માસ પૂજ્યશ્રીજીનું મુંબઇ–લાલબાગ નક્કી થયું સમર્થ વ્યાખ્યાતા તરીકેની પૂજ્યશ્રીની ખ્યાતિ ચારે દિશામાં ફેલાઇ ગઇ હતી. આ સાંભળવા માત્રથી જ સુધારકોના હૈયામાં તેલ રેડાયું. 'पापाः सर्वत्र शंकिता' એ ઉક્તિને સાર્થક કરતાં તે લોકોએ પૂજ્યશ્રીજી મુંબઇ ન પધારે તેવી પેરવીઓ કરી, પરંતુ એકમાં સફળતા ન મલી. પૂજ્યશ્રીજી મુંબઇની નજીકમાં આવી પહોંચ્યા, ત્યારે મુંબઇનું વાતાવરણ એટલું બધું સંક્ષુબ્ધ હતું કે– સારા શાણા ગણાતા આગેવાનો આદિને પણ થયું કે– આવા વાતાવરણમાં પૂજ્યશ્રીજી મુંબઇ ન પધારે તો સારૂં. અંધેરી મુકામે તો સૌ પૂજ્યશ્રીજીને લાલબાગ તો નહિ જ પધારવા વિનંતિ કરવા ગયા, પણ પૂજ્યશ્રીજીએ એવી હૈયા ધારણ આપી કે, ચિંતિત બનેલા સૌ ઉત્સાહિત બનીને ગયા.

લાલબાગના પ્રવેશ પ્રસંગે પણ વિઘ્ન કરવામાં બાકી ન રાખ્યું. માર્ગમાં કાચ પણ પાથરેલા અને પથરા પણ ફેંકતા. બાલદીક્ષાના પ્રશ્નને એમના દશ હજાર લગભગ વિરોધીઓ હતા અને ભકતો તો માત્ર પાંચસો હતા. વિરોધીમાં જૈન યુવક સંઘ પણ હતો. પ્રવેશના સમયે વિરોધીઓ 'શેમ, શેમ' ની ચીસો પાડતા હતા. 'રામવિજય પાછો જા' ની બૂમો પડતી હતી. હાથી પાછળ તો કુતરા ભસ્યા કરે તેમ આ બધાથી જરાય ગભરાયા વિના પ્રવેશ થઇ ગયો અને રોજના ૮–૩૦ થી ૧૦ ક. વ્યાખ્યાનો શરૂ થયા.

વ્યાખ્યાનો જામતા ગયા. સાચો માર્ગ લોકોને સમજાવવા લાગ્યો, ભ્રમિત થયેલાઓનો ભ્રમ પણ ભાંગવા લાગ્યો, સુધારકોના ઠંભના ચીરના લીરેલીરા ઉડવા લાગ્યા. તેથી તેઓ વધુને વધુ અકળાવા લાગ્યા. તેમાં એક દિવસ ચાલુ વ્યાખ્યાને, સભામાંથી આડા અવળા પ્રશ્નો ઊભા થયા અને જોત જોતામાં સભામાં તોફાન ફેલાઇ ગયું, 'ડો હા મચી

અને મારામારી થઇ. મારામારીમાં માર ખાઈને આ માર મારવાની ઉશ્કેરણી કરનાર તરીકે, પૂજ્યશ્રીજી સામે વિરોધી વર્ગે ફોજદારી કેસ કર્યો.

જે દિવસે કેસ થયો તે જ દિવસે સાહેબજીના ભક્તવર્ગે 'યંગમેન્સ સોસાયટી' ની સ્થાપના કરી, (પ્રેસીડેન્ટ-કેશવલાલ મોહનલાલ મહેતા, સેક્રેટરી-બાપાલાલ ચુનીલાલ પૈસા-કીતાબનું ખાતું ભગવાનદાસ હાલાભાઈએ સંભાળ્યું. જેઓ પાછળથી પૂજ્યશ્રીજીના શિષ્ય પૂ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ. ના નામે જાણીતા થયા.)

કમિટિની સ્થાપના થઇ (જીવાભાઇ પ્રતાપશી, નગીનદાસ કરમચંદ સંઘવી (પાટણ), પોપટલાલ ધરમશી (જામનગર), શાંતિલાલ ખેતશી (જામનગર) અને અન્ય ચુસ્ત ભક્તો.

વોલ્યુન્ટર કોર્સની સ્થાપના થઇ. (આમાં ગુજરાતના ૧૧ કે ૯ સંઘપતિ પુત્રોને કાર્યકર્તાઓની ટુકડી સોંપાઇ)

કેસના સંદર્ભમાં મહારાજજીને કોર્ટમાં હાજર થવું પડ્યું. પૂજ્યશ્રીજીને બેસવા માટે પાટ અપાઇ વિરોધપક્ષના વકીલે ઊભા થઇને કહ્યું કે- 'આરોપી ઊંચા આસને ન બેસી શકે! સાથે બેસેલા બે બાલમુનિઓ ઊભા થઈ ગયા અને જમીન ઉપર બેસવા તૈયાર થઇ ગયા.

મહારાજજીના પક્ષે મિ. જિન્નાહ, મિ. શેટલવર્ડ અને ત્રીજા એક વકીલ હતા, આ ત્રણેને લાવનાર બાલુભાઇ મોતીચંદ ઝવેરી હતા. એમણે ઊભા થઇને જજને કહ્યું કે- 'માય લોર્ડ! અમારા પ્રભુ સમાન ગુરુ નીચે બેસે તો અમારે ક્યાં બેસવુ? તમારા ગુરૂ હોય તો તમે કેમ બેસો? એમને બેસવા આપો તો જ અમે બેસીએ અને તો જ કેસની કાર્યવાહી થાય.' જજે વાત સ્વીકારી, પાટ ઉપર બેસવાનું માન્ય થયું. ચાર-પાંચ મુદતો બાદ કેસ જીત્યા. મહારાજજી નિર્દોષ પૂરવાર થયા. તે વખતે પૂજ્યશ્રીજીની સાથે હજાર-બારસો માણસ કોર્ટમા જતું.

પૂજ્યશ્રીજીની વેધક વાણીથી શાસન રસિક જીવોના હૈયા વૈરાગ્યથી રંગાતા હતા અને અનેરી શાંતિનો અનુભવ કરતા હતા. જ્યારે વિરોધી વર્ગના હૈયામાં વૈરાગ્નિ વધુને વધુ પ્રજ્વલિત થતો હતો. વિરોધીઓ તરફથી ધમકીઓ મળવા લાગી.

તે વખતે ગોડીજીમાં આ. શ્રી વિ. વલ્લભસૂરિજી હતા. મુંબઇ ઉપર તેમનો પ્રભાવ હતો. 'પંજાબ કેસરી (!)' જેવા વિશેષણો તેમના નામ આગળ લગાડાતા. પણ વિચારો સુધારકોને પ્રોત્સાહિત કરનારા હતા.

વાતાવરણ તંગ થયું. ગોડીજી તથા લાલબાગના ટ્રસ્ટીઓ ભેગા થયા. પંદર (૧૫) દિવસ વ્યાખ્યાન બંધ રાખવાનું વિચારાયું. ગોડીજી તરફથી હા આવી.

પૂ. મુનિશ્રી રામવિજયજીને વિનંતિ કરી ત્યારે તેમણે કહ્યું કે- હું તમને વ્યાખ્યાન આપતો નથી. મારા શિષ્યોને આપું છું. તમારે ન આવવું હોય તો.....'

લાલબાગના ટ્રસ્ટીઓ ઉકળી પડયા, પૂજ્યશ્રીજીનો પ્રતાપ જીરવી શકયા નહિ. પૂજ્યશ્રીજીએ કહ્યું કે- 'તમે વ્યાખ્યાન અહીં નહિ કરવા દો તો હું ફુટપાથ પર કરીશ. તમારે આવવું હોય તો સુખેથી પધારો.' અકળાયેલા ટ્રસ્ટીઓએ કહી દીધું કે- 'તો આપના રક્ષણની જવાબદારી અમારી નથી.' 'અમે તમારા આધારે નીકળ્યા નથી ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને સમર્પિત થઈને નીકળ્યા છીએ' આવા સણસણતો જવાબ સાંભળી તે ઠંડા પડી ગયા અને માફી માગી ચાલ્યા ગયા.

ટ્રસ્ટીઓની વાત અમાન્ય રહી. ગોડીજી વ્યાખ્યાન બંધ રહ્યું, લાલબાગ ચાલુ રહ્યું રોજના બે હજારથી પણ અધિક માણસ આવવા લાગ્યું. દિવસે દિવસે માણસ વધતું ગયું. એક દિવસ વ્યાખ્યાન ચાલુ થયા બાદ, થોડીવાર પછી બે અગ્રગણ્ય શ્રાવકો આવ્યા અને ભીડને ઓળંગીને આગળ આવવા લાગ્યા. મહારાજજીએ આગળ આવવાની ના પાડી, વ્યાખ્યાન બાદ એક અગ્રણીએ પુછયું 'મારૂં સ્થાન આપની પાસે કયાં ?' 'પગના તળિયે' તેમ મહારાજજીએ કહ્યું.

(૧૦)

પૂજ્યશ્રીજીની આગમાનુસારિણીની શ્રી જિનવાણીનો નિર્મલ પ્રવાહ અસ્ખલિત વહેવા લાગ્યો અને અનેક ભવ્યાત્માઓનો અજ્ઞાનનો અંધકાર નાશ પામ્યો અને હૈયામાં દિવ્યજ્ઞાનનો પ્રકાશ ફેલાવા લાગ્યો.

આવી તારક શ્રી જિનવાણીનું શ્રવણ બધા ન પણ કરી શકે અને દૂર-સુદૂર રહેલા સૌ ભવ્યાત્માઓ તેના અમૃતપાનથી વંચિત ન રહી જાય તે માટે 'જૈન-પ્રવચન' નો ઉદ્ભવ થયો. ૪૬ વર્ષો સુધી અનેક ચઢતી-પડતી જોવા છતાં, અનેક મુશ્કેલીઓ વેઠીને તેના વાંચનથી અનેક જીવોના મિથ્યાત્વપડલો ગળી ગયા.

તે પછી છેલ્લાં ૧૭-૧૭ વર્ષોથી 'જિનવાણી' પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચનો પ્રકાશિત કરી, વાચકોને માર્ગાભિમુખ બનાવી રહી છે. અસ્તુ. તે સમયે બિલાડીના ટોપની જેમ અમે 'સંઘ' છીએ તેવા ઘણા ટોપા ફૂટી નીકળ્યા હતા.

શ્રી જૈન શાસનમાં 'સંઘ કોને કહ્યો છે, સંઘનું કર્તવ્ય શું ?' ઇત્યાદિ પ્રશ્નો ઉપર વેધક પ્રકાશ પાડતાં અને મનનીય છણાવટ કરતાં 'શ્રી નંદીસૂત્ર' ને

આધારે પૂજ્યશ્રીજીના પ્રવચનો થવા લાગ્યા. તેથી છંછેડાયેલા નાગની જેમ વિરોધી વર્ગ વધુને વધુ અકળાવવા લાગ્યો.

હરેક હરેક કાળમાં સત્યનો રાગી વર્ગ તો થોડોક રહેવાનો. અસત્યનો પક્ષપાતી વર્ગ મોટો રહેવાનો જે કાળમાં સત્યની સ્મશાનયાત્રા નીકળતી હોય અને અસત્યની ભારે બોલબાલા હોય, અસત્યના પક્ષપાતીઓનું સુસંગઠન હોય તેવા કપરા કાળમાં પણ સત્યમાર્ગની રક્ષા જો કોઈએ પણ કરી હોય તો આ જ પુણ્યપુરુષને ફાળે તેને યશ આપી શકાય છે.

તે કાળના મુડદામાં પણ ચેતનાનો સંચાર કરતાં તેમના પ્રવચનાંશો જોઇએ તો આપણી પણ છાતી ગજગજ ફૂલી ઊઠશે, રોમાંચ ખડા થશે ને બહુમાન થશે કે આ મહાપુરુષ ન થયા હોત તો સાચો માર્ગ કોણ બતાવત !

"શાસ્ત્ર મુજબ બોલવું, શુદ્ધ પ્રરૂપણા કરવી તે સહેલી ચીજ નથી. પોતાની જાતને ભૂલે તે જ સાચો શાસન પ્રભાવક થાય. જેને જાતની પ્રભાવના કરવી હોય તે શાસનની નિંદા કરાવ્યા વિના રહે નહિ, જેને ધર્મ કરવો હોય તેને જાત ભૂલવી પડે"

"લોક વિરોધના નામે માનપાન જાળવી રાખવા માટે સત્યનું ખૂન થવા દેવું એ આત્માનું જ ખૂન કરવા બરાબર છે."

"શાસ્ત્રની પરવા વિના જે ચાલવા ઇચ્છે છે, તે ભયંકરતાના ચકડોળે ચઢેલું માર્ગનાશક ટોળું છે."

"જે શાસનના બને તે જ શાસનની પ્રભાવના કરી શકે, શાસન કરતાં પોતાને 'મોટા' માને તેવા તો થાય તેટલી શાસનની અપભ્રાજના કર્યા વિના રહે નહિ." "જ્યાં સુધી શાસન છે ત્યાં સુધી તો, સાધુઓ પણ પાટ ઉપર બેસીને સત્યમાર્ગને બોલતા આવ્યા છે અને બોલવાના છે. જેને માથે ત્રણ લોકનો નાથ ધણી છે અને સામે આગમનો બળનો છે, પછી તેઓ કરે પણ શાના ? સાચા સાધુની જબાન બંધ કરાવવાની કોઇની જ તાકાત નથી,"

"સંપ, એકતા, શાંતિ એ સારું છે પણ એ બધું ટકે ત્યાં જ કે જ્યાં સિધ્ધાંત મુજબ ચાલવાની વૃત્તિ હોય."

"જે વિજ્ઞાન, જે વિદ્યા અને જે બળ પાપલીલા બનાવવાના બદલે પાપમાં રકત બનાવે, આરંભ સમારંભમાં થઇ જતી કતારીને રોકી નાંખે, શ્રી વીતરાગના વચન ઉપરની શ્રદ્ધાને નષ્ટભ્રષ્ટ કરી નાંખે અને આત્માને

ત્યાગ માર્ગ તરફ વળતો અટકાવી સંસારના રાગમાં મહાલતો બનાવે, એ વિદ્યા, વિજ્ઞાન કે બલ જરૂરી કે હિતકર છે એ તો અમારાથી કદી જ નહિ કહેવાય. જે વિદ્યા અને વિજ્ઞાન સત્ય સાંભળવા જેટલા સહનશીલ પણ ન બનાવી શકે અને માત્ર પોતાના જ કલ્પિત વિચારોના પૂજારી બનાવી સત્યની સામે, કલ્યાણના માર્ગની સામે બળવાખોર બનાવે એને વિદ્યા કે વિજ્ઞાન તરીકે કેમ જ ઓળખાવી શકાય ”

આવી વાણીથી શાસન ભકત વર્ગ હરખાતો અને શાસન દ્વેષી વર્ગ વધુ બળતો. અને નિત નવાનવા ગતકડાં કાઢી પૂજ્યશ્રીજીની સંડોવણી કરવાનો પ્રયત્ન કરતો, પણ અન્તે નાશીપાશ થતો.

શ્રી પર્યુષણા પર્વ પછી ત્રીજા દિવસે લાલબાગથી પરમાત્માનો વરઘોડો નીકળ્યો. ઝવેરી બજારથી વરઘોડો પસાર થતો હતો ત્યારે એક મકાનના ત્રીજા માળેથી વિરોધી–ઓએ કાચ ફેંકયા વરઘોડો અટકયો. આગેવાનો કાચ કયાંથી પડયા તે જોઈ ગયા. પોલીસ બોલાવ્યા વરઘોડો આગળ વધ્યો. પોલીસે એ મકાનમાં તોફાનીઓને પકડયા. ઉદ્ધારતા રાખી છોડી મૂકયા.

ટાઉન હોલમાં જાહેર વ્યાખ્યાન, માણસ પાર વિનાનું. હોલ બહાર જ દશ હજાર (૧૦,૦૦૦) વિરોધીઓ. પત્રિકાઓ છપાતી અને ફેલાતી. વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન બાદ એડિશ્ટન્ટ કોલેજના પ્રિન્સીપાલે બે મિનિટ વકતવ્ય આપ્યું. 'મારી જિંદગીમાં જૈન તત્વ વિષે મેં આવું વ્યાખ્યાન સાંભળ્યું નથી. પ્રોફેસર હોવા છતાં આ વસ્તુ મારા માટે નવી છે, સાહેબજી રજા આપે તો અમે દર રવિવારે આવીએ.' 'અમારું તો બધું જ ખુલ્લું છે. અમે બારણા રાખ્યા નથી. રોજ આવો' તેમ સાહેબજીએ કહ્યું.

પંદર દિવસ બાદ ગોવાલિયા ટેન્કના મહાવીર વિદ્યાલયમાં વ્યાખ્યાન આપવા જવાનું નકકી થયું. ટ્રસ્ટીઓ વિરોધી હતા વિદ્યાર્થીઓને ચઢાવ્યા કે– "આ તો લોકો પર ભૂરકી છાંટે છે, નાના છોકરાને મૂંડી નાંખે છે." વિદ્યાર્થીઓ છંછોડાયા. પૂજ્યશ્રીજી આવ્યા ત્યારે વિદ્યાર્થીઓ રાડો પાડવા લાગ્યા, 'રામવિજય પાછા જાઓ. અમને તમારી જરૂર નથી.' સાહેબજીએ એક શબ્દ બોલ્યા વિના ઠેરાસરમાં દર્શન કર્યા. વ્યાખ્યાનમાં બેઠા. સખત વિરોધ. મંગલાચરણમાં ઘોંઘાટ. સાહેબજીએ કહ્યું– 'શાંતિથી સાંભળો. જે પૂછવું હોય તે પૂછો. બધી શંકાના સંતોષકારક જવાબ આપીશ' વ્યાખ્યાનમાં જૈન સંસ્થાની અહિંસકતા માટે સમજૂતી આપી વ્યાખ્યાન બાદ અડધો કલાક વિદ્યાર્થીઓએ માગ્યો. પછી કહ્યું–"અમે સાંભળેલું શું અને તમે કહો છો શું ?" ફરી બધુ કલાક પ્રશ્નોત્તરી ચાલી વિદ્યાર્થીઓએ નવું જીવન મળ્યાનો આનંદ વ્યકત કર્યો.

આવા આવા અનેક સંઘર્ષો વેઠીને સત્યમાર્ગનો જયજયકાર કરાવ્યો અને વિરોધીઓ પણ જે સાચું સમજી ગયા તે બધા સાચા ઉપાસક બની ગયા.

(૧૧)

સન્માર્ગ સંરક્ષક અને ઉન્માર્ગ ઉન્મૂલક એવાં પૂજ્યપાદશ્રીજીના પુણ્ય પ્રવચનોના શ્રવણથી ઘણો ઓટો ભાગ સત્યમાર્ગ સારી રીતના સમજી ગયો અને સદ્ધર્મમાં સ્થિર થઇ, શક્ય આરાધના કરવા લાગ્યો.

શ્રી તીર્થંકર પરમાત્મા અને શ્રી ગણધર ભગવંતાદિ સમાન અપ્રતિમ દેશના લબ્ધિના સ્વામી એવા પૂજ્યશ્રીજીને જોઇ, સકલાગમ રહસ્યવેદી, પરમગીતાર્થ જ્યોતિષ માર્તંડ પૂ. આ. શ્રી. વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ ખુદ, 'વ્યાખ્યાન વાચસ્પતિ' પદવીથી વિભૂષિત કર્યા.

અને સં. ૧૯૮૭ ના કા. વ. ૩ના ગણિ-પંન્યાસ પદથી પણ અલંકૃત કર્યા.

તે ચાતુર્માસ પૂજ્યશ્રીજીએ પૂ. આ. શ્રી. વિ. મેઘસૂરીશ્વરજી મહારાજાની પરમ તારક નિશ્રામાં કર્યું. પૂજ્યશ્રીજી હંમેશાં કહેતા કે- 'હું વ્યાખ્યાન વાંચતો થયો- શીખ્યો તે આ મહાપુરૂષને આભારી છે. આ મહાપુરૂષે મને આગમની ચાવી સારી રીતના સમજાવી અને એવી સરળ ભાષામાં સમજાવતા કે સહેલાઇથી સમજાઇ જાય.

કૃતજ્ઞતાગુણના સ્વામી એવા પૂજ્યશ્રીજી પોતાના ઉપકારીઓને હંમેશા યાદ કરતા. જેમ પોતાના દાદીમા રતનબાને પણ કયારેય ભૂલ્યા નથી, પોતાના તારક પૂ. ગુરૂવર્યો પૂ. આ. શ્રી કમલસૂરીશ્વરજી મહારાજા, પૂ. મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા, પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા, પોતાના તારક પૂ. ગુરૂવર્ય આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા, સંઘસ્થવિર પૂ આ. શ્રી. વિ. સિદ્ધસૂરીશ્વરજી મહારાજા પૂ. આ. શ્રી. વિ. મેઘસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી. વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજા, અનેકવાર તેઓશ્રીજીના શ્રીમુખેથી સાંભળવા જાણવા મળ્યું છે કે- 'તે વખતે શાસનનાં જે કાર્યો કર્યાં તે આ બધા પુણ્યનામધેય મહાપુરૂષોની છત્રછાયાને લઇને જ. તે સર્વેનું જે રીતના પીઠબળ હતું તેથી જ સત્યમાર્ગની રક્ષા-આરાધના કરી શકયો.'

જગતમાં ઘણા એવા પણ જીવો હોય છે જેમને બીજાને હેરાન કરવા કરાવવામાં જ આનંદ આવે અને તેમાં જો તેને દ્વેષ-ઇર્ષ્યા-અદેખાઇ ભળે તો પછી બાકી જ શું રહે! પાટણ પ્રવેશ પ્રસંગે પણ વાતાવરણ ઘણું સંક્ષુબ્ધ હતું. સ્વાગત બોર્ડો આદિમાં 'રામવિજયજી' ની આગળ વિરોધીઓ 'હ' લગાવતા તો ભક્તો તે 'હ' ની ઉપર માત્રા લગાડી 'હે' નું સંબોધન કરતા. તોફાની વાતાવરણ વચ્ચે પ્રવેશ થયો અને વ્યાખ્યાનો શરૂઆતથી જ જામવા લાગ્યા.

તે સમયમાં વડોદરા રાજ્ય તરફથી 'સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ (બાલ દીક્ષા પ્રતિબંધક) બીલ આવ્યું. શાસનપ્રેમી સૌ આત્માઓએ ચારેબાજુથી તેનો જોરદાર વિરોધ કર્યો. તેમજ વિરોધના ઠરાવો ના. વડોદરા નરેશ ઉપર જવા લાગ્યા.

પૂજ્યશ્રીજીએ તો 'બાલ દીક્ષા તો જૈનશાસનમાં જ વિહિત છે એવું નહિ પણ અન્ય દર્શનોમાં પણ બાલ સન્યસ્ત માન્ય છે' તે અંગેના મનનીય જાહેર પ્રવચનો આપ્યા અને તેના સમર્થકોને શાસ્ત્રાર્થ માટે જાહેરમાં આહવાન આપ્યું. તે પછી 'પ્રકાશના કિરણો' નામની પુસ્તિકા જોવાથી વધુ સ્પષ્ટ થાય તેવું છે.

તે વખતે શાસનપ્રેમી શ્રાવકોનું પણ તેવું જ મજબૂત પીઠબળ હતું. પૂજ્યશ્રીજી પાસેથી જાણ્યું છે કે– 'તે શાસન ઉપરના આક્રમણકાળમાં શ્રાવકો પણ શ્રદ્ધા સંપન્ન, મજબૂત અને રક્ષા માટે તન–મન–ધન આદિ સર્વસ્વ ન્યોછાવર કરનારા હતા. તેઓની સહાય પણ ઘણી હતી તેથી તે વખતે શાસન રક્ષાના કામોમાં જે મજા આવતી હતી તે જુદી જ હતી. પાછળના કાળમાં શ્રમણોપાસકોમાં તે બધા ગુણોનો અભાવનો અનુભવ પણ કર્યો છતાં પણ પોતાના જ પગ ઉપર મુસ્તાક રહી, વિરોધ કરતા.

તે વખતે પત્રિકાબાજી પણ જેવી થતી તેમજ ગલીચ અંગત આક્ષેપોનો પણ તોપના ગોળાઓની જેમ જોરદાર મારો થતો છતાં પણ પૂજ્યશ્રીજી તે બધાથી જરાપણ અકળાતા ન હતા કે ઉશ્કેરાતા પણ ન હતા. કે આવેશમાં પણ આવતા ન હતા. પૂજ્યશ્રીજીની વાણીમાં જોમ–જુસ્સાનો ગાંડીવનો જે રણકાર જોવા મલતો તે તો શાસનરક્ષાના ભાવથી હૈયામાં નીકળતો નાદ હતો.

પૂજ્યશ્રીજી પોતાના ઉપર થતાં અંગત આક્ષેપોને જરાપણ ગણકારતા નહિ. પરન્તુ ભગવાનના શાસનની લઘુતા ન થાય તે માટે કરેલો પ્રાસંગિક ખુલાસો ઘણો જ સારો પ્રકાશ પાડે છે.

વડોદરા રાજ્ય તરફથી બહાર પડેલ 'સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ' ની તરફેણમાં જેમને જુબાની આપી છે તે વકીલ મોહનલાલ હિમચંદ કેવું જુઠાણું ચલાવ્યું તે તેમના શબ્દોમાં જોઈએ.

સ૦ છોકરાની ઉંમર કેટલી હતી ?

જ૦ સ્ટેટમેન્ટમાં ૧૧ વર્ષ લખ્યા છે, પણ મને ૧૦ વર્ષની ઉંમર લાગતી હતી.

ખુદ રામવિજયજી, પૂર્વાશ્રમનું નામ ત્રીભુવનદાસ છોટાલાલ. મારે ત્યાં નોકરી કરતા હતા. ગુજરાતી છ ચોપડી ભણેલા હતા. મારા હોયમ કારકુન તરિકે હતા. મહિને ત્રણ રૂપીયા પગાર હું આપતો હતો. તે વખતે તેમની ૧૨–૧૩ વર્ષની ઉંમર હતી.

પાદરાની જૈન પાઠશાળામાં ત્રીલોવનદાસ તથા મારા ભાણેજ મોતીલાલ બંન્ને સાથે અભ્યાસ કરતા હતા. પાઠશાળાના માસ્તર ઉજમશીભાઇ કરીને હતા. તેમની પાસે તેઓએ સારો અભ્યાસ કર્યો. ત્યારબાદ દાનવિજય અને પ્રેમવિજયનું ચોમાસું પાદરામાં થયું, તે વખતે આ બે છોકરાને તેમનો અભ્યાસ સારો જોઇ તેમની ઉપાડવાની ઇચ્છા થઇ.

(જૈન પ્રજામત દીપિકા પૃ. ૨૨૭)

હવે આવો પાદરાના વકીલ મોહનલાલ હીમચંદની જુબાની ઉપર. કાયદાની તરફેણ કરવાની ભાવનાથી જ પ્રેરાઇને તેમણે ઘણી જ બનાવટી અને ઉપજાવી કાઢેલી તથા પોતાની વૃદ્ધ વયને નહિ છાજતી વાતો કરી છે. મારા જીવનને અંગે પણ તેમણે કેટલીક ખોટી વાતો કરી છે. પણ મારે અંગે કરેલી વાતોના ખુલાસામાં ઉતરવાની હું કદી જરૂર જોતો જ નથી, એટલે માત્ર તેમાંની બે ત્રણ કે જેનો ખુલાસો તદ્દન જરૂરી છે, કારણ કે–તેમ ન કરવામાં આવે તો ખોટી રીતિએ ધર્મશાસનની લઘુતા થવાનો સંભવ છે, તેથી જ આ પ્રસંગે તેવી વાતોનો ખુલાસો કરવાની હું જરૂર જોઉં છું:–

દીક્ષા લેતી વખતે મારી ઉમ્મર વર્ષ ૧૨–૧૩ ની જણાવી મને લોળવવાનો અને એને અંગે ભયંકર પ્રપંચ કરવાનો આક્ષેપ મારા પરમ ગુરૂદેવ ઉપર મૂકયો છે. તે તદ્દન બનાવટી છે. તે વખતે મારી ઉમ્મર ૧૨–૧૩ ની નહિ, પણ સોળ વર્ષની હતી. જે વૃદ્ધાઓ માટે મારી દીક્ષાથી ઝુરી ઝુરીને મરી ગયાનું કહે છે, તે વાતમાં હું એટલું જ જણાવવા ઇચ્છું છું કે– 'એ વૃદ્ધાઓનો જ પ્રતાપ છે કે– આવા 'કલ્યાણકારી દીક્ષા જેવા માર્ગને હું પામી શકયો છું; કારણ કે મારામાં દીક્ષાની ભાવના જાગૃત કરનાર અને પોષનાર તે વૃદ્ધાઓ જ હતી. એ બે વૃદ્ધાઓમાં એક વૃદ્ધા તો મારાં નહિ પણ પૂર્વાવસ્થાના મારા પિતાના પણ પિતાની માતુશ્રી હતાં અને બીજાં તેમનાં જ પુત્રી હતાં. મને દીક્ષાનો અભિગ્રહ કરાવનાર પણ તે જ હતાં. મારી સેવાના અભાવે તેઓ ઝુરી ઝુરીને મરી ગયાં, એ વાત પણ તેટલી જ બનાવટી છે, કારણ કે– મારા કરતાંયે વધુ નિકટના સગા અને સારામાં સારી સેવા બજાવનાર તથા મારા જાણવા પ્રમાણે ધર્મકાર્યમાં જેઓની લગભગ પચીસ હજારથી પણ અધિક સખાવત છે તેઓ તે વખતે પણ હયાત હતા અને અત્યારે પણ છે. તેઓએ તેમની આજીવન સારામાં સારી સેવા બજાવી છે; અને લગભગ નેવું વર્ષની વયે તેઓ દેવગત થયા બાદ વ્યવહાર દૃષ્ટિએ પણ જરૂરી મનાતી ક્રિયા તેમણે કરી છે. તે મારા પિતાના પિતાનાં પણ માતુશ્રી, કે જેમને માટે ઝુરી ઝુરીને મરી ગયાનો આરોપ મૂકવામાં આવે છે. તે મને દીક્ષિત અવસ્થામાં જોયા બાદ દોઢ વર્ષે સમાધિ પૂર્વક લગભગ નેવું વર્ષની વયે દેવગત થયેલ છે, અને બીજાં વૃદ્ધા કે જેઓ એમની જ દીકરી થતાં હતાં, તે તો લગભગ છ સાત વર્ષ પછી લગભગ

(૭૦) સીત્તેર વર્ષની વયે સ્વર્ગસ્થ થયેલાં છે; અને અનેક વખતે અન્યત્ર પણ મારી પાસે આવી આવીને મારી દીક્ષાની વારંવાર અનુમોદના કરી ગયેલ છે.

વસ્તુસ્થીતિ આવી છતાં આટલી વૃદ્ધ વયે એ વકીલ આવું તદ્દન જુદું બોલ્યા, એ તેમને માટે ઘણુંજ આશ્ચર્યજનક છે; પરંતુ તે એક મારે જ અંગે બોલ્યા છે એમ નથી, પણ કાયદો કરાવવાની ઉલટમાં આવી જઈને પોતાની વકીલ તરીકેની ખ્યાતિનો અને પોતાની વૃદ્ધ વયનો એ કામમાં પૂરેપૂરો ઉપયોગ કરવા માટે તેમણે કેટલાક આચાર્યો અને સાધુઓ ઉપર પણ તદ્દન અસંભવિત આરોપો મૂક્યા છે. બાળ દીક્ષાનો વિરોધ કરવા માટે તો કોઇ પણ સભ્ય મનુષ્ય જેવું ન બોલી શકે તેવું આ વકીલ બોલ્યા છે. એ આખરે એમના જેવા વૃદ્ધ માણસ માટે ઘણું જ અછાજતું ગણાય.

રાજરત્ન ગોવિંદભાઈના—

" રામવિજયજી ઘણા વિદ્વાન અને નામાંકિત થયા છે. આ તક ન મળી હોત તો કયાંથી થાત ? "

—આ પ્રશ્નના ઉત્તરમાં વકીલ મોહનલાલભાઇએ એમ પણ કહ્યું છે કે:—

" સાચું, પણ દુઃખનો વિષય છે કે તેઓની શકિત આવી પ્રવૃત્તિઓ કરતાં સમાજની ઉન્નતિ માટે વપરાઇ હોત તો બેશક વધારે લાભ થાત."

આની સામે હું જણાવું છું કે– મારે મારી શકિત જે પરમ તારકના પ્રતાપે હું આ કલ્યાણકારી માર્ગને પામ્યો છું, તેઓની આજ્ઞા મુજબ જ પ્રભુના શાસનની સેવા કરવામાં ખરચવાની છે. ' પ્રભુના શાસનની સેવામાં સારી દુનિયાની સેવા સમાયેલી છે.'– એવો મારો અચળ વિશ્વાસ છે. ' આ જીવનમાં પરમતારક શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાના પાલનમાં અને પ્રચારમાં જે શકિત ખર્ચાય તે જ શકિત સાચી અને સફળ છે.' એવી મારી દૃઢ માન્યતા છે, એટલે આ વિષયમાં મને તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા અને તે તારકની આજ્ઞામાં વિચરતા આરાધ્ય મહાપુરૂષોની આજ્ઞા એજ એક પ્રમાણભૂત છે; તે સિવાયનાઓની માન્યતાઓ સાથે મને કશો જ સંબંધ હોઇ શકે નહિ, અને છે પણ નહિ; આજ કારણે મારી જે કોઈ પ્રવૃત્તિ પ્રભુઆજ્ઞાથી બાધિત હોય તેને મુકી દેવાનું અને પ્રભુ આજ્ઞાને અનુસરતી હોય તેને પ્રાણાંતે પણ નહિ મૂકવાનું, એમ હું કહેતો જ આવ્યો છું.

એટલે જો મોહનલાલભાઈને સાચે જ દુઃખ થતું હોય, તો તેમણે અમારી જો કોઇ તેવી જિનાજ્ઞાથી બાધિત પ્રવૃત્તિ હોય તો તે તેમણે બતાવવી જોઇએ; અન્યથા દુઃખ હોવાનો દેખાવ કરવો અને રાજ્ય પાસે વસ્તુને ઉંધી રીતે રજુ કરવી, એ કોઇ પણ રીતે ઇચ્છવાજોગ નથી.

(જૈન પ્રવચન વર્ષ–૪ પૃ. ૧૦૬ માંથી)

પરિશિષ્ટ નં. ૨૮

શ્રી દીક્ષા તપાસ સમિતિના આનવંતા પ્રમુખ સાહેબ.

સાહેબ, મુ. વડોદરા.

આપની સમક્ષ જૂબાની આપતાં અમારા ગામના રહીશ વકીલ મોહનલાલ હીમચંદ પંન્યાસજી શ્રી રામવિજયજી સંબંધી જે હકીકતો જણાવી છે, તે તદ્દન ખોટી છે. પંન્યાસજી શ્રી રામવિજયજી મારા સંસારીપણાના નિકટ સંબંધી છે, અર્થાત્ તેઓ મારા ભત્રીજાના દીકરા થાય છે. વકીલ મોહનલાલભાઇએ જે વાતો જણાવી છે, તેમાં કેટલીક તદ્દન જુઠી છે અને કેટલીક અતિશયોક્તિવાળી છે. તે નીચેથી સત્ય બીનાથી આપને સ્પષ્ટ માલૂમ પડી આવશે.

પં. શ્રી રામવિજયજી, જેમનું સંસારીપણામાં ત્રીલોવનદાસ નામ હતું, તેઓશ્રીનો જન્મ અમારા કુટુમ્બમાં સંવત્ ૧૯૫૨ના ફાગણ વદ ૪ને દિને થએલો છે. જન્મ પછી સાતેક વર્ષે તેમની માતા ગુજરી જવાથી, તેઓ પોતાના પિતાના પિતાની માતા, જેઓ ઘણાં ધર્મનિષ્ટ હતાં, તેમના હાથ નીચે ઉછર્યા હતા, તેથી તેમને બચપણથીજ ધર્મના ઉત્તમ સંસ્કારો પડેલા હતા. તેમની દીક્ષા સંવત્ ૧૯૬૯ના પોષ સુદ ૧૩ના રોજ થઇ છે. તે પૂર્વે લગભગ આઠ વર્ષથી તેમને દીક્ષા લેવાના ભાવ થએલા, અને તેમાં ખાસ પ્રેરણા તેમની માતુશ્રીનીજ હતી. મોહનલાલભાઇ ૧૨-૧૩ વર્ષની વયે કાવીમાં દીક્ષા લીધાનું જણાવે છે, તે તદ્દન ખોટું છે. પણ લગભગ ૧૭ વર્ષની વયે પાદરાથી ત્રણ ચાર ગાઉએ જ દીક્ષા લીધી છે. પાદરામાં દીક્ષા નહિ લેવાનું કારણ એ હતું કે અમારું કુટુમ્બ બહુ વિશાળ હતું. તેમાંથી ડોશીની નજર તળે ઘણા માણસો મરી ગયા હતા. તેથી નાના તરીકે એકના એક રહેલાં ત્રીલોવનદાસ ઉપર તેમને વધુ મોહ હતો, તેથી મોહને લીધે દીક્ષા લેવાની રજા તેઓ આપતાં નહોતાં, પરંતુ દીક્ષા લઇને પાછા મહારાજશ્રી પાદરામાં પધાર્યા ત્યારે ખુશી થયાં હતાં અને ત્યારપછી લગભગ દોઢ વર્ષે એટલે લગભગ નેવું વર્ષની વયે દેવગત થયાં હતાં. મારાં જેન કે જે તેઓશ્રીનાં દીકરી થતાં હતાં તે ત્યારપછી લગભગ પાંચ વર્ષે મૃત્યુ પામ્યાં છે. પણ જેમાંથી કોઇએ મોહનભાઇના કહેવા પ્રમાણે કલેશ કર્યો નથી કે કલેશના કારણથી મરણ પામ્યાં નથી.

બીજી હકકીત મોહનલાલભાઇએ પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરિશ્વરજી અને ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી સંબંધી જણાવી છે તે કેવળ તેઓશ્રીની નિંદા કરવા માટેજ કરી છે. ત્રીલોવનદાસને લોળવવાનો અને ઉપાડી જવાનો આક્ષેપ કેટલો ખોટો છે, તે ઉપરની હકીકતથી જ આપશ્રીને જણાઇ આવશે. શ્રી વિજયદાનસૂરીજી પાદરા પધાર્યા તે પહેલાં ઘણા વર્ષથી ત્રીલોવનદાસને દીક્ષા લેવાની ભાવના

હતી અને તેજ ભાવના પૂજ્ય ગુરૂદેવોના સમાગમથી વધારે વૃદ્ધિ પામી હતી. "તરકટ ભર્યું વિગેરે" જે વાતો મોહનલાલભાઇ કહે છે, તે તેમના કહેવાની ઢબ ઉપરથીજ તરકટી અને કેવળ મહાન પુરૂષોની નિંદા કરવાના ઇરાદાથી જ કહેલી જણાઇ આવે છે.

ત્રણ રૂપીઆના પગારની વાત કહે છે, તે પણ કેવળ આપ વડાઇ અર્થે કહેલી છે. હા, તેઓશ્રી થોડા માસ સુધી તેમને ત્યાં શીખવા માટે જતા અને તેમનું કામ કરતા, તેના બદલામાં કાંઇ આપ્યું હોય તો તેની મને યાદ નથી. બાકી તેમને પગાર મળતો અને તે ઉપરજ ડોસીઓનું ગુજરાન ચાલતું, એ વાત અમે હજી હયાત છતાં મોહનભાઇ કહેવા હિંમત કરી શકયા છે, તે બેરજ તેમનું સાહસ કહેવાય અગર તો દીક્ષાનો વિરોધને એ રીતે વધારે પુષ્ટિ મળશે, એમ તેઓએ ધાર્યું હોય. બન્ને વૃદ્ધ ડોસીઓની તેઓના જીવતાં સુધી મહેં મારાથી બની શકે તે રીતે એવી ભક્તિ કરી છે અને તેનો કોઇ પણ બોજો ત્રીભોવનદાસ ઉપર હતો જ નહિં. કારણકે તે તો નાની ઉમ્મરના હતા.

અંતમાં મ્હારે એટલું જ જણાવવાનું કે મારી ઉમ્મર અત્યારે ઘણી વૃદ્ધ છે, એટલે હું આપની સમક્ષ હાજર થઇ શકતો નથી, પરંતુ જ્યારે અમારાજ કુટુંબમાં ઉત્પન્ન થયેલા આવા એક ઉત્તમ નરરત્નને હલકા પાડવા માટે કેવળ ઇર્ષ્યા અગર દીક્ષાના વિરોધની ખાતરજ મોહનલાલભાઇ આટલી વૃદ્ધ વયે પણ રાજ્યની સમક્ષ તદ્દન ખોટી વાતો કરે, ત્યારે હું જીવતો હોઉ ત્યાં સુધી મારી ફરજ થઇ પડે છે કે સત્ય બીના મારે જણાવવી જોઇએ. હું આશા રાખું છું કે પં. શ્રી રામવિજયજીના સંસારી-પણના જીવન સંબંધી કાંઇ પણ હકીકત આપને જાણવાની જરૂર હોય તો હું જણાવી શકીશ. પણ તે માટે બહારની વ્યકિતઓ જે કાંઇ બોલી જાય, તેના ઉપર તમારે આધાર રાખવો જોઇએ નહિં. કારણ કે આજે અમારામાં કેટલાકને દીક્ષા જેવી પવિત્ર વસ્તુનો એવો વિરોધ થયો છે કે સારામાં સારા ચારિત્રવાન મહાપુરૂષો ઉપર પણ ગલીચમાં ગલીચ આક્ષેપો કરતાં તેમને કોઇ પણ જાતનો સંકોચ થતો નથી. પહેલાં પણ મહા-સુખભાઇએ છાપામાં કેટલીક હકીકતો લખી છે, એમ મારા જાણવામાં આવેલું. તેની મેં દરકાર નહિં કરેલી, પણ જ્યારે રાજ્યની પાસે એક ગૃહસ્થ ગણાતા માણસ આ રીતે ખોટું બોલવાની છૂટ લે છે ત્યારે મારાથી રહી શકાતું નથી. અને તેથી આપના ઉપર પત્ર દ્વારા લખી જણાવું છું.

પાદરા. લી.
૧૩-૮-૩૨ શા. તારાચંદ દલીચંદ : સહી દા. પોતે

(તપાસ સમિતિ ઉપર રવાના ટપાલ દ્વારા.)

(જૈન પ્રજામત દીપિકા પૃ. ૩૩૬-૩૩૭-૩૩૮ માંથી)

(૧૨)

વિપત્તિના વાદળો શાસન ઉપર ચારે બાજુથી ઘેરાયેલા હતા. એક પ્રશ્નને જરાક શાંતિ થાય ત્યાં બીજો પ્રશ્ન ઊભો થઈ જતો. દીક્ષા અને દેવદ્રવ્યાદિની સુવ્યવસ્થા બાબતનો વિરોધ તો હજી શમ્યો ન હતો ત્યાં તિથિનો વિવાદ ઊભો થયો. તેના મૂલ તો આમ ઊંડા હતા પણ પૂજ્યશ્રીજીની પ્રકૃષ્ટ પુણ્યાઇને સહન નહિ કરી શકનારાઓએ તેને પણ વિકૃતરૂપ આપી દીધું હતું.

શાસ્ત્રાધારો, શાસ્ત્રનું સ્પષ્ટ માર્ગદર્શન, પૂર્વપુરુષોની સુવિહિત આચરણા, ઉપલબ્ધ પૂરાવાઓ આદિ અનેક પ્રમાણોથી સૌ ઔદયિક તિથિને પ્રમાણ કરતા હતા. જૈન પંચાંગ તો વર્ષોથી વિચ્છેદ પામ્યું હતું તેથી જૈનેતર પંચાંગ પ્રમાણે તિથિઓની આરાધના કરવામાં આવતી હતી. ત્યારે સકલ શ્રી સંઘ જોધપુરીય ચંડાશુંચંડું પંચાંગના આધારે તિથિઓની આરાધના કરતો હતો. જૈન પંચાંગના ગણિત પ્રમાણે તો દર બાસઠમી તિથિએ એક તિથિનો ક્ષય આવતો, તેથી પાંચ વર્ષના એક યુગમાં દરેકે દરેક તિથિનો ક્ષય આવી જતો, અને માત્ર પોષ કે આષાઢ માસની જ વૃધ્ધિ થતી હતી.

પરન્તુ જૈનેતર પંચાંગ પ્રમાણે તો દરેકે દરેક તિથિનો ક્ષય પણ આવતો તેમ વૃદ્ધિ પણ આવતી.

અને વાચકપ્રવર પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષ 'क्षये पूर्वा तिथिःकार्या; वृद्धौ कार्या तथोत्तरा । ' પ્રમાણે, તિથિના ક્ષયમાં પૂર્વની તિથિમાં અને તિથિની વૃધ્ધિમાં બીજી તિથિમાં તે તે તિથિની આરાધના કરવી.

તિથિનો ક્ષય એટલે સૂર્યોદયને સ્પર્શ્યા વિના તે તિથિનો ભોગવટો થઇ જવો અને તિથિની વૃદ્ધિ એટલે બે સૂર્યોદયને સ્પર્શતી તિથિ.

ક્ષય એટલે તિથિનો નાશ નહિ પણ તિથિનો પૂર્વની તિથિમાં જ ભોગવટો થઇ જવો.

આ વિધાન સર્વ પંચાંગકારોને પણ સંમત હતું. જે જૈન ભીંતીયા પંચાંગ છપાતા તેમાં પણ આ જ રીત અપનાવાતી. પણ જ્યારે જ્યારે પર્વતિથિની ક્ષય કે વૃધ્ધિ આવે તો કોઇ સમજી ન શકે ને તેની આરાધનાથી વંચિત ન રહે માટે, સુગમતા માટે જ રીત અપનાવાતી તેને જ ઘણાએ પકડી લીધી, જાણવા છતાં પણ અને પોતાના મતની પુષ્ટિ માટે તેવા પંચાંગને આધાર બનાવ્યા અને જોરશોરથી પ્રચાર કર્યો કે પર્વતિથિઓની ક્ષય–વૃધ્ધિ થાય જ નહિ.

તેમાં પણ ભાદરવા સુદિ પાંચમની ક્ષય–વૃધ્ધિ આવે ત્યારે ઔદયિક ચોથ સંવત્સરી સચવાય તે રીતના સૌ મહાપર્વની આરાધના કરતા, ઘણા સુદ–છઠ્ઠની ક્ષય વૃધ્ધિ કરીને પણ ઔદયિક ચોથ તો સાચી જ આરાધતા.

પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃધ્ધિ કરી ચૌદશની આરાધના કરનાર વર્ગ હતો. તેનો દાખલો લઈ ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃધ્ધિએ ભાદરવા સુદિ ત્રીજની ક્ષય-વૃધ્ધિ કરી સંવત્સરીની આરાધના કરવી તેવી માન્યતાવાળો વર્ગ પેદા થયો હતો. તેને પુષ્ટિ આપનારો વર્ગ પણ મોટો હતો. તેથી તિથિ પ્રશ્ને શાસનમાં બે પક્ષ પડી ગયા હતા એક શાસ્ત્ર-પરંપરા મુજબ ઔદાવિક તિથિ આરાધનાર વર્ગ હતો અને એક પોતાની માન્યતાથી પર્વતિથિની ક્ષય-વૃધ્ધિ તો થાય જ નહિ તેવી માન્યતાવાળો હતો.

આવા બધા પ્રશ્ને શાસન ઘણું ડહોળાતું હતું. આ બધા પ્રશ્નોનો શાસ્ત્રીય ઉકેલ આવી જાય, સૌ વિશદ ચર્ચા-વિચારણા ખુલ્લા દિલે કરે, શાસનમાં પાછી પુનઃ શાંતિ સ્થપાય, કલેશ-સંઘર્ષો, નાશ પામે તેવા જ હેતુથી અમદાવાદમાં નગરશેઠ આદિ અગ્રગણ્ય સુશ્રાવકોની દરખ્યાનગિરિથી સકલ શ્રી શ્રમણ સંઘનું એક સંમેલન ૧૯૯૦ માં ભરાયું. તેમાં દેવદ્રવ્યાદિની સુવ્યવસ્થામાં તો સહમતિ સધાઈ. તે અંગેના ઠરાવો પણ દરેક સમુદાયના અગ્રગણ્ય નાયકોની સહીથી પસાર કરાયા, આજે પણ જો તેને જ અનુસરવામાં આવે તો દેવ દ્રવ્ય-ગુરુ દ્રવ્ય અંગે જે મન-કલ્પિત સુધારાઓ છેલ્લા વર્ષોમાં કરાયા અને સંઘની ચાલી આવતી સુવિહિત પ્રણાલિકાનો ભંગ કરાયો તેના પાપથી આપોઆપ મુકિત થઇ જાય, અસ્તુ.

અમે તે કારણે તે સંમેલનને ધારી સફલતા મલી શકી નહિ. તિથિનો પ્રશ્ન પણ ચર્ચા-વિચારણા માટે મૂકાયો તો સામેથી એટલું જ કહેવાયું કે આ તો સઘળા ગચ્છોનું સંમેલન છે અને તિથિપ્રશ્ન તો એકલા તપાગચ્છનો છે માટે ચર્ચા-વિચારણા ન થાય. "તપાગચ્છના બધા પ્રમુખ આચાર્યો ભેગા થયા છે તો એકલા જુદા બેસીને તે પ્રશ્નનો શાસ્ત્રાધારે વિચાર કરીએ", તે વાત પણ ન સ્વીકારી અને તિથિનો પ્રશ્ન ઊભો જ રાખ્યો.

આપણા પક્ષ તરફથી રજુઆત કરવાનું સૌભાગ્ય પૂજ્યશ્રીજીને પ્રાપ્ત થયેલું. સર્વે વડિલોનો કેવો વિશ્વાસ મેળવ્યો હતો તે આના પરથી સારી રીતના સમજી શકાય છે. પૂજ્યશ્રીજીની સ્પષ્ટ-અસરકારક પ્રતિપાદન શકિતને નિહાળી સૌ દંગ થતા અને કમિટિમાં પણ પૂજ્યશ્રીજીને સ્થાન આપ્યું હતું. વાદળોમાં ઢંકાયેલો સૂર્ય કયારે પણ છૂપો રહે ખરો ?

❁ ❁ ❁

તે પછી એકવાર પૂ. શ્રી બાપજી મહારાજને વિદ્યાશાળામાં, પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાદિ વંદનાર્થે ગયા. ત્યારે તે મહાપુરુષે કહ્યું કે-"હે દાનસૂરિ ! આ ખોટું કયાં સુધી કરવું છે ? (ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃધ્ધિએ છઠ્ઠની ક્ષય-વૃધ્ધિ કરી,

ઔદયિક ચોથ સાચવતા હતા) હું તો ૧૯૫૨ થી ભાદરવા સુદિ પાંચમના દાને, ચોથ અને પાંચમ લેગા તથા પાંચમની વૃદ્ધિને યથાવત્ માન્ય રાખીને તે જ પ્રમાણે કરતો આવ્યો છુ."

ત્યારે પૂ. આ. શ્રી. વિ. દાનસૂરીજી મહારાજાએ કહ્યું કે-"હવે આપના પ્રમાણે જ કરીશું." પૂ. આ. શ્રી. વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ સ્વહસ્તે સં. ૧૯૯૧ માં રાધનપુરમાં વૈ. સુ. ૧૪ ના પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજી ગણિવર્યને આચાર્યપદ ઉપર તથા પૂ. પંન્યાસ પ્રવર શ્રી રામવિજયજી ગણિવર્યને, ઉપાધ્યાય પદ ઉપર આરૂઢ કર્યા. ચાતુર્માસ પણ રાધનપુરમાં કર્યું.

ભાવિના સંકેતને બરોબર પામી ન ગયા હોય તેમ પૂ. આ. શ્રી. વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ, પૂજ્યપાદશ્રીજીને તિથિ વિષયક બધી સમજણ આપી અને કહ્યું કે-

"આજ સુધી આપણે પણ ખોટું કરતા હતા તે બધા સમજીને સાચા માર્ગે આવે માટે સંમેલન પણ ભરાઈ ગયું. પણ તિથિ અંગે કોઇ વિચારવા જ તૈયાર નથી તેથી હવે આપણે મૂળ માર્ગે પાછા આવી જવાનું છે. તું તારા ગુરુ મહારાજને સમજાવજે. તારામાં જ તે શક્તિ, સામર્થ્ય અને તાકાત છે."

તે ચાતુર્માસ બાદ, સં. ૧૯૯૨ ના મહા સુદિ-બીજના દિવસે, પાટડી મુકામે પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજ સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા.

૧૯૯૨ નું ચાતુર્માસ મુંબઇ-લાલબાગ નક્કી થયું. પરમગીતાર્થ, જ્યોતિષ માર્તંડ, સ્વર્ગીય સૂરિદેવે ફરમાવેલ, વૈ. સુ. ૬ ના શુભ દિવસે, માધવબાગના મંડપમાં, પિસ્તાલીશ દિવસના ભવ્યાતિભવ્ય મહોત્સવ પૂર્વક, પોતાના તારક ગુરૂદેવેશ પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ, પોતાના વરદહસ્તે હજારોની માનવમેદની વચ્ચે, પૂજ્યપાદશ્રીજીને શ્રી જૈન શાસનના 'રાજા' ના સ્થાનભૂત, પંચપરમેષ્ઠી પદના તૃતીય-સ્થાન શ્રી આચાર્યપદ ઉપર આરૂઢ કર્યા. ત્યારથી તેઓશ્રી, જૈન-જૈનેતર જગતમાં **'મુનિશ્રી રામવિજયજી' ના નામે લોકલાડીલા હતા તે સાથે પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના નામે વિશ્વવિખ્યાત થયા.**

તે જ ચાતુર્માસમાં પૂજ્યશ્રીજીએ, પરમગુરુદેવેશ સ્વર્ગીય સૂરિદેવે જે વાત તિથિના મૂળમાર્ગે આવવાની કરી હતી, તે બધી વાત પોતાના તારક ગુરૂદેવેશશ્રીજી સાથે થઈ તેઓશ્રીજી પણ તે વાતમાં સંમત થયા હતા કે-હવે તો આપણે મૂળમાર્ગે આવી જ જવું જોઇએ. અને તત્કાલીન બધા જ વડિલો પૂ. શ્રી બાપજી મહારાજા, પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજાદિ સાથે પત્રાદિ દ્વારા વિચાર-વિનિમય કરી, મૂળમાર્ગે આવી ગયા.

તે ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીજી મહારાષ્ટ્રમાં વીચર્યા, અનુપમ શાસન પ્રભાવના કરી તેમાં શ્રી કુંથલગિરિનો છ'રી' પાલક યાત્રા તથા કોલ્હાપુરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠાને જાણકારો આજે પણ યાદ કરે છે.

સકલ શ્રી સંઘમાં ચાલતા 'તિથિપ્રશ્ન'નું સુખદ સમાધાન થઇ જાય અને શ્રી સંઘમાં શાંતિ-એકતા સદ્ભાવનું વાતાવરણ સર્જાય તે જ એક શુભ હેતુથી; પૂજ્યશ્રીજી તથા શ્રી સાગરજી મહારાજની વચ્ચે; સુ. શ્રી કસ્તૂરભાઇ લાલભાઇની કલ્યાનગિરિથી, મુનાના પ્રસિધ્ધ તજજ્ઞ શ્રી પી. એલ. વૈદ્યની મધ્યસ્થી કરાઇ અને તેમનો ચૂકાદો બંન્ને પક્ષોએ માન્ય રાખવાનું, બંન્ને ધુરંધરોની સહી સાથે કબૂલ કરાવ્યું.

સં. ૧૯૯૯ માં પાલીતાણામાં બન્નેની લેખિત તથા મૌખિક જુબાની પંચે લીધી. બન્નેના શાસ્ત્ર પાઠાદિનો સાંગોપાંગ અભ્યાસ કરી, પંચે પૂજ્યપાદશ્રીજીની તરફેણમાં ચૂકાદો આપ્યો. પણ અમે તે કારણોસર સામાપક્ષે તે ચૂકાદો માન્ય ન રાખ્યે, પંચ ઉપર પણ કૂટી ગયાનો આક્ષેપ કર્યો. ખુદ શ્રી કસ્તૂરભાઇએ પણ પંચની નિષ્પક્ષતા અંગે પોતાનું નિવેદન જાહેર કર્યું.

(૧૩)

આડંબર લોકમાં પૂજાય છે પરંતુ લોકોત્તર શાસનમાં નહિ. આડંબરથી મોટાં મોટાં ટોળા પણ ભેગા કરવામાં આવે તો પણ તે અવસરે કામ આવતાં નથી.

સં. ૨૦૦૬ માં પૂજ્યપાદશ્રીજીએ પોતાના પરમ તારક ગુરૂદેવેશશ્રીજીની નિશ્રામાં પાલીતાણામાં ચોમાસું કર્યું. તે પ્રસંગે સોનગઢથી કાનજી સ્વામી પણ આવેલા અને પોતાનો કાર્યક્રમ જાહેર કરતી પત્રિકા પણ બહાર પાડેલ. તેમાં શાસનની માન્યતાથી વિરૂધ્ધ એવી પણ વાતો હતી તેથી પૂજ્યશ્રીજીએ તે અંગેના ખૂલાસાઓ માટે એક પત્ર લખીને મોકલેલ અને જાહેરમાં ચર્ચા કરવાનું આહવાન પણ આપેલ. તે પત્ર માત્રથી તેઓ રાતો રાત પાલિતાણા છોડી, સોનગઢ ચાલ્યા ગયા. તે પછી પણ પૂજ્યશ્રીજીએ બીજો એક પત્ર રજીસ્ટર બીથ એ. ડી. થી મોકલેલ તેમાં એવા ભાવનું જણાવેલ કે- ચર્ચા-વિચારણા કરવા માટે આ પાલિતાણા ક્ષેત્ર અનુકૂળ ન હોય અને સોનગઢ અનુકૂળ હોય તો હું ત્યાં આવું. પરન્તુ તે પત્ર એવા શેરા સાથે પાછો આવ્યો કે માલિક લેવાની ના પાડે છે ! જ્યાં મૂળમાં જ ખામી હોય ત્યાં શાસ્ત્રની વાત ગ્રાહ્ય પણ શી રીતે બને ? આ પણ એક અપૂર્વ વિજય કહેવાય ને ?

૨૦૦૭ માં અમદાવાદ જ્ઞાનમંદિરે પૂજ્યશ્રીજીએ ચોમાસું કર્યું અને દર રવિવારે પ્રેમાભાઇ હોલમાં 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' ઉપર જે મનનીય પ્રવચનો કર્યા તે આજે પણ જૈન-જૈનેતરોમાં તેટલા જ ગ્રાહ્ય છે. જે એક અપૂર્વ લોકચાહના કહેવાય ને !

તે પછી પૂજ્યપાદશ્રીજીએ પૂર્વ દેશમાં વિહાર કર્યો અને અનુપમ શાસન પ્રભાવના કરી. દિલ્હી ચાતુર્માસ દરમ્યાન તત્કાલીન વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ તથા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ સાથે પણ મુલાકાત થઈ જેમાં ધાર્મિક તથા રાજકીય પ્રવાહોના પૂજ્યશ્રીજીના માર્ગસ્થ વિચારોથી બંને નેતાઓ અતિ પ્રભાવિત બન્યા હતા અને નિયત સમય કરતાં પણ વધુ સમયની મુલાકાત થઈ હતી.

ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનના સુસાધુ રાજકારણથી અલિપ્ત જ હોય છે, રાજકારણ અને ધર્મની ભેળસેળ પણ ન થઇ જાય તેની એટલી જ કાળજી રાખે છે. અવસર આવે રાજકારણની ખરાબીનું પણ વર્ણન કર્યા વિના રહેતા નથી.

તે જ અરસામાં ભારતમાં ચૂંટણી આવી. 'મતદાન ન કરવું' તે ગુનો ગણાય' તેમ કાયદો ભલે કહેતો હોય પણ ભગવાનનું શાસન કે શાસનને યથાર્થ સમજેલા આત્મા તો મતદાન કરવું તેને પાપ જ સમજાવે ! પૂજ્યશ્રીજીએ પણ વર્તમાન રાજકારણની ખરાબી આદિ ઉપર જે વેધક પ્રવચનો કરેલા તે તો સાંભળનારજ જાણે !. તે વખતે પૂજ્યશ્રીજીના આજીવન ઉપાસક, સંપૂર્ણ સમર્પક, જૈન પ્રવચનના તંત્રી શ્રી શ્રીકાન્તભાઇ (શ્રી ચીમનલાલ નાથાલાલ શ્રીકાન્તએ) તે જ વખતે એક વાર વિનમ્રભાવે કહેલું કે- 'આપશ્રી ચૂંટણી અંગે આટલું પ્રતિપાદન કરો છો તો રાજકીય મુશ્કેલી ન ન આવે' 'જરાપણ વાંધો નહિ આવે- ચિંતા ન કર' તેવો પૂજ્યશ્રીજીનો જવાબ સાંભળી તેમણે તો સંતોષ થયો અને ક્યારે પછી એવું નથી કહ્યું કે- 'આમ બોલવું અને આમ ન બોલવું.' !

પ્રાસનોપકારી વર્તમાન શાસનાધિપતિ ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની અંતિમ દેશનાભૂમિ ઉપર, ઐતિહાસિક માહિતિ આદિના આધારે, સમવસરણ મંદિરનું નિર્માણ પણ પૂજ્યશ્રીજીના ઉપદેશથી થયું અને તેમાં શ્રી મહાવીર સ્વામી પરમાત્માદિ પરમતારક શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા પણ કરાઇ.

તે પછી પૂજ્યશ્રીજી ૨૦૧૪ ના સંમેલન માટે અમદાવાદ પધાર્યા. પણ ભવિતવ્યતાવશ તે શ્રમણ સંમેલન પણ સફળ ન બની શકયું.

પણ તે સાલમાં સકલ શ્રી સંઘે 'જન્મભૂમિ' પંચાંગનો એકીમતે સ્વીકાર કર્યો. 'ચંડાશુચંડુ' પંચાંગ કરતાં તેનું ગણિત વધુ સૂક્ષ્મ હતું માટે.

સ્વ. ગચ્છાધિપતિશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાને, તિથિ પ્રશ્ને સામા પક્ષના અગ્રણી આચાર્યભગવંતો સાથેની ચર્ચાવિચારણા દરમ્યાન એવી આશા બંધાયેલી કે 'પૂનમ અમાસની ક્ષયવૃધ્ધિએ તેરસની ક્ષયવૃધ્ધિ સ્વીકારાય તો સામો પક્ષ ભા. સુ. પ ની ક્ષયવૃધ્ધિએ ઔદયિકી ચોથે સંવત્સરી કરવા તૈયાર થાય' આ આશાથી પ્રેરાઇને તેઓ-

શ્રીએ વિ. સં. ૨૦૨૦ માં આપવાદિક પટ્ટક કરાવેલો. પરંતુ સામા પક્ષના ચાલુ રહેલા વિરોધથી તેઓશ્રીની તે આશા નિષ્ફળ ગયેલી. તેઓશ્રીએ પોતાની છેલ્લી અવસ્થામાં પૂ. ચરિત્રનાયકશ્રીને આ વાત કરેલી, તેથી જ ચરિત્રનાયકશ્રીએ પોતાની છેલ્લી અવસ્થાએ એ આપવાદિક પટ્ટકને રદ કરી શુધ્ધ આરાધના કરવા કરાવવાનો માર્ગ અખંડ રાખ્યો હતો.

સં. ૨૦૨૪માં પૂજ્યશ્રીજી અને તેઓશ્રીજીના પરમતારક ગુરૂદેવેશશ્રીજીનું બંનાતમાં જે અદ્ભૂત મિલન થયું તે પ્રસંગની ભવ્યતા હજી પણ જાણકારોની નજર સમક્ષથી ખસતી નથી. અને તે જ વર્ષે પૂજ્યશ્રીજીના શ્રીમુખેથી નિર્યામણા કરતાં કરતાં પ. પૂ. સિધ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા સમાધિપૂર્વક વૈ. વ. ૧૧ ના કાલધર્મ પામ્યા.

(૧૪)

ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું પરમતારક શાસન પૂજ્યપાદશ્રીજીના રોમે રોમમાં એવું પરિણામ પામ્યું હતું કે ગમે તેવા પ્રલોભનોમાં શાસનથી–શાજ્ઞાથી તસુભર ખસવા તેઓશ્રીજી તૈયાર ન હતા. 'શાસન છે માટે હું છું' તે જ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. શાસન ન મલ્યું હોત તો કયાં હોત! તેથી જ શાસન ઉપર આવેલા બાહ્ય–અભ્યંતર આક્રમણોનો સંપૂર્ણ શકિતથી પ્રતિકાર કરી, આ પાંચમા આરામાં પણ જગતલરમાં ભગવાનના શાસનનો જય જયકાર કરાવ્યો. પૂજ્યપાદશ્રીજીની પરમતારક નિશ્રામાં, પ્રતિષ્ઠા–અંજન શલાકા–દીક્ષા–ઉપધાન આદિ જે શાસન પ્રભાવનાનાં અનુપમ કાર્યો એક એકથી ચઢે તેવા થયા જેનું તો વર્ણન થઈ શકે તેમ નથી. જેને નજરે જોયા તે જ અનુભવી શકે. આ બધાનું કારણ વિચારીએ તો લાગે કે નજીવની નિસ્પૃહતા. અનેક સિદ્ધિઓ ચરણે આળોટે છતાં પણ જે નિરીહિતા, તેથી તો વિરોધીઓના પણ માથા ડોલી ઉઠતાં.

જમાનાવાદની હવામાં તણાઈ, પવન પ્રમાણે પીઠ ફેરવનારા, ગુર્વાદિ વડિલોની આજ્ઞા ઉપર પગ મૂકનારા ઘરના પણ પાકયા તો સડેલું અંગ નિરૂપાયે કાપવું પડે તો કાપી નખાય તેમ ઘરના સાથે પણ સંબંધ કાપી અનુપમ સિદ્ધાંત રક્ષાની ભેટ આપનારા પણ આ જ મહાપુરૂષ હતા.

જીવનની જેમ વયે પણ શાસનના મૂળ ઉપર કુઠારાઘાત કરનારા ઠરાવોનો પણ મકકમપણે પ્રતિકારી કરી, સન્માર્ગનું રક્ષણ કરનારા પણ આ જ પુણ્યપુરૂષ હતા. શ્રી જૈનશાસનમાં અલ્પમતિ, બહુમતિ કે સર્વાનુમતિને સ્થાન જ નથી પણ શાસ્ત્રમતિ જ સર્વસ્વ છે તેનું અજોડ ઉદાહરણ પણ આ પુણ્યપુરૂષને જ ફાળે આવે તેવું છે. ઢળતી જીવન સંધ્યાના કેટલાક સમય પૂર્વે સં. ૨૦૨૦ માં જે આપવાદિક પટ્ટકનો સ્વીકાર કરેલો તેનો હેતુ તદ્દન નિરૂપયોગી હોવાથી તેને રદ કરી. શાસ્ત્રાજ્ઞા મુલક તિથિની

આરાધનાનો સાચો માર્ગ ખુલ્લો કર્યો અને સાચી આરાધના સ્વયં કરી ગયા– તે તેઓશ્રીજીના જીવનનું એક અનુપમ સિદ્ધાંત રક્ષાનું કામ હતું જેને સિદ્ધાંત પ્રેમીઓ કયારે પણ ભૂલશે નહિ.

'સુખ છોડવા જેવું છે, દુઃખ મજેથી વેઠવા જેવું છે' 'અનુકૂળતામાં ઉદાસીનતા કેળવવી અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા રાખવી'– આ વાતોનું જીવનભર જે પ્રતિપાદન કર્યું તેને પોતાના જીવનમાં આવેલી દરેકે દરેક માંદગીમાં યથાર્થ આચરણ કરી બતાવ્યું. પ્રાણાન્ત વેદનામાં પણ એક માત્ર મુક્તિનું જ પ્રણિધાન રાખી અનેકને ધર્માભિમુખ બનાવ્યા.

૨૦૪૭ આષાઢ વદિ ચતુર્દશીના દિવસે, સવારના ૧૦–૦૦ કે. શ્રી અરિહંત. અરિહંત નામે ઉચ્ચારણપૂર્વક અપૂર્વ સમાધિ સાથે આ નશ્વરદેહનો ત્યાગ કરી, સ્વર્ગની વાટે રવાના થઈ ગયા.

તેઓશ્રીજીના અંતિમ સંસ્કારનો પ્રસંગ પણ આ યુગની એક વિરલ ઘટના બની. શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષોના શરીર સંસ્કારના વર્ણનો શાસ્ત્રોમાં વાંચવા કે સાંભળવા મલે છે પણ આ તો જીવનમાં સાક્ષાત જોવા મલ્યા. જીવનભર જે અનુપમ સાધના–આરાધના–પ્રભાવના અને રક્ષા કરી તે તો આ કાળમાં જોવા મલવી મુશ્કેલ છે.

આવા યુગપ્રધાન સમ પરમ ગુરૂદેવેશના ગુણગાન ગાવા એ તો શક્તિ બહારનું કામ છે છતાં પણ 'सुपुरिसकहा वि जा पावतिमिरहणुणिकक सूरपहा' આ મહાપુરૂષોની આર્ષવાણીનું સ્મરણ કરીને, ગુરૂભક્તિથી પ્રેરાઈને આલેખન કર્યું છે.

આ પુણ્યપુરૂષે જે સન્માર્ગ બતાવ્યો તેમાં જ સ્થિર બનીએ, તેમના પગલે પગલે ચાલીએ તેમાં જ સૌનું સાચું શ્રેય છે. સૌ વાચકો ભગવાનના માર્ગના સાચા આરાધક બની આ પુણ્યપુરૂષની 'સૌ વહેલામાં વહેલા પરમપદને પામો' તે ભાવનાને સાર્થક કરે તે જ હાર્દિક મંગલ કામના છે.

: અગત્યનો ખુલાસો :

જૈન શાસનના તા. ૧૫–૬–'૯૩ વર્ષ–૫ ના અંક ૪૩ ના "વિચાર વસંત" માં પ્રગટ થયેલો લેખ તા. ૧૧–૧૨–'૯૧ નો લખાયેલો છે. અને તેમાં નીચેનું લખાણ શરતચૂકથી છપાઇ ગયું છે. તે એ લેખમાં બીજા મેટરમાંથી આવી ગયું છે.-

"...પાલીતાણા ચોમાસુ રહેનારને તો અનુભવ છે કે રોજ કેટલા જોનો ઉપર ચઢે છે ? આસો પુનમના અને બેસતે વર્ષે હજારો ચઢે છે."

આ લખાણ ઉપરોકત લેખ સાથે સંબધિત નથી.



- સાધુ માન પાન પ્રતિષ્ઠાદિમાં પડે, દુનિયાની વાહ વાહ માટે કામ કરે, એવા માટે તમારી દાઢીમાં હાથ ઘાલે તો તેનો ય ધર્મ જાય.
- સંસારનું સુખ અને સુખના સાધન ધન પર જેને દ્વેષ જાગે અને વૈરાગ્ય પામ્યા હોય તેવાને પાપી કહે તે પાપી; તે વિનાનાને પુણ્યવાન પુણ્યવાન કહે વખાણે તે પાપી !
- કોઇ આપણું અસલમાં ભૂંડું કરતું નથી. આપણે જ આપણું ભૂંડું કરીએ છીએ.
- ઉપશમ શ્રેણી તે મોહ સાથે બાંધ છોડ છે. મોહને દબાવવાથી કામ ન થાય. તેને તો મારીને કાઢવો પડે. અરાબ સાથે બાંધછોડ કરાય જ નહિ.
- ક્રોધની યોનિ માન છે. માની બહુ ક્રોધી હોય. કોઇ સામે ન જૂએ તો ય બળતરા થાય.
- જેને સ્વાભાવિક કે ઉપદેશથી આ દુનિયાનું સુખ ભૂંડું ન લાગે, તે સુખ ભૂંડું ય ન લાગે તેનું ય દુઃખ ન થાય, તે સુખ માટે પાપ કરતાં, પ્રપંચ-માયાદિ કરતાં હું ખોટું કરું છું તેમ પણ ન થાય તેને ભારેકર્મી જ કહેવા પડે !
- રોજ ભગવાનની વાણી સાંભળવા છતાં અસર ન થાય તો સમજવું કે મોહની મૂઢતા ભારે છે, મિથ્યાત્વ ગાઢ છે.
- ધર્મનું ફળ પરોક્ષ નથી પણ પ્રત્યક્ષ જ છે. ધર્મ આત્મામાં આવી જાય તો સુખ તેને દુઃખરૂપ લાગે છે અને દુઃખ તેને દુઃખ નથી લાગતું.
- સુખ અને સુખની સામગ્રીના રાગી અને તેને માટે ઘોર પાપ કરનારાને દુઃખ ન આવે તો કોને આવે ?
- પુણ્યના પ્રતાપે જ મોક્ષની પ્રતીતિ થાય નહિ. પુણ્યની સાથે સુંદર ક્ષયોપશમ ભાવ હોય તો જ મોક્ષની પ્રતીતિ થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લા.માળાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

: દિવ્ય આશીર્વાદ :



પ. પૂ. ગચ્છાધિપતિ આ.ભ.
શ્રી વિજયરામચંદ્ર સૂ. મ.

પ.પૂ.આ. શ્રી વિજય જિતમૃગાંક સૂ.મ.



પૂ. પાદ શ્રી ભદ્રાનંદ વિ. મ.

નમો ચઉવિસાए તિત્થયराणं उसमाई-
महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.



પાલડી (થાનાવાલી) થી મોટી ગોલવાડ
પંચતીર્થી સહ રાણકપુર તીર્થ છરીપાલીત

પદયાત્રા સંઘ વિશેષાંક

નિશ્રાદાતા :
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.
ઉપદેશક :
પૂ. મુનિરાશ્રી પુન્યધન વિજયજી મ.
પ્રયોજક :
શ્રીમતિ મણિબેન મૂલચંદના શ્રેયાર્થે
સંઘવી શાહ મૂલચંદજી હીરાચંદજી પરિવાર

વર્ષ - ૫ અંક ૪૭-૪૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ - દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) India, Pin - ૩૬૧ ૦૦૫.

: શુભ નિશ્રા :

પૂ. આ. શ્રી વિજય જીનેન્દ્ર સૂ. મ.

: માર્ગદર્શક :

પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ.

: પ્રેરક :

પૂ. મુનીશ્રી પુણ્યધન વિ. મ.

સંઘ પ્રયાણ

સાંબેલા

બેન્ડ

સંઘમાં રથ

બાળોતરા મંડળ - રાસ

ઉંટગાડી

પૂ. ગુરુદેવાદિશ્રી સંઘ

બાળોતરા મંડળ - નૃત્ય

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયસમતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
હીરાચંદ કેશવ (ચકચાલા)
ચુનીલાલ ઝવેરચંદ મુંબઈ
ચાલાચંદ પદમશી મુંદરા (થાનગઢ)

વર્ષ ૫] ૨૦૪૯ શ્રાવણ સુદ-૯ મંગળવાર તા. ૨૭-૭-૯૩ [અંક-૪૭-૪૮

: એક મનનીય પ્રવચન :

તીર્થ યાત્રા : ઉદ્દેશ અને સંદેશ

—પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

શ્રી સંઘમાં સ્થાન કોનું ?

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ વિવેકી અને શક્તિસંપન્ન શ્રાવકો માટે ફરમાવેલા વર્ષમાં ઓછામાં ઓછા એક વખત તો અવશ્ય કરવા યોગ્ય અગીયાર કર્તવ્યોમાં 'તીર્થયાત્રા' નામનું એક કર્તવ્ય પણ બતાવ્યું છે.

સંસારમાં રહેલા શ્રી અરિહંત પરમાત્માના ભક્તને સંસાર કદી ગમે નહિ, મોક્ષ સિવાય બીજી ઇચ્છા તેને હોય નહિ અને પોતાનો પરલોક બગડે નહિ, તેની તેને સતત ચિંતા હોય. પરલોકમાં સદ્‌ગતિ તે ઇચ્છતો હોય. તે ભોજમજાદિ માટે નહિ પણ મોક્ષ-પ્રાપ્તિ માટે, મોક્ષસાધક ધર્મની આરાધના ત્યાં સારી રીતે થઇ શકે તે માટે અનંતજ્ઞાની-ઓની આ વાત જેના હૈયામાં બેસે તેણે જ ભગવાનને સાચી રીતે ઓળખ્યા કહેવાય અને એવા જ જીવનું વાસ્તવિકપણે શ્રી સંઘમાં સ્થાન છે એમ કહેવાય.

તીર્થયાત્રાનો પ્રભાવ :

તીર્થયાત્રાના પ્રભાવનું વર્ણન કરતાં શાસનના પરમાર્થને પામેલા એક મહાપુરૂષ ફરમાવે છે કે- તીર્થયાત્રાએ જતા ભાગ્યશાળીઓ માર્ગમાં યાત્રિકોના ચાલવાથી ઊડતી રજ-ધૂળ દ્વારા પોતે કર્મરજથી રહિત બને છે, તીર્થયાત્રા માટે વિધિપૂર્વક ભ્રમણ કરતા જીવો પોતાં ભવમાં ભમતા નથી, અને તીર્થયાત્રા માટે સદ્‌દ્રવ્યનો વ્યય કરનારા આત્માઓ

સંસારમાં રહે ત્યાં સુધી સદ્ગતિમાં સુંદર સંપદાને પામે છે અને તેના દ્વારાએ શ્રી અરિહંત પરમાત્માની ઉચ્ચ કોટિની ભક્તિ કરીને પોતે પણ પૂજ્યકોટિમ સ્થાન મેળવે છે,

જયણા અને વિધિ :

તમે બધા સ્તવનમાં વારંવાર ગાઓ છો કે–

'ચાલો, ચાલો, વિમલગિરિ જઈએ રે, ભવજલ તરવાને...' પણ પછી એ સ્તવનના કર્તાએ શું કહ્યું ! તે વાત યાદ રાખતા નથી. પછી કર્તા કહે છે કે–

'તુમે જયણાએ ધરજો પાય રે, પાર ઉતરવાને.'

સંસારમાં ભટકવું ન હોય, સંસારથી પાર ઉતરવું હોય તો શું કરવું જોઈએ તેની અહીં ચાવી બતાવે છે. કહ્યું કે– સંસારથી પાર ઉતરવા માટે તમે જયણાપૂર્વક પગલા મૂકજો. શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં કે ઉતરતાં જયણાનું બરાબર પાલન કરવું જોઈએ. પરમાત્માની પૂજા સેવામાં પણ જયણા બરાબર સાચવવાની છે. સમજવા છતાં જયણાની ઉપેક્ષા કરનારો, વિધિ પ્રત્યે બેદરકાર રહી અવિધિને આચરનારો અને હૈયામાં તે અંગે લેશ પણ દુઃખને ધારણ નહિ કરનારો આત્મા, પરમાત્માની પૂજા–ભક્તિ આદિ કરીને પણ નુકશાન વહોરનારો બને છે. શાસ્ત્રકારોએ વિધિ બહુમાનને જે મહત્ત્વ આપ્યું છે તે આજે ભૂલાતું જાય છે. વિધિના જાણકારને પણ આજે તો વિધિનો ખપ ન હોય તેવું દેખાય છે. યાત્રાએ જનારો આજનો મોટો ભાગ અંધારામાં ઉપર ચઢે છે અને તેમાંના કેટલાક તો નવકારશીનો સમય થાય તો પહેલા જ નીચે આવી જવાનું લક્ષ્ય રાખે છે; તો આ તેમની યાત્રાના વખાણ કેવી રીતે થાય ?

આવા તારક પવિત્ર ગિરિરાજ ઉપર ચઢતાં જીવદયાનું પાલન બરાબર કરવું જોઈએ. આપણી પ્રત્યેક કરણીમાં જીવરક્ષા પ્રધાનપણે જાળવવાની છે. શાસ્ત્રે અમને પણ ફરમાવ્યું છે કે– વિહારમાં ચાલતાં ચાલતાં વાતો ન કરવી એટલું જ નહિ પણ સ્વાધ્યાય પણ ન કરવો પરંતુ જીવરક્ષાનું જ એક લક્ષ્ય રાખવું; કારણ કે એક સમયમાં બે ઉપયોગ રહી શકે નહિ. આજે આ વિધિ ભૂલાતી જાય છે તેના કારણે ધર્મ જોઈએ તેવો ફળતો નથી. જૈનકુળમાં જન્મેલા અને યાત્રાર્થે આવેલા આત્માઓ પણ રાત્રે ખાય, અભક્ષ્ય ખાય, અપેય પીવે, શ્રી જિનેશ્વર-દેવનાં કરે યા ન કરે, પ્રતિક્રમણાદિ અવશ્યકરણીય અનુષ્ઠાનો ન કરે અને ન કરવા છતાં તેનું દુઃખ પણ ન ધરે, આવું બધું બને ખરું ?

જૈન કુળના સંસ્કારો :

શાસ્ત્રે કહ્યું છે કે શ્રાવકના કુળમાં જન્મેલા આત્માઓ મોટા ભાગે સાધુ થવાની કે શ્રાવક બનવાની યોગ્યતા સાથે જન્મ્યા હોય છે. પણ આજે સ્થિતિ જુદી દેખાય છે. આજે મોટા ભાગે તમારા ઘરોમાં જન્મેલા આત્માઓ સાધુ થાય જ નહિ અને કદાચ કોઈ સાધુ થવાની વાત કરે તો તમે તેને દબાવ્યા કે ધમકાવ્યા વિના રહો નહિ. આજના મોટા ભાગના જૈનોની આ હાલત છે. હવે આવી મનોવૃત્તિવાળા આત્માઓ જૈનકુળમાં જન્મેલા હોવા છતાં વાસ્તવિક રીતે જૈનકુળમાં જન્મ્યા નથી એમ જ કહેવું પડે ને? પણ તમને આ વાત બેસવી કઠિન છે. આજે જૈનકુળમાં પણ રાત્રે નહિ ખાનારા કે અભક્ષ્ય નહિ ખાનારા ઘરો શોધવા હોય તો કેટલા મળે? રોજ ભગવાનના દર્શન-પૂજનાદિ કરનારા મા બાપો પોતાના સંતાનોને દુનિયાનું બધું ભણાવે છે, માત્ર ધર્મનું જ મોટા ભાગે કશું ભણાવતા નથી; કેમકે એમાંના ઘણાં એમ માને છે કે સંતાનોને ધર્મનું ભણાવવાથી સંસારમાં કાંઈ મોટો લાભ થઈ જવાનો નથી અને ધર્મનું ન ભણાવવાથી સંસારમાં કોઈ ખામી આવી જવાની નથી.

૨. 'આમ થઈ જવાનું કારણ શું?'

૨. કારણ એ કે જૈનકુળમાં જન્મવા છતાં જૈન કુળના સંસ્કારો પામ્યા નથી, શ્રી અરિહંત પરમાત્મા ઉપર સાચો પ્રેમ જાગ્યો નથી. ભગવાનની પૂજાભક્તિ કરવા છતાં તે તારકના સાચા સ્વરૂપને પીછાન્યું નથી, તેથી જ આવી પરિસ્થિતિ સર્જવા પામી છે.

શ્રાવકના ઘરમાં સંસ્કાર કેવા મળે? શ્રાવકના માતાપિતા પોતાનાં બાળકને રોજ કહે કે- 'દીકરા! તું આ કુળમાં આવ્યો છું તો તારી શક્તિ હોય તો સાધુ બનજે અને કદાચ સાધુ ન બને તો શ્રાવક ધર્મનું બરાબર પાલન કરજે કે જેથી સાધુ થવાની શક્તિ પેદા થાય અને સાધુ બનીને વહેલામાં વહેલી શ્રી સિદ્ધિગતિ પમાય' મને યાદ છે કે મ્મારા કાળમાં વડિલો દ્વારા આવા સંસ્કાર અપાતા. અમે સવારે ઉઠી બાવા માગીએ કે તરત ઘરના વડિલો પૂછે કે- 'દેરાસર જઈ આવ્યો? ભગવાનના દર્શન કરી આવ્યો?' ન કર્યા હોય તો કરવા જવું પડે. શંકા પડે કે અડધે જઈને પાછો આવે એવો છે તો સાથે કોઈને મોકલે. જરાય પોલ ન ચાલવા દે. દર્શન કર્યા વિના મોંમા પાણીનું ટીપું પણ નાંખવા ન દેતા. સાધુ મહાત્મા ઘરે વહોરવા પધારે ત્યારે એ વડિલો કહેતા કે- 'જો આપણે પણ આવા જ બનવાનું છે. ન બનાય તો શ્રાવકપણું બરાબર

પાળવાનું છે અને એ માટે જ આ મહાત્માઓને વહોરાવવાનું છે.' શ્રાવકધર્મ પણ એટલા માટે જ છે કે સાધુપણાની શક્તિ આવે.

દશ વર્ષમાં યુગ પલટાય :

દરેક શ્રાવક શ્રાવિકાને એક નિયમ કરાવવાની મારી ભાવના ખરી કે– 'તમારાં સંતાન પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્વ અર્થ સાથે ન ભણે ત્યાં સુધી, જો તે છોકરો હોય તો તેનું કમાયેલું આવું નહિ અને છોકરી હોય તો તેને પરણાવીને પારકે ઘેર મોકલવી નહિ.' આ નિયમમાં તમને કાંઇ વાંધો આવે એમ છે? જો તમે બધા આ નિયમ લઇ તેનું બરાબર પાલન કરો તો આવતા દશ વર્ષમાં આખો યુગ પલટાઈ જાય. તમારા ઘરો ખરેખરા જૈનઘરો બની જાય. આજે તો તમે તમારા સંતાનોને ડીગ્રી-ધારી, વકીલ, બેરીસ્ટર કે ડોકટર બનાવો છો પણ ધર્મની કોઇ વાત સમજાવતા નથી.

તીર્થની મર્યાદા અને મહિમા :

ત્રણ ભુવનમાં શ્રી સિદ્ધિગિરિજી જેવું કોઇ તીર્થ નથી. અહીં કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે તેથી શ્રી સિદ્ધાચલજીના પ્રસિદ્ધ ૧૦૮ નામોમાં એક નામ 'શ્રી સિદ્ધ-ક્ષેત્ર' પણ છે. આ શ્રી સિદ્ધક્ષેત્રમાં આવનારની પણ મોક્ષે જવાની ઇચ્છા ન હોય ને સંસારમાં લહેર કરવાની જ ઇચ્છા હોય તો તેની યાત્રા કેવી કહેવાય? આજે મોટો ભાગ મોજ-મજા માટે અને લહેર કરવા માટે યાત્રાએ આવતો હોય તેમ દેખાય છે. એ રીતે યાત્રાએ આવનારા અંધારે અંધારે ઝપાટાબંધ ઉપર ચઢે અને ઠેકડા મારતા નીચે ઉતરે છે. એમને કોણ સમજાવે કે– યાત્રા માટે તો ધીમે ધીમે જયણા પૂર્વક ચઢવું ઊતરવું જોઇએ! ત્યાં કાંઇ ખવાય પીવાય નહિ, લઘુનીતિ કે વડીનીતિ કરાય નહિ, નાક-કાનના મેલ કે થુંક શ્લેષ્માદિ નંખાય નહિ, પાણી પણ ન ચાલે તો જ પીવાય. આ બધી મર્યાદાઓ છે. એ મર્યાદાઓ તુટવાના કારણે તીર્થનો મહિમા પણ ધીરે ધીરે ઘટવા લાગ્યો છે. અપણાં મહાન પુણ્યે આપણને આવા તારક તીર્થનો સુયોગ પ્રાપ્ત થયો છે. અમે સાધુ છીએ ને તમે શ્રાવક છો. આપણને બંનેને આવી સામગ્રી પ્રાપ્ત થયા પછી પણ સંસાર સાગર તરવાની અને મોક્ષે જવાની ઇચ્છા થતી ન હોય, તેમજ એવી ઇચ્છા પેદા થાય તેવી ભાવના પણ થતી ન હોય તો આપણો નંબર સંઘમાં નથી. સંઘમાં આપણે પેસી ગયેલા કહેવાઇએ.

ભવ્ય જીવોને નિમંત્રણ :

આપણા શ્રી અરિહંત પરમાત્માઓ સંસારમાં ઉત્કૃષ્ટ સુખ–સામગ્રી પામ્યા હતાં તે બધા સુખનો ત્યાગ કરી, સંયમ સ્વીકારી, ઘોર કષ્ટો વેઠી, ઊગ્ર તપ તપી, મોહને

માર્ગ. વીતરાગ થઇ, કેવળજ્ઞાનાદિ પામી, મોક્ષમાર્ગ રૂપ શાસનની સ્થાપના કરી, આયુષ્યના શેષ ભાગમાં જગતનાં ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપી, સઘળાયે ભવ્ય જીવોને મોક્ષમાં આવવાનું આમંત્રણ આપી મોક્ષે પધાર્યા. વિશ્વનાં ભવ્ય જીવોને ઉદ્દેશીને તેઓ કહી ગયા કે- હે ભવ્યજનો! **જો તમારે વાસ્તવિક સુખ જોઇતું હોય, સાચી શાંતિનો અંશ હોય તો એ સુખ અને શાંતિ, સિવાય મોક્ષ તમને બીજે ક્યાંઇ નહિ મળે, માટે તમે પણ અમારી જેમ સંસાર છોડી. સંયમી બની, મોહને મારી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે જ આવો** ' શ્રી અરિહંત પરમાત્માના આ આમંત્રણની કયાં તો આપણને ખબર જ નથી અગર તો ખબર હોવા છત તેમનું એ આમંત્રણ આપણે ઝીલ્યું નથી.

સમજીને ડાહ્યા બનો :

શ્રી અરિહંત પરમાત્માને જે હૃદયપૂર્વક માને તેને મોક્ષે જવાની અને તે માટે સાધુ બનવાની જ ઇચ્છા હોય. આજે તો ઘણા એવા પણ છે કે જે એમ બોલે છે કે- ' ભગવાનની પૂજા કરવાની શી જરૂર છે? આવું બોલનારા ભગવાનનો ધર્મ તો પામ્યા નથી પરંતુ આવું બોલીને તેઓ એવું પાપ બાંધે છે કે જેથી ભવાંતરમાં તેમને મોક્ષમાર્ગ રૂપ ધર્મ મળવો દુર્લભ થશે. એટલું જ નહિ પણ એ પાપકર્મથી ભવાંતરમાં તેમને ભીખ માંગતા પણ ખાવા નહિ મળે, મળશે તો ખાઇ નહિ શકે અને ખાશે તો અણછું અને આડા થઇ જશે. માટે સમજીને ડાહ્યા બનજો અને આજના એ ગાંડાઓની વાતોમાં આવી જતા નહિ.

સંયમયાત્રા માટે તીર્થયાત્રા :

અહીં જે ભાગ્યશાળીઓએ છ'રી'ના પાલન સાથે આવા તારક તીર્થની યાત્રા કરી છે તેમને આ મનુષ્ય ભવમાં જ મળી શકે તેવા સાધુધર્મની ઇચ્છા ન થાય એ બને ખરૂં? ' આવું સમજનારા આત્માઓને આ યાત્રામાં ઘરથી દૂર રહેવાની અને આરંભાદિથી નિવૃત્ત જીવન જીવવાની ટેવ પડે છે અને એમ કરતાં ઘરબાર આદિ છોડવા સહેલા બને છે. આવા હેતુથી જ આવી તીર્થ યાત્રા કરવાની છે. ' શક્તિ હોય તો સાધુ થવું છે ' એવું તમારૂં મન ખરૂં ને? ' આ જન્મમાં જ મળી શકે એવી દીક્ષા લીધા વિના તો મારે મરવું જ નથી ' આવો નિશ્ચય તમે કર્યો છે ને?

સરસર અને મેરુ :

ભગવાનની પૂજા શા માટે? પંતર કુળના બહુ ઊંડું જ્ઞાન નહિ ધરાવનારા લોકો પણ બોલે છે કે- 'ભગવાન ભલે ભગવાન થવા.' તમે તો સમજુમાં ખપો છો. તમે

રોજ ભગવાનના દર્શન-પૂજનાદિ શા માટે કરો છો? ભગવાનના દર્શન-પૂજનાદિ ભગવાન થવા માટે, સાધુની સેવા-ભક્તિ સાધુ થવા માટે અને ધર્મ-વધુ ને વધુ ધર્મ થઇ શકે અને અંતે સંપૂર્ણ ધર્મ થઇ શકે તેવી શક્તિ પામવા માટે કરવાનો છે. સંપૂર્ણ ધર્મ સાધુપણામાં જ થઇ શકે. ધર્મ કરવો કહો કે સાધુ થવું કહો તે બંને એક જ છે. ભગવાને સાધુપણાને જ ધર્મ કહ્યો છે. શ્રાવક જીવનમાં તો ધર્માધર્મ છે, જ્યાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરુ જેટલો છે. આ વાતની તમને તો ખબર છે ને?

સમકિતિની મનોદશા :

સમકિત પામેલો-પરમાત્માનું શાસન પામેલો આત્મા મુક્તિનો જ અર્થી હોય પણ સંસારનો અર્થી ન હોય. દુન્યવી સુખને તે ફેંકી દેવા જેવું માને. કર્મયોગે ફેંકી ન શકે તો માને કે કમનસીબ છું માટે ભોગવવું પડે છે પરંતુ આ ભોગવવા જેવું તો નથી જ. શ્રી તીર્થંકરદેવોને પણ કર્મયોગે ઘરમાં રહેવું પડે છે અને ભોગો ભોગવવા પડે છે, પરંતુ એ તારકો ઘરમાં રહે છે તે ન છુટકે અને ઉદાસીનપણે, તેમજ ભોગો ભોગવે છે તે નિર્વિકારપણે અને જેવો કર્મનો યોગ પૂરો થયાનું જ્ઞાનબળે જુએ છે કે તરત જ બધું ત્યાગીને ચાલી નીકળે છે.

ઊંચામાં ઊંચો ધર્મ ;

દુન્યવી સુખો ઉપરનો ગાઢ રાગ અને પોતાના જ પાપકર્મના યોગો આવતા દુઃખ ઉપરનો ગાઢ દ્વેષ, એ બે મોટામાં મોટા દુર્ગુણ છે દુન્યવી સુખ ઉપર રાગને બદલે એવી સમજપૂર્વકનો વિરાગ જોઇએ કે- **'જો આ સુખમાં હું ફસાયો તો મર્યો જવાનો એનાથી ભવિષ્યમાં મને દુઃખ જ આવવાનું'** અને દુઃખ આવે તો તેના ઉપર દ્વેષ ન કરતાં વિચારવું કે- **'મેં પોતે જે પાપ કરેલું તેના યોગે જ આ દુઃખ આવ્યું છે માટે મારે એને મઝાથી ભોગવી લેવું જોઇએ.'** દુનિયામાં સુખ ઉપર વિરાગ અને પોતાના જ પાપના યોગે આવતા દુઃખમાં સમાધિ, એ જ ઊંચામાં ઊંચો ધર્મ છે. આ ધર્મ અમારામાં કે તમારામાં ન આવે ત્યાં સુધી અમારાથી સાચી રીતે સાધુપણું કે તમારાથી સાચી રીતે શ્રાવકપણું જીવાશે નહિ.

હૈયામાં ધર્મનો પ્રેમ :

આ શરીર આહાર વિના ટકતું નથી અને આ શરીર વિના ધર્મ થઇ શકતો નથી, તેથી ધર્મ માટે શરીરને ટકાવવા ભગવાને અમને આહારની છુટ આપી છે, પરંતુ તેમાં સ્વાદની મના કરી છે. અમારે આહારાદિ નિર્દોષ લેવાના છે તે તમે જાણો છો ને? તમને અને અમને ખાવા પીવાની છુટ છે પણ તેમાં મઝા કરવાની છુટ નથી. આજે

તમે આવા પીવાદિની મોજમઝામાં એવા પડી ગયા છો કે તેથી તમારા નકામા અને ખોટ ખર્ચા ઘણા વધી ગયા છે. એના કારણે તમારો માર્ગાનુસારિતાનો ધર્મ પણ નષ્ટ થવા માંડયો છે. માર્ગાનુસારી આત્મા 'અનીતિના પૈસાથી પેટ ભરવા કરતાં મરી જવું સારૂં' એવા પ્રકારની માન્યતાવાળો હોય.

પ્ર- 'એને આત્મઘાતનો દોષ ન લાગે ?'

ઉ. ના. એ આત્મઘાત નથી પણ આત્માની ખરેખરી રક્ષા છે. અનીતિ કરી નરકાદિના દુઃખો નોતરી અનેક-મરણ કરવા એના કરતાં પાપથી બચવા માટે એક વાર મરી જવું સારૂં.

શાસ્ત્રે અમને પણ કહ્યું છે કે- તમારાથી સાધુપણું ન પળાતું હોય તો વ્રતમાં રહીને વ્રતને દૂષણ લગાડવા કરતાં જો સમાધિ રહેતી હોય તો વ્રતભંગથી બચવા માટે પહાડના શિખર ઉપરથી ઝંપાપાત કરી મરી જવું સારું. અધર્મ કરનારો વધુ જીવશે તેમ વધારે પાપ કરશે અને વધુ મોટી દુર્ગતિમાં ભટકવા ચાલ્યો જશે. સમ્યગ્ધર્મની આરાધના માટે જરૂર લાંબુ જીવો પણ અધર્મનું મન થાય તો અધર્મ કરવા કરતા વિધિપૂર્વક મરી જવામાં ઓછું નુકસાન છે. અધર્મ ન કરવા ખાતર મરે કોણ ? જેના હૈયામાં ધર્મનો પ્રેમ જીવતો હોય તે.

તીર્થયાત્રા ફળી કયારે કહેવાય :

તમે સૌ છ'રી' પાળતા સંઘમાં તીર્થયાત્રાએ આવ્યા છો. કાલે ગિરિરાજના દર્શન થશે. પછી તીર્થમાળ થશે. તે પહેલાં આજે તમે સૌ નિર્ણય કરી લો કે- હવે અમારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે. આવી તીર્થયાત્રામાં આવ્યા પછી પણ જો મોક્ષ ની બને તે માટે સાધુપણાની ઇચ્છા ન થાય તો સમજી લેવું કે- આપણે તીર્થયાત્રા કરી ખરી પણ તે જેવી ફળવી જોઇએ તેવી ફળી નહિ. તીર્થયાત્રા કરવા છતાં જે સંસારમાં મઝાથી જીવે, મજેથી ખાય પીવે અને લહેર કરે તેમજ એ બધી મોજમઝા એને ઉપાદેય લાગે, તેને તો તીર્થયાત્રા ફળવતી તો ન બને પરંતુ કદાચ નુકશાન કરનારી પણ બને.

ફસાઇ ગયો અને ઠગાઇ ગયો :

અનંતજ્ઞાનીઓએ આ માનવ જન્મને પામેલા આત્માઓ માટે આઠ વર્ષે સાધુ થવાની આજ્ઞા કરી છે. શ્રાવક સમજુ થયા પછી રોજ વિચારે કે- 'હું' આઠ વર્ષે

સાધુ ન થઈ શક્યો તે મારી ભૂલ થઈ. હું મોહથી ઠગાયો અને સંસારમાં ફસાઈ ગયો. મારો કેવો પાપોદય કે સાધુ થવાના ભાવ મને જાગ્યા જ નહિ !' તમને આવા વિચાર આવે છે ખરા ?

તીર્થયાત્રા કરનારની ઇચ્છા :

જ્યાં કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધિગતિને પામ્યા છે એવા તીર્થની યાત્રાએ આવનારો જીવ સંસારમાં બેસી રહેવાની ઇચ્છાવાળો હોય ? ધન કમાવાની ઇચ્છા વગરનો જેમ વેપારી ન હોય તેમ મોક્ષ પામવાની ઇચ્છા વગરનો કોઇ જૈન ન હોય. જે મનુષ્ય જન્મને ભગવાને દશ દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે તેવો મનુષ્યજન્મ તમને ભાગ્યયોગે મળી ગયો છે અને તે પણ શ્રાવકના કુળમાં મળ્યો છે; છતાં પણ સાધુપણું પામ્યા નહિ; પામવાની ઇચ્છા પણ ન થઇ તો હવે થશે શું ! તેવો પણ વિચાર તમને આવે છે ? જો આવો વિચાર ન આવે તો એવા જીવો વાસ્તવમાં ધર્મ પામ્યા નથી એમ માનવું પડે. એવા જીવો ધર્મ કરતા હોય તો પણ તેમનો તે ધર્મ દેખાવનો ધર્મ બની રહે છે પણ વાસ્તવિક ધર્મ બનતો નથી.

સભા. ' સાધુપણું પામવાની ઇચ્છા તો થાય છે પણ ત્યાંના કષ્ટ જોઇને હિંમત થતી નથી.'

તમે વેપારાદિ માટે દુનિયામાં કેટલાં કષ્ટ વેઠો છો ? ત્યાંના જેટલા કષ્ટ અહીં છે ? એટલે તમારી એ વાત બરાબર નથી.

આ ગૃહસ્થાઇ છે ? :

આજે સંસારમાં રહીને વેપારાદિ કરનારા મોટા ભાગના લોકો જેલના મહેમાન બને એવા છે. આજના કોટિપતિના ઘરમાં પણ ચોરીના પૈસા છે. એને ત્યં સરકારની ધાડ આવે તો કોઇ એની દયા ન ખાય પણ ઉપરથી લોક બોલે કે– ' એ તો એ જ દાવનો હતો ! આ ગૃહસ્થાઇ કહેવાય ? આજે ટેક્ષની ચોરી તો લગભગ બધા જ કરે ને ? વેપારમાં જુઠ અને અનીતિ મજેથી ચાલે છે ને ? અમે ઉપદેશમાં નીતિની વાત કરીએ તો ઘણા સારા કહેવાતા લોકો પણ અમારા કાનમાં આવીને કહી જાય કે– ' મહારાજ ! આ કાળમાં આવી નીતિ–અનીતિની વાત આપ કરો તે ચાલે તેવી નથી. નીતિને પકડી રાખનારો ભૂખે મરે એવો આ કાળ છે.' શું આ વાત સાચી છે ? તેમની આ વાતમાં અમે જો અમારું માથું હલાવીએ તો માથું કપાઇ જાય અને ભૂલથી 'હા' બોલીએ તો જીભ કપાઇ જાય.

આજ્ઞાભંગ જેવું કોઈ પાપ નથી :

પ્ર. ' અનીતિના પૈસાથી ધર્મ નહિ કરવો ને ?

સમજદાર હોવા છતાં જેઓ અનીતિ મજેથી કરે છે, ' હું અનીતિ કરું છું તે બહુ ખોટું કરું છું ' એવું દુઃખ પણ મનમાં ધરાવતા નથી, એવા માણસો અનીતિના પૈસાથી જે ધર્મકાર્યો કરે છે, તેમના તે ધર્મકાર્યો લેશ પણ વખાણવા લાયક નથી. એવાઓનો ધર્મ અવિધિ પૂર્વકનો છે, ધર્મકાર્યો કરવા છતાં ધર્મની ઘોર આશાતના કરનારો છે, ભગવાનની આજ્ઞાનો ભંગ કરનારો છે અને એ આજ્ઞાભંગ જેવું જગતમાં કોઇ પાપ નથી.

થોડાં પણ સારાથી શાસન ચાલે છે; ટોળાથી નહિ :

સભા. ' આપ આવું કહેશો તો ધર્મના કાર્યો જ થઇ શકશે નહિ. '

એવા લોકો પાસે અમારે ધર્મના કાર્યો કરાવવા પણ નથી. એવા લોકો ધર્મનાં કાર્યો કેવાં કરે છે તે હું જાણું છું. એવાઓ તો ધર્મના કાર્યો કરીને ય ધર્મની નિંદા ન કરાવે તો સારું. લોક આજે બોલે છે કે– ' પીળાં ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ.' આ અમારી કેવી આબરૂ ? ભગવાનની આજ્ઞા માથે ન ચઢાવે તેને ભગવાનને તિલક કરવાનો હક નથી. આજના ઘણા ધર્મ કરનારા તો એવા છે કે એમની ધર્મક્રિયાના વખાણ થાય જ નહિ. એ તો ' ભગવાન તોબા ' છે. એવા લોકો તો અમને પણ મૂર્ખ અને દેશકાળના અજાણ કહે છે.

પ્ર. એમાં દોષ એવા લોકોનો કે આ કાળનો ?

કાળને બિચારો દોષ ન આપો. સાચું સમજાવવા છતાં જેમને એ સમજવું જ નથી અને સમજીને બરાબર ધર્મ કરવો જ નથી તેમાં કાળનો દોષ કયાંથી આવ્યો ? આ કાળમાં પણ આજ્ઞા મુજબ સારી ધર્મક્રિયા કરનારા છે; તદ્દન નથી એવું નથી. અને એવાં થોડા પણ સાચું સમજીને સારી રીતે ધર્મ કરનારા છે તેમનાથી જ આ શાસન ચાલે છે, ટોળાથી નહિ.

એમાં અતિશયોક્તિ નથી :

જેનો અનીતિ કરે ? જેનો ખોટા થોપડા લખે ? જેનો જુઠું બોલે કદાચ આ બધું કરવું પડતું હોય તો તેનું તેમના હૈયે ભારે દુઃખ હોય કે એનું અભિમાન હોય ? આજે તો જુઠું લખનારા અને જુઠું બોલવાનું શીખવનારા ભણેલા ગણેલા લોકો ભાડે મળે છે ને ? એ માટે શિક્ષણ પણ અપાય છે ને ? આવું શિક્ષણ તમે તમારા

છોકરાંઓને આપાવો છો પણ ધર્મનું શિક્ષણ અપાવતાં નથી એ સાચી વાત છે ને ? અમે વર્તમાન શિક્ષણની ટીકા કરીએ ત્યારે તમને ગુસ્સો આવે છે. ભણેલો અને એથી સાચું–ખોટું સમજેલો માણસ જો મજેથી ખોટું કરે અને શકિત છતાંયે સારૂં ના કરે તો તે શ્રી અરિહંત પરમાત્માને ઓળખતો નથી, સુસાધુને માનતો નથી અને એવાને સમ્યગધર્મની તો દરકાર જ નથી. એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી.

મારી ભલામણ અને ઇચ્છા :

છેલ્લે મારી તમને સૌને ભલામણ છે કે આવી સુંદર યાત્રા છ'રીના પાલન પૂર્વક કરી છે તો હવે ઘરે જવું પડે ને જાઓ તો એટલું નકકી કરીને જાઓ કે– 'જીવનમાં અનીતિ કરીને જીવવું નથી, નીતિપૂર્વક જે કાંઇ મળે તેમાં સંતોષથી જીવવું છે. શકિત હોય તો સાધુ જ થવું છે. તે શકિત ન હોય તો શ્રાવકના બધા આચારો બરાબર પાળવા છે.' આવા નિર્ણય પૂર્વક શ્રાવક જીવન જીવનારને મરવાનો ભય ન હોય ને જીવવાની ખોટી લાલચ ન હોય. તે જીવનમાં કોઇનું ભુંડું કરે નહિ અને શકિત હોય ત્યાં સુધી કોઇનું ભલું કર્યા વિના રહે નહિ, તીર્થયાત્રા કરીને તમે બધા છેવટે આવા તો બનો જ એવી મારી ઇચ્છા છે.

તો ધર્મનો જયજયકાર થઇ જાય :

આપણે બધા જન્મ્યા ભલે રોતાં રોતાં પણ હવે મરવું છે હસતાં હસતાં. મરવાનો ભય કોને હોય ? ખોટાં કામ કરે તેને. આપણને મરવાનો ભય શા માટે હોય ? સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા–સમકિતી અને માર્ગાનુસારી જીવોનુ જીવન જ એવું હોય છે કે એ સદા મજેથી મરવા માટે તૈયાર જ હોય. જન્મેલાએ મરવાનું અવશ્ય છે. મજેથી મરવાનું નકકી કરીને જે જીવે તે ચાલે ત્યાં સુધી કોઇ ખોટું કામ કરે નહિ અને સારૂં કામ શકિત હોય, તો કર્યા વિના રહે નહિ. તમે બધા સારા કામો ભગવાનની આજ્ઞા મુજબ તમારી શકિત જેટલાં કરતા થઇ જાઓ તો આજે પણ ધર્મનો જયજયકાર થઇ જાય. જેઓ શકિત છતાં સારાં કામ કરતાં નથી અને ખોટાં કામ શકિત ઉપરાંત પણ મજેથી કરે છે, તેઓ ધર્મી તો નથી પણ ધર્મ પામવાની યોગ્યતા ધરાવનારા પણ નથી.

પ્ર. 'આપ અમને સારા કયારે કહેશો ?'

અત્યારે જ કહું, પરંતુ તમે એટલું કહો કે– અમે મરી જઇશું તો પણ અનીતિ નહિ કરીએ, સાધુ નથી થઇ શકયા તેનું અમને દુઃખ છે, આજીવિકાનું સાધન થઇ જશે

પછી વેપાર આદિ નહિ કરીએ, ખોટું કામ એક પણ નહિ કરીએ અને સારા કામ શક્તિ મુજબ બધાં કરીશું.' આવી ખાત્રી આપો એટલે તમને મારે સારા કહેવા જ પડે અને એમ કહેતાં મને આનંદ પણ થાય.

ઉપસંહાર-તો આ તીર્થયાત્રા સફળ થશે.

આવી સુંદર સંઘયાત્રા કરી છે તો હવે નક્કી કરી લો કે-વહેલામાં વહેલા મોક્ષમાં જવું છે આવો નિર્ણય કરીને જ જવું પડે તો ઘરે જાઓ તો આ યાત્રા સફળ થશે. તમે સૌ આવી દશાને વહેલામાં વહેલી પામો એજ એકની એક શુભાભિલાષા—

(તીર્થ : સ્થાવર અને જંગમ ' માંથી સાભાર)

પૂ. મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી મ. ની પ્રેરણાથી

રૂા. ૫૦૦૧ આપી પાલડી (થાનાત્રાલી) થી

રાણકપુર પદયાત્રા સંઘ

—: વિશેષાંકના શુભેચ્છક :—

બાબુલાલ કપુરચંદજી

૩૨૧-૨૫ ગજાનંદ નિવાસ,

રૂમ નં. ૬૪-૬૫,

ગણપતરાવ કદમ્બ માર્ગ,

વરલી, મુંબઇ—૧૩.

પદયાત્રા સંઘની ભૂમિકા

પાલડીમાં ચાતુર્માસ : ભવ્ય આરાધના : જિનમંદિર જીર્ણોદ્ધાર : પ્રતિષ્ઠા

યાત્રા સંઘનો મનોરથ

વિ. સં. ૨૦૩૬માં પાલડી (થાણાવાલી)માં પૂજ્ય પન્યાસ પ્રવરશ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર પૂજ્ય મુનિરાજશ્રી હિરણ્યપ્રભવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજશ્રી પુન્યધનવિજયજી મ. આદિ ઠાણાનું ચાતુર્માસ શાહ મૂલચંદજી હીરાચંદજી ૧૨૬થી ૫૦ વર્ષ બાદ થયું. ભવ્ય પ્રવેશ ચોમાસાની ભવ્ય આરાધના, ત્રણ સિદ્ધિતપ, અને બીજી ઘણી તપસ્યાઓ. તેના શિખર રૂપ ભવ્ય ચાર ચાર મહોત્સવો પૂ. શ્રીજીના ઉપદેશ સમજણ અને માર્ગ દર્શનથી વિવાદ દૂર કરીને શ્રી જિન મંદિરનો જીર્ણોદ્ધાર પ્રારંભ, તે ૨૦૪૧માં પૂર્ણ થતા પૂ. આ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયપ્રદ્યોતનસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ અને ૩રોડ જેવી ઉપજ. ગામમાં ભવ્ય જિનમંદિર બે ઉપાશ્રય વાડી આદિ છે.

આ ચોમાસામાં પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી મ. ના. સંસારી પિતાશ્રીજીને ભાવના થઇ ચોમાસા પછી જ તરત છ'રી પાલિત સંઘ કાઢવાની ભાવના હતી પણ સંસારી સંજોગોને હિસાબે સફળ ન થઇ તે તેર વર્ષ બાદ અત્યારે સફળ બની.

પદયાત્રા સંઘના ઉપદેશક સંઘપતિજીના સંસારીપણે કુલદીપક

પૂજ્યમુનિરાજશ્રી પુન્યધન વિજયજી મ.

તેમનો જન્મ સં. ૨૦૧૨ આસો વદ ૧૩ (ધન તેરસ) ના મુંબઇમાં થયો હતો.

તેમણે પરમ કરુણાનિધિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય સમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ૮૦ મુનિરાજોની હાજરીમાં મુંબઇ લાલબાગ માં સં. ૨૦૩૧ ચૈત્ર વદ ૧ ના દીક્ષા લીધી હતી અને પ. પૂ. પીયુષનિધિ આચાર્ય દેવશ્રી વિજયજિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વિદ્વાન પૂજ્ય પન્યાસ શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવરના શિષ્ય બન્યા હતા. વડી દીક્ષા સં. ૨૦૩૧ વૈશાખ સુદ ૩ શ્રી પાલનગર વાલકેશ્વર મુંબઇ પૂ. શ્રી ના હસ્તે થઇ.

॥ શ્રી રાણકપુર તીર્થમંડન શ્રી યુગાદિદેવાય નમઃ ॥

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥

॥ અનન્તલબ્ધિનિધાનાય શ્રી ગૌતમ ગણધરેન્દ્રાય નમઃ ॥

॥ સંઘ સ્થવિર પૂ. શ્રી સિદ્ધિસૂરીશ્વરેભ્યો નમઃ ॥

॥ પૂ. શ્રી કર્પૂર–અમૃત સૂરીશ્વરેભ્યો નમઃ ॥

॥ પરમતારક પાદપદ્મેભ્યઃ શ્રી મદાત્મ કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-જિતમૃગાંક-મહોદય સૂરીશ્વરેભ્યો નમઃ ॥

શ્રી પાલડી(થાનાવાલી)થી જાકોડા તીર્થ તથા ગોડવાલ પંચતીર્થી સહ

શ્રી રાણકપુર તીર્થ છ'રી' પાલક યાત્રા સંઘ

ભાવભર્યું આમંત્રણ

–: દિવ્ય–આશિષ દાતા :–

યુગપુરુષ તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. આ.
શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !
પ્રશાન્તમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજા !
સરળ સ્વભાવી સ્વ. પન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર્ય

–: મંગલ આશીર્વાદ :–

પ્રશાન્તમૂર્તિ, સુવિશાલ ગચ્છાધિપતિ
પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા !

: તારક નિશ્રા :

પૂ. આ. શ્રી. વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.

–: પ્રેરક :–

અમારા કુળદીપક પૂ. મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી મ. સા.

પ્રયાણ : વૈ. સુ. ૬ બુધવાર તા. ૨૮–૪–૬૩

તીર્થમાલ : વૈ. વ. ૪, રવિવાર તા. ૯–૫–૬૩

નિમંત્રક :– શ્રાદ્ધ–શ્રેષ્ઠિવર્ય શ્રી મુલચંદજી હીરાચંદજી પરિવાર

સ્વસ્તિ શ્રી રાણકપુર મંડન શ્રી આદિનાથ સ્વામિનં પ્રણમ્ય, શ્રી જિનમંદિરાદિ વિભૂષિત નગરે, દેવગુરુભક્તિકારક, શ્રી નમસ્કાર, મહામંત્ર આરાધક શ્રાદ્ધવર્ય શ્રી આદિ સમસ્ત શ્રી સંઘની પવિત્ર સેવામાં

મૂળ પાલડી (થાનાવાલી) નિવાસી હા. મુંબઇ **શ્રી મૂલચંદજી હીરાચંદજી, પ્રકાશમલ, મદનલાલ, શાંતિલાલ, મહેન્દ્રકુમાર** આદિ સમસ્ત પરિવારના સબહુમાન પ્રણામ સ્વીકારશોજી.

અત્રે દેવગુરુ ધર્મ પસાયે આનંદ મંગલ વર્તે છે, તમારે ત્યાં પણ તેમજ હશે

વિ. હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે– સકલાગમરહસ્યવેદી સ્વ. પૂ. આ. શ્રી. વિ. **દાનસૂરીશ્વરજી** મહારાજના પટ્ટપ્રભાવક સચ્ચારિત્ર ચૂડામણિ, સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂ. આ. શ્રી. વિ. **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના અદ્વિતીય પટ્ટાલંકાર, શ્રી જિનશાસન શણગાર, અણનમ અણગાર, સૂરિપુરંદર સ્વ. પૂ. આ. શ્રી. વિ. **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાધિરાજનો તથા તેમના પટ્ટધર પ્રશાન્ત મૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી વિ. **જિતમૃગાંકસૂરીશ્વરજી** મહારાજ તથા તેમના પરમ વિનેયી સરળસ્વભાવી સ્વ. પૂ. પંન્યાસ પ્રવર **શ્રી ભદ્રાનંદવિજયજી** ગણિવર્યનો અમારા કુટુંબ ઉપર અનહદ ઉપકાર છે. જેઓશ્રીજીના સત્પરિચય અને સિદ્ધાન્તાનુસારિણી શ્રી જિનવાણીના શ્રવણથી અમારા કુટુંબમાં સદ્ધર્મના બીજ વવાયા અને યથાશક્તિ ધર્મની આરાધના કરી રહ્યા છીએ. તેમાંય અમારા કુલ દિપક પૂ. **મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી** મહારાજની સત્પ્રેરણા અમોને વધુને વધુ ઉલ્લસિત કરી રહી છે.

પર્વાધિરાજ **શ્રી** પર્યુષણા મહાપર્વમાં વિવેકી અને શક્તિસંપન્ન શ્રાવકોએ પ્રતિવર્ષ કરણીય અગિયાર કર્તવ્યોમાંનું **'યાત્રાત્રિક'** નામના કર્તવ્યમાંનું **શ્રી તીર્થયાત્રા'** નામનું કર્તવ્ય સાંભળ્યા પછી તે અદા કરવાનો પુણ્ય મનોરથ અમારા હૈયામાં કેટલાંક વર્ષોથી હતો.

'સંસાર સાગરથી તારે તે તીર્થ ! વિધિપૂર્વક છ'રી'ના પાલન પૂર્વક કરાતી-કરાવાતી તીર્થયાત્રા સંયમ–યાત્રીને પમાડી ભવવ્યથાની યાત્રાનો નાશ કરી મુક્તિ મહેલને પમાડનારી છે. સદ્ગુરુની નિશ્રાપૂર્વક શક્તિ સંપન્ન શ્રાવકો છ'રી'ના પાલનપૂર્વક અનેક ભવ્યાત્માઓને યાત્રા કરાવે તો તેઓ યાવત્ શ્રી તીર્થંકર પદને પામે છે.' આવા ભાવના શાસ્ત્રવચનોના શ્રવણથી અમોને અમારા મૂળવતન પાલડી (થાનાવાલી–રાજ.) થી રાણકપૂર તીર્થનો છ'રી' પાલક સંઘ કાઢવાની પ્રબલ ઇચ્છા જન્મી અને સ્વ. પૂ. તપાગચ્છાધિપતિશ્રીજીના મંગલ આશીર્વાદથી અમોને અમારું સ્વપ્ન સાકાર થતું લાગ્યું કે

સં. ૨૦૪૧ ના સ્વ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રાનંદ વિજયજી ગણિવર્યને નિશ્રા પ્રદાન માટે પૂ. તપાગચ્છાધિપતિશ્રીએ સહર્ષ અનુમતિ આપી તેથી અમારો આનંદ-ઉત્સાહ અગણિત થયો. પરન્તુ પૂ. પંન્યાસજી મહારાજશ્રીની શારીરિક પ્રતિકુળતા-અસ્વસ્થતાથી અમારે મનોરથ સિદ્ધ ન થયો. તે જ ચાતુર્માસમાં પૂ. પંન્યાસજી મહારાજ સમાધિથી સ્વર્ગવાસી થયા તેથી તેઓ પૂ. શ્રીજીની નિશ્રા ન પામી શકાશે તેનો વસવસો સદૈવ રહી ગયો. પરન્તુ તીર્થયાત્રા કાઢવાની ભાવના તો પ્રબલ જ હતી. અમારા પૂ. કુલદીપક પૂ. પંન્યાસજી મહારાજના વિનેયી-સેવાભાવી પૂ. મુનિરાજ શ્રી પુણ્યધન વિજયજી મહારાજની પ્રેરણાથી વર્ષોની ભાવના સાકાર થઇ રહી છે. તેનો અત્યંત આનંદ છે.

અનુપમ સમાધિસાધક સ્વ. પૂ. તપાગચ્છાધિપતિશ્રીજીના પટ્ટધરરત્ન ગચ્છાધિપતિ પ્રશાન્તમૂર્તિ પૂ. આ. શ્રી. વિ. **અભ્યુદયસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવેલ મંગલ મુહૂર્ત તથા હૈયાના મંગલ આશિષથી; હાલાર દેશોદ્ધારક સ્વ. પૂ. આ. શ્રી. વિ. **અમૃતસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધરરત્ન સિદ્ધાન્તનિષ્ઠ પૂ. આ. શ્રી. વિ. **જિનેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાદિની તારક નિશ્રામાં આયોજેલ છ'રી' પાલક યાત્રા સંઘમાં પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. અમારા વતનથી આ છ'રી' પાલક યાત્રા સંઘ પ્રથમ જ વાર નીકળે છે તેનો ય અમને અનહદ આનંદ છે.

સર્વે પૂજ્યોની વાત્સલ્યભરી દિવ્યકૃપા અમોને પણ આ સંસારથી બહાર કાઢી સંયમ યાત્રાના સાચા પથિક બનાવે એ જ હાર્દિક અભ્યર્થના છે.

ઉપરોકત છ'રી' પાલક યાત્રા પ્રસંગે તથા તન્નિમિત્તક સંઘના શુભ પ્રયાણ પૂર્વે પાલડી (થાનાવાલી) માં આયોજેલ શ્રી શાન્તિસ્નાત્રાદિ સમેત શ્રી જિનેન્દ્ર ભકિત મહોત્સવે પધારવા પુનઃ પ્રાર્થના કરીએ છીએ.

લિ.

શ્રી મૂલચંદજી હીરાચંદજી

શા પ્રકાશચંદ્ર મૂલચંદજી	મંજુલાબેન પ્રકાશચંદ્ર
શા મદનલાલ મૂલચંદજી	કંચનબેન મદનલાલ
શા શાંતિલાલ મૂલચંદજી	પ્રભાબેન શાંતિલાલ
શા મહેન્દ્રકુમાર મૂલચંદજી	

હિતેશ, ભાવેશ, કવિલ,

મમતા, ટીના, રીના, નીલમ, મીના, ચીંકી

આદિ સમસ્ત વિશાલ ગોત્ર પરમાર પરિવારના સબહુમાન પ્રણામ સ્વીકારશોજી.

* છ'રી'નું સ્વરૂપ *

* **સચિત્ત પરિહારી** : સચિત્ત અર્થાત્ સજીવ વસ્તુમાત્રનો ખાન-પાનાદિમાં ત્યાગ કરવો.
* **એકલ આહારી** : દિવસમાં એક જ વાર એક આસન ઉપર બેસીને જમવું. અર્થાત્ આયંબિલ, એકલઠાણું કે એકાસણું કરવું.
* **પાદચારી** : કોઈપણ પ્રકારના વાહનનો ઉપયોગ કર્યા વિના તથા બુટ-ચંપલ આદિ પગરખાં પહેર્યા વિના ખુલ્લા પગે ઉપયોગ અને જયણાપૂર્વક ચાલવું.
* **ભૂમિ સંથારી** : ભૂમિ ઉપર સંથારીયું તથા ઉત્તરપટ્ટો (સફેદ ચાદર) પાથરી શયન કરવું.
* **બ્રહ્મચારી** : નવવાડોની રક્ષાપૂર્વક બ્રહ્મચર્યનું પાલન કરવું.
* **આવશ્યક કારી** : દરરોજ સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું.

છ'રી'ના પાલન પૂર્વક તીર્થયાત્રા કરતો આત્મા મન-વચન-કાયાની શુદ્ધિને સાધી સમ્યક્ નિર્જરા દ્વારા આત્માને નિર્મળ કરી અલ્પ સમયમાં જ આત્માના સાચા-વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ મોક્ષફળને પામે છે.

શા. મદનલાલ મૂલચંદજી
૨ જે કુમ્ભારવાડા, ઘર નં. ૨૩૩/૨૩૫,
રૂમ નં. ૮, ૧ લે માળે,
મુંબઇ-૪૦૦ ૦૦૪.
ફોન : ઘર : ૩૮૮૩૮૯૬ ૦ ૩૮૮૨૩૦૬
દુકાન : ૩૧૨૫૬૪

આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
કોબા
(જિ. ગાંધીનગર)
પીન: ૩૮૨૦૦૭
મહાવીર જૈન આરાધના

રાણકપુરજી તીર્થયાત્રામાં વચ્ચે તીર્થો

શ્રી રાણકપુર તીર્થ મૂલનાયકશ્રી આદીશ્વરજી

પાલડીમાં શાંતિસ્નાત્ર

પાલડી - મૂલનાયક શ્રી સંભવનાથજી

આરતિ

ગહુંલી

રાણકપૂરમાં નવાણું અભિષેક પૂજા

ઉપકારી પરમ ગુરુદેવ

સન્માન

માળ વિધિ - સંઘપતિઓ

પાવન ઉપસ્થિતિ

પૂ. આ. શ્રી. વિ. જિનેન્દ્રસુરીશ્વરજી મ. સા., પૂ. મુનિરાજ શ્રી યોગીન્દ્ર વિ. મ. સા., પૂ. મુનિરાજ શ્રી હેમેન્દ્ર વિ. મ. સા.

પૂ. સ્વ. તપાગચ્છાધિપતિ શ્રીજી ના પ્રશિષ્ય પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. મ. સા. ના શિષ્યરત્ન ૧૧૩ ઉપવાસ ના તપસ્વી પૂ. મુનિરાજ શ્રી નયધન વિ. મ. સા. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન વિ. મ. સા. તથા પૂ. મુનિરાજ શ્રી પુણ્યધન વિ. મ. સા. આદિ ઠાણા અનુકૂળતા એ પધારશે.

પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ., આદિ ઠાણા. તથા અન્ય સાધ્વીજીઓને વિનંતિ કરેલ છે. તેઓ પણ અનુકુળતાએ પધારશે.

પાલડી (થાનાવાલી, રાજ.) મધ્યે આયોજેલ શ્રી જિનભક્તિ મહોત્સવનો

મંગલ કાર્યક્રમ

- ચૈત્ર વદ–૦)) બુધવાર તા. ૨૧–૪–૯૩ સવારે કુંભસ્થાપન
- વૈશાખ સુદ–૧પ્ર· ગુરૂવાર તા. ૨૨–૪–૯૩ સવારે સ્નાત્ર પૂજા
- વૈશાખ સુદ–૧દ્વિ. શુક્રવાર તા. ૨૩–૪–૯૩ શ્રી પંચકલ્યાણક પૂજા
- વૈશાખ સુદ–૨ શનિવાર તા. ૨૪–૪–૯૩ શ્રી નવપદજીની પૂજા
- વૈશાખ સુદ–૩ રવિવાર તા. ૨૫–૪–૯૩ શ્રી બારવ્રતની પૂજા
- વૈશાખ સુદ–૪ સોમવાર તા. ૨૬–૪–૯૩ પાટલા પૂજન
- વૈશાખ સુદ–૫ મંગળવાર તા. ૨૭·૪-૯૩ સવારે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા સ્વામિવાત્સલ્ય
- વૈશાખ સુદ–૬ બુધવાર તા. ૨૮–૪–૯૩ સવારે સંઘનું પ્રયાણ

- વૈશાખ વદ–૩ શનિવાર તા. ૮–૫-૯૩ રાણકપુરમાં નવ્વાણું અભિષેક પૂજન

મહોત્સવ નું સ્થળ

શ્રી સંભવનાથ જૈન દેરાસર
મુ. પાલડી (થાનાવાલી),
સ્ટે. જવાઇબાંધ, રાજસ્થાન.

રાણકપુરમાં ઉતરવાનું સ્થળ

આણંદજી કલ્યાણજી ની પેઢી,
મુ. રાણકપુર, સ્ટે. ફાલના,
પો. સાદડી (રાજ.)

પાલડી આવવા માટે જવાઇબાંધ સ્ટેશનથી બસ-ગાડીની સુવિધા છે.

ધન્ય ધન્ય શાસન મંડન મુનિવરા

જે કાળમાં સત્યની બાબતોમાં સજ્જનોમાં મતભેદ હોય, અસત્યની બાબતોમાં દુર્જનો સુસંગઠિત હોય તથા સત્યની સ્મશાનયાત્રા નીકળતી હોય તેવા કાળમાં બાહ્ય-અભ્યંતર સંઘર્ષોને મજેથી વેઠીને પરમ સત્ય-મતના આરાધક અને પ્રચારક, શ્રી વીતરાગ શાસનની સેવાના અણનમ ઝંડાધારી, અર્થ-કામની લાલસાથી ઓતપ્રોત જડવાદના જમાનામાં નિડર-પણે સત્યસિદ્ધાંતો સમજાવનાર, મોક્ષમાર્ગના નિર્ભય પ્રરૂપક, ત્યાગમાર્ગના સમર્થ ઉપદેશક, વિરોધિઓના મસ્તક માત્ર નહિ પણ હૃદય સુદ્ધાં ડોલવતી એવી શ્રી જિનવાણીના જગમશહૂર જાદુગર, શ્રી વીરશાસનની સિત્યોતેરમી (૭૭) પાટવિભૂષક, વીશમી સદીના ધર્મશ્રદ્ધા પ્રત્યે ડગમગતા જમાનામાં શ્રી જૈનશાસનના સ્તંભરૂપ એવા સ્વર્ગસ્થ સૂરિપુરંદર પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના નામ-કામ માત્રથી સૌ સુપરિચિત છે.

તેઓશ્રીજી એ જીવનભર શાસનની જે આરાધના-રક્ષા-પ્રભાવના કરી 'શાસન તાહરું અતિભલું, જગ નહિ કોઇ તસ સરખું રે' ઉક્તિને યથાર્થ ચરિતાર્થ કરી બતાવી છે,

તેઓશ્રીજીની જેમ તેમના જ પટ્ટધરરત્ન પ્રશાન્તમૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી. વિ. જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજાનો તથા તેમના પરમવિનેયી, વિદ્વદ્વર્ય, સરળ સ્વભાવી સ્વ. પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રાનંદવિજયજી ગણિ-વર્યનો પણ અમારા કુટુંબ ઉપર અનહદ ઉપકાર છે.

શાસનના સત્યસિદ્ધાન્તો સમજાવનારા તે સર્વે પૂજ્યોના ચરણ કમલોમાં કોટિશઃ વન્દના.

ફૂલનાં જીવન લખવાં પડતાં નથી કે ફૂલના યાદમાં કોઈ મૂર્તિ–મંદિર બનાવવું પડતું નથી, ફેલાતી જતી ફોરમ જ ફુલનું જીવન–દર્શન અને સ્મૃતિ–મંદિર બની જતું હોય છે. કેટલીક વ્યકિતઓ ફુલ સમી હોય છે તો એના જીવન ફોરમ સમાં હોય છે. એ ફુલ–ફોરમના અનુમોદનીય અહેવાલને ઝીલવાનું કાર્ય કલમ–કેમેરા કે કાગળ માટે ગજા બહારની વાત ગણાતી હોય છે. આવાં અનુપમ જીવનને જીવી જાણનારા, સંયમ-સાધક પરમારાધ્યપાદ પ્રશમરસ–પયોનિધિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય જિતમૃગાંક-સૂરીશ્વરજી મહારાજનું વ્યકિતત્વ આ સત્યની સાખ પૂરે એવું છે. સરસ્વતી, સંયમ અને સમત્વનાં ત્રિવેણી તીરે ઊગીને ઊછરેલું એ વ્યકિતત્વ એટલે જ જાણે સાધનાના સુવાસથી મઘમઘતા ગુણોના ગુલાબથી ભર્યું ભર્યું એક ઉપવન !

પ્રશમરસપયોનિધિ પરમારાધ્યપાદ આચાર્યદેવેશ

શ્રીમદ્‌વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજ

એક પરિચય

તપ, ત્યાગ, તિતિક્ષા, ગુરુ સમર્પણ, વાત્સલ્ય, ગંભીરતા, નિસ્પૃહતા, સ્વાધ્યાય–પ્રેમ, આશ્રિતોની અનોખી સંયમ–કાળજી, ક્રિયારુચિ, નિરભિમાનિતા, સમતા, સૌજન્ય, સરળતા આદિ અનેકાનેક ગુણોના ગુલાબોથી મઘમઘતા જીવનના એ ઉપવનની સુવાસ માણવા–જાણવા જેવી છે. એ સુવાસ જ એવી છે કે ત્યાં પ્રવાસ–નિવાસ કરવાનું મન થયા વિના ન રહે !

સાધુતા અને સરસ્વતીના સંગમથી ઓપતું એઓશ્રીજીનું જીવન કેઇ જીવોને માટે પ્રેરણાના ધામ સમું હતું. આચાર અને વિચારના બે કિનારા વચ્ચે વહેતી એ જીવનસરિતાએ ઠેર–ઠેર અણમોલ ધર્મમોલ સરજ્યો હતો અને એથી કેઇ જીવોનાં હૈયા *ઘર હરિયાળી* હસી ઊઠી હતી.

આગમના અર્કને તર્કની તાકાતથી જિજ્ઞાસુના જિગરમાં ઠસાવી દેવાની પ્રવચન કળા એમનામાં કેવી અજબ હતી, એની કલ્પના તો એમના પ્રવચન અને એમની વાંચનાનો શ્રોતા વર્ગ જ કરી શકે એમ છે.

થાકયાં–પાકયાં અનેક પ્રવાસીઓ માટે વિસામો પૂરો પાડતાં એઓશ્રીએ સાધુતાના વિશાળ–વડલાના મૂળિયા સમો સ્વાધ્યાય–ગુણ એવો તો આત્મસાત્ કર્યો હતો કે રાત્રે અગિયાર વાગ્યા સુધી સ્વાધ્યાય કર્યા વિના સંતોષ ન થતો, મોડી રાત સુધી આ રીતે જ્ઞાનાનુપ્રાપ્તા કર્યા છતાં સવારે ચાર વાગે ઊઠીને પુનઃ તેઓશ્રી સ્વાધ્યાય-મગ્ન બની જતા.

એઓશ્રીના જીવનમાં વણાયેલો ગુરુ સમર્પણ ગુણ તો એક આદર્શ ખડો કરી

જાય એવો હતો! સમર્પણ એટલે સમર્પણ! ન તન પોતાનું! ન મન પોતાનું! કે ન જીવન પોતાનું! બધું જ ગુરુ–ચરણે અર્પણ! આ મુદ્રા-લેખને એઓશ્રીએ જીવનના અંત સુધી કાળજાની કોરની જેમ જાળવીને પથ્થરની રેખની જેમ પાળી જાણ્યો હતો. ગુરુને હૈયે વસાવવા, એ જ જ્યાં સહેલું નથી, ત્યાં પોતાના હૈયામાં ગુરુને વસાવી દઈ પોતે ગુરુના હૈયામાં વસી જવું એ તો સહેલું હોય જ કયાંથી! છતાં દર્પણ સમા સ્વચ્છ સમર્પણથી એઓશ્રી જેમ ગુરુને પોતાના હૈયે વસાવી શકયા હતા, એમ પોતે પણ ગુરુ–હૈયે વસવામાં સફળ બન્યા હતા. તેઓશ્રીના જીવનનું આ એક પનોતું અને પ્રેરક પાસું હતું.

સાધુતાના શિખરેથી વહી નીકળીને, સૂરિપદના વિશાળ પટમાં ફેલાઈને અંતે સમાધિમૃત્યુંના સાગરમાં સમાઈ ગયેલી જીવન–સરિતાને ગુરુ–કૃપાના બળે એઓશ્રી એક તીર્થઘાટ જેવી પ્રતિષ્ઠા અપાવી શકયા હતા.

જાત માટે કઠોર બની જવા છતાં આશ્રિતો માટે અવસરે કોમળ પણ બની જાણતા એઓશ્રી "वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि" આ સૂત્રને ચરિતાર્થ કરી શકયા હતા. આ કઠોરતા-કોમળતા એક એવો અદ્‌ભુત ચમત્કાર સરજી જતી કે વિના કહ્યે આશ્રિતોની આરાધનામાં વેગ પૂરાતો.

સંયમ સુરક્ષા કાજેની જાગૃતિ, જ્ઞાન–ધ્યાન ને જયણા સિવાયની બીજી કોઈ પ્રવૃત્તિમાં રસ ન લેવાની નિરીહતા, સંઘની નાની–મોટી પ્રત્યેક વ્યકિતઓ પર સસ્મિત વદને ધર્મલાભ સૂચક વાત્સલ્યવર્ષા, પરિચયમાં આવનાર જિજ્ઞાસુને ધર્મમાર્ગે આગળ વધતા કરવાની પરોપકારી વૃત્તિ આવી વિરલ વિશેષતાઓનો એવો તો એમ-નામાં વાસ હતો કે એઓશ્રીએ જ્યાં જ્યાં ચાતુર્માસ પ્રવાસ કે નિવાસ કર્યો, ત્યાં ત્યાં પથરાયેલી એ ધર્મ સુવાસ હજી આજેય સહુને માટે સ્મરણીય, સ્પૃહનીય અને નમનીય રહેવા પામી છે.

સંઘ સમુદાય અને સમાજમાં સાધના અને સમતાભર્યા સ્વભાવ–પ્રભાવની સુવાસ સાડા ચાર દાયકા સુધી ફેલાવી જનારા પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય-જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજનો જન્મ ગુજરાતમાં આવેલા માણેકપુર ગામમાં વિ. સં. ૧૯૬૧ ની સાલના પોષ વદ ૧૩ સે થયેલો. માતા શ્રી કુંવરબાઈ અને પિતા શ્રી કુલ-ચંદભાઈના 'કુલ' સમા લાડકવાયા એઓશ્રીને કોઈ ભવ્ય ભાવિનાં એંધાણ રૂપે જ જાણે "માણેકભાઈ" નામ મળ્યું. ૨૬ વર્ષની યુવા વયે સંયમી બનીને એમણે 'માણેક' નામને કામથી ઉજ્જવલ બનાવ્યું.

દીક્ષાની દુંદુભિનો નાદ સંભળાવીને ઠેર ઠેર સંયમ–ધર્મની અહાલેક

જગવનારા પૂ. પરમશાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ (ત્યારે પંન્યાસ)ના પ્રવચન અને પરિચયનો પારસસ્પર્શ પામી ધર્મરંગથી અંગે અંગમાં રંગાઈ ચૂકેલા માણેકલાઇ સંવત ૧૯૮૭ના માગસર વદ ૯ મે સંયમી બનીને મુનિરાજશ્રીમૃગાંકવિજયજી મહારાજના નામે જાહેર થયા.

સકલાગમરહસ્યવેદી પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી મહારાજ, સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, (ત્યારે ઉપાધ્યાય) પોતાના પરમગુરુદેવ પૂ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ આ ગુરુ-ત્રિવેણીના અપૂર્વ કૃપાપાત્ર બનીને એઓશ્રી જ્ઞાનાર્જન, ગુરુભક્તિ, વૈયાવચ્ચ આદિ અનેક ગુણોના યોગે સંયમ જીવનનો સર્વતોમુખી વિકાસ સાધવા માંડયા. વિકસતી યોગ્યતા જોઇને પૂ. ગુરુદેવોએ એમને ગણિ-પંન્યાસપદ પર આરૂઢ કર્યા અને વિ. સં. ૨૦૨૯ના માગસર સુદ બીજના દિવસે મુંબઇ શ્રીપાળનગરમાં પૂ. ગચ્છાધિપતિ ગુરુદેવના વરદ-હસ્તે આચાર્યપદે પ્રતિષ્ઠિત કરાયા.

આરાધના અને પ્રભાવનાના સ્વપર ઉપકારક ગુણો વડે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજની જીવનનૈયા તરતી અને અનેકોને તારતી આગળ વધી રહી હતી, એમાં જીવનનાં છેલ્લાં વર્ષોમાં વ્યાધિઓના હુમલા દેહ પર થતા રહ્યા, છતાં વ્યાધિની ફુંકાયેલી આંધીમાં સમાધિનું સુકાન સમાલી રાખવામાં એઓશ્રી એટલા બધા સફળ બન્યા કે વ્યાધિની માત્રા કરતાં સમાધિની યાત્રા એથીય વિશેષ વેગ પકડતી રહી. હસતા હસતા સહીને અને સહતાં સહતાં હસતા રહીને વિ. સં.૨૦૩૨ ના ફાગણ સુદ છઠ્ઠના દિવસે શ્રીપાળનગર મુંબઇ મુકામે એઓશ્રી અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવશ્રીમદ્‌વિજય-રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક તરીકે એઓશ્રી એવું અદ્‌ભુત સાધક-પ્રભાવક જીવન જીવી ગયા કે વર્ષોનાં વાણાં વાઇ ગયાં છતાં હજી આજે ય એ મહાપુરુષની સ્મૃતિ ગુરુ સમર્પિતતાની દીવાદાંડી બનીને અનેકને સંયમ-સાધનાનો રાહ બતાવી રહી છે.

વિશ્વના ઉપવનમાં સાત દાયકાથી અધિક જીવનકાળ દરમિયાન સાડા ચાર દાયકાથી પણ વધુ સમય સુધી સંયમની સુવાસ રેલાવી ગયેલું યશસ્વી વ્યક્તિત્વથી સભર એ ફુલ એ દિવસે ખરી પડયું. પણ એ ફુલની ફોરમ અનેકનાં દિલ દિમાગને તરબતર કરતી હજી આજે પણ ચારિત્રની પવિત્ર પરિમલ ફેલાવતી વિસ્તરી રહી છે.

ચારિત્રથી પવિત્ર પૂજ્યશ્રીના ચરણારવિંદમાં જેટલી વંદનાંજલિ અર્પણ કરીએ એટલી ઓછા જ રહેવાની ! માટે એની આગળ 'અગણિત' આ વિશેષણની વૃદ્ધિ કરીને આપણે સહુ મસ્તક નમાવીએ ! અનંત વંદન એ તારકના પાદપદ્મમાં.

સંકલન :- પૂ. મુ. શ્રી દિવ્યભૂષણવિજયજી મ.

કેટલાંક જીવન એવા અદ્ભુત અને અનેડ હોય છે કે કલમ એને કંડારી ન શકે. તેમજ કેમેરા એને કેચ ન કરી શકે! આવા જીવન સ્વામીના પડખા સેવનારા પણ જ્યાં એ જીવનને પુરેપુરું જાણવા-માણવા સફળ ન બની શકતા હોય, ત્યાં કલમ કે કેમેરા તો આમાં કયાંથી પૂરી સફળતા વરી શકે? આવું જીવન જીવી જવામાં હજારોમાંથી કોક જ સફળ બનતું હોય છે. પણ એ 'કોક' વિભૂતિ જ લોકને માટે એવા આદર્શો મુકી જતી હોય છે કે મૃત્યુ બાદ પણ એની સ્મૃતિ સુવાસ તાજી ને તાજી રહે!

પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિજયજી ગણીવર્ય શ્રીના જીવન પટ પર એક આછો દ્રષ્ટિપાત કરીએ તોય એમ લાગ્યા વિના ન રહે કે, એઓ જીવન જીવી ગયા અને એઓ મૃત્યુ પણ માણી ગયા! લગભગ છ દાયકાનું જ એ જીવન છતાં કેટ-કેટલી સિદ્ધિઓનું સ્વામીત્વ! જીવનના એ ઉપવનમાં તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાનના કુલ ગુચ્છોની કેટલી બધી સુવાસ! અઢાર વર્ષે જોબન વયે સંયમનો સ્વીકાર અને ૪૨

પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિજયજી મહારાજા

એક પાવન પરિચય

—પૂ. મુ. શ્રી. પુણ્યધન વિજયજી મહારાજ.

વર્ષની સંયમ સાધના બાદ, એ સાધનાના ફળ તરીકે સમાધિ મૃત્યુ દ્વારા સ્વર્ગગમન! આ ૬ દાયકામાં પૂજ્યશ્રી જે સ્વ-પરોપકારક ગંગોત્રી વહાવી ગયા, એમાં એકાદ ડુબકી મારીશું, તોય જીવન ધન્ય બની જશે.

ગુજરાતમાં ગૌરવભર્યું સ્થાન ધરાવતી સુરત નગરી, પૂજ્યશ્રીની જન્મભૂમિ બનીને વધુ ધન્ય બની. સં. ૧૯૮૨ની સાલના શ્રાવણ સુદ ૧૧ ના જન્મેલો એક બાળક સંયમી બનીને જૈન શાસનનો પ્રભાવક બની જશે, આવી તો કયારે કલ્પના ય કોને આવી શકે! સુરતના સુપ્રસિદ્ધ સુતરીયા-કુટુંબમાં જન્મ પામીને કુલચંદનું નામ ધરાવતું એ બાળક ખરેખર નામ મુજબ જે કામકરી બતાવવાનું ભાગ્ય લેખ ધરીને આવ્યું હશે, એવી અઢાર વર્ષની વયે એક એવું દ્રશ્ય નજરે ચડયું કે જેમાંથી કુલચંદે વૈરાગ્યના બોધપાઠ ગ્રહણ કર્યા. એ વખતે સુરતની તાપી નદીમાં માનવીથી ભરચક ચેક હોડીની હોનારત સર્જાઈ હતી એ હોડી-હોનારતમાં જળ સમાધિ લેનારા માનવીનું કરૂણ દ્રશ્ય જોઇને કુલચંદનો વૈરાગ્ય હૈયાના પાતાળમાંથી ઉપર તરી આવ્યો. જીવનનું. ક્ષણભંગુરતાની દર્દિલી-કથા સુણવાતો આ પ્રસંગ જોયા બાદ એમણે મનોમન નિર્ણય કરી લીધો

કે મારી જીવન-નાવ પણ આ રીતે મોતના મુખમાં હોમાઇ જાય, એ પૂર્વે મારે સંયમનો કિનારો મેળવી લેવો જ રહ્યો !

કુલચંદે પોતાની મનોભાવના પિતાશ્રી રમણિકભાઇ, માતુશ્રી કાંતાબેન અને ભાઇઓ કેસરીચંદ, કુસુમચંદ, નવલચંદ આગળ ખુલ્લી કરી અને સંયમી બનવા કાજે અનુમતિ યાચી. ઠોમ ઠોમ વૈભવ અને લખલુટ આબરૂ અને વિખ્યાતિ ધરાવતો પરિવાર યુવાનીના ઉંબરે પગ મુકતા કુલચંદની આ વાત સાંભળીને સ્તબ્ધ બની ગયા, એ વિરાગની સામે રાગનો સંઘર્ષ પ્રારંભાયો. પણ એ વિરાગ-તકલાદી નહોતો, લોખંડી હતો. એથી કુલચંદનો વિરાગ વિજયી નીવડયો અને વિ. સં. ૨૦૦૦ ના ફાગણ સુદ-૫મે કુલચંદ સંસાર ત્યાગીને મુનિ શ્રી ભદ્રાનંદ વિ. જી તરીકેનું નવજીવન પામ્યા. સુરત છાપરીયા શેરીના આંગણે એક મહિના સુધી ચાલેલ દીક્ષા-મહોત્સવે કેવી જબરજસ્ત શાસન પ્રભાવના સર્જી હશે, એની તો કલ્પના જ કરવી રહી.

મુનિરાજ શ્રી ભદ્રાનંદ વિ. જી મહારાજને ગુરૂદેવ અને પ્રગુરૂદેવ આદિ તરીકે એવા કુશળ ઘડનૈયાનો ભેટો થયો હતો કે, થોડા જ વખતમાં એમની જ્ઞાન-ધ્યાનની સાધના ઝડપી-વેગે આગેકુચ કરી રહી, પ. પૂ. સિધ્ધાંત મહોદધિ આ. ભ. શ્રીમદ્ વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ. ભ. શ્રીમદ્ વિ. રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ, આ બંને પરમ ગુરૂદેવોની અમી દ્રષ્ટિથી પ. પૂ. સ્વાધ્યાય મૂર્તિ આ. ભ. શ્રીમદ્ વિ. જિતમૃગાંક સૂરીશ્વરજી મહારાજ (ત્યારે મુનીરાજ શ્રી મૃગાંક વિ. મ.) ની ગુરૂ નિશ્રામાં મુનિરાજ શ્રી ભદ્રાનંદ વિ. મહારાજ એવી સંયમ સાધના કરવા ભાગ્યશાળી બન્યા કે- એમના દર્શને એમના પરિચયે બધે જ ભદ્ર-કલ્યાણ અને આનંદનું વાતાવરણ સરજાઇ જતું.

ભદ્ર અને આનંદના વાહક એ પૂ. મુનિશ્રીના જીવનમાં જે ઝડપે વર્ષો ઉમેરાતા ગયા, એથી કંઇ ગણી વધુ ઝડપે એ વર્ષોમાં સાધનાના સરવાળા ઉમેરાતા ગયા. એમની બુધ્ધિ કુશાગ્ર હતી. એથી જ્ઞાનની સાધનામાં તો એઓ આગળ વધતાં જ રહ્યા પણ સાથે સાથે એઓશ્રીએ તપ યાત્રાને જે રીતે આગળ વધારી, એય વિરલ કહી શકાય એવી હતી. સંવત ૨૦૧૧ સુધીમાં તો એક માસીથી નવમાસી સુધીની તપશ્ચર્યાઓ ઉપરાંત વર્ષીતપ આદિ અનેકાનેક તપો એઓશ્રીએ અપ્રમતભાવે આરાધીને જ્ઞાન સાથે તપનો ગુણ સિદ્ધ કર્યો. એમની દર્શન શુદ્ધિ પણ ખુબ જ અનુમોદનીય હતી. સં. ૨૦૦૭ માં એમણે વિહારમાં આવતા દરેક નવા મંદિરમાં નાના કે મોટા આરસ કે ધાતુના એક એક પ્રતિમાજીને ઉભા ઉભા ત્રણ અભાસમણા આપવાની પ્રતિજ્ઞા સ્વીકારી. અને આ ભીષ્મ સંકલ્પનું અણિશુધ્ધ પાલન કર્યું.

આગમ અને પ્રકરણના પદાર્થોનું એઓશ્રીએ હસ્તગત કરેલું જ્ઞાન એટલું બધુ ઉંડાણભર્યું હતું કે આ વિષયના ગમે તેવા પ્રશ્નોનું એઓશ્રી સચોટ સમાધાન આપી શકતા. એથી લગભગ કાયમ એમની પાસે પ્રકરણાદિ–પદાર્થોના જિજ્ઞાસુઓનું એક વર્તુળ રચાયેલું જ રહેતું. ભણવા–ભણાવવાનો રસ એવો હતો કે ભણનારા મળતાં જ ગોળનું ગાડું મળ્યા જેવો આનંદ એઓ અનુભવતા. આજ કારણે 'માસ્તર મહારાજ' ના હુલામણા નામે એઓશ્રીની સ્મૃતિ હજી આજે ય અકબંધ જળવાયેલી રહી છે.

ગુરૂઓને હૈયામાં વસાવવા ઉપરાંત એઓશ્રી ગુરૂઓનાં હૈયે વસનાર મેળવવામાં પણ એટલાં જ સફળ બન્યા હતા. જેના પ્રભાવે ૨૦૩૧માં વૈશાખ સુદ ૧૦ મે મુંબઈ શ્રીપાળનગરમાં ગણિપદના ધારક બનેલા એઓશ્રી પૂ. આ. શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ૨૦૩૪માં વૈશાખ સુદ–૫ મે અમદાવાદ–ગીરધરનગરમાં પંન્યાસ પદ પામવા વડભાગી બની શકયા ગુરૂકૃપાના જ આ ફળ હતા. પોતાના ગુરૂદેવો તરફથી વારસામાં મળેલાં સ્વાધ્યાય–તત્પરતા. ગુરૂ સમર્પિતતા, સરળતા, પ્રસન્નતા આદિ ગુણોને પૂ. પન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. જી ગણિવર્યશ્રી જીવનના અંતકાળ સુધી ઉજાળતા રહ્યા. એઓશ્રીના જીવનમાં ચમકતા અનેકાનેક ગુણોમાંના સ્વાધ્યાય તત્પરતા નામના ગુણનું પ્રતિબિંબ દર્શાવતું 'જ્ઞાન' આજેય અભ્યાસીઓને ઉપકારક બની રહ્યું છે. અનુયોગ દ્વાર, કર્મગ્રંથ, બૃહદ સંગ્રહણી, લઘુક્ષેત્ર સમાસ, આદિના પૂ પન્યાસજી મહારાજે બનાવેલા નકશાઓ તથા તર્કસંગ્રહ, મુક્તાવલી, સ્યાદવાદ મંજરી જેવા ન્યાયના કઠિન વિષયો સરળ ગુજરાતીમાં તૈયાર કર્યા, આજેય એઓશ્રીની તત્વજ્ઞાન પ્રિયતાનો પુરાવો પુરો પાડી રહ્યા છે.

જીવન જ્યારે વનમાં (૫૧ માં વર્ષમાં) પ્રવેશ્યું, ત્યારથી જ શરીર પર અવાર નવાર રોગોના હુમલા આવ્યા કરતા હતા, પણ પૂજ્યશ્રી સમાધિ દ્વારા એને હસતા હસતા સહી લેતા અને વ્યાધિનેય સમાધિના પ્રેરકબળ તરીકે વધાવી લેતા.

મુનિ અને પંન્યાસના પર્યાય દરમિયાન શાસન પ્રભાવના અનેક કાર્યોને નિશ્રા આપનારા પૂજ્યશ્રીનું સં. ૨૦૪૧ નું ચાતુર્માસ સુરત છાપરિયા શેરી નકકી થયું. ગુર્વાજ્ઞા શિરોમાન્ય કરીને એઓશ્રીએ મુંબઈથી સુરત તરફ વિહાર લંબાવ્યો, ત્યારે કોને એવી કલ્પનાય હતી કે, આ નિર્ણય પાછળ જન્મભૂમિનો કોઈ અગમ્ય સાદ સંકેત ભાગ ભજવી રહ્યો હશે? પૂજ્યશ્રી વાપી સુધી આવ્યા અને તબીયત અત્યંત નરમ થઇ, પરંતુ પૂ. શ્રીનો પ્રવેશ થઇ ગયો, પણ અધિક શ્રાવણ માસની સુદ–૧૨નો દિવસ અંતિમ નીવડયો અને અપૂર્વ સમાધિ પૂર્વક જીવન–દીપ સમતા–સમાધિના અજવાળાથી વાતાવરણને ઝાકઝમાળ બનાવતા સ્વર્ગલોકની વાટે સંચરી ગયા. સુરતની ભૂમિમાં જન્મેલી

એક વિભૂતિ, સુરતના ખોળે અંતિમ શ્વાસ લઈને જન્મ ભૂમિને વધુ ગૌરવ આપવા પૂ. મુ. શ્રી જ્ઞાનધન વિ. મ., પૂ. મુ. શ્રી નયધન વિ. મ., પૂ. મુ. શ્રી મુક્તિ ધન વિ. મ.ને પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. ની જીવન નૈયાના એ સુકાની અનંતની વાટે સિધાવી ગઈ, એ ઘડી-પળ પર વર્ષો થયા. પૂ. શ્રીની ગુણ સ્મૃતિને વધુ સજીવન બનાવતી શ્રાવણ સુદ-૧૨ ની આ પુણ્ય તિથિએ પૂ. શ્રીના ચરણોમાં અગણિત વંદનાવલિ અર્પણ કરવા સાથે તે પુણ્ય સ્મૃતિ દિને પાલડી (થાણાવાલી) થી રાણકપુર પદયાત્રા સંઘ વિશેષાંક પ્રગટ કરવાનું આયોજન તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ આપે છે.

ત્રિકાળ પૂજાની વિધિ

સવારે :- પ્રતિક્રમણ કરી, પ્રભુજીના અંગોનો સ્પર્શ કર્યા વિના વાસક્ષેપ પૂજા અને ધુપ-દીપ અને ચૈત્યવંદન વગેરે કરવું.

બપોરે :- મધ્યાન્હ સમયે સ્નાન કરી ઉંચી પ્રકારની સામગ્રી લઈને પ્રભુની અષ્ટ પ્રકારી અંગ, અગ્ર અને ભાવપૂજા કરવી.

સાંજે :- ધુપ, દીપ, આરતી, મંગલદીવો, ચૈત્યવંદન વિગેરેથી પૂજા કરવી.

કો. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞા...
સા ક્ર.
...શુદ્ધિ (ગાંધીનગર)
...મહાવીર જૈન આરાધના...

શુદ્ધિના સાત પ્રકાર

૧. અંગ શુદ્ધિ ૨. વસ્ત્ર શુદ્ધિ ૩. મન શુદ્ધિ
૫. ઉપકરણશુદ્ધિ ૬. દ્રવ્ય શુદ્ધિ ૭. વિધિ શુદ્ધિ

જિનમંદિરની જઘન્ય ૧૦ અશાતનાઓ

૧. તંબોલ ખાવું ૨. પાણી પીવું ૩. ભોજન કરવું ૪. પગરખાં પહેરવા ૫. સ્ત્રી સેવન કરવું ૬. થુંકવુ ૭. શ્લેષમ ફેંકવું ૮. પેશાબ કરવો ૯. ઝાડો કરવો ૧૦. જુગાર ખેલવો.

મધ્યમ અશાતના ૪૨ પ્રકારે થાય છે. શરીર વગેરે અશુદ્ધ છતાં પૂજા કરવી. પ્રતિમા નીચે પાડવી વિગેરે.

જિનમંદિરની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ

૧. દેરાસરમાં નાકનું લીંટ નાંખે ૨. જુગાર ગંજીફો ચોપાટ રમવું ૩. લડાઈ ઝગડા કરવા ૪. ધનુષની કળા શીખે ૫. ફોગળા કરે ૬. પાન સોપારી ખાવી ૭. પાનની પિચકારી મારવી ૮. ગાળ આપે ૯. ઝાડો પેશાબ કરે ૧૦. હાથ, પગ મોઢું ધુવે ૧૧. વાળ ઓળે ૧૨. નખ ઉતારે ૧૩. લોહી પાડે ૧૪. સુખડી વગેરે ખાય ૧૫. ગુમડા, ચાંદાની ચામડી ઉતારીને નાંખે ૧૬. પિત્ત નાંખે ૧૭. ઉલ્ટી કરે ૧૮. દાંત પડી ગયેલા દેરાસરમાં નાંખે ૧૯ આરામ કરે ૨૦. ગાય, ભેંસ ,ઊંટ, બકરાનું દમન કરે ૨૧ થી ૨૮. દાંત, આંખ, નખ, ગાલ, નાક, કાન, માથાનો તથા શરીરનો મેલ નાંખે ૨૯. ભૂત પ્રેત કાઢવા મંત્ર સાધના કરે ૩૦. વાદ વિવાદ કરે ૩૧. ઘર વેપારના નામાં લખે ૩૨. કર અથવા ભાગની વહેંચણી કરે ૩૩. પોતાનું ધન દેરાસરમાં રાખે ૩૪. પગ ઉપર પગ ચઢાવીને બેસે ૩૫. છાણા થાપે ૩૬. કપડાં સૂકવે ૩૭. શાક વગેરે ઉગાડે ફે મગ મઠ આદી સૂકવે ૩૮. પાપડ સૂકવે ૩૯. વડી, બેરો, અથાણાં સૂકવે ૪૦. રાજા વગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ રહે ૪૧. સંબંધીનું મૃત્યુ સાંભળી રડે ૪૨. વિકથા કરે ૪૩. શસ્ત્ર, અસ્ત્ર ઘડે કે સજે ૪૪. ગાય, ભેંસ બાંધે ૪૫ તાપણું તાપે ૪૬. પોતાના કામ માટે દેરાસરની જગ્યા રોકે ૪૭. નાણું પારખે ૪૮. અવિધિથી નિસીહી કહ્યા વગર દેરાસારમાં જવું ૪૯. થી ૫૧. છત્ર, પગરખાં, શસ્ત્ર ચામર વસ્તુ દેરાસરમાં ન લાવવી ૫૨. મનને એકાગ્ર ન રાખવું ૫૩. શરીરે તેલ ચોપડવું ૫૪. કુલ વગેરે સચેત્ર દેરાસરની બહાર ન મૂકવા ૫૫. રોજના પહેરવાના દાગીના બંગડી વગેરે પહેર્યા વિના (શોભા વિના) આવવું ૫૬. ભગવંતને જોતા હાથ ન જોડવા ૫૭. અખંડ વસ્ત્રનો બેસ પહેર્યા વિના આવવું ૫૮. મુમટ મસ્તકે પહેરવો ૫૯. માથા પર પાઘડીમાં કપડું બાંધે ૬૦. હારતોરા વગેરે શરીર પરથી દુર ન કરે ૬૧. શસ્ત્ર હોડ બકવી ૬૨. લોકે હસે તેવી ચેષ્ટા કરવી ૬૩. મહેમાન વગેરેના પ્રણામ કરવા ૬૪. ગીલીદંડા રમવા ૬૫. તિરસ્કારવાળું વચન કહેવું ૬૬. દેવાદારને દેરાસરમાં પકડવો, પૈસા કઢાવવા ૬૭. યુધ્ધ ખેલવું ૬૮. માથાના વાળ ઓળવા ૬૯. પલાંઠીવાળીને બેસવું ૭૦. પગમાં લાકડાની પાવડી પહેરવી ૭૧. પગ લાંબા પહોળા કરીને બેસવું ૭૨ પગચંપી કરાવવી ૭૩. હાથ, પગ ધોવા ૭૪. દેરાસરમાં પગ કે કપડાંની ધુળ ઝાટકે ૭૫. મૈથુન ક્રિડા કરે ૭૬. માંકડ, જૂ દેરાસરમાં નાંખે ૭૭. જમે ૭૮. શરીરના ગુપ્તભાગ ઢાંક્યા વિના બેસે, ઢેખાડે ૭૯. વૈદું કરે ૮૦. વેપાર લેવડ દેવડ કરે ૮૧. પથારી પાથરે બંબેરે ૮૨. પાણી પીવે ૮૩. દેવાં, દેવતાની સ્થાપના કરે ૮૪. દેરાસરમાં રહે.

આ ૮૪ આશાતના ટાળીને દેરાસરમાં જવું જોઇએ.

પાલડી (થાનાવાલી) થી જાકોઠાતીર્થ ગોલવાડ મોટી પંચતીર્થ તથા શ્રી રાણકપુર તીર્થ

છ'રીપાલિત પદ યાત્રા સંઘ

આ પદ યાત્રા સંઘનું આયોજન શાહ મૂલચંદજી હીરાચંદજી સપરિવારે કર્યું હતું શ્રીમતી મણિબેન મૂલચંદજીના શ્રેયાર્થે પ્રથમ અઠ્ઠાઇ મહોત્સવ યોજયો હતો અને ત્યાર બાદ યાત્રા સંઘ પ્રયાણ નકી થયું હતું.

યાત્રા સંઘના પ્રેરક પૂ. મુનિરાજશ્રી પુન્યધનવિજયજીશ્રી મ. તે સંઘપતિના સંસારી પણે કુલદીપક પુત્ર છે. તેઓ પોતાના વડિલ પૂ. મુનિરાજશ્રી મુકિતધનવિજયજી મ. સાથે છાણી ચોમાસું હતા અને સંઘનું નકી થતાં તેમણે રાજનગર શંખેશ્વર તીર્થ થઇ રાજસ્થાન તરફ પ્રયાણ કર્યું.

સંઘપતિ સપરિવારે ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિને વિનંતિ કરી તેઓશ્રી આદિ પધારી શકે તેમ ન હોવાથી મુહૂર્ત તથા શુભ આશીષ આપ્યા. સંઘપતિ પરિવાર ત્યાંથી આબુ દ પૂ મુનિરાજશ્રી પાસે આવ્યો, અને તે વખતે હાલારતીર્થ પ્રતિષ્ઠા પ્રસંગે પધારતા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ ત્યાં હતા, અને સંઘમાં આવવા ખૂબ આગ્રહ કર્યો અને દૂર હોવા છતાં તેમની લાગણીનો સ્વીકાર થયો. અને પ્રસન્ન થઇ સંઘપતિ પરિવાર મુંબઇ ગયો. પોસ્ટર પત્રિકા તૈયાર કરી દેશોદેશ તથા રાજસ્થાન મુબઇ વિ. કુંમકુંમ પત્રિકાઓથી આમંત્રણ ગયા.

પૂ. મુનિરાજશ્રી મુકિતધનવિજયજી મ., પૂ. મુ. શ્રી પુન્યધનવિજયજી મ. આદિ અનુક્રમે વિહાર કરતા ચૈત્ર વદ ૧ ના પાલડી પધાર્યા. સંઘપતિ પરિવારના આનંદના અંકુરા પ્રગટ થયા. ભવ્ય સામૈયા સાથે પ્રવેશ થયો મુનિશ્રીજીની દીક્ષા તિથિ હોવાથી એમના સંયમ જીવન અનુમોદનાર્થે પ્રવચન બાદ રૂા. ૨૫ નું સંઘપૂજન થયું પ્રભુજીને ભવ્ય અંગરચના થઇ.

શ્રીમતી મણિબેન મુલચંદજીના શ્રેયાર્થે અઠ્ઠાઇ ઉત્સવનો પ્રારંભ ચૈત્ર વદ ૧૩ થી હતો તે દિવસે સંઘમાં લઈ જવાના પ્રભુજીનો તથા પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીજીના શિષ્યરત્ન પ. પૂ. પં. શ્રી હર્ષવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. પ્રવચનકાર મુનિરાજશ્રી મલ્લિષેણવિજયજી મ આદિનો પ્રવેશ ભવ્ય રીતે થયો બાદ કુંભસ્થાપન દીપક સ્થાપન આદિ થયા અને ગોળની પ્રભાવના થઇ.

વૈશાખ સુદ બીજ એકમના પૂ. આચાર્યદેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ. ઠાણા તથા તપસ્વી

પૂ. સા. શ્રી હેમપ્રભાવિજયજી મ. ઠાણા તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ઠાણા પધારતાં ભવ્ય સામૈયું થયું. જિનદર્શન કરી સંઘપતિશ્રીજીને ત્યાં પધરામણી થઇ મંગલિક સંભળાવ્યું અને સંઘપતિજીને ઘેર તેમના તરફથી સંઘપૂજન તથા લાડુની પ્રભાવના થઇ. વૈશાખ સુદ ૨ પ્રવચન બાદ (૧) શા. હજારીમલજી તખતગઢવાળા તથા (૨) શા શાંતિલાલ છોગમલજી તરફથી સંઘપૂજન થયા, વૈ. સુ. ૩ ના પ્રવચન બાદ (૧) ત્રિલોકચંદજી ખીમાજી મદ્રાસ તથા (૨) ગોમરાજ જુહારીમલજી પલડી તરફથી સંઘપૂજનો થયા, વૈ. સુ. ૪ ના ઉમેદમલજીને ત્યાં સંઘપૂજન થયુ વૈ. સુ. ૫ ના પ્રવચન બાદ વિજયરાજજી હજારીમલજી તરફથી સંઘપૂજન થયું.

સવારે ૧૦ વાગ્યે શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવ્યું પ્રભુજીને ભવ્ય હાર પહેરાવ્યો હતો. જીવદયાની ટીપ થઇ બપોરે સંઘ જમણ થયું સાંજે પ્રભુજીને ભવ્ય મહાપૂજાના દર્શન થયા.

ચૈત્ર વદ ૧૩ થી દરરોજ વ્યાખ્યાનમાં તથા સવારે પ્રભાતીયા વખતે તથા પૂજા વખતે જુદી જુદી પ્રભાવનાઓ સંઘવી પરિવાર વતી થતી હતી.

યાત્રા સંઘનું પ્રયાણ વૈ. સુ. ૬-દિવસ પહેલો

વહેલી સવારે યાત્રા સંઘનું પ્રયાણ હતું. સંઘપતિ પરિવારને ત્યાં સર્વ સામગ્રી તૈયાર થઇ ગઇ. પૂ આ. મ. આદિને તેડવા સંઘવી પરિવાર શ્રી સંઘ તથા સ્વજનો સાથે આવ્યા, પૂ. શ્રી વિશાળ સમુદાય સાથે તેમને ત્યાં પધાર્યા મંગલિક ગુરુપૂજન વિ. થયા અને સમય થતાં સંભવનાથ પ્રભુજીની જય સાથે પ્રયાણ થયું. વિશાળ સાજન માજન સાથે ગામમાં ફરતાં કલાક જેવું થયું અને દેરાસર થઇ ગામ બહાર આવતાં પૂશ્રીએ મંગલિક સંભળાવ્યું અને સંઘ આગળ વધ્યો.

શિવગંજમાં શા ભભૂતમલજી હંશરાજજીના વિનંતિથી તેમને ત્યાં સામૈયા સહ સંઘ પધાર્યો માંગલિક બાદ તેમના તરફથી સંઘપૂજન થયું. પૂ. શ્રી રોક દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે ત્યાં ધ્વજા મંત્રવા ગયા. સંઘ ત્યાંથી સમેરપુરમાં શા બાબુલાલજી કપૂરચંદજીને ત્યાં પધાર્યો માંગલિક બાદ સંઘપૂજન થયું. બાજુના જિનમંદિરે દર્શન કરી સંઘ વિદ્યાલયે ઉતર્યો સ્નાત્ર પૂજા વિ. થયા તથા એકાસણાદિ બપોરે થયા બપોરે ૩ વાગ્યે પ્રવચન થયું. તીર્થ યાત્રા અને યાત્રિકની મહત્તાને સમજાવતા પૂ. શ્રીના પ્રવચનો દરરોજ થતા. રાજસ્થાન ધર્મસ્થાન એકટ અંગે વિરોધ કરવામાં આવ્યો, પ્રવચન બાદ સંઘપતિ મૂલચંદજી હીરાચંદ પરિવાર તરફથી દાન સારૂં અપાયું તથા ૨-૨ રૂા. નું સંઘ પૂજન કર્યું પારેવાની ચણની રકમો લખાઇ રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૭+૮ ગુરૂવાર દિવસ બીજો

સવારે જિનમંદિરે ચૈત્યવંદન કરી સંઘે પ્રયાણ કર્યું. જાકોડા તીર્થે આવતા પેઢી તરફથી સામૈયું થયું ચૈત્યવંદન બાદ મંગલિક થયું સ્નાત્રપૂજા વિ. થયા. બપોરે હોલમાં પ્રવચન થયું. બાદ પાલડીવાળા ભંવરલાલ નેનમલજી તરફથી સંઘ પૂજન થયું સંઘપતિ તરફથી સારૂંદાન આપ્યું. રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૯ શુક્રવાર દિવસ ત્રીજો

સવારે જિનમંદિરે દર્શન કરી સંઘ ફાલના અંબાવજી સોસાયટી શ્રી નેમિનાથ શ્વેતાંબર તીર્થ સસ્વાગત આવ્યો. દર્શન મંગલિક થયું. સ્નાત્રપૂજા વિ. થયા બપોરે પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.ની નિશ્રામાં શ્રી મહિલપેણ વિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યધનવિજય મ. ના પ્રવચન થયા પ્રવચન બાદ કુરરમલ સરેમલજી પાલડીવાળા તરફથી સંઘ પૂજન થયું.

પ્રવચન બાદ **ખીમેલ તીર્થ** તરફ પ્રયાણ થયું. ત્યાં સાંજે પહોંચી બાવન જિનાલય તથા જલમંદિરના દર્શન તથા મંગલિક થયા રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૧૦ શનિવાર દિવસ ચોથો

સવારે બાવન જિનાલય દર્શન કરી સંઘે પ્રયાણ કર્યું વરકાણા તીર્થ પહોંચતાં સામૈયું થયું ભવ્ય જિનાલયે વરકાણા પાર્શ્વનાથજીના દર્શન ચૈત્યવંદન બાદ મંગલિક સંભળાવ્યું. બપોરે પૂ. મુનિરાજ શ્રી મહિલપેણવિજયજી મ. નું પ્રવચન થયું. પ્રવચન બાદ દેવીચંદજી ગેનાજી કોઠારી વાંકલીવાળા તરફથી સંઘ પૂજન થયું. રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૧૧ રવિવાર દિવસ પાંચમો

સવારે ચૈત્યવંદન બાદ પ્રયાણ થયું નાડોલ તીર્થ આવી પહોંચતા સંઘે સામૈયું કર્યું. દહેરાસરો દર્શન કરી મંગલિક સંભળાવ્યું બપોરે પૂ. શ્રીનુ પ્રભુ મહાવીર શાસન સ્થાપન અંગે પ્રવચન થયુ બાદ મુંબઇ શ્રી વર્ધમાન જૈન સેવા મંડળ તરફથી સંઘ પૂજન થયું રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૧૨ સોમવાર દિવસ છઠ્ઠો

સવારે ચૈત્યવંદન કરી સંઘે નાડલાઇ તીર્થે પ્રયાણ કર્યું પાદરમાં શ્રી આદિનાથ મંદિરે દર્શન કર્યા સંઘે સામૈયું કર્યું બાદ યાત્રિક સંઘ ગીરનાર તીર્થ તથા શત્રુંજય તીર્થ તથા તળેટીના મંદિરોએ દર્શન કરવા ગયો. બપોરે પ્રવચન થયું સંઘવી મુળચંદજી હીરાચંદજી પરિવાર તરફથી સંઘ પૂજન થયું

વૈશાખ સુદ ૧૩ મંગળવાર દિવસ સાતમો

સવારે ચૈત્યવંદન કરી સંઘે પ્રયાણ કર્યું સુમેરતીર્થ સસ્વાગત આવ્યા દર્શન ચૈત્યવંદન મંગલિક થયા. બપોરે પ્રવચન થયુ પ્રવચન બાદ ૫-૫ રૂા. નું સંઘ પૂજન બાજીરાવ બાપુ ગોળે ડ્રાયવર મુંબઇ (૨) રાજુમનહર વૈદ્ય પાઠક સોની મુંબઇ (૩) સરેમલજી ચમનજી મુંબઇ (૪) નાડલાઇ તીર્થ જૈન સંઘ રૂા. ૨-૨

વૈશાખ સુદ ૧૪ બુધવાર દિવસ આઠમો

સવારે ચૈત્યવંદન કરી પ્રયાણ થયું. દેસુરીના ૪ મંદિરોએ દર્શન કરી ન્યુ નાકોડા કીર્તિસ્થંભ ધાણેરાવ સસ્વાગત પધાર્યો દર્શન ચૈત્યવંદન મંગલિક થયા બપોરે પ્રવચન થયું પ્રવચન બાદ ૧૦-૧૦ રૂા. નું સંઘ પૂજન થયું રૂા. ૨) વિજયરાજ હજીરીમલજી, ૧) હસમુખલાલ બાલચંદજી ખીવાંદીવાળા રૂા. ૨) જામનગર જૈન સંઘ રૂા. ૧) રતનચંદ માંગીલાલજી પાલડીવાળા, રૂા. ૧) છગનલાલ શેષમલજી શિવગંજવાળા, રૂા. ૧) ડો. મંછાલાલ પ્રેમચંદ ખીવાન્દીવાળા, રૂા. ૧) ગજરાજજી રાણીગાંવવાળા, રૂા. ૧) વીરચંદજી ભુરમલજી પાદરલીવાળા. રાત્રે ભાવના થઇ.

વૈશાખ સુદ ૧૫ ગુરૂવાર દિવસ નવમો

સવારે ચૈત્યવંદન કરી ધાણેરાવ ગામમાં વાજતે ગાજતે ૧૧ દેરાસરના દર્શન કરીને મુછાળા મહાવીર તીર્થ આવ્યા ત્યાં પેઢી તરફથી સામૈયું થયું. ચૈત્યવંદન બાદ મંગલિક થયું. બપોરે પ્રવચન થયું. બાદ ૧૫-૧૫ રૂા. નું સંઘ પૂજન થયું. રૂા. ૫) કાંતિલાલજી ચુનીલાલજી સાકરીયા શિવગંજવાળા માલેગામ, રૂા. ૨) છગનલાલ ગેનાજી પાલડીવાળા, રૂા. ૨) કુલચંદજી પુનમચંદજી પાલડીવાળા, રૂા. ૨) પુખરાજજી ગુલાબચંદજી બેડાંવાળા, રૂા. ૨) સુરેશકુમાર હિંમતલાલ સુમેરપુરવાળા, રૂા. ૨) કુમારપાળ નાનુભાઇ ઝવેરી મુંબઇ તથા રૂા. ૧) ગણેશમલજી ચુનીલાલજી ખીવાન્દી.

સાંજે યાત્રિક સંઘ કીર્તિસ્થંભ ધાણેરાવ આવી ગયેા. રાત્રે ધાણેરાવ મંડળ આવેલ અને ભાવનામાં જોડાઇ રસ જમાવ્યેા.

વૈશાખ વદ ૧-૨ શુક્રવાર દિવસ દશમો

સવારે ચૈત્યવંદન બાદ પ્રયાણ થયું સાદડી આવતાં નાકા ઉપર શ્રી નાગેશ્વર પાર્શ્વનાથજી આદિ ૪ મંદિરના દર્શન કરી ગામના મહાવીરસ્વામી મંદિરે ચૈત્યવંદન કર્યું. શ્રી સંઘે સામૈયું કર્યું બાદ શહેરના બે મંદિરો ભાવન જિનાલય આદિના દર્શને સસ્વાગત ગયેા. ન્યાતિનોરામાં માંગલિક પ્રવચન થયું. બપોરે પ્રવચન બાદ સંઘપતિ મુલચંદજી હીરાચંદજી પરિવાર તરફથી ૨-૨ રૂા. ની પ્રભાવના થઇ. યાત્રિકો તરફથી થનાર સંઘપતિના બહુમાનની બોલીયેા થઇ મહાવીરસ્વામી મંદિરે પૂજા ઠાઠથી ભણાવાઇ.

વૈશાખ વદ ૩ શનિવાર દિવસ અગ્યારમો

સાદડી શહેર બહાર મંદિરે ચૈત્યવંદન કરી, જે તીર્થે સંઘ લઇ જવાનો હતો. તે રાણકપુર તીર્થ તરફ પ્રયાણ થયું, તીર્થ નજીક આવી પહોંચતાં શ્રી આણંદજી કલ્યાણજી પેઢી તરફથી સામૈયું થયું. મૂળ ભવ્ય ચૌમુખજી દેરાસરે દર્શન ચૈત્યવંદન તથા યાત્રા કરી. સૌ ધન્ય બન્યા. દેરાસરની રચના વિ. બનાવનારના ભાવોથી યાત્રા કરનારાના ભાવો વૃધ્ધિ પામ્યા.

તીર્થની વિશિષ્ટ ભકિત માટે સંઘપતિ પરિવાર તરફથી શ્રી નવાણું અભિષેક મહાપૂજા રાખી હતી સવારે ૯ વાગ્યે શરૂ થઇ અને ઠાઠથી કુમારપાળ ઝવેરી તથા ધનજીભાઇ સંગીતકારે ભણાવી.

બપોરે ધર્મશાળામાં પ્રવચન થયું. પ્રવચન બાદ રૂા. ૭–૭ નું સંઘ પૂજન થયું રૂા.–૧) પુખરાજ રતનચંદજી પાલડીવાળા રૂા. ૧, લક્ષ્મણ વીરપાર મારૂ પરિવાર હ.રામજીભાઇ તથા મગનભાઈ થરાગઢ, રૂા. ૧) કુસુમચંદ્ર રમણિકલાલ સુતરીયા મુંબઇ, રૂા. ૧) હરણી રોડ જૈન સંઘ–વડોદરા, રૂા. ૧) સરેમલ પ્રતાપચંદજી હરજી, રૂા. ૧) ચંપાલાલ કપૂરચંદજી પાત્રડીવાળા રૂા. ૧) વસંતભાઇ મનસુખલાલ બીલવાળાએ (વડોદરા) યાત્રિકોના પગ ધોઇ સંઘ પૂજન કરેલું.

યાત્રિકો તરફથી શ્રી સંઘપતિનું બહુમાન પ્રવચન બાદ થયું જેનો લાભ (૧) ચાંદલો (૨) હ ર શ્રીફળ (૩) સાલ અર્પણ કરવાનો થા, કાંતિલાલજી ચુનીલાલજી સાકરીયા શિવગંજવાળા માલેગામ (૪) અભિનંદન પત્ર અર્પણ કરવાનો લાભ બાબુલાલજી કપૂરચંદજી સુમેરપુરવાળા (૫) પૂજાની સામગ્રીનો ચાંદીનો સેટ અર્પણ કરનાર વસંતલાલ મનસુખલાલ શાહ બીલવાળા વડોદરા.

રાત્રે ધર્મશાળામાં ભાવનામાં ગુડા બાલોતરા રાસ નૃત્ય વિગેરે ભકિત રસ જમાવ્યો હતો સંઘપતિ તરફથી યાત્રિકો તથા મહેમાનોને શ્રી રાણકપુર તીર્થ તથા પ. પૂ સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. ભા. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના લેમીનેશન ફોટા ભેટ આપ્યા હતા.

વૈશાખ વદ ૪ રવિવાર દિવસ બારમો
વડી દીક્ષાઓ તથા માળા રોપણ

સવારે ગાજતે ગાજતે બધા દેરાસરોએ દર્શન કરવા નીકળ્યા મૂળ મંદિરમાં આવી પ્રભુજીને હીરાનો હાર સંઘપતિએ પહેરાવ્યો બાદ ચૈત્યવંદન આદિ કર્યા. મંદિર બહાર મંગલિક સંભળાવ્યુ. વડીદીક્ષા તથા માળારોપણ વિધિ માટે ધર્મશાળામાં નાણ મંડાઇ હતી. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજના

આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી ખાંતિશ્રીજી મ. (પિંડવાડાવાળા)ના હાંતરાઇમાં દીક્ષિત થયેલ પૂ. સા. શ્રી તત્ત્વરક્ષિતાશ્રીજી મ. પૂ. સા. શ્રી તપોરક્ષિતાશ્રીજી મ. પૂ. સા. શ્રી કલ્પ-રક્ષિતાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી જિનરક્ષિતાશ્રીજી મ.ની વડી દીક્ષાનું પણ મુહૂર્ત આજે હતું વડી દીક્ષા તથા માળારોપણની વિધિ સવારે ૮ વાગ્યે શરૂ થઇ નંદિની ક્રિયા પછી સાધ્વીજીને મહાવ્રત આદિ ઉચ્ચારાવવામાં આવેલ.

સંઘપતિને પણ માળનો સમય થતાં માળારોપણ વિધિ ઉત્સાહથી થયો હતો. નાણ સમક્ષ નૂતન દીક્ષિતો અને પછી સંઘપતિ શ્રી આદિએ પ્રદક્ષિણા કરી હતી. સંઘે ચોખાથી વધાવી જય બોલાવી હતી. સંઘપતિની માળની બોલી સારી થઇ હતી બીજા નકરા રાખ્યા હતા.

માળા પહેરનાર	માળા પહેરાવનાર
૧ સંઘપતિ શ્રી મુલચંદજી હીરાચંદજી	ભભુતમલજી હંશરાજજી શિવગંજવાલા
૨ પ્રકાશચંદ્ર મુલચંદજી	હસમુખલાલ લાલચંદજી ખીવાંદીવાળા
૩ મદનલાલ મૂલચંદજી	દેવીચંદ ગેનાજી વાંકલીવાળા
૪ શાંતિલાલ મૂલચંદજી	ભભુતમલજી હંશરાજજી શિવગંજવાલા
૫ મહેન્દ્રકુમાર મુલચંદજી	હસમુખલાલ લાલચંદજી ખીવાંદીવાળા
૬ મંજુબેન પ્રકાશચંદ	હસમુખલાલ લાલચંદજી ખીવાંદીવાળા
૭ કંચનબેન મદનલાલ	દેવીચંદ ગેનાજી વાંકલીવાળા
૮ પ્રભાબેન શાંતિલાલ	ભભુતમલજી હંશરાજજી શિવગંજવાળા
૯ વસુબેન મહેન્દ્રકુમાર	હસમુખલાલ લાલચંદજી ખીવા-દીવાલા

સંઘપતિ તરફથી પેઢીમાં સારી રકમ અપાઇ. સ્ટાફને પણ ભેટ અપાઇ.

પાલડી સંઘ વતી સંઘપતિજીને સન્માન પત્ર આપવાનો આદેશ શા. બાબુલાલજી કપૂરચંદજીનો કેતો તેમણે સંઘપતિશ્રીનું સન્માન પત્ર અર્પણ કરવા સાથે બહુમાન કર્યું હતું પૂ. શ્રી આદિને કામળી આદિ નો લાભ સંઘપતિશ્રીએ લીધો બાદ દીક્ષિતોના સંબંધીઓ આદિએ કામળી આદિ પૂ શ્રી તથા દીક્ષિતોને વહોરાવેલ. પેઢીએ સંઘપતિનું બહુમાન કર્યું હતું.

છેવટે ૬-૨૬ રૂા. નું સંઘ પૂજન થયું હતું. રૂા. ૧૫ સંઘવી મુલચંદ હીરાચંદજી, રૂા. ૧૫ ભભૂતમલજી કસ્તુરચંદજી પાલડી, રૂા. ૧૫ કમલભાઇ ભરતભાઇ દીપકભાઇ મુંબઇવાળા, રૂા. ૧૫ બારેજા જૈન સંઘ, રૂા. ૧૫ ઉકચંદજી મૂલાજી દાંતરાઇ, રૂા. ૧૫ નથમલજી નોમાજી દાંતરાઇ, રૂા. ૨૫ હજારીમલજી અદીમજી તાંતેડ દાંતરાઇ, રૂા. ૧૫ સમરથમલજી નથમલજી દાંતરાઇ, રૂા. ૨૫ પ્રતાપચંદ તલકાજી તાંતેડ દાંતરાઇ, રૂા. ૧૫ મગળચંદજી સમનાજી મારોલ, રૂા. ૧૫ લાલચંદ અદીમજી તાંતેડ દાંતરાઇ, રૂા. ૧૫ અનરાજજી અદીમજી તાંતેડ દાંતરાઇ, રૂા. ૧૫ દેવીચંદ સાકળચંદજી દાંતરાઇ, રૂા. ૧૫ મનરૂપજી અદીમજી તાંતેડ દાંતરાઇ, રૂા. ૧૫ ઇન્દરમલજી ડુંગાજી દાંતરાઇ, રૂા. ૧૫ હરસુખલાલ કેશવલાલ, રૂા. ૧૫ પ્રવીણભાઇ, રૂા. ૧૫ હરીશભાઇ, રૂા. ૧૫ કમલભાઇ રૂા. ૧૫ ચંદુલાલ હઠીસીંગભાઇ, રૂા. ૧૫ માણેકલાલ ન્યાલચંદ શાહ, રૂા. ૨૫ અમૃતલાલ ભીખમચંદ બેંગલોર, રૂા. ૧૫ નેનમલજી ભીકાજી દાંતરાઇ.

સર્વ મંગળ બાદ સૌ વિખેરાયા હતા. સંઘપતિ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું હતું સૌ યાત્રા સંઘનો આનંદ માણતા છૂટા પડતા હતા.

યાત્રા સંઘના મંગળ મનોરથથી પૂર્ણાહૂતિ સુધીમાં સંઘપતિ પરિવારનો ઉત્સાહ ઉત્તમ હતો નિર્વિઘ્ને પરિપૂર્ણ થતાં સૌ સંતોષ પામ્યા અને ભાવ વૃદ્ધિ થઇ હતી.

કાર્યક્રમનું સંઘપતિશ્રીએ બહુમાન કરેલ સંગીતકાર છગનભાઇ શિવગંજવાળા તથા કુમારપાળભાઇ ઝવેરીએ ભક્તિ સ્નાત્ર ભાવના વિ. માં રોજ રંગ જમાવતા શ્રી મુંબઇ વર્ધમાન સેવા મંડળ વ્યવસ્થામાં તેમજ પ્રભુજીની આંગી વિ. માં રસ સારો લેતા હતા. દરરોજ પ્રભુજને આંગી થતી ત્યાં સાંજે વજતે ગાજતે સંઘ દર્શન કરવા જતો.

યાત્રા સંઘના સંભારણા એ મોક્ષના ભારણા છે સૌ તે પામે એજ મંગલ અભિલાષા.

卐

: શ્રી તીર્થયાત્રાનું ફળ :

"આત્માને સંસાર સાગરથી તારે તેનું નામ તીર્થ!" આ શ્રી શાસ્ત્રકાર પરમર્ષિઓએ બતાવેલી તીર્થની સરળ અને મર્મસ્પર્શી વ્યાખ્યા છે. તીર્થભૂમિનું આદેશિક વાતાવરણ જ એટલું શાંત અને સુરમ્ય છે કે સંસારની આધિ-વ્યાધિ અને ઉપાધિના તાપથી તપ્ત-ત્રસ્ત બનેલ આત્મા તીર્થની તારક છત્રછાયામાં સ્વાભાવિક જ શાંતિની અનુભૂતિ કરવા લાગે છે. તીર્થભૂમિના અણુએ અણુમાં મુક્તિની તીવ્ર અભિલાષા પ્રગટાવવાની પ્રચંડ તાકાત રહેલી છે આવા પવિત્ર તીર્થધામની યાત્રા કરવા નીકળેલ માનવી પોતાના આત્માને પવિત્ર બનાવે છે. પોતાના કુળને નિર્મલ બનાવે છે, સંસારરૂપી અંધકારમય ઊંડા કૂવામાં પડતો નથી. અનંતી અનંતી પુણ્ય-રાશિલેગી થયા પછી મળેલ મહામુલો માનવજન્મ પણ વિધિપૂર્વકની તીર્થયાત્રાથી સફળ બનાવ્યો ગણાય છે, અને જ્યાં સુધી આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી સદાને માટે દુર્ગતિનાં દ્વાર બંધ થઇ જાય છે.

અનંત જ્ઞાનીઓએ તીર્થયાત્રિકો માટે બતાવેલું આ ફળ દર્શન, તીર્થયાત્રા કર્યા પછી પણ જો ન દેખાય તો સમજવું કે -તીર્થયાત્રામાં કયાંક ખામી છે. તે વાસ્તવિક તીર્થયાત્રા નહિ પણ 'મોજ યાત્રા' બની ગણાય છે. તે ખામી જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તીર્થયાત્રાનું તાત્વિક ફળ મળે નહિ. સંસારમાં ભ્રમણ-પરિભ્રમણ તો ઘણાં કર્યા છે. તીર્થયાત્રા પણ આવું ભ્રમણ-પરિભ્રમણ કરાવનારી ન બને પણ ભવભ્રમણનો અંત કરનારી બને તેવો પ્રબળ પુરુષાર્થ કરનારા બની સૌ વહેલા પરમપદનો પામો એ જ સદા માટેની એકની એક શુભાભિલાષા.

-પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

પદયાત્રા સંઘમાં તીર્થોની સરવાણી

૧. પાલડી (થાનાવાલી) મૂલનાયક શ્રી સંભવનાથજી

અત્રેથી સંઘનું પ્રયાણ થયું આ ભવ્ય જિનમંદિર છે. પ્રાચીન મૂલનાયક શ્રી અભિનંદન સ્વામી પણ ભવ્ય છે. નવી પ્રતિષ્ઠા વખતે આ પ્રતિમા ઉપર શિખરમાં પ્રતિષ્ઠીત કરી છે.

પ્રતિષ્ઠાની ઉપજ ફેરાસરમાં લગાડી આરસ આદિનું વિશાળ ભવ્ય કામ થયું છે શિવગંજથી ૪ કિ. મી. થાય છે. બાજુમાં ૧૦ કિ મી. કેરટાજી ૨૫૦૦ વર્ષ પ્રાચીન તીર્થ છે.

અહીંથી સંઘ શિવગંજ સુમેરપુર દર્શન કરી વિદ્યાલયમાં ઉતર્યો હતો.

૨. શ્રી જાખોડા તીર્થ

મૂલનાયક શ્રી શાંતિનાથજી

પહાડોની ગોદમાં આ પ્રાચીન તીર્થ છે. ૧૫૦૪નો લેખ છે સામે પામોવાવાળા શેઠે નવું જિનમંદિર બનાવ્યું છે. ધર્મશાળા ભોજનશાળા વિ. છે. શિવગંજ થી ૮ કિ. મી. સુમેરપુરથી ૬ કિ. મી. અને જાવાઇબંધ સ્ટેશનથી ૧૩ કિ. મી. છે.

૩. ફાલના—અંબાવજી

નેમિનાથ તીર્થ

અત્રે ડાઇવે ઉપર નવું વિશાળ તીર્થ તૈયાર થાય છે ઉપર સુધી ચણતર થયું છે મૂલનાયક નેમિનાથજીના ૧૦૦ વર્ષ જુના પ્રતિમાજી ધર્મશાળામાં પધરાવેલ છે મંદિરમાં પરોણા પ્રતિમાજી છે.

ફાલના સ્ટેશનથી ૩ કિ. મી. છે.

૪. ખીમેલ તીર્થ

મૂલનાયક શ્રી શાંતિનાથજી

આ ભાવન જિનમંદિર છે તે વિ. સં. ૧૨૦૦માં નિર્માણ થયાનું મનાય છે બાજુમાં પાવાપુરી જલમંદિર છે, પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી જીર્ણોદ્ધાર વિ. થયેલ છે.

ફાલનાથી ૧૧ કિ. મી. છે, રાણીથી ૪ કિ. મી. છે.

અત્રે સાંજે આવી સંઘ રાત રહ્યો.

૫. વરકાણા તીર્થ

મૂલનાયક શ્રી પાર્શ્વનાથજી

આ ભવ્ય કોતરણીવાળું મંદિર છે, આ પ્રાચીન તીર્થ છે. રાણીથી ૩ કિ. મી. બીજાવાથી ૨ કિ. મી. તથા ફાલનાથી ૨૦ કિ. મી. છે.

૬. નાડોલ તીર્થ

મૂલનાયક શ્રી પદ્મપ્રભ સ્વામીજી

આ મંદિર સંપ્રતિરાજાનું મનાય છે, પ્રતિમાજી ભવ્ય મોટા છે અટ્ટી નેમિનાથજીનું મંદિર પ્રાચીન છે તેમાં પૂ. માનદેવસૂરીશ્વરજી મ. એ લઘુશાંતિ સ્તોત્ર રચ્યું તે જગ્યા બતાવી છે, તથા તેમની પ્રતિમા પ્રતિષ્ઠિત છે શ્રી મહાવીર સ્વામીનું દેરાસર પણ પ્રાચીન છે.

રાણી સ્ટેશન ૧૦ કિ. મી. છે.

૭. નાડલાઇ તીર્થ

મૂલનાયક શ્રી નેમિનાથજી તથા આદિનાથજી

પર્વતોની બાજુમાં આ ગામ છે, એક બાજુ પર્વતને ગીરનાર અને બીજી બાજુ શત્રુંજયની ઉપમા આપી છે, તળેટીમાં સાત જિનાલય છે આ ગામ નારદજીએ વસાવ્યું તેમાં શ્રી નેમિનાથ જિનાલય શ્રી કૃષ્ણજીના પુત્ર પ્રદ્યુમ્નકુમારે બનાવેલું છે ગામના બાહરમાં શ્રી આદિનાથ મંદિર વિ. સં. ૯૫૦માં શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. પોતાની વિદ્યાશકિતથી વલભીપુરથી લાવ્યાનું કહેવાય છે, પહાડો ઉપર પગથીયાં બનાવેલા છે, પૂ. આ. શ્રી સેનસૂરીશ્વરજી મ. ની જન્મભૂમિ છે.

૮. સુમેર તીર્થ

મૂલનાયક શ્રી શાંતિનાથજી

જંગલમાં આ પ્રાચીન તીર્થ છે, હાલમાં વધુ પ્રકાશમાં આવ્યું છે, અહીંથી દેસુરી ૬ કિ. મી. છે, ત્યાંથી ધાણેરાવ ૩ કિ. મી. છે.

અહીંથી દેસુરી ૪ જિનમંદિર દર્શન કરી સંઘ કીર્તિસ્તંભ ગયેલ.

૯. ન્યુ નાકોડા તીર્થ

કીર્તિસ્તંભ-ધાણેરાવ મૂલનાયક શ્રી અભિનવ નાકોડા પાર્શ્વનાથજી

આ તીર્થ પૂ. આ. શ્રી વિજય હિમાચલસૂ. મ. ના ઉપદેશથી થયું છે ધાણેરાવથી ૨ કિ. મી. છે, સામ સામે બે ગૃહમંદિરમાં પ્રભુજી છે વચ્ચે કીર્તિસ્તંભ છે.

ધાણેરાવમાં ૧૧ દેરાસર છે મુંછાળા મહાવીર તીર્થ ૫ કિ મી. થાય છે.

અહીંથી ધાણેરાવના ૧૧ જિનમંદિરોએ વાજતે-ગાજતે દર્શન કરી સંઘ મુછાળા મહાવીર તીર્થ ગયેા.

૧૦. મુછાળા મહાવીર તીર્થ

ધાણેરાવ- મૂલનાયક મહાવીર સ્વામી

આ તીર્થ ઘણું પ્રાચીન છે પ્રતિમા ભવ્ય છે ઉદયપુરના રાણાએ નહવણમાં વાળ જોઈ પૂજારીને કહ્યું તારા ભગવાનને મૂછ છે તેણે હા કહી રાજાએ કહ્યું બતાવ તેણે બે દિવસ પછી આવવાનું કહ્યું અને પૂજારીની ભકિતથી મૂછ થઇ રાણા આવ્યા ત્યારે જોઇને ખેંચી સાચી મૂછ લાગી તેથી મૂછાળા મહાવીર કહેવાય છે ધાણેરાવથી ૪ કિ. મી. છે

અત્રેથી સંઘનું પ્રયાણ સાદડી થયું ત્યાંના ૮ જિનમંદિરોએ દર્શન કર્યા.

૧૧. રાણકપુર તીર્થ

મૂલનાયક શ્રી આદીશ્વરજી

રાણકપુર નેા મહિમા

શ્રી રાણકપુર તીર્થમાં યુગાદિદેવ શ્રી આદીશ્વર ભગવાનની શ્વેતવર્ણની સુંદર પ્રતિમા છે. અરવલ્લી પર્વતમાળાની નાની નાની પહાડીઓની વચમાં શાન્ત નૈસર્ગિક સૌંદર્યથી યુકત વાતાવરણ પવિત્ર ભાવોને પેદા કરનારૂં છે. મધાઇ નદીના કિનારે આવેલું આ તીર્થ ખરેખર અલૌકિકતા સમાન દેખાય છે. વિ. સં. ૧૪૪૬ માં યુગ-પ્રધાન પૂ. આ. શ્રી. સોમસુંદરસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી રાણાકુંભના મંત્રી શ્રી ધરણા શાહે અહીં મંદિર પ્રારંભ કર્યો હતેા. વિ. સં. ૧૪૬૬ માં નલિન ગુલ્મદેવ વિમાન સમાન ગગનચુંબી કલાત્મક ૧૪૪૪ સ્થંભોથી યુકત ચૌમુખજી આ 'ધરણિ વિહાર' મંદિરની પ્રતિષ્ઠા તે જ યુગપ્રધાન પૂ. આ. શ્રી. સોમસુંદરસૂરીશ્વરજી મહા-રાજાના વરદહસ્તે કરાઇ હતી. તે સમયે ૩૦૦૦ શ્રાવકેાના ઘર હતા તથા આ તીર્થમાં સાત શ્રી જિનમંદિરો હતા, અઢારમી સદીમાં પાંચ હતા, હાલ ત્રણ છે. રાજસ્થાન ગોડ-વાડની પંચતીર્થીમાં આ મુખ્ય તીર્થ છે.

શ્રી રાણકંજી કલ્યાણજી પેઢી તરફથી ઇ. સં. ૧૯૩૪ થી ૪૫ સુધી જીર્ણો-દ્ધારનું કામ ચાલેલ અને પુનઃ પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૦૯ માં કરાઇ છે.

શ્રી જિનદર્શન પૂજા વિધિ ક્રમ

—પૂ. પં. શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર

(૧) પહેલી નિસીહી બોલીને પ્રવેશ કરવો.

(૨) પરમાત્માનું મુખ દેખાતાં હાથ જોડી "નમો જિણાણં" બોલવું.

(૩) પોતાના કપાળમાં કેશરનું તિલક કરવું. (આ કેશર જુદું લેવું જોઇએ).

(૪) અર્ધાવનત પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી. (આ દુહો બોલીને પ્રદક્ષિણા કરવી.)

કાલ અનાદિ અનંતથી, ભમિયો બહુ સંસાર
એ ભવભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા-દઉં ત્રણ વાર.

(૫) મધુર કંઠે સ્તુતિ બોલવી. (પુરુષોએ ભગવાનની જમણી બાજુ અને બહેનોએ ડાબી બાજુ ઉભા રહેવું.

(૬) બીજી નિસીહી બોલીને ગભારામાં પ્રવેશ કરવો.

(૭) પાણીનો કળશ કરવો.

(૮) પંચામૃતથી અભિષેક કરવો, શુદ્ધ જળથી સફાઇ કરવી.

(૯) અભિષેક વખતે ઘંટનાદ, શંખનાદ આદિ કરવું.

(૧૦) પબાસણ પર પાટ લૂછણાં કરવા. (પાટ લૂછણાં બે રાખવા).

(૧૧) પરમાત્માને ત્રણ અંગલુછણાં કરવાં. (અંગલુછણા સાફ અને મુલાયમ રાખવા.)

(૧૨) બારાસથી વિલેપન પૂજા કરવી.

(૧૩) ચંદનપૂજા, પુષ્પપૂજા, ધૂપપૂજા, દીપકપૂજા ક્રમશઃ કરવી (ધૂપપૂજા ગભારાની બહાર ઉભા રહીને કરવી).

(૧૪) ચામર નૃત્ય કરવું, પંખો ઢાળવો.

(૧૫) ભગવનની સામે અરીસો ધરવો.

(૧૬) અક્ષતપૂજા, નૈવેદ્યપૂજા અને ફળપૂજા કરવી.

(૧૭) નાદપૂજા રૂપે ઘંટનાદ કરવો.

(૧૮) ત્રીજી નિસીહી બોલી, ત્રણવાર ભૂમિ પ્રમાર્જન કરી ચૈત્યવંદન કરવું.

(૧૯) વિદાય થતાં સ્તુતિઓ બોલવી.

(૨૦) પૂજાના ઉપકરણો યથા સ્થાને મૂકી દેવા.

(૨૧) પૂંઠ ન પડે તે રીતે બહાર નીકળવું.

(૨૨) અંગલૂછણાં અને પાટલૂછણાં ભેગાં કરવા નહી, સાથે ધોવા નહી.

(૨૩) અંગલૂંછણા થાળીમાં રાખવા, જમીન પર પડી ગયા બાદ ભગવાન માટે વપરાય નહી.

(૨૪) પૂજામાં સ્ટીલના સાધનો વાપરવા નહી.

(૨૫) ન્હવણ જળ પવિત્ર અને પૂજ્ય છે. નાભિથી ઉપરના શરીર પર લગાડવું.

(૨૬) પ્રભુને મુખ બાંધીને અડકવું જોઇએ. ભગવાનના ખોળામાં માથું મુકાય નહી. હાથ સિવાયનું આપણું શરીર પ્રભુજીને અડવું ન જોઇએ તથા કપડાં પણ અડવાં ન જોઇએ.

(૨૭) પૂજાના કપડામાં સામાયિક, પ્રતિક્રમણ કે અન્ય પ્રવૃત્તિ ન કરવી.

(૨૮) ભગવાનની પૂજા અનામિકા આંગળી વડે કરવી અને કેશર નખને ન લાગે એ ધ્યાન રાખવું જોઇએ.

(૨૯) સીવેલા વસ્ત્ર ભગવાનની પૂજા માટે વપરાય નહી. એસનો અષ્ટપડો મુખકોષ બાંધીને પૂજા કરવી. આ વસ્ત્રો સ્વચ્છ ધોવા જોઇએ. (કોઇના પહેરેલા વસ્ત્રો ન પહેરાય) પુરૂષે માત્ર ધોતિયું અને ખેસ બેજ વસ્ત્રો પહેરવાં અને સ્ત્રીઓએ માત્ર ત્રણ વસ્ત્રો જ પહેરવાં.

(૩૦) વર્તમાનમાં ઘણાં અષ્ટમંગલની પૂજા કરે છે. પણ અષ્ટમંગલ તો અક્ષતથી પ્રભુજીની સન્મુખ સાથિઆની જેમ આલેખવાના છે.

(૩૧) યક્ષ-યક્ષિણ આદિની પૂજા અંગૂઠાથી છેહલે માત્ર કપાળ પર તિલક કરીને જ કરવી. તે કેશરથી ભગવાનની પૂજા કરાય નહી. ભગવાનની પૂજા કરતાં કરતાં સિદ્ધચક્ર યંત્રની અને ગૌતમ સ્વામીની સિદ્ધાવસ્થાની પ્રતિમાની પૂજા કરી શકાય. ગુરુમૂર્તિની પૂજા પ્રભુની પછી યક્ષ યક્ષિણીની પૂર્વે કરવી જોઇએ.

(૩૨) દર્શન-ચૈત્ય વંદન કરતાં પ્રભુ પ્રતિમાથી ઓછામાં ઓછા ૯ હાથ અને વધુમાં વધુ ૬૦ હાથનો અવગ્રહ (વચ્ચેનું અંતર) રાખવું. જો મંદિર નાનું જ હોય તો એક હાથનું પણ અંતર રાખવું જોઇએ.

–: જિનવંદનાનો મહિમા :–

—પૂ. પ. શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર

રાજગૃહિ નગરી. ત્યાં નંદમણિયાર નામનો શ્રીમંત શેઠ રહેતો હતો. ભગવાન મહાવીર પાસેથી ધર્મ સાંભળીને રોજ જૈનધર્મનું સુંદર પાલન કરતો હતો. રોજ બે વખત પ્રતિક્રમણ સામાયિક, પર્વતિથિએ પૌષધ, ત્રિકાળ જિનપૂજા, સુપાત્રદાન, અનુકંપાદાન વગેરે ધર્માનુષ્ઠાનોની આરાધના કરતો પોતાનો સમય પસાર કરતો.

એકવાર નંદમણિયાર ગ્રીષ્મ ઋતુમાં ચોવિહાર અઠ્ઠમ કરીને પૌષધ લેવા. રાતના તેને અત્યંત તૃષા લાગી. મનમાં વિચાર કર્યો કે પાણી વિના મને એટલી બધી વેદના થાય છે તો બીજા માનવોને પાણી વિના કેટલી તકલીફ થતી હશે! માટે હું એક મોટી વાવ બનાવું. સવારે પૌષધ પારણું કરી રાતના ઠરેલા સંકલ્પને સાકાર બનાવવા તેણે વાવ બંધાવવાનું કામ શરૂ કર્યું. થોડાક મહિનાઓમાં વિશાળ સુંદર વાવ તૈયાર થઈ ગઇ. તેની આસપાસ સુંદર બગીચો બનાવ્યો અને મુસાફરો માટે મફત અન્નશાળા ખોલી. વિશાળ ધર્મશાળા પણ મુસાફરોના વિસામા માટે બંધાવી. આથી નંદમણિયાર શેઠની ચારેબાજુ ખૂબ જ વાહવાહ થવા લાગી. અહીં આવતા-જતાં મુસાફરો, બાવા સંન્યાસીઓ શેઠની ઉદારતાની ખૂબ પ્રશંસા કરતાં. તેથી નંદમણિયારનું મન જૈનધર્મ પરથી ઉઠી ગયું. અને પ્રશંસા આપતી આ વાવ પર તેનું દિલ ખૂબ જ આસક્ત થઈ ગયું.

છેવટે મહાપાપના ઉદયે નંદમણિયારના શરીરમાં અસાધ્ય એવા ભયંકર સોળ રોગો ઉત્પન્ન થયાં. કર્મની ગતિ વિચિત્ર છે.

અંતે વાવમાં મોહ રહી જવાથી મરીને તે તેજ વાવમાં દેડકો થયો. ખરેખર જેવો ભાવ તેવો ભવ. પોતાની વાવને જોઈને આ દેડકાને પૂર્વજન્મનું જ્ઞાન થયું મેં ગયા જન્મમાં ધર્મની અવજ્ઞા કરી તેથી જ મનુષ્યભવ હારી ગયો અને આ દેડકો થયો. ખૂબ જ પશ્ચાતાપ કરતો ત્યાં વાવમાં રહ્યો રહ્યો છઠ્ઠના પારણે છઠ્ઠ કરે છે અને પ્રાસુક? આહાર પાણીથી પારણું કરે છે.

સાચો પ્રશ્ચાતાપ તપ-જપ-વ્રત તરફ પ્રાણીને આકર્ષિત કરીને તપ-જપ-વ્રત કરાવે જ એકવાર રાજગૃહિના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. ભગવાનની વાણી સાંભળતા જતા લોકોના મુખથી દેડકાએ સાંભળ્યું કે- ત્રિભુવન તારક ભગવાન મહાવીર સ્વામી અહીં પધાર્યા છે. તે સાંભળી દેડકો પણ વાવમાંથી બહાર નીકળી ભગવાનને વંદન કરવા ચાલ્યો. રસ્તામાં શ્રેણિકના ઘોડાના પગ નીચે દેડકો પરમાત્માન. ધ્યાનમાં મરી ગયો. દેડકાનો દેહ કચડાયો, પણ તેની ભગવાનને વંદન કરવાની ભાવના જરાયે કચડાઇ નહી, તેથી મરીને પહેલા દેવલોકમાં દર્દરાંક નામનો મોટી રિદ્ધિવાળો દેવ થયો.

દેવલોકમાં ઉત્પન્ન થયા પછી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, હું અહીં કયાંથી આવ્યો ? અને કયું સુકૃત કરેલું જેથી આવો મહાન દેવ થયો ?

શ્રમણ ભગવાન મહાવીરને વંદન કરવાની તીવ્ર ભાવનાના પ્રભાવે મેં મોટું પુણ્ય કર્યું અને તેથી જ હું મોટો દેવ થયો છું. ભગવાન મહાવીરના ઉપકારને યાદ કરતો તુરત જ દેવલોકમાંથી દુર્દરાંગદેવ ભગવાનના સમોવસરણમાં આવ્યો. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈને ભાવભરી વંદના કરી વીરની વૈરાગ્યમય વાણીનું પાન કરવા પર્ષદામાં બેઠો.

ભગવાન પાસે રહીને અને બીજા લોકોને દિવ્યશકિતથી કોઢિયાનું રૂપ બતાવતો ભગવાનના આખા શરીર દિવ્ય ચંદનના રસનો લેપ ભકિતથી કરે છે, શ્રેણિક રાજા વગેરેને લાગ્યું કે આ કોઇ કોઢિયો પોતાના શરીરમાંથી નીકળતી ગંધાતી રસી ભગવાનના શરીર ઉપર લગાડે છે. તેથી શ્રેણિકને આ કોઢિયા પર ખૂબ જ ગુસ્સો ચઢયો અને પોતાના સુભટોને કહી દીધું કે આ કોઢિયો અહીંથી બહાર નીકળે એટલે તુરત પકડી લેવો. આ મહાપાપી ભગવાનની મહાન આશાતના કરનારો છે તેથી તેને ખતમ કરવો જોઇએ.

શ્રેણિક રાજા જ્યારે મનમાં આ કોઢિયાને ખતમ કરવાનો વિચાર કરી રહ્યો છે ત્યારે ભગવાન મહાવીરને, શ્રેણિકને, અભયકુમારને અને કાલસૌરિક કસાઇને એક સાથે છીંક આવી એટલે આ કોઢિયાએ ભગવાનને કહ્યું– સદ્યો મિયસ્વ ! તમે જલ્દી મરો શ્રેણિક રાજાને કહ્યું જીવ ત્વં ! તું જીવ, અભયકુમારને કહ્યું ચિરંજીવ મિયસ્વ વા ! તું લાંબુ જીવ અથવા મર અને કાલસૌરિક કસાઇને કહ્યું મા જીવ મા મ્રિયસ્વેતિ ! તું જીવ પણ નહિ અને મર પણ નહિ.

આ કોઢિયાએ ભગવાનને કહ્યું તમે જલ્દી મરો ! એટલે શ્રેણિકને એકદમ ક્રોધ ચઢયો અને આજ્ઞા કરી કે તે દુષ્ટને પકડો, પકડો, પણ ત્યાં શ્રેણિકના સુભટો પેલા કોઢિયાને પકડવા દોડયા ત્યાં તો પેલો દુર્દરાંગ દેવ આકાશમાં કયાંયે અદ્રશ્ય થઇ ગયો.

શ્રેણિકે પ્રભુને પૂછયુ કે તે આપની મહાઆશાતના કરનારો કોણ હતો ? વીર પ્રભુએ કહ્યું તે મારી આશાતના કરનારો નહોતો. પણ દિવ્ય ચંદનના રસથી મારી ભકિત કરનારો હતો. પછી ભગવાનને તે દુર્દરાંગ દેવના પૂર્વભવો કહ્યા અને ભગવાનને કહ્યું કે તે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને મહાવિદેહમાં મોક્ષે જશે.

વીરપ્રભુને વંદન કરવાની તીવ્ર ભાવનાના પ્રભાવે એક દેડકા જેવું પ્રાણી પણ મહાન મહર્દ્ધિક દેવ બનીને બીજા ભવમાં મોક્ષમાં જશે. તો માનવ જેવો માનવ રોજ જિનેશ્વરદેવના ભાવથી દર્શન, વંદન, પૂજન, સ્મરણ, ધ્યાન કરે તો તેનો ઉદ્ધાર કેમ ના થાય ? જિનવંદના કરો અને પાપોને વિદાય કરો.

श्री तीर्थपान्थरजसा विरजीभवन्ति,
तीर्थेषु बंभ्रमणतो भवे न भ्रमन्ति;
द्रव्यव्ययादिह स्थिरसंपदः स्यु-
पूंज्याभवन्ति तीर्थेश्वरमणार्चयन्तः.

શ્રી જિનેશ્વર દેવોને અનંતાનંત જીવોની અનંતાનંત ભવભ્રમણની સ્થિતિ જોઇને તેમના પ્રત્યે ભાવ અનુકંપા જાગી, ભૂખ આદિ દુઃખને ટાળવાની અનુકંપા તે દ્રવ્ય અનુકંપા છે અને ભવ ટાળવાની અનુકંપા તે ભાવ અનુકંપા છે, ભવ ટાળવાની ભાવ અનુકંપાના આધાર શ્રી અરિહંત પરમાત્માઓએ બતાવેલા મોક્ષ માર્ગના કારણો છે એમાંય બીજા કારણો મળે પણ શ્રી જિનશાસન જો હૈયામાં ન બેસે તો તે બધા કારણો પણ વરરાજા વિનાની જાન જેવા છે.

તીર્થયાત્રા અને યાત્રિક

—પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

તપ, ત્યાગ, સંયમ ભક્તિ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ, વિનય, આદિ ગુણો બહુ કિંમતી છે પરંતુ જિનશાસન ને પામેલાના તે ગુણો મૂળ વગરના વૃક્ષ જેવા છે મૂળ વગરના વૃક્ષો જેમ કરમાવા માટે છે તેમ જિન શાસનની શ્રદ્ધા સમર્પણ વિનાના તપ ત્યાગ આદિ પણ કરમાવાના છે અને નિસ્તારને બદલે ભવના વિસ્તારના લગાતાર કારણ બની જવાના છે. તમલી તાપસનો તપ, કરટ ઉત્કરટનો ત્યાગ જમાલીનું સંયમ, છ રાણીને ધર્મ પમાડનાર કુંતલારાણીની ભક્તિ, ગોઠા માહિલનો સ્વાધ્યાય, કુલ બાળકની વૈયાવચ્ચ, ઉદાયીનૃપ મારકનો વિનય તારનારા બન્યા નથી પરંતુ જિનશાસન પામેલ કુરગડુનો તપ, શ્રેણિકની ભક્તિ શ્રીયકનો ત્યાગ, વિ. તારનારા બન્યા છે. શ્રી જિનશાસન હૈયામાં વસે તેના જ ભવના પાપ ખસે, અને તે જ મુક્તિમાં જઇ તેના વસે.

ભવ સાગરેથી તારે તે તીર્થ અને તે તીર્થ બે પ્રકારે છે જંગમ અને સ્થાવર શ્રી અરિહંત દેવ અને સુસાધુ ગુરૂ તે જંગમ તીર્થ છે, હરતા ફરતા તીર્થ છે અને શ્રી શત્રુંજય આદિ તીર્થો તે સ્થાવર-સ્થિર તીર્થો છે.

એકેકું ડગલું ભરે, શત્રુંજય સામો જેહ;
ઋષભ કહે ભવકોડના, કર્મ ખપાવે તેહ.

શ્રી તીર્થ સામે ડગલું ભરે તો પણ કોડોભવના પાપ ખપે તે આ તીર્થનો મહિમા છે પરંતુ તે તીર્થની ભક્તિ અને ભવ તરવાની વ્યક્તિ હૈયામાં ઊભી જોઇએ

તે વિના ચાલવાની શક્તિ પણ તીર્થમાં જાય તો પણ ટકતી નથી અર્થાત્ ભવથી મુક્ત કરી શકતી નથી ભક્તિ વિનાના તીર્થાટન કરનારા કે તીર્થમાં રહેનારા માટે તીર્થીયા– તીર્થના કાગડ ની ઉપમા આપી છે.

આવા મોક્ષ માર્ગના ઇચ્છુક યાત્રિકો યાત્રાની વિધિ બધી જાળવે એટલું જ નહિ પણ જમવામાં જેમ ઓછું ખાતા નથી ઓછું ખાવાનો ભાવ નથી તેમ સાચા યાત્રિકને વિધિ સાધના આરાધના ઓછું કરવા કે રાખવાનો ભાવ જ ન હોય સંયોગને કારણે થઇ જાય છે વાત જુદી.

આવા ઉત્તમ યાત્રિકો નજીકના કાળમાં શિવગતિ સાધનારા છે. તેવા યાત્રિકોના ચરણની રજથી બીજા આત્માઓ નિર્મળ બને છે. તે રજ લેવાનું મન કોને થાય કે યાત્રિક મોક્ષને મુસાફર દેખાય તેને. શ્રી વસ્તુપાલ મંત્રીશ્વર યાત્રિક સંઘની ધુળ ઉડતી હતી ત્યાં ઉભા રહ્યા. સેવકોએ કહ્યું અહીં ધુળ ઉડે છે મંત્રીશ્વર કહે– એટલે તો અહીં ઉભો છું આટલા બધા યાત્રિકોની ચરણ રજ પ્રાપ્ત કરવાનો આજ ઉપાય છે. મહા મંત્રીશ્વરના હૈયામાં મુક્તિની ભક્તિ કેટલી છે.

તીર્થયાત્રા કરનારાઓને પછી ભવમાં ભટકવું પડતું નથી. તીર્થયાત્રા આજે સગવડ અનુકુળતા અને વિલાસિતા પૂર્વક કરનારા છે તેમને તો વાસ્તવિક તીર્થયાત્રા મોઢેથી બોલવા જેવી થઈ ગઈ છે તીર્થયાત્રામાં જાય રાત્રે ખાય, અભક્ષ્ય ખાય, છ'રી પાળે નહિ, પ્રતિક્રમણ વિ. કરે નહિ સમય મળે તો જ્યાં ત્યાં હરવા ફરવા જાય અને મોજ માણી આવે. તેને તીર્થ યાત્રામાં ફરવું કહ્યું નથી.

તીર્થયાત્રા કરવા જાય તે તેની પૂરેપુરી વિધિ જાળવે, આવી તીર્થયાત્રા કરનારા ઘટતા ગયા માટે તીર્થો વિલાસના ખાનપાનના અડ્ડા બનવા લાગ્યા છે. યાત્રિકો આવે એટલે પાન, ઠંડા પીણા વિ. ની રેકડીઓવાળા ભેગા થઇ જાય તે જ યાત્રિકોની શરમ ગણાય. શત્રુંજય આદિ તીર્થોમાં આવેલા પૂર્વના હજારો દૃષ્ટાંતો મળે છે કે સિદ્ધગિરિ ભેટયા અને શિવસુખ મેટયા.

તીર્થયાત્રામાં, તીર્થમાં તીર્થની ભક્તિમાં જે દ્રવ્યનો વ્યય થાય તે સાર્થક છે અવે ભાવિ ભવમાં સંપત્તિની સ્થિરતાનું કારણ છે. તીર્થયાત્રા કરવા જાય તેના દ્રવ્યનો વ્યય–પૂજા ભક્તિ સાતક્ષેત્ર સેવા વિ. માં હોય પણ અનુકુળતા સગવડતા, ખાણી પીણી, વિ. માં ન હોય તે તો કામ પૂરતું કરી લે. યાત્રા કરીને આવ્યા પછી પણ સગાં સંબંધી સાધર્મિક ભક્તિ પૂજા આદિ દ્વારા વ્યય કરીને ન આવેલાઓ ના પણ ભાવ જગાવી શકાય. આમ થતું ત્યારે યાત્રા કરીને આવનારને લેવા જતાં પ્રણામ કરતા, પગ ધોઇને

પીતા, એવી તો કેટલીય જૈન શાસનની ભાવ પ્રભાવના જોવા મળતી. આજે તો પક્ષી જેમ માળામાં ઘૂસે તેમ ભાઇ ઘરમાં પેશી જાય. કંઇ ભાવ પ્રભાવના નહિ. !

તીર્થની યાત્રા માટે દુર દૂરથી કષ્ટ વેઠીને ભાવિકો આવે અને આરાધના કર્યા વિના જાય તે તો ફેરા કર્યા જેવું થાય. યાત્રા કરીને આવેલાના જીવન પલટાઇ જાય, જીવન ચર્યા ધર્મમય બની જાય, વરસાદ પડે તો ધીખતી ધરતી પણ લીલોછમ બની જાય તો યાત્રા શું નપુંસક છે? કંઇ ફલ ન આપે ?

તીર્થયાત્રામાં પણ શ્રી જિનેશ્વર દેવોની જ યાત્રા કરવાની છે મંદિરો રચનાઓ કોતરણી વિ. તો મહાપુરૂષ બિરાજે છે તેની ભૂમિકા છે બાકી ખાસ તો શ્રી જિનેશ્વર દેવની જ યાત્રા ભકિત સ્તવના કરવાની છે હરવા ફરવા, ખાવા પીવા, અને મોજ મજાહમાં કલાકો જાય અને પૂજા ભકિત, સ્તવના, ચૈત્યવંદના કયારે થઇ જાય તે ખબર ન પડે? ખાવામાં આસો કલાક લેનારા પૂજા સ્તવન ચૈત્યવંદનામાં કેટલા લીન થાય છે ?

આજે યાત્રાને નામે તીર્થોને બદલે માનેલા દેવ દેવીઓ પાસે જાય છે. તે માને મૂકીને કુતરીને ધાવવા જેવું કરે છે. સતી સ્ત્રીને છોડી બીજે ભટકવા જેવું કરે છે તીર્થ યાત્રામાં શ્રી જિનેશ્વર દેવની પૂજા ભકિતનું જ મહત્વ છે. સ્વાર્થી લોકોએ ઉભા કરેલા દેવ દેવીઓના અડ્ડા એ તો જૈન શાસનના ગુમડા છે. અને ત્યાં જનારા લાલચુ ભકતો તે ગુમડા ઉપર બેસનારી માખીઓ જેવા છે તેમને યાત્રા અને યાત્રિકો ની ઉપમા તો અજ્ઞાની જ આપી શકે. પરંતુ આજે તકવાદી સાધુઓ અને લાલચુ ભક્તોએ એવી શાઠ ગાંઠ ઉભી કરી છે કે જૈન શાસનનું લીલામ તે કરી રહ્યા છે. મહાપાપોદયના પ્રતાપે નિર્બળ શ્રી સંઘ તે જોયા કરે છે અને મહાપાપોદયના પ્રતાપે તેમાં સહમત થાય છે અને ભાવિભ્રમણાને હિસાબે તેને ઉત્તેજન આપે છે અને મહત્વ આપે છે.

જૈનશાસન એ ગુણનું અને ગુણ પ્રાપ્તિનું શાસન છે. તે સ્વાર્થનું સાધન કે લેભાગુઓનો અડ્ડો નથી.

શ્રી તીર્થ યાત્રા કરનારનું બહુમાન તારે છે, શ્રી તીર્થ યાત્રા માટે ફરે તેનું ભવનું ભ્રમણ ટળે છે. તીર્થ યાત્રામાં ધનનો વ્યય તે સંપત્તિનું નિર્વાધન છે અને તીર્થ યાત્રામાં શ્રી જિનેશ્વર દેવોની પૂજા ભકિત તે તીર્થંકર પદ, પૂજય પદ મોક્ષ પદનું પરમ અંગ છે.

આવી યાત્રા કરનારા યાત્રિકો પોતે તરે છે અને બીજાને પણ તારનારા બને છે. કલિકાલે પણ તીર્થ યાત્રાનું મહાન આલંબન જીવોને મળે છે તેને સફળ બનાવી સૌ શિવસુખના પરમ નિવાસ એવા સિદ્ધિપદના ભોકતા બનો એજ શુભ અભિલાષા.

અષ્ટપ્રકારી પૂજાનો પ્રભાવ

-પૂ. પં. શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર

ભરતક્ષેત્રથી દૂર-સુદૂર મહાવિદેહ નામના ક્ષેત્રમાં પુષ્કલાવતી નામની વિજય (મોટો ખંડ) આવેલી છે. ત્યાં પુંડરીકિણી નામની નગરી છે.

ત્યાં વરસેન નામનો ચક્રવતી રાજા હતો.

એકવાર અહીં કરોડો દેવોથી અને લાખો મુનિઓના પરિવાર સાથે સુયશા નામના ભગવાન. તીર્થંકર પધાર્યા.

વનપાલકે આવી ચક્રવર્તીને વધામણી આપી કે ત્રણ ભુવનના તારણહાર દેવ-દેવેન્દ્રોથી પૂજિત ભગવાન સુયશા તીર્થંકર પરમાત્મા આપણી નગરીના ઉદ્યાનમાં પધાર્યા છે. વધામણી સાંભળી ચક્રવતીના રોમ રોમ હર્ષિત થઇ ગયા. વધામણી આપનારને મોટું ઇનામ આપી ખુશ કરી રવાના કર્યો.

ચક્રવર્તી રાજા ચતુરંગી સેના સાથે ભગવાન તીર્થંકરદેવની દિવ્ય દેશના સાંભળવા સમોવસરણમાં આવ્યો. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા ભાવથી કઇ, વંદન કરી દેશના સાંભળવા બેઠો. ભવસાગરતારિણી, ભવના તાપને શમાવનારી, રાગદ્વેષના કાતિલ ઝેરનો નાશ કરનારી અને અમૃતવર્ષિણી પરમાત્માની વાણીનું પાન કરી ચક્રવતી વૈરાગ્યના રંગથી રંગાયો.

એટલામાં ત્યાં સ્વર્ગમાંથી આઠ દેવો આવ્યા. આ આઠે દેવોનું તેજ સઘળાયે દેવો કરતા સર્વાધિક જોઇને ચક્રવર્તી રાજાએ ભગવાન સુયશા તીર્થંકર દેવને અંજલી જોડી પૂછયુ કે-કે ભગવન્! આ અહીં આવેલા અને આપની આગળ બત્રીસ પ્રકારના દિવ્ય નાટક કરતા આ આઠે દેવોએ ગતજન્મમાં એવું કયું પુણ્ય કરેલું જેથી આવા અત્યંત તેજસ્વી દેહવાળા દેવો થયેલા છે?

ભગવાન સુયશા બોલ્યા હે રાજન્! હું આઠ દેવોનો પૂર્વભવ કહું છું તે તુ ધ્યાનથી સાંભળ.

ધાતકી ખંડમાં મહાલય નામનું શ્રેષ્ઠ નગર હતું. ત્યાં સુદત્ત નામનો ધનાઢ્ય શેઠ અને તેની રુકિમણી નામની પત્ની હતી. આ શેઠ શેઠાણીને ધન, વિમલ, શેખ, આરક્ષો, વરસેનક, શિવ, વરુણ અને સુયશા નામના ધર્મપ્રિય આઠ પુત્રો હતા.

એકવાર આચાર્ય મહારાજના વ્યાખ્યાનમાં અષ્ઠપ્રકારી પૂજાનો મહીમા સાંભળી શ્રેષ્ઠી પુત્રોએ રોજ અમારે આઠે ભાઇઓએ ભેગા મળી જિનેશ્વરદેવની 'અષ્ટપ્રકારી પૂજા કરવી' એવો નિયમ લીધો.

એક ભાઇ પવિત્ર શરીર અને વસ્ત્રોથી ભગવાન જિનેશ્વરના અભિષેક માટે આત્માને નિર્મળ કરવા નિર્મળ જળ રોજ લાવે છે, બીજો ભાઇ કેશર મિશ્રિત ચંદન ઘસીને સુવર્ણના કચોળામાં કપુરથી વાસિત કરીને ભવનો તાપ શમાવનારી ચંદન પૂજા

માટે નિત્ય લાવે છે. ત્રીજો ભાઇ દુર્ગંધોની દુર્ગંધ દૂર કરવા પૂજાની સમગ્ર સામગ્રી હંમેશાં લાવે છે, ચોથો ભાઇ અક્ષય સુખની ઇચ્છાવાળો અક્ષત પૂજા કરવા સફેદ દુધ જેવા ચોખા (અક્ષત) લાવે છે. પાંચમો ભાઇ રોજ શીલની સુગંધ જીવનમાં પ્રસરાવવા ચંપક, અશોક, પુન્નગ, કમળ, ગુલાબ, વગેરેના તાજાં અને સુગંધિ પુષ્પો પૂજા માટે લાવે છે. છઠ્ઠો ભાઇ દીવો કેવલજ્ઞાનનું દીપ પ્રગટાવવા રોજ દીપક પૂજા માટે લાવે છે. સાતમો નૈવેદ્ય પૂજા કરવા માટે લાડવા વિગેરે લાવે છે. આઠમો બંધુ મોક્ષફળ લેવા રોજ ઉત્તમ અને વિવિધ શ્રીફલ, દાડમ, મોસંબી, સંતરા, બીજોરું, સોપારી વગેરે ફળોનો થાળ ફળ પૂજા માટે લાવે છે.

મધ્યાહ્ન સમયે આઠે ભાઇઓ સાતશુદ્ધિબાળવી દશત્રિકપુર્વક રોજ ભગવાન જિનેશ્વર દેવની પૂજા ભાવથી કરીને સ્વ-પરના સમ્યક્ત્વને નિર્મળ અને નિશ્ચળ કર્યું.

અષ્ટપ્રકારી પૂજાના નિયમનું રોજ ચઢતાં પરિણામથી પાલન કરતાં ૨૫ લાખ પૂર્વ પસાર કર્યો. અંતે એક મહિનાનું અનશન કરી આયુષ્ય પૂર્ણ કરી સાતમા શુક્ર નામના વૈમાનિક દેવલોકમાં મહાન તેજસ્વી દેહવાળા આ દેવો થયા છે.

સમોવસરણમાં આવેલા આઠ દેવોએ સુયશા તીર્થંકર પરમાત્માને પુછ્યું કે હે નાથ ! અમારો મોક્ષ કયારે અને કયાંથી થશે ? સુયશા તીર્થંકર પરમાત્માએ કહ્યું કે હે દેવો ! તમે દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહની આજ વિજયમાં ? તમે બધા મોટી ઋધિવાળા પ્રતાપી રાજાઓ થશો, ત્યાં અંતે તમે સંયમનો સ્વીકાર કરી નિરતિચાર ચારિત્રનુ પાલન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં જશો.

વરસેન ચક્રવર્તી પ્રમુખ પર્ષદા અષ્ટપ્રકારી પૂજાનો મહિમા તીર્થંકર ભગવાનનાં શ્રીમુખે સાંભળી અષ્ટપ્રકારી પૂજા કરવાનો નિયમ લઇ સૌ પોતપોતાના સ્થાને ગયા.

માટે હે સુશ્રાવકો ! તમે પણ શેઠના આઠ પુત્રોની માફક અષ્ટ પ્રકારની પૂજા રોજ કરવાનો નિયમ લઇ જીવનને નિર્મળ બનાવજો.

અષ્ટપ્રકારી પૂજાનું રહસ્ય

દ્રવ્ય પૂજા ભગવંતને બે પ્રકારે થાય છે અને અનેક પ્રકારે પણ થાય છે. બે પ્રકાર અંગ પૂજા-અને અગ્ર પૂજા અંગ પૂજા. એટલે અંગ પર થતી પૂજા, જેમ કે જલ, ચંદન, અભિષેક પુષ્પ વિગેરે, અગ્રપૂજા એટલે ભગવાનની પૂજા જેમકે ધૂપ-દીપક-ફળ-નૈવેદ્ય અક્ષત, વાસક્ષેપ, ચામર, દીવો, આરતી વિગેરે. ભાવ પૂજા એટલે ભગવાનની આગળ થતા જે ચૈત્ય વંદન, સ્તુતિ, સ્તવન વિગેરે.

અષ્ટપ્રકારી પૂજા :- અષ્ટપ્રકારી પૂજા એટલે અંગ પૂજા અને અગ્ર પૂજાનો સમાવેશ એનું નામ અષ્ટપ્રકારી પૂજા

અષ્ટપ્રકારી પૂજામાં કયા ભાવો લાવવા જોઇએ અને તે શા માટે કરવી જોઇએ તેનું વર્ણન.

જલપૂજા માટે હીરકઠીયારાનું દૃષ્ટાંત

—પૂ. પં. શ્રી ભદ્રાનંદ વિજયજી ગણિવર

આ ભારત વર્ષ પ્રાચીન કાળનું રઢીયાળું, સમુદ્ર અને ન્યાય નીતિના નક્કીયેાના સીંચનેાથી આત્મ સંતેાષમાં સદૈવ નવપલ્લવિત રહેતું, જ્યાં જુએા ત્યાં સર્વ સ્થળેામાં, નગરેામાં શહેરેામાં ગામડામાં બધે જનવર્ગ સુખી અને પ્રફુલીત ચહેરાવાળેા હતેા. એક એકને મદદનાશ થઇને સ્વજીવનને કૃત્ય માનવાવાળેા અને પરમાર્થ એજ સ્વાર્થ એવી ઉદાત્તભાવનાશીલ હતેા.

આવું એક વસંતપુર નગર હતું. ચંદ્ર નામનેા રાજા ચંદ્ર જેવેા સૌમ્ય હેાવાથી, જન કુવલયેાને સદૈવ પ્રબેાધિત એટલે ખુશ ખુશાલ કરતેા. આનંદ મગ્નતાથી જ રહેતેા રાજા જેવા નામવાળેા હતેા તેવા જ ગુણવાળેા હતેા. પ્રજાજનેા, રાજા પાસે જવું એટલે પિતા પાસે જ જવા જેવું માનતા હતા. કારણ કે રાજા સૌને વાત્સલ્યભરી દૃષ્ટિથી જોવાની ટેવવાળેા હતેા. સૌનું હેતથી સાંભળવામાં સ્વકર્તવ્ય સમજતેા હતેા. અને કેાઇનેય અન્યાય ન થાય એ માટે સજાગ રહેતેા હતેા.

આ ચંદ્ર રાજાને પુષ્પાવતી નામની સુશીલ ધર્મિષ્ઠ અને રુપ નિધિ જેવી રાણી હતી. રાજા ધર્મિષ્ઠ અને રાણી પણ ધર્મિષ્ઠ એટલે બન્નેયની પ્રત્યેક પ્રવૃત્તિએા દુધ-સાકર જેવી. અનુકુલ યેાગ હતેા ? આજ નગરમાં જેમ શ્રીમંતેા ધીમંતેા હતા તેમ ગરીબેા અને અકકલવિકેાણા પણ વસતા હતા.

બધાય સરખા કયાંથી હેાય ? દરેકના કર્મેા ભિન્ન હેાય છે આત્મા ભિન્ન છે તેા કુલેા પણ જુદા જુદા હેાય ને ? કર્મવાદના સાક્ષીરૂપ આ સર્વના જુદાઇ, સર્વની વિવિધતા પેાકારીને પુરી રહી હતી. ગત જન્મ આગામી જન્મની સાબીતી પણ આ કર્મ કુલેા જ કરી રહ્યા છે. અહી ધર્મ કરતેા હેાય અને દુઃખી હેાય છે. અહી અધર્મમાં તરબેાળ હેાય પણ દેખાવમાં સુખી હેાય છે. આ પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પુણ્ય પ્રતિલિખિત થયેલું દેખાઇ આવે છે.

આજ નગરમાં હીર નામનેા કઠીયારેા રહેતેા હતેા. અને બાપ દાદાનેા ધંધેા જ કઠીયારાનેા ? જંગલમાં જવું, કુહાડેા વિગેરેથી લાકડા કાપવાના, કઠીયારાનેા કેાથળેા સાથે લઇ જવેા અને લાકડા કાપી, ભારા બાંધી, ગામમાં વેચીને જે કંઇ મળે તેમાં જીવન નિર્વાહ કરતેા. જન્મેા ત્યારથી જ આ જ શિક્ષણ આ જ સંસ્કાર, એને કઇ આમાં દુઃખ નહી લાગતું અને ભારે પણ નહી પડતું, જન્મતાની સાથે જેઓ જે કાર્યોમાં ગુંથાય છે તેઓ તે કાર્યમાં તન્મય થઇ જાય છે. જીવનનું શ્રેય પણ આમાંજ

અને જીવનની કૃતાર્થતા પણ આમા જ એમ એ કઠીયારાને શ્રધ્ધા બેસી ગઈ. ઘરના બૈરા છોકરા પણ આ જ કાર્યમાં ગુંથાયેલા રહેતાં. હીરનું ભાગ્ય હીર જેવું આજે અભિનયપ્રકાશ પાથરી રહ્યું હતું. પ્રાતઃકાલથી જ એના હૈયામાં જુદા જ ભાવ અને હિંમત ઉપસી આવી હતી. ઘરથી નીકળ્યો ત્યારે શુભ શુકનથી સત્કારીત થતો એક નવા જ જંગલમાં ઘણો જ દુર રોજીંદા કાર્યક્રમ માટે જઇ પહોંચ્યો. આજ સહેલાઇથી સુકકા અને સારા કાષ્ટનો જત્થો મલ્યો. ભારા બંધાઇ ગયા. હથિયારો કોથળામાં ભર્યા, માથા પર ભારી ચઢાવવાનો મંગલ પ્રારંભ કરે છે ત્યાં દુર એક ઝાડામો કેસુડા જેવા અંબાર જેવું ચમકતું તેજો મંડળ અચાનક દેખાઇ આવ્યું એ ચમકયો. ભારા, દુર સુરક્ષિત, જગ્યાએ મૂકી દીધા. શ્રમ જીવા એટલે હિંમત એકઠી કરીને દોડયો, પેલા તેજો મંડળના છાયામાં ત્યાં જઇને જુએ છે તો વાહ રે વાહ. કેવું કૃપાળું ભાગ્ય જાગ્યું. એનો દેવ કેવો પ્રસન્ન થઈ ગયો. અરે ગરીબને ઘેર આજ કલ્પતરુ ફળ્યો. ઝાડામાં રહેલું તેજો મંડળ એજ જિનેશ્વર ભગવંતના ભવ્ય અને પ્રશાન્ત મુદ્રાવાળી મૂર્તિ હતી. થોડા માટીમા દબાયેલા અને થોડા બહાર. આ કઠીયારો ભદ્રિક પરિણામી હતો જ. ઝાઝી ચર્ચા કે તર્કબાજી નહોતો સમજતો. એણે એક જ વિચાર્યું આ તો કોઇ ભાગ્યવંતોને પૂજા સેવા કરવા લાયક મોટા દેવનાય દેવ છે. મહાન પુણ્ય સિવાય આ પ્રભુના દર્શન, પૂજન, કમનસીબોને રત્નના જેમ દુર્લભ લેખાય. બસ આજે એનો દિ સફળ થયો. આજે એના આંગણે નવે નિધાન અને ચૌદેય રત્નો જાણે ન આવ્યા હોય એવા હૈયાના ઉમળકાથી હીરાએ એકબાજુ નદી કિનારે એક ઘાસની સુરમ્ય કુટીર સર્જી ત્યાને ભગવંતને બહાર લાવવા, નદીના નિર્મળ નીરથી પ્રક્ષાલન કરી સ્વચ્છ બનાવી તૃણપ્રસાદમાં એક નાના ખોટલા જેવું બનાવીને પધરાવ્યા. પ્રભુને પધરાવવા સાથે જ એના હૈયાના મંદિરમાં આ પ્રભુની પ્રતિષ્ઠા થઇ ચુકી. ઘરે ગયો. ભોજન કરવા બેઠો. ખાટલામાં સુઇ ગયો, નિંદ્રામા ઘેરો કે જાગ્યો પણ એની નજર સામે એક જ સાક્ષાત્કાર થઇ રહ્યો છે, એ ભગવંતને સવાર થતા જઈને નમું, પુજું, ભકિત કરું કે એમાં જ સમાઇ જઉ. ઉગતી ઊષાનો ઉજ્જવલ પ્રકાશ પથરાયો હીરો ઉઠયો, રાબેતા મુજબ સાજ લાઈને આવ્યો તે જ તૃણકુટિરમાં, પ્રભુને ઠેઠ સુધી મસ્તક નમાવી ઝુકયો. નદીમાંથી કાંઠલી પત્રોમાં નીર ભરીને અભિષેક પ્રભુનો કર્યો. બીજુ તો એ બિચારો શું સમજે અને કયાંથી લાવે ? પણ પ્રતિદિન આજીવિકા માટે લાકડા લાવે છે. તેમજ આત્મકલ્યાણાર્થે વીતરાગ પ્રભુની જલપૂજા કરતો જ રહ્યો. એને એક પણ દિવસ આળસ કે પ્રમાદને પેસવા ન દીધો. જીવનને જલપૂજામાં એકાકાર બનાવી દીધું.

ભલા વિચારો કે આ પરિસ્થિતિમાં આવા દરિદ્રને કયાંથી સૂઝે, કે કયાંથી મળે ? કયાંથી આવા અનુપમ ભાવોલ્લાસ જાગે ?

પણ ગરીબાઇને ભૂલી ગયો અને જીવનને રાજાઓનો રાજા માનવા લાગ્યો.

હા ધર્મ ધન જેને મહત્વભર્યું અમૂલ્ય મુડી, તે શું કોઇથીય પરાજીત થાય ખરો ? જન્મ એ મૃત્યુને સાથે જ લઇ આવે છે. ખીલેલા ફુલો કરમાય, ઉગેલો રવિ આથમે જ, તેમ આ હીરની જીવન દોરી પ્રભુના જલપૂજાના ધ્યાનમાં તુટી, અને પ્રાણ પંખેરૂ દેહપિંજર મુકીને ઉડી ગયું.

ભદ્રિક પરિણામી પ્રભુ પૂજાના પ્રબળ પુણ્યથી કઠીયારાનો આત્મા આજ વસંતપુર નગરના ચંદ્રરાજાને ત્યાં પટ્ટરાણી પુષ્પાવતીના કુલરૂપી છીપલામાં મૌક્તિક રૂપે અવતર્યો. રાણીને પણ ગર્ભાનુભાવના સ્વપ્નો પણ પ્રશસ્ત આવવા લાગ્યા. દોહલા પણ સુંદર ઉપજ્યાં. રાજાએ રાણીના સર્વ દોહલા પૂર્ણ કર્યા. સુસ્વપ્નોના ફલો પણ દર્શાવ્યા. નવ માસ પૂર્ણ થતાં રાણીએ એક પુત્ર રત્નને સુખરૂપે જન્મ આપ્યો. પુત્ર તેજસ્વી છે. દેવોના તેજ ઝાંખા પડી પુત્ર સ્વરૂપવંત હોવાથી મદનકુમાર યથાર્થ નામ મહોત્સવ સહિત પાડવામાં આવ્યું. વય અને બુદ્ધિથી મદનકુમાર વધવા લાગ્યો.

નાની ઉંમરમાંય પૂર્વ પુણ્યોદયથી મદનકુમાર ખૂબ જ શાન્ત, સરળ અને વિનયી હતો. સર્વને ય પ્રિય થઇ પડયો. રાજકુટુંબના સ્નેહાળ વાતાવરણમાં ઉછરે છે. અભ્યાસ યોગ્ય વય થતાં શાસ્ત્ર અને શસ્ત્ર ઉભય કલાસાગરમાં પારંગત રાજાએ રાજકુમારને યુવરાજ પટ્ટે સ્થાપ્યો.

રાજા પોતે મનમાં સમજે છે કે આ મદનકુમાર મારાથી ય વધારે બળવંત. ધીમંત અને ન્યાયવંત છે. સાથે પ્રજાને અત્યંત પ્રિય છે. પુત્રના ગુણોથી ગૌરવ લે છે. અને આનંદિત બને છે.

એક વખતે યુવરાજ નવા ઘોડાઓ પર સવાર થઇ ક્રીડા કરવા દુર જંગલમાં નીકળી ગયા. જયાં પૂર્વભવના સ્મરણો રમી રહ્યાં હતા. જયાં પ્રભુ પ્રતિમાના જલપૂજાનો રંગ લાગ્યો હતો. જયાં રાજય વૈભવ મેળવવાનું પુણ્ય બંધાયુ હતું, એ નદી કિનારો તૃણ જિનાલય એ ચમકતી જિન પ્રતિમા કુમારના જોવામાં એકાએક આવી ગઇ. અહાહા ! આ દ્રશ્ય કોઇ સ્થળે જોયું છે, આવું આવું મેં પોતે જ કર્યું છે. મ્હારા હૈયાના ખુણામાં સંતાયેલી સ્મૃતિઓ ઉર્મિઓની જેમ જાગી ઉઠે છે. આ વિચારે કુમારને જાતિ સ્મરણ જ્ઞાન પેદા થયું. ગઇ કાલે જોયું હોય એમ મદનકુમારને સર્વસ્મરણ થયું. પૂર્વભવમાં કેવો કંગાળ હતો ? પણ પ્રભુ પ્રતિમાના પૂજાનું પીયુષ પાન કર્યું. તે એકજ જલ પૂજા, મહા રિદ્ધિ સિદ્ધિ વૈભવ પામ્યો. ? સૂર્યોદય થવાથી વિશ્વ વસ્તુઓનું દર્શન થાય છે. તેમ કુમારને જાતિ સ્મરણજ્ઞાને જગાડી મુકયો. કુમાર નગરમાં આવ્યો. સ્વમાતા–પિતા તેમજ સર્વ સ્વજનોને આ વિશદ્ વૃતાંત કહ્યો. સર્વ પુલકિત બન્યા.

બધા પ્રતિમાજીના દર્શન પૂજન કરવા ઠાઠમાઠથી આવ્યા. સર્વને કહેલી વાત સત્ય સ્વરૂપે જણાઈ. વસંતપુર નગરમાં નિષ્ણાત શિલ્પકારો દ્વારા વિમાન જેવું ભવ્ય જિનાલય નિર્માણ કરાયું અને પ્રભુ પ્રતિમાને ધાર્મિક વિધિ વિધાનો પૂર્વક પધરાવ્યા. પ્રતિષ્ઠિત કરાવ્યા. રાજા રાણી તેમજ અન્યજનો જૈનધર્મી બન્યા. પ્રભુ પ્રતિમાજીને ઈષ્ટતમ માનીને જન્મનો લ્હાવો માનવા લાગ્યા. પુણ્યનો એક કણ પણ કેટલાય જીવોના પુણ્યબંધનું નિદાન બને છે.

જ્ઞાની–ગુરૂના સંગમાં આત્મા–રંગ રંગાયો. મદનકુમારે દેશ વિરતિપણું સ્વીકાર્યું, ચારિત્ર રત્નની અત્યંત અભિલાષા સેવી આરાધનાના એક જ દોરમાં સુદૃઢ બંધાયો. આવું પ્રત્યક્ષ પુણ્ય ફળ જોઈને કયો મૂર્ખ ધર્મ–સેવનમાં લાલચું ન બને ? 'અવસર પામી આળસ કરશે, તે મુરખમાં પહેલોજી' ભૂખ્યાને જેમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘેલોજી.

રાજકુમારે આખું જીવન જૈનધર્મના આરાધનામાં વિતાવ્યું. એક દીપક સો દીપક પ્રગટાવે. તેમ કુમારે અનેકોને, ધર્મથી વાસિત કર્યા. અભિનવ નિર્મિત જિનાલયમાં ત્રણેય કાલ નિયમિત મદનકુમાર પૂજા કરે છે. ભાવસ્તવ કરે છે અને ભવોભવ આ દેવાધિદેવની સેવા મળજો એવી પ્રાર્થના અંતઃકરણથી કરે છે. સમાધિ પૂર્વક કાલધર્મ પામીને મદનકુમાર મહર્દિક દેવ થાય છે. ત્યાંથી ચ્યવીને માનવભવ પામી નિરતિચાર ચારિત્રનું પાલન કરીને ઘાતી અઘાતી કર્મોનો નાશ કરીને, અગ્રાહ્ય ઉપસર્ગો સહીને, અનંત અભંગ, અક્ષય લ્હેર લુંટવા વહી જશે, અર્થાત પ્રભુની જલપૂજાનું પુણ્ય પરંપરાએ અનુપમ સુખો આપવા સાથે અનંત ધામના અનંત સુખને આપશે ? તમે પણ પૂજા કરવામાં પ્રમાદ કરશો નહિ.

: ભાવની જ પ્રધાનતા :

થોવંપિ અણુદ્ઠાણું ભાવવિસુદ્ધં હણઇ કમ્મમલં !
લહુઓ વિ સહસકિરણો તિમિર સમૂહં પણાસેઇ !!

જેમ બાલસૂર્ય અંધકારના સમૂહોનો વિનાશ કરે છે તેની જેમ, ભગવાનની આજ્ઞા મુજબના વિશુદ્ધ ભાવ પૂર્વક કરાતું નાનું કે થોડું પણ ધર્મનું અનુષ્ઠાન, કર્મરૂપી મલનો નાશ કરે છે માટે ભાવની વિશુદ્ધિ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

॥ શ્રી રાણકપુર તીર્થ મણ્ડન શ્રી આદિનાથ નમઃ ॥

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥ ॥ શ્રી મુછાલા મહાવીર નમઃ ॥

॥ પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિભ્યો નમઃ ॥

॥ પૂ. આ. શ્રી વિજય મૃતસૂરિભ્યો નમઃ ॥ ॥ પૂ આ. શ્રી વિ. જિતમૃગાંકસૂરિભ્યો નમઃ ॥

પાલડી (થાનાવલી) સે ગોડવાડ પંચતીર્થી તથા રાણકપુર છ'રી પાલિત યાત્રા સંઘ કે સંઘપતિ ધર્મબન્ધુ શ્રેષ્ઠિવર્ય શ્રી મૂલચંદજી, હીરાચંદજી, પ્રકાશચન્દ્ર, મદનલાલ, શાંતિલાલ, મહેન્દ્રકુમાર તથા ઉનકે પરિવાર કો યાત્રી સંઘ કે યાત્રિયોં કી ઓર સે

અભિનન્દન–પત્ર

હે સંઘપતિજી–આપને છ'રી પાલિત યાત્રા સંઘ નિકાલને કા મનોરથ કાર્ય કિયા અતદર્થ આપ ધન્યવાદ કે પાત્ર હૈ કયોંકિ યહ યાત્રા સંઘ શિવ–સુખ કા હી યાત્રા પ્રવાસ હૈ । બિના કિસી અપૂર્વ ભાગ્યોદય કે ઐસે મનોરથ કાર્ય હોતે નહીં । પૂર્વ કે કાલ મેં યહ અવસર્પિણીકાલ મેં શ્રી સિદ્ધગિરિ કી શાશ્વત ભૂમિ પર પ્રથમ સંઘપતિ બનને કા અપૂર્વ લાભ લિયા ઐવં યહી ઉત્તમ પ્રવાહ અવિચ્છિન્નરુપ ચાલૂ હૈ । ઉસી પ્રવાહ કે સાથ પ્રવાહિત રહતે શિવ સુખ કે સાર્થવાહના માર્ગ કો ઉજ્જવલ બનાયા હૈ ।

હે ઉત્તમ કાર્ય કે સાધક સંઘપતિજી–આપને આપકે મનોરથ કે અનુરૂપ કાર્ય કરને હેતુ પરમ શાસન પ્રભાવક સ્વ. વિશાલ ગચ્છાધિપતિ શ્રી પૂ. આચાર્ય દેવેશ **શ્રીમદ્વિજય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.** તથા ઉનકે પટ્ટધર પ્રશમનિધિ આચાર્યદેવ **શ્રી વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મ. સા.** તથા ઉનકે શિષ્ય રત્ન પ્રકૃષ્ટવકતા પ. પૂ. **શ્રી ભદ્રાનન્દવિજયજી મ. સા.** કી પરમ કૃપા મિલતે હુએ ઉન શ્રી કે શિષ્યદ્વિ રત્નોં પૂ. મુનિરાજ **શ્રી મુક્તિધનવિજયજી મ. સા.** તથા આપકે સાંસારિક કુલદીપક (સુપુત્ર) હાલ પૂ. મુનિરાજ **શ્રી પુણ્યધનવિજયજી મ. સા.** કે ઉપદેશ ઐવં માર્ગદર્શન કે દ્વારા હી યહ મહાન તીર્થ યાત્રા કા સફલ આયોજન કિયા ગયા હૈ । જો સચમુચ અભિનન્દન કે પાત્ર હૈ ઇસ તીર્થ યાત્રા સંઘ કો નિશ્રા

અર્પણ કર આપકે પ્રબલ પુણ્યોદય સે હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજય **અમૃત-સૂરીશ્વરજી મ. સા.** કે પટ્ટધર સિદ્ધાન્તનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય **જિનેન્દ્ર-સૂરીશ્વરજી મ. સા.** કા સંયોગ મિલા હૈ । ઐવં ઉનકી શીતલ છાયા મેં યહ પુનીત તીર્થ યાત્રા સંઘ કા યાત્રી બનને કા હમકો ભી લાભ ઐવં સૌભાગ્ય પ્રાપ્ત હુઆ હૈ જો હમારે લિયે પુણ્યોદય હૈ ।

હે આત્મશ્રેય સાધક સંઘપતિજી–આપને ઇસ યાત્રા સંઘ મેં માત્ર રાણકપુરતીર્થ હી નહીં પરન્તુ મધ્ય મેં આને વાલે જાખોડા તીર્થ ફાલના નેમિનાથ તીર્થ, ખીમેલ તીર્થ, વરકાણા તીર્થ, નાડોલ તીર્થ, નારલાઇ તીર્થ, સુમેર તીર્થ, ન્યુ નાડોડા તીર્થ, મુછાલા મહાવીર તીર્થ આદિ અનેક તીર્થો ઐવં નગરો કે જિનમન્દિરો કે દર્શન સે યાત્રા સંકલન કર યાત્રિયોં કો પ્રતિદિન યાત્રા કરા કર બહુત હી ઉત્તમ યાત્રા સંઘ ઉદારતા પૂર્વક સંચાલિત કિયા હૈ ઐવં હમ યાત્રિયોં કો અદ્‌ભુત વ અપૂર્વ લાભ પ્રદાન કિયા હૈ ।

હે સંઘ હિતસ્વી ભક્તિવત્સલ્ય સંઘપતિજી–ઇસ ઉત્તમ કાર્ય કે અનુમોદનાર્થ હમારે મનોરથ રુપ આપ સંઘપતિ ઐવં આપકે પરિવાર કા સમ્માન કરતે હુએ હમ અપને આપકો ધન્ય અનુભવ કરતે હૈ આપ ઇસ પ્રકાર કે ઉત્તમ હિતકારી, શ્રેયકારી કાર્ય કરને કે લિયે સદૈવ સમર્થ બને રહે ઐસી અભિલાષા કે સાથ આપકા અભિવંદન કરતે હુએ યહ અભિનન્દન (સમ્માન) પત્ર અર્પણ કરતે હુએ હમ કૃતકૃત્ય (ગદ્‌ગદ) હો રહે હૈ ।

રાણકપુર–સંવત ૨૦૪૯ વૈશાખ વદ ૩ (મા. મિતી) જેઠ વદ ૩ દિ. ૮–૫–૯૩ શનિવાર

હમ આપકે યાત્રા સંઘ કે
સમસ્ત યાત્રીગણ

અલકબીર કે કત્લખાને કો દેશ નિકાલા દો

આન્ધ્ર પ્રદેશ કે ઉચ્ચ ન્યાયાલય કા ફૈસલા

અહિંસા પ્રેમીયોં કો માન્ય નહીં.

પશુઓં કી કટાઇ કે બલ પર દેશ કા શાસન ચલને ન દિયા જાયગા
(યહ વિદેશી મુદ્રા દેશ કો એક સાથ લે ડુબેગી)

પૂરે જગત્ કો ભારતને અહિંસા કા પાઠ પઢાયા. અપને દેશ કા અર્થ તંત્ર કેવલ પશુ આધારિત હી હૈ. વિદેશીય ગુલામી સે મુકત હુઆ હમારા દેશ કેવલ સાઢે તીન અક્ષર વાલે "અહિંસા" કે શસ્ત્ર સે. ઇશ દેશ કી સંસ્કૃતિ હમે નિર્બલ કે બલ રામ બનના સિખાતી હૈ. પશુઓં કો ઘાસ, પક્ષિયોં કો દાના ઔર ચીંટિયોં કો શક્કર દેના ઇશ દેશ કે સંસ્કાર રહે હૈં. રસોઈ ઘર કી પહલી દો રોટિયાં ગાય ઔર કુત્તોં કે લિએ અનામત રહતી હૈ. એક જમાને મેં દ્વાર પર આયા હુઆ કોઈ ભી ભિક્ષુક અપની ક્ષુધા વ પ્યાસ બુઝા કર હી જાતા થા. યહાં દૂધ બેચના પૂત બેચને કે સમાન માના જાતા થા. યહાં કે પૂર્વજ શાસક શરણ મેં આએ હુએ કી રક્ષા અપને શરીર કે માંસ કી કીમત સે કરતે થે. ભારત મેં ઐસે ભી શાસક હુએ હૈં જિન્હોંને અપને રાજ્ય મેં કોઇ વ્યકિત "માર" શબ્દ કા ઇસ્તેમાલ કરેં યહ ગુનાહ માના જા કર અદાલત મેં ઉસસે જવાબ તલબ કિયા જાતા થા.

ઐસા દયાલુ દેશ આજ જબ કિ કર્જ કે લિએ દરિયા પાર કે વિદેશી શાસકોં કે સામને હાથ પસારતા હૈ, ઔર જહાં કી આજ કી પશુ સંપદા અન્ય રાષ્ટ્રોં કી તુલના મેં સર્વથા ગિરી હુઇ હૈ, વિદેશી માંસાહારી મુલકોં કી ચાટ કા ભાજન બન રહા હૈ. સરકાર સ્વયં ઘર-ઘર મેં કત્લખાને, મુર્ગી ખાને ખોલ રહી હૈ. પશુઓં કો આહાર-ખાદ્ય કી શ્રેણી મેં ડાલ કર જગહ-જગહ ફાર્મ ખોલે જા રહે હૈં. અલકબીર જૈસે માંસ ઉદ્યોગી સમ્રાટોં કો પ્રોત્સાહન ન્યાયાલય કરેં યહ નિર્લજ્જતા કા નમૂના હૈ. ભારતીય જન-જન કે હોઠોં પર એક હી આવાજ હૈ "અલકબીર કે કત્લખાને કો રોકો-યહ બકાસુરી રાક્ષસ નહીં ચાહિએ." ચાર વર્ષોં સે ચલે આએ કત્લખાના વિરોધી આંદોલન ને યહ સિદ્ધ કર દિયા હૈ કિ ઐસે અજગરી બૂચડખાને હમારે દેશ કો મીલોં ઔર કોસોં ગહરી ખાઈ મેં પટક દેંગે. ઔર નહિંવત્ રહી સહી પશુ સંપદા ભી ખત્મ હો કર અરબી પેટ્રોલ દાતાઓં કે ઇશારે પર હમેં નાચને કે લિએ મજબુર કરેગી. વહ દિન ભી આ સકતા હૈ કિ પેટ્રોલ ભી ન મિલે. ઐસી હાલત મેં ભારત કે કિસાન દમ્પતિયોં કો હલ ખીંચ કર ઉદર પોષણ કરના પડેગા.

આન્ધ્ર પ્રદેશ ઉચ્ચ ન્યાયાલય કે સામને યહ સ્પષ્ટ નજર આયા હૈ કિ અલ-

કબીર હમારે દેશ કી આંતોં કો હાટ બાજારોં મેં લાકર પ્રદર્શન કરને કી સાજિશ કર રહા હૈ.

અલકબીર છલ, કપટ ઔર ઝુઠ કે તાગોં સે વહ જાલ ગૂંથ રહા હૈ જિસમેં ભારત કી ભોલી આત્મા ફંસ કર સદૈવ કે લિએ અહિંસા ધર્મ કો ભૂલ જા સકે. દર્પણ રામ ગુનાહોં કી કતાર લગને પર ભી ન્યાયાલય ને અલકબીર કો નિર્દોષ જાહિર કિયા હૈ.

મગર યહ ફૈસલા સરકારી અદાલત કા હૈ જનતા કો મંજૂર નહીં. જનતા અપની સ્વયં કી અદાલત બૈઠાએગી ઔર ભારત હી નહીં જગત્ ઉદ્ધાર કી યોજના બનાએગી.

માંસ મિશ્રિત ઔર રકત રંજિત આમદની સે દેશ કા શાસન ચલને નહીં દિયા જાયેગા. આમદની કે વિકલ્પ કઇ દૂસરે હૈ હી. ઇસલિએ સર્વોચ્ચ ન્યાયાલય કે દ્વાર એક બાર ખટખટાએ જાયેંગે. અંત મેં યહ ભી નિર્વિવાદિત હૈ કિ જનતા અપને સંગઠન ઔર સંકલ્પ બલ સે ઇસ બને બનાએ કત્લખાને કો જમીન દોસ્ત કરેગી. ભીવંડી સે ભાગ આએ ઇસ અલકબીર કો આન્ધ્ર પ્રદેશ સે ભી મુઠ્ઠી બાંધ કર ભાગને કે સિવાય દૂસરા ચારા નહીં રહેગા.

હમારા નારા હૈ વર્તમાન કે પુરાને કત્લખાનોં કો કમેજ હટાને ઔર નયા એક ભી કત્લખાના ન લગાને કી યોજનાએ બનાઇ જાએ ઇસી મેં લોક જગત્ કા ઉદ્ધાર હૈ.

રઘુનાથમલ (અહિંસા પ્રેમી) નિર્માતા ટ્રસ્ટી.
ભારતીય અહિંસક પાર્ટી (રજિ. ટ્રસ્ટ નં. ૬૭૪–૧૯૯૧)
૧૫–૮–૫૧૧/૭૩, દૂસરી મંજિલ, ફીલખાના, હૈદરાબાદ–૧૨ (આં. પ્ર.)

દેશ કા હર નાગરિક નિમ્ન પ્રકાર તાર ભેજે (ઇસી માઇને કા પત્ર ભી ભેજે)

૧. ભારત કે રાષ્ટ્રપતિજી...નઇ દેહલી
૨. ભારત કે પ્રધાનમંત્રીજી...નઇ દેહલી
૧. રાજ્યપાલજી, આન્ધ્ર પ્રદેશ, હૈદરાબાદ
૨. મુખ્યમંત્રીજી, આન્ધ્ર પ્રદેશ, હૈદરાબાદ

આન્ધ્ર પ્રદેશ ઉચ્ચ ન્યાયાલય દ્વારા અલકબીર કે કત્લખાને કી સ્વીકૃતિ, ઘોર અન્યાય હૈ. લાખોં–લાખોં અનગિનત સંખ્યા મેં જાનવરોં કી સામૂહિક કત્લ મહા અપરાધ હૈ. દેશ દ્રોહી યોજના હૈ. પશુઓં કે બિના માનવ જી નહીં સકતા. ભારત કી પશુ સંપદા નહિંવત્ હૈ. ફૌરન લાયસન્સ રદ્ કરો વરના જનતા અહિંસક ક્રાંતિ કે માર્ગ પર ઉતરેગી. સર્વત્ર ત્રાહિ–ત્રાહિ મચેગી. પશુ બચાઓ ઔર દેશ બચાઓ (માંસ નિર્યાત પર રોક લગાઓ)

હસ્તાક્ષર..... એવં પૂરા પતા.....

બુફે પદ્ધત્તિ.

-પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

આજ કાલ પાશ્ચાત્ય પદ્ધત્તિના પનારે પડેલું જગત-અરે ! જગત તો ઠીક ! પણ જ્યારે જૈન ગણાતાં જૈનો પણ આર્ય-સંસ્કૃતિની રીતરસમ છોડી જે આજે મહા-પાપમય બુફે પદ્ધત્તિના પનારે પડી ગયા છે તે ખૂબ શોચનીય છે. અનાદરણીય છે.

પેલા તો બુફે એટલે બુ એટલે બુરા (ખરાબ) ને ફે એટલે ફેરા ફરાવે તેનું નામ બુફે. બુરા સંસારમાં ફેરા ફરાવે તેનું નામ બુફે. આ જમણવારમાં કેટકેટલું પાપ લાગે છે. અભક્ષ્યાદિ ચીજોનું સેવન થાય છે. (બ્હારની જ લગભગ બનાવેલી ચીજો હોય છે.) માટે. વળી એઠાં હાથે લેવા-મૂકવાનું બને છે. જેમાં અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પતિ થાય છે. અસંખ્યાતા બેઇન્દ્રિય જીવોની પણ તથા ઉડતા કેટલા જીવો પડી પડીને મરણને શરણ થાય છે. આ બધા અસંખ્યાતા જીવોના નાશનું પાપ પણ લાગે છે. જેના યોગે હોંશે હોંશે ખાતા જીવો ઘોર અશાતાવેદનીય તથા સાથે અન્ય પણ પાપ પ્રકૃતિઓનો બંધ કરે છે.

સામાજિક દૃષ્ટિએ માન-સન્માન સચ-વાતું નથી. ઉભા ઉભા ખાવાનું કાગળની ડીસોમાં ખાઇ એઠીં જ ફેંકી દેવાની, રૂમાલો પણ કાગળમાંથી બનાવેલા તેનાથી હાથ લુંછવાના... આ જ્ઞાનની આશાતના નથી ? ઘોર વિરાધના છે. થાળી ધોઇને પીવાની વાત તો અદ્ધર રહી. એઠાં-જુઠાં ખાવાના. રૂક્ષતાની દૃષ્ટિએ પણ બરાબર નથી. આવો જેસો નો વિનય ગયો. એક બીજાના પ્રેમ સદ્ભાવ ગયા. શ્રદ્ધા ને સમર્પણભાવ તો દૂર ભૂણામાં જઇ રડે છે. હાથે લઇ ખાઇ લેવાનું.. આ આવનારનું ઘોર અપમાન છે કે સન્માન ?

પણ જ્યાં લગભગ બધા જ આવું કરતાં હોય સૌને સ્વાર્થભર્યો ગમતો હોય એટલે કોણ કોનો વિરોધ કરે ? અરે ! ધાર્મિક પ્રસંગોમાં- સ્વામી વાત્સલ્યમાં- પણ બુફે આવી ગયું. આ જાણે ઓછું પાપ ન હોય એમ વધારામાં બરફની પાટો-ની પાટો પણ ચકમક ચકમક થતી હોય છે.

જે અભક્ષ્ય છે. અસંખ્યાતા અસંખ્યાતા જીવોની મહાહિંસા છે. છતાં ય કોણ જાણે હૈયાની કેવી નિષ્ઠુરતા હશે ? કે પરમા-ત્માનું વચન સંભળાતું નથી.

હમણાં તાજેતરમાં અતુલ વી. શાહના પિતાશ્રીના વરસીતપના પારણાનો પ્રસંગ સુંદર જિનભક્તિના આયોજન દ્વારા ઉજ-વાઇ ગયો. તેમાં આવી ગરમીમાં પણ બર-ફના (અભક્ષ્યનો) ઉપયોગ વિના સર્વ સાધર્મિકોની એવી ભક્તિ કરી કે ૧૨૦૦ રૂા. ના માટીના માટલા મંગાવી સેંકડો સાધર્મિકની ભક્તિ કરી આર્યસંસ્કૃતિને જીવંત રાખી. પણ બરફનાં પાણીનો (અર્થાત્) બરફનો ઉપયોગ ન કર્યો.

સંયમ એટલે શુ ?

આજના આ વિષમ કાળમાં અનંતાનંત આવિષ્કારો થયાં છે. એ આવિષ્કારો સંસાર સાગરમાં એટલે કે ૮૪ લાખ યોનિમાં ફરીથી ગોતા ખવડાવશે એ બધાંય જંજાળથી છુટવાનો માત્ર એકજ સહારો છે. તે છે સંયમ ! સંયમ ! ! સંયમ ! !

આજનાં જમાનામાં સંયમ લેવું એક દુષ્કર સાધન છે કેમકે આજ વૈજ્ઞાનિકો એ આપણને એટલી સુવિધાઓ આપી છે કે તેને આપણે ૨૪ કલાક જીવ (આત્મા)ની જેમ સાચવીએ છીએ. પરંતુ આપણે કયારે વિચાર કર્યો કે સંયમ એટલે શુ ? ત્યારે કેટલાયે ઉત્તર આપે કે જેને ઘરમાં આવાં નું ન મળે તે દિક્ષા લે અને ઘેર-ઘેર ભીખ માંગે. અને કેટલાય કે ઘર માંથી કોઈ ને બાહર નિકાળી દે તે દીક્ષા લઇ લે. પરન્તુ તે આ નથી વિચારતા કે અમે આ કહેતા કહેતા કેટલાક કર્મો બાંધી દીધા છે.

સાચા અર્થમાં તો સંયમનો અર્થ એના શબ્દોમાં માળાનાં મણિમાં જેમ પરોવાયેલો છે. પરંતુ આપણે એના નવા-૨ શબ્દાર્થ નિકાળી ને રાજી થઇએ કે અમે પણ અર્થવાદી છીએ

સંયમ એટલે કે.....!

સ એટલે... સંસારની ય એટલે... યતના* મ એટલે... મરણ

(* યતના એટલે કષાયો અથવાં ભયંકર દુખો એને મારવાનો સાધન છે માત્ર સંયમ)

સંયમ એટલે શું ? સંયમ એટલે સંસારનાં કષાયો ને અને દુઃખ ને નાશ કરવાનો એક સરળ ઉપાય !

સમગ્ર જીવો એને ચિંતન કરી બોધ પામે એજ.

સંકલન :- પૃથ્વીરાજ જે. જૈન, સાંચોર

જો પરમાત્માનો ધર્મ (જિનાજ્ઞા) હૈયે વસી જાય તો આ બધું શું કઠીન છે ?

પણ આજના કાળમાં બુફે વિના ચાલે ? જેને બુરા ફેરા ફરવા હોય તે જ બુફે ને અપનાવે.

આવા ઘણાં ઘણાં અનિષ્ટોથી ભરપૂર બુફે પદ્ધતિ મહાનુકશાન કરનારી આરોગ્યને પણ હાનિ પહોંચાડનારી ને દુર્ગતિમાં લઇ જનારી છે. જમણવાર ન થઇ શકે તો પેકેટની પ્રભાવના કરે પરંતુ આ પદ્ધતિથી દૂર રહો. સુજ્ઞજનો ! આવી પાપ પ્રવૃત્તિથી દૂર રહી આર્ય સંસ્કૃતિને અપનાવતા બની રહો !

પૂર્વગ્રહની વ્યાખ્યા પૂર્વગ્રહ–પીડિત ન હોવી જોઈએ

પૂર્વગ્રહ એક ભયાનક ગ્રહ છે. એ વાતમાં કોઈ વિવાદ ઉભો થતો નથી. ફક્ત પૂર્વગ્રહની ભયાનકતાનો વિચાર પણ પૂર્વગ્રહપ્રેરિત બને છે ત્યારે તે ભયાનકાતિ-ભયાનક ! (આ શબ્દપ્રયોગ જરા વિચિત્ર તો લાગશે પણ એનાથી અર્થદર્શન સ્પષ્ટ બનશે.) બને છે.

આ વિષયમાં એક વાત યાદ આવી જાય છે :

સિદ્ધરાજ જયસિંહના મૃત્યુબાદ ગુજરાતની ગાદી ઉપર કુમારપાળ મહારાજા આવ્યા. તેઓ પરમાર્હત તરીકે પ્રસિદ્ધ હતા.

એકવાર તેમની રાજસભામાં વિચિત્ર વાત નીકળી. સિદ્ધરાજ જયસિંહ અને મહારાજા કુમારપાલ વચ્ચે તુલના કરવાની હતી: "બન્નેમાંથી કોણ વધુ ગુણવાન ?" જવાબ આપવો મહા મુશ્કેલ હતો. બન્ને પ્રત્યે આદરભાવ ધરાવનાર માટે આમાં કાંઈ બોલી શકાય તેમ ન હતું.

એક શાણા મંત્રીએ છેવટે કહ્યું: "સિદ્ધરાજ જયસિંહમાં અઠ્ઠાણું ગુણો હતા અને બે દોષ હતા. મહારાજા કુમારપાળમાં અઠ્ઠાણું દોષો છે અને બે ગુણ છે."

રાજસભામાં સોપો પડી ગયો. ગાદીનશીન રાજાનો આ દેખીતી રીતે તેજોવધ હતો.

પેલા મંત્રીએ આગળ ચલાવ્યું : "સિદ્ધરાજ જયસિંહમાં ઘણા ગુણો હતા પણ તેઓ શત્રુને પીઠ બતાવતા હતાં અને પરસ્ત્રીને છાતી આપતા હતા. આ ભયંકર બે દોષોના કારણે તેમના ઘણા બધા ગુણો પણ ગણતરીમાં લેવાતા ન હતા. જ્યારે મહારાજા કુમારપાળમાં ઘણા બધા દોષો છે પણ તેઓ કદી શત્રુને પીઠ બતાવતા નથી અને પરસ્ત્રીને છાતી આપતા નથી. આ બે ઉત્તમ ગુણના કારણે તેમના બીજા ક્ષુદ્રદોષ ઢંકાઈ જાય છે."

ને તમારી પૂર્વગ્રહ સંબંધી વ્યાખ્યા પૂર્વગ્રહથી પીડિત નહિ હોય તો આટલા ઉપરથી તમે પૂર્વગ્રહને બરાબર સમજી શકશો.

કોઈ પણ માણસના દોષ અને ગુણ બન્ને વચ્ચે ગંભીરપણે તુલનાત્મક અભ્યાસ કરવો પડે છે. છદ્મસ્થ મનુષ્યમાં દોષ અને ગુણ બન્ને (અવશ્યમેવ એટલા ગુણો જ હોતા નથી. છતાં કયા દોષો ક્ષમ્ય ગણાય અને કયા દોષો અક્ષમ્ય ગણાય તેનો વિચાર કરવો આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. કારણ કે કેટલાક અક્ષમ્ય દોષો હાજર હોય પછી ગમે તેટલા બીજા ગુણો દેખાતા હોય છતાં આ અક્ષમ્ય દોષોની હાજરી ના કારણે ગમે તેટલા બીજા ગુણોની કોઈ કિંમત રહેતી નથી. ઉપરથી કયારેક

અક્ષમ્યદોષોની સાથે રહેલાં બીજા ગુણો દોષો કરતા પણ ખતરનાક નુકશાન કરનારા બની જાય.

આનો વિચાર કર્યા વિના પૂર્વગ્રહપ્રેરિત પૂર્વગ્રહની વ્યાખ્યા કરવા માંડે કે "જરૂર આપણે દોષો, ખામીઓ પ્રત્યે કડવી નજર રાખવી પણ બીજા ગુણો, ખૂબીઓ, વિશેષતાઓ, કુશળતાઓ એ વ્યકિતમાં છુપાયા છે તેનો લાભ તો ઊઠાવવો જ જોઇએ. ક્ષમ્ય દોષો અને અક્ષમ્ય દોષોનું ગણિત માંડવા બેસીએ તો તેઓની ખૂબી, વિશેષતા, કુશળતાનો લાભ ઉઠાવી નહિ શકીએ. આપણો પૂર્વગ્રહ આપણને આ રીતે નુકશાનીમાં ઉતારશે."

આવી પૂર્વગ્રહ પીડિત પૂર્વગ્રહની વ્યાખ્યા બાંધવામાં માનવમનની નબળાઇ બહુ મોટો ભાગ ભજવે છે.

મનુષ્યને સૌથી પહેલા તો એ ભ્રમ પેદા થાય છે કે મારામાં ખૂબીઓ, વિશેષતાઓ, કુશળતાનો ભંડાર ભર્યો છે. મનુષ્ય પોતાની જાતને કોઇ રીતે હીન માનવા તૈયાર થતો નથી.

બીજા નંબરમાં મનુષ્યને એમ લાગવા માંડે છે કે સામો માણસ મારી ખૂબી, વિશેષતા અને કુશળતાને ગણતરીમાં લેતો નથી.

અને ત્રીજા નંબરમાં કોઇ હિતસ્વીઓ એને ખામીનું દર્શન કરાવે છે ત્યારે તે છેડાય પડે છે કે આ લોકોને મારી કુશળતાની કોઇ કદર જ નથી. તેઓને મારા વિષે પૂર્વગ્રહ બંધાય ગયો છે. માટે આનું મારે કંઈ સાંભળવું નથી. ઉપરથી એ જે કહે તેનાથી વિરુદ્ધ જ મારે કરવું.

ખરા અર્થમાં આ જ પૂર્વગ્રહ છે.

આના કારણે દરેક વખતે તેને પોતાના હિત માટે કડવી વાત કહેનારા, અક્ષમ્ય દોષને દૂર કરવા માટે દબાણ કરનારા મહાપુરૂષો ગમતા નથી. ઉપરથી. "એ ખૂબ દુઃખની વાત છે કે પોતાને બહુ ઉંચા ધર્મી, સાધુ કે સજ્જન માનતા કહેવડાવતા લોકોમાં પૂર્વગ્રહ રહિત વ્યકિતત્વ જોવા મળતું નથી. એ જે ટોચ ઉપર પોતાની જાતને બેઠેલી જાહેર કરતા હોય છે. તે તેમના કાતિલ પૂર્વગ્રહોને કારણે અત્યંત હીનતા ભર્યું અને હાસ્યાસ્પદ પ્રદર્શન સિવાય કશું જણાતું નથી." આવા વિધાનો દ્વારા નિર્દભ રીતે મહાપુરૂષો પ્રત્યેના પોતાના પૂર્વગ્રહને પ્રગટ કરે છે.

આવી દૃષ્ટિવાળા માણસો પેલા શાણા-મંત્રીને પણ સિદ્ધરાજ જયસિંહ પ્રત્યેના દ્વેષસ્વરૂપ પૂર્વગ્રહથી પીડાતા અને મહારાજા કુમારપાળ પ્રત્યેના આંધળા અનુરાગ સ્વરૂપ પૂર્વગ્રહથી પીડાતા માનવા લાગી જાય તોય નવાઇ નથી, વસ્તુસ્થિતિનું તલસ્પર્શી નિરીક્ષણ થતુ નથી ત્યારે માણસ અજ્ઞાનમાં અટવાયા કરે છે.

આમાંથી બીજુ ઉભું થતું અનિષ્ટ એ છે કે ક્ષમ્ય અને અક્ષમ્ય દોષોના વિભાગ વિના તે માણસ ગુણાનુરાગી–ગુણાનુવાદી (ખરા અર્થમાં એને અજ્ઞાનાનુરાગી અને અજ્ઞાનાનુવાદી કહેવાય) તરીકે પોતાની જાતને માનવા–ઓળખાવવા લાગી જાય છે.

પછી તેને માન્યતા બંધાય કે "જો કોઇના દોષો દૂર જ કરવા હશે તો ગુણો જોવા જ પડશે. જાહેરમાં ગાવા પડશે. પછી તમે તેના દોષો દૂર કરી શકશો. બાકી પૂર્વ-ગ્રહથી પ્રેરાઇને તેને ધિક્કાર્યા જ કરશો તો તે પશુ હશે તો શેતાન બનશે, રાક્ષશ બનશે. તમે આમાં શું કમાશો ?"

આવી માન્યતા બાંધવી હોય તો ચોકકસ બાંધી શકાય પણ તે માર્ગે ન કહેવાય.

માર્ગ તો એ છે કે દોષીના દોષને દૂર કરવા હોય તો જાહેરમાં ગુણાનુવાદના રવાડે ચઢયા વિના પોતાની બધી શકિત, આવડત વાપરીને તેને દોષોની ભયાનકતા સમજાવાય. તે માણસ જો સાંભળવા તૈયાર જ ન હોય, ઉપરથી સામે બચકાં ભરવા આવે કે તમે મને કહેનાર કોણ ? મારામાં તમને બીજુ સારું કશું જ ન દેખાયું. આવું જ જોયા કરો છો ? તો ભગવાને બતાવેલી ઉપેક્ષા ભાવવાનું ભાવન કરતા કરતા આરામથી ચાલ્યો તેને તડકે મૂકી દેવો.

જો એ વ્યકિતના પેલા દોષોને કારણે તેના બીજા ગુણો અનેક માણસનું અહિત કરનારા દેખાતા હોય તો લોકોના હિતનું રક્ષણ કરવા માટે અક્ષમ્ય દોષ સહિતના ગુણોની ભયાનકતા પણ સમજાવાય. એમાં પૂર્વગ્રહ નામનો કોઇ ગ્રહ આભડી જતો નથી.

: વનરાજી :

દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્,
દુરુચ્છેદ : સતામપિ ॥

ભાવાર્થ : પોતે માની લીધેલા ધર્મ પ્રત્યેનો આંધળો રાગ બહુ ખરાબ ચીજ છે. કારણ કે એની અસત્યતા નકકી થયા પછી પણ સારા ગણાતા માણસ માટેય તેનો કદા-ગ્રહ છોડી દેવો મુશ્કેલ બને છે.

–કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય

જીવનમાં કશું ય સ્થિર કે સ્થાયી નથી.

જીંદગી એટલે ચડતી ને પડતી.
,, ,, ભરતી ને ઓટ.
,, ,, સુખ ને દુઃખ
,, ,, જન્મ ને મરણ
,, ,, મિલન ને વિદાય.
,, ,, સુદ ને વદ.
,, ,, અંધકાર ને પ્રકાશ.

આ દરેક સ્થિતિ નશ્વર છે જાણી શુભાત્માઓએ શાશ્વતી સ્થિતિ જે અજરા-મર તેની જ સાધના સતત સાધવા પ્રયત્ન કરવો જોઇએ.

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી

"જેની દાઢ ડળકી તેનો પ્રભુ રૂઠ્યો."

—સુલુ જૈન

અમરપુર નામે રૂડી નગરી હતી. તેનો રાજા ખુબ સુંદર, ન્યાય પ્રિય અને ચતુર હતો. તેને એકજ શોખ હતો. તે કેરી ખાવાનો. કેરીની મોસમમાં તેને બીજું કાંઇ સુઝતું જ નહિ, તેથી આખો તે આખો દિવસ પેટ ભરીને કેરી જ ખાતો. એક દિવસ શરીરમાં વાયુનો પ્રકોપ થયો અને તેનું જોર વધવાથી વિસૂચિકા (પેટમાં દુઃખાવો, ઝાડા વિ.) થઇ આવી. રાજાને તો એટલી પીડા ઉપડી કે રહેવાય નહિ. ભયંકર તકલીફ થવા લાગી. ચારે બાજુ દોડધામ થઇ ગઇ. રાજવૈદ્યોએ ઉપચારો શરૂ કર્યા. જહેમત બાદ છેવટે વિસૂચિકા મટી. રાજાએ રાહતનો દમ લીધો. પણ બીચારાં રાજાને પોતાની મનગમતી કેરીનો હંમેશ માટે ત્યાગ કરવો તેવું ફરમાન વૈદ્યોએ રાજાને કર્યું. કેરી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો. જો ફરી કેરી ખાવામાં આવશે તો આ રોગ ફરી ઉથલો મારશે અને ત્યારે મરણ નીશ્ચીત થશે. તેવી ચેતવણી વૈદ્યોએ આપી! તેનો સ્વાદ તો શું તેને નજરે નીહાળવાનું પણ પણ તમારે ટાળી દેવું રાજાને આ વાત પસંદ ન હોવા છતાં શરીરની મમતાથી અને મરણના ભયને કારણે રાજાએ આખા રાજયમાંથી સર્વ શ્રેષ્ઠ ફળ આપનારા આંબાઓનો નાશ કરાવી નાખ્યો. અને પાછો સુખચેનથી દિવસો વિતાવવા લાગ્યો કેરી કાયમ માટે ભુલી ગયો. ઘણો સમય પસાર થતાં એક દિ;

રાજા પોતાના સાથીદારો સાથે શિકાર કરવા નીકળ્યો. ખૂબ દુર નીકળ્યા પછી એક અટવીમાં સર્વ આવી પહોંચ્યાં. અચાનક રાજાની નજર એક વિશાળ આંબાના ઝાડ ઉપર પડી. જેને સુંદર મઝાના પાંકા રસ ભરેલાં ફળો લાગેલાં હતા અનેક વર્ષો બાદ રાજાને પોતાની પ્રિય ચીજ જોતાં તેની તો આંખ ઠરી ગઇ. તેના આનંદનો પાર ન રહ્યો. સર્વ વાત ભૂલતાં તેને કેરી ખાવાની ભૂખ ઉઘડી. તેને કેરી ખાવાનો નિર્ણય જાહેર કર્યો. સાથીદારોએ ખૂબ સમજાવ્યો પરંતુ આતો "રાજા વાજા ને વાંદરા" માને એ બીજા. સુંદર ફળો ઉતરાવી તે ખાવામાં મશગુલ બની ગયા. ફરી કદી ન મળવાની હોય તે રીતે પોતાની પ્રિય ચીજ પેટમાં દબાવી દબાવીને ખાધી ને આરામ ફરમાવા લાગ્યો. ને શું? જે થવાનું હતું તે થઇ ને રહ્યુ. વિસૂચકાનો રોગ ફરીથી ઉપડ્યો અહીં તો કોઇ ઉપચાર મળવાની શકયતા જ ન હતી. રાજવૈદ્યો પણ નગરમા હતાં, આમ સમયસર કોઇ જ ઉપચાર ન મળતાં સૌની નિસહાય નજરોની સામે કેરીનાં ઝાડ નીચે જ તે મરણ ને શરણ થયો.

(રાગ પણ ધર્મ જીવનનો નાશ કરે છે.)

સુભાષિતોની સહેલગાહ

—શબ્દ યાત્રી

યંત્ર સંસ્કૃતિએ માનસને જડ કરી નાંખ્યું છે. કલ્પના અને વિચારમાં પોકળતા ઉમેરવાનું કામ યંત્ર સંસ્કૃતિના હાથે થઈ રહ્યું છે. યંત્ર સંસ્કૃતિની ક્ષણિક આનંદ આપનારી સામગ્રીમાંનું એક અંગ ટેલિવિઝન છે. એના પ્રવાહમાં જીવન કેવું ઘસરેડિયું બની ગયું છે તે સમજવાની જરૂર છે. પ્રસ્તુત ઉદ્ધરણ આ વાત સમજાવવાનો પ્રયત્ન કરે છે. સં.)

ટેલિવિઝન : યંત્ર સંસ્કૃતિની પોકાળતાનું પ્રતીક

એનો ભૂખરો ચહેરો ઝપ કરતોકને ભુંસાઈ ગયે.

બાળકે છાંડેલી અસ્તવ્યસ્ત થાળી સાફ કરીએ તેમ,

તબીબો ગાંઠને નિહાળે એટલી અનાસક્તિથી આપણે એને નિહાળીએ છીએ. પાસે બેસીને કંટાળીએ છીએ.

આપણા મનમાં ઠસાવીએ છીએ કે સાબુ આવા જેટલો સુંદર છે!

પરંતુ આપણે એવા તો કંટાળ્યા છીએ.

ભૂખરા ચહેરાવાળો માણસ સમાચાર આપે છે,

ભૂખરા ચહેરાવાળો માણસ એક સ્ત્રીને કહે છે.

વાહિયાત વાતો અને વાહિયાત લોકો,

જે કાલે મરશે ટ્રાફિકના અકસ્માતોમાં કે કદાચ આજે મરી ચૂકયા હશે, તે વેચે છે

પોલિશ કે ટુથપેસ્ટ. એમાંના કેટલા ખરેખરા તારકો છે, જે બળી ગયા છે જે બળી ગયા પછી પણ લાંબો વખત પ્રકાશી શકે? એમ તો બધાય જાણે છે કે ટેલિવિઝન ભયંકર છે,

એ જોવા છતાં આપણે મરી રહ્યા છીએ,

આપણી આંખો આગળ આપણને મરતાં જોવા એ કાંઈ સુખદ નથી. તોયે એ એટલો તો લોકપ્રિય છે કે એને બંધ કરતાં આપણો જીવ ચાલતો નથી!

—ગ્રેગ કુઝમા

એલિયટના 'વેસ્ટ લેન્ડ'થી માંડીને ગ્રેગ કુઝમાના આ કાવ્ય સુધીમાં વર્તમાન યંત્ર સંસ્કૃતિની પોકળતા પ્રત્યેનો વિરોધ તારસ્વરે પ્રગટ થયો છે. આજનો કવિ અવનવાં કલ્પનો અને પ્રતીકોની મદદથી મુખ્યત્વે અછાંદસ પદ્યપ્રવાહ દ્વારા વર્તમાન જીવનની વિષમતાને અને અર્થશૂન્યતાને વ્યકત કરે છે. આપણી આજની સંસ્કૃતિ એક વિરાટ યંત્ર જેવી છે. બિચારો મનુષ્ય તો એ વિરાટ યંત્રમાંના એક નાનકડા અને નિર્જીવ સ્ક્રુ જેવો બની ગયો છે. વિરાટ યંત્ર એક-

ધારું ચાલ્યાં કરે, તેમ એ યંત્રમાંનો દરેક રહ્યું પણ એકવિધ અસ્તિત્વ ધરાવે છે મુંબઇ જેવાં મહાનગરોમાં માણસ નથી જીવતો પણ ટોળાંઓ જીવે છે. ટોળાંમાં જીવતી વ્યકિત ધીમે ધીમે પોતાનું વ્યકિતત્વ ગુમાવી બેસે છે. વ્યકિતમાંથી જો વ્યકિતત્વ ચાલ્યું જાય, તો બાકી શું રહે ? આજના નગર-જીવનમાં નથી વ્યકિતત્વની મૌલિકતાને અવકાશ કે નથી વ્યકિતગત અભિરુચિનો વિકાસ. શહેરના બીજા લાખ્ખો લોકો જીવતા હોય એવું જ જીવન આપણે પણ જીવવું પડે છે. આપણે કેવું જીવન જીવવું એ આપણે નકકી નથી કરતા, પણ સામૂહિક પ્રચાર માધ્યમો (માસમીડિયા) નકકી કરે છે. ટી. વી., વીડિયો, રેડિયો, સિનેમા, છાપાં અને સામાયિકોમાં આવતી રંગબેરંગી જાહેર ખબરો આ બધાં, પ્રચાર માધ્યમો નકકી કરે છે કે સવારે ઉઠીને આપણે કઇ ટુથપેસ્ટ વાપરવી, કઇ કંપનીની ચા પીવી ને માથું દુઃખે તો કઇ ગોળી ખાવી ! પણ આ તો ઉપરછલ્લી અસર છે. પ્રચાર માધ્યમોની વધારે ખતરનાક અને ઉંડી અસર તો આપણી વિચારણા પર અને આપણા વ્યકિતત્વ પર પડે છે. આપણે સ્વતંત્ર રીતે વિચાર કરવાની શકિત ગુમાવી દઇ પ્રચારમાધ્યમો જે કાંઇ કહે તેને બ્રહ્મવાકય માની લઇએ છીએ, આને પરિણામે ધીમે ધીમે આપણા વ્યકિતત્વનો લોપ થાય છે, અને સંવેદનશીલ વ્યકિતત્વ ઉમાશંકરની જેમ ચિત્કાર કરી ઉઠે છે. 'છિન્નભિન્ન છું. માની લીધેલી વ્યકિતત્વની એકતા શતખંડ થતી મેં નજરોનજર નિહાળી છે.'

આ કાવ્યમાં ટેલિવિઝનના પ્રતીક દ્વારા વર્તમાન વૈજ્ઞાનિક સંસ્કૃતિએ આપણને કેટલાં બધાં પરાધીન કરી દીધાં છે એની વ્યથા ભાવે વકતાથી વ્યકત થઈ છે. આજની એકધારી અને અર્થશૂન્ય જિંદગીનો કંટાળો દૂર કરવા ખાતર આપણે રેડિયો, ટી. વી. વીડિયો ને સિનેમા જેવાં મનોરંજનનાં સાધનો તરફ વળીએ છીએ, પણ એ સાધનો તો ઉલટાનાં આપણા જીવનને વધારે બીબાંઢાળ ને એકવિધ બનાવે છે. થોડા વખત પહેલાં રવિવારની સવારે જ્યાં જુઓ ત્યાં લોકો ટી. વી. પર 'મહાભારત' જ જોતા હતા. તમે એમને કહો કે મારે 'મહાભારત' નથી જોવું, પણ રેડિયો પર શાસ્ત્રીય સંગીત સાંભળવું છે, તો લોકો તમને ચકમ ગણી કાઢે ! આજે હવે ચાર ચોપડી ભણેલાં અમારાં પડોશી મણિબેનને પણ દર રાતે કેબલ ટી. વી. પર 'સાન્તા બાર્બરા' જોયાં વિના જમવાનું ગળે નથી ઉતરતુ ! મણિબેન મને કોઇ પાગલને પૂછતા હોય તેમ પૂછે છે. 'તમે શાંતાબેનને નથી જોતાં ! હું 'ના' પાડું છું ત્યારે કોઇ પ્રાચીન કાળના વિચિત્ર, પ્રાણીને નિહાળ્યું હોય એવો આશ્ચર્યચકિત એમનો ચહેરો થઇ જાય છે. નગરસંસ્કૃતિમાં તો બધા જીવે તેમ ન જીવો તો ગાંડામાં ખપો !

આ કડવા સાપને અહીં કવિએ ધારદાર કટાક્ષ દ્વારા આ લખ્યું છે. ટેલિવિઝન અહીં સમગ્ર યંત્ર સંસ્કૃતિનું પ્રતીક બની ગયું છે. કાવ્યનો આરંભ જાણે અધવચ્ચેથી

થતો હોય એમ કવિ કહે છે. એનો ભૂખરો ચહેરો ઝપ કરતાંકને ભૂંસાઇ ગયો: ટી. વી. ના ભૂખરા (ગ્રે) પડદા પરથી ભૂંસાઇ ગયેલો એ ચહેરો કોનો હતો ? કદાચ એ ચહેરો સરકારી જુઠ્ઠાણાંના સમાચાર વાંચનારનો હશે, અથવા તો મલબારહિલના આલિશાન બંગલામાં બેસીને કોમી રમખાણમાં થરથરતા લોકોને ભાઇચારો જાળવવાની ડાહી ડાહી સલાહ આપનારા કોઇ પ્રધાનશ્રીનો હશે કે પછી માથાના દુઃખાવાથી કટાણું મોઢું કરનારી કોઇ સન્નારી દવાની ગોળી હજી તો ગળે ઉતારે ત્યાં તો દુઃખાવો મટી જાય ને સન્નારી મધુર સ્મિત કરવા માંડે એનો હશે. ચહેરો કોનો છે એ મહત્વનું નથી મહત્વની વાત તો એ છે કે ટી. વી. ના પડદા પરના આ બધા ભૂખરા ચહેરા એક જ કામ કરે છે આપણા મન પર કોઇને કોઇ વાત ઠસાવવાનું એ વાત સત્ય હોય, અર્ધસત્ય હોય કે અસત્ય એની સાથે એ ચહેરાને નિસ્બત નથી. ટીવીના એ ચહેરાનું ધ્યેય એક જ છે. લાખ્ખો લોકોનાં મગજને લીલાંઢાળ બનાવવાનું.

પહેલી પંક્તિમાંના 'ઝપ કરતાંકને' એ શબ્દો પણ ઝડપથી બંધ થવાની ટી.વી.ની ક્રિયાને ચિત્રાત્મક રીતે આલેખે છે. પશ્ચિમના દેશોમાં ભૂખરો (ગ્રે) રંગ હતાશા અને વિષાદનો રંગ ગણાય છે. એટલે કદાચ કવિએ ભૂખરા ચહેરા દ્વારા વર્તમાન સંસ્કૃતિનાં અવસાદ અને એકવિધતાને વ્યક્ત કર્યા છે. ચહેરો ટી.વી.ના પડદા પરથી દેખાતો બંધ થયો એમ કવિ નથી કહેતા એ તો કહે છે 'ચહેરો ભૂંસાઇ ગયો.' સ્લેટ પરનું કોઇ ચિત્ર અચાનક ભૂંસાઇ જાય તેમ ઝપ કરતોકને ચહેરો ભૂંસાઇ ગયો. નગરસંસ્કૃતિના પ્રતીક સમો આ ટી.વી.નો ચહેરો ધીમે ધીમે આપણી સ્વતંત્ર વિચાર શક્તિને પણ ભૂંસી નાખે છે ને ?

બીજી પંક્તિમાં પણ કવિ એક નવીન ઉપમા આપે છે: બાળકે છાંડેલી અસ્તવ્યસ્ત થાળીને આપણે ટેબલ પરથી ઉઠાવી લઇએ તેમ ટી.વી.ના પડદા પરથી પેલો ચહેરો અદ્રશ્ય થઇ ગયો. આજે આપણું જીવન પણ બાળકે છાંડેલી અસ્તવ્યસ્ત થાળી જેવું થઇ ગયું છે. જીવનમાં બધું વેરણછેરણ પડ્યું છે. નથી કોઇ સ્પષ્ટ દિશા કે નથી કોઇ ઉદ્યત્ત ધ્યેય. બાળકે છાંડેલા ખોરાક જેવું અજીઠું જીવન–એ જીવનની થાળીને કોઇ આવીને કયારે અચાનક ઉપાડી જશે એની કોને ખબર છે ? નાદાન અને મોઢે ચડાયેલું બાળક જેમ ભોજનની થાળીને વેરવિખેર કરી નાખે તેમ; યંત્ર સંસ્કૃતિએ પણ આપણા જીવનને બેહાલ કરી દીધું છે. એવી અજીઠી થાળી પણ કયારે ચાલી જાય તે કોણ જાણે છે ?

રોજિંદી આદતથી પ્રેરાઇને આપણે ટી. વી. જોઇએ છીએ–તબીબો કેન્સરની ગાંઠને નિહાળે એવી અનાશક્તિથી ! કદી કેન્સરની અસહ્ય પીડાથી રીબાઇ રહ્યો હોય અને એનાં કુટુંબીજનો સ્વજનના મૃત્યુના વિચારે ગમગીન હોય ત્યારે પણ તબીબો તો લાગણી વિહીન અનાશક્તિથી કદીની ગાંઠને નિહાળે છે, કારણ કે, દરરોજ કંઇ

કેટલાયે દર્દીઓની ગાંઠ જોઇ જોઇને તબીબોનું હૃદય રીઢું બની જાય છે એમને મન દર્દી જીવતો જાગતો માણસ નહિ, પણ કેન્સરના વોર્ડનો કેસ નંબર બની જાય છે. તબીબો અંદર અંદર વાતો કરતા હોય છે. "આજે એક બહુ ઇન્ટરેસ્ટીંગ કેસ જોયો." દર્દી બિચારો પીડાઇ રહ્યો છે ને એની પીડા તબીબોને 'ઇન્ટરેસ્ટીંગ' લાગે છે! આદત માણસને કેટલો રીઢો બનાવી દે છે! એ માણસ તબીબ હોય કે ટી.વી. જોનારો હોય! જે રોજનું થયું તે કોઠે પડી જાય છે. ટી. વી. પરના સમાચારમાં સેંકડો લોકોના મૃત્યુનાં દ્રશ્યો જોઇને આપણું રુંવાડું પણ ફરકતું નથી આ તો હવે રોજનું થયું ને? યાંત્રિક સંસ્કૃતિએ આપણને કેટલા બધા લાગણીવિહીન બનાવી દીધા છે રોજિંદા જીવનની ઘટમાળમાં ઘસાઇ ઘસાઇને આપણું સંવેદનતંત્ર જ જાણે બહેરું બની ગયું છે!

આપણે વિજ્ઞાપનનાં સાધનોના હાથમાં રમતાં પ્યાદાં બની ગયાં છીએ. ટી. વી.ની જાહેરખબરોમાં નહાવાનો જે સાબુ વાપરવાની ભલામણ હોય, એજ સાબુને બાથરૂમના આયનામાં ધરી રાખીને આપણે મનને ફોસલાવીએ છીએ કે વાહ, આ સાબુ તો ખાવાનું મન થાય એટલો સુંદર છે! દરરોજ ટી. વી.ના એના એજ કાર્યક્રમો... સાબુની એની એજ જાહેરખબર... એજ સાબુથી સ્નાન ... એ સાબુનાં સ્વાગત વખાણ બધું એનું એ... એકવિધ... લીલાંઢાળ... ચીલાચાલુ... નીરસ!

ટી.વી. પર પેલો ભૂખરો માણસ રોજ એક સૂરીલા અવાજે સમાચાર આપે છે. એ ભૂખરો માણસ પોતાની પ્રેમિકાને પ્રેમની વાહિયાત વાતો કરે છે. ફિલ્મી કે ટી.વી. ની સીરિયલો સિનેમાના આંધળા અનુકરણ જેવી બની ગઇ છે. સ્ટુડિયોમાં ઉભા કરેલા બગીચાના 'સેટ'માં પ્લાસ્ટીકનાં ફૂલો વચ્ચે ભૂખરો માણસ પોતાની પ્રિયતમા સાથે વૃક્ષની આસપાસ ફેરફૂદડી ફરતાં પ્રેમનું ગીત આલાપે છે. કેવું વાહિયાત લાગે છે આ દ્રશ્ય! માનવમાત્ર સતત મૃત્યુના ઓળા નીચે જીવી રહ્યો છે અને હોય તે સાબુ વેચવાની ને પ્રેમનાં ગીતે ગાવાની વાહિયાત ચેષ્ટા કરે છે. સાચા તારકો તો બળી ગયા પછી પણ પ્રકાશે છે, પણ આ ટી.વી.ના તારકો (સ્ટાર્સ) તો મૃત્યુ પામ્યા પછી પણ ટી.વી. પરથી જાહેરખબર આપે છે કે સુંદર દેખાવા માટે આ સાબુ વાપરો!

આ કાવ્યનો છેવટનો કટાક્ષ ખૂબ માર્મિક છે. ટેલિવિઝન હોવા છતાં આપણે મરી રહ્યાં છીએ. આપણી આંખો આગળ આપણને મરતાં જોયાં એ કેટલું દુઃખદ છે! આ કંઇ છેલ્લે એકવાર મરવાની વાત નથી; આ તો રોજ આપણે કટકેકટકે મરી રહ્યા છીએ એની વાત છે. ટી.વી. જેવાં પ્રચારમાધ્યમો આપણી સંવેદનશીલતાને બુઠ્ઠી બનાવી રહ્યા છે. ટી.વી.ના પડદા પર રોજ એકનું એક જોવાનું, એકનું એક રોવાનું, એકનું, એક ખોવાનું આ છે જિંદગી!

(મુંબઈ સમાચાર સાપ્તાહિક પૂર્તિ,)

પ્યારા ભૂલકાંઓ,

જૈન શાસનના બાલવાટિકા વિભાગ માટે તમે સૌએ મોકલાવેલ નાની નાની વાર્તાઓ તથા ટુંકા લખાણો મળ્યાં. તે હવે અવસરે પ્રગટ કરીશું. બોધદાયક ટુંકા અને નાના લખાણો તમારા નામ અને સરનામા સાથે મોકલવા વિનંતી! મોટાં લખાણોથી બધાને સંતોષ આપી શકાતો નથી. લખાણો મોકલો તો નીચેની કલમોને ધ્યાનમાં રાખી લખવા વિનંતી.

(૧) પોસ્ટકાર્ડ પર લખેલાં લખાણો ઉપયોગમાં લેવાશે નહિ. (૨) લેખના સ્વીકાર કે અસ્વીકારના પત્ર વ્યવહારમાં ઉતરવું નહિ. (૩) સ્વચ્છ લખાણ કરવું. (૪) લખાણો હંમેશાં ફુલસ્કેપ કાગળમાંજ લખીને મોકલવા. (૫) સુંદર અક્ષરે લખાણ લખવું. (૬) રસપ્રદ–આનંદપ્રદ અને બોધપદ લખાણો લખવા. (૭) ધર્મ, નીતિ, ન્યાય, પ્રમાણિકતા અને સુંદર સંસ્કાર મળે તેવા લખાણો લખવા. (૮) લખાણો બાલવાટિકાના સરનામે મોકલવા. (૯) મારું કાયમી સરનામું નોંધી રાખ્યું હશે ન નોંધી રાખ્યું હોય તો નોંધી રાખવા ભલામણ.

રવિશિશુ

જૈનશાસન કાર્યાલય, ઠે. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર–૫.

સમજવા જેવું...

જ્યારે અમે સ્કુલમાં મશ્કરી, ચેનચાળા તોફાન અને મસ્તી કરીએ છીએ ત્યારે શિક્ષક અમને "Get out flom School" કહે છે ને અમારે તરંત જ સ્કુલ છોડીને ચાલ્યા જવું પડે છે.

એમ જ્યારે અમે સંસારના કાદવ–કીચડમાં મઝેથી પાપ આચરતા હોઇએ ત્યારે કર્મ અમને પણ 'get out from sugati' કહે છે આપણે સદ્ગતિમાંથી દુર્ગતિમાં જવું પડે છે. –પિન્કુ ઉર્મીલ–દેદીયા
(ખરેખરકોનું માનવાનું અમારે!)

કોણ શું કહે છે?

અરીસો– જેવા હોય તેવા દેખાવો. દંભ કરશો નહી.
સાબુમી– પોતું પકડશો તો પકડાઇ જશો.
સોય– જુદા થયેલાને ભેગા કરો.
કાતર– સહેલું જલ્દી કાપી નાખો
વાદળ– મારી જેમ વરસી જતા શીખો
સરોવર· દાન આપવાથી ધન ઘટતું નથી
તક– મને ગુમાવી દેનારને હું પાછી મળતી નથી
વિદ્યા– મારી ઉપાસના કરશો તો કદી મૂર્ખ રહેશો નહી

ઘડીયાળ– સમય ચૂકશો તો કિંમત ઘટી જશે.

બાલ વાટિકા– મને અચૂક વાંચશોને !

બીંજલ એમ. શાહ મુંબઇ

હાસ્ય એ દરબાર

પિતા– પરેશ, તારી દરેક વાતમાં ચર્ચા કરવાની ટેવ બહું જ ખરાબ છે.

પરેશ– પરંતુ પિતાજી, તમે તો કહેતાં હતાં કે તારે મોટા થઇને વકીલ બનવાનું છે

સુધીર જામનગરી

પ્રશ્નોત્તરી

૧. ભ. મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક દિવસ કયો.

૨. ભ. મહાવીર સ્વામીના પચ્ચીસમાં ભવનું નામ શું ?

૩. ભ. મહાવીર સ્વામીને અડદના બાકુળા વહોરાવનાર મહાન સતી કોણ ?

૪. ચંડકૌશિને કોણે પ્રતિબોધ કર્યો ?

૫. કયા સ્થળે ભ. મહાવીર સ્વામીએ ચૌદ ચોમાસા કર્યા.

૬. ભ. મહાવીર સ્વામીના ગણધરો કેટલા ?

૭. ભ. મહાવીર સ્વામી કેટલામાં તીર્થંકર?

૮. તેમણે કયા ભવમાં સમકિત પ્રાપ્ત કર્યું ?

૯. ભ મહાવીર સ્વામીને કેટલી પદવી પ્રાપ્ત થઇ હતી ?

૧૦. તે પદવીના નામ કહો ?

૧૧. ભ. મહાવીર સ્વામીની માતાએ કેટલા સ્વપ્નો જોયા હતા ?

૧૨. ભ. મહાવીર સ્વામીનું દેહમાન કેટલું હતું ?

૧૩. ભ. મહાવીર સ્વામીના સાધુઓ કેટલાં ?

૧૪. ભ. મહાવીર સ્વામીએ ચતુર્વિધ સંઘની સ્થાપના કયારે કરી ?

એમ. પી. કોઠારી થાન

(જવાબો જૈન શાસન કાર્યાલય ઉપર મોકલો.)

જગ્યા પુરાઈ ગઇ

૧. રૈવતક ૨. સુદર્શન ૩. સ્થાવર્તગિરિ ૪. આજીવિકા ૫. વાસુપૂજ્ય

આલી જગ્યા પૂરો

૧.....શબ્દથી ૨૪ તીર્થંકરો ઓળખાય છે

૨. ખાદિમ સ્વાદિમાં આવતી..... આયંબિલમાં વપરાતી નથી ૪

૩. સામાયિકના બત્રીશ દોષમાંનો એક દોષ ..... છે [૪]

૪. .....વગર પ્રતિક્રમણ થતું નથી (૨)

૫. .....માં સમુરિછમ મનુષ્યો ઉત્પન્ન થાય છે (૩)

૬. સર્વાર્થ સિદ્ધ વિમાનમાં..... મોતીઓ હોય છે.

હર્ષાંત એન. શાહ

જિંદગી શું છે ?

જિંદગી એ એક દિવા સ્વપ્ન છે
જિંદગી એ એક કિલ્લો છે
જિંદગી એ એક જવાળા છે

જિંદગી એ એક સન્માર્ગે લઈ જતા સીડી છે
જિંદગી એ એક પરિક્ષા છે

માટે મળેલ જિંદગીની કિંમત સમજી સુંદર મજાની ધર્મ આરાધના કરી લો.

દીલીપ જે. શાહ વીસનગર

સંતા કુકડી

એક બલીકાથી નીચેના વાકયો આડા આવતા કપાઇ ગયા છે તો ચાલો આપણે તેને વ્યવસ્થીત કરી તેનું પાલન કરતા થઇ જઇએ

૧. નોમા નેરાનીજિચ્ચે નેજ્ઞાઅ
૨. મંધ સાથીઆ યેલોધાળં છે.
૩. થી આજ્ઞ જ મંધ છે.

વર્ષા બી. શાહ

શબ્દ લાલિત્ય ઉકેલ ૫

૧. શ્રી	૪. પાન
૨. ચૈત્યપરીપાટી	૮. કલ્પસૂત્ર
૩. જન્મ	૧૫. મર્મ
૪. પારણું	૧૬. પૂંજણું
૫. અઠ્ઠાઇ	૧૭. બારસા
૬. ઇચ્છા	૫. અટ્ઠમ
૭. ઇચ્છામિ	૧૨. આણુ
૮. કર્મ	૧૮. ઇન્દ્રભૂતિ
૯. મરૂભૂતિ	૨૦. પર્વ
૧૦. તિલક	૨૧. તિલ
૧૧. રથ	૨૨. ૬૨
૧૨. આબાદ	૨૪. ૬૨
૧૩. શ્રી	૨૩. ૐ
૧૪. ગણધરવાદ	૨૫. પાપ
	૨૬. પદ
	૨૭. મિચ્છામિ દુક્કડં

અભિષ

માત્ર સાચું ખોટું કહો

૧. મમ્મણ શેઠ મહાન દાનેશ્વરી હતા.
૨. સીમંધર સ્વામી અત્યારે બ્રિટનમાં વિચરી રહ્યા છે
૩. કરવું કરાવવું અને અનુમોદનાના ફળ સરખા કહ્યાં છે.
૪. રોજ સાત જણની હત્યા કરનાર અર્જુનમાળી મહામુનિ બન્યા
૫. શિખંડ સાથે પાપડ ખાઇ શકાય છે
૬. પૂણ્યાનુબંધિ પૂણ્ય દ્વારા ઉચ્ચગતિ પ્રાપ્ત થાય છે
૭ ગુરુ મ. સા. પણ હજામ પાસે વાળ કપાવે નહિ પગમાં બંપલ પહેરે નહી તેમજ સ્નાન કરતા નથી.

રાકેશ પી. શાહ ભાવનગર.

ફરક ઘણો...

જોય–જાય	લોભ–લાભ
રોગ–રાગ	કોણ–કાણ
તોલ–તાલ	જોઇ–જાઇ
દેવ–દષ	કોમ–કામ
ચોર–ચાર	ગોલ–ગાલ
ફોટો–ફાટો	તોલ–તાલ
કોક–કાક	જેમ–જમ

નરેન્દ્ર જે. શાહ કડી

શું ભરશો ?

ભરી શકાય તેવા ધનથી
ગણી શકાય તેવા ધનથી
માપી શકાય તેવા ધનથી
અને તોલી શકાય તેવા ધનથી

ધનવાનોના ઘર ભરેલા હોય છે. પરંતુ અધ્યાત્મિક ધનથી ભરેલા નથી હોતાં.

અભિષેક શેઠ ભાવનગર

* "સંતોષ સાચું ધન છે." *

એક ચમત્કારી યોગી ગામેગામ ફરતા હતા. એક ગામમાં તેઓને એક અતિ ધનવાન શેઠ ભેટી ગયા. અઢળક સંપત્તિના તેઓ માલિક હતા પરંતુ જરાપણ સંતોષ નહિં.

શેઠ ગયા ચમત્કારી યોગીરાજની પાસે તેઓની પ્રશંસા તથા ભક્તિ કરવા લાગ્યા. ભક્તિ કરતાં કરતાં શેઠે એક દિવસ પોતની મનોકામના રજુ કરી.

યોગીરાજ, 'મને એટલી સંપત્તિ આપો કે મારી સાત પેઢી સુધી ચાલે !'

આ વાણી સાંભળતાં જ યોગીરાજ શેઠના મુખડા સામે જોઇ રહ્યા.

હા...બેટા...હા. તું જે ઇચ્છે છે તે થઇ જશે પરંતુ તારે એક કામ કરવું પડશે.

ચમત્કારી યોગીરાજ એક નહી બે કામ ફરમાવો હું કરવા તૈયાર છું પરંતુ મારી ઇચ્છા પૂર્ણ થવી જોઇએ. કયુ કાર્ય મારે કરવું પડશે. શેઠ નમ્રતા પૂર્વક બોલ્યા,

ચમત્કારી યોગીરાજ ઠાવકાઇથી બોલ્યા, 'આવતી કાલે તમારા મહેલની બાજુમાં આવેલ એક નાનીશી ઝુંપડીમાં જવું પડશે, તે ઝુંપડીમાં એક સાસુ અને વહુ રહે છે, ત્યાં જઇને તેઓને એક દિવસ ચાલે એટલું સીધું–સામાન આપી આવજો, તે આપી આવશો એટલે બસ ! તમારે ત્યાં લીલા લહેર. તમારી પાસે અખૂટ સંપત્તિ થઇ જશે.

ચમત્કારી યોગીરાજનો પડતો બોલ ઝીલતા શેઠ બીજા દિવસની સૂર્યોદયની રાહ જોવા લાગ્યા. સૂર્યોદય થતાં જ સઘળું સીધું સામાન જાતે જ ઉચકીને શેઠ પહોંચી ગયા તે ઝુંપડીએ, બારણે આવી પહોંચેલા શેઠે ઝુંપડીમાં નજર કરી. તે સાસુમા ધ્યાન–સાધનામાં મસ્ત હતા અને વહુરાણી ઝુંપડી સફાઇ કરી રહી હતી.

થોડીક પળો શેઠે મૌન–પણામાં ગાળી ત્યાર બાદ શેઠ વિનય પૂર્વક બોલ્યા, ઓ બહેનજી ! હું આપના માટે ઘી, તેલ, ગોળ, લોટ આદિ સામાન લાવ્યો છું. મહેરબાની કરી આનો સ્વીકાર કરો.

અજાણ્યો અવાજ સાંભળતાં જ વહુરાણી ચમકી ઉઠયાં. સફાઇ કામ પડતું મુકી વહુરાણી ઘરના આંગણે આવી ઉભા રહ્યા, સત્કાર, સન્માન કરતી વહુરાણી નમ્રતા પૂર્વક બોલી, શેઠજી આજે ચાલે એટલું સીધું–સામાન તો અમારી પાસે છે. માટે અમારે આની જરૂર નથી.

શેઠ– કાલને માટે રાખી લો.

વહુરાણીએ બહુ જ મીઠાશથી જવાબ વાળ્યો. શેઠજી આવતી કાલ ચાલે તે માટે અમે સંગ્રહ નથી કરતા દરરોજ જોઇએ એટલું અમને દરરોજ મળી આવે છે.

વહુરાણીની વાત સાંભળતાં જ શેઠ ઠંડા પડી ગયા, વહુની વાણી વાગોળતા શેઠ વિચાર કરવા લાગ્યા, આ લોકોને કાલની ચિંતા નથી ત્યારે હું તો સાત સાત પેઢીની ચિંતા કરી રહ્યો છું. આટ–આટલું ધન મારી પાસે હોવા છતાં પણ મને સંતોષ નથી.

—વિરાગ

* અરેખર ! સંતોષ એ જ સાચું ધન છે. *

સંસ્કૃતિના સોણલા

—પૂ.મુનિરાજ શ્રી ભુવનચંદ્રવિજયજી મ.–નવાખલ

(ક્રમાંક – ૩)

વનસ્પતિમાં જીવ છે. એટલું જ નહિ, પણ તેના ઉત્કૃષ્ટ–મધ્યમ–કનિષ્ઠ આયુષ્ય ધોરણ. પાણીમાં જીવો છે. પણ પાણી પોતેજ જીવકાય છે. સર્વાર્થસિદ્ધ, આદિના દેવો મનથી પૂછે, મનથી ઉત્તર મળે. આહારક શરીરની ઉત્પતિ. ચૌદરાજ લોકમાં પુદ્ગલ પરમાણુનું ગમન. શબ્દ એ પુદ્ગલ છે. સોયના અગ્રભાગ ઉપર સમાનારા અનંત, કાયમી અનંત જીવોની હયાતિ–આ બધું તો આજે સાયન્ટિફીક રીતે અને ઇલેક-ટ્રોનિકસની થીયરી દ્વારા, તેમજ હાઇડ્રોજન બોમ્બ આદિ દ્વારા ઓટો-મેટિક સિદ્ધ થાય છે ને ?

હવે તો સંગીત દ્વારા રોગ મટે છે, ખેતી થાય છે, ભગવંતના સામોવસરણમાં માલકોશ રાગ દ્વારા વહેતી, શેરડી સાકરથી પણ આધક મીઠી, વાણીના પાંત્રીસ ગુણ તો શ્રધ્ધેય અરાજ ને ? સુપર સોનિક વોઇસ દ્વારા, પહાડના પહાડ આજે તોડવામાં આવે છે. તો નાથની વાણી, અનાદિના પ્રવાહે વહેતા આવતા કર્મોના સમૂહને તોડેને ? ચોત્રીશ અતિશયોનું પણ તેમજ આવી સ્થિતિમાં નવું શું કરવાનું ? ફેરફાર શા ? હા, કદાચ યોગ્ય લાગે તો, કલ્યાણ સાધક દૃષ્ટિએ, નવ્ય સંશોધનોના દૃષ્ટાંતદ્વારા, શ્રધ્ધેય અને યુકિતગમ્ય વસ્તુઓને પદાર્થોને, વધુ શ્રધ્ધેય અને યુકિતગમ્ય જરૂર બનાવી શકાય. અને તે રીતે નવ્યના ઉપયોગ સામે વાંધો જ કયાં છે ?

બાકી મનઃકલ્પિત તરંગો વડે, અને ઇધર ઉધર અધ્ધર મેળવેલ વાતો ઉપરથી ઘડાયેલ ઇતિહાસને નામે, બાવીસ તીર્થંકરો તો ઐતિ-હાસિક નથી-પૌરાણિક છે. તીર્થંકરોના ચરિત્ર કલ્પિત છે. દેવોનું આગમન, મેરૂ કંપાવવો ગર્ભપલટો વિ.વિ. લોકોએ કલ્પેલા ચમત્કારો અને અતિશયોક્તિઓ છે, એવું કહેનારાઓને આજે સાયન્ટિફિક રીતે, ખૂબજ સૌમ્યતાથી જવાબ આપવાની શાસનમાં તૈયારી છે. જો તેમના હૈયાનો કોક ખુણો ઉઘાડો રાખી, સરળતાથી અને જિજ્ઞાસુભાવે સમજવા માગે તો. બાકી તો જેને સર્વજ્ઞ ભગવંતની સર્વજ્ઞતાજ ખટકે છે, સર્વજ્ઞ હોઇ-જ ન શકે એવું ખુલ્લુ પ્રતિપાદન કરે છે. એવાને અને એવાના પ્રશંસકોને પોષ-નારને માટે આપણી પાસે ભાવદયાની ચિંતવના શિવાય શું હોઇ શકે ? આપણા હૈયામાં કોઇપણ પ્રત્યે દુર્ભાવ હોય હોય જ નહિં.

દુર્ભાવ રાખે તે જૈન નહિ, આર્ય નહિ.

અહિંસા એ પાયાનું સર્વોકૃષ્ટ તત્ત્વ :— સામાન્ય ભૂમિકા અને વિશિષ્ટ મુદ્દાઓ ખૂબજ સંક્ષેપમાં છણ્યા બાદ, એક વિશિષ્ટ મુદ્દો, જે આપણી ગળથુથીમાં

ગુંથાએલ છે અને જે જૈન સંસ્કૃતિના મહા પ્રાણ છે, અને શાસનનું મુખ્ય તત્ત્વ છે, તે વિચારવોજ જોઈશે. અહિંસા એ મહામંગળ છે. મહાપ્રાણ છે. ધર્મનું મૂળ છે. કોઇપણ શુધ્ધ આર્યધર્મના પાયામાં રહેલ મહાતત્ત્વ છે. એને ખતમ કરવા, મત્સ્ય ઉદ્યોગ, વાનર ઉદ્યોગ, બતક મરઘા ઉદ્યોગ આદિ દ્વારા, ડોલર કમાવવાની અનાર્ય અને ભારતવર્ષને કલંક ભૂત પ્રથા શરૂ થઇ ગઇ. અને ગજબ-કોટિના મોટા પાયા ઉપર અતિવિસ્તૃત બની ગઇ.

આની પાછળ, આર્યપ્રજાના હૈયામાંથી 'અહિંસાના મહાકલ્યાણકારી તત્ત્વને જડમાંથી ઉખેડી, મહાહિંસક ભાવ ખડો કરી, મોટા ભાગની પ્રજાને માંસાહારી બનાવી, ધર્મના–દયાના સંસ્કારથી સદંતર દૂર કરી, ભાવી પેઢીને તદ્દન અનાર્ય કોટિની બનાવવાની, છૂપી પણ એક મહામારક યોજના સર્જાઇ છે. અહિંસાનું તત્ત્વ જતાં, નીતિનો નાશ, ધર્મનો નાશ, આત્માનું પતન, સમાજનું પતન, દેશનું પતન. જે આજે પ્રત્યક્ષ અનુભવાય છે. આર્ય-સંસ્કૃતિના પતન સાથે, વિશ્વમાં ફેલાએલ આછા પાતળા ધર્મના કણિયાનો પણ વિનાશ. આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા. નરી નાસ્તિકતા વ્યાપકરૂપમાં પરિણમે કે બીજુ કાંઇ ? છતાં ભગવંતનું મહાશાસન સાડા અઢાર હજાર વર્ષ છે, એ શ્રધ્ધાનાં બળે આગળ ધપીએ !

દિશા સૂચન :– હવે, આ બધું છે, કપરૂ છે, ગહન છે, સંસ્કૃતિના વિનાશને આરે ઊભા છીએ ત્યારે કરવું શું છે ? કયા માર્ગે મંજીલ કાપવી છે ? શ ઉપાય યોજવા છે ? કોના સહારે નાવ શાસનનું હંકારવું છે ? આપણે શો ફાળો આપવાનો છે ? તન–મન–ધન અને સમયનો ?

સભાઓ – ઠરાવો—તારો–ડેપ્યુટેશનો–લેખો પેમ્ફલેટો–સુખ્ખુ સાહિત્ય વિ. વિ. બીનજરૂરી તો નથીજ. પણ આજના સત્તા-સ્થાને બેઠેલા સતા અને કહેવાતી સ્વતંત્રતા મહતા પહેલાના એમના અનુભવો પ્રેક્ટીસોથી પુરા ઘડાએલા છે. એટલે એમના ઉપર જોઇતી અસર નથી થતી. બીજા નંબરમાં સમાજ-માના આપણા આંદોલનો ઢીલા અને પરિણામે શુન્યમાં ભળી જાય છે. વળી એક વર્ગ, ગૃહસ્થોનો કે પૂજ્યોનો મૌન રહે છે. અને ઉપેક્ષાભાવી બની રહે છે. અરે-અર તો મોટે ભાગે શાસન કરતા, જાતને–વ્યક્તિતત્ત્વને વધારે મહત્ત્વ દોઇએ એમ નથી લાગતું ?

સંસ્કૃતિનો અને તેમાં પણ સર્વોત્કૃષ્ટ જૈન સંસ્કૃતિનો, બહુજ ઓછો ખ્યાલ હોવાથી પ્રમોદભાવ અને ભક્તિભાવમાં ખામી વધતી જાય છે. પરમપ્રભુના ભવ્ય સિદ્ધાંતો જેવાકે-દીક્ષા-દેવદ્રવ્ય-જ્ઞાન દ્રવ્ય શુદ્ધ પ્રરૂપણા શુધ્ધ ક્રિયાનુષ્ઠાનો વિ. બાબતોમાં જેઓ એક મતજ છે–આજ્ઞાપ્રેમી છે, તેવા આત્માઓ શાસનના સર્વાંગી રક્ષણ અને વિકાસને માટે ખુલ્લા હૈયાથી અને સ્વભા-

વિક સરળતાથી પ્રયાસ આદરે, તો ભલ-ભલી સરકાર પણ થંભી જાય. ટુંકાણમાં —૧ ભગવંતના મહાશાસનના અને જૈન સંસ્કૃતિનેજ આંખ સામે રાખી, સહયોગી પ્રયત્ન આદરવો. ૨. શાસનભકત પૂજયોના પાદકમળમાં નમ્રભાવે વિનતિ કરી, સંગઠન સાધી, સરકારનો સર્વ રીતે સામનો કરવો. ૩. જૈનકુળમાં જન્મેલા અને જૈન ધર્મ પાળતા વર્ગને, શાસનના ભવ્ય સિદ્ધાંતો સુચારૂ રીતે સમજાવવા અને સાચા શ્રદ્ધાળુ શાસનપ્રેમી બનાવવા, સર્વાંગી પ્રયાસ કરવો જ શાસનના સર્વકલ્યાણકર સિધ્ધાંતોથી વિપરીત રીતે સર્જાએલા અને સર્જાતા સાહિત્યનો સૌમ્ય પધ્ધતિ એ પણ સુદઢ પર્દાફાસ કરવો.

આ મુદ્દાઓ પાછળ, ભારતની ભવ્ય સંસ્કૃતિની રક્ષાનો પ્રચારનો, સંવર્ધનનો જ એક મુખ્ય ઉદ્દેશ હોઇ, જે કોઈ આત્માઓ ગેરસમજથી, તથાપ્રકારના વાતાવરણથી, ઓછા ક્ષયોપશમને લઇને, ઘેરાયેલા હોય, તેઓને ભ્રાતૃભાવથી પાસે લાવવા, સુઘટીત પ્રયાસ આદરવો, હિતાવહ અને શ્રી સંઘોના બનેલા સમાજની શોભારૂપ બનશે.

પૂ. સાધુ સંસ્થામાં, જે કાંઇ અસ્ત વ્યસ્તતા, કાળ બળે કરી પ્રવેશવા પામી હોય, તેને શાસ્ત્રીય માર્ગે દૂર કરવા, અને તેમાં દીપ્તિ લાવવા, તે તે સ્થાને રહેલાં પૂજયનાયકોને વિનતિ અને શાસન રક્ષા માટે સુયોગ્ય ગણાતાનો અમલ કરવાની શ્રાવક સમુદાયની ફરજ છે.

સંસ્કૃતિના શોણુલાને થોડે પણ અંશે પણ ગતીમાન બનાવવા હશે. મહાશાસનની શાનને બઢાવવી હશે, તો ઉપર આલેખેલ એક એક આઇટેમ ઉપર, નિષ્પક્ષપાત આત્મલક્ષી ગંભીર વિચાર કરવો પડશે. વ્યકિતગત અને સમૂહગત શૈલી-શાસનની. આણા તીર્થંકર ભગવંતોની સુદઢ ભકિતભાવસર્વજ્ઞ સ્વામી અરિહંત પરમાત્માના ૪૫ આગમો અને અનંત ચિદ્શકિતના ધણી જયાં બિરાજમાન છે તે ચૈત્યોની. શ્રદ્ધા ભવ્યાત્માઓની શ્રદ્ધાને પૂર્ણ મીઠું પોષણ, શાસન વફાદાર સુસાધુમહાત્માઓનું **ભારતની ભવ્ય સંસ્કૃતિને દિગંતમાં ગજવશે.**

કલિયુગમાંજ-પાંચમાં આરામાંજ, નજદીકના કાળમાંજ પૂ. પા. શુદ્ધ શાસન પ્રભાવક શ્રીમદ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા, શુદ્ધ ચારિત્રી પૂ. પા. હીરસૂરીશ્વરજી મહારાજા, અખંડ જ્ઞાન જ્યોતિને પ્રગટાવનાર મહામહોપાધ્યાજી પૂ. પા. યશોવિજયજી મહારાજા, ક્રિયોદ્ધારક-શુદ્ધ સિધ્ધાંત રક્ષક પૂ. પા. ૫. શ્રીમદ સત્યવિજયજી ગણિવર, કુમતવિધ્વંસક-મૂર્તિપૂજાસિદ્ધાંત સચોટ રક્ષક-વર્ધક પૂ. પા. શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા, તેઓશ્રીનાજ સમયના પૂ. પા. મૂલચંદજી મહારાજા પૂ. પા. વૃધ્ધિચંદ્રજી મહારાજા પૂ. પા. નીતિવિજયજી દાદા; શાસ્ત્ર સાપેક્ષરીતે શાસનના પ્રચારક બન્યાજ છે. અને ત્યારબાદ ૨૦ મી ૨૧મી સદીમાં પૂ. પા. વિજય કમળ સૂરીશ્વરજી મહારાજા, પૂ. પા. વિ.

દાનસૂરીશ્વરજી મહારાજા, પૂ. પા. વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજા, અને અનેકોના તારણહાર, શુધ્ધ સાત્વિક ગણધર ગુમ્ફિત દેશના દાતા, સમ્યગદર્શન પ્રદાનનિષ્ઠ, શ્રી સંઘકૌશલ્યાધાર, પૂ. પા. વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા, શાસન-સિદ્ધાંત સંરક્ષક તરીકે અજબ કોટિની, શાસનપ્રભા અને તેજનો પ્રસર મૂકતા ગયા.

તેમજ ગૃહસ્થ સુશ્રાવકોમાં શ્રી શાંતિદાસ શેઠથી માંડીને, અનેક શ્રાવક રત્નોએ આ વિષમ કાળમાંજ, શાસનની શાન બઢાવી છે. માટે- **મારે તો સતયુગથી, કળીયુગ બહેા, જ્યાં મલ્યેા મુજને વીતરાગ બહેા**— એ સૂત્રને હૈયામાં વસાવી, આપણા સૌ-સંસ્કૃતિના શેાણલાને સાકાર કરવા શકિતમાન બનીએ એજ આ લઘુ શાસન-સેવકની શાસન પતિને પ્રાર્થના.

પ્રગટ થઇ ચૂકયું છે :—

શ્રી કલ્પસૂત્ર-બારસા સૂત્ર

(સચિત્ર)

આ સચિત્ર બારસા સૂત્ર

પ્રગટ થયું છે તેની વિશેષતાઓ એ છે કે :—

(૧) ૨૪ પોઇન્ટ ટાઈપમાં લાંબા સમાસ વાંચવાની સરળતા માટે છૂટા પાડેલા છે.

(૨) અક્ષરો પણ છૂટા અને તરત વાંચી શકાય તેવા છે.

(૩) કુલ પેજમાં ૪ કલરમાં મુદ્રિત ૪૧ ચિત્રો છે.

(૪) ૧૪ સ્વપ્નોનાં બે પેજમાં મોટા ચિત્રો છે.

(૫) ૨૪ તીર્થંકરોના ચિત્રો બે પેજમાં દરેક પ્રભુજીની આંગી, મુગટ, હાર.વ જુદી જુદી ડીઝાઇનમાં છે

(૬) ભારે આર્ટ પેપરમાં છાપેલ છે. ૫૦૦ નકલો જ છે માટે શીઘ્ર વસાવી લેવા વિનંતિ છે.

મૂલ્ય રૂા. ૧૫૦-૦૦

૧૦ કે વધુ નકલ લેનારને ૧૦% ટકા કમીશન અપાશે.

મુંબઇ અમદાવાદ પાલીતાણા જૈન બુક સેલરો પાસે માંગો અગર લખો :-

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o શ્રુતજ્ઞાન ભવન

૪૫, દિગ્વિજય પ્લોટ

જામનગર-(સૌરાષ્ટ્ર)

'સવિ જીવ કરૂં શાસનરસી'

—પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

(અંક ૪૫ નું ચાલુ)

મહા હિંસા, મહા અસત્ય, મહા ચોરીઓ, મહા વ્યભિચાર, મહા અસંતોષ, મહા ક્રોધ-માન-માયા-લોભ, મહા રાગ દ્વેષ, કોર્ટોમાં કેસો વિગેરે રૂપ કે યુદ્ધોરૂપ મહા કંકાસો, મહા નિંદા-છાપાંઓ વિગેરે મારફત ભયંકર જુઠા આક્ષેપો-સુધરેલી ભાષામાં ચાડી ચુગલી, જુઠી ખુશામતો, ઠંભમય પરિષદો અને સમ્મેલનો, શોષક દયા-દાન, અજ્ઞાનપોષક જ્ઞાનદાન, સત્યના શબ્દની પાછળના મહા પ્રપંચમય વિનાશક જુઠાણું, આ એકંદર મહા મિથ્યાત્વ તરફ આજે માનવનું ગમન ચાલી રહ્યું છે.

કેમકે તે સર્વ અનિષ્ટો ઉપર અંકુશરૂપ, તે સર્વને ડારનાર, તે સર્વને દુર ધકેલનાર, ને સર્વને ઉગતાં ડામનાર અને સ્વપ્રભાવથી આગળ વધતા અટકાવનાર જે મહાશાસન છે, તેને લઘુમતમાં હોવાનું જણાવી બહુમતીમાં તેને ગતાર્થ કરી દઇ-સમાવી દઇ--નામ પણ રહેવા ન પામે તેમ કરવા માટેનાં ચક્રો ગતિમાન છે. એ ચક્રોની ઉપેક્ષા, તે તરફ બેધ્યાન એ પણ શાસન તરફની ઉપેક્ષા છે.

શાસનની ઉપેક્ષામય સર્વ પ્રવૃત્તિઓ જગતમાં અને કેટલેક અંશે જૈન શાસનમાં પણ ઘર કરતી જાય છે. શ્રી પ્રભુ સ્થાપિત શ્રી ચતુર્વિધ સંઘ પણ દિવસે દિવસે શાસનથી નિરપેક્ષ પ્રવૃતિશીલ બનતો જાય છે.

અરે ! પરંપરાગત વિશુદ્ધ સુવિહિત સમાચારી ધરાવતા મહાગીતાર્થ પુરુષોના શિષ્યોરૂપ ગણાતા શ્રી શ્રમણ મહાત્માઓનું વલણ પણ આજે તે મહાશાસનની ઉપેક્ષાઅનસ્તિત્વ તેની હવે અનાવશ્યકતાના સ્વીકારપૂર્વકના વર્તન તરફ દિવસે ને દિવસે ઢળતું જાય છે. પરમેષ્ટિ સ્થાન ઉપર બિરાજમાન શ્રેષ્ઠ અને વન્દ્ય પુરૂષો પણ તે પ્રવાહમાં જાણતાં કે અજાણતાં કેટલેક અંશે તણાતા જતા દેખાય છે. કોણ બચતા હશે તેના પત્તો લાગતો નથી. સમ્યગ્દર્શન રૂપ મૂળ ભૂમિકા રૂપ ગુણ ઉપર જ આ મોટામાં મોટો ફટકો નથી શું?

શાસનની રક્ષક વફાદાર મૂળ પરંપરા પણ શાસન નિરપેક્ષ બનતી જાય, ત્યારે હૃદયમાં હાહાકાર મચી જાય છે. 'કોણ શરણ? કોણ શરણ?' ના પોકારો ઉઠે એ સ્વાભાવિક છે. તો પછી બીજા કોની પાસેથી આશા રાખવી? અને પરમાત્માના શાસનનું ભાવિ શું? આપણી તેના તરફની આજે શી ફરજ છે? તે યાદ પણ ન કરવી?

કેન્દ્રભૂત મૂળ પરંપરાની આ સ્થિતિ છે, તો પછી સંપ્રદાયો, પેટા સંપ્રદાયો પાસેથી આશા જ શી રખાય?

શાસન જયવંતુ છે. પરંતુ શાસન ભક્તોની અમલી બેદરકારીનું માઠું ફળ શું શાસનને ય અસર ન કરે ? અથવા જયવંતુ છતાં, તેની જેટલે અંશે તિરોહિતના એટલે અંશે વિશ્વ કલ્યાણમાં ક્ષતિ પહોંચે કે નહીં ?

શાસન જયવંતુ હોવા માત્રથી તન્નિરપેક્ષ, અભવ્યો કે મિથ્યાદૃષ્ટિઓને તેનો લાભ ન મળે.

તો તેનાથી નિરપેક્ષ આપણને તથા બીજા જીવોને પણ તેનો ઉત્તમ લાભ શી રીતે મળે ?

આપણે શાસન નિરપેક્ષ થતા જઈએ છીએ. કદાચ એવો ભાસ ચિત્તભ્રમથી કેમ ન થતો હોય ?

પરંતુ ના, એમ નથી. કેમકે શાસન નિરપેક્ષતાના, આજ્ઞા વૈપરીત્યના માઠાં પરિણામો–માઠા ફળોના ઢગલા આજે વધતા જતાં પ્રત્યક્ષ જોઇ શકાય છે.

બનાવટી ઉજળામણ વધતી જાય છે, પરંતુ તેની નીચે કાળાશનો સાગર ઘુઘવતો થાય તેવાં ચિહ્નો પ્રત્યક્ષ થતાં જાય છે. સંખ્યાબંધ મહાસંતો અને મહાસતી શિરોમણિઓના અસાધારણ આપભોગો અને આત્મપ્રકાશોથી સુઘટિત બનેલું સ્ત્રી પુરૂષોનું ચારિત્રબળ ને સાથે સાથે ભૌતિક બળ પણ ઉત્તરોત્તર તૂટતું જ જાય છે. આ પ્રત્યક્ષ પરિણામો અને દુષ્ટ ફળો વધતી જતી શાસન નિરપેક્ષ પ્રવૃત્તિઓના સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણો છે.

શાસન નિરપેક્ષ પદ્ધતિ કે વિધિનો આશ્રય લઇને સસૂત્ર પ્રરૂપણા કે શ્રી આગમોનો શુદ્ધ ઉપદેશ અપાય, કે ધર્માચરણ થાય, તે તે સર્વ પણ અપેક્ષાએ ઉત્સૂત્ર પ્રરૂપણા રૂપ, અનાગમિક ઉપદેશ રૂપ અને અનાચાર્ય આચરણ રૂપ બની જતાં હોય છે. આટલી હદ સુધી શાસન સાપેક્ષતા ઉપર ભાર મૂકાયેલો છે.

હજુ પણ મહાપતન તરફ ધસતી જતી માનવજાતને બચાવવી હોય, સાચો પરોપકાર કરવો હોય, સાચી પરહિત નિરતા જીવતી રાખવી હોય, સર્વ જગતનું સાચા શિવને થોડું પણ જીવતું રાખવું હોય, દોષો કાંઈ પણ ઘટાડવા હોય, જગજ્જીવોને પુન્યથી પ્રાપ્ત થતા અંશથી પણ દુન્યવી સુખથી યે વાસિત રાખવા હોય, તો શાસન-મહાશાસન-તીર્થંકર પ્રભુના શાસન તરફની ઉપેક્ષાનો કડકપણે ત્યાગ કરવો જરૂરી છે. પુન્ય બળ વધારવાનું. પાપને ઠેલવાનું એ એક જ અનન્ય સાધન છે.

આખનું મટકું મારવું હોય તો પણ શાસન સાપેક્ષપણે તે મારવા સુધીની દક્ષતા કેળવવી પડશે, વીર્યોલ્લાસ જાગૃત કરવો પડશે. શાસન નિરપેક્ષતાથી નિરપેક્ષતા કેળવવી પડશે. બસાણ સજ્જ થઇ સચોટ રીતે શાસન સાપેક્ષતા ધારણ કરવી જ પડશે.

ત્યાગ, તપ, વ્રત, નિયમ, ઉપદેશ, ધંધો, ઘર, કુટુંબ વ્યવહાર, જાહેર જીવન, ખાનગી જીવન, રાજ્યતંત્ર, સમાજતંત્ર, અર્થતંત્ર, ધર્મતંત્ર, કળા કારીગિરી, પ્રાચીન સંશોધન, નવસર્જન, વૈજ્ઞાનિક શોધો ને વિકાસ, સાધુ અને સંત જીવન વિગેરે સારાં ગણાતાં કાર્યો પણ આજે પ્રાયઃ શાસન નિરપેક્ષપણે ચાલી રહ્યાં છે.

તે સર્વ પ્રવૃત્તિઓ શાસન સાપેક્ષ બનાવવાથી અમૃતરૂપે પરિણમશે. નહીંતર એ જ સારાં ગણાતાં કર્યો અને પ્રવૃત્તિઓ હલાહલ વિષ રૂપે પરિણામવામાં હવે જરા પણ શંકા રાખવ કારણ જણાતું નથી. સંજોગોનો દોષ ટકી શકતો નથી. પહેલાં તો મનોવૃત્તિ તે તરફ વાળવી જરૂરી છે. પછી સંજોગોની વાત આવે છે. મનની નિર્બળતાથી પણ કયારેક સંજોગોનો ભય વિરાટરૂપે ભાસતો હોય છે.

એક એક તણખલા જેવી વિચારણા કે પ્રવૃત્તિ પણ શ્રી તીર્થંકર પ્રભુના શાસનથી સાપેક્ષ છે કે નિરપેક્ષ છે ? તેની વિચારણા શરૂ થતાંજ બધું જ ફરવા માંડશે. એજ સમ્યગ્ દર્શનનું બીજ છે, એજ સર્વ શુભનું મૂળ છે.

શાસન સાપેક્ષતા એજ મહા પરોપકાર છે. સાચા પરોપકારનું મુખ્ય પ્રતીક જ એ છે. તેનાથી નિરપેક્ષપણે પરોપકારો પણ પરોપકારાભાસ છે. તે ભાવ પરોપકારના અકારણ રૂપ–દ્રવ્ય પરોપકાર રૂપ બની રહે છે. જે ક્ષતે ક્ષાર નાખવા રૂપ પરિણમતું હોય છે.

આ વાત પ્રાયઃ શ્રી પુષ્પમાળા પ્રકરણની શરૂઆતમાંજ મલધારી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ બતાવેલી હોવાનું સ્મરણમાં છે.

છેલ્લા સો વર્ષ પહેલાંથી ય (લગભગ અકબર બાદશાહનાં વખતથી) શ્રી સંઘમાં શાસન નિરપેક્ષતા થવાના બીજ રોપાવાયા છે, તે આજે ઘણા પલ્લવિત થઇ ચૂકેલા છે. આજના સર્વ દુઃખોનું અને અનિષ્ટોનું સર્જન તેનાથી છે. આજનો પ્રવાહ જ ત્યાગીઓને કે સંસારીઓને પણ પતન તરફ જ ધકેલે છે.

તો શું કરવું ?

આ કોઈને ય પુછવાની જરૂર નથી. અંદરથી મનને પૂછવું કે આંખનું મટકું મારવા જેવી પણ મારી પ્રવૃત્તિ શાસન સાપેક્ષ છે કે કેમ ? અને શાસન પ્રત્યેની વફાદારી મનના કોઈપણ ખૂણામાં જીવતી જાગતી હશે, તો તેનો સાચો જવાબ હાં, કે ના મળશે જ. નાની કે મોટી કોઇ પણ પ્રવૃત્તિ–જો તે શાસન સાપેક્ષ હોય તો તે ઉપાદેય, કર્તવ્ય તરીકે કરવી જોઇએ નહીંતર તે ગમે તેવી રૂડી દેખાતી હોય તો પણ તે ત્યાજ્ય ગણવી જોઇએ.

પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ ત્રિલોક પૂજ્ય શ્રી તીર્થંકર દેવોનું શાસન જ માત્ર મંગલરૂપ છે એમ નથી, પરંતુ જગતભરમાં જે કાંઇ મંગલરૂપ છે–તેમાં જે મંગલપણું હોય છે, તે આ શાસન છે. આ શાસન વિના સર્વ મંગલો પણ મંગલરૂપે બની શકતા નથી.

જેમાં ગાયપણું ન હોય તે ગાય કહેવાતી નથી, જેમાં ગાયપણું હોય, તેજ ગાય કહેવાય છે. તે પ્રમાણે છે શાસન નિરપેક્ષ હોય તે ગમે તેવું મંગળરૂપ હોય–મંગળરૂપ ગણાતું હોય, તો પણ તે મંગળરૂપ હોતું નથી.

રાંધેલી રસોઇમાં જેમ રંધાયા પછી ભોજ્યપણું દાખલ થાય છે–ત્યારે તે ભોજ્ય બને છે, તે પ્રમાણે મંગળરૂપ ગણાતા પદાર્થોમાં શાસન સાપેક્ષપણું દાખલ થાય ત્યારે જ તેમાં મંગળપણું દાખલ થાય છે, અને ત્યારે જ તે બાબતો મંગળરૂપ ગણાય છે. અન્યથા મંગળ પણ મંગળ રૂપ ન બને. મંગળપણું દાખલ થયા વિના મંગળ કેમ કહેવાય ?

'सर्व मंगल मांगल्यम्' એ સામાન્ય અર્થબોધક નથી. મહા અર્થબોધક હોવાનું તે પદ જણાઇ આવે છે. સાક્ષાત શબ્દોમાં ઉપર જણાવેલો ભાવ તેમાં જણાવ્યો છે.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, એમાં ના નથી. પણ તે શાસન સાપેક્ષ હોય ત્યારે જ તેમાં મંગળપણું દાખલ થાય છે, અને તે ઉત્કૃષ્ટ મંગળરૂપ બને છે.

શાસન સાપેક્ષતાનો આ પ્રશ્ન અગ્રગણ્ય મહાત્મા પુરૂષોએ તાબડતોબ હાથ ધરવાની જરૂર છે. વહેલાં વહેલી તકે આ પ્રશ્ન વિચારણા માંગી લે છે.

તેના પેટામાં પછી ભલે હજારો વિચારણાઓ કરવામાં આવે. પછી જ તે સાર્થક બનવાની છે. નહીંતર જળમંથન બની રહેવામાં હવે શંકા જણાતી નથી. શાસન ઉપરની આંધીઓને જોર મળતું જાય છે, એટલે ગમે તેટલી નાની બાબતોના ફાયદાઓ પણ તણાઇ જવાના. માટે મુખ્ય વસ્તુ તરફ અસાધારણ પ્રયાસો કરવાની જરૂર છે. શાસનમાં મુખ્ય વસ્તુ ઉપર મુખ્યપણે લક્ષ રાખવાની ભલામણ છે. મુખ્યને ભોગે ગૌણ બાબતો ઉપર ભાર ન અપાય. શ્રી પ્રશમરતિ પ્રકરણમાં પણ આ વાત શબ્દાંતરથી કહેવાયેલી છે.

મહા જવાબદાર ને જોખમદાર મુળ પરંપરાની શ્રી તીર્થંકર દેવના શાસન તરફની વધતી જતી નિરપેક્ષતા, ઘટતી જતી વફાદારી; વધતી જતી બિનવફાદારી એક ક્ષણ પણ ઉપેક્ષા લાયક કેમ રહી શકે ! કેમ રાખી શકાય ? તે માટે શું યોગ્ય કરવા જેવું નથી ? તેમ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ શા માટે ? એવો અવાજ અંદરથી ઊઠતો કેમ નથી ? ઊઠવો જ જોઇએ.

જેને ઉઠે તે મેદાનમાં આવે. હવે કોઇની રાહ જોવી જરૂરની નથી. પછી તે બળાક હોય, બાળીકા હોય, સ્ત્રી હોય, પુરૂષ હોય, પરમ પૂજ્ય મુનિરાજ હોય. કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજ હોય, કે ગમે તે હોય. પ્રભુશાસન તરફથી જાગતી અડગ આજ્ઞાસિદ્ધ વફાદારીનાં પ્રકશના પુંજપરૂ તે હોવા જોઇએ.

સર્વ મંગલોમાં માંગલ્ય રુપ મહાશાસન જગજજીવોને રસિયા બનાવવામાં શ્રી તીર્થંકર પ્રભુના ત્રૈકાલિક જીવનનો પુરુષાર્થ સફળ થાય છે. તીર્થંકરપણાને ચરિતાર્થ કરવાનું આજ સાધન છે તીર્થંકર શબ્દનું પ્રવૃતિ નિમિતરૂપ આજ છે.

'જૈન જયતુ શાસનમ' (જૈનશાસન સંસ્થા)

❋ કેટલાંક પ્રસંગો ❋

શ્રી આત્મારામજી અને દયાનંદજી

એ બન્ને પુરૂષો સમકાલીન હતા. બન્ને એક યુગના મહારથીઓ હતા. આજે પણ એ બન્ને પુરૂષોની તસવીરો જુઓ તો કેટલુંક સામ્ય જણાઈ આવે.

આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદજીના દેહબળ વિષે કેટલીક વાતો પ્રચાર પામી છે. તેઓ સારા ગણાતા મલ્લ કે કુસ્તીબાજોની સાથે બરાબર ટક્કર ઝીલી શકતા એમ કહેવાય છે. દયાનંદજી પોતે પણ કસરત અખાડામાં માનતા.

આત્મારામજી મહારાજ કોઈ દિવસ અખાડામાં ન્હોતા ગયા. એમણે દંડ કે બેઠકની તાલીમ ન્હોતી લીધી છતાં શ્રી આત્મારામજી મહારાજ અને સ્વામી દયાનંદજી જો પોતાના વસ્ત્રો પરસ્પર બદલાવી નાંખે તો કદાચ કોઇને પણ ભ્રાંતિ ઉપજ્યા વિના ન રહે. બન્નેના દેહગઠનમાં એટલું સરખાપણું હતું કે દયાનંદજી આત્મારામજી તરિકે અને આત્મારામજી દયાનંદ તરિકે ઓળખાઇ જાય.

આત્મારામજી મહારાજનાં બળ અને હિંમ્મત સંબંધે એક-બે પ્રસંગ મળે છે:

એક વાર આત્મારામજી મહારાજ, સાથેના આઠ-દશ મુનિઓની સાથે વિંધ્યાચળની અટવીમાંથી પસાર થતા હતા, અહીં ધાડપાડુઓ અને લૂંટારાઓ વસે છે. શ્રાવકોએ એક-બે ચોકીદારો પણ આપ્યા હતા એક ચોકીદાર આગળ અને એક પાછળ અને મુનિઓ વચગાળે એવો ક્રમ ગોઠવાયો હતો.

થોડે દૂર ગયા પછી આગળ ચાલતા ચોકીદારે, આઠ-દશ લુંટારાઓની એક ટોળી જોઇ. સૌને સાવચેત કર્યા. આત્મારામજી મહારાજે જરા પણ ગભરાયા વિના સૌને આગળ ચાલવાની આજ્ઞા કરી. વધુમાં એમણે મુનિઓના હાથમાંના દાંડા ખભા ઉપર મૂકવાની ભલામણ કરી.

આ દાંડાના રંગ સૂર્યના તેજમાં બંદુકની જેમ ઝળહળતા હતા. લૂટારાઓ સમજ્યા કે આ કોઇ સરકારી ટુકડી આવે છે એટલે એમણે ઉપદ્રવ કરવાનો વિચાર માંડી વાળ્યો. જે રસ્તે આવ્યા હતા તે જ રસ્તે પાછા ગાલ્યા ગયા.

થોડી વાર પછી આત્મારામજી મહારાજે પોતાની સાથેના મુનિઓને કહ્યું : "મિચ્છામિ દુક્કડં" ઇર્યાનેજ વાત શરૂ કરૂં.

બધા મુનિ વૃતાંત સાંભળવા ઉત્સુક થયા. મહારાજજીએ ખુલાસો કર્યો.

"લૂંટારાઓ સામે આવે છે એમ જાણ્યા પછી મને જે વિચાર આવેલો તે હું તમને કહી દઉં. ગમે તેમ આપણી ટોળીનો નાયક હું છું. તમારી સહીસલામતી મારે જોવી જ જોઇએ. મારી ફરજ છે. હવે જો લૂંટારાઓ હુમલો કરે તો, મેં તો નિર્ણય

જ કરી રાખ્યો હતો કે આપણી સાથેના ચોકીદારોના હાથમાંથી તલવાર લઇ લેવી અને લુટારાઓને બને તેટલું પહોંચી વળવું; પણ હવે એ બદલ મિચ્છામિ દુક્કડં દઉ છું.”

આવે પ્રસંગે એમનું બ્રહ્મક્ષત્રીવનું લોહી ઉકળી આવતું. દેહના સામર્થ્ય સંબંધનું એમનું આત્મભાન જાગૃત થતું.

* *

ભાવનગરના વૃદ્ધ પુરૂષો કદાચ એક બીજા પ્રસંગની સાક્ષી પૂરી શકશે.

મહારાજજી બીજા કેટલાક મુનિઓ સાથે દરિયા–કિનારા તરફ સ્થંડિલ ગયા હતા. એક–બે મુનિઓએ દરિયાકાંઠા પાસે એક ગદર્ભને ગંજાટા–ભારે લાકડા નીચે દબાતો અને રીબાતો જોયો. લાકડા ખૂબ ભારે હતા. ગદર્ભના શરીરને એ લાકડાના ભાર નીચેથી બચાવી લેવાનું બહુ કઠિન હતું. મુનિઓ કોશિશ કરતા હતા એટલામાં આત્મારામજી મહારાજ પણ ત્યાં આવી પહોંચ્યા.

એમણે આ દૃશ્ય જોયું. બે–ત્રણ મુનિઓ સાથે મળીને લાકડા ઠેલતા હતા, પણ તેમાં તેમને સફળતા જોતી મળતી.

“તમે દૂર ખસી જાઓ!” આત્મારામજી મહારાજે જરાય વિલંબ કર્યા વિના, સાથીઓને આજ્ઞા કરી: “આ તરપણી લઇ લ્યો.’

મહારાજજીના હાથમાંથી તરપણી લઇ લેવામાં આવી; તેઓ પેલા લાકડા પાસે પહોંચ્યા. હાથના એક ઝાટકાથી તેમણે મોભ જેવડું લાકડું આઘું ખસેડી દીધું. દબાયેલો ગદર્ભ ઉઠીને ઊભો થયો.

એ પછી મહારાજજી પણ પોતાના સ્થાન તરફ વળ્યા.

* *

જોધપુરમાં દયાનંદજી સરસ્વતીના વ્યાખ્યાનની, ખંડનની ધૂમ મચી હતી. જૈન ધર્મનું પણ તેઓ ખંડન કરતા.

એ વખતે જોધપુરના દીવાન એક જૈન ગૃહસ્થ હતા. તેમણે દયાનંદજીને કહ્યું: “આત્મારામજી મહારાજ અહીં થોડા દિવસમાં આવી પહોંચશે. એ પણ પંડિત છે આપ પણ પંડિત છો. આપ બન્ને સાથે બેસીને ચર્ચા કરો તો અમને પણ કેટલુંક જાણવાનું મળે.”

સ્વામી દયાનંદે દિવાનજીની એ ભલામણ સ્વીકારી એમણે કહ્યું: “ભલે, ખુશીથી એમને આવવા દો”

આત્મારામજી મહારાજ પગે ચાલીને પહોંચવામાં થોડો વિલંબ થાય તેવો સંભવ હતો. જોધપુર પહોંચતા હજી ચાર–પાંચ દિવસ તો રહેજે વ્યતીત થઇ જાય.

“હું જરા જયપુર જઇ આવું. ત્યાં સુધીમાં આત્મારામજી પણ આવી જશે અને હું પણ આવી પહોંચીશ.” એમ દીવાનજીને કહીને દયાનંદજી જયપુર ગયા.

એ વાતને ચાર–પાંચ દિવસ થઇ ગયા. ઉતાવળે ઉતાવળે વિહાર કરતા

(અનુ. પાન ૧૪૭૦ ઉપર)

–: રમેશચંદ્ર કાલીદાસ શાહની ચૂપચાપ દીક્ષા :–

ઘેરથી ગાંધેશ્વર જવાનું કહીને નીકળેલા રમેશભાઇ શાહ કલીકુંડ તીર્થમાં ઋજુદર્શન વિજયજી બની ગયા.

સામાન્ય રીતે સંસારી જીવનનો ત્યાગ કરીને કોઇ મુમૂક્ષુ દિક્ષા ગ્રહણ કરે ત્યારે કોઇ મહાપ્રસંગની છટાથી તેની ઉજવણી કરવામાં આવે છે. દૂરદૂરથી સંઘોનાં પ્રતિનિધિઓ, પરિવારજનો, સાધુ સમુદાય ઉમટે છે. પરંતુ ગઇકાલે રાજકોટનાં એક ધર્મપ્રિય મુમુક્ષુએ પરિવારજનોથી દુર કશી પણ જાણ કર્યા વગર ચુપચુપ દિક્ષા અંગિકાર કર્યાની અભૂતપુર્વ ઘટના બની ગઇ. સંસારી જીવનમાં જેમનું નામ રમેશભાઇ શાહ હતું તેઓ હવે ઋજુદર્શન વિજયજી મહારાજ નામથી ઓળખાશે ઉલ્લેખનિય ઘટના તો એ છે કે પરિવારજનોને અંધકારમાં રાખીને દીક્ષા ગ્રહણ કરનાર રમેશભાઇએ જેમની પાસે દીક્ષા અંગીકાર કરી તેઓ તત્વદર્શન વિજયજી મહારાજ સાહેબનાં ગુરૂદેવ પૂ. શ્રી સમયચંદ્ર સૂરીશ્વરજી મહારાજે પણ આજ રીતે દીક્ષા ગ્રહણ કરી હતી. સામાન્ય સંજોગોમાં કુટુંબીજનોની મંજુરી વગર દીક્ષા અપાતી નથી. પરંતુ અપવાદરૂપ ખાસ કિસ્સાઓમાં આવી મંજુરી અપાય છે, આવા અપવાદરૂપ કિસ્સાઓમાં આ ઘટનાની ગણના થાય છે.

રમેશભાઇ શાહ રાજકોટના વતની છે. તેમના પરિવારજનો રાજકોટમાં જ રહે છે અને સાધન સંપન્ન છે. તેમના દીક્ષા અંગીકાર કરવાથી તેમના પરિવારને બીજી કોઇ આર્થિક આપત્તિ આવે તેમ નથી.

રાજકોટથી લગભગ ૨૦૦ કિ. મી. દુર ધોળકા નજીકનાં કલીકુંડ પાર્શ્વનાથ તીર્થના દેરાસરમાં તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી.

ગઇરાત્રે તેમનાં સંસારી જીવનનાં સંબધીઓને જ્યારે જાણ થઇ ત્યારે તેઓ કલીકુંડ દોડી ગયા હતા. અને પ્રથમ તો અતિ આઘાતમાં ધુસકે ધુસકે રડયા હતા. પરંતુ મૂનિવરની માનસિક અવસ્થા રહેજ પણ ચલિત થઇ ન હતી. તેમણે ઉલ્ટુ ધર્મજ્ઞાન આપ્યું હતું.

છેવટે હકીકત સ્વીકારીને કુટુંબીઓએ સૌ પ્રથમ મુનિશ્રી ઋજુદર્શન વિજયજી મ. ને વધેરાવ્યું હતું.

રાજકોટમાં જૈન સમાજમાં આજે માત્ર આ જ વિષયની ચર્ચા છે. કોઇને કહેવા કારવ્યા વગર ઘેરથી નીકળી જઇને દીક્ષા અંગિકાર કરી હોય તેવો છેલ્લા વર્ષોમાં આ પ્રથમ બનાવ છે.

શ્રી વર્ધમાન નગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટનાં અગ્રણી કાર્યકર અને સુખી સાધન સંપન્ન શ્રી રમેશચંદ્ર કાલીદાસ શાહના પરિવારમાં દીક્ષા ગ્રહણ કરવાનો આ પહેલેવો પ્રસંગ નથી.

તેમના સંસારી જીવનમાં માતુશ્રીએ પણ દીક્ષા અંગિકાર કરી હતી અને હાલ માં તેઓ રાજકોટમાં જ બીરાજે છે.

કલિકુંડમાં વિજય મુહુર્ત રવિવારે સવારે ૧૦–૩૦ વાગ્યે દેશલસરના રંગ મંડપમાં ચતુર્વિધ સંઘની હાજરીમાં દીક્ષા સંપન્ન થઇ હતી.

દીક્ષા આપવા માટે મુમુક્ષુએ દીક્ષા દાતાને વિનંતી કરી અને તેમના હાથમાં રજોહરણ આપવામાં આવ્યું ત્યારે તેઓ આનંદના અતિરેકમાં નાચી ઉઠયા હતાં. અને આંખોમાથી હર્ષાશ્રુ વહેવા માંડયા હતાં.

ત્યારબાદ તેમને અંતિમ સ્નાન અપાયુ અને લોચનવિધિ કરાઇ હતી. સ્નાનવિધિ પુરી કરી તેમણે સાધુવેશ ધારણ કર્યો હતો અને પાર્શ્વનાથ દાદાનાં દરબારમાં આવ્યા હતાં અને દીક્ષાની ભીશ્મ પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ થયું હતું.

શ્રી રમેશભાઈનાં ભત્રિજા હરેશભાઇ અમદાવાદમાં ગુણાનુવાદ સભામાં હતાં ત્યાં તેમને સૌ પ્રથમ જાણ થતાં તેઓ કલિકુંડ પહોંચ્યા હતાં.

હરેશભાઈનાં કહેવા મુજબ શ્રી રમેશભાઈએ એક મહિના પહેલા જ મુહુર્ત કઢાવી લીધું હતું પણ કોઇને કશી જાણ કરી ન હતી.

પ્રથમ તેમણે માતર ખાતે દીક્ષા લેવાનુ નકકી કર્યું હતું પણ છેલ્લી ઘડીએ ફેરફાર કરી માતરથી ૨૦ કી. મી. દુર શ્રી કલિકુંડ પાર્શ્વનાથ તીર્થનાં દેશસરે વિહાર કરીને પહોંચ્યા હતાં.

શ્રી રમેશભાઇને છેલ્લા સાતેક વર્ષથી દીક્ષા ગ્રહણ કરવાની ભાવના હતી પણ કુટુંબીજનો પ્રેમથી વાત ટાળતા હતા આ અગાઉ તેમણે બે થી ત્રણ વખત રજા લેવા પ્રયાસ કર્યો હતો જેમાં તેઓ સફળ થયા ન હતા.

જેમની પાસે તેમણે દીક્ષા ગ્રહણ કરી તે શ્રી તત્વદર્શન વિજયજીએ ચારેક વર્ષ પહેલા રાજકોટમાં ચાતુર્માસ ગાળ્યુ હતું. ત્યારથી તેમનાં સંપર્કમાં હતાં. છેલ્લે તેઓ વિશ દિવસ રોકાયા હતાં ત્યારે પણ તેમની સાથે સત્સંગ કર્યો હતો.

શુક્રવારે તેઓ શંખેશ્વર જવાનુ કહીને ઘેરથી નિકળ્યા હતા અને માતર તીર્થ પહોંચ્યા હતા જ્યાં વર્ધમાન તપ પ્રભાવક વિજયરાજતિલક સૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય દેવ વિજયમહોદય સૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમને દીક્ષા આપવાનાં હતા પણ ત્યાં દીક્ષા સંપન્ન નહિ થતા તેઓ વિહાર કરીને કલીકુંડ પહોંચ્યા હતા,

ગઇકાલથી તેમણે સાધુની જિન ચર્યા શરૂ કરી હતી અને ગઇકાલે ઉપવાસ કર્યો હતો આજે સંસારી જીવનનાં સ્વજનોની હસ્તે વ્હોરી પારણું કરવામાં આવ્યું હતુ.

રાજકોટના જૈન સંઘમાં કાલે આ સમાચાર વાયુવેગે પ્રસરી જતાં તેમના નિવાસસ્થાને સારી એવી ભીડ જામી હતી.

રાત્રે બે વાગ્યે તેમનાં સંસારી જીવનના કુટુંબીજનો તથા સંઘના આગેવાનો કલી-કુંડ જવા રવાના થયા હતા.

તેમને સંતાનમાં એક માત્ર પુત્ર પારસ-ભાઇ શાહ છે. પૌત્રનું નામ કૈવંત છે.

તેઓ કલીકુંડ પહોંચ્યા ત્યારે પોતાના પિતાશ્રીને સાધુવેશમાં નિહાળીને લાગણીના આવેગમાં ધ્રુસકે ધ્રુસકે રડી પડયા હતા અને ઉપસ્થિત તમામ લોકોની આંખો ભીંજાઇ હતી પણ મૂનિ શ્રી ઋજુદર્શન વિજયજી મહારાજ સંપૂર્ણ સ્વસ્થ હતા.

ત્યારબાદ અટ્ઠમનું પારણું કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત વહોરાવવાની

રમેશચંદ્ર કાલીદાસ શાહ માંથી ઋજુદર્શન વિજયજી મહારાજ નામ ધારણ કરી ચુકયા બાદ સાંજ સમાચારને આપેલ સૌ પ્રથમ મુલાકાતમાં જણાવ્યું હતું કે, મોક્ષ માર્ગે આગળ વધવાનું હતું પગથીયુ એટલે દીક્ષા ગ્રહણ કરીને સંયમનો માર્ગ અપ-નાવવો. આ માર્ગ અપનાવવાની વર્ષોની મારી તમન્ના આજે પૂર્ણ થતા મને અતિ આનંદ થયો છે.

હું જયારે ૧૪ વર્ષ અને ૧ મહિનાનો હતો ત્યારે દીક્ષા ગ્રહણ કરવાનો સૌ પ્રથમ વાર વિચાર આવ્યો હતો. શ્રી રામચંદ્રવિજયજી મહારાજના દીક્ષા દાતા શ્રી મંગલવિજયજી મહારાજનો સંગ થતા આવો વિચાર મેળવવાની તાલીમ પણ લીધી હતી. પરંતુ ત્યાર બાદ સંસારમાં લીન થયો.

આજથી સાત વર્ષ પહેલા ૫૦ વર્ષની ઉમરે દીક્ષા ગ્રહણ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો અને દીક્ષા લેવાનું નકકી પણ હતું. પરંતુ સાંસારીક કારણોસર દીક્ષા લઇ શકાઇ નહીં.

ત્યારબાદ મુંબઇના કરોડપતિ યુવાન અતુલ શાહે અમદાવાદમાં દીક્ષા લીધી તે અરસામાં પણ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના હસ્તે ૨ વર્ષ પહેલા દીક્ષા લેવાનું નકકી થયું હતું. પરંતુ કૌટુંબીક કારણોસર દીક્ષા લઇ શકાઇ નહીં.

કૌટુંબીક કારણોસર બે વખત દીક્ષા મુલતવી રહ્યા બાદ અંતે ગઇકાલે દીક્ષા લઇને મોક્ષના માર્ગે આગળ વધવાની તમન્ના પુરી થઇ.

દીક્ષા ગૃહણ કરતી વખતે એકના એક પુત્રની મમતા વચ્ચે આવી અથવા મનમાં કોઇ રંજ થયો કે નહીં ? તેવા પ્રશ્નના જવાબમાં કહ્યું કે દીક્ષા ગ્રહણ કરતી વખતે મારા મનમાં કોઇ જાતનો રંજ કે ડંખ હતો નહીં. દીક્ષા ગ્રહણ કરતી વખતે મારા હૃદયમાં જે આનંદ હતો તેનું વર્ણન જ શકય નથી.

વિધિ તેમના સંસારી ધર્મપત્ની કલાવંતીબેન, સંસારી પુત્રવધુ ભાવિનાબેન, પારસભાઈ અજે પૌત્ર કેવંતે કાંબળી વહોરાવવાની વિધિ કરી હતી.

સંસારી કુટુંબીજનોના કહેવા મુજબ વડી દીક્ષા ધામધુમથી ઉજવવામાં આવશે.

સામાન્ય રીતે વૈરાગી ગૃહસ્થ કુટુંબ પરિવારની સહમતી મેળવીને ધામધુમથી દીક્ષા અંગીકાર કરે છે. પરંતુ કુટુંબ પરિવાર તરફથી સ્નેહરાગને કારણે હર્ષભેર સહમતી મળતી નથી અને સંસારના અમુક કાર્ય પતી ગયા બાદ દીક્ષા લેજો તેમ કહીને દીક્ષાના સમય ઠેલવામાં આવે છે. આવી રીતે તેમની દીક્ષા લેવાની ભાવનામાં વિલંબ થતો રહ્યો. તેમણે વિચાર્યું કે કાલની કોને ખબર છે. કોઈ અકસ્માત કે માંદગી આવી પડે તો મનની ભાવના મનમાં રહી જાય અને મોક્ષપદની પ્રાપ્તી માટે આવશ્યક એવું સાધુપણું કદાચ ન પમાય તો ? તેમનું જીવન વૈરાગીનો હતું જ. ભોજનમાં ફકત પાંચજ દ્રવ્ય વર્ષોથી વાપરતા હતા. કાયમ જિનપૂજા અને સવાર સાંજનું પ્રતિક્રમણ કરતા હતા. જે તેમનો નિત્યક્રમ હતો. ગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. સાહેબ પાસે અગાઉ દીક્ષાનું મુહુર્ત કઢાવેલ અને ત્યારે દીક્ષા લેવાના હતા પરંતુ કુટુંબ પરિવારની સહમતી સંજોગવસાત ન મળવાથી ત્યારે દીક્ષા અંગીકાર કરી શકેલ નહિ. આ વૈરાગી આત્માને સાધુપણું અંગીકાર કરવામાં વિલંબ થતો રહેવાથી ચેન પડયું નહિ અંતે દ્રઢમનોબળ કરીને ચાર દિવસ પહેલા રાજકોટ કુટુંબ પરિવારને મળી હળીને દીક્ષા લેવાના દ્રઢ નિર્ણયની જાણ કર્યા વગર શંખેશ્વર જાઉ છું. તેમ કહીને વિદાય લીધી. શંખેશ્વર તીર્થમાં દર્શન પૂજા કરીને અઠ્ઠમ તપના પચ્ચખાણ લીધા અને શંખેશ્વર પાર્શ્વનાથ સમક્ષ દીક્ષા અંગીકાર કરવાના સંકલ્પ પાર પાડવા પ્રાર્થના કરી ત્યાંથી તેઓ કલીકુંડ તીર્થ ધોળકા ગયા અને અઠ્ઠમ તપના ત્રીજા દિવસે ચતુર્વીધ સંઘની ઉપસ્થિતિમાં તદ્દન સાદાઈથી દીક્ષા અંગીકાર

(અનુ. પાન ૧૪૬૬ નું ચાલુ)

આત્મારામજી મહારાજ પણ જોધપુરમાં પહોંચ્યા.

તે જ દિવસે ઈતિહાસમાં એક મોટો અકસ્માત્ બન્યો. જોધપુરમાં આત્મારામજી પહોંચ્યા તે જ દિવસે જયપુરમાં દયાનંદ સરસ્વતી સ્વર્ગવાસ પામ્યા.

કાળબળે એક જ યુગના બે સમર્થ પુરૂષોને ભેગા પણ થવા ન દીધા. કાળને પોતાને જ જાણે કે એ સંમિલન મોંઘુ ગમતું.

બે મહારથીઓ, ભાગ્યયોગે ભેગા મળ્યા હોત તો એનું શું પરિણામ આવત તે કળી શકાતું નથી કદાચ મોટો-ચાહનાર શાસ્ત્રાર્થ થયો હોત અથવા તો બન્ને પ્રભાવશાળી પુરૂષોએ અંધશ્રધ્ધાળુઓની કંઈ નવો જ પ્રકાશ આપ્યો હોત : કોણ જાણે શું ફળ ફળત ? ※

(આત્માનંદ પ્રકાશ ૯–૧૯૯૨)

કરી. આ ખબર રાજકોટમાં મળતાં કુટુંબ પરિવાર તથા સ્નેહી સંબંધીઓ આજે વહેલી સવારે તેમના દર્શને ગયા છે અને વડી દીક્ષાનો પ્રસંગ કુટુંબ પરિવાર અને સ્નેહી જનોની ઉપસ્થિતિ થાય તેવી વિનંતિ કરનાર છે.

શ્રી રમેશભાઈ શાહના માતુશ્રીએ વર્ષો પહેલાં દીક્ષા અંગીકાર કરેલ છે. જે હાલ રાજકોટમાં વર્ધમાન જૈન ઉપાશ્રયમાં બીરાજે છે. તેમનું મૂળ વતન શિહોર છે તેમના મામા-મામી, માસી વિગેરે કુટુંબીજનોમાંથી ૨૫ ઉપરાંત આપ્તજનોએ દીક્ષા અંગીકાર કરેલ છે આ રીતે તેમની ગળથુથીમાંજ વૈરાગી બનવાના સંસ્કાર તેમને મળેલ છે. છેલ્લા વીસ વરસથી દર પૂનમે તેઓ સિદ્ધગિરિની જાત્રા કરી રહ્યા હતા ગત ચાતુર્માસ સિદ્ધગિરિની નિશ્રામાં કરેલ જ્યાં તેમણે ઉપધાન તપની તપશ્ચર્યા મુમુક્ષુઓને કરાવેલ અને પોતે ત્રીજુ ઉપધન તપ પુરું કરેલ. દર વર્ષે ચોસઠપહોરી પૌષધ કરતાં જેમાં સાધુજીવન પાળવાનું હોય છે. તે સિવાય વરસીતપ, આદિ વિવિધ તપશ્ચર્યાઓ અને સિદ્ધગિરિની નવ્વાણુ યાત્રા તેમણે કરેલ છે.

તેમના જીવનનું પ્રેરણાત્મક અને અતી મહત્વનું કાર્ય સાધુ વૈયાવચ્ચનું તેઓશ્રી કરી રહ્યા હતા. જેમાં દર વર્ષે સારી એવી રકમ અંગત રીતે વાપરવાનો લાભ તેઓ લેતા હતા. સિદ્ધગિરીમાં દવા આદિનો થેલો તેમના ખભે હોય અને સાધુ સાધ્વીજી મહારાજ સાહેબોના દર્શન કરીને તેમને જે કાંઈ ખપ હોય તે વહોરાવતા આ રીતે તેમનું જીવન એક આદર્શ શ્રાવક તરીકેનું હતું.

શ્રી રમેશભાઈએ જે રીતે દીક્ષા અંગીકાર કરી તે એક મહત્વનો યાદગાર પ્રસંગ બની રહેશે. તેમના ગુરૂદેવ ગચ્છાધિપતિ પૂ. વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. સાહેબે પણ બાળયુવાન વયમાં કુટુંબીજનોની દીક્ષા લેવાની સહમતી ન મળતાં તેમનો ત્યાગ કરી ગાંધાર તીર્થમાં અચાનક દીક્ષા લીધેલ હતી.

સુશ્રાવક શ્રી રમેશચંદ્ર કાલીદાસ શાહ શ્રી વર્ધમાન નગર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ રાજકોટ કાર્યવાહક સમિતિના અગ્રણી સભ્ય હતા તેમજ રાજકોટ મહારાજશ્રીની પાંજરાપોળની મેનેજીંગ કમિટિના સભ્ય હતા. દુષ્કાળ વર્ષમાં નિરાધાર પશુઓના નિભાવ અર્થે દાન કરેલ તેમજ મેળવી આપેલ. તેઓશ્રી વર્ધમાન નગરમાં આવેલ સમજુબેન રાયચંદ આંબેલ ભવનના ટ્રસ્ટી હતા. તેઓશ્રીએ સમતેશિખર આદિ અનેક જૈન તીર્થોની યાત્રા કરેલ છે. તેમજ દેરાસરજીમાં જિનપ્રતિમાજી તેમના તરફથી પધરાવેલ છે. પ. પૂજ્ય વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબના અનન્ય અનુયાયી છે કે જેમનો સતત ઉપદેશ એ જ રહ્યો છે કે સંસારનું સુખ ભૂંડુ છે અને ભવભ્રમણ કરાવનારૂં છે તે હૈયામાં બેસે નહિ ત્યાં સુધી ભગવાનની આજ્ઞા

મુજબનો ધર્મ સાધી શકાતો નથી. આ જ્ઞાની મહાપુરૂષનાં ઉપદેશ શ્રવણથી તેમના જીવનમાં અગત્યનો ભાવ ભજવેલ છે.

પૂ. મુ. શ્રી ઋજુદર્શન વિજયજી મ.ની વડી દીક્ષા

અમદાવાદ લક્ષ્મી વર્ધક જૈન ઉપાશ્રય પાલડીમાં પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત-સૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત-વિજયજી મ. ની નિશ્રામાં પૂ. મુ. શ્રી ઋજુદર્શન વિજયજી મ. ની વડી દીક્ષા જેઠ વદ–બીજના થઇ હતી. આ પ્રસંગે રાજકોટથી ૩૦૦ ભાવિકો પધાર્યા હતા રાજકોટના જિનેન્દ્ર ભક્તિ મંડળે 'આ છે અણગાર અમારા' ગીત ગાયુ હતુ મુ. શ્રી જી ભાઇના પૌત્ર દર્શનકુમારે (ઉ. વ. ૧૦) દાદામ.નો ગદ્‌ગદ કંઠે પરિચય કરાવ્યો. હતો.હોલ ભરાયેલો હતો એ બહાર પણ ઘણા ઉભા હતા સૌ ભાવ વિભોર બન્યા હતા. નૂતન મુનિશ્રી તથા ત્રણ નૂતન સાધ્વીજીની વડી દીક્ષા વિધિ થઇ હતી બાદ પૂ. શ્રી હિતશિક્ષા આપી હતી અંતે ઋજુદર્શન વિ. મ. ના સંસારી સ્વજનો તરફથી ૪૩ રૂા. નું નૂતન સાધ્વીજીના સ્વજનો તરફથી ૧૦ રૂા. નું એમ ૫૩ રૂા. નું સંઘપૂજન થયું હતુ બપોરે મંડળે પંચકલ્યાણક પૂજા રંગથી ભણાવી હતી પ્રભુજીને ભવ્ય અંગ રચના થઇ હતી અહીંના સુંદર ઉલ્લાસથી લાભ લીધો હતો પ્રસંગ યાદગાર બન્યો હતો.

પૂ. મુશ્રી મોક્ષરતિ વિ. મ. પૂ. મુશ્રી તત્વદર્શન વિ. મ. તથા નુતન મુનિશ્રીનો સાબરમતી શેઠશ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં ચાતુર્માસ પ્રવેશ થયેલ છે.

પૂજક પણ પૂજ્ય બને છે.

કારાવ્ય પ્રતિમાં જૈનીં પૂજયન્તિ દિવાનીશમ્ !
યે જનાસ્તે દ્રુતં પૂજ્યા ભવન્તિ મહતામપિ !!

જે ધન્યાત્માઓ, શ્રી જિનેશ્વરદેવની તારક પ્રતિમાને ભરાવીને અને વિધિપૂર્વક તેની હંમેશા પૂજા કરે છે તેઓ મોટાઓના પણ જલ્દીથી પૂજ્ય બને છે. અર્થાત્ પૂજક સ્વયં પૂજ્ય બની જાય છે અને સમ્યગ્દૃષ્ટિ દેવાદિ ઇન્દ્રો પણ તેની પૂજા કરે છે.

સદ્‌ગતિ સુલભ છે

નાણંનિયમગ્ગહણં નવકારો નયરઇ અ નિદ્ઢા !
પઞ્ચયવિભૂસિઆણં ન દુલ્લહા સુગઇ લોએ !!

સમ્યક્‌જ્ઞાન, નિયમોનું ગ્રહણ, શ્રી નવકાર મહામંત્રનું ધ્યાન, ન્યાયપ્રિયતા અને ધર્મમાં જ નિષ્ઠા : આ પાંચ 'ન'થી વિભૂષિત આત્માઓને, આ લોકમાં સદ્‌ગતિ દુર્લભ નથી અર્થાત્ સુલભ છે.

જૈન રામાયણના પ્રસંગો

(પ્રસંગ-૫)

—શ્રી ચંદ્રરાજ

હમ સર ઝુકા સકતે નહિ.

તારા માલિકને જઈને કહે જે કે–"વાલી કહેવડાવે છે કે, દેવ તરીકે સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા અને સુગુરૂ તરીકે વીતરાગ પરમાત્માના નિર્ગ્રંથ સાધુ ભગવંત સિવાય, વાલી માટે આ જગતમાં અન્ય કોઇ સેવવા લાયક હતું નહિ, છે નહિ અને હશે પણ નહિ."

કિષ્કિંધાનરેશ આદિત્યરજસ્ મહારાજા તો પ્રચંડ શક્તિશાળી વાલીને કિષ્કિન્ધાનું રાજ્ય સોંપી, દીક્ષા ગ્રહણ કરીને તપશ્ચર્યા તપતા તપતા મોક્ષે ચાલ્યા ગયા હતા.

કોઇક અવસરે પ્રૌઢપ્રતાપી, શક્તિશાળી વાનરેશ્વર વાલી રાજાની વાત રાવણના સાંભળવામાં આવી. સૂર્યની જેમ અન્યના પ્રતાપને સાંખી નહિ શકનારા રાવણે વ્યવસ્થિત તૈયાર કરીને એક દૂતને વાલીરાજ તરફ મોકલ્યો..

કિષ્કિંધાનરેશ વાલીરાજને નમસ્કાર કરીને ધીર વાણીવાળા દૂતે કહ્યું–'હે રાજન્! હું દશકંધરનો દૂત છું. તેણે કહેવડાવેલો સંદેશો સાંભળો.'

"શરણાગત અમારા 'કીર્તિધવલ' નામના પૂર્વજના શરણે તારા 'શ્રીકંઠ' નામના પૂર્વજ શરણાગત બનીને આવેલા હતા, શરણાગત બનેલા પોતાના સાળા શ્રીકંઠનું અમારા પૂર્વજે શત્રુથી સંરક્ષણ કરીને વાનરદ્વીપમાં તેને સ્થાપન કર્યા હતા. ત્યારથી માંડીને હે રાજન્! તારા અને અમારા પૂર્વજો વચ્ચે પરસ્પર સેવ્ય સેવક ભાવનો સંબંધ ચાલ્યો આવ્યો છે. તારા 'કિષ્કિંધિ' નામના પિતામહ અમારા પ્રપિતામહ "સુકેશ" ના શરણાગત બનેલા હતા. અને ત્યારપછી આદિત્યરજસ્ કે જે તમારા પિતા છે, તેમને તો જે રીતે ઇન્દ્રના દિગ્પાળ યમરાજની સાત સાત નરકની વેદનામાંથી મેં બહાર કાઢયા છે, તે તો જગત આખુ જાણે છે. અને (જે ગાદી ઉપર આજે તું બેઠો છે તે) કિષ્કિંધાની રાજ્યગાદી ઉપર પણ મેં જ તેમને સ્થાપિત કર્યો છે તે પણ જગપ્રસિદ્ધ છે. તું, તે આદિત્યરજસ્નો નયવાન્ પુત્ર છે. તો તારા પૂર્વજોની જેમ જ તું પણ તારા સ્વામી તરીકે અમારી સેવા કર."

શક્તિશાળીના સ્વમાનને જીવતું સળગાવી દેનારા આ શબ્દો હતા. આ શબ્દો સાંભળીને ક્રોધાયમાન થઇ ચૂકેલા હોવા છતાં, ક્રોધનો ભાવ જરાય ન દેખાય તેમ ગંભીર વાણીથી વાલીમહારાજે બળતો જવાબ આપતા કહ્યું કે–"રાક્ષસ અને વાનરરાજના આજ સુધી પરસ્પર અખંડ રહેલા સ્નેહસંબંધને હું જાણું છું. સંપત્તિ અને વિપત્તિમાં પૂર્વે અન્યોન્યને સહાયતા કરી

છે તેમાં સ્નેહ જ કરણ છે, નહિ કે સેવ્ય સેવક ભાવ.”

(“દૂત તું જઇને તારા રાજાને કહે જે કે–)” દેવ તરીકે સર્વજ્ઞશ્રી અરિહંત પરમાત્મા અને સુગુરૂ તરીકે સાધુ ભગવંત સિવાય વાલીને માટે આ જગતમાં કોઇ સેવ્ય હતુ નહિ, છે નહિ, હશે પણ નહિ. દેવ તથા ગુરૂ સિવાય અન્ય કોઇ વ્યક્તિને સેવ્ય તરીકે હજી અમે જાણી નથી. તારા સ્વામીને સેવ્ય બનવાનું આ ગાંડપણ કયાંથી વળગ્યુ છે ?

“પોતાની જાતને સેવ્ય સમજતા, અને અમને સેવક સમજતા તેણે કુલક્રમથી ચાલ્યા આવેલા સ્નેહગુણને ખંડિત કર્યો છે. ખેર” મિત્રકુળમાં પેદા થયેલા પોતાની શકિતની સમજ વગરના તે રાવણને જો કે કે હું તો સામે ચાલીને કશું નહિ કરૂં, પણ... તે જો મારૂં કંઇ પણ બગાડવા જશે તો તેનો પ્રતિકાર હું જરૂર કરીશ. પૂર્વના સ્નેહવૃક્ષને ઉખાડી નાંખવામાં મારે અગ્રેસર નથી થયું.”

જા, તારા રાજાથી જે થાય તે કરી લે.”

દૂતે જઇને દશકંધરને આ વાત કરી. અને સાંભળતાં જ રાવણ રોષથી નખશિખ સળગી ઉઠયો. તે જ ક્ષણે વાલીને વાળી દેવા (નચાવી દેવા) સૈન્ય સહિત રાવણ કિષ્કિન્ધા ઉપર ચડાઇ લઇને આવ્યો.

આ બાજુ ભુજાના ઓજસથી શોભતા શકિતશાળી વાલીરાજ પણ સંગ્રામ માટે તૈયાર થઇને કિષ્કિન્ધાના રણક્ષેત્રમાં આવ્યા.

યુદ્ધની ભેરી વાગી. અને બન્ને પક્ષે ખૂંખાર યુદ્ધ શરૂ થયુ. જોતજોતામાં બન્ને પક્ષની ખુવારી થવા લાગી. સેંકડો રથો શેકેલા પાપડની જેમ ચૂરાઇ ગયા. માટીના પિંડની જેમ મોટા પણ મતંગજો (હાથીઓ) ભેદાઇ ગયા. કોળાની જેમ ઠેક–ઠેકાણે ઘોડાઓ હણાઇ ગયા. સૈનિકો ભૂમિ ઉપર પટકાવા લાગ્યા.

સગી આંખે પ્રાણીઓનો આ સંહાર દયાળુ વાનરેશ્વર વાલીરાજથી જોઇ ના શકાયો. જલ્દીથી તેણે દશાનન પાસે જઇને કહ્યુ,

“વિવેકીને પ્રાણીમાત્રનો પણ વધ યોગ્ય નથી. તો હાથી આદિ પંચેન્દ્રિયની તો વાત જ શું કરવી ? જો કે શત્રુને જીતવા માટે આ પ્રાણીનો વધ છે. પણ વીર પુરૂષો તો પોતાના જ બાહુબળથી વિજય ઇચ્છતા હોય છે. તું શકિતશાળી છે, શ્રાવક પણ છે. તેથી ચિરકાળ માટે નરક દેનારા આ અનેકપ્રાણિ સંહારને છોડી દે.”

વાલીના આ વચનો સાંભળીને ધર્મવિદ્, સર્વપ્રકારના યુદ્ધના વિશારદ રાવણે સૈન્ય-યુદ્ધ અટકાવીને પોતાના શરીરથી જ યુદ્ધ કરવાનો આરંભ કર્યો.

રાવણે જેટલા જેટલા શાસ્ત્રો, મંત્રાસ્ત્રો ફેંકયા, વાલીએ માત્ર તેનો પ્રતિકાર જ કર્યો. શસ્ત્રો અને મંત્રાસ્ત્રો નિષ્ફળ જતાં ક્રોધાયમાન બનેલા રાવણે દિવ્યશકિતશાળી ભયંકર ચંદ્રહાસ ખડ્ગને સ્થાનમાંથી ખેંચ્યુ. અને વાલિને ખલાસ કરી નાંખવા ચંદ્રહાસ ઉગારીને રાવણ વાલી તરફ દોડયો.

વાલીના માથાને રણભૂમિ ઉપર રગદોળવા ચંદ્રહાસ ખેંચીને દોડતા આવતાં રાવણને વાલીએ જોયો. અને નજીક આવેલા તે રાવણને વાલીરાજે રમતમાં જ ડાબા હાથથી ઝડપી લઈને બગલમા દડાની જેમ ભરાવી દીધો. અને બગલમાં ભરાવી રાખીને જ અદ્ભવીર્યશાળી વાલીરાજે ક્ષણમાં જ ચારેય સમુદ્રની પ્રદક્ષિણા કરી. અને પછી. રણભૂમિ ઉપર આવીને શરમથી નમી ગયેલા માથા વાળા દશકંધરને જીવતો જ છોડી મૂકીને વાનરેશ્વર વાલીરાજે ચોખ્ખે ચોખ્ખુ કહ્યું કે...' ત્રૈલોકયપૂજિત, સર્વજ્ઞ, આપ્ત અરિહંત શ્રી વીતરાગ પરમાત્મા સિવાય મારૂ આ માથુ કયારેય કયાંય નમ્યુ નથી, નમતુ નથી, નમશે પણ નહિ. મારા સ્વામી બનવાના જે ઘમંડના ઝારણે તારી આ દશા થઇ તે તારા માનકષાયને ધિક્કાર છે. મારા પ્રણામની ઇચ્છા રાખનારો તું આ દશા પામ્યો. "

"પૂર્વના ઉપકારોને યાદ કરીને મેં આજ તને જીવતા છોડયો છે. જા. આ પૃથ્વિનું રાજય તને સોંપુ છું બાકી જગતને જીતવાની ઇચ્છાવાળો હું જીવતો હોઉ અને આ પૃથ્વિ તારી બને બે ત્રણ કાળમાં ન બને રાવણ! જે વનમાં કેસરી સિંહ જીવતો જાગતો બેઠો હોય ત્યાં હાથીનું જીવન કેવલું ?"

"સંસારથી વૈરાગ્ય પામેલો હું તો મોક્ષ સામ્રાજ્યના કારણભૂત દીક્ષાનો સ્વીકાર કરીશ. પણ જા, કિષ્કિંધામાં મારોભાઇ સુગ્રીવ તારી આજ્ઞા પ્રમાણે રાજય કરશે. બસ."

આટલું કહી સુગ્રીવને કિષ્કિન્ધા ઉપર સ્થાપન કરીને વાનરેશ્વર વાલીરાજે સ્વયં ગગનચંદ્રર્ષિ પાસે વ્રત સ્વીકાર્યું અને કઠોર ઘોર તપશ્ચરણ આચરતા આચરતાં પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા.

આ બાજુ સુગ્રીવે પોતાની બહેન સુપ્રભાને રાવણ સાથે પરણાવી પૂર્વના સ્નેહવૃક્ષને પલ્લવિત કર્યું. અને વાલીપુત્ર ચંદ્રરશ્મિને યુવરાજ પદે સ્થાપન કર્યો.

શરમિંદો બનેલો રાવણ લંકા તરફ ગયો.

રાવણને પરાજીત કરીને વાલીરાજે કહેલુ કે-

વીતરાગં સર્વવિદમાસં
ત્રૈલોકયપૂજિતમ્!
વિનાર્હંતં ન મે કશ્ચિન્નમસ્યોઽસ્તિ
કદાચન !!

વીતરાગ, સર્વજ્ઞ, આપ્ત, ત્રૈલોકયપૂજિત શ્રી અરિહંત પરમાત્મા સિવાય બીજું કોઇ મારે કયારે પણ કોઇપણ નમસ્કરણીય (હતુ નહી) છે નહિ, (હશે પણ નહિ)

બધા ધર્મોનો સાર-અહિંસા

અહિંસા ધર્મ – અમર રહો.
જીવદયા ધર્મ – અમર રહો.
કરૂણા ધર્મ – અમર રહો.
મૈત્રી ધર્મ – અમર રહો.
વિશ્વમૈત્રી ધર્મ – અમર રહો.
સત્યધર્મ – અમર રહો.
સદાચાર ધર્મ – અમર રહો.

(જીવદયા પુકાર)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- જૈન શાસન જાણે તેને દુનિયાના સુખની પરવા ન હોય અને દુઃખની ચિંતા ન હોય. ગમે તેવા સંયોગોમાં તે શ્રી જૈન શાસનથી વિપરીત વાતમાં હા પાડે નહિ!
- સંસારના સુખના મુખ્યા આરાધના કરે તો તે આરાધક નથી પણ તે તો લુંટારા લોકો છે.
- આવેશ આવે તો બોલવું નહિ. નહિ તો જૂઠ બોલાયા વગર રહે નહિ.
- તમને સુધારવા છે પણ અમારૂં રાખીને-સાચવીને, અમારું ભગાડીને તમને જરાય સુધારવા નથી.
- સમ્યક્ત્વ-ભગવાનનું-શાસન જે જાણે તે જાતને ભૂલી જાય છે, શાસનને જ પ્રધાન માને છે. સંસારના સુખની તેને ઝાઝી કિંમત હોતી નથી, દુઃખની ગભારામણ હોતી નથી. તેના મન-વચન અને કાયાના યોગ શાસનને જ સમર્પિત હોય છે.
- શ્રાવકપણું એટલે રાગના સંયોગમાં પણ રાગથી આઘા રહેનારા જીવો! દ્વેષની જગ્યામાં રહી દ્વેષથી આઘા રહેનારા જીવો.
- ભગવાનનો શ્રી સંઘ એટલે યુક્તિમાર્ગમાં ફૂચ કરનારા જીવો!
- અનંતજ્ઞાનની દૃષ્ટિએ આખો સંસાર કયા પાત્ર છે, ગાંડો છે, ગાંડો માણસ ખ્યાલ વિનાં ગાંડપણ કરે છે. સંસારી જીવો મોહથી ગાંડપણ કરે છે.
- દુઃખ ન ગમે, દુનિયાનું સુખ ગમે તે અવિરતિ, સાધુપણું લેવાનું મન ન થાય અને ઘરમાં રહેવાનું મન થાય તે ય અવિરતિ!
- સંસાર જેને ન ગમતો હોય, સંસાર જેને ન ગમતો હોય, સંસારનો ઉચ્છેદ કરવાનું મન હોય તે જીવ દીક્ષા માટે લાયક કહેવાય.
- મંદિરમાં ભગવાન તે જ પધરાવે, જેના હૈયામાં ભગવાન વસ્યા હોય અર્થાત્ ભગવાનની આજ્ઞા વસી હોય.
- ધર્મ સોદાગિરિ માટે કરવાનો નથી પણ આત્માના નિસ્તાર માટે કરવાનો છે.
- સંસાર અને ધર્મને વિરોધ છે. સંસાર ઉપર દ્વેષ ન આવે ત્યાં સુધી ધર્મ ઉપર પ્રેમ થાય નહિ.
- આપણે ત્યાં શ્રી જૈન શાસનમાં અમારી કે તમારી જે ક્રિયાઓ છે તે સર્વવિરતિનો પરિણામ પેદા ન થયો હોય તો તે પરિણામ પેદા કરવા માટે છે. અને કદાચ તે પરિણામ પેદા થયો હોય તો તેને ટકાવવા માટે અને સુરક્ષિત કરવા માટે છે.

'દિવ્ય દર્શન' ને વિનંતિ

શ્રી કાંતિલાલ મુખલાલ શાહ, મુંબઈ

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઇ સંચાલિત 'જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા' ના માર્ચ એપ્રિલ, ૧૯૯૩ના અંકમાં તંત્રીસ્થાનેથી લખાયેલા, માનાર્હ સંપાદક શ્રી કાંતિલાલ સુખલાલના લેખમાં પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને ભાવભરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. એ તંત્રી લેખનો થોડો ભાગ એક વાચકે અમારી પર મોકલ્યો છે. જે અહીં રજૂ થઇ રહ્યો છે. આ ટકોરાત્મક તંત્રી લેખનો યોગ્ય જવાબ 'દિવ્ય દર્શન' દ્વારા વહેલી તકે પ્રગટ થાય, એવી અપેક્ષા સાથે, આનું પ્રકાશન પ્રસ્તુત છે. સંપા.

જ્યારે 'દિવ્ય દર્શન'ની વાત નીકળી ત્યારે એક વાત લખવી રોકી શકતો નથી અને તે હાલમાં થોડા જ વખત થયા તેમાં આવતા સંક્ષિપ્ત સમાચાર! શરૂમાં એક-બે વખત તો થયું કે પ્રેસવાળાએ ભૂલથી બીજાની મેટર આમાં લઈ લીધી હશે પરંતુ હવે આ નિયમીતપણે આવતા જોઈ ઘણું જ આશ્ચર્ય થાય છે. આટલા શ્રેષ્ઠ કોટિના ધાર્મિક પત્રમાં આવી રાજદ્વારી અથવા કોઇક વખત સામાજીક સમાચારવાળી કોલમ મૂકવાની શું જરૂર પડી હશે? એમ મને તથા અન્ય મિત્રોને લાગેલ છે. અન્ય આપણા દરેક ધાર્મિક મેગેઝીનોમાં પણ સમાચાર તો જૈન જગતને લગતા જ હોય છે. તો આમ થવાનું કારણ શું? અને કઇ રીતે આ કોલમ અમને હરકત કરે છે તે અનુભવથી સ્પષ્ટ જણાવું તો મહાત્માઓના ત્યાગ અને વૈરાગ્યસભર રત્નચિંતામણીસમા ઉપદેશોનું વાચન કરતાં કરતાં ઘણું જ નિર્મળ અધ્યવસાયોમાં ગરકાવ થઇ જવાય છે અને ત્યાં જ આ કોલમ પર નજર પડતા પાછુ વાતાવરણ બદલાઈ જાય છે અને અધ્યવસાયો ઉલ્ટી દિશામાં વહન કરે છે. સામાયિક કરતી વખતે દિવ્યદર્શનમાં આવતા ધનપાલ ચરિત્ર અને આવા અન્ય પ્રસંગના સ્વાધ્યાય વખતે તમને અરિહંત પરમાત્મા પ્રત્યે એટલો બધો અહોભાવ, ગદ્‌ગદ્‌ભાવ અને ભક્તિભાવ જાગૃત થાય છે કે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. અને આ કારણે સામાયિકો જાણે કે ચોથા આરામાં થતી હોય તેવું વાતાવરણ ખડું થાય છે.

શ્રી કુમારભાઇની કાર્યશક્તિ માટે અમને અત્યંત આદર અને માન છે. એટલે કોઇ અગમ્ય કારણસર કદાચ આ કોલમ શરૂ કરી હશે તેમ બને તેમ છતા પણ અમો નમ્ર વિનંતી કરીએ છીએ કે આટલા ઉચ્ચ કોટિના આધ્યાત્મિક મેગેઝીનમાં આવી રાજદ્વારી–સામાજિક કોલમ ન આવે તો સારૂ! અસ્તુ!

જૈન શાસનના ૬ ઠ્ઠા વર્ષના પ્રારંભે

'આણા એ ધમ્મો' - વિશેષાંક

આ વિશેષાંકમાં (૧) જિન આજ્ઞા મુજબ જ્ઞાન દર્શન ચારિત્ર પાળીને આત્મ-કલ્યાણ સાધનારા આરાધકોના પ્રસંગો (૨) જિન આજ્ઞાના સ્વરૂપના ઉપદેશો (૩) જિન આજ્ઞા મુજબ સમ્યગ્ જ્ઞાન આદિની સાધનાના ઉપદેશો વિ. લેખો મોકલવા પૂજ્ય આચાર્યદેવાદિ પૂજ્ય મુનિવરો, પૂ. સાધ્વીજી મ. તથા સાધર્મિક ભાઇ બહેનોને નમ્ર વિનંતિ છે. લેખ મોકલવા વિલંબ ન કરશો.

વિશેષાંક પ્રગટ થશે.

૨૦૪૯ શ્રાવણ વદ ૦)) મંગળવાર તા. ૧૭-૮-૯૩

આ વિશેષાંકમાં સહયોગી બનવા વિનંતિ

શુભેચ્છક સહાયક રૂા. ૫૦૦ :: શુભેચ્છક રૂા. ૧૦૦

શુભેચ્છક તથા શુભેચ્છક સહાયકને એક વર્ષ એટલે ૪૮ અંકો લેટ આશે.

આ વિશેષાંકમાં શુભેચ્છક જાહેરાતો

એક પેજ રૂા. ૫૦૦	અડધું પેજ રૂા. ૩૦૦	૧/૪ પેજ રૂા. ૧૫૦
ટાઇટલ ૪ રૂા. ૪૦૦૦ હજાર	ટાઇટલ ૨ રૂા. ૩૦૦૦ ::	ટાઇટલ ૩ રૂા. ૨૭૦૦

આપના તરફથી શુભેચ્છક સહાયકો તથા શુભેચ્છકો તથા શુભેચ્છા જાહેરાતો વહેલી તકે મોકલી આપવા વિનંતિ છે.

તા. ૧-૮-૯૩ સુધી લેખો મોકલી આપવા વિનંતિ છે.

જૈન શાસનના માનદ્ શુભેચ્છકો તથા સહાયકોને વિનંતિ છે કે આપ આપના વર્તુલમાં વહેલાસર શુભેચ્છક સહાયકો તથા શુભેચ્છકો નોંધીને મોકલી આપશો. દર વખતની જેમ આ વખતે પણ સહાયક બનશો.

ગત વર્ષમાં પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને શ્રદ્ધાંજલિ આપતાં ત્રણ ત્રણ વિશેષાંકો આપ્યા છે જે જૈન જગતની શ્રેષ્ઠતમ વિગત છે. આપ જૈન શાસન આપનું સમજી વહેલાસર પ્રચાર શરૂ કરશો.

આ અંગેની પહોંચો છપાઈને માનદ્ પ્રચારકોને મોકલેલ છે.

જૈન શાસન કાર્યાલય

C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર)

શાસન સમાચાર

નિપાણી— પરમારાધ્યપાદ તાતપાદ સ્વ. પરમગુરૂદેવશ્રી આદિ તારક ગુરૂદેવોની પાવની કૃપાથી પૂ. આચાર્યદેવશ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વર મ. પૂ. ગણિવર્ય શ્રેયાંસ પ્રભ વિ. મ. આદિ મુનિગણ શાતામાં છે. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજની કૃપામથી આજ્ઞાનુસાર કર્ણાટકના ગોકાક શહેરમાં ચાતુર્માસ નિર્ણિત થયું છે, અત્રેથી લગભગ ૬૦ કી.મી. છે તેથી હાલ અત્રે સ્થિરતાનો સંભવ છે. ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ–૧૦ સોમવાર તા. ૧૪-૬-૯૩ ના વહેલી સવારે કરવા પૂજયશ્રીજી તરફથી નિર્દેશ મળ્યો છે.

શ્રી કુંભોજગિરિમાં ભવ્ય મહોત્સવ પૂર્વક દીક્ષિત થયેલા સુ. માંગીલાલજી મુનિ શ્રી સૌમ્ય દર્શન વિજયજી તરીકે સુન્દર આરાધના કરી રહ્યા છે, વૈશાખ વદ–૧૦ ના મંગળ મૂહુર્તે અત્રે ઉલ્લાસથી વડીદીક્ષા વિધિ થઇ અને સિદ્ધાંત મહોદધિ સ્વ. પરમ ગુરૂદેવ પૂ. આ. ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ૨૫મી વાર્ષિક પુણ્ય તિથિનો પ્રસંગ વૈ. વ. ૧૧ના ઉજવાયો બન્ને દિવસે ક્રમસર નૂતન દીક્ષિતના સંસારી પુત્ર તરફથી અને અત્રેના શ્રીસંઘ તરફથી પૂજા–પ્રભાવના ભવ્ય અંગરચના અને સંઘ પૂજન આદિ થયું તથા વૈ. વદ–૧૪ ના તરણ-તારણ જહાજ સ્વ. પરમ ગુરૂદેવશ્રીજી ના ૨૨માં માસિક પુણ્યદિને પણ ગુણાનુવાદ પ્રવચન થયું, નુતન દીક્ષિતના સુપુત્ર તરફથી સંઘપૂજન આંગી આદિ ઉજવણી થઇ.

ગોકાક— અત્રે પૂ. આ. શ્રી વિજય વિચક્ષણસૂરીશ્વરજી મ. તથા પ્રવચન કુશળ પૂ. ગણિવર્ય શ્રી શ્રેયાંસ પ્રભવિજયજી મ. આદિ ઠા. નું અત્રે ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ–૧૦ ના ઠાઠથી પ્રવેશ થયેા ૨॥ કલાક સામૈયું કર્યું સ્વાગત ગીત વિ. થયા ગુરૂપૂજનના ૧૦૧ હજાર કામળી વહોરાવવાના ૫૧ હજાર અને ૩૧૧ રૂા. નું સંઘપૂજન થયું બંને ટાઇમ નવકારશી કોલ્હાપુર આદિ થી ૧૫૦ જેટલા ભાવિકો પધારેલા ઉત્સાહ ખૂબ હતો બજારો બંધ રહી હતી.

મહારાષ્ટ્રમાં વિહાર અને પ્રભાવના

પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી અક્ષય વિજયજી મ. આદિ ઠા. ચે મુંબઇથી પૂના ચૈત્રવદ ૧ના વિહાર કર્યો ત્યાં મુમુક્ષુ લલિતાકુમારીને દીક્ષા પ્રદાન કરવા જવાનું થયેલ. શાન્તિ સ્નાત્ર સહ ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉદારતા પૂર્વક ઉજવાએલ. વર્ષીદાનમાં પણ લખલૂટ આપ્યું. વૈ. સુ. ૩ના દિને દીક્ષા આપીને સા. શ્રી અક્ષયરત્નાશ્રીજી નામ સ્થાપન કરીને સા. શ્રી દીવ્યપ્રજ્ઞા શ્રીજીના શિષ્યા તરીકે જાહેર કર્યા

(વાગડ સમુદાય સા. શ્રી ચંદ્રાનના શ્રીજી ગૃપના) પૂનાથી વૈ. સુ.-૧૩ ના વિહાર કરી મંચર-જુન્નર-ઓતુર-સંગમનેર આદિ સ્થળોને લાભ આપી જેઠ સુદ-૫ના નાસિક સ્વાગત સહ આવવાનુ થયું. પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની તારક આજ્ઞા આશીર્વાદથી ચાતુર્માસ માલેગામના બદલે નાસિક નિશ્ચિત થયું. ઘણો ઘણો નાસિક સંઘનો આગ્રહ થયો. નાસિકના સંઘે મહા મુશ્કેલીએ માલેગામના સંઘને મનાવ્યો.

જેઠ વદ-૨ ના દિને ચોમાસાની જય બોલાવવા પ્રસંગે શ્રી સંઘ બેન્ડવાજા રાખેલ. જય બોલાવ્યા બાદ ૧૫-૧૫ રૂા. થી સંઘપૂજન થયેલ.

જેઠ વદ-૩ ના સર્વોદયનગર ગયા. ત્યાંથી સુમતિસોસા. મહાવીર સોસા. અ. સુ. ૭ સુધી સ્થિરતા કરી પ્રવચનમાં ચિકકાર સંખ્યા થતી અને રોજ સંઘપૂજનો થતાં.

અષાઢ સુદ ૮ના શ્રી સંઘના ભારે આનંદ ઉત્સાહ સાથે ચાતુર્માસનો ભવ્ય પ્રવેશ થએલ. પ્રવચન અંતે ગુરૂપૂજનની બોલી સારી થઇ. અને સંઘ તરફથી ફામળી વોહરાવી અને ૨૯-૨૯ રૂપિયાથી સંઘ પૂજન થએલ. સંસારી કુટુંબીજનો તરફથી સાધર્મિક ભક્તિ થએલ. લગભગ ૧૫૦૦ ની સંખ્યા હતી આ શુભ પ્રસંગે મુંબઇ ખંભાત-અમદાવાદ ઈંચલકરંજી નગર પૂના સંગમનેર આદિ ગામોથી ભાવુકો પધારેલ અત્રેના ભાવુકો કહે છે કે પ્રથમવાર જ આટલી સંખ્યામાં અને સંઘ પૂજન આદિ થએલ છે.

નવાખલ (ખેડા) જેઠ સુ-૧ તા. ૨૨-૫-૯૩ રવિવારે પ. પૂ. મહ તપસ્વી આચાર્યદેવશ્રી રાજતિલકસૂરીશ્વરજી મ. સા. અને પ. પૂ. ગચ્છાધિપતિ આ. શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાના આગમનથી આનંદ-ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું. આઠ ઘર જૈનના એવા નાના સંઘ નવાખલ જિ. ખેડામાં પૂજ્ય ગુરૂદેવો ના આગમને દેશી વાદ્યથી સામૈયું, ગહુંલીઓ, ચૈત્યદર્શન-સમૂહ ચૈત્યવંદન વખતે પ્રભાવના સુંદર થઇ.

પૂજ્ય ગુરૂદેવોના નવાખલ ગામે આગમનના દિવસે ગામના ૨૦૦ જૈનેતરો ને ઘર ગોળના પેકેટોની પ્રભાવના પૂ. બન્ને આચાર્યદેવોના નામસહની પત્રિકા સાથે શ્રી જૈન શાસન સેવાગણ, વડોદરા તરફથી થએલ.

પ્રસિદ્ધ વકતા- ૧૦૦ ઓળીજીના આરાધક પૂ. મુનિરાજશ્રી કીર્તિયશ વિજયજીના વ્યાખ્યાનમાં જિનવાણીના શ્રવણથી સહુકોઇ ભાવ વિભોર બન્યા. વ્યાખ્યાન પછી તુર્ત જ પૂ. પા. ગુ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની પ્રતિકૃતિ પધરાવી ગુરૂગુણ સ્તુતિ શ્રી શરદભાઇ અને કુમારપાલ કાપડીયાએ ભાવવાહી કરાવેલ.

રૂા. ૫૦૧- ની બોલી બોલી શ્રી શરદભાઇએ પ્રતિકૃતિનું નવાંગી ગુરૂપૂજન અને રૂા. ૫૦૧- બોલી શ્રી કીર્તિપાલ કાપડીયા ના માતુશ્રી આદિ પરિવારે પૂ. મહોદય સૂરીશ્વરજી મ. સા. નું નવાંગી ગુરૂપૂજન ચાંદીની લગડીઓથી કરેલ છ દીક્ષાર્થીઓ

નું બહુમાન લગડી અને શ્રીફળથી શ્રી શરદભાઇએ, તપસ્વીઓનું બહુમાન લગડી પૂજાનેડી સાથે શ્રી શાસન સેવાગણ વડોદરાના તરફથી કરાયેલ.

પૂજયોનું ગુરૂપૂજન અને રૂા. ૬૫- નું સંઘ પૂજન, પેંડાની પ્રભાવના થયેલ.

પૂ. આ. શ્રી રાજતિલકસૂરી. મ. સા. ઉમેટા યાત્રા કરી નવાખલ સાંજે પધારતા સામૈયા સહ પ્રવેશ અને લગડીઓથી ગુરૂપૂજન આનંદમય વાતાવરણમાં થયું.

શ્રી સંઘ તરફથી બન્ને ટાઇમ નવકારશી થયેલ. બહારગામથી પધારેલ ભાવિકોની ભકિત ઉલ્લાસ-ઉમંગથી કરાયેલ.

આમ પૂજ્ય ગુરૂદેવોના આગમનથી નાના એવા નવાખલ ગામમાં શાસનનો મહિમા વ્યાપક બન્યો.

જૈન જૈનેતરમાં શાસનની પ્રભાવના સુંદર થઇ.

હ્યાડગી (કર્ણાટક)- પૂ. આ. શ્રી અશોકરત્નસૂ. મ. ઠા.૫ પૂ સા. શ્રી હર્ષગુણા શ્રીજી મ. ઠા. ૬ ની નિશ્રામાં જેઠ સુદ ૨ ના પૂ. સ્વ. આ. ભુવનતિલકસૂ. મ. ની ૨૧મી પૂણ્ય તિથિ અને પૂ. સા.શ્રી અરિષ્ઠરત્ના શ્રીજી મ. ની વડી દીક્ષા નિમિત્તે શ્રી ઉવસ્સગ્ગ હરં પૂજન અઢાર અભિષેક અને શ્રી શાન્તિસ્નાત્ર મહોત્સવ સાહ પાંચ દિવસનો મહોત્સવ ઉજવાયો જેઠ સુદ-૨ ના નૂતન સાધ્વીજી મ. ની વડી દીક્ષાની વિધિ થઇ પછી પૂ સ્વ. આચાર્ય ભગવંતના ગુણાનુવાદ થયા. બન્ને સમયનું સાધર્મિક વાત્સલ્ય થયું હતું પૂ. આ. મ. પૂ. સા. મ. આદિને કાંબલ વ્હોરાવી હતી. જીવ દયાની ટીપ સારી થઇ હતી. ચિત્રદુર્ગવાલા શ્રી સુરેશભાઇએ વિધાનો કરાવ્યા હતા પૂજા ભકિત માટે મુંબઇથી અશોકકુમાર ગેમાવટ આવ્યા હતા. પૂ. આ. મ. રાણેબ્બુર જેઠ સુદ-૫ ના સસ્વાગત પધાર્યા છે સ્થિરતા કરશે પૂ. સા. મ. પણ રાણેબેન્નુર પધારી સ્થિરતા કરી હોસોટ ચાતુર્માસાર્થે પધારેલ. પૂ. આ. મ. અષાઢ સુદ-૩ ના હાવણુગેરે ચાતુર્માસાર્થે પ્રવેશ કરેલ.

ખંભાત- અત્રે પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની બીજી પુણ્યતિથિ પ્રસંગે તપાગચ્છ અમર જૈનશાળા સંઘ તરફથી પૂ. મુ. શ્રી દિવ્યકીર્તિ વિજયજી મ. આદિની નિશ્રામાં અષાઢ વદ ૧૧ થી ૦૫ સુધી પંચાન્હિકા મહોત્સવ શ્રી બૃહાશાંતિસ્નાત્ર મહોત્સવ જલયાત્રા વરઘોડો આદિ સહિત રાખેલ.

અમદાવાદ- ગીરધરનગરમાં ૬૪ દિવસના કર્મસૂદન તપનો પ્રારંભ વકતા પૂ. મુ. શ્રી રત્નસેન વિજયજી મ. તથા તપસ્વી મુ. શ્રી વીરસેન વિજયજી મ. આદિની નિશ્રામાં અષાઢ વદ-૪ થી આરંભાયેા છે દરરોજ ૯ વાગ્યે યોગશાસ્ત્ર ઉપર પ્રવચન થાય છે. રવિવારે સમરાદિત્ય ચરિત્ર અંગે જાહેર પ્રવચન થાય છે.

ભાયખલા- પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચોમાસી થી જિન દીક્ષા તપનો પ્રારંભ થયેા છે. ૭૦ દિવસનો તપ છે.

સોલાપુર (મહા)–પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ. આદિ સાધુ સાધ્વીજીઓ અત્રે અષાડ સુદ ૪ ના ચાતુર્માસ પ્રવેશ થયો પ્રવચન વિ. થયા સંઘમાં ઉત્સાહ ઘણો છે ઠે. ૪૩/૪૬ જોડભાવી પેઠ

સુરત–વડા ચૌટામાં–પૂ. આ. શ્રી વિજય ભુવન ભાનુસૂરીશ્વરજી મ. ના શુભાશીર્વાદથી સ્થાપાયેલ ચિંતામણિ પાર્શ્વનાથ જિન ભક્તિ મંડળે સારી પ્રગતિ કરેલ છે. દેરાસરની રવિવારે શુદ્ધિ કરે છે. પાઠશાળામાં પણ ૪ માંથી ૬૪ સંખ્યા થઇ છે.

પાલીતાણા–પૂ. સાગરજી મ. ના સમુદાયના વયોવૃધ્ધ પૂ. સા. શ્રી ચેલાણા-શ્રીજી મ. ૯૧ વર્ષની ઉમરે ૫૮ વર્ષનો દીક્ષા પર્યાય પાળીને જેઠ વદ ૩ ના સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા છે દોઢ વર્ષની બિમારીમાં તેમના શિષ્યા આદિ સા. શ્રી હિરણ્યપ્રભાશ્રીજી મ. શ્રી હિતપ્રજ્ઞા-શ્રીજી મ. આદિએ સારી સેવા કરી હતી.

મેવાનગર–અત્રે જોરડા તીર્થમાં પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ. નો ચાતુર્માસ પ્રવેશ જેઠ સુદ ૫ ના થયો છે જેઠ સુદ ૧૧ ના શ્રી સમવસરણ મંદિરનું ખનનવિધિ ઉત્સાહથી થયેલ છે.

માંડલ (પાલી)–અત્રે શ્રી જૈન આરા-ધના ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા જેઠ સુદ ૫ થી પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉજવાયો આરાધના ભવન પૂ. સા. શ્રી લલિતપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી થયો છે.

કર્ણાવતી–અત્રે પૂ. મુ. શ્રી અકલંક-વિ. મ. ની ૧૦૦ ઉપર ૬૩ મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે સુરદાસ શેઠનો પોળ કૂવાવાળો ખાચો શેઠ પારસમલજીને ત્યાં જેઠ સુદ ૯ માંગલિક રાખેલ તથા વાઘણપોળ દેરાસરે આંગી રચાવી હતી મુનિરાજશ્રીનું ચાતુર્માસ ડભોઇ (વડોદરા) શ્રીમળી વાગો જૈન ઉપાશ્રય થયેલ છે.

અમદાવાદ–ગીરધરનગર પૂ. આ. શ્રી વિજય સુદર્શનસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શા. લાલચંદ રાજમલજીના જમાઈના સ્વર્ગવાસ નિમિત્તે જેઠ સુદ અંતરાય કર્મ નિવારણ પૂજા ઠાઠથી ભણાવી જેઠ સુદ ૯–૧૦ ના ગીરધરનગર દેરાસરની વર્ષગાઠ નિમિત્તો માંગલિક પૂજા આંગી સાધર્મિક વાત્સલ્ય થયા પ્રભુજીને નવો મુગટ ચડાવ્યો.

સાચોર–જેઠ વદ ૭ ની દીક્ષા લેનાર દીક્ષાર્થી રક્ષાબેનનો વરસીદાનનો વરઘોડો અત્રેથી ચડયો હતો હઠીભાઇની વાડીએ ઉતર્યો ત્યાં ચૈત્યવંદન પ્રવચન બહુ ગુરુ-પૂજન વિ. થયા અને ૭૦ સંઘપૂજન પૂ. મુ. શ્રી ચારિત્રવર્ધનવિ. મ. તથા પૂ. મુ. શ્રી ભાવેશરત્નવિ. મ. ની નિશ્રામાં થયા.

બોરીવલી–જામલી ગલીમાં પૂ. આ. શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મ. નો ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૫ સવારે ૯ વાગ્યે દોલત-નગરથી સામૈયાપૂર્વક થયો દર્શન ચૈત્યવંદન બાદ માંગલિક પ્રવચન આદિ થયા સામુ-દાયિક આંબેલ થયા.

જામનગર ઓશવાળ કોલોની પૂજ્યપાદ પરમતપસ્વી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પન્યાસ પ્રવર ગુણશીલવિજયજી ગણિવર આદિ ઠાણા ૩ વેરાવળથી ૧૦ દિ. ઉ. શુ. વિહાર કરી જે. વ. પ્ર. ૧૧ મંગળવાર તા. ૧૫–૬–૬૩ ના સવારે ૮–૦૦ કલાકે ખંભાળીયા ગેઇટથી ભવ્ય સામૈયું થયેલ ૯–૦૦ કલાકે ઉપાશ્રયમાં પ્રવેશ બાદ પૂજ્યશ્રીનું પ્રભાવક પ્રવચન થયેલ અને ગુરૂપૂજનાદિ થયા બાદ પ્રભાવના થયેલ અ. સુ. ૮ રવિવારથી પૂજ્યશ્રીજી પ્રવચનાર્થે પ્રતિદિન અત્રે પધારશે તેઓશ્રીના સાનિધ્યમાં સુંદર રીતે ચાતુર્માસની આરાધના થયેલ.

જામનગર દિગ્વીજય પ્લોટ–જેઠ વદ ૧૩ શુક્રવાર તા. ૧૮–૬–૬૩ ના ઉદય શા મોહનલાલ વેલજી પારેખ પરિવારને ત્યાં શાંતિસ્નાત્ર મહાપૂજન નિર્ણીત થયેલ હોઇ પૂજ્યપાદ પરમતપસ્વી પંન્યાસજી શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરનાં શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી ગુણશીલવિજયજી ગણિવર પૂ. મુ. શ્રી કુલશીલવિ. મ. આદિ ઠાણા પધારતા સવારે ૮–૩૦ કલાકે ખંભાળીયા ગેઇટથી ભવ્ય રીતે સામૈયું થયેલ. વિમલનાથ જિનાલયે ચૈત્યવંદનાદિ થયા બાદ ઉપાશ્રયમાં માંગલિક પ્રવચન ગુરુપૂજન સંઘપૂજનાદિ થયેલ બપોરે તેમના નિવાસ સ્થાને શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા અઠમ ઉલ્લાસપૂર્વક ક્રિયાકારક શ્રી નવીનચંદ્ર બાબુભાઈએ ભણાવેલ.

અ. સુ. ૮ રવિવારથી પૂજ્યશ્રીજી પ્રવચનાર્થે પ્રતિદિન અત્રે પધારશે. અને તેઓશ્રીની નિશ્રામાં ચાતુર્માસમાં સુંદર રીતે આરાધના થશે.

સાયન–શિવ પૂ. મુ. શ્રી નંદીશ્વર વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કલ્પરત્નવિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૪ ના થયો મંગલિક પ્રવચન તથા સામુહિક આંબેલ થયા.

કલકત્તા–ભવાનીપુર અત્રે પૂ. આ. શ્રી વિજય વારિષેણસૂ. મ. ઠા. ૪ તથા પૂ. બાપુજી મ. ના સમુદાયના પૂ. સાધ્વીજીશ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી મ ઠા. ૩ નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુ. ૮ રવિવારે થયો સામુદાયિક આંબેલ પંચકલ્યાણક પૂજા વિ. થયા

અંધેરી–મુંબઈ અત્રે મુ. શ્રી અભયચંદ્રવિજયજી મ. ઠા. ૩ નો પ્રવેશ અષાડ સુદ ૮ નો થયેલ.

કલ્યાણ (થાણા)–અત્રે બજાર પેઠમાં પૂ. મુ. શ્રી વિમલપ્રભવિજયજી મ. આદિ ઠા. ૩ નો ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ ૭ ના થયો પંચકલ્યાણક પૂજા વિ. થયા.

પાલીતાણા – રત્નત્રયી આરાધના ધામમાં પૂ. પં. શ્રી કીર્તિસેનવિ. મ. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ તા. ૧૩–૬–૬૩ ના થયો પ્રવચન વિ. થયા મુ. શ્રી વિનીતસેનવિ. મ. સંપાદિત અહિંસા ચીનગારી પુસ્તકનુ વિમોચન શ્રી કે. લાલ કર્યું હતું.

પીંડવાડા–અત્રે પૂ. પં. શ્રી કનકસુંદરવિજયજી મ. નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય ભુવન ભાનુસૂરીશ્વરજી મ. ના સુદીર્ઘ સંયમ પર્યાયની અનુમોદના તથા ચાતુર્માસ પ્રવેશ તથા તેમની ૬૮ મી ઓળી તથા ૩ વડી દીક્ષા નિમિત્તો સિદ્ધચક્ર પૂજન વિ. અઠાઇ મહોત્સવ જેઠ વદ ૭ થી ૧૩ થયો.

સુરત :

વર્ધમાનતપના અનોડ આરાધક પૂ.આ. શ્રી રાજતિલક સૂ. મ. ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી મહોદય સૂ. મ. તથા સિદ્ધહસ્ત લેખક પૂ આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ. મ. આદિ વિશાળ પરિવાર સાથે જે. વ. ૮ શનિવારના નવાપરાના ઉપાશ્રયેથી છ ઘોડા, ચાર શણગારેલા સાંબેલા, રજાક બેન્ડ આદિ સામગ્રીથી યુક્ત કરાયેલ સામૈયા સહ મુખ્ય માર્ગે ફરી છાપરીયા શેરી, શ્રીમતી લલિતાબેન બલ્લુભાઇ જૈન પૌષધશાળામાં પધારેલ પ્રાસંગિક પ્રવચન બાદ, સ્વ. તપાગચ્છાધિપતિશ્રીજીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પુણ્ય દર્શન વિ.મ. ઈંગ્લીશમાં સરળ-સુબોધ ભાષામાં લખેલ જૈન ધર્મની આછેરી ઝલક યાને 'જૈનીઝમ એ ગ્લીમ્પસ' પુસ્તિકાનું વિમોચન કરાયેલ.

ત્યારપછી છાપરીયાશેરીના શ્રી આદિનાથ ભગવાનના જિનાલયમાં તૈયાર કરાયેલ છ તીર્થના પટોની બોલી બોલાતાં સારી ઉપજ થયેલ. તે પછી છાપરીયા શેરી આરાધક ભાઇઓ તરફથી ૨૩-૨૩રૂા. નું સંઘપૂજન થયેલ.

સુરત—ગોપીપુરા શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી આરાધનાં ભવન મધ્યે ઉપરોકત પૂજયેાનો ચાતુર્માસ પ્રવેશ જે.વ ૬ના રવિવારના ઘણા જ ઉલ્લાસ ઉમંગપૂર્વક થયેલ વરસાદનું વિઘ્ન નડવા છતાં પણ પ્રવેશને જોવા માનવ મહેરામણ ઉમટેલ. મુંબઇ-નવસારી-નાસિક-અમદાવાદ આદિ આજુબાજુના ગામોથી અનેક ભાવિકો આવ્યા હતા.

સવારના ૯-૦૦ કે. ભાગળ ચાર રસ્તાથી પોલીસ બેન્ડે આપેલ સલામીથી, શરણાઇ ગાડી, દશ શણગારેલ ઘોડા, દેશી વાઘનું બેન્ડ, એક ઘોડાની છ બગી, કળશ લઇને ચાલતી પાઠશાળાની બાલિકાઓ, ગોડીજીના બેન્ડ સહિત સાત બેન્ડો, નાસિકના ઢોલી, બે ઘોડાની ૧૪ બગીઓ, સાણંદના પીપુડી વાળા, પૂ. સ્વ. તપાગચ્છાધિપતિશ્રીજીની પ્રતિકૃતિથી યુકત બગી, પૂ. આચાર્યાદિ મુનિવરો સાજન-માજન, પૂ. સાધ્વીજી ભગવંતો, શ્રાવિકા ગણ આદિ સામગ્રીથી યુકત સામૈયું મુખ્ય માર્ગે ફરી શ્રી રત્નસાગર જૈન સ્કૂલમાં ઉતરેલ. માર્ગને ધજા-પતાકા-કમાનો-સ્વાગત બોર્ડો - મંડપો આદિથી શણગારવામાં આવેલ. સાકર—એલચીના પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવેલ. અવનવી-આકર્ષક ગહુલિઓથી વધાવાયેલ. સ્કૂલનું કમ્પાઉન્ડનો મંડપ પૂ. આચાર્યદેવો પધારેલ તે પૂર્વે જ ચિકકાર ભરાઇ ગયેલ.

માંગલિક બાદ, ગુરુ પ્રવેશ ગીત ગવાયેલ. પૂ મુ. શ્રી કીર્તિયશ વિ. મ. નું પ્રાસંગિક પ્રવચન થયેલ. તે પછી ત્રણે પૂ. આચાર્યદેવોનું નવાંગી ગુરૂપૂજનનો લાભ રેકર્ડ ભૂત બોલી બોલી શ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાળા પરિવારે લીધેલ. સુરત શ્રી તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ તરફથી શ્રીફળની પ્રભાવના કરાયેલ. તથા ૫૦-૫૦રૂા.નું સંઘપૂજન કરાયેલ. લગભગ ૧૦થી૧૨ હજાર માણસોની ઉપસ્થિતિ હતી.

સુરતના ઇતિહાસમાં અવર્ણનીય આ પ્રસંગ સુવર્ણ ઇતિહાસરૂપ બનેલ. આ બધો શાસન સંરક્ષક સ્વર્ગીય સૂરિદેવનો જ પુણ્ય પ્રભાવ હતો.

તીર્થો - સંઘમાં ધાતુના પ્રભુજી

તીર્થો



પ્રયાણ

સંઘમાં પ્રભુજી

સંઘપતિ તરફથી યાત્રિકોને
તિર્થાદિ પ્રતિકૃતિ

મુનિરાજો

સાધ્વીજી મ. તથા વડીદીક્ષા વિધિ

સંઘપતિ પરિવારના ભુલકાંઓ

કુલરત્ન શ્રી પુણ્યધન વિજયજી મ.

સ્વ. માતુશ્રી મણિબેન મૂલચંદજીના શ્રેયાર્થે
ઉત્સવે તીર્થયાત્રા આયોજન.

હમારી મમ્મીએ બે વર્ષીતપ,બે ઉપધાન,
એક શ્રેણીતપ, ૧૧ ઉપવાસ ૮ ઉપવાસ છઠ અઠ્ઠમ,
વર્ધમાન તપની ૧૫ ઓળી પૂર્ણ કરી હતી.

સંઘપતિ શ્રી નીકોડા તીર્થમાં

સંઘવણો આદિ

જૈન શાસન અઠવાડિક માંલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૬